
જૂલે વર્ન
અનુવાદ
દોલતભાઈ નાયક
ખોવાયેલાની
ખોજમાં

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

પૃથ્વીની એક વધુ પ્રદક્ષિણા જૂલે વર્ન જેવા કસાયેલા લેખકની કલમે આપણને અહીં મળે છે. સાવ જુદા જ પ્રકારે અને જુદા જ માહોલમાં લખાયેલી આ કથા જૂલે વર્નની મહાનવલકથાઓ પૈકીની એક છે.

આજથી દોઢસો વર્ષ પહેલાંની દુનિયાની આ વાત છે. 'ખોવાયેલાની ખોજમાં'નો કથાનાયક લૉર્ડ ઍડવર્ડ ગ્લેનાર્વન જુદા જ હેતુ માટે દરિયાઈ સફરે નીકળે છે. શાર્કના શિકાર દરમિયાન એના પેટમાંથી નીકળેલી કાચની બૉટલમાંના અસ્પષ્ટ અને ચૂંથાઈ ગયેલા દરિયાઈ સંદેશમાં મદદની માગણી થઈ હતી. એના જ દેશના કૅપ્ટન ગ્રાન્ટના જહાજ "બ્રિટાનિયા" ને મદદની જરૂર હતી. પત્રમાંના તૂટક શબ્દોના આધારે કરી શકાયેલા અર્થઘટન પ્રમાણે જ એ સ્થળની શોધ કરવાની હતી. અને મુશ્કેલીઓમાં ફસાયેલા પોતાના દેશવાસીને બચાવવાનો હતો.

જૂલે વર્નની આ કથામાં પ્રવાસ છે, સાહસ છે, ઇતિહાસ અને ભૂગોળ પણ છે. અહીં વિજ્ઞાન તો છવાયેલું જ રહે છે, પરંતુ વર્નની કથાઓમાં ભાગ્યે જ દેખાતો હાસ્યરસ પણ અહીં છે. બે મહાખંડો અને એક ટચૂકડા દેશની ધરતી અને લોકજીવનને આવરી લેતી અને ત્રણ ભાગમાં લખાયેલી આ કથાનું ફલક ઘણું મોટું છે. જૂલે વર્નની આ કથાના વિષમ અનુભવોમાંથી કથાનાયકોની સાથે સાથે સહૃદયી ભાવકો પણ અનાયાસપણે પસાર થતા હોય એવું અનુભવશે.

ખોવાયેલાની ખોજમાં

જૂલે વર્ન

ભાવાનુવાદ: પ્રા. દોલતભાઈ નાયક
ભૂતપૂર્વ આચાર્ય: નવયુગ લૉ કૉલેજ, સુરત

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at: www.rrsheth.com
Email: sales@rrsheth.com

Khovayela Ni Khojaman
Gujarati Translation of Adventure Classic
Les Infanants Du Capitaine Grant
Originally written in French by Jules Verne
Translated into Gujarati by Dolatbhai B. Naik from English edition
In Search of the Castaways
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad

EISBN: 978-93-81336-84-7

All rights reserved.
Gujarati Translation Copyright © R. R. Sheth & Co. Pvt. Ltd., 2012

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Visit us at: www.rrsheth.com
Email: sales@rrsheth.com

અર્પણ

કાજળકાળા ભૂતકાળની અતાગ ગહરાઈમાં
દસકાઓ પૂર્વે વિલીન થયેલા,
અને
જેમને હું કદી જોવા પામ્યો ન હતો,
છતાં જેનાં સાહિત્ય-સંસ્કારોનાં
અમીછાંટણાના અખૂટ વારસા સાથે
મેં જન્મ લીધો હતો —
એવા, ઘરદીવડાસમ સારસ્વત પિતામહ
સ્વ. કાળાભાઇ દુર્લભભાઇ નાયકની
પાવન સ્મૃતિને
સપ્રેમ.

કિશોરો માટે વર્ષોથી લોકપ્રિય પુસ્તકો

સાહસકથાઓ

[અરધી સદી પહેલાં કલ્પેલી આ વૈજ્ઞાનિક
વાર્તાઓ આજે તો સત્યસૃષ્ટિમાં ઊતરેલી જોઈ શકાય છે.]

જૂલે વર્ન

સાહસિકોની સૃષ્ટિ
સાગરસમ્રાટ
પાતાળપ્રવેશ
સોનેરી ધૂમકેતુનો પીછો
કાળા સૂરજના રહેવાસી
અગ્નિરથ
૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા
મિખાઇલ સ્ટ્રગોવ
લાઇટહાઉસ
તરતું મહાનગર
ડોલ્ફિન
એક શિયાળો બરફમાં
બુલેટ ટ્રેન
મોં બ્લાં
ખોવાયેલાની ખોજમાં

પ્રસ્તાવના

વળી પાછી પૃથ્વીની એક વધુ પ્રદક્ષિણા જૂલે વર્ન જેવા કસાયેલા લેખકની કલમે આપણને સાંપડી છે.

સાવ જુદા જ પ્રકારે અને જુદા જ માહોલમાં સંપન્ન થયેલી આ કથા જૂલે વર્નની મહાનવલકથાઓ પૈકીની એક છે. 'એંશી દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા'ની કથા તો સ્પષ્ટ રીતે પૃથ્વીની પરિક્રમા જ હતી. એ કથાનો નાયક ફિલિયાસ ફોગ એની ક્લબના મિત્રો સાથે ગમ્મતમાં થયેલી શરતને આધારે માત્ર એંશી દિવસમાં જ પૃથ્વીની પ્રદક્ષિણા કરીને સ્વસ્થાને આવી રહેવા નીકળી પડે છે. લંડનથી લંડન વાયા યુરોપ, હિન્દુસ્તાન સહિતના એશિયા અને અમેરિકી સંઘરાજ્યની મુસાફરીના એકમાત્ર ધ્યેય સાથેની આ કથા છે.

ફોગે રાખેલી નોંધ પ્રમાણે દેખીતી રીતે તે એક દિવસ મોડો હોય છે, પરંતુ વિજ્ઞાનની ચમત્કૃતિને કારણે સો ટકા હારની બાજી સંપૂર્ણ સફલતામાં પરિણમે છે. એની એ સફળતાની કલગી હોય તે રીતે બુંદેલખંડની વિધવા રાજરાણીને પ્રેમપૂર્વક પરણી શકે છે.

'ખોવાયેલાની ખોજ'નો કથાનાયક લૉર્ડ ઍડવર્ડ ગ્લેનાર્વન જુદા જ હેતુ માટે દરિયાઈ સફરે નીકળે છે. શાર્કના શિકાર દરમિયાન એના પેટમાંથી નીકળેલી કાચની બૉટલમાંના અસ્પષ્ટ અને ચૂંથાઈ ગયેલા દરિયાઈ સંદેશમાં મદદની માગણી થઈ હતી. એના જ દેશનો કૅપ્ટન ગ્રાન્ટ પોતાના સ્કોટીશ દેશવાસીઓ માટે સંસ્થાન સ્થાપવા યોગ્ય પ્રદેશની શોધમાં નીકળ્યો હતો. દરિયાઈ ઝંઝાવાતમાં ૩૭°૧૧"ના દક્ષિણ અક્ષાંશ ઉપર એનું "બ્રિટાનિયા" જહાજ નષ્ટ થયું હતું, પરંતુ અકસ્માતનું ચોક્કસ સ્થળ નક્કી કરવા માટે જરૂરી એવી રેખાંશ રેખાનો આંકડો નષ્ટ થઈ ગયો હતો.

પત્રમાંના તૂટક શબ્દોના આધારે કરી શકાયેલા અર્થઘટન પ્રમાણે જ એ સ્થળની શોધ કરવાની હતી. અને એ અક્ષાંશ ઉપરના કોઈ પ્રદેશના આદિવાસીઓ વચ્ચે ફસાયેલા પોતાના દેશવાસીને બચાવવાનો હતો.

જે તે સમયે સો ટકા સાચાં જણાયેલાં અર્થઘટનોને આધારે લૉર્ડ ગ્લેનાર્વનની શોધયાત્રા અને સાથે સાથે કથાયાત્રા આગળ વધતી રહે છે.

આજથી દોઢસો વર્ષ પૂર્વેની એ દુનિયા છે. એ સમયને પાછળ છોડીને માનવજાતે અકલ્પનીય પ્રગતિ કરી છે, છતાં પ્રાથમિક દશાની એ દુનિયા પણ અદ્‌ભુત અને રસપ્રદ હતી. એવી એ દુનિયાના દેશોને પોતાની સરહદો હતી, છતાં એની આરપારની યાત્રાઓ માટે કોઈ બંધનો ન હતાં. કોઈ પણ દેશમાં પ્રવેશ કે તેમાંથી પ્રયાણ આડે વિઝાની કોઈ પળોજણ ન હતી. વિવિધ પ્રકારના અનેક દેશો, તેની ભિન્ન પ્રકારની પ્રજાઓ ઉપરાંત તેની વૈવિધ્યસભર સંસ્કૃતિઓ અને સંસ્કારિતાઓ હોવા છતાં આવાગમન કેટલું સરળ હતું તેનું આપણને આશ્ચર્ય થાય છે.

'ખોવાયેલાની ખોજ' કથાનાં મુખ્ય પાત્રો કોઈ મૃગજળની પાછળ દોડતાં હોય તે રીતે

કૅપ્ટન ગ્રાન્ટની ખોજમાં ૩૭°૧૧" અક્ષાંશની સમાંતર રેખા ઉપર ત્રણ ખંડોની ધરતી તેમ જ આટલાન્ટિક, પેસિફિક અને હિંદ મહાસાગરોના પાણી ખૂંદી વળે છે. એની સાથે વણાયેલી કથામાં જૂલે વર્ન દક્ષિણ અમેરિકા, દક્ષિણ ઑસ્ટ્રેલિયા તથા ઉત્તર ન્યૂઝીલૅન્ડના વિશિષ્ટ ભૂભાગો, તેની રચના તથા ઇતિહાસ અને લોકજીવનને એક સફળ શિક્ષકની રીતે વાચક સમક્ષ રજૂ કરે છે.

વર્નની દરિયાઈ મુસાફરીમાં હવામાનનાં ઝંઝાવાતો તો હોય જ, પરંતુ દરેક તોફાનને અંતે તે કથાને કોઈ ચોક્કસ રીતનો વળાંક આપવાનું કામ પણ કરે છે. દક્ષિણ અમેરિકાના ઇન્ડિયન્સ, ઑસ્ટ્રેલિયાના નવવસાહતીઓ તેમ જ ન્યૂઝીલૅન્ડના માનવમાંસભક્ષી માઓરીઓ સાથેનો ભેટો અને તે દરમિયાનના વિષમ અનુભવોમાંથી કથાનાયકોની સાથે સાથે સહૃદયી ભાવકો પણ અનાયાસપણે પસાર થતા હોય છે.

એવું વૈવિધ્યસભર લોકજીવન તેમજ ભૂતળ અને પ્રકૃતિનાં પરિબળોની એની સાથેની રમતના ખેલ પણ એટલા જ રોચક બનેલા છે. દક્ષિણ અમેરિકાના એન્ડીઝ પર્વતમાળાની હાડ થિજાવી દેતી ઠંડી, તીવ્રતમ ધરતીકંપને કારણે બદલાઈ જતું ભૂપૃષ્ઠ, ગગનવિહારી કોન્ડોર પક્ષીની માનવશિકાર સાથેની ઉડાન તેમ જ પેટાગોનિયાના પંપા પ્રદેશના જળપ્રલય દરમિયાન દિવસો સુધી લંબાયેલો વૃક્ષવાસ - જેવા અનેક પ્રસંગો મુખ્ય કથાપ્રવાહ સાથે અદ્‌ભુત રીતે વણાયેલા છે, પરંતુ ન્યૂઝીલૅન્ડમાં માઓરીઓની કિલ્લેબંદીમાંથી અને ત્યાર બાદ મંગાનામુની કબરના કેદખાનામાંથી ભાગી છૂટવામાં માનવસહજ શક્તિ અને મર્યાદાને બદલે ચમત્કૃતિ ઉપર વધુ આધાર અપ્રતીતિકર જરૂર લાગે છે.

આ કથાના પાયામાં યુરોપની પ્રજાઓનું સંસ્થાનવાદી માનસ રહેલું છે. કથાના પડદા પાછળના અદૃશ્ય નાયક કૅપ્ટન ગ્રાન્ટના અભિયાન પાછળ પણ એ જ હેતુ હતો. પોતાની પીડિત સ્કોટીશ પ્રજા માટે એક સલામત હોય અને સમૃદ્ધિની ક્ષમતા હોય તેવા નવા સ્કોટલૅન્ડની સ્થાપના માટે યોગ્ય પ્રદેશ કે ટાપુની શોધમાં પોતાનું બ્રિટાનિયા જહાજ લઈને તે નીકળ્યો હતો. ૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશના કોઈ સ્થળે દરિયાઈ તોફાનમાં એનું જહાજ નષ્ટ થતાં એણે મોકલેલા અસ્પષ્ટ સંદેશાના વિચારબીજમાંથી આ આખી કથાનો આવિર્ભાવ થયો છે.

જૂલે વર્નના સમય સુધીમાં યુરોપના બધા જ મોટા દેશોની પ્રજાઓએ એશિયા, આફ્રિકા અને અમેરિકી મહાખંડના મોટા ભાગના પ્રદેશોમાં પોતપોતાનાં સંસ્થાનો સ્થાપી દીધાં હતાં. સાથે ત્યાંની પ્રજા અને પ્રદેશના અનેકવિધ શોષણની શરૂઆત થઈ હતી. એમાંના કોઈ પણ દેશે આ સંસ્થાનોની સ્થાનિક પ્રજાની ચિંતા કરી ન હતી. સંસ્થાનોની સંપત્તિ અને માનવધનને ભોગે તેમણે પોતાની જ સમૃદ્ધિ વધારી હતી. આફ્રિકાના પ્રદેશોની સ્થાનિક વસ્તીને ગુલામ બનાવી તેનો જ વેપાર કર્યો, જ્યારે અગવડરૂપ બનેલી અમેરિકાની પ્રજાઓનું તો તેમણે નિકંદન જ કાઢી નાખ્યું.

આ કથાનો એક ઉપનાયક જેકીસ ચિરાક પેગેનલ એક વિદ્યાવ્યાસંગી ભૂગોળશાસ્ત્રી છે અને જળયાનોને સંસ્કૃતિના વાહક તરીકે તે બિરદાવે છે. સૈદ્ધાંતિક રીતે એની વાત સાચી હતી, પરંતુ વાસ્તવિકતા જુદી જ હતી. એ જ જળયાનોમાં સવાર થઈ યુરોપની પ્રજાઓએ પોતાની બંદૂકના જોરે પોતાની જ સંસ્કૃતિ અને ખ્રિસ્તી ધર્મની આ સંસ્થાનોમાં નિકાસ કરી હતી. ભારત અને ચીન જેવા એ સમયના અતિ સમૃદ્ધ દેશો પણ યુરોપની પ્રજાઓને માટે કાચા માલના ઉત્પાદક અને તૈયાર મોંઘાદાટ માલના વેચાણ માટેનાં વિશાળ બજારો જ હતાં. પોતાનાં એ

વેપારી હિતો અને તેની રક્ષા માટેનાં રાજકીય હિતોની જાળવણી માટે જ ઓગણસમી સદીનાં પાછલા અર્ધશતકમાં હિન્દુસ્તાનના ખૂણે ખૂણે પહોંચતા હજારો માઈલના રેલમાર્ગો તેમણે બાંધ્યા હતા. યુરોપની પ્રજાઓનું જનમાસન જ સંસ્થાનવાદી બની ગયું હતું એવું ચિત્ર વર્નનાં આ પાત્રોમાંથી પ્રગટ થાય છે. ડેનિયલ ડીફોની સાહસકથાનો નાયક રૉબિન્સન ક્રૂઝો મધ્યપ્રશાંત સાગરના કોઈ એકાકી ટાપુ ઉપર પોતાનું કેવળ એક વ્યક્તિનું સંસ્થાન સ્થાપે છે અને તે આ કથાના ઉપનાયક પેગેનલનો આદર્શ હોવાની રજૂઆત થાય છે. એ પોતે પણ એવું જ સંસ્થાન સ્થાપવાનાં સ્વપ્નો સેવે છે. જોકે ઑસ્ટ્રેલિયામાં પૂર્વથી પશ્ચિમની પૂરી લંબાઈનો રેલમાર્ગ બાંધવા પાછળનું અર્થકારણ એને સમજાતું ન હતું. તેમ જ ત્યાંના આદિવાસી બાળકોને ખ્રિસ્તી ધર્મ ઉપરાંત બ્રિટિશશાસનની સર્વવ્યાપકતાના એકપક્ષી ખ્યાલોનું જે ખોટું શિક્ષણ અપાતું હતું, તેની સામે તે આક્રોશ પણ વ્યક્ત કરે છે.

વર્નની કથાઓમાં પ્રવાસ છે, સાહસ છે, ઇતિહાસ અને ભૂગોળ પણ છે. એમાં વિજ્ઞાન છવાયેલું જ રહે છે, પરંતુ હાસ્યરસને એમાં ભાગ્યે જ સ્થાન મળ્યું છે. અગ્નિરથ, મિખાઈલ સ્ટ્રગોવ, તરતું મહાનગર કે લાઇટ હાઉસ જેવી કથાઓમાં મોકળા મનનું હાસ્ય તો ઠીક, સ્મિતની લહેરખીનો પણ ભાગ્યે જ અનુભવ થાય છે. એ બધાની સરખામણીમાં 'ખોવાયેલાની ખોજમાં'ની આ કથામાં ફ્રેન્ચ ભૂગોળશાસ્ત્રી પેગેનલના અનેકાનેક છબરડાઓ મુસાફરીના અન્ય સાથીઓ માટે ઠીકઠીક મનોરંજન પૂરું પાડે છે.

બે મહાખંડો અને એક ટચૂકડા દેશની ધરતી અને લોકજીવનને આવરી લેતી અને ત્રણ ભાગમાં લખાયેલી આ કથાનું ફલક અતિવિસ્તિર્ણ બની ગયું છે. એનો કથાપ્રવાહ આ ત્રણે ભિન્ન ભિન્ન પ્રાદેશિક ભૂરચના અને ભિન્ન સંસ્કારિતામાંથી પસાર થાય છે. એ રીતે એ દરેક ભાગ એક એક સ્વતંત્ર કથા જેવો જ છે. તેમ છતાં એક જ કેન્દ્રિય કથાબીજની આસપાસ વણાયેલી અને દરેક ભાગમાં એનાં પ્રધાનપાત્રોની અસરકારક ભૂમિકાવાળી આ કથાની અલગ વિભાગોમાં કલ્પના કરવાનું પણ ઉચિત લાગ્યું નથી. એમાં પ્રથમ ભાગની કથાવસ્તુ સાથે બીજો ભાગ અભિન્ન રીતે જોડાયેલો છે અને ત્રીજા ભાગ માટે પણ એવી જ સ્થિતિ છે. એવા સંજોગોમાં કદ અને કિંમત ઘટાડવાના હેતુથી ત્રણ ભાગનું અલગ પ્રકાશન સમગ્ર કથાના સાહજિક પ્રવાહ માટે હાનિકારક બને તેમ મને લાગ્યું છે, પરંતુ ૪૦૦થી વધુ પાનાં ઉપર વિસ્તરેલું એનું કદ અને તે પ્રમાણેની કિંમત પ્રકાશક માટે ચિંતાનો વિષય બની શકે તેમ લાગે છે.

એવી સ્થિતિ છતાં કહી શકાય કે જૂલે વર્નનો ભાવકવર્ગ એક પ્રકારની વિશિષ્ટ ક્ષમતા ધરાવનાર વ્યક્તિઓનો બનેલો છે. એને વિજ્ઞાનની વાતોમાં રસ છે સાથે દુનિયાની ભૂગોળ અને ઇતિહાસ અંગેની પાયાની જાણકારી છે. એ ઉપરાંત સૂર્યમાળા સમેતના સમગ્ર બ્રહ્માંડ સંબંધી નવું નવું જાણવાની ઉત્કંઠા છે. એ તમામની આસપાસ વણાયેલી વર્નની કથાઓને જાણવા અને માણવા માટેની વિશેષ સજ્જતા ધરાવે છે. એવા ભાવકો માટે જૂલે વર્નની આ પ્રકારની કૃતિના દળ કે દામનું ઝાઝું મહત્ત્વ નથી હોતું.

જૂલે વર્નની અગાઉની તમામ કૃતિઓની જેમ જ આ કથાના ગુજરાતી સંસ્કરણમાં પણ મારાં આપ્તજનો સંદીપ અને શેફાલી, અપૂર્વ અને વર્ષા તથા સાધના અને ભૂપેન્દ્રકુમારનું યત્કિંચિત યોગદાન રહ્યું છે. એ સૌ તરફના સહકારને આ સ્થળે યાદ કરીને તે માટે કૃતકૃત્યતા વ્યક્ત કરવાનું જરૂરી ગણું છું.

અને જીવનના સાથી-વિશેષ શ્રીમતી સુમતિબહેનના સાથ અને સહકાર વિના આવું

મહાભારત કાર્ય સંપન્ન કરવાનું અશક્ય જ ગણું છું.

આ કથાના પ્રકાશનમાં આર. આર. પ્રકાશનગૃહના સર્વસર્વા શ્રી ભગતભાઈ, ચિંતનભાઈ તથા રત્નરાજભાઈ શેઠે લીધેલી જહેમતની પણ આ સ્થળે નોંધ લઉં છું. એમના તરફથી મારાં પાંચ પુસ્તકો પ્રકાશિત થયાં તે ઉપરાંત મારા જુનિયર મિત્રો શ્રી જીગર શાહનાં બે અને સાધના નાયક-દેસાઈના એક પુસ્તક સાથે એક ડઝન જેટલા અનુવાદો પ્રગટ કરાયા છે. ગુજરાતી ભાષાના વાચકોએ એ પુસ્તકોને એટલા પ્રેમથી વધાવ્યાં છે, કે બહુ જ થોડાં વરસોમાં એનાં એકાધિક પુનર્મુદ્રણો કરવાં પડ્યાં છે. આ કથાને પણ ભાવકો તરફથી એવો જ ઉષ્માભર્યો આવકાર મળશે એવી શ્રદ્ધા છે.

દોલતભાઈ નાયક

તા. ૨૦મી જૂન, ૨૦૧૨

C/o. ઍડવોકેટ સંદીપ નાયક

૬૮, મહેરનગર,

અડાજણ રોડ,

સુરત ૩૯૫ ૦૦૯

ફોન: ૯૩૭ ૪૨૪ ૮૪૫૪

E-mail: sdn_dbn@yahoo.com

અનુક્રમણિકા

એક અધૂરો સંદેશ (દક્ષિણ અમેરિકા)

૧. હેમરહેડ શાર્ક
૨. પત્ર એક — ભાષા અનેક
૩. કૅપ્ટન ગ્રાન્ટનાં સંતાનો
૪. એક ઉમદા નિર્ણય
૫. પ્રસ્થાન
૬. જેકીસ ફ્રાંકોઇસ પેગેનલ
૭. કૅબિન નંબર ૬ નો યાત્રી
૮. મડેઇરા અને કૅનેરીના ટાપુસમૂહો
૯. મેગેલન ખાડીની આરપાર
૧૦. જમીનમાર્ગના યાત્રીઓ
૧૧. સાંકડી પટ્ટીનો દેશ ચીલી
૧૨. એન્ડીઝનાં સીધાં ચઢાણ
૧૩. અણધારી ગર્તામાં
૧૪. ગગનવિહારી કોન્ડોર
૧૫. અજનબી મિત્ર-થાલકેવ
૧૬. આશાનું એક કિરણ
૧૭. સૂકું સરોવર
૧૮. પાણીની શોધમાં
૧૯. રાતાં વરુ — અગુરા
૨૦. અમંગળના એંધાણ
૨૧. ભૂલભરેલું અર્થઘટન
૨૨. જળપ્રલય
૨૩. અજોડ શયનકક્ષ
૨૪. પેગેનલનો દિવસ
૨૫. જ્વાળા અને જળરેલની ભીંસમાં
૨૬. ડંકનના તૂતક ઉપર

ક્વાર્ટરમાસ્ટર આયર્ટન (ઑસ્ટ્રેલિયા)

૧. નવું અર્થઘટન — નવી રાહ
૨. ત્રિસ્તાન દ'આકુન્હાના ટાપુઓ
૩. સંસ્કૃતિના વાહકો
૪. અનોખો જુગાર
૫. દરિયાઈ તોફાન
૬. મૈત્રીનો અહેસાસ
૭. બ્રિટાનિયાનો ક્વાર્ટરમાસ્ટર
૮. નવપ્રસ્થાનની તૈયારી
૯. પ્રકૃતિનું અજાયબ ઘર
૧૦. વિમેરા નદી
૧૧. કામડેન બ્રિજનો અકસ્માત
૧૨. લેશલાનનો ટોલીન
૧૩. એક ચેતવણી
૧૪. અનોખી મહેમાનગતિ
૧૫. વિચિત્ર ઘટનાઓ
૧૬. કાતિલ રહસ્યોદ્‌ઘાટન
૧૭. બેન જોઇસ
૧૮. જોખમભર્યું મિશન
૧૯. વિફળતાની વેદના

આદમખોરોના પ્રદેશમાં (ન્યૂઝીલૅન્ડ)

૧. અણગમતો યજમાન
૨. ડચસાગરખેડુ ટાસમાન
૩. ભગવાન ભરોસે મેકૌરી
૪. કરુણ અંજામ
૫. માનવમાંસ પુરાણ
૬. એક ખતરનાક પ્રદેશ
૭. માઓરી વિગ્રહ
૮. ઓકલૅન્ડની દિશામાં
૯. માઓરીઓનો કિલ્લો
૧૦. તાઉપો સરોવર
૧૧. મુખિયાની અંતિમક્રિયા
૧૨. ચમત્કારિક ઉગારો
૧૩. મંગાનામુની કબર
૧૪. હિંમતભર્યો પ્લાન
૧૫. ગ્લેનાર્વન હિલ
૧૬. ઑસ્ટ્રેલિયા નહીં, ન્યૂઝીલૅન્ડ

૧૭. એક માત્ર સાક્ષી
૧૮. કબૂલાતનામું
૧૯. મધ્યરાત્રિનો વિલાપ
૨૦. કથા હેરી ગ્રાન્ટની
૨૧. પેગેનલ (જં)જાળમાં

એક અધૂરો સંદેશ

(દક્ષિણ અમેરિકા)

૧

હેમરહેડ શાર્ક

ઈ.સ. ૧૮૬૪ના જુલાઈ માસની તારીખ ૨૬મીનો દિવસ હતો. સવારનો સમય હતો. એક પણ વાદળી વિનાના ભૂરા આકાશમાં સૂરજ ધીમે ધીમે ઉપર ચઢી રહ્યો હતો. એવા સમયે ગ્રેટ બ્રિટનના ઉત્તરી ભાગ સ્કોટલૅન્ડના પશ્ચિમ કિનારે આવેલી નૉર્થ ચૅનલના પાણીમાં એક વૈભવી વિહારનૌકા, ઉત્તરપૂર્વ તરફથી વાઈ રહેલા જોરદાર પવનની સાથે પૂરઝડપે ખાડીની બહારની દિશામાં ધસી રહી હતી.

બ્રિટિશ સામ્રાજ્યનો ગર્વિલો રાષ્ટ્રધ્વજ યુનિયન જેક નૌકાના પાછલા કૂવાસ્થંભ ઉપર પવનમાં ફરફરી રહ્યો હતો. એના મુખ્ય કૂવાસ્તંભ ઉપર ભૂરા રંગનો બીજો એક ધ્વજ પણ હતો. એના મધ્યભાગમાં આવેલા વર્તુળમાં સુવર્ણાક્ષરે ઈ.જી. શબ્દો લખાયેલા હતા.

એ હતી 'ડંકન' નામધારી વિહારનૌકા. ગ્રેટ બ્રિટનની પાર્લામેન્ટના ઉપલા ગૃહ તરીકે ઓળખાતા હાઉસ ઑફ લૉર્ડ્સના માનનીય સભાસદ લૉર્ડ ઍડવર્ડ ગ્લેનાર્વનની માલિકીની એ નૌકા હતી. પોતાના પ્રદેશ સ્કોટલૅન્ડના પ્રતિનિધિ તરીકે એ સમયે સોળ જેટલા ઉમરાવો પાર્લામેન્ટમાં બિરાજમાન હતા. લૉર્ડ ગ્લેનાર્વન એઓ પૈકીના એક હતા. બ્રિટનની પ્રખ્યાત રૉયલ થેમ્સ યાટ ક્લબના તેઓ એક સન્માનનીય અને સક્રિય સભાસદ હતા.

મહાશય લૉર્ડ ગ્લેનાર્વન પોતાની પત્ની લેડી હેલીના તથા પિતરાઈભાઈ મેજર નેબ્સની સાથે આ નવી જ બંધાયેલી નૌકાની પ્રથમ પરીક્ષણયાત્રામાં ઉત્સાહભેર જોડાયાં હતાં. એમની ઊંચી રસવૃત્તિ અને શોખને અનુરૂપ, એમની સૂચના અને વ્યક્તિગત દેખરેખર નીચે જ આ નૌકાનું બાંધકામ સ્થાનિક જહાજવાડામાં થયું હતું. ગ્લાસગો બંદર નજીકના આ જળવિસ્તારમાં એનાં તમામ સંયંત્રોની ચકાસણી અને અજમાયશ કરવાનો આ ટૂંકી સફરનો હેતુ હતો. અહીંથી આગળ પશ્ચિમમાં ફર્થ ઑફ ક્લાઇડ નામે ઓળખાતી પહોળી ખાડીનો વિસ્તાર શરૂ થતો હતો. તેને વટાવીને આગળ વધુ પશ્ચિમમાં આટલાન્ટિક મહાસાગરમાં જવાનો એના માલિકનો ઇરાદો ન હતો.

પશ્ચિમના એ જળવિસ્તારમાં દૂર દૂર આરોન નામનો મોટો દરિયાઈ ટાપુ જોઈ શકાતો હતો. ચૅનલમાં વધુ આગળ વધવાને બદલે પાછા વળવા માટે નૌકાને એ પહોળી ખાડીમાં મોટો વળાંક આપવામાં આવ્યો. નૌકા હવે એ જ ગતિથી ઘર તરફ દોડવા લાગી. બરાબર એ જ વખતે કૂવાસ્થંભ ઉપરના નિરીક્ષણકક્ષમાં ઊભેલા નાવિકનો પોકાર સૌને સંભળાયો. નૌકાની નજીકમાં જ કોઈ વિચિત્ર જળચર દેખાતું હોવાની એ માહિતી હતી.

પોતાની કૅબિનમાં કાર્યરત લૉર્ડ ગ્લેનાર્વનને આ સમાચાર પહોંચાડવામાં આવ્યા.

પિતરાઈભાઈ મેક નેબ્સને સાથે લઈ તેઓ તરત જ બહાર આવ્યા. નૌકાથી સમાંતરે રહીને થોડે દૂર તરી રહેલાં એ નવતર પ્રાણીને સૌ જોઈ રહ્યાં. નદીના મુખ આગળ બંદરની સાવ નજીકમાં એટલું મોટું અને એવું પ્રાણી ભાગ્યે જ જોવા મળતું.

બાજુમાં જ નૌકાનો કઠેરો પકડીને ઊભેલા કપ્તાન જ્હૉન મેંગલ્સ તરફ જોઈને ગ્લેનાર્વને એની માહિતી માંગી. થોડો વિચાર કરીને કૅપ્ટને જવાબ આપ્યો:

'આપ નામદાર મને પૂછો જ છો, તો જણાવીશ કે શાર્ક નામનું એ જળચર પ્રાણી છે. પૂરો વિકાસ પામેલું આ જળચર મારે મતે શાર્ક જ છે.'

'શાર્ક? અને તે અહીં? મધદરિયે વિહરનારું આ જળચર અહીં કાંઠા નજીકના છીછરા પાણીમાં?' લૉર્ડ ગ્લેનાર્વને આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી.' કપ્તાને અદબ સાથે જવાબ આપ્યો, 'આપને જણાવવાની રજા લઉં છું કે આ પ્રકારનાં જળચરો દુનિયાભરના મહાસાગરોમાં તમામ અક્ષાંશ અને રેખાંશો ઉપર જોવા મળી શકે છે. મારી જાણકારી પ્રમાણે શાર્કની આ પ્રજાતિને 'બૅલન્સ ફીશ' અથવા 'હેમર હેડેડ' શાર્કના નામે ઓળખવામાં આવે છે.[૧]

'આપને વાંધો ન હોય, અને લેડી હેલીના મૅડમને જોવામાં રસ હોય તો એને પકડવા પ્રયત્ન કરીએ. એને પકડ્યા પછી જ જાણી શકાશે કે એ જળચર ચોક્કસ કયા પ્રકારનું પ્રાણી છે.'

'મેજર નેબ્સ!' બાજુમાં જ ઊભેલા પોતાના પિતરાઈ ભાઈ તરફ જોઈને તેની ઇચ્છા જાણવા લૉર્ડ ગ્લેનાર્વને પૂછ્યું, 'શું લાગે છે તને? પકડીશું એ જળચરને?'

'એમાં પૂછવાનું હોય જ નહીં. નૌકાની અજમાયશી યાત્રા ભેગી આ તક ભલેને સાહસયાત્રા પણ બની જાય.' મેજરે ઉત્સાહથી પ્રતિભાવ આપ્યો.

'આ વિસ્તારમાંથી આ પ્રકારનાં ભયજનક જળચરો જેટલાં ઓછાં થાય તેટલું સારું રહેશે. આપણો આ સાગરકાંઠો એટલો વધુ સલામત બનશે.' કૅપ્ટન મેંગલ્સે પણ હળવા શબ્દોમાં માલિકની ઇચ્છામાં પોતાનો સૂર પુરાવ્યો. વધુમાં બોલ્યો, 'એને આપણે પકડીશું જ. નૌકા ઉપરની આપણી એકધારી બીબાંઢાળ જિંદગીમાં થોડીક પણ નવીનતા આવતી હોય તો એમાં ખોટું પણ શું છે?'

'ઠીક છે બધાંની મરજી હોય તો થઈ જવા દો, એ નવીનતા પણ.' લેડી હેલીના પણ પોતાના પતિની ઇચ્છામાં જોડાયાં. એને પણ આ પ્રકારની દરિયાઈ રમતમાં રસ પડ્યો.

બહારના સાગરી વિસ્તારમાં સતત ચાલતી રહેલી ઊથલપાથલની સરખામણીમાં અંદરનો આ જળવિસ્તાર પ્રમાણમાં શાંત હતો. શાર્કની પ્રત્યેક હિલચાલ નૌકાના તૂતક ઉપરથી સ્પષ્ટપણે જોઈ શકાતી હતી.

નાવિકોને જરૂરી સૂચના મળી ગઈ. શાર્કને પકડવા માટેની કામગીરી તરત જ શરૂ થઈ. ગલ કહેવાતી લોખંડની આંકડી ઉપર માંસના ટુકડાઓનો થપ્પો લગાડવામાં આવ્યો. ગલને મજબૂત દોરડાંથી બાંધીને બોયાં સાથે પાણીમાં દૂર ફેંકવામાં આવી.

શાર્ક હજી પણ દૂર રહીને નૌકા સાથે સરખું અંતર રાખીને તરી રહી હતી, પરંતુ માંસના ટુકડાની તીવ્ર ગંધ એની ઘ્રાણેન્દ્રિય સુધી પહોંચી ગઈ. એનું હેમરહેડ મસ્તક એ ટુકડા તરફ વળ્યું. પાણી ઉપર તરી રહેલા ખોરાક જેવા પદાર્થની એની ઝીણી આંખોએ નોંધ લીધી અને એ સાથે જ શરૂ થઈ મોત તરફની એની આંધળી દોટ. ધીમે ધીમે એની ઝડપ વધતી ગઈ. એની બંને

બાજુનાં પાંખિયાંઓ પાણીની હળવી લહેરો ઉપર અથડાવા લાગ્યાં. તેનો અવાજ વધુ ને વધુ નૌકાની નજીક આવી રહ્યો. ઝડપ વધારવા અવારનવાર તે પોતાની પહોળી અને ભારેખમ પૂંછડીની થપાટો પાણી ઉપર મારવા લાગી. એના મોટા માથા નીચેના શરીરના ભાગમાં ઉપર ઊપસી આવેલી ઝીણી લાલ આંખોમાં માંસના ટુકડાને હડપ કરી જવાની તાલાવેલી તરવરવા લાગી. મારણને ઝડપી લેવા ખુલ્લાં થયેલા એના જડબામાં અણિયાળા દાંતોની ચાર જેટલી હાર નૌકા ઉપરથી સ્પષ્ટ રીતે દેખાવા લાગી. તીવ્ર ઝડપ સાથેનો એનો આ ધસારો ભયજનક હતો. છતાં તૂતક ઉપરના સલામત સ્થળેથી કુતૂહલવશ બનીને સૌ એને માણી રહ્યાં. મારણની સાવ નજીક આવી જતાં શાર્કની ઝડપ એકદમ વધી ગઈ. ભારેખમ દેખાતું એનું માથું, હથોડાના બંને બાજુના ભાગ જેવું સપાટ હતું. કૅપ્ટન મેંગલ્સની ધારણા સાચી હતી. બંને બાજુએ જળવાતા સમતુલનને કારણે એને બૅલેન્સ-ફીશ તરીકે પણ ઓળખવામાં આવી હશે. જળચરોની શાર્ક જાતિની આ પ્રજાતિ સૌથી ભયંકર અને ઘાતકી ગણાતી હતી.

તૂતક ઉપર ઊભેલાં સૌ કોઈ, સાક્ષાત મોતની દિશામાં ધસી રહેલા એ શિકારીના રૌદ્ર છતાં રમ્ય દેખાતા સ્વરુપને અવાક્ બનીને જોઈ રહ્યાં. શિકારની સાવ નજીક આવતાં એના શરીરને એક ઝાટકો દેવાયો, સાથે જ એના ખુલ્લા મોંમાં માંસનો એ ટુકડો અદૃશ્ય બન્યો. તેની સાથે બંધાયેલી લોખંડની પેલી અણિયાળી આંકડી પણ એના સર્વભક્ષી પેટમાં ઊતરી ગઈ. ઊંડે સુધી પહોંચી ગયેલી એ આંકડી જઠરના કોઈક ભાગમાં ભેરવાઈ ગઈ. એની સાથે મોત સામેના એના ધમપછાડા શરૂ થયા. હૂક સાથે બંધાયેલી મજબૂત દોરી વડે જોડાયેલી શાર્કને નૌકા તરફ ખેંચવામાં આવી. એમાં જરા જેટલી ઢીલ મુકાતાં, બળપૂર્વક એ વિરુદ્ધની દિશામાં ભાગવા હવાતિયાં મારવા લાગી. એના છેલ્લા મરણિયા પ્રયાસથી દોરી એકદમ ખેંચાઈ. પળભર તો આખી નૌકા ધ્રૂજી ઊઠી. નૌકા એ દોરીથી ખેંચાઈ રહી હોય તેમ પણ લાગ્યું.

ધમપછાડાનો અંત લાવવા તૂતક ઉપરના નાવિકોએ એ દોરી વિંટવાનો ચાકડો હવે બળપૂર્વક ફેરવવા માંડ્યો. નૌકા અને શાર્ક વચ્ચેનું અંતર ધીમેધીમે ઘટવા લાગ્યું. ઉપરની ખેંચ વધતાં શાર્કના ધમપછાડા પણ વધી ગયા. ઘડીમાં પાણી નીચે તો ઘડીમાં સપાટી ઉપર આવવા લાગી. જોરદાર પૂંછડીનાં વિશાળ પાંખિયાંની થપાટોથી પાણી ઊંચે સુધી ઊછળવા લાગ્યું. જીવન અને મૃત્યુ વચ્ચેનો એ ખૂનખાર જંગ હતો, છતાં એની હાર નિશ્ચિત હતી.

આ પ્રકારના શિકારથી ટેવાયેલા નાવિકોએ બીજાં દોરડાંનો ગાળિયો તૈયાર કર્યો. નૌકાની સાવ નજીક આવેલા શિકારની હજી પણ ફડફડાટ કરી રહેલી પૂંછ તરફ ઘા કરીને એ ગાળિયાને તેની ઉપર ભરાવી દીધો. બંને બાજુનું દોરડું ખેંચીને એ ગાળિયાની પકડને મજબૂત કરવામાં આવી. જોરદાર પૂંછના સહારે તરફડાટ કરી રહેલી શાર્ક હવે નિઃસહાય બની ગઈ. લગભગ અચેતન બની ગયેલા એ દરિયાઈ રાક્ષસને ઊંટડાની મદદથી ઊંચકીને તૂતક ઉપર લેવામાં આવ્યો.

હજી એના શ્વાસ ચાલુ હતા. એવી સ્થિતિમાં એની પૂછની પકડ ઢીલી પડે તો હજી પણ નાવિકને મરણતોલ ફટકો મારી શકે એ સ્થિતિ નાવિકો જાણતા હતા. સાવચેતી તરીકે એક નાવિકે પહોળા પાનાનો ખાસ કુહાડો હાથમાં લીધો અને પૂછના સાંકડા ભાગ ઉપર એનાથી જોરદાર ઘા કર્યો. છૂટી પડેલી એ પૂછ થોડી પળો માટે તરફડીને આખરે શાંત થઈ ગઈ.

શાર્કમાં હજી જીવ હોય તેવું થોડા સમય માટે સૌએ અનુભવ્યું. મોતમાં પણ ભય પમાડે એવું એ જળચર આખરે પૂરેપૂરી રીતે શાંત બની ગયું. એના તરફનો હવે કોઈ જ ભય રહ્યો ન

હતો.

કેવળ મનોરંજન ખાતર જ એનો શિકાર થયો હતો. એનો રોમાંચ હવે પૂરો થયો, પરંતુ આવું મોટું જળચર પ્રાણી કાંઠાના આ છીછરા પાણીમાં કેવી રીતે અને ક્યાંથી આવ્યું તે જાણવા માટેનું કુતૂહલ હજી અકબંધ હતું. અનુભવી નાવિકો જાણતા જ હોય છે કે શાર્ક અતિશય અકરાંતિયો જીવ હોય છે. ખોરાક તરીકે જણાતી કોઈ પણ ચીજવસ્તુ એના સર્વગ્રાહી ઉદરમાં ઓહિયાં થતી જ રહેતી હોય છે. એમાંની અપાચ્ય વસ્તુઓ એની હોજરીના એકાદ ભાગમાં ચોંટી જઈને, માંસમાં ઢંકાઈ જતી હોય છે. એ જોવા અને જાણવા માટે શિકાર બાદ શાર્કના પેટને તરત જ ચીરી નાખવાનો સામાન્ય શિરસ્તો હોય છે.

મહાસાગરો ખૂંદતી શાર્ક કુદરતનું એક અનન્ય સર્જન ગણી શકાય. સલામત સ્થાનેથી એની જળક્રીડા તથા પ્રવૃત્તિઓ તેમ જ મોત સામેનો એનો સંઘર્ષ જરૂર રસપ્રદ લાગે. પરંતુ બંને બાજુથી એનું પેટ ચીરી નાખવાની અને તેના માંસમાં દબાઈ ગયેલી ચીજવસ્તુઓ માટે ખાંખાંખોળા કરવાની પ્રક્રિયા અત્યંત જુગુપ્સાકારક હોય છે. લેડી હેલીના જેવી નાજુક રમણી માટે એવી ગતિવિધિ સાવ અરુચિકર અને અસહ્ય બને તેમ હતું. શાર્કના નિર્જીવ શરીરની ફરતે ઊભેલા ઝમેલામાંથી નીકળીને એમણે પોતાની કૅબિનમાં જવાનું પસંદ કર્યું.

દસ ફૂટ લાંબી એ શાર્કનું વજન છસો પાઉન્ડ જેટલું હશે, એવો અંદાજ ત્યાં વ્યક્ત થયો. એના કદની દૃષ્ટિએ એને પ્રથમ કક્ષામાં મૂકી શકાય તેમ ન હોવા છતાં શાર્કની આ પ્રજાતિ, એની તાકાત અને આક્રમકતાની બાબતમાં ભયાનક અને હોનહાર ગણાતી આવેલી.

એની ઉપરના અને નીચેના ભાગને છૂટા પાડવા માટેની પ્રક્રિયા ધારદાર છરાથી શરૂ થઈ. થોડા જ સમયમાં એની હોજરી ખુલ્લી થઈ ગઈ. માંસના મારણથી ઢંકાયેલી લોખંડની કડી જઠરની દીવાલમાં ખૂંપી ગઈ હતી. એની હોજરી સાવ ખાલી હતી. એ જ કારણે માંસના મારણને ઝડપથી હડપ કરી જવા એણે ધસારો કર્યો હતો, જે આખરે એના મોત માટેનું કારણ પુરવાર થયું હતું. એ ઉપરાંત અન્ય કોઈ વસ્તુ એમાં જણાઈ નહીં. નિરાશ થયેલા નાવિકો શાર્કના શરીરના એ બંને ફાડચાંને ફરીથી દરિયાલાલને હવાલે કરવાની તૈયારી કરતા હતા. એ જ વખતે એક નાવિકનું ધ્યાન હોજરીના ખૂણામાં ઉપસેલા ભાગ તરફ ખેંચાયું. હોજરીની દીવાલ સાથે સખત રીતે ચોંટી રહેલા એ ભાગને કાપીને છૂટો પાડવો પડ્યો. એમાં કોઈ સખત પદાર્થ જણાતાં સૌનું કુતૂહલ વધ્યું.

'પથ્થર લાગે છે. શિકાર ભેળો એ પથ્થર પણ હોજરીમાં ઊતરી ગયો હશે.' એક નાવિક બોલ્યો.

'ના જી. આ તો કાચની બૉટલ જણાય છે. અરે! આ તો બૉટલ જ છે.' માંસના લોચાથી એ સખત પદાર્થને છરાથી અલગ કરતાં નાવિક બોલ્યો, 'માત્ર બૉટલ! બીજું કાંઈ જ નહીં!!'

'સાંભળો ભાઈઓ.' નૌકાના પ્રથમ મદદનીશ અધિકારીએ વ્યંગ કર્યો, 'આ તો દારૂની બૉટલ જણાય છે. એમાંનો દારૂ પી જવા માટે જ મચ્છ એ બૉટલને પણ ગળી ગયો હશે.'

બે-ત્રણ નાવિકના મુખેથી આ શબ્દો સાંભળીને લૉર્ડ ગ્લેનાર્વન તરત જ બોલી ઊઠ્યા,

'એ પદાર્થ જો બૉટલ જ હોય તો એને સંભાળપૂર્વક બહાર કાઢો. દરિયામાં તરતી આવી બૉટલોમાં ક્યારેક કોઈ અગત્યનો સંદેશો હોવાની શક્યતા હોય છે. એવી તરતી બૉટલને શિકારયોગ્ય જીવ ગણીને માંસભક્ષી જળચરો તેને ગળી ગયા હોય તેવા બનાવો ઘણી વાર બને છે.'

‘તમને લાગે છે કે આ બૉટલમાં પણ એવો કોઈ સંદેશો હશે?’ મેજરે શંકાશીલ બનીને પ્રશ્ન કર્યો.

‘મને એ અંગે જરાય શંકા નથી. એમાં કાંઈક તો હશે જ.’

‘ના ના! હું એવું નથી કહેતો કે એમાં કાંઈ જ નહીં હોય. એમાં અન્ય પ્રકારના ખાનગી સંદેશા પણ હોઈ શકે.’

‘એ જ તો આપણે શોધવાનું છે.’

દરમિયાન એ બૉટલ ઉપરના માંસના અવશેષોને સાફ કરવામાં આવ્યા. સહાયક અધિકારીએ એવી સાફસુથરી બૉટલને લૉર્ડ ગ્લેનાર્વન અને મેજર નેબ્સ બેઠા હતા, તે ટેબલ ઉપર તેમની સામે મૂકી. સ્ત્રીસહજ કુતૂહલવૃત્તિથી લેડી હેલીના પણ એ બૉટલની અંદર કેદ થયેલા રહસ્યને જાણવા આતુર હતી. તે પણ બાજુમાં જ ગોઠવાઈ.

શું હશે એ બૉટલમાં? કોઈ ભયાનક દુર્ઘટનાના સમાચાર તો નહીં હોયને? કે પછી કોઈ પ્રેમાસક્ત સામાન્ય નાવિકે એની ફૂરસદની પળોમાં પોતાની પ્રિયતમાને પ્રેમસંદેશો મોકલવા માટે આ રમૂજી નુસખો અપનાવ્યો હશે? એ તો જે હોય તે! રહસ્ય હવે લાંબો સમય છુપાયેલું રહેવાનું ન થતું.

માનવદેહના મૃત્યુના કારણની તપાસ કરવાની હોય, તેવી ઝીણવટભરી નજરે લૉર્ડ ગ્લેનાર્વને સૌપ્રથમ તો એ બૉટલનું બહારથી જ નિરીક્ષણ કર્યું. એની ઉપરના લાંબા સાંકડાં નાળચાં બાદ નીચેનો પેટનો ભાગ પહોળો હતો. એનો કાચ જાડો અને મજબૂત જણાતો હતો. એ જોઈને મેજર નેબ્સ બોલી ઊઠ્યો, ‘અરે! આ તો આપણા ક્લિક્વૉટની દારૂની બૉટલ લાગે છે. એ શૅમ્પેઇનની જ બૉટલ છે.’

મેજરસાહેબની એ વાતનો કોઈએ પ્રતિવાદ કર્યો નહીં. સૈન્યના આ ઉચ્ચ અધિકારીને એ અંગે વધુ જાણકારી હોય એવું બધાનું માનવું હતું, પરંતુ લેડી હેલીનાથી શાંત રહેવાયું નહીં. તે બોલી ઊઠી,

‘જો તે અહીં ક્યાંથી આવી અને તેમાં કેવો સંદેશો સંતાયેલો છે તે રહસ્ય જાણી શકાય નહીં તો બૉટલ કેવી છે અને શા માટે હતી એ વાતોનું કોઈ મહત્ત્વ નથી.’

‘એ રહસ્ય પણ હવે ખુલ્લું થવામાં જ છે.’

લૉર્ડ ગ્લેનાર્વને પત્નીના પ્રશ્નના જવાબમાં જણાવ્યું, ‘અત્યારે તો આપણે આટલું જ કહી શકીએ કે આ મચ્છના પેટમાં સવાર થઈને બહુ જ લાંબા અંતરેથી એ બૉટલ અહીં આવેલી છે. એની ફરતે માંસનું આવરણ જે રીતે સખત બનેલું છે એને મધદરિયામાં જ ફેંકી દેવાઈ હોય તેમ લાગે છે. જોકે શાર્ક એને ગળી ગઈ તે અગાઉ દરિયાનાં મોજાં ઉપર અહીંતહીં ફંગોળાઈ તો હશે જ.’

‘હું એ વાત સાથે સંમત છું.’ મેજરે જણાવ્યું.

‘બહુ જ લાંબી મુસાફરી કરીને તે અહીં સુધી આવી હોય તેમ લાગે છે. એના ઉપર ચઢી ગયેલા માંસના સખત આવરણને કારણે જ તેને રક્ષણ મળ્યું હશે.’

‘એ કયા સ્થળેથી આવી તે જાણવામાં મને રસ છે.’ લેડી હેલીનાનું કુતૂહલ ચરમસીમાએ હતું.

‘ધીરજ રાખો, એ રહસ્ય પણ બૉટલ ખૂલતાંની સાથે સ્પષ્ટ થવાનું જ છે.’ લૉર્ડ ગ્લેનાર્વને પત્નીની ઉત્સુકતાને શાંત કરવા મીઠાશથી જણાવ્યું.

બૉટલને ખોલતાં પહેલાં એના બૂચ ઉપરના ક્ષારના પડને સાફ કરાવ્યું. એ આવરણની નીચે ઢંકાયેલા બૂચને ખોલવા મહેનત કરવી પડી. ખૂલતાંની સાથે જ દરિયાઈ ખારાશ અને ભેજવાળી ગંધ કૅબિનમાં પ્રસરી ગઈ.

'આ કોઈ સુખદ શુકન ગણી શકાય નહીં.' લૉર્ડ ગ્લેનાર્વને બૉટલની અંદરના ધૂંધળા ભાગ તરફ જોયું અને બોલ્યા, 'એમાં જો કોઈ કાગળ હશે તો આ ક્ષારવાળા ભેજની એના ઉપર વિપરીત અસર પડી જ હશે. જોકે અત્યાર સુધી એ બૉટલ ખુલ્લા દરિયામાં જ રહી હોત તો ક્યારનીય ડૂબી ગઈ હોત.'

'એમાંના કાગળ અને તેના ઉપરનું લખાણ જો સુરક્ષિત હશે તો એમાં અક્ષાંશ અને રેખાંશના નંબર હશે જ. તેને આધારે એ ક્યાંથી આવી તે જાણી શકાશે. દરિયાઈ પવનો તથા જળપ્રવાહોની પણ એની ગતિની દિશા ઉપર અસર પડતી હોય છે, પરંતુ શાર્કના પેટમાં આરૂઢ થઈને અહીં આવેલી આ બૉટલ માટે એવું કોઈ જ અનુમાન થઈ શકે નહીં. શાર્કની ગતિ અકળ હોય છે. એને આધારે કોઈ જ નિર્ણય લઈ શકાય નહીં.'

'શું છે બૉટલની અંદર?' લેડી હેલીનાની ઇન્તેજારી વધી ગઈ હતી.

'અંદર કાગળના ટુકડા લાગે છે. કેટલાક તો બૉટલના કાચ સાથે ચોંટી ગયા જણાય છે. ક્ષારયુક્ત ભેજથી સડી ગયેલા એ ટુકડાને બૉટલના સાંકડા મોંમાંથી બહાર કાઢવાનું મુશ્કેલ છે.'

મેજરની નજર પણ બૉટલની અંદર જ હતી.

'બૉટલને તોડવી પડશે. કાગળને વધુ નુકસાન પહોંચાડ્યા વિના બહાર કાઢવાનો એ જ એક ઉપાય છે.'

'મારું ચાલે તો આ અજનબી બૉટલને સંગ્રહસ્થાનમાં રાખવાનું પસંદ કરું.' મેજર નેબ્સે જણાવ્યું.

'મને ખાતરી જ હતી, મિ. નેબ્સ કે તમે એવું જ વિચારશો.' લેડી હેલીનાએ મેજરના વક્તવ્ય માટે ઉપાલંભ આપ્યો.

'પરંતુ આ બૉટલ નહીં, એમાંના સંદેશાનું મહત્ત્વ છે.' બૉટલને તોડવાનો નિર્ણય થતાં જ સાવચેતીપૂર્વક તેની ઉપર હથોડીના ઘા થવા લાગ્યા. બૉટલ આખરે તૂટી ગઈ. કાગળોનો કેટલોક ભાગ કાચની દીવાલ પર ચોંટી ગયેલો જણાયો. લૉર્ડ ગ્લેનાર્વને સાવચેતીથી તેને છૂટા પાડ્યા. એની ઉપર લખાણ હતું અને તે એકથી વધુ ભાષામાં હતું. વાંચી શકાય તે માટે ટેબલ ઉપર વ્યવસ્થિત રીતે એ ટુકડાઓને ગોઠવવામાં આવ્યા.

([૧]) **હેમરહેડ શાર્ક:** ગુજરાતીમાં એને કાનામૂશી નામથી ઓળખવામાં આવે છે.

૨

પત્ર એક — ભાષા અનેક

બૉટલમાંથી મળેલા પત્રો ત્રણ જુદી જુદી ભાષામા લખાયેલા જણાયા. એ ત્રણે પત્રોના છૂટા પડી ગયેલા ટુકડાઓને તે જે રીતે મળ્યા તે પ્રમાણે ક્રમમાં ગોઠવવામાં આવ્યા. દરેકમાં માત્ર થોડા શબ્દો કે તેના છૂટક અક્ષરો જ વાંચી શકાય તેવી સ્થિતિ હતી. એ સિવાયના બાકીના તમામ લખાણનો ભેજવાળી ખારી હવામાં ભોગ લેવાયો હતો.

લૉર્ડ ગ્લેનાર્વન ક્યાંય સુધી, ઝીણવટભરી રીતે એ ત્રણે પત્રોનું નિરીક્ષણ કરતા રહ્યા. એ ટુકડાઓની પાછળ પ્રકાશ ફેંકીને એમાંના તૂટક અક્ષરોમાંથી શબ્દોની રચના કરવા અને તેમાંથી અર્થ તારવવા મથામણ કરતા રહ્યા. ફરેત ઊભેલાં સૌ મૌન હતાં. નિરીક્ષણ બાદ ગ્લેનાર્વન શું બોલે છે તે સાંભળવા સૌએ પોતાના કાન સરવા કર્યા.

આખરે ગ્લેનાર્વને મૌન તોડ્યું.

‘લખાણના આ ટુકડાઓ ઉપરથી જણાય છે કે જુદી જુદી ત્રણ ભાષાઓમાં એ પત્રો લખાયા છે. એની આ પહેલી ગોઠવણી અંગ્રેજી ભાષામાં છે. બીજી અને ત્રીજી ગોઠવણી અનુક્રમે ફ્રેન્ચ અને જર્મન ભાષામાં છે.’

‘એ બરાબર છે, પરંતુ એમાંથી કોઈ અર્થ તારવી શકાય તેમ છે કે કેમ?’ ધીરજનો અંત આવી ગયો હોય તે રીતે લેડી હેલીનાએ પતિની ઊલટતપાસ લીધી.

‘એ જ તો મુશ્કેલી છે. બચી ગયેલું લખાણ પણ પૂરા શબ્દોનું નથી. જે શબ્દો બચી ગયા છે, તેમાં પણ ક્યાંક ક્યાંક અક્ષરો ખૂટે છે. એને કારણે કોઈ ચોક્કસ અર્થ તારવી શકાતો નથી.’

‘એ ત્રણ પત્રોની ભાષા અલગ છે, પણ મૂળ બાબત તો એક જ છે ને? એમ હોય તો દરેક પત્રના શબ્દો એકબીજા માટે પૂરક બની શકે.’ મેજર મેક નેબ્સે ઉપયોગી સૂચન કર્યું.

‘હું પણ એમ જ માનું છું. દરેક પત્રમાં એકના એક જ શબ્દ કે અક્ષર ગુમ થયો હોય તેવું બની શકે નહીં. એક પત્રના શબ્દો કે અક્ષરો અન્ય પત્રના શબ્દો કે અક્ષરો સાથે મેળવતાં આખા શબ્દો અને વાક્યો બનવાની સંભાવના છે.’

મેજર નેબ્સની રજૂઆતમાં કૅપ્ટન મેંગલ્સે પોતાનો સૂર પુરાવ્યો.

‘આપણે એ ગણતરીને આધારે જ આગળ વધવાનું છે. લૉર્ડ ગ્લેનાર્વને પણ એ બંને સાથીઓના સૂચનનો સ્વીકાર કર્યો.’

‘એ રીતે વ્યવસ્થિત રીતે આગળ વધવાનું રહેશે. પહેલાં આપણે અંગ્રેજીમાં લખાયેલા પત્રના ટુકડાનું લખાણ ગોઠવીશું.’

ગ્લેનાર્વને ગોઠવેલા એ ટુકડાઓ પ્રમાણે નીચે મુજબના અંગ્રેજી શબ્દો અને અક્ષરો સ્પષ્ટ

બન્યા.

62 Bri gow
Sink Stra
aland
Skip Gr
that monit of long
and ssistance
lost.

‘આ શબ્દોમાંથી તો કોઈ પણ અર્થ તારવી શકાય તેમ નથી.’ મેજર નેબ્સે નિરાશા વ્યક્ત કરી.

‘એમાં કેટલાક શબ્દો પૂરેપૂરા છે અને કેટલાક અધૂરા છે. જેમાં આગળપાછળ અક્ષરો મૂકીને પૂરો શબ્દ બનાવી શકાય તેમ છે. એમાં Sink, aland, lost જેવા શબ્દો સંપૂર્ણ છે. બીજા શબ્દોની મેળવણીથી એમાંથી ચોક્કસ અર્થ કાઢી શકાશે એમ હું માનું છું. SKIP જેવા અધૂરા શબ્દની પાછળ Per અક્ષરો જોડતાં SKIPPER જેવો અર્થસભર શબ્દ મેળવી શકાય છે. ઇંગ્લૅન્ડમાં જહાજના કૅપ્ટન માટે એ શબ્દ વપરાય છે. એમાંના Gr અક્ષરો કદાચ જહાજના કૅપ્ટનના નામ માટે વપરાયો લાગે છે.’ લૉર્ડ ગ્લેનાર્વને અંગ્રેજીમાં લખાયેલા પત્રનું વિશ્લેષણ કર્યું.

એ રીતે મળેલા થોડા સૂચિતાર્થોને હંમેશ આશાવાદી રહેતી લેડી હેલીનાએ વધાવી લીધા, ‘એમાંથી એટલું પણ સમજી શકાયું તે ઘણું છે.’

‘પરંતુ તમે જુઓ કે વચ્ચેની તો આખેઆખી લીટીઓ ગુમ થયેલી છે. તેનો મેળ કેવી રીતે બેસાડીશું? જહાજ ક્યારે અને ક્યાં ડૂબ્યું તેની કાંઈ જ વિગત નથી.’ નેબ્સે નિરાશા વ્યક્ત કરી.

‘તમે થોડી ધીરજ રાખો. એનો પણ મેળ બેસાડી શકાશે.’ ગ્લેનાર્વન પણ પત્નીના જેવા જ આશાવાદી હતા, છેવટ સુધી વાતને પકડી રાખવામાં માનતા હતા.

‘પણ કેવી રીતે? બધું અશક્ય લાગે છે.’ મેજરને હજી પણ વિશ્વાસ બેસતો નહોતો.

‘બીજી બે ભાષામાં લખાયેલા પત્રોના પણ ટુકડા છે, તે તેં જોયા છે?’ ગ્લેનાર્વને પિતરાઈને પૂછ્યું, ‘એમની સાથે યોગ્ય રીતે મેળ બેસાડી શકાય તો જરૂરથી સમજાય એવો અર્થ મળી શકશે.’

‘મને પણ એમ જ લાગે છે. દરેકમાંથી એકબીજાને પૂરક બની શકે તેવા શબ્દો અને અક્ષરોને એકીસાથે ગોઠવી શકાય તો જહાજના સગડ મેળવી શકાશે એમ મને લાગે છે.’ હેલીના બધા કરતાં વિશેષ આશાવાદી હતી.

જોકે બીજા પત્રની દશા પ્રથમ કરતાં પણ ખરાબ હતી.

7 Juni	Glas	
	Zwei	atrosen
		graus
	bringt	ihnen

‘આ શબ્દો જર્મન ભાષાના છે.’ પત્રમાંના એ તૂટક શબ્દો જોઈને કૅપ્ટન મેંગલ્સ તરત બોલી ઊઠ્યો.

‘તમે એ ભાષા સારી રીતે જાણો છો એવો મને ખ્યાલ છે.’

‘ઘણી જ સારી રીતે.’

‘તો નજીક આવો અને જે થોડા શબ્દો સુવાચ્ય છે, તેના અર્થ સમજાવો.’ ગ્લેનાર્વને મેંગલ્સને નજીક જવા આમંત્રણ આપ્યું.

‘આ 7 Junie શબ્દ ૭મી જૂન માટે છે. એને અંગ્રેજી પત્રમાંના ૬૨ શબ્દની આગળ મૂકો એટલે ૭મી જૂન, ૧૮૬૨ના રોજ ઘટના બની હોવાનો ખ્યાલ આવે છે. વળી, એમાંના GLAS શબ્દની આગળ અંગ્રેજી પત્રમાંના glow શબ્દ ગોઠવીએ તો ‘ગ્લાસગો’ શબ્દ સંપૂર્ણ બને છે. એ બંદરેથી જહાજે પોતાની સફર શરૂ કર્યાનો નિર્દેશ મળે છે.’ કૅપ્ટને પોતાના તર્કને વધુ આગળ ચલાવ્યો.

‘આગળની બીજી લીટી આખી જ નષ્ટ થઈ છે, છતાં ત્યાર બાદની લીટીના જળવાઈ રહેલા શબ્દોનો કાંઈક મેળ બેસે છે. એમાંના Zwei શબ્દનો અર્થ ‘બે’ થાય છે અને astrosen કે matrosen શબ્નદો અર્થ બે નાવિકો થાય છે.’

‘મારું માનવું છે કે એમાંથી કૅપ્ટન પોતે તથા અન્ય બે નાવિકો’ જેવો અર્થ મળી શકે છે. લેડી હેલીના પણ હવે આ અર્થશોધ અભિયાનમાં સક્રિય બની...

‘હવે એનાથી આગળનું અર્થઘટન મારી પહોંચની બહાર છે.’ કૅપ્ટન મેંગલ્સે પોતાની મર્યાદા સ્પષ્ટ કરી, ‘છતાં બે શબ્દો bringt તથા ihnenનો અર્થ bring them કરી શકાય. ઇંગ્લિશ ભાષાના એ પત્રમાં લખાયેલા ssistance કે Assistance શબ્દ સાથે વાંચીએ તો અમને મદદ મોકલો.’ એવો અર્થ નીકળી શકે છે.

‘જહાજ અંગેની બાબતોનો તો આ પત્રથી તાળો મળે છે, પરંતુ મહત્ત્વની બાબત જહાજ તૂટવાના સ્થળની છે. એ અંગેની કોઈ જ કડી આ બંને પત્રોમાંથી મળતી નથી.’

‘મસમોટી દુનિયાના ચોક્કસ કયા સ્થળે અને સમયે એવી દુર્ઘટના બની તે અંગે આપણે હજી અંધારામાં જ છીએ.’ ગ્લેનાર્વને પણ નિરાશા દર્શાવી. છતાં ત્રીજા પત્રના ટુકડા તરફ જોઈને બોલ્યા, ‘એ વિગતો કદાચ આપણને આ ત્રીજા પત્રમાંથી મળી શકે. આપણે સૌ પરિચિત છીએ એવી ફ્રેન્ચ ભાષામાં તે છે.’

એ પત્રમાંના તૂટક શબ્દોને નીચેના ક્રમમાં ગોઠવી શકાયા હતા.

troi	ats	tannia	
		gonie	austral
			abor
contin	pr	cruel	indi
jete			ongit

et 37^0-11^0

‘અરે વાહ! અહીં તો આંકડાઓ પણ વાંચી શકાય છે.’ લેડી હેલીના ઉત્સાહમાં આવી ગયાં.

‘એના છૂટક શબ્દો આપણે માટે માહિતીનો છેલ્લો સ્રોત છે.’ ગ્લેનાર્વન હવે વધુ ગંભીર બન્યા, ‘પ ત્રના શરૂના શબ્દોથી જ શરૂઆત કરીશું. પ્રથમ લીટીના શરૂના શબ્દો અધૂરા છે, તેમ છતાં આગળના બે શબ્દો સાથેના મેળવણીથી સમજી શકાય છે કે એ જહાજ ત્રણ કૂવાસ્તંભોવાળું હતું અને ‘બ્રિટાનિયા’ નામ પણ બંધબેસતું આવે છે. બીજી લીટીના gonie અને austral શબ્દમાંથી પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધનું સૂચન નીકળે છે.’

‘પરંતુ દક્ષિણ ગોળાર્ધની દુનિયા કાંઈ નાની કહેવાય?’ આશા ગુમાવી દીધી હોય તે રીતે મેજર નેબ્સ બોલ્યા.

‘પત્રમાં આગળ પણ શબ્દો છે. એ પૈકીના આ abor શબ્દમાંથી aborder શબ્દ બની શકે. એ પ્રમાણે એમણે ખંડની ધરતી ઉપર ક્યાંક ઊતરાણ કર્યું હતું એમ સમજાય છે. એ જ રીતે આ Cruel શબ્દનો પણ જર્મન ભાષાના grausam શબ્દ સાથે તાળો મળે છે.’ કૅપ્ટને જણાવ્યું.

‘હવે એમાં આગળ વધીશું.’ ગ્લેનાર્વન વાતમાં પૂર્ણવિરામ મૂકવા આતુર હતા, ‘આ indi શબ્દ ઇન્ડિયા માટે લાગે છે અને ongit શબ્દમાં આગળ-પાછળ અક્ષરોની પૂર્તિ કરતાં Longitude એટલે કે અક્ષાંશ શબ્દ બને છે. એ સાથે ૩૭°૧૧′ આંકડો પણ સ્પષ્ટ વંચાય છે. જહાજને નડેલી દુર્ઘટનાનું એ જ ઠામઠેકાણું ગણી શકાય.’

‘અક્ષાંશની બાબતમાં સ્પષ્ટતા થઈ, પરંતુ એના ચોક્કસ સ્થાનને નિશ્ચિત કરવા માટે એ સ્થળના રેખાંશ બાબત પણ સ્પષ્ટતા હોવી જરૂરી છે. તે ક્યાં છે?’ મેજર નેબ્સે મહત્ત્વની વાત કરી.

‘મેજર નેબ્સ! ધીરજ રાખો. કાગળના આ નષ્ટપ્રાય ટુકડાઓમાંથી દુર્ઘટના અંગેની બધી જ વિગતો મળવાની આશા રાખી શકાય નહીં.’ નિરાશ થયેલા મેજર નેબ્સને આશ્વાસન આપતા હોય તે રીતે ગ્લેનાર્વને હળવા ભાવે જણાવ્યું.

‘મારી દૃષ્ટિએ તો જે વિગત મળી છે, તે પણ મહત્ત્વની ગણી શકાય. આ ત્રણે પત્રોની સમાન વિગતોને એકત્રિત કરીને અંગ્રેજીમાં ફરીથી લખવાની મને જરૂર લાગે છે. દરેક પત્ર એક જ હકીકતનું શબ્દશઃ ભાષાંતર છે અને તેની લીટીઓ પણ સરખી જ છે. ત્રણેના બચેલા અંશોને એક જ ભાષામાં ગોઠવી શકાય તો સૌથી વધુ તાર્કિક માર્ગદર્શન એમાંથી મળી શકે.’

નક્કી થયા પ્રમાણે લૉર્ડ ગ્લેનાર્વને ત્રણે પત્રોના અવશેષોને આધારે ચોથી પ્રત તૈયાર કરી,

જે આ પ્રમાણે બની શકી.

7th of June, 1862 threemast Britania-Glaogow
foundered gonie Southern
on the Coust two sailors Gr.
Captain landed
Contin Pr Cruel indi.
thrown this document in Longitude
and 37^{0}-11'' Latitude Bring them assistance.

ત્રણે પત્રોની એકત્રિત પ્રતને ફરીથી વાંચીને ગ્લેનાર્વને સૌને જણાવ્યું, 'ત્રણે પત્રોના એકત્રિત સ્વરૂપમાંથી આપણને ઘણુંબધું સમજાયું છે, પરંતુ જે થોડી વિગતો એમાંથી મળી શકી નથી, તેનું મહત્ત્વ જરાયે ઓછું નથી.'

એ જ વખતે ફરજ ઉપરના એક નાવિકે આવીને લૉર્ડ ગ્લેનાર્વનને સમાચાર આપ્યા કે નૌકાએ ક્લાઇડની ખાડીમાં પૂરેપૂરો વળાંક લઈ લીધો છે. આગળના પ્રસ્થાન માટે ઇનચાર્જ અધિકારી આપના તરફના વધુ આદેશની અપેક્ષા રાખે છે.

'નૌકાને અહીંથી સીધા ડંબર્ટન બંદર તરફ લઈ લો, ઝડપથી.' આકસ્મિક રીતે જ આવી મળેલા આ પત્ર સંબંધમાં આગળનાં પગલાં વિચારી જ રાખ્યાં હોય, તે રીતે લૉર્ડ ગ્લેનાર્વને નાવિકને સૂચના આપી.

'લેડી હેલીના માલ્કમ કેસલના આપણા મુકામે સીધાં જ જશે, અને હું લંડન જવા ઇચ્છું છું. આ પત્રની વિગતો ત્યાં રૉયલ નૌકાદળના અધિપતિ સમક્ષ રજૂ કરીશ. એ અંગે એમના પ્રતિભાવોની અને શક્ય હોય તો મદદની તૈયારીની હું અપેક્ષા રાખીશ.'

બધાં જ સાંભળે તે રીતે નૌકાના કર્મચારીઓને આદેશ આપાયા. ત્યાર બાદ ગ્લેનાર્વને ત્યાં હાજર સૌને ઉદ્દેશીને પત્રોના અનુસંધાનમાં આગળની યોજનાની રૂપરેખા સમજાવી.

'સૌ મિત્રોને જણાવવાનું હું જરૂરી સમજું છું કે પત્રમાંના લખાણનું અર્થઘટન સમજ્યા બાદ એને આધારે હવે કોઈક પ્રકારનાં નક્કર પગલાં તાકીદે ભરવાની જરૂર લાગે છે. અનેક માણસોએ જેમાં પોતાના જીવ ગુમાવ્યા હોય તેવી ભયાનક દુર્ઘટના દક્ષિણ ગોળાર્ધની દુનિયામાં બની છે. એમાં જીવતા રહેલા બાકીના થોડાના જીવ પણ જોખમમાં છે, એમ આ પત્રની માહિતીને આધારે કહી શકાય તેમ છે. પત્રોમાંની તૂટક તૂટક માહિતીને આધારે અત્યારે આપણે ત્રણ પ્રકારની સ્થિતિમાં છીએ. પ્રથમ સ્થિતિ એ છે કે એમાંની ઘણી વિગતો આપણે સ્પષ્ટ રીતે સમજી શક્યા છીએ. બીજી સ્થિતિ એ છે કે કેટલીક વધુ વિગતોની બાબતમાં આપણે તર્ક કરવાની સ્થિતિમાં છીએ, અને કેટલીક બાબતો એવી છે જે અંગે આપણે પૂરેપૂરા અંધારામાં છીએ.'

'આપણે જાણી શક્યા છીએ કે ત્રણ કૂવાસ્તંભોવાળું અને ગ્લાસગો બંદરે નોંધાયેલું 'બ્રિટાનિયા' નામનું જહાજ ૭મી જૂનના રોજ દુર્ઘટનાગ્રસ્ત બન્યું હતું. તેના કૅપ્ટન ગ્રાન્ટ અને બે

નાવિકોએ આ સંદેશાવાળી બૉટલ ૩૭°-૧૧" અંશ દક્ષિણ અક્ષાંશના સ્થળે પાણીમાં ફેંકી હતી, એ પત્રો દ્વારા તેમણે મદદની માગણી કરી છે.'

'અહીં સુધી તો બધું બરાબર છે. હવે એને આધારે જ આપણે વધારાની માહિતીની ધારણા કરવાની છે, એમ જ ને?'

'હા જી! આ હકીકતો નક્કર છે. સમજી શકાય તેવી છે. એને આધારે આપણે કહી શકીએ કે દુર્ઘટના દક્ષિણ ગોળાર્ધમાં બની હતી. પત્રમાંના અધૂરા શબ્દો GONIE (ગોનિ)માંથી એ ચોક્કસ સ્થળ બાબત તર્ક કરી શકાય છે. એટલા અક્ષરોને આધારે દક્ષિણ ગોળાર્ધના કોઈ ચોક્કસ સ્થળનું નામ તમારામાંથી કોઈ પણ જણાવી શકે છે.'

દક્ષિણ ગોળાર્ધમાં ૩૭°-૧૧" ની સમાંતર અક્ષાંશ રેખા ઉપર આવેલા એવા કોઈ સંભવિત સ્થળ સંબંધમાં મગજ ઘસવા ગ્લેનાર્વને સૌને ખુલ્લું આમંત્રણ આપ્યું -

'પેટાગોનિયા' લેડી હેલીના તરત જ બોલી ઊઠી.

'દક્ષિણ અમેરિકાના દક્ષિણ ભાગના મધ્ય પઠારના ભૂભાગનું એ નામ છે.'

'એ નામ જરૂરથી સ્વીકારી શકાય તેમ છે.' પતિદેવે પત્ની હેલીનાની વાત સ્વીકારવી જ પડે તેમ હતું.

'પરંતુ એ પ્રદેશ ૩૭°૧૧" અક્ષાંશ રેખાની કસોટીમાંથી પાર ઊતરે છે કે નહીં તે જોવાનું રહેશે.' મેજરે જણાવ્યું.

'એ કામ મુશ્કેલ નથી.' જણાવી કૅપ્ટન મેંગલ્સે એની ઑફિસમાંથી દક્ષિણ અમેરિકાનો નક્શો મંગાવી ખુલ્લો કર્યો.

'હા જી! એ રેખા પેટાગોનિયા પ્રદેશ મધ્યે થઈને જ પસાર થાય છે. ત્યાંથી પૂર્વ તરફના અરૌકોનિયા પ્રદેશ સોંસરવી થોડી ઉત્તરમાં જાય છે. ત્યાંથી એ રેખા પમ્પા નામના વિભાગમાંથી પસાર થાય છે.'

'એટલી વિગતો જાણ્યા પછી હવે આગળનું વિચારીશું.' ગ્લેનાર્વને પોતાની તર્કશક્તિને કામે લગાડી, 'બે નાવિકો સાથે કૅપ્ટન લૅન્ડ (LAND) એટલે કે ઉતરાણ કર્યું હતું, પરંતુ તે કયા સ્થળે કર્યું હતું તેની વિગત મળતી નથી. અહીં કૉન્ટિન (CONTIN) જેવો અધૂરો શબ્દ આપણી મદદમાં છે. એમાં ભૂખંડના ભાગનું સૂચન છે. કોઈ ટાપુની વાત નથી. એ પછીના બે અધૂરા શબ્દોમાં આગળ કે પાછળ અક્ષરો જોડીએ તો 'ક્રૂઅલ ઇન્ડિયન્સ' શબ્દ છે, જે ત્યાંની આદિવાસી પ્રજા માટે લાગે છે. તેમણે આ ત્રણે માણસોને બંધક બનાવ્યા હોય તેવો અર્થ તારવી શકાય. તમને સૌને આવો તર્ક કેમ લાગે છે?' ત્યાં ઊભેલાં સૌ એની સાથે સહમત થશે એવી અપેક્ષા સાથે ગ્લેનાર્વને એ દરેક તરફ પોતાની નજર ફેરવી.

એક ઉમરાવ હોવા સાથે લૉર્ડ ગ્લેનાર્વન અભ્યાસુ અને વિદ્વાન હતા, એવી સામાન્ય છાપ સૌના મનમાં હતી. એમની રજૂઆત પણ આત્મવિશ્વાસથી ભરેલી હતી. સૌએ એકીઅવાજે એમણે કરેલા અવલોકનને સ્વીકારી લીધું.

'મેં જે વિચાર્યું છે તેમાં ભૂલ રહેવાની શક્યતા હું નથી જોતો. આમ છતાં જહાજના નામ અને બંદરના નામની ચકાસણી કરાવી લેવાનું મને જરૂરી લાગે છે.'

'એવી ચકાસણી હમણાં જ થઈ શકશે. આપણી નૌકાની લાઇબ્રેરી માટે મળી શક્યા તે નક્શાઓ ઉપરાંત બંદરો અને જહાજોને લગતું સાહિત્ય પણ મે મગાવ્યું હતું. એમાં મર્કેન્ટાઇલ અને શિપીંગ ગેઝેટ પણ છે. એ વર્ષના ગેઝેટમાં આ જહાજ અંગેની વિગતો મળી રહેશે.'

૧૮૬૨ના વર્ષનું ગેઝેટ મગાવવામાં આવ્યું. ગ્લેનાર્વને ઝડપથી એનાં પાનાં ફેરવવા માંડ્યાં. લેડી હેલીના તથા સૌ ભારે કુતૂહલવશ બનીને ગેઝેટનાં પાનાંઓ ઉપર ફરતી આંગળીઓ જોઈ રહ્યાં. આંગળી આખરે એક એન્ટ્રી ઉપર સ્થિર થઈ.

'૩૦મી મે, ૧૮૬૨ પેરુના કલાઓ બંદરેથી ગ્લાસગો બંદર માટેનો સામાન લઈને 'બ્રિટાનિયા' જહાજ નીકળ્યું હતું અને તેના કૅપ્ટન તરીકે મિસ્ટર ગ્રાન્ટ હતા.'

'કૅપ્ટન ગ્રાન્ટ!' એન્ટ્રીમાંનું એ નામ વાંચીને લૉર્ડ ગ્લેનાર્વન એકદમ ઉત્સાહિત થઈ ગયા, 'હા જી! આ એ જ સાહસિક અને બહાદુર કૅપ્ટન ગ્રાન્ટ છે, જેણે પ્રશાંત મહાસાગર વિસ્તારના કોઈક ભૂભાગ કે ટાપુ ઉપર ન્યુ સ્કોટલૅન્ડ નામના નવા સ્કોટલૅન્ડ દેશની સ્થાપના કરવાનું સ્વપ્નું સેવ્યું હતું અને પ્રયત્નો પણ કર્યા હતા.'

'આપની માહિતી સાચી છે. આ એ જ સ્કોટીશ જહાજી છે, જે ૧૮૬૧માં 'બ્રિટાનિયા' જહાજ સાથે સ્કોટલૅન્ડના ગ્લાસગો બંદરેથી નીકળ્યો હતો. ત્યાર પછીના છેલ્લા સમાચાર ૩૦મી મેના રોજે કલાઓ બંદરેથી તેણે પ્રસ્થાન કર્યાના મળ્યા હતા. ત્યાર બાદ એ અંગે કાંઈ જ જાણી શકાયું નથી.' કૅપ્ટન મૅંગલ્સે પૂર્તિ કરી.

'બરાબર છે. જોકે એક અઠવાડિયા બાદના તા. ૭મી જૂનના સમાચાર આપણી પાસે છે. બૉટલમાંથી મળેલા પત્રો પ્રમાણે પેટાગોનિયા પ્રદેશના દરિયાકાંઠે જ એને દુર્ઘટના નડી હશે. આ બધી માહિતીને નિરર્થક બનાવે તેવી બાબત એ સ્થળના ચોક્કસ રેખાંશની છે. એના વિના દુર્ઘટનાના સ્થળનું ચોક્કસ સ્થાન નક્કી થઈ શકે નહીં. જોકે મળેલી માહિતીને આધારે તપાસ જરૂર કરી શકાય.' લૉર્ડ ગ્લેનાર્વન આશા છોડે તેમ ન હતું.

ત્રણ ભાષાના તૂટક શબ્દોને આધારે ગ્લેનાર્વને બનાવેલો ચોથો ડ્રાફ્ટ પણ એ રીતે અપૂર્ણ જ હતો. છતાં તેણે શક્ય એટલી મહત્તમ વિગતો સાથેનો છેલ્લો ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો.

એ આખરી ડ્રાફ્ટના શબ્દો નીચે મુજબ ગોઠવી શકાય, 'તા. ૭મી જૂન, ૧૮૬૨ના રોજ ગ્લાસગો બંદરનું ત્રણ કૂવાસ્તંભોવાળુ 'બ્રિટાનિયા' જહાજ દક્ષિણ ગોળાર્ધના પેટાગોનિયાના કાંઠા આગળ ડૂબી ગયું હતું. એમાંના બે નાવિકો તથા કૅપ્ટન ગ્રાન્ટ એ મહાખંડના કાંઠા તરફ જઈ રહ્યા છીએ. કાંઠા ઉપરની ક્રૂર ઇન્ડિયન પ્રજા અમને બંધક બનાવે તેમ લાગે છે. અમે આ પત્રો ૩૭°૧૧′′ અક્ષાંશ ઉપર પાણીમાં વહેતા કર્યા છે. અમને મદદની જરૂર છે. મદદ નહીં મળે તો અમારો અંત નિશ્ચિત છે.'

'શાબાશ, ભારે કરી તમે તો. તૂટક સંદેશમાં પૂર્તિ કરીને જે રીતે તમે એને સંપૂર્ણ બનાવ્યો છે. તેને આધારે એ કમનસીબ નાવિકો સુધી પહોંચી શકાય અને તેમને બચાવી શકાય, તો એ શોધનો તમામ યશ તમને જ મળશે.' લેડી હેલીનાએ પતિની પીઠ થાબડી.

'આભાર તમારો! પરંતુ આ રીતે આગળ વધવામાં આપણે કોઈ બહુ મોટી સિદ્ધિ મેળવી હોય તેવું મને લાગતું નથી.' પત્નીએ કરેલી પ્રશંસાથી પ્રોત્સાહિત બનેલા પતિએ હળવાશથી જણાવ્યું અને વધુમાં બોલ્યા, 'કૅપ્ટન ગ્રાન્ટનો એ સંદેશો ભલે તૂટક હતો, છતાં ત્રણેય પ્રતોને સાથે સાથે રાખીને વાંચતાં અર્થ સ્પષ્ટ બને જ છે. એને આધારે આગળ વધવામાં એમની શોધ એ માત્ર થોડા સમયનો જ પ્રશ્ન બની જાય છે. ફ્રેન્કલીન જેવા પોતાના બહાદુર સાગરપુત્રોની શોધ, કૃતજ્ઞ ઇંગ્લૅન્ડે કરી જ હતી. એ રીતે જ સ્વદેશથી ઘણે દૂર પેટાગોનિયાના નિર્જન કાંઠાઓ ઉપર ફસાઈ ગયેલા પોતાના આ ત્રણ પનોતા પુત્ર માટે પણ આ દેશ શોધ કરશે જ એવો મને વિશ્વાસ છે.' લૉર્ડ ગ્લેનાર્વને ઊંચું માથું રાખીને પોતાના દેશ માટે તથા એના બહાદુર નાવિકો માટે

ગર્વથી જણાવ્યું.

‘એ નાવિકોનાં કુટુંબીજનો ઉપર અત્યારે શું વીતી રહ્યું હશે તેની કલ્પના પણ થઈ શકે છે. તેમને પણ આજની આ ઘટનાની માહિતી સત્વરે પહોંચાડવી જોઈએ એમ હું માનું છું.’ લેડી હેલીના ગંભીર ભાવે બોલી.

‘હું પણ એ જ વિચારું છું અને એ માટેની વ્યવસ્થા અત્યારે જ જેટ્ટી ઉપર ઊતરીને હું કરું છું.’ લૉર્ડ ગ્લેનાર્વનનું મગજ અત્યારે ઝડપથી આગળની કાર્યવાહી માટેના આયોજનમાં કાર્યરત બની ગયું.

લેડી હેલીના અને મેજર નેબ્સને તેમના માલ્કમ કેસલના નિવાસે લઈ જવા માટે ઘોડાગાડીવાળાને સૂચના આપી. તેમને વિદાય કરીને ગ્લેનાર્વને તરત જ લંડન જતી ઍક્સપ્રેસ ટ્રેનમાં સ્થાન લીધું.

ગાડી ઊપડવાનો થોડો સમય બાકી હતો. એ સમયનો સદુપયોગ કરીને લંડનના સુપ્રસિદ્ધ સમાચારપત્રો ‘ધી ટાઇમ્સ’ તથા ‘મૉર્નિંગ ક્રોનિકલ’ના સ્થાનિક પ્રતિનિધિઓનો સંપર્ક કર્યો. બીજા દિવસની સવારની આવૃત્તિમાં પ્રગટ કરવા માટે મહત્ત્વના સમાચાર આપ્યા. સંદેશવ્યવહારના વીજળીક તારો ઝણઝણી ઊઠ્યા. એમણે લખાવેલા સમાચાર આ પ્રમાણે હતા:

‘ગ્લાસગો બંદરે નોંધાયેલા અને ગુમ થયેલા મનાતા બ્રિટાનિયા જહાજના કૅપ્ટન ગ્રાન્ટ અને તેના નાવિકોનાં સગાંસંબંધીઓને આપવા માટે નવી માહિતી મળી છે. એ માટે સંપર્ક કરો - લૉર્ડ ગ્લેનાર્વન, માલ્કમ કેસલ, લ્યુસ, ડમ્બરટન શાયર, સ્કોટલૅન્ડ.’

૩

કૅપ્ટન ગ્રાન્ટનાં સંતાનો

ગર્ભશ્રીમંત ઉમરાવ હોવા છતાં લૉર્ડ ગ્લેનાર્વનની સંપત્તિ કેવળ સારાં કામો માટે જ વપરાતી હતી.

ઉદારદિલ અને ઉમદા પ્રકૃતિના સજ્જન તરીકે એઓ સૌના આદરને પાત્ર હતા. ઇંગ્લૅન્ડના ઉત્તર છેડે આવેલા સ્કોટલૅન્ડ પ્રદેશનું તેઓ ગ્રેટ બિટનની પાર્લામેન્ટમાં પ્રતિનિધિત્વ કરતા હતા. દેશના દક્ષિણ ભાગ એવા ઇંગ્લૅન્ડના આધિપત્યવાદ સામે પોતાના પ્રદેશની સ્વાયત્તાનું તેઓ કુનેહપૂર્વક જતન કરતા હતા. જોકે દેશના મુખ્ય રાજકીય પક્ષો એ કારણે એનાથી દૂર રહેવાનું પસંદ કરતા હતા. પોતાના ઉમરાવકુળની પરંપરાઓ અને દેશના પોતાના એ ઉત્તરી પ્રદેશ માટેનો એમનો લગાવ અનન્ય હતો. છતાં સમગ્ર દેશ માટેની એમની ભક્તિ અને દેશપ્રેમ માટે કોઈ પણ સંદેહ કરી શકે તેમ ન હતું. ઉમરાવપણાના સંસ્કારો છતાં તેઓ પ્રગતિશીલ વિચારધારાના પુરસ્કર્તા હતા. સંકુચિત અને જરીપુરાણા સામંતશાહી ખ્યાલોના વાડામાંથી તેઓ શરૂથી જ બહાર નીકળી ગયા હતા.

ત્રણેક માસ પહેલાં જ એમના લગ્ન અન્ય ઉમરાવ કુટુંબની કુમારી હેલીના ટફ્નેલ સાથે થયાં હતાં. હેલીનાના પિતા વિલિયમ ટફ્નેલની છાપ એક નિત્યપ્રવાસી સાહસવીર તરીકેની હતી. દૂરસુદૂરના પ્રદેશો અંગે ત્યાં જઈ સંશોધન કરવામાં જ એમનો સમય વપરાતો હતો. એવા જ એક સાહસ દરમિયાન એમણે પોતાના જીવનની આહૂતિ આપી હતી. એમનું કુટુંબ કોઈ પ્રથમ દરજ્જાના રાજકુળ ગણાતું ન હતું. એવા કુટુંબની દીકરી કુમારી હેલીના સ્કોટલૅન્ડ પ્રદેશની એક સૌંદર્યસુંદરી ગણાતી. ગ્લેનાર્વન ગુણાનુરાગી હતા. પોતાની અભિરુચિઓને અનુરૂપ ગુણો અને પસંદગીઓ તેમને કુ. હેલીનામાં દેખાયાં હતાં. પરિણામે પોતાની જીવનસંગિની તરીકે એમણે હેલીનાને જ પસંદ કરી હતી.

સાહસિક પિતાના સાહસો અને પ્રવાસના શોખનો સીધો જ વારસો હેલીનાને મળ્યો હતો. લૉર્ડ ગ્લેનાર્વન માટે હેલીનામાં રહેલી એ બહુ જ મોટી લાયકાત હતી. સાહસભર્યા લાંબા પ્રવાસો માટે જરૂરી તમામ સુવિધાઓને ધ્યાનમાં રાખીને જ લૉર્ડ અને લેડી ગ્લેનાર્વને પોતાને માટેની આ વિહારનૌકાનું બાંધકામ કરાવ્યું હતું.

શાર્કના પેટમાંથી મળેલા સંદેશા પ્રમાણેની દુર્ઘટના અને કૅપ્ટન ગ્રાન્ટ સહિતના નાવિકોની સ્થિતિનું ચિત્ર ગ્લેનાર્વનના મનમાંથી ખસતું ન હતું.

હેલીનાને પોતાના નિવાસે મોકલીને એમણે લંડનની વાટ લીધી. હેલીનાને પણ એ નાવિકોની જ ચિંતા હતી. લંડનથી બીજા દિવસે આવેલા સંદેશાથી એને આશા બંધાઈ હતી કે

પતિનો પ્રયાસ સફળ રહ્યો હતો, પરંતુ ત્યાર બાદના સંદેશાથી તે ઉદાસ બની ગઈ. દેશબાંધવોને બચાવવાની બાબતમાં રૉયલ નૌકાદળે કાંઈ જ રસ બતાવ્યો ન હતો.

પતિના લંડન મિશનની નિષ્ફળતાથી હેલીના અસ્વસ્થ બની ગઈ હતી. નોકરચાકરોથી ઘેરાયેલી છતાં પોતાના એ ભવ્ય પ્રાસાદમાં તે એકલતા અનુભવવા લાગી. નિષ્ફળતાના છેલ્લા સમાચાર મળ્યા તે આખો દિવસ તેણે બેચેનીમાં જ વિતાવ્યો. છેક સાંજે પરિચારકે આવીને સમાચાર આપ્યા કે પંદરેક વરસની જણાતી એ કિશોરી અને તેની સાથે એક નાનો છોકરો લૉર્ડ ગ્લેનાર્વનને મળવા આવ્યાં હતાં. સેવકે એમને વિશે વધારાની માહિતી આપી કે તેઓ તેમના દૂર આવેલ ગામથી રેલગાડી મારફતે નજીકના બાલોચ (Balloch) સ્ટેશને ઊતર્યાં હતાં અને ત્યાંથી અહીં સુધી ચાલીને આવ્યાં હતાં.

માનસિક રીતે અસ્વસ્થ હોવા છતાં હેલીનાએ બંનેને અંદર લઈ આવવા સૂચના આપી. સૂચનાનો તરત જ અમલ થયો. બંને આગંતુકો થાકેલાં હતાં. ચહેરા પર ચિંતા છવાયેલી હતી. બંનેએ હેલીનાનું અભિવાદન કર્યું. તેમણે જણાવ્યું કે તેઓ લૉર્ડ ગ્લેનાર્વને સાથે વાતો કરવા આવ્યાં હતાં.

'શી બાબત છે? હું લૉર્ડ ગ્લેનાર્વનની પત્ની હેલીના છું. એમને કરવાની વાત તમે નિઃસંકોચ મને જણાવી શકો છો.'

શરૂઆતમાં વાતો કરવામાં ખચકાટ અનુભવતી કિશોરી તરત જ બોલી ઊઠી,

'આપ લૉર્ડ ગ્લેનાર્વનનાં પત્ની છો! મૅડમ! આપને મળીને ઘણો જ આનંદ થયો. 'બ્રિટાનિયા' નામનું જહાજ દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાના સમાચાર 'ટાઇમ્સ' અખબારમાં છપાયા છે. એ બાબતમાં બ્રિટાનિયા જહાજના નાવિકોના પરિવારોને જણાવવામાં આવ્યું છે કે તેમણે લૉર્ડ ગ્લેનાર્વનનો સંપર્ક સાધવો. એ અંગે વધુ જાણકારી મેળવવા અમે આવ્યાં છીએ.'

'ખરેખર?' 'બ્રિટાનિયા' જહાજની વાત સાંભળીને હેલીનામાં અજબની ચેતના આવી ગઈ, 'એ સમાચાર વાંચીને તમે બંને અહીં સુધી આવ્યાં છો? પરંતુ તમારે એ સમાચાર સાથે શું સંબંધ છે?'

'હા જી! અમારે સંબંધ છે. એ જહાજના કૅપ્ટન ગ્રાન્ટની હું દીકરી છું.' હેલીનાએ જે રીતે એ બાબતમાં રસ દર્શાવ્યો, તેનાથી ઉત્સાહિત થઈ એ કિશોરીએ પોતાની ઓળખ છતી કરી, 'મારું નામ મૅરી ગ્રાન્ટ છે અને આ મારો નાનોભાઈ રૉબર્ટ ગ્રાન્ટ છે.'

પતિ તરફના નિરાશાજનક સમાચાર સાંભળીને હતોત્સાહ બનેલી હેલીના માટે કૅપ્ટન ગ્રાન્ટનાં સંતાનોની હાજરી ચમત્કારિક પુરવાર થઈ.

"બ્રિટાનિયા' જહાજના કૅપ્ટનનાં તમે સંતાનો છો?'

'હા જી! એ જહાજ સાથે અમારા પિતા સફરે ગયા હતા. એ વાતને ઘણો લાંબો સમય વીતી ગયો છે. નિર્ધારિત સમય વીતી જવા છતાં એમના તરફ કોઈ સમાચાર મળ્યા નથી. અમને એની ભારે ચિંતા થઈ રહી હતી. તેમાં ગઈ કાલના ટાઇમ્સમાં જ એમને અંગેના સમાચારથી અમને થાય છે કે તેઓ તથા અન્ય નાવિકો હજી હયાત છે. એ માટે લૉર્ડ ગ્લેનાર્વનને મળવાનું અમને ખૂબ જ જરૂરી લાગ્યું છે. અમારા પિતાની ક્ષેમકુશળતાના સમાચાર જાણવા અમે આતુર છીએ.' પોતાના પિતા અંગેની થોડી માહિતીથી પણ અતિ ઉત્તેજિત બનેલાં બંને બાળકોને શાંત કરવા હેલીનાને ભારે પ્રયાસ કરવા પડ્યા, સ્થિતિની વાસ્તવિકતા સમજાવતાં તેણે ગંભીરભાવે કહેવા માંડ્યું.

‘જુઓ!’ હું જાણું છું કે તમારા પિતા બાબતમાં તમારી પાસે અનેક પ્રશ્નો છે. એના આધારહીન જવાબો આપી મારે તમને ખોટી આશા આપવી નથી. ગયા અઠવાડિયે શાર્કના શિકાર દરમિયાન તેના પેટમાં મળેલી કાચની બૉટલમાં તમારા પિતા તરફનો સંદેશો હતો. એમાંની માહિતી હજી પણ અધૂરી જ છે. તમારા પિતાની સફર અંગેના એવા નબળા સમાચાર પણ અત્યારની સ્થિતિમાં તપાસ આગળ ચલાવવા માટે ઉપયોગી બની શકે તેમ છે. હું તમને ખોટી આશા આપવા માગતી નથી, પરંતુ અમને લાગે છે કે તેઓ હજી જીવિત છે અને એક દિવસ તમે એમને જરૂરથી મળી શકશો.’

બંને ભાઈ-બહેનના આગ્રહને વશ થઈ લેડી હેલીનાએ શાર્કના શિકાર અને કૅપ્ટન ગ્રાન્ટના પત્રો અંગેની તમામ વિગતો એ બાળકોને જણાવી.

એવા અધૂરા સમાચાર અને તેમાંથી જન્મેલી ધૂંધળી આશાથી પણ મૅરી અને રૉબર્ટ ગદ્‌ગદીત બની ગયાં. હર્ષાવેશમાં આંસુભીની આંખે બંનેએ હલીનાના હાથ પકડી લીધા. એઓ પૈકીનો રૉબર્ટ વધુ કલ્પનાશીલ હતો. એની આંખો સમક્ષ સાગરી ઝંઝાવાતમાં સપડાયેલા ‘બ્રિટાનિયા’ જહાજની દુર્ઘટનાનું ચિત્ર જાણે ખડું થયું. કાંઠાના ખડકો સાથે અથડાઈને તૂટી ગયેલા એ કમનસીબ જહાજના નાવિકોનાં શાનભાન વિનાનાં અર્ધમૃત શરીરો ભીના ભીના કાળમીંઢ ખડકો ઉપર પડેલાં હોય તેવું દૃશ્ય એની નજર સામે તરી આવ્યું.

ભાવાવેશમાંથી બહાર આવી સ્વસ્થ બન્યા બાદ મૅરીએ પોતાના પિતાના હાથે લખાયેલા એ પત્રો બતાવવા હેલીનાને વિનંતી કરી.

‘એ પત્રો અત્યારે મારી પાસે નથી, પરંતુ એને આધારે બ્રિટિશ નૌકાદળની મદદ મેળવવાની આશાએ લૉર્ડ ગ્લેનાર્વન લંડન લઈ ગયા છે. વ્યવસ્થિત રીતે ગોઠવેલા એ ત્રણે પત્રોના ટુકડાઓને પણ પુરાવા તરીકે સાથે લઈ જવાનું એમને જરૂરી લાગ્યું હતું.’ સ્વસ્થતાથી હેલીનાએ જણાવ્યું.

‘શું અત્યારે એ પત્રો તમારી પાસે નથી? હમણાં અમે તેને જોઈ શકીશું નહીં?’ સ્વયં પિતા નહીં તો તેના હાથે લખાયેલા પત્રો જોવા ઉત્સુક મૅરીના ચહેરા પર નિરાશા છવાઈ ગઈ.

‘ધીરજ રાખ, મૅરી! થોડી જ રાહ જોવાની જરૂર છે. લૉર્ડ ગ્લેનાર્વન આવતી કાલે જરૂરથી અહીં આવી જશે. તે વખતે એ પત્રો તું જરૂરથી જોઈ શકશે.’ બંનેનાં માથાં ઉપર વહાલથી હાથ ફેરવતાં હેલીનાએ જણાવ્યું, ‘એ પત્રોમાં ઘટનાસ્થળની બધી જ માહિતી છે, એના અક્ષાંશનો નંબર પણ છે, પરંતુ તેના ઉપરનું ચોક્કસ સ્થળ નિશ્ચિત કરવા માટે જરૂરી એવાં રેખાંશની કોઈ માહિતી નથી. એના વિના સ્થળને જાણવાનું મુશ્કેલ છે.’

‘ચોક્કસ રેખાંશની માહિતી વિના પણ તપાસમાં આગળ વધી શકાય એવું હું માનું છું.’ રૉબર્ટ વધુ પડતો આશાવાદી જણાયો.

‘તારી એ વીરવાણી માટે મને આનંદ છે.’ રૉબર્ટની પીઠ થાબડતાં હેલીનાએ મૅરી તરફ જોયું અને બોલી.

‘તારા પિતા અંગે હું જેટલું જાણું છું તેટલું જ હવે તમે બંને પણ જાણો છો. એમની શોધ કરવામાં આગળ શું થઈ શકે તે તો લૉર્ડ ગ્લેનાર્વન પરત આવે ત્યારે જ નક્કી થઈ શકશે. એમની બાબતમાં જે કાંઈ થઈ શકશે તે બધું જ અમે કરીશું, એ બાબતમાં તમે નિશ્ચિત રહેશો.’

સાવ અજાણ્યા એવા આ ઉમરાવ દંપતીની પોતાના કુટુંબ માટેની આવી ભદ્રભાવનાથી આભારવશ બનેલી મૅરી આર્દ્રભાવે બોલી.

‘અમે તો સાવ અકિંચન છીએ. અમારા માટે તમે બતાવેલી સહાનુભૂતિ તથા મદદ માટેની ભાવના માટે કયા શબ્દોમાં તમારો આભાર માનવો તેની સમજ પડતી નથી. તમારું ઋણ અમે કેવી રીતે ચૂકતે કરી શકીશું?’

આ નિરાધાર બાળકોની નિખાલસ વાતોથી હેલીનાનું હૃદય પણ હાલી ઊઠ્યું. મૅરીના હાથ પકડી તેને આશ્વાસન આપતાં જણાવ્યું, ‘તમારે એવું કંઈ જ વિચારવાનું નથી. અમે માત્ર અમારી ફરજ નિભાવી રહ્યાં છીએ. આ પ્રકારની સ્થિતિમાં અમારે બદલે અન્ય કોઈ પણ વ્યક્તિએ એ ફરજ બજાવી હોત.’

સાંજનો સમય હતો. મૅરી અને રૉબર્ટ ઘણી લાંબી મુસાફરી કરીને અહીં આવ્યાં હતાં. લૉર્ડ ગ્લેનાર્વન તો બીજા દિવસે આવવાના હતા. આ બંને બાળકોના રાત્રીરોકાણ માટેની વ્યવસ્થા હેલીનાએ મનોમન વિચારી લીધી હતી. ‘જુઓ! મારા પતિ આવતી કાલે અહીં આવે ત્યારે તમે બંને અહીં જ હોય તે તેમને જરૂર ગમશે. અમારા મહેમાન તરીકે તમારે બંનેએ અહીં અમારી સાથે જ રહેવાનું છે.’

‘ના મૅડમ, ના!’ હેલીનાનો ઉદાર પ્રસ્તાવ સાંભળી સમજદાર મૅરી તરત જ બોલી ઊઠી. ‘તમારા તરફની ઉદારતાનો અમે દુરુપયોગ કરી શકીએ નહીં. તમારે માથે વધારાનો બોજ નાખવાનું મને ગમતું નથી. આપને માટે આમ પણ અમે સાવ અજાણ્યાં જ છીએ.’

‘બસ કર, મૅરી.’ મૃદુભાષી હેલીનાએ મૅરીના મોં પર આંગળી મૂકી. આર્દ્રભાવ સાથે બોલ્યાં, ‘કૅપ્ટન ગ્રાન્ટનાં સંતાનો હવે અમારે માટે કોઈ રીતે અજાણ્યા રહ્યાં નથી. તમારે અહીં જ રહેવાનું છે અને મારા પતિ અહીં આવે ત્યારે હું વિનંતી કરીશ કે કૅપ્ટન ગ્રાન્ટની શોધ માટે જે કંઈ જરૂરી હોય તે બધું જ કરો.’

થોડી આનાકાની છતાં હેલીનાના આગ્રહને તેમણે વશ થવું પડ્યું. મૅરી અને રૉબર્ટ ગ્રાન્ટ હેલીનાના માલ્કમ કેસલના ભવ્ય પ્રાસાદમાં જ મહેમાન તરીકે રોકાઈ ગયા.

૪

એક ઉમદા નિર્ણય

લૉર્ડ ગ્લેનાર્વન તરફથી એક પછી એક આવેલા સંદેશાથી હેલીનાને ખાતરી થઈ ગઈ હતી કે તેનું લંડન મિશન નિષ્ફળ ગયું હતું. બ્રિટનની સરકાર તથા નૌકાદળ તરફથી એ બાબતમાં કોઈ પણ પ્રકારની મદદ માટેની શક્યતા ઉપર પૂર્ણવિરામ મુકાયું હતું. આ બાજુ 'બ્રિટાનિયા' જહાજ દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ એના બચેલા નાવિકો જો સ્થાનિક ઇન્ડિયનોના હાથમાં કેદી તરીકે પકડાયા હોય તો તેમની શી સ્થિતિ થઈ હશે તેની પણ કોઈ જાણકારી ન હતી.

હેલીના આ બંને વાસ્તવિકતા જાણતી હતી, પરંતુ મૅરી અને રૉબર્ટ સમક્ષ એ હકીકત ખુલ્લી કરવાથી તેઓની ચિંતામાં વધારો જ થવાનો હતો. એ હકીકતથી તેઓ માહિતગાર થાય તેનાથી પરિસ્થિતિમાં કોઈ જ ફરક પડવાનો ન હતો. તેણે સમજદારીપૂર્વક જ એ અંગે સ્પષ્ટતા કરવાનું ટાળ્યું. તેને બદલે કૅપ્ટન ગ્રાન્ટના કુટુંબની વર્તમાન અને ભૂતકાળની સ્થિતિ અંગેના પ્રશ્નો પૂછીને એ કુટુંબની મુશ્કેલીની હકીકતો મૅરી પાસેથી જાણી લીધી.

એ હકીકતો પણ દુ:ખદ હતી. કૅપ્ટન હેરી ગ્રાન્ટ સ્કોટલૅન્ડના પથશાયર પરગણાના દન્ડી નગરમાં રહેતો હતો. તે એક બહાદુર અને સાહસિક નાવિક હતો. અવારનવાર તે લાંબી સફરે જતો હતો, પરંતુ રૉબર્ટના જન્મ વખતે જ પત્નીનું અવસાન થયું હતું. મોટી દીકરી મૅરી અને નાના રૉબર્ટને પોતાની એક વયસ્ક પિતરાઈ બહેન પાસે મૂકીને તેણે દૂરદેશાવરની સાગરયાત્રાઓ ચાલુ જ રાખી હતી. એમાંથી તેને સારી કમાણી પણ થતી હતી.

સ્કોટલૅન્ડનો પ્રદેશ ઇંગ્લૅન્ડનો અવિભાજ્ય હિસ્સો હતો, છતાં લંડનસ્થિત એંગ્લોસેક્શન રાજાશાહી માટે એ પ્રદેશ પણ અમેરિકા, ઑસ્ટ્રેલિયા કે ઇન્ડિયા જેવું એક વધારાનું સંસ્થાન જ હતું, એ માટે હંમેશાં જ ઓરમાયું વર્તન રાખવામાં આવતું. એ પ્રદેશ અને તેની પ્રજા માટે રાજ્ય તરફથી ભારોભાર અન્યાય કરવામાં આવતો હતો. પ્રજામાં એ માટે અસંતોષ અને રોષ હતાં, પરંતુ કઠોર રાજાશાહી સામે પ્રજા લાચાર હતી. એમાંથી મુક્તિ મેળવવા માટેનો એક વિકલ્પ પ્રજાને દેખાતો હતો. યુરોપની અન્ય સ્વતંત્રતાકાંક્ષી પ્રજાઓની જેમ દરિયાપારના કોઈ પ્રદેશમાં ન્યૂ સ્કોટલૅન્ડના નામનું એક સંસ્થાન ઊભું કરવાનો વિચાર વહેતો થયો હતો. કૅપ્ટન હેરી ગ્રાન્ટે પણ ઇંગ્લૅન્ડની બહારના સ્વતંત્ર સ્કોટલૅન્ડનું સ્વપ્નું સેવ્યું હતું. પ્રશાંત સાગરના કોઈ પછાત ટાપુ કે કોઈ મોટા ખંડના પછાત ભૂભાગ ઉપર શરૂમાં યુનિયન જેકના નેજા હેઠળ સ્કોટિશ સંસ્થાનની સ્થાપના કરવી અને ત્યાર બાદ યુ.એસ.એ.ની જેમ સંઘર્ષ કરીને તેની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો વિચાર પણ એમાં અભિપ્રેત હતો.

યુ.એસ.એ.નું ઉદાહરણ લઈ એવું દરિયાપારનું સ્કોટલૅન્ડ પણ જો સ્વતંત્ર થાય તો એની

પાછળ ઑસ્ટ્રેલિયા કે ઇન્ડિયા જેવાં સંસ્થાનો પણ એને ચાળે ચઢી જાય એવી શક્યતા બ્રિટિશ તાજને દેખાતી હતી. અમેરિકાની બાબતમાં દાઝેલી રાજાશાહી એવા કોઈ પણ સાહસને માન્ય રાખે એવી શક્યતા ન હતી. આ સાહસ પાછળના ઉદ્દેશની ગંધ આવી જતાં સરકાર તરફથી કૅપ્ટન ગ્રાન્ટની સફર આડે અનેક નિયંત્રણો લદાયાં હતાં. કૅપ્ટન ગ્રાન્ટને બદલે અન્ય કોઈ સામાન્ય માણસે શાસનની આ પ્રકારની વિરોધી રીતિનીતિથી ત્રાસીને એવો વિચાર જ છોડી દીધો હોત, પરંતુ હેરી ગ્રાન્ટ જુદી જ માટીનો બનેલો હતો.

પોતાનો એ ઉદ્દેશ પાર પાડવાના હેતુથી હેરીએ પોતાની તમામ સંપત્તિ તથા પોતાનું ભવિષ્ય હોડમાં મૂક્યાં. એ માટે એણે ખાસ જહાજ તૈયાર કરાવ્યું. પોતાના મિશનમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય તેવા સ્કોટીશ નાવિકોનું એક જૂથ તેણે તૈયાર કર્યું. પ્રશાંત મહાસાગરના કોઈ એવા પ્રદેશની શોધ કરવી કે જેના ઉપર ન્યુ સ્કોટલૅન્ડ નામનું સલામત સ્વર્ગ રચી શકાય એવી તેની મહત્ત્વાકાંક્ષા હતી.

પોતાના ધ્યેયની સિદ્ધિ માટે ૧૮૬૧ના વર્ષમાં મૅરી અને રૉબર્ટને પોતાની વયસ્ક બહેનને ભરોસે છોડીને, ચુનંદા અને વિશ્વાસુ સાથીઓને લઈને તેણે પશ્ચિમ તરફથી સફર શરૂ કરી હતી. શરૂના એકાદ વર્ષ સુધી એટલે કે ૧૮૬૨ના મે માસ સુધી એનાં બાળકોને અન્ય જહાજીઓ મારફતે તેના સંદેશાઓ અવારનવાર મળતા રહ્યા હતા. છેલ્લે દક્ષિણ અમેરિકાવાળા પશ્ચિમ કાંઠાના પેરુ દેશના કલાઓ (Callao) બંદરેથી રવાના કરેલો એમનો પત્ર પણ આ સંતાનોને મળ્યો હતો. ત્યાર બાદ લાંબો સમય વીતવા છતાં એના તરફના કોઈ જ સમાચાર આવ્યા ન હતા. દરિયામાં સફર ખેડતાં જહાજોના સ્થાન અંગે સતત મળતી રહેતી છેલ્લામાં છેલ્લી માહિતી લંડનસ્થિત શિપિંગ ગેઝેટમાં બહાર પાડવામાં આવતી. કલાઓ બંદરેથી 'બ્રિટાનિયા' જહાજ ઊપડ્યાની માહિતી એમાં હતી, પરંતુ ત્યાર બાદના કોઈ સમાચારની નોંધ તેમાં થઈ ન હતી.

એ દરમિયાન અહીં દન્ડીમાં રહેતી કૅપ્ટન ગ્રાન્ટની બહેનનું અવસાન થયું હતું. માત્ર એને જ આધારે રહેલાં બંને બાળકો સાવ નિરાધાર બની ગયાં. મૅરીની ઉંમર માત્ર ૧૪ વર્ષની જ હતી. સાથમાં એકમાત્ર નાનોભાઈ રૉબર્ટ હતો. લાંબી સફરે ગયેલા પિતાના કોઈ સમાચાર ન હતા, છતાં મૅરીએ હિંમતથી એ સ્થિતિનો સામનો કર્યો. નાના ભાઈને ભણાવી-ગણાવીને મોટો કરવાનું એકમાત્ર મિશન એણે નજર સામે રાખ્યું હતું.

પિતાની હયાતિ સંબંધમાં પ્રવર્તતી અનિશ્ચિતતા મૅરીને અકળાવનારી હતી. પિતાએ તો પોતાની બધી જ બચત નવા સાહસમાં હોમી દીધી હતી. ફોઈબાની વિદાય બાદ તેને આર્થિક સંકડામણ રહેતી હતી. ભરી દુનિયામાં મૅરી અને રૉબર્ટ એકલતા અનુભવતાં હતાં. મુશ્કેલી છતાં એકબીજાને સહારે તેઓ જીવ્યે જતાં હતાં.

એવી નિરાશાજનક સ્થિતિમાં લંડન ટાઇમ્સમાં એના પિતા અંગેના સમાચાર એના જાણવામાં આવ્યા. એ સમાચારે એના મનમાં પિતા હજી હયાત હતા એવી આશા જન્મી. બહુ જ લાંબી પ્રતીક્ષા બાદ પિતાના સમાચાર મળ્યા હતા. એ બાબતમાં તે વધુ ધીરજ રાખી શકે તેમ ન હતું. લૉર્ડ ગ્લેનાર્વન નામના ઉમરાવ પાસે પિતા સંબંધી કોઈ અપ્રિય માહિતી હોય તો તે પણ જાણવા તે આતુર હતી. મળી શકતી પ્રથમ રેલગાડીમાં લાંબી મજલ ખેડી બંને લૉર્ડ ગ્લેનાર્વનના માલ્કમ કેસલમાં આવ્યાં હતાં.

આંસુભીની આંખે માત્ર ૧૪ વર્ષની મૅરીએ પોતાની વિતકકથા લેડી હેલીના સમક્ષ રજૂ

કરી. નાના રૉબર્ટે પણ એમાંની કેટલીક હકીકતો પહેલી જ વાર જાણી હતી. નાની ઉંમરની હોવા છતાં મોટીબહેન મૅરી એને માટે જે કરી રહી હતી તે સાંભળી રૉબર્ટ ભાવાવેશમાં આવી ગયો. ગદ્‌ગદિત બનીને પોતાની બહેનને ભેટી પડ્યો. માંડ માંડ બોલી શક્યો, 'ઓ મારી નાનકડી માવડી, મોટીબહેન, તું મારા માટે કેટકેટલું કરી રહી છે?' વારંવાર એ શબ્દોને તે વાગોળતો રહ્યો અને સાથે હીબકાં ભરતો રહ્યો.

લાંબી મુસાફરીથી થાકેલાં બંને બાળકોને મહેમાનો માટેના ખાસ રૂમમાં મોકલીને હેલીનાએ મેજર નેબ્સને બોલાવ્યા. કૅપ્ટન ગ્રાન્ટનાં સંતાનો અંગેની તમામ હકીકતો તેને જણાવી. ગ્રાન્ટના કુટુંબની કરુણ કથની સાંભળી નેબ્સ પણ હાલી ઊઠ્યા. તેણે જણાવ્યું કે, 'કૅપ્ટન ગ્રાન્ટ અને તેના કુટુંબની મદદમાં આખા દેશે પ્રવૃત્ત થવું જોઈએ. રૉયલ નૌકાદળના ઉમરાવો એની અવગણના કરી શકે નહીં, સિવાય કે એમનાં હૃદય પૉર્ટલૅન્ડના પાષાણોથી પણ અધિક સખત હોય.'

હેલીના એ રાત્રે ઊંઘી શકી નહીં. પતિના મિશનની સફળતા સંબંધમાં એ ભારે ચિંતાતુર હતી. પિતાની પુનઃપ્રાપ્તિની આશા સાથે મૅરી અને રૉબર્ટ તો ઊંઘી ગયાં. તેઓ જાગ્યાં ત્યારે સવાર થઈ ચૂકી હતી.

માલ્કમ કેસલના વિશાળ પ્રાંગણમાં કુતૂહલવશ બનીને તેઓ બંને દોડાદોડી કરતાં હતાં, ત્યારે નજીક આવી રહેલા સિગરામનો અવાજ તેમણે સાંભળ્યો. હેલીના અને નેબ્સ પણ એ અવાજ સાંભળીને બહાર દોડી આવ્યાં. લૉર્ડ ગ્લેનાર્વનની પધરામણી થઈ ચૂકી હતી.

હેલીનાએ પતિને ઉમળકાભેર આવકાર આપ્યો, પરંતુ હતોત્સાહ જણાતા પતિનો પ્રતિભાવ સાવ ઠંડો હતો. એના મોં ઉપર નિરાશા છવાયેલી હતી.

સ્વસ્થતા મેળવી ગ્લેનાર્વને પત્નીને તથા મેજર નેબ્સને પોતાના નિષ્ફળ મિશનની વાતો જણાવી. ખિન્ન થઈને તેઓ બોલ્યા, 'મને અફસોસ છે કે નૌકાદળના માંધાતાઓએ મારી રજૂઆતમાં કોઈ જ રસ બતાવ્યો નહીં. કૅપ્ટન ગ્રાન્ટના પત્રો જોઈને તેમણે જણાવ્યું કે કાગળના એવા અસ્પષ્ટ અને નષ્ટપ્રાય ટુકડાઓને આધારે લાખો પાઉન્ડનું આંધણ કરી શકાય નહીં. અગાઉના એવા જ એક સાહસિક નાવિક ફ્રેન્કલીનનો તેમણે મને હવાલો આપ્યો અને જણાવ્યું કે લાંબી શોધને અંતે પણ એમાંથી કાંઈ જ પરિણામ નીકળ્યું ન હતું. વળી એમનું માનવું હતું કે એ પત્ર લખાયાને પણ લગભગ બે વર્ષનો સમય થઈ ગયો હતો. પત્ર પ્રમાણે ખરેખર જો તેઓ સ્થાનિક આદિવાસીઓના કેદી બન્યા હોય તો પણ આજ દિન સુધી તેઓ જીવતા હોવાની શક્યતા નહીંવત હતી. દક્ષિણ અમેરિકાનો પેટાગોનિયા પ્રદેશ વિશાળ છે. ગાઢાં જંગલોથી છવાયેલો અને ડુંગરાળ છે. એમાં આ ત્રણ માણસોને શોધવાનું કામ અશક્ય અને પ્રમાણ બહારનું જોખમી લાગ્યું છે. એમણે આપણા આ ત્રણ સ્કૉટલૅન્ડવાસીઓને તેમના નસીબ ઉપર જ છોડી દેવાનું નક્કી કર્યું છે.'

'પરંતુ મારું માનવું છે કે એમને પક્ષે સાચું કારણ કાંઈક જુદું જ છે.' કૅપ્ટન ગ્રાન્ટનું એ અભિયાન ઇંગ્લૅન્ડ બહારના નવા સ્કોટલૅન્ડ પ્રદેશની સ્થાપનાનું હોવાની તેઓને શંકા છે. મધ્યપેસિફિકનું એવું સ્કોટીશ સંસ્થાન એક દિવસ અમેરિકાને પગલે સ્વતંત્ર બનવા ઇંગ્લૅન્ડ સામે જ હથિયાર ઉઠાવશે એવી તેમને બીક હોય તેમ લાગે છે.

સ્કોટીશ સાહસવીરો પ્રત્યે ઇંગ્લૅન્ડની સરકારની આવી ઉદાસીનતાની દાસ્તાન સાંભળી બાજુમાં જ ઊભેલાં રૉબર્ટ અને મૅરી ચિત્કાર કરી ઊઠ્યાં. એના પ્રત્યે ગ્લેનાર્વનનું ધ્યાન ગયું.

અજાણ્યાં બાળકોની અહીંની હાજરીથી તેમને આશ્ચર્ય થયું. પરંતુ હેલીનાએ પતિને તેનો પરિચય કરાવ્યો, સાથે અફસોસ પણ વ્યક્ત કર્યો કે, 'દેશના શક્તિશાળી નૌકાદળે કૅપ્ટન ગ્રાન્ટના આ બંને સંતાનોને અનાથ બનાવી દીધાં છે."

બેઠકખંડમાં ઘડીભર સ્તબ્ધતા વ્યાપી. સ્કોટલૅન્ડના રહીશો પ્રત્યે ઇંગ્લૅન્ડના શાસકોના એવા કઠોર અને અન્યાયી વર્તાવ પ્રત્યે ત્યાં હાજર સૌએ સખત નારાજી વ્યસ્ત કરી.

નાનકડા રૉબર્ટે એવા સ્થગિત વાતાવરણમાં નવી હિંમત બતાવી. તે બોલ્યો, 'લંડન જઈને નૌકાદળના એ ઉપરી સમક્ષ હું મારા પિતાની શોધ માટે મદદ આપવા રજૂઆત કરીશ. તેઓ જરૂર મદદ કરશે.'

પોતાના પિતાની જ વાત હતી એટલે મૅરી પણ વાચાળ બની. તે કહે, 'ના ભઈ ના! તું એકલો શું કામ? આપણે બેય સાથે જઈશું. એ પહેલાં ઉદાર દિલના આ ઉમરાવ લૉર્ડ અને લેડી ગ્લેનાર્વનનો આભાર માની લઈએ. એમને કારણે જ આપણે આપણા પિતા માટે આટલું પણ જાણી શક્યાં છીએ. પિતાની શોધ હવે આપણે જ કરવાની છે. એ માટે લંડન જઈને મહારાણી સમક્ષ ખોળો પાથરીને આપણા પિતાના જીવનની ભીખ માગીશું.'

કૅપ્ટન ગ્રાન્ટના આ બાળકોમાં મહારાણી પ્રત્યેની ભક્તિ અને તેની મદદ અંગે શ્રદ્ધા હોવા છતાં ગ્લેનાર્વનને ગળા સુધીની ખાતરી હતી કે લંડનની ઊંચી મહેલાતોમાં રહેતી સામાન્ની સુધી બાળકો પહોંચી શકવાનાં ન હતાં. તેના તરફની મદદની વાત તો ત્યાર પછી આવવાની હતી. પહેલાં તો એ આવાસોમાં પ્રવેશ મેળવવાનું જ અશક્ય હતું. ગ્લેનાર્વનને એક ઉદાહરણ યાદ આવી ગયું કે મોટા ભાગનાં દરિયાઈ વહાણોમાં એના સુકાની જ્યાં કાર્યરત હોય છે, ત્યાં મુસાફરોના ધ્યાનમાં આવે તે રીતે એક વાક્ય લખેલું હોય છે, 'મુસાફરોને વિનંતી કરવાની કે તેમણે સુકાની સાથે વાતો કરવી નહીં.' એ જ મુદ્રાલેખ સામ્રાજ્યની મહારાણીની બાબતમાં પણ લાગુ પડી શકે તેમ હતું. આમ પ્રજાજનો સામ્રાજ્યના સુકાની સાથે વાત કરી શકશે નહીં, એવું એ સૂચન ગણી શકાય.

હેલીનાને લાગ્યું કે મૅરી અને રૉબર્ટ સામ્રાજ્યની મહારાણીને મળવાની નિરર્થક પ્રવૃત્તિમાં પડી જશે, તો એમની મહેનત નકામી જવાની હતી. પરિણામે એમને વધારે નાસીપાસ થવું પડે તેમ હતું. એ કાંઈક પ્રતિભાવ આપે તે પહેલાં મૅરીએ પોતાના ભાઈનો હાથ પકડ્યો અને ખંડની બહાર નીકળવા માટે ચાલવા માંડ્યું. એમને જતાં જોઈને હેલીનાએ ઝડપથી મનોમન કાંઈક વિચાર કરી લીધો. બંનેને પરત બોલાવ્યાં,

'મૅરી! રૉબર્ટ! સાંભળો છો તમે? ઊભાં રહો. તમને બંનેને પણ અમે અમારાં સંતાનો જ ગણીએ છીએ. મારી વાત સાંભળી લો.'

હેલીનાનો એવો લાગણીસભર અવાજ સાંભળી બંને ઊભાં રહી ગયાં. નજીકમાં જ શાંત છતાં ગંભીર મુદ્રા સાથે ઊભેલા પોતાના પતિ લૉર્ડ ગ્લેનાર્વન પાસે જઈને હેલીના ધીમા અવાજે બોલી,

'પોતાનું જહાજ ડૂબ્યું તે પહેલાં કૅપ્ટન ગ્રાન્ટે છેક દક્ષિણ અમેરિકાના પશ્ચિમકાંઠાના પેટાગોનિયા પ્રદેશના દરિયાકાંઠેથી મદદ માટેનો સંદેશો પાણીમાં વહેતો કર્યો હતો. એ રીતે તેણે પોતાની જાતને અને ભાવિને ભગવાનને ભરોસે છોડ્યાં હતાં. સંજોગોવશાત્ એ સંદેશો શાર્કના પેટમાં સવાર થઈને આપણી સામે આવ્યો છે. એમાં પણ મને તો કોઈ ઈશ્વરી સંકેત દેખાય છે. આપણને નિમિત્ત બનાવીને એણે શાર્કના માધ્યમ દ્વારા એ સંદેશો આપણા હાથમાં મૂક્યો છે.

ઈશ્વરની એવી મરજીનો શું આપણે અનાદર કરીશું?'

'હેલીના! તમે શું કહેવા માગો છો તે મારી સમજમાં આવતું નથી.' પત્નીની રજૂઆત પાછળનો ઉપદેશ સમજવામાં ગ્લેનાર્વનને તકલીફ પડી.

'હું એ કહેવા માગું છું કે આ દુનિયામાં અગણિત માણસો છે. તેમાંથી આ કામ માટે ઈશ્વરે આપણી જ પસંદગી કરી હોય તેમ મને લાગે છે. એ રીતે આપણે ભાગ્યશાળી છીએ. આપણાં લગ્નના શરૂના દિવસોમાં મારા આનંદ ખાતર જ આપણી આ વૈભવી નૌકામાં આનંદયાત્રા કરવાનું તમે વિચારતા હતા. તેને બદલે કૅપ્ટન ગ્રાન્ટ તથા તેમની સાથેના નાવિકોની મદદે જવાનું પણ આપણે વિચારી શકીએ. આપણા લગ્નજીવનની મંગલ શરૂઆત આ પ્રકારના ઉમદા કામથી થઈ શકે તેવી સ્થિતિ આપણા માટે જીવનભરનું સુખદ સંભારણું બની રહેશે એમ મને લાગે છે.'

'વાહ હેલીના, વાહ!' પત્ની તરફની એકધારી હૃદયસ્પર્શી વાણીથી પ્રભાવિત થઈને ગ્લેનાર્વને તેની પીઠ થાબડી.

'મારા વિચારને વધાવી લેવા માટે તમારો ખૂબ ખૂબ આભાર માનું છું. ખાસ તો એ કારણે કે એ અંગે આપણી સ્થિતિ પૂરેપૂરી સાનુકૂળ છે. આપણી આ નૌકા વૈભવી જરૂર છે, પણ નાજુક નથી. નવીનકોર નૌકા 'ડંકન' મહાસાગરોની વિષમ સ્થિતિને ઝીલી શકે એટલી મજબૂત છે. જરૂર પડે આપણે તેમાં આખી પૃથ્વીની પ્રદક્ષિણા પણ કરી શકીએ તેમ છીએ.'

પતિના સાનુકૂળ પ્રતિભાવથી ઉત્સાહી બનેલી હેલીનાએ પોતાના પતિને આશ્લેષમાં લઈ પ્રગાઢ આલિંગન આપ્યું. પોતાની સગી જનેતા હોય તે રીતે મૅરી અને રૉબર્ટ પણ ભાવાવેશમાં આવીને સાવ સાહજિક રીતે હેલીનાને વળગી પડ્યાં. ત્યાં હાજર પરિચારક સમુદાય પણ માલિક દંપતીના એ ઉદાર પ્રસ્તાવથી પ્રભાવિત થઈ ગયો. એકીસાથે બધાંએ આનંદના પોકારો પાડ્યા.

'લેડી ઑફ લસ ઘણું જીવો, ઘણી ખમ્મા લૉર્ડ અને લેડી ગ્લેનાર્વનને. એમના આ સાહસિક નિર્ણય માટે વધાઈ છે, વધાઈ છે, વધાઈ છે.'

૫

પ્રસ્થાન

લંડનસ્થિત તાજની સરકારે તથા બ્રિટનના શક્તિશાળી શાહી નૌકાદળે મદદ આપવા ઇનકાર કર્યો. તેને કારણે ગ્લેનાર્વનદંપતી તથા કૅપ્ટન ગ્રાન્ટનાં બાળકોના મનમાં ક્ષણભર તો નિરાશા છવાઈ હતી, પરંતુ હેલીનાના હિંમતભર્યા નિર્ણયથી સ્થિતિ બદલાઈ ગઈ. લૉર્ડ ગ્લેનાર્વન પણ પોતાની પત્ની માટે ગર્વ અનુભવવા લાગ્યા.

કૅપ્ટન ગ્રાન્ટ ને તેના સાથીઓની શોધ માટે જાતે જ નીકળવાનું નક્કી કર્યા બાદ ગ્લેનાર્વન માટે તેમાં વિલંબ કરવા માટેનું કોઈ જ કારણ ન હતું. હેલીનાની રજૂઆત સાચી જ હતી. નવી બંધાયેલી 'ડંકન' નૌકા એવી લાંબી સફર માટે પૂરેપૂરી રીતે સુસજ્જ અને સક્ષમ હતી. વહેલીતકે ગ્લાસગો બંદરે પહોંચી જવા જ્હૉન મેંગલ્સને ટેલિગ્રામથી આદેશ મોકલવામાં આવ્યો. દક્ષિણ ગોળાર્ધની અને સંભવતઃ પૃથ્વીની પ્રદક્ષિણા માટે પાકી તૈયારી કરવા પણ સૂચના આપવામાં આવી.

બસો દસ ટનની ક્ષમતા ધરાવતી ડંકન એ સમયની સૌથી મોટી વિહારનૌકાઓ પૈકીની એક હતી. વરાળની શક્તિથી એ ચાલતી હતી. એ ઉપરાંત ત્રણ કૂવાસ્તંભો સહિતની સઢની સમાંતર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. એની શક્તિ અને ક્ષમતાની સરખામણી કરવા ઉદાહરણ આપી શકાય કે ક્રિસ્ટોફર કોલંબસની પ્રથમ અમેરિકાયાત્રા દરમિયાન એના કાફલાનાં ત્રણ જહાજો પૈકીના સૌથી મોટા જહાજની ક્ષમતા માત્ર ૭૦ ટનની હતી. એ જહાજો સંપૂર્ણ રીતે પવનની શક્તિ ઉપર આધારિત હતાં.

એવાં ધીમી ગતિનાં જહાજો સાથે વિહારનૌકા ડંકનની સરખામણી થઈ શકે જ નહીં. ચાલકબળ તરીકે ડંકન ઉપરની વૈકલ્પિક વ્યવસ્થા એ સમયનો નવો જ વિચાર હતો. પવન હળવો કે શાંત હોય, ત્યારે એનું ૧૬૦ હૉર્સ પાવરનું એન્જિન પૂરી ક્ષમતાથી એને આગળ ધકેલી શકે તેમ હતું અને પવન જોરદાર હોય ત્યારે સઢ ખુલ્લા કરીને ગતિ મેળવી શકાતી હતી. એને કારણે બળતણની સારી એવી બચત થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

કૅપ્ટન મેંગલ્સે આવતાંની સાથે જ લાંબી યાત્રાની તૈયારી શરૂ કરી દીધી. નૌકાના બાહ્ય માળખાની ક્ષમતાનો તો કોઈ પ્રશ્ન જ ન હતો. મુખ્ય કામ લાંબી સફર માટે બળતણ ઉપરાંત ખોરાક અને પાણીનો જરૂરી પુરવઠો લેવાનું હતું. તેમાં પણ વધુ મહત્ત્વ બળતણ માટેના કોલસાનું હતું. ડંકનનાં એ માટેનાં ખાસ ભંડકિયાં ભરવા ઉપરાંત પણ મળી શકતી વધારાની ખાલી જગ્યા એ માટે જ અનામત રાખવામાં આવી. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની યાદી પણ ઘણી લાંબી થઈ.

મધદરિયાની સફર અને અજ્ઞાત પ્રદેશો ખૂંદવાના હોય ત્યારે સ્વરક્ષણ માટેના હથિયારો લેવા માટે પણ ખાસ કાળજી રાખવાની જરૂર હતી. ચાર માઈલ સુધી ગોળા ફેંકી શકે તેવી તોપ મેળવીને તેને નૌકા ઉપર વ્યૂહાત્મક સ્થાને ગોઠવવામાં આવી. એ ઉપરાંત જરૂરી માત્રામાં નાના હથિયારો તથા દારૂગોળો પણ લેવામાં આવ્યા.

માત્ર પાંત્રીસ વર્ષના નવયુવાન કૅપ્ટન મેંગલ્સનો ઉછેર અહીં માલ્કમ કેસલમાં જ થયો હતો. નાનપણથી જ સાગરી સફર માટે એને લગાવ હતો. એને અનુરૂપ શિક્ષણ અને અનુભવ મળવાને કારણે એ એક કુશળ નાવિક અને કૅપ્ટન બન્યો હતો. દૂરસુદૂરની લાંબી કે ટૂંકી સફરોનું એણે આયોજન કર્યું હતું અને સફળતાપૂર્વક તે પાર પાડી હતી. એની એવી કાબેલિયતથી પ્રભાવિત થઈને જ લૉર્ડ ગ્લેનાર્વને 'ડંકન'નું સુકાન એના હાથમાં સોંપ્યું હતું. પુરવઠાની ખરીદી અને તમામ કક્ષાના કર્મચારીઓની પસંદગી માટેની પૂરેપૂરી સત્તા અને ભંડોળ એને આપવામાં આવ્યું.

કૅપ્ટન પછીના પ્રથમ મદદનીશ તરીકે ટોમ ઓસ્ટીનની નિયુક્તિ થઈ. એ સાથે નાના-મોટા હોદ્દાઓ તથા જુદી જુદી કામગીરી સંભાળી શકે તેવા પચીસ અન્ય માણસોની પણ ભરતી કરવામાં આવી. એઓ બધા જ ડોમ્બરટન-શાયરના હતા. જહાજી કામગીરીનો દરેકને લાંબો અનુભવ હતો. તમામ પ્રકારનાં શસ્ત્રો ચલાવવાની એમણે તાલીમ પણ લીધી હતી. સ્કોટલૅન્ડની ચાલી આવેલી પરંપરા અને શોખને અનુરૂપ એ સૌએ બેગપાઈ તરીકે ઓળખાતું મરઘાવાજું પણ પોતાની સાથે જ લીધું.

તમામ પ્રકારનો પુરવઠો લેવા ઉપરાંત માલિકના કુટુંબીજનો માટેની કૅબિનો તૈયાર કરવાની જવાબદારી પણ કૅપ્ટનને શિરે હતી. મૅરીની આગ્રહભરી વિનંતીથી એ ભાઈ-બહેનને પણ એમના પિતાની શોધ માટેના આ અભિયાનમાં સાથે જોડાવા લૉર્ડ ગ્લેનાર્વને સંમતિ આપી. દરિયાઈ સફરની તાલીમ લઈ શકે તે માટે કોઈ પણ પ્રકારની જહાજી કામગીરી કરવાનો રૉબર્ટે ખાસ આગ્રહ રાખ્યો હતો. આખરે કૅપ્ટન મેંગલ્સના કૅબિનબૉય તરીકે એને સક્રિય ફરજ ઉપર લેવામાં આવ્યો.

દરિયાઈસફરમાં કોઈ નાવિક એની ફરજ ચૂકે તો જહાજ અને તેની ઉપરના માણસોએ તેની ભારે કિંમત ચૂકવવી પડતી હોય છે. એ કારણે કડક શિસ્તપાલન જરૂરી હોય છે. ફરજનો ભંગ કરનાર કર્મચારીને કેટ-ઓ-નાઇન નામે ઓળખતી નવ લટોવાળી ચામડાની ચાબૂકના ફટકાની સજા કરવામાં આવતી હોય છે. રૉબર્ટને એવી સજાની ભયાનકતાનો ખ્યાલ આપવામાં આવ્યો. તેમ છતાં પોતાના આગ્રહમાં તે મક્કમ રહ્યો. ગ્લેનાર્વને પણ તેને હિંમત આપી કે તે એવી ઉત્કૃષ્ટ પ્રકારની કામગીરી કરશે કે જેમાં એવી સજાની એને માટે જરૂર જ રહેશે નહીં. જોકે સમજી-વિચારીને જ એણે એ બાબતની સ્પષ્ટતા કરી નહીં કે એવી અમાનુષી ક્રૂર સજા ઉપર આ નૌકામાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ગ્લેનાર્વનના પિતરાઈ ભાઈ મેજર નેબ્સે પણ સફરમાં જોડાવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી. તેમને પણ સમાવવામાં આવ્યા. પોતે સ્કોટલૅન્ડના હોવાનો એમને ભારે ગર્વ હતો. ઇંગ્લૅન્ડના વતની હોય તેવા અધિકારીના આધિપત્ય નીચે ઇંગ્લિશ રેજીમેન્ટમાં જોડાવાનું એમને પસંદ ન હતું. સ્કોટલૅન્ડના ઉમરાવ નબીરાઓની જ બનેલી હાઇલૅન્ડ બ્લેક વૉચના નામે ઓળખાતી ૪૨મી રેજિમૅન્ટમાં તે જોડાયા હતા. પોતાની હિંમત અને બહાદુરીને કારણે મેજરના હોદ્દા ઉપર પહોંચી શક્યા હતા. વર્તમાનમાં દેશની સરહદો ઉપર તથા દરિયાપારના સંસ્થાનોમાં શાંતિ હતી.

એ કારણે તેમને લાંબી રજા મળી શકી હતી. પોતાના પિતરાઈ ભાઈ લૉર્ડ ગ્લેનાર્વનની સાથે આ સફરમાં જવા માટે એ રજાનો ઉપયોગ કરવા તેઓ ઉત્સુક હતા.

સ્કોટલૅન્ડના જ એક સપૂતની શોધમાં લૉર્ડ ગ્લેનાર્વન પોતાની અંગત નૌકા લઈને સફરે જનાર છે, એવી વાત ગ્લાસગો નગરમાં ઝડપથી ફેલાઈ ગઈ. એ નૌકાને જોવા માટે તથા મળી શકે તો લૉર્ડ ગ્લેનાર્વનને શુભેચ્છા પાઠવવા માટે સ્થાનિક નિવાસીઓનો પ્રવાહ ત્યાર બાદ શરૂ થઈ ગયો. ગ્લાસગો બંદરમાં સ્ટીમબોટો માટેની ખાસ જેટ્ટી હતી. ડંકનસહિતની અન્ય નોકાઓ ત્યાં પાણીમાં ગૌરવભેર ડોલતી હતી. એમાં અત્યારે ગ્લેનાર્વન અને તેની 'ડંકન' નૌકાની જ ચર્ચાઓ થતી હતી.

"ડંકન"ની બાજુમાં એવા જ પ્રકારની બીજી પણ એક મોટી વિહારનૌકા હતી. 'સ્કોશિયા' એનું નામ હતું. એની સફર પૂર્વમાં કલકત્તા માટેની હતી. 'ડંકન'ને મળી રહેલી પ્રસિદ્ધિથી 'સ્કોશિયા'નો કૅપ્ટન બર્ટોન બેચેન હતો.

"ડંકન"નું પ્રયાણ તા. ૨૫-૮-૧૮૬૪ની મધરાત બાદ ત્રણ વાગ્યાનું નિશ્ચિત થયું. સાંજના સમયે ચઢેલી ભરતી પછી એ સમયે ઓટ શરૂ થવાની હતી. ઓટના સાગરગામી વળતા પ્રવાહની સાથે તેણે પણ બંદરની બહાર નીકળવાનું હતું.

પ્રયાણની આગલી સાંજે ૮ વાગ્યે લૉર્ડ ગ્લેનાર્વન અને તેનાં કુટુંબીજનો તથા નૌકાના કર્મચારીઓ શહેરના સૌથી જૂના ગણાતા સેન્ટ મેંગોના પ્રખ્યાત દેવળમાં પ્રાર્થના માટે પહોંચી ગયાં. સદીઓ જૂના એ દેવળની ઇમારત તેની ઊંચી ઊંચી કમાનો તથા પેનલો સાથે અડીખમ ઊભી હતી. પુનર્જાગૃતિના સમય દરમિયાન દેશનાં અનેક દેવળોને તોફાનીઓએ ભારે નુકસાન પહોંચાડ્યું હતું, પરંતુ આ દેવળ એમાં અપવાદ રહ્યું હતું. ગ્લેનાર્વન કુટુંબની નિઃસ્વાર્થ સેવા માટે એમને અભિનંદન આપવા માટે ત્યાં પણ ભારે ભીડ જામી હતી.

દેવળના પાદરી રેવરંડ મોર્ટેને એ વિશાળ જનસમુદાય સમક્ષ પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરી. "ડંકન"ના સાહસવીરો માટે દુઆની અર્ચના કરી. છેલ્લે ૧૪ વર્ષની એક કિશોરીએ પોતાના લાગણીસભર મૃદુ અવાજે કૅપ્ટન ગ્રાન્ટ અને તેના સાથીઓની શોધ માટે આ સાહસપૂર્ણ સફર ખેડવાની તૈયારી બદલ લૉર્ડ ગ્લેનાર્વન અને તેનાં કુટુંબીજનોનો આભાર માન્યો, તેમ જ સફરને સફળ બનાવવામાં સહાયરૂપ બનવા માટે ઈશ્વર સમક્ષ ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરી. એ કિશોરી હતી કુમારી મૅરી ગ્રાન્ટ, કૅપ્ટન ગ્રાન્ટની પુત્રી. પોતાના પિતાની શોધ માટે સ્વેચ્છાથી પોતાના સમય અને સંપત્તિનો ભોગ આપવા તત્પર બનેલા ગ્લેનાર્વન દંપતીનો આભાર માનવા એને શબ્દો જડતા ન હતા. ગદ્‌ગદિત અવાજ સાથેના માંડ થોડા શબ્દો તે બોલી શકી. ત્યાં ઉપસ્થિત સૌ કોઈના હૃદયમાં આ કિશોરી માટે અનુકંપા અને લૉર્ડ ગ્લેનાર્વન માટે આભારની લાગણી પ્રગટી.

ત્યાર બાદ રાત્રે દસના અરસામાં ડંકનના યાત્રીઓ અને તમામ કર્મચારીઓ મધ્યરાત્રી બાદના પ્રયાણ માટે 'ડંકન' નૌકા ઉપર આવી ગયા. એ સૌએ પોતપોતાની ફરજ સંભાળી લીધી. કુટુંબીજનો આરામ માટે પોતપોતાની કૅબિનોમાં પુરાઈ ગયાં.

૬
જેકીસ ફ્રાંકોઇસ પેગેનલ

પચ્ચીસમી ઑગસ્ટની મધરાત બાદ ત્રણ વાગ્યે 'ડંકન' વિહારનૌકાનું લંગર ઉપાડવામાં આવ્યું. મોડી સાંજે ચઢેલી ભરતીની અનુગામી બનેલી ઓટનાં પાણી સાથે 'ડંકન' પણ ગ્લાસગો બંદરની જેટ્ટી ઉપરથી ક્લાઈડ નદીનાં ઊંડાં જળમાં ધીમેધીમે આગળ વધી. નદીના મુખની બહાર એ જ નામની પહોળી ખાડી પાર કરવાની હતી.

એવા અનુકૂળ સમયે ત્યાંથી ઊપડનારાં અન્ય જળયાનોના નાવિકોના ધીમા અવાજ અને થોડી હલચલ સિવાય ચોતરફ શાંતિ હતી. ફરજ ઉપરના નાવિકો સિવાયના તમામ માણસો અને મુસાફરો પોતાની કૅબિનોમાં નિદ્રાધીન હતાં. પ્રયાણ પૂર્વેના દિવસો દરમિયાન એ સૌને ભારે દોડાદોડી રહી હતી. સૌ થાકેલાં હતાં. ગાઢનિદ્રામાં હતાં. નૌકાની દોડ ક્યારે શરૂ થઈ અને પોતાની સફરમાં તેઓ કેટલું આગળ વધ્યાં તેનો અંદાજ કોઈને પણ ન હતો.

લૉર્ડ અને લેડી ગ્લેનાર્વન તથા કૅપ્ટન ગ્રાન્ટનાં સંતાનો માટે નવો દિવસ સોનાનો હતો. ઊજળી આશા સાથે ઊગ્યો હતો. સવારની મુલાકાત સમયે અરસપરસ શુભેચ્છાની આપ-લે થઈ. શરૂમાં થોડો સમય હવામાન ખુશનુમા રહ્યું, પરંતુ અણધારી રીતે એ ભારેખમ બનવા લાગ્યું. જોરદાર પવન શરૂ થયો. ઊંચાં ઊઠી રહેલાં મોજાં ઉપર નૌકા ઊછળવા લાગી. પહેલી વારના યાત્રીઓ માટે બહાર તૂતક ઉપર રહેવાનું મુશ્કેલ બની ગયું. હેલીના અને મૅરી ધીમેથી પોતપોતાની કૅબિનોમાં સલામતીમાં પહોંચી ગયાં.

પ્રથમ દિવસ અને રાતની વિષમતા બાદનો દિવસ કાંઈક હળવાશ લઈને આવ્યો. તોફાની પવનને જોરે ઊછળતાં મોજાં થોડાં ડાહ્યાંડમરાં બન્યાં. એક મોજા ઉપરથી બીજા ઉપર ફંગોળાઈ રહેલી 'ડંકન' હવે નાના જળતરંગો ઉપર ડોલવા લાગી. સાનુકૂળ શાંત પવનનો લાભ લઈ નૌકાની ગતિ વધારવા માટે કૅપ્ટન મેંગલ્સે આગળના તથા ટોચના સઢ ખુલ્લા કરવા આદેશ આપ્યો.

તૂતક ઉપર લૉર્ડ ગ્લેનાર્વન તથા મેજર નેબ્સ અને મેંગલ્સ વાતોમાં વ્યસ્ત હતા. હેલીના અને મૅરી પણ હવે એમાં જોડાયાં. સૌએ એમને આવકાર્યાં.

'આશા રાખું છું કે કુમારી મૅરી માટે સતત ડોલતી રહેતી આ જહાજની દુનિયામાં કોઈ અગવડ નહીં હોય.'

પોતાની અને એની પત્નીની મહેમાન બનેલી કુ. મૅરી ગ્રાન્ટ સાથે ગ્લેનાર્વને હળવી વાતચીતની શરૂઆત કરી.

'ના જી! હજી સુધી કોઈ તકલીફ જણાઈ નથી. થોડા દિવસમાં આ નવા વાતાવરણથી

ટેવાઈ જઈશું એમ લાગે છે.' મૅરીએ હળવા સ્મિત સાથે જવાબ આપ્યો.

'તો આપણો ભાઈ શું કરે છે?'

'ઓહ! આપ કુ. મૅરીના ભાઈ રૉબર્ટની વાત કરો છો?' મૅરીના બદલે કૅપ્ટને જવાબ આપવાની શરૂઆત કરી.

'સામાન્ય રીતે એન્જિનરૂમમાં જ તે કાંઈ કાંઈ કામગીરી કરતો રહે છે. એટલી ઊંડાઈએ ન હોય ત્યારે એટલી જ ઊંચાઈ પર કામ કરતો હોય છે. જુઓ! અત્યારે પણ કૂવાસ્તંભના સૌથી ઊંચા સ્થાન ઉપર છે. આપ એને જોઈ શકો છો.'

સાવ નાની વયમાં એટલી ઊંચાઈએ ચડેલા નાના ભાઈની સલામતીની ચિંતા કરતી હોય તેમ મૅરી અસ્વસ્થ બની ગઈ.

'ડરીશ નહીં, મૅરી! રૉબર્ટ માટે એવી ચિંતા કરવા કોઈ કારણ નથી. એ તો આજન્મ નાવિક હોય તે રીતે જ કામ કરી રહ્યો છે. સાગરી સફર અને સાહસોમાં શ્રેષ્ઠ એવા કૅપ્ટન ગ્રાન્ટનો એ દીકરો છે, એ વાત ભૂલીશ નહીં. મેંગલ્સે કુ. મૅરીને હિંમત આપી. વધુમાં જણાવ્યું, 'હું ઇચ્છું છું કે એના પિતાની શોધમાં એની જ ભૂમિકા મહત્ત્વની હોય.'

'તારી ભાવના ફળદાયી બને એવી મારી પ્રાર્થના રહેશે.' મૅરીએ જવાબ આપ્યો.

'આપણા આ શોધઅભિયાન પાછળ કોઈ પ્રકારનો ઈશ્વરી સંકેત લાગે છે.' વાતોને નવો વળાંક આપતાં લૉર્ડ ગ્લેનાર્વને જણાવ્યું, 'બધું કુદરતી અને સાહજિક રીતે ગોઠવાતું જાય છે અને એ કારણે આશા બંધાય છે કે આપણે જરૂરથી સફળ બની શકીશું. સફળતાની એ દિશામાં આપણે જઈ રહ્યા નથી, પરંતુ આપણે કોઈ અદૃશ્ય પરિબળથી દોરાઈ રહ્યા હોય તેમ લાગે છે. અત્યારે તો બધી જ સ્થિતિઓ અનુકૂળ છે. આ પ્રકારની સાહસયાત્રા પણ હેલીના માટે મધુરયાત્રા જ બની રહેશે એવી મને ખાતરી છે.'

'અરે, મારા વ્હાલામા! તમારી લાગણી માટે ખૂબ ખૂબ આભાર. હું ઢોલ વગાડીને જાહેર કરીશ કે તમે એક શ્રેષ્ઠ જીવનસાથી છો.' પતિના શબ્દોથી ગદ્‌ગદિત થયેલી હેલીના ભાવાવેશમાં આવી ગઈ. પતિને તેણે ગાઢ આશ્લેષમાં લઈ લીધા અને ભીના અવાજે બોલી, 'સારી વાત છે, આપના શબ્દોથી મને આનંદ થયો તે સ્વાભાવિક છે.'

સૌની હાજરીમાં પત્ની તરફના આવા અમૂલ્ય ઉપહારથી કાંઈક ક્ષોભ પામ્યો હોય તે રીતે સંકોચ સાથે ગ્લેનાર્વન બોલ્યા, 'મારી સફળતાનો યશ મારી આ વિહારનૌકા ડંકન તથા તેના તમામ કર્મચારીઓને આપવાનું હું પસંદ કરીશ.'

'આપની આ "ડંકન" નૌકા સુંદર છે, બધી રીતે સુસજ્જ છે એને સાથે સક્ષમ પણ છે. દરિયાઈસફરમાં એ તમામના મહત્ત્વને સમજવા જેટલી કેળવણી મને મળી છે.' કુમારી મૅરી ગ્રાન્ટે પોતાના બાળપણને યાદ કરીને વધુમાં જણાવ્યું, 'મારા પિતાનું જહાજ જેટ્ટી ઉપર લાંગર્યું હોય ત્યારે તેઓની સાથે હું હંમેશાં જહાજ ઉપર જઈને ઘરઘર રમતી. ત્યારથી જહાજ ઉપરની જિંદગી મારે માટે સ્વપ્નું બની ગઈ હતી. મને પણ ત્યાં નાનાં નાનાં કામો કરવાનું ગમતું. જહાજના સઢને બાંધવાનું કે તેની ગડી વાળવાનું કામ હું આસાનીથી કરી શકું છું.'

આત્મવિશ્વાસથી ભરેલી આ વાતોથી ગ્લેનાર્વન પ્રભાવિત થયા હોય તે રીતે કૅપ્ટન મેંગલ્સને ઉદ્દેશીને બોલ્યા, 'કૅપ્ટન! તમારે માટે વ્યક્તિનું નહીં, પણ તેનામાં રહેલાં ખંત અને ઉત્સાહ મહત્ત્વનાં છે તે હું જાણું છું. માનું છું કે કુ. મૅરીમાં રહેલી એવી કુશળતાનો ઉપયોગ આ નૌકાના સંચાલન માટે તમે કરશો.'

‘આપની વાત સાચી છે, પરંતુ એના જેવી નાજુક કિશોરી માટે યોગ્ય સ્થાન અહીં જહાજના આ સ્થળે જ છે. જહાજી કામકાજ માટે આપણી પાસે બીજા ઘણા માણસો છે.’

‘આપણે અહીં ઊભા રહીને કેવળ વાતો જ કરીશું કે કોઈ નક્કર કામગીરી પણ કરીશું?’ હેલીનાએ હળવી વાતોમાંથી સૌનું ધ્યાન અન્ય બાબત તરફ દોર્યું.

‘આ નૌકાનાં સૌ વખાણ કરે છે. સારી વાત છે, પરંતુ આપણે તો હજી તેને પૂરેપૂરી જોઈ પણ નથી. એમાં નીચે ઊતરીને મારે તે જોવી છે.’

ડંકન વિહારનૌકાના તમામ વિભાગો જોવાની લેડી હેલીનાએ ઇચ્છા વ્યક્ત કરી. કૅપ્ટન મેંગલ્સ માટે એ એક અનોખો અવસર બની ગયો. અનિશ્ચિત સમય માટે ચાલનારા એ જળયાનની એ રીતની સજાવટ માટે પોતે લીધેલી જહેમતને પ્રદર્શિત કરવાનો એને લહાવો મળ્યો. પળનો પણ વિલંબ કર્યા વિના હેલીના તથા અન્ય સૌને નૌકાના વિવિધ વિભાગોમાં બતાવવાની અને તેનું મહત્ત્વ સમજાવવાની તેણે શરૂઆત કરી દીધી. લૉર્ડ ગ્લેનાર્વન પણ એમાં જોડાયા.

કૅપ્ટને જણાવ્યું કે નૌકા ઉપરના તમામ નિવાસીઓ માટે એમની કામગીરી તથા આવશ્યકતાને અનુરૂપ સુવિધાઓ તેમની કૅબિનમાં કરવામાં આવી હતી. એ સૌ માટે આ નૌકા ડમ્બરસ્ટનશાયર પરગણામાં આવેલા પોતપોતાના નિવાસસ્થાનોની પ્રતિકૃતિ જેવી જ છે.

નૌકાના અંદરના ભાગોમાં ઊતરતાં પહેલાં કૅપ્ટને અહીંના મેજર ડોમો તરીકે ઓળખાતા અધિકારી ઓલ્બીનેટનો પરિચય કરાવ્યો. નૌકા ઉપર ખાણીપીણીથી શરૂ કરીને અન્ય તમામ બાબતોને વ્યવસ્થિત રાખતા કર્મચારીઓના એ સર્વોચ્ચ હતા. સતત કાર્યશીલ રહેતા આ અધિકારીની કૅપ્ટને ભૂરીભૂરી પ્રશંસા કરી. માલિકની રૂબરૂમાં જ થયેલાં આ વખાણથી મૂંઝાયેલા ઓલ્બીનેટે લૉર્ડ અને લેડીનું વિનમ્રભાવે અભિવાદન કર્યું અને જણાવ્યું, ‘આપ સૌ આ નૌકાના નીચેના ભાગો જોઈને પાછાં આવશો ત્યારે આપની ઇચ્છાનુસાર ગરમાગરમ નાસ્તો તૈયાર હશે.’

નીચે ભંડકિયાના વિસ્તારોમાં જવા માટેની સીડી ઉપર પગ મૂકતાં સાથે ગ્લેનાર્વને મેજર મેકનેબ્સને સાહજિક રીતે જ પૂછ્યું, ‘મેજર, તારો શું વિચાર છે? આવે છે સાથે?’

‘તમારી ઇચ્છા હોય તો જરૂર આવીશ, પરંતુ અહીં આ ખુલ્લા તૂતક ઉપર મારી ચિરૂટનો આનંદ લેવાનું હું વધુ પસંદ કરીશ.’

‘ભલે! ભલે! જેવી તારી ઇચ્છા. ધૂમ્રપાનના તારા શોખથી તને અલગ કરવાનું મને પણ નહીં ગમે.’ એ સાથે મૅરી તરફ જોઈને હળવી રમૂજ કરી. ‘મિસ મૅરી! બરાબર જોઈ લે, આ મારા પિતરાઈ ભાઈને! એ અખંડ ધૂમ્રપાની છે. લાંબી ચિરૂટ હંમેશાં જ એના મોંમાં જોવાની મળશે. મારું તો માનવું છે કે ઊંઘમાં હોય ત્યારે પણ ચિરૂટ એના મોંમાં જ રહેતી હશે.’

મોટાભાઈની હળવી મજાકને સાહજિકતાથી લઈને નેબ્સે સ્મિત સાથે ડોકું નમાવ્યું. સૌ નીચે ઊતર્યાં. પોતાની ચિરૂટમાંથી ધુમાડો કાઢતો નેબ્સ તૂતકના કઠેરાના ટેકે ઊભો રહીને ચારે બાજુએ પથરાયેલા અફાટ સાગરની હળવી લહેરોને અનિમેષ નજરે જોતો રહ્યો. ક્યાંય સુધી ચિરૂટના ધુમાડાના ગોટામાં પોતાના વિચારોમાં તે ખોવાયેલો જ રહ્યો. થોડા સમય બાદ એમના ધ્યાનમાં આવ્યું કે કોઈ અજાણી વ્યક્તિનો વિચિત્ર ચહેરો એની સામે હતો. અત્યાર સુધીમાં નૌકા ઉપર ધ્યાનમાં નહીં આવેલો કોઈ માણસ એની સામે આમથી તેમ આંટા મારી રહ્યો હતો. એવો કોઈ અજાણ્યા માણસની એ રીતની અહીંની હાજરી સાવ અનપેક્ષિત હતી.

ઊંચા અને એકવડિયા બાંધાવાળા એ માણસનું કપાળ તેનાં ચોરસ આકારનાં મોટાં

ચશ્માંની પાછળ ઢંકાયેલું હતું. એના હાવભાવ તથા હલનચલન ઉપરથી નેબ્સને ખ્યાલ આવ્યો કે તે કોઈ લેભાગુ માણસ તો ન હતો, ક્યાંય સુધી તેની આંખો નેબ્સની સામે જ ખોડાયેલી રહી, એની સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કરવાનું કે એની અહીંની હાજરી અંગે પૂછવાનું નેબ્સને જરૂરી લાગ્યું નહીં. એ માણસે પહેરેલાં કપડાં પણ એટલાં જ વિચિત્ર હતાં. એણે અનેક ખિસ્સાંઓવાળું પાટલૂન તથા જૅકેટ પહેર્યાં હતાં. બધાં જ ખિસ્સાંઓ નોંધબૂકો તથા અન્ય કાગળો અને જાતજાતની નાની વસ્તુઓથી ફાટફાટ થતાં હતાં. એ બધું ઓછું હોય તેમ ગળામાં નાનકડું દૂરબીન લટકાવેલું હતું.

પોતાની ચિરૂટના ધુમાડામાં મસ્ત મેજરે એની હાજરીની ઉપેક્ષા જ કરી. એની એવી ઉપેક્ષાથી અકળાઈને પોતાના તરફ નેબ્સનું ધ્યાન ખેંચવા એ માણસ વધુ ઝડપથી આંટા મારવા લાગ્યો, પરંતુ મેજર મેક નેબ્સ જેનું નામ! અજબની સામે એક પળ માટે પણ ધ્યાન આપ્યા વિના પોતાનામાં જ ડૂબેલો રહ્યો.

લાંબા સમય સુધીની એવી ઉપેક્ષાથી અકળાયેલા અજનબીએ આખરે મોટેથી બૂમ પાડી,

'અરે, છે કોઈ અહીં? કોઈ નોકર કે સેવક છે અહીં?' પોતાનો એ અવાજ પણ અનુત્તર રહેતાં ધૂંઆપૂંઆ થતો અજનબી પોતાના પગને જોરશોરથી ફરસ ઉપર ઠોકવા લાગ્યો. સંજોગવશાત એ જ સમયે મેજર ડોમો કહેવાતો ઓલ્બીનેટ ત્યાંથી પસાર થતો હતો. એ આગળ નીકળી ગયો હતો, છતાં અજનબીનો ઘાંટો સાંભળીને તે પાછો ફર્યો. વિચિત્ર દેખાતા આ અજાણ્યા માણસને જોઈને ઓલ્બીનેટ પોતાની જાતને પૂછી રહ્યો. એ માણસ એને સાવ અપરિચિત લાગ્યો. નૌકાની આ નાનકડી દુનિયામાં એની ઉપરના બધા જ નિવાસીઓ અવારનવાર એકબીજાની સામે આવતા જ હોય છે. નામ ભલે ખબર નહીં હોય, તો પણ ચહેરાને આધારે તો ઓળખ જરૂરથી થઈ શકે.

પોતાના મનમાં ઊઠેલા પ્રશ્નોનો જવાબ મેળવવા ઓલ્બીનેટ એ માણસની વધુ નજીક ગયો. તરત જ એ માણસનું મોં ખૂલી ગયું. એલ્બીનેટ એક સામાન્ય નોકર હોય તે રીતે એણે કરડાકીથી પૂછ્યું,

'તું અહીં આ નૌકા ઉપર કામ કરે છે?'

'હા જી! પરંતુ હું આપને...' એને વધુ આગળ બોલતાં અટકાવીને એ માણસે પોતાની જ વાત ચાલુ કરી.

'હું આ નૌકા ઉપરની કૅબિન નં. ૬નો યાત્રી છું.'

'ખરેખર? આપ કૅબિન નં. ૬માં રહો છો?' ઓલ્બીનેટે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા જી! હું તેમાં જ મુસાફરી કરું છું. આપનું શુભ નામ જાણી શકું?

'ઓલ્બીનેટ. મારું નામ ઓલ્બીનેટ છે. કહો, હું આપની શી સેવા કરી શકું?'

'સરસ. હું એ જાણવા માગું છું કે સવારનો નાસ્તો કેટલા વાગ્યે મળશે? મને સખત ભૂખ લાગી છે. છેલ્લા છત્રીસ કલાક દરમિયાન પેટમાં કશું જ ગયું નથી. લાગે છે કે છત્રીસ કલાક સુધી હું ઊંઘતો જ રહ્યો છું, પરંતુ શું થાય? પૅરિસથી અહીં ગ્લાસગો બંદરે પહોંચવા માટે મારે ભારે દોડાદોડી કરવી પડી છે. તેના થાકનો વિચાર કરું છું ત્યારે લાગે છે કે એટલી લાંબી ઊંઘ મારે માટે જરૂરી હતી. હા! તો મને ચા-નાસ્તાનો સમય જણાવો.'

'સવારે નવ વાગ્યે નાસ્તો મળશે.' કશાય ભાવ વિના ઓલ્બીનેટે જવાબ આપ્યો.

અત્યારના સમયની સ્થિતિ જાણવા માટે એણે પોતાની ખિસ્સા-ઘડિયાળ શોધવા ખિસ્સાં

ફંફોસવા માંડ્યાં. લાંબી શોધના અંતે આખરે નવમા નંબરના ખિસ્સામાંથી કાગળોની વચ્ચેથી તે મળી આવ્યું. એમાં જોતાં જ એનાં ભવાં ચડી ગયાં.

'અરે! આ ઘડિયાળ હજી તો સવારના આઠ વાગ્યાનો સમય જ બતાવે છે. નાસ્તા માટે હજી એક કલાક રાહ જોવાની? અસહ્ય. ઠીક છે! તું મારું એક કામ કરીશ? સ્પેનીશ દારૂ શેરીનો એક ગ્લાસ તથા થોડાં બિસ્કિટની મારે માટે વ્યવસ્થા કરી શકીશ?'

ઓલ્બીનેટ આ નૌકા ઉપરની વ્યવસ્થામાં રોકાયેલા તમામ કર્મચારીઓનો ઉપરી અધિકારી હતો. એવો અધિકારી જળયાનોની દુનિયામાં હળવા શબ્દો મેજર ડોમો તરીકે ઓળખાતો. એવા ઑફિસર કક્ષાના અધિકારીનો સૌ આદર કરતાં હોય છે. તેને બદલે તે એક સાવ સામાન્ય કક્ષાનો નોકર હોય તે રીતે એની સાથે થયેલો આવો વર્તાવ એને માટે આઘાતજનક અને અપમાનજનક હતો. પોતે કોણ છે તે જણાવ્યા વિના અને સામે ઊભેલી વ્યક્તિ કોણ હતી તે જાણવાની પરવા કર્યા વિના જ આ વાચાળ માણસની જીભ બેલગામ હોય, તે રીતે સતત બોલ્યે જ જતી હતી. ઓલ્બીનેટ પોતાને લાગેલા આઘાતમાંથી બહાર આવે તે પહેલાં જ આ માણસે આગળ ચલાવ્યું.

'તમારા કૅપ્ટન ક્યાં છે? શું કરે છે અત્યારે? શું હજી પણ તે પથારીમાં જ છે? કેટલું સુંદર હવામાન છે. પવન પણ અનુકૂળ રીતે ફૂંકાઈ રહ્યો છે. નૌકા તો પોતાની રીતે જ આગળ વધી રહી છે.'

અજાણ્યા માણસના આ પ્રકારના અસંબદ્ધ પ્રશ્નોનો જવાબ ઓલ્બીનેટ આપે તે પહેલાં જ કૅપ્ટન જહૉન મેંગલ્સ એ તરફ આવતા દેખાયા. અજાણ્યા માણસ સાથે એ રીતે બિનજરૂરી જીભાજોડીમાં ઊતરવાને બદલે ઓલ્બીનેટે પોતાના માથેની બલાને કૅપ્ટન મેંગલ્સ તરફ મોકલી. એમના તરફ આંગળી ચીંધીને કહ્યું,

'જુઓ મહાશય! આ અમારા કૅપ્ટનસાહેબ!' એટલું બોલીને ચૂપકીદીથી તે પોતાના કામ તરફ સરકી ગયો.

'અરે! આપ આ નૌકાના કૅપ્ટન છો? ખરેખર!'

જાણે કોઈ લાંબો પરિચય હોય તે રીતે એ માણસ કૅપ્ટનની નજીક ગયો અને હસ્તધૂનન કરવા પોતાનો હાથ લંબાવ્યો.

'કૅપ્ટન, મિસ્ટર બર્ટન, આપને મળીને ઘણો જ આનંદ થયો.'

ઓલ્બીનેટ બાદ હવે આઘાત પામવાનો વારો કૅપ્ટન મેંગલ્સનો હતો. આ અજાણ્યા માણસના મુખેથી નીકળેલા શબ્દો સાંભળીને મેંગલ્સે પણ આંચકો અનુભવો. આ નૌકા ઉપરના સૌ કોઈ પોતાના આ કૅપ્ટનને રૂબરૂ તેમ જ નામથી સારી રીતે ઓળખતા હતા. પોતાને કૅપ્ટન 'બર્ટન' તરીકે ઓળખનાર એ માણસ પ્રત્યે તેઓ આશ્ચર્યથી જોઈ જ રહ્યા.

કૅપ્ટનના પ્રતિભાવની રાહ જોયા વિના એ માણસ બકબક કરતો જ રહ્યો. એટલું સારું હતું કે એના અવાજમાં હવે અવિવેક કે તોછડાપણાનો કોઈ ભાવ જણાતો ન હતો. એણે આગળ ચલાવ્યું.

'કૅપ્ટન, તમને મળીને આનંદ થયો. આગલા દિવસે હું તમને મળી શક્યો ન હતો, તેને મારા તરફનો કોઈ અવિવેક ગણશો નહીં. સફરની શરૂઆતમાં તમે વ્યસ્ત હશો એ વિચારે તથા લાંબી મુસાફરીથી હું પણ ખૂબ થાકી ગયો હોવાથી તમને રૂબરૂ મળવાની ઔપચારિકતા હું બતાવી શક્યો ન હતો. હું અહીં નૌકા ઉપર આવ્યો ત્યારે અહીં કોઈ જ હાજર જણાયું ન હતું.

એટલે યાત્રીઓ માટેની ખાસ કૅબિન નં. ૬ જે મારે માટે બુક કરવામાં આવી હતી, તેમાં જઈને પથારી ઉપર મેં પડતું મૂક્યું હતું. પૂરા છત્રીસ કલાકની એકધારી ઊંઘ પછી હવે હું પૂરેપૂરો સ્વસ્થ થઈ ગયો છું. એવી સ્થિતિમાં તમને મારો પરિચય કરાવતાં આનંદ થશે.'

મેંગલ્સનો હાથ પોતાના હાથમાં લઈને એણે ઉમળકાભેર હસ્તધૂનન કર્યું. કૅપ્ટન હજી પણ પોતાની અસમંજસ સ્થિતિમાંથી બહાર આવ્યા ન હતા. ફાટી આંખે તે આ નવતર માણસના અસ્ખલિત વાણીપ્રવાહમાં ડૂબકિયાં ખાતા રહ્યા. હજી પણ એ માણસ પોતાની વાત ઉપર પૂર્ણવિરામ મૂકવાના મૂડમાં જણાતો ન હતો. એણે બોલવાનું આગળ ચલાવ્યે જ રાખ્યું.

'ઘણું સરસ થયું કે તમારી સાથે વહેલીતકે મુલાકાત થઈ. આ નૌકાના આપણે હવે સહપ્રવાસીઓ છીએ. લાંબો સમય હવે આપણે સાથે જ રહેવાનું છે. હું માનું છું કે આપણે સારા મિત્રો બની શકીશું, તો હવે થોડી પરચૂરણ વાતો પણ થઈ જાય. હા, આપણી આ "સ્કોશિયા" વિહારનૌકા તમને કેવી લાગી? લાંબી યાત્રા માટે એ સક્ષમ તો છે ને?'

આ નૌકા માટે એના મોંમાંથી નીકળેલા "સ્કોશિયા" શબ્દો સાંભળીને કૅપ્ટનના મનમાં ઝબકારો થયો. એને ખાતરી થઈ ગઈ કે 'ડંકન'ની બાજુમાં જ લાંગરેલી 'સ્કોશિયા' નૌકાનો કોઈ મુસાફર ભૂલથી આ નૌકામાં ચડી ગયો હોવો જોઈએ.

વધુ ખાતરી કરવા માટે જાણે પોતે અજાણ હોય તે રીતે પૂછ્યું,

'સ્કોશિયા! કોણ સ્કોશિયા? તમે શાની વાત કરો છો?'

'શું "સ્કોશિયા" નામનો જાપ જપો છો તમે? આપણી નૌકા "સ્કોશિયા"ની વાત કરું છું. બહુ જ સુવિધાપૂર્ણ અને મજબૂત નૌકામાં મારે માટે ગોઠવણ કરવામાં આવી છે, તેનો મને આનંદ છો. હોશિયાર અને અનુભવી કૅપ્ટન તરીકે તમારી નિમણૂક અહીં થઈ તેનો મને વિશેષ આનંદ છે. તમારી જ "બર્ટન" અટકવાળા પેલા આફ્રિકન મુસાફર તમારા કોઈ સંબંધી થાય છે? એઓ બહુ જ હિંમતબાજ અને સાહસિક સંશોધક હતા. એમના સંબંધી હોવાને નાતે તમને પણ હું અભિનંદન પાઠવું છું.'

આ સમય અજાણ્યા માણસની સતત ચાલી રહેલી વાતોમાં અન્ય વ્યક્તિને કાંઈ બોલવા માટે કોઈ અવકાશ જ ન હતો. આમ છતાં કૅપ્ટન મેંગલ્સની ધીરજનો અંત આવી ગયો. પેલાને બોલતો અટકાવીને એણે જણાવ્યું,

'જુઓ મહાશય! હું તમને ઓળખતો નથી અને આ નૌકા "સ્કોશિયા" નહીં, પરંતુ "ડંકન" છે. હું એનો કૅપ્ટન બર્ટન નહીં, પરંતુ જહૉન મેંગલ્સ છું. મારે એ બંને નામો સાથે કાંઈ પણ સંબંધ નથી.'

'ખરેખર એવું છે? તો આપને આ નૌકા સાથે શું સંબંધ છે? હું અહીં કેવી રીતે આવી ગયો?'

આ પ્રકારના અસંબદ્ધ પ્રશ્નો કરી રહેલો માણસ કોઈ ગાંડો કે ઘનચક્કર હોવો જોઈએ, એમ મેંગલ્સને લાગ્યું. પોતાની સ્થિતિ અંગે એ ખુલાસો કરવા જતો હતો ત્યાં જ લૉર્ડ અને લેડી ગ્લેનાર્વન વગેરે ભંડકિયામાંથી એક પછી એક ઉપર આવવા લાગ્યાં. એમને જોઈને ક્ષણભર માટે અટક્યા. પછી માણસની જીભ ફરીથી કાર્યરત બની.

'ઓહ! અહીં તો સાથમાં મુસાફરો જ મુસાફરો છે.'

એ સાથે કૅપ્ટન મેંગલ્સ તરત જોઈને તે બોલ્યો, 'આશા છે કે તમે આ મહાનુભાવોનો મને પરિચય કરાવશો.' પરંતુ કૅપ્ટન એ રીતે પરિચય આપવા આગળ આવે તેની રાહ જોયા વિના જ

એ માણસ સાવ હળવાશથી અને સ્વાભાવિકતાથી આગંતુકો તરફ સામે ગયો. એમાં સૌથી આગળ કુ. મૅરી ચાલતી હતી. તેની પાછળ લેડી હેલીના અને અંતે લૉર્ડ ગ્લેનાર્વન આવી રહ્યા હતા.

પોતાના માલિકને જોતાં જ કૅપ્ટને તેને સલામ ભરીને અભિવાદન કર્યું. આ કોઈ અજાણ્યા માણસ અંગે કૅપ્ટન તેમને કાંઈક કહેવા માગતો હોય તેમ બોલ્યો.

'લૉર્ડ ગ્લેનાર્વન, સર...' પરંતુ તેઓ પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં જ આ 'લૉર્ડ' શબ્દના ઉચ્ચારણથી આ માણસને ખ્યાલ આવી ગયો કે આવનાર મહાનુભાવ કોઈ ઉમરાવ હતા. વિનયપૂર્વક વાંકા વળીને એણે લૉર્ડ ગ્લેનાર્વનનું અભિવાદન કર્યું. તેમની સાથે હસ્તધૂનન કર્યું, એ અગાઉ મુજબ જ બોલવાની શરૂઆત કરી દીધી.

'આપ નામદારને મારી જાતે જ મારો પરિચય કરાવવાની રજા લઉં છું. આ નૌકા ઉપરની આપણી દુનિયા સાવ નાની હોય છે. એમાં જમીન ઉપરના મોટા સમાજમાં જરૂરી બનતા શિસ્તનાં ધોરણો હળવાં બનાવવા પડતાં હોય છે. આશા રાખું છું કે થોડા જ સમયમાં આપણે સૌ એકબીજાથી પરિચિત બની જઈશું. "સ્કોશિયા" નૌકા ઉપર આ સન્નારીઓની હાજરીથી અહીંના એકધારા અને કંટાળાજનક માહોલમાં કાંઈક હળવાશ આવશે એમ હું માનું છું.'

સાવ અજાણ્યા માણસની અહીં નૌકા ઉપરની હાજરી તથા ભદ્રવર્ગની આ મહિલાઓ સંબંધી નુક્તેચીનીથી હેલીના અને મૅરીને નવાઈ લાગી. ગ્લેનાર્વન પણ આ માણસની ગુસ્તાખીથી વિમાસણમાં પડ્યા. તેને પણ નવાઈ લાગી, છતાં પોતાની એ લાગણીને છતી થવા દીધા વિના તેણે એ માણસને ઠાવકાઈથી પૂછ્યું.

'મહાશય! અત્યારે હું કોની સાથે વાત કરી રહ્યો છું, તે હું જાણી શકું?'

'જરૂર જરૂર! હું છું જેકીસ એલિયાસીન ફ્રાન્કોઇસ પોગેનલ. પૅરિસસ્થિત જ્યૉગ્રાફિકલ સોસાયટીનો હું મંત્રી છું. તે ઉપરાંત બર્લિન, બૉમ્બે, દમાસ્કસ, લીપસીક, લંડન, સેન્ટ પીટર્સબર્ગ, વિયેના તથા ન્યૂયૉર્કની એવી સમકક્ષ સોસાયટીઓનો માનદ્ સભાસદ પણ છું. એ ઉપરાંત 'રૉયલ જ્યૉગ્રાફિકલ ઍન્ડ ઍથ્નોગ્રાફિકલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ઇસ્ટ ઇન્ડિઝ' સાથે પણ હું સંકળાયેલો છું. ભૂભૌતિક વિષયના અભ્યાસમાં વીસ વરસ ગાળ્યાં છે. અત્યારે ત્યાંની સ્થળસ્થિતિની વાસ્તવિકતા શું રહી છે, તેનાં પ્રત્યક્ષ દર્શન અને ચકાસણી માટેનું મારું આ મિશન છે. એ માટે અત્યારે હું ઇન્ડિયા જઈ રહ્યો છું. સંશોધનના આ પ્રકલ્પ સંબંધમાં અગાઉ અનેક જાણીતા પર્યટકોએ પોતપોતાની રીતે હેવાલો આપ્યા હતા. ત્યાર બાદની સ્થળસ્થિતિમાં શું ફેરફારો થયા છે તેની મારે તપાસ કરવાની છે.'

૭

કૅબિન નંબર ૬નો યાત્રી

ફ્રાન્સની જ્યૉગ્રાફિકલ સોસાયટીના મંત્રી જેકીસ પેગેનલ પહેલી જ મુલાકાતમાં ગમી જાય તેવા સજ્જન હોવાનું ગ્લેનાર્વને અનુભવ્યું. પોતાની હકીકતો નિખાલસભાવે સૌ સમક્ષ રજૂ કરવાની એની છટા પણ એને ગમી ગઈ. ઇતિહાસ અને ભૂગોળશાસ્ત્રોના વિશારદ તરીકેની તેની ખ્યાતિની ગ્લેનાર્વનને જાણકારી હતી જ. ફ્રાન્સની બહાર પણ પેગેનલ મહાશયની વિદ્વત્તાની મહેક ફેલાઈ હતી. તેનું નામ જાણ્યું હોવા છતાં ગ્લેનાર્વનને એમનો પ્રત્યક્ષ પરિચય અહીં પહેલી જ વાર થયો.

ફ્રાન્સના ખ્યાતિપ્રાપ્ત વિદ્વાનોમાં એક એવા પેગેનલ મહાશયની અહીં 'ડંકન' નૌકા ઉપરની હાજરી લૉર્ડ ગ્લેનાર્વન માટે આમ તો અનપેક્ષિત જ હતી, છતાં એમણે તેની સાથે ઉમળકાભેર હસ્તધૂનન કર્યું અને તેને આવકાર આપ્યો.

'આપણી વચ્ચેની આ ઔપચારિક ઓળખવિધિ સમાપ્ત થઈ છે, પેગેનલ મહાશય! હવે તમને પ્રશ્ન પૂછવાની રજા લઉં છું.'

'એક જ પ્રશ્ન શું કામ? એકવીસ પૂછી શકો છો. એ અંગે તમારી સાથે ચર્ચા કરવાનું મને ગમશે.'

'આ નૌકા ઉપર તમે ક્યારે આવ્યા હતા તે યાદ છે?'

'હા જી! ગઈ કાલે રાત્રી શરૂ થઈ તે અગાઉ આઠેક વાગ્યાના અરસામાં લાંબી મુસાફરી બાદ આવી શક્યો હતો. પૅરીસથી સતત દડમજલ કરતો અહીં નજીકના કેલિડોનિયન સ્ટેશન સુધી રેલગાડીમાં આવ્યો હતો. છેલ્લી ઘડીની એ મુસાફરીમાં મને ઘણું મોડું થઈ ગયું હતું. મને જણાવવામાં આવેલી "સ્કોશિયા" નૌકા માટે ઊપડવાનો સમય થઈ ગયો હતો એટલે રેલગાડીમાં ઊતરીને ત્યાં ઊભેલી ભાડાની ગાડીમાં મેં ઝંપલાવ્યું હતું. સ્ટેશનેથી માર-માર કરતો આ જેટ્ટી ઉપર આવ્યો, ત્યારે અહીં કોઈ જ માણસ મારા જોવામાં આવ્યું ન હતું. "સ્કોશિયા" નૌકા મુસાફરો માટેની કૅબિન નં. ૬ મારે માટે પૅરિસથી જ રિઝર્વ કરવામાં આવી હતી. નૌકાઓ માટેની આ ખાસ જેટ્ટી ઉપર નૌકાઓની હરોળમાં આ નૌકા પહેલી જ ઊભેલી હતી. એનું નામ વાંચવાની તસ્દી લીધા વિના હું સીધો જ તૂતક ઉપર ચડી ગયો. એના ઉપર સૌથી મોકાના સ્થળ ઉપર નિવાસી કૅબિનોની હારમાળા મેં જોઈ. ધૂંધળા પ્રકાશમાં આ કૅબિન નં. ૬ હું જોઈ શક્યો. હું સતત થાકેલો હતો. ઝાઝું વિચારવાની મારામાં શક્તિ જ ન હતી. નામ વગેરેની કોઈ પણ પંચાતમાં પડ્યા વિના મેં સીધા જ પથારીમાં લંબાવ્યું. મેં કયાંક વાંચ્યું હતું કે દરિયાઈ માંદગીનો શ્રેષ્ઠ ઉપાય ઊંઘ છે. મારા અંદાજ પ્રમાણે હું એકધારું છત્રીસ કલાક ઊંઘ્યો હોઈશ.'

સતત છત્રીસ કલાક ઊંઘમાં જ વિતાવ્યા હોવાની રજૂઆત કરનારા આ મહાપુરુષની સરળ રજૂઆતથી ત્યાં હાજર સૌને ખ્યાલ આવી ગયો કે એક રમૂજી ઘટના બની ગઈ હતી. પૂર્વમાં ઇન્ડિયા જતી 'સ્કોશિયા' નૌકામાં જવાને બદલે આ મહાશય સાવ વિરુદ્ધ દિશામાં પશ્ચિમ તરફ અમેરિકા જતી 'ડંકન' નૌકામાં ચઢી ગયા હતા. સૌને યાદ આવ્યું કે 'ડંકન' ઉપરના તમામ માણસો એ સમયે દેવળમાં પ્રાર્થના માટે ગયાં હતાં. સૌની એવી ગેરહાજરી દરમિયાન એ બનાવ બન્યો હતો.

જેકીસ પેગેનલની ભૂલ સ્પષ્ટ બની હતી ત્યારે એના પ્રતિભાવ જાણવા માટે ગ્લેનાર્વને સાહજિકતાથી પૂછ્યું.

'તો મહાશય પેગેનલ! આપનું લક્ષ્ય પૂર્વ દિશામાં કલકત્તા તરફનું હતું, ખરું ને?'

'હા જી, કલકત્તાને બહાને મારે ઇન્ડિયા જવું હતું. એ દેશને જોવા-જાણવા માટે તેની પ્રત્યક્ષ મુલાકાત લેવા લાંબા સમયથી હું આતુર હતો. એ દેશ માટેના લગાવને કારણે મને તો ત્યાંની યાત્રાનાં સ્વપ્નાં આવતાં હતાં. આમ તો એ દેશ હાથીઓ, ઠગો અને પિંઢારાઓના દેશ તરીકે ઓળખાય છે. તેમ છતાં એને જોવા હું આતુર છું.

'એવું જ હોય તો પૂર્વમાં ઇન્ડિયા જવાને બદલે તમે પશ્ચિમમાં અમેરિકામાં પહોંચી જાવ તો તેમાં શું ફરક પડે છે? તમારા જેવા માટે તો આ બધી જ બાબતો અભ્યાસને પાત્ર જ ગણાય.'

'ના જી! છેક એવું નથી. મારી આ મુસાફરી માટેનો પ્રસ્તાવ અને પ્રબંધ ત્યાંના ગવર્નર જનરલ લૉર્ડ સમરસેટે કર્યો હતો. જ્યૉગ્રાફિકલ સોસાયટી તરફથી એ માટેનો વિગતવાર અધિકારપત્ર પણ મને આપવામાં આવ્યો છે. એ મુજબનું અતિ મહત્ત્વનું કમિશન લઈને હું ત્યાં જવા નીકળ્યો હતો. મારું આ મિશન છે કે કમિશન જે કહો તે, બહુ જ અટપટું છતાં અગત્યનું છે. મારા આ પ્રવાસનું પૂરેપૂરું આયોજન મારા મિત્ર અને સાથીદાર શ્રી એમ. વિવિયન દ સેન્ટ માર્ટિને કર્યું છે. મારી આ સંશોધનયાત્રામાં મારે મારા અનેક પુરોગામીઓએ કંડારેલી કેડીને આધારે જ આગળ વધવાનું નક્કી થયું છે.'

એ દિશામાં પગલાં પાડનારા મહાનુભાવોમાં સ્લેજનવીટ ભાઈઓ, કર્નલ વૉગ તથા વેબ્સ, હોજસન, હ્યુક, ગેબેટ ઉપરાંત કેટલાક ખ્રિસ્તી ધર્મગુરુઓ પણ છે. એવા મિશનમાં મૂરક્રોફ્ટ તથા જૂલ્ઝ રેમી જેવા વિશ્વપ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. ૧૮૪૬માં મિસ્ટર ક્રીક જેવા મિશનરીએ જ્યાં એ કામ અધૂરું છોડ્યું હતું, ત્યાંથી મારે આગળ વધવાનું છે. ટૂંકમાં કહું તો મારી આ શોધયાત્રાનો માર્ગ હિમાલયના તિબેટ પ્રદેશના ઉત્તર ભાગમાં પૂર્વ તરફ વહેતી યારો ઝેંગબો-ચાઉ નામની નદીનો છે. ત્યાંથી દક્ષિણમાં વળાંક લઈને એ નદી આસામમાં બ્રહ્મપુત્રાને મળે છે કે નહીં અને મળતી હોય તો ચોક્કસ કયા સ્થબે તેની મારે તપાસ કરવાની છે. ઇન્ડિયા માટે બની રહેલી નવી ભૂગોળ માટે એવી અધિકૃત માહિતી ખૂબ જ મહત્ત્વની છે. એ દિશામાં અગાઉ પણ પ્રયાસો થયા હતા. એમાં અનેક સંશોધકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. એવી શોધનું મહત્ત્વ અને તેમાં રહેલાં જોખમોને ખ્યાલમાં રાખીને સોસાયટીએ એ નિમિત્તે સુવર્ણચંદ્રક જાહેર કર્યો છે. મને ખાતરી છે કે એ માટે હું ચોક્કસ ભાગ્યશાળી બની શકીશ.'

પેગેનલનું આ સંમોહક અને વિગતપ્રચુર વક્તવ્ય સાંભળીને સૌ મંત્રમુગ્ધ બની ગયાં. એના અસ્ખલિત વાણીપ્રવાહને રોકવાનું કામ રહાઇન નદીના શફૌસન જળધોધના પાણીને રોકવા જેવું કામ હતું. એ કામની સિદ્ધિ માટેનો સુવર્ણચંદ્રક એને જ મળવાનો હતો, એવી એના

શ્રોતાજનોને ખાતરી થઈ ગઈ. એના વક્તવ્યની એવી સંમોહિનીમાંથી લૉર્ડ ગ્લેનાર્વન પહેલા બહાર આવ્યા. બોલ્યા,

'પેગેનલ મહાશય! એવો એ સુવર્ણચંદ્રક તમારે માટે જ છે એમાં મને શંકા નથી, પરંતુ તમારી એ અંગેની કામગીરી હમણાં તો બંધ જ રાખવી પડે તેમ છે.'

'બંધ રાખવી પડે? શા માટે? મને સમજ પડી નહીં.'

ભૂલથી ભળતી જ નૌકામાં ચડી ગયેલા આ ભૂગોળશાસ્ત્રીએ પોતાની પસંદગીના મિશન ઉપર પૂર્ણવિરામ મૂકવું પડે તેવી ભવિષ્યવાણીથી તેને આઘાત લાગે તેવી સ્થિતિ હતી.

'કેમ કે તમે ઇન્ડિયાથી વિરુદ્ધની દિશામાં જઈ રહ્યા છે. તમારે માટે રિઝર્વેશન થયું હતું, તે નૌકા "સ્કોશિયા" હતી અને તેના કૅપ્ટન બર્ટન તમને લીધા વિના જ ઇન્ડિયાના માર્ગે પૂર્વમાં ઘણા દૂર નીકળી ગયા છે. તમે અત્યારે અમેરિકા તરફ પશ્ચિમમાં જતી 'ડંકન' નૌકામાં છો અને તેનો કૅપ્ટન જ્હૉન મેંગલ્સ હું છું.'

વિશ્વસ્તરનાં સંશોધનની ઊંચી ઉડાન ભરાવતી વાતોમાંથી પેગેનલ એકદમ ધરતી ઉપર આવી ગયા.

'મારી "સ્કોશિયા" નૌકા? મારું મિશન?'

આશ્ચર્યચકિત બનીને પેગેનલ સૌની સામે આંખો ફાડીને જોઈ રહ્યો. એમની આ દયામણી સ્થિતિ ત્યાં હાજર દરેકના મનમાં ભિન્ન ભિન્ન પ્રકારની લાગણીઓ જન્માવી ગઈ.

પેગેનલને લાગ્યું કે ત્યાં હાજર સૌ એની મજાક કરી રહ્યાં હતાં, પરંતુ એની નજર એની સામે જ નૌકાના સુકાનના શિંગાળા વ્હીલ ઉપર લખાયેલા શબ્દો ઉપર પડી. 'ડંકન' અને 'ગ્લાસગો' શબ્દો વાંચીને પોતે કરેલી ભૂલ અંગે એને ખાતરી થઈ ગઈ. મોં ઉપર વિષાદ ફરી વળ્યો. પોતાના મિશન બાદ સુવર્ણચંદ્રક મેળવવાની એની આશા જાણે આટલાન્ટિકના પાણીમાં જ ડૂબી ગઈ. પોતાની બેકાળજીનું જ એ પરિણામ હતું. એનો અવાજ ભારે બની ગયો. સિસકારા સાથે એક ડૂસકું બહાર નીકળી આવ્યું. મોંમાંથી માંડ માંડ શબ્દો નીકળી શક્યા.

'આહ! આ "ડંકન" નૌકા જ છે.' ત્યાં આગળ ઊભેલાં સૌ સમક્ષ પોતાની નબળાઈ ખુલ્લી ન થઈ જાય તે માટે એ ધીમે પગલે પોતાની છ નંબરની કૅબિનમાં પહોંચી ગયો. ફટાફટ બારણાં બંધ કરી દીધાં. સૌ એની પાછળ મોં વકાસીને જોઈ રહ્યાં. ભૂમિના ભોમિયા જેવા આ વિદ્વાન ભૂગોળશાસ્ત્રી આવી ગંભીર ભૂલ કરી શકે એ વાત જ સૌના મનમાં ઠસતી ન હતી. એની આવી મૂર્ખતાપૂર્ણ બે કાળજીનું પરિણામ સ્પષ્ટ હતું. પૂર્વને બદલે પશ્ચિમ તરફની મુસાફરીની ભૂલ સુધારવાનું હવે એને માટે શક્ય જ ન હતું.

પેગેનલ પોતાની કૅબિન નં. ૬માં બંધ થઈ ગયો. બહાર બાકી રહેલાં સૌ પોતાનું હાસ્ય હવે છુપાવી શકે તેમ ન હતું. જોકે એમાં મેજર નેબ્સ અપવાદ હતો. હજી પણ નિરપેક્ષભાવે ચિરૂટમાંથી ધુમાડા કાઢતો નિર્લેપભાવે ઊભો જ હતો.

હાસ્યની છોળો શાંત પડ્યા બાદ ગ્લેનાર્વન ગંભીર બન્યા. આ વિદ્વાન ભૂગોળશાસ્ત્રીનું શું કરવું તે અંગે વિચારવા માંડ્યું.

'એમનું આપણે શું કરીશું? પાછા વળીએ તો પણ એણે ગુમાવેલી 'સ્કોશિયા'ને તો એ પકડી શકે તેમ નથી. આપણી સાથે દક્ષિણ અમેરિકા આવવા એ તૈયાર થાય એવી શક્યતા પણ હું જોતી નથી, અને આપણે આપણી સાથે એને લઈ જઈ શકીએ તેમ પણ નથી.' લેડી હેલીનાએ પેગેનલની ભૂલ સુધારવા બાબતમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા.

‘કેમ નહીં? એની એ ભૂલ માટે આપણે કોઈ રીતે જવાબદાર નથી. એવી ભૂલ એણે કોઈ રેલગાડીની બાબતમાં કરી હોત તો શું એ ગાડીને પાછી વાળી શકાત?’ મેજર નેબ્સે પહેલી જ વાર પેગેનલ બાબતમાં રસ લીધો.

‘ના! એવું તો ન જ થઈ શકે, પરંતુ એવી સ્થિતિમાં મુસાફર આગળના સ્ટેશને ઊતરીને પોતાની ભૂલ સુધારી શકે છે.’

‘જમીન ઉપરની મુસાફરી દરમિયાનનો એ વહેવારુ ઉકેલ છે, પરંતુ અહીં દરિયામાં એવું શક્ય નથી. માત્ર એટલું થઈ શકે કે આગળના કોઈ બંદર ઉપર ઊતરીને ત્યાંથી ઇન્ડિયા તરફ જતું જહાજ એને મળી જાય.’ લૉર્ડ ગ્લેનાર્વને વાતનું સમાપન કર્યું.

એ દરમિયાન પેગેનલ કૅબિનમાંથી પાછો બહાર આવ્યો. મૂંઝાયેલો હતો. પોતાના પ્રોજેક્ટ આડે ઊભી થયેલી આ મુશ્કેલીમાં એને કાંઈ સૂઝતું ન હતું. મૌન રહીને થોડા આંટાફેરા કર્યા. બાદ ગ્લેનાર્વનની સામે જ ઊભા રહીને પૂછ્યું,

‘આ નૌકા તમારી માલિકીની “ડંકન” છે તે સાચું! પરંતુ અત્યારે તે ક્યાં જઈ રહી છે?’

‘દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કાંઠાના “કૉન્સેપ્શન” બંદરે!’

‘અરે! પણ એ બંદર તો પ્રશાંત સાગરને કાંઠે આવેલા ચીલી દેશમાં છે?’ એ દેશના ભૌગોલિક સ્થાનનો નકશો મગજમાં પ્રત્યક્ષ બનતાં જ પેગેનલે કપાળ કૂટ્યું, ‘કેવી મોટી ગરબડ ઊભી થઈ છે મારે માટે? ક્યાં ઇન્ડિયા અને ક્યાં એનાથી સાવ સામી બાજુએ આવેલો ચીલી દેશ? મારા કમિશનનું હવે શું થશે? એ અભિયાનના આયોજકોને હું શો જવાબ આપીશ? સોસાયટીની હવે પછી મળનારી મિટિંગમાં હું શું મોં લઈને જઈ શકીશ?’

એના આ કલ્પાંતથી ત્યાંનું વાતાવરણ ભારેખમ બની ગયું. એ સ્થિતિમાં એને બહાર કાઢવાના સૌ પોતપોતાની રીતે મગજ કસવા લાગ્યા. આખરે એને શાંત્વના આપતા હોય તે રીતે ગ્લેનાર્વને જણાવ્યું.

‘જુઓ મહાશય! સાવ નિરાશ થવાની જરૂર નથી. હજી પણ કાંઈ ઉપાય નીકળી શકે તેમ છે. આફ્રિકાના પશ્ચિમકાંઠે મડેઇરા દ્વીપ સમૂહમાં એ જ નામનું નાનું બંદર છે. ત્યાં તમે ઊતરી જઈ શકો છો. ત્યાંથી પરત ઇંગ્લૅન્ડ કે યુરોપ જતું કોઈ જહાજ તમને મળી શકશે. જોકે એમાં થોડો વિલંબ જરૂર થાય, તેમ છતાં થોડા મોડા પડીને પણ તમે ત્યાં પહોંચી શકશો અને તમારા મિશનને જરૂરથી ન્યાય આપી શકશો.’

‘આભાર તમારો. મારે માટે હવે એ એક જ વિકલ્પ છે. મને અફસોસ થાય છે અને સાથે આશ્ચર્ય પણ થાય છે કે આવું મારી સાથે જ કેમ બનતું હશે. કેવો એ સંયોગ હતો કે “સ્કોશિયા” નૌકામાં પણ મારે માટે છ નંબરની કૅબિન જ રિઝર્વ કરવામાં આવી હતી.’ પેગેનલે મનમાં ઘૂમરાઈ રહેલો આક્રોશ ઠાલવ્યો.

‘મિસ્ટર પેગેનલ! થોડા સમય માટે તમારે તમારી એ “સ્કોશિયા”ને ભૂલી જ જવાની રહેશે.’ એને વાસ્તવિક સ્થિતિની યાદ કરવાતાં કૅપ્ટન મેંગલ્સે વધુમાં જણાવ્યું, ‘તમે ઊભા છો એ ડંકનના માલિક લૉર્ડ ગ્લેનાર્વન આ તમારી સામે જ ઊભા છે કે જે તમને આ નૌકાની મહેમાનગતિ મોકળાશથી માણવા આમંત્રણ આપે છે.’ ગ્લેનાર્વને પોતે જ કૅપ્ટનનું વાક્ય પૂરું કર્યું.

‘તમારા આમંત્રણ માટે આભારી છું. અહીં આ તમારી ડંકનનૌકા ઉપર તમારા અતિથ્યને માણવાનું મને ચોક્કસ ગમશે. ઇન્ડિયા એક બહુ જ સારો દેશ છે. ત્યાંની મુલાકાત લેનાર

પ્રવાસીઓ એની અનેક વિશિષ્ટતાઓ અંગે ચિરંજીવ અસરો લઈને જ જાય છે. આપણી સાથેની આ સન્નારીઓએ તો, હું માનું છું કે ઇન્ડિયા જોયું પણ નહીં હોય. એ બાબતમાં મારું કહેવાનું એમ છે કે સુકાન સંભાળનાર તમારા સુકાનીઓને તેમનું સુકાન સહેજ ઊંધી દિશામાં ફેરવવાની સૂચના જો તમે આપી શકો તો આપણે પૂર્વમાં ઇન્ડિયા તરફ કોઈ તકલીફ વિના જઈ શકીએ. ત્યાંના કલકત્તા બંદરની સહેલ પણ દૂરના ચીલી દેશના કૉન્સેપ્શન બંદરથી જરાય ઓછી આહ્લાદક નહીં હોય. તમારે માટે તો પશ્ચિમમાં હોય કે પૂર્વમાં જવાનું હોય, આનંદપ્રમોદ માટેની આ યાત્રામાં અહીં હોય કે ત્યાં હોય, કશોક ફરક પડનાર નથી.'

વૈભવી વિહારનૌકાની આ યાત્રા આનંદપ્રમોદ માટેની નહીં, પરંતુ અન્ય ગંભીર બાબત માટેની છે તેવી સ્પષ્ટતા કરવાનું લેડી હેલીનાને જરૂર લાગ્યું.

'પેગેનલ મહાશય! અમારી આ યાત્રા જો કેવળ મોજમજા માટે જ હોત તો તમારાં સંગાથમાં ઇન્ડિયા જવાનું મેં જરૂરથી પસંદ કર્યું હોત અને મારા પતિ લૉર્ડ ગ્લેનાવ્રને પણ ખુશીથી યાત્રાના માર્ગ-પરિવર્તન માટે સંમતિ આપી હોત, પરંતુ અત્યારનું "ડંકન"નું મિશન ખાસ ગંભીર હેતુઓ માટેનું છે. એવી સ્થિતિમાં માર્ગાંતર અમારે માટે શક્ય નથી.'

એટલું જણાવીને લેડી હેલીનાએ શાર્કના પેટમાંથી મળેલો સંદેશો અને ત્યાર બાદની ગતિવિધિઓ પેગેનલને સમજાવી. પશ્ચિમ તરફની 'ડંકન'ની યાત્રાનો હેતુ સમજતાં જ લૉર્ડ અને લેડી ગ્લેનાર્વન દંપતીના આ ઉમદા કાર્યથી પેગેનલ અભિભૂત બની ગયો. તે બોલ્યો, 'આ પ્રકારની કામગીરી લઈને તમે નીકળ્યા છો ત્યારે એમાં થોડો વિલંબ પણ ક્યારેક અનર્થકારી બની શકે છે. એવો વિલંબ જો મારે કારણે થવાનો હોય તો કેવળ મારી સગવડ માટે એવો ફેરફાર કરાવવાનું મને માન્ય નથી.'

'અમારા આ અભિયાન સંબંધમાં તમને એક સૂચન કરવાનું મન થાય છે કે કૅપ્ટન ગ્રાન્ટ અને તેના સાથીઓની શોધયાત્રામાં તમે પણ જોડાઈ શકતા હોય તો અમને આનંદ થશે.' લૉર્ડ ગ્લેનાર્વને જણાવ્યું.

'તમારા આમંત્રણ બદલ ખૂબખૂબ આભારી છું, પરંતુ એનો સ્વીકાર કરવાનું મારે માટે અત્યંત મુશ્કેલ છે. ઇન્ડિયા અંગેની મને સોંપાયેલી કામગીરી વહેલીતકે પૂરી કરવાની મારી ફરજ છે. એ માટે આપ સૌની અને "ડંકન"ની વિદાય વહેલીતકે લેવા હું આતુર છું. તમારા માર્ગમાં સાહજિક રીતે આવતા કોઈ પણ બંદરે મને ઉતારી દેવા મહેરબાની કરશોજી. ત્યાંથી વળી પાછા યુરોપ થઈને વહેલીતકે કલકત્તા પહોંચી જવાનો મારો ઇરાદો છે.'

'જેવી તમારી મરજી. બાકી અમારું આમંત્રણ હજી ઊભેલું જ સમજવાનું છે. આફ્રિકાના પશ્ચિમોત્તર કાંઠે ખંડની ધરતીથી સો માઈલ દૂર મડેઇરા દ્વીપસમૂહ આવે છે. તેમાં એ જ નામનું બંદર છે. એ સ્થળે પહોંચીએ ત્યાં સુધી તમારે રાહ જોવાની રહેશે.'

'ભલે! એ બંદરે ઊતરવામાં પણ વાંધો નથી. પોર્ટુગલના લિસ્બન નગરથી એ માત્ર દોઢસો માઈલ દૂર છે. એટલા ટૂંકા અંતર માટે તો મને કોઈ પણ જળયાન મળી રહેશે.' પોતાના મિશન ઉપર વિલંબથી પણ પહોંચી શકવાની શક્યતા જણાતાં પેગેનલ કાંઈક સ્વસ્થ બન્યો.

'મહાશય પેગેનલ!' લૉર્ડ ગ્લેનાર્વને વાતનું સમાપન કરી જણાવ્યું, 'એ રીતે તમારા મિશન ઉપર પહોંચવા તમે મુક્ત છો, થોડા દિવસ માટે ભલે હોય, પરંતુ તમારા યજમાન બનવાનો અમને લહાવો મળ્યો તેનો અમને આનંદ છે. માનું છું કે અહીં અમારી આ "ડંકન" ઉપર તમને કોઈ અગવડ નહીં હોય.'

‘કેવી વાત કરો છો, મહાશય! રઘવાટમાં “સ્કોશિયા”ને બદલે આ “ડંકન’માં બેસી જવાની બહુ જ મોટી અને મૂર્ખતાપૂર્ણ ભૂલ મેં કરી હતી, પરંતુ અહીં “ડંકન” ઉપર તમારા સૌના આવકાર અને આદરને પાત્ર બનવાનું અહોભાગ્ય મને પ્રાપ્ત થયું છે. મારી ભૂલનો હવે મને કોઈ જ વસવસો નથી.’ ‘ડંકન’ના માલિકના મૈત્રીપૂર્ણ વહેવારથી ગળગળા થઈ ગયેલા પેગેનલે પોતાની આભારવશતા પ્રગટ કરી.

પોતાની ભૂલના નિખાલસ સ્વીકાર બાદ પેગેનલ હળવો બની ગયો. ભૂલને કારણે થયેલા અનિવાર્ય વિલંબની સ્થિતિ તેણે સ્વીકારી લીધી. ત્યાર બાદની એની રહેણીકરણી હળવાશભરી બની ગઈ. પોતાના રમૂજી સ્વભાવથી એ સૌને હસાવતો રહ્યો.

પોતે ભૂગોળશાસ્ત્રનો વિદ્વાન હતો. પૃથ્વીની ભૂરચના અંગે એને ઊંડી જાણકારી હતી. એને લગતા કોયડાઓમાં એને ભારે રસ હતો. કૅપ્ટન ગ્રાન્ટના ત્રણ પત્રોના પેલા ટુકડાઓ વાંચવાની અને સ્વતંત્રપણે તેનું અર્થઘટન કરવાની તેણે ઇચ્છા વ્યક્ત કરી. ત્રણે ભાષાની અલગ અલગ પ્રતો અને તેને આધારે ગ્લેનાર્વને બનાવેલી સંકલિત પ્રતનો પેગેનલે કાળજીપૂર્વકનો અભ્યાસ શરૂ કર્યો.

લાંબો સમય પોતાના મગજને આ પ્રશ્ન બાબતમાં તે કસતો રહ્યો. કૅપ્ટન ગ્રાન્ટના ‘બ્રિટાનિયા’ જહાજને પેટાગોનિયાના પશ્ચિમના સાગરતટે અકસ્માત નડ્યો હોવાના અગાઉના તારણ સાથે એ સહમત થયો. મૅરી ગ્રાન્ટ પણ પેગેનલના એવા આશાસ્પદ અનુમાનથી રાજી થઈ. પોતાના પિતાની શોધ માટેની એની આશા બળવત્તર બની. હેલીનાના પિતા વિલિયમ ટફ્નેલને પણ પેગેનલ ઓળખતો હતો. તેની સાથે ભૂસ્તરના સંશોધનો અંગે પોતાને પત્રવ્યવહાર થયો હતો તે વાત તેણે પ્રેમથી હેલીનાને જણાવી.

૮

મડેઇરા અને કૅનેરીના ટાપુસમૂહો

ગ્લાસગોથી ૨૫મી ઑગસ્ટની રાત્રે “ડંકન”ની યાત્રા શરૂ થઈ હતી. પવનના અનુકૂળ પ્રવાહોને કારણે ઝડપથી તે ઉત્તર પશ્ચિમ આફ્રિકાના કાંઠા નજીક પહોંચી ગઈ. ૩૦મી ઑગસ્ટના રોજ દૂર ક્ષિતિજ ઉપર મડેઇરાના ટાપુસમૂહનું દર્શન થયું. “ડંકન”ના મહેમાન બનેલા પેગેનલને બોલાવીને લૉર્ડ ગ્લેનાર્વને પૂછ્યું.

‘પેગેનલ મહાશય! મને જણાવતાં આનંદ થાય છે કે થોડા જ કલાકોમાં આપણી “ડંકન” મડેઇરા બંદર નજીક લંગર ઉતારી શકશે. મને આશા છે કે ત્યાંથી યુરોપ પહોંચવા માટેનું કોઈક જળયાન તમને મળી રહેશે.’

‘આપની પાસેથી હું જાણી શકું કે મડેઇરા જવાનું અને ત્યાં થોભવાનું તમારા કાર્યક્રમના ભાગરૂપે જ છે કે પછી કેવળ મારા માટે જ એ માર્ગાંતર થવાનું છે?’ મડેઇરા જવાનું અને ત્યાંથી વળતી મુસાફરી બાબતમાં પેગેનલ જુદું જ વિચારી રહ્યો હતો. એ અંગે સ્પષ્ટતા કરતાં એ બોલ્યો.

‘જો મને ઉતારવા માટે જ ત્યાં જવાનું હોય તો એના વિકલ્પે હું આપને જુદી જ વિનંતી કરીશ. એ બંદરે ઊતરી જવાને બદલે થોડા વધુ દક્ષિણમાં આવેલા કૅનેરી દ્વીપસમૂહ તરફ નૌકાને હંકારવાનું શક્ય બનશે?’ એ હજી પણ અવઢવમાં જ હતો. આગળ શું કરવું તે નક્કી કરી શકતો ન હતો. જોકે પોતાના બદલાયેલા વિચાર અંગે કારણ આપતાં એ બોલ્યો, ‘મારા જેવા ભૂગોળના રસિયા માટે આ મડેઇરા ટાપુઓમાં સંશોધન કરવા માટે ખાસ કાંઈ બાકી રહેલું નથી, એની ભૂભૌગોલિક સ્થિતિ અને એ પ્રદેશો અંગેની તમામ માહિતી મારી પાસે છે. એક સમયે દ્રાક્ષની ખેતી માટે પ્રખ્યાત એ ટાપુઓમાં હવે સોગંદ ખાવા પૂરતી પણ દ્રાક્ષ થતી નથી. સન ૧૮૧૩ના આંકડા પ્રમાણે તે સમય દરમિયાન વરસ લાગે ત્યાં બાવીસ હજાર ડ્રમ જેટલું દારૂનું ઉત્પાદન થયું હતું. ૧૮૪૫ સુધીમાં એ ઉત્પાદન ઘટીને ૨૬૬૯ ડ્રમ જેટલું જ થયું હતું. હવે તો દ્રાક્ષની ખેતી જ ત્યાં રહી નથી. એને બદલે કેનરી ટાપુઓમાં ઊતરવાનું મારા અભ્યાસની દૃષ્ટિએ ઠીક રહેશે. ત્યાંની ડુંગરમાળાના સૌથી ઊંચા ટેનેરિફ શિખર ઉપર આરોહણ કરવાનું મેં સ્વપ્ન સેવ્યું હતું. મારા મૂળ કાર્યક્રમની ગાડી હવે જ્યારે ઊંધે પાટે જ દોડી રહી છે ત્યારે મારી એ મનોકામના પૂરી કરવાની તક અનાયાસ મળી ગઈ છે. આપને જો વાંધો ન હોય તો!’

‘તમને અનુકૂળતા થતી હોય તો મારી અગવડનો પ્રશ્ન મહત્ત્વનો રહેતો નથી.’ લૉર્ડ ગ્લેનાર્વને સંમતિ દર્શાવી. એને ખબર હતી કે એ ટાપુઓમાં જવા માટે એણે વધારાના ૨૫૦ માઈલ દક્ષિણમાં જવું પડશે તેમ હતું અને એ એનો રસ્તો પણ હતો. ડંકન જેવી ઝડપી નૌકા

માટે એટલું વધારાનું અંતર કોઈ મોટી બાબત ન હતી.

બીજા દિવસે બપોરે બે વાગ્યાના અરસામાં કૅપ્ટન મેંગલ્સ અને પેગેનલ નૌકાના આગળના ભાગમાં ઊભા હતા. સામાન્ય વાતો થતી હતી. નૌકાનું અંતિમ લક્ષ્ય ચીલીદેશનું કૉન્સેપ્શન બંદર હતું. ત્યાંની કામગીરી અંગે જાણવા માટે પેગેનલ ઉત્સુક હતો. એ અંગે એણે કૅપ્ટનને કેટલાક પ્રશ્નો પૂછ્યા, પરંતુ ત્યાં જઈને કૅપ્ટન ગ્રાન્ટની શોધ કરવાની દિશામાં શું કરવાનું હતું તેની કોઈ માહિતી હજી પણ એની પાસે ન હતી. જવાબ આપતાં એ કતરાતો હતો. જવાબ આપવાને બદલે નૌકાની આગળના અર્ધગોળાકાર ક્ષિતિજ તરફ નજર ખોડીને તે ઊભો હતો. જ્યારે આ બાજુ પેગેનલ તરફના પ્રશ્નોનો અંત આવતો ન હતો. કૉન્સેપ્શન નહીં તો કૅનેરી, એને તો માહિતીમાં રસ હતો.

પેગેનલને દક્ષિણ દિશાની એ ક્ષિતિજ સામે ઊભો રહી ગયેલો જોઈને કૅપ્ટનને કુતૂહલ થયું. એણે પણ એ દિશામાં ધ્યાનથી જોવા માંડ્યું.

બપોરના કઠોર તડકાથી આંખોને સાચવવા માટે હોય તે રીતે હાથની આડશ ધરીને એ પણ જોઈ રહ્યો. ક્ષિતિજ ઉપર કાંઈક દેખાયું હોય તે રીતે એકદમ બોલી ઊઠ્યો,

'જુઓ જુઓ! કૅપ્ટન, બરાબર સામે જુઓ. કાંઈક દેખાય છે તમને?'

'ના સાહેબ, નીચે ઘૂઘવતો દરિયો અને ઉપર ભૂરું આકાશ દેખાય છે. એ સિવાય બીજું કાંઈ જણાતું નથી. તમને ત્યાં કાંઈ બીજું દેખાયું?'

'આપણી આ નૌકાના આગળના અણિયારા ધોર કે નાળદંડ (Bowsprit)ની સીધી લીટીમાં ક્ષિતિજ ઉપર તમે જુઓ. ત્યાં થોડી વાદળીઓ તો આકાશમાં છે જ, પરંતુ એની અંદર કાંઈક વિશેષ દેખાય છે?'

'ના જી, મારી નજરમાં બીજું તો કોઈ આવતું નથી. તમે જ કહો તમને શું દેખાય છે? મને તો ત્યાં કાંઈ જ દેખાતું નથી.'

'એનો અર્થ મને એ સમજાય છે કે તમે ત્યાં કાંઈ જોવા માગતા જ નથી. તો હવે મારે જ બતાવવું પડશે કે ત્યાં મને શું દેખાયું?' કોઈ ભૌગોલિક અજાયબી હોય તે રીતે ઉત્તેજિત થઈને એ દિશામાં પેગેનલ પોતાની આંગળી ચીંધવા લાગ્યો, 'ત્યાં જુઓ, કૅનેરી દ્વીપસમૂહનો એ પહેલો જ ટાપુ. એ આખો જ ડુંગરાળ છે અને એમાંનું સૌથી ઊંચું શિખર ટેનેરિફ. વાદળોનાં આછાં આવરણ વચ્ચે અત્યારે તો માત્ર એની ટોચની જ ઝાંખી થાય છે. એ સ્થળ અહીંથી ચાલીસ માઈલ દૂર હશે.'

પેગેનલના સ્પષ્ટ નિર્દેશ છતાં પોતાને કાંઈ સ્પષ્ટ ખ્યાલ આવતો નથી, એમ કૅપ્ટન બોલતો રહ્યો. જોકે બે કલાકની ઝડપી મુસાફરી બાદ ટાપુ ઉપરનું ચિત્ર કાંઈક સ્પષ્ટ બન્યું. કૅપ્ટને પણ હવે સ્વીકાર્યું કે એ ટેનેરિફ શિખર જ હતું. એના પ્રશ્નના જવાબમાં પેગેનલે જણાવ્યું કે શિખર અગિયાર હજાર ફૂટ જેટલું ઊંચું હતું. યુરોપના સૌથી ઊંચા શિખર મોં બ્લાં કરતાં એ નીચું હતું, પરંતુ એની ફરતેના ડુંગરાઓની ચઢતી ઊંચાઈને કારણે ટેનેરિફ શિખર વધુ ઊંચું લાગતું હતું.

'અહીં દૂરથી તો બહુ ખ્યાલ આવતો નથી. નજીક જઈએ તો કદાચ વધુ ઊંચું લાગતું હશે.' કૅપ્ટને નિરસભાવે જણાવ્યું.

'છેક એવું નથી. અગાઉ હમ્બોલ્ટ અને બોનપ્લાન જેવા સંશોધકોએ એ અંગે તલસ્પર્શી સંશોધન કર્યું હતું. અને તેનો મેં અભ્યાસ કર્યો છે. ડુંગરમાળાનાં તમામ શિખરો ખૂંદવા ઉપરાંત અહીંના બંધ પડેલા જ્વાળામુખીના મુખમાં પણ તેઓ ઊતર્યા હતા.' પેગેનલે એ ડુંગરમાળા

અંગેનો માહિતીપટારો ખુલ્લો કર્યો.

‘એ પ્રદેશ અંગે એટલું બધું સંશોધન થયું હોય તો તમારે માટે તો કાંઈ કામ બાકી નહીં હોય!! તમે ત્યાં જઈને કરશો શું? એવી કોઈ પણ ઉપયોગી પ્રવૃત્તિ વિના તમારી પાસે ત્યાં એક જ કામ હશે. ત્યાંનાં પ્રમાણમાં નાના એવા વિલાપ્રાયા બંદરે થઈને યુરોપ જતાં જહાજોની પ્રતીક્ષા જ કરવાની રહેશે. એ બંદરે હું તમને ઉતારી શકીશ. સાથે સાથે આ નૌકા માટે કોલસા તથા પાણીનો પુરવઠો લઈ શકાશે.’

‘એ ઠીક રહેશે. ત્યાં બીજો એક લાભ મળવાની પણ શક્યતા છે. ત્યાં થઈને સેનેગલ નિવાસી મારા દેશવાસીઓની અવરજવર રહેતી હોય છે. મને તેઓની કંપની મળી રહેશે. સેનેગલ એક ફ્રેન્ચ સંસ્થાન છે. તેનો તમને ખ્યાલ હશે જ. હું જાણું છું કે એ આખો પ્રદેશ અલ્પવિકસિત છે. હવામાન પણ રોગિષ્ઠ છે, પરંતુ ભૂગોળશાસ્ત્રી માટે એવી બધી અગવડો ગૌણ હોય છે. મહત્ત્વ એ પ્રદેશને જોવા-જાણવામાં છે. એને જ હું વિજ્ઞાન કહું છું. Seeing is Science એ ટાપુસમૂહની વસ્તી પાંખી છે અને લોકો સાવ ગરીબ છે. પોતાની આસપાસની દુનિયાને જોવા-જાણવાની એમની વૃત્તિ જ વિકસેલી નથી. કૂવામાંના દેડકાની દુનિયા જેટલી જ એમની દુનિયા છે. જોકે મારે એની સાથે કોઈ નિસ્બત નથી. હું મારી રીતે જ મારું કામ કર્યે જાઉં છું.’ પોતાની ભૂલનો રંજ હવે વિસારે પડ્યો હોય તેમ પેગેનલ ઉત્સાહથી બોલવા સાગ્યો.

નૌકાને વિલાપ્રાયા બંદર તરફ હંકારવાનો કૅપ્ટને આદેશ આપ્યો. ટેનેરિફના ખડકાળ ટાપુને ડાબી બાજુએ છોડીને તેનાથી સલામત અંતરે રહીને નૌકાએ ટાપુસમૂહના અંદરના ભાગમાં જવાનો માર્ગ લીધો. થોડા વધુ દક્ષિણમાં અને બીજી સપ્ટેમ્બરના રોજ મળસ્કે કર્કવૃત્ત તરીકે ઓળખાતી દક્ષિણાયાનની ૨૩°.૨૬” અક્ષાંશની રેખા ડંકનનૌકાએ પસાર કરી.

દરમિયાન હવામાને પલટો લીધો. ઉત્તર ગોળાર્ધ માટે આ ચોમાસાની ઋતુ હતી. દરિયાઈ જહાજો અને તના જહાજીઓ માટે આ સમય અને સ્થળ કસોટીરૂપ બનતાં હોવાનું સ્પેનિશ સાગરખેડુઓએ જણાવ્યું હતું. દરિયા ઉપરથી ફૂંકાઈ રહેલા જોરદાર પવન અને વરસાદી ઝાપટાંઓને કારણે તૂતક ઉપર ઊભા રહેવાનું મુશ્કેલ બની ગયું.

ત્રીજી સપ્ટેમ્બરે કૅનેરી ટાપુઓની વચ્ચેના સાંકડા અને વાંકાચૂંકા જળમાર્ગમાં નૌકાએ પ્રવેશ કર્યો. કુદરતે કેવળ રેતીનો જ ગુંબજ બનાવ્યો હોય તેવા આકારવાળા નાનકડા સાલ ટાપુ પાસે થઈને નૌકા આગળ વધી. અનેક ટાપુઓના કાંઠાઓ પરવાળાંના ખડકોના જ હતા. નૌકાએ વધુ અંદરના ‘સેન્ટ જેકીસ ટાપુ’ પાસે પહોંચવાનું હતું. લાંબી ડુંગરમાળાથી ઘેરાયેલા આ ટાપુ ઉપર જ વિલાપ્રાયાનું નાનું બંદર વિકસ્યું હતું. બંદર નાનું હોવા છતાં દક્ષિણ અમેરિકાના દેશો તરફની મુસાફરી અહીંથી જ શરૂ થતી હતી. આટલાન્ટિક પાર કરવા માટેની લાંબી મુસાફરી શરૂ થાય તે પૂર્વે કોલસા, પાણી તથા ખાદ્યસામગ્રીના પુરવઠાની પૂર્તિ અહીંથી કરવી જરૂરી હતી.

ટાપુસમૂહના છેક અંદરના ભાગમાં વિલાપ્રાયા બંદર હોવા છતાં તોફાની પવન સાથેનાં જોરદાર મોજાંઓ બંદરમાં લાંગરેલાં જહાજોને ડોલાવી રહ્યાં હતાં. વરસાદની ઝડી ઉપર ઝડીના ઘમસાણમાં નગરની ઇમારતો અદૃશ્ય બની હતી. જ્વાળામુખીના લાવાથી બનેલા લગભગ ૩૦૦ ફૂટ ઊંચાઈના સપાટ પ્રદેશ ઉપર શહેર વસ્યું હતું. લેડી હેલીનાની ઇચ્છા જેટ્ટી ઉપર ઊતરીને લટાર મારવાની હતી, પરંતુ ચાલુ તોફાનમાં એ શક્ય ન હતું. ડંકનના ભંડકિયામાં કોલસા ભરવામાં પણ મુશ્કેલી પડતી હતી. નૌકાના અંદરના એક મોટા ખંડમાં ટોળે મળી સૌ વાતોએ વળગ્યાં. ખરાબ હવામાનની જ ચર્ચા થાય એ સ્વાભાવિક હતું. સૌ પોતપોતાના અભિપ્રાય

વ્યક્ત કરતાં હતાં. એમાં અપવાદ એકમાત્ર મેજર નેબ્સનો હતો. બહાર તોફાની હવામાન હતું, ખંડમાં સૌ વાતોએ વળગ્યાં હતાં. એની વચ્ચે સ્થિતપ્રજ્ઞની જેમ ટેબલ છેડેની ખુરશી ઉપર તે આરામથી બેઠો હતો. મોંમાં ખોડાયેલી લાંબી ચિરૂટના ધુમાડા અવારનવાર નીકળતા હતા અને એમાં જ એની વૈચારિક દુનિયા ઘૂમ્યા કરતી હતી.

એવા માહોલમાં અસંબદ્ધ અને ઉદાસીન પેગેનલ મૂંગો જ હતો. આ બંદરે જ ઊતરવાનું નક્કી હોવાથી તેણે પોતાનો સામાન બાંધી દીધો. કાંઈક દ્વિધાભરી દશામાં તે ઉપર અને નીચે ચઢ-ઊતર કરવા લાગ્યો.

'પેગેનલ મહાશય! આ હવામાન તમારે માટે અનુકૂળ હોય તેવું લાગતું નથી.' એના તરફ જોઈને લૉર્ડ ગ્લેનાર્વન બોલ્યા.

'આવા વરસાદમાં તમે શું કરશો?' લેડી હેલીનાએ પણ પતિની ચિંતામાં સૂર પુરાવ્યો.

'મુશ્કેલી જ છે!' મોં ઉપરના સોગિયા ભાવ સાથે પેગેનલે પોતાનો પ્રતિભાવ આપ્યો, 'મને મારી પોતાની નહીં, પરંતુ મારા આ સામાનની અને સંશોધન માટે જરૂરી એવાં સાધનોની સલામતીની ચિંતા છે.'

'આવી વિષમ સ્થિતિમાં યાનમાંથી જેટ્ટી ઉપર પગ મૂકવામાં પણ મુશ્કેલી પડે તેમ છે. તેમ છતાં નજીકની કોઈ હોટલમાં તમને એકાદ રૂમ તો જરૂરથી મળી રહેશે એમ હું માનું છું. જોકે એવી એ રૂમ તમારી અપેક્ષા મુજબની સુંદર અને સુવિધાવાળી હોવાની શક્યતા નથી. અહીં આ વરસાદની સિઝન ચાર-પાંચ માસ ચાલતી હોય છે. તે દરમિયાન અન્ય કોઈ પ્રવાસી હોવાની શક્યતા નહીંવત જ હોવાની. છતાં તમે ચિંતા કરશો નહીં. આજુબાજુની ઝાડીમાં વાંદરાં તથા ડુક્કરોની સારી કંપની તમને મળી રહેશે. મને ખાતરી છે કે છ-સાત માસ દરમિયાન એકાદ જહાજ તો તમને મળી જ રહેશે.'

લૉર્ડ ગ્લેનાર્વને એનો મહેમાન છળી મરે એવું વાસ્તવિક ચિત્ર હળવી શૈલીમાં રજૂ કર્યું.

'સાત-આઠ માસ! અરે ભલા ભગવાન! એટલા સમય દરમિયાન મારે અહીં એકલાએ એ વાંદરાં અને ડુક્કરોની વસ્તી વચ્ચે પડી રહેવાનું?' પેગેનલ ભારે વિમાસણમાં પડી ગયો.

'હા જી! છ-સાત માસ. જોકે એ દરમિયાન વરસાદ ન હોય ત્યારે તેમાં તમારા સંશોધન કાર્ય માટે નીકળી શકશો. તમારા માટે અહીંની આ ધરતીનાં સંશોધનની પૂરતી તક રહેશે. અહીંની નદીઓમાં પણ તમે સંશોધનયાત્રા કરી શકશો. તમારી ધીરજની પણ સાથે સાથે કસોટી થશે.' લેડી હેલીના પણ હળવી વાતોમાં જોડાઈ.

'તમારા સૂચન માટે આભાર, મૅડમ.' હેલીનાની હળવી મજાકને પણ ગંભીર ભાવે જ સમજીને પેગેનલે એમાં પોતાની મુશ્કેલી રજૂ કરી, 'જેમાં સંશોધન થઈ શકે તેવી કોઈ નદી જ આ ટાપુ ઉપર નથી.'

'અરે નદી ન હોય તો શું થયું? નાની ખાડીઓ તો હશે જ ને? તે નહીં તો ઝરણાંઓ હશે જ અને તે પણ ન હોય તો જંગલો ક્યાં નથી?'

'મૅડમ! જંગલ બનવા માટે ઝાડી અને વૃક્ષોનો સમૂહ જોઈએ. તે ઊગવા માટે જમીન જોઈએ, પરંતુ અહીંની ધરતીને માથે તો આ ખડકો જ લખાયેલા છે.' પેગેનલે બળાપો કાઢ્યો.

'એ રીતે તો પૃથ્વીનો આ ભૂભાગ ખરેખર રસ પડે તેવો જ કહી શકાય.' ચર્ચાને અત્યાર સુધી નિરપેક્ષભાવે સાંભળી રહેલા મેજર નેબ્સે પહેલી વાર મમરો મૂક્યો.

'સ્વસ્થ થાવ, મહાશય પેગેનલ, નદી અને જંગલો નહીં હોય તો આ ટાપુઓ ઉપરની

ડુંગરમાળામાં તો તમને જરૂરથી રસ પડશે.' મેજર નેબ્સ પણ પેગેનલ સાથેના આ વિવાદમાં રહી રહીને જોડાયા.

'એવા એ ઠીંગુજી અને મહત્ત્વ વિનાના ડુંગરાઓ તથા તેમાંના વેરાન ખડકો સાથે શું હું મારું માથું ફોડું? અને એ સંબંધમાં અગાઉ અહીં આવેલા ભૂસ્તરશાસ્ત્રી હંબોલ્ટ અને સાધ્વી ક્લેરાએ ઘણું ઘણું લખ્યું છે. એ ઉપરાંત ચાર્લ્સ ડેવીલ જેવાએ પણ અહીં વ્યાપક સ્તરની મુસાફરી કરીને પોતાનો હેવાલ તૈયાર કર્યો હતો. એ બધા જ રિપોર્ટ મેં વાંચ્યા છે. મારે માટે એમાં નવું ઉમેરવા જેવું અહીં કાંઈ નહીં હોય એવું હવે મને લાગે છે. આવી બાબતોમાં હું હંમેશાં જ મોડો પડું છું. જુઓને આ સાધ્વી ક્લેરા! થોડા સમય ઉપર જ સરકારી વળાવિયા જહાજ "લા ડે સીડી" દ્વારા અહીંના કેપવર્ડે, ટાપુ ઉપર આવ્યાં હતાં. મહત્ત્વના તમામ ટાપુઓની એમણે મુલાકાત લીધી હતી. અહીંના "ફોગો ટાપુ" ઉપરના જ્વાળામુખી અંગેનો એમનો હેવાલ વિસ્તૃત અને માહિતીપૂર્ણ છે. મારા નસીબમાં એવા સંશોધકોની પાછળ બે ડગલાં રહીને તેમના હેવાલ વાંચવાનું જ હોય છે.'

'તમારી વાત સાંભળીને અમને ખરેખર અફસોસ થાય છે.' લેડી હેલીનાએ એને આશ્વાસન આપ્યું. વધુમાં ઉમેર્યું, 'અહીંને બદલે તમે અગાઉના મડેઇરા ટાપુ ઉપર ઊતરી ગયા હોત તો ઠીક રહેત એવું નથી લાગતું તમને? ભલે હવે ત્યાંનો શ્રેષ્ઠ ગણાતો દારૂ હવે તમને મળી શકે તેમ નહીં હોય તો પણ?'

પેગેનલે નિઃશ્વાસ નાખ્યો. થોડી વાર સોગિયા મોં સાથે મૌન રહ્યા બાદ ફરીથી એમણે પૂછ્યું, 'હું આપની પાસેથી એ જાણી શકું કે હવે પછીનો આપણો મુકામ ક્યાં હશે?'

'હવે પછી? હા જી! ચીલી દેશના કૉન્સેપ્શન બંદરે આપણે થોભીશું.' ગ્લેનાર્વને વિચાર કરીને જવાબ આપ્યો.

'એ સ્થળ તો ઇન્ડિયાથી ઘણું જ દૂર છે.'

'ના જી! છેક એવું નથી. દક્ષિણ અમેરિકાના છેક છેડે આવેલી કેપ હૉર્નની ભૂશિરથી આપણે પૂર્વમાં જેટલા આગળ વધીશું તેટલું ઇન્ડિયા નજીક આવશે.' ગ્લેનાર્વન હવે મજાક કરવાના મૂડમાં હતા. કહે, 'એક વાર કોઈ એવું નક્કી કરે કે તેણે ઇન્ડીઝમાં જવું છે, પછી તે સ્થળ વેસ્ટઇન્ડીઝ હોય કે ઇસ્ટઇન્ડીઝ હોય તેમાં શું ફરક પડે છે?'

'કેવી વાત કરો છો તમે? બંને સ્થળો સાવ ભિન્ન પ્રકારનાં હોય ત્યારે એક સ્થળને બદલે બીજા સ્થળે થોડું પહોંચી જવાય?' પેગેનલે હળવો પ્રતિવાદ કર્યો.

'સાંભળો તમે, મિસ્ટર પેગેનલ! પેટાગોનિયાના પ્રદેશમાં ખોવાયેલા નાવિકોને શોધવા માટે અમારું આ મિશન છે. ત્યાંના પમ્પા પ્રદેશના મૂળ આદિવાસીઓ પણ ઇન્ડિયન જ કહેવાય છે. હવે એવો ઇન્ડિયન પમ્પા પ્રદેશનો હોય કે ઇન્ડિયાના પંજાબ પ્રદેશનો હોય તેમાં મને તો કોઈ તફાવત દેખાતો નથી.'

ગ્લેનાર્વનની આ રજૂઆત આમ તો મજાક સ્વરુપે જ કહી હતી, પરંતુ પેગેનલે એને ગંભીર ભાવે જ લીધી. તે ભોળા ભાવે બોલ્યો, 'મહાશય! તમારી વાત તો સાચી લાગે છે. અત્યાર સુધી એ વાત મને કેમ ન સૂઝી હોય તેનું મને આશ્ચર્ય થાય છે.'

'તમારી બાબતમાં મારું તો માનવું છે અને વિશ્વાસ પણ છે કે ઇન્ડિયનો ઇન્ડિયાના હોય કે અહીં અમેરિકાના હોય, કોઈ પણ રીતનું સંશોધન કરવામાં તમારો સુવર્ણચંદ્રક નિશ્ચિત ગણવાનો છે. અહીંની કોર્ડિલરાઝની પર્વતમાળામાં પણ તિબેટની હિમાલયન પર્વતમાળા જેવું જ

સંશોધનકાર્ય પડેલું છે.'

'તમે જણાવો છો તે બરાબર છે, પરંતુ મારે ત્યાંની યારો-ઝેન્ગબો-ચાઉ નદી ઉપર સંશોધન કરવાનું છે. સુવર્ણચંદ્રક એ માટે જ નક્કી થયેલો છે. એવું કોઈ મોટું કામ અહીં મને જણાતું નથી.' પેગેનલે નિરાશા વ્યક્ત કરી.

'તમે અહીની રિયો કોલોરાડોને ભૂલી ગયા લાગો છો. એ નદી માટે બહારની દુનિયાને ખાસ કાંઈ જાણકારી નથી. એ માટેના નકશાઓ પણ ભૂસ્તરશાસ્ત્રીઓએ ખાસ તપાસ કર્યા વિના મનસ્વી રીતે જ બનાવ્યા હોય તેવા છે.'

'હું એ જાણું છું, મહાશય! એ નકશાઓમાં ઘણી ક્ષતિઓ રહેલી છે. જ્યૉગ્રાફિકલ સોસાયટીએ જ્યારે મને ઇન્ડિયા સંબંધી પ્રોજેક્ટ સોંપ્યો ત્યારે જ આ રિયો કોલોરાડો અંગેની વિગત મારે તેમને જણાવી દેવી જરૂરી હતી. ઇન્ડિયા સંબંધી પ્રોજેક્ટની સાથે સાથે જ અહીંને માટેની મંજૂરી પણ મને મળી ગઈ હોત. એવી સ્થિતિમાં હાલની ભૂલ અંગે મને કોઈ અફસોસ થાત નહીં.'

'પેગેનલ મહાશય! હાલની આ નવી બદલાયેલી સ્થિતિમાં તમારે કોઈ ચોક્કસ નિર્ણય લેવો જોઈએ. મને લાગે છે કે અમારી સાથે જ ચીલી આવવા સિવાય તમારી પાસે અન્ય કોઈ વિકલ્પ નથી.' લેડી હેલીનાએ વિનંતીના ભાવ સાથે જણાવ્યું. વણનોતર્યા મહેમાન ભારે મૂંઝવણમાં હોય તેમ એને લાગ્યું.

'પરંતુ મૅડમ, ઇન્ડિયા અંગેના મારા મિશનનું શું થશે?'

'તમે તેની ચિંતા કરશો નહીં. ચીલી પહોંચતાં અગાઉ આપણી આ નૌકાએ મેગેલનની ખાડીમાં થઈને પસાર થવાનું છે. એ ખાડીના પૂર્વ તરફના છેડે પ્રશાંત સાગરમાં પોર્ટ ફેમિનીની મુલાકાત પણ થવાની છે.' ફ્રેન્ચમૅન પેગેનલ સમક્ષ મૂળ ફ્રેન્ચ વસાહત એવા ફેમિની બંદરની મુલાકાત પણ થવાનું ગાજર લૉર્ડ ગ્લેનાર્વને એની સમક્ષ લટકાવ્યું.

'શું કહ્યું તમે? પેલા ખૂબ જ જાણીતા એવા ફેમિની બંદરની વાત કરો છો તમે? મારા દેશના સાહસિકોએ વસાવેલું અને વિકસાવેલું એ અદ્‌ભુત બંદર છે.'

'વિચાર કરો, મિસ્ટર પેગેનલ! અમારા અભિયાનમાં સાથ આપીને તમે અમારા સ્કોટલૅન્ડને તમારા ફ્રાન્સ સાથે જોડવાનું એક ઉમદા કામ કરી રહ્યા છો. આમ પણ તમે ભૂગોળશાસ્ત્રી છો. અમારા હાલના મિશનમાં માર્ગ સાથે સંકળાયેલાં એવાં અનેક સ્થળો છે, જે બાબતમાં અમે અસ્પષ્ટ છીએ. એવા પ્રશ્નોને ઉકેલવામાં તમે અમને સહાયરૂપ બની શકો તેમ છો.'

'મારા ક્ષેત્રમાં આવું જ કામ આવે છે. એમાં કાંઈ કહેવાનું હોય જ નહીં. મૅડમ હેલીનાની વાત સાચી છે. તમારા આ અભિયાનમાં એ રીતે સહાયરૂપ બનવાનું મને ગમશે.'

પેગેનલે પોતાના યજમાન મિત્રોની વિનંતી માન્ય રાખી હોય એવું એની વાતના બદલાયેલા વલણ ઉપરથી લાગ્યું.

'મિસ્ટર પેગેનલ, અમારી વિનંતી તમે માન્ય રાખો છો, એ માટે તમારી પાસે ગમે તે કારણ હોય, તેનું અમારે મને મહત્ત્વ નથી. સંજોગવશાત તમે આ જહાજ ઉપર આવી ગયા એ એક ભૂલ કે અકસ્માત હશે, પરંતુ આપણે સૌએ એને સુખદ અકસ્માત જ સમજવાનો છે. અમારા આ મિશનની શરૂઆત પણ શાર્કના શિકારમાંથી જ થઈ છે. એ પણ એક અકસ્માત જ હતો ને! એવા અકસ્માતમાંથી ઊભી થયેલી પરિસ્થિતિને સ્વીકારી લેવામાં જ અમને ડહાપણ જણાયું

હતું. તમારી બાબતમાં થયેલી ભૂલ પછીની હાલની સ્થિતિને સ્વીકારી લેવામાં જ ડહાપણ છે એમ અમને લાગે છે.'

'તો મિત્રો! સાંભળો, મારો નિર્ણય. મારું મૂળ મિશન અને હાલનું તમારું અભિયાન, બંને મને તો સરખાં જ અગત્યનાં લાગે છે અને તમારા પ્રેમભર્યા આગ્રહને સ્વીકારી લેવામાં હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

૯

મેગેલન ખાડીની આરપાર

જેકીસ એલિયાસીન ફ્રાંકોસ પેગેનલ જેવા વિદ્વાન ભૂતળશાસ્ત્રી આખરે માની ગયા. લૉર્ડ અને લેડી ગ્લેનાર્વને હાથમાં લીધેલા મિશનમાં સાથ આપવાનું એમણે નક્કી કર્યું. 'ડંકન' નૌકા ઉપર સૌ નિવાસીઓને એ જાણીને અત્યંત આનંદ થયો. નાનો રૉબર્ટ તો વાંદરાની જેમ જ કૂદાકૂદ કરવા માંડ્યો. એક કૂદકા સાથે તે પેગેનલને ગળે વળગી પડ્યો. પેગેનલે માંડ માંડ પોતાની સમતુલા જાળવી. રૉબર્ટના ટીખળ સામે મીઠો ગુસ્સો વ્યક્ત કરતાં જણાવ્યું.

'તારી આવી બાળહરકત માટે મારે તને સજા કરવી પડશે. તારે ફરજિયાત રીતે મારી પાસેથી ભૂગોળ શીખવાની રહેશે.'

નાના રૉબર્ટને ભવિષ્યમાં શું બનાવી શકાય તેના પ્લાન દરેકે પોતપોતાના મનમાં વિચારી રાખ્યા હતા. સ્વાભાવિક હતું કે કૅપ્ટન જ્હૉન મેંગલ્સ એને શ્રેષ્ઠ નાવિક અને જહાજનો કૅપ્ટન બનાવવા ઉત્સુક હતા. મેજર મેક મેબ્સની ઇચ્છા સંકટના સમયમાં પણ સ્વસ્થ રહી શકે એવો એને ધીરવીર સૈનિક બનાવવાની હતી. ગ્લેનાર્વન દંપતી એને હિંમતબાજ છતાં ભલો અને ઉદાર દિલ સજ્જન તરીકે જોવાની અપેક્ષા રાખતાં હતાં. આ બધા શુભચિંતકોની પોતાના પ્રત્યેની આવી લાગણીને કુ. મૅરી સારી રીતે સમજતી હતી. એનો યોગ્ય રીતનો પડઘો કેવી રીતે પાડવો તે અંગેની દોરવણી, રૉબર્ટને તેની આ માતૃતુલ્ય મોટીબહેન તરફથી મળતી રહેતી હતી.

પેગેનલના પ્રશ્નનો એ રીતે સુખદ અંત આવ્યો ત્યાર બાદ નૌકા ઉપરનું વાતાવરણ ફરીથી હળવું અને રાબેતા મુજબનું બની ગયું. કૅપ્ટન ગ્રાન્ટ અને તેના સાથીઓની શોધનો એક જ મુદ્દો હવે સૌની સમક્ષ રહ્યો. નવો ઊગતો દરેક દિવસ કૅપ્ટન ગ્રાન્ટની શોધની નજીક આવતી રહ્યો હોવાની સૌને ખાતરી થતી જતી હતી.

કૅપ્ટન મેંગલ્સ પોતાના વ્યવસાયી બંધુ કૅપ્ટન ગ્રાન્ટની શોધ અંગે વધુ આશાવાદી હતા. જોકે એનો રસ મૂળભૂત રીતે કૅપ્ટન ગ્રાન્ટની પુત્રી મૅરી સુખી થાય તે હતો. યુવાનીને ઉંબરે ઊભેલી આ કિશોરી માટે એના મનમાં ખાસ ભાવ જન્મ્યા હતા, એક મૅરી સિવાય સૌ કોઈની નજરથી પોતાના મનના ભાવોને તે સારી રીતે છુપાવી શક્યો હતો. પોતાની સગવડ અને સુખાકારીનો ખાસ ખ્યાલ રાખનાર મેંગલ્સની તત્પરતા મૅરીની ચતુર આંખોથી છૂપી રહી ન હતી.

ભૂગોળશાસ્ત્રી પેગેનલ અત્યાર સુધી વહેલીતકે ઇન્ડિયા પહોંચી જવા માટેની ચિંતામાં જ વ્યસ્ત હતો, પરંતુ ઇન્ડિયાને બદલે ચીલી જવાનો નિર્ણય લેવાતાં તે હવે હળવો બની ગયો. એમાંથી બહાર આવી જતાં હવે અન્ય એક અગત્યનાં કામોમાં એ વ્યસ્ત બની ગયો. તિબેટની અજ્ઞાત નદીના મૂળને શોધવાની સરખામણીમાં જીવતા-જાગતા માણસોની શોધમાં એને વધુ રસ

પડવા લાગ્યો. કૅપ્ટન ગ્રાન્ટની સફરના સંભવિત નકશાઓ અને એ પ્રદેશો અંગેની માહિતી સંબંધી સાહિત્યથી એની કૅબિનનું ડાઇનિંગ ટેબલ સતત છવાયેલું રહેવા લાગ્યું. એમાં સૌથી વધુ તકલીફ પેન્ટ્રી ઑફિસર મિસ્ટર એલ્બીનેટને હતી. પેગેનલના ભોજનની તૈયારી માટે એના ટેબલ ઉપર ટેબલક્લોથ પાથરવામાં દરેક વખતે એણે ઝઘડો કરવો પડતો હતો.

પેગેનલના એવા ઘનિષ્ઠ અભ્યાસનું તારણ જાણવા માટે મેજર નેબ્સ સિવાયનાં સૌ કોઈ આતુર રહેતાં માત્ર અને માત્ર નેબ્સ તેની પોતાની ધૂનમાં મસ્ત હતો. સતત સળગેલી રહેતી અને ચિરૂટના અવિરત નીકળતા ધુમાડાના ગોટામાં જ એનું મગજ ખોવાયેલું રહેતું. એની આસપાસ ચાલી રહેલી અગણિત પ્રવૃત્તિઓ પ્રત્યે એનું વલણ જાણે ઉદાસીન હતું.

શોધયાત્રામાં ઉપયોગી બની શકે તેવી માહિતીના ગ્રંથો તથા અન્ય સાહિત્ય નૌકા ઉપરના નાના ગ્રંથાલયમાં રાખવામાં આવ્યાં હતાં. ચીલી અને પેટાગોનિયા પ્રદેશોના આદિવાસી ઇન્ડિયન પ્રજામાં બોલાતી ભાષા સંબંધી સ્પેનિશ ગ્રંથો પેગેનલે લાઇબ્રેરીમાંથી શોધી કાઢ્યા, નૌકાને લગતું કોઈ પણ કામ એને સોંપાતું ન હતું. એવું શારીરિક મહેનતનું કામ તે કરી શકે તેમ પણ ન હતું. પોતાનો પૂરેપૂરો સમય આ નવીન પ્રકારના સંશોધન માટે જ વાપરવા લાગ્યો. જોકે થોડોક સમય ફાળવીને એ પ્રદેશોના ઇતિહાસ અને ભૂગોળથી નાનકડા રૉબર્ટને એણે પરિચિત બનાવવા માંડ્યો.

કૅનેરી દ્વીપસમૂહના વિલાપ્રાયા બંદરેથી આટલાન્ટિક પારની લાંબી સફર માટે તમામ પ્રકારના પુરવઠાની પૂર્તિ કરવાનું કામ પૂરું થયું. નૌકાની દક્ષિણ પશ્ચિમ દિશાની લાંબી યાત્રા શરૂ થઈ. આ જળમાર્ગ એના ઝંઝાવાતો અને તોફાનો માટે જાણીતો હતો. આમ છતાં ડંકન ઉપર વરુણદેવની મહેરબાની ઊતરી. તોફાન વિનાના અનુકૂળ પવનથી નૌકા દક્ષિણ અમેરિકાના છેક દક્ષિણે આવેલી પેગેનલની ખાડી તરફ ઝડપથી આગળ ધપવા લાગી.

આખરે ૨૫મી સપ્ટેમ્બરના દિવસે આર્જેન્ટિના અને ચીલી દેશોની દક્ષિણની હદે આવેલી મેગેલનની ખાડીના મુખપ્રદેશ પાસે 'ડંકન' નૌકા આવી ગઈ. કોઈ પણ પ્રકારની ઔપચારિકતા વિના ખાડીના અંદરના ભાગમાં એને હંકારવામાં આવી. ખાડીના દક્ષિણના ડાબા કાંઠાનો વિસ્તાર ચીલી દેશનો ટીએરા-ડેલ-ફ્યુગો પ્રદેશ હતો. ઉત્તરે થોડા ભાગમાં આર્જેન્ટિના અને પશ્ચિમ તરફના ભાગમાં ચીલીની ધરતી હતી. ખંડની છેક દક્ષિણ-ધ્રુવ પ્રદેશના ઠંડા અને તોફાની પવનોને ટાળવા જળયાનો આટલાન્ટિક અને પ્રશાંત મહાસાગર તરફ આવવા-જવા માટે મેગેલનની ખાડીના નામે ઓળખાતા સાંકડા જળમાર્ગનો જ ઉપયોગ કરતાં આવેલાં ખંડ સોંસરવી એની ૩૭૨ માઈલની લંબાઈમાં એનું તળિયું પણ ખાસું ઊંડું. બંને તરફના કાંઠાઓ ખડકોના જ બનેલા હતા અને કાંઠાથી જ ત્યાં પાણી ઘણું ઊંડું હતું. કાંઠાઓ ઉપરનાં સતત વહેતાં ઝરણાંનું મીઠું પાણી તથા ખાડીમાંની અપાર મત્સ્ય સમૃદ્ધિને કારણે પણ જહાજીઓ આ માર્ગ પસંદ કરતા.

મેગેલનની ખાડીના શરૂના ત્રણ-ચાર કલાક એટલે કે આશરે એંશી માઈલે આવેલી કેપ ગ્રેગરી સુધી બંને બાજુના કિનારા નીચા અને રેતીવાળા હતા, ભૂગોળશાસ્ત્રી પેગેનલ સતત તૂતક ઉપર જ બેસી રહેતો અને એની નજરમાં આવતી તમામ સ્થિતિની નોંધ કરતો હતો. બંને બાજુના આ વિસ્તારમાં માણસોની હાજરી નહીંવત હતી. લાંબા અંતરને ક્યારેક સ્પેનિશ વસાહતીઓની નાની-મોટી વસાહતો જોવા મળતી. એ તમામ અંગે ગ્લેનાર્વન દંપતી સાથે એને સતત ચર્ચા થતી રહેતી.

ડંકનની પશ્ચિમ તરફની ગતિ અવિરતપણે ચાલુ જ હતી. એ દરમિયાન બ્રન્સવીકના

ઉપખંડનો ચકરાવો એણે વટાવી દીધો. કેપગ્રેગરી છોડ્યાના સિત્તેર માઈલ બાદ નૌકાના જમણા કાંઠા નજીક પુન્ટા આરિનાનું દેવળ દેખાયું. વૃક્ષોની ગાઢી ઘટા વચ્ચે એનાં ઊંચાં પગથિયાં અને નજીકમાં ચીલી દેશનો રાષ્ટ્રધ્વજ ફરકતો જોવામાં આવ્યો. પેગેનલે પોતાની ડાયરીમાં એવી પણ નોંધ કરી. એની પાછળના ભાગમાં ડુંગરમાળાના ધુમ્મસઘેર્યાં શિખરો હતાં. એની ટોચ બરફથી ઢંકાયેલી હતી, તો તળેટીમાં ગાઢાં જંગલોની કાળાશ દેખાતી હતી. આ ડુંગર માળાના ૬૫૦૦ ફૂટ ઊંચા શિખર માઉન્ટ ટાર્નની પણ નોંધ લીધી.

દરમિયાન રાત્રીનાં અંધારાં ઊતર્યાં. ચંદ્રની ગેરહાજરીમાં તારાઓ અને આકાશગંગાના ધૂંધળા પ્રકાશમાં પણ આગળના જળમાર્ગ અનુભવી આંખો ઓળખી શકે તેવો હતો. એવી જ ધૂંધળી સ્થિતિમાં ફૉર્ટ ફેમિનની માનવવસાહતનાં ખંડેરો ઓળખી શકાયાં. સર્મીન્ટો નામના સ્પેનિશ સાહસિકે ૧૫૮૧માં ચારસો વસાહતીઓ સાથે અહીં વસાહત સ્થાપી હતી. વસાહતનું નામ સેન્ટ ફિલિપ ટાઉન રાખ્યું હતું, પરંતુ અહીંની કાતિલ ઠંડીએ ધીમેધીમે એ વસાહતને ઉજ્જડ બનાવી દીધી હતી. મુશ્કેલીથી પણ જે લોકો ઠંડી સામે ટકી શક્યા તેમનો ભોગ ભૂખમરાએ લીધો. કેવેન્ડીસ નામના ચાંચિયા સમક્ષ આ વસાહતના છેલ્લા માણસે દમ તોડ્યો હતો.

ક્યારેક ગાઢાં જંગલો તો ક્યારેક ડુંગરાઓ અને ખડકો વચ્ચે થઈને નૌકા પશ્ચિમ તરફ આગળ ધપતી જ રહી. ભૂખંડના છેક પશ્ચિમ છેડેના કેપ ફૉરવર્ડ પાસે મેગેલનની ખાડીનો અંત આવ્યો.

૫૨° દક્ષિણ અક્ષાંશ ઉપર આવેલું આ સ્થળ જ ખરેખર તો દક્ષિણ-અમેરિકાનો અંતિમ છેડો ગણી શકાય, કારણ કે એની દક્ષિણનો કેપ હૉર્ન સુધીનો સમગ્ર વિસ્તાર નિર્જન હતો. કાળમીંઢ ખડકોના કેવળ ખડકલા ત્યાં ચોમેર પથરાયેલા હતા.

પૂર્વ છેડે ખાડીમાં પ્રવેશ કર્યા પછી બરાબર ૩૬ કલાક બાદ નૌકાએ પશ્ચિમ છેડેના કેપ મોમેક્ષ અને ત્યાર બાદ કેપ પિલર્સ વટાવ્યાં. ખાડી વચ્ચેનો છેલ્લો ટાપુ ડેઝોલેટ વટાવીને નૌકા સાંજના સમયે જ્યારે આગળ વધી ત્યારે પશ્ચિમાકાશના ઝળહળતા સૂર્યપ્રકાશમાં ઝળાંઝળાં થતો પ્રશાંત સાગરનો વિપુલ જળભંડાર નજરે ચડ્યો.

જેકીસ પેગેનલને પણ એટલો જ આનંદ થયો જેટલો ફર્ડિનાન્ડ-દ-મેગેલનને, એના ‘ટ્રીનીદાદ’ જહાજમાં ભૂખંડ આરપારનો આ જળમાર્ગ શોધ્યો ત્યારે થયો હતો.

૧૦

જમીનમાર્ગના યાત્રીઓ

મેગેલનની ખાડીમાંથી બહાર નીકળ્યા બાદ કેપ પીલર્સથી આગળ ડંકનનૌકાની દિશા ચીલી દેશના કાંઠે કાંઠે સમાંતર રીતે ઉત્તર તરફ જવાની હતી. એક અઠવાડિયાની એકધારી ઝડપી ગતિ બાદ નૌકા ટાકાહૂના નદીના મુખ પાસેની બાર માઈલ લાંબી અને નવ માઈલ પહોળી ખાડી પાસે આવી પહોંચી. ખાડીની અંદરના ભાગમાં એ જ નામનું નાનું બંદર હતું. 'ડંકન' માટેનો પહેલો મુકામ એ બંદરે નક્કી થયો હતો. ગ્લેનાર્વનની સૂચનાને આધારે કૅપ્ટન મેંગલ્સે આ વિસ્તારના કાંઠા નજીકના તમામ ટાપુઓની શક્ય એટલી નજીક રહીને નૌકાને આગળ હંકારવા માંડી. એ ટાપુઓના વાંકાચૂકા ખડકાળ કાંઠાઓ ઉપર કૅપ્ટન ગ્રાન્ટના દુર્ઘટનાગ્રસ્ત બનેલા 'બ્રિટાનિયા' જહાજના નાના-મોટા કોઈ અવશેષ મળી આવે એવી આશા હતી.

સ્કોટલૅન્ડના ગ્લાસગો બંદરની ક્લાઇડ નદીમાંથી સફરે નીકળ્યા બાદ બરાબર બેંતાલીસમા દિવસે નૌકાનું લંગર આ ટાકાહૂના બંદરના પાણીમાં ઉતારવામાં આવ્યું.

બંદરની જેટ્ટી ઉપર જવા માટે તૂતક ઉપરની નાની હોડીને તરત જ પાણીમાં ઉતારવામાં આવી. ભૂગોળવિદ્ પેગેનલને સાથે લઈને ગ્લેનાર્વને બંદરથી જેટ્ટી ઉપર પગ મૂક્યો. અહીંના સ્થાનિક નિવાસી લાગતા હોય તેવા માણસો સાથે કૅપ્ટન ગ્રાન્ટના જહાજ બાબત વાતચીત કરવા એમણે પ્રયાસ કર્યો, પરંતુ એ લોકોની બોલી સમજી શકાઈ નહીં. અનેક ભાષા જાણનાર પેગેનલ પણ એમની સાથે માહિતીની આપ-લે કરી શક્યો નહીં.

નજીકમાં જ આવેલા કસ્ટમ્સ હાઉસમાં તપાસ કરી. સમજી શકાય તેવા થોડા અંગ્રેજી શબ્દોની આપ-લે થઈ શકી, એટલું સમજી શકાયું કે બ્રિટિશ કૉન્સ્યુલેટની કચેરી એકાદ કલાકના ઘોડેસવારીના અંતરે આવેલા કૉન્સેપ્શન નગરમાં હતી. ત્યાં તપાસ કરાવાની ભલામણ થઈ. તરત જ ઘોડા ભાડે કરીને બંનેએ એ શહેરની દિશામાં હંકારી મૂક્યું.

માર્ગમાં કોઈ મુશ્કેલી ન હતી. ઈ.સ. ૧૪૭૮થી ૧૫૪૧ દરમિયાન થઈ ગયેલા ફ્રાન્સિસ્કો પિઝારોના બહાદુર સાથીદાર વાલ્ડીવિયાએ એ શહેરના સ્થળે ઇન્કા શાસકોને હરાવ્યા હતા અને પોતાના દેશ સ્પેન વતી સંસ્થાન સ્થાપ્યું હતું. હવે તો એ શહેરને સ્મશાનની સાથે જ સરખાવી એવી સ્થિતિમાં હતું, પરંતુ ખંડેર બનેલી એની ઇમારતો એ સ્થળની પુરાણી જાહોજલાલીની યાદ અપાવતી હતી. બંદૂરના જોરે અહીંના સ્થાનિક ઇન્ડિયનોને દેશના અંદરના પર્વતાળ પ્રદેશમાં ધકેલી દેવાયા હતા. એમના તરફથી આ નવા વસાહતીઓ ઉપર અવારનવાર ઝનૂની હુમલા થવા લાગ્યા. છેલ્લે ૧૮૧૯ના વર્ષમાં થયેલા એક જોરદાર આક્રમણમાં શહેરના મોટા ભાગનાં મકાનોમાં લૂંટફાટ ચલાવીને આગ ચાંપવામાં આવી હતી. ઇન્ડિયનો તરફની આ પ્રકારની કનડગતથી ત્રાસીને

મોટા ભાગના લોકોએ અન્ય સલામત સ્થળોએ ખસી જવાનું પસંદ કર્યું હતું. એક સમયે વેપારધંધાથી ધમધમતા આ નગરમાં માંડ આઠેક હજારની વસ્તી બાકી રહી હશે. બાળી મૂકવામાં આવેલાં મકાનોની દીવાલો ઉપર હજી પણ આગજનીની નિશાનીઓ અકબંધ હતી. હતાશ બનેલા લોકોએ નગરના પુનઃનિર્માણની આશા જ છોડી દીધી હોય તેવું વાતાવરણ આ બંને ઘોડેસવારોએ અનુભવ્યું. ભંગાર બનેલાં ઘરોમાં પણ વૃદ્ધો અને સ્ત્રીઓ તથા બાળકો જ જોવામાં આવ્યાં. પુરુષવર્ગ કામધંધાની શોધમાં બહારગામ ભટકતો હતો.

નગરની પાયમાલીનાં કારણોની ઝંઝટમાં ઊતરવાને બદલે બંને મુસાફરો સીધા જ બ્રિટિશ કૉન્સ્યુલેટની ઑફિસે પહોંચી ગયા. એના મુખ્ય અધિકારી મિસ્ટર બેન્ટીકની મુલાકાત લીધી. કૅપ્ટન ગ્રાન્ટ અંગેની તમામ હકીકતો તેને જણાવી એમના જણાવ્યા પ્રમાણે કૅપ્ટન ગ્રાન્ટ કે તેના જહાજ અંગેની કોઈ પણ માહિતી એની પાસે આવી ન હતી, છતાં નજીકના દરિયાકિનારાઓ ઉપર વધુ તપાસ કરાવાની એણે ખાતરી આપી.

બ્રિટિશ તાજના એક જવાબદાર પ્રતિનિધિ તરફના આ પ્રકારના નકારાત્મક જવાબથી નાસીપાસ થયા વિના ગ્લેનાર્વને સ્વતંત્રપણે પણ નજીકના કાંઠા વિસ્તારોમાંથી માહિતી મેળવવા પ્રયાસ કર્યો, પરંતુ ત્રણ કૂવાસ્તંભોવાળા 'બ્રિટાનિયા' જહાજ અંગેની કોઈ જ માહિતી મળી નહીં. નિરાશ થઈને બંને નૌકા ઉપર પાછા ફર્યા. ગ્લેનાર્વને બહુ મોટી આશા રાખી હતી. પરિણામે નિરાશાનો ભાર પણ અધિક રહ્યો, એવી સ્થિતિમાં લેડી હેલીના તરફનું આશ્વાસન બંનેને માટે બહુ મોટો સહારો બની રહ્યું. તેણે કહ્યું,

'માત્ર અહીં આપણી સામેના કિનારામાં જ સમગ્ર પેટાગોનિયા સમાઈ જતું નથી. કૅપ્ટન ગ્રાન્ટના પત્રોમાં જણાવ્યા પ્રમાણે તેઓને જો ખરેખર કેદીઓ બનાવવામાં આવ્યા હોય તો તેઓ પેટાગોનિયાના અંતરિયાળ ભાગોમાં હોવાની શક્યતા પણ ઊભી જ રહે છે. ત્યાં પણ એમની તપાસ કરવી જરૂરી છે.'

પેગેનલ માટે પણ આ પ્રશ્ન પ્રતિષ્ઠાનો બની ગયો. નૌકા ઉપર પરત આવ્યા બાદ પળનોય વિલંબ કર્યા વિના તેણે કૅપ્ટન ગ્રાન્ટના પત્રોનો નવેસરથી અભ્યાસ શરૂ કર્યો. એ દરમિયાન એની એકાગ્રતામાં ખલેલ પાડતા હોય તે રીતના અપરાધિભાવ સાથે ગ્લેનાર્વને એને પૂછ્યું.

'પેગેનલ મહાશય, આ પત્રોના ત્રૂટક શબ્દોનું આપણે જે અર્થઘટન કર્યું છે તે યોગ્ય હોવા વિશે હવે મને શંકા થાય છે. તમે નિખાલસ બનીને સ્પષ્ટ અભિપ્રાય આપો એમ હું ઇચ્છું છું. શું એ અર્થઘટન તમને બરાબર લાગે છે?'

ભૂગોળવિદ મૌન જ રહેવાનું પસંદ કર્યું. ગ્લેનાર્વને આગળ ચલાવ્યું, "બ્રિટાનિયા" જહાજ જે સ્થળે દુર્ઘટનાગ્રસ્ત બન્યું હતું તે સ્થળ બાબત કાંઈક ભૂલ થઈ હોય એવું મને લાગી રહ્યું છે. ત્રૂટક શબ્દોને જોડવાથી પેટાગોનિયા અને ઇન્ડિયન શબ્દો તો સ્પષ્ટ રીતે બને છે. કૅપ્ટન ગ્રાન્ટના એ પત્રો જહાજ તૂટવાની અણી ઉપર હશે ત્યારે જ લખાયા હશે. એ વખતે જ ઇન્ડિયનોને હાથે પકડાવાનું એમને જોખમ લાગ્યું હશે. મારો આ તર્ક તમને કેમ લાગે છે?'

પેગેનલ પોતાના વિચારોમાં જ ડૂબેલો હતો. લાંબા મૌન બાદ એણે જણાવ્યું, 'જુઓ સાહેબ, પ્રથમ ભાગ પૂરતું તમારું અનુમાન બરાબર લાગે છે, પરંતુ ઇન્ડિયનોને હાથે તેઓ કેદ પકડાયા હોવાની બાબતમાં હું તમારાથી જુદો પડું છું. પત્રોના કેટલાક શબ્દોને આધારે તમે અર્થઘટન કરો છો કે જહાજ તૂટ્યું ત્યારે તેઓ કેદી ન બન્યા હતા, પણ મારું અર્થઘટન એવું છે કે તેઓ એ વખતે કેદી બની ચૂક્યા હતા.'

‘તમારી વાત સાચી હોય તો પણ એવી સ્થિતિમાં પત્રોવાળી બૉટલ પાણીમાં વહેતી કરવાનું અનુમાન થઈ શકે નહીં. પત્રમાં જણાવેલાં અક્ષાંશ એ દુર્ઘટનાના સ્થળનો જ નિર્દેશ કરે છે. જહાજ તૂટવા અગાઉ જ એ બૉટલ દરિયાલાલને હવાલે થઈ હોવાનું અનુમાન મને વધુ વાસ્તવિક લાગે છે.’ ગ્લેનાર્વને પોતાની ધારણા પાછળનો તર્ક સમજાવ્યો.

‘એ કામ તો નદીઓ પણ કરી શકે છે. એમને કેદ કરીને ઇન્ડિયનો દેશના અંતરિયાળ પ્રદેશોમાં લઈ ગયા હોય અને તક મળતાં જ એમણે અહીંની કોઈ નદીમાં એ બૉટલ વહેતી કરી હોય એવો તર્ક મને વધુ યોગ્ય લાગે છે. એ તર્કને આધારે પ્રદેશના અંદરના ભાગોમાં પણ તપાસ કરવાનું જરૂરી છે.’ પેગેનલે સ્વસ્થતાથી સમજાવ્યું.

‘તમારી ધારણામાં મને તો ઝાઝો દમ દેખાતો નથી.’ અત્યાર સુધી પેગેનલ તરફ ઉદાસીન રહેલા મેજર નેબ્સને એનો તર્ક આધાર વિનાનો લાગ્યો.

‘જુઓ મેજર, સો ટકા નિશ્ચિત ધારણા તો પહેલેથી જ ન હતી. પત્રમાંના અધૂરા અને અસ્પષ્ટ અર્થવાળા શબ્દોને સહારે જ આ સફર શરૂ કરાઈ હતી. પત્રમાં વાંચી શકાયેલ ૨૭°૧૧′′ અક્ષાંશ કાંઈ એક જ સ્થળ પૂરતું કેન્દ્રિત બની જતું નથી અને ઇન્ડિયનો માત્ર કાંઠા પ્રદેશમાં જ વસે છે એવું પણ નથી. તેઓની વસ્તી અંદરના પ્રદેશોમાં પણ છે. એ અક્ષાંશ ઉપર આવેલા કૉન્સેપ્શન નજીકના દરિયાકાંઠે જહાજની કોઈ ભાળ મળી શકતી નહીં હોય ત્યારે એ જ અક્ષાંશના સમાંતરે અંદરના ભાગોમાં પણ તપાસ કરવી જોઈએ. અગાઉ મોટી મોટી આશાઓ હતી અને હવે તે ધૂંધળી બની ગઈ હોવાની કોઈ વાત જ અહીં નથી. આપણી આશાનો તાંતણો પહેલેથી જ અત્યંત નાજુક રહેલો છે.’ એટલું જણાવીને પેગેનલે ટેબલ ઉપર દક્ષિણ અમેરિકાનો નકશો ખુલ્લો કર્યો. એના ૩૭°૧૧′′ અક્ષાંશ ઉપર પશ્ચિમથી પૂર્વમાં આવેલા ચીલીથી આર્જેન્ટિના સુધીના પ્રદેશ ઉપર એની આંગળી ફરવા લાગી. તે બોલ્યો,

‘જુઓ, ચીલી દેશની સાંકડી પટ્ટીના પૂર્વ ભાગમાં એન્ડીઝ પર્વતમાળા આવેલી છે. એવા ડુંગરાળ પ્રદેશમાં નદીઓ અને ઝરણાંનો કોઈ તોટો નથી. રિયો નીગ્રો અને રિયો કોલોરાડો અહીંની મોટી નદીઓ છે. એની અનેક શાખાપ્રશાખાઓ પણ છે. એના પાણી ઉપર સવાર થઈને એ બૉટલ આપણા સુધી આવી હોવાની શક્યતા વધુ લાગે છે. એવી કોઈ નદીના કાંઠા વિસ્તારમાં આપણા એ કેદી મિત્રો હોવાની શક્યતા વધુ છે. ૩૭°૧૧′′ અક્ષાંશ ઉપર હોય, એવા એ દેશોના પ્રદેશોમાં શોધઅભિયાન આગળ ચલાવવાની પેગેનલની જોરદાર રજૂઆતથી સૌ પ્રભાવિત થયાં. રૉબર્ટ તથા અન્ય સૌને લાગ્યું કે કૅપ્ટન ગ્રાન્ટની શોધ એ હવે થોડા સમયનો જ સવાલ હતો.’

સૌની આશાનો પડઘો પાડતા હોય તે રીતે લૉર્ડ ગ્લેનાર્વને એ દિશામાં શોધ આગળ વધારવાનો નિર્ધાર વ્યક્ત કર્યો. તેણે જણાવ્યું,

‘આપણા મિત્ર પેગેનલ મહાશયે નિર્દેશેલા માર્ગે આપણે આ ખંડના પૂર્વ કાંઠા તરફ એ જ અક્ષાંશની સમાંતરે આગળ વધવાનું છે. કૅપ્ટન ગ્રાન્ટ વગેરે ત્યાંની કોઈ શક્તિશાળી ટોળીના કેદી હશે તો તેમનો સામનો કરવાની તૈયારી પણ રાખીશું. જરૂર પડે મેજર નેબ્સની સરદારી હેઠળ સશસ્ત્ર દળ ઊભું કરીને પણ કેદીઓને છોડાવીશું. અહીંથી આ ભૂખંડની આગળ પૂર્વમાં આગળ જઈને આપણે પૂર્વ કાંઠાના બુએનોસ એરીસ નગર પહોંચી જઈશું.’

‘એ શહેર આર્જેન્ટિનાનું પાટનગર છે અને પૂર્વ કાંઠાનું મોટું બંદર છે. આ ખંડની ધરતી ઓળંગીને ત્યાં પહોંચવામાં કોઈ ડર રાખવા જેવું નથી.’ કૅપ્ટન મૅંગલ્સે પોતાના માલિકને માહિતી

આપી.

'પેગેનલ મહાશય, અહીંના ઇન્ડિયનો ક્રૂર હોવાનો ઉલ્લેખ કૅપ્ટન ગ્રાન્ટના પત્રમાં છે. એમના હાથમાં કેદી બની ગયા બાદ કૅપ્ટન વગેરેને તેઓ જીવતા રહેવા દેશે એમ માની શકાય ખરું?'

સાહસમાં લેડી હેલીના આંધળુકિયાં કરવા માગતી ન હતી. મેંગલ્સ પાસે તેણે વધુ માહિતીની માગણી કરી.

'નહીં, મૅડમ! અહીંના મૂળ નિવાસીઓ જેઓ ઇન્ડિયન તરીકે ઓળખાય છે, તેઓ ક્રૂર છે અને કેદ પકડાયેલા બહારના લોકોની હત્યા કરે છે, એવી માન્યતા ખોટી છે. મારા એક દેશવાસી મિસ્ટર ગીનાર્ડ જ્યૉગ્રાફિક સોસાયટીના સભાસદ તરીકે અહીં સંશોધન માટે આવ્યા હતા. પમ્પા પ્રદેશની એક આદિવાસી ટોળીએ એમને કેદ કર્યા હતા. જોકે એની સાથે એ લોકોનો વર્તાવ સારો ન હતો, પરંતુ તેની હત્યા પણ કરી ન હતી. ત્રણ વર્ષની વિટંબણા બાદ એઓ મુક્ત બની શક્યા હતા. યુરોપ તરફથી આવતા આપણા જેવા માણસોને તેઓ ઉપયોગી અને કીમતી જણસ સમજે છે. એ કારણે એવા કેદીઓને જીવતા રહેવા દેવાનું તેઓનું વલણ હોય છે. વાઘ કે સિંહ વગેરે પ્રાણીઓને મૂલ્યવાન સમજીને પાંજરામાં પૂરી રાખવામાં આવે છે તેવી એ રીત છે.'

પેગેનલની રજૂઆત સૌને ગળે ઊતરી ગઈ.

'તો પછી હવે વિલંબ કરવાની જરૂર નથી. પેગેનલ મહાશય! પૂર્વ તરફનો આપણો માર્ગ તમે નક્કી કરો એ પ્રમાણે આપણે મુસાફરી શરૂ કરીશું.' ગ્લેનાર્વને જમીન ઉપરના અભિયાનની યોજનાને લીલી ઝંડી આપી.

'મારી ગણતરી પ્રમાણે શરૂમાં એન્ડીઝની પર્વતમાળા ઓળંગવામાં તકલીફ રહેશે, પરંતુ ત્યાર બાદ આગળનો માર્ગ સપાટ મેદાનોમાં થઈને જાય છે. એ ટૂંકો માર્ગ જ મારી દૃષ્ટિએ ઠીક રહેશે.'

'મુસાફરીની તમારી એ લાઇનદોરી નકશા ઉપર વિગત વાર સમજાવો.' મેજર નેબ્સને પણ હવે રસ પડ્યો. તેણે પેગેનલ પાસે વધુ વિગત માગી.

'તો બરાબર સમજી લો, મેજર નેબ્સ! અહીં આ આરુકાનિયા પ્રદેશના મુખ્ય શહેર સૉંસરવા થઈને આગળ વધવાનું છે. એનાથી આગળ એન્ડીઝ પર્વતમાળાના ડુંગરોને આન્ટુકો નામની ઘાટીમાં થઈને ઓળંગવાના રહેશે. એમાં આવેલા એક જીવંત જ્વાળામુખીને આપણી દક્ષિણે પસાર કરવાનો છે. ત્યાંથી પમ્પા પ્રદેશમાં અહીંની સૌથી મોટી નદી રિયો કોલોરાડો ઓળંગવાની છે. ત્યાંથી આગળ પૂર્વમાં બુએનોસ એરીસ પ્રાંતમાં પ્રવેશ કરીશું. તેને વટાવી આગળ જતાં સિયેરા ટેપલકીન થઈને પૂર્વમાં આટલાન્ટિકને કાંઠે આવેલા પૉઇન્ટ મેડોના પહોંચી જઈશું.' આ પ્રદેશમાં વારંવાર મુસાફરી કરી હોય અને એની ઈંચેઈંચની ધરતીથી પરિચિત હોય તેટલી સાહજિકતાથી પેગેનલ એ સ્થળોનાં નામો અને ભૂભૌગોલિક સ્થિતિ અંગે બોલી ગયો. વધુમાં જણાવ્યું, 'આપણો આ માર્ગ બહુબહુ તો ત્રીસ દિવસનો છે અને એટલા દિવસમાં આપણી ડંકનનૌકા પણ એ જ સ્થળે પહોંચી ગઈ હશે. અહીંથી વળતી મુસાફરીમાં પણ આપણે આવ્યા તે જ મેગેલનની ખાડીના જળમાર્ગે નૌકાને બુએનોસ એરીસ લઈ જવાની રહેશે.'

જમીન માર્ગની મુસાફરીમાં સાથે કોણ જવાનું હતું તે બાબત પણ એણે જ નક્કી કરી

દીધી. બોલ્યો, 'સીધી વાત છે. માર્ગમાં વસ્તી ઇન્ડિયનોની ટોળીઓ સાથે સંઘર્ષમાં ઊતર્યા વિના જ આપણે તપાસ કરતા આગળ વધવાનું છે. આ અભિયાનના નેતા તો લૉર્ડ ગ્લેનાર્વન જ બની શકે. એ ઉપરાંત એક હિંમતબાજ સૈનિક તરીકે મેજર નેબ્સ પણ સાથે જ હોવા જરૂરી છે અને આપના આ વિનમ્ર સેવક જેકીસ પેગેનલની સેવા પણ આપની સાથે જ હશે.'

'એમાં હું તો ક્યાંય દેખાતો જ નથી.' પોતાના પિતાની શોધ માટેના આ અભિયાનમાં જેને સૌથી વધુ રસ હોઈ શકે તેવો રૉબર્ટ ગ્રાન્ટ બોલી ઊઠ્યો.

'અરે ભાઈ રૉબર્ટ! તું? તું ક્યાં જવા માગે છે?' મૅરી ગ્રાન્ટને પોતાના નાના ભાઈની ચિંતા થઈ.

'શા માટે નહીં? મૅરી! તારો આ નાનો ભાઈ બહાદુર છે. એની ચિંતા કરીશ નહીં. તમારા પિતાની શોધ માટેની અમારી મુસાફરીમાં એ જરૂરથી જોડાઈ શકશે. અમે ચાર ઉપરાંત ત્રણ નાવિકો પણ મદદમાં સાથે જોડાશે.' પેગેનલે રૉબર્ટનો પક્ષ લઈ જમીનમાર્ગમાં જૂથમાં એને સામેલ કર્યો.

'તો શું મારે આપની સાથે નથી આવવાનું?' પેગેનલની જાહેરાતમાં પોતાનો સમાવેશ થતો ન હતો તે જાણીને કૅપ્ટન જહૉન મેંગલ્સ નિરાશ થઈ પોતાના માલિક તરફ જોઈને બોલ્યો.

'તમારી લાગણી હું સમજી શકું છું, મિસ્ટર મેંગલ્સ. પરંતુ આપણી નૌકા ઉપર લેડી હેલીના જેવાં આત્મીય જનોને છોડીને અમે જઈએ છીએ. તમારા જેવા વિશ્વાસુ અને બહાદુર કૅપ્ટન સિવાય એવી જવાબદારી બીજા કોઈને પણ સોંપી શકાય નહીં.' ગ્લેનાર્વને મેંગલ્સને શાંત પાડ્યો.

'એનો અર્થ એ થયો કે મારે કે મૅરીએ પણ તમારી સાથે જોડાવાનું નથી.' લેડી હેલીનાએ નારાજ થઈને જણાવ્યું.

'શું કહું તમને!' પતિએ પોતાની નારાજ પત્નીને સમજાવતાં જણાવ્યું, 'બહુ જ થોડા દિવસમાં આ ભૂખંડની આરપાર નીકળીને સામે છેડે જવાનું છે. એવી દોડધામભરી ઝંઝટમાં પડવાને બદલે તમે તથા મૅરી વગેરે સૌ આપણી આ નૌકાને લઈને ત્યાં પહોંચી જાવ એ જ સ્થિતિ ઠીક રહેશે.'

'મારે માટે તમે ચિંતા કરો એ મને સમજાય છે. વાંધો નહીં, પરંતુ હું નથી ઇચ્છતી કે તમે અમારી જ ચિંતા કર્યા કરો. બુએનોસ બંદર નજીકના પૉઇન્ટ મેડોના પાસે અમે તમારી રાહ જોઈશું.'

કોણે કેવી રીતે જવું તેનો વિગત વાર કાર્યક્રમ એ રીતે નક્કી થઈ ગયો. કોઈને જ એ બાબતમાં વાંધો ન હતો. જોકે જમીનમાર્ગે જનાર જૂથ માટેની તૈયારી વધુ વિચારણા અને જહેમત માગે તેવી હતી. પ્રશાંત મહાસાગરથી આટલાન્ટિક મહાસાગર સુધીની ખંડસોંસરવી એ મુસાફરી પેગેલનની ગણતરી પ્રમાણે ત્રીસ દિવસ ચાલે તેવી હતી. એ માટે ખોરાક, કપડાં વગેરે ચીજવસ્તુઓ ઉપરાંત સ્વરક્ષણ માટે શસ્ત્રોનો પણ બંદોબસ્ત કરવાનો હતો. જરૂર પડે દરેકે જાતે ઊંચકીને એ પુરવઠો લઈ જવો પડે એ બાબત પણ ધ્યાનમાં રાખવાની હતી. એ બધી તૈયારી પણ બહારનાંને ખબર ન પડે તે રીતે ગુપ્તપણે કરવાની હતી. અહીં જ રહેતા સ્થાનિક ઇન્ડિયનોને એની શંકા જાય તો આગળ માર્ગમાં તકલીફ ઊભી થાય એવી શક્યતા હતી. નૌકા માટે વળતી મુસાફરીનો પુરવઠો પણ લેવાનો હતો.

૧૪મી ઑક્ટોબરનો દિવસ પ્રયાણ માટે નક્કી થયો. ગ્લેનાર્વનના જૂથની સાથે જવા બધા

જ નાવિકો ઉત્સુક હતા. બધા જ નાવિકો એવી મુસાફરી માટે સક્ષમ હતા. માલિક એ કારણે મૂંઝવણમાં મુકાઈ ગયા. આખરે બધાના નામની ચિઠ્ઠીઓ લખાવી તેમાંથી ત્રણ ઉપાડવામાં આવી. એ રીતે ચીફ ઑફિસર ટૉમ અૉસ્ટીન, હસમુખા સ્વભાવનો યુવાન નાવિક વિલ્સન તથા નીવડેલા કુસ્તીબાજ મુલરેડીનાં નામો નિશ્ચિત થયાં.

કૅપ્ટન મેંગલ્સ નૌકાની વળતી મુસાફરી માટે કોલસા, પાણી તથા ખોરાક વગેરે મેળવવામાં વ્યસ્ત બન્યો. ગ્લેનાર્વને જરૂરી છતાં જાતે ઊંચકીને લઈ જઈ શકાય તેવી જ વસ્તુઓ પસંદ કરવાની હતી. એક જ સ્થળેથી બંનેએ નીકળવાનું હતું અને સેંકડો માઈલ દૂરના એક જ સ્થળે પહોંચવાનું હતું, છતાં બંનેના માર્ગ સાવ અલગ અને ભિન્ન પ્રકારના હતા. કોણ પહેલું એ ગંતવ્યસ્થાને પહોંચે તેની હરીફાઈ થાય તેવી સ્થિતિ હતી.

બંને જૂથોએ ૧૪મી ઑક્ટોબરે એક જ સમયે ભિન્ન દિશાની પોતાની મુસાફરી શરૂ કરવાની હતી. લેડી હેલીના માટે લગ્ન બાદ પહેલી જ વાર એટલા લાંબા સમય માટે પતિથી દૂર રહેવાનો પ્રસંગ હતો. બંદરની જેટ્ટી ઉપરની પરસ્પરની વિદાય વેળાએ બંને ભાવવેશમાં આવી એકબીજાને ભેટી પડ્યાં. મૅરી ગ્રાન્ટે પણ નાના ભાઈ રૉબર્ટના કપાળે ચૂમીઓ ભરીને એના પ્રવાસ માટે ખાસ શુભેચ્છા પાઠવી.

પેગેનલે સૂચન કર્યું કે બંને જૂથની દરેક વ્યક્તિએ અન્ય જૂથની દરેક વ્યક્તિ સાથે હાથ પકડીને શુભેચ્છાની આપ-લે કરવી. એવી શુભેચ્છાની સ્મૃતિ પાછા મળવાનું થાય ત્યાં સુધી સૌને તાજામાજા રાખી શકશે એવી તેમને શ્રદ્ધા હતી.

નૌકામાં જનાર દરેકે પોતપોતાનું સ્થાન લઈ લીધું. કૅપ્ટને પ્રયાણની સૂચના આપી. પહેલાં એની સફર શરૂ થઈ. ગ્લેનાર્વન વગેરે સૌ પોતપોતાનાં હથિયારો સજીને જેટ્ટી ઉપર કતારબંધ ઊભા હતા. હાથ હલાવીને સૌ સુખદ પુનર્મિલનની આશા પ્રગટ કરતા રહ્યા.

વળાંક લેતી નૌકા એક પળ માટે જેટ્ટીની સાવ નજીક આવી ગઈ. ગદ્‌ગદિત અવાજ સાથે હેલીના બોલી ઊઠી,

'ઈશ્વર તમને મદદ કરો.'

'એના તરફની મદદ નક્કી મળશે જ, કારણ કે આપણે આપણી જાતને મદદ કરવા તૈયાર છીએ.' પેગેનલે પણ એમની ભદ્રભાવનાનો પ્રતિઘોષ આપ્યો.

નૌકા ધીમે ધીમે દૂર સરી રહી. તૂતક ઉપર ઊભેલાં સૌએ આખરી વિદાય લીધી. થોડા જ સમયમાં નૌકા દક્ષિણ દિશામાં ક્ષિતિજ ઉપર પહોંચી ગઈ.

ગ્લેનાવર્ને પણ મુસાફરી શરૂ કરવાનું સૂચન કર્યું. સામાનથી લદાયેલાં ટટ્ટુઓ તૈયાર જ હતાં. એક શુભ અને ઉમદા હેતુ માટેનું પ્રયાણ શરૂ થયું.

૧૧
સાંકડી પટ્ટીનો દેશ ચીલી

પત્ની લેડી હેલીના તેમ જ “ડંકન” નૌકાને મધ્ય ચીલીના તાકાહુના બંદરની જેટ્ટી ઉપરથી વિદાય આપ્યા બાદ લૉર્ડ ગ્લેનાર્વને જમીન ઉપરના પોતાના અભિયાન ઉપર ધ્યાન આપ્યું. લગ્નના થોડા જ સમયમાં એ રીતે એક માસ માટે એકબીજાથી દૂર થવાનું બંને માટે મુશ્કેલ હતું, છતાં સ્વેચ્છાએ સ્વીકારેલી જવાબદારી બાબતમાં તેઓ સભાન હતાં. ગ્લેનાર્વનને ધરપત હતી કે હેલીનાને સાથ આપવા તેની સાથે કુમારી મૅરી ગ્રાન્ટ જેવી હસમુખી અને સરળહૃદયા કિશોરી હતી, તેમ જ કૅપ્ટન મૅંગલ્સ જેવા વિશ્વાસુ અને બહાદુર વ્યક્તિનો સથવારો હતો.

એક વારની મુસાફરીથી પરિચિત બનેલા જળમાર્ગની સરખામણીમાં ખંડ આરપારનો જમીનનો માર્ગ સાવ અજાણ્યો અને અનેક જોખમોથી ભરેલો હતો. એને માટેનું આયોજન બુદ્ધિશક્તિ, હિંમત અને મહેનતની કસોટી કરે તેવું હતું. એના જૂથમાં કુલ સાત માણસો હતા. એમને તથા પુરવઠાને લઈ જવા માટે દસેક જેટલાં ટટ્ટુઓની સેવા જરૂરી હતી. એન્ડીઝ પર્વતમાળાના પહાડી માર્ગો ઓળંગવા માટે એવાં ખડતલ પ્રાણીઓ જ ઉપયોગી બની શકે. અહીંના બ્રિટિશ મૂળના એક કૉન્ટ્રાક્ટર પાસેથી એવાં દસ ટટ્ટુઓ તથા મુસાફરીસંબંધી સેવા ભાડે મેળવી. એની સાથે મદદમાં ત્રણ માણસો તથા પરચૂરણ કામકાજ માટે એક છોકરાને પણ એણે સાથમાં રાખ્યા. વીસેક વર્ષ ઉપર વસાહતી તરીકે અહીં આવીને વસેલાં એ બ્રિટિશરે અહીંનું જ નાગરિકત્વ મેળવ્યું હતું. એનાં માણસો તથા ટટ્ટુઓ અહીં આવતા મુસાફરો અને તેમના માલની એન્ડીઝ પર્વતમાળા સોંસરવા આર્જેન્ટિના દેશની સરહદ સુધીની હેરાફેરી કરવાનું કામ કરતાં. ત્યાંથી આગળની મુસાફરી માટે ત્યાંના ગાઇડ વગેરેની વ્યવસ્થા પણ એ જ કરી આપતો હતો.

ટટ્ટુઓનો આ અંગ્રેજ-માલિક અહીંના નિવાસીઓ સાથેના સતત સહેવાસને કારણે પોતાની ભાષા લગભગ વિસરી ચૂક્યો હતો. અંગ્રેજી ભાષાના માત્ર થોડા જ શબ્દોનો એને ખ્યાલ રહ્યો હતો, પરંતુ તેનાથી યુરોપના પ્રવાસીઓ સાથે એનું કામ ચાલી શકતું.

ચીલી ભાષામાં કેટાપેઝ કહેવાતા આ અંગ્રેજ કૉન્ટ્રાક્ટરની મદદમાં બે સ્થાનિક મજૂરો માલસામાન લદાયેલાં ટટ્ટુઓની સાથે ચાલતા હતા. જ્યારે બારેક વર્ષનો છોકરો સૌની આગળ શણગારેલા અને ઘંટડી પહેરાવેલા ટટ્ટુને દોરીને આગળ ચાલતો. પાછળ આવતાં ટટ્ટુઓ ઉપર ગ્લેનાર્વન સહિતના સાત માણસો તથા તેમનો અંગત સામાન હતો. સૌની પાછળ કેટાપોઝનું ટટ્ટુ હતું. માર્ગમાં આવતા ઇન્ડિયન આદિવાસીઓને ખુશ કરવા માટે તેમને ભેટા આપવાની નાની-મોટી વસ્તુઓ પણ તેની ભલામણથી લેવામાં આવી હતી. અહીંના ખડકાળ માર્ગો માટે ઉપયોગી ટટ્ટુઓ ઝાડી-ઝાંખરાંમાં થઈને પોતાની મેળે જ આગળનો માર્ગ શોધી લેતાં. દિવસમાં માત્ર એક

વાર તેમને પાણીની જરૂર રહેતી. એમની એવી લઘુતમ જરૂરિયાત સાથે એમની કામગીરી મહત્તમ પ્રકારની હતી.

ખંડ આરપારના પૂરા માર્ગ ઉપર રાત્રિનિવાસ માટે ધર્મશાળા જેવી કોઈ જ વ્યવસ્થા ન હતી. ખાદ્યપદાર્થો મળવાની શક્યતા પણ નહીંવત હતી એ માટે સૂકવેલું માંસ તથા મસાલા ભેળવેલા તૈયાર ચોખા સાથે લીધા. માર્ગમાં ક્યારેક પ્રાણીઓનો શિકાર પણ થઈ શકતો. વહેતાં ઝરણાંનું પાણી મળી રહેતું. રમ જેવા કડક દારૂમાં પણ એ જ પાણીનું મિશ્રણ કરવું પડતું. શીફ્લ નામથી ઓળખાતા બળદના શિંગડાની ખોલના પ્યાલામાં એવો દારૂ પીવાનો રિવાજ હતો. દારૂના વધુ પડતા સેવન સામે પણ મુસાફરને ચેતવવામાં આવતા. પહાડી ઊંચાઈના ઠંડા વાતાવરણમાં દારૂની માદક અસર વધુ ઘેરી હોવાનો સ્થાનિક લોકોનો અનુભવ હતો.

સૂવા માટે ઘેટાંના ઊન સાથેનું ચામડું સીવીને બનાવેલો કોથળો રિકાડો કહેવાતો. જંગલ અને પહાડોની વિષમ પરિસ્થિતિમાં પણ માણસોને પૂરતું રક્ષણ આપી શકે એવી એની રચના હતી. પોતે તથા સાથેના માણસો બહારનાં કે અજાણ્યા હોવાનું ન લાગે તે માટે અનુભવી ગ્લેનાર્વને સૌને માટે સ્થાનિક પહેરવેશની વ્યવસ્થા કરી હતી. સ્થાનિક ભાષામાં પોન્ચો તરીકે ઓળખાતો ઝભ્ભો પહેરીને પેગેનલ તથા રૉબર્ટ નાચવા મંડી પડ્યા.

શણગારેલા ટટ્ટુઓ ઉપરની સવારી મોટા ભાગનાઓ માટે પ્રથમ વારનો જ અનુભવ હતો. પેગેનલના હાથમાં ટટ્ટુની લગામને બદલે ગળામાં લટકાવેલું દૂરબીન હતું.

આખરે એમની મુસાફરી શરૂ થઈ. ૩૭°ની અક્ષાંશ રેખાને સમાંતર પૂર્વમાં જવા માટે એમણે ત્રીસેક માઈલ દક્ષિણમાં જવું પડે તેમ હતું. પ્રશાંત સાગરને કાંઠે દક્ષિણમાં આગળ વધતાં ક્યાંય સુધી જળમાર્ગમાં સમાંતરે આગળ વધી રહેલી 'ડંકન' નૌકાનો ધુમાડો ક્ષિતિજ ઉપર જોઈ શકાતો હતો. પોતાના પ્રિયજનની ત્યાંની હાજરી છતી કરતો એ ધુમાડો પણ ગ્લેનાર્વન માટે પ્રેમના પ્રતીક તરીકે આરાધ્ય બની ગયો. થોડા સમય માટે વાતાવરણ ગમગીન રહ્યું. પ્રથમ દિવસની એ મુસાફરી દરમિયાન વાતો કરવા માટે કોઈને શબ્દો પણ મળતા ન હતા. સૌ મૂંગા હતા. પથરાળ ધરતી ઉપર ટટ્ટુઓના પગની ખરીના ઠક ઠક અવાજ માત્ર સાંભળી શકાતા હતા.

ગંભીર પ્રકૃતિનો કેટાપેઝ ભાગ્યે જ કાંઈ બોલતો. એના મદદનીશો એઓને મળેલી ટ્રેનિંગ પ્રમાણે શાંતિથી કાફલાને આગળ ધપાવતા હતા. હારમાંથી બહાર નીકળી ગયેલા ટટ્ટુને ફરીથી હારમાં ગોઠવવા તેઓના મોંની ડચકારી માત્ર પૂરતી હતી. કોઈ ટટ્ટુ અડિયલપણું કરે તો દૂર રહ્યે રહ્યે પણ નિશાન લઈને ગોળ કાંકરો એ પ્રાણીને વાગે એ રીતે ફેંકવામાં આવતો. એ યુક્તિની ધારી અસર થતી, કોઈ ટટ્ટુની લગામ ઢીલી પડી જાય અથવા એની ઉપરના બોજના પટ્ટા છૂટી જાય ત્યારે એવી ક્ષતિ દુરસ્ત કરવા આ મજૂરો ટેવાયેલા હતા. પોતાનો ઢીલો ઝભ્ભો કાઢીને એનાથી ટટ્ટુનું માથું ઢાંકતાં તે ઊભું રહી જતું.

દરરોજ સવારના નાસ્તા બાદ આઠ વાગ્યે ટટ્ટુઓની આ વણજાર ફરીથી ચાલુ થઈ જતી, કાંઈ પણ રોકટોક વિના સાંજે ચાર વાગ્યા સુધી ભોમિયાએ નિર્દેશેલી કેડી ઉપર એની દડમજલ ચાલુ જ રહેતી.

પહેલા દિવસે સાંજના સમયે ખાડી પ્રદેશના છેવાડાના ખડક નજીક આરૌકો નામના સ્થળે પહોંચ્યા. ૩૭° અક્ષાંશની રેખા હજી એનાથી વીસેક માઈલ દૂર દક્ષિણમાં હતી. એટલા અંતર સુધીના દરિયાકાંઠા અંગે લૉર્ડ ગ્લેનાર્વને અગાઉ ઘોડા ઉપરની મુસાફરી દરમિયાન માહિતી મેળવી જ હતી. ખાડીના ખાંચાઓમાં તૂટેલા જહાજના કોઈ જ અવશેષ જોવામાં આવ્યા ન હતા.

એટલી લંબાઈમાં ફરીથી તપાસ કરવાનું બિનજરૂરી હતું. વધુ ૨૦ માઈલ દક્ષિણમાં જઈને ત્યાંથી કાટખૂણે પૂર્વે જવાને બદલે ગ્લેનાર્વને અહીં ઓરૌકોથી જ દક્ષિણપૂર્વ દિશામાં મુસાફરી શરૂ કરાવી.

મુસાફરીનો બીજો દિવસ પણ ખુશનુમા રહ્યો. માણસો કે પ્રાણીઓએ નિર્વિઘ્ને કુલ પાંત્રીસ માઈલનો પંથ કાપ્યો. રાત્રિમુકામ અહીંની સ્થાનિક નદી બિયોબિયોને કાંઠે નાખ્યો. ચારેતરફ ફૂલોથી મઘમઘતી વનરાજી અને ઝાડી હતાં, પરંતુ શિકાર થઈ શકે તેવાં મોટાં કે નાનાં કોઈ પ્રાણી જોવામાં આવ્યાં નહીં. ત્યાં કેવળ ઘુવડ અને બગલાં જેવાં પક્ષીઓ જ હતાં. ડુંગરોની ધાર ઉપરની એવી લાંબી મુસાફરી દરમિયાન કોઈ પણ માણસ સાથે ભેટો થયો નહીં. ગુમ થયેલા માણસની ભાળ મેળવવા પૂછવું હતું, પરંતુ કોને પૂછવું તે પ્રશ્ન હતો. ગ્લેનાર્વને અનુમાન બાંધ્યું કે કૅપ્ટન ગ્રાન્ટ વગેરેને કેદી બનાવીને અહીંના ઇન્ડિયનો આ માર્ગે જ એન્ડીઝ પર્વતમાળા પાર કરાવીને પમ્પાપ્રદેશમાં લઈ ગયા હશે. એમને અહીં શોધવામાં સમય વેડફવાને બદલે તેમની તપાસ ખંડના એ મધ્ય ભાગોમાં કરવા ઝડપથી ત્યાં પહોંચી જવાનું નક્કી કર્યું. નાના રૉબર્ટને ટટ્ટુ ઉપર બેસવામાં થોડી તકલીફ રહેતી હતી. એના પગ માંડ માંડ પેંગડા સુધી પહોંચી શકતા હતા, છતાં બાળસહજ કુતૂહલથી તે પોતાના ટટ્ટુને સૌની આગળ દોડાવવા પ્રયત્ન કરતો. આ સાવ અજાણ્યા પ્રદેશની જોખમી કેડીઓ ઉપરના એવાં દુસાહસોના ગંભીર પરિણામોનો ગ્લેનાર્વનને ખ્યાલ હતો. આથી ઊંચા સાદ સાથે થોડી કડકાઈ પણ એણે કરવી પડતી હતી.

શરૂઆતના સપાટ પ્રદેશ બાદ એન્ડીઝ પર્વતમાળાના ડુંગરાઓના હળવા ચઢાણની શરૂઆત થઈ. ધીમેધીમે કેડીના ચઢાણ વધુ ને વધુ આકરાં બનતાં ગયાં. ડુંગરાઓ ઉપર ચઢાણ બાદ એની તળેટી સુધી નીચે ઊતરવું પડતું હતું. એની ટોચના ભાગ ઉપર એ ડુંગરાઓ લગભગ બોડા જ હતા, પરંતુ ખીણના ભાગોમાં ઝાડી હતી, ઝાંખરાં હતાં, તેમ જ ખળખળ અવાજ કરતાં ઝરણાંઓ હતાં. ઊંચાઈને કારણે હવામાં ઠંડક હતી. ચોતરફનો માહોલ આહ્‌લાદક હતો. સૌને માટે એ ખુશી ખુશીની મુસાફરી હતી. ખાડી કે નાની નદી જેવું વહેણ જોવામાં આવતાં જ પેગેનલમાં રહેલો ભૂગોળશાસ્ત્રી જીવ સક્રિય બની જતો. નકશો કાઢીને એ નદીનું સ્થાન તથા નામની નોંધ બાબત ખાતરી કરી લેતો. એવા કોઈ ઉલ્લેખ વિનાના નદીનાળાં માર્ગમાં આવે તો પોતે જ પોતાના નકશામાં તેની રેખા દોરતો, તેમ જ સૌને ગમી જાય તેવું રૂપાળું નામ પણ આપતો હતો.

આ પ્રદેશના ભૂતળ અંગે પેગેનલની જાણકારી તપસ્પર્શી હતી. અહીંની સતત મુસાફરીથી જાણકાર બની ગયેલો ગાઇડ કેટાપેઝ પણ એનાથી પ્રભાવિત બની ગયો.

વળતા દિવસે ટટ્ટુઓની આ વણજાર માર્ગના એક ચોરાહા ઉપર આવી. એમની કેડી કે માર્ગ કાપીને ઉત્તર દક્ષિણે જતા એ માર્ગ અંગેની માહિતી જાણવા ગ્લેનાર્વને પેગેનલને પ્રશ્ન પૂછ્યો. ભૂગોળશાસ્ત્રી પાસે જવાબ તૈયાર હતો.

'એ માર્ગ અંબેલથી લૉલ ઍન્જલસ તરફ જાય છે.'

એ નામોની ખાતરી કરવા ગ્લેનાર્વને પોતાના ગાઇડ તરફ જોયું. એણે હકારમાં ડોકું ધુણાવ્યું. ભાંગી-તૂટી અંગ્રેજીમાં તૂટક શબ્દો ઉચ્ચારીને બોલ્યો,

'હા જી! એમની વાત સાચી છે.'

પેગેનલના ઝડપી છતાં સાચા જવાબથી કેટાપેઝ આશ્ચર્યચકિત થઈ ગયો. પૂછવા લાગ્યો,

'સાહેબ! આપે અહીં મુસાફરી કરી છે?'

‘હા હા! કેમ નહીં?’ પેગેલને જવાબ આપ્યો.

‘મારા સિવાય આ પ્રદેશમાં ટટ્ટુઓ ભાડે આપવાનું કામ બીજો કોઈ માણસ કરતો હોય તેની મને ખબર નથી, પરંતુ મારી પાસેથી તમે ટટ્ટુઓ ભાડે મેળવ્યાં હોવાનું મને યાદ નથી. એવી મુસાફરી તમે કેવી રીતે કરી?’

‘સરળ બાબત છે. મારી મુસાફરી ઝૂલતી ખુરશીમાં બેઠાં બેઠાં મેં કરી છે.’

આ પ્રદેશના ભોમિયા એવા કેટાપેઝ માટે એ જવાબનો અર્થ સમજવાનું મુશ્કેલ હતું. વધુ પ્રશ્નો કર્યા વિના જ ગાઇડ તરીકેનું પોતાનું સ્થાન એણે સંભાળી લીધું.

સાંજે પાંચ વાગ્યા, સામે જ આવેલી ઊંડી ખીણના ઢોળાવ ઉપર રાત્રિમુકાત માટેનો કૅમ્પ નાખ્યો, એન્ડીઝ પર્વતમાળાની વધતી ઊંચાઈ પૂર્વેનો એ પહેલો મુકામ હતો.

૧૨
એન્ડીઝનાં સીધાં ચઢાણ

ચીલી દેશના સપાટ પ્રદેશમાં અત્યાર સુધીની મુસાફરીમાં કોઈ કહેતાં કોઈ જ અડચણ ઊભી થઈ ન હતી, પરંતુ હવે જ્યારે એન્ડીઝ પર્વતમાળાના પહાડી માર્ગોની શરૂઆત થઈ, ત્યારે જાણે મુશ્કેલીઓએ એકીસાથે આક્રમણ કર્યું હોય તેવું સૌને લાગવા માંડ્યું.

અહીંથી શરૂ થતા ઘાટના પહાડી માર્ગે મુસાફરી શરૂ કરતાં પહેલાં એક પ્રશ્ન અંગે સ્પષ્ટતા કરી લેવાની લૉર્ડ ગ્લેનાર્વનને જરૂરી લાગી. માર્ગમાં સામે આવીને અડીખમ ઊભેલી એ પર્વતમાળા ઓળંગવા માટે ચોક્કસ માર્ગ એઓ સમજવા માગતા હતા. સાથે ચાલી રહેલા ગાઇડને પૂછતાં તેણે જણાવ્યું,

'એ માટે પ્રમાણમાં સારા કહી શકાય તેવા બે પહાડી માર્ગો છે. એ ઘાટના માર્ગો છે.'

'અને એ પૈકીનો એરિકા ઘાટીનો માર્ગ વોલ્ડીવિયા મેન્ડોઝ નામના પ્રવાસીએ શોધ્યો હતો, ખરું ને?' પેગેનલે તરત જવાબ આપ્યો.

'બિલકુલ સાચું.' ગાઇડે તરત જ ડોકું ધુણાવ્યું.

'અને બીજો માર્ગ વિલારિકાએ શોધ્યો હતો.'

'એ વાત પણ સાચી છે.' આ પ્રદેશ અંગે પેગેનલની આવી ઊંડી જાણકારીથી ગાઇડને આશ્ચર્ય થતું હતું. પેગેનલે જ આગળ ચલાવ્યું.

'એ રીતના બે માર્ગો છે એ વાત નક્કી, પરંતુ બંને વધુ પડતા લાંબા છે. કારણ એટલું જ કે ૩૭°૧૧" અક્ષાંશની આપણી નિર્ધારીત રેખાથી એક ઉત્તરમાં અને બીજો માર્ગ દક્ષિણમાં વધુ જાય છે. એમાં નિર્ધારિત રેખાંશની સાથે સાથે રહી શકાય તેમ નથી.'

'ત્રીજો કોઈ માર્ગ નથી જે સીધો પણ હોય અને વહેવારુ પણ હોય?' ગ્લેનાર્વને વળતો પ્રશ્ન કર્યો.

'એ પણ છે, પરંતુ ઊંચા પહાડોમાં થઈને પસાર થતો એ માર્ગ દુર્ગમ છે. જોકે ૩૭°૧૧" અક્ષાંશની સમાંતરે અડધા અંશ જેટલો જ તે ઉપર-નીચે થાય છે, પરંતુ આપણા હેતુ માટે એટલા માર્ગાંતરનું મહત્ત્વ પણ છે જ. જ્વાળામુખીની સાવ નજીક થઈને પસાર થતા એન્ટુકોના ઘાટી માર્ગ થઈને આપણે પૂર્વમાં આગળ વધવાનું છે.'

'એનો તો વાંધો નહીં, પરંતુ એ માર્ગે થઈને તારે કોઈ વાર જવાનું બન્યું છે?' ગાઇડ તરફ જોઈને ગ્લેનાર્વને સીધો જ સવાલ પૂછ્યો.

'હા જી! એ માર્ગે થઈને હું ગયો છું, પરંતુ એ વધુ મુશ્કેલ માર્ગ છે. સાવ નિર્જન છે. એ કારણે, એ અંગે મેં આપને જણાવ્યું ન હતું. ઉનાળાની ઋતુમાં ઇન્ડિયન ગોવાળો પોતાનાં

પ્રાણીઓ સાથે એ માર્ગમાં ક્યારેક જોવા મળે છે.' ગાઇડે ખુલાસો કર્યો.

'જો ઘેટાંબકરાં એ માર્ગે થઈને જઈ શકતાં હોય તો આપણાને કાંઈ જ વાંધો આવવો જોઈએ નહીં. ચાલો, એવા ટૂંકા માર્ગે જ આપણે આગળ વધીએ. વધુ વિલંબ કરવાની જરૂર નથી.' ગ્લેનાર્વને વિશ્વાસથી દૃઢતાપૂર્વક જણાવ્યું.

તરત જ ટટ્ટુઓના કાફલાએ લાસ તેજાસની ખીણના મધ્યભાગ તરફની મુસાફરી શરૂ કરી. બંને બાજુઓએ ચૂનાના પથ્થરોના ખડકલા હતા. ડુંગરોના ઢોળાવ હવે વધુ ઊંચાઈ પકડતા હતા. એની ટોચ સીધી ઊંચાઈઓ ઉપર ઊઠતી હતી. રસ્તાની ભાળ સૂંઘીને મેળવતાં હોય તે રીતે ટટ્ટુઓ વારંવાર એ કેડીના પથ્થરોની સાથે નાક ઘસતાં હતાં. એને માટે પણ વારંવારનાં આ ચઢાણ અને ઉતરાણ મુશ્કેલ બનતાં હતાં. ડુંગરો ઉપર કાટખૂણે આવેલા વળાંક પાછળ આગળનું ટટ્ટુ દેખાતું બંધ થતું, ત્યારે એના ગળામાં બાંધેલી ઘંટડીનો રણકાર જ એની સ્થિતિ જાણવાનું એકમાત્ર સાધન હતું. ઉતરાણ કે ચઢાણની સર્પાકારે કે વર્તુળાકારે જતી કેડી ઉપર ક્યારેક બસો ફૂટ દૂર ઉપર કે નીચે આવતા સાથીઓ સાથે વાતચીત પણ થઈ શકતી હતી.

ગ્લેનાર્વન પોતાના એ ગાઈડની નજીકમાં જ રહેવાનું પસંદ કરતા. એને ખ્યાલ આવી ગયો કે ગાઈડ પણ આગળની કેડીના સગડ મેળવવા મથામણ કરતો હતો. તેમ છતાં એ પોતાની મૂઝવણ સ્પષ્ટ કરતો ન હતો. એ દરમિયાન ટટ્ટુઓ પોતાની સૂઝ પ્રમાણે જ આગળની કેડીનો તાગ મેળવીને આગળ ધપતાં હતાં. ગાઇડ તેમ જ કાફલાનાં માણસોએ તો એમની પાછળ જ ચાલવાનું હતું. કેડી વધુ ને વધુ સાંકડી અને ઊંડી બનતી ગઈ, પરંતુ આગળ સૌએ જોયું કે વચ્ચે પડેલી એક મહાકાય શીલા એ ખીણનો માર્ગ રોકીને પડી હતી. જાણે એ માર્ગ બંધ થયો હોય તેવી સ્થિતિ હતી. સૌ અટકી પડ્યાં. માર્ગ રોકીને પડેલી એ શીલાની ઊંચાઈ અને કદનું સૌ મનોમન માપ લઈ રહ્યાં. મૂંઝાયેલો ગાઇડ એ અચળ શીલાની સાથે પોતે પણ અડગ હોય, તે રીતે અદબ વાળીને ઊભો રહી ગયો.

સાથે જ ચાલી રહેલા ગ્લેનાર્વનને આશ્ચર્ય થયું. કુતૂહલવશ પૂછ્યું,

'શું થયું? આપણે ખોટે માર્ગે ચડી ગયા હોય તેમ લાગે છે.'

'ના જી! છેક એવું નથી. આપણે એન્ટુકો ઘાટીની દિશામાં જ જઈ રહ્યા છીએ. આ કેડી ઉપર માણસોની તેમજ તેઓનાં પશુઓની અવરજવરનાં નિશાન તમે જોઈ શકો છો.'

'તો પછી કેડી અહીં આ ખડક આગળ પૂરી થઈ હોય તેવું કેમ લાગે છ?'

'થોડા મહિનાઓ અગાઉ આ માર્ગે થઈને જ ગાઇડ તરીકે અહીંથી હું પસાર થયો હતો. ત્યારે આ ખડક ન હતો. અન્ય પ્રકારની આડશો પણ ન હતી. લાગે છે કે ત્યાર બાદ આવેલા ધરતીકંપમાં નજીકનાં શિખરો ઉપરથી આ મોટો ખડક ગબડીને અહીં આવ્યો હોવો જોઈએ.'

'ટટ્ટુઓ એવી ઊંચાઈ ચઢી ન શકે તે સમજાય તેવી વાત છે. એ ચઢાણ મુશ્કેલ છે, છતાં આપણે એની ઉપર ચઢી શકીશું!' આગળના માર્ગ અંગેની ગંભીર ચર્ચામાં મેજર નેબ્સે પહેલી જ વાર ભાગ લીધો.

'જુઓ સાહેબ! મારાથી થઈ શકે તે બધાં જ પ્રયત્નો મેં કર્યા છે અને હજી પણ મદદરૂપ થવાની મારી તૈયારી છે, પરંતુ ટટ્ટુઓ માટેની આ કેડી સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. એવી સ્થિતિમાં આપણે વૈકલ્પિક વ્યવસ્થા વિચારવી પડશે.'

'તો હવે શું? બીજી કેડી શોધીને તે માર્ગે આન્ટુકોના ઘાટ પાસે પહોંચવામાં કેટલો સમય લાગે છે?'

‘ત્રણેક દિવસ એમાં વધી જવાની શક્યતા છે. એ માર્ગ પણ મુશ્કેલ છે. એ માર્ગ પણ આ રીતે બંધ થયો નહીં હોય તેવી અપેક્ષા રાખી શકાય.’

ગાઇડની મુશ્કેલીની વાત ગ્લેનાર્વને શાંતિથી સાંભળી. નવા માર્ગે આગળ વધવામાં પણ એવું જોખમ તો હતું જ. તે માર્ગ પણ આ રીતે જ બંધ થયો હોય તો વળી પાછા આ રસ્તે જ આવવું પડશે. એમાં વધુ વિલંબ થવાની શક્યતા હતી. ગ્લેનાર્વને પોતાના સાથીઓની જોડે એ બાબતમાં ચર્ચા કરી. હાલની કેડીએ ટટ્ટુઓ જઈ શકે તેવી સ્થિતિ ન હોવાનું પણ જણાવ્યું. અહીંથી આગળ પગપાળા જ મુસાફરી કરવાનું નક્કી કરવામાં આવે તે સાથેનો તમામ સામાન ઉઠાવીને જ પદયાત્રા કરવી પડે તેમ હોવાની વાસ્તવિકતા સમજાવી. લાભ અને ગેરલાભની સ્થિતિ અંગે પણ સ્પષ્ટતા કરી.

‘અમે આપની સાથે જ છીએ. આપ જે માર્ગ પસંદ કરશો તે જ માર્ગ અમારો પણ રહેશે.’ ટૉમ ઑસ્ટીને સૌપ્રથમ પોતાનો પ્રતિભાવ આપ્યો.

ભૂગોળશાસ્ત્રી પેગેનલે પણ અનાયાસ મળેલી આ સોનેરી તક ઝડપી લીધી. અહીંની વિશિષ્ટ ભૂરચનાનો નજારો અનોખી ઊંચાઈએ જઈને પોતાની આંખોથી જોવાનો અલભ્ય લહાવો એ જતો કરવા માગતો ન હતો. એણે તરત જ સંમતિ દર્શાવી.

‘અમે આપની આગળ હોઈશું. અહીંથી આગળ એન્ટુકોના ઘાટના રસ્તે જવા માટે આ પર્વતમાળાના થોડાં શિખરો ઓળંગવાનું જ કામ બાકી છે ને? એક વાર એની પેલે પાર પહોંચ્યા બાદ આગળના સ્પષ્ટ રસ્તે થઈને આર્જેન્ટિના દેશના મેદાનોમાં આપણે પહોંચી જઈશું. એ પ્રદેશમાં વસવાટ કરતા બેક્વીનોસ નામના ઇન્ડિયન ભરવાડો ત્યાંથી આગળના પમ્પા પ્રદેશમાં પહોંચાડવામાં મદદગાર બની શકશે. ત્યાંથી આપણને આગળની મુસાફરી માટે ઘોડાઓ પણ મળી રહેશે.’

ગાઇડ કેટાપોઝનાં ટટ્ટુઓ એવી સાવ સીધી ઊંચાઈના ડુંગરો ચડી શકે એવી સ્થિતિ ન હતી. લૉર્ડ ગ્લેનાર્વનને લાંબો માર્ગ લેવો ન હતો. આગળના માર્ગે પોતાની જરૂર ન હોવાનું સમજીને ગાઇડે પાછા વળવાની તૈયારી કરી. એનો ઇરાદો સમજીને ગ્લેનાર્વને સામે ચાલીને તેને પૂછ્યું.

‘અમારી સાથે આગળ આર્જેન્ટિનાની હદ સુધી નથી આવવું.’

‘માફ કરશો, મહાશય! પરંતુ એવી સીધી ઊંચાઈના માર્ગે મારાં ટટ્ટુઓ જઈ શકશે નહીં. એ સ્થિતિમાં તમારી સાથેની મારી હાજરી નિરર્થક છે. હું મારા માણસો અને પશુઓ સાથે પાછો વળીશ.’

‘જેવી તારી મરજી.’ ગ્લેનાર્વને ટૂંકમાં જ વાત સમેટી લીધી.

‘લૉર્ડ ગ્લેનાર્વન! તમે ચિંતા કરશો નહીં.’ ગાઇડ અને ટટ્ટુઓની મદદ વિના વધુ મુશ્કેલ માર્ગ આગળ વધવાના વિચારમાત્રથી કાંઈક નાસીપાસ થયેલા જણાતા ગ્લેનાર્વનને પેગેનલે હિંમત આપી — વધુમાં જણાવ્યું.

‘તમે ચિંતા કરશો નહીં. હું જાણું છું કે ઊંચાં શિખરો સહિતનો આગળનો માર્ગ ખરેખર મુશ્કેલ છે, પરંતુ આ વિસ્તારની સામાન્ય જાણકારી મારી પાસે છે.’

પેગેનલના સધિયારાને આધારે ગ્લેનાર્વને ગાઇડ સાથેનો લેવડદેવડનો હિસાબ પતાવ્યો. ટટ્ટુઓ ઉપરનો બધો જ સામાન ઉતરાવી દીધો. ગાઇડે પોતાની વળતી મુસાફરી શરૂ કરી.

ગ્લેનાર્વન માટે હવે બેવડી સમસ્યા હતી. ટટ્ટુ ઉપર બેસીને મુસાફરી કરવાને બદલે જૂથના

તમામ માણસોએ વધુ મુશ્કેલ માર્ગ ઉપર પોતાના પગની તાકાત ઉપર જે આધાર રાખવાનો હતો. એ ઉપરાંત સાત માણસો માટે ખોરાક, કપડાં તથા જરૂરી ચીજવસ્તુઓનો સામાન તેમ જ સંરક્ષણ માટેનાં શસ્ત્રો સૌએ જાતે જ ઊંચકવાનાં હતાં.

આગળની એવી મુશ્કેલ મુસાફરી માટે સૌ માનસિક રીતે તૈયાર હતા અને શારીરિક રીતે સક્ષમ પણ હતા. વ્યક્તિગત રીતે ઊંચકવાની દરેકની શક્તિ પ્રમાણે પીઠ ઉપર બાંધવા માટે સામાનનાં બંડલો બાંધવામાં આવ્યાં. ઊંચા પહાડો ઉપર ચડવામાં અનુકૂળતા રહે તે રીતે પીઠ ઉપર સામાન બાંધવામાં આવ્યો અને શરૂ થઈ પૂર્વપથની એમની યાત્રા.

સીધી ઊંચાઈના પહાડો ઉપર ચઢવા કે ઊંડી ખીણોમાં ઊતરવા માટે લાંબા ચક્રાકાર માર્ગે ચાલવાનું હતું. એવા માર્ગે ટટ્ટુઓની ઉપયોગિતા અંગે ગાઇડે વ્યક્ત કરેલી શંકા ગ્લેનાર્વનને સાચી લાગી. અહીં રસ્તા કે કેડીનાં કોઈ નિશાન ન હતાં. પૂર્વ તરફની દિશા જ એમને માટે રાહબર હતી.

બે કલાકની પરિશ્રમભરી મથામણને અંતે ગ્લેનાર્વન અને તેના માણસો એન્ટુકો નામથી ઓળખાતી ઘાટી કે પહાડો વચ્ચેની સાંકડી નેળમાં આવી પહોંચ્યાં. ત્યાંથી આગળના માર્ગે વધુ ને વધુ ઊંચાઈનાં શિખરો સામે આવવા લાગ્યાં. મોટા ભાગનો એ માર્ગ નાના-મોટા ખડકોથી છવાયેલો હતો, તો વધુ ઊંચા ભાગોમાં બરફ હતો.

મુશ્કેલી છતાં મુસાફરી પૂર્વ દિશાની નોક ઉપર આગળ વધતી રહી. થોડા સમય અગાઉ થયેલા ધરતીકંપથી અહીંની ભૂતળ વ્યવસ્થામાં ભારે ફેરફાર થયા હોય તેમ લાગતું હતું. પોતાની પાસેની અગાઉની માહિતીને આધારે ભૂગોળશાસ્ત્રી પેગેનલે દોરેલા માનસિક નકશાઓ નિરર્થક બની રહ્યા હોવાનું એણે અનુભવ્યું. અનિશ્ચિત બનેલો એવો આ માર્ગ શારીરિક ઉપરાંત સૌને માનસિક રીતે પણ થકવનારો બની ગયો.

હિંમત હાર્યા વિના તેમણે ચઢાણ ચાલુ જ રાખ્યું. ધીમે ધીમે આ વણજાર તેર હજાર ફૂટ કરતાં પણ વધુ ઊંચાઈએ પહોંચી ગઈ. માનવી કે પશુની અવરજવરનાં કોઈ નિશાન એ ઊંચાઈએ મળવાની શક્યતા નહીં જ હોય. તેમાંય ધરતીકંપે બધો જ માહોલ બદલી નાખ્યો હતો. એક જ બાબત અનુકૂળ હતી અને તે હવામાન. અનપેક્ષિત રીતે તે શાંત હતું. ધુમ્મસ કે જોરદાર પવનની ગેરહાજરીને પરિણામે એમની મુસાફરી ઝડપી રહી. મે માસથી ઑક્ટોબર સુધી અહીં દક્ષિણ ગોળાર્ધમાં શિયાળો હોય છે. ટેમ્પોરેઇલ્સ નામે ઓળખીતા અહીંના નામચીન વંટોળિયા અને બરફનાં તોફાનોનું ઘમસાણ આ સમય દરમિયાન જ અહીં ત્રાટકતું હોય છે. એ દરમિયાન અહીં થઈને પસાર થવા પ્રયાસ કરનાર પ્રવાસીઓ માટે એ અનુભવ વિષમ અને વિઘાતક હોય છે. અત્યારે શિયાળો ન હોવા છતાં એવાં તોફાનો આવવાની શક્યતા હતી. એવી સ્થિતિમાં શક્ય એટલી ઝડપે આ ઉચ્ચોચ્ચ પ્રદેશમાંથી બહાર નીકળી જવાનું જરૂરી હતું. ગ્લેનાર્વન અને પેગેનલને એની જ ચિંતા સૌથી વધુ હતી.

આ પ્રકારની સાવ પ્રતિકૂળ ભૂતળની સ્થિતિની કોઈને પણ કલ્પના ન હતી. ધરતીકંપને કારણે બદલાયેલી સ્થિતિ માટેની એમની કોઈ તૈયારી જ ન હતી. સીધી ઊંચાઈના ખડકો ઉપર ચઢવા માટે દોરડા અને સીડીની સખત જરૂર હતી. એવાં સાધનો સાથમાં ન હોવાનો અફસોસ કરવાને બદલે અન્ય સાધનોને કામે લગાડવામાં આવ્યાં. સાથમાં મૂલરેડી અને વિલ્સન જેવા સશક્ત અને કસાયેલા નાવિકો હતા. તેમની શારીરિક તાકાત એ માટે ઉપયોગી બની. એમનાં શરીર જ સીડી અને ટેકા તરીકે કામમાં લેવાયાં. નાના રૉબર્ટ માટે આ પ્રકારની મુસાફરી

સાહસભરી અને ઉત્તેજનાપૂર્ણ હતી. સૌની ચિંતા વચ્ચે ક્યારેક એ ઘણો આગળ દોડી જતો ત્યારે એને કાબૂમાં રાખવામાં ગ્લેનાર્વનને જહેમત કરવી પડતી હતી.

અગિયાર હજાર ફૂટની ઊંચાઈ ઉપર વનસ્પતિનો સંપૂર્ણ અભાવ હતો. એનાથી ઉપર ઊઠેલાં સીધી ઊંચાઈનાં શિખરો ઉપર જામેલા બરફના થર હજી અકબંધ હતા. અવાજની નાની ધ્રુજારી પણ એનું સમતુલન ખોરવી નાખી શકે તેવી સ્થિતિ હતી. એવું થાય તો પરિણામ ખતરનાક આવી શકે તેમ હતું. ભયજનક રીતે ઝળુંબી રહેલી બરફની ટનબંધી શીલાઓ નીચે ધસી આવે, તો આખો કાફલો એમાં દટાઈ જવાની શક્યતા હતી. એ કારણે અવાજ કર્યા વિના આગળ ધપવાની કડક સૂચના પેગેનલે સૌને આપી. એમના એ માર્ગમાં એક બાજુએ સીધી ઊંચાઈનાં શિખરો હતાં અને તેના ઉપર બરફનો અમાપ જથ્થો નીચે ધસી પડવા માટે ઝળુંબી રહ્યો હતો અને બીજી બાજુએ સેંકડો ફૂટ ઊંડી ખીણો હતી, જે ધુમ્મસ અને વાદળના પટથી ઢંકાયેલી હતી.

સૌ થાક્યાં હતાં. આરામની સૌને સખત જરૂર હતી છતાં એ માટે થોડી પણ સમથળ જમીનની અને માથા ઉપર છત જોવા કોઈક આવરણની જરૂર હતી. સૌનાં શરીર થાક્યાં હતાં, પરંતુ મનોબળ ઊંચું હતું. એક જ પ્રયાસમાં આ ભયજનક પ્રદેશમાંથી બહાર નીકળી જવા સૌ કૃતનિશ્ચયી હતાં.

ગ્લેનાર્વનની ગણતરી પ્રમાણે એ માટે હજી બે કલાકની મુસાફરી જરૂરી હતી. તેમ છતાં નાના રૉબર્ટના હવે લથડી રહેલા પગ જોઈને થોડો સમય આરામ લેવાનો એણે પ્રસ્તાવ મૂક્યો,

‘રૉબર્ટને રાહત મળે તે માટે થોડા સમય માટે અહીં થોભી જઈએ.’

‘નહીં! મારે માટે તો નહીં જ. થોડા ધીમા ચાલીશું, પરંતુ આ ભયજનક પ્રદેશમાં મારે ખાતર એવું જોખમ લેવાનું નથી.’

‘એનાથી ચાલી શકાય તેમ ન હોય ત્યારે અમે વારાફરતી એને ઊંચકી લઈશું, પરંતુ મુસાફરી ચાલુ જ રાખવાની છે.’

સાથે ચાલી રહેલા બંને સશક્ત નાવિકોએ પોતાની તૈયારી બતાવી. હજી બે કલાકનો પંથ બાકી હતો. વધુ ઊંચાઈનાં શિખરો હજી તેમની રાહ જોતાં હતાં. વધતી ઊંચાઈ સાથે પાતળી બનતી હવામાં શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હતી. એને કારણે ‘પુના’ નામે ઓળખાતી શારીરિક બીમારીનો ડર હતો. એવી તકલીફમાં હોઠ અને દાંતનાં પેઢાંઓમાંથી લોહી ઝમવાની શરૂઆત થાય છે. વ્યક્તિનું મજબૂત મનોબળ પણ એવી સ્થિતિમાં શરીરને કાબૂમાં રાખી શકે નહીં. ચાલવામાં નાની ભૂલ પણ મોટા અકસ્માત માટેનું આમંત્રણ બની રહે તેવી સ્થિતિ હતી. એક વાર ઢળી પડેલી વ્યક્તિ માટે ફરીથી ઊભા થઈને ચાલવાનું અશક્ય બની જાય તેવી સ્થિતિ હતી.

ગ્લેનાર્વન સહિત સૌની શારીરિક સાથે માનસિક ક્ષમતા પણ તૂટી પડવાની અણી ઉપર હતી. ટુકડીના નેતાની હાલત જ સાવ નાજુક હતી. ક્યાંક ઉપર છત સુધીનું કોઈક સમથળ સ્થાન મળી જાય તો સૌનો ઉગારો થાય તેમ હતું. ચોતરફ ફેલાયેલી બરફની ઠંડી ચાદરમાં સૌનો ઉત્સાહ સાવ ઠંડો પડી ગયો. સૌના પગ લથડતા હતા. બરાબર એ જ ઘડીએ આગળ ચાલી રહેલા મેજર નેબ્સના મોંમાંથી સૌને માટે આશ્ચર્યજનક બની રહે તેવા શબ્દો સંભળાયા.

‘હે...ય! ત્યાં દૂર ઝૂંપડી જેવું કાંઈક દેખાય છે. બરાબર જુઓ. એનું છાપરું પણ બરફની ચાદરથી ઢંકાયેલું લાગે છે. ઉનાળાની શરૂઆતમાં આ તરફ આવતા ઇન્ડિયન ગોવાળોએ એ

બનાવી હોવી જોઈએ. હા જી! એ ઝૂંપડી જ છે.’

૧૩

અણધારી ગર્તામાં

મેજર નેબ્સ જેવા અનુભવી સૈનિકની નજર જ ચોતરફથી બરફના આવરણમાં ઢંકાયેલી એ ઝૂંપડીને દૂરના અંતરેથી પણ તારવી શકી. દુશ્મનોનાં છુપાવાનાં સ્થળોને શોધીને તેને ખતમ કરવા માટેની વેધક નજર દરેક સૈનિક પાસે હોવી જોઈએ એવી એની દૃઢ માન્યતા હતી.

થોડા દૂરના અંતરેની એ ઝૂંપડીનું દૃશ્ય હજી અસ્પષ્ટ ન હતું છતાં નેબ્સની પરખમાં સૌને વિશ્વાસ હતો. આમ તો સૌ હતાશ થયા હતા, છતાં નામ માત્રના આશ્રયસ્થાનની આશામાં તેઓ ઉત્સાહિત બની ગયા. નજીક પહોંચતાં જ જણાયું કે અહીંની ભાષામાં 'કસૂકા' નામે ઓળખાતી સ્થાનિક બનાવટની એ ઝૂંપડી જ હતી. એનો સાંકડો પ્રવેશમાર્ગ બરફથી ઢંકાયેલો હતો. અડધા કલાકની જહેમતને અંતે વિલ્સન અને મૂલટેડીએ બરફને ત્યાંથી હટાવ્યો. પ્રવેશદ્વાર ખુલ્લું થયું. પોતાનું જ હોય એ રીતે ઉત્સાહથી સૌએ તેનો કબજો લીધો.

થોડી ઊંચાઈ ઉપર ત્રણ મોટા ખડકોની વચ્ચેની બખોલમાં એનું સ્થાન હતું. એની ઊંચાઈએ પહોંચવા માટે અણઘડ પથ્થરો મૂકીને પગથિયાંનો આકાર બનાવવામાં આવ્યો હતો. બંને બાજુએ સ્થાનિક પથ્થરો ગોઠવીને દીવાલ ઊભી કરવામાં આવી હતી. બારેક ફૂટ લાંબી પહોળી આ ઝૂંપડીની ઉપર જંગલી લાકડાની કઢંગી છત હતી. બરફ અને પવન સામે એ થોડું પણ રક્ષણ આપી શકે તેવી સ્થિતિમાં હતી.

ઉનાળા દરમિયાન આ વિસ્તારમાં પોતાનાં પાલતુ પ્રાણીઓ ચરાવવા આવતા સ્થાનિક ઇન્ડિયનોએ પોતાની આવડત પ્રમાણે એ આશ્રયસ્થાન બનાવ્યું હશે એવું પેગેનલનું અનુમાન હતું.

દસેક માણસો આસાનીથી સમાઈ શકે એવી મોકળાશ હતી. સામાનની સાથે સૌએ અંદર સ્થાન જમાવી દીધું.

'એક રાતના આરામ માટે આટલી સગવડ પૂરતી ગણાય, શું માનો છો તમે?' ગ્લેનાર્વને મૌન તોડ્યું અને પેગેનલને પ્રશ્ન કર્યો.

'બહાર જ્યારે ઉષ્ણતામાનનો પારો શૂન્ય ડિગ્રી સેલ્સિયસથી નીચે હોય ત્યારે આટલી સગવડ પણ મહેલ જેવી જ લાગે. આપણી સાથે અહીં ભાટ ચારણો જેવા હજૂરિયા હોત તો તેમણે પોતાની મધઝરતી વાણીથી આ તૂટીફૂટી ઝૂંપડીનો પણ મહેલ બનાવી દીધો હોત.' પેગેનલે પ્રતિભાવ આપ્યો.

'હા! એને મહેલ કરતાં પણ વિશેષ ગણી શકાય. જો આ ઠંડીને ઉડાડવા માટે બળતણનાં લાકડાં પણ મળી જાય તો. આપણે સૌ ભૂખ્યાં છીએ, છતાં કોઈ મઘમઘતા ભોજનથાળ કરતાં

પણ ઠંડી ઉડાડે તેવાં લાકડાંને હું અત્યારે પસંદ કરું.'

'સૂચન ઘણું જ સારું છે, પરંતુ આટલી ઊંચાઈએ એવાં લાકડાં મેળવવાનું મુશ્કેલ છે.' કોઈક બોલ્યું.

'એ વાસ્તવિકતા છે છતાં હું બહાર જઈને અત્યારે જ તપાસ કરવા માગું છું. હું આવું ત્યાં સુધીમાં તમે સૌ અહીં થોડી સાફસૂફી કરી રાખશો. અહીં આ ખૂણામાં પડેલી રાખ ઉપરથી લાગે છે કે નજીકના ભૂતકાળમાં જ અહીં લાકડાં સળગાવાયાં હતાં.' કાતિલ ઠંડીથી હેરાન થઈ રહેલા પોતાના સાથીઓને રાહત આપવાના ઇરાદાથી ગ્લેનાર્વને જણાવ્યું.

'હું અને વિલ્સન પણ સાથે આવીશું.' પેગેનલ પણ સાથે જવા તૈયાર થયો. ઊંચાઈનો અંદાજ મેળવવા માટે એણે બેરોમિટરના પારા તરફ આંખ ખેંચી. એની ગણતરી પ્રમાણે એ સ્થળ અગિયાર હજાર ફૂટની ઊંચાઈ ઉપર હતું. યુરોપની આલ્પ્સ પર્વતમાળાના સૌથી ઊંચા શિખર 'મોં બ્લાં' કરતાં એ ફક્ત ૯૧૦ ફૂટ જ નીચું હતું, પરંતુ ત્યાંનું ચઢાણ અને હવામાન અતિશય વિષમ હતાં. પેગેનલે જણાવ્યું કે અહીં પણ ત્યાંના જેવી જ સ્થિતિ હોય તો આ કાફલાનો એકપણ માણસ જીવતો રહ્યો ન હોત.

બળતણ માટે લાકડાંની શોધમાં નીકળેલ ત્રણે જણા નજીકના વધુ ઊંચા ભાગ ઉપર ચઢ્યા. પેગેનલના જણાવ્યા પ્રમાણે તેઓ આ પર્વતમાળાના સૌથી ઊંચા શિખર નેવાડોઝ ઉપર હતા. એ સ્થળેથી આજુબાજુના દૂરસુદૂર સુધી ફેલાયેલા ક્ષિતિજ તરફ નજર કરી. બરફની સફેદ ચાદરથી ઢંકાયેલા એ વિસ્તારોમાં ગજબનો સન્નાટો હતો. એટલી ઊંચાઈએ પણ પવન સાવ ધીમો હતો. ચારે બાજુના નીચાણનો વિસ્તાર કોલોરાડોની ખીણનો પ્રદેશ હતો. ધુમ્મસના ઘેરા આવરણથી એ ખીણ ઢંકાયેલી હતી. સમીસાંજનો સૂરજ પશ્ચિમના આકાશમાં ડૂબવાની તૈયારીમાં હતો. એનાં આછાં કુમળાં કિરણોથી ચારેતરફનાં હિમાચ્છાદિત શિખરો ચમકતાં હતાં. પશ્ચિમાકાશની એ સુવર્ણરંગી સંધ્યા અને એમાં ચમકતાં એ શિખરોના અપ્રતિમ સૌંદર્યને અવાક્ બનીને સૌ માણી રહ્યા.

દક્ષિણમાં ટોર્બિડોની ખીણની સામે પાર બે માઈલ દૂર એન્ટુકોનો જીવંત જ્વાળામુખી એના પેટાળમાંથી આગ ઓકી રહ્યો હતો. કોઈ મહાકાય દૈત્ય સમી એની ગર્જનાઓ સાથે પેટાળમાંથી લાલઘૂમ લાવા નીચાણમાં વહી રહ્યો હતો. એની સાથે ગરમાગરમ વરાળ અને ધુમાડાના ગોટેગોટા બહાર નીકળી રહ્યા હતા. લાલચોળ પથ્થરો આકાશમાં ઊંચે સુધી ફંગોળાતા હતા. ક્ષણભર માટે એનો પ્રકાશ ચારેતરફનાં શિખરોને અને ખીણોને ઉજાળતો હતો. એની સામે સાવ નિસ્તેજ દેખાતો સૂરજ છેક ક્ષિતિજ સુધી નીચે ઊતરે તે શક્ય જ ન હતું. ઊંચાઈ ઉપર જ એણે પોતાની લીલા સંકેલી લીધી. પૃથ્વીની ફરતેના પરિભ્રમણ બાદ થાકેલા સૂરજદેવ જાણે ધુમ્મસનું આવરણ ઓઢીને થોડી જ વારમાં ચીરનિદ્રામાં પોઢી ગયા. સૂધબૂધ ભૂલીને ગ્લેનાર્વન અને પેગેનલ, પાગલની જેમ પ્રકૃતિના એ અદ્‌ભુત નજારાને ગટગટાવી રહ્યા. આખરે વિલ્સને તેમને વાસ્તવિક ધરતી ઉપર લાવવા પડ્યા. થોડા જ સમયમાં એ બધું જ ગાઢા અંધારામાં અદૃશ્ય બનશે અને એવી સ્થિતિમાં લાકડાંનો કે ઘાસનો એક ટુકડો પણ શોધી શકાશે નહીં, એવી કડવી હકીકત તેઓ બંનેને એણે સમજાવી.

એટલી ઊંચાઈએ લાકડાં મળવાની શક્યતા નહીંવત હતી, છતાં ક્યાંક ક્યાંક બખોલના ભાગમાં ઘાસ અને ઝાંખરાં મળી શક્યાં. મળ્યું તેટલું મૂળ સમેત એમણે ઉખેડી લીધું. સૌના આનંદ વચ્ચે કસુકા ઝૂંપડીના ખૂણામાં તેમણે અગ્નિ પેટાવ્યો. એટલી ઊંચાઈની પાતળી હવામાં

માણસોને શ્વાસ લેવામાં ભલે મુશ્કેલી હોય, પરંતુ એનો બીજો લાભ પણ હતો. મેજર નેબ્સના જણાવ્યા મુજબ ૧૦૦ ડિગ્રી ગરમીએ ઊકળતું પાણી અહીં એનાથી ઓછી ગરમીથી પણ ઊકળી શકતું હતું. પેગેનલે પોતાનું થર્મોમીટર એ પાણીમાં પકડી રાખ્યું. એનો પારો ૯૯°ના આંક ઉપર સ્થિર હતો.

ગરમાગરમ કૉફી સાથે સુકાયેલા માંસના ટુકડા પેડમાં પડતાં સૌએ ઠંડી અને થાકમાં રાહત અનુભવી. એક કલાક અગાઉની અતિકષ્ટમય પદયાત્રા બાદ એમને માથે છાપરું હતું. પેટમાં ગરમ કૉફી અને માંસના ટુકડાની ગરમી હતી. માંડ માંડ સળગી રહેલા તાપણાની હૂંફ હતી. સૌએ રાહત અનુભવી. બધાં વાતોમાં ગૂંથાયાં.

એ દરમિયાન નજીકના વિસ્તારોમાં કોઈ જબરજસ્ત હલચલ થતી હોય તે રીતનો હડબડાટીનો અવાજ આવવા લાગ્યો. ધીમેધીમે એ અવાજની તીવ્રતા વધતી ગઈ. જંગલી પ્રાણીઓનું કોઈ મોટું ટોળું એમના તરફ ધસમસાટ કરતું આવી રહ્યું હોય એવું સૌએ અનુભવ્યું. જોકે ગ્લેનાર્વનનું કહેવું હતું કે એટલી ઊંચાઈએ આ રીતે કોઈ ચોપગાં પ્રાણીઓની ભાગમભાગ શક્ય નહીં હોય. તેને બદલે એવો અવાજ ઊંચાં શિખરો ઉપરથી એકાએક નીચે ધસી રહેલા હિમપ્રપાતનો હોવાની શંકા એમણે વ્યક્ત કરી. પરંતુ એ અવાજ ઝડપથી એમની તરફ આવી રહ્યો હોવાની અનુભૂતિ અન્ય સાથીઓને થઈ. એમના અભિપ્રાય પ્રમાણે કોઈ અજ્ઞાત ભયને કારણે ભાગી રહેલાં ચોપગાંઓની એ ભાગદોડ હતી.

વધુ ને વધુ નજીક આવી રહેલા ધમધમાટીભર્યા અવાજથી કુતૂહલવશ બનીને સૌ ઝૂંપડીની બહાર ધસી આવ્યાં. એ રીતે એવી રઘવાટભરી દોડ પ્રાણીઓની હોય તો ખોરાક માટે એકાદનો શિકાર કરી શકાય એવી લાલચથી પોતાની બંદૂક સાથે રાખવા ગ્લેનાર્વને મેજરને સૂચન કર્યું.

બહાર હવે ધૂંધળું અંધારું હતું, છતાં તારાઓના ઝાંખા પ્રકાશમાં ફરતેનાં ઊંચાં શિખરોના આછા આકાર વર્તાતા હતા. એવા સમયે બાજુની ખીણમાંથી ઉપર ઝૂંપડી તરફ ધસી આવેલો પ્રવાહ પ્રાણીઓની સામૂહિક ભાગદોડ હોવાની સૌને ખાતરી થઈ. પશ્ચિમની દિશામાં આવીને પૂર્વ દિશામાં એમની સામે થઈને દોડી રહેલા એ પ્રાણી-પ્રવાહને સૌ ભયભીત નજરે જોઈ રહ્યા. એ દરમિયાન બંદૂકમાંથી ગોળી વછૂટવાનો અવાજ સંભળાયો.

મેજર નેબ્સે કોઈ પણ ખાસ નિશાન લીધા વિના પ્રાણીઓના એ ટોળા ઉપર કરેલો એ આંધળો ગોળીબાર હતો. હજારો પ્રાણીઓનું ટોળું ભયાનક વંટોળિયાની જેમ એમની સામે થઈને પસાર થઈ રહ્યું હતું. ઝાંખા અંધારામાં હવે જોવા માટે ટેવાયેલી આંખોને લાગ્યું કે એમની સામે જ થોડા અંતરે કોઈ અજાણ્યા પ્રાણીનો મૃતદેહ પડેલો હતો. એના ભારેખમ શરીરને ઊંચકીને સૌ ઝૂંપડીમાં લઈ આવ્યાં. સૌને માટે સાવ તાજું ભોજન હવે સામે જ પડ્યું હતું.

ખૂંધ વિનાનું નાનું ઊંટ હોય તેવું એ કોઈ નવતર પ્રકારનું પ્રાણી હતું. ઠંડા પડવા આવેલા તાપણામાં થોડાં ઝાંખરાં નાખી ફરીથી આગ પ્રગટાવવામાં આવી. એના ભડકાના પ્રકાશમાં પ્રાણીનું ચિત્ર વધુ સ્પષ્ટ બન્યું.

'અરે! આ તો ગુનાકો છે!' એને જોતાંવેંત જ ઓળખી કાઢતાં પેગેનલ બોલી ઊઠ્યો, 'અહીં દક્ષિણ અમેરિકાના દક્ષિણના આ પહાડી વિસ્તારોમાં જ જોવા મળતું હોય છે.'

'એનું માંસ સ્વાદમાં કેવું હોય છે?' પ્રશ્ન પુછાયો.

'ગુનાકો અને સ્વાદ?' પેગેનલે ખભા ચડાવ્યા.

‘સ્વાદમાં તો એવું છે ને ભાઈ! એવો આધાર તમારી ભૂખની માત્રા ઉપર છે. ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગીને જ્યારે તેજ બનેલો હોય ત્યારે દુનિયાનું એ શ્રેષ્ઠ ભોજન બની શકે.’

‘હવે એના શરીર ઉપર પ્રથમ છૂરી કોણ ચલાવશે?’

પેગેનલે પ્રશ્ન મૂક્યો. વધુમાં જણાવ્યું, ‘બરડ ચામડું મઢેલું એનું શરીર આસાનીથી ભક્ષણયોગ્ય બને તેમ નથી.’

‘હું એ કરીશ.’ પઠ્ઠા જેવો નાવિક મૂલરેડી આગળ આવ્યો.

‘કાપવા માત્રથી એ થોડું ખાઈ શકાવાનું છે?’

‘આવા નવતર પ્રાણીના શરીરને ભક્ષણયોગ સ્વાદિષ્ટ વાનગી બનાવવા કોઈ કુશળ રસોઇયાની જરૂર પડશે અને એ માટે આ સેવક તૈયાર છે.’ ગ્લેનાર્વન તરફ જોઈને પેગેનલે પ્રશ્ન પૂછ્યો અને સાથે જવાબ પણ તેણે જ આપ્યો. વધુ સ્પષ્ટતા કરતા તેણે જણાવ્યું, ‘બંદાએ પાકશાસ્ત્રની પરીક્ષા ઊંચા માર્કસ સાથે પાસ કરી છે.’ પેગેનલની આ રજૂઆતને હળવી મજાક માની સૌ મોટેથી હસી પડ્યાં.

‘અરે પેગેનલ મહાશય! તમે? તમે સૌ માટે રસોઈ કરી શકશો?’

‘કેમ નહીં? કેમ નહીં? હું એક ફ્રેન્ચ સજ્જન છું. દરેક ફ્રેન્ચમાં એક સારા રસોઇયાની તમામ કુશળતા અનિવાર્યપણે હોય જ છે.’

ભૂગોળશાસ્ત્રી પેગેનલની આ રમૂજ અહીંના આ વેરાન સ્થળની તકલીફો વચ્ચે પણ સૌને હસાવી ગઈ. પોતાની રજૂઆત પ્રમાણે પેગેનલે તરત જ તૈયારી શરૂ કરી. થોડા સમયમાં ખાઈ શકાય તેવું તાજું ભોજન તૈયાર થઈ ગયું. એવી નવતર વાનગીનું નામ પણ ‘ગુનાકો કટલેસ’ રાખવામાં આવ્યું. મોંમાં એનો ટુકડો મૂક્યા પછી એવી એ ફાર્મફ્રેશ અને અલભ્ય વાનગીની અસલિયતનો સૌને ખ્યાલ આવ્યો. મજબૂત દાંતવાળાઓ જ એને માંડ માંડ ચાવી શકે એવી એ કટલેસનો સ્વાદ પણ પેગેનલના વર્ણન પ્રમાણેનો જ હતો. જોકે એના ફળદ્રુપ ભેજામાંથી એનું કારણ પણ જડી આવ્યું.

‘ગુનાકોનું ટોળું ભયનું માર્યું ભાગી રહ્યું હતું, ત્યારે એનો શિકાર થયો હતો. ભયપ્રરિત એવી ભાગદોડ દરમિયાન એના તમામ સ્નાયુઓ ખેંચાયેલા જ રહે છે. એવી સ્થિતિમાં એના શરીરને ગોળી વાગી હતી. મરણ પછી પણ એવી જ સ્થિતિ જળવાઈ રહી હશે. એ જ સ્થિતિ હમણાં આપણાં જડબાં દુભવી રહ્યાં છે. આરામથી હળવા મૂડમાં બેઠેલા ગુનાકોના માંસની બાબતમાં છેક એવું બનતું નથી હોતું.’

ગુનાકોના માંસ બાબત પેગેનલનો એવો ખુલાસો સૌને હસવા માટે સારો મુદ્દો હતો, પરંતુ વહેવારમાં એનો અર્થ કાંઈ જ ન હતો.

દિવસભરની રઝળપટ્ટી બાદનું ભરપેટ તાજું ભોજન હતું. ઊંઘના અતિભારે આક્રમણ સામે સૌએ હાર સ્વીકારી. એકબીજાની રજા લઈને સૌએ પોંચો તરીકે ઓળખાતા રૂંઆવાળા ઝભ્ભામાં શરીર સંકેલી લીધાં. ઝૂંપડીમાં તાપણાને કારણે થોડી ગરમી અને પ્રકાશ હતાં. બહાર સખત ઠંડી હતી અને અંધારું પણ હતું.

સૌ ઊંઘી ગયા. એમાં અપવાદ માત્ર ગ્લેનાર્વનનો હતો. મનોમન અજંપો અનુભવી રહ્યા, ગુનાકો પ્રાણીઓની આંધળી ભાગદોડ અંગે પેગેનલે કરેલો ખુલાસો તેને યાદ આવ્યો. હજારોની સંખ્યામાં આવાં પ્રાણીઓ ભયભીત બનીને એ રીતે ભાગતાં હોય, ત્યારે તે માટે એની પાસે કોઈ ચોક્કસ કારણ હોય જ છે, પરંતુ માણસો માટે એ કારણ સમજવાનું શક્ય નથી હોતું. કુદરતે આ

પ્રાણીઓમાં અનેક મર્યાદાઓ મૂકેલી હોય છે, છતાં સ્વરક્ષણ માટે સૂઝબૂઝ અને છઠ્ઠી ઇન્દ્રિય બક્ષેલી હોય છે. એમની આ આત્યંતિક તથા આતંકિત ભાગદોડ પાછળ કોઈક તો ગંભીર કારણ હતું જ. કેવળ કોઈ વધુ બળવાન અને હિંસક પ્રાણીના હુમલાનું કે કોઈ શિકારી તરફના ભયનું કારણ તો જ ન હોઈ શકે. એટલી ઊંચાઈએ એવી કોઈ શક્યતા જ ન હતી. ગ્લેનાર્વન એ કારણે આવી રહેલા કોઈ અગોચર ભય સામે ચિંતિત હતા.

અર્ધનિદ્રાની અજંપાભરી સ્થિતિમાં એમની સ્વપ્નસૃષ્ટિ સળવળી ઊઠી. ક્ષણમાં તેઓ એ સ્વપ્નોની દુનિયામાં સરી પડતા હતા, તો બીજી ક્ષણે ડરામણી વાસ્તવિકતાની એને અનુભૂતિ થતી હતી. દૂરની અંધારી કંદરાઓની દિશામાંથી ગડગડાટીના ભારે મોટા અવાજ નજીક આવી રહ્યા હોય તેમ લાગતું હતું. વચ્ચે વચ્ચે એમાં ધડાકા-ભડાકાનો ઉમેરો થતો હતો. એમની નજર સામે જ સતત પ્રજવળી રહેલો જ્વાળામુખી એકધારી આગ ઓકી રહ્યો હતો.

એવી બેચેનીભરી ઊંઘ લાંબો સમય ચાલી નહીં. જાગૃત બનતાં પેલી ગડગડાટી વધુ તેજદાર બનતી લાગી. કુતૂહલવશ બનીને તેઓ ઝૂંપડીની બહાર આવ્યા. અંધારું હોવા છતાં ઉપરનું આકાશ ચોખ્ખું હતું. મધ્યરાત્રિનો અર્ધચંદ્રમા હમણાં જ ઊગ્યો હતો. એની ગેરહાજરીમાં અત્યાર સુધી નભોમંડળ ઉપર કબજો જમાવીને ચમકી રહેલા તારલાઓ હવે જાણે ચંદ્રની ખિદમત કરતા હોય તે રીતે ફીકા પડીને આઘાપાછા થવા લાગ્યા.

ગ્લેનાર્વને ચંદ્રના ધૂંધળા પ્રકાશમાં પોતાની ઘડિયાળમાં જોયું. મધ્ય રાત્રિના બે વાગ્યા હતા. ઝૂંપડીની આજુબાજુમાં આમ તો બધું જ રાબેતા મુજબનું હતું. કાંઈ હલચલ ન હતી કે કોઈ અનપેક્ષિત અવાજ ન હતો, પરંતુ દૂરથી આવી રહેલી ગડગડાટીના અવાજો હવે વધુ જોરદાર બન્યા હતા. કોઈ મહાવિનાશક ઘટના આકાર પામી ચૂકી હતી અને તે ઝડપથી એમની નજીક આવી રહી હોવાનું એણે અનુભવ્યું. ચૂપકીદીથી તેઓ ઝૂંપડીમાં આવ્યા. સાથીઓ ભરનિદ્રામાં હતાં. તેમને એમાંથી જગાડવા કે નહીં એની દ્વિધાભરી સ્થિતિમાં તેઓ હતા. પેલા અબૂધ પ્રાણીઓ તો એમની ઉપર ઝળુંબી રહેલી ઉપાધિથી બચવા માટે પોતાના પગની તાકાત ઉપર દૂર ભાગી શકયાં હતાં, પરંતુ માનવી માટે એ શક્ય ન હતું.

આવી અસમંજસભરી સ્થિતિમાં શું કરવું તે તેઓ નક્કી કરી શક્યા નહીં. ઝૂંપડીની આજુબાજુની શાંતિ છેતરામણી હોવાનું હવે સ્પષ્ટ થઈ ગયું હતું. છતાં ઠંડી ઉડાડવા ઘડીભર પોતાની પોન્ચો પથારીમાં પોતાનું શરીર છુપાવ્યું. એનાથી થોડી રાહત જરૂર મળી, પરંતુ તે લાંબો સમય ટકી નહીં.

સાવ નજીકમાં જ એક ભયંકર કડાકો થયો. ઝૂંપડી સહિતની એની નીચેની ધરતી ધ્રૂણવા લાગી. હવે ઊંઘ આવવાનો પ્રશ્ન જ ન હતો. સાથીઓ પણ શૈયામાંથી સફાળા બેઠા થઈ ગયા. કડાકાની સાથે જ ઝૂંપડીનો એ જર્જરિત દરવાજો પણ ખૂલી ગયો. ગભરાટના માર્યા સૌ પોતાના હથિયારો સાથે બહાર ધસી આવ્યા.

સૂર્યોદયને હજી વાર હતી, પરંતુ પરોઢના ઝાંખા પ્રકાશમાં ચારે બાજુનો ભયાનક દેખાવ જોઈને સૌ સ્તબ્ધ બની ગયા. એમની ચારેતરફનો ભૂભાગ પૂરેપૂરો બદલાઈ ચૂક્યો હતો. ડુંગરાઓની ઊંચી ટોચ એની તળેટીમાંથી આવતા ઝાટકાને કારણે તૂટી રહી હતી. ખડકો મોટા અવાજ સાથે ખીણમાં ધસી રહ્યા હતા. ગ્લેનાર્વન અને સાથીઓ માટે એકમાત્ર આશ્રયસ્થાન બનેલી ઝૂંપડી પણ ડોલી ઊઠી. એની નીચેનો કાળમીંઢ ખડક ધરતીના પેટાળમાં ઊતરી રહ્યા હોય તેમ લાગ્યું. એમની ફરતેનો આખો પ્રદેશ જ એ રીતે ધરતીના પેટાળમાં પોલાણમાં ધીમેધીમે નીચે

ઊતરી રહ્યો.

'ધરતીકંપ છે આ!' પેગેનલના મોંમાંથી પહેલી જ વાર અવાજ બહાર આવ્યો, 'ભારી માત્રાનો આ ધરતીકંપ છે.' એની જાણકારી પ્રમાણે ચીલીની પૂર્વનો અને મધ્ય આર્જેન્ટિનાનો આ પ્રદેશ નીચેના અસ્થિર પાયા ઉપર ટકેલો હતો. વારંવાર થતા ધરતીકંપો અને ભૂચલન માટે આ પ્રદેશ નામચીન હતો. એને કારણે જ આ વિસ્તારમાં વિકસેલી મોટી મોટી માનવ વસાહતો એકથી વધુ વાર નષ્ટપ્રાય બની હતી. અહીંનાં કોપિયાપો નગર બે વાર અને શાન્તિઆગો જેવું મહાનગર ચારવાર ધરાશાયી થયાં હતાં.

પૃથ્વીના પેટાળમાં ધીખી રહેલી આગ અને પાણીની વરાળ કુદરતી રીતે બહાર નીકળી શકે તો જ ત્યાં શાંતિ સ્થપાય તેમ હતું. એવા સેફ્ટી વાલ્વની ગરજ સારે તેવા પોચા અને નબળા ભૂસ્તરનો અહીં અભાવ હતો. અને એ જ એની અસ્થિરતા માટેનું કારણ હતું. પરિણામે અત્યારે ગ્લેનાર્વન અને એના સાથીદારો સમક્ષ થઈ રહેલી ભૂચાલ એની રીતે વધુ ગંભીર પ્રકારની હતી. એ જ કારણે લોકો આ પ્રદેશને ધ્રુજરીધરા કહેતા હતા.

એમની ઝૂંપડીની ત્રણ બાજુની દીવાલો છૂટા પથ્થરો ગોઠવીને બનાવેલી નબળી અને જર્જરિત હતી. હળવા ઝાટકાથી પણ તૂટી પડે તેવી હતી. એમાં રહેવામાં જાનનું જોખમ હતું. બચેલો સામાન લઈ ઝડપથી સૌ બહાર આવી ગયા. બાજુમાં જ લાંબી પહોળી અને ત્રાંસી એક શીલા હતી. તેની ઉપર સૌ આડાં પડી ગયાં. એ ખડક ઉપર અહીંતહીં ઊગેલી લીલ જેવી ગુરછાદાર વનસ્પતિ તથા ખડકોની બખોલને સૌ પકડી રહ્યા. એ ખડક અને આજુબાજુનો પૂરેપૂરો ઉચ્ચક પ્રદેશ ધીમેધીમે નીચે ઊતરતો જતો હોય તેમ સૌને લાગ્યું. પ્રકૃતિની એ અજાયબ પ્રક્રિયાને અટકાવવાનું કોઈ પણ રીતે શક્ય ન હતું. એકબીજાને મદદ કરવાની વાત તો દૂરની હતી, અન્ય સાથીઓની ગતિવિધિ કેવી હતી તે પણ જાણી કે જણાવી શકે તે સ્થિતિમાં કોઈ ન હતું.

નીચે પેટાળમાં ચાલી રહેલી ઊથલપાથલના જોરાદર આંચકા ઉપરની સપાટી ઉપર અનુભવાતા હતા. આજુબાજુની ખીણમાં ગબડી રહેલા ખડકોના પરસ્પર સાથે અથડાવાના અવાજો આવતા હતા. ડુંગરોની ટોચ ઉપર જામી રહેલ બરફની ધૂળનાં વાદળો ઘૂમરી લેતાં હતાં. આધારરૂપ બનેલો ખડક ક્યારેક ધીમેધીમે તો ક્યારેક ઝાટકા સાથે નીચે ઊતરતો જ જતો હતો. એના ઉપર ઊગીને માંડમાંડ અસ્તિત્વ ટકાવી રહેલાં ઝાડીઝાંખરાં પણ ઊખડીને નીચે ફંગોળાઈ રહ્યાં.

નીચાણ તરફની એમની આ ગતિ ક્યાં જઈને અટકશે તેનો કોઈને જ અંદાજ ન હતો. જીવન અને મૃત્યુ વચ્ચેની રેખા સાવ ધૂંધળી બની ગઈ હોવાનું સૌએ અનુભવ્યું. આવી અકલ્પનીય ઘટનાનો અંત પણ નહીં ધારેલી રીતે આવવાની શક્યતા હતી. અહીં ધરતીના આ વિશિષ્ટ ભાગના અવતરણની બાબતમાં પણ એમ જ થયું. ચોક્કસ સ્તરે આવતાં જ એવી અવનતિ અટકી ગઈ. સાતેય માનવજીવોને લાગ્યું કે તેઓ મૃત્યુ સામે જંગ ખેલી રહ્યા હતા. ખડક ઉપરની લીલ જેવી વનસ્પતિ સાથે જળોની જેમ ચીટકી રહેવાને કારણે જ તેઓ મોત સામનો સંગ્રામ જીતી ગયા હતા એમ સૌને લાગ્યું, પરંતુ જંગ હજી પૂરો થયો હતો એમ કોઈ કહી શકે તેમ ન હતું. તેઓ હજી આઘાતમાંથી મુક્ત થયા ન હતા. બરફની ધૂળમાં રગદોળાવાને કારણે તેમનાં શરીર ઠંડા પડી ગયાં હતાં. હલનચલન કરી શકે તેવી શક્તિ પણ રહી ન હતી. છતાં એમનામાં જીવન ધબકતું હતું. જીવતા રહેવાની પ્રબળ ઇચ્છાએ સૌને બચાવી લીધા હતા.

([૧])

તીવ્ર આઘાતની સ્તબ્ધતામાંથી સૌપ્રથમ મેજર નેબ્સ બહાર આવ્યો. લથડિયાં ખાતો હોવા છતાં બરફની ચાદર હટાવીને એ બેઠો થયો. સૂરજના ફુમળા પ્રકાશમાં ચમકતા ધોળા બરફને આંખો ઉપરથી સાફ કર્યો. બાવરા બનીને આજુબાજુ નજર ફેરવી. ઊંચા શિખરની ટોચ ઉપરથી થોડા જ સમયમાં તેઓ લગભગ ધરતીની સપાટીએ આવી ગયા હતા. પોતાના સાથીઓની સ્થિતિ જાણવા એણે આમતેમ નજર ફેરવી. અન્ય કોઈએ પણ આંખો ખોલવાની હજી હિંમત કરી ન હતી. છતાં પોતાના અન્ય સાથીઓનાં શરીરોને બરફની ચાદર નીચે ઢંકાયેલાં જોયાં. એ જોઈને એને ધરપત થઈ. હવે સ્થિતિ બદલાઈ ગઈ હોવાને તેને અહેસાસ થયો. કોઈ પણ જાતના પ્રયાસ વિના તેઓ સૌ એ ખડકની સાથે નીચે તળ જમીન ઉપર આવી ગયા હતા. અહીંના ઉષ્ણ હવામાનમાં બરફનું આવરણ ઝડપથી ઓગળવા લાગ્યું. બાકીનો બરફ નેબ્સે ખસેડ્યો. સૌને ઓળખી લીધા. માત્ર એક સિવાય અન્ય સૌ સાથીઓ ત્યાં હતા. ગેરહાજરી માત્ર નાના રૉબર્ટ ગ્રાન્ટની હતી.

([૧]) ધરતીના પેટાળમાંની ગતિવિધિને કારણે સપાટીના વિશાળ ભૂભાગો આખેઆખા જમીનમાં ઊંડે ઊતરી જવાની આવી ભૂભૌતિક ઘટના અમેરિકન મહાખંડમાં ઠેરઠેર જોવા મળે છે. બાકીના ખંડોમાં ક્યાંય નહીં જોવા મળતી પ્રકૃતિની આ લીલા ત્યાં કેન્યન કહેવાય છે. અમેરિકી સંઘ રાજ્યમાં ગ્રાન્ડ કેન્યન અથવા કોલોરાડો કેન્યનમાં જમીનના માઈલોના માઈલો સુધીના વિસ્તારો જમીનની સપાટીથી અલગ રીતે સીધેસીધા એકથી દોઢ માઈલ જેટલા નીચે ઊતરી ગયેલા જોવા મળે છે. (અનુવાદક)

૧૪
ગગનવિહારી કોન્ડોર

દક્ષિણ અમેરિકન ખંડના સમગ્ર પશ્ચિમ કિનારાથી સમાંતરે ચીલી અને આર્જેન્ટિના દેશોની સરહદે ઉત્તરથી દક્ષિણ લંબાયેલી એ પર્વતમાળા એન્ડિઝ તરીકે ઓળખાય છે. આર્જેન્ટિનાની સરહદ નજીક આવેલો એનો કેટલાક ચોરસમાઈલનો ઊંચાઈવાળો હિસ્સો એ રીતે જમીનમાં ઊંડો ઊતરતો ગયો અને તળેટી પાસેની સમથળ ધરતીની સપાટીએ આવીને અટકી ગયો. એ સપાટી તો પહેલેથી જ સમથળ હતી, ફળદ્રુપ હતી, ઝાડીઝાંખરાં અને જંગલોથી ભરપૂર હતી.

યુરોપથી આવેલા મૂળ વસાહતીઓએ અહીં સફરજનના રોપાનું વાવેતર કર્યું હતું. એ વસાહતીઓ તો આ જમીનથી પણ વધુ અનુકૂળ જમીનના વિસ્તારોમાં સ્થળાંતર કરી ગયા હતા, પરંતુ એમણે ઉછેરેલાં સફરજનનાં વૃક્ષો માવજત વિના જંગલની પેદાશ બની ગયાં હતાં. ફ્રાન્સના નોર્મંડીના વિસ્તાર જેવો જ દેખાતો આ પ્રદેશ વનશ્રીનાં વૈભવ અને વિપુલતા માટે જાણીતો હતો.

અનાયાસ આકાર લઈ રહેલી આ અકલ્પ્ય ઘટનાના પરિણામે સૌ જાણે ધખધખતા રણમાંથી રણદ્વીપ ઉપર આવી ગયા. હિમાચ્છાદિત ઠંડાગાર શિખરો ઉપરથી તેઓ હવે એકાએક ઉનાળાના ગરમ માહોલમાં આવી ગયા. સ્થિતિની સંક્રાન્તિ બાદનો આ સમયગાળો સૌને માટે આવકાર્ય બની ગયો.

ધીમેધીમે પૂર્વાકાશમાં સૂરજદેવે દર્શન દીધાં. એનાં કિરણોના તેજથી હવે દૂરનાં બની ગયેલાં શિખરો ઉપરનો બરફ પ્રકાશમાન બની ગયો. કુદરતની કોઈ અકળ લીલાને પરિણામે કોઈ પણ તકલીફ કે ઈજા વિના સૌ સાવ નીચે આવી ગયા હતા. મેજરે સૌને ઢંઢોળ્યાં. ધીમેધીમે સૌ આઘાતની મૂર્છનામાંથી બહાર આવી ગયા. નવી સ્થિતિને સૌએ ઉમળકાથી વધાવી લીધી. ઉમરાવપદ પામેલી મહિલા જેવી આ મહામના પ્રકૃતિએ પોતાની અદ્‌ભુત ગતિવિધિથી અનંત લાગતી ગિરિમાળાની ખૂંધ ઉપરની વિકટ કેડીઓમાંથી આ સાહસવીરોને સાનુકૂળ ધરતી ઉપર લાવી દીધા હતા. એની આ કૃપામાં એક જ ક્ષતિ રહી ગઈ હતી. સૌથી નાનેરો અને સૌનો લાડકો એવો રૉબર્ટ ગ્રાન્ટ ક્યાંક ગૂમ થયો હતો. રૉબર્ટની ગેરહાજરી સૌને માટે ચિંતાજનક હતી, ગ્લેનાર્વનને માટે ખાસ આઘાતજનક હતી.

‘આપણે પાછા જવું પડશે.’ રડમસ સ્થિતિમાં તેઓ ધીમેધીમે બોલવા લાગ્યા, ‘ગમે તેમ કરીને પણ રૉબર્ટને આપણે શોધવો જ રહ્યો. ધરતીકંપ અને ભૂસ્ખલનની એ અંધાધૂંધભરી સ્થિતિમાં ક્યાંક કોઈ કંદરામાં ખસીને એ છૂટો પડી ગયો લાગે છે. ઊંડી ખીણમાંથી એનો અવાજ આવતો હોય તેવા પડઘા મારા કાનમાં અથડાઈ રહ્યા છે. અહીંના આ ભયાનક

ભૂભાગમાં મરવા માટે એને એકલાને ન જ છોડી શકાય. એને ગુમાવીને કૅપ્ટન ગ્રાન્ટની શોધ આપણે કયા મોંએ ચલાવીશું?'

ગ્લેનાર્વનની આર્દ્રવાણી છતાં સૌ મૂંગા જ હતા. રૉબર્ટને શોધવા માટે શું કરવું તે અંગે કોઈ વિચારી શકતું જ ન હતું. રહી વાત પાછા જઈને રૉબર્ટને શોધવાની. નર્ક જેવી જે બદતર સ્થિતિમાંથી ચમત્કારિક રીતે જ વિનામુશ્કેલીએ તેઓ બહાર આવ્યા હતા, તેમાં રૉબર્ટની શોધને નિમિત્તે પણ પાછા જવાની હિંમત કોઈનામાંયે રહી ન હતી. અત્યાર સુધી ઊગતા સૂરજની એક સ્પષ્ટ દિશા એમની પાસે હતી, પરંતુ સેંકડો ડુંગરાઓ અને તેની હજારો કંદરાઓમાં રૉબર્ટની શોધ માટે કોઈ જ દિશાસૂચન ન હતું. ભૂસ્ખલન બાદ ત્યાંનું ભૂપૃષ્ઠ સંપૂર્ણ રીતે બદલાઈ ગયું હતું. આંખો બંધ કરીને ઊંડી અંધારી ખીણમાં કૂદકો મારવા જેવું એ દુઃસાહસ હતું એમ સૌને લાગવા માંડ્યું.

ત્યાં પ્રસરેલી સ્તબ્ધતા વચ્ચે મેજર નેબ્સે ઝડપથી આખી પરિસ્થિતિનું આકલન કર્યું. તે બોલ્યો, 'રૉબર્ટને છેલ્લે કયા સ્થળે જોયાનું યાદ આવે છે કોઈને પણ?'

સૌનાં મગજ અત્યારે સાવ બહેર મારી ગયાં હતાં. તે સમયના સાવ ધૂંધળા પ્રકાશમાં કોણ ક્યાં હતું અને તેમાંય રૉબર્ટ ક્યાં હતો તે અંગ કોઈ પણ ચોક્કસપણે કહી શકવાની સ્થિતિમાં ન હતું. ત્યાં પ્રસરેલી સ્મશાનવત શાંતિનો આખરે વિલ્સને ભંગ કર્યો. તે બોલ્યો, 'ભૂચાલ દરમિયાન આપણી આસપાસના ડુંગરાઓ જ્યારે ધરતીમાં સરકી જવાની શરૂઆત થઈ, ત્યારે રૉબર્ટ મારી બાજુમાં જ હતો, એટલું મને યાદ આવે છે.'

'તારા મગજને હજી વધુ કસી જો, કે આ સ્થળ ઉપર આપણે સ્થિર થયા તે અગાઉ કેટલી મિનિટ પૂર્વે અને તારી કઈ બાજુએ રૉબર્ટ હતો?'

'જે ઝડપે આ ઘટના બની તેમાં આપણે સૌ રઘવાયા બની ગયા હતા. જીવન અને મૃત્યુ વચ્ચેનો ફાંસલો નજીવો હોય ત્યારે અડોશપડોશની એવી ઝીણી બાબતોનો ખ્યાલ રાખવાનું મુશ્કેલ હોય છે. એટલો જ ખ્યાલ છે કે અંતિમ ક્ષણો પૂર્વે બે મિનિટ અગાઉ એ પણ લીલ જેવી વનસ્પતિના ગુચ્છા સાથે ચીપકી રહ્યો હતો.'

'વિલ્સન! યાદ રાખ કે આવી નાજુક સ્થિતિમાં બે મિનિટનો ગાળો બહુ લાંબો સમય કહેવાય. એટલા સમયમાં ઘણું ઘણું બની શકે છે. તારી કાંઈ ભૂલ તો નથી થતી ને? હજી પણ ચોક્કસ બનવા પ્રયાસ કર.'

'ના સાહેબ! એટલું તો ચોક્કસ છે કે એ મારી ડાબી બાજુએ હતો અને એનો પોંચો મારા મોં સાથે ઘસાયો હતો.'

'એક વધુ પ્રશ્ન પૂછું છું. આપણે જે સમયે ખડકની સાથે નીચે ઊતરી રહ્યા હતા ત્યારે આપણા બધાની વચ્ચે તું ચોક્કસ ક્યાં હતો?'

'યાદ છે સાહેબ! હું સૌની ડાબી બાજુએ હતો.'

પ્રશ્નોત્તરી પૂરી થઈ. એમાંથી મળેલા જવાબોને આધારે મેજરે અનુમાન તારવવા પ્રયાસ કર્યો. પાછળના ડુંગરાઓ તરફ જોઈને તે ઊભો રહ્યો. બોલ્યો,

'વિલ્સન પાસેથી મળેલી માહિતીને આધારે હું કહી શકું કે અહીંથી ડાબી બાજુના ડુંગરાઓની ખીણ તરફ એ સરી ગયો હશે. બે મિનિટનો એ સમય અને સ્થળની સ્થિતિ એમ બંને બાબતોને સાથે જ લેવામાં આવે તો મને લાગે છે કે તે આપણે અત્યારે છીએ ત્યાંથી બે માઈલ દૂરના સ્થળે ખીણમાં ગબડ્યો હોવો જોઈએ. એટલા જ વિસ્તારમાં આપણી શોધ કેન્દ્રિત

કરવાનું યોગ્ય રહેશે. એ માટે બે ટુકડીઓમાં વહેંચાઈને શોધ કરવાનું આપણે માટે ઠીક રહેશે.'

સૌએ એ વિચારને વધાવી લીધો. વળી પાછું પશ્ચિમ તરફનું શોધ અભિયાન શરૂ થયું. જોકે આ જુદા જ પ્રકારની શોધ હતી. ખાસ ધ્યાન ઊંડી ખીણો અને ધરતીકંપને કારણે જમીનમાં પડેલી લાંબી પહોળી ફાટમાં આપવામાં આવ્યું. બંને જૂથના સાથીઓ અવારનવાર મોટેથી હાકોટા પાડીને પોતાની હાજરીની માહિતી બીજા જૂથને આપતા રહ્યાં.

કલાકો સુધી ચાલી રહેલી શોધનું કાંઈ જ પરિણામ આવ્યું નહીં. સૌ હતાશ બની ગયા. સૌને લાગ્યું કે જમીનની કોઈ ઊંડી ફાટમાં એ ગરકી ગયો હોય અને ઉપરથી નીચે ગબડેલી શિલાઓ નીચે તે દબાઈ ગયો હોવાની શક્યતા વધુ હતી. એવી સ્થિતિમાં તો ત્યાં જ એની કબર બની ગઈ હોવી જોઈએ.

બપોરનો આકરો સૂરજ પશ્ચિમ તરફ સહેજ ઢળ્યો. એકાદ વાગ્યે સૌ એમના મૂળ સ્થાને પરત આવ્યા. ખુશીનો માહોલ શોકમાં બદલાઈ ગયો. ગ્લેનાર્વન એક શબ્દ પણ બોલી શકતા ન હતા. રૉબર્ટને શોધ્યા વિના પરત નહીં જવાનો એમણે નિર્ધાર કર્યો.

સૌમાં હતાશાનો થાક હતો. થોડો આરામ કરીને ફરીથી સંભવિત દિશામાં આગળ વધવાનું પેગેનલે સૂચન કર્યું. એ સિવાય છૂટકો પણ ન હતો. જરૂર પડે તો વધુ સમય માટે અહીં મુકામ કરવો પડે તેવી સ્થિતિ હતી. ગરમીથી બચવા માટે ચાર ઝાડનાં થડ સાથે ચંદરવો બાંધવામાં આવ્યો. હથિયારો અને સૂકવેલા માંસના ટુકડા સિવાય અન્ય કોઈ જ વસ્તુ એમની પાસે બચી ન હતી. નજીકમાં વહેતા ઝરણામાંથી પાણી મેળવવામાં આવ્યું. આસપાસમાંથી સૂકું ઘાસ તથા પાંદડાં મેળવીને સળગાવવામાં આવ્યાં. આવી સ્થિતિમાં કોઈક પણ ગરમ પીણું સૌને રાહત આપી શકે તેવી સ્થિતિ હતી. જોકે ગ્લેનાર્વને કાંઈ પણ લેવાની ના પાડી. રૉબર્ટને સાથે લીધા વિના જવાનો વિચારમાત્ર એને ધ્રુજાવતો હતો.

રાત્રિના સૂમસામ સમયમાં સૌ સાથીઓ જ્યારે નિદ્રાધિન હતા ત્યારે એણે એકલાએ નજીકની ખીણ તરફ તપાસ આરંભી. કોઈક પ્રકારનો પરિચિત અવાજ કાને અથડાઈ શકે તે માટે કાનને સરવા રાખ્યા. જોકે એ કાનોમાં એમને માત્ર પોતાના જ ધબકારા સંભળાતા હતા. અંધારી રાત્રે કેવળ તારાઓના પ્રકાશમાં અહીંની ઊબડ-ખાબટ જમીનમાં રૉબર્ટને શોધવાનું કામ મુશ્કેલ હતું. સાથે જોખમી પણ હતું.

એ દરમિયાન જાગી ગયેલા પેગેનલ અને મેજર નેબ્સે ગ્લેનાર્વનની પથારી ખાલી જોઈ. તીવ્ર માત્રાના ધરતીકંપને કારણે જમીનમાં જ્યાં ત્યાં મોટી ચિરાડો પડી હતી. રૉબર્ટને શોધવાની ધૂનમાં ગ્લેનાર્વન પોતે જ એમાં ગરક થઈ જાય એવી શક્યતા પણ હતી. પેનેગલ અને નેબ્સ એનો પીછો કરતા રહ્યા.

એવી અર્ધચેતન અવસ્થામાં તેઓ રાતભર અહીંતહીં રખડતા રહ્યા. સવાર સુધી એ ત્રણેની એવી જ ગતિવિધિ રહી. ગ્લેનાર્વનની મરજી વિરુદ્ધ પણ એને પાછા મુકામે લઈ જવાની તાકીદ હતી. આગળ એમની મુસાફરીને સમયનું બંધન હતું. ચોક્કસ દિવસે દેશના પૂર્વકાંઠે 'ડંકન' નૌકાના યાત્રીઓ સાથેની મુલાકાતનો સમય નિશ્ચિત હતો. રૉબર્ટની શોધ માટે આવ્યા હતા, તે જ માર્ગે પાછા જવાનું શક્ય જ ન હતું. રૉબર્ટને મરી ગયો હોવાનું માનીને મૂળ પ્રવાસમાં આગળ વધવા સૌ ઉત્સુક હતા. એ માટે ગ્લેનાર્વનની સંમતિ લેવાની જવાબદારી મેજર નેબ્સે લીધી.

અવાક્ બની ગયેલા ગ્લેનાર્વનને એણે ઢંઢોળવા માંડ્યા. વારંવારના પ્રયત્નો બાદ તેણે પોતાનું મન અને મોં બંને ખોલ્યાં.

‘ભાઈ નેબ્સ! તમને બધાંને લાગે છે કે આપણે નીકળવું જોઈએ?’

‘હા જી, વધુ સમય અહીં રોકાવાનું એમને અર્થહીન લાગે છે. આપણે ઝડપથી નીકળી જવું જોઈએ.’

‘મારી તમને એક વિનંતી છે. આપણે એક કલાક રાહ જોઈએ.’

જેમને આધારે આ સમગ્ર અભિયાનનું આયોજન થયું હતું, તેની આવી વિનંતી નહીં સ્વીકારવાનો કોઈ પ્રશ્ન જ ન હતો, પરંતુ ત્યાર બાદ પણ વિનમ્રપણે તેઓ એક એક કલાકની ભીખ માગતા જ રહ્યા. મેજર ઉપર સાથીઓનું દબાણ વધતું ગયું. એની છેલ્લી તાકીદના સંદર્ભમાં એના તરફ જોયા વિના જ ગ્લેનાવર્ને ભગ્નહૃદયે જણાવ્યું,

‘ભલે ભાઈઓ, ભલે તમારી સૌની મરજી પ્રમાણે મુસાફરી શરૂ કરીશું.’ પરંતુ એ બોલતી વખતે એની નજર પશ્ચિમ તરફના દૂરના આકાશમાં સ્થિર થયેલી હતી. સૌએ પણ કુતૂહલવશ બની એ તરફ જોયું. એક નાનું કાળું ટપકું ત્યાં દેખાતું હતું. તે ધીમેધીમે મોટું થઈ રહ્યું હોવાનું સૌને લાગ્યું.

‘જુઓ જુઓ, ત્યાં! કાંઈક આપણી તરફ આવતું દેખાય છે.’ એણે ચીંધેલી આંગળીની દિશામાં દેખાતું એ ટપકું જાણે નજીક આવતું હોય તે રીતે મોટું ને મોટું બનતું ગયું. સાવ નજીકના આકાશમાં આવી રહેલી એ વસ્તુ વિશાળ પાંખોવાળું કોઈ મહાકાય પક્ષી હતું.

‘અરે! આ તો અહીંનું કોન્ડોર પક્ષી છે.[૧] ગગનમાં ઊંચે ઉડાન ભરતું આ કોન્ડોર દુનિયાનું સૌથી મોટું ઊડી શકે તેવું પક્ષી છે.’

પોતાની વિશાળ પાંખોને ધીમેધીમે રાજસી છટાથી હલાવતું એ નીચે ઊતરતું હોય તે રીતે એમના તરફ આવી રહ્યું હતું.

દક્ષિણ અમેરિકા ખંડના મધ્યના પહાડી ઇલાકાઓમાં આ કોન્ડોર પક્ષી ઊંડા આકાશનું બેતાજ બાદશાહ ગણાય છે. એવું એ કોન્ડોર પોતાના માથે ચકરાવા લેતું સૌ જોઈ રહ્યા. પહોળી પાંખો વચ્ચેનું શરીર પણ એવું જ કદાવર જણાયું. કહેવાતું હતું કે આ પહાડી પ્રદેશમાં ઉછેરવામાં આવતાં ગાય જેવા મોટાં પ્રાણીઓનાં વાછરડાં, વગેરેનો એ પક્ષી બહુ મોટો ચોર હતો. ઘણી ઊંચાઈએથી નીચે જમીન ઉપરના શિકારને જોવા માટે કુદરતે એને તીક્ષ્ણ દૃષ્ટિ બક્ષી છે. શિકારનું ચોક્કસ સ્થાન નક્કી થયા બાદ ભયાનક ગતિથી એ એના ઉપર ત્રાટકતું હોય છે. કોઈની નજર એની ઉપર જાય તે પહેલાં તો એના મજબૂત પગના મોટા નહોર વચ્ચે જકડાઈને એનો શિકાર સીધો જ સેંકડો ફૂટ ઊંચે આકાશમાં પહોંચી જતો હોય છે. એવા શિકાર માટે એ છેલ્લી જ અવકાશયાત્રા બની જતી. કોન્ડોર ભૂખ્યું હોય ત્યારે એની નજરની અડફેટે ચડતાં એકલદોકલ માણસો પણ એનો શિકાર બન્યા હોવાની લોકવાયકા અહીંના પ્રદેશમાં પ્રચલિત છે. ઘેટાં, બકરાં, હરણાં વગેરે મેદાની પ્રાણીઓ સામાન્ય રીતે એનો શિકાર બનતાં હોય છે.

એમની નજીક આવી રહેલું કોન્ડોર પક્ષી શરૂમાં તો સીધું જ એમના તરફ ઊતરી આવતું હતું, પરંતુ એની વેધક નજરે નીચે કાંઈક જોયું હોય, તે રીતે પોતાની પહોળી ફેલાયેલી પાંખોને સ્થિર રાખી હવા ઉપર તરતું રહ્યું અને ઉપર ચકરાવા લેવા લાગ્યું. પોતાની ઉપર હુમલો કરશે એવી શંકાથી એની ઉપર ગોળી છોડવા ગ્લેનાર્વને મેજર નેબ્સને જણાવ્યું. નેબ્સ અને વિલ્સને પોતાની બંદૂક તાકી, પરંતુ એ પક્ષી તરફ તાકીને જોઈ રહેલા ગ્લેનાર્વનને કાંઈક શંકા જતાં તેણે હાથનો ઇશારો કરી તરત જ ના કહી. એને લાગ્યું કે એ પક્ષીના મોટા શરીર નીચે વાંકા વળી ગયેલા પગના નહોરમાં માણસ પહેરે તેવાં કપડાંમાં લપેટાયેલું કોઈ માનવશરીર હતું. એ શરીર

નાનકડા રૉબર્ટનું નહીં હોય તો પણ માણસનું શરીર હતું. પક્ષીના ચકરાવા નાના બનતા ગયા. તે નીચે ઉતરાણ કરતું હતું. ગ્લેનાર્વનને હવે તો ખાતરી થઈ કે એ રૉબર્ટ જ હતો. તરત જ પક્ષી ઉપર ગોળી છોડવા આદેશ આપ્યો.

નિશાન લેવાય તે પૂર્વે દરેક ચકરાવા સાથે નીચે ઊતરી રહેલું પક્ષી એક ઝાડની ઓથમાં આવી ગયું. બીજી જ ક્ષણે એ બહાર પણ આવી ગયું. શિકારના ભક્ષણ માટે એ કોઈ યોગ્ય સ્થળની તલાશ કરતું હતું એમ સૌને લાગ્યું. જમીનથી હજી પણ તે સોથી દોઢસો ફૂટ ઊંચાઈ ઉપર હતું. ગોળી છોડવાની નિર્ણાયક પળ આવી ગઈ. આવી અતિ નાજુક પળમાં કોઈનો વિશ્વાસ કરવાને બદલે ગ્લેનાર્વને ઝડપથી વિલ્સનના હાથમાંથી બંદૂક ઝૂંટવી લીધી અને પોતે જ નિશાન લીધું.

'એ કામ હું કરીશ' એવા એના શબ્દો સંભળાયા. પક્ષી વધુ નજીક આવતાં નિશાન લેવાનું સરળ બન્યું. એણે નિશાન લીધું. ગોળી છોડવા ઘોડો દબાવે તે પૂર્વે એ સ્થળ નજીકની કંદરામાંથી બંદૂકની ગોળી છૂટી હોય તેવો ધડાકો સંભળાયો. સૌને આશ્ચર્ય થયું. નજીકના એ સ્થળેથી ધડાકા સાથેનો ધોળો ધુમાડો ઊંચે ઊઠતો દેખાયો.

અણધાર્યા ખૂણામાંથી છૂટેલી એ ગોળીનું નિશાન અચૂક હતું. પક્ષીનું માથું જ એનાથી વિંધાઈ ગયું હતું, અને તે પક્ષી મરણતોલ બની ગયું હતું. છતાં પહોળી થયેલી પાંખોને કારણે ચકરાવા લેતું પક્ષી પેરેશૂટની જેમ ઝડપથી નીચે આવવા લાગ્યું. ઊંચે ઊઠવાની તાકાત એણે ગુમાવી દીધી હતી. સૌ વિચારે તે પહેલાં તો એ મૃતપાય પક્ષી નહોરમાં જકડાયેલા ભારે શિકાર સાથે ધરતી સાથે ઘસાતું આગળ ધસ્યું અને સ્થિર થઈ ગયું.

'એ રૉબર્ટ જ છે! દોડો! એને બચાવી લો.'

સૌ એ દિશામાં દોડ્યા. નજીકમાં જ પાણીનું નાનું ઝરણું હતું. પક્ષી અને રૉબર્ટ બંને એની નજીકમાં જ નીચે પડ્યાં હતાં. નજીક જઈને એમણે જોયું કે કોઈ અજ્ઞાત ગોળીબારથી પક્ષીનું માથું જ વિંધાઈ ગયું હતું. ગગનવિહારી મહાકાય કોન્ડોર પક્ષી એ સ્થળે મરેલું પડ્યું હતું. એની વિશાળ પાંખોની નીચે રૉબર્ટનો દેહ ઢંકાયેલો હતો. ગ્લેનાર્વન સાવ અધીરા બની ગયા હતા. ઝડપથી એમણે રૉબર્ટના શરીર ઉપરનું પાંખોનું છત્ર હટાવી દીધું. નહોરમાં ભેરવાયેલા રૉબર્ટને કાળજીથી છૂટો પાડ્યો. અચેતન લાગતા શરીરને તરત જ નજીકના સૂકા ઘાસમાં સૂવડાવવામાં આવ્યું.

એની સ્થિતિ જાણવા ગ્લેનાર્વને પોતાનો કાન રૉબર્ટની છાતી ઉપર અડાડ્યો. રૉબર્ટનો ધીમો શ્વાસ ચાલતો હોવાનું તેણે અનુભવ્યું. આનંદથી એમણે પોકાર પાડ્યો,

'શ્વાસ ધીમો છે, પણ ચાલે છે. તે હજી જીવે છે.' આંનદની એ ઉદ્‌ઘોષણામાં બાકીના સાથીઓ પણ જોડાયા.

તરત જ પ્રાથમિક ઉપચાર શરૂ થઈ ગયો. ઝરણાનું ઠંડું પાણી લાવી મોં ઉપર છાંટવામાં આવ્યું. કળ વળતાં ધીમેધીમે એણે આંખો ખોલી. ચકળવિકળ થતી એ આંખો ફરતે વિંટળાઈને ઊભેલાં સૌ સાથીઓને જોઈ રહ્યો. એ દૃશ્ય એની કલ્પના બહારનું હતું.

એને ખ્યાલ આવી ગયો કે પોતે હવે સલામત હતો. હળવા અને ધ્રૂજતા અવાજે માંડ થોડા શબ્દો બોલી શક્યો.

એને સ્વસ્થતાથી બોલતો જોઈને ગ્લેનાર્વને આંખો બંધ કરી. આનંદના આવેગને કારણે એક શબ્દ પણ મોંમાંથી નીકળી શક્યો નહીં. રૉબર્ટના શરીર આગળ ઘૂંટણિયે પડીને તેઓ

મનોમન ઈશની પ્રાર્થના કરતા રહ્યા. સાથે આંખમાંથી આંસુઓની ધારા પણ વહેતી રહી.

---

૧ ગગનવિહારી કોન્ડોર પક્ષી ઊડી શકાતાં પક્ષીઓમાં વિશ્વમાં સૌથી મોટું ગણાય છે. દક્ષિણ અમેરિકાના પહાડી વિસ્તારો અને જંગલોમાં જ તે જોવા મળે છે. એક નષ્ટપ્રાય થવાની અણી ઉપર આવેલું આ પક્ષી વિશ્વસંસ્થાની 'એન્ડેન્જર્ડ સ્પેસી'ની યાદીમાં છે. જોકે એના સંવર્ધનના પ્રયાસો વિશ્વસંસ્થાએ હાથ ધરેલાં છે. જેના પરિણામ ઉત્સાહજનક જણાયાં છે. (ભાષાંતરકર્તા)

૧૫

અજનબી મિત્ર-થાલકેવ

કોન્ડોર પક્ષીના અણીદાર અને ધારદાર નહોરની વચ્ચે જકડાયેલા રૉબર્ટની શારીરિક સ્થિતિ નબળી જ હતી. એની એવી સ્થિતિને ધ્યાનમાં લીધા વિના જ સૌ સાથીઓએ એની સહીસલામત પુનઃપ્રાપ્તિની તાત્કાલિક ઉજવણી કરી. સૌએ એને ગાઢ આલિંગન આપ્યું. આનંદ અને લાગણીનો એ અતિરેક રૉબર્ટના સ્વાસ્થ્ય માટે તકલીફ ઊભી કરી શકે એ બાબતનો કોઈને ખ્યાલ જ ન રહ્યો.

સૌ ખુશીથી ઝૂમી ઊઠ્યા. ધીમેધીમે સૌ એમાંથી બહાર આવ્યા. પહેલો જ પ્રશ્ન સૌના મનમાં એ આવ્યો કે કોન્ડોરનું ફક્ત માથું જ વિંધાય એવું અચૂક છતાં, અજ્ઞાત નિશાન કોનું હતું, એવો કોણ નિશાનબાજ શિકારી હતો, જે ઉપર આકાશમાં ચકરાવે લઈ રહેલા પક્ષીના માથાનું જ નિશાન લઈ શકે અને તેને ધરાશાયી કરી શકે. એક પળનો પણ વિલંબ થયો હોત તો પક્ષીના નહોરમાં નીચે જકડાયેલો રૉબર્ટ જ એ ગોળીથી વિંધાઈ ગયો હોત. આ રહસ્ય ખુલ્લું થવામાં એમણે લાંબી રાહ જોવી પડી નહીં. અવાજની દિશામાં સૌએ નજર દોડાવી ઝરણાંની પેલે પાર છ ફૂટ ઊંચો અને સશક્ત બાંધાવાળો, અહીંનો ઇન્ડિયન હોય તેવો માણસ ઊભો હતો. એના હાથમાં જૂની ઢબની લાંબી નળીવાળી બંદૂક હતી. વિશાળ ભૂજાઓ અને લાંબા વાળ ઉપરાંત એના તામ્રવર્ણી મોંના દેખાવ ઉપરથી લાગતું હતું કે અહીંના પેટાગોનિયા પ્રદેશનો વતની હતો. એણે પહેરેલાં કપડાં પણ ગુનાકો અને ત્યાંના શિયાળનાં ચામડાનાં હતાં.

એને જોતાં જ મેજર નોબ્સે એના તરફ ગ્લેનાર્વનનું ધ્યાન દોર્યું. અજાણ્યા માણસની એવી ઉમદા કામગીરીનો ગ્લેનાર્વને તરત જ પડઘો પાડ્યો. સ્કોટલૅન્ડના અને એક અમીર ઉમરાવ લૉર્ડ ગ્લેનાર્વને પોતાના બંને હાથ પહોળા કરીને એ માણસનું અભિવાદન કર્યું. તેઓ એની નજીક ગયા. આ અજાણ્યા વિદેશીઓ તરફથી સાનુકૂળ પ્રતિસાદ મળતાં એ માણસ પણ ગ્લેનાર્વનની સામે આવ્યો. એના બંને હાથ પોતાના હાથમાં લઈ ગ્લેનાર્વને લાગણીસભર બનીને ઉમળકાથી દબાવ્યા. તેણે કરેલી મદદ માટે ગ્લેનાર્વને પોતાની કૃતકૃત્યતા વ્યક્ત કરી. જવાબમાં એ માણસ પોતાની ભાષામાં કાંઈક બોલ્યો, પરંતુ એની ભાષા કોઈને પણ સમજાઈ નહીં. બાઘાની જેમ બંને જણા એકબીજાને જોઈ રહ્યા. જોકે કેટલાક શબ્દોના ઉચ્ચાર ઉપરથી ગ્લેનાર્વનને લાગ્યું કે એ ઉચ્ચારણો સ્પેનિશ ભાષાનાં હતાં.

'હિસ્પાનિક ભાષા?' એણે ટૂંકો પ્રશ્ન કર્યો.

પેલાએ હકારમાં પોતાનું ડોકું ધુણાવ્યું.

'વાંધો નહીં! આપણા મિત્ર પેગેનલ હમણાં થોડા સમય ઉપર સ્પેનિશ ભાષા શીખતા

હતા, એવો મને ખ્યાલ છે.'

ગ્લેનાર્વને પેગેનલને નજીક બોલાવ્યો. અજાણ્યા સાથે વાત કરી, તે કોણ છે તે જાણવા સૂચના આપી.

પેગેનલે એની સાથે સ્પેનિશ ભાષામાં પ્રાથમિક વાત કરી જોઈ, પરંતુ પેલો તો એનું મોં જોઈને શાંત જ ઊભો રહ્યો. તેણે કોઈ જ પ્રતિભાવ આપ્યો નહીં. ઉચ્ચારણમાં થોડા ફેરફાર સાથેના થોડા શબ્દો પણ પેલાને સમજાયા હોય તેમ જણાયું નહીં.

પેગેનલે આખરે છેલ્લો ઉપાય અજમાવ્યો. પોતાનું નાક, કાન વગેરે શરીરના અવયવો બતાવી તે શું હતું તે પૂછ્યું. તેના જે જવાબો આવ્યા તે ઉપરથી ગ્લેનાર્વનને લાગ્યું કે એ જવાબ હિસ્પેનીક ભાષામાં હતાં, પરંતુ તેનાં ઉચ્ચારણો સાવ જુદાં જ હતાં.

મેજર નેબ્સને લાગ્યું કે પેગેનલ જે ભાષામાં પૂછવા પ્રયાસ કરી રહ્યો હતો તેમાં જ કાંઈ ગરબડ હતી. એણે જણાવ્યું, 'ઉચ્ચારણો ગમે તેવાં કઢંગાં હોય તેને સમજવામાં થોડી મુશ્કેલી પડે એ સમજી શકાય, પરંતુ પેગેનલ મહાશયના જણાવ્યા મુજબ એના શબ્દો પેલાને સાવ સમજાતા ન હતા એ વિચિત્ર લાગે છે. લાગે છે કે તમે સ્પેનિશ નહીં, પણ અન્ય કોઈ ભાષા શીખ્યા છો.'

'એવું તે કંઈ હોય?' મેં એ જ ભાષાનો પ્રાથમિક પરિચય મેળવ્યો છે. મેં એ ભાષાના વિશારદ એવા કેમિયન્સે લખેલાં લ્યુસિયાડ્સ પુસ્તકનો આધાર લીધો છે. તમે આ રીતે મારી મજાક ઉડાવી શકો નહીં.'

'શું કહ્યું તમે? કેમિયન્સ?' ગ્લેનાર્વને સહેતુક પૂછ્યું.

'હા સાહેબ હા! કેમિયન્સનું લુસિયાડ્સ. એ પુસ્તક તમને અત્યારે પણ બતાવી શકું છું.'

'અરે ભાઈ પેગેનલ! તમે વિદ્વાન છો, પરંતુ તે ભૂગોળના. તમે અહીં જે લેખક મહાશયનો ઉલ્લેખ કરો છો તે કેમિયન્સ તો પોર્ટુગલના છે અને એનું એ પુસ્તક પોર્ટુગીઝ ભાષામાં જ છે.' ગ્લેનાર્વને કહ્યું.

'એનો અર્થ એ થયો કે છેલ્લાં છ અઠવાડિયાંથી તમે જેનો અભ્યાસ કરી રહ્યા છો તે સ્પેનિશ ભાષા નહીં, પરંતુ પોર્ટુગીઝ ભાષા છે.' મેજરે હસતાં હસતાં કહ્યું.

'ખરેખર એવું છે?' અસમંજસ સ્થિતિમાં પેગેનલ મોં ખુલ્લું રાખીને ફાટી આંખે મિત્રો તરફ જોઈ રહ્યો. ત્યાં ઊભેલાં સૌ પોતાનું હાસ્ય ખાળી શક્યા નહીં. બધાની સામે પોતાનું બુદ્ધુપણું ખુલ્લું થઈ ગયું, કાંઈક રડમસ અવાજે.

'ખરું છે મારા મનનું? એકને બદલે બીજી જ ભાષા શીખવાની મારી ભૂલ કેવી કહેવાય? આવી સ્થિતિ કેટલી વાર બની હશે? ઇન્ડિયા જવા નીકળ્યો હતો. તેમાં મારી "સ્કોશિયા" નૌકામાં ચઢવાને બદલે તમારી આ "ડંકન"માં બેસી ગયો અને હવે આ ભાષાનો છબરડો! લાગે છે કે એક દિવસ મારી આ અડધી બળેલી સિગારેટને બારીની બહાર ફેંકવાને બદલે હું મારી જાતને જ ભૂલથી બારી બહાર ફેંકી દઈશ.'

પોતાની એ રમૂજી ભૂલને ભૂસ્તરશાસ્ત્રીએ ખેલદિલીથી સ્વીકારી લીધી અને સૌની સાથે ખુલ્લા હાસ્યમાં એ પણ જોડાયો.

હાસ્યની છોળો વચ્ચે પણ મૂળ પ્રશ્ન ઊભો જ હતો.

'તો હવે એ વાત નક્કી કે આ અજનબી મિત્ર સાથે સ્પેનિશ ભાષામાં વાત કરી શકે તેવું કોઈ જ નથી.' નેબ્સે ચિંતા વ્યક્ત કરી.

‘મેજર! તમે ચિંતા કરશો નહીં.’ પેગેનલે વહેવારુ ઉકેલ બતાવતાં જણાવ્યું, ‘સ્પેન અને પોર્ટુગલની સરહદ એક જ છે. બંનેના લોકો અને તેમની સાથે બંને ભાષાના શબ્દોની પણ આયાતનિકાસ થતી રહે છે. વળી બંને ભાષાનું મૂળ પણ એક જ છે. એમાંના ઘણા શબ્દો સમાન જ છે. હું એની સાથે વિચારવહેવાર કરી શકીશ.’

થોડી મથામણને અંતે સમજી શકાય તેવા શબ્દોની પેગેનલે આપ-લે કરી. એ વિદ્વાન માણસ હતો. ભાષાજ્ઞાન મેળવવાની દોડમાં એની ગાડી ભલે ઊંધેપાટે દોડી ગઈ હતી, પરંતુ ભૂલ સમજાતાં એણે તે સુધારવાનો પ્રયાસ શરૂ કરી દીધો. એની રજૂઆત સાચી હતી. બંને ભાષામાં ઘણા શબ્દો સમાન હતા. બંને વચ્ચે થોડા શબ્દોથી પણ વાતચીત થઈ શકી. એને આધારે પેગેનલ સમજી શક્યો કે એ માણસનું નામ ‘થાલકેવ’ હતું. અહીંની આરુકાનિયન બોલીમાં એનો અર્થ ‘થન્ડર’ એટલે કે ‘મેઘગર્જના’ થતો હતો.

થાલકેવ સાથેની આ મુલાકાત એ રીતે આકસ્મિક જ હતી, પરંતુ એને કારણે જ રૉબર્ટનો જીવ બચ્યો હતો. પેગેનલને સમજાયું કે આ પ્રદેશનો તે ભોમિયો હતો અને પ્રવાસીઓના ગાઇડ તરીકેનું કામ કરતો હતો. એને અંગેની પ્રાથમિક જાણકારીથી પણ ગ્લેનાર્વનને આનંદ થયો. સાવ અજાણી એવી આ પંપા પ્રદેશની ભૂમિમાં કૅપ્ટન ગ્રાન્ટને શોધવાનું આસાન બનશે એવી લાગણી વ્યક્ત કરી.

એમની વિનંતીથી થાલકેવ પણ જ્યાં રૉબર્ટને સુવડાવ્યો હતો ત્યાં આવ્યો. રૉબર્ટ હજી પણ મૂર્છાવશ હતો. કણસતો હતો. થાલકેવને ખ્યાલ આવી ગયો. તરત જ તે પેલા ઝરણાં તરફ ગયો ત્યાં ઊગેલી લીલી વનસ્પતિનાં પાંદડાં લઈ આવ્યો. તેને પથ્થર ઉપર છૂંદીને તેની લૂગદી બનાવી રૉબર્ટના શરીરે તેનો લેપ કર્યો. એની અસર થાય ત્યાં સુધી તેને આરામ આપવા જણાવ્યું. એને આધારે એ બાકીનો દિવસ અને ત્યાર બાદની રાત્રિએ સૌએ ત્યાં જ આરામ કર્યો.

સૌની સામેનો હવે પછીનો મુખ્ય પ્રશ્ન ખોરાક તથા મુસાફરી માટે પ્રાણીઓ મેળવવાનો હતો. આ પ્રદેશના જ નિવાસી. થાલકેવને પૂછતાં તેણે જણાવ્યું કે ત્યાંથી ચારેક માઈલ દૂરના ટાલ્ડેરિયા નામનું ગામ હતું. સ્થાનિક ઇન્ડિયનોની ત્યાં વસતી હતી. ત્યાંથી એ બંને વસ્તુઓ મળી શકવાની શક્યતા હતી. થાલકેવે બતાવેલ દિશામાં એની સાથે ગ્લેનાર્વન તથા પેગેનલે ચાલવા માંડ્યું. નદીનાળાથી ભરપૂર એવા આ ફળદ્રુપ અને લીલાછમ પ્રદેશમાં થઈને એમણે જવાનું હતું. પક્ષીઓના કલરવથી ભરેલા આ રમણિય પ્રદેશમાં ત્રણેના મન તાજગી અનુભવી રહ્યા. અહીંની પ્રાકૃતિક સમૃદ્ધિ જોઈને પેગેનલ નાચી ઊઠ્યો. ટોલ્ડેરિયાની વસાહત સામે આવી જવા છતાં પેગેનલનો નશો ઊતર્યો નહીં.

વિચિત્ર રીતે બંધાયેલાં ત્રીસેક જેટલાં ઝૂંપડાંનો એ નાનકડો કબીલો હતો. આજુબાજુના ઘાસના મેદાનમાં એમનું પશુધન ચરતું હતું. કેવળ પશુધનને આધારે જીવતાં આ લોકો સમયાંતરે નવી ચરણભૂમિની શોધમાં ભટકતાં રહેતાં.

દક્ષિણ અમેરિકાની અન્ય પ્રજાઓની જેમ જ આ વસાહતના લોકો પણ મિશ્ર જાતિના જ હતા. અરૌકાન, પહુન્ચા તથા ઔકાસ પ્રજાઓમાં પૂરેપૂરી ભેળસેળ થઈ ગઈ હતી. એ બધી પ્રજાઓનાં મૂળ જે હોય તે, પરંતુ યુરોપથી આવતા વસાહતી કે મુસાફરો માટે તેઓ સૌ ઇન્ડિયનો જ હતા. તેઓ કઈ જાતિના હતા, તેમાં ગ્લેનાર્વનને રસ ન હતો. મુસાફરી માટે જરૂરી ઘોડા તથા સૂકા માંસ જેવી વસ્તુઓમાં જ તેમને રસ હતો.

થાલકેવની મધ્યસ્થીથી તેણે સાત ઘોડા તથા જરૂરી ખાદ્યપદાર્થો ખરીદ્યા. સ્થાનિકોને દારૂની બૉટલોમાં વધુ રસ હતો, પરંતુ તેનો પુરવઠો સાથે લઈને જવાનું શક્ય ન હતું. આખરે વીસ ઔંશ વજનનો સોનાનો સિક્કો આપીને સોદાની પતાવટ કરી.

થાલકેવ માટે પણ વધારાના ઘોડાનો ગ્લેનાર્વને આગ્રહ રાખ્યો, પરંતુ તે પોતાના પગની તાકાત ઉપર મુસ્તાક તેમ છેવટ સુધી ના પાડતો રહ્યો.

વળતી મુસાફરી ઘોડા ઉપરની હતી. બહુ જ ઝડપથી તેઓ પોતાના કૅમ્પ ઉપર પહોંચી ગયા.

સતત ચાલનારી લાંબી મુસાફરી માટે ઘોડા અને ખોરાક મળી જતાં સૌ નાચી ઊઠ્યા.

૧૬
આશાનું એક કિરણ

વધુ એક દિવસ અને ત્યાર બાદની રાત્રિનો સૌને આરામ મળી ગયો. રૉબર્ટ પણ હવે પોતાની અસલ સ્થિતિમાં આવી ગયો. ૨૨મી ઑક્ટોબરે સવારે આઠ વાગે મુસાફરી શરૂ કરવાનું નક્કી થયું. થાલકેવે તે માટેની તૈયારી શરૂ કરી દીધી.

સવારમાં સૌ માટે ઘોડા તૈયાર થઈ ગયા. ગ્લેનાર્વનનો આગ્રહ છતાં પોતાને માટે ઘોડો ખરીદવા થાલકેવે ના પાડી હતી. પ્રયાણની શરૂઆતમાં જ ગ્લેનાર્વનને એનું કારણ સમજાઈ ગયું. તેણે પોતાના મોંની વ્હીસલ વગાડી એ સાથે જ અહીંની સ્થાનિક ઓલાદનો સશક્ત ઘોડો પાછળનાં ઝાડીઝાંખરાંમાંથી દોડતો આવીને માલિક પાસે ઊભો રહી ગયો.

થાલકેવે પોતાના ઘોડાનું નામ 'થૌકા' જણાવ્યું. અહીંની ભાષામાં એનો અર્થ 'પક્ષી' થતો હતો. એની સ્ફૂર્તિભરી દોડને કારણે એ નામ યોગ્ય જ હતું એમ સૌને લાગ્યું. થૌકાની પીઠ ઉપર બેસવા માટેનું જીન કે પલાણ બાંધેલું જ હતું. જીનની બંને બાજુએ અહીંના લોકોને ઉપયોગી એવાં બે પ્રકારનાં હથિયારો લટકાવેલાં હતાં. જરૂર પડે એક જ પળમાં તેનો ઉપયોગ કરી શકાય તે રીતે તે હાથવગાં હતાં. 'બોલાઝ' નામે ઓળખાતું સાધન મજબૂત લાકડાનું અર્ધગોળાકાર હથિયાર હતું. એના ઉપર ચામડું મઢી લેવામાં આવ્યું હતું. શિકાર અથવા દુશ્મન ઉપર સો ફૂટ દૂરથી પણ તેનાથી નિશાન લઈ શકાય તેવું એ સાધન હતું. 'લાઝો' નામનું બીજું હથિયાર આમ તો ત્રીસેક ફૂટ લાંબું દોરડું જ હતું. એને એક છેડે ગાળિયો બનાવવામાં આવ્યો હતો, બીજે છેડેથી પકડીને શિકાર તરફ એને ફેંકવાનું હોય છે. શિકાર એક વાર ગાળિયામાં સપડાયો એટલે એને માટે એમાંથી છટકવાનું અશક્ય હતું. એ ઉપરાંત ખભા ઉપર લટકતી બે નાળવાળી જોટાળી બંદૂક સાથમાં હોય એટલે પેટાગોનિયા પ્રદેશનો એવો ઘોડેસવાર કોઈ પણ હુમલાનો સામનો કરવા તૈયાર મનાતો.

મુસાફરોના ગાઇડ તરીકેની જવાબદારી જાતે જ સ્વીકારી લીધી હોય તે રીતે થાલકેવે પોતાનો ઘોડો સૌની આગળ લીધો. કોઈ ઔપચારિક વાત થઈ ન હોવા છતાં સૌએ એની એ ભૂમિકાને સ્વીકારી લીધી. સૌએ એની પાછળ પાછળ ચાલવાનું શરૂ કર્યું.

ચીલીની એન્ડીઝ પર્વતમાળાનો પૂર્વ તરફના ઢોળાવનો અતિ કઠિન ભાગ કુદરતની અકળ લીલાને કારણે સરળતાથી ઓળંગી શકાયો હતો. અને સૌ હવે સમથળ ધરતી ઉપર આવી ગયા હતા.

અહીંથી આર્જેન્ટિના દેશની ભૂમિમાં એમણે પ્રવેશ કર્યો. પૂર્વમાં લગભગ ૨૫૦ માઈલ સુધીના સમથળ પ્રદેશમાં નાનાં કદનાં વૃક્ષો અને સામાન્ય ઝાડીઝાંખરાં જ જોવામાં આવ્યાં.

ત્યાર બાદની ૪૫૦ માઈલ સુધીની ધરતી ફળદ્રુપ હતી. ખેતીને લાયક એ જમીનમાં ક્યાંક ક્યાંક અહીંના આદિવાસીઓ એટલે કે ઇન્ડિયનોએ વાવેલા મકાઈ વગેરે પાકોનાં ખેતરો જોવામાં આવ્યાં. દેશનું પાટનગર અને મુખ્ય બંદર બુસેનોસ એરીસ એ સ્થળેથી માત્ર ૧૮૦ માઈલ દૂર હતું. આટલાન્ટિક સાગરના કિનારા ઉપર ૩૭°.૧૧" અક્ષાંશના ચોક્કસ સ્થળે ડંકન વિહારનૌકા સાથે મળવાનું નક્કી થયું હતું. એ સ્થળ અહીંથી પૂર્વમાં સીધી લીટીમાં હોવાની ગણતરી પેગેનલે કરી. પેગેનલના જણાવ્યા મુજબ આગળના પ્રદેશમાં વિવિધ પ્રકારની ભૂરચના જોવા મળવાની હતી. 'મેદાનોઝ' તરીકે ઓળખાતા પ્રથમ ભાગમાં પગ મૂકતાં જ સૌને સમજાઈ ગયું કે બારીક ધૂળ જેવી રેતીની જ એ ધરા હતી. પવનમાં સદાય ઊડતી રહેતી એ ધૂળથી દરિયામાં ઊઠતાં મોજાં સ્થગિત થઈ ગયાં હોય તેવું દૃશ્ય રચાતું હતું. એની ઉપર વેલા જેવી વનસ્પતિ ઊગી હતી. છૂટાંછવાયાં નાનાં વૃક્ષો પણ હતાં. પ્રથમ નજરે વનસ્પતિ મનમોહક લાગે તેવી હતી. પવનમાં સતત ઊડતી રહેતી ધૂળ સામે આંખને બચાવવાનું મુશ્કેલ હતું.

પ્રથમ દિવસે સાંજના ચાર વાગ્યા સુધીમાં ચાળીસેક માઈલનો પંથ કપાયો. સૌ થાક્યા હતા. આખરે રેમીડ તેમ જ કોમો તરીકે પણ ઓળખાતી અને ઊંડી સાંકડી ખીણમાં થઈને વહેતી અતિ ઝડપી એવી નુકીમ નદીને કાંઠે તેમણે રાત્રિપડાવ નાખ્યો.

પ્રથમ દિવસ અને ત્યાર બાદની રાત્રિ સમથળ ધરતી અને સમઘાત હવામાનને કારણે હળવાશ ભરેલાં રહ્યાં, પરંતુ ત્યાર બાદના બીજા દિવસે બપોર દરમિયાન સૂરજની આકરી ગરમીનો અનુભવ શરૂ થઈ ગયો. જોરદાર ગરમ પવનની સાથે ઝીણી રેતીનાં વાદળો ઊઠતાં હતાં. એમાં શ્વાસ લેવાનું તેમજ આગળનો માર્ગ શોધવાનું મુશ્કેલ હતું.

અહીંની ભાષામાં રેતી અને હવાનું આ તોફાન પેમ્પરો તરીકે ઓળખાતું આવેલું. થાલકેવે પેગેનલને આ પેમ્પરોનો પરિચય કરાવ્યો. જોકે ભૂગોળશાસ્ત્રી પેગેનલને એની જાણકારી હતી જ. એના જણાવ્યા પ્રમાણે પવન અને રેતીની આંધી સાથે ત્યાર બાદ આવનારા વરસાદનું તોફાન ત્રણેક દિવસ ચાલુ રહેવાની શક્યતા હતી. ખુલ્લા રેતાળ પ્રદેશમાં એવી આંધી સામે રક્ષણ મેળવવાનું મુશ્કેલ હતું. ઊંટ કે ઘોડા જેવાં મોટાં પાણીને બેસાડી દઈને તેના પડખાંની ઓથમાં માથું નીચું નમાવીને શરીર સંકોડી ભરાઈ જવાનો એકમાત્ર ઉપાય હતો. સૌએ એ પ્રમાણે જ કર્યું. પેગેનલ પાસેના થરમૉમિટરમાં પારો જ્યારે નીચે ગયો હતો, ત્યારે હવાના ઓછા દબાણમાં તોફાન આવવાની તેણે આગાહી કરી હતી. તોફાન આવ્યું જ, પરંતુ હવાનું દબાણ વધતાં હવે જ્યારે પારો ધીમેધીમે ઊંચે જવા લાગ્યો ત્યારે તોફાન પણ ધીમેધીમે શાંત થઈ ગયું.

ચોવીસમી ઑક્ટોબરનો એ દિવસ હતો. ટાકાહૂનોથી મુસાફરી શરૂ થયાને બરાબર દસ દિવસ થયા. પૂર્વમાં રીઓ કોલોરાડો નદી જ્યાં ૩૭°.૧૧" અક્ષાંશની રેખાને ઓળંગે છે, તે સ્થળે પહોંચવા માટે તેમણે હજી નેવું માઈલનું અંતર કાપવાનું હતું. માર્ગમાં ક્યારેક સ્થાનિક ઇન્ડિયનોનો ભેટો થતો ત્યારે થાલકેવની મારફતે કૅપ્ટન ગ્રાન્ટ સંબંધી માહિતી મેળવવા ગ્લેનાર્વન પ્રયાસ કરતા.

પૂર્વ તરફ જતો મુખ્ય માર્ગ એમનાથી ઉત્તરમાં ઘણો દૂર હતો. એ માર્ગ સારો હતો અને લોકોની આવનજાવન પણ ત્યાં વધુ હતી, પરંતુ ગ્લેનાર્વનનું મિશન ૩૭°.૧૧" અક્ષાંશ સાથે જોડાયેલું હતું. જ્યારે એમણે પકડેલો દક્ષિણનો હાલનો માર્ગ મુશ્કેલીથી ભરેલો અને નિર્જન પણ હતો. ભાગ્યે જ કોઈની સાથે મળવાનું થતું. એવા લોકો ડરથી કે પછી સંકોચથી જવાબ આપવાનું ટાળતા હતા.

એ દરમિયાન શસ્ત્રસજ્જ એવા આઠેક માણસોનું જૂથ સામેથી આવતું હતું. બધા જ ઘોડેસવાર હતા, પરંતુ આ લાકોને જોતાં જ તેઓ ઝડપથી આડે માર્ગે ફંટાઈ ગયા. તે લૂંટારા હોવાની થાલકેવે શંકા કરી.

ગ્લેનાર્વનનું મિશન ૩૭°.૧૧" અક્ષાંશને સમાંતર જ રહેવાનું હતું, પરંતુ થાલકેવના મનમાં એ વિશે સ્પષ્ટતા થઈ ન હતી. એને લાગતું હતું કે ગાઈડ તરીકે અજાણ્યા માણસોને દોરવાને બદલે તે ખુદ દોરવાઈ રહ્યો હતો. એવી સ્થિતિ એને કઠતી હતી. દરમિયાન આગળ રસ્તાનો એક ત્રિભેટો આવ્યો. ઘોડા ઉપરથી ઊતરીને આગળના માર્ગ અંગે પેગેનલ પાસેથી એણે આગળના માર્ગ અંગેની સૂચના માગતાં બોલ્યો,

'આગળ કારમૅન નગર તરફ જવાનું છે?'

'હા જી! કારમૅન તો ખરું જ, પરંતુ તેનાથી પણ આગળ મેન્ડોઝ પહોંચવાનું છે.' ભૂગોળશાસ્ત્રીએ જવાબ આપ્યો.

'આપણે તો ત્યાંથી પણ પૂર્વમાં આગળ વધવાનું છે.'

પેટેગોનિયન ગાઇડ થાલકેવને આ વાત સમજમાં આવી નહીં.

'પરંતુ ત્યાંથી આગળ શું છે તની મને પણ ખબર નથી.'

કેવળ ઊગતા સૂરજની દિશાની આ પ્રકારની દોડ થાલકેવને સમજાતી ન હતી. એણે આશ્ચર્ય વ્યક્ત કર્યું. એને આ મુસાફરીના હેતુનો ખ્યાલ જ ન હતો. તેને આ સમગ્ર વ્યાયામ અર્થહીન લાગતો હતો.

ગ્લેનાર્વનને થાલકેવની એની મૂંઝવણનો ખ્યાલ આવી ગયો.

એ અંગે સ્પષ્ટતા કરવા પેગેનલને તેણે સૂચના આપી.

'જુઓ ગ્લેનાર્વન મહાશય.' અક્ષાંશને આધારે થતી આ મુસાફરીની વાત થાલકેવને સમજાવવામાં રેહલી મુશ્કેલી સ્પષ્ટ કરતાં પેગેનલે જણાવ્યું, 'અહીંની આ આદિવાસી પ્રજાને એમના આ નાનકડા પ્રદેશની બહારની વિશાળ દુનિયા અને તેનાં અગણિત સ્થાન અંગેનો કોઈ ખ્યાલ જ નથી. એ સ્થળોનાં ચોક્કસ સ્થાન અને અંતર જાણવા માટે અક્ષાંશો અને રેખાંશોની જે કાલ્પનિક રેખાઓ ભૂગોળશાસ્ત્રીઓએ દોરેલી છે તેને અંગે કાંઈ જ ગતાગમ નથી. એમાં ભાષાનો પ્રશ્ન પણ મોટો છે. એમની પાસેના સાવ મર્યાદિત શબ્દભંડોળની મદદથી આ પૃથ્વીનો આકાર અને તેની ઉપરનાં સ્થળોનાં સ્થાન સમજવામાં અક્ષાંશ અને રેખાંશની રેખાઓનું મહત્ત્વ સમજાવવાનું સહેલું નથી. એને આપણી વાત ગળે ઉતારવા માટે કાંઈક વહેવારુ ઉકેલ યોજવો પડશે.'

પેગેનલે ત્યાં જ બેસીને રેતીના થર ઉપર પોતે હાલમાં ઊભા હતા તે સ્થળ તથા જ્યાંથી આવ્યા તે પશ્ચિમનાં સ્થળોનો અડસટ્ટે નકશો દોર્યો. દક્ષિણ અમેરિકા ખંડની બંને બાજુના મહાસાગરોની સ્થિતિ પણ નકશા ઉપર દર્શાવી. પૂર્વમાં આટલાન્ટિક તરફની મુસાફરીના મૂળમાં ખોવાયેલો કૅપ્ટન ગ્રાન્ટની શોધનો મુદ્દો પણ તૂટક શબ્દોમાં સમજાવવા પ્રયાસ કર્યો.

પેગેનલના સતત પ્રયાસનું પરિણામ આવ્યું. થાલકેવને નકશા તથા પેગેનલના શબ્દોને આધારે ખ્યાલ આવ્યો કે આ મુસાફરો પોતાના મિત્રોની શોધમાં ચોક્કસ સ્થળ તરફ પૂર્વ દિશામાં જઈ રહ્યા હતા.

એના મોં ઉપર જે ભાવ ઊપસ્યો તે ઉપરથી સૌને લાગ્યું કે એમનો આ ગાઈડ બુદ્ધિશાળી હતો અને પ્રશ્નને સમજવાની તથા તેમાં ઊંડા ઊતરવાની તેનામાં ક્ષમતા હતી.

ગ્લેનાર્વનને પણ લાગ્યું કે જેની શોધ માટે પોતે આ અભિયાન શરૂ કર્યું હતું, તેવા કૅપ્ટન ગ્રાન્ટ જો કોઈ ટોળીના હાથમાં કેદી હશે તો તેની કાંઈક માહિતી મળી શકશે. થાલકેવે તૂટક શબ્દોમાં જણાવ્યા પ્રમાણે એવા એક વિદેશી કેદી અંગે તે થોડું જાણતો હતો, જે ઊંચો અને મજબૂત બાંધાનો હતો, પરંતુ તેણે વધુમાં એમ પણ જણાવ્યું કે એવા એ કેદીને જાતે જોયો ન હતો. તેના કહ્યા પ્રમાણે એવો કેદી કોલોરાડો અને નીગ્રો નદીઓ વચ્ચેના પટમાં રહેતા પોયુચા નામે ઓળખાતા ઇન્ડિયનોનો કેદી હતો. એ વાત ત્યાર બાદ બે ઉનાળાનો સમય વીતી ગયો હતો. અત્યારે એ કેદીની સ્થિતિ બાબત પોતાને કાંઈ જ માહિતી નહીં હોવાની પણ એણે સ્પષ્ટતા કરી.

થાલકેવે આપેલી માહિતીનો સીધો કોઈ આધાર હતો નહીં. આમ છતાં એવા કેદીનું અછડતું વર્ણન, તેમના ગુમ થવાનું સમયપત્રક તથા કયા પ્રદેશમાં તેઓ કેદી હતા તે અંગેના ધૂંધળા ચિત્રથી પણ ગ્લેનાર્વન, રૉબર્ટ વગેરે સૌ ઉત્સાહિત બની ગયા.

એવો કેદી એક જ હોવાની થાલકેવની રજૂઆત હતી. ગ્લેનાર્વને એવો તર્ક દોડાવ્યો કે ત્રણે કેદીઓ સંભવતઃ વિખૂટા પડી ગયા હોય અને એકલા કૅપ્ટન ગ્રાન્ટ જ આ વિસ્તારમાં કેદી બન્યા હોવાની શક્યતા વધુ જણાઈ.

કૅપ્ટન ગ્રાન્ટ વગેરેને શોધવા માટેનું આ અભિયાન શરૂ થયાને લાંબો સમય વીત્યા બાદ આટલી માહિતી તે અસ્પષ્ટ હોવા છતાં પહેલી જ વાર મળી હતી.

સૌને મન એનું ખૂબ ખૂબ મહત્ત્વ હતું. કૅપ્ટન ગ્રાન્ટ હવે હાથવેંતમાં જ હતો, એવી સૌને આશા જાગી.

૧૭
સૂકું સરોવર

દક્ષિણ અમેરિકામાં ૩૪°થી ૪૦°ના દક્ષિણ અક્ષાંશો વચ્ચે આવેલાં ઘાસિયાનાં મેદાનો પમ્પા પ્રદેશ તરીકે ઓળખાતાં આવેલાં. એની જમીન રેતી ઉપરાંત લાલ અને પીળા રંગની માટીના મિશ્રણવાળી હલકા પ્રકારની ગણાતી. ભૂસ્તરશાસ્ત્રીઓને ખાસ રસ પડે તેવી અન્ય એક બાબત પણ હતી. ટર્શિયરી તરીકે ઓળખાતા અને ચારેક કરોડ વર્ષ અગાઉ થયેલાં ત્રીજા ભૂસ્તરીય યુગમાં નિર્માણ પામેલા ખડકોના જંગી ખડકલા અહીં ચારે બાજુ પથરાયેલા જોવા મળે છે. એ ઉપરાંત બાઇબલ કથામાં જણાવવામાં આવેલા નૌઆહની આર્કમાં જેનો ઉલ્લેખ છે તે સર્વવ્યાપી જળપ્રલય સમયનાં મહાકાય જીવોના અસ્થિપિંજરોથી આખો દેશ ભરેલો હતો.

ખુલ્લાં મેદાનોમાં ઘોડાઓની ચાલ ઝડપી રહેતી, પરંતુ વચ્ચે વચ્ચે મથોડાં ઊંચાં ઘાસ, ભીની અને પોચી માટીવાળા તથા જીવજંતુઓથી ભરપૂર ભાગોમાં એમની દોડ ધીમી પડી જતી હતી. થાલકેવ પોતાની સમજ પ્રમાણે એમાં ગ્લેનાર્વનના કાફલાને દોરી રહ્યો. એવી સ્થિતિમાં પણ એ લોકો પૂર્વ દિશામાં આગળ વધી શક્યા, પરંતુ દક્ષિણ ગોળાર્ધનો ઉનાળો સૌને આકરો લાગતો હતો. જેમજેમ તેઓ આગળ વધતા ગયા તેમતેમ દુકાળનાં ચિહ્નો સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યાં. સૂકાં ભઠ્ઠ નદીનાળાં તો ઠીક, મોટી ગણાતી નદીઓ પણ નપાણિયા બની ગઈ હતી.

હવે પછી પાણીની પ્રાપ્તિ અંગે પેગેનલે થાલકેવને પૂછ્યું,

'અહીંથી એક દિવસના રસ્તે સાલિનાઝ નામે ઓળખાતું સરોવર છે. ત્યાં પાણી મળે તેમ છે, પરંતુ ત્યાં પહોંચતા સુધી આપણી પાસેનો પુરવઠો કરકસરથી વાપરવો પડશે.' પાણી માટેની આશામાં સૌએ ઝડપ વધારી. ત્રીસેક માઈલની એકધારી દડમજલ ચાલી. અહીંનાં ઊંચાં ઘાસમાંથી મચ્છરોનાં ઝૂંડનાં ઝૂંડ સૌને હેરાન કરતાં હતાં. પેગેનલ ત્રસ્ત હતો, પરંતુ સ્થિતપ્રજ્ઞ જેવા મેજર નેબ્સે એને સમજાવ્યું કે પ્રકૃતિવિદોના જણાવ્યા પ્રમાણે આ પૃથ્વી ઉપર ત્રણેક લાખ જેટલા જીવો છે. આ મચ્છરો તો એ પૈકી માત્ર એક જાતનાં જંતુ છે, પરંતુ જો એ ત્રણ લાખ જીવો તરફથી એકસામટો હુમલો થાય તો શું? નેબ્સની એવી રમૂજ માણવા જેટલી ધીરજ પેગેનલ રાખી શકે તેવી સ્થિતિ ન હતી. મનોમન તે મચ્છરોને ગાળો દેવા લાગ્યો.

સૌ થાક્યા હોવા છતાં પાણીના સ્થળે વહેલીતકે પહોંચી જવાની સૌને ઉતાવળ હતી. સખત ગરમી છતાં સૌએ મુસાફરી ચાલુ જ રાખી.

થોડા સમયના વિરામ બાદ આગળ નીકળી ગયેલો મૂલરેડી ઝડપથી પરત આવ્યો. તેણે સમાચાર આપ્યા કે શસ્ત્રોથી સજ્જ એવું ઇન્ડિયનોનું એક જૂથ એમની તરફ આવી રહ્યું હતું. ગ્લેનાર્વનને આશા જાગી કે એમની પાસેથી કૅપ્ટન ગ્રાન્ટ અંગેની કોઈક માહિતી મળી શકશે, પરંતુ

થાલકેવ જુદા જ મતનો હતો. અહીંના એવા રખડુ ઇન્ડિયનોની છાપ લૂંટારા તરીકેની હતી. એમનાથી દૂર જ રહેવામાં ડહાપણ હતું એમ એનું કહેવું હતું.

જોકે પેગેનલની અભ્યાસનોંધ જુદા પ્રકારની હતી. એના મતે અહીંની જાતિના ઇન્ડિયનોનું જનરલ રોસાઝે ૧૮૩૩ના અરસામાં નિકંદન કાઢી નાખ્યું હતું. એ કત્લેઆમમાંથી બચી ગયેલા ઇન્ડિયનો મુખ્યત્વે ખેડૂત હતા અને તેઓ શાંતિપ્રિય હતા. તેઓ ગાઉઓઝ તરીકે ઓળખાતા હતા.

લગભગ સો વારના અંતરે આવીને તેઓ અટકી ગયા. તેમણે અંદરઅંદર મસલત કરી હોય તેવું લાગ્યું. બાદમાં આ વિદેશીઓ પ્રત્યે કાંઈ પણ પ્રતિભાવ આપ્યા વિના તેઓ આડી દિશામાં તરત જ ફંટાઈ ગયા.

કૅપ્ટન ગ્રાન્ટ અંગે કોઈ પણ પૂછપરછ નહીં થઈ શક્યાનો ગ્લેનાર્વનને અફસોસ રહી ગયો.

તેઓ લૂંટારુ હતા કે સીધાસાદા ખેડૂત હતા, તે અંગે પેગેનલ અને મેજર નેબ્સ વચ્ચે ક્યાંય સુધી ગરમાગરમ વિવાદ થતો રહ્યો. થાલકેવને આ વિવાદ અંગે કોઈ જ સમજણ પડે તેમ ન હતું. છતાં તેણે પણ એની ગરમી અનુભવી. આખરે ગ્લેનાર્વને બંને વચ્ચેના અર્થહીન વિવાદને બંધ કરવા જણાવ્યું.

આ વિવાદમાં સમજ પડી ન હોવા છતાં થાલકેવે સ્મિત કર્યું. તેણે પોતાના હાથની એક આંગળી થૂંક વડે ભીની કરીને હવામાં ઊંચી કરી. હવા ગરમ તો હતી જ, તે સાથે ઉત્તર તરફના ભાગ ઉપર એણે હવાની હળવી લહેરખી અનુભવી. બોલ્યો,

'ઉત્તર તરફથી આવતો પવન લાગે છે?'

'ઉત્તર તરફનો પવન? એને અને આ વિવાદને શું સંબંધ છે?' પેગેનલ અકળાઈને બોલ્યો.

'તમારી વચ્ચેની આ ગરમ ચર્ચા અને ઉત્તર તરફથી વાતા પવન વચ્ચે સીધો સંબંધ છે એમ આ થાલકેવ માને છે.' ગ્લેનાર્વને હળવાશથી જવાબ આપ્યો. વધુમાં ખુલાસો કર્યો, 'મેં વાંચ્યું છે કે દક્ષિણ અમેરિકાના મૂળ નિવાસીઓમાં એવી માન્યતા છે કે ઉત્તર તરફના પવનો બે વ્યક્તિઓ વચ્ચે આવો ઉધમાત કરાવતા હોય છે. એમાંથી વાત આગળ વધતાં લોકો ગંભીર પ્રકારના ગુના પણ કરતા હોય છે.'

ગ્લેનાર્વનના આ ખુલાસામાંથી આશ્વાસન મેળવીને શાંત બનવાને બદલે પેગેનલ વધુ ઉશ્કેરાયો. બોલ્યો,

'તમે શું કહેવા માગો છો? શું તમને એવું લાગે છે કે હું કોઈનું ખૂન કરીશ?'

'ના ભઈ ના! મારું તો એટલું જ કહેવાનું છે કે અહીંની આ પ્રકારની હવા માટે એવી માન્યતા છે. એથી વિશેષ કશું જ નહીં. હવે આ અર્થહીન ચર્ચા બંધ કરો તો સારું.'

સમૂહના બે સભ્યો વચ્ચેના આ અર્થહીન વિવાદથી બાકીનાઓને મનોરંજન મળ્યું.

સરોવર અને પાણીની શોધમાં આગળ નીકળી ગયેલો થાલકેવ મોડી સાંજે આઠેક વાગ્યાના સમયે પરત આવ્યો.

સમાચાર લાવ્યો કે સરોવરનો પ્રદેશ માત્ર અડધા કલાકને અંતરે જ હતો, પરંતુ અફસોસ તેમાંનું પાણી સુકાઈ ગયું હતું.

પાણી વિના સૌનું જીવન મુશ્કેલ બની જાય તેમ હતું. સૌ ચિંતાતુર બની ગયા.

૧૮
પાણીની શોધમાં

પાણીની શોધનું પહેલું ચરણ એ રીતે નિરાશાજનક હતું. લેઇક સેલિનાસ સાવ સૂકુંભઠ્ઠ હતું, પરંતુ એનો ઝાઝો રંજ કરવા જેવો પણ ન હતો. સૂકી બની ગયેલી એની સપાટી ઉપર ક્ષારના જાડા પોપડા જામ્યા હતા. એ ઉપરથી લાગતું હતું કે એ પાણી ભારોભાર ક્ષારવાળું હતું. એમાં સોડિયમ ક્લોરાઇડ નામના ક્ષારનું પ્રમાણ તો અધિકતમ જણાયું હતું. પૂર્વમાં આવેલા બુએનોસ એરીસથી અહીંના વિસ્તારોમાં એ ક્ષારની શોધમાં અનેક સંશોધન અભિયાનો થયાં હતાં.

ગ્લેનાર્વન વગેરેને થયું કે જો એ પાણી પીવા યોગ્ય ન હતું તો થાલકેવે આ ક્ષારયુક્ત પાણી હોવાની વાત કેમ જણાવી ન હતી. એણે કરેલા ખુલાસા ઉપરથી જણાયું કે એ વાતની એને ખબર હતી જ, પરંતુ આજુબાજુના વિસ્તારોમાંથી એ સરોવર તરફ વહેતાં ઝરણામાંથી પીવાનું મીઠું પાણી મળે રહેશે એવી એને ખાતરી હતી. હાલની ગરમીમાં એવાં ઝરણાં પણ સુકાઈ ગયાં હતાં.

પ્રશ્ન હતો કે હવે કેવી રીતે આગળ વધવું?

સૌ થાક્યા હતા. ભૂખ્યા પણ હતા. પીવાના પાણીના અભાવથી સૌ બેબાકળા હતા. શિયાળા દરમિયાન પોતાનાં પશુઓ લઈને આ વિસ્તારમાંથી પસાર થનાર આદિવાસી ઇન્ડિયનોએ પોતાના ટૂંકા વસવાટ માટે ઊભો કરેલો ચામડાનો તંબુ જોવામાં આવ્યો. રુકાહ નામે ઓળખાતો તંબુ ચૂંથાયેલો અને જર્જરિત હતો, છતાં એકાદ રાતના મુકામ માટે એના કરતાં વધુ સારો વિસામો મળવાની શક્યતા પણ ધૂંધળી હતી. માંડમાંડ સૌ એમાં સમાયા. થાકેલા ઘોડાઓને પણ આરામ અને ખોરાકની જરૂર હતી. વજનથી મુક્ત બનેલાં એ પ્રાણીઓ નજીકમાંના ઝાડીઝાંખરાંમાં જે કાંઈ ખાઈ શકાય તેમ હતું તેમાં મંડી પડ્યાં.

મોડી રાત સુધી ઊંઘી ન શકેલા પેગેનલે આ સ્થિતિમાં શું કરવું તે અંગે થાલકેવ સાથે ચર્ચા કરી. ઊંડી ચર્ચામાં ભાષાની સમજણનો પ્રશ્ન હતો જ. થાલકેવના જે કેટલાક શબ્દો સમજાયા તે ઉપરથી પેગેનલે ગાઇડના વિચાર જાણ્યા. એ માનતો હતો કે આખો સમૂહ એકીસાથે ચાલે એના કરતાં ઝડપથી આગળ વધવા સક્ષમ જૂથ આગળ નીકળી જાય અને બાકીનાઓ એ જ માર્ગ પાછળ આવે તે ઠીક રહેશે. ઝડપથી આગળ જઈ ન શકે તેવા ઘોડાઓને કારણે બધા જ ધીમા પડી જાય તે યોગ્ય ન હતું. પેગેનલને પણ એ વિચાર યોગ્ય લાગ્યો. સવારે ગ્લેનાર્વન સાથે ચર્ચા કરીને એ વિચાર પ્રમાણે આગળ વધવાનું નક્કી કર્યું.

થાલકેવની ગણતરી પ્રમાણે એ સ્થળથી ૩૧ માઈલ પૂર્વમાં જેમિની નામની નદી, ત્યાંથી

આગળ જઈ સાન લુકાસ સરોવરને મળતી હતી. જો એ નદી પણ સુકાઈ ગઈ હોય તો ત્યાંથી વધુ આગળ જવાને બદલે પાછળ ધીમેથી આવતા સાથીઓની રાહ જોવી.

'પરંતુ એ પછી શું?' ઓસ્ટિને પ્રશ્ન કર્યો.

'એવી સ્થિતિમાં આપણે સીધા દક્ષિણમાં બોંતેર માઈલ દૂર આવેલી સિયેરા વેન્ટાના નદી તરફ જવાનું રહેશે.'

થાલકેવ અને એનો ઘોડો થૌકા આ પ્રદેશના ખડતલ જીવો હતા. ગ્લેનાર્વનનો ઘોડો પણ ઝડપથી મુસાફરી કરી શકે તેવી સ્થિતિમાં હતો. એમણે અગ્રીમ જૂથમાં જવા તૈયારી કરી. એ જોઈ નાનો રૉબર્ટ પણ એમની સાથે જવા તૈયાર થયો. એનો ઉત્સાહ અને એના ઘોડાની સારી સ્થિતિ જોઈ ગ્લેનાર્વને સંમતિ આપી.

'તો હવે મારે શું કરવાનું?'

'પેગેનલ મહાશય! હું ઇચ્છું છું કે પાછળ રહેનારા અમારા જૂથની સાથે તમે રહેશો. ગ્લેનાર્વનની સાથે ગાઇડ થાલકેવ છે. જ્યારે ૩૭°૧૧" અક્ષાંશની અને આ પ્રદેશ અંગેની સૌથી વધુ જાણકારી બાકીનાઓમાં તમારી પાસે જ છે. તમે અમારી સાથે જ હોય તે જરૂરી છે.'

ગ્લેનાર્વનને પણ એ પ્રસ્તાવ ઠીક લાગ્યો. તેના આગ્રહથી પેગેનલ કાંઈક કચવાતાં મને તૈયાર થયો. એણે સંમતિ આપી. તરત જ મેજરને રમૂજ સૂઝી તે વ્યંગમાં બોલ્યો,

'મહાશય! તમે અમારા ગાઇડ બનવાનું સ્વીકાર્યું તે માટે તમારો ખૂબ આભાર. જોકે અમે જાણીએ છીએ કે પૂર્વમાં ઇન્ડિયા જવાને બદલે પશ્ચિમે અમેરિકા જતી અમારી નૌકામાં તમે ચઢી ગયા હતા. એ જ રીતે સ્પેનિશ ભાષા સમજીને તમે પોર્ટુગીઝ ભાષાનો જ અભ્યાસ કરી નાખ્યો હતો, પરંતુ આ વખતે અમને વિશ્વાસ છે કે તમે અમને આટલાન્ટિકના કાંઠાને બદલે પશ્ચિમે પેસિફિકના કાંઠે નહીં જ લઈ જાવ.'

મેજરની આ હળવી મજાકને પેગેનલે પણ હળવાશથી જ લીધી. એણે ગ્લેનાર્વનને જણાવ્યું,

'આ મજાકિયા મેજર સાથે તો હું ગમે તેમ પણ પંગો લઈ શકીશ! પરંતુ મહાશય ગ્લેનાર્વન! તમે આ પેટાગોનિયન ઇન્ડિયનની ભાષા કેવી રીત સમજશો?'

'તેની તમે ચિંતા કરશો નહીં. મારે એની સાથે કોઈ ખાસ ચર્ચા કરવાની રહેવાની જ નથી. મારે તો ફક્ત એની પાછળ પાછળ જ જવાનું છે.'

વહેલી સવારે તૈયાર થઈને આ ત્રણના જૂથે ઝડપથી આગળ વધવાની તૈયારી કરી. નીકળતાં પહેલાં એના ભાગનું પાણીનું રેશન એમને આપવામાં આવ્યું. ચામડાની વૉટરબૅગમાં લાંબો સમય રહેલું એ પાણી ગંધાતું હતું. એ પાણીથી તરસ છીપે તેવી શક્યતા ન હતી, પરંતુ થોડા વધુ સમય જીવતા રહી શકાય તેમ હતું.

એક સમયે પાણીથી લહેરાતું લેઇક સેલિનાસ અત્યારે સૂકું મેદાન હતું. એનું ખારું પાણી સુકાઈ જવાથી અત્યારે તે સ્થળે મીઠાનું મેદાન બની ગયું હતું. ઊગીને ઊંચે ચડી ગહેલા સૂરજનાં કિરણોથી મીઠાની સપાટી વધુ ચમકદાર બની હતી. બપોર થતાં એની ગરમગરમ ઝાળ આંખો અને શરીરને દઝાડવા લાગી.

થાલકેવ અને ગ્લેનાર્વનની સાથેસાથે રૉબર્ટ પણ એટલી જ સ્ફૂર્તિ અને આત્મવિશ્વાસ સાથે આગળ વધતો હતો. એના ઉત્સાહની આ બંને જણા મનોમન પ્રશંસા કરી રહ્યા. પ્રોત્સાહન પણ આપતા હતા.

અહીંની આ સૂકી જમીનની સરખામણીમાં આગળ એંશી માઈલ દૂરની સિયેરા વાન્ટાના નદીના કાંઠાનો વિસ્તાર એની ફળદ્રુપ જમીન માટે જાણીતો હતો. એ જ નદીને આગળ જતાં જેમિની નદીનો ભેટો થતો હતો. ત્યાં તો પાણી નહીં હોવાનો સવાલ જ ન હતો, પરંતુ એટલે દૂર જવા કરતાં પ્રથમ આવતી જેમિની નદી જે અહીંથી થોડા જ માઈલ દૂર હતી, તેની તપાસ કરવી જરૂરી હતી. અહીં પાણી ન મળે તો ૧૩૦ માઈલ દૂરની એ સિયેરા વાન્ટાના સુધી દક્ષિણમાં જવું પડે તેમ હતું. જોકે ૩૭°૧૧" રેખાંશથી એ ઘણું ઘણું માર્ગાંતર હતું, પરંતુ અન્ય કોઈ ઉપાય ન હતો.

રેતીના રણપ્રદેશ જેવી આ મરુભૂમિ હતી. ભાગ્યે જ કોઈ ઝાડીઝાંખરાં દેખાતાં હતાં. બપોરનો સૂરજ માથે ચડતાં એનાં આકરાં કિરણો સૌને દઝાડી રહ્યાં. પાણી અને ખોરાક વિના મૂગાં પ્રાણીઓ પણ વધુ પડતો થાક અનુભવતાં હતાં. પીઠ ઉપરના ભાર સાથે દોડવાની વાત તો દૂરની રહી, તેમને ચાલવામાં પણ તકલીફ પડતી હતી. આ પ્રકારની સ્થિતિ છતાં અહીં આરામ માટે થોડું રોકાવામાં પણ ભારે જોખમ હતું. ધીમેધીમે સૌ આગળ વધતા જ રહ્યા.

વધુ ત્રણેક કલાકની મુસાફરી, અને દૂર ક્ષિતિજ ઉપર સૂરજનાં કિરણોથી ચમકતા સફેદ પટા ઉપર સૌની નજર પડી. રેતીના રણમાં દેખાતા મૃગજળ જેવું એ સ્થિર પરાવર્તન ન હતું, પરંતુ વહેતી હવાના હલકારે ઊઠતી હળવી તરંગિકાઓની કંપન ઉપરની ચમક હતી. એમાં કોઈ ભૂલ કે ભ્રમને માટે અવકાશ ન હતો, એ પાણી જ હતું.

'પાણી! ત્યાં પાણી જ દેખાય છે.' ગ્લેનાર્વન આનંદિત થઈને પોકાર પાડી ઊઠ્યા.

'હા જી! એ પાણી જ છે.' રૉબર્ટે ટાપસી પરાવી.

ઘોડાઓની નજરમાં પણ એ હોય જ. એ તરફ દોડાવવા હવે બૂચકારા કે પેગડાની હળવી ઠેકીની જરૂર ન હતી. તેમણે સ્વયં એ દિશામાં દોડવા માંડ્યું. અને થોડી જ મિનિટોમાં સૌ નદીનાં છાતી સમાણાં પાણીમાં ઊભા હતા. પાણીમાં અનાયાસ સ્નાન અને સાથે તરત પણ છિપાવાનું પરિણામ તરત જ આવ્યું. સૌ તાજામાજા અને પ્રફુલ્લિત બની ગયા. એ પછી જ રૉબર્ટને પાછળ રહી ગયેલા સાથીઓ યાદ આવ્યા.

'આપણા સાથીઓ ભૂખ્યા-તરસ્યા અહીં આવે તેને બદલે પાણીની બતકો ભરીને આપણે સામા જઈએ તો એમને કેટલી રાહત થાય. એમની તરસનો એટલો વહેતો અંત આવે?'

'હા, રૉબર્ટ! તારું સૂચન યોગ્ય છે. કલાકો સુધી એમને તરસ્યા રાખવાને બદલે પાણી લઈને આપણે સામે જઈએ તે ઠીક રહેશે.'

રૉબર્ટના સૂચનનો સ્વીકાર થવા છતાં વાસ્તવિકતા વિપરીત હતી. પાણી ભરવા માટેની ખાલી બતકો વિલ્સન પાસે જ રહેતી હતી. તેની પાસેથી એ ખાલી બતકો લાવવાનો ઉતાવળમાં કોઈને ખ્યાલ રહ્યો ન હતો. અહીં પાણી હોવા છતાં તેને લઈ જવાનો પ્રશ્ન મોટો હતો.

હતાશા સાથે નક્કી થયું કે સાથીઓ ધીમેધીમે અહીં આવશે ત્યાં સુધી અહીં જ રાહ જોવી. તેઓ વહેલી રાત્રે આવે તેવી ગણતરી હતી. તેઓ આવે તે દરમિયાન ભોજન અને આરામની વ્યવસ્થા કરવામાં સૌ મંડી પડ્યા.

નદીની નજીકમાં જ રિયો રમાડા નામનો નાનકડો વહેળો નદીને જ મળતો હતો. પડાવ માટે ત્યાં સાનુકૂળ સ્થળ હતું. આસપાસ નદીના કિનારાના ભાગમાં લીલાં ઝાડીઝાંખરાં હતાં અને તેમાં નાનાં પ્રાણીઓ તથા પક્ષીઓની હાજરી દેખાતી હતી. ગ્લેનાર્વનની બંદૂક ઉપરાંત થાલકેવનું ગાળિયાવાળું પેલું મજબૂત દોરડું પણ ઉપયોગમાં આવ્યું. શાહમૃગ પ્રકારનું એક મોટું પક્ષી

પાસેની ઝાડીમાંથી નીકળીને પોતાના લાંબા પગ ઉપર દોડી જતું દેખાયું. એની પાછળ પોતાના ઘોડાને દોડાવી થાલકેવે પોતાની પાસેના દોરડાનો ઘા કર્યો. હવામાં સાપની જેમ ઊડતાં દોરડાનો ગાળિયો પક્ષીની ડોકમાં ભેરવાયો. ગણતરીની પળોમાં તો એ શિકાર થાલકેવના હાથમાં કેદ થઈ ગયો.

એ ખૂબ જ મજાનો શિકાર હતો. એમાંથી જે કાંઈ બની શકે તે બનાવી સૌએ પેટપૂજા કરી લીધી. સાથીઓ માટે પણ એ ભોજન તથા પાણીની વ્યવસ્થા એમણે કરી રાખી.

ગરમી અને મુસાફરીથી થાકેલા એ ત્રણેએ પોતપોતાના પોંચો ઝભ્ભાની પથારીમાં પોતાની જાતને પૂરી દીધી.

૧૯

રાતાં વરુ — અગુરા

ધીમેધીમે રાત્રિનાં અંધારાં ઊતરવા લાગ્યાં. શરૂઆતથી જ ગાઢા લાગતા અંધારામાં આભ અને ધરતીની મિલનરેખા અસ્પષ્ટ બની ગઈ. થોડા જ સમયમાં આંખો અંધારાથી ટેવાઈ જતાં ખુલ્લા આકાશમાં તારાઓ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યા. એના ઝાંખા ધૂંધળા પ્રકાશમાં સાવ નજીકની વસ્તુઓનો ખ્યાલ આવતો થયો. જોકે દૂર માટે કોઈ દિશા ન જ ન હતી. ચારેબાજુ કાળું અંધારું હતું. નજીકની જેમિની નદીનાં પાણી અવાજ કર્યા વિના સાવ ધીમી ગતિએ આગળ વહેતાં હતાં. દિવસભરની પ્રવૃત્તિ અને ગરમીથી ત્રસ્ત સમગ્ર જીવસૃષ્ટિ ભર નિદ્રામાં ગરક થઈ ગઈ. રણપ્રદેશની રાત્રિના સન્નાટાના આવરણ નીચે પમ્પાનો સમગ્ર પ્રદેશ ઢંકાઈ ગયો.

આસપાસમાંથી એકત્ર કરેલા વિલાયતી ઘાસની સુંવાળી પથારી ઉપર પોતપોતાના પોંચાના આવરણમાં ત્રણે અસવારો નિદ્રાધીન બની ગયા. ગ્લેનાર્વન અને રૉબર્ટના થાકેલા ઘોડાઓ પણ જમીન સરસા આડા પડી ગયા, પરંતુ થાલકેવનો થૌકા ઘોડો અડીખમ ઊભો હતો. આરામ માટેની એ જ એની રીત હતી. માલિક તરફનો ઇશારો થતાં દોડતા થઈ જવાની હરપળની એ તૈયારી હતી, સાથે અગમચેતી પણ ખરી. નીરવ શાંતિ હતી. ભોજન પકવવા માટે સળગાવેલા તાપણાના અંગારા રાખના આવરણ નીચે ઝાંખા બની ગયા.

આ પ્રકારની નિતાંત શાંત રાત્રિ અહીંની સ્થળસ્થિતિના અનુભવી થાલકેવ માટે બેચેનીભરી હતી. પૂર્ણ નિદ્રાનો એ માણસ જ ન હતો. અર્ધનિદ્રાવસ્થામાં પણ એના કાને દૂરના અંતરે કાંઈક સંચાર થતો હોવાનો અણસાર આવ્યો. ઊંઘઘેરી અડધી ઉઘાડી આંખો સાથે એ બેઠો થયો. સંચારની દિશામાં એણે કાન સરવા કર્યા. એ સળવળાટ શાનો હશે તેની કલ્પના કરવા લાગ્યો. અહીંના અમૈત્રીપૂર્ણ ઇન્ડિયન આદિવાસીઓ હશે? ચિત્તા જેવા હિંસક પશુઓ ખોરાકની શોધમાં આ તરફ આવી રહ્યા હશે? કે પછી દિવસ દરમિયાન નદીનાં કોતરોની ઝાડી નીચે પડી રહેતાં અને ભૂખ્યાં થયેલાં નાનાં પ્રાણીઓનું ટોળું હશે? શું હતું તે, તે તત્કાળ તો નક્કી કરી શક્યો નહીં, પરંતુ કાંઈક હતું જરૂર.

એની ધારણા અનુભવ આધારિત હતી. એ ખોટી પડે એવી કોઈ શક્યતા ન હતી. તો હવે ઝળુંબી રહેલા એ ભયની સામે ઉપાય શો હતો? એણે મગજ કસવા માંડ્યું. સાંજે ભોજન પકવવા માટે એકત્ર કરેલા ઘાસ તથા સૂકાં લાકડાંના વેરવિખેર અવશેષો તરફ એની નજર ગઈ. તાપણાંનો અગ્નિ સાવ બુઝાઈ જાય તે પહેલાં એના ઉપર થોડું ઘાસ નાખીને તેમાં ફૂંક મારી ફરીથી સળગાવવાની જરૂર હતી. વેરાન વગડામાં જંગલી પ્રાણીઓ સામે રક્ષણ માટે આગનો ભડકો એક કારગત ઉપાય હતો. તાપણામાં શરૂમાં થોડો ધુમાડો થયો. ખુલ્લા મેદાનમાં વાઈ

રહેલા હળવા પવનની અસર થઈ.

હજી એને ખ્યાલ આવતો ન હતો. એનો થૌકા ઘોડો પણ આવી રહેલા ભયથી સચેત બન્યો હોય તેમ એ દિશામાંથી આવતી હવા સૂંઘળા નસકોરાં ઊંચાં કરી વારંવાર ધીમો અવાજ કરતો રહ્યો. થાલકેવ હજી અસમંજસ સ્થિતિમાં હતો. ચારેતરફ વાતાવરણ શાંત હતું, પરંતુ એવી શાંતિ થાલકેવને છેતરામણી લાગી. એની નજર નદીનાં કોતરો તરફ જ હતી. તારાનાં ધૂંધળા પ્રકાશમાં એણે જોયું કે તારાના એ પ્રકાશનું પ્રતિબિંબ પડતું હોય તે રીતના દીવાઓનો સમૂહ એમની તરફ ચૂપકીદીથી સરકી રહ્યો હતો, અજાણ્યા માણસ એને આગિયા જ સમજી લે તેવી સ્થિતિ હતી, પરંતુ થાલકેવની અનુભવી આંખોને સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો. કેવા પ્રકારના દુશ્મન સાથે એણે પંગો લેવાનો હતો, તેને ખ્યાલ આવતાં જ પોતાની બંદૂકમાં જામગરી ભરવાની એણે શરૂઆત કરી.

લાંબી રાહ જોવી પડી નહીં. પમ્પાના આ નિર્જન પ્રદેશને ધમરોળતાં નિશાચરોનું ટોળું ધીમેધીમે ચૂપકીદી સાથે એમના તરફ ખસી રહ્યું હતું, પરંતુ વધુ નજીક આવતાં એ પ્રાણીઓની ઘૂરઘુરાટીનો તથા હાંફવાનો અવાજ સ્પષ્ટ રીતે સંભળાવા લાગ્યો. ટોળું વધુ નજીક આવતાં જ થાલકેવને સમજાઈ ગયું કે હવે કાંઈક પગલાં ભરવાની જરૂર હતી. તાપણા ઉપર નાંખેલું ઘાસ હવે ભડકો થઈ શકે તેટલું ગરમ થઈ ગયું હતું. થાલકેવે પથારી બનાવવા વપરાયેલાં ઘાસમાંથી થોડું એમાં નાખ્યું. પવનની જોરદાર લહેરખી આવી એ સાથે તાપણું બરાબરનું સળગવા લાગ્યું. વધુમાં થાલકેવે એક આંધળું નિશાન લઈને નજીક આવી રહેલાં ટોળાં તરફ ગોળી છોડી. ધડાકો થયો. પ્રથમની હરોળમાંથી એકાદ મર્યું હશે. એને કારણે પળભર માટે એ હરોળનાં પ્રાણીઓ અટકીને ઊભાં રહી ગયાં, પરંતુ પાછળથી આવતા ધસારાને કારણે એમને પણ આગળ ધક્કો લાગ્યો. તાપણાનો ભડકો મોટો થતાં થાલકેવ એ ટોળાંને હવે સ્પષ્ટ રીતે જોઈ શક્યો. અહીંના અગુરા નામે ઓળખાતા લાલ વરુઓનું એ એક બહુ મોટું ટોળું હોવાની ખાતરી થઈ. તેઓ ટોળાબંધ જ રહેવા ટેવાયેલાં હતાં. દિવસ દરમિયાન નદીનાં કોતરોની ઝાડીમાં ઊંઘ્યાં કરતાં એ નિશાચરો રાત્રે જ ખોરાક માટે નીકળતાં. ઝનૂન અને ખાઉધરાપણામાં એનો જોટો જડે તેમ ન હતું.

બંદૂકના ધડાકાથી ગ્લેનાર્વન અને રૉબર્ટ સફાળા જાગી ઊઠ્યા.

'શું થયું? શું થયું?'ની પૃચ્છા કરવા લાગ્યા. થાલકેવના વર્તન ઉપરથી બંનેને લાગ્યું કે સ્થિતિ ગંભીર હતી. રાત્રિના અંધારામાં સામે ઊભેલા અગણિત હિંસકપ્રાણીઓ સામે ઝઝૂમવાનું હતું. ત્રણેય માટે તથા એમના ઘોડાઓ માટે એ જીવનમરણનો જંગ બનવાનો હતો. પોતાનાં ઘેટાં-બકરાં ચરાવવા માટે આ વિસ્તારમાં રખડતા સ્થાનિક ભરવાડો માટે સૌથી મોટો ભય આ વરુઓ તરફનો જ રહેતો.

સાવ નજીક આવી ગયેલા આ ટોળાના અવાજથી ત્રણે ઘોડા પણ અસ્વસ્થ બની ગયા. પગમાં બાંધેલાં દોરડાં તોડી ભાગી છૂટવા આગલા પગ ઊંચા કરીને હણહણાટી બોલાવવા લાગ્યા. માલિકો તરફના બૂચકારા પણ એમને શાંત પાડી શકતા ન હતા. બંનેએ પણ પોતાની બંદૂકો હાથમાં ઊંચી કરી પૉઝિશન લીધી, પરંતુ એમણે જોયું કે થાલકેવ વધુ ગોળી છોડવાને બદલે બંદૂકનું નાળચું નીચું કરીને ઊભો રહી ગયો હતો. એનું એવું વર્તન રૉબર્ટને સમજાયું નહીં. કુતૂહલપૂર્વક એણે થાલકેવ સામે જોયું. એ સમજી ગયો. જામગરીવાળી ખાલી બૅગ એણે ઊંધી કરી. એનાથી માત્ર વીસેક ગોલીઓ જ છૂટી શકે તેમ હતું. અસંખ્ય વરુઓની સામે એમના

હથિયાર સાવ અપૂરતાં હતાં. અંધાધૂંધ ગોળીબાર કરવાનો અર્થ ન હતો. બીજો જ ઉપાય શોધવાનો હતો.

હવે તાપણાનો ભડકો મોટો કરવાની જરૂર હતી. સાંજે એકત્ર કરેલાં ઘાસ તથા સૂકાં ઝાંખરાંનો પુરવઠો પણ મર્યાદિત હતો. એનો ઉપયોગ પણ સાચવીને કરવાનો હતો. તાપણામાં અગાઉ નાખેલું ઘાસ હવે પૂરું થવા આવ્યું હતું. ભડકો ધીમો પડ્યો હતો. થોડા થોડા સમયને અંતરે બે હાથ વચ્ચે સમાય એટલો કચરો તાપણામાં નાખવાની એણે શરૂઆત કરી. પવનનો સાથ મળતાં ભડકો થયો. વધુ ઘાસ અને વધુ મોટો ભડકો.

એના પ્રકાશમાં લોહી તરસ્યાં લાલ વરુઓનું બિહામણું દૃશ્ય વધુ સ્પષ્ટ બન્યું. હાંફી રહેલાં વરુઓનાં મોંમાંથી જીભ બહાર લટકતી હતી. એના ઉપરથી સતત ટપકી રહેલી લાળ જોઈ શકાતી હતી. ત્રણે જણા અને તેમના ઘોડા સળગી રહેલા તાપણાની પાછળ હતા. વરુની આગલી હરોળને તાપણાંની ગરમી લાગતાં ઊભાં રહી ગયાં. તાપણાના પ્રકાશથી એમની આંખો અંગારા વેરતી હોય તેવું બિહામણું દૃશ્ય રચાતું હતું. પાછલી હરોળનાં વરુઓના ધક્કાથી, આગળનાં છેક તાપણાથી નજીક આવી ગયાં. દાઝી ગયેલાં વરુઓ ચિત્કાર કરતાં પાછા હટી રહ્યા. પાછળનાંઓને ભડકાવીને ભગાવવા માટે થાલકેવ થોડા થોડા સમયે બંદૂકના ભડાકા કરવા લાગ્યો. હવેનાં એનાં નિશાન અચૂક હતાં, પરંતુ તાપણા માટેનું બળતણ અને બંદૂક માટેની ગોળીઓ હવે ખૂટવા આવ્યાં હતાં. એ પછી શું કરવું તે નક્કી કરવામાં ગ્લેનાર્વનને ભાષાનો પ્રશ્ન નડતો હતો. તૂટક શબ્દો થાલકેવ જે બોલ્યો તેનાથી ગ્લેનાર્વનને સમજાયું કે સામાન્ય રીતે દિવસ દરમિયાન બીકણ બનીને સંતાતાં ફરતાં આ પ્રાણીઓ રાતના રાજા હતાં. એને ચારપગાળાં ઘુવડ જ ગણી શકાય. વહેલી સવારમાં ધૂંધળું અજવાળું થાય ત્યાં સુધી તો ગમે તેમ ખેંચવું જ પડે તેમ હતું. ગોળીઓ અને બળતણ પૂરું થાય ત્યાર બાદની સ્થિતિનો સામનો કરવા ખંજરો તૈયાર રાખવાનું પણ એમાં સૂચન હતું.

પૂરી તાકાતથી એ ટોળાંનો સામનો કરવાની હામ તો ત્રણેમાં હતી, પરંતુ કેટલો સમય એ રીતે ટકી શકાશે એ પ્રશ્ન હતો. હજી રાતના બે વાગ્યા હતા. વધુ બે કલાક જીવતા રહેવાનું હતું, પરંતુ એ અશક્ય લાગતું હતું. સામે ઝળુંબી રહેલા બિહામણાં મોત સામે સૌ લાચાર હતા. ગ્લેનાર્વન એની બાજુમાં ઊભેલા નાના રૉબર્ટ માટે વિશેષ ચિંતિત હતા. અત્યાર સુધીના સથવારામાં રૉબર્ટે બતાવેલી બહાદુરી અને હિંમતથી એઓ પ્રભાવિત થયા હતા. એને માટે અહોભાવ ઉપરાંત વાત્સલ્યભાવ પણ હતો. જાનને ભોગે પણ એને સાચવવાની પોતાની નૈતિક જવાબદારીનો ખ્યાલ એમનાથી ભુલાતો ન હતો. અગોચરમાં ખોવાયેલા પિતાનો એ એકનો એક પુત્ર હતો. મૅરી જેવી નાજુક હૃદયની બહેનનો તે એકનો એક ભાઈ હતો. એને કાંઈ પણ થયું તો એનાં સ્વજનોને શું જવાબ આપવો તે એને સૂઝતું ન હતું. એ જ એક વિચાર એના મનનો કબજો જમાવી બેઠો. પોતાનો ભોગ આપીને પણ રૉબર્ટને બચાવવાનો નિર્ધાર એણે પાકો કરી લીધો.

કટોકટીની પળોમાં ભાવાવેશમાં આવીને રૉબર્ટને તેણે પોતાની છાતીસરસો ચાંપી લીધો. આશ્વાસન આપવા પ્રયાસ કર્યો. જણાવ્યું કે હવે સવાલ ફક્ત એક-બે કલાકનો જ હતો. ભડખાંભળું થતાં જ વરુઓ ભાગી છૂટવાનાં હતાં, એવો એને સધિયારો આપ્યો. રૉબર્ટ પણ પોતાના પાલ્યપિતા જેવા ગ્લેનાર્વનની લાગણીથી ભીંજાતો હતો. ગદ્‌ગદિત અવાજે તેણે જણાવ્યું કે તેને પોતાને એ બાબતનો ડર ન હતો.

થાલકેવ હવે મરણિયો બન્યો. સાવ નજીક ધસી આવતાં વરુને હાથના ધક્કાથી જ તાપણાં તરફ ધકેલવા લાગ્યો, પરંતુ તેમ કરતાં એના પોતાના હાથ લોહીલુહાણ થઈ ગયા. એ દરમિયાન ઘાસનો છેલ્લો પૂળો તાપણામાં પધરાવ્યો. ભડકો મોટો થયો. વરુઓ સામેનો જંગ ચાલુ જ હતો. દરમિયાન તાપણાની ઝાળ ધીમી પડી. સામે જ ઘૂરકી રહેલાં વરુઓની ભૂખી નજર ગંધકના સળગતા ગોળાની જેમ ચમકવા લાગી. આ ત્રણે અસહાય મરજીવાઓનું સુરક્ષાવર્તુળ ભેદીને એ ખાઉધરું ટોળું એમનાં જીવતાં શરીરનો ચૂંથી નાખે એ હવે થોડી જ પળોનો સવાલ હતો. એ દરમિયાન થાલકેવની બંદૂકમાંથી ગોળીઓ વછૂટતી રહી. તાપણાના બુઝાઈ રહેલા અગ્નિ ઉપર થઈને છલાંગ લગાવતા મોટા કદના વરુ ઉપર એણે છેલ્લી ગોળી છોડી. કૂદકા માટે ઊંચું થયેલું પ્રાણી ચિત્કાર સાથે ઢળી પડ્યું, પરંતુ હવે પછી શું?

બંદૂકમાં ગોળીઓ ખલાસ થઈ. ઘાસના છેલ્લા પૂળાના ભડકા પછી બુઝાતા અગ્નિના અંગારા રાખમાં ઢબૂરાવા લાગ્યા. શાંત બનીને થાલકેવ ઊભો રહી ગયો. સમાધિમાં હોય તેવી એની સ્થિતિ જોઈ ગ્લેનાર્વનને ચિંતા થઈ. બહાદુર ગાઇડ શું કરવા માગતો હતો તે એને સમજાયું નહીં. લોહીતરસ્યાં વરુઓનાં ટોળાંમાં પોતાની જાતને ઝીંકી દઈ એ કેસરિયાં કરવા વિચારતો હોવાનો એનો અણસાર આવ્યો. એવાં આંધળુકિયાનાં પરિણામનો વિચારમાત્ર એમને થથરાવતો હતો, છતાં એવી કટોકટીભરી સ્થિતિમાં ગ્લેનાર્વન તેને પૂછી શક્યો નહીં કે તું શું કરવા ઇચ્છતો હતો.

પરંતુ બીજી જ પળે ચમત્કાર સર્જાયો હોય તેવી સ્થિતિ ઊભરી. સાથી વરુઓના મૃતશરીરોનો ઢગલો સામે પડ્યો તેથી ભયભીત બન્યાં હોય કે ગમે તેમ, પણ વરુઓ પાછાં હટવા લાગ્યાં. ટોળાંમાંથી આવતાં અવાજો ધીમા પડ્યા હોય તેમ જણાયું. પાછું વળીને દૂર ખસતું હોય તેવો અણસાર આવ્યો.

'જુઓ જુઓ! તેઓ પીછેહઠ કરવા લાગ્યા.' રૉબર્ટ બૂમ પાડી ઊઠ્યો.

થાલકેવે જોયું. રૉબર્ટની વાત સાચી હતી. છતાં ટોળું હવે ભાગી રહ્યું હોવાનું અને પોતે નિર્ભય બની ગયા હોવાનો ઉતાવળિયો નિર્ણય બાંધવામાં એનો અનુભવ સાથ દેતો ન હતો. એને ખાતરી હતી કે વહેલી સવાર પહેલાં એ પ્રાણીઓ પોતાના શિકારથી દૂર જાય તેવી શક્યતા ન હતી. એના ખ્યાલ પ્રમાણે એ ટોળું થોડું પાછું હટીને બીજી બાજુથી હુમલો કરવાની તૈયારી કરતું હતું. એવી સ્થિતિમાં તેઓ સંપૂર્ણ રીતે ઘેરાઈ જાય તેમ હતું. એ સ્થિતિ વધુ ભયજનક હતી.

અને થયું પણ એવું જ. ઝનૂને ચડેલાં વરુઓ હવે પાછળની બાજુએથી નજીક આવવા લાગ્યા. એ જોઈ ભડકેલા ઘોડાઓ મરણિયા બન્યા. એમની હણહણાટી વધી ગઈ. દુશ્મનને ડરાવવા માટે હોય તે રીતે આગલા બંને પગ ઊંચા કરીને જોરથી જમીન ઉપર પછાડવા લાગ્યા. એ રીતની ખેંચતાણમાં ઢીલા ગાંઠે બાંધેલા દોરના બંધન છૂટી ગયાં. ટોળાંની આગેકૂચથી નાના બની રહેલા વર્તુળમાં તેઓ ગોળાકાર દોડવા લાગ્યા. આ ધાંધલથી સચેત બનેલો થાલકેવ એકદમ પોતાના થૌકા તરફ દોડ્યો. એને પકડવા પ્રયાસ કરવા લાગ્યો. આખરે ઘોડાની કેશવાળી એના હાથમાં આવી. એ પકડીને દોડતા ઘોડાની પીઠ ઉપર ચઢી બેઠો.

ગ્લેનાર્વનને ચિંતા થઈ. આ માણસ અણીને વખતે ભાગી છૂટવાની તૈયારી કરતો હોય તેમ એને લાગ્યું.

'થાલકેવ! તું જાય છે?' એઓ બોલી ઊઠ્યા.

'નહીં, તે આપણને છોડીને ભાગી છૂટે એમ નથી.'

રૉબર્ટે પોતાનો પ્રતિભાવ આપ્યો. ઘોડો હવે ધીમે પડ્યો.

પોતાની પાસે આવતાં જ ગ્લેનાર્વને એનો હાથ પકડી લીધો. આર્દ્રસ્વરે વિનંતી કરી,

'તું જાય છે?'

'હા જી!' ત્યાર બાદ ઉતાવળમાં એ જે બોલ્યો તેમાંથી ગ્લેનાર્વન એટલું સમજી શક્યા કે થૌકા ખૂબ જ ઝડપી ઘોડો છે, તે બહાદુર પણ છે. વરુઓ એની ઝડપને આંબી શકશે નહીં, એટલે ચિંતા કરવાની જરૂર ન હતી. એવી હૈયા ધરપત છતાં ગ્લેનાર્વન એટલું જ કહી શક્યા કે, 'આપણે સાથે જ મરીશું. તું જઈશ નહીં.'

પરંતુ ઇન્ડિયનનો વ્યૂજ જુદો જ હતો. તે ઘોડા ઉપરથી ઊતરી પડ્યો અને ઝડપથી રૉબર્ટને ઊંચકીને એના ઉપર બેસાડી દીધો. નજીક આવી રહેલાં ટોળાં તરફ એણે આંગળી ચીંધી. થૌકા ઘોડાને માલિકની સૂચના મળી ગઈ. તીરની ઝડપે એ આડી દિશામાં ધસ્યો. પોતાના શિકારને એ રીતે બીજી દિશામાં ભાગી જતો જોઈને વરુનું ટોળું એની પાછળ એ તરફ વળીને દોડવા લાગ્યું. ગ્લેનાર્વન કાંઈ પણ સમજે તે પહેલાં તો થાલકેવનો પાણીદાર ઘોડો દૂરના અંધારામાં ગરક થઈ ગયો. કિકિયારી બોલાવતું વરુનું ટોળું પણ એની પાછળ એણે દોડતું જોયું.

રૉબર્ટની જિંદગી એ રીતે જોખમમાં મુકાવથી ગ્લેનાર્વન ચિંતાતુર બની ગયા, છતાં થાલકેવે આશ્વાસન આપ્યું કે થૌકા અને તેનો અસવાર બંને બહાદુર હતા. તેમની ચિંતા કરવાની જરૂર ન હતી.

ઘોડા પાછળ ટોળું પણ અદૃશ્ય બન્યું. પુનઃ શાંતિ સ્થપાઈ ગઈ. પોતે સલામત બની ગયા હોવા છતાં ગ્લેનાર્વન બેચેન હતા. પોતાનો ઘોડો લઈ ટોળાં પાછળ જવા તેણે તૈયારી કરી. થાલકેવે એને અટકાવ્યા. ધૂમસઘેરા વાતાવરણમાં એવાં આંધળુકિયાં કરવાનું હિતાવહ ન હતું.

ઉચાટભરી અવસ્થામાં ચાર વાગ્યા સુધીનો સમય એમણે જેમતેમ વિતાવ્યો. આખરે પૂર્વની ક્ષિતિજ ઉપર પ્રકાશની ઝાંખી રેખા દેખાઈ. થોડી જ મિનિટોમાં એમાં વધારો થયો.

થાલકેવ રૉબર્ટના ઘોડા ઉપર બેઠો. ગ્લેનાર્વનને જણાવ્યું કે થૌકાની પાછળ હવે એમણે જવું જોઈએ. વહેલીતકે રૉબર્ટને શોધવાનો હતો. થોડા જ સમયમાં બંને અસવારોના ઘોડા દોડવા લાગ્યા. મધરાત બાદ રૉબર્ટને લઈને થૌકા ઘોડો જે દિશામાં ગયો હતો તે તરફ બંને આગળ વધ્યા.

થાલકેવના સધિયારા છતાં ગ્લેનાર્વનની ચિંતામાં ઘટાડો થતો ન હતો. ક્યાંક માર્ગમાં રૉબર્ટ અને થૌકાનાં ફાડી ખાધેલાં મૃત શરીરો જોવા મળશે એવો ભય એને ધ્રુજાવી રહ્યો.

એકાદ કલાકની દડમજલ બાદ ગ્લેનાર્વનની ચિંતાનો અંત આવ્યો. દૂર ક્ષિતિજ ઉપર એમણે આગળથી આવતો ગોળીબારનો ધડાકો સાંભળ્યો. ત્યાર બાદ બીજો અને ત્રીજો ધડાકો પણ સંભળાયો. એના જવાબમાં સામો ગોળીબાર કરવા માટે બંદૂકમાં ગોળી કે દારૂગોળો ન હતાં. તેમ છતાં બંને તરફની પ્રતીક્ષાનો અંત આવ્યો. અગાઉ વિખૂટા પડેલા જૂના સભ્યો તરફનો એ સંકેત હતો. તેમની પાસે દારૂગોળો હતો જ, પરંતુ એમની સાથે રૉબર્ટ તથા થાલકેવનો ઘોડો હતો કે નહીં, તે જાણવા માટે નજીક જવું જરૂરી હતું. નજીક આવતા ગ્લેનાર્વને જોયું કે સામેથી આવી રહેલા સાથીઓમાં અગ્રસ્થાને રૉબર્ટ અને થૌકા ઘોડો પણ હતા. ભાવાવેશમાં આવી ગ્લેનાર્વન સામે દોડી ગયા. બંને એકબીજાને હેમખેમ જોઈને ભેટી પડ્યા. રાત્રિ દરમિયાનનો અત્યંત વિકટ અને ભયજનક અનુભવ વિસારે પડ્યો.

ભૂખ્યા-તરસ્યા અને થાકેલા સાથીઓ પણ આવી જતાં હસીખુશીનો માહોલ જામી ગયો.

થાલકેવ ક્યાંય સુધી પોતાના પ્રિયજન જેવા થૌકાને થાબડતો રહ્યો.

૨૦

અમંગળના એંધાણ

પુનર્મિલનનો સૌને આનંદ હતો, પરંતુ પાછળ રહેલા અને લાંબી તપશ્ચર્યા બાદ આવી મળેલા સાથીઓ ભૂખ અને તરસથી પીડાઈ રહ્યા હતા. એ માટે ઝડપથી સૌએ જૈમિની નદીના કાંઠેના મૂળ પડાવ ઉપર પહોંચી જવું જરૂરી હતું. સૌએ એ દિશામાં ઘોડા દોડાવ્યા.

રાત્રિ દરમિયાન અહીં ખેલાયેલા ખૂનખાર જંગનો ખ્યાલ તો હવે સવારના અજવાળામાં મુકામ પાસે પહોંચ્યા ત્યારે આવ્યો. તાપણું સાવ ઠરી ગયું હતું. નજીકમાં જ નદીના કોતર તરફના ભાગમાં વરુઓના વિકૃત થઈ ગયેલાં ડઝનબંધી મડદાં વેરાયેલાં પડ્યાં હતાં. એની સંખ્યા ઉપરથી સૌને લાગ્યું કે ગોળીઓ અંધારામાં છોડાઈ હોવા છતાં ભાગ્યે જ કોઈ નિશાન ખાલી ગયું હતું. વરુનાં ટોળાંના હુમલા સામે કદાચ એ કારણે જ બચી શકાયું હતું, તેમ છતાં એ બચાવને એક ચમત્કાર જ ગણવો પડે તેમ હતું.

લાંબી પીડા બાદ સૌએ તરસ છિપાવી. સાંજે જ તૈયાર કરેલું ભોજન સૌ માટે નવજીવન લઈને આવ્યું. થોડા કલાકનો આરામ અને નિદ્રાની સૌને જરૂર હતી.

આરામ બાદ તાજામાજા થઈને બપોર બાદ તેમણે મુકામ ઉઠાવ્યો. પાણી માટેની ચામડાંની બતકો ભરી લેવામાં આવી. ઘોડાઓની વણજાર ફરીથી પૂર્વદિશામાં આગળ ધપવા લાગી.

નવેમ્બરની બીજી અને ત્રીજી તારીખની બે વધુ દિવસોની નિર્વિઘ્ન મુસાફરી બાદ તેમણે ચીલી દેશનો પમ્પા પ્રદેશ વટાવી દીધો. આર્જેન્ટિના દેશના મધ્ય ભાગના બુસેનોસ આઇરીસ પ્રાંતની સરહદ ઉપર રાત્રિમુકામ માટેની તૈયારી કરી.

દક્ષિણ અમેરિકા ખંડની પશ્ચિમે પ્રશાંત સાગરના કાંઠે આવેલી તાકાહૂનાની ખાડીથી બરાબર એકવીસ દિવસ અગાઉ એમણે પૂર્વ તરફની મુસાફરી શરૂ કરી હતી. એ દરમિયાન એમણે કુલ ૪૫૦ માઈલનો પંથ કાપ્યો હતો. પૂર્વકાંઠાના આટલાન્ટિક સાગર સુધીના કુલ અંતરનો ૨/૩ ભાગ હવે એમની પાછળ હતો, હવે માત્ર ત્રીજા ભાગની મુસાફરી બાકી હતી.

રાત્રિમુકામ બાદ બીજા દિવસે પમ્પાપ્રદેશની ઊબડખાબડ ધરતી ઉપરથી તેમણે આર્જેન્ટિનાના ઘાસના મેદાનોમાં પ્રવેશ કર્યો. થાલકેવના ખ્યાલ મુજબ આ પ્રદેશમાં કાસિક્સ નામે ઓળખાતી ઇન્ડિયન જાતિનો વસવાટ હતો. કૅપ્ટન ગ્રાન્ટ અને તેના સાથીઓ આ કાસિક્સ ટોળીના કેદીઓ હોવાની માન્યતા હતી. એને માહિતી હતી કે આ લોકો એ વિસ્તારમાં આવતા વિદેશીઓને કેદી બનાવતા અને તેમને છોડાવવા માટેની કિંમત વસૂલ કરતા હતા.

જૈમિની નદીનો ખીણપ્રદેશ છોડ્યા બાદ આર્જેન્ટિનાના આ મેદાની ઇલાકામાં હવામાનમાં

સુખદ પલટો આવ્યો હોવાનું સૌએ અનુભવ્યું. પમ્પાપ્રદેશના દુકાળિયા, સૂકાભઠ્ઠ અને ગરમ ભૂભાગની સરખામણીમાં અહીં વાતાવરણ ઠંડું અને ખુશનુમા હતું, પરંતુ થાલકેવની નજર જેને શોધતી હતી, તેવા કાસિક્સ ઇન્ડિયન અહીં રહેતા હોવાના કોઈ સગડ દેખાયા નહીં. તેઓ આ પ્રદેશ છોડીને પમ્પાના પહાડો અને કોતરોવાળા ભાગમાં ખસી ગયા હોવાનું લાગ્યું. પ્રદેશ સાવ નિર્જન હતો.

ઘાસિયાનાં આ મેદાનોમાં કુદરતી રીતે રચાયેલાં અનેક સરોવરો હતાં. એના કાંઠાના, છીછરાં પાણીમાંથી શિકાર શોધતાં, ઊંચાં અને લાલ રંગની છાંટ ધરાવતાં ફ્લેમિંગો પક્ષીઓ જોવામાં આવ્યાં. પ્રકૃતિવિદ્ પેગેનલ પોતાની જાતને રોકી શક્યો નહીં. તેણે મેજર નેબ્સ સમક્ષ અફસોસ વ્યક્ત કર્યો.

'કેટલાં સુંદર પક્ષીઓ છે? મને એ ખૂબ ગમે છે, છતાં એને ઊડતાં જોવાનો લહાવો કદી મળ્યો નથી. મારી ખાસ ઇચ્છા છે કે એમને ઊડતાં જોવાનો પ્રયાસ કરીશું?'

'એમાં મને શું વાંધો હોઈ શકે?' નેબ્સને ખાસ સમજ પડી નહીં.

'તને વાંધો નથી એ મારે માટે પૂરતું નથી. મારા એ આનંદમાં મને સહભાગીઓની જરૂર છે. તમે અને રૉબર્ટ મારી સાથે આવી શકશો?'

'ખુશીથી, અમને પણ એવી તક ક્યાં મળવાની હતી.' બંનેએ સાથે જવાની તૈયારી કરી.

સાથીઓથી અલગ થઈને એ ત્રણે એવા એક સરોવરને કાંઠે ઝાડી તરફ ફંટાયા. પેગેનલે ગોળી વિના જ કેવળ જામગરી ચાંપીને ખાલી ધડાકો કર્યો. તરત જ એની અપેક્ષિત અસર થઈ. સેંકડોની સંખ્યામાં ચમકેલાં પક્ષીઓ પોતાની પાંખોને મુશ્કેલીથી હલાવતાં ભારેખમ શરીર સાથે ઊંચે ઊડ્યાં અને માથા ઉપર ચકરાવો લેવા લાગ્યાં. પેગેનલ અને સાથીઓ રંગબેરંગી પક્ષીઓથી છવાયેલા આકાશી ચંદરવાના અલૌકિક માહોલને માણી રહ્યા, પરંતુ રસનાં ચટકાં જ હોય, તેમ જ આનંદની પળો અલ્પજીવી જ હોય. વાસ્તવિક ધરતી ઉપર આવ્યા વિના છૂટકો ન હતો. આનંદના ઘૂંટડા ભરવામાં સમયનો ખ્યાલ રહ્યો નહીં અને તે દરમિયાન એમના સાથીઓ એકાદ માઈલ આગળ નીકળી ગયા. તેમની સાથે થવા પોતાના ઘોડાઓ એમણે દોડાવ્યે જ રાખવા પડે તેમ હતું.

તેઓની નજીક પહોંચી જતાં પેગેનલે જોયું કે ગ્લેનાર્વન થાલકેવને કંઈક પૂછી રહ્યા હતા. એની વાત સમજવાના પ્રયત્નમાં થાલકેવ એના તરફ તાકીને જોઈ રહ્યો હતો. પેગેનલને જોતાં જ ગ્લેનાર્વને એને મદદમાં બોલાવ્યો. ગ્લેનાર્વન જાણવા માગતા હતા કે આટલો ફળદ્રુપ અને સુંદર હોવા છતાં આ પ્રદેશ આવો નિર્જન કેમ હતો? પેગેનલે પહેલાં તો એ પ્રશ્ન થાલકેવને સમજાવ્યો. તેણે જે ખુલાસો કર્યો તે પેગેનલે ગ્લેનાર્વન સમક્ષ રજૂ કર્યો. એના જણાવ્યા પ્રમાણે કાસિક્સ ઉપરાંત પણ અહીંના ઇન્ડિયનોની જુદી જુદી અનેક ટોળીઓ પોતાનાં પશુધન સાથે અહીં વિચરતી હતી. પશુઓનાં ચામડાનાં કપડાં તથા અન્ય બનાવટો વેચવા અને જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા અવારનવાર તેઓ એન્ડીઝ તરફ પશ્ચિમમાં જતા હતા, પરંતુ તેમની હાજરીની કોઈ પણ નિશાની એના જોવામાં આવી નહીં તેનું એને પોતાને પણ આશ્ચર્ય હતું. આ નિર્જનતાનું કોઈ કારણ તેને સમજાતું ન હતું.

પેગેનલે પોતાની વિશિષ્ટ જાણકારીને આધારે જણાવ્યું કે 'આ કાસિક્સ ટોળીનું મૂળ નિવાસસ્થાન અહીં જ હતું. પરંતુ ત્રીસેક વરસ અગાઉ આટલાન્ટિક પારથી આવેલા યુરોપિયન વસાહતીઓએ પોતાની બંદૂકના બળથી તેઓને આ ફળદ્રુપ પ્રદેશમાંથી હાંકી કાઢ્યા હતા.

ત્યારથી તેઓ પશ્ચિમના પહાડી પ્રદેશોમાં રખડતા થઈ ગયા હતા. તક મળે ત્યારે પમ્પાના આ પૂર્વ તરફના વિસ્તારો અને બુએનોસ-એરીસના અહીંના ભાગોમાં ચોરી અને લૂંટફાટ કરવા ઊતરી પડતા અને પાછા ડુંગરાઓમાંના પોતાનાં છૂપાં આશ્રયસ્થાનોમાં પહોંચી જતા. વિદેશીઓને બાનમાં લઈને પછી તેમની કિંમત વસૂલ કરવાનો ઉદ્યમ ત્યાર બાદ જ તેમણે શરૂ કર્યો હશે, એવું પેગેનલનું માનવું હતું.

'તો હવે આપણે શું કરવાનું છે? પૂછી જુઓ એમને કે હવે પછીનાં પગલાં અંગે એ શું વિચારે છે?'

કૅપ્ટન ગ્રાન્ટ સંબંધી કોઈ પણ માહિતી અત્યાર સુધીમાં મળી ન હતી. એને કારણે ગ્લેનાર્વન નિરાશ થયા હતા. ડૂબતો માણસ તણખલાંનો આશ્રય શોધે તેવી એ સ્થિતિ હતી.

થાલકેવ સાથે ચર્ચા કરીને પેગેનલે જણાવ્યું કે પૂર્વમાં આગળ ઉપર ફોર્ટ ઇન્ડિપેન્ડન્સ નામનું સ્થળ આવે છે. ગ્રાન્ટ સંબંધી કોઈક પ્રકારની માહિતી તો ત્યાંથી જરૂર માત્ર રહેશે. એની સલાહ છે કે ગ્રાન્ટની શોધમાં એવી ટોળીઓની શોધ કરવાનું ઉપયોગી નહીં બની શકે.

'એ ફોર્ટ અહીંથી કેટલાં અંતરે છે?'

'અહીંથી લગભગ સાંઠ માઈલ દૂર આવેલા ટાન્ડિલના પહાડી પ્રદેશમાં એ શહેર આવેલું છે. આપણી હાલની ઝડપે બે દિવસમાં ત્યાં પહોંચી શકીશું?'

અહીંના આ સુંદર, સપાટ અને ફળદ્રુપ પ્રદેશની નિર્જનતા ગ્લેનાર્વનને સતાવતી હતી. કોઈ ઊંડા કારણની એને ગંધ આવતી હતી, કાંઈક અમંગળ સ્થિતિની એને શંકા ગઈ. કૅપ્ટન ગ્રાન્ટ વગેરેને કેદી બનાવીને આ કાસિક્સ કે એવી ટોળીઓ પમ્પાના પહાડી પ્રદેશોમાં ચાલી ગઈ હોય તેમ લાગ્યું. ચિંતા પણ વધવા લાગી. એવી માહિતી મેળવવાનો કોઈ જ શ્રોત એની પાસે ન હતો. તેની અકળામણ પણ હતી છતાં પૂર્વ તરફના ફોર્ટ ઇન્ડિપેન્ડન્સમાંથી કાંઈક સગડ મળી રહેશે એવી ધૂંધળી આશામાં એ તરફની મુસાફરી ચાલુ રાખવાનું નક્કી કર્યું.

સાંજના ચારેક વાગ્યાનો સમય થયો. સૌને થાક વર્તાતો હતો. છતાં ધીમેધીમે કાફલો આગળ વધતો હતો. આગળ જતાં અહીંના સપાટ પ્રદેશમાં અપવાદરૂપ જણાતી એક ઊંચી ટેકરી ક્ષિતિજ ઉપર નજરે ચઢી. સિયેરા ટાપલકુમ નામે ઓળખાતા એ ડુંગરની તળેટીમાં રાત્રિનિવાસ માટે એમણે કૅમ્પ નાખ્યો. એની પાછળ પણ નાના ડુંગરો હતા, પરંતુ એન્ડીઝ પર્વતમાળાના દુર્ગમ પ્રદેશોની સરખામણીમાં અહીંનો માર્ગ સુગમ હતો. બીજા દિવસની સવારે વળી પાછી મુસાફરી શરૂ થઈ. બપોર સુધીમાં તેઓ ફોર્ટ ટેપલકુમ પાસે આવી પહોંચ્યા. એમાં માનવવસવાટનું કોઈ જ ચિહ્ન જોવામાં આવ્યું નહીં. પેગેનલે જણાવ્યું કે દક્ષિણ દિશામાં અહીંના ઇન્ડિયનોના હુમલા ખાળવા માટે વસાહતીઓએ શરૂમાં આ વિસ્તારમાં અનેક કિલ્લાઓ બાંધ્યા હતા. ફોર્ટ ટેપલકુમ એમાંની પહેલી સંરક્ષણ વ્યવસ્થા હતી.

આજુબાજુના વિસ્તારોમાં ક્યાંય વસ્તી જણાતી ન હતી, છતાં બપોરના સમયમાં એમની સામે થોડા થોડા અંતરે થઈને ત્રણેક ઘોડેસવારો પસાર થયા. તેઓ શસ્ત્રસજ્જ હતા, છતાં આ વિદેશીઓને જોઈને તેમણે ઘોડા દોડાવી મૂક્યા. એ લોકો કોણ હતા અને શા માટે ભાગી છૂટ્યા, તે બાબતમાં પેગેનલે થાલકેવને પૂછ્યું. પેગેનલના અભિપ્રાય પ્રમાણે તેઓ લૂંટારા હતા. જ્યારે થાલકેવની માન્યતા પ્રમાણે પશ્ચિમી પર્વતમાળામાં રહેતા કાસિક્સ જાતિના લોકો હતા. તેઓ ગમે તે હોય, પરંતુ એવા રખડતા લોકો તરફના છૂપા ભયને ધ્યાનમાં રાખીને જ સૌ સાથીઓને એક જૂથમાં જ રહેવા માટે થાલકેવે સૂચના આપી.

સિયેરા ટાન્ડિલના આગળના વિસ્તારમાં પાલતુ પશુઓ માટે નિશ્ચિત કરાયેલી હોય તેવી એસ્ટેન્શિયા નામે ઓળખાતી ચરાણભૂમિ જોવામાં આવી. પશુપાલન તથા ઉછેર માટે એનો ઉપયોગ થયો હોવાનો પણ ખ્યાલ આવ્યો. કાંટાળા ઝાંખરાંની મજબૂત વાડથી બંધ કરાયેલી ચરાણભૂમિમાં અંદર જઈને તપાસ કરવાનું થાલકેવને બિનજરૂરી જણાયું. એનું લક્ષ્ય ફોર્ટ ઇન્ડિપેન્ડન્સ જ હતું. ત્યાં પહોંચવા તે અધીરો બન્યો હતો. મુસાફરી વણથંભી ચાલુ જ રહી. અગાઉ શરૂઆતના વસાહતીઓએ સ્થાપ્યાં હોય તેવાં મોટાં-મોટાં ફાર્મ જોવામાં આવ્યાં. રખડતાં પ્રાણીઓ અને લૂંટારાઓથી જાનમાલનું રક્ષણ મેળવવા એ ફાર્મની ફરતે પણ મજબૂત વાડ હતી તથા તેની બહારની બાજુએ ઊંડી ખાઈઓ ખોદવામાં આવી હતી. એવા ફાર્મની વચ્ચે બાંધવામાં આવેલાં નિવાસી મકાનોની ફરતે અને ઉપર અગાસીઓ હતી. હુમલાખોરો અને લૂંટારાઓ સામે સીધો મોરચો લઈ શકાય તે માટે એવી વ્યવસ્થા થઈ હોવાનું બધાને લાગ્યું.

આગળ માર્ગમાં આવતી લોસ હુસોસ તથા ચાપાલોફ નામની છીછરી નદી સૌએ પાર કરી. આગળ સિયેરા ટાન્ડિલના ડુંગરોના ઢાળવાળી ચરાણભૂમિ હતી. તેને વટાવીને સાંકડી નાળમાં આગળ વધતાં સામે જ ગામ દેખાયું, એનાથી આગળ ફોર્ટ ઇન્ડિપેન્ડન્સના કિલ્લાના ઊંચા ઊંચા કાંગરા દેખાયા.

૨૧

ભૂલભરેલું અર્થઘટન

દરિયાની સપાટીથી એકાદ હજાર ફૂટની ઊંચાઈ ધરાવતો તાન્ડિલનો આ પહાડી વિસ્તાર એની વિચિત્ર ભૂરચના માટે જાણીતો હતો. એના અર્ધગોળાકાર ડુંગરાઓના એકસરખા ઢોળાવો, પ્રકૃતિના કોઈ અનામી શિલ્પીએ ધરતીમાંથી કંડારી કાઢ્યા હોય તેવા લાગતા હતા. એનું સર્જન થયું ત્યારથી અત્યાર સુધીમાં એમાં કોઈ જ ફેરફાર થયો નહીં હોય તેવી એ ભૂરચના અકબંધ હતી.

ડુંગરમાળાના નામ ઉપરથી જ બનેલા અહીંના તાન્ડિલ જિલ્લામાં બુએનોસ એરીસ પ્રાંતના દક્ષિણના તમામ વિસ્તારોનો સમાવેશ થતો હતો.

ડુંગરની ટોચના સપાટ ભાગ ઉપર એ કિલ્લાનું બાંધકામ થયું હતું. કિલ્લાના પાછલા દરવાજા સુધી જવા માટે ડુંગરનો હળવો ઢોળાવ ચઢવાનો હતો. દરવાજા પાસેનો ચોકીદાર બેઠો બેઠો ઝોકાં ખાતો હતો. એની સામે થઈને મુસાફરોનો આ સમૂહ પસાર થયો, છતાં તે જાગ્યો નહીં. ચૂપચાપ સૌ દરવાજાની અંદર પ્રવેશ્યા.

એમનો રસાલો આગળ વધતાં સામેથી કોઈ લશ્કરી ગણવેશધારી ઉચ્ચ અધિકારીને તેમણે આવતો જોયો. નજીક આવતાં ગ્લેનાર્વને પોતાનો તથા પોતાના સાથીઓનો પરિચય કરાવ્યો. એ દરમિયાન એ લશ્કરી કમાન્ડન્ટ પેગેનલ તરફ તાકી તાકીને જોતો રહ્યો. પેગેનલને પણ એ વિચિત્ર લાગ્યું. એ કાંઈક પૂછવા જતો હતો, ત્યાં તેણે જ સામેથી પૂછ્યું,

'મહાશય! તમે ફ્રેન્ચમૅન લાગો છો!'

'હા જી, હું ફ્રાન્સનો જ વતની છું.'

'તમારા ખાસ મિત્ર લાગે છે!' મેજર વ્યંગમાં બોલ્યો.

'હા ભાઈ, એઓ મારા ખાસ મિત્ર છે.' મેજરે કરેલી હળવી રમૂજનો એ જ ભાવમાં પ્રત્યુત્તર પણ આપ્યો.

'આ બંદાના મિત્રો દુનિયાભરમાં પથરાયેલા છે.'

'હું પણ ફ્રાન્સનો જ વતની છું. ઘણા લાંબા સમયે એક દેશવાસીને મળીને ખૂબ આનંદ થયો.' જણાવીને સામે ચાલીને ઉમળકાથી પેગેનલના બંને હાથો તેણે જોરથી પકડી લીધા. એ સાથે જ માતૃદેશ ક્યારે છોડ્યો અને અહીં કેવી રીતે આવ્યો તથા અહીં તેણે શી શી ધાડ મારી હતી, તેનો પરાક્રમોથી ભરેલો ઇતિહાસ વાંચવાની શરૂઆત કરી. એનાં પરાક્રમોની ગાથા લાંબી ચાલી. વિલંબિત ગતિના એના આલાપથી ગ્લેનાર્વન વગેરે સૌ અકળાવા લાગ્યા. લાંબા સમયના એના અહીંના વસવાટને કારણે એની ભાષા તથા ઉચ્ચારણો કઢંગાં બની ગયાં હતાં, તે વધારાનો

ત્રાસ હતો.

આર્જેન્ટિના આમ તો સ્પેનનું સંસ્થાન હતું. તેમ છતાં દેશના આ પશ્ચિમ છેડાના ફોર્ટ ઇન્ડિપેન્ડન્સના ગવર્નર તરીકેની જવાબદારી આ ફ્રેન્ચમૅન સંભાળી રહ્યો હોવાનું જાણીને પેગેનલે આશ્ચર્ય વ્યક્ત કર્યું. પેલાના જણાવ્યા પ્રમાણે અહીંનો સર્વોચ્ચ અધિકારી પારાશયી સાથે એને મૈત્રીસંબંધ હતો. એ અધિકારી દક્ષિણ ફ્રાન્સના બાસ્ક પ્રદેશને અડીને આવેલા સ્પેનના સરહદી ગામનો મૂળ વતની હતો.

એ કારણે બંને મિત્ર બન્યા હતા. અને પોતાનાં નસીબ અજમાવવા બંને જણા સાથે જ અહીંના સ્પેનિશ સંસ્થાનમાં દસકાઓ પૂર્વે આવ્યા હતા. સ્પેનિશ અધિકારીની સહાયથી જ આ ફ્રેન્ચમૅન અહીંના કિલ્લામાં કમાન્ડન્ટ તરીકે નિમાયો હતો. રાજકીય જરૂરિયાતને ધ્યાનમાં રાખી એણે મેન્યુઅલ આઇફરગુરે જેવું સ્પેનિશ નામ અપનાવ્યું હતું અને અહીં કામ કરતી એક ઇન્ડિયન કન્યા સાથે લગ્ન પણ કરી લીધા હતા. શરૂના જોડિયાં સંતાનો બાદ એણે આ ફોર્ટની રક્ષા માટે જરૂરી એવા અનેક કમાન્ડન્ટો પેદા કર્યા હતા. બધાં જ સંતાનોને એ ભવિષ્યના કમાન્ડન્ટો જોવા ઉત્સુક હતો.

ખાસ આગ્રહ કરીને તે આ મહેમાનોને પોતાને ઘેર લઈ ગયો. એનાં પરાક્રમોની અવિરામ ગાથા સાંભળીને સૌ કંટાળ્યા હતા. પેગેનલ અને ગ્લેનાર્વન તેને કૅપ્ટન ગ્રાન્ટ સંબંધી પ્રશ્નો પૂછવા માગતા હતા, પરંતુ એના અવિરત વાણીપ્રવાહમાં આ કમાન્ડન્ટ કોઈને પણ બોલવાની તક આપતો જ ન હતો.

પરાક્રમોનો ખજાનો રજૂ થઈ ગયા બાદ જ મેન્યુઅલ સહેજ ધીમો પડ્યો. એ તકનો લાભ લઈ પેગેનલે પમ્પાના પ્રદેશ વટાવ્યા બાદનો આ દેશનો સપાટ અને ફળદ્રુપ પ્રદેશ નિર્જન બનવાનું કારણ પૂછ્યું.

'કારણ તો બીજું શું હોય?' લાપરવાહીથી જવાબ આપતો હોય તે રીતે સાર્જન્ટ બોલ્યો, 'ઇન્ડિયનો એ પ્રદેશ છોડી ગયા તે માટે ખાસ કોઈ કારણ નથી.' સાર્જન્ટ એ સ્થિતિથી જાણે અજાણ્યો હોય તે રીતે શરૂમાં તો ઉડાવ જવાબ આપ્યા.

'ખરેખર! શું ત્યાં કોઈ નથી રહેતું? બની શકે! એમાં અમારા હાથ પણ બંધાયેલા હતા. અમે લાચાર હતા.'

'પણ એવી સ્થિતિ માટે કાંઈક તો કારણ હશે ને?'

'કારણ? કારણ જ પૂછો તો કહીશ કે યુદ્ધને કારણે એવી સ્થિતિ થઈ છે.'

'કેવું યુદ્ધ? કોની વચ્ચે?' ચર્ચાનો દોર હવે પેગેનલના હાથમાં હતો અને સાર્જન્ટના એવા અસંબદ્ધ અને અધૂરા જવાબથી સંતોષ માને તેમ ન હતો.

'શું કરું? દક્ષિણના પારાગ્વે અને અહીંના બુએનોસ એરીસના લોકો અને સરકારો વચ્ચે આંતરવિગ્રહ થયો હતો. વરસોનાં વરસો સુધી બંને વચ્ચે એ પ્રદેશમાં લડાઈઓ થતી રહી. એમાં ભારે ખાનાખરાબી થઈ હતી. બે વસાહતી પ્રજાઓ વચ્ચેના આ વિગ્રહમાં ઉત્તર અને પશ્ચિમના પહાડી વિસ્તારમાં રહેતા ઇન્ડિયનોને લાભ થયો. યુદ્ધને કારણે વકરેલી અરાજકતામાં એમના ઉપર સરકારોનો કોઈ જ કાબૂ રહ્યો ન હતો. યુદ્ધના અગ્નિમાં સ્વાહા થતાં જે કાંઈ બચ્યું હતું, તે લૂંટી લેવામાં કાસિક્સ જેવી ઇન્ડિયન ટોળીઓને ફાવટ આવી ગઈ.'

'પરંતુ મારી માહિતી એવી છે કે કાસિક્સ ઉપરાંત કાટ્રિલ, કાલ્ફોકોરસ, યાન્શેટ્ર કો જેવી ઘણી ઇન્ડિયન જાતિઓ અહીં રહેતી હતી. તેનું શું થયું?'

‘હા, અહીં કાસિક્સ હતા, પરંતુ તે જનરલ ફ્લોરસની પાછળ રહીને કામ કરતા હતા. જ્યારે તમે જણાવેલા બીજા લોકો અહીં હતા જ નહીં.’

‘પરંતુ માર્ગમાં અમને તો કાસિક્સ લોકોનો પણ ભેટો થયો નથી. તેઓ ક્યાં છે?’

‘બે વસાહતી પ્રજાઓ વચ્ચેની લડાઈમાં એ લોકોને જ વધુ લાભ થયો હતો. એ પ્રદેશ ઉપર કોઈ પણ સત્તાનું નિયંત્રણ ન રહેતાં એમણે પોતાની રીતે હુમલા કરીને અહીં લૂંટફાટ કરવા માંડી હતી.’

સાર્જન્ટના જણાવ્યા મુજબ એવી અરાજકતાને કારણે વસાહતીઓ પોતાની પાછળ પોતાનાં ફાર્મ વગેરે છોડીને બુએનોસ એરીસ નજીકના પૂર્વના વિસ્તારોમાં ખસી ગયા. ત્યારથી આ પ્રદેશ સાવ નિર્જન હતો. એમાં લૂંટારાઓનું જ રાજ હતું. આ બે દેશો વચ્ચેના વિગ્રહમાં આખરે બ્રાઝિલે મધ્યસ્થી કરી, પરંતુ ત્યાં સુધીમાં સાહસિક વસાહતીઓની મહેનત ઉપર પાણી ફરી વળ્યાં હતાં.

સાર્જન્ટ મેન્યુઅલના ખુલાસાથી ગ્લેનાર્વનની બધી જ ધારણાઓ ઊંધી વળી ગઈ. કૅપ્ટન ગ્રાન્ટ વગેરેને જો આ કાસિક્સ ટોળીએ બંદી બનાવ્યા હોય તો તેમને ઉત્તરના પહાડી વિસ્તારોમાં જ ઘસડી જવામાં આવ્યા હોવા જોઈએ અને એવું હોય તો તેમણે ફરીથી પાછા વળીને પમ્પાના ઉત્તરના વિસ્તારોમાં તપાસ કરવી પડે તેમ હતું. એ સ્થિતિ ચિંતાજનક હતી.

સાર્જન્ટની ગોળગોળ વાતોમાંથી કૅપ્ટન ગ્રાન્ટ અંગે કોઈ માહિતી સાંપડતી ન હતી. આથી અકળાઈને મેજર નેબ્સે સીધો જ પ્રશ્ન પૂછ્યો.

‘સાર્જન્ટ! આ કાસિક્સ ટોળીએ કોઈ યુરોપિયન નાવિકોને બંદી બનાવ્યા હોય એ સંબંધી માહિતી તમારી પાસે છે?’ લાંબો વિચાર કરીને તેણે જવાબ આપ્યો,

‘હા જી!’ સાર્જન્ટના હકારાત્મક જવાબથી સૌના કાન સરવા બન્યા. વધુ ખુલાસા માટે સૌ તેના તરફ જોઈ રહ્યા.

‘પરંતુ તે વાતને ઘણાં વરસ થઈ ગયાં છે. મેં એ વિશે માત્ર સાંભળ્યું જ હતું. કેટલાક યુરોપિયનોને તેમણે બાનમાં લીધાની વાત આવી હતી. જોકે મેં તેમને જોયા નથી.’

‘નહીં, ઘણાં વરસની આ વાત નથી.’ ગ્લેનાર્વનનું કુતૂહલ વધી ગયું. બોલ્યા, ‘ઘણાં વરસ નહીં, પણ માત્ર બે જ વરસ ઉપરની એ ઘટના છે. બ્રિટાનિયા જહાજ ૧૮૬૨ના જૂન માસમાં જ તૂટ્યું હતું. એ દુર્ઘટનાને માંડ બે વર્ષ થયાં છે.’

‘આ તો ઘણાં વરસ ઉપરની વાત છે.’ સાર્જન્ટ પોતાના જવાબમાં મક્કમ હતો, ‘જ્યારે મારા નાના દીકરા પેપનો જન્મ થયો હતો. પેપ આજે છ-સાત વર્ષનો હશે. વળી કેદી બનેલા માણસો માત્ર બે જ હતા. તેમાં એક ફ્રેન્ચમૅન હતો અને બીજો ઇટાલિયન હતો.’ સાર્જન્ટ પૂરા વિશ્વાસથી બોલતો હતો, પરંતુ તેને કારણે ગ્લેનાર્વનની ચિંતા વધી ગઈ.

‘તમે કેદી બનેલા અને પાછળથી જેની હત્યા થઈ હતી તે ઇટાલિયન પ્રવાસીની વાત કરો છો?’ પેગેનલે આશ્ચર્યથી પૂછ્યું.

‘હા જી. એની હત્યા બાદ ફ્રેન્ચમૅન ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.’

આ માહિતીથી પેગેનલ પોતાની યાદદાસ્ત સતેજ કરતો હોય તે રીતે કપાળ ઉપરની ભ્રૂકુટિ ઊંચે ચડાવવા લાગ્યો. સાથે કપાળમાં હળવી મુક્કીઓ પણ મારતો રહ્યો. એકાએક તે બોલી ઊઠ્યો,

‘હા! મને યાદ આવી ગયું. એ એક દુઃખદ કથા છે. જેની હત્યા થઈ હતી તે સ્પેનનો માર્કો

વાઝેલો હતો. બીજો ફ્રેન્ચમૅન ગીનાર્ડ હતો. અત્યંત ક્રૂરતાપૂર્વક એને કોલોરાડો નદીના કોતરોમાં ઘસડી જવામાં આવ્યો હતો, છતાં તે ભાગ્યશાળી હતો. ગમેતેમ કરીને ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.' થોડું વિચારતો હોય તે રીતે અટકીને ફરીથી આગળ ચલાવ્યું.

'મને લાગે છે કે એ કેદીઓ કૅપ્ટન ગ્રાન્ટ વગેરે હશે, એમ સમજીને આપણે ખોટે રસ્તે ચઢી ગયા છીએ.'

એમની આ મુસાફરી અને તે દરમિયાન વેઠવી પડેલી હાડમારીનો આ નિર્દેશથી છેદ ઊડી જતો હતો. આગળ શું કરવું તે સંબંધમાં સૌ ગૂંચવાડામાં પડી ગયા. કેદીઓની સંખ્યા અને તેઓનાં મૂળ બાબતમાં સતત પ્રશ્નો પુછાતા રહ્યા. સાર્જન્ટ દરેક માટે એક જ જવાબ આપતો રહ્યો.

'ના જી! તેઓ અંગ્રેજો તો હતા જ નહીં. તેમની સંખ્યા ત્રણ નહીં, પણ બે જ હતી.'

આ પ્રકારની સ્પષ્ટ માહિતી મળ્યા બાદ અહીં ફોર્ટ ઇન્ડિપેન્ડન્સમાં વધુ સમય રોકાવા માટે કોઈ જ કારણ ન હતું.

સૌ નિરાશ થઈ ગયા, છતાં અનિશ્ચિતતાનો અંત આવ્યો હતો. હવે ઉત્તરપૂર્વની એક જ દિશામાં તેમણે આગળ વધવાનું હતું. સાર્જન્ટની વિદાઈ લઈ સૌએ પૂર્વનો પંથ પકડ્યો.

સૌ મૂંગાં હતાં. થાકેલા પગની ગતિ ધીમી હતી, પરંતુ વિચારોના ઘોડા દરેકના મનમાં પૂરપાટ દોડતા હતા. સૌથી વધુ અફસોસ રૉબર્ટ અને ગ્લેનાર્વનને હતો. ઇન્ડિયન ટોળીઓના કેદીઓ હોવાની અસ્પષ્ટ માહિતીના પાયા ઉપર તેમણે આશાનો મહેલ ચણી દીધો હતો અને તે હવે તૂટી પડ્યો હતો.

આસપાસના પ્રદેશમાં ઇન્ડિયન ટોળીઓ પાસે કોઈ વિદેશી કેદી હોવાની કોઈ વિશેષ માહિતી મળી ન હતી. કૅપ્ટન ગ્રાન્ટની શોધ માટેના અભિયાનનો આ પ્રદેશ પૂરતો હવે અંત આવી જતો હતો એવી લાગણી સૌ અનુભવી રહ્યા.

સૌ માટે હવે એક જ માર્ગ હતો. અત્યાર સુધી ભુલાઈ ગયેલી તેમની 'ડંકન વિહારનૌકા' તરફ પૂર્વમાં ઝડપથી જવાનું. તેમને માટે હવે એ અત્યંત જરૂરી હતું.

પોતાના માણસો પમ્પાના આ પ્રદેશમાં નહીં હોવાની ખાતરી થતાં પેગેનલને આઘાત લાગ્યો. ગ્રાન્ટ વગેરે આ વિસ્તારમાં કેદીઓ તરીકે હોવાનો એનો તર્ક ભૂલભરેલો પુરવાર થયો હતો. અને તેઓ અહીં નહીં હોય તો બીજે ક્યાં હશે? તે પ્રશ્નનો જવાબ એણે શોધવાનો હતો. એ માટેનો એકમાત્ર શ્રોત ગ્રાન્ટના પત્રો જ હતા. એ પત્રોનો નવેસરથી અભ્યાસ કરી કાંઈક યોગ્ય ઉકેલ શોધવા પ્રયાસ કરવાની એની જરૂર લાગી. એને લાગતું હતું કે પત્રોના તૂટક શબ્દોના અર્થઘટનમાં એણે ક્યાંક ભૂલી કરી હતી. જોકે ગ્લાનર્વન પોતે કરેલા અર્થઘટન સંબંધમાં મક્કમ હતા. જહાજને નડેલી દુર્ઘટનાના સ્થળ તથા બચેલા નાવિકોની સંખ્યા બાબતમાં પત્રોમાંની વિગતો સ્પષ્ટ હતી.

'ના જી! આપણું અર્થઘટન ભૂલભરેલું હોવાની મને ખાતરી થઈ છે. ગ્રાન્ટ વગેરે જો પમ્પાના આ પ્રદેશમાં નહીં હોય, તો મને કહેવા દો કે અહીં અમેરિકન ઉપખંડમાં તેઓ ક્યાંય નથી. તેમ છતાં દુનિયાના કોઈક સ્થળે તો તેઓ હશે જ. ઓછામાં ઓછી એટલી માહિતી તો તેના પત્રમાંથી આપણે શોધવાની જ રહેશે અને તે હું શોધીશ જ.' મિત્રોની કુતૂહલભરી આંખોમાં પોતાની આંખ મેળવી પૂરા વિશ્વાસથી પેગેનલે વધુમાં જણાવ્યું, 'એવી માહિતી એ પત્રમાંથી જો હું મેળવી ન શકું તો જાણજો કે હું એક ઢોંગી ભૂગોળશાસ્ત્રી છું.'

૨૨

જળપ્રલય

ફોર્ટ ઇન્ડિપેન્ડન્સથી પૂર્વમાં આટલાન્ટિક મહાસાગરનો કાંઠો હવે માત્ર એકસો પચાસ માઈલ દૂર હતો. એટલા માર્ગમાં જો કોઈ અનપેક્ષિત વિઘ્ન ઊભું થાય નહીં, તો માત્ર ચાર દિવસમાં જ તેઓ 'ડંકન વિહારનૌકા' ઉપર પહોંચી શકે તેમ હતું, પરંતુ ગ્લેનાર્વનનું મન ભારેખમ હતું. કૅપ્ટન ગ્રાન્ટને સાથે લીધા વિના, ખાલી હાથે 'ડંકન'ના તૂતક ઉપર પગ મૂકવાનું એને માટે આસાન ન હતું. ગ્રાન્ટની પુત્રી મૅરી અને લેડી હેલીનાનો પહેલો જ પ્રશ્ન એ હોવાનો કે જેને શોધવા માટે એક માસની હાડમારી વેઠી તે ક્યાં છે?

એક દિવસના આરામ બાદ બીજા દિવસે સવારમાં મુસાફરી શરૂ કરવા માટે સાથીઓને સૂચના આપવાનું પણ તેમને સૂઝ્યું નહીં. મેજર નેબ્સ એવો લાગણીપ્રધાન ન હતો. ગ્લેનાર્વનની સ્થિતિ સમજીને એણે પોતે જ આગેવાની લીધી. પ્રયાણ માટેની તૈયારી શરૂ કરાવી. સામાન બંધાઈ ગયો. ઘોડાઓ ઉપર પલાણ નંખાઈ ગયાં.

ભાવહીન દશામાં મુસાફરી શરૂ થઈ. ટાન્ડિલની ડુંગરમાળાના હવે હળવા બનેલા ઢોળાવની ઘાસભરી ભૂમિમાંથી તેઓ નીચે ઊતરવા લાગ્યા. ક્યાંય સુધી સૌ મૂંગા હતા. બોલવા માટે કોઈને શબ્દો મળતા ન હતા. દરમિયાન એક ગભરાયેલું સસલું એમની સામેથી રસ્તો ઓળંગી ગયું. કોઈક પ્રકારના છૂટા ભયથી સૌ એકબીજાને જોઈ રહ્યા. સસલું આડું ઊતરવાની ઘટનાને સૌ અપશુકનિયાળ માનતા હતા. અત્યાર સુધીના જોખમી અનુભવો બાદ હવે પછી વધુ ભયાનક શું વીતવાનું હતું, તેની કલ્પનાના ભયની છૂપી ધ્રુજારી સૌ અનુભવી રહ્યા.

એવી ઉચાટભરી સ્થિતિમાં ઢોળાવ ઊતરીને સૌ સપાટ મેદાનમાં આવી ગયા. મહાસાગર સુધીનો હવે પછીનો પ્રદેશ લગભગ સમથળ હતો. પૂર્વમાં ક્ષિતિજ સુધી ઘાસિયાંની જ જમીન વિસ્તરેલી દેખાતી હતી. પૂર્વની એક જ દિશાનું નાક પકડીને સૌ આગળ વધી રહ્યા.

અત્યાર સુધી હવામાન ખાસ કોઈ તકલીફ વિનાનું રહ્યું. છતાં છેલ્લા થોડા દિવસથી પડી રહેલી સખત ગરમીથી નદીનાળાં તથા તળાવોનાં પાણીનું ભારે પ્રમાણમાં બાષ્પીભવન થઈ રહ્યું હતું. એને કારણે ભેજવાળું તાપમાન અકળાવનારું હતું. દૂરદૂર પશ્ચિમની ક્ષિતિજ ઉપર વાદળો ઊભરતાં દેખાયાં. ધીમેધીમે એનો વ્યાપ વધતો ગયો. કાળાં ડિબાંગ વાદળોથી આકાશ ઘેરાવા લાગ્યું. ક્ષિતિજ ઉપરનાં વાદળોમાં ક્યાંક ક્યાંક વીજના ચમકારા દેખાવા લાગ્યા અને તેની સાથે ગડગડાટીનો ધીમો અવાજ પણ સંભળાવા લાગ્યો. ધીમેધીમે આખું આકાશ ઢંકાઈ ગયું. એને કારણે સૂરજની સીધી ગરમીમાંથી રાહત હતી. છતાં આકાશમાં છવાયેલાં વાદળોનો ચંદરવો ગમે ત્યારે પૂરા જોરથી વરસી પડે એવી સ્થિતિ સર્જાઈ. દૂર પશ્ચિમના પહાડી વિસ્તારોમાં વરસાદ

પડતો હોય, તે રીતે એ તરફથી ઠંડો પવન પણ શરૂ થયો.

એવી ઘેઘૂર સ્થિતિ સાંજ સુધી રહી. મુસાફરો પોતાના ઘોડા દોડાવતા જ રહ્યા. રાત્રિમુકામ માટે તેઓ કોઈ અનુકૂળ સ્થળની શોધ કરવા લાગ્યા. ક્ષિતિજ સુધી વિસ્તરેલા એ મેદાની ઇલાકાનો અંત આવ્યો હોય તેમ જણાયું. એક મોટી કરાડની ધાર ઉપર આવીને ઘોડાઓ ઊભા રહી ગયા. ત્યાંથી આગળ નદીનાં કોતરો શરૂ થતાં હતાં. ઉપરવાસમાં પડી રહેલા વરસાદનું પાણી એ કોતરોમાં થઈને વહી રહ્યું હોવાનો સૌને ખ્યાલ આવ્યો. પડાવ નાખી શકાય એવું અનુકૂળ સ્થાન આસપાસમાં ક્યાંયે દેખાયું નહીં. સૂરજ આથમી ચૂક્યો હતો. અંધારું વધુ ઘેરું બને અને આમતેમ અથડાવું પડે તે સ્થિતિ ટાળવા એ કિનારા ઉપર જ કોતરથી સલામત અંતરે એમણે ઘોડા થોભાવ્યા. સામાન ઉતાર્યો. ઉતાવળે સૌએ પેટપૂજા કરી. પાથરણાં અને ઓઢણાં તરીકે કામ આવે તેવી પોંચો પથારીના કોશેટામાં સૌ પુરાઈ ગયા. દિવસભરના રઝળાટમાં સૌ થાક્યા હતા. ભયાનક બની રહેલા આકાશની નીચે સૌ નિદ્રાધીન બની ગયા.

બીજા દિવસની સવાર વધુ અમંગળ એંધાણ લઈને ઊગી. ઉપરવાસના ડુંગરાઓમાં આગલી સાંજથી શરૂ થયેલા ભારે વરસાદનાં પાણી રાત દરમિયાન અહીં સુધી નદીમાં આવી ગયાં હતાં. પાણીની સપાટી ઝડપથી ચઢીને કાંઠા સુધી આવી ગઈ હતી. થોડા જ સમયમાં એ કાંઠાઓ પણ મઝધાર થઈ જાય એવો માહોલ જામી ગયો.

ઝડપથી તૈયારી કરીને એમણે આગળની મુસાફરી શરૂ કરી દીધી. પાણી વધુ ઉપર ચઢે અને ઘાસિયાંની સપાટ જમીન ઉપર થઈને વહેવા માંડે તે પહેલાં વધુ અતંર કાપી સલામત અંતરે પહોંચી જવા સૌ ઉત્સુક હતા. ધીમેધીમે પાણીની સપાટી વધી. કિનારાની બહાર રેલનાં પાણી રેલાવા લાગ્યાં. ઘાસ નીચેની જમીન પાણીથી તરબોળ થવા લાગી. પોચી બનેલી જમીનની સીધી અસર ઘોડાઓની ઝડપ ઉપર પડી. છાતી સમાણું ઘાસ અને પાણીથી તરબતર અને પોચી બની ગયેલી જમીનમાં હવે દોડવાનું અશક્ય બની ગયું.

નાના રૉબર્ટનો ઉત્સાહ અને જુસ્સો સામાન્ય રીતે સૌની સરખામણીમાં વધુ રહેતો. એનો ઘોડો હંમેશાં આગળ જ દોડતો, પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે ઝડપથી તે પરત આવતો દેખાયો. પેગેનલને અહીંના ભૂભાગ સંબંધે વધુ જાણકારી હતી એવું બધા માનતા હતા. એ કારણે નજીક આવી તેને ઉદ્દેશીને ઉતાવળે બોલી ગયો,

'પેગેનલ મહાશય! આગળ કાંઈ વિચિત્ર વસ્તુ જોવા મળી છે. ત્યાં શીંગડાનું જંગલ હોય તેમ લાગે છે.'

'શીંગડાનું જંગલ? તને કોઈ ભ્રમ થયો લાગે છે.'

'સાચું કહું છું. ત્યાં આગળ પ્રાણીનાં શીંગડાંનું વાવેતર થયું હોય તેમ અસંખ્ય શીંગડાં ઊગેલાં છે.' રૉબર્ટ કાંઈક ગભરાયેલો હોય તે રીતે બોલી ગયો.

એણે બતાવેલી દિશા તરફ સૌ આગળ વધ્યા. ખરેખર જ એ સ્થળે શીંગડાંનું ગાઢું પ્લાન્ટેશન હોય તેમ લાગ્યું. એની સપાટ ભૂમિ ઉપર વહી રહેલાં પાણી હજી બહુ ઊંચાં ગયાં ન હતાં. તેમાંથી અજબ પ્રકારની વનસ્પતિ ભાલાની અણીની જેમ જમીનમાંથી ફૂટી નીકળી હોય તેવું લાગ્યું. પેગેનલને પણ આ નવતર વસ્તુની કોઈ જાણકારી ન હતી. એણે થાલકેવ તરફ પ્રશ્નાર્થ નજરે જોયું. તેણે જે જવાબ આપ્યો તેનાથી સૌને રમૂજ થઈ, સાથે આશ્ચર્ય પણ થયું.

'સારું થયું કે એ તરફ આગળ વધવા સામે આપણને ચેતવણી મળી છે.' એ ગંભીરતાથી બોલ્યો, 'એ શીંગડાં જ છે. ગાયોના મોટા ધણનાં શીંગડાં. અસંખ્ય ગાયો અહીં કળણવાળી

જમીનમાં ઊંડે ઊતરી ગઈ છે. તેની નિશાનીરૂપે આ શીંગડાં જ ઉપર રહી ગયાં છે.'

'એવું તે વળી હોતું હશે કે જ્યાં અનેક ગાયો જમીનમાં આ રીતે ગરક થઈ જાય અને ઉપર બાકી રહેલાં શીંગડાં સિવાય એની કોઈ નિશાની દેખાતી ન હોય?'

સૌને થયેલા આશ્ચર્ય વચ્ચે થાલકેવે પેગેનલને સમજાવ્યું.

કોઈને ગળે ઊતરી નહીં તેવો એ ખુલાસો હતો, પરંતુ ખુલાસો કરનાર ગંભીરપણે પેગેનલને સમજાવતો હતો. આખરે એની વાતમાં સૌને તથ્ય જણાયું. જાનવરોનાં આખાં ટોળાં અહીંની પોચી અને કળણવાળી જમીનમાં ગરક થઈ ગયાં હોય તેવા બનાવો અગાઉ પણ બન્યા હતા.

દૂર સુધી સ્પષ્ટ રીતે જોઈ શકાતી એ શીંગભૂમિને ચાતરીને સૌ ઘૂંટણ સમાણા પાણીમાં આગળ વધવા લાગ્યા. પાણીના વધતા પ્રવાહથી થાલકેવ ચિંતાતુર હતો. પોતાના ઘોડાની બેઠક ઉપર વારંવાર ઊભા થઈને ચારે બાજુએ વિસ્તરી રહેલા પાણીના ઓથારને પોતાની આંખથી માપવા માટે મથામણ કરી રહ્યો. એ જોઈને એણે સમજાવ્યું કે પાણીની સપાટી ઊંચી જઈ રહી હતી. આસપાસમાં ક્યાંય કોઈ ઊંચી ટેકરી કે આશ્રય લઈ શકાય તેવું વૃક્ષ જોવામાં આવતું ન હતું. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે નદીમાં જળરેલ આવી હતી. ઝડપથી વધી રહેલું પાણી નદીના કિનારાઓને આંબીને સપાટ જમીન ઉપર રેલાઈ રહ્યું હતું. એના જણાવ્યા પ્રમાણે આ રીતે વધતી સપાટીમાં સૌ ગરક થઈ જાય તે સ્થિતિ હવે બહુ દૂર ન હતી. પાણીના વેગવાન પ્રવાહમાં દૂર સુધી ઘસડાઈ જવાની પણ શક્યતા હતી.

પેગેનલે એવી ગંભીર સ્થિતિનો ખ્યાલ ગ્લેનાર્વનને આપ્યો.

'તો આવી સ્થિતિમાં એની શી સલાહ છે? આપણે શું કરવું જોઈએ?' ગ્લેનાર્વને પૂછ્યું.

'એટલું જ કે બનતી ઝડપે આગળ વધવાની એની સલાહ છે. રેલનાં પાણીનો ઓથાર વધુ ઊંચો જાય અને આપણે સૌ એમાં ગરક થઈએ તે પહેલાં કોઈક ઊંચાઈવાળી જગ્યાએ પહોંચી જવું જોઈએ.'

જોકે એ ઉપાય બોલવા જેટલો આસાન ન હતો. પાણીથી લથબથ પોચી જમીનમાં ઘોડાના પગ ઊંડા ખૂંપી જતા હતા. દોડવાનું તો દૂર રહ્યું, તેમને તો ચાલવામાં પણ તકલીફ પડતી હતી. પાણીની સપાટી હવે તેમની છાતી સુધી આવી ગઈ હતી. પીઠ ઉપર એના અસવારો અને તેમના સામાનના થેલાઓ હતા. એવા વજનને વેંઢારવાનું કામ આવી સ્થિતિમાં આસાન ન હતું, છતાં મુસાફરી ચાલુ રાખ્યા વિના બીજો વિકલ્પ પણ ન હતો.

ચઢતાં પાણીની તકલીફ પૂરતી ન હોય તે હવે વરસાદ શરૂ થયો. હળવાં ફોરાંથી એની શરૂઆત થઈ. રેલના પાણીની જેમ એમાં ક્રમશઃ વધારો થતો ગયો અને અંતમાં, ધોધમાર વરસાદ એની પૂરી તાકાતથી ત્રાટક્યો. વાદળ ફાટ્યું હોય તે રીતે અનરાધાર વરસી રહેલા વરસાદથી સૌ લથબથ બની ગયા. રાત્રિની સંગાથી એવી પોંચો પથારીઓ પણ પાણીથી તરબોળ બની ગઈ. એમાં રહેલી હૂંફ પણ વરસતા વરસાદના પાણીથી હવાઈ ગઈ.

કેડથી પણ ઊંચા ચડી ગયેલાં પાણીમાં આગળ વધવાનું ઘોડાઓ માટે મુશ્કેલ બની ગયું. થાકી ગયેલા ઘોડાઓ અને હતાશ થઈ ગયેલા મુસાફરો માટે આગળ વધતા રહેવા સિવાય છૂટકો પણ ન હતો. પાણીથી ઊંચો એવો કોઈક ભૂભાગ મળીજાય તો જ થોભી શકાય તેમ હતું. સદ્નસીબે કોઈ જૂના ફાર્મનો ત્યજી દેવાયેલો ઊંચો ભાગ સૌની નજરે ચડ્યો. વસાહતીઓનાં મજૂરો માટેના રેન્ચો તરીકે ઓળખાતાં કઢંગા અને ભાંગ્યાતૂટ્યાં ઝૂંપડાં ઊભાં હતાં. વરસાદને

કારણે બધું જ ભીનું હતું, પરંતુ ઊંચાઈ ઉપર હોવાને કારણે રાતરોકાણ માટે એનો ઉપયોગ થઈ શકે તેમ હતું. ભીના ઘાસમાં અગ્નિ પેટાવવાનું પણ મુશ્કેલ હતું. મૂલરેડી અને વિલ્સને માંડમાંડ પેટાવેલાં તાપણા ઉપર ધુમાડાભરી રસોઈ તૈયાર થઈ. તાપણાનો અગ્નિ બરાબર સળગતો ન હતો, પરંતુ જઠરાગ્નિની ઝાળ તો ગળા વાટે જાણે બહાર આવતી હતી. એવી ગંધાતી વાનગીઓ પણ એમાં સ્વાહા થઈ ગઈ. એકમાત્ર મેજર નેબ્સ કોઈ પણ જાતના છોછ કે કટાણું મોં કર્યા વિના આરામથી એવી વાનગી આરોગતો હતો. પેગેનલે એના ઉપર વ્યંગ કરી જોયો, પરંતુ એવા વાતાવરણમાં કોઈને જ હસવું આવ્યું નહીં. પોતાના જ એવા ટાઢાબોળ વ્યંગ ઉપર વ્યંગ કરતાં તે બોલ્યો,

'હવામાનની સાથે મારા જોક પણ હવાઈ ગયા લાગે છે.' હતાશાથી ભરેલા એના એ કરુણ જોક ઉપર સૌએ હળવું સ્મિત કર્યું.

સૂવા માટે સાવ અગવડભરી સ્થિતિ હતી, છતાં સૌ થાકેલા હતા. બહાર દોમદોમ ચાલુ રહેલી વર્ષાની હેલી છતાં થાક્યાં શરીરો નિદ્રાધીન બની ગયાં. વરસાદની સાથે રાતભર કડાકાભડાકા થતા રહ્યા. બહાર ભીંજી રહેલા ઘોડાઓ માટે અન્ય કોઈ ઉપાય ન હતો. ઊભા ઊભા ઊંઘતા જાગતાં એમણે પણ એમના સવારોની જેમ રાત્રિ વિતાવી. સવાર પડી છતાં ગ્લેનાર્વન વગેરે ઘેનમાં જ હતા. નિત્યક્રમ પ્રમાણે જાગી ગયેલા થૌકાએ પોતાના પગની ખરી રેન્ચોના જૂના ખપાટિયા સાથે ઘસીને અવાજ કર્યો. હણહણાટી પણ બોલાવી. સૌ મુશ્કેલીથી જાગ્યા. બહારની સ્થિતિ ગમે તેટલી ખરાબ હોય, એમણે તો આગળ વધવાનું જ હતું.

મોડી સવારે વરસાદ કંઈક ધીમો પડ્યો છતાં ચોતરફ ફેલાયેલાં અને વહી રહેલાં રેલનાં પાણીની સપાટી હજી જળવાઈ રહી હતી. પેગેનલે અંદાજ બાંધ્યો કે ઉપરવાસથી વહી આવતી રિયો ગ્રાન્ડે તથા વિવરોટા નદીઓ પહાડી વિસ્તારોમાં પડેલા ભારે વરસાદથી ઊભરાઈ ગઈ હતી અને તેના પાણી નીચાણવાળા વિસ્તારોમાં ફરી વળ્યાં હતાં. નદીના વહેણની સાથે આ પાણી પૂર્વ તરફ વહેતું હતું.

કોઈ પણ દિશામાં જાવ, સર્વત્ર છાતીસમાણાં પાણી વહેતાં હતાં. ઘોડાઓને પાણીમાં ઉતાર્યા. થૌકા એમાં અગ્રેસર હતા. એની પાછળ સાત ઘોડાઓ એની ઉપર બેઠેલા અસવારો સાથે ધીમેધીમે ચાલવા લાગ્યા. પાણીમાં ડૂબેલા ઘાસમાં તેના પગ ભેરવાતા હતા. વળી પાણીમાં ડૂબેલી એ જમીન ઊબડખાબડ હતી. એવી સ્થિતિમાં ઘોડાઓને દોડાવવાનો તો સવાલ જ ન હતો. કોઈ પણ સ્થિતિમાં ચાલવા ટેવાયેલો થૌકા ઘોડો સ્ફૂર્તિથી આગળ વધવા લાગ્યો. દસેક વાગ્યા સુધી વણજાર એ રીતે ઊગતા સૂરજની દિશામાં આગળ ધપતી રહી, પરંતુ ત્યાર બાદ ઘોડાઓની અને ખાસ કરીને થૌકાની વર્તણૂકમાં બદલાવ આવ્યો. કોઈક પ્રકારના ભયની તેમને ગંધ આવી ગઈ હોય તે રીતે અસ્વસ્થ બની ગયા. વારંવાર હણહણાટી બોલાવવા લાગ્યા. થાલકેવે લગામ મજબૂત રીતે ખેંચી રાખી. એટલે જ તે કાંઈક કાબૂમાં હતો. ઉત્તર તરફ ભાગી છૂટવા એણે જોર કરવા માંડ્યું. થૌકાની એવી અસામાન્ય વર્તણૂક અંગે સાથીઓના પ્રશ્નોનો થાલકેવ જવાબ આપી શક્યો નહીં. દેખીતી રીતે કોઈ કારણ જણાતું ન હતું. છતાં કોઈક કારણ હતું જરૂર. થાલકેવે થૌકાને ઊભો રાખ્યો. એના ઉપર ઊભા રહીને તેણે ચારે દિશામાં નજર કરી.

એને સમજાઈ ગયું કે દક્ષિણની ક્ષિતિજ તરફથી પાણીનું ઊંચું મોજું અસાધારણ ઝડપથી એમના તરફ આગળ વધી રહ્યું હતું. આંખો સ્થિર કરી નજર ખેંચીને અંદાજ મેળવવા પ્રયાસ કરવા લાગ્યો. ખ્યાલ આવ્યો કે મોટાં પ્રાણીઓનું ટોળું રઘવાટમાં એકબીજાં સાથે

અથડાતાં એમના તરફ ધસમસતું આવી રહ્યું હતું. એને કારણે પાણીમાં પણ ઘમસાણ મચ્યું હતું. ભરદરિયામાં સેંકડો વહેલોનું ટોળું ઝડપથી એમની તરફ આવી રહ્યું હોય તેવો એ ભયજનક દેખાવ હતો. એણે તરત જ બૂમ પાડી સૌને ચેતવ્યા.

'ભાગો અહીંથી! ઝડપ કરો.' પોતાની ભાષામાં ભય સૂચક શબ્દો બોલતો તે ઘોડા ઉપર બેસી ગયો અને થૌકાને દોડાવવા પગની એડી તેના પાંસળામાં મારી. એની સાથે એના સાથીદારોને પણ પોતાના ઘોડા ઝડપથી હાંકવા માટે પ્રવૃત્ત કર્યો. દક્ષિણ તરફથી ટોળાંની સાથે આવી રહેલા પાણીના ઓથાર અને પ્રાણીઓનાં ટોળાં સામે રક્ષણ મેળવવા માટે ઊભા રહી શકાય તેવી કોઈ ઊંચી જમીન દેખાતી ન હતી. પીઠ ઉપરના બોજા સાથે ઘોડાઓ પણ ઊંધી દિશામાં ઝડપથી વધવા મરણિયા પ્રયાસ કરવા લાગ્યા.

ઝડપ વધારવા માટે થાલકેવ પોતાની ભાષાના 'આન્ડા, આન્ડા'ના અવાજ કરતો રહ્યો. સૌ માટે જીવન અને મરણ વચ્ચેનો એ જંગ હતો. પાણીની નીચે હવે ડૂબી ગયેલું ઘાસ અને નહીં જોઈ શકાતા ખાડાઓને કારણે ઘોડાઓ પણ ગલોટિયાં ખાઈ રહ્યા. એ સ્થિતિમાં એમને સંભાળવાનું કામ મુશ્કેલ હતું. નજીક આવી રહેલા ટોળાંના હડસેલાને કારણે પાણીના હલકારા આવવા લાગ્યા. એ રીતે પાણીના ઊંચા થયેલા સ્તરમાં ઘોડાઓ પણ તરતા થઈ ગયા. કમરતોડ સંઘર્ષ હતો. સૌને હવે અંત નજીકમાં દેખાતો હતો. ઘોડાઓ પોતાની છાતી ફાટી જાય તે રીતે હાંફતા હતા. એના ઉપર બેઠેલા મુસાફરો જીવનની સઘળી આશા ગુમાવી બેઠા હતા. કુદરતના આ પ્રચંડ આક્રોશ સામે જીવન ટકાવવાનું મુશ્કેલ દેખાતું હતું. પાણીનાં વહેણની સાથે સૌ અનિયંત્રિત રીતે ઉત્તરમાં ધકેલાઈ રહ્યા.

એવી નિરાશાજનક સ્થિતિમાં મેજર નેબ્સ તરફના એક અવાજથી સૌમાં આશાનો સંચાર થયો. એણે બૂમ પાડી,

'જુઓ! ત્યાં સામે શું દેખાય છે? મોટું ઝાડ હોય તેવું કાંઈક દેખાય છે.'

'હા, એ ઝાડ જ છે.' ગ્લેનાર્વને એમાં સૂર પુરાવ્યો.

સૌને આશા બંધાઈ. જમીન આશરો આપી શકે તેમ ન હોય ત્યારે કોઈ મોટા વૃક્ષની ડાળી પણ આશ્રયસ્થાન બની શકે. એ તરફ આગળ વધવાનું કહેવાની જરૂર જ ન હતી. ત્યાં સુધીનું અંતર ઝડપથી કાપવા માટે સૌ મરણિયા બન્યા. ઝાડ વધુ ને વધુ નજીક આવતું હતું. છતાં બાકી રહેલું અંતર પૂરું કરવાનું આસાન ન હતું. બે માઈલ દૂર પાછળ દેખાતો પાણીનો હડસેલો એમને ગળી જવા સાવ નજીક આવી ગયો. પાછળથી લાગેલા ધક્કામાં ટૉમ ઓસ્ટિનનો ઘોડો પાણીમાં ગલોટિયું ખાઈ ગયો. ડૂબીને એ દૂર ખેંચાઈ જાય તે પહેલાં ટોમે એના બંને પગ પેગડાંમાંથી બહાર કાઢી લીધા. સવારથી મુક્ત થયેલું ઘોડાનું શરીર ઝડપથી દૂર ખેંચાઈ ગયું. નિઃસહાય બનીને એ મૂંગા પ્રાણીને દૂર સુધી ખેંચાઈ જતું સૌ જોઈ રહ્યા. એને બચાવવા જવાની હિંમત કોઈ જ બતાવી શકે તેવી સ્થિતિ ન હતી.

ટૉમે હવે બાવળાના બળથી જ જીવન ટકાવવાનું હતું. પોતાના ઘોડા પરનું જીન પકડીને તરતા રહેવા ગ્લેનાર્વને એને જણાવ્યું, પરંતુ માલિકના જીવને જોખમમાં મૂકવા કરતાં જાતે તરતા રહેવાનું જ તેણે પસંદ કર્યું. એ મોજાંની પાછળ બીજું વધુ મોટું મોજું તરત જ ધસી આવ્યું. મેજરે સૌને ચેતવ્યા છતાં સૌ એના વિકરાળ જડબાંમાં સમાઈ ગયા. ઘોડા ઉપરથી સૌ દૂર ફંગોળાઈ ગયા. એમના નિયંત્રણ વિનાના ઘોડા છૂટા થઈને દૂર ઘસડાતા આગળ નીકળી ગયા. અતિશય થકાનને કારણે પાણીમાં તરતા રહેવાની તેમનામાં શક્તિ જ ન હતી. એમાં અપવાદ

થાલકેવના કસાયેલા ઘોડા થૌકાનો હતો. મુશ્કેલી છતાં હજી પણ તે માલિકના ભારનું વહન કરતો હતો.

ઘોડાની સાથે જ પાણીમાં ડૂબકિયું ખાધા બાદ સૌએ પાણીની બહાર ડોકાં કાઢયાં. મનોમન એકબીજાની હાજરીની સૌએ નોંધ લીધી. થોડાં જ ડગલાં દૂર રહેલા ઝાડની નીચેની ડાળીઓ પાણી ઉપર સાવ નીચે ઝળુંબી રહી હતી. ડાળીઓ તરફ સૌએ ઝડપ વધારી. એ સૌમાં સૌથી વધારે ખરાબ હાલત ભૂસ્તરશાસ્ત્રી પેગેનલની હતી. ડૂબકી ખાતાં થોડું ગંદું પાણી એની હોજરીમાં ઊતરી ગયું. આખરી ડૂબકી ખાય તે પહેલાં સશક્ત મેજર નેબ્સની મદદ એને મળી ગઈ. નજીકમાં જ ઝળુંબી રહેલી એક ડાળી પાસે એને થોડો ઊંચો કરીને તેના હાથમાં પકડાવી દીધી. શરૂમાં તો તે લટકતો જ રહ્યો. આપબળે ઉપર ચડવાના પણ હોંશ ન હતા. મેજરનો વધુ ટેકો મળ્યો. આખરે નીચેની ડાળી ઉપર ચડીને બેસી શક્યો. સલામતીનો એહસાસ થતાં થોડી હિંમત આવી અને સાથે કળ પણ વળી.

ધીમેધીમે અન્ય મિત્રો પણ ડાળીઓને વળગીને ઉપર ચડી ગયા.

નાનો રૉબર્ટ અને થાલકેવ છેલ્લા હતા. થૌકાને સહારે તેઓ આશ્રય બની શકે તેવી ડાળા તરફ આગળ વધ્યા. માલિકની જિંદગી બચાવવામાં સફળ રહેલો થૌકા ખુદ હવે ડચકિયાં ખાવા લાગ્યો. રૉબર્ટ અને થાલકેવે ડાળી પકડીને ઉપર ચડી જતાં આધારહિન બનેલા થૌકાનું ડોકું એક વાર પાણીમાં ડૂબી ગયું, છતાં આપબળે તે બહાર આવ્યો. એની આંખો માલિક તરફ જ મંડાયેલી હતી. સહારા માટે યાચના કરતો હોય તેવી પ્રતીતિ સૌને થઈ. હવેની એક ડૂબકી એને માટે છેલ્લી બને તેમ હતું.

ડૂબી રહેલા વફાદાર થૌકાની એવી યાતનાભરી યાચનાને થાલકેવ ખાળી શક્યો નહીં. થાલકેવે બચાવવાનો નિર્ણય એક જ પળમાં લઈ લીધો. ડાળી ઉપરના સલામત સ્થાનેથી તે પાણીમાં ખાબક્યો. થૌકા છેલ્લું ડચકિયું ખાય તે પૂર્વે એની ડોક પકડી લીધી, ડોક ઊંચી કરી તેને ડૂબતાં બચાવી લીધો. બંને હાથે ગળા ઉપરની ભીંસ વધારી. ઘોડો અને સાથે સાથે પાણીમાં તરી રહેલો તેનો અસવાર કોઈ કશું વિચારે તે પહેલાં તો પાણીના ઝડપી વહેણમાં ક્યાંના ક્યાં નીકળી ગયા.

૨૩

અજોડ શયનકક્ષ

ગ્લેનાર્વન અને તેના સાથીઓ માટે આશ્રયસ્થાન બનેલું એ ઝાડ અહીંના પ્રદેશમાં ક્વચિત્ ઊગી નીકળતું ઓમ્બુવૃક્ષ હતું. ઊંડા મૂળ અને મજબૂત ડાળીઓ સાથે અડીખમ ઊભેલું એ ઝાડ માનવજીવોને તો બચાવી શક્યું, પરંતુ ઘોડા જેવા ચોપગાં પ્રાણીઓને જીવનદાન દઈ શકે તેમ ન હતું. જળરેલના ચોતરફ ફેલાયેલા સાગર વચ્ચેના એકમાત્ર આશ્રયસ્થાન ઉપર અગાઉથી જ સેંકડો પક્ષીઓએ કબજો જમાવી દીધો હતો. નવા આગંતુકો તેમને પસંદ પડે તેમ ન હતું. શરૂઆતમાં ઊડાઊડ કરી તેમણે કાગારોળ મચાવી, પરંતુ ભયના માર્યા એ સૌ ધીમેધીમે ટોચની ડાળીઓમાં ખસી ગયાં.

આ નવા આવેલા આગંતુકો પૈકીના ચંચળ સ્વભાવના રૉબર્ટ અને વિલ્સન ધીમેધીમે છેક ઉપરની ડાળી સુધી પહોંચી ગયા. પાંદડાંના છત્તરમાંથી ડોકું ઊંચું કાઢી તેમણે ચારેતરફ નજર કરી. રેલનાં ડહોળાં પાણીનો દરિયો ચારે બાજુએ છલકાતો હતો. ક્ષિતિજ સુધી તે વિસ્તરેલો લાગતો હતો, દક્ષિણમાંથી આવતા પાણીના પ્રવાહની સાથે ઘમસાણ મચાવી દોડતું આવેલું પ્રાણીઓનું પેલું ટોળું તો ઉત્તરની દિશામાં ઘણું આગળ નીકળી ગયું હતું. તેમનું અણધાર્યું આગમન અને ઝડપી વિદાયથી પાણીમાં ઊછળી રહેલાં મોજાં ધીમેધીમે શમી ગયાં. છતાં ઉપરવાસમાંથી ધસમસી રહેલું એ મહારેલનું પાણી હતું. એમાં નાનાં-મોટાં પ્રાણીઓ, વનસ્પતિ, ઝાડીઝાંખરાં અને ક્યારેક તો મૂળસોતાં ઊખડીને ઘસડાઈ રહેલાં વૃક્ષનો સમૂહ અવિરતપણે ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. ઘસડાઈ રહેલા એવા એક ઝાડની આડી પડેલી ડાળીઓને વળગેલું ચિત્તાઓનું એક આખું કુટુંબ આગળ ધકેલાઈ રહ્યું હતું.

ઉત્તરપૂર્વની દિશામાં દૂર દૂર ખસી રહેલું એક કાળું ધાબું વિલ્સનની નજરે ચઢ્યું. ધ્યાનથી જોતાં એને સમજાઈ ગયું કે થાલકેવ અને તેનો વફાદાર ઘોડો થૌકા હતો. બાળસહજ કુતૂહલથી રૉબર્ટે થાલકેવના નામની બૂમો પાડી. જોકે એટલા અંતર સુધી એનો અવાજ પહોંચી શકે એવી કોઈ જ શક્યતા ન હતી. સાવ નીચેની ડાળીઓ ઉપર ગ્લેનાર્વન તથા અન્ય સાથીઓ બેઠા હતા. ત્યાં આવીને રૉબર્ટે થાલકેવ અને થૌકાની વાત જણાવી. બધાને જ ખાતરી હતી કે તેઓ બંને બહાદુર હતા અને ચોક્કસ એ બંને બચી જશે જ, પરંતુ સૌના મનમાં પ્રશ્ન એક જ હતો કે બેમાંથી કોણ કોને બચાવશે? થાલકેવ એના વફાદાર મિત્ર જેવા થૌકાને બચાવશે? કે પછી થૌકા એના માલિકને બચાવશે? લાગતું હતું કે બંને એકબીજાને સહારે જીવતા રહી શકશે.

પાણીની સપાટી હજી પણ ઊંચે ચઢતી હતી. નીચેની ડાળીઓ પણ એમાં ગરક થઈ ગઈ. સૌ ઉપરની ડાળીઓ ઉપર ખસી ગયા. પાણીની સપાટી કેટલી ઝડપે ઊંચે ચડતી હતી, તેનો

અંદાજ મેળવવા ગ્લેનાર્વને પોતાની પાસેના છરાથી ઓમ્બુના મુખ્ય થડ ઉપર નિશાનીઓ કરવા માંડી. કલાકો સુધી પાણીનું સ્તર ચઢતું જ રહ્યું. છેવટે સૌને લાગ્યું કે સપાટી સ્થિર થઈ હતી. સૌમાં આશાનો સંચાર થયો કે હવે પછી વહેલીતકે એ સપાટી ઝડપથી નીચે ઊતરશે.

'હવે શું? શું કરીશું આપણે? ખોરાક-પાણીની હવે જરૂર છે.'

'એ માટેની તૈયારી કરવા માટે પણ આપણી પાસે નિવાસસ્થાન હોવું જરૂરી છે.' પાણીમાં ડૂબી જતાં માંડ માંડ બચેલા પેગેનલને હવે થોડી કળ વળી હતી. સ્વસ્થ બનતાં તેણે હવે પછી કરવાની કામગીરીનો નક્શો દોર્યો.

'નિવાસસ્થાન! અને તે પણ અહીં ઝાડની ડાળી ઉપર?' મેજરે વ્યંગ કર્યો.

'હા જી, સાહેબ! અહીં જ. આ ઝાડની ડાળી ઉપર જ. આપણે પક્ષી નથી કે નીચે ગબડી પડવાના ભય વિના આ ઝાડની નાની-પાતળી ડાળી ઉપર વળગી રહી શકીએ કે નથી આપણે માછલી કે નીચે પાણીમાં જીવી શકીએ. સારી રીતે ટકી રહેવા માટે કુદરતે આપણને મગજ આપ્યું છે. તેનો ઉપયોગ કરીને ઝાડની પહોળી અને જાડી ડાળી ઉપર કંઈક સગવડ ઊભી કરી શકીશું.'

'સાચી વાત છે. ભૂખ્યા-તરસ્યા આ ડાળી ઉપર કેટલો સમય બેસી શકાશે? આપણે કંઈક તો કરવું જ પડશે.' ગ્લેનાર્વને વાસ્તવિકતા યાદ કરાવી.

'હું એ કરી શકીશ.' મેજર નેબ્સનું મગજ હવે સતેજ બની ગયું. પેગેનલના સૂચન સામેનો એનો વ્યંગ તે સમય માટે ઠીક હતો, પણ હવે આગળ કાંઈક કરવાનો સમય આવ્યો હતો. ઘોડાઓ ઉપરની સવારી દરમિયાન પણ જરૂરી સામાનની ચામડાની કોથળીઓ તો સૌની પીઠ ઉપર ભેરવાયેલી જ હતી. તેમાં અગ્નિ પેટાવવા માટેની તથા ખોરાક તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવી ચીજવસ્તુઓ હજી પણ સૂકી અને સલામત હતી. બે દિવસ સુધી ચાલે એટલો પુરવઠો તો એમાં હતો જ.

પાણીમાં ભીનાં થયેલાં શરીરો ઠંડીથી ધ્રૂજતાં હતાં. એમાં ગરમાટો આવે તેવી કાંઈક વ્યવસ્થા કરવાની પણ જરૂર હતી. ઓમ્બુવૃક્ષ ઉપર જ એની કેટલીક નાની ડાળીઓ પાંદડાં સાથે જ સુકાઈને હજી ય મોટી ડાળી સાથે વળગેલી હતી. તે તથા પક્ષીઓના ત્યજી દેવાયેલા માળાની ઘાસની સળીઓ પણ મળી આવી. ચકમક જેવા પથ્થર ઉપર લોખંડની પટી ઘસીને એમાં અગ્નિ પેટાવી શકાયો. ઝાડની જાડી અને પહોળી ડાળી ઉપર જ તાપણું સળગાવી શકાયું. એમાં ભડકો કરવા માટે પોતાના ગાલ ફુલાવીને પેગેનલ ફૂંકો મારવા લાગ્યો.

આખરે ભડકો થયો. એની ગરમી લાગી શકે તે રીતે સૌ એની આસપાસ ગોઠવાયા. ભીનાં કપડાં કાઢીને તેને તથા શરીરોને ગરમી આપવા લાગ્યા. સૂકા માંસના ટુકડા એના ઉપર શેકી શકાય તેમ હતું. ઓમ્બુવૃક્ષ આમ તો બહુ મોટું અને ઘેઘૂર ઝાડ હતું, પરંતુ ખોરાક માટે ઉપયોગમાં લઈ શકાય તેવાં ફળો એની ઉપર બેસતાં નથી. એટલું આશ્વાસન લઈ શકાય કે એની ઉપરની પાતળી ડાળીઓ ઉપર પક્ષીઓના માળા જોવામાં આવ્યા. કેટલાક માળાઓમાં સેવાયા વિનાનાં તાજાં ઈંડાં પણ હતાં. ભોજન તૈયાર કરવામાં તે પણ ખપ લાગ્યાં. એ બધાંથી પેટમાં કાંઈક નાખ્યાનો સંતોષ લીધો.

ઓમ્બુવૃક્ષના આ આશ્રયસ્થાનમાંથી તત્કાળ તો નીચે ઊતરી શકાય તેવી સ્થિતિ ન હતી. કાદવયુક્ત ગંદા પાણીનો પ્રવાહ ઉત્તરપૂર્વની દિશામાં અવિરતપણે વહી રહ્યો હતો. એ પાણી ઊતરે નહીં ત્યાં સુધી સૌએ રાહ જોવાની હતી. ઉપરવાસમાં જે રીતે વાદળો ફાટ્યાં હતાં, તે રીતે

પાણી સાવ ઊતરી જવામાં ઘણો વિલંબ થવાની શક્યતા હતી. વૃક્ષની મોટી પહોળી ડાળીઓનાં બેલારાં હોય, તેવા સલામત ત્રિકોણ શોધી સૌએ પોતપોતાની રીતે નિદ્રાધીન થવાની તૈયારી કરી. ચોપાસની અગવડભરી અને દોજખ જેવી દુનિયા અદૃશ્ય બની. વિશ્વની કદાચ શ્રેષ્ઠ અને અદ્વિતીય કહી શકાય તેવી શૈયામાં સૌએ પોતાની જાતને નિદ્રાને હવાલે કરી દીધી. ઓમ્બુવૃક્ષ એક અભૂતપૂર્વ અને અદ્વિતીય શયનગૃહ બની ગયું.

પૂર્વમાં આટલાન્ટિકના કાંઠાથી તેઓ હજી ચાલીસ માઈલ દૂર હોવાની પેગેનલે ગણતરી મૂકી. પાણી ઊતરી જાય, ત્યાર બાદ ત્રણ દિવસમાં જ પૂર્વમાં આટલાન્ટિકને કાંઠે નક્કી કરેલા સ્થળે પહોંચી શકશે એવો પેગેનલનો અંદાજ હતો.

વહેલી તકે 'ડંકન' નૌકા ઉપર પહોંચી જવા સૌ આતુર બન્યા હતા, પરંતુ અહીંની વાસ્તવિક સ્થિતિ જોતાં એ તરફની મુસાફરી ક્યારે શરૂ થઈ શકશે તે નક્કી થઈ શકે તેમ ન હતું.

વધુ ગંભીર બાબત એ હતી કે દક્ષિણ અમેરિકા સોંસરવું એમનું આ શોધઅભિયાન નિષ્ફળ નીવડ્યું હતું. દુર્ઘટનાગ્રસ્ત 'બ્રિટાનિયા' જહાજના કૅપ્ટન હેરી ગ્રાન્ટ અને તેના બે સાથીઓને શોધી શકાયા ન હતા. એ લોકો તો ન મળ્યા, પરંતુ તેમને અંગેના કોઈ સગડ પણ સાંપડ્યા ન હતા. સાવ ખાલી હાથે ગ્લેનાર્વન વગેરે 'ડંકન' ભેગા થવાના હતા. કોઈના જ મનમાં ઉત્સાહ ન હતો. સૌના પગ ઢીલા હતા. લેડી હેલીના અને મૅરીને શું જવાબ આપવો તે બાબત ગ્લેનાર્વન અને રૉબર્ટ નક્કી કરી શકતા ન હતા.

સૌના મનમાં હવે તો આ અભિયાનના ઔચિત્ય બાબતે શંકા ઊભી થવા માંડી. શાર્કના પેટમાંથી મળેલા પત્રોમાંના તૂટક શબ્દોના અર્થઘટનમાં ક્યાંક કચાશ રહી ગયાનું લાગતું હતું. પ્રથમ અર્થઘટન ગ્લેનાર્વને કર્યું હતું અને ત્યાર બાદ પૂરી ચોકસાઈથી ભૂગોળવિદ્ પેગેનલે ચકાસણી કરીને એનું સમર્થન કર્યું હતું. તેમ છતાં એને આધારે શરૂ થયેલા અભિયાનમાં નિષ્ફળતા મળી હતી. એની યથાર્થતા બાબત જ દ્વિધા ઊભી થઈ હતી. ભૂલભરેલા અર્થઘટન માટે ગ્લેનાર્વન પોતાની જાતને કોસવા લાગ્યા.

'૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશનો આંકડો કોઈ ઠાલી સંખ્યા ગણી શકાય નહીં. જહાજને નડેલો અકસ્માત અને ત્યાર બાદ કેદી તરીકેની તેમની અવસ્થાના નિર્દેશો પણ સ્પષ્ટ હતા. મેં પોતે એ ત્રણે પત્રો અને તેમાંની વિગતોને પૂરેપૂરી કાળજી અને સભાનતાથી વાંચ્યા હતા.' ગ્લેનાર્વને અફસોસ વ્યક્ત કર્યો.

'ભાંગ્યાતૂટ્યા શબ્દોમાંથી અર્થ તારવવામાં ગમે તેટલી કાળજી લેવાઈ હોય તેમ છતાં એની યોગ્યતાનો અંદાજ શૂન્ય પરિણામ ઉપરથી જ નીકળી શકે તેમ છે.' ટોમ ઓસ્ટિન બોલ્યો.

'જો પેટેગોનિયાના આ પ્રદેશમાં તેઓની ભાળ મળી શકી ન હોય, તો ધરતીના બીજા કયા ભાગ ઉપર તે હોઈ શકે તે આપણે હવે વિચારવાનું છે. આપણી આટલી જહેમત બાદ પણ જો તેઓ અહીં મળ્યા નહીં હોય તો તે નિરાશાજનક જરૂર છે. તેમ છતાં ૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશ ઉપર પૃથ્વીના અન્ય ભાગોમાં તપાસ ચાલુ રાખવા માટેનો એ પડકાર પણ છે. એવો એ પડકાર આપણે ઝીલી લઈને અભિયાન આગળ ધપાવવું છે કે એનો અહીં જ વીંટો વાળી ઘર ભેગા થઈ જવું, તે જ હવે આપણે નક્કી કરવાનું છે.' આ ખોજ અભિયાનની યોગ્યતા અંગે હવે તો ખુદ ગ્લેનાર્વનને શંકા થવા લાગી.

ગ્લેનાર્વન કાંઈક જુદું જ વિચારતા હોય તેવી સૌને પ્રતીતિ થઈ.

'મારી દૃષ્ટિએ એમાં લાંબું વિચારવા જેવું કાંઈ જ નથી. ૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશ-'

શબ્દો કોઈ પણ રીતે અનિશ્ચિત નથી. કૅપ્ટન ગ્રાન્ટને શોધવા માટે અક્ષાંશની એ રેખા ઉપર આપણે નીકળ્યા જ છીએ તો અહીં નહીં તો ક્યાંય નહીં, એવું વિચારીને વાત ઉપર પૂર્ણવિરામ મૂકી દેવાનું યોગ્ય નહીં ગણાય. એ રેખા ઉપર આપણે અભિયાન ચાલુ જ રાખવું જોઈએ. એ પણ એક નવો પડકાર જ છે. પૂરી તાકાતથી આપણે તે ઝીલવો જ જોઈએ.' મેજર નેબ્સ એના મિલિટરી મિજાજ પ્રમાણે બોલ્યો.

'તું શું સૂચવે છે તે સ્પષ્ટ રીતે સમજાયું નહીં.' ગ્લેનાર્વન કાંઈક દ્વિધામાં હોય તે રીતે બોલ્યા.

'સીધી વાત છે. અહીંથી સહીસલામત રીતે 'ડંકન' નૌકા ઉપર પહોંચ્યા પછીની આ વાત છે. ૩૭°૧૧" દક્ષિણની અક્ષાંશ રેખા ઉપર પૂર્વની દિશા તરફ આપણે નૌકાને હંકારવી જોઈએ.' નેબ્સ પોતાની માન્યતામાં પૂરેપૂરો સ્પષ્ટ હતો અને મક્કમ પણ હતો.

'તું ધારે છે એ દિશામાં મેં વિચાર્યું નહીં હોય તેમ તું માને છે? તો સાંભળ, એ બાબતમાં મેં અનેક વાર મારું મગજ કસ્યું છે. પ્રશ્ન એક જ છે, કે કૅપ્ટન ગ્રાન્ટના પત્રોમાં આ પેટાગોનિયાના પ્રદેશનું નામ સ્પષ્ટ રીતે જણાવાયું હોય ત્યારે એને છોડીને અન્ય પ્રદેશમાં તેમને શોધવા નીકળવામાં મને ડહાપણ દેખાતું નથી.' ગ્લેનાર્વન હજી પણ અસમંજસ સ્થિતિમાં હતા.

'પાછળ પ્રશાંત અને આગળ આટલાન્ટિક મહાસાગરો વચ્ચે ૩૭° અક્ષાંશ રેખા ઉપરના તમામ પ્રદેશોમાં આપણે સઘન તપાસ કરી છે, છતાં ખોવાયેલી વ્યક્તિઓના કોઈ સગડ મળ્યા નથી. તો હવે એવી સ્થિતિમાં પણ આ પમ્પા પ્રદેશમાં જ ફરીથી તપાસ કરવાનું તમે સૂચવો છો?'

ગ્લેનાર્વને મેજરના પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે મૌન જ રહેવાનું પસંદ કર્યું. થોડી પળોના વિરામ બાદ મેજરે પોતાની દલીલ આગળ વધારી.

'૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશની આ રેખા કેવળ દક્ષિણ અમેરિકાના આ પ્રદેશમાં જ કાંઈ પૂરી થતી નથી. એ ઉપરાંત પણ આ પૃથ્વીના પટ ઉપર અન્ય પ્રદેશો પણ એ રેખા ઉપર હશે જ. એવાં નવાં સ્થળોમાં તપાસ કરવાને બદલે આ પ્રદેશમાં એક વાર નિષ્ફળતા મળ્યા પછી ફરીને એ જ પ્રદેશમાં ફાંફાં મારવાનું મને તો નિરર્થક લાગે છે. અન્ય પ્રદેશો માટે ભલે ધૂંધળી શક્યતા હોય છતાં એક વારની નિષ્ફળતાનો બોજ આપણા શિરે નથી હોતો. આપણે એ નવી ધરતીને પણ ખૂંદવી જોઈએ એમ હું માનું છું. તમને શું લાગે છે?' વિચારમાં ડૂબેલા ગ્લેનાર્વન તરફ જોઈને નેબ્સે સૂચક પ્રશ્ન કર્યો.

'એ દિશામાં આગળ વધવા મેં ના પાડી નથી.'

'તો મારા આ વિચાર સાથે અહીં બેઠેલા સૌ મિત્રો સંમત છે?' સૌના મોં તરફ જોઈને નેબ્સે પ્રશ્ન પૂછ્યો.

'હા જી. અહીં આ પ્રદેશમાં જ ઘૂંટાયા કરવાને બદલે અન્ય સ્થળોમાં પણ તપાસ કરવાનું ઠીક રહેશે. અમે તમારી સાથે સહમત છીએ.' ટૉમ, મૂલરેડી તથા વિલ્સન વગેરે સૌએ હકારાત્મક પ્રતિભાવ આપ્યા.

'જુઓ મિત્રો, ખોવાયેલા આપણા દેશવાસીઓને શોધવા માટે હું કાંઈ પણ પગલાં ભરવા તૈયાર છું.' વિચાર કરીને જવાબ આપતા હોય તે રીતે ગ્લેનાર્વને આગળ ચલાવ્યું, 'પોતાના એક બહાદુર અને પનોતા પુત્રની શોધ માટે સ્કોટલૅન્ડના આપણા તમામ દેશબાંધવો આપણી સાથે જ છે, એમાં મને કોઈ શંકા નથી. આ બાબતમાં હું પણ તમારી સાથે જ છું. કૅપ્ટન ગ્રાન્ટ અને તેના

સાથીઓને શોધવા માટે ૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશની રેખા ઉપર સારી દુનિયાની સફર કરવાની મારી તૈયારી છે, પણ મારો પ્રશ્ન જુદો છે. ગ્રાન્ટના પત્રમાં જેનો સ્પષ્ટ ઉલ્લેખ છે, તેવા આ પ્રદેશને હવે લખી જ વાળવાનું યોગ્ય રહેશે ખરું?'

'જુઓ, ઍડવર્ડ મહાશય! આ બાબતમાં તમારી નિષ્ઠા અંગે કોઈને જ શંકા નથી. તમારા વિચારો સાથે સંમત થવા પહેલાં હું એ જાણવા ઇચ્છું છું કે દુનિયાના હજી કેટલા પ્રદેશો આ ૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશ ઉપર આવેલા છે?' મેજર એ જાણવા ઉત્સુક હતા.

'એ પ્રશ્નનો જવાબ તો આપણા ભૂગોળશાસ્ત્રી પેગેનલસાહેબ જ આપી શકે.' ગ્લેનાર્વન તરત જ બોલી ઊઠ્યા, 'પણ એ છે ક્યાં? આ ચર્ચા એમના વિના અધૂરી છે.'

પેગેનલ એ સમયે ઓમ્બુવૃક્ષની ટોચની ડાળીઓની આરામખુરશી બનાવી તેમાં બરાબર ગોઠવાયો હતો. પોતાના ઘરની અગાશીમાં બેઠા બેઠા ચારેતરફની જલમગ્ન ધરતીના નિરીક્ષણમાં તે વ્યસ્ત હતો.

એના નામનો પોકાર પડતાં તેણે ઉપરથી જ જવાબ આપવાનું પસંદ કર્યું. સ્વપ્નશૈયા જેવા પોતાના આરામદાયી સ્થાનમાંથી જ તેણે પોતાની જાણકારીને આધારે જવાબ આપ્યો,

'દક્ષિણ અમેરિકાનો પૂર્વ તરફનો કિનારો છોડ્યા બાદ પૂર્વમાં આટલાન્ટિકમાં એ અક્ષાંશ ઉપર પ્રથમ ત્રિસ્તાન-દ-કુન્હાના ટાપુઓ આવે છે. ત્યાર બાદ દક્ષિણ આફ્રિકાના કેપ ઑફ ગુડ હોપની દક્ષિણે એ રેખા ઉપર ઇન્ડિયન મહાસાગરમાં આમ્સ્ટરડામ દ્વીપે સમૂહના સંત પિયરી ટાપુ આવે છે.' તેની પૂર્વમાં ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા પ્રાંતમાં થઈને એ રેખા આગળ વધે છે અને ત્યાંથી આગળ...'

ત્યાંથી આગળ બોલે તે પહેલાં પેગેનલની એ સુખશૈયાની દિશામાં કાંઈક કડાકો થવાનો અવાજ નીચેની ડાળી ઉપર બેઠેલા સૌએ સાંભળ્યો. સાથે એનો અવાજ બંધ થયો, પરંતુ એ તરફથી ઊંહકારા થતા હોય તેવો ચીસનો અવાજ આવ્યો. સૌ ગભરાયા. દુર્ઘટનાઓની ચાલી રહેલી હારમાળામાં કાંઈક નવું ઉમેરાયું હોવાનું સૌને લાગ્યું. વિલ્સન અને મૂલરેડી તરત જ ઉપરની દિશામાં ડાળો ઉપર કૂદકા લગાવતા ચડવા લાગ્યા. પેગેનલ પોતાની પથારીમાંથી સમતુલન ગુમાવતાં નીચે પડી રહ્યો હતો. વચ્ચે આવતી ડાળીઓ સાથે ઝિલાતો તે નીચે ફંગોળાતો હતો. એક ક્ષણના પણ વિલંબ વિના બંનેએ એને સમયસર પકડી લીધો ન હોત તો તે સીધો રેલના પાણીમાં ગરક થઈ ગયો હોત.

'શું થયું? શું થયું?' સૌ ચિંતાતુર બનીને પૂછવા લાગ્યા. સ્વપ્નીલ શૈયામાંથી અધોગતિના નર્ક તરફનો એ ભૂસકો મોતના કૂવા તરફનો જ હતો. સદ્ભાગ્યે એ બચી ગયો. એમાંથી સ્વસ્થતા મેળવતાં થોડો સમય લાગ્યો. એ ખિસિયાણો પડી ગયો. ધીમેધીમે અસલ મિજાજમાં આવ્યો. ધીમેથી બોલ્યો,

'મને લાગે છે કે આપણે જબરી ભૂલ કરી હતી.'

'ભૂલ? શાની ભૂલ?' ગ્લેનાર્વને અકળાઈને પૂછ્યું.

'મારું ચોક્કસ માનવું છે કે કૅપ્ટન ગ્રાન્ટ વગેરે જ્યાં હોવાની શક્યતા જ નથી ત્યાં આપણે તેને શોધી રહ્યા છીએ.'

'એટલે? શું તમારું માનવું એવું છે કે પત્રોના તૂટક શબ્દોનું મેં જે અર્થઘટન કર્યું હતું અને જેનું તમે સમર્થન કર્યું હતું તે ખોટું હતું? હાડમારીથી ભરેલો અત્યાર સુધીનો આપણો વ્યાયામ કોઈ ખોટી જગ્યા માટે હતો?'

‘હા જી, મારા શબ્દોને હવે હું વળગી રહું છું કે એ આખી મહેનત ખોટા સ્થળમાં થઈ છે, કે જ્યાં કૅપ્ટન ગ્રાન્ટ વગેરે હતા જ નહીં.’

‘તો પછી તે હતા ક્યાં? અને તમારા આ યુ-ટર્ન માટે કોઈ કારણ તમારી પાસે છે?’

‘તે અંગે આપણે ચર્ચા કરી શકીશું, પરંતુ પરિણામ મેં જણાવ્યું તે જ નીકળશે.’

પેગેનલના આ વૈચારિક શીર્ષાસનથી આઘાત લાગ્યો હોય તેમ સૌ મોં પહોળાં કરીને એના તરફ જોઈ રહ્યા.

૨૪
પેગેનલનો દિવસ

લગભગ એક માસથી ચાલી રહેલી તકલીફસભર આ મુસાફરી સાવ નિરર્થક પુરવાર થયાનું જે કારણ પેગેનલે આપ્યું હતું, તેનાથી સૌ સાથીઓને આઘાત લાગ્યો. વધુ ખુલાસો સાંભળવા સૌ આતુર હતા. સૌથી વિષમ અસર લૉર્ડ ગ્લેનાર્વન ઉપર હતી. કૅપ્ટન ગ્રાન્ટના ત્રણે પત્રોનું એણે જે અર્થઘટન કર્યું હતું, તેનો પેગેનલની રજૂઆતથી ઉલાળિયો થઈ જતો હતો.

'હા જી! હું વિશ્વાસથી કહું છું કે દક્ષિણ અમેરિકાના આ પેટાગોનિયા અને પમ્પાના પ્રદેશ માટેનું અર્થઘટન સાવ ભૂલભરેલું હતું. કૅપ્ટન ગ્રાન્ટના પત્રમાં આ પમ્પા પ્રદેશનો તો કોઈ ઉલ્લેખ જ નથી. તો પછી ગ્રાન્ટ વગેરે અહીં ક્યાંથી મળે?'

'તો પછી તેઓ અન્ય કયા સ્થળે હોઈ શકે?' ગ્લેનાર્વને સંભ્રમ અવસ્થામાં પ્રશ્નોનો મારો ચલાવ્યો.

'એ પત્રોને સમજવામાં મેં પણ તમારા જેવી જ ભૂલ કરી હતી, પરંતુ ૩૭°.૧૧" દક્ષિણ અક્ષાંશ ઉપર આવેલા અન્ય પ્રદેશો સંબંધી તમે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતાં જ મારા મનમાં ચમકારો થયો.'

'અને તે?'

'પત્રમાંના Austral શબ્દને અત્યાર સુધી આપણે એક સંપૂર્ણ શબ્દ માનતા હતા, પરંતુ હવે સમજાય છે કે તેના પાછળના બે અક્ષરો ભેજને કારણે નષ્ટ થયા હતા. મૂળ શબ્દ AUSTRALIE હતો.'

'એનાથી શું ફરક પડે છે?' ગ્લેનાર્વને પૂછ્યું.

'ફ્રાન્સમાં અમે એ શબ્દ ઑસ્ટ્રેલિયા માટે જ વાપરીએ છીએ.'

'એનો અર્થ શું એ થયો કે જહાજી દુર્ઘટના અમેરિકાને કાંઠે નહીં, પરંતુ ઑસ્ટ્રેલિયાના કાંઠે બની હતી? તમારી એ દલીલ મને ગળે ઊતરતી નથી.' ગ્લેનાર્વન હજી પણ પોતાના મતને વળગી રહેવા માગતા હતા.

'પરંતુ મને ગળા સુધીની ખાતરી થઈ ગઈ છે કે એ ઘટના ઑસ્ટ્રેલિયામાં જ બની હતી.'

'મારી શંકાનો આધાર આ "ઇન્ડિયન" શબ્દ ઉપર છે. ઑસ્ટ્રેલિયા સાથે એ શબ્દ બંધબેસતો આવતો નથી. આદિવાસી ઇન્ડિયનો તો અમેરિકા ખંડમાં જ હોય.'

'ગ્લેનાર્વન મહાશય! તમે આ પ્રકારનો પ્રશ્ન કરશો એવી મારી ધારણા હતી જ.' ગ્લેનાર્વનના પ્રશ્નનો જવાબ આપતાં પેગેનલ બોલ્યો, 'આ મુદ્દા ઉપર તમે મને પરાજિત કરી શકશો નહીં. અત્યાર સુધીમાં કોઈ ફ્રેન્ચમૅને કોઈ અંગ્રેજને આપી નહીં હોય તેવી કરારી હાર આ

મુદ્દે તમારે સ્વીકારી લેવાની છે. માની લેશો કે એજીન કોર્ટના* સ્થળે ફ્રાન્સને તમે અંગ્રેજોએ આપેલા પરાજયનો એક ફ્રેન્ચમૅને બરાબરનો બદલો લીધો છે.'

'આ બાબતમાં તમારાથી પરાસ્ત થવાનું મને ગમશે, પરંતુ તેમ બનવાનું નથી.' ગ્લેનાર્વન પૂરા વિશ્વાસ સાથે બોલ્યા.

'તો સાંભળો મારી વાત!' પૂરા આત્મવિશ્વાસથી પેગેનલે પોતાની માન્યતા માટનાં કારણો દર્શાવ્યાં, 'એ પત્રમાં ક્યાંય ઇન્ડિયન્સ તેમ જ પેટેગોનિયન શબ્દનો ઉલ્લેખ નથી. ઇન્ડી (Indi) નો અધૂરો શબ્દ ઇન્ડિજિનસ એટલે કે ત્યાંના આદિવાસીઓ માટે છે. ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓ માટે જ એક શબ્દ વપરાયો છે.'

'મારી હાર હું જરૂર સ્વીકારીશ, પરંતુ તે પહેલાં એ પત્રમાંના "ગોની" શબ્દ પેટાગોનિયા માટે નથી એવું તમારે પુરવાર કરવાનું રહેશે.'

'તમારી શંકા અંગે ચોક્કસપણે કહી શકાય કે આ "ગોનિ" શબ્દમાં એની આગળ અને પાછળ ઘણા શબ્દો ઉમેરીને પણ "પેટાગોનિયા" શબ્દ બનાવવાનું કે સમજવાનું મને વધારે પડતું લાગે છે. "ગોનિ" શબ્દને જોડીને કોસ્મોગનિ, થેગોનિ કે એગનિ જેવા શબ્દો પણ બનાવી શકાય છે, પરંતુ એમાંથી આગળપાછળ એમ બંને છેડે અક્ષરો જોડીને તેને "પેટાગોનિયા" શબ્દ તો નહીં જ બનાવી શકાય. ખરેખર તો એ પત્રો સંબંધી તમારું મંતવ્ય સાંભળ્યા પહેલાં મેં તે વાંચ્યા હોત તો મારા મનમાં કુદરતી રીતે જ એ "ઑસ્ટ્રાલ" શબ્દ માટે વધુ સારો શબ્દ "ઑસ્ટેલિયા" જ આવ્યો હોત, પરંતુ એક વાર તમારી રીતના અર્થઘટનની છાપ મારા મન ઉપર પડી ગઈ એટલે બીજો વિચાર આવ્યો જ ન હતો. કહી શકું કે તમારા અર્થઘટનથી હું ગેરમાર્ગે દોરવાઈ ગયો હતો. પરિણામ આપણી સામે જ છે. લગભગ એક માસ જેટલો આપણો સમય વ્યર્થ ગયો ન હોત, તેમ જ આ માર્ગમાં પડેલી હાડમારી આપણે ભોગવવી પડી ન હોત.'

પેગેનલ માટે વધુ ખુલાસો આપવાની જરૂર જ ન રહી, સૌએ એ અર્થ સ્વીકારી લીધો. છતાં ગ્લેનાર્વને વધુ સ્પષ્ટતા માગી.

'પત્રમાંના ઑસ્ટ્રાલ શબ્દમાં બે જ અક્ષરો ઉમેરવાથી ઑસ્ટ્રાલિ કે ઑસ્ટ્રેલિયા શબ્દ વધુ સાહજિત રીતે બની જાય છે. પેટેગોનિયા કરતાં તે વધુ યોગ્ય લાગે છે છતાં એક શંકાનો ખુલાસો જરૂરી છે. એને માટે આઇલૅન્ડ એટલે કે "ટાપુ" શબ્દપ્રયોગ થયો છે. તેને ઑસ્ટ્રેલિયા ખંડ સાથે કેવી રીતે જોડી શકાય?' પેગેનલ તરફથી ખુલાસો મેળવવા માટે ગ્લેનાર્વન એના મોં તરફ જોઈ રહ્યા.

'એ બાબતમાં મારી સમજ એવી છે કે ઑસ્ટ્રેલિયાની ધરતીને માટે "ખંડ" શબ્દ તો પાછળથી વપરાયો છે. શરૂના જહાજીઓ એને માટે ટાપુ શબ્દ જ વાપરતા હતા. એ પ્રદેશનું અતિ વ્યાપ્ત કદ અને વિશિષ્ટતાઓને કારણે મોટા ભાગના ભૂગોળશાસ્ત્રીઓએ પાછળથી એને પણ યુરોપ, અમેરિકા કે એશિયાના ભૂભાગોના સમકક્ષ ખંડ તરીકે જ સ્વીકાર્યો છે. કૅપ્ટન ગ્રાન્ટ જેવા જહાજીએ એ પ્રદેશ માટે અથવા એના કાંઠાના કોઈક ટાપુ માટે એ શબ્દ વાપર્યો હોય એ બનવા જોગ છે.'

'બસ હવે વધુ ખુલાસાની જરૂર નથી.' ગ્લેનાર્વને પોતાનો હાથ ઊંચો કરીને પોતાની હાર સ્વીકારી લીધી. વધુમાં પોતાના સાથીઓને ઉદ્દેશીને બોલ્યા,

'સાથીઓ! તમે સૌએ પણ પેગેનલ મહાશયની દલીલો સાંભળી છે. એની રજૂઆત સંબંધમાં મારા મનમાં હવે કોઈ શંકા રહી નથી. તો પછી આપણા દેશવાસી કૅપ્ટન ગ્રાન્ટની

શોધમાં આપણે હવે ઑસ્ટ્રેલિયા જ જવાનું રહેશે. તમે સૌ એ માટે તૈયાર છો?'

'હા જી, અત્યારના આપણા અભિયાનમાં મળેલી નિષ્ફળતાથી અમને પણ લાગે છે કે પેગેનલ મહાશયનો તર્ક સાચો છે. આગળ ઑસ્ટ્રેલિયામાં શોધ ચાલુ રાખવામાં અમે તમારી સાથે જ છીએ. ઈશ્વર આપણા સૌની સાથે છે.' સૌએ સૂરમાં સૂર પુરાવ્યો.

ભૂગોળવિદ્‌ની હાજરી અને એના જ્ઞાન તથા સમજને બિરદાવતાં આનંદ સાથે ગ્લેનાર્વન બોલ્યા,

'પેગેનલ મહાશય! મને જણાવતાં આનંદ થાય છે કે ભલે તમે આકસ્મિક રીતે જ અમારી સાથે જોડાયા છો, પરંતુ અમારી નૌકા ઉપરની તમારી ઉપસ્થિતિ અમારે માટે મોટી રાહત સમાન છે. તમારી અહીંની હાજરીને હું ઈશ્વરની કૃપા જ ગણું છું.'

'આભાર તમારો, લૉર્ડ ગ્લેનાર્વન.' ગ્લેનાર્વનની ખેલદિલીથી ગદ્‌ગદિત બનેલા પેગેનલે આ પ્રકરણ ઉપર વધુ ચર્ચા અટકાવવાના હેતુથી જણાવ્યું, 'તમારે આ બાબતમાં મારે માટે જે માનવું હોય તે માની શકો છો. આ ચર્ચા અહીં સમાપ્ત કરી આગળ માટેના આયોજનની તૈયારી આપણે શરૂ કરવી જોઈએ.'

આકસ્મિક રીતે જ શરૂ થયેલી આ ચર્ચામાંથી જે નવું રહસ્ય બહાર આવ્યું તેનાથી સૌ આનંદમાં આવી ગયા. દક્ષિણ અમેરિકા ખંડ સોંસરવી એમની એ ખોજયાત્રા થકવનારી અને ત્રાસદાયી રહી હતી. તેમાં સંપૂર્ણ નિષ્ફળતા મળતાં સૌ હતાશ થઈ ગયા હતા. 'ડકન' નૌકામાં રાહ જોઈને બેઠેલાં સ્વજનોને શું જવાબ આપવો તેની સૌને વિમાસણ હતી, પરંતુ પેગેનલના નવ અર્થઘટનને કારણે એમના શોધ અભિયાન માટે નવી જ દિશા ખૂલી હતી. હવે પછીનું ગંતવ્ય સ્થાન ઑસ્ટ્રેલિયન મહાદ્વીપ તરફનું બની ગયું.

નવી આશા સાથે હવે નવી દિશામાં આગળ વધતા સૌ અધીરા બની ગયા, પરંતુ એમની સામેની વાસ્તવિકતા સાવ વિપરીત હતી. ઓમ્બુવૃક્ષ ઉપરથી નીચે ઊતરવાનું જ જ્યારે શક્ય નહીં હોય, ત્યાં 'ડંકન' નૌકા ઉપર એમની રાહ જોઈ રહેલાં લેડી હેલીના અને મૅરી સાથના મિલનનો તો પ્રશ્ન જ રહેતો ન હતો. જળરેલની સપાટી ચડતી હતી ત્યારે તેની સપાટીની ચઢ-ઊતરનો અંદાજ મેળવવા માટે ગ્લેનાર્વને વૃક્ષના મુખ્ય થડ ઉપર છરીથી સરખા અંતરે નિશાનીઓ કરી હતી. છેલ્લે કરેલી નિશાનીથી પાણી ઉપર ચડતાં અટકી ગયાં જણાયાં, છતાં તે નીચે પણ ગયાં ન હતાં. સૌને ધરપત થઈ કે વહેલામોડા એ નીચે ઊતરવાની શરૂઆત થશે જ. દક્ષિણમાંથી આવી રહેલો જળપ્રવાહ હજી પણ એટલો જ જોરદાર હતો. એમાં નીચે ઊતરવામાં ઘસડાઈ જવાનું જોખમ ઊભું જ હતું.

બપોરના ચાર વાગ્યાની એ સ્થિતિ હતી. રાત્રિ એમણે અહીં ઓમ્બુવૃક્ષની ડાળી ઉપર જ વિતાવવાની હતી. અંધારું થાય તે પહેલા સાંજના ભોજનની વિધિ પણ અગાઉની જેમ જ પતાવવાની જરૂર હતી, પરંતુ એ માટેની વસ્તુઓ નહીંવત્‌ હતી. એવી સ્થિતિમાં પેગેનલ હુકમ કરતો હોય તેવી અદાથી નાના રૉબર્ટ તરફ જોઈને બોલ્યો,

'નજીકના જંગલમાં જા. ત્યાં જે કાંઈ પશુપક્ષી મળે તેનો શિકાર કરી લાવ.'

મેજર નેબ્સે એમાં પોતાના તરફથી સૂચના ઉમેરી,

'બહુ દૂર જઈશ નહીં. જંગલના હિંસક પ્રાણીઓથી સાવધ રહેજે અને ઝડપથી પરત મુકામ ઉપર આવી જવાનું છે, તે ભૂલીશ નહીં.'

વર્તમાનની વિષમ પરિસ્થિતિમાં ઓમ્બુવૃક્ષ ઉપરથી નીચે ઊતરવાનું જ જ્યાં અશક્ય

હતું, ત્યાં જંગલમાં જઈને શિકાર કરી લાવવાની વાત ગાંડા માણસના અર્થહિન પ્રલાપ જેવી હતી. થોડી ક્ષણો પહેલાં જ ભૂગોળશાસ્ત્રના એક વિદ્વાન તરીકે સૌને રાહ બતાવનાર પેગેનલના એ પ્રકારના આદેશથી સૌને આશ્ચર્ય થયું.

જોકે મેજર નેબ્સના વ્યંગ પછી રૉબર્ટને તથા સૌને ખ્યાલ આવી ગયો કે પેગેનલ શું કરાવવા માગતો હતો. રૉબર્ટે પણ પેગેનલના સૂચનને હળવાશથી જ લીધું. વર્તમાન સ્થિતિના સંદર્ભમાં જ એનું અર્થઘટન કર્યું. એ માટે નીચે ઊતરવાનો તો સવાલ જ ન હતો અને આજુબાજુમાં ક્યાંય જંગલ કે ઝાડી હતાં નહીં. છતાં ઘટાદાર ઓમ્બુવૃક્ષમાં એ માટેની બધી જ ક્ષમતા હતી. નીચે જવાને બદલે એણે ઉપરની દિશામાં વાંદરાછાપ કૂદકા લગાવ્યા. પેગેનલને પણ રૉબર્ટ જેવા જ થવાનું શૂરાતન ઊપડ્યું. પળવારમાં બંને જણા ઉપરની ગાઢી ઘટામાં અદૃશ્ય બની ગયા.

વૃક્ષ ઉપર આશ્રય લઈ રહેલાં અસહાય પક્ષીઓ એમને માટે આસાન શિકાર હતો. સરળતાથી હાથમાં આવ્યાં તેટલાંને લઈને નીચે આવી ગયા. પેગેનલ તરત જ કામે વળગ્યો. ડાળીઓ ગમે તેટલી મોટી અને પહોળી હોય, તો પણ એના ઉપર અગ્નિ પેટાવીને ખાવાલાયક ખોરાક પકાવવાનું મુશ્કેલ જ હોવાનું, તેમ છતાં સૌના સહકારથી ભોજન તૈયાર થઈ ગયું અને અહીંના અજોડ ભોજનકક્ષમાં બ્રિટિશ સામ્રાજ્યના માનવંતા ઉમરાવ લૉર્ડ ગ્લેનાર્વને તેના સાથીઓના સથવારામાં શાહી ભોજનનો આસ્વાદ માણ્યો.

આજનો દિવસ પેગેનલનો હતો. નિષ્ફળ બની ગયેલા મનાતા એમના શોધઅભિયાનને એણે નવી દિશા આપી હતી, અને તે દ્વારા સૌને પ્રોત્સાહિત કર્યા હતા. ભોજનમાં કાંઈક વિવિધતા લાવી શકાય તે માટે ઓમ્બુવૃક્ષના વિશાળ વનમાં શિકાર કરવા રૉબર્ટને મોકલવાનું સૂચન એનું જ હતું અને છેલ્લે સૌને યાદગાર રહી જાય તેવા ભોજનકક્ષમાંનું સહભોજન પણ એની જહેમતને જ આભારી હતું. એની વાહવાહ થઈ ગઈ.

દરમિયાન રાતનાં અંધારાં ઊતર્યાં. શહેરી ઝાકઝમાળથી દૂર અને અલિપ્ત એવા આ અંધારવનમાં ઉપર કાળું આભ અને નીચે અવિરતપણે ધસી રહેલાં પાણી સાથેનો આખો માહોલ ભયંકર લાગતો હતો. એવા વાતાવરણમાં ઠંડા પહોરનાં ગપ્પાં મારવા સિવાય કોઈએ બીજું કાંઈ જ કરવાનું ન હતું. પેગેનલે જ વાતની શરૂઆત કરી,

'રૉબર્ટ બેટા! જંગલમાં જઈને શિકાર કરી લાવવા મેં તને જ્યારે કહ્યું ત્યારે મારું મગજ ઑસ્ટ્રેલિયાની દિશામાં માત્ર દોડતું જ ન હતું, પરંતુ ઊડતું હતું. અહીંની વાસ્તવિકતા મગજમાંથી નીકળી જ ગઈ હતી, પરંતુ તેં જે રીતે એનો અમલ કર્યો અને આ વૃક્ષનાં ઘટાદાર જંગલમાંથી શિકાર પકડી લાવ્યો, તેણે આપણું ભોજન સુધારી દીધું છે.'

'એ સાચું છે, પરંતુ એવા એ જંગલમાં એણે હિંસક પશુઓનો સામનો કરવો પડ્યો હતો કે કેમ?' નેબ્સે વાત આગળ ચલાવી.

'ના જી, એવું કોઈ પ્રાણી મારી સામે આવ્યું ન હતું.' રૉબર્ટે ભોળાભાવે જવાબ આપ્યો.

'મને ડર લાગતો હતો કે કોઈ ભયાનક પ્રાણી સામે આવી મળ્યું હોત તો શું થાત?' ગ્લેનાર્વને વાતને આગળ ચગાવી.

'ના ભાઈ ના. આવી સ્થિતિમાં કોઈ પણ જીવ જ્યારે પોતાના અસ્તિત્વની લડાઈ લડતો હોય ત્યારે માણસ સિવાયના તમામ જીવો પોતાની હિંસકવૃત્તિ વિનાનાં બની જતાં હોય છે.' પેગેનલે વૈજ્ઞાનિક ગણતરીથી જવાબ આપ્યો.

‘એ હશે, પરંતુ મને તો આ દુનિયામાં એવાં પ્રાણીઓનું અસ્તિત્વ જ બિનજરૂરી લાગે છે.’ વાતને આગળ વધારવા મેજરે પેગેનલની ઉશ્કેરણી કરી.

‘અરે હોય કાંઈ! એવાં પ્રાણીઓ વિનાની દુનિયા અધૂરી અધૂરી જ લાગવાની. તમે ભલે એવા પ્રાણીઓના અસ્તિત્વને બિનજરૂરી માનતા હોય, છતાં તેની એક પ્રકારની ઉપયોગિતા તો છે જ.’

‘અને તે?’

‘અમારા જેવા વિજ્ઞાનીઓને માટે સંશોધનનો કેટલો મોટો પ્રોજેક્ટ એને કારણે બની જતો હશે! એવાં પ્રાણીઓની ગતિવિધિઓ તથા તેની જાતિ, પ્રજાતિ તથા સ્વભાવગત વિશિષ્ટતા વગેરે પણ ઊંડા અભ્યાસનો વિષય બની શકે છે.’ પેગેનલે જણાવ્યું.

‘ઠીક છે મારા ભાઈ! એવી ફાલતુ બાબતોને કોઈ ઉપયોગિતા કહી શકાય નહીં. પાંચ-પચીસ વિજ્ઞાનીઓને કામ મળી શકે, તેટલા ખાતર આખી માનવજાતિ માટે ભય ઊભો કરવામાં ડહાપણ દેખાતું નથી. એ માટે હું તો આપણા ધર્મગ્રંથ બાઇબલમાં જણાવેલ નોઆહ અને તેના જહાજનો જ દોષ જોઉં છું. મહાપ્રલયની એ ઘટનામાંથી આ પ્રાણીઓને બચાવી લેવાની શી જરૂર હતી? ઈશ્વરી વાણી પ્રમાણે નષ્ટ પામનારા સમગ્ર જીવજગતને તેણે સાચવવાનાં હતાં. એ સાચું હશે, પરંતુ આવાં થોડાં પ્રાણીઓને જહાજમાં નહીં લીધાં હોત તો કોને ખબર પડવાની હતી? હું જો તે સમયે નોઆહનો સાથીદાર હોત તો માનવજાતના હિતમાં એટલું કામ મેં જરૂરથી કર્યું હોત.’ મેજરે વ્યંગ કર્યો. છતાં પેગેનલ એની જ ધૂનમાં હતો. મેજરની વાત સાંભળી તે બોલ્યો,

‘મને તો અફસોસ થાય છે કે પ્રાગૈતિહાસિક કાળના ડાયનાસોર જેવા મહાકાય જીવોને બચાવી શકાયા ન હતા. આજે એની હાજરી હોત તો આ દુનિયા કેવી ભરી ભરી લાગતી હોત.’

‘હિંસક પ્રાણીઓ જેવાં ભયંકર અને બિનઉપયોગી પ્રાણીઓને પણ બચાવી લેવા માટે આજે ભલે આપણે બાઇબલવાળા નોઆહનો વાંક કાઢીશું, પરંતુ આપણી ઉપરના આવા આકાશી જંગલમાં એની હાજરી હોવાની શક્યતા જ નથી. એટલે! આપણે ડરવાની જરૂર નથી.’ ગ્લેનાર્વને વાતને નવો વળાંક આપ્યો.

‘ગ્લેનાર્વન મહાશય! તમે ભૂલો છો વૃક્ષો ઉપર આસાનીથી ચડી શકતાં પ્રાણીઓ પણ સર્જનહારે બનાવેલાં છે. દીપડો, ચિત્તો, રીંછ કે અમેરિકન ટાઇગર જેવાં અનેક પ્રાણીઓ સહેલાઈથી વૃક્ષો ઉપર ચડી શકે છે અને તેની ડાળીઓ ઉપર નિર્ભયપણે આરામ પણ કરી શકે છે. મારા ખ્યાલ પ્રમાણે આ પ્રાણીઓ જો કોઈ માણસનું લોહી ચાખી જાય ત્યારે જ વિશેષ ભયંકર હોય છે. અન્યથા નહીં. જોકે આ પ્રાણીઓ અહીંના ઇન્ડિયનોને વિશેષ સ્વાદિષ્ટ માને છે. એમના પછી નીગ્રો લોકોનું લોહી પણ એમને વિશેષ ભાવે છે. ત્યાર બાદ અન્ય જાતિના લોકો માટે પણ ખાસ વાંધો હોતો નથી, પરંતુ આપણા જેવી ગોરી પ્રજા તો એમના મેન્યુની યાદીમાં છેલ્લા નંબરે જ આવે છે. એટલે આપણે એમનાથી બહુ ભય પામવાની જરૂર નથી. અગ્રીમ યાદીમાંનું કોઈ મળે નહીં અને બે-ચાર દિવસના ઉપવાસ થઈ જાય તો જ સુખેદુઃખે આપણાથી પેટપૂજા કરી લે છે.’ પેગેનલે એ હિંસક પ્રાણીઓ માટેની વાનગીઓની પસંદગીની યાદી વાંચી.

‘મને આનંદ છે કે એ પ્રાણીઓની યાદીમાં આપણે અસ્વીકાર્યની કક્ષામાં આવીએ છીએ.’ પેગેનલની હળવાશભરી વાતોનો મેજર નેબ્સે રમૂજી ટૂચકો કર્યો.

‘એમ છે ત્યારે! આપણે સૌ સ્વાદ વિનાના કોળા જેવા છીએ એવો આક્ષેપ તમે સ્વીકારો છો એમ ને?’ ગ્લેનાર્વન પણ હળવા મૂડ સાથે ચર્ચામાં હતા.

‘મને એવા કોળા જેવા બેસ્વાદ હોવાનો આનંદ છે.’

‘એ કેવું વિચિત્ર કહેવાય! આ ગોરી પ્રજા સકળ માનવજાતિમાં પોતાને શ્રેષ્ઠ ગણાવતી આવી છે. આમ છતાં ચિત્તા જેવાં આ પ્રાણીઓએ પણ એનો દંભ ખુલ્લો પાડી દીધો છે. તેઓ પણ એને અછૂત ગણે છે.’

‘એવાં પ્રાણીઓને આપણે માટે જે માનવું હોય તે ભલે માને, આપણે એ માટે ચિંતા કરવાની જરૂર નથી. એવાં પ્રાણીઓ વિનાની હાલની આપણી આ દુનિયા ખરેખર સારી લાગે છે. અહીં એક જ વાતનું દુઃખ છે, ઝાડની ડાળીઓ ઉપરનો આપણો આ નિવાસ મને ખરેખર કઠે છે.’ ગ્લેનાર્વને જણાવ્યું.

‘તમને ભલે અહીંની સ્થિતિમાં તકલીફ હોય, પરંતુ હું તો માનું છું કે આના કરતાં વધુ સારી સ્થિતિની આવા વિષમ સમયમાં તો હું કલ્પના પણ કરી શકતો નથી. અત્યારે આપણને કોઈ જ બંધન નથી અને ખરેખર તો વૃક્ષ ઉપરનો આપણો આ વસવાટ આપણા આદિપુરુષ તરફથી મળેલો વારસો જ છે ને?’

પેગેનલની વાત ઉપરથી એવું લાગ્યું કે હાલની સ્થિતિમાં પણ તેને કોઈ તકલીફ ન હતી.

‘આપણા આ ઓમ્બુવૃક્ષ ઉપરથી લાંબી ઉડાન લગાવીને પાછાં આવી જતાં પક્ષીઓની મને અદેખાઈ થાય છે. આપણને પણ એવી પાંખો હોત તો રેલનાં પાણીથી ઊભરાતાં આ પ્રદેશનાં ચક્કર લગાવ્યા જ કરત.’ મેજર બોલ્યો.

‘ભલે આજે માણસ પાસે પાંખ નથી અને તે કારણે આપણે ઊડી શકતા નથી, પરંતુ હું માનું છું કે માણસ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી એક દિવસ તે જરૂરથી એવી પાંખો બનાવી શકશે અને પક્ષીઓ કરતાં પણ વધુ સારી રીતે આકાશમાં વિહાર કરી શકશે.’ પેગેનલે હવે વિજ્ઞાનની પાંખે કલ્પના વિહાર કરવાની શરૂઆત કરી.

‘પેગેનલ! તમારો વિચાર સુંદર છે. તમારી એ ભવિષ્યવાણી એક દિવસ વાસ્તવિક બને તેવી શુભેચ્છા પાઠવું છું, પરંતુ હમણાં તો આ તોતિંગ વૃક્ષની વાંકીચૂંકી ડાળીઓ ઉપરના કઢંગા આશ્રયસ્થાનમાં કેવળ અસ્તિત્વ ટકાવી રાખવા માટે જ રહેવાનું છે. એવી સ્થિતિમાં પાંખો વડે ઊડવાની વાત મનોરંજન તરીકે સારી લાગે, પરંતુ તેથી મુશ્કેલીમાં રાહત મળી શકે નહીં.’ કોઈ પણ સુવિધા વિનાની અને એકમાત્ર જીવતા રહેવાના હેતુ માટેનાં હવાતિયાં મારતી વર્તમાનની જિંદગી પ્રત્યે ગ્લેનાર્વને અફસોસ જાહેર કર્યો.

‘ગ્લેનાર્વન મહાશય, એકમાત્ર એ જ હેતુથી આપણે વખાના માર્યા અહીં રહ્યા છીએ. આપણે અહીં આવ્યા તે સમયે જીવતા રહેવાના ઉપાય તરીકે આપણી પાસે અન્ય વિકલ્પ પણ ક્યાં હતો?’ ગ્લેનાર્વન અને સૌને આશ્વાસન આપતો હોય તે રીતે પેગનલ બોલ્યો, ‘એમાં કાંઈ સારું હોય તો તેને આપણું સદ્‌નસીબ ગણવાનું અને પ્રતિકૂળ હોય તેને નભાવી લેવામાં જ માનસિક રીતે સ્વસ્થ રહી શકાશે. અહીંની આવી સ્થિતિમાં માલ્કમ કેસલના તમારા નિવાસસ્થાનની સુવિધાને યાદ કરવાનો કોઈ અર્થ નથી.’

ગ્લેનાર્વન એનો જવાબ આપવા કાંઈક કહેવા જતા હતા ત્યાં પેગેનલે તેમને બોલતા અટકાવ્યા અને રૉબર્ટ તરફ જોઈને બોલ્યો,

‘મારું માનવું છે કે રૉબર્ટ અત્યારે સૌથી વધુ સુખી છે.’

‘સાચી વાત છે. એની ઉંમર જ એવી છે કે જ્યારે વ્યક્તિને બધું જ સારું લાગે.’ ગ્લેનાર્વને જવાબ તો આપ્યો, પરંતુ જીવનમાં બધે જ સગવડ શોધવાની એની વૃત્તિ સંબંધમાં પેગેનલનો ઉપાલંભ પણ એણે સાંભળવો પડ્યો.

‘અરે! મારી ઉંમર પણ એવી જ છે. સગવડો જ્યાં અલ્પ હોય અને આપણી અપેક્ષા નહીંવત્ હોય, સાથે જે મળ્યું તેમાં સંતોષ પામવાની વૃત્તિ હોય ત્યારે એવા માણસ માટે કોઈ પણ સ્થળે અને કોઈ પણ સ્થિતિમાં સુખનો સાગર છલકાતો જ રહે છે?’

બંને વક્તાઓ સામે હાથ ઊંચો કરી, તેમને બોલતા અટકાવી મેજર નેબ્સે ચુકાદો આપ્યો,

‘આપણા આ પેગેનલ મહાશય ગજબના માણસ છે. સમૃદ્ધિ અને સગવડોના અતિરેકનો એઓ વિરોધ કરે છે અને સુખની પ્રાપ્તિમાં તેને અવરોધક માને છે.’

‘છેક એવું તો નથી, મેજરસાહેબ, પરંતુ એમાં તથ્ય ઘણું છે. તમને વાંધો ન હોય તો એરેબિયન નાઇટ્સની એક બોધકથા સંભળાવવાનું મને ગમશે.’

‘થઈ જવા દો એ કથા પણ. આપણે અહીં બીજું કરવાનું પણ શું છે?’

‘તો સાંભળો. ખલિફા હારુન-અલ-રશીદનો બેટો એના બાપની સમૃદ્ધિમાં આળોટતો હતો. છતાં મનથી દુઃખી અને અસંતુષ્ટ રહેતો હતો. પોતાના દુઃખને ટાળવાના ઉપાયની શોધમાં તે એક વયોવૃદ્ધ સંતને મળ્યો. તેણે જવાબ આપ્યો.

‘આ દુનિયામાં સુખ માટેની શોધ આસાનાથી નથી. આમ છતાં એ માટેની તારી ઝંખના હું સમજું છું. સુખી થવા માટેનો એક ઉપાય હું જાણું છું. એ માટે મારી સૂચના પ્રમાણે કરવાથી તું ચોક્કસ સુખી થઈ શકીશ. તું કોઈ સુખી માણસને શોધી કાઢ અને તેની પાસેથી તેનું પહેરવાનું અંગરખું માગી લે અને તે પહેરવાનું શરૂ કર. મને ખાતરી છે કે એનાથી ચોક્કસ તને સુખ મળશે.’

સંતે બતાવેલો આ ઉપાય શાહજાદાને સાવ સહેલો લાગ્યો. કોઈ સુખી માણસને શોધીને તેનું અંગરખું મેળવવા તેણે પોતાના ઘોડાને મારી મૂક્યો.

સુખી માણસના અંગરખાંની શોધમાં અનેક દેશનાં પાટનગરોના રાજમહેલોમાં તે ફરી વળ્યો. ત્યાંના રાજાઓ, તેમના પુત્રો, કારભારીઓ તથા ધનવાનોને વાત કરી, પરંતુ તેમાંનું કોઈ પણ પોતે સુખી હોવાનું કહી શક્યા નહીં. દરેક પોતપોતાના પ્રશ્નો અને ઉપાધિઓથી ઘેરાયેલા હોવાનું તેમણે જણાવ્યું. ત્યાર બાદ સમાજના મધ્યમવર્ગના જુદી જુદી કક્ષાના માણસોને મળ્યો, પરંતુ બધેથી જ નિરાશા સાંપડી. હતાશ થઈને એ પાછો વળ્યો. રસ્તાની બાજુની ઝાડીમાંથી આવતું મધુરું ગીત તેના કાને પડ્યું. એણે જોયું કે કોઈ ખેડૂત ખુલ્લા શરીરે એ ગીત ગાતો કોઈ ખેતરમાં કામ કરી રહ્યો હતો. એને ગીત ગાતો સાંભળીને શાહજાદાને થયું કે આ માણસ સુખી લાગે છે. એની નજીક જઈને પૂછ્યું,

‘ભાઈ! તું સુખી તો છે ને?’

અવાજ સાંભળીને પેલાએ પોતાનું કામ અટકાવ્યું. કપાળેથી પરસેવો લૂછ્યો અને સસ્મિત વદને જવાબ આપ્યો,

‘શા માટે નહીં. મને કોઈ તકલીફ નથી. આપ જોઈ શકો છો કે હું સુખી જ છું.’

‘તું શું કાંઈ મેળવવા ઇચ્છે છે?’ શાહજાદાએ પૂછ્યું.

‘ના જી. હું તો બસ મારું કામ કરું છું. એ માટે આપવાવાળો તો ઉપર બેઠો છે અને તે આપવાનો જ છે.’

‘તો સુખીભાઈ, મારું એક કામ તમે કરી શકશો?’

‘જરૂર જરૂર તમારું કામ હું પ્રેમથી કરીશ.’

‘મારા આ રાજપાટના બદલામાં તું તારું સુખ મને આપી શકીશ?’

‘આપવામાં વાંધો નથી, પરંતુ એ કઈ રીતે બની શકે?’

‘સીધી વાત છે. તારું અંગરખું મને આપે તો તે પહેરીને હું સુખી થઈ શકીશ, એમ સંતે મને જણાવ્યું છે.’

શાહજાદાની વાત સાંભળીને આ સુખી માણસનું મોં પડી ગયું. હાથ જોડીને બોલ્યો,

‘મને માફ કરો ભાઈ, મારું અંગરખું હોત તો તમને ચોક્કસ આપત, પરંતુ હું દિલગીર છું કે મારી પાસે તો એક પણ અંગરખું નથી.’

---

* **એજીનકોર્ટનું યુદ્ધ:** ઉત્તર ફ્રાન્સના એજીનકોર્ટ નામના સ્થળે ઈ.સ. ૧૪૧૫માં ઇંગ્લૅન્ડના રાજા હેનરી પાંચમાની સેનાએ સો વર્ષથી ચાલી આવેલા વિગ્રહ દરમિયાન ફ્રાન્સની વિશાળ સેનાને કરારી હાર આપી હતી.

૨૫

જ્વાળા અને જળરેલની ભીંસમાં

ક્યાંય સુધી સાથીઓ વચ્ચે સટરપટર વાતો થતી રહી. સૌ પોતપોતાના માળામાં જંપી જાય તે પહેલાં ગ્લેનાર્વને ચોમેર ઘૂઘવતાં પાણીની સ્થિતિ જાણવાનો વિચાર કર્યો. પેગેનલને સાથે લીધો. સાવધાનીથી ઉપરની ડાળીઓ ચડવા લાગ્યા. રૉબર્ટ પણ એમની પાછળ ગયો. ઓમ્બુવૃક્ષની ઘટાદાર ઝાડીમાં ઊંચે ચઢતાં છેક ટોચ ઉપર પહોંચ્યા. ત્યાંથી બંને ડોકું બહાર કાઢીને ચારે બાજુ નજર ફેરવી. રાતના નવેક વાગ્યાનો સમય થયો હશે. સૂરજ પૂરેપૂરો પશ્ચિમમાં ક્ષિતિજ નીચે ઊતરી ગયો હતો. એની સાથે જ અહીં નીચે અંધારું ઊતરી આવ્યું.

માથા ઉપરનું આકાશ ખુલ્લું હતું. ઉપર તારાઓ ટમટમી રહ્યા હતા, પરંતુ દૂર પૂર્વની ક્ષિતિજે વીજળીના ઝબકારા થતા જોવામાં આવ્યા. એના ઝાંખા પ્રકાશમાં કાળાં વાદળો ઝડપથી ઉપર આકાશમાં ચડી રહ્યાં હોવાનો સ્પષ્ટ સંકેત મળતો હતો. ઓમ્બુવૃક્ષની ફરતેના વિસ્તારોમાં પવન સાવ પડી ગયો હતો. નીચેના પાણીમાં પવનને કારણે ઉત્પન્ન થતી નાની લહેરો પણ શાંત હતી. ક્ષિતિજ ઉપરનાં વાદળો પૂરા આકાશને ઘેરાવો લેતાં હોય તે રીતે વિસ્તરતાં જતાં હતાં.

'પવનનું ભારે તોફાન ઊભરી રહ્યું હોવાનો આ સંકેત છે.' પેગેનલે પોતાની જાણકારીને આધારે આગાહી કરી.

'મને પણ એમ જ લાગે છે. આપણે ધારીએ છીએ તેના કરતાં વધુ જોર સાથે ત્રાટકે તેમ લાગે છે. મને પવનનો ભય નથી, પરંતુ એની સાથે આવનારા વરસાદની બીક વધુ સતાવે છે.'

પૂર્વ દિશામાંથી ઝડપથી ધસી આવતા આ નવા ભયથી ક્ષુબ્ધ બન્યા હોય તે રીતે ધ્રૂજતા અવાજે ગ્લેનાર્વન બોલ્યા.

'કુદરતનાં પરિબળો સામે આપણે લાચાર થીએ. એને સહન કર્યે જ છૂટકો.' નિરપેક્ષભાવે પેગેનલે જવાબ આપ્યો.

'તમારી આ ફિલસૂફી તમને પલળવાથી બચાવી શકશે નહીં.'

'તે ભલેને હોય. એવી વિષમ સ્થિતિમાં પણ હૂંફ દેવાની ક્ષમતા એવા આશ્વાસનમાં હોય છે. તમે તે જાણો જ છો.'

'ઠીક છે, પડશે તેવા દેવાશે'. ગ્લેનાર્વને પણ એ જ ભાવ સાથે મનને આશ્વાસન આપ્યું, 'હવે આપણે વહેલીતકે નીચે જઈને સાથીઓને ચેતવવા પડશે.'

નીચે ઊતરતાં પહેલાં બંનેએ ફરીથી ચારેતરફ અને ઊંચે આકાશ તરફ નજર ફેરવી લીધી. એ લોકો અહીં હતા, તે દરમિયાન જ વાદળોનો ચંદરવો માથા ઉપરના આકાશમાં પણ બંધાઈ

ગયો હતો.

અંધારઘેરી ગાઢી છાયામાં સાવચેતીથી તેઓ નીચે ઊતર્યા. એમના આશ્ચર્ય વચ્ચે ઝાડના થડની આજુબાજુની પાણીની સપાટી ઉપર અગણિત સંખ્યામાં ચમકતાં નાનાં ટપકાંઓ જોવામાં આવ્યાં.

'અંધારામાં ચમકતો કોઈ ગંધકજન્ય પદાર્થ લાગે છે?'

'નહીં જી. પદાર્થ નહીં, પણ સૂક્ષ્મ જીવો છે. એની શરીર રચનામાં રહેલાં ગંધકનાં તત્ત્વો સાથે શરીરમાં રાસાયણિક ક્રિયા થાય છે અને તેમાંથી મંદ મંદ પ્રકાશ નીકળે છે. દૂરથી એ પ્રકાશ સાવ મંદ લાગે છે, પરંતુ એની નજીકમાં ઘડિયાળ રાખવાથી કાંટાનું સ્થાન પણ જાણી શકાય છે.'

સૌથી નીચેની ડાળ ઉપર એમના સાથીઓએ ધામા નાખ્યા હતા. તેઓ ત્યાં આવી ગયા. ઉપર જવા-આવવામાં અને ત્યાંના નિરીક્ષણમાં એકાદ કલાકનો સમય ગયો હશે, છતાં સાથીઓ હજી જાગૃત અવસ્થામાં જ પોંચો પથારીમાં શાંત પડ્યા હતા. આવી રહેલા તોફાન અંગે સૌને સચેત કર્યા. સૌ સાંભળે તે રીતે પેગેનલ બોલ્યા,

'વાયુ અને વરસાદનું જે રીતનું તોફાન આવી રહ્યું છે, તેમાં આ પોંચોમાં લપેટાઈ જવાનું પૂરતું ગણાશે નહીં.'

ઘોડા ઉપર સામાન બાંધવા માટેના લાંબા પટાથી એ પથારીને વાળીને હવે ડાળી સાથે બાંધવાની જરૂર છે. ઝડપ કરવી પડશે. સૌએ એની અપેક્ષા મુજબની તૈયારી કરી લીધી. વીજના ચમકારાનો પ્રકાશ ઘેઘૂર વૃક્ષનાં પાંદડાંના આવરણને ભેદીને નીચે સુધીના ભાગોને ક્ષણાર્ધ માટે અજવાળી જતો હતો. તોફાનનો સામનો કરવા માટેની તૈયારી કરવામાં એને કારણે સૌને અનુકૂળતા થઈ.

પોંચો પથારીમાં પુરાયા બાદ અંદરથી જ સૌએ એકબીજાને શુભારાત્રિની શુભેચ્છા પાઠવી, છતાં ઉપર આકાશમાં ઊભરી રહેલો માહોલ સૌને થથરાવી રહ્યો. દરેકે એકબીજાને શુભેચ્છા પાઠવી હોવા છતાં કોઈ ઊંઘી શકે તેમ ન હતું.

રાત આગળ વધી. સાથે વીજના ચમકારા વધ્યા. હવે તેની તીવ્રતા પણ દેખાવા લાગી. સાથે ગડગડાટી પણ વધવા લાગી. એવા માહોલમાં બેચેની અનુભવી રહેલા ગ્લેનાર્વને પોતાનું ડોકું પોંચોમાંથી બહાર કાઢ્યું, પવનના વિંઝણાની માત્રાને મનોમન માપી રહ્યા. વીજના ચમકારામાં એણે જોયું કે પેગેનલ પણ પોતાની પથારીમાંથી બેઠો થયો હતો. એના પ્રશ્નના જવાબમાં ગ્લેનાર્વને જણાવ્યું,

'એવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે, જેમાંથી બચવાનું મુશ્કેલ લાગે છે. જીવતા રહેવા માટે પણ એ સ્થિતિનો સામનો તો કરવો જ પડવાનો છે.'

'હું પણ એવું જ વિચારું છું, કારણ કે અહીંથી ભાગી છૂટવાનો કોઈ ઉપાય આપણી પાસે નથી. ઉપર આકાશ સળગતું દેખાય છે, તો નીચે હજી પણ માથોડાંભેર પાણી વહી રહ્યું છે.' પ્રકૃતિનાં વિનાશક તત્ત્વોનો આ નજારો છેલ્લા શ્વાસ સુધી માણી લેવાની આ એક ઉત્તમ તક છે. આપણાથી ભાગી છૂટવાનું નથી. તો પછી મનભરીને માણી લેવાનું જ ઠીક રહેશે.

'તમે વળી પાછા ફિલસૂફ બની ગયા.' આ બંનેની વાતો સાંભળી બેઠા થઈ ગયેલા મેજરે મજાક કરી. એના જવાબમાં પેગેનલે જણાવ્યું.

'માનવું ન માનવું તમારી મરજીની વાત છે, પરંતુ મારી જાણકારી એવી છે કે આ પ્રદેશ

વીજ વરસાદ અને વાયુનાં તોફાનો માટે નામચીન છે. જૂના રેકર્ડ પ્રમાણે બુએનોસ એરીસના આ પ્રદેશમાં ૧૭૯૩ના વર્ષમાં આ પ્રકારના એક તોફાન દરમિયાન આકાશમાંથી એકીસાથે જુદાં જુદાં સાડત્રીસ સ્થળો ઉપર વીજ ત્રાટકી હતી. એના પરિણામે ત્યાર બાદ શરૂ થયેલી ગડગડાટી પૂરી પંચાવન મિનિટ સુધી સંભળાઈ હતી.'

થોડી પળના વિરામ બાદ પોતાનું વીજ પુરાણ પેગેનલે આગળ ચલાવ્યું,

'આ પ્રકારના માહોલમાં એક જ બાબત મને ડરાવે છે. આપણી આસપાસના આખાયે પ્રદેશમાં આકાશી વીજળીને ત્રાટકવા માટેનું કોઈ સુવાહક માધ્યમ હોય તો તે આપણું આ ઓમ્બુવૃક્ષ જ છે. આ સંબંધમાં જાણકાર માણસો સલાહ આપી જ ગયા છે, કે આવાં તોફાન દરમિયાન વૃક્ષની છાયામાં આશ્રય લેવાનું ટાળવું જોઈએ.'

'હમણાંની સ્થિતિમાં તમારી સલાહ કેટલી ઉપયોગી બની શકે?'

મેજર નેબ્સે વરવી વાસ્તવિકતા તરફ પેગેનલનું ધ્યાન ખેંચ્યું. અમંગળ ભાવિનો સંકેત આપતું હોય તેવા એ સૂચનથી ગ્લેનાર્વન પણ અકળાયા. કાંઈક રોષ સાથે બોલ્યા,

'પેગેનલ મહાશય! આવી ગંભીર અને ખોફનાક વાણી ઉચ્ચારવા માટે તમને આ જ સમય મળ્યો?'

'તમારી વાત સાચી છે, પરંતુ ગંભીર પ્રકારની માહિતી આપવા અને મેળવવા માટે કોઈ પણ સમય યોગ્ય ગણવો જોઈએ એમ હું માનું છું. કોઈ પણ પળે ત્રાટકી શકતા ભય સામે આપણે ઊંઘતા ઝડપાવું ન જોઈએ.'

દરમિયાન વીજળીના ચમકારા વધુ વેધક બનવા લાગ્યા. તેની ગડગડાટી શરૂ થઈ. ધીમેધીમે તે વધુ થથરાવનારી બની. એકાદ કલાક એ લીલા ચાલી હશે ત્યાર બાદ આકાશમાંથી પાણીનાં મોટાં મોટાં ફોરાં પડવાની શરૂઆત થઈ. જોકે ગ્લેનાર્વન વગેરેના મુકામથી ઘણે ઊંચે પાંદડાંનું આવરણ હતું. તત્કાળ તો એ છાંટાની કોઈ અસર એ કારણે થવાની ન હતી, પરંતુ વરસાદનું જોર વધતાં એમણે સૌએ ભીંજાવાનું જ હતું. ગંધકનું તત્ત્વ ધરાવતાં ઊડતાં જીવડાંના સૂક્ષ્મ ચમકારા હવે વધી ગયા. માણસો સહિતનાં અનેક જીવો માટે આશ્રયસ્થાન બનેલું ઓમ્બુવૃક્ષ એ ચમકતી જીવાતના કેન્દ્રમાં હતું. એની સૌથી નીચેની મજબૂત ડાળીઓ ઉપર હવે બેઠા થઈ ગયેલા આ સાત મરજીવાઓ અવાક્ બનીને પ્રકૃતિના ભયજનક બની રહેલા તાંડવને જોઈ રહ્યા. વીજળીના ચમકારામાં સૌ એકબીજાના મોં ઉપરની ચિંતા વાંચી શકતા હતા.

પવન હજી સ્થિર હતો. હજી સુધી વરસાદ બરાબરનો જામ્યો ન હતો. ગ્લેનાર્વનને પવન અને વરસાદના પાણીની ખાસ ચિંતા ન હતી. ખરો બય વાદળોમાંથી મુક્ત થતા વીજભારનો હતો. એની સહસ્રમુખી કાલિત ફેણો હરપળે પૃથ્વીને ડસવા માટે નીચે ઊતરી આવતી હતી. એનું સીધું અને એકમાત્ર નિશાન આ ઓમ્બુવૃક્ષ હતું, એની સૌને પ્રતીતિ થઈ ગઈ. અચાનક કાળું આભ ફાટ્યું હોય તેવો જબરજસ્ત કડાકો થયો. કાળા અંધારામાં એના ચમકારાથી એક પળ માટે ચારેકોર પ્રકાશ ઝળાંઝળાં થઈ રહ્યો. એ સાથે વીજળીનો એક અગ્નિસ્તંભ આકાશમાંથી વ્રજની જેમ તીવ્ર ઝડપે નીચે ફેંકાયો. એનો સીધો પ્રહાર ખખડધ્વજ ઓમ્બુવૃક્ષ ઉપર જ થયો. ગંધક સળગતો હોય તેવો ધુમાડો ચોતરફ હવામાં પ્રસરી રહ્યો.

સૌ ફાટી નજરે એ ભયાનક વજ્રાઘાતને જોઈ રહ્યા. કેટલીક પળો એવી સ્તબ્ધતાની સ્થિતિમાં જ વીતી. ત્યાં ટૉમ ઓસ્ટિન ચિતાર કરી ઊઠ્યો.

'જુઓ જુઓ! પાછળ જુઓ. ત્યાં આપણાં ઓમ્બુવૃક્ષની ડાળીઓ ભડભડ સળગી રહી

છે. વીજળીની વધુ અસર ત્યાં થઈ જણાય છે.'

વીજળીની ગરમીથી એ તરફની ડાળીઓ અને પાંદડાં ભેજ ગુમાવી બેઠાં હતાં. સુકાઈ ગયેલી એ ડાળી અને પાંદડાંમાં આગે પહેલાં દેખા દીધી અને ત્યાર બાદ નજીક નજીકની અને એકબીજાં સાથે જોડાયેલી ડાળીઓમાં આગ બરાબરની પકડાઈ. ઘાસના તણખલાંના બનેલા પક્ષીઓના અસંખ્ય માળાઓ તો દારૂખાનું હોય તે રીતે સળગવા લાગ્યા. ત્યાર બાદ પણ વીજનું ત્રાટક ચાલુ જ રહ્યું. ઓમ્બુ હવે ચારે બાજુથી સળગી રહ્યું. અત્યાર સુધી સ્થિર રહેલી હવા પણ આ ગરમીથી ગતિમાં આવી.

ચોમેર વહેતાં પાણીમાં ઊભેલું એકમાત્ર આશ્રયસ્થાન એવું ઓમ્બુ પણ થોડા જ સમયમાં બળીને રાખ થઈ જાય એવો ભય સૌને લાગ્યો. વૃક્ષમાં હવે ન બળી શકે તેવું લીલું કાંઈ રહ્યું જ ન હતું. પાણીની સપાટીથી થોડા જ ફૂટ ઊંચેની ડાળીઓ સુધી આગ આગળ વધે તે હવે નિશ્ચિત બની ગયું. પક્ષીઓ તો પોતાના માળા છોડીને પાંખો હલાવતાં દૂરદૂર અન્ય આશ્રયની શોધમાં ઊડવા લાગ્યાં. પાંખ વિનાના માણસો માટે એ શક્ય ન હતું.

સૌને લાગ્યું કે આગળ વધી રહેલી આગ એમને પણ લપેટમાં લઈ લે તે પૂર્વે અહીંથી ભાગવામાં જ સલામતી હતી, પણ ભાગીને જાય તો પણ ક્યાં જાય? નીચે રેલના પાણીનો પ્રવાહ ધસમસતો હતો અને ઉપર ઓમ્બુવૃક્ષ સળગી રહ્યું હતું. એ બેમાંથી કઈ સ્થિતિમાં બચવાની તક વિશેષ હતી અથવા તો બેમાંથી કયું મોત હળવું હતું, તે જ વિચારવાનું બાકી હતું. પાંદડાં તરફના છેડેથી લાગેલી આગ આગળ વધતી હતી, તેમતેમ ગ્લેનાર્વન વગેરે પાછળ હઠતા ઝાડના થડ તરફ ખસતા રહ્યા. સર્વભક્ષી આગને હવે તેજ ઝડપે ફૂંકાઈ રહેલા વંટોળિયાનો વિંઝણો મળ્યો. ઝાડની ડાળીને વળગી રહેવામાં બળી મરવાનું જોખમ હતું. નીચે પાણીમાંનો કૂદકો પણ જોખમી તો હતો જ, પરંતુ તરતાં આવડતું હોય અને તાકાત હોય તો બચી જવાની શક્યતા હતી.

આગની ગરમી અસહ્ય બનતાં એની નજીકની ડાળી ઉપર બેઠેલો વિલ્સન પાણીમાં ખાબક્યો, પરંતુ આ શું? તરતાં આવડતું હોવા છતાં એના તરફથી બચાવો, બચાવોની ચીસ સંભળાવા લાગી, ગભરાટમાં હોય તે રીતે તે ચિત્કાર કરી રહ્યો હતો. ઉપર રહેલા સૌ ચિંતાતુર બની ગયા. શું થયું? શું થયું? એમ બધા જ નીચે જોઈને પૂછવા લાગ્યા. જવાબ મળ્યો કે ઓમ્બુવૃક્ષની આસપાસ ઘડીઆળ પ્રજાતિના મગરોનું ઝૂંડ ચકરાવા લઈ રહ્યું હોવાનું એને જણાયું હતું. હજી સુધી તેમનું ધ્યાન વિલ્સન તરફ ગયું હોવાનું જણાતું ન હતું, પરંતુ બળી રહેલી ડાળીઓના પ્રકાશમાં તેમને દૂર મગર તરી રહેલા દેખાયા. તો હવે શું? અસહાય વિલ્સનનું શરીર એ ભૂખ્યા મગરોના જડબાં વચ્ચે દબોચાઈ જાય તે હવે થોડા સમયની જ વાત હતી. એવી ગંભીર સ્થિતિમાં મેજર નેબ્સના મોંમાંથી અનાયાસ શબ્દો સરી પડ્યા,

'આપણા સૌના અંતની આ શરૂઆત જ ગણવાની છે.'

પ્રકૃતિનાં નિરંકુશ પરિબળો સામેની નિઃસહાયતા સૌને અકળાવતી હતી. ઉપર ગર્જના કરી રહેલાં વાદળોની ધમધમાટી અને નીચે અવિરતપણે ધસી રહેલાં પાણીની વચ્ચે સૅન્ડવિચની જેમ ઊભેલું ઓમ્બુવૃક્ષ અને તેની ઉપર માંડમાંડ ટકી રહેલા આ માનવજીવો... ગ્લેનાર્વન ફાટી આંખે આ સર્વનાશને નિહાળી રહ્યા. એવી વિનાશકારી સ્થિતિમાં છૂટકારો મેળવવા ઈશ્વર પાસેથી કયા પ્રકારની દયાની યાચના કરવી તે એને સમજાતું ન હતું.

વીજળીની ચમકધમક વધી ગઈ. સાથે હવે પવન ઘૂમરી લઈ રહ્યો. શરૂનો મંદ પવન હવે

ચક્રવાત બનીને ઓમ્બુવૃક્ષને ઘમરોળવા લાગ્યો. પળેપળે આંખોને આંજી દેતા વીજના ચમકારા અને તેને કારણે સતત ચાલુ રહેલી ગડગડાટીથી વાતાવરણ આમ પણ ડરામણું બન્યું હતું. તેમાં હવે ચક્રવાતની ઘૂમરીઓ ઉમેરાઈ. પૂરા જોરથી એ ઘમ્મરવલોણું ફરી રહ્યું હતું. એની સાથે જળરેલનું પાણી પણ ઊંચે ઊઠી ગોળગોળ ફરતું જળસ્તંભ જેવું બની ગયું. જળસ્તંભ વધુ ને વધુ ઊંચે ઊઠવા લાગ્યો. એણે ગરણી જેવો આકાર ધારણ કરી લીધો. ફરતેની હવા પણ એ જ રીતે ચકરાવો લેતી ઊંચે ઊઠવા લાગી. એની ઝપટમાં ઓમ્બુવૃક્ષની માત્ર ડાળીઓ જ નહીં, પરંતુ સમગ્ર ઝાડ બેવડ વળવા લાગ્યું. કેટલાયે કલાકોથી પાણીમાં રહેલું એ તોતિંગ થડ જમીનમાંનાં તેનાં મૂળ સમેત હચમચી ઊઠ્યું. ચોગમ ક્ષિતિજ સુધી વિસ્તરેલા આ મેદાની ઇલાકાની વચ્ચે અણનમ યોદ્ધાની જેમ સદીઓથી ઊભેલું એ મહાકાય છતાં અતિવૃદ્ધ અને જર્જરિત વૃક્ષ પ્રકૃતિનાં તત્ત્વોના અનહદ માારની સામે હારી ગયું અને મૂળસમેત તે ઊખડી પડ્યું.

પવનમાં ભળભળ સળગી રહેલી ડાળીઓ વૃક્ષના પછડાટ સાથે જ પાણીમાં પછડાઈ. છમ કરતો એનો અગ્નિ તરત જ શાંત થઈ ગયો. મૂળિયાં સાથે જ ઊખડીને ઢળી પડેલા વૃક્ષના કાનફાડ કડાકાથી ગભરાયેલા મગરો, મોં સુધી આવેલા શિકારને છોડીને દૂરદૂર ભાગવા લાગ્યાં.

મૂળમાંથી ઊખડી ગયેલું ઓમ્બુ પવનના ઝપાટામાં આડું પડી ગયું. એની ડાળીઓ ઉપર આશ્રય ળઈ રહેલા ગ્લેનાર્વન વગેરે માંડમાંડ પોતાની સમતુલા જાળવી શક્યા. પાણીમાં ગરક થઈ રહેલી ડાળીઓ ઉપરથી સંભાળપૂર્વક ખસતા ખસતા, પાણી ઉપર તરતા થઈ ગયેલા થડ ઉપર ચડી ગયા. ભાગી છૂટેલા મગરોના ઘેરામાંથી મુક્ત બનેલા વિલ્સને પણ તક ઝડપી. હાથ-પગ હલાવતો એ થડની પાસે આવી ગયો. સાથીઓએ લંબાવેલા હાથના સહારે ઉપર ચડી ગયો.

ઓમ્બુવૃક્ષની મોટા ભાગની ડાળીઓ તો બળીને ખાક થઈ ગઈ હતી. બાકી રહેલી ડાળીઓ પછડાટના આઘાતથી તૂટી ગઈ હતી. થડથી છૂટી પડીને અલગ રીતે પાણીમાં ઘસડાવા લાગી. ધરતી સાથેના બંધનોમાંથી મુક્ત બનેલું મોટું થડ પણ પાણીના જોરદાર પ્રવાહમાં ઉત્તરપૂર્વ તરફની દિશામાં ધીમેધીમે ખેંચાવા લાગ્યું.

અગ્નિનો ભય સાવ ટળી ગયો. વિશાળ કદના થડ ઉપર સૌ સલામત બની ગયા. પાણીમાં ડૂબવાનો કે મગર તરફનો ભય પણ હવે ન હતો. પ્રકૃતિના એ તાંડવને કારણે જ સૌને જીવતદાન મળ્યું હતું. એવી ગેબી મદદ માટે સૌએ ઈશ્વરનો આભાર માન્યો. ગ્લેનાર્વનને થયું કે એણે કરેલી પ્રાર્થના ફળી હતી.

મધ્યરાત્રિના અંધારાનો એ પરિવેશ હજી પણ યથાવત્ હતો. થઈ રહેલા વીજચમકારાના પ્રકાશમાં સૌ એકબીજાને ઓળખી શક્યા. એમનો સમૂહ અતૂટ હતો. હતાશા છતાં જાન બચી ગયાનો સૌનાં મોં ઉપર સંતોષ હતો. ડંકન વિહારનૌકા કરતાં પણ વધુ કીમતી અને ઉપયોગી નીવડેલી ઓમ્બુના થડની આ નૈયા રેલના પાણીમાં ધસમસતી આગળ વધતી રહી.

૨૬

ડંકનના તૂતક ઉપર

મૂળ સાથે પાણીમાં ઊખડી ગયેલા ઓમ્બુવૃક્ષનું મોટું જાડું થડ એની ઉપર બેઠેલા માણસો સાથે સતત બે કલાક સુધી રેલના પાણીની સાથે ઉત્તરપૂર્વમાં ઘસડાતું રહ્યું. નીચે નક્કર જમીન હોવાનો કોઈ અણસાર આવતો ન હતો. રાત્રિના ત્રણ વાગ્યા હતા. કાળું અંધારું જામેલું હતું. એમાં વચ્ચે વચ્ચે થતા વીજ ચમકારાથી સૌ એકબીજાને ક્ષેમકુશળ જોઈ શકતા હતા. હજી પણ તેઓ સંપૂર્ણ રીતે ભયમુક્ત થયા હોવાનો તેમને વિશ્વાસ બેસતો ન હતો. મનમાં રહેલા ખોફનો ભાર હજી હળવો થયો ન હતો.

મધ્યરાત્રિ બાદના ત્રણેક કલાકની એવી મુસાફરી પછી મેજરને લાગ્યું કે થડ સાથેનાં મૂળિયાં અને હજી પણ અતૂટ રહેલી ડાળીઓ પાણીની નીચે કશાક સાથે ઘસાઈ રહી હતી. એ જમીન જ હોવાનો વિશ્વાસ આવતાં બોલી ઊઠ્યો,

'લાગે છે કે પેટાગોનિયાની આપણી આ દ્વિતીય સફરનો અંત હવે નજીકમાં જ છે.'

એની ધારણા સાચી પડી. થોડો સમય આગળ વધ્યા બાદ ઓમ્બુવૃક્ષના થડનો તરાપો કોઈ સખત પદાર્થ સાથે અથડાયો. એ સાથે સૌને તેનો જોરદાર આંચકો લાગ્યો.

'જમીન! જમીન.' પેગેનલ આનંદથી પોકાર પાડી ઊઠ્યો. ઊંચી ઊઠી રહેલી ખડકાળ જમીન પાસે આવીને થડનો ભાગ અટકીને સ્થિર થઈ ગયો. મેજર નેબ્સને થયેલો અનુભવ હવે પ્રત્યક્ષ બન્યો. વહેલા મળસ્કાના ઝાંખા પ્રકાશમાં આગળ ખડક હોય તેવું કાળું ધાબું જણાયું, પરંતુ વીજના પ્રકાશમાં સૌને ખ્યાલ આવ્યો કે તે ખડક જ હતો. રૉબર્ટ અને વિલ્સન ઝાઝું વિચાર્યા વિના કૂદકો મારીને એના ઉપર પહોંચી ગયા. બાકીના સાથીઓ પણ સાવચેતીથી એ ખડક ઉપર આવી ગયા. કેદખાનામાંથી છૂટ્યા હોય તેવો સૌને અહેસાસ થયો.

ગઈ કાલનો દિવસ અને હમણાં જ વીતેલી રાત્રિના દુઃખદ અનુભવ બાદ હવે સુખદ સ્થિતિનો ગુણાકાર થવા લાગ્યો. મુસાફરીના વીતેલા દિવસોમાં એક વિશિષ્ટ પ્રકારની સિસોટીથી સૌ પરિચિત થયા હતા. ઓમ્બુવૃક્ષ ઉપર આશ્રય લીધો તે જ સમયે વિખૂટા પડી ગયેલા થાલકેવ અને તેનો વફાદાર થૌકાનો એવો સાંકેતિક અવાજ તેમના કાને પડ્યો. એ અવાજની કોઈને નવાઈ ન હતી.

'થાલકેવ! થાલકેવ!' સૌ એકીસાથે મોટા અવાજે બોલી ઊઠ્યા.

ઓમ્બુવૃક્ષ ઉપર થાલકેવને પણ આશ્રય મળી શક્યો હોત, પરંતુ તેનાથી વિખૂટા પડેલા થૌકાનું મોત નિશ્ચિત હોવાનું તે વખતે જ એને સમજાઈ ગયું હતું. બંને સાથે હઈશું તો સાથે તરીશું નહીં તો સાથે જ મરીશું, એવું વિચારીને થાલકેવ પાણીમાં કૂદી પડ્યો હતો અને ઘોડાને

સાથ આપ્યો હતો. બંને એકબીજાને સહારે પાણીમાં ઘસડાઈ ગયા હતા. ઉત્તર પશ્ચિમ દિશાના વહેણ સાથે તેઓ બંને અહીં જીવતા ઘસડાઈ આવ્યા હતા અને અહીંની ઊંચી ખડકાળ જમીન ઉપર આશ્રય મેળવ્યો હતો. એને ખાતરી હતી કે એના બાકીના સાથીઓ વહેલા કે મોડા આ સ્થળની આસપાસ જ આવશે.

થયું પણ તેવું જ. થાલકેવ સૌ સાથીઓની અહીં રાહ જોઈ રહ્યો હતો. ખડક ઉપરના ઉતરાણ સમયની વાતોનો અવાજ મળસ્કાંની નીરવ શાંતિમાં દૂર દૂર થાલકેવના કાન સુધી પહોંચ્યો હતો. અને મારતે ઘોડે તે આવી પહોંચ્યો. ઝાંખા અજવાળામાં પણ રૉબર્ટ વગેરે સૌ એને ઓળખી ગયા. રૉબર્ટ દોડતો એની સામે પહોંચ્યો અને તેને ભેટી પડ્યો. નાના રૉબર્ટને ઊંચકીને થાલકેવે વહાલભરી ચૂમીઓથી નવાજી નાખ્યો. દરમિયાન બધા જ સાથીઓ ત્યાં આવી ગયા. થાલકેવનો હાથ પકડીને સૌએ આનંદ અને આભાર વ્યક્ત કર્યો.

તરત જ થાલકેવ સૌ સાથીઓને જમીન ઉપર અંદરના ભાગમાં લઈ ગયો. અહીંની ખડકાળ જમીન ઉપર અગાઉના સ્પેનિશ વસાહતીઓએ પશુ ઉછેર તેમ જ ખેતી માટે બનાવેલો જૂનો રેન્ચ હતો. કોઈક કારણસર એને ત્યજી દઈને તેઓ સ્થળાંતર કરી ગયા હોય તેમ લાગતું હતું. વરસોથી અવાવરું પડી રહેવાને કારણે એમાંના તબેલા વગેરે બાંધકામો જીર્ણશીર્ણ બની ગયાં હતાં. તબેલાની અંદરની સ્થિતિ જોઈ સૌને આશ્ચર્ય થયું. સાવ સૂકી પરસાળ ઉપર તાપણું સળગતું હતું અને તેના ઉપર ગરમાગરમ ભોજન માટેની એકાદ કઢંગી વાનગી હતી. છેલ્લા કેટલાયે કલાકોથી આગ અને પાણી વચ્ચે જીવન-મરણનાં ઝોલાં ખાતા સૌ માટે થાલકેવ તારણહાર બની ગયો.

સવાર પડવાની તૈયારી થઈ. સૌ પહેલું કામ થાલકેવે બનાવેલું ગરમ ભોજન લેવાનું કર્યું. વિખૂટા પડ્યા પછી બંનેને થયેલા અનુભવોની આપ-લે થઈ. હેમખેમ પુનર્મિલનનો સૌને આનંદ હતો. થોડા આરામ બાદ સૌ સ્વસ્થ બની ગયા. અહીંથી પૂર્વ તરફની મુસાફરીના આરંભ પહેલાં પેગેનલે આ મિશનને મળેલી નિષ્ફળતાની તથા આગળના માર્ગની થયેલી સ્પષ્ટતાની વાત થાલકેવને સમજાવી. તેને કેટલી સમજ પડી તે તો સમજાયું નહીં, પરંતુ આ સૌ મુસાફરોના આનંદિત ચહેરા જોઈ તે રાજી થયો. કાંઈક સારું થયાનો તેને અહેસાસ થયો હોય તેમ લાગ્યું.

થોડા આરામ બાદ આગળ વધવાની શરૂઆત થઈ. થાલકેવના થૌકા ઘોડા સિવાય બાકીના ઘોડાઓ પાણીમાં ઘસડાઈ ગયા હતા. સૌએ હવે ફરજિયાતપણે ચાલવાનું હતું. શરીર ઉપર બંધાયેલો જે થોડો સામાન બચી ગયો હતો તે થૌકા ઉપર લાદવામાં આવ્યો. હલકાફૂલ જેવા થઈને સૌએ માત્ર ચાલવાનું જ હતું. હવેની આ પૂર્વ તરફની, સાગરગામી મુસાફરી છેલ્લા તબક્કાની જ હતી. હજી છત્રીસ કલાક જેટલી મુસાફરી બાકી હતી, છતાં ડંકન ઉપરના સાથી અને સ્વજનોને મળી શકવાનો ઉત્સાહ સૌના દિલમાં હતો. રેલના પાણીની લદબદ નીચાણવાળા પ્રદેશ ઉપર સૌએ છેલ્લી નજર નાખી. પાણી ઊતરવાની શરૂઆત થઈ ગઈ હતી. રાતભર ચાલેલું હવામાનનું તોફાન પણ લગભગ શમી ગયું હતું. ઊંચાઈ વાળી સપાટ અને કોરી જમીન ઉપર થાલકેવ સૌને દોરીને આગળ વધી રહ્યો.

માર્ગમાં ઊંચાં વૃક્ષો ભાગ્યે જ જોવા મળતાં હતાં. ઓમ્બુવૃક્ષ જેવું ઘેઘૂર ઝાડ હવે ભૂતકાળ બની ગયું હતું. મોટે ભાગે અહીં નીચાં ઝાડીઝાંખરાં હતાં. નદી કે ખાડીના કિનારાઓ ઉપર જ ઊંચાં વૃક્ષો હતાં. યુરોપિયન વસાહતીઓએ રોપ્યાં હોય તેવાં પણ કેટલાંક ફળાવું વૃક્ષો જોવા મળ્યાં.

સાંજ સુધી મુસાફરી ચાલુ જ રહી. રાત્રિવિરામ બાદ બીજા દિવસની મુસાફરી ફરીથી શરૂ થઈ. આટલાન્ટિકથી અંતર હવે માત્ર પંદર માઈલનું જ હતું. એ તરફથી આવી રહેલી ઠંડી હવાની સૌને ખાતરી થઈ કે મંઝિલ હવે નજીકમાં જ હતી. સાંજ સુધીમાં ત્યાં પહોંચી જવાની ઉતાવળમાં મુસાફરી ચાલુ જ રહી. વચ્ચે ઘાસનાં મેદાનો હતાં, તો નાનાં નાનાં સરોવરો પણ હતાં. નાનાં પ્રાણીઓથી ભરેલા આ પ્રદેશમાં ખોરાક કે પાણીની કોઈ મુશ્કેલી ન હતી.

સાંજના આઠ વાગ્યા. અવિરામ મુસાફરીથી સૌ થાક્યા હતા, પરંતુ લક્ષ્ય ઉપર પહોંચવાની સૌને તાલાવેલી હતી. દૂરથી એમના ધ્યાનમાં આવ્યું કે લગભગ બસો ફૂટ જેટલો ઊંચો રેતીનો એક ઢગ પડ્યો હતો. એમ બંને બાજુ ઉત્તરે અને દક્ષિણે એવા ઢગલાઓની હારમાળા હતી. થાકેલા પગને સહારે એ ઢગલા ઉપર ચડવાનું અશક્ય જણાતું હતું. ઉપર ચઢી શકાય તો જ એની પેલે પારની દુનિયા જોઈ શકવાની હતી, પરંતુ એ દિશામાંથી આવતા ઠંડા પવન સાથે સાગરનાં મોજાંનો ઘૂઘવાટ સ્પષ્ટપણે સૌને સંભળાવા લાગ્યો. ખાતરી થઈ કે રેતીના એ ઢૂવાઓની પેલે પાર આટલાન્ટિક મહાસાગર જ હતો.

દિવસભરના થાકને ભૂલીને સૌ ઉત્સાહભેર ઉપર ચડવા લાગ્યા. દરમિયાન રાત્રિનાં અંધારાં પણ ઊતર્યાં. ચારે તરફની દૂરની વસ્તુઓ અને પ્રદેશો એમાં અદશ્ય બન્યાં. સાગરમાં ઓટ હોવાને લીધે પાણી દૂર સુધી ઊતરી ગયાં હતાં. અંધારઘેરા ક્ષિતિજ ઉપર તે જોઈ શકાય તેવી સ્થિતિ પણ ન હતી. ત્યાં ડંકનનૌકા હતી કે નહીં તેનો પણ કોઈને ખ્યાલ આવતો ન હતો. ડંકન ઉપર એક નજર નાંખવાની સૌની ઇચ્છા ફળી નહીં. આમ તો હવે એમાં આઠ-દસ કલાકનો જ ફાંસલો હતો, છતાં સૌ અધીરા બન્યા હતા.

એ સૌમાં ગ્લેનાર્વન વિશેષ અકળામણ અનુભવી રહ્યા. અંધારઘેરી પૂર્વ દિશામાં 'ડંકન' નૌકાનું નાનું કાળું ટપકું પોતે જોયું હોવાનો એમને ભ્રમ થયો. આંગળી ચીંધીને બતાવવા લાગ્યા.

'આપણી ડંકનનૌકા ત્યાં સામે જ દેખાય છે. આપણી રાહ જોતી આ તરફ આવી રહી છે.' બાકીના સૌ વાસ્તવિક સ્થિતિ સમજતા હતા. કાંઈ જ દેખાતું ન હોવા છતાં સૌએ સૌજન્ય દાખવ્યું. મૅક નેબ્સે જણાવ્યું,

'ડંકનનૌકા ત્યાં છે જ, પરંતુ આ અંધારામાં એને કિનારા નજીક લાવવામાં જોખમ રહેશે. કાલે સવારે દિવસના પ્રકાશમાં એ સ્પષ્ટ રીતે દેખાવાની જ છે અને આપણે તેમાં જઈ પણ શકીશું. ધીરજ રાખો!'

રૉબર્ટ પોતાની બાળસહજ કુતૂહલતાથી જોરશોરથી બૂમો પાડવા લાગ્યો, પરંતુ સાગરનો ઘૂઘવાટ અને જોરથી વાઈ રહેલા પવનના સૂસવાટામાં અવાજની કોઈ આપ-લે શક્ય પણ ન હતી. રેતીના ઢૂવાઓથી ભરેલો અહીંનો દરિયાકાંઠો રાત્રિનિવાસ માટે બહુ અનુકૂળ તો ન હતો, પરંતુ એ સિવાય કોઈ વિકલ્પ પણ ન હતો. રાત્રિ ખુલ્લામાં જ વિતાવવાની હતી.

અહીંના આવા અવાવરું દરિયાકાંઠે પાણીમાં ડૂબેલા ખડકો હોવની શક્યતા હતી. રાત્રિના અંધારામાં જળયાનોને એવાં છૂપાં જોખમોનો ભય હતો. કૅપ્ટન જ્હૉન મેંગલ્સ એ બાબતમાં પૂરેપૂરો સભાન હતો. તે કોઈ પણ જાતનું ખોટું જોખમ ઉઠાવે નહીં તેની સૌને ખાતરી હતી.

મેજર નેબ્સને વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ હતો. મુશ્કેલીથી ગ્લેનાર્વનને શાંત પાડ્યા. આવી અંધારી રાત્રિ હોય, કિનારો અજાણ્યો હોય અને દરિયામાં પાણીમાં ડૂબેલા ખડકો હોય ત્યારે કોઈ પણ સમજદાર કૅપ્ટન પોતાના યાનને કિનારા નજીક લાવવાનું દુઃસાહસ કરે જ નહીં. અંધારામાં નૌકાને જોવા માટે આંખો ખેંચવાનું પણ એને નિરર્થક લાગતું હતું.

સૌને સ્થિતિની ગંભીરતા સમજાઈ. સવાર સુધી રાહ જોવામાં જ સૌને ડહાપણ લાગ્યું. સાથમાં બચેલી અલ્પ ભોજન સામગ્રીનો ઉપયોગ કરીને પેટમાં કાંઈક નાખ્યાનો સંતોષ લીધો. સૌપ્રથમ મેજરે જ રેતીના ઢૂવા ઉપર લંબાવ્યું. બાકીના સૌ પોતપોતાને અનુકૂળ આવે એવી જગ્યાએ તેને અનુસર્યા. દિવસભરના થાક પછી હવે ઊંઘને ટાળવાનું અશક્ય જ હતું, પરંતુ એકમાત્ર ગ્લેનાર્વન બેચેન હતા. પોંચો પથારીમાં ઢબૂરાયા છતાં ઊંઘ એમને હાથતાળી દઈ ગઈ હતી. એની નજર સતત પૂર્વની ક્ષિતિજ ઉપર ખોડાયેલી હતી. ત્યાં કિનારા ઉપર અંધકારે આવરણ જમાવ્યું હતું. ઊછળી ઊછળીને કિનારા સાથે અથડાઈ રહેલાં મોજાંનો માત્ર અવાજ સંભળાતો હતો.

એમનું મન વિચારોમાં ખૂંપેલું જ રહ્યું. દક્ષિણ અમેરિકન ઉપખંડના પશ્ચિમ કાંઠાના ટાકાહુનાના અખાતમાંથી તા. ૧૪મી ઑક્ટોબરે એમણે ડંકનને વિદાઈ આપી હતી. ત્યાર બાદ તરત જ એમણે પણ જમીનમાર્ગે પૂર્વ દિશામાં મુસાફરી શરૂ કરી હતી. ચુનંદા સાથીઓ સાથે કૅપ્ટન ગ્રાન્ટની શોધ માટેનું એ મિશન હતું. બરાબર ૩૦ દિવસ બાદ ૧૨મી નવેમ્બરના રોજ તેઓ અહીં આટલાન્ટિકને કાંઠે આવી પહોંચ્યા હતા. ડંકનનૌકાને કેપહૉર્નના સમુદ્રી માર્ગે અહીંના કાંઠે આવી રહેવા માટે એટલો સમય પૂરતો હતો. કપ્તાન મેંગલ્સની કુનેહ ઉપર એમને પૂરેપૂરો ભરોસો હતો.

આ પ્રકારનો આશાવાદ પણ એમને સાંત્વના આપી શક્યો નહીં. લાગણી અને તર્ક વચ્ચે તુમૂલ યુદ્ધ શરૂ થયું હતું. એમાં આખરી વિજય લાગણીનો જ થવાનો હતો. દરિયા તરફથી વાઈ રહેલા પવનના સૂસવાટા અને ઓટનાં ઊતરેલાં પાણીમાં દૂરદૂર ઊછળી રહેલાં મોજાંના ઘૂઘવાટ સિવાય કશું જ સંભળાતું ન હતું. અંધારામાં કાંઈ જોઈ શકાય તેમ ન હતું, છતાં ગ્લેનાર્વન અંધારાં વચ્ચે પણ મોજાંઓ ઉપર ઊછળતી નૌકાનું દિવાસ્વપ્ન જોઈ રહ્યા. ડંકન ઉપરથી બત્તીના પ્રકાશનું કિરણ તેમને દેખાયું. સંભ્રમ અવસ્થામાં પથારીમાંથી બેઠા થઈ ગયા, અને રેતીના ઢૂવાની કિનાર ઉપર આમથી તેમ આંટા મારવા લાગ્યા. પત્ની હેલીના પણ એની સાથે જ પગલાં માંડતી હોય તેવી ભ્રાંતિ થઈ. દૂર દરિયામાં મોજાંઓ ઉપર ઝૂલી રહેલી ડંકનનૌકાની એ બત્તી જોવામાં આવી હોય તે રીતે ગ્લેનાર્વન બોલી ઊઠ્યા,

'જુઓ, જુઓ! ત્યાં દૂર ડંકનનૌકા દેખાય છે. એની બત્તી પણ સ્પષ્ટ દેખાય છે.' પરંતુ બીજી જ પળે બત્તી દેખાતી બંધ થઈ ગઈ. "ડંકન" પણ ધુમ્મસમાં ઓગળી જતી લાગી. શું કરવું? કોને કહેવું? ઘસઘસાટ ઊંઘી રહેલા સાથીઓ ઉપર એને ભારોભાર ગુસ્સો આવ્યો.

એવી દશામાં એને યાદ આવ્યું કે પેગેનલ રાત્રિના અંધારામાં પણ જોઈ શકે છે એવું તેણે જ એક વાર જણાવ્યું હતું. નજીકમાં જ સૂતેલા પેગેનલને એમણે અધીરાઈપૂર્વક ઢંઢોળ્યો.

દિવસ દરમિયાનના થાકને કારણે ગાઢી નિદ્રામાં સૂતેલો પેગેનલ માંડમાંડ પોતાની આંખો ખોલી શક્યો, 'શું થયું? શું થયું?' કરતો તે સફાળો બેઠો થઈ ગયો.

ગ્લેનાર્વને તરત જ એનો હાથ પકડ્યો અને તેને કાંઠાના ઢોળાવ તરફ લઈ ગયા. પાણી તરફ આંગળી ચીંધીને બતાવ્યું અને પૂછ્યું,

'ત્યાં દૂર દરિયામાં નજર કરો. ત્યાં તરી રહેલી ડંકનનૌકા અને તેના ઉપરની બત્તી તમને દેખાય છે?'

'ના સાહેબ!' એ રીતે કાચી ઊંઘમાંથી ઊઠવાને કારણે પેગેનલને ત્રાસ લાગતો હતો, પરંતુ સામે લૉર્ડ ગ્લેનાર્વન હતા અને પોતે એમના મહેમાન હતા. એટલે ધીરજ જાળવી સ્વસ્થ બનીને

જવાબ આપ્યો, ‘ત્યાં લાલ કે લીલી કોઈ જ બત્તી મને જણાતી નથી. આવા અંધારામાં ડંકન કેવી રીતે દેખાય! સાચું કહું! આપને ભ્રમ થયો લાગે છે. મારી આપને વિનંતી છે કે સ્વસ્થ બનીને સૂઈ જાવ.’

પરંતુ ગ્લેનાર્વન એ રીતે વાતનો તંત છોડે તેમ ન હતું.

‘પ્લીઝ! ફરીને જુઓ. ત્યાં બત્તી અગર નૌકા દેખાય છે?’ પેગેનલનો એવો જ નકારાત્મક જવાબ હતો.

થોડી વાર શાંતિ પથરાયેલી રહી. બાદ ગ્લેનાર્વને જોયું કે પોતાની માનસિક સ્થિતિ સાથે અસંબદ્ધ હોય તે રીતે પેગેનલ ફરીથી ઊંઘી ગયો હતો અને તેનાં નસકોરાં અવાજ કરતાં હતાં.

આખરે એમની પોતાની આંખો પણ બંધ થઈ ગઈ. હવે જે જોવાનું હતું તે નિદ્રા દરમિયાનનાં સ્વપ્નામાં જ જોવાનું હતું. એ માટે પેનેનલ કે કોઈની પણ મદદ માગવાની જરૂર પડે તેમ ન હતું.

અત્યંત ઉચાટભરી રાત્રિનો આખરે અંત આવ્યો. સવાર થયું. પૂર્વની ક્ષિતિજ ઉપર ઊગતા સૂરજની કોર દેખાઈ. ગ્લેનાર્વનની જ આંખો સૌથી પહેલી ખૂલી. ધીમેધીમે બધા જ જાગ્યા. રેતીના ટેકરા ઉપર ઊભેલા ગ્લેનાર્વનના મોંમાંથી આનંદની કિકિયારી નીકળી ગઈ.

‘જુઓ મિત્રો! “ડંકન” બરાબર આપણી સામે જ દેખાય છે.’

‘હા જી! એ “ડંકન” નૌકા જ જણાય છે.’ સૌએ સ્વીકાર્યું.

ખરેખર હવે એ ડંકન જ હતી. પાંચેક માઈલ દૂર ક્ષિતિજ ઉપરથી એક વિહારનૌકા ધીમી ગતિએ કાંઠા તરફ આવી રહી હતી. પોતાની લાડલી ‘ડંકન’ વિહારનૌકા જ હતી, એવા શબ્દો ગ્લેનાર્વનના મોંમાંથી વારંવાર નીકળતા રહ્યા. સાથીઓએ પણ હવે એ વાત માનવી પડી. સૌની આંખો ક્ષિતિજ ઉપર દેખાતા એ કાળા પદાર્થને કુતૂહલપૂર્વક જોઈ રહી. પેગેનલના ગળામાં હંમેશ લટકતું દૂરબીન ગ્લેનાર્વને ઝડપથી હડપી લીધું. કાંઠા તરફ આવી રહેલું એ જળયાન ડંકનનૌકા જ હોવાની ખાતરી થઈ. વારાફરતી સૌએ એ દૂરબીનમાંથી ડંકનનૌકાની ઝાંખી મેળવવા લાગ્યા.

મોટીમસ વિહારનૌકા પણ હજી ઘણે દૂર હોવાથી સાવ નાની લાગતી હતી. એની ઉપરના કીડી જેવા માણસોનો ખ્યાલ આવવાને હજી સમય લાગે તેમ હતું. એમાંના માણસોને અહીં કાંઠે ઊભેલાં એમનાં સ્વજનોનો અને મિત્રોનો પણ ખ્યાલ આવે તેમ ન હતું. ડંકન ઉપરના માણસોનું ધ્યાન આ તરફ ખેંચવા માટે શું કરવું તેની સૌને વિમાસણ થઈ.

થાલકેવની બંદૂક એ માટે તૈયાર જ હતી. આકાશ તરફ હાથ ઊંચો કરીને તેણે બંદૂકનો ઘોડો દબાવ્યો. ધડાકો થયો. ધડાકા સાથે દારૂના ધુમાડાની સેર ઊંચે ચડી. નૌકામાં ઊભેલાઓએ એની નોંધ લીધી કે નહીં, તે જાણવા માટે થોડી પળો માટે સૌ એ તરફ તાકીને જોઈ રહ્યા, પરંતુ નૌકા ઉપર કાંઈ જ હલચલ જણાઈ નહીં.

થાલકેવે બીજો ધડાકો કર્યો. કુતૂહલભરી સઘળી આંખો ડંકનની દિશા તરફ મંડાઈ. ધડાકાના અવાજ ચારેતરફ પ્રસર્યા, પરંતુ પરિણામ શૂન્ય જ હતું. સૌના હૃદયની ધડકન ધીમી પડી ગઈ. હજી કેમ કોઈનું ધ્યાન આ તરફ ખેંચાયું ન હતું.

આખરે ત્રીજો ધડાકો થયો. એક પળ માટે સ્તબ્ધ બનીને સૌ જોઈ રહ્યા. નૌકા ઉપરના અધિકારીના ધ્યાનમાં એ આવ્યો હોય તે રીતે બીજી જ પળે એક ધૂમ્રસેર નૌકા ઉપરથી ઊઠીને આકાશમાં ઊંચે ચડી અને થોડી સેંકડો બાદ જવાબી તોપ ફૂટવાનો અવાજ પણ સંભળાયો.

ગ્લેનાર્વને આનંદના પોકાર કર્યા. આનંદથી ઊછળીને સૌએ એમાં સૂર પુરાવ્યો. ગ્લેનાર્વન નાચી ઊઠ્યા. બોલ્યા,

'એ ડંકન ઉપરનો જવાબી ધડાકો જ છે.'

સૌએ જોયું કે ડંકનની ચીમનીમાંથી ધુમાડાના ગોટા નીકળવા લાગ્યા હતા. કાંઠા તરફની ઝડપ વધારવા એના બોઇલરમાં વધુ કોલસા પુરાતા હતા. અડધા કલાકની ઝડપી ગતિ બાદ ડંકન કાંઠાથી સલામત અંતરે આવી ગઈ. ત્યાં થોભાવવા માટે એનું લંગર પાણીમાં ઉતારવામાં આવ્યું.

દૂરબીનને આંખો સાથે અડાડેલું જ રાખીને ગ્લેનાર્વન હવે સ્થિર થયેલી ડંકન ઉપરની હિલચાલ નિહાળી રહ્યા. એમણે જોયું કે નૌકા ઉપરની નાની હોડીને પાણીમાં ઉતારવામાં આવી. લેડી હેલીનાને જોવા તત્પર બનેલા એમના મોં ઉપરના ભાવને સમજીને ટૉમ ઓસ્ટિન બોલ્યો,

'હવા જોરદાર છે અને કાંઠાનો દરિયો એ કારણે તોફાની છે. મને ખાતરી છે કે લેડી હેલીના એમાં નહીં આવી શકે.'

'અને જ્હૉન મેંગલ્સ પણ નહીં.' મેજર નેબ્સે પુરવણી કરી. વધુમાં બોલ્યો — 'અત્યારે ઊછળી રહેલાં મોજાંઓ ઉપર ડંકનને રેઢી મૂકીને કૅપ્ટન અહીં આવી શકશે નહીં.'

'મૅરી! મારી બહેન મૅરી પણ અહીં નહીં આવી શકે?' બોલતાં રૉબર્ટ પણ ગળગળો બની ગયો.

નજીક આવી રહેલી નાની હોડીમાં કૂદકો મારીને ચડી જવા તે ઉતાવળો હતો. ગ્લેનાર્વનને પણ અધીરા બનેલા જોઈને મેજરે સાંત્વના આપી કે હવે ફાંસલો બહુ જ થોડા સમયનો હતો.

નૌકામાં પગ મૂકતાં પહેલાં કરવાની એક અગત્યની કામગીરી ગ્લેનાર્વનને યાદ આવી. ભોમિયા તરીકે સાથ આપી રહેલા થાલકેવને તથા તેના વફાદાર ઘોડા થૌકાને વિદાય આપવાની હતી. કાંઠા નજીકના છીછરા પાણીમાં આવીને એ હોડી ઊભી રહે પછી કોઈને જ અટકાવી શકાવાના ન હતા. તે પહેલાં ગ્લેનાર્વન થોડા દૂર ઊભા રહેલા થાલકેવ પાસે આવ્યા. બહુ થોડા દિવસના સહવાસમાં સૌના સ્વજન બની ગયેલા પમ્પા પ્રદેશના ઇન્ડિયન થાલકેવને અલવિદા કહેતાં સૌનાં મન ભારે બની ગયાં. નજીક આવી રહેલી હોડી અને દરિયા તરફ એકીટશે જોઈ રહેલો થાલકેવ અદબ વાળીને ઊભો હતો.

એની નજીક જઈને ગ્લેનાર્વને તેના બંને હાથ પકડી લીધા. તે અંગત મિત્ર હોય તે રીતના સમાનભાવે તેને ભેટી પડ્યા. પોતાની સાથે સફરમાં જોડાવા માટેનું ભાવભીનું આમંત્રણ આપ્યું.

યુરોપવાસીઓના પ્રેમથી થાલકેવ ગદ્‌ગદિત બની ગયો. ગ્લેનાર્વનના હાથ દબાવી થોડા શબ્દોમાં સમજાવ્યું.

'મારો આ થૌકા ઘોડો અને ત્યાં મારો પમ્પા પ્રદેશ. એને છોડીને ક્યાંય જઈ શકાય નહીં.' પશ્ચિમ તરફ પોતાના હાથ લાંબા કરીને પોતાની જન્મભૂમિ પમ્પાની દિશામાં પોતાની આંગળી ચીંધી. ગ્લેનાર્વન સમજતા હતા કે આ પ્રદેશનો નિવાસી થાલકેવ જે ભૂમિમાં એનાં પૂર્વજોનાં અસ્થિ ઓગળ્યાં હતાં, તે પ્રદેશ છોડીને એમની સાથે જવા કદી પણ તૈયાર થાય નહીં. એ માટે વધુ આગ્રહ કર્યો નહીં.

તેણે આપેલી સેવાના બદલામાં કાંઈક પુરસ્કાર આપવા ગ્લેનાર્વને પોતાના ખિસ્સામાં હાથ નાખ્યો. તેને તેમ કરતા અટકાવીને થાલકેવે સ્મિત કર્યું. માત્ર ત્રણ જ શબ્દ બોલી શક્યો,

'આપણી મૈત્રીને ખાતર.'

ગ્લેનાર્વનના આગ્રહ છતાં એણે કાંઈ પણ સ્વીકારવાની ના પાડી. પોતાના મિત્ર બની ગયેલા અને છેવટ સુધી પ્રેમભરી સેવા આપનાર થાલકેવને સ્મૃતિચિહ્ન તરીકે પોતે શું આપી શકે તે બાબત ગ્લેનાર્વન મૂંઝવણમાં હતા. એની પાસેની મોટા ભાગની વસ્તુઓ તો જળરેલમાંથી બચવા માટે ઓમ્બુવૃક્ષનો આશ્રય લીધો તે પૂર્વે જ ઘોડાની સાથે નષ્ટ થઈ હતી. એના સાથીઓની સ્થિતિ પણ એના જેવી જ હતી. આખરે એક અમૂલ્ય વસ્તુ યાદ આવી. સતત એના હૃદય પાસે જ રહેતા લૉકેટમાં લેડી હેલીનાની નાની તસવીર હતી. સોનાની ચેઇન સાથેનું એ લૉકેટ ઉતારીને તેમાંની છબી થાલકેવને બતાવી, પરિચય આપ્યો કે તે એની પત્ની લેડી હેલીનાની હતી. તેના હાથમાં મૂકીને ઉમળકાથી મુઠ્ઠીઓવાળી થાલકેવના જ શબ્દો સાથે સ્મૃતિચિહ્ન તરીકે એને ભેટ આપી.

'આપણી મૈત્રીને ખાતર.'

થાલકેવ પળભર માટે સ્મિત વેરતી એ છબીને જોઈ રહ્યો. ધીમેથી બોલ્યો,

'ખૂબ સુંદર છે.' સૌ ભાવુક બની ગયા.

રૉબર્ટે આખરે સ્તબ્ધતાનો ભંગ કર્યો. દોડીને થાલકેવને વળગી પડ્યો. થાલકેવે પણ એને પોતાની બાથમાં લીધો અને વહાલપ વેરતો હોય તે રીતે ચૂમીઓ ભરી. રૉબર્ટને ઊંચકીને થૌકા ઉપર બેસાડી દીધો.

ત્યાર બાદ દરેક સાથીઓ પણ વારાફરતી થાલકેવને ભેટ્યા અને તેની વિદાય લીધી.

દરમિયાન કાંઠે આવીને રેતીમાં ખૂંપીને હોડી ઊભી રહી ગઈ. એનો ચાલક સસ્મિત ચહેરે છતાં અદબ સાથે લૉર્ડ ગ્લેનાર્વન સામે ઊભો રહ્યો. પોતાના માલિકનું અભિવાદન કર્યું અને બોલ્યો,

'લેડી હેલીના અને કુમારી મૅરી ડંકનનૌકા ઉપર આપની રાહ જુએ છે. વધુમાં આપને વિનંતી કરવાની કે ચઢેલી ભરતીના પાણીની ઓટ શરૂ થવાની તૈયારી છે. એનાં સાગરગામી વળતાં પાણીમાં આપણે ઝડપભેર ડંકન ઉપર પહોંચી જઈશું. આપણે ઉતાવળ કરવી પડશે.'

સૌ ઝડપથી હોડી તરફ જવા લાગ્યા. રૉબર્ટ હજી થૌકા ઉપર જ ગોઠવાયેલો હતો. ઘોડાને દોરીને થાલકેવ તેને હોડી સુધી લઈ ગયો. ઉપરથી તેને ઊંચકીને સીધો જ હોડીમાં મૂકી દીધો. સૌએ આનંદ સાથે હોડીમાં પોતપોતાની રીતે બેઠક લીધી.

રેતીમાં ખૂંપેલી હોડીને ધક્કો આપીને થાલકેવે તેને તરતી કરી અને વિદાયના વિષાદથી ગંભીર બનેલી મુખમુદ્રા સાથે સૌને અલવિદા કહ્યું.

સૌ ભાવવિભોર બની ગયા. હાથ હલાવી સૌએ અભિવાદન કર્યું.

'ફરીથી ક્યારે મળી શકાશે!' ગ્લેનાર્વન બોલ્યા,

'ક્વાઇન સાબે!' (કહી શકાય નહીં) થાલકેવના આ છેલ્લા શબ્દો મોજાંના પછડાટના અવાજમાં ભળી ગયા. હોડીનાં હલેસાં ચાલુ થયાં. સાથે ઓટનાં સાગરગામી પ્રવાહમાં તે ઝડપથી ખેંચાવા લાગી. સૌની નજર થાલકેવ અને તેના ઘોડા ઉપર હતી. પોતાના વહાલસોયા થૌકાની લગામ પકડીને ઘૂંટણ સમાણાં પાણીમાં સ્થિર બનીને તે ઊભો હતો. સૌ હાથ હલાવતા રહ્યા. ધીમેધીમે દરિયાની ગોળાઈ પાછળ તે દેખાતો બંધ થયો. થોડી ક્ષણો માટે સ્તબ્ધતા છવાઈ. સૌ મૂંગા બની ગયા.

સૌની નજર હવે એક માસથી વિખૂટી પડેલી ડંકનનૌકા ઉપર સ્થિર થઈ. એક અદના મિત્રને છોડીને આવ્યાનો વિષાદ વિસારે પડ્યો. ડંકન ઉપરનાં સ્વજનો અને મિત્રોને મળવા સૌ

અધીરા બની ગયા હતા. આખરે હોડી એની સાવ નજીકમાં જઈને ઊભી રહી. લેડી હેલીના અને મૅરી તથા કપ્તાન સહિતના સૌ નાવિકો આવકાર આપવા તૂતક ઉપર જ ઊભાં હતાં. તાળીઓ પાડી સસ્મિત વદને સૌને આવકાર્યા.

રૉબર્ટને હવે કોઈ રોકી શકે તેમ ન હતું. કૂદકો મારીને સીધો જ પોતાની નાનકડી માવડી મૅરીની બાહોમાં સમાઈ ગયો. ભાઈ-બહેન ભાવાવેશમાં આવીને ક્યાંય સુધી સિસકતાં રહ્યાં.

આનંદના પોકારો સાથે વારાફરતી સૌ ડંકનના તૂતક ઉપર ચઢી ગયાં. એ પળ લૉર્ડ ગ્લેનાર્વન અને લેડી હેલીના માટે જીવનનો એક અનેરો અવસર બની ગઈ.

એક માસની ગેરહાજરીમાં અનુભવેલી વીતકકથા એકબીજાંને કહેવાની હતી, પરંતુ હમણાં તો બસ, મિલનનો આનંદ જ આનંદ હતો.

કૅપ્ટન ગ્રાન્ટ અને તેના સાથીઓની શોધમાં ગ્લેનાર્વન વગેરેએ દક્ષિણ અમેરિકાના મધ્ય પઠારના પ્રદેશને ખૂંદ્યો હતો. એમાં નિષ્ફળતા મળી હતી, છતાં નવી દિશાની ખોજ માટેનો માર્ગ પણ ખુલ્લો થયો હતો.

ક્વાર્ટરમાસ્ટર આયર્ટન

(ઑસ્ટ્રેલિયા)

૧

નવું અર્થઘટન — નવી રાહ

પૂરા એક માસની જુદાઈ બાદનું પુનર્મિલન સૌ માટે ભાવપૂર્ણ બની રહ્યું.

નવપરણિત પતિ-પત્ની લૉડ ઍડવર્ડ ગ્લેનાર્વન અને લેડી હેલીના તથા ભાઈ-બહેન રૉબર્ટ ગ્રાન્ટ અને કુ. મૅરી ક્યાંય સુધી એકબીજાની બાહુપાશમાં જકડાયેલાં રહ્યાં. કોઈને પણ પોતાના ભાવો વ્યક્ત કરવા શબ્દો મળતા ન હતા. એવી જ દશા જુદા પડેલા અન્ય સૌ નાવિકોની પણ હતી. વિખૂટા પડેલા કુટુંબનું એ પુનર્મિલન હતું. એક માસ જેટલા લાંબા સમયની જુદાઈ તથા મુસાફરી દરમિયાન વેઠવી પડેલી અનેક હાડમારીઓની કડવી યાદો ઘડીભર માટે વિસારે પડી.

મિલનની એ મૂર્છનામાંથી ધીમેધીમે સૌ બહાર આવ્યાં. ગ્લેનાર્વનને ખાતરી હતી કે કૅપ્ટન ગ્રાન્ટની શોધ વિનાનું તેમનું પુનરાગમન લેડી હેલીના તથા મૅરી માટે આઘાતજનક જ બની રહેવાનું હતું. એને કારણે ભારેખમ બની શકતી સ્થિતિમાંથી હળવાશ લાવવા માટે મારે કાંઈક પણ ઉપયા યોજવાની જરૂર હતી. ભાવાવેશપૂર્ણ મનઃસ્થિતિમાં પણ 'ડંકન' કુટુંબના વડા તરીકે તેઓ સભાન હતા.

થોડી જ ક્ષણોમાં સ્વસ્થ થયા બાદ ત્યાં ઊભેલાં સ્વજનો તથા સાથીઓ તરફ જોઈને મલકાતા મોંએ તેઓ બોલ્યા,

'મિત્રો! આનંદો. અમે હેમખેમ પાછા આવી ગયા છીએ. જેની ખોજ માટે અમે નીકળ્યા હતા, તે કૅપ્ટન ગ્રાન્ટ અને તેના બે સાથીઓ જોકે અત્યારે અમારી સાથે નથી, છતાં તેઓ ક્યાં છે તે અંગેનું આધારભૂત અનુમાન લઈને અમે આવ્યા છીએ. હવે પછીનું આપણું કામ એ સ્થળે પહોંચી જવાનું છે. કુમારી મૅરી અને રૉબર્ટ તેમના પિતાને મળી શકે તે માટે તેમણે થોડા વધુ સમયની રાહ જોવી પડે તેમ છે.'

અન્ય સાથીઓ સાથે તૂતક ઉપર ઊભેલાં હેલીના અને મૅરી પહેલી નજરે તો હોડીમાં પરત આવેલાઓની સંખ્યા મનોમન ગણી રહ્યાં હતાં. ખાસ કરીને પુત્રી મૅરી માટે તેના વહાલસોયા પિતાની ગેરહાજરી આઘાતજનક હતી. એનું નાજુક હૃદય એ સ્થિતિને સહન કરી શકે તેમ ન હતું. બેભાન થઈને ઢળી પડે તે પહેલાં હેલીનાએ એને ટેકો આપ્યો. ગ્લેનાર્વનના ઉત્સાહજનક શબ્દોમાં જ તેણે આશ્વાસન શોધ્યું.

સ્વસ્થતા પ્રાપ્ત કર્યા બાદ બંને સમૂહો એકબીજાને થયેલા સુખદ અને દુઃખદ અનુભવની આપ-લે કરવા ઉત્સુક હતા. ડંકન વિહારનૌકામાંની આરામદાયક વળતી સફરમાં હેલીના વગેરે માટે દુઃખદાયક અનુભવોની શક્યતા નહીંવત હતી. પરંતુ જમીનમાર્ગના શોધઅભિયાન માટે વિખૂટા પડેલા સ્વજનો અને સાથીઓની ક્ષેમ-કુશળતાની ચિંતા તેઓને સતત અકળાવનારી

બાબત હતી. હવે જ્યારે એ સૌ ક્ષેમકુશળ પાછા આવી ગયા હતા, ત્યારે તેઓને સ્વમુખે એ યાત્રા વિશે જાણવા સૌ અધીરાં બની ગયાં.

સાવ નાનો હોવા છતાં રૉબર્ટ ગ્રાન્ટે જમીન ઉપરની સફર દરમિયાન બતાવેલી હિંમત અને બહાદુરીની કથા સૌ માટે ગૌરવગાથા બની ગઈ. પોતાની પ્રશંસા સાંભળીને શરમાઈ ગયેલા રૉબર્ટે બહેન મૅરીના ગાઉનમાં મોં છુપાવ્યું. નાનાભાઈ સાથેનું સુખદ મિલન છતાં પિતાની ગેરહાજરીનો ગમ પણ હતો. એ બંને લાગણીઓ વચ્ચે મૅરી કાંઈ જ બોલી શકતી ન હતી. એનો ભાર એની આંખોમાંથી આંસુ રૂપે વહેવા લાગ્યો. નાના રૉબર્ટના ગાલ પણ બહેનના આંસુઓથી ભીના બની ગયા.

'ડંકન'નો યુવાન કૅપ્ટન જ્હૉન મૅંગલ્સ નજીકમાં જ ઊભો હતો. ભાઈ અને બહેનનું અલૌકિક પુનર્મિલન તેને પણ હચમચાવી ગયું. મૅરીને હિંમત આપવાના આશયથી રૉબર્ટને ઉદ્દેશીને તે બોલ્યો,

'ભાઈ રૉબર્ટ! એમાં સંકોચ રાખવાનું કોઈ જ કારણ નથી. તેં તારું નામ સાર્થક કર્યું છે. અમે સૌ તારે માટે ગર્વ અનુભવીએ છીએ.' રૉબર્ટનો હાથ પકડી તેને પોતાની નજીક ખેંચ્યો. નવયૌવના કુ. મૅરીના આંસુઓથી ભીંજાયેલા તેના ગાલ ઉપર એણે પ્રેમભરી બચ્ચીઓ ભરી.

મૅડમ હેલીનાએ મેજર નેબ્સ અને પેગેનલનું પણ ઉમળકાભેર સ્વાગત કર્યું. પોતાના પતિ અને સાથીઓના ગાઇડ બનીને સ્વજન બની ગયેલા થાલકેવ અને તેના વફાદાર ઘોડા થૌકાની અનેક વાતો ગ્લેનાર્વને એને કરી હતી. એ બંનેને મળી શકાયું નહીં, તેનો હેલીનાને ભારોભાર અફસોસ થયો.

આગલી સાંજે કિનારાની રેતીના ઢૂવાઓ ઉપર થાલકેવ સાથે ગ્લેનાર્વન વગેરેએ બાકી રહેલું, અલ્પ ભોજન કર્યાની માત્ર ઔપચારિકતા પતાવી હતી. ત્યાર બાદ કશું જ બાકી રહ્યું ન હતું. હોત તો પણ ખાવા માટેની માનસિક મોકળાશ ન હતી. સૌ ભૂખ્યા હતા. છેલ્લા એક માસની કષ્ટમય મુસાફરીનો થાક ઉતારવા સૌને આરામની સખત જરૂર હતી, પરંતુ તે પહેલાં પેટની પૂજા જરૂરી હતી. મેજર ડોમા કહેવાતા ઓલ્બીનેટે સૌને શુભસમાચાર આપ્યા.

'મહાશય, નાસ્તાનું ટેબલ અને તેના ઉપર ગરમાગરમ વાનગીઓ આપની રાહ જુએ છે.'

'શું કહ્યું? નાસ્તો! સવારનો નાસ્તો! અને એ તે પણ ગરમાગરમ વાનગીઓ?' આનંદાશ્ચર્ય સાથે પેગેનલ બોલી ઊઠ્યો. એક માસની રઝળપટ્ટી દરમિયાન એઓ ભૂલી જ ગયા હતા કે ટેબલક્લોથ સહિતના ડાઇનિંગ ટેબલ ઉપર વિવિધ વાનગીઓની સજાવટ સાથેનો નાસ્તો હોઈ શકે!!

'હા, જી! પેગેનલસાહેબ, ગરમાગરમ નાસ્તો ઠંડો પડી રહ્યો છે. આપ સૌને ઉતાવળ કરવા વિનંતી છે.'

સ્વસ્થ બનીને સૌએ ભોજનકક્ષમાં ડાઇનિંગ ટેબલ ઉપર સ્થાન લીધું. બધું વ્યવસ્થિત જોઈને પેગેનલથી બોલ્યા વિના રહેવાયું નહીં,

'અરે! અહીં તો મનપસંદ વાનગીઓ છે અને તે પણ સાચૂકલા ડાઇનિંગ ટેબલ ઉપર? મને આશ્ચર્ય થાય છે કે દુનિયામાં આટલો સરસ નાસ્તો પણ હોઈ શકે છે?'

ઓમ્બુવૃક્ષની ડાળીઓ ઉપર વાંદરાની જેમ બેઠાંબેઠાં પતાવેલો અડધો કાચોપાકો નાસ્તો એને યાદ આવી ગયો.

ઘડીભર માટે હસીખુશીનો માહોલ જામી ગયો.

એ દરમિયાન કૅપ્ટન મેંગલ્સ ત્યાં ઊભો હતો. માલિક તરફ સૂચક નજરે જોઈને તે બોલ્યો,

'ડંકનને હંકારવા માટે આપના તરફના આદેશની અપેક્ષા છે.'

'નાસ્તાને પૂરેપૂરો ન્યાય આપ્યા બાદ આપણે સૌ સાથે મળીને એ અંગે નિર્ણય લઈશું.'

ભૂખ્યાજનો માટે એ શ્રેષ્ઠ અલ્પાહાર હતો. એમ એકીઅવાજે સૌએ જાહેર કર્યું. પમ્પાપ્રદેશમાં એમણે સૂકા માંસની ચામડા જેવી ચીવડ, તેમ જ ગુનાકો જેવા સાવ બરછટ પ્રાણીના બેસ્વાદ માંસની માણેલી મિજબાનીઓને યાદ કરીને સૌ ક્યાંય સુધી આનંદ માણતાં રહ્યાં. અહીં તો ડાઇનિંગ ટેબલ ઉપર વ્યવસ્થિત રીતે ગોઠવેલી તમામ વાનગીઓ માટે કોઈ નિયંત્રણ કે રેશનિંગ ન હતું. પેગેનલના ભૂલકણાવેડાને કારણે થતા રહેલા નવા નવા છબરડા અંગે હેલીનાએ પૃચ્છા કરતાં સૌને વધારાનું મનોરંજન મળ્યું.

આનંદના આવા વાતાવરણમાં એક બાબત સૌના ધ્યાનબહાર રહી ગઈ. એકમાત્ર ગ્લેનાર્વનની ચાલાક આંખોએ જ એ પકડી પાડ્યું કે કૅપ્ટન જ્હૉન મેંગલ્સ કુમારી મૅરી તરફ વિશેષ ધ્યાન આપતો હતો. પતિના મોં ઉપરના ભાવ જોઈને હેલીનાને ખાતરી થઈ. તેણે સૂચક નજરે પતિ તરફ જોયું, એક હળવું સ્મિત આપ્યું. બંને સમજી ગયાં કે બંને વચ્ચે વિશિષ્ટ પ્રકારનો સંબંધ પાંગરી રહ્યો હતો.

કુમારી મૅરી પ્રત્યેની આ છૂપી લાગણીની માલિકને સમજ પડી ગઈ હોવાનો કૅપ્ટનને ખ્યાલ આવી ગયો. સાહજિકતાથી વાત બદલતાં તે બોલ્યો,

'અમારી વળતી મુસાફરીમાં અમે થોડું માર્ગાંતર કર્યું હતું તે આપને જણાવવાની રજા લઉં છું. પશ્ચિમ કાંઠા તરફની આપણી મુસાફરી દરમિયાન આપણે મેગેલનની ખાડીમાં થઈને રાત્રિ દરમિયાન પસાર થયા હતા તે તો સૌને યાદ હશે જ, પરંતુ અમે વળતી મુસાફરીમાં એનાથી વધુ દક્ષિણના વૈકલ્પિક માર્ગે થઈને આવ્યાં છીએ.'

'શું કહ્યું તમે? મેગેલનની ખાડીને બદલે તમે કેપહૉર્નનો ચકરાવો લઈને આવ્યા હતા? આ તમે ઠીક કર્યું નથી. દિવસના અજવાળામાં તમે આવું સાહસ કર્યું અને હું તેમાં ભાગીદાર બની ન શક્યો?' પોતાના અભ્યાસલક્ષી વલણથી સાવ વિપરીત એવું કૅપ્ટનનું આ વિધાન સાંભળી ભૂગોળશાસ્ત્રી ઊકળી ઊઠ્યો. 'ભૂગોળશાસ્ત્રના મારા જેવા અભ્યાસુ વિનાની એવી મુસાફરી વ્યર્થ વ્યાયામ જ ગણાય!'

ગ્લેનાર્વનને બોલવાની તક આપ્યા વિના પેગેનલ પોતાનો ઉકળાટ ઠાલવ્યે જ જતો હતો. મેજર નેબ્સે તેને અટકાવ્યો. તે બોલ્યો,

'સમજીને બોલો, મિસ્ટર પેગેનલ. તમારી પાસે એવી કોઈ દૈવી શક્તિ નથી કે જેને આધારે પ્રકૃતિના નિયમો વિરુદ્ધ જઈને પણ તમે એક જ સમયે બે જુદા જુદા પ્રદેશોનો પ્રવાસ ખેડી શકો. બરાબર એ સમયે તો તમે પેટાગોનિયાના પહાડી ઇલાકામાં ધરતીકંપની માત્રા માપી રહ્યા હતા અથવા પમ્પા પ્રદેશની જળરેલમાં ડૂબકિયાં ખાઈ રહ્યા હતા. અરે, તે વખતે તમે તો ઓમ્બુવૃક્ષની ડાળીઓ ઉપરના તાપણા ઉપર ભોજન પકાવી રહ્યા હતા. તેમ જ એ વૃક્ષની ટોચે તમે બનાવેલી સુખશૈયામાં સૂતાં સૂતાં આકાશદર્શનમાં વ્યસ્ત હતા. બોલો કહેવું છે કાંઈ?'

મેજર નેબ્સના આવા મજાકભર્યા ઠપકાને એ રીતે જ હળવાશથી લેવાને બદલે દુઃખી થઈ ગયો હોય તે રીતે સોગિયા મોંએ પેગેનલ ધીરેથી બોલ્યો,

'તમારી વાત સાચી હશે, પરંતુ એવી અમૂલ્ય તકથી હું વંચિત રહી ગયો. તેનો અફસોસ

જાહેર કર્યા વિના મને ચેન પડે તેમ નથી.' બંને મિત્રો વચ્ચેનો વિવાદ ત્યાં જ ઠંડો પડી ગયો. દરમિયાન કૅપ્ટન મેંગલ્સે પોતાની મુસાફરીનો હેવાલ માલિકને આપવાનું જરૂરી માન્યું. એણે જણાવ્યું,

'ટાકાહુનાના અખાતમાં આપે અમને વિદાઈ આપી ત્યાર બાદ અમે સીધા દક્ષિણમાં જ મેગેલનીની ખાડીના પેલા ડેઝોલેશન ટાપુ તરફ જ ડંકનને હંકારી ગયા હતા. એ દરમિયાન પવન પડી ગયો હતો અને દરિયો શાંત હતો. લેડી હેલીના અને કુ. મૅરીને પણ કાંઈક નવું જોવાની ઇચ્છા હોય તો વધુ દક્ષિણમાં જઈને કેપહૉર્નની પ્રદક્ષિણા કર્યા બાદ આટલાન્ટિકને પશ્ચિમ કાંઠે થઈને ઉત્તરમાં બૂએનોસ એરીસ તરફ જવાનો વિચાર મેં રજૂ કર્યો હતો. બંને મહિલાઓ એ માટે સંમત થઈ હતી. હવામાન તથા ત્રણે મહાસાગરો શાંત હોવાને કારણે છેક દક્ષિણ છેડે થઈને મુસાફરી કરવાનો મેં નિર્ણય લીધો. મેગેલનની ખાડીમાં થઈને જવાને બદલે અમે કેપહૉર્ન ફરતે ફરીને નિર્વિઘ્ને આર્જેન્ટિનાને પૂર્વકાંઠે આવી ગયાં. ત્યાંના ટીએરા-ડેલ-ફ્યુગો તથા લમાયરની ખાડીના પ્રદેશો વટાવીને અમે ઉત્તરમાં અમે આગળ વધ્યાં. વચ્ચે કેપ કોરિએન્ટીસ નજીક સાગરી તોફાનનો પણ અમારે સામનો કરવો પડ્યો. એ સમય દરમિયાન મૅડમ હેલીના અને મૅરીની હિંમતની તથા ડંકનની મજબૂતાઈની કસોટી થઈ અને તેઓ એમાંથી હેમખેમ પાર ઊતર્યાં હતાં.'

ખુલ્લા દરિયામાં તોફાન દરમિયાન હેલીના અને મૅરીએ બતાવેલી હિંમતની કૅપ્ટને ભારે પ્રશંસા કરી. એ સાંભળીને મૅરીના ગાલ ઉપર સંકોચના શેરડા ઊઠ્યા. એ જોઈને નિર્દોષભાવે રૉબર્ટ બોલી ઊઠ્યો,

'એ કેટલું સરસ છે. મારી બહેન મૅરીને તમે ખૂબ પસંદ કરતા લાગો છો. આમ તો તમે પણ મને ખૂબ ગમો છો.'

રૉબર્ટના આવા બાળસહજ પ્રતિભાવથી કૅપ્ટન મેંગલ્સ અને મૅરીને પોતાના જ મનના ભાવો બહાર આવી રહ્યા હોવાનું લાગતાં બંને શરમાઈ ગયાં. જોકે કૅપ્ટને વાતને વાળી લીધી.

'આપણા બંને સમૂહો એક જ સ્થાનેથી નીકળી જુદા માર્ગે પાછા નિર્ધારિત સ્થાને આવી મળ્યા છે. મારું માનવું છે કે જળમાર્ગની સરખામણીમાં ડુંગરાળ માર્ગની તમારી મુસાફરી વધુ કઠીન બની હશે જ. તમારી અનુકૂળતાએ એ વિગતો તમે જણાવી શકો તો અમને પણ તમારા અનુભવોનો લાભ મળશે.'

ગ્લેનાર્વનને સ્વમુખેથી એવા અનુભવની વાતો સાંભળવાનો લેડી હેલીના અને કુ. મૅરીએ પણ આગ્રહ રાખ્યો. હવે ગ્લેનાર્વન માટે છૂટકો ન હતો. પ્રશાંત મહાસાગરથી આટલાન્ટિક મહાસાગર સુધીની એ ૩૦ દિવસની એમની કષ્ટદાયક મુસાફરીની મુખ્ય વાતો ટૂંકાણમાં એમણે કહી સંભળાવી. એમાં એન્ડીઝ પર્વતમાળામાં આવેલા જોરદાર ધરતીકંપ અને તેને કારણે જમીનમાં ઊંડાં ઊતરી ગયેલા ભૂભાગની વાતો, ગગનવિહારી કોન્ડરો પક્ષી દ્વારા રૉબર્ટનું અપહરણ અને છૂટકારો, થાલકેવ સાથેની મૈત્રી અને માર્ગદર્શન, રાતાં વરુ અગૂરા સાથે મધ્યરાત્રીએ થયેલો મુકાબલો, ભયાનક જળરેલ અને ઓમ્બુવૃક્ષ ઉપરની સૌની દિનચર્યાની રોચક વાતો ટૂંકમાં કહી સંભળાવી. જે-તે સમયે એવી વિકટ સ્થિતિમાંથી માંડમાંડ જીવતા રહી શકેલા એ બહાદુરો માટે પણ હવે એ ઘટનાઓ વાર્તા જેવી બની ગઈ હતી, પરંતુ હેલીના તથા મૅરી અને નૌકા ઉપર જ રહેલા સાથીઓ માટે એ ઘટનાઓ પીડાકારક બની રહી. આત્મીયજનો ઉપરની વિતકકથાની વેદના આંસુ બનીને બંને સ્ત્રીઓના ગાલ ઉપર વહી રહી.

ભારેખમ બની ગયેલાં સૌનાં હૃદયોને સ્વસ્થ અને હળવાં કરવા માટે ગ્લેનાર્વનને વાતને

બીજી દિશામાં વાળી.

'મિત્રો, વિતેલા ત્રીસ દિવસોના એ ત્રાસદાયી અનુભવોની યાદને એક દુઃખદ સ્વપ્ન તરીકે ભૂલી જવાની જરૂર છે. હવે આવતી કાલથી શરૂ થવાના નવા અભિયાનની દિશા માટે આજે, અત્યારે જ વિચારણા કરવાની જરૂર છે.'

નાસ્તાને પૂરેપૂરો ન્યાય આપી સૌ ગ્લેનાર્વનની કૅબિનમાં આવ્યાં. એમના ટેબલ ઉપર નકશાઓ અને ચાર્ટ પાથરવામાં આવ્યા.

ચર્ચાની શરૂઆત એમણે જ કરી.

'આપણે સમજી શકીએ છીએ કે પેટાગોનિયા પ્રદેશમાં કૅપ્ટન ગ્રાન્ટને શોધવામાં નિષ્ફળતા મળી છે. ત્રીસ દિવસ ચાલેલા એ અભિયાનમાં કૅપ્ટન ગ્રાન્ટ કે બ્રિટાનિયા જહાજના કોઈ જ સગડ આપણને મળ્યા નથી. અંતે અમને લાગ્યું કે ગ્રાન્ટના નષ્ટપાય બનેલા પત્રોના તૂટક શબ્દોનું આપણે જે અર્થઘટન કર્યું હતું, તેમાં ભૂલ થઈ હતી. હવે આપણા મિત્ર ભૂગોળવિદ્ પેગેનલે નવેસરથી અર્થઘટન કર્યું છે. કૅપ્ટન ગ્રાન્ટના પત્રોમાંના GONIE, INDI તથા ASTRAL જેવા અધૂરા શબ્દોમાં બહુ થોડા અક્ષરોનો ઉમેરો કરીને દુર્ઘટનાના સંભવિત સ્થળ તરીકે ઑસ્ટ્રેલિયા ખંડ અને તેના આદિવાસીઓ સાથે બંધબેસતા કર્યા છે. એ સંબંધમાં એમણે રજૂ કરેલી દલીલો મને વધુ તાર્કિક અને સ્વીકાર્ય જણાઈ છે.'

દક્ષિણ અમેરિકામાં ૩૭°૧૧′ અક્ષાંશ રેખાની સમાંતરે કરેલી શોધમાં નિષ્ફળતા મળી હતી, છતાં આ નવું અર્થઘટન સાંભળ્યા પછી સૌને લાગ્યું કે કૅપ્ટન ગ્રાન્ટની ખોજ હવે હાથવેંતમાં હતી. કૅપ્ટન મૅંગલ્સ જેવા નીવડેલા નાવિકે પણ આ નવી વાત સ્વીકારી લીધી અને ડંકનનું લંગર ઉપાડવાની સૂચના મેળવવા માલિક તરફ જોઈ રહ્યો.

બરાબર એ વખતે મેજર નેબ્સે પોતાની આંગળી ઊંચી કરી, કેટલાક મુદ્દા અંગે પોતાની શંકા રજૂ કરવા પરવાનગી માગી.

'આશરે અઢી માસ અગાઉ આ નૌકા ઉપર સવાર થઈને આપણે કૅપ્ટન ગ્રાન્ટને શોધવા નીકળ્યા, ત્યારે આ પેટાગોનિયા પ્રદેશ સંબંધોમાં તમે કરેલું અર્થઘટન આપણને સાચું જ લાગ્યું હતું અને પેગેનલે પણ ઘનિષ્ટ ચકાસણી બાદ એને માન્યતા આપી હતી. છતાં અનુભવને અંતે આપણને સમજાયું છે કે ૩૭°૧૧′ અક્ષાંશની રેખા ઉપર બ્રિટાનિયા જહાજને બીજે ગમે ત્યાં દુર્ઘટના નડી હશે, પરંતુ અમેરિકાની ધરતી ઉપર તો નહીં જ. એ કારણે આ નવું અર્થઘટન કરવાની આપણને ફરજ પડી છે. હું એનું ખંડન કે સમર્થન કાંઈ જ કરતો નથી. હું તો એટલી જ ખાતરી કરી લેવા ઇચ્છું છું કે આ નવું અર્થઘટન સ્વીકારી લેવામાં આપણે ફરીથી કાંઈ ભૂલ તો નથી કરતા ને? પેગેનલ મહાશયે કરેલા નવા અર્થઘટનમાં હવે વધુ પ્રતિવાદ ન થઈ શકે અને તેમાંથી વધુ નવા અર્થો શોધી શકાય જ નહીં, એવી નક્કર ભૂમિકા હું ઇચ્છું છું.

'આપણે એ માટે જ અહીં બેઠા છીએ.' પેગેનલે પણ મેજરની શંકાને આવકારી. પોતાના બુદ્ધિશાળી સાથીને તેની શંકા રજૂ કરવા જણાવ્યું.

'પશ્ચિમ સ્કોટલૅન્ડની ક્લાઇડની ખાડીમાંથી અઢી માસ પૂર્વે આપણે જે અર્થઘટનને આધારે અભિયાન આદર્યું હતું, તેમાં આપણને સંપૂર્ણ નિષ્ફળતા મળી છે. હવે નવા અર્થઘટન પ્રમાણે આપણે કૅપ્ટન ગ્રાન્ટની ખોજ ઑસ્ટ્રેલિયામાં કરવાની છે. એમાં સફળતાની તક કેટલા ટકા ગણી શકાય તે અંગે પહેલાં જ વિચારી લેવું જોઈએ. પ્રથમના અર્થઘટનમાં ભૂલ થઈ હતી, એમ તમે નિખાલસપણે કબૂલ કરો જ છો, પરંતુ કોને ખબર, દક્ષિણ અમેરિકા અને ઑસ્ટ્રેલિયા બાદ

કોઈ ત્રીજા સ્થળ બાબત આપણને ત્રીજું અર્થઘટન પણ મીનમેખ લાગી શકે?'

મેજરની રજૂઆતમાં તથ્ય તો હતું જ. એનો શું જવાબ આપવો તે બાબતમાં ગ્લેનાર્વન અને પેગેનલ બંને એકબીજા સામે જોઈ રહ્યા.

'એવી અનિશ્ચિતતા ટાળવા માટે મારું એવું સૂચન છે કે ઑસ્ટ્રેલિયા ઉપર પસંદગી ઉતારતાં અગાઉ કૅપ્ટન ગ્રાન્ટના એ પત્રોનો આપણે ફરીથી અભ્યાસ કરી લેવો જોઈએ. આપણી પાસે નકશા છે, તેમાં જોઈ લેવાનું રહેશે કે ઑસ્ટ્રેલિયા ઉપરાંત બીજા કયા કયા દેશો ૩૭°૧૧″ અક્ષાંશની રેખા ઉપર આવે છે. એવા પ્રદેશો અંગે કોઈ શક્યતા જણાતી હોય તો આખરી નિર્ણય લેતા પહેલાં તે માટે પણ પૂરતો વિચાર કરી લેવો જોઈએ. એ પૈકીના કોઈ દેશ કે પ્રદેશને પત્રોમાંના શબ્દો લાગુ પડે છે કે નહીં તે પણ ચકાસી લઈએ.'

'મેજર નેબ્સ, તમારી રજૂઆત તર્કશુદ્ધ છે. મીનમેખ માની લીધેલા અર્થઘટનને આધારે વારંવાર ખોટા પડવાનું આપણને પરવડે તેમ નથી. અન્ય કોઈ શક્યતા નહીં હોય, તો જ ઑસ્ટ્રેલિયા વિશેની શક્યતા નક્કર ગણી શકાય, પરંતુ મારી એ અંગેની જાણકારીને આધારે હું કહી શકું એમ છું કે ધારવા કરતાં એવી શક્યતા ચકાસવાનું કામ ઘણું સહેલું છે.' પેગેનલે ચર્ચાને યોગ્ય રીતનો વળાંક આપ્યો.

મેજરે ટેબલ ઉપર પાથરેલા દક્ષિણ ગોળાર્ધના નકશા ઉપર પેગેનલે ૩૭°૧૧″ અક્ષાંશની રેખા ઉપર નજર કરી. દક્ષિણ અમેરિકાના પેટાગોનિયા પ્રદેશથી પૂર્વ કાંઠે બુએનોસ એરીસ સુધીની મુસાફરી તો તેમણે કરી જ હતી તે સૌને યાદ કરાવ્યું. ત્યાંથી પૂર્વમાં આટલાન્ટિક મહાસાગરમાં એ રેખાની સીધી લીટીમાં 'ત્રિસ્તાન દ'આકુન્હા' નામના દ્વીપસમૂહના સ્થળ ઉપર આવીને પેગેનલની આંગળી અટકી. એ ટાપુઓના નામ અને પરિચય આપતાં એણે જણાવ્યું.

'એમાં માત્ર બે જ ટાપુઓ છે. એમાંના કોઈના પણ નામ સાથે ગ્રાન્ટના પત્રોના શબ્દોને બંધબેસતા કરી શકાય તેમ નથી. આટલાન્ટિકના એ ટાપુઓની આગળના હિન્દ મહાસાગરમાં એમ્સ્ટરડામ ટાપુઓનો સમૂહ છે. તેના નામો અંગે પણ જાણકારી મેળવી લઈએ. એમાંનાં કોઈ પણ નામ સાથે પત્રોમાંના શબ્દોનો મેળ બેસાડી શકાય તેમ નથી.'

ત્યાર બાદ આગળ એ જ અક્ષાંશ રેખા ઉપર ઑસ્ટ્રેલિયા ખંડનો પૂર્વ તરફનો દક્ષિણમાં ઉપસેલો ભાગ આવે છે. પશ્ચિમ કિનારે આવેલા કેપ બર્નોલીથી પૂર્વમાં ટુફોલ્ડ બે (Twofold Bay) સુધીમાં એ રેખા પસાર થાય છે અને ત્યાંથી આગળ ટાસમાન સમુદ્રમાં થઈને વધુ પૂર્વમાં ન્યૂઝીલૅન્ડના ઉત્તરના ટાપુ સૉંસરવી એ રેખા પ્રશાંત મહાસાગરમાં જાય છે. એ માર્ગ ઉપર આંગળી ફેરવતાં પેગેનલે જણાવ્યું કે,

'આપ સૌ સંમત થશો કે કૅપ્ટન ગ્રાન્ટના અંગ્રેજીમાં લખાયેલ પત્રમાંનો 'Stra' શબ્દ અને ફ્રેન્ચ ભાષામાં લખાયેલા પત્રમાંનો 'Austra' શબ્દો સીધી રીતે Australia માટે જ વપરાયા હતા અને મને તેમાં જરાય શંકા નથી. ૩૭°૧૧″ અક્ષાંશની એ રેખા ઉપરના અન્ય ટાપુઓ કે પ્રદેશનાં નામો સાથે કોઈ રીતે મેળ બેસાડી શકાય તેમ નથી. વળી ફ્રેન્ચ પત્રમાંનો 'Continent' એટલે કે ખંડ સાથે સ્પષ્ટ રીતે સંકળાયેલો છે. એમાં ન્યૂઝીલૅન્ડના ટાપુનો પણ સમાવેશ કરી શકાય તેમ નથી. એ પૈકીના કોઈ પણ ટાપુના નામ સાથે પત્રોમાંના શબ્દોને બંધબેસતા કરી શકાય તેમ છે, એવું આપ સૌમાંથી કોઈને પણ લાગતું હોય તો જણાવી શકે છે. એવી યોગ્ય વાત સ્વીકારવા માટે મારું મન ખુલ્લું જ છે.'

'હવે એ અંગે વિચારવાનું કાંઈ બાકી રહેતું નથી.' કૅપ્ટન મૅંગલ્સે વાતનું સમાપન કર્યું.

મેજરે પણ હથિયાર હેઠાં મૂક્યાં. તેણે જણાવ્યું કે, 'અન્ય ટાપુ-સમૂહો કે ન્યૂઝીલૅન્ડ સાથે પત્રોમાંના શબ્દોને સાંકળી શકાય તેમ નથી. એમ તો મને પણ લાગે છે.'

'ઑસ્ટ્રેલિયા અને તેની પૂર્વમાં પ્રશાંત મહાસાગરના વિશાળ જળપ્રદેશમાં દક્ષિણ અમેરિકા સુધીમાં માત્ર એક જ ટાપુ એવો છે જેમાં થઈને ૩૭°૧૧′ અક્ષાંશની રેખા પસાર થાય છે. એ ટાપુ છે મારિયા થેરેસાનો ટાપુ, પરંતુ એ નામ સાથે પણ પત્રોમાંના શબ્દોને જોડી શકાય તેમ નથી. આ તમામ સંભવિતતાઓને ધ્યાનમાં લેતાં મને સ્પષ્ટપણે લાગે છે કે આપણું હવે પછીનું લક્ષ્ય "ઑસ્ટ્રેલિયા" જ છે.' પેગેનલે પણ સમગ્ર પ્રશ્ન ઉપર પૂર્ણવિરામ મૂક્યું.

ભવિષ્યની દિશા અને લક્ષ્ય નક્કી થઈ ગયાં. હવે આગળની કાર્યવાહી અંગે જ વિચારવાનું બાકી હતું. લૉર્ડ ગ્લેનાર્વને એ અંગે કૅપ્ટન મેંગલ્સ સાથે ચર્ચા કરી.

'આપણે હવે પછી બબ્બે મહાસાગરો પસાર કરીને આગળ વધવાનું છે. એવી એ લાંબી મુસાફરી માટે નૌકા પૂરતું બળતણ અને આપણે માટે ખાણીપીણી પૂરતાં છે કે કેમ?'

'હા જી, તાકાહૂનાથી અમે પૂર્વ કાંઠે નૌકાને લાવવા માટે નીકળ્યા ત્યારે જ બળતણ અને અન્ય જરૂરી ચીજવસ્તુઓનો પૂરતો પુરવઠો મેં લીધી હતો. જરૂર પડે વધારાના કોલસા દક્ષિણ આફ્રિકાના કેપટાઉન બંદરેથી લઈ શકાશે.'

'તો હવે નૌકાનું લંગર ઉઠાવવા માટે તમે સૂચના આપી શકો છો.' ગ્લેનાર્વને કૅપ્ટન મેંગલ્સને સૂચના આપી.

'બીજા એક અગત્યના મુદ્દા અંગે તમારું ધ્યાન ખેંચવા માગું છું.' કાંઈક નવી રજૂઆત કરવાના હોય તે રીતે મેજરે આંગળી ઊંચી કરી.

'જરૂર જરૂર! લંગર ઉપાડાય તે પહેલાં જ કોઈ પણ શંકાનું નિરસન થઈ જવું જોઈએ.' ગ્લેનાર્વને નેબ્સને તેનો મુદ્દો સ્પષ્ટ કરવા જણાવ્યું.

'અત્યારે આપણે નક્કી કર્યા પ્રમાણે ૩૭°૧૧′ અક્ષાંશ રેખા ઉપર ડંકનની મુસાફરી સીધી લીટીમાં ઑસ્ટ્રેલિયા તરફની રહેવાની છે.' પત્રોમાંના શબ્દોનું જે નવું અર્થઘટન કર્યું છે, તે પ્રમાણે ઑસ્ટ્રેલિયામાં જ આપણને સફળતા મળવાની છે. તેમ છતાં મને વિચાર આવે છે કે આપણા માર્ગમાં ૩૭°૧૧′ અક્ષાંશ ઉપર જ ત્રિસ્તાન દ'આકુન્હા અને આમ્સ્ટરડામના દ્વીપસમૂહો આવે છે. આપણે એની પણ મુલાકાત લેવી જોઈએ. એમાં કોઈ વધારાનો સમય કે શક્તિના વ્યયનો પ્રશ્ન નથી. એ દરમિયાન આપણે જાણી શકીશું કે કૅપ્ટન ગ્રાન્ટ અને બ્રિટાનિયા ત્યાં થઈને પસાર થયા હોય અને તેને નડેલી દુર્ઘટના સંબંધમાં કોઈક નિશાની ત્યાં છોડી ગયા હોય તો તે આપણને મદદરૂપ બની શકશે.'

'ધન્યવાદ મેજર નેબ્સ! તમે હજી પણ તમારી મૂળ વાતને વળગી રહ્યા છો, તે માટે તમને ધન્યવાદ આપું છું.' પેગેનલે પોતાની પ્રશંસા કરી કે ટીકા કરી તે નેબ્સને સમજાયું નહીં. છતાં ઠાવકું મોં રાખીને બોલ્યો,

'જુઓ મહાશય, અહીં મારી કોઈ મૂળ વાત છે જ નહીં. હું ફક્ત એટલું જ વિચારું છું કે કોઈક સંજોગોમાં ઑસ્ટ્રેલિયામાં નિષ્ફળતા મળે, તો ત્યાર બાદ નવી તપાસ કરવા માટે એ જ અક્ષાંશ રેખા ઉપર આવેલા આ બે ટાપુઓ તરફ પાછા આવવાનું આપણને ગમશે નહીં. મારું સૂચન માત્ર આગમચેતી પૂરતું જ છે.'

'હું પણ માનું છું કે એ ટાપુઓમાં એવા કોઈ સગડ મળવાની શક્યતા નહીંવત છે, છતાં સ્થળ ઉપર મુલાકાત લઈને ખાતરી કરતા જવાનું હિતાવહ રહેશે.' ગ્લેનાર્વને જણાવ્યું.

મેજરની રજૂઆત સામે કોઈને કાંઈ જ કહેવાનું હતું નહીં. એની રજૂઆતમાં તથ્ય હતું જ. એને સ્વીકારી લઈ ગ્લેનાર્વને તરત જ આદેશ આપ્યો,

'ડંકનને અહીંથી પૂર્વમાં સીધા — ત્રિસ્તાન દ'આકુન્હા તરફ લઈ લો.'

લંગર ઉઠાવવામાં આવ્યું. પૂર્વ તરફની દિશામાં સુકાનને ઘુમાવવામાં આવ્યું. દક્ષિણ અમેરિકાનો પૂર્વકાંઠો છોડીને વિહારનૌકા ડંકન હવે આટલાન્ટિકનાં મોજાંઓ ઉપર ઊછળતી-કૂદતી ધીમેધીમે પૂર્વમાં સરવા લાગી.

બરાબર એ સમયે કૅપ્ટન ગ્રાન્ટનાં બંને સંતાનો ભાવાવેશમાં આવીને લૉર્ડ ગ્લેનાર્વનને વળગી પડ્યાં. પોતાના પિતાની ખોજમાં લૉર્ડ અને લેડી ગ્લેનાર્વન જે જહેમત લઈ રહ્યાં હતાં, તેનાથી તેઓ ગદ્‌ગદિત હતાં.

૨

ત્રિસ્તાન દ'આકુન્હાના ટાપુઓ

૩૭°૧૧′ દક્ષિણ અક્ષાંશની સીધી લીટીમાં પૂર્વતરફ 'ડંકન' નૌકાનું નવપ્રસ્થાન શરૂ થયું. પૂર્વ દિશામાં ઑસ્ટ્રેલિયા ખંડના દક્ષિણ પૂર્વ ખૂણાના ભૂભાગમાં આવેલા કેપ બર્નોલી બંદરે પહોંચવાનું એનું લક્ષ્ય હતું.

દક્ષિણ અમેરિકાના પ્રસ્થાનના સ્થળ કેપ કોરિએન્ટાસ અને ઑસ્ટ્રેલિયાના આ કેપ બર્નોલીના રેખાંશ ઉપર નૌકાએ જો વિષુવવૃત્ત ઉપર મુસાફરી કરવાની હોત, તો પૃથ્વીના ગોળાના આકારને કારણે ૧૯૬° જેટલા રેખાંશના તફાવત માટે એણે ૧૧,૭૬૦ માઈલની મુસાફરી કરવી પડી હોત. એ જ બે રેખાંશો વચ્ચે અહીં ૩૭°૧૧′ અક્ષાંશની સમાંતરે થઈ રહેલી તેની મુસાફરી માટે માત્ર ૯૪૮૦ માઈલ જ કાપવાના હતા.

આટલાન્ટિકના દક્ષિણ અમેરિકન કાંઠાથી ત્રિસ્તાન દ'આકુન્હા વચ્ચેનું અંતર ૨૧૦૦ માઈલ હતું. ત્યાં જવા માટે પવન જો અનુકૂળ હોય તો તે માત્ર દસ દિવસમાં જ પ્રવાસ પૂરો કરવાની મૅંગલ્સની ગણતરી હતી. એ માટે કૅપ્ટને લાંબી રાહ જોવી પડી નહીં. સાંજ સુધીમાં હવા ધીમી પડી ગઈ. ડંકનની ઝડપ આડે હવાની કોઈ જ રુકાવટ રહી ન હતી. એક ધારી ઝડપી ગતિએ એના ગંતવ્ય તરફ એ ધસતી રહી.

હવેના શાંત સમયમાં નૌકા ઉપર સૌની દિનચર્યા રાબેતા મુજબની બની ગઈ. ગત એક માસની જુદાઈ, તેમ જ જમીન માર્ગે ગયેલા જૂથને વેઠવી પડેલી હાડમારી જાણે કે સંપૂર્ણપણે વિસરાઈ ગઈ. નૌકાની હવેની મુસાફરી આટલાન્ટિક આરપારની હતી. એ માટે એણે ખુલ્લા દરિયામાં આવવું જ પડે એવો એ માર્ગ હતો. અનુકૂળ પવનોનો લાભ લેવા નૌકાના તમામ સઢો પણ ખુલ્લા મૂકવામાં આવ્યા. એને કારણે કોલસાની બચત થવા ઉપરાંત નૌકાની ઝડપ પણ મહત્તમ રહેતી હતી.

નજીકનો મુકામ ભલે ત્રિસ્તાન અને એમ્સ્ટરડામના ટાપુઓ ઉપર હોય, પરંતુ અંતિમ લક્ષ્ય ઑસ્ટ્રેલિયા જ હતું. ધીમેધીમે પરંતુ મક્કમ ગતિએ એનો કિનારો નજીક આવી રહ્યો હોય તેમ સૌએ અનુભવ્યું. કૅપ્ટન ગ્રાન્ટની મુલાકાત ઑસ્ટ્રેલિયાની ધરતી ઉપર તરત જ થઈ જવાની હોય તે રીતે તેને આવકારવા માટે સૌએ તૈયારી શરૂ કરી દીધી એટલું જ નહીં, કૅપ્ટન મૅંગલ્સે પોતાના સિનિયર સમકક્ષ માટે એક કૅબિન અલગ તારવી તેની સાફસૂફી પણ કરાવી.

આ સમય દરમિયાન ભૂગોળશાસ્ત્રી પેગેનલ માટે બહારની ખાસ કોઈ ફરજ હતી નહીં. બહાર આવી ખુલ્લામાં તાજી અને ખુશનુમા હવાની મજા માણવાને બદલે તેણે પોતાની જાતને કૅબિનમાં જ બંધ કરી દીધી. પેટાગોનિયાના પમ્પા પ્રદેશના પોતાનાં સંસ્મરણો અને અનુભવોને

શબ્દદેહ આપવાનો એણે પ્લાન બનાવ્યો. આર્જેન્ટાઇન-પમ્પા પ્રદેશનું અલૌકિક સૌંદર્ય — એક ભૂગોળશાસ્ત્રીની નજરે. નામના ગ્રંથલેખન માટેની જોરદાર શરૂઆત કરી પણ દીધી.

એ સંબંધમાં મિત્રો સાથે અવારનવાર ચર્ચા પણ થતી હતી. લેડી હેલીનાએ એ માટે પ્રશંસાનાં પુષ્પો વેર્યાં, તો એના ટીખળખોર મિત્ર મેજર નેબ્સે પોતાના સ્વભાવને અનુરૂપ એની મશ્કરી પણ કરી.

'પેગેનલ મહાશય, તમારા અગાઉના અનુભવોને ખ્યાલમાં રાખશો કે ઑસ્ટ્રેલિયન ભાષા શીખવાની ઉતાવળમાં અગાઉના જેવું ઊંધુંચત્તું થાય નહીં. એ ભાષા શીખવાની લ્હાયમાં તો ચાઇનીઝ ભાષાના વ્યાકરણનો સહારો લો તેવા છો.' પેગેનલે માત્ર સ્મિત કરીને પોતાનો હળવો પ્રતિભાવ આપ્યો.

ડંકનના તૂતક ઉપરનું ઘટનાચક્ર આમ તો રાબેતા મુજબનું ગોઠવાઈ ગયું હતું. તેમાં ઊભરી રહેલી થોડી નવીનતા લૉર્ડ ગ્લેનાર્વનના ધ્યાનમાં આવી. એણે અનુભવ્યું કે કૅપ્ટન મેંગલ્સ કુ. મૅરીની જરૂર કરતાં વધુ કાળજી રાખતો હતો. બંને એકબીજાનું નજીકપણું માનતાં હોય તેમ એને લાગ્યું. પોતાના મનની વાત એણે પત્ની હેલીનાને કરી. પતિ ગ્લેનાર્વને એક માસ માટે જ્યારે જમીનને રસ્તે ચાલેલા ખોજ અભિયાનમાં દૂર હતા તે દરમિયાન હેલીના તો ડંકનનૌકા ઉપર જ હાજર હતી. એની હાજરીમાં એ બંને નવયુવાન જોડી વચ્ચે વિકસી રહેલી નિકટતાથી એ અજાણ હોય તે શક્ય જ ન હતું. પતિએ જણાવેલી વાત અંગે પ્રથમ તો હેલીનાએ સ્મિત આપ્યું. ધીમેથી પોતાનો પ્રતિભાવ આપ્યો,

'બે યુવાન હૈયાં સ્વસ્થ રહીને નજીક આવતા હોય તેમાં મને કાંઈ જ અજુગતું લાગતું નથી, આશ્ચર્ય પણ થતું નથી.'

'એ અંગે મને પણ વ્યક્તિગત રીતે કાંઈ વાંધાજનક જણાતું નથી. મારું તો એટલું જ કહેવું છે કે મૅરીના પિતા કૅપ્ટન ગ્રાન્ટ એ માટે શું વિચારશે?'

'મારું માનવું છે કે તેઓ ખુશ થશે. તેઓ માનશે કે એમની સુંદર અને સુશીલ પુત્રીએ એને લાયક જીવનસાથી શોધ્યો છે.' હેલીનાએ જણાવ્યું.

દરમિયાન ડંકનનૌકા એકધારી ઝડપી ગતિથી પૂર્વમાં એના લક્ષ્યસ્થાન તરફ ધસતી રહી. કેપ કોરિએન્ટાસ છોડ્યાને ચાર દિવસ બાદ તા. ૧૬મી નવેમ્બરના રોજ પશ્ચિમ તરફથી વાઈ રહેલા તેજીલા વાયરાનો અનુભવ થયો. દરિયાઈ પવનનો લાભ લેવા ડંકનના તમામ સઢ પહેલેથી જ ખુલ્લા કરાયા હતા. હવે હવા તેજદાર બનતા એની સીધી અસર નૌકાની ઝડપ ઉપર પડી. નાવિકોની કોઈ પણ સક્રિય કામગીરી વિના પણ ધાર્યા કરતાં વધુ ઝડપે નિર્ધારિત દિશામાં એ દોડતી રહી. ઇંગ્લૅન્ડમાં ઘરઆંગણેની રૉયલ યાટ ક્લબની નૌકાદોડની હરીફાઈમાં ભાગ લઈ રહી હોય તેવી ગતિનો સૌને અહેસાસ થયો.

ચારેતરફ ક્ષિતિજ પાર સુધી ફેલાયેલા મહાસાગરની વિપુલ જળરાશિમાં નૌકાની આજુબાજુમાં ફેલાયેલા એક કૌતુક તરફ સૌનું ધ્યાન ખેંચવામાં આવ્યું. દરિયાનાં નીતર્યા પાણી ઉપર તરી રહેલી અને મોજાંઓના હલકારા સાથે લહેરાઈ રહેલી દરિયાઈ વેલાઓની વનસ્પતિનાં ઝૂંડનાં ઝૂંડ સવારે સૂરજના પ્રકાશમાં સૌએ જોયાં. આ માર્ગના એક પૂર્વ પ્રવાસી કમાન્ડર મૂરેએ પોતાની નોંધમાં આ વનસ્પતિનો ઉલ્લેખ કર્યો હોવાનું પેગેનલે જણાવ્યું. એવી વનસ્પતિથી સાવધાન રહેવા તેણે જહાજીઓને સૂચન પણ કર્યું હતું. પમ્પા પ્રદેશનાં સરોવરોમાં તરતી વનસ્પતિ જેવી જ આ સ્થિતિ હોવાનો પેગેનલને ખ્યાલ આવ્યો. એવી વનસ્પતિના લાંબા-

પહોળા પથારા ઉપર થઈને આગળનો માર્ગ કાપવામાં શક્તિશાળી ડંકનનૌકાને તો કોઈ વાંધો આવ્યો ન હતો, પરંતુ એવા અવરોધને કારણે ડંકનની દોડ ધીમી તો પડી જ ગઈ.

ત્યાર બાદના ચોવીસ કલાક સુધી એવી ધીમી દોડ ચાલુ રહી. બીજા દિવસના પરોઢિયે કૂવાસ્તંભ ઉપરની દર્શનગૅલેરીમાં ઊભેલા ચોકિયાત નાવિકનો પોકાર સૌના કાને અથડાયો.

'એ હોય... — આગળ જમીન દેખાય છે.'

'કઈ બાજુએ?' રાત્રીની ફરજ ઉપર રહેનાર અધિકારી ટૉમ ઓસ્ટિને ખુલાસો માગ્યો.

'આપણી બરાબર સામે પૂર્વમાં સૂર્યોદય પહેલાના ધૂંધળા અજવાળામાં શિખર જેવું જણાય છે.' ઉપરથી જવાબ મળ્યો.

જમીન દેખાઈ હોવાનો પોકાર સાંભળી સવારની મીઠી નિંદર માણી રહેલા સૌ કોઈ સફાળાં બેઠાં થઈ ગયાં. કૅબિનોનું હૂંફાળું હવામાન છોડીને સૌ બહાર ઠંડા પવનમાં તૂતક ઉપર આવી ગયાં. પેગેનલ પણ ઊંઘમાંથી ઊઠીને તરત જ તૂતક ઉપર આવી ગયો. એનું હંમેશનું સાથી દૂરબીન ગળામાં ભેરવેલું જ હતું. તાજી ઊંઘથી ધૂંધળી બનેલી એની આંખો સમક્ષ દૂર ક્ષિતિજ ઉપર ડોકાઈ રહેલા એ શિખરને વાદળોથી જુદું તારવવામાં થોડો સમય લાગ્યો.

'ત્યાં પૂર્વમાં જુઓ. વાદળોથી વિંટળાયેલું શિખર તમને દેખાશે. એ છે ત્રિસ્તાન દ'અકુન્હાનો ટાપુ.' કૅપ્ટને આંગળી ચીંધી.

'હા જી. હવે ખ્યાલમાં આવ્યું. મારું માનવું છે કે આપણે એ ટાપુથી લગભગ ૮૦ માઈલના અંતરે છીએ. ત્રિસ્તાન ટાપુનું એ શિખર સાત હજાર ફૂટ ઊંચું છે. તેની ટોચ એ અંતરેથી જોઈ શકાય છે.' પેગેનલે પોતાની જાણકારીનું પ્રદર્શન કર્યું.

થોડા વધુ કલાકોની દડમજલ અને ત્રિસ્તાન ટાપુનો ખડકાળ કિનારો સૌની નજર સામે આવી ગયો. ડુંગરાળ ત્રિસ્તાન ટાપુ ઉપરનું એ જ નામધારી શંકુ આકારનું શિખર ભૂરા આકાશમાં સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યું. એ શિખરની પાછળ પૂર્વમાં ઊગીને ઊંચે ચડી રહેલા સૂરજનાં કિરણોની પશ્ચાદ્ ભૂમિકામાં કાળમીંઢ ખડકોના બનેલા શિખરના અપ્રતિમ સૌંદર્યને સૌ મુગ્ધભાવે માણી રહ્યાં.

૩૭°૮" દક્ષિણ અક્ષાંશ અને ૧૦°.૪૪" પશ્ચિમ રેખાંશના મધ્યબિંદુ ઉપર આવેલો ત્રિસ્તાન દ'આકુન્હાનો નાનકડો દ્વીપસમૂહ દક્ષિણ આટલાન્ટિક સાગરનો એકમાત્ર જમીની હિસ્સો છે. એનો શરૂનો પ્રથમ ટાપુ ઇનએક્સેસિબલ આઇલૅન્ડને નામે ઓળખાય છે અને તે એ અક્ષાંશની અઢાર માઈલ દક્ષિણ પશ્ચિમે આવેલો છે. જ્યારે નાઇટિંગેલ આઇલૅન્ડ તરીકે ઓળખાતો બીજો ટાપુ એ અક્ષાંશ રેખાની દક્ષિણપૂર્વમાં છે. માત્ર બે જ ટાપુઓનો એ દ્વીપસમૂહ છે.

બપોરના ત્રણ વાગ્યાના સુમારે પ્રથમ ટાપુના ફોલ્માઉથ-બેમાં ડંકને પ્રવેશ કર્યો. ખડકાળ કિનારાઓ વચ્ચેના અખાતનાં ઊંડાં પાણીમાં લંગર નાખીને અનેક વ્હેલિંગ જહાજો શાંતિથી ઊભાં હતાં. દક્ષિણ ધ્રુવ નજીકના એન્ટાર્ટિક સાગરમાં વ્હેલના શિકાર માટે આવતાં વ્હેલિંગ જહાજો માટેનું આ એકમાત્ર વિરામસ્થાન હતું. અખાતના પાણીમાં સીલ ઉપરાંત પણ અનેક પ્રકારનાં જળચરો મોટી સંખ્યામાં જોવા મળ્યાં.

ખડકાળ કાંઠાની નજીક લઈ જવાને બદલે કૅપ્ટને સલામત અંતરે જ લંગર ઉતાર્યું. નૌકા ઉપરની હોડીને પાણીમાં ઉતારવામાં આવી. સૌને તેમાં કાળજીપૂર્વક બેસાડવામાં આવ્યાં.

ત્રિસ્તાન દ'આકુન્હા આ ટાપુસમૂહનું એકમાત્ર શહેર કે ગામ હતું. એમાં છૂટાછવાયાં માત્ર

પચાસેક મકાનો જ જોવામાં આવ્યાં. ટાપુના વધુ અંદરના ભાગમાં આશરે પંદરસો એકર જેટલી ઘાસિયાંની સમથળ કહી શકાય તેવી જમીન હતી. ડુંગરોમાંથી વહેતાં નાનાં મોટાં ઝરણાનું પાણી ત્યાંના નિવાસીઓ માટે તથા જહાજીઓ માટે પાણીનો એકમાત્ર સ્રોત હતો.

નજીકના દક્ષિણ આફ્રિકાના કેપટાઉનની બ્રિટિશ કૉલોનીમાંથી આ ટાપુ માટે ગવર્નર મોકલવામાં આવતો. બ્રિટનની પાર્લામેન્ટના હાઉસ ઑફ લૉર્ડ્ઝના એક ઉમરાવ લૉર્ડ ઍડવર્ડ ગ્લેનાર્વન કદાચ આ ટાપુની મુલાકાત લેનારા પહેલા જ ઉચ્ચોચ્ચ રાજનીતિજ્ઞ હતા. આ ટાપુ માટે તેઓ મોંઘેરા મહેમાન હતા. ગવર્નરે ગ્લેનાર્વન દંપતીનો યોગ્ય રીતનો સત્કાર કર્યો. સામાન્ય વાતચીત દરમિયાન ગ્લેનાર્વને આ ટાપુની પોતાની મુલાકાતનો હેતુ સ્પષ્ટ કર્યો. કૅપ્ટન ગ્રાન્ટ અને તેના બ્રિટાનિયા જહાજ સંબંધી કોઈ પણ માહિતી તેની પાસે હોય તો તે જણાવવા કહ્યું.

ગવર્નરના જણાવ્યા પ્રમાણે ત્રિસ્તાન ટાપુઓ વેપારી કે યાત્રી જહાજોના ધોરીમાર્ગોથી ઘણું દૂર હતું. માર્ગ ભૂલેલાં કે તોફાનોમાં સપડાયેલાં જહાજો સિવાય અહીં ક્યારેય એવા કોઈ જહાજ આવે તેવી શક્યતા નહીંવત્ હતી. એનું મહત્ત્વ માત્ર વ્હેલિંગ જહાજો પૂરતું જ મર્યાદિત હતું. ગવર્નરના જણાવ્યા પ્રમાસે ૧૮૨૧માં 'બ્લેન્ડન હૉલ' નામનું એક જહાજ ભયાનક તોફાનમાં સપડાઈને ઇનએક્સેસીબલ આઇલૅન્ડ નજીક ખેંચાઈ આવ્યું હતું. ત્યાર બાદ ટાપુના બહારના ખડકો સાથે અથડાઈને તૂટી ગયું હતું. એ ઉપરાંત ૧૮૪૫માં "પ્રાઇમનગીટ" નામનું તથા ૧૮૫૭માં "ફિલાડેલ્ફિયા" નામનું અમેરિકન જહાજ આ ટાપુના કિનારે જ એ રીતે નષ્ટ થયાં હતાં. આ ત્રણ જહાજો સિવાય અન્ય કોઈ જહાજ અંગેની માહિતી ટાપુ ઉપરના રેકૉર્ડમાંથી તેઓને મળી શકે તેમ ન હતી. બ્રિટાનિયા નામના જહાજ અંગે તેઓને કાંઈ જ જાણકારી ન હતી.

આ જાતની સત્તાવાર માહિતી હોવા છતાં વધુ ખાતરી કરવા માટે ગ્લેનાર્વને બે નૌકાઓમાં પોતાના થોડા થોડા નાવિકને મોકલીને બંને બાજુએથી પ્રદક્ષિણા કરાવી. બંને નૌકાઓ કોઈ પણ જાતની વધારાની માહિતી લાવ્યા વિના જ પાછી ફરી. અન્ય કોઈ જહાજી દુર્ઘટનાની નિશાની એમના જોવામાં આવી ન હતી.

એ દરમિયાન લૉર્ડ ગ્લેનાર્વન વગેરેએ ગામનાં ઘરોની મુલાકાત લીધી. અંદાજે ૧૫૦ માણસોની વસ્તી હતી. મુખ્યત્વે બ્રિટિશ અને અમેરિકન પુરુષો અને તેમની હબસી સ્ત્રીઓથી જન્મેલી પેઢીનાં જ એ માણસો હતાં. દરેક ઘરનાં વંડા સુધી મકાઈ અને ઘઉંનાં ખેતરોમાં લહેરાતો મૉલ જોઈને સૌને આનંદ થયો. ઘેટાં-બકરાં જેવાં પાલતુ પ્રાણીઓ અહીંતહીં ચરતાં હતાં. કેવળ કુદરતની કૃપા ઉપર જ નભી રહેલી એ પ્રાકૃતિક છતાં આધુનિક કહી શકાય તેવી વસાહતને સૌએ મનભરીને માણી. માનવજીવન માટે અનિવાર્ય એવાં ધાન્ય તથા પ્રાણીઓને ૪૦ વર્ષ અગાઉ અહીં લાવવામાં આવ્યાં હતાં. એને આધારે જ ટાપુ ઉપરની આ વસાહતનું જીવન ધબકતું હતું.

રાત્રીનાં અંધારાં ઊતરે તે પહેલાં સૌ સહીસલામત રીતે નૌકાના આરામદાયક માહોલમાં પહોંચી ગયાં.

આ ટાપુની આવી અણધારી અને છતાં ટૂંકી મુલાકાતમાં કૅપ્ટન ગ્રાન્ટ કે બ્રિટાનિયા સંબંધી કોઈ માહિતી મળવાની અપેક્ષા પણ ન હતી. એક હકીકત પુરવાર થઈ કે ૩૭°.૧૧′ દક્ષિણ અક્ષાંશ ઉપરના આ ટાપુઓની નજીકના વિસ્તારોમાં બ્રિટાનિયા નામના જહાજની કોઈ દુર્ઘટના બની ન હતી. સંભવિત શક્યતાની યાદીમાંથી એ કારણે ત્રિસ્તાન દ'આકુન્હો ટાપુઓનું નામ રદ

થયું.

૩

સંસ્કૃતિના વાહકો

આટલાન્ટિક મહાસાગરમાં ૩૭° દક્ષિણ અક્ષાંશ અને ૧૦° પશ્ચિમ રેખાંશના ક્રૉસ સેક્સન ઉપર આવેલા ત્રિસ્તાન દ'આકુન્હો ટાપુઓની પૂર્વમાં એ જ અક્ષાંશ ઉપર હિન્દ મહાસાગરમાં આમ્સ્ટરડામ ટાપુઓનું સ્થાન હતું. ડંકનની સીધી લીટીની એ મુસાફરી પણ ઘણી લાંબી હતી. અને ત્યાંથી પૂર્વમાં સીધા જતાં દક્ષિણ-પૂર્વમાં ઑસ્ટ્રેલિયાના કેપ બર્નોલી સુધીનો પ્રવાસ તો એનાથી પણ વધુ લાંબો હતો. દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કાંઠાના તાકાહુના બંદરેથી લીધેલો કોલસાનો જથ્થો એટલી લાંબી મજલ માટે પૂરતો ન હતો. કૅપ્ટન મેંગલ્સના જણાવ્યા પ્રમાણે દક્ષિણ આફ્રિકાના કેપટાઉન બંદરેથી વધારાનું બળતણ લેવાનું જરૂરી હતું. ત્યાર પછીના આગળના માર્ગમાં અન્યત્ર ક્યાંયે એની પૂર્તિ એ થઈ શકવાની ન હતી.

ત્રિસ્તાન ટાપુથી માત્ર બે અક્ષાંશ ઉત્તર પૂર્વમાં ૧૩૦૦ માઈલ કેપટાઉન બંદર હતું. ત્યાંથી કોલસા ભર્યા બાદ નૌકાએ ફરીથી ત્રિસ્તાન દ'આકુન્હા આવવાની જરૂર ન હતી. તેને બદલે દક્ષિણપૂર્વમાં આગળ માત્ર બે અંશ અક્ષાંશ નીચે દક્ષિણમાં નૌકાને હિન્દ મહાસાગરમાં ૨૯૦૦ માઈલ જેટલું અંતર કાપવું પડે તેમ હતું. એ રીતે ત્રણ બિન્દુઓ વચ્ચેનો એક ત્રિકોણ રચાતો હતો.

કૅપ્ટન મેંગલ્સે ડંકનનું સુકાન ઉત્તર પૂર્વમાં દક્ષિણ આફ્રિકાને છેક દક્ષિણે આવેલી કૅપ ઑફ ગ્રૂડ હોપ તરફ ઘુમાવ્યું. હવામાન અનુકૂળ હોવાને કારણે ૧૩૦૦ માઈલનું અંતર માત્ર છ દિવસમાં જ કાપી શકાયું. ૨૪મી નવેમ્બરના રોજે બપોરે ૩ વાગ્યે દૂરથી કેપટાઉન બંદર અને તેની પાછળ ટેબલ માઉન્ટેનનાં દર્શન થયાં. રાત્રે આઠ વાગ્યે બંદરની કોલસા માટેની ગોદી પાસે લંગર ઉતારવામાં આવ્યું.

અહીં જેટ્ટી ઉપર કોઈએ ઊતરવાનું ન હતું. રાત્રિ દરમિયાન ડંકનનાં ભંડકિયાંઓમાં કોલસા ભરવાનું કામ ચાલ્યું. સવાર સુધીમાં એ કામ પૂરું થઈ ગયું. તરત જ લંગર ઉપાડવામાં આવ્યું. એ માટે સુકાનને દક્ષિણ પૂર્વની દિશામાં ઘુમાવવામાં આવ્યું. ત્રિસ્તાનથી કેપટાઉન આવવા માટે ડંકનનૌકાને બે ડિગ્રી અક્ષાંશ ઊંચે ઉત્તરમાં હંકારવામાં આવી હતી. હવે તેને એટલા જ અંતર સુધી નીચે દક્ષિણમાં હંકારવામાં આવી. ૩૭°.૧૧′ દક્ષિણ અક્ષાંશ સુધી આવ્યા બાદ સીધા પૂર્વમાં એમ્સ્ટરડામ ટાપુઓ તરફ એની યાત્રા શરૂ થઈ.

કેપટાઉનથી એમ્સ્ટરડામ ટાપુઓ વચ્ચે ૨૯૦૦ માઈલનું અંતર હતું. હવામાન અનુકૂળ હોય તો માત્ર ૧૦ દિવસમાં જ ત્યાં પહોંચવાની કૅપ્ટનની ધારણા હતી. પમ્પા પ્રદેશના વિષમ હવામાનની સરખામણીમાં અહીં હિન્દ મહાસાગરના આ દક્ષિણ ભાગનું હવામાન આશ્ચર્યજનક

રીતે મૈત્રીપૂર્ણ રહ્યું. સાગરનાં હળવાં મોજાંઓ ઉપર ચાલી રહેલી એકધારી ઝડપી ગતિથી પેગેનલ ગેલમાં આવી ગયો. એઓ મોટેથી બૂમ પાડી ઊઠ્યા,

'ઓહો! મહાસાગરનું કેવું વિરાટ અને અદ્‌ભુત સ્વરુપ છે! એવી સ્થિતિમાં જ માણસમાં રહેલી બુદ્ધિ અને શક્તિ ખીલી ઊઠે છે, અને એના જીવનમાં તેવો વિનિયોગ કરી શકે છે. આપણી આ ડંકન જેવાં જળયાનો જ સાચા અર્થમાં સંસ્કૃતિના વાહકો છે.'

'મિત્રો, ખ્યાલ કરો તમારો મનમાં કે સમુદ્રોના અમાપ જળરાશિ વડે આ પૃથ્વી ભિન્નભિન્ન ખંડોમાં વહેંચાયેલી ન હોત, બલકે એક જ મહાખંડની* બનેલી હોત તો શું થાત. આજે જગતભરના અલગ અલગ ખંડોમાં આપણે જે રીતનું વૈવિધ્ય જોઈએ છીએ અને એવાં જળયાનોના માધ્યમ દ્વારા જે રીતે વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે વિનિમય થઈ રહ્યો છે, તે કદાચ શક્ય બન્યું ન હોત. એવા એકલ મહાખંડ ઉપર કેવળ એકવિધતા હોત અને એના ઘણા ભાગોથી આજે પણ આપણે ઘણા ઘણા અપરિચિત જ રહ્યા હોત. તમે સમજો! મિત્રો, કે આજની આપણી અધધ પ્રગતિ પછી પણ આપણા જુદા જુદા ખંડોના અંતરિયાળ વિસ્તારો, એમાં જવા માટેનાં યોગ્ય વાહનોના અભાવને કારણે આપણાથી કેટલા દૂર અને અજ્ઞાત છે?' પેગેનલે જ્ઞાન અને વિજ્ઞાન અંગેની પોતાની ફિલસૂફી આગળ ચલાવી. વધુ વિગતો આપતાં તેણે જણાવ્યું.

'સાઇબિરિયન સ્ટેપ્સના હિમાચ્છાદિત મેદાનો, મધ્ય એશિયાના ઉચ્ચ પ્રદેશો, સહારાના રણ વિસ્તારો, અમેરિકન ખંડોની લાંબી-પહોળી એમેઝોન કે કોલોરાડો નદીઓ તેમ જ ગ્રાન્ડ કેનિયન કે કોલોરાડો કેન્યનનાં ઊંડાં કોતરા ઉપરાંત ધ્રુવપ્રદેશો જેવાં સ્થળો આપણી જ આ પૃથ્વીના ભાગરૂપ હોવા છતાં ત્યાં પગ મૂકવાનું માણસ ભાગ્યે જ વિચારી શકે. અગાઉ જે સાહસિકોએ ત્યાં પગ મૂકવાની હિંમત કરી હશે, તેમાંના મોટા ભાગનાઓ પોતાની કરમકઠણી કહેવા પરત આવી શક્યા નથી. માણસે પ્રગતિ સાધી છે, અવનવા સાધનો પણ વિકસાવ્યાં છે, છતાં તે હજી કેટલાં અપૂર્ણ છે, તેમ જ ટાંચાં છે? દઝાડતી ગરમી, થથરાવતી ઠંડી કે માનવભક્ષી આદિવાસીઓ તરફના અવરોધો એ પ્રદેશોનો તાગ મેળવવા આડેના કેટલા મોટા અવરોધો છે? રેતીના રણનો માત્ર વીસ માઈલનો ફાસલો પણ જળમાર્ગના પાંચસો માઈલની સરખામણીમાં, માણસ સાથે માણસના મિલન માટે વધુ અવરોધક બની શકે છે.'

પેગેનલના અસ્ખલિત વાણીપ્રવાહને કોઈ અટકાવી શકે તેમ ન હતું. એની રજૂઆતમાં ભારોભાર સચ્ચાઈનો રણકો હતો. સાગર જ જેનું જીવન હતું, એવા કૅપ્ટન મેંગલ્સને પણ પેગેનલે કરેલી દરિયાઈ માર્ગની પ્રશસ્તિમાં કાંઈ નવું ઉમેરવા જેવું લાગ્યું નહીં. સૌએ એ સ્થિતિ સ્વીકારી કે કૅપ્ટન ગ્રાન્ટને જમીન ઉપરની તેની કોઈ મુસાફરીમાં કોઈ દુર્ઘટના નડી હોત, તો તેનો સંદેશો આકસ્મિક રીતે મળવાની પણ શક્યતા ન હોત. એવા સંજોગોમાં એને માટે આટલું લાંબું શોધઅભિયાન પણ અશક્ય બન્યું હોત.

અહીં કૅપ્ટન ગ્રાન્ટની કથા દરિયાઈમાર્ગે થયેલી દુર્ઘટનાની હતી. એણે મોકલેલો સંદેશો શાર્કના પેટમાં સવાર થઈ લૉર્ડ ગ્લેનાર્વન સુધી આવી શક્યો હતો. એવો સંદેશો અધૂરો હતો છતાં એને આધારે એમની ખોજમાં નીકળેલાં ડંકનના સાહસિકો માટે દુનિયાભરના મહાસાગરો ખુલ્લા હતા. જમીનમાર્ગના પ્રવાસીઓ માટે એવી શક્યતા નહીંવત જ હોત.

આખરે છઠ્ઠી ડિસેમ્બરનો દિવસ ઊગ્યો. ક્ષિતિજ ઉપરથી બહાર ડોકું કાઢીને ઊગી રહેલા સૂરજનાં પ્રકાશ કિરણો દરિયાની અસ્થિર સપાટી ઉપર રેલાઈ રહ્યાં. એનાં ઝળાંઝળાં પ્રકાશ

વચ્ચે ત્રિકોણ આકારનું ગગનગામી હોય તેવું કાળું ધાબું દેખાયું. આમ્સ્ટરડામના ટાપુનું એ એકમાત્ર ઊંચું શિખર હતું. ૩૭°.૪૭" દક્ષિણ અક્ષાંશ અને ૭૭°.૨૪" પૂર્વ રેખાંશના મિલનબિંદુ ઉપર આવેલા એ ટાપુઓ હવે પછીની ખોજ માટેનું લક્ષ્ય હતા. વાદળ વિનાના ખુલ્લા આકાશ નીચે પચાસ માઈલની દૂરી ઉપર આવેલા એ ટાપુઓ આમ તો ઘણા નાના હતા, છતાં ઑસ્ટ્રેલિયા તરફ જતા માર્ગમાં જ આવતા હતા. કૅપ્ટન ગ્રાન્ટ અને તેના બ્રિટાનિયા જહાજ બાબતમાં કોઈ માહિતી અહીંથી મળવાની આશા આમ તો ધૂંધળી જ હતી. બે કલાકમાં નૌકા એની એટલી નજીક પહોંચી ગઈ કે એનાં તૂતક ઉપર ઊભા ઊભા પણ એ જોઈ શકાતા હતા.

એને જોઈને પેગેનલને પોતાનું ભૂગોળનું જ્ઞાન સાંભરી આવું. એ બોલ્યા,

'અહા, કેવું સુંદર દૃશ્ય છે. અહીંના પાણીમાં પણ સીલ માછલીઓની જ બોલબાલા છે. એવું અગાઉના પ્રવાસીઓએ કરેલું વર્ણન મેં વાંચ્યું છે. વધારામાં આ ટાપુ ઉપર રૉબિન પક્ષીઓ વસવાટ કરે છે, તેની પણ માહિતી મારી પાસે છે.'

'લાગે છે કે તમારાં એ રૉબિન પક્ષી સર્વવ્યાપી જીવ છે.' લેડી હેલીનાએ વાત શરૂ કરી.

'આ રૉબિન પક્ષીની વાત નીકળે છે, ને મને તમારા દેશના મશહૂર લેખક ડેનિયર ડીફોએ સર્જેલા રૉબિન્સન ક્રૂઝોની કથા યાદ આવે છે. મહાસાગરની મધ્યમમાં પોતાનું જહાજ દુર્ઘટનાગ્રસ્ત બનતાં જીવ બચાવવા નજીકના નિર્જન ટાપુ ઉપર તેણે આશ્રય લીધો હતો અને તે ત્યાં અઠ્ઠાવીસ વર્ષ એકલતામાં ગાળ્યા હતા, તે કથા કેમ ભુલાય? મને તો કથાના એ નાયકની ઈર્ષા થાય છે.' પેગેનલે જણાવ્યું.

'પેગેનલ મહાશય! એક પ્રશ્ન પૂછું?' કુ. મૅરીએ મીઠો ટહુકો કર્યો.

'એક જ પ્રશ્ન શું કામ? અનેક પ્રશ્ન પૂછ ને. હું જવાબ આપીશ.'

'મારો પ્રશ્ન એ છે કે એ કથાના નાયકની જેમ જ તમે પણ સંજોગવશાત્ એકલા એવા ટાપુ ઉપર પહોંચી જાવ તો તમને ડર ન લાગે? તમને એ સ્થિતિ ગમે ખરી?'

'કોણ હું? અને તે એવા દૂરના ટાપુ ઉપર એકલો?'

પેગેનલ તત્કાળ જવાબ શોધવા ફાંફાં મારવા લાગ્યા.

'જવાબ આપો, પેગેનલ મહાશય.' મેજર નેબ્સે વ્યંગની ભાષામાં એને સાણસામાં લીધો, 'હવે એવો જવાબ આપશો નહીં કે એવી સ્થિતિમાં રહેવાનું તમારું સપનું હતું.'

'જોકે એવી સ્થિતિનું મેં કદી કોઈ સપનું સેવ્યું નથી, તેમ છતાં એવી સ્થિતિ મારે માટે સાવ અણગમતી નહીં હોય.' ત્યાર બાદ થોડો વિચાર કરીને એણે પોતાના વિચારો વ્યક્ત કરવાની શરૂઆત કરી.

'કોઈ સંજોગમાં મારે માટે એવી જિંદગી વાસ્તવિકતા બને, તો મગજ બંધ કરીને ટૂંટિયું વાળીને બેસી જવાને બદલે હું પ્રકૃતિના ખોળામાં બેસીને નવી જિંદગી જીવવાની શરૂઆત કરી દઉં. કેવળ મારી મરજી પ્રમાણે જ જીવન જીવવાની અનાયાસ મળેલી તકનો મોકળા મનથી ઉપયોગ કરું. હું પણ ત્યાંના પક્ષીઓ અને પ્રાણીઓની જેમ જ મુક્તવિહારી બની જાઉં. સમાજજીવનના કોઈ પણ યમ-નિયમ કે બાધાબંધનો વિના હું મારા મનનો રાજા બની જાઉં. તેમ છતાં માનવી તરીકે પ્રકૃતિની અનન્ય ભેટ — મારી બુદ્ધિશક્તિનો ઉપયોગ કરીને એ જ પ્રકૃતિની વિષમતાઓ સામે જીવવા માટે નાનકડા ઘોસલાંની હું રચના કરું. મેં ઉગાડેલાં ધાન કે કરેલા શિકારનો હું એકલો જ માલિક બની જાઉં. ટૂંકમાં કહું તો એવી સ્થિતિમાં મારે રહેવાનું આવે તો મારા એકલાનું હું એક સંસ્થાન બનાવી દઉં.'

‘શું કહો છો તમે? તમે એકલાએકલા જ એવું કરી શકશો?’ નિર્દોષભાવે કુ. મૅરીએ પ્રશ્ન પૂછ્યો.

‘કેમ નહીં. મને ફરજ જ પડે તો હું મારો એકલાનો સંસાર વસાવી લઉં. હું એનાં પશુઓ અને પંખીઓનું કુટુંબ બનાવી દઉં. એને આપણે પ્રેમથી જરૂર આપણાં બનાવી શકીએ અને એવામાં નસીબ જાગે અને કોઈ અજ્ઞાત ખૂણામાંથી, રૉબિન્સન ક્રૂઝોને મળેલા ફ્રાયડે જેવો કોઈ હમરાહી આવી મળે તો સોનામાં સુગંધ મળી જાય. એક જ નાના ટાપુ ઉપર ફસાયેલા અમારા બે માણસોનો પણ એક નાનકડો સમાજ બની જાય. અમે એ ટાપુને સ્વર્ગ બનાવી દઈએ.’ ત્યાર બાદ મેજર નેબ્સ તરફ સૂચક નજરે જોઈને સ્મિત સાથે બોલ્યો,

‘દાખલા તરીકે મારા આ પરમ મિત્ર મેજર નેબ્સ મારી સાથે થઈ જાય.’

‘ના ભઈ ના, મને એવી જિંદગીનો કોઈ ધખારો નથી. એવી સ્થિતિમાં હું એક બહુ જ નબળો રૉબિન્સન પુરવાર થાઉં.’ મેજરે બંને હાથોનો ક્રૉસ રચીને પોતાનો પ્રતિભાવ આપ્યો.

‘ધીમા પડો, પેગેનલ મહાશય.’ ડેનિયલ ડીફોની અમર નવલકથા ‘રૉબિન્સન ક્રૂઝો’ના નાયકનું અનુસરણ કરવાની વાત કરનાર પેગેનલને ઉદ્દેશીને લેડી હેલીના બોલી ઊઠ્યાં.

‘તમે કલ્પનાની પાંખે ભલે ગમે તેટલી ઊંચી ઉડાન ભરો અને એની કલ્પનામાં એવું જીવન મધુરું પણ જણાતું હશે, પરંતુ એ પ્રકારની વાસ્તવિક જિંદગી ધારીએ તેના કરતાં વધુ બિહામણી અને કષ્ટમય હોય છે. મધદરિયાની જહાજી દુર્ઘટનાને કારણે એકાંત ટાપુ ઉપર માત્ર જિંદગી બચાવી લીધાનો આનંદ શરૂમાં એના કથાનાયકને જરૂર થયો હશે. સમાજની આધિવ્યાધિ તથા ઉપાધિઓમાંથી મુક્ત થઈ ગયા એવી લાગણી શરૂઆતમાં ભલે થાય, પરંતુ જીવન કેવળ એક જ પળ માટેના અસ્તિત્વનું નથી હોતું.’

‘શું કહો છો તમે?’ પોતાની વિચારસરણીથી સાવ વિપરીત વિચારો સાંભળીને પેગેનલ બોલી ઊઠ્યા.

‘એવા દૂરદરારી ટાપુ ઉપરના જીવનની ફરતે શું સુખનો દરિયો છલકાતો નથી હોતો?’

‘નહીં જી, પેગેનલ મહાશય! જરાયે નહીં. માણસ એક સામાજિક જીવ છે. સમૂહમાં જ એનું જીવન નભી શકે છે. તમે તમારા મનને તમારી રહેણીકરણીને અનુરૂપ છૂટો દોર આપેલો જણાય છે. સ્વપ્નો કે દિવાસ્વપ્નો એને સથવારે સોહામણાં દેખાતાં હશે, પરંતુ વાસ્તવિક જીવનની આવશ્યકતાઓ અવગણવા જેવી બાબતો નથી. ખોરાક, કપડાં જેવી આપણી રોજેરોજની જરૂરિયાતો વિના જીવન અકારું થઈ પડે. તમે એક પ્રખર બુદ્ધિશાળી જીવ છો, પરંતુ તમારું શરીર પણ બાકીના તમારા સાથીઓ જેવું જ હાડચામનું બનેલું છે. રૉબિન્સન એ ટાપુ ઉપર ૨૮ વર્ષ જીવ્યો એવું એના લેખકનું ચરિત્રણ છે, પરંતુ એ એક કાલ્પનિક પાત્ર છે. દુર્ઘટના બાદ સાગરનાં તોફાની મોજાંઓની થપાટોના મારથી એણે પોતાનું જીવન બચાવી લીધું હશે. ટાપુ ઉપર મળેલા આશ્રયથી એને તત્કાળ રાહત જરૂર મળી હશે. જિજીવિષાની તડપ ક્ષણભર માટે જીવનની તમામ બાહ્ય આવશ્યકતાઓને વિસારે પાડી શકે છે, પરંતુ એક વાર જીવન સુરક્ષિત બની જાય ત્યાર બાદ એ જીવનને ટકાવી રાખવા દૈહિક તથા માનસિક જરૂરિયાતો મોં ફાડીને ઊભી રહે છે. ત્યારે એવું જીવન પેલા મોત કરતાં પણ વધુ ડરામણું બની શકે છે. પોતાની અતિ વિસ્તરેલી અને ભરીભરી દુનિયાથી અતિ દૂરના એકાંત સ્થળમાં કોઈ પણ જાતના સાધનસુવિધાથી વંચિત અને સાથીસંગી વિનાનો માણસ પોતાને એકલો અને અટૂસો મહેસૂસ કરશે, તે સ્થિતિની આપણે કલ્પના પણ કરી શકીએ તેમ નથી. એની પ્રત્યક્ષ નજરમાં

જ સમાઈ શકે એવા ટાપુની એ નાનકડી દુનિયા એની એકલાની જ રહી છે અને એના અંત સમયે તેની સોંપણી કરવા માટે કોઈ સ્વજન ત્યાં નહીં હોય અને એની એ દુનિયાનો એકમાત્ર છેલ્લો માણસ હોવાની સ્થિતિની એને અનુભૂતિ થાય ત્યારે એની મનઃસ્થિતિ કોઈ પણ રીતે ઈર્ષાને પાત્ર ન જ બની શકે.'

'સાથીસંગી વિનાનો અને મોતમાં પણ એકલો અટૂલો એ બિચ્ચારો માણસ... એ જ શબ્દો આપણા મોંમાંથી એની કરુણ દશા માટે નીકળી શકે!'

મૅડમ હેલીનાની એવી ભાવવાહી રજૂઆત સામે ભૂગોળવિદ પેગેનલે દલીલબાજીનાં પોતાનાં તમામ હથિયારો હેઠા મૂક્યાં. તેમ છતાં એવી એકલ જિંદગીના લાભની સ્થિતિને ક્યાંય સુધી તે મનોમન વાગોળતો રહ્યો.

દરમિયાન એમ્સ્ટરડામ ટાપુના કાંઠાથી એકાદ માઈલના સલામત અંતરે ડંકનનું લંગર ઉતારવામાં આવ્યું. એકબીજાથી તેત્રીસ માઈલની ખાડીથી અલગ એવા માત્ર બે જ ટાપુઓનો નાનકડો સમૂહ હતો. ઇન્ડિયન ઉપખંડની બરાબર મધ્યમાંથી પસાર થતી રેખાંશ ઉપર જ એનું સ્થાન હતું. એમાંનો ઉત્તર તરફનો ટાપુ આમ્સ્ટરડામ હતો, જ્યારે દક્ષિણનો ટાપુ સેન્ટ પોલના નામે જાણીતો હતો. એકબીજાથી એટલું દરિયાઈ અંતર છતાં ભૂગોળશાસ્ત્રીઓએ અને જહાજીઓએ એનું એક જ અસ્તિત્વ ગણ્યું હતું.

પ્રથમ ટાપુ ઉપર એ સમયે માત્ર ત્રણ જ માણસો રહેતા હતા. એમાંનો મુખ્ય ગણી શકાય તેવો એક ફ્રેન્ચ હતો. બીજા બે જણા ગોરા પુરુષથી હબસી સ્ત્રીઓને થયેલા મિશ્ર જાતિના હતા. અહીં તેઓ મ્યુલેટ્સ કહેવાતા હતા. તેઓ ત્રણે જણા કોઈ જહાજી કંપનીના કર્મચારીઓ તરીકે અહીં રહેતા હતા. દુનિયાના એવા સાવ એકાકી અને અતિ દૂરના સ્થળે પેગેનલે અહીંના બીજા ફ્રેન્ચમૅન મિસ્ટર વાયોટ સાથે ઉમળકાપૂર્વક હસ્તધૂનન કર્યું. એમના તરફનો વહેવાર સૌજન્યપૂર્ણ હતો.

ઊંડા દરિયામાં મચ્છીમારી કરતાં જહાજો અહીંના કાયમી મુલાકાતીઓ હતાં. એમાના નાવિકો મોટે ભાગે કડછા જેવા રૂક્ષ હોવાનો તેમને અનુભવ હતો.

ફ્રેન્ચમૅન વાયોટ અને તેના બે સાથીઓ સિવાય ટાપુ ઉપર અંદરના ભાગોમાં રીંછની તેમ જ પેંગ્વિન પક્ષીઓની હાજરી હતી. મુખ્ય ટાપુના દક્ષિણપૂર્વ તરફના ખડકોના સુરક્ષિત ખાંચામાં એમનું નિવાસસ્થાન પણ એમની લાયકાતને અનુરૂપ જ હતું.

ગ્લેનાર્વન માટે અહીં આવવાનો એકમાત્ર હેતુ કૅપ્ટન ગ્રાન્ટ અને તેના બ્રિટાનિયા જહાજ સંબંધમાં કાંઈક માહિતી મેળવવાનો જ હતો. ફ્રેન્ચમૅન વાયોટ ઘણાં વરસોથી અહીં રહેતો હતો, છતાં એને કૅપ્ટન ગ્રાન્ટ કે તેના જહાજ અંગેની કોઈ જ જાણકારી ન હતી. અહીંની એની હાજરી દરમિયાન કોઈ જહાજને ટાપુની આસપાસ દુર્ઘટના નડી હોવાનો એણે સાફ ઇનકાર કર્યો.

આ પ્રકારનો નકારાત્મક જવાબ ગ્લેનાર્વન વગેરે માટે હરખ કે શોકનો સંદેશો ન હતો. અહીં આવવાનો એમનો હેતુ બ્રિટાનિયાની દુર્ઘટનાના બનાવના સંભવિત સ્થળોની બાદબાકીનો જ હતો અને થયું પણ તેમ જ.

બીજા દિવસે અહીંથી પ્રયાણ કરવાનું નક્કી થયું. રાત્રિ તો ડંકન ઉપર વિતાવવાની હતી. દિવસ દરમિયાન ટાપુ ઉપર આમતેમ ટહેલ મારવા સિવાય અન્ય કોઈ કામ ન હતું.

ટાપુ ઉપરની એકમાત્ર નવીનતા અહીંનાં ગરમ પાણીના ઝરાઓની હતી. કાળમીંઢ

ખડકોની ફાટમાંથી ગરમ પાણી બહાર આવી રહ્યું હતું. કૅપ્ટને પાણીથી ભરેલા ખાબોચિયામાં થર્મોમીટર મૂકીને ઉષ્ણતામાન જાણવા પ્રયાસ કર્યો. એની ઉપર ૧૭૬° ડિગ્રી ફેરનહાઇટ ગરમી નોંધાઈ. મોટા ખાબોચિયામાં કૂદકો મારી બે-ચાર ડૂબકી ખાઈ લેવાનો પેગેનલનો ઉત્સાહ ઠંડો પડી ગયો.

સાંજ પડતાં ત્રણે યજમાનોની વિદાઈ લઈ સૌએ હોડીમાં સ્થાન લીધું. યજમાનોએ કરેલા આતિથ્ય બદલ આભાર માન્યો. શુભેચ્છા પાઠવી.

નાવિકોએ હલેસાં મારવાનું શરૂ કરતાં હોડી દૂર ઊભેલી નૌકા તરફ સરવા માંડી. કાંઠે ખડક ઉપર ઊભેલા ત્રણે જણા ક્વચિત જ આવતા આવા મહાનુભાવો પ્રત્યે ખિન્ન ચહેરા સાથે જોતા રહ્યા, તેમ જ હાથ હલાવતા રહ્યા.

નોંધ : કોઈ મહાવિનાશક ભૂચાલને પરિણામે પૃથ્વી ઉપરના તમામ ભૂખંડો સમુદ્રના પાણીમાં ગરક થયા બાદ જન્મેલા એક જ લાંબા-પહોળા ભૂખંડની કલ્પના જૂલે વર્ને તેની લઘુકથા 'આદમના અનૂજો'માં કરી છે. એ માટે શ્રી સાધના નાયક દેસાઈનું 'બુલેટ ટ્રેન' આર. આર. શેઠ પ્રકાશનનું પુસ્તક જોવું.

૪

અનોખો જુગાર

એમ્સ્ટરડામ ટાપુની ખાડીમાં લંગર નાખીને ઊભેલી ડંકનનૌકાના ધુમાડિયાંમાંથી સાતમી ડિસેમ્બરે મધ્યરાત્રિ બાદ ત્રણેક વાગ્યાના સુમારે ધુમાડાના ગોટેગોટા નીકળવાનું ચાલુ થયું. માત્ર ફરજ ઉપરના કર્મચારીઓ સિવાય અન્ય સૌ નિદ્રાધીન હતાં. ૩૭°૧૧′ દક્ષિણ અક્ષાંશની સમાંતરે પૂર્વ તરફની લાંબી મુસાફરી માટેની તૈયારી થઈ ગઈ. થોડી જ મિનિટોમાં એનું લંગર ઊંચકાયું અને એના કક્ષમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયું. એ સાથે પૂર્વ તરફની એની દોડ શરૂ થઈ.

સવારના આઠ વાગ્યાના અરસામાં જાગી ગયેલા યાત્રીઓની તૂતક ઉપર ચહલપહલ શરૂ થઈ ત્યારે તો એ ટાપુઓ પશ્ચિમની ક્ષિતિજને પેલે પાર અદૃશ્ય બની ગયા હતા. હવે પછીનું લક્ષ્યાંક દક્ષિણપૂર્વ ઑસ્ટ્રેલિયાનું કેપ બર્નોલી હતું. ત્યાંથી એ જ રેખા ઉપર પૂર્વમાં આવેલા ટુફોલ્ડ બે વચ્ચેનો ભૂભાગ કૅપ્ટન ગ્રાન્ટની ખોજ માટે મહત્ત્વનો હતો.

આમ્સ્ટરડામનો ટાપુ છોડ્યા બાદ કેપ બર્નોલી વચ્ચેના ૩૦૦૦ માઈલથી વધુ અંતરના ફાસલામાં એ રેખા ઉપર અન્ય કોઈ સ્થાન એવું ન હતું કે જ્યાં ડંકનનું લંગર ઉતારી શકાય. શરૂથી જ અનુકૂળ રહેલો પવન થોડા વધુ દિવસ ચાલુ રહે તો નિર્ધારીત સમય કરતાં પણ વહેલાં લક્ષ્યસ્થાને પહોંચી શકાય તેમ હતું. મુસાફરી એકધારી ઝડપથી આગળ વધતી રહી. દિવસ દરમિયાન યાત્રીઓ તૂતક ઉપર જ હાજર હોય. સામાન્ય ટોળટપ્પાં કરવામાં સમય વીતવા લાગ્યો. એ દરમિયાન કુ. મૅરી અને એના ભાઈ રૉબર્ટની નજર ડંકનનૌકાનાં પડખાં સાથે અથડાઈ રહેલાં મોજાંઓ ઉપર જ રહેતી. એમના મનમાં પિતા ગ્રાન્ટના વિચારો જ ઘુમરાયા કરતા. બે વર્ષ અગાઉ આ માર્ગે જ તેઓ પસાર થયા હશે અને આ મોજાંઓએ બ્રિટાનિયા જહાજનાં પડખાંઓ ઉપર આ રીતે જ થપાટો લગાવી હશે, એવી કલ્પના કરી તેઓ ખિન્ન બની જતાં. તોફાનમાં સપડાઈને તૂટી ગયેલા બ્રિટાનિયા જહાજની છબી વારંવાર એમનાં મનોચક્ષુ સમક્ષ ઘેરાઈ જતી.

કૅપ્ટન મેંગલ્સ એ દરમિયાન ગ્રંથાલયની કૅબિનના ટેબલ ઉપર એમના પ્રવાસ માર્ગના નકશા તેમજ ચાર્ટ પાથરીને તેના ઉપર પોતાની આંગળી અને નજર ફેરવતો હતો. દક્ષિણ અમેરિકાને પશ્ચિમકાંઠે બ્રિટાનિયાને તોફાન નડ્યું હોય તો આ માર્ગે બબ્બે મહાસાગરોનાં પાણી ઓળંગી થોડા જ દિવસોની મુસાફરી બાદ ઑસ્ટ્રેલિયાના દક્ષિણકિનારા ઉપર કેવી રીતે પહોંચી શકે તે વાત એની સમજમાં આવતી ન હતી. સમયની ગણતરીમાં કાંઈક ભૂલ થઈ હોય તેમ એને લાગ્યું.

એની જાણકારી પ્રમાણે કૅપ્ટનની મુસાફરી અંગેની અધિકૃત માહિતી દક્ષિણ અમેરિકાના પશ્ચિમકાંઠાના કલાઓ બંદરેથી પ્રાપ્ત થઈ હતી. એ પ્રમાણે બ્રિટાનિયાની વળતી સફર તા. ૩૦મી મે, ૧૮૬૨ના રોજ શરૂ થઈ હતી અને એ માહિતી મર્કન્ટાઇલ ઍન્ડ શિપિંગ ગેઝેટમાં નોંધાઈ હતી. ત્યાર બાદ બ્રિટાનિયા ક્યાં ગયું અને એનું શું થયું તેની કોઈ જ માહિતી મળી ન હતી. ત્યાર પછી બે વર્ષ બાદ શાર્કના પેટમાંથી મળેલા પત્રમાં ૭મી જૂનના રોજ એને નડેલા તોફાન અને દુર્ઘટના સંબંધી માહિતી હતી. ૩૦મી મે અને ૭મી જૂન વચ્ચે માત્ર આઠ જ દિવસના સમયનો ફાસલો હતો. એટલા ટૂંકા સમયમાં બ્રિટાનિયા અહીં હિન્દ મહાસાગરમાં કેવી રીતે આવી શકે તે પ્રશ્નનો જવાબ શોધવા એ પ્રયત્ન કરતો હતો.

નૌકાના પૂપ નામે ઓળખાતા પાછળના ભાગમાં સૌ બેઠાં હતાં. ત્યારે કૅપ્ટન મેંગલ્સની શંકાને ગ્લેનાર્વને વાચા આપી. સૌને અપેક્ષા હતી કે પેગેનલ જ એનો જવાબ આપી શકશે, પરંતુ એનો તાત્કાલિક જવાબ આપવાને બદલે પેગેનલ પોતાની કૅબિનમાં ગયો. કૅપ્ટન ગ્રાન્ટના ત્રણે પત્રોની ફાઇલો લઈને બહાર આવ્યો. સૌની નજર સમક્ષ ક્યાંય સુધી એ પત્રોના લખાણમાં મગજ કસતો રહ્યો. થોડી જ વારમાં એને જવાબ મળી ગયો હોય તે રીતે ખભા ઉછાળતા હળવાશથી ખુલાસો શરૂ કર્યો.

'તમારા તરફની એ શંકાનો જવાબ આપે એવો પ્રશ્ન હું કૅપ્ટન મેંગલ્સને કરીશ.'

'અને તે —?' મેંગલ્સ તથા અન્ય સૌ કુતૂહલ સાથે પેગેનલ તરફ જોઈ રહ્યા.

'કૅપ્ટન, હું એ જાણવા માગું છું કે કોઈ ઝડપી યાન દક્ષિણ અમેરિકાના પશ્ચિમકાંઠાથી નીકળી પ્રશાંત મહાસાગર પાર કરીને કેટલા દિવસમાં ઑસ્ટ્રેલિયા પહોંચી શકે?'

'મારી જાણકારી અને અનુભવને આધારે હું કહી શકું કે હવામાન અનુકૂળ હોય અને જળયાન નિર્વિઘ્ન રીતે રોજના બસો માઈલનું અંતર કાપી શકે તો એક માસ જેટલા સમયમાં તે ઑસ્ટ્રેલિયાને કિનારે પહોંચી શકે.'

'એટલા સમયમાં એવી લાંબી મુસાફરી માટેની એ ઝડપ ઝડપી ગણી શકાય કે સામાન્ય અને મધ્યમસરની જ ગણાય?'

'ના જી. નાના જહાજ ઘણી વાર એનાથી પણ વધુ ઝડપે દોડી શકે છે.'

'બસ તો હવે આ પત્રોના શબ્દો તરફ ધ્યાન આપો. એમાં ૭મી જૂન શબ્દને તે સંપૂર્ણ છે એમ માનીને મગજ ચલાવીએ તો એ દિવસ અને ગેઝેટમાં જણાવેલ દિવસનો મેળ બેસી શકે તેમ નથી.' માત્ર સાત જ દિવસના ટૂંકા સમયમાં એટલી લાંબી સફર શક્ય જ નથી, પરંતુ પત્રમાંના મોટા ભાગના શબ્દો અંશતઃ નષ્ટ થયા હતા. તો આ ૭મી જૂન શબ્દ પણ અધૂરો હોઈ શકે છે. બૉટલમાંના ભેજને કારણે એની આગળનો '૧' અથવા '૨'નો આંકડો નષ્ટ થયો હોવાની શક્યતા છે. સાતના એ આંકની આગળ બે આંક જોડવાથી તે પૂરો ૨૭નો આંકડો બને છે. મારી દૃષ્ટિએ એમાં જ તમારા પ્રશ્નનો જવાબ રહેલો છે. કૅપ્ટન ગ્રાન્ટ એટલા સમયમાં પ્રશાંત મહાસાગર ઓળંગીને ઇન્ડિયન મહાસાગરમાં ઑસ્ટ્રેલિયા નજીક આવી ગયો હોય તેવું અનુમાન આ નવી તારીખને આધારે ચોક્કસપણે થઈ શકે છે.

પેગેનલે કરેલો એ ખુલાસો સૌને માન્ય બની ગયો. પ્રતિભાવ આપતાં ગ્લેનાર્વને જણાવ્યું,

'આભાર મિ. પેગેનલ! આમ પણ આપણે ઑસ્ટ્રેલિયાની એ દિશામાં જઈ રહ્યા છીએ, તેમ છતાં તમારા નવા અર્થઘટનથી આપણા એ નિર્ણયને વધારાનું બળ તેમ જ પૃષ્ટિ મળ્યાં છે. તો હંકારો હવે ડંકનનૌકાને કેપ બર્નોલીની દિશામાં. કૅપ્ટન ગ્રાન્ટને એ સ્થળે આપણે જરૂરથી

શોધી શકીશું.'

'અને કદાચ ત્યાં ન મળે તો...' મેજર નેબ્સ પેગેનલ સાથે આંખ મેળવીને કાંઈક વ્યંગમાં હોય તે રીતે બોલ્યા, 'તો પૂર્વકાંઠાના ટુફોલ્ડ બેના કાંઠે તો તેઓ જરૂર મળશે. ખરું ને મિસ્ટર પેગેનલ!!'

'તમારી વાતમાં તથ્ય જરૂર છે. ગ્રાન્ટના પત્રોમાં એવું કોઈ સૂચન નથી કે દેશના કયા કાંઠે એ દુર્ઘટના બની હતી. ૩૭°૧૧′ અક્ષાંશની રેખા એ બંને બિંદુઓ ઉપર થઈને જમીન સોંસરવી જાય છે. આ તરફ ન મળી શકે તો પૂર્વનો કિનારો તો છે જ.' પેગેનલે શાંતિથી રદિયો આપ્યો. કોઈના પણ મનમાં દુર્ઘટનાના સ્થળ અંગે શંકા હોય તો તે દૂર કરવા તેણે વધારાનો ખુલાસો કર્યો. '૩૭૦૧૧" અક્ષાંશ ઉપરના ટુફોલ્ડ બેના વિસ્તારમાં જહાજ તૂટ્યું હોય તો તેમાંથી બચી ગયેલા નાવિકો સાથે કૅપ્ટન ગ્રાન્ટે આ બ્રિટિશ કૉલોનીમાં જ આશ્રય લીધો હોત. એવી સ્થિતિમાં ત્યાંના લોકો તથા સરકારની મદદથી તેઓ સ્વદેશ પાછા વળી શક્યા હોત, પરંતુ કેપ બર્નોલીના ખડકાળ કાંઠા ઉપર એવા પ્રકારની મદદની શક્યતા હું નહીંવત્ જોઉં છું.'

'મારા પિતાએ સંજોગવશાત્ એ જ સ્થળે ઉતરાણ કર્યું હશે અને અહીંના ક્રૂર આદિવાસીઓના હાથમાં કેદી બન્યા હોય, તો એવા લોકોએ એમના ઉપર ભારે ત્રાસ ગુજાર્યો હશે.' એટલું બોલતાં મૅરીની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

એવી સ્થિતિમાં મૅરી અને રૉબર્ટને આશ્વાસન આપતા હોય તે રીતે પેગેનલે સ્વસ્થતાથી જણાવ્યું,

'અહીંના મૂળનિવાસીઓ પછાત છે એ વાત સાચી છે, પરંતુ પશ્ચિમીજગત માને છે તેવા ક્રૂર અને માણસખાઉ-લોહીતરસ્યા હોવાની વાત સાચી નથી. અગાઉ એ વિસ્તારમાં જઈ આવેલા અનેક પ્રવાસીઓએ એ પ્રકારની જ નોંધો કરી હતી. પોતાના કેદીઓ સાથે તેઓ સારો વર્તાવ કરતા હોવાના જ હેવાલ મારા વાંચવામાં આવ્યા છે. ન્યૂઝીલૅન્ડના આદિવાસીઓ ઉપરાંત યુરોપના દેશોમાંથી દેશનિકાલ થયેલા ખૂની-લૂંટારાઓની અહીંના મૂળ નિવાસીઓ સાથે સરખામણી કરવાનું મને યોગ્ય લાગતું નથી.'

લેડી હેલીનાએ પણ કુ. મૅરીને આશ્વાસન આપ્યું. સધિયારો આપ્યો, 'કૅપ્ટન ગ્રાન્ટને આપણે ગમે તે ભોગે શોધીને જ જંપીશું.'

'પરંતુ આ ઑસ્ટ્રેલિયા ખંડ એ શું કોઈ નાનો ટાપુ છે કે મારા પિતાને આપણે ગમે ત્યાંથી શોધી શકીશું?' રૉબર્ટે બાળસહજ કુતૂહલથી પૂછ્યું.

'ના રૉબર્ટ ના! પૃથ્વી ઉપરના અન્ય ભૂભાગોથી સાવ છૂટો અને સમુદ્રના પાણીની વચ્ચે આવેલો એ ટાપુ જ છે, પરંતુ એ એટલો મોટો ટાપુ છે કે એને એક ખંડ તરીકે ઓળખવાનું જ વધુ યોગ્ય છે.' પેગેનલે જણાવ્યું.

'મોટો એટલે? કેટલો મોટો?' રૉબર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'આપણા યુરોપખંડની ધરતીના ૪/૫ ભાગ જેટલો એટલે કે ૭,૭૫,૦૦૦ હેક્ટર જેટલો એનો વિસ્તાર ગણી શકાય. આફ્રિકા ખંડના અંદરના ઘણા મોટા ભાગ સંબંધમાં આપણી પાસે કોઈ જાણકારી નથી, તેવું જ અહીંને માટે પણ કહી શકાય તેમ છે. મારા જાણવા પ્રમાણે ઈ.સ. ૧૬૦૬ થી ૧૮૬૨ સુધીના અઢીસો વરસો દરમિયાન પચાસ જેટલા મુસાફરોએ અંદરના પ્રદેશોની મુલાકાત લીધી હતી.' પેગેનલે પોતાના જ્ઞાનની સરવાણી વહાવી.

'કેટલા મુસાફરો? પચાસ? હોય કાંઈ! તમે ઠાલી ફેંકંફેક કરો છો.' મેજર નેબ્સ

ભૂગોળવિદ્‌ની ઠેકડી ઉડાવવાના મૂડમાં હતો.

'કેમ નહીં હોય? હું તમને એના નામ, ઠામ અને કામની પૂરેપૂરી વિગતો આપી શકું તેમ છું.'

'એ બધા તમારા જેવા જ ભૂગોળશાસ્ત્રીઓ લાગે છે.' મેજરના આ પ્રશ્નો પાછળનો ભાવ પેગેનલની સમજમાં આવી ગયો. એનો યોગ્ય પ્રતિસાદ આપવા એણે જરા જુદો દાવ અજમાવ્યો.

'મેજર, શરત લગાવવી છે. હું એ નામો આપી શકું નહીં તો આ મારું દૂરબીન તમને આપી દઉં, પણ મારા જણાવ્યા પ્રમાણે પચાસ નામો હું આપી શકું તો શું? નિર્દોષ પશુપક્ષીનો શિકાર કરી શકતી તમારી આ બંદૂક તમારે મને આપવી પડશે.'

'જરૂર જરૂર, પણ એટલું યાદ રાખશો કે જીત તો મારી જ થવાની છે. એટલે મારી બંદૂક તો મારી પાસે જ રહેવાની છે. તેમ છતાં હું તમને તે આપી દઉં છું. હમણાં આ નૌકામાં બેઠાં બેઠાં શિકારની કોઈ શક્યતા નથી. ભલે તમે એને સાચવતા.' પૂરા વિશ્વાસ સાથે મેજરે પોતાની બંદૂક પેગેનલને સોંપી. પેગેનલે પણ સંતોષ વ્યક્ત કર્યો. બોલ્યો,

'ચાલો! સારું છે કે હમણાં તમારી પાસે બંદૂક નથી. એનાથી વિંધાઈ જનાર પશુ પક્ષીઓને હવે હંમેશ માટે જ અભયદાન મળેલું ગણવાનું છે. આખરે જીત તો મારી જ થવાની છે.'

'અને તમે રોજરોજ ઉપયોગમાં લેતા આ દૂરબીનની નજરમાંથી એ પશુપક્ષીઓ હંમેશ માટે મુક્ત થયાં, એવું અનુમાન હું જરૂરથી કરી શકીશ. આ બાજીમાં જીત મારા પક્ષે જ થવાની છે.' મેજર નેબ્સને પણ એટલો જ આત્મવિશ્વાસ હતો.

'મારી વાત સાંભળી લો. હું વારાફરતી પચાસ નામો ગણાવું છું અને તેની નોંધ રૉબર્ટે કરવાની છે.' પોતાને સોંપાયેલી કામગીરીથી રૉબર્ટ ખુશ થઈ ગયો. ત્યાં હાજર અન્ય સૌ પણ ઉત્તેજિત થઈ ગયાં.

પેગેનલે તરત જ પોતાની યાદશક્તિને ઢંઢોળવા માંડી.

'નેમોસીન, મારી સ્મરણશક્તિની ઓ દેવી, તમે જાગૃત જાઓ. જાગો તમારા આ પરમ ભક્ત પેગેનલની તમારી પ્રત્યેની ભક્તિભાવની કસોટી થઈ રહી છે. એના મગજના ખૂણાઓમાં ઢબૂરાયેલી વિદ્યાઓની દેવીને બહાર લાવવામાં સહાય કરો. અહીંની આ ભૂમિ ઉપર આવેલા વિશ્વભરના પ્રવાસીઓની યાદી પણ એમાં જ સંગ્રહાયેલી છે. એને મારા સ્મરણપટલ ઉપર પ્રકાશિત કરી દો.'

એટલું બોલીને પોતાના કપાળ ઉપર તેણે હળવા મુક્કા માર્યા. સ્મૃતિની દેવી આખરે પ્રસન્ન થઈ હોય તેમ મોં ઉપર આનંદની ગુલાબી ફૂટી. એણે બોલવાની શરૂઆત કરી.

'બરાબર હવે! બધાં જ નામો યાદ આવી ગયાં.' એમાંના મુખ્ય સંશોધકોનાં નામો જ હું જણાવીશ તો સાંભળો હવો.

'આજથી બસો અઠ્ઠાવન વર્ષ અગાઉ ઑસ્ટ્રેલિયા ખંડની માહિતી કોઈને જ ન હતી. આમ છતાં દક્ષિણ ગોળાર્ધના એ ભાગમાં કોઈ મોટો ભૂખંડ હોવાની ભૂગોળશાસ્ત્રીઓમાં શંકા વ્યક્ત થતી હતી.'

'ગ્લેનાર્વન મહાશય, બ્રિટિશ મ્યુઝિયમના તમારા ગ્રંથાલયમાં વર્ષ ૧૫૫૦ની તારીખવાળા બે નકશા કે ચાર્ટ તૈયાર કરવામાં આવ્યા હતા. એમાં દક્ષિણ એશિયાના સાગરમાં એવા કોઈક

પ્રદેશના અસ્તિત્વનો પ્રથમ વાર સ્વીકાર કરવામાં આવ્યો હતો. પોર્ટુગીઝ પ્રવાસીઓએ એનું નામ ગ્રેટ જાવા જણાવ્યું હતું, પરંતુ એ ચાર્ટને વ્યાપક માન્યતા મળી ન હતી.'

ત્યાર બાદ ક્યુરોસ નામના સ્પેનિશ સાગરખેડુએ ૧૬૦૬ના વર્ષમાં એ પ્રદેશને તેણે જોયો હોવાની નોંધ કરી હતી. તેણે એ નવા શોધાયેલા પ્રદેશનું નામ ઑસ્ટ્રેલિયા દ'એસ્પિરિટ સાન્ટો જણાવ્યું હતું. ત્યાર બાદના કેટલાક પ્રવાસીઓએ એ ભૂભાગને હેબ્રિડીસ ટાપુ સમૂહના ભાગરૂપ ગણવાની વાત કરી હતી. તેમણે એને ઑસ્ટ્રેલિયા તરીકે સ્વીકારવા ના પાડી હતી. કયા કારણે તેમણે ના પાડી હતી તેની ચર્ચા અહીં અપ્રસ્તુત છે.'

'ભાઈ રૉબર્ટ, આ પહેલું નામ તારી નોંધપોથીમાં લખી લે. કેમ કે હજી તો ઓગણપચાસ નામો બાકી છે.'

'હા જી. ક્યુરોસનું પહેલું નામ મેં નોંધી લીધું છે.' અને સોંપાયેલી કામગીરી રૉબર્ટ માટે મજાની માનસિક કસરત બની રહી.

'હવે સાંભળો.' બીજા સંશોધકનું નામ જણાવવા પહેલાં પેગેનલે પોતાના ફેફસાંમાં નવી હવા ભરી લીધી.

'ક્યુરોસ બાદ એ જ વર્ષના અંત ભાગે, એનો જ એક સાથીદાર લૂઈ વાઝ દ'તોરીસ પોતાનું જહાજ લઈને ફરીથી આ વિસ્તારમાં આવ્યો હતો. અગાઉની સરખામણીમાં તે વધુ દક્ષિણમાં આગળ વધ્યો હતો, પરંતુ માર્ગમાંની કેટલીક મુશ્કેલીઓને કારણે બહુ આગળ વધી શક્યો ન હતો. તેને ખાસ સફળતા મળી ન હતી, પરંતુ એણે કંડારેલા માર્ગે આગળ વધવાનું ત્યાર બાદના ડચ સંશોધક થિયોડોર હર્ગોટ માટે આસાન બન્યું. ઑસ્ટ્રેલિયાને પશ્ચિમકાંઠે તે છેક ૨૫° અક્ષાંશ રેખા સુધી ગયો હતો. એણે એ પ્રદેશ માટે એન્ડ્રાટ જેવું નામ પસંદ કર્યું હતું. એની એ શોધ બાદ એ માર્ગે આગળ વધવાનો યુરોપના દેશોના સાહસિકોમાં રસ જાગ્યો હતો. પરિણામે એવા સાહસિક મુસાફરોની અવરજવર વધી ગઈ હતી.'

'૧૬૧૮માં ઝીસેને એ પ્રદેશના ઉત્તરના ભાગોમાં પરિભ્રમણ કર્યું. એ પ્રદેશના બે જુદા ભાગોનું આર્નહીમ અને ડાઇમન જેવું નામકરણ કર્યું હતું, એ જ વર્ષેમાં બીજા એક સાહસિક જેન આઇડેલે પશ્ચિમના કાંઠે ધામા નાખ્યા હતા અને ત્યાંના પ્રદેશને પોતાનું જ નામ આપ્યું હતું.

ત્યાર બાદ પણ પેગેનલની જીભેથી એક પછી એક ચેપ નવાં નામે નીકળતાં રહ્યાં અને નાનો રૉબર્ટ ઉત્સુકતાથી તે નોંધતો રહ્યો, પરંતુ બાકીના શ્રોતાઓની હવે ધીરજ ખૂટી હતી. મેજરથી હવે વધુ સાંભળવાનું મુશ્કેલ હતું. ઊંચો હાથ કરીને તે બોલી ઊઠ્યો,

'બસ, બસ હવે, મહાશય પેગેનલ! બહુ થયું. આપનું આ પ્રવાસી પુરાણ હવે અહીં જ અટકાવો તો સારું.'

'મેજરસાહેબ, ભગવાનને ખાતર આ શરત છોડીને ભાગવાની વાત કરશો નહીં. હજી તો ઘણાં ઘણાં નામો અને તેમણે કરેલા પુરુષાર્થની વાતો કરવાની છે. તમે અધવચ્ચે આ રીતે મને અટકાવો છો, એનો અર્થ તમે તમારી હાર સ્વીકારો છો એમ ગણાશે.'

'હા જી. એ સ્વીકારવા હું તૈયાર છું. તમારી આ નામાવલી આખી સાંભળવાની હવે મારામાં હિંમત રહી નથી.'

'આભાર તમારો, પણ હાર સ્વીકારવામાં તમારે તમારી આ બંદૂક ગુમાવવી પડશે તેનો ખ્યાલ છે ખરો?'

'હા જી. હોડમાં મૂકેલી બંદૂક ગુમાવવાનું મને પડશે, પણ તે બચાવવા માટે આ પ્રકારનો

ત્રાસ વેઠવાનું મારે માટે શક્ય નથી. મેં મારી હાર સ્વીકારી લીધી છે, તો ભલે એ બંદૂક હવેથી તમારી થઈ જાય. એ સાધન ગુમાવ્યાનો મને અફસોસ જરૂર થશે, પરંતુ તમારી સુષુપ્ત અને મરણોન્મુખ બની ગયેલી યાદદાસ્ત એને આધારે પુનર્જીવન પામતી રહેશે, તો દૂરથી તેને જોઈને મને સંતોષ થશે.'

'આભાર આપનો, મેજર નેબ્સ, પરંતુ આ ખંડની ભૂગોળ અને ઇતિહાસ ખૂબ જ રસપ્રદ છે અને દરેકે તે જાણવાં જ જોઈએ.'

'શું તમે એવું કહેવા માગો છો કે એને અંગેની તમામ હકીકતો તમે જાણો છો?'

'હા જી, આમ પણ મારો અભ્યાસ તમામ ખંડો માટેનો છે, છતાં ઑસ્ટ્રેલિયા ખંડ માટેનો મારો લગાવ વિશેષ પ્રકારનો છે. એ કારણે એની નાનામાં નાની અને ક્યારેક તો ફાલતું કહી શકાય તેવી હકીકતો પણ હું જાણું છું અને એવી તમામ માહિતી મારી સ્મૃતિમાં સંગ્રહાયેલી છે.' પેગેનલે ઊંચી ડોક રાખીને જણાવ્યું.

'તમે જાણો છો એવી મોટા ભાગની હકીકતોને યાદ રાખવાની હું તસ્દી લેતો નથી, પરંતુ એક વાત ચોક્કસપણે મને યાદ છે, જેની તમને કદાચ ખબર નહીં જ હોય.' સૌની હાજરીમાં નેબ્સે કોઈક વાતે બાંધી લેવા માટે પેગેનલને પ્રવૃત્ત કર્યા.

'મેજર મહાશય! તમે જેની સાથે સીધી રીતે સંકળાયેલા છો તેવી લશ્કરી બાબતો અંગે તમારી જાણકારી અને તે અંગેની મારી અજ્ઞાનતા હું જરૂરથઈ સ્વીકારીશ, પરંતુ આ ઇતિહાસ અને ભૂગોળની બાબત છે. એમાં તમે મને પડકાર આપો, તે મને અસહ્ય લાગે છે. એ બાબતમાં એવી કોઈ જ હકીકત નહીં હોય જે તમે જાણતા હોય અને મને તેની જાણકારી નહીં હોય, છતાં તમે મને પૂછી શકો છો.' પોતાની જાણકારી બાબતમાં વધુ પડતા આત્મવિશ્વાસમાં આવી ગયેલા પેગેનલે તેને પડકાર આપ્યો.

'તમે મારી શરત સ્વીકારવા તૈયાર હોય તો એ બાબત તમને પૂછવાનું મને ગમશે. જો એ વાતની ખબર નહીં હોય તો તમે જીતેલી મારી આ બંદૂક ફરીથી મારી બની જશે. સ્વીકારો છો મારી શરત? બોલો!'

'હું તમારી શરત સ્વીકારું છું. તમે મારી સાથેની હોડમાં એ બંદૂક ફરીથી બીજી વાર હારવાના છો! એ નક્કી.'

'મારો પ્રશ્ન એ છે કે...' મનમાં કાંઈક ઘૂંટાતું હોય એ રીતે ખચકાટ સાથે મેજર નેબ્સે સૌની હાજરીમાં પોતાનો પ્રશ્ન રજૂ કર્યો, 'આ ઑસ્ટ્રેલિયા ખંડ આજે અમારા બ્રિટનનો છે. હું પૂછું છું કે તે તમારા દેશ ફ્રાન્સનો કેમ નથી?'

'એ બાબતમાં મારું માનવું છે કે...' આગળના જવાબ શોધવા એણે પળભરનો વિરામ લીધો, એ દરમિયાન મેજરે પોતાનો પ્રશ્ન આગળ ચલાવ્યો, 'એવી સ્થિતિ માટે અમારા બ્રિટનમાં શું લોકવાયકા છે તેની માહિતી છે તમારી પાસે? બોલો.'

'ના ભાઈ, તમારે ત્યાંની એવી લોકવાયકા અંગે હું કાંઈ જાણતો નથી. તમારી પાસેથી જ જાણી શકીશ.' પેગેનલે કાંઈક નારાજગી સાથે જવાબ આપ્યો.

'તો સાંભળો મહાશય પેગેનલ! અમારા ઇંગ્લૅન્ડમાં તમારા દેશની એ કથા બહુ જ પ્રચલિત છે કે તમારો ફ્રેન્ચ કૅપ્ટન બોડીન આમ તો ઘણો બહાદુર અને સાહસિક ગણાતો હતો, પરંતુ ૧૮૦૨માં દેડકાંઓનો ડ્રાંઉ-ડ્રાંઉના સામૂહિક અવાજથી એટલો ડરી ગયો હતો કે ભયના માર્યા પોતાના જહાજનું લંગર ઉઠાવીને પશ્ચિમ તરફ દૂમ દબાવીને ભાગી ગયો હતો. તે એટલો

ભયભીત બન્યો હતો કે ફરીને અહીંના કાંઠે આવવાની તેણે હિંમત પણ કરી ન હતી.'

'અરે હોય કાંઈ?' પેગેનલે આશ્ચર્ય સાથે આઘાત વ્યક્ત કર્યો, 'એવું તે હોય કાંઈ કે બોડીન જેવો બહાદુર નાવિક દેડકાંના અવાજ માત્રથી ડરીને ભાગી છૂટે? શું તમારા ઇંગ્લૅન્ડના લોકો અમારા નાવિકો માટે આટલો નીચો અભિપ્રાય ધરાવો છો? એને તો હું હીનકક્ષાની મશ્કરી તરીકે જ ગણીશ.' ખૂબખૂબ નારાજ થયેલો પેગેનલ ગુસ્સાથી ધ્રૂજવા લાગ્યો.

'હું પણ સ્વીકારું છું કે તમારા દેશના નાવિકો માટેની એવી માન્યતા હલકા પ્રકારની છે, છતાં ઇંગ્લૅન્ડના ઇતિહાસનાં પાને એ હકીકત નોંધાયેલી છે.' મેજરે સ્પષ્ટતા કરી.

'આ તો મારું અને મારા દેશનું હડહડતું અપમાન છે મહાશય, તમે લોકો એવું વિચારી પણ કેમ શકો? પેગેનલમાં રહેલો દેશપ્રેમ ઉછાળા મારતો બહાર આવી રહ્યો.'

'પેગેનલ મહાશય! હું સાચું કહું છું કે એવી હકીકત ઇંગ્લૅન્ડમાં અનેક રીતે નોંધાયેલી છે અને તે હું જાણું છું.' ગ્લેનાર્વને સસ્મિત ટાપસી પુરાવી. વધુમાં પૂછ્યું, 'તમે શું એવું કહેવા માગો છો કે ઇંગ્લૅન્ડમાં અતિપ્રચલિત આ કથાની તમને માહિતી નથી.'

'ના જી, ફ્રેન્ચ લોકો માટેની આવી નિમ્ન કક્ષાની માન્યતાની મને ખરેખર જાણકારી નથી. હું એનો સખત વિરોધ કરું છું. હું એટલું જાણું છું કે તમારા લોકો વ્યંગમાં અમને ફ્રેન્ચ લોકને 'દેડકાંખાવ' તરીકે બોલાવો છો. જો એમ જ હોય તો અમારા બોડીન જેવો બહાદુર માણસ ડ્રાઉં અવાજથી ડરી જઈને ઑસ્ટ્રેલિયાથી ભાગી છૂટ્યો હતો, એમ તમે લોકો કહી જ કેવી રીતે શકો?'

'એ તો જે હોય તે, પેગેનલ મહાશય, પરંતુ તમે મારી સાથેની શરત હાર્યા છો. તમારી થઈ ગયેલી એ બંદૂક હવે મહેરબાની કરીને મને પાછી સોંપી દેવાની કૃપા કરો.'

અરસપરસ થયેલી આ રમૂજ માટે સૌ પેટ ભરીને હસી પડ્યાં.

૫

દરિયાઇ તોફાન

હસીમજાક અને શરતોની હળવાશમાં ડંકનનૌકા ઉપર વધુ બે દિવસ વિત્યા. કૅપ્ટન મેંગલ્સે અક્ષાંશ-રેખાંશનો ચાર્ટ જોઈને જાહેર કર્યું કે ડંકનનૌકા એ સમયે ૧૧૩°.૩૭′′ પૂર્વ રેખાંશને ઓળંગી ગઈ હતી અને પૂર્વ દિશામાં ૩૭° અક્ષાંશ રેખા ઉપર એકધારી ઝડપી ગતિથી આગળ ધપતી હતી. સૌને હવે કેપ બર્નોલીથી તેઓ કેટલાં દૂર હતાં તે જાણવાનું કુતૂહલ હતું.

ટેબલ ઉપરના નક્શામાં જણાવ્યા પ્રમાણે એ સ્થળ તેઓના હાલના સ્થાનથી ૫° રેખાંશ જેટલું દૂર હતું. ઇંગ્લૅન્ડમાં લંડન નજીકના ગ્રિનવીચના સ્થાને ૦° રેખાંશ ગણી પૃથ્વીના ગોળા ઉપર ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધી પહોંચતા. પૂર્વમાં અને પશ્ચિમમાં બંને બાજુ ૧૮૦° રેખાંશની કાલ્પનિક રેખાઓ ભૂગોળશાસ્ત્રીઓએ દોરી હતી. એમાં દર બે રેખાંશ વચ્ચે વિષુવવૃત્ત ઉપર સૌથી વધારે અંતર હતું અને ઉત્તર અને દક્ષિણ ધ્રુવો ઉપર બધી જ રેખાઓ ૦ બિંદુમાં મળી જતી હતી. આ વિષુવવૃત્તથી ઉત્તર કે દક્ષિણમાં જેમ આગળ વધો તેમ અંતર ઘટતું જતું હોય છે. એ જ પ્રમાણે ૩૭°૧૧′′ અક્ષાંશ ઉપર તો એ અંતર બહુ જ ઓછું હતું. એ રીતે ગણાતાં ચારેક દિવસમાં તેઓ કેપ બર્નોલીનો કાંઠો જોઈ શકશે એમ સૌને લાગ્યું.

અત્યાર સુધીની મુસાફરીમાં પશ્ચિમ તરફથી ફૂંકાઈ રહેલા જોરદાર પવનો નૌકાને પૂર્વમાં ધકેલતા હતા, પરંતુ હવે તે મંદ પડતો જણાયો. ફરજ ઉપરના નાવિકે સમાચાર આપ્યા કે અત્યાર સુધી પૂર્વ તરફ ફૂલેલા રહેતા સઢોનું ફૂલેકું બની ગયું હતું.

એવી સ્થિતિ કેટલો સમય ચાલુ રહેવાની હતી તેની ભવિષ્યવાણી કરવાનું શક્ય હોતું નથી. કેવળ સઢમાં ભરાતા પવનથી જ ડંકને આગળ વધવાનું હોત તો અત્યારની સ્થિતિમાં તે સાવ સ્થગિત દશામાં દરિયાનાં હળવાં મોજાં ઉપર ડોલી રહ્યું હોત, પરંતુ ડંકનના ભંડકિયામાં ગોઠવાયેલા શક્તિશાળી વરાળ એન્જિનની તાકાત એનું મુખ્ય ચાલકબળ હતું. એને આધારે તે નિર્ધારિત ઝડપથી આગળ વધી રહી હતી, પરંતુ એનાથી કોલસા ભરેલાં બંકરો પણ ઝડપથી ખાલી થાય તેમ હતું. કૅપ્ટનને એનો જ રંજ હતો. કોલસા બચાવવાના છેલ્લા ઉપાય તરીકે તેણે ડંકનની ફરતે કૅનવાસનું ઓઢણું ઓઢાડી દીધું. અપેક્ષા હતી કે હવાનો નાનો શો હલકારો પણ તેમાં ઝિલાઈને નૌકાને આગળ ધકેલવામાં મદદરૂપ બની શકે.

‘હું માનું છું કે નૌકાની વિરુદ્ધની દિશામાંથી પવન આવતો હોય તેની સરખામણીમાં પવન પડી ગયો હોવાની સ્થિતિ વધુ સારી છે.’ હવા સ્થગિત થઈ ગયાની ફરિયાદ કરી રહેલા કૅપ્ટનને ગ્લેનાર્વને આશ્વાસન આપ્યું.

‘આપની વાત સાચી છે, પરંતુ કોલસાના વપરાશની ચિંતા કરતાં પણ વધુ ચિંતા હવામાં

આવી રહેલા બદલાવની છે. મધદરિયે હંકારાતાં જળયાનો માટે આ સ્થિતિ અમંગળ જ ગણાય. અત્યારે આપણે વ્યાપારી પવનો (Trade Winds) ના વિસ્તારની નજીક થઈને પસાર થઈ રહ્યા છીએ. એમાં અવરનવર દરિયાઈ તોફાન ઊઠતાં હોય છે. એની આંધીમાં જો આપણે એક વાર ફસાઈ ગયા તો એમાંથી બહાર નીકળવાનું મુશ્કેલ બને છે. નૌકાને નુકસાન ન થાય તો પણ એમાં વિલંબ તો થવાનો જ.'

'હવા ભલે સ્થગિત થઈ ગઈ, પરંતુ એની સાથે તોફાન આવે એવી કોઈ શક્યતા મને દેખાતી નથી. આકાશ પૂરેપૂરું સ્વચ્છ છે.' ગ્લેનાર્વને આકાશ તરફ જોઈને ભવિષ્યવાણી ઉચ્ચારી.

'કૅપ્ટન તરીકેના મારા અનુભવ પ્રમાણે એ સ્થિતિ છેતરામણી છે. મારી નજર છેલ્લા બે દિવસથી હવાનું દબાણ માપતા બૅરોમિટરના પારા ઉપર જ છે. એ પારો ભયજનક રીતે નીચે ઊતરી રહ્યો છે. અત્યારે તેનો આંક ૨૭° છે. એ એક એવી ચેતવણી છે, જેને હું આ નૌકાના કૅપ્ટન તરીકે અવગણી શકું નહીં. દક્ષિણી સાગરમાં એવાં તોફાનોથી વધુ ખતરનાક બીજો કોઈ ભય હોતો નથી અને તેનો વિષમ અનુભવ હું લઈ ચૂક્યો છું. અત્યારે અહીં પડી રહેલ ગરમીને ધ્રુવ પ્રદેશમાંની હિમનદીઓ સાથે સીધો સંબંધ છે. તેમાંથી ઉત્પન્ન થતાં મોજાંઓ સીધી રીતે વેપારી પવનો સાથે ટક્કરમાં આવે છે. દરિયાઈ તોફાન એમાંથી જ વિકરાળ સ્વરુપ ધારણ કરે છે.' નૌકાને માથે ઝળુંબી રહેલા ઝંઝાવાત બાબતમાં કૅપ્ટન મેંગલ્સ વધુ ચિંતાતુર લાગ્યા.

'ચિંતા કરશો નહીં, કૅપ્ટન મેંગલ્સ. આપણી આ ડંકન કેવળ વૈભવી વિહારનૌકા જ નથી, દરિયો ખેડવા સક્ષમ એવું એક અડીખમ જળયાન પણ છે અને એનું સંચાલન કરનાર કૅપ્ટન, અનુભવી અને હિંમતવાન નાવિક છે. મને બંનેમાં ભરોસો છે. તોફાન ભલે આવતું. આપણે સૌ મળીને તેનો સામનો કરીશું.'

માલિક તરફના આશ્વાસનના શબ્દો કૅપ્ટને પૂરી અદબ સાથે સાંભળ્યા, પરંતુ એ જાણતો હતો કે એનો કાંઈ જ અર્થ ન હતો,જે રીતે તોફાની માહોલ ઊભરી રહ્યો હતો, તેમાં કોઈ પણ જહાજ સુવાંગ-સંપૂર્ણ રહી શકે તેવી શક્યતા જ ન હતી. તોફાન આવવાનું જ હતું એવી એને ગળા સુધીની ખાતરી હતી. એનો સામનો કરવા જરૂરી પગલાં લેવામાં એનું મગજ વ્યસ્ત બની ગયું. રાત્રિના અગિયાર વાગ્યા સુધી સતત તૂતક ઉપર જ ઊભા રહીને ખુલ્લા આકાશમાં તારાઓને જોતો રહ્યો. એવી સ્થિતિમાં ઊંઘ અને આરામ માટે કોઈ અવકાશ જ ન હતો.

આખરે મધ્યરાત્રિના અરસામાં દક્ષિણની ક્ષિતિજ ઉપર વીજના ચમકારા જોવામાં આવ્યા. એ તરફથી ચઢી રહેલાં વાદળોનો ચંદરવો, તારા ખચિત ખુલ્લા આકાશને ઢાંકતો ધીમેધીમે ઉપર ચઢી રહ્યો. એવી તાકીદની સ્થિતિનો સામનો કરવા બાકીના નાવિકોને પણ બોલાવી લેવામાં આવ્યા. આગળના એક સિવાયના તમામ સઢોને સંકેલી લેવામાં આવ્યા.

પવનનું જોર વધવા લાગ્યું. જોરદાર પવન નૌકાનાં પડખાં તથા કૂવાસ્તંભો સાથે અથડાવા લાગ્યો. એમાંથી સુસવાટાના અવાજ આવવા લાગ્યા. જુદા જુદા ભાગોમાં બાંધેલાં દોરડાંમાંથી ચૂં-ચૂં અવાજ નીકળવાનું શરૂ થયું. કૂવાસ્તંભો અને અન્ય હેતુઓ માટેનાં લાકડાંના ઘસારાથી નૌકા કણસતી હોય તેવો સૌને આભાસ થયો.

વહેલી સવારની મીઠી નિંદરમાં કૅબિન નિવાસીઓને ખલેલ પડી. બહાર ચાલી રહેલા ઘમસાણનો તેમને ખ્યાલ આવ્યો. ધીમેધીમે સૌ તૂતક ઉપર આવવા લાગ્યાં.

'શું છે? તોફાનની શરૂઆત થઈ ગઈ લાગે છે...' તૂતક ઉપર હજી પણ અડીખમ રીતે

ઊભેલા કૅપ્ટનને જોઈને ગ્લેનાર્વને સ્વાભાવિક રીતે પૂછ્યું.

'હા જી, શરૂઆત થઈ ગઈ છે. ગમે તે ઘડીએ પૂરી તાકાત સાથે એ ત્રાટકી શકે છે.' કૅપ્ટને અદબ સાથે સલામ ભરીને જવાબ આપ્યો. એના માલિક ગ્લેનાર્વને એની સામે ઊભા હોવા છતાં કૅપ્ટનની નજર આવી રહેલા તોફાનનો સામનો કરવાની તૈયારીમાં જ વ્યસ્ત હતી. એની નજર આકાશને ઢાંકી રહેલાં વાદળો ઉપર જ હતી. એણે જોયું કે બૅરોમિટરનો પારો ૨૬° નીચે ઊતર્યો હતો. વાવાઝોડાં માટેનું ભયસૂચક લાલ નિશાન પણ ત્યાં જ હતું.

બહાર ચાલી રહેલા પવનના ઘમસાણના અવાજથી જાગી ગયેલી બંને સ્ત્રીઓ પણ પોતાની કૅબિનનું બારણું ખોલીને બહાર આવી. હિંમત કરીને તૂતક ઉપર જવાનાં પગથિયાં ચઢવા લાગી. એ બંનેને ઉપર ચડતાં જોઈને કૅપ્ટન ઝડપથી એમની પાસે ગયો. બે હાથ જોડીને વિનંતી કરી. આ તોફાનમાં ઉપર જવાનું કોઈ પણ રીતે સલાહભરેલું ન હતું એમ જણાવ્યું.

એ દરમિયાન પવનનું જોર વધ્યું. મોજાંઓ વધુ ને વધુ ઊંચે ઊછળવા લાગ્યાં. એની સાથે નૌકાનું ડોલન પણ ભયજનક બની ગયું. હેલીના અને મૅરી સમજી ગયાં કે કૅપ્ટનની વાત સાચી હતી. કૅપ્ટને કરેલી વિનંતીની તેઓ અવગણના કરી શક્યાં નહીં. નામરજી છતાં સીડી ઊતરીને બંને પોતપોતાની કૅબિનોના સલામત વાતાવરણમાં પુરાઈ ગયાં.

બરાબર એ જ સમયે પવન બેવડા જોરથી ફૂંકાવા લાગ્યો. એને કારણે મુખ્ય કૂવાસ્તંભ સઢના ભારથી વાંકો વળી ગયો. આખી નૌકા એક તરફ નમી પડી. કૅપ્ટને તરત જ એના નાવિકોને હાકલ કરી.

'આગળના ડોળકૂવાને ખેંચો, જોરથી ખેંચો. એને સીધો કરો.' નાવિકો તો એ કામમાં મંડેલા જ હતા. હવે કૅપ્ટન તરફથી પ્રોત્સાહન મળતાં તેમણે એકીસાથે જોર અજમાવવા માંડ્યું.

નવી નકોર ડંકન વિહારનૌકા માટે હજી આ તો પહેલી જ કસોટી હતી. વિનાશ વેરતા આ પ્રચંડ વાવાઝોડાંની અનેકાનેક થપાટોનો એકસાથે સામનો એ કરી શકશે કે કેમ તે પ્રશ્ન મોટો હતો. ગ્લેનાર્વન અને એના સાથીઓ પ્રકૃતિનું તાંડવ અને તેમની નાનકડી નૌકા વચ્ચેના સંઘર્ષને સ્તબ્ધ બનીને જોઈ રહ્યા. બંને એકબીજાને મહાત કરવાની હોડમાં ઊતર્યા હોય તેવી સ્થિતિ હતી. નૌકા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટેનો એ જંગ ખેડી રહી હતી. કોઈને વાત કરવા માટે શબ્દો જડતા ન હતા.

તોફાની પવનોના સુસવાટા અને મોજાંઓના ઘૂઘવાટના અવાજ વચ્ચે નૌકાના પેટાળમાંથી સિસકારો બોલતો હોય તેવો અવાજ જોરશોરથી સંભળાવા લાગ્યો. અંદર ગોઠવાયેલા બોઇલર તરફથી એ અવાજ આવતો હતો. એ સાથે ત્યાં કાંઈક ભય હોવાની છડી પોકારતી વ્હીસલ સૌનું ધ્યાન ખેંચવા લાગી. એ અંગે કૅપ્ટન કાંઈ પણ પગલાં સૂચવે તે પહેલાં નૌકાને એક જબરજસ્ત આંચકો લાગ્યો. આખી નૌકા ધ્રૂજી ઊઠી. તૂતક ઉપર ઊભેલા સૌ એની ફરસ ઉપર પછડાયા. સુકાન વ્હીલને પકડીને નૌકાને દિશા આપી રહેલો વિલ્સન પણ દૂર ફેંકાઈ ગયો. સુકાન ઉપર એનો કોઈ કાબૂ રહ્યો ન હતો. ડંકન હવે બેકાબૂ બનીને મોજાંઓ વચ્ચે ફંગોળાવા લાગી.

એ સાથે જ નીચે બોઇલર રૂમમાં ત્યાંના ઍટેન્ડન્ટનો અવાજ સંભળાયો. 'એન્જિનમાં ગરબડ છે'. એ સાંભળીને કૅપ્ટને એ તરફ દોટ મૂકી. ઝડપથી પગથિયાં ઊતરીને કૅપ્ટન એન્જિન રૂમમાં પહોંચી ગયો. કાનફાડી નાખે એવા અવાજ સાથે થોકબંધ વરાળ એન્જિનના પિસ્ટનને ધક્કો દેવાને બદલે રૂમમાં જ ફેલાઈ રહી હતી. આખો રૂમ ગરમાગરમ વરાળથી ભરાઈ ગયો હતો. એણે જોયું કે પિસ્ટનની હલચલ બંધ પડી ગઈ હતી. એન્જિન ઠપ્પ થઈ ગયું હતું. એવી

સ્થિતિમાં વરાળના દબાણથી બોઇલર ફાટે તેવી શક્યતા હતી. એવી ભયાનક હોનારત ટાળવા વરાળને સેફ્ટીવાલ્વ મારફતે બહાર કાઢવામાં આવતી હતી.

'શું થયું છે? એન્જિન કેમ બંધ છે?' કૅપ્ટને પૂછ્યું.

'એનો પ્રોપેલર વાંકો વળીને એના કક્ષમાં જકડાઈ ગયો છે. ત્યાંથી એને મુક્ત કરવાનો પ્રયાસ કરું છું.' એન્જિનિયરે ચિંતાતુર ચહેરા સાથે જવાબ આપ્યો.

થયું ત્યારે બહાર ચાલી રહેલા ઝંઝાવાતમાં સઢનો ઉપયોગ કરવાનું વિચારી પણ શકાય તેમ ન હતું. અને અહીં પ્રોપેલટને ફેરવનાર એન્જિન બંધ હતું. એવી કટોકટીની સ્થિતિમાં પ્રોપેલરનું સમારકામ કરી શકાય તેમ ન હતું. નૌકાને તરતી રાખવા કૅપ્ટને એવા સમયે કેટલાંક આકરાં પગલાં લેવાં પડતાં હોય છે.

સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવતાં કૅપ્ટન ઝડપથી તૂતક ઉપર આવી ગયો. ગ્લેનાર્વન વગેરેને એણે હાથ જોડીને વિનંતી કરી કે આવી તાકીદની સ્થિતિમાં તૂતક ઉપર હાજર રહેવાને બદલે તેઓ સૌ પોતાની કૅબિનમાં જ ચાલી જાય. એન્જિનને ફરીથી ચાલુ કરવાના પ્રયાસમાં સહાયરૂપ બનવા માટે ત્યાં જ હાજર રહેવાની ગ્લેનાર્વને ઇચ્છા જાહેર કરી, પરંતુ પોતાના હાથ નીચેના કર્મચારીઓ સિવાય કોઈની પણ હાજરી કૅપ્ટનને માન્ય ન હતી. કાંઈક સખત અવાજ સાથે એણે પોતાના માલિકને ફરીથી વિનંતી કરી.

'જુઓ સાહેબ, આવાં વિનાશક તોફાનમાં સપડાયેલાં જળયાનને બચાવવા માટે કૅપ્ટને કેટલાંક આકરાં પગલાં ભરવાં પડતાં હોય છે. એવા સમયે કૅપ્ટન જ સર્વેસર્વા હોય તે જરૂરી છે. હું ફરીથી વિનંતી કરું છું કે આપ આપની કૅબિનોની સલામતીમાં જ રહો એમ હું ઇચ્છું છું. મહેરબાની કરી મને જ આ સ્થિતિ સંભાળવા માટેના નિર્ણય લેવા દો. જરૂર હશે તો હું જાતે જ આપની પાસે આવીને આપનું માર્ગદર્શન માગીશ, પરંતુ અત્યારે તો આપ આપની કૅબિનમાં પધારો અને આરામ કરો.'

કૅપ્ટન મેંગલ્સની છાપ એક શાંત અને સૌમ્ય પ્રકૃતિના નાવિક તરીકેની હતી, તેમ છતાં અત્યારે પોતાના માલિક સાથે પણ તે સખ્તાઈથી વાતો કરતો હતો. માલિકને પણ સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો. કૅપ્ટનની સૂચનાનું એણે અક્ષરશઃ પાલન કર્યું. ડંકનના અસ્તિત્વ સામે તોળાઈ રહેલા આ પડકારનો સામનો કરવા કૅપ્ટનને પૂરેપૂરી મોકળાશ આપવા ત્રણે મહાનુભાવો પોતપોતાની કૅબિનોમાં પહોંચી ગયા.

કૅબિનમાં પ્રવેશતાં પહેલાં પેગેનલ બોલ્યો,

'આપણા કૅપ્ટનના આ પ્રકારના દૃઢ વલણથી મને શેક્સપિયરના 'ટેમ્પેસ્ટ' નાટકની પેલી પંક્તિ યાદ આવી, જેમાં રાજાના જહાજમાં તૂતક ઉપર ઊભેલા પોતાના રાજાને ખુદને એનો કૅપ્ટન સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ગર્જના કરતાં આ મોજાં રાજાને શું કહે છે તે સમજાય છે? બસ, એટલું જ કે આપ આપની કૅબિનના સગવડભર્યા સ્થાનમાં સિધાવો, શાંતિ જાળવો અને ખલેલ પહોંચાડ્યા વિના સેવકોને કામ કરવા દો.'

કૅપ્ટન તરફના એ પ્રકારના સખત વલણથી નારાજ થયા વિના સૌ પોતપોતાની કૅબિનમાં પહોંચી ગયા અને બહાર વાવાઝોડાંના વિનાશક વિંઝણા સામે કૅપ્ટન અને તેના સહાયકો બરાબરની ટક્કર લઈ રહ્યા.

તોફાનમાંથી નૌકાને ઉગારવાના પ્રયાસમાં કૅપ્ટન જ્હૉન મેંગલ્સ હવે સર્વેસર્વા હતો. માથા ઉપર ઊભા રહીને સતત ચિંતા કરતા અને દરેક પગલાંમાં પોતાનું કાંઈક સૂચન ઉમેરતા માલિક કે

તેના સાથીઓની દખલગીરી વિના તેણે હવે ઝડપથી પોતાના જ નિર્ણયો લેવાની શરૂઆત કરી.

એન્જિન સાથે જોડાયેલ પ્રોપેલર અને તેની સાથે પાણી વલોવતો બહારનો પંખો સ્થગિત હતાં. એ સ્થિતિમાં નૌકાને થોડી પણ ગતિમાં રાખવા માટે હજી પણ ખુલ્લા રાખેલા ટોચનાં એક જ સઢ ઉપર આધાર રાખવો પડે તેવી સ્થિતિ હતી. એટલું જોખમ ઉઠાવવાનું એણે નક્કી કર્યું. એકાદ સઢને ખુલ્લો મૂકીને ધીમી ગતિએ પણ ડંકનને આ તોફાની માહોલમાંથી બહાર કાઢી શકાય, તો તે પછી જ એના સમારકામનો વિચાર કરી શકાય, તોફાનની સાથે બરાબર સીધા અથડામણમાં આવવાને બદલે તેણે આટાપાટા વાળો ત્રાંસો માર્ગ પકડ્યો.

હવે એન્જિનની સહાય વિના જ નૌકા કેવળ સઢમાં ભરાતા પવનથી સુકાનની સ્થિતિ પ્રમાણે આગળ વધવા લાગી, પરંતુ તોફાની પવનમાં કાપડનો બનેલો સઢ કેટલું ટકી શકે? તે સૌને મૂંઝવતો પ્રશ્ન હતો. દિવસના અજવાળામાં એ રીતે આગળ વધવાનું થોડું આસાન હતું, પરંતુ રાત્રિના અંધારામાં એમનું કામ કપરું બનવાનું હતું.

દિવસ જેમતેમ વિતાવ્યો. વાદળોના ઘટાટોપને કારણે કાજલ કાળી રાત્રિમાં કાંઈ જ જોઈ શકાય તેમ ન હતું. દિવસના તોફાન દરમિયાન સૌને આશા હતી કે રાતની ઠંડી હવામાં તોફાન પણ ઠંડું પડશે, પરંતુ હવાનું ઘમ્મર વલોણું અપેક્ષા પ્રમાણે ઘટવાને બદલે રાત્રિ દરમિયાન વધારે જોરદાર બનતું ગયું. સવારે શાંતિ થવાની આશા પણ ઠગારી નીવડી. સવારના આઠ વાગતાં સુધીમાં તો હરીકેન વાવાઝોડું પોતાનું રૌદ્રતમ સ્વરુપ ધારણ કરીને, પૂરી તાકાત સાથે નૌકા પર ત્રાટક્યું.

પ્રચંડ મોજાંઓની હારની હાર. એકની પાછળ બીજી એમ અનંત લાગતી શૃંખલામાં પવનની દિશામાં ધસી રહી. એવા એક મોજાં ઉપરથી બીજા મોજાં ઉપર ફંગોળાતી ડંકનનૌકાની દશા કાગળની નાવથી વિશેષ ન હતી.

ઘડીમાં મોજાંની ટોચ ઉપર તો બીજી જ વળે બે મોજાં વચ્ચેની ઊંડી ગર્તામાં તે ધકેલાવા લાગી. એના તૂતક ઉપર ફરજ બજાવતા નાવિકો માટે ત્યાં ઊભા રહેવાનું પણ મુશ્કેલ બની ગયું, તો કૅબિનોમાં પુરાયેલાઓની દશા તેમનાથીય બદતર હતી.

મોજાં ઉપર સવાર થઈ ઊંચે ઊઠેલી નૌકા ક્યારે એના ઉપર પડખાંભેર આડી પડી જાય તે કહી શકાય તેમ ન હતું, તો ઊંડી ખાઈમાં ઊતરી ગયા પછી તે પાછી ઉપર આવી શકશે કે નહીં તેની પણ શંકા સેવાતી હતી. નૌકાને બચાવવાના એકમાત્ર ઉપાય તરીકે મુખ્ય કૂવાસ્તંભ સાથે બાંધવામાં આવેલા સઢને છૂટો પાડવો જરૂરી હતો. એને બાંધનારું દોરડું છોડી શકાશે નહીં એમ જણાતા તેને કાપવાનો આદેશ અપાયો. એક નાવિક એ માટે કુહાડી લઈ ઉપર ચડવાની તૈયારી કરતો હતો, પરંતુ પવનના જોરદાર ઝપાટામાં એ સઢ ફાટીને ફાળકો થઈ ગયો. એનો એક મોટો ટુકડો, રાક્ષસી કદના દરિયાઈ પક્ષી આલ્બેસ્ટ્રોસની જેમ ઊડતો દૂર પહોંચી ગયો અને પાણીની છોળોમાંથી ઉત્પન્ન થતા ધુમ્મસમાં અદૃશ્ય બની ગયો.

ફરી એક વાર મોજાંની પીઠ ઉપર સવાર થઈ નૌકા ઊંચે ઊઠી, પરંતુ એ નિરાધાર હતી. અન્ય દિશામાં વાળી શકે, કે ઝડપને કાબૂમાં રાખી શકે તેવું કોઈ જ તંત્ર કૅપ્ટન પાસે ન હતું. એ પણ એટલો જ અસહાય હતો. પવન અને મોજાંની દયા ઉપર નૌકાનું અસ્તિત્વ તોળાઈ રહ્યું. એવી સ્થિતિમાંથી બહાર કાઢવા માટેના છેલ્લા પ્રયાસ તરીકે ફોરસ્ટે સેઇલ તરીકે ઓળખાતા આગળના કૂવાસ્તંભ સાથે નાના ત્રિકોણાકાર સઢને ઊંચે ચઢાવવાનો કૅપ્ટને આદેશ આપ્યો. એ જ એક આખરી ઉપાય હતો કે જેનાથી નૌકાને થોડી ગતિ મળે અને એને તોફાની વંટોળિયામાંથી

બહાર કાઢવાનું શક્ય બને. નાવિકો માટે એ કામ આસાન ન હતું. પવન અને મોજાંના મારથી હાલકડોલક થઈ રહેલી નૌકાને સ્થિર કરવા માટેના મરણિયા પ્રયાસ થવા લાગ્યા. તોફાનમાં સતત ચાલી રહેલી કામગીરીથી નાવિકો થાક્યા હતા. કામમાં ધારી સફળતા નહીં મળતાં તેઓ હતાશ થઈ ગયા હતા, છતાં કૅપ્ટન તરફની એકધારી હૈયાધરપતને કારણે એકવીસમા પ્રયાસે સફળતા મળી. બપોરના ત્રણ વાગ્યે સઢને યોગ્ય સ્થાને બાંધી શકાયો. પરિણામ ધારણા મુજબનું આવ્યું. નૌકા ધીમેધીમે આગળ વધવા લાગી. પ્રો તરીકે ઓળખાતો આગળનો અણિયાળો ભાગ મોજાંને ચીરતો આગળ વધવા લાગ્યો. બંને પડખાં સાથે અફળાતાં મોજાંની છાલકોથી ડેકની ફરસ પાણીથી તરબોળ બની ગઈ.

બારમી ડિસેમ્બરનો દિવસ એ રીતે જ વીત્યો. પ્રકૃતિના નિરંકુશ પરિબળો સામે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે નાનકડી નૌકા સતત ઝઝૂમતી રહી. જીવન અને મૃત્યુ વચ્ચેની એ લડાઈ હતી. નૌકાને સંભાળી શકાય નહીં, તો હિંદ મહાસાગરને તળિયે સૌની કબર નિશ્ચિત જ હતી. કૅપ્ટન જ્હૉન મેંગલ્સની એ જ ચિંતા હતી. પોતાના સ્થાને અવિચળ બનીને તે ઊભો જ હતો. એમાં ભૂખતરસ જેવી અનુભૂતિ માટે કોઈ જ અવકાશ ન હતો. નૌકા અને તેને આધારે રહેલાં માણસોની સલામતીનો આધાર એની ઉપર હતો. ઉત્તર તરફથી વાઈ રહેલા જોરદાર પવનની દિશા તરફ એની નજર ખોડાયેલી હતી. ધુમ્મસના ઘેરાં આવરણ પાછળ એ નજરો કાંઈક શોધતી હતી. એનું અનુમાન હતું કે નૌકા દક્ષિણ ઑસ્ટ્રેલિયાના કાંઠા તરફ ધકેલાતી હતી. એનો હવે પછીનો ડર કાંઠા નજીકના કોઈ અર્ધ ડૂબેલા ખડક સાથેની અથડામણનો હતો. કોઈ અણદીઠા ખડક સાથે નૌકા અથડાય તે પહેલાં જ સૌનો જીવ બચાવવા માટે અણગમતો નિર્ણય લેવાની ઘડી આવી ગઈ. એની ગણતરી પ્રમાણે તેઓ કાંઠાથી બારેક માઈલ દૂર હતા.

અંતિમ પગલાં અંગે કૅપ્ટને નિર્ણય લઈ લીધો. એ માટે માલિક લૉર્ડ ગ્લેનાર્વનની સંમતિ જરૂરી હતી. કોઈ પણ જાતના ગભરાટ કે ક્ષોભ વિના ગ્લેનાર્વન સમક્ષ તેણે પ્રવર્તમાન સ્થિતિની રજૂઆત કરી અને જણાવ્યું,

'મહાશય, આવી સ્થિતિમાં કઠોર નિર્ણય લેવાની જરૂર છે. નૌકા કરતાં પણ વધુ મહત્ત્વ નૌકા ઉપરનાં જીવતાં માણસોનું છે. ખડક સાથે અથડાઈને ડંકન નષ્ટ થાય તે પહેલાં નાની હોડીઓમાં બેસીને કાંઠે પહોંચી જવામાં જ સલામતી છે.'

અત્યાર સુધી તોફાન સામે કૅપ્ટન મેંગલ્સ જે રીત ઝઝૂમી રહ્યો હતો અને નૌકા ત્યાગવાનો અંતિમ કક્ષાનો નિર્ણય લીધો હતો, તે ઉપરથી ગ્લેનાર્વનને તોફાનની ભયાનકતાનો ખ્યાલ આવી ગયો. એને સમજાયું કે કિનારો નજીકમાં દેખાય ત્યારે ડંકનને છોડી દેવાના દુ:ખદ નિર્ણયનો અન્ય કોઈ વિકલ્પ ન હતો. કૅપ્ટનના ખભા ઉપર હાથ મૂકીને દૃઢતાથી એણે જણાવ્યું,

'જુઓ કૅપ્ટન મેંગલ્સ! આપણી લાડલી ડંકન આપણને વહાલી છે, પરંતુ આપણાં સૌનાં જીવન અમૂલ્ય છે. આપણે સૌ જીવતા રહ્યા તો બીજી ડંકન બનાવી શકાશે, પરંતુ આપણામાંથી કોઈની પણ ખોટ પૂરી શકાવાની નથી.'

'મારી મુખ્ય ચિંતા મૅડમ હેલીના અને કુ. મૅરીની છે.'

'એમની તમે ચિંતા કરશો નહીં. આ તોફાનમાંથી બચાવવાની તમામ આશાઓ ઉપર જ્યારે આ રાક્ષસી મોજાંનાં પાણી ફરી વળશે એમ લાગે, ત્યાં સુધી આ જોખમની વાત એમને કહેવાની નથી. ત્યાં સુધી તમે તમારી લડત ચાલુ રાખશો. મારી શ્રદ્ધા છે કે આપણા પ્રયાસો અને ઈશ્વરીકૃપા સારું જ પરિણામ લાવશે.'

ગ્લેનાર્વને ત્યાર બાદ પેગેનલ વગેરે મિત્રો સાથે તોફાન અને ડંકનની સ્થિતિ અંગે સામાન્ય ચર્ચા કરી, પરંતુ કૅપ્ટન સાથે લીધેલા અંતિમ નિર્ણયની વાત મનમાં જ રાખી. જોકે એ વાત જણાવી હોત તો પણ એનાથી કોઈ ગભરાઈ જાય તેમ તો હતું જ નહીં. હેલીના અને મૅરીએ પણ એવી જ હિંમત બતાવી હોત!!

બંધ કૅબિનોની સલામતીમાં સૌ ઉચાટ સાથે ચર્ચા કરતાં રહ્યાં. એ દરમિયાન બહાર હવાનો વિંઝણો તો અવિરામ ચાલુ જ હતો.

દરમિયાન અગિયાર વાગ્યા. ક્ષિતિજને અવરોધી રહેલું ધુમ્મસનું આવરણ સૂરજનાં કિરણોથી પાતળું પડ્યું. છએક માઈલ દૂર કાંઠાના ખડકો હોય તેવા આકાર સ્પષ્ટ બન્યા. પચાસ ફૂટ ઊંચાં મોજાં એ કાંઠાની ઉપરવટ કૂદીને પાછળના અખાત જેવા ભાગમાં ઊતરી પડતાં હોવાનો અણસાર આવ્યો.

'હજી પણ સ્થિતિ ગંભીર છે. ત્રણ બાજુ જમીનથી ઘેરાયેલી કોઈ ખાડી આપણને મળી જાય તો જ આપણો ઉગારો છે.' કૅપ્ટન ચિંતાતુર અવાજે ગ્લેનાર્વન તરફ જોઈને બોલ્યો. સાથે ઉમેર્યું,

'અત્યારે તો અહીં ઊંચી ભરતીનાં પાણી ચડેલાં છે. એ સાથે કિનારા કરતાં પણ વધુ ઊંચાઈનાં મોજાં ઊંચાં ઊછળીને કિનારે કૂદીને પાછળના ભાગમાં ખાબકી રહ્યાં છે. એવા કોઈ મોટાં મોજાં ઉપર સવાર થઈને આપણી આ નૌકા પણ એ કિનારા પાછળની ખાડીમાં ફંગોળાઈ જાય તો આપણે ચોક્કસપણે બચી શકીશું એમ મને લાગે છે.'

'અત્યારની ભયાનક સ્થિતિમાંથી એ રીતે સાંગોપાંગ બહાર નીકળવા માટે ભગવાનને પ્રાર્થના કરવાનો એક જ ઉપાય આપણે કરી શકીએ.'

ગ્લેનાર્વને પણ આ અસંભવિત કહી શકાય તેવા ઉગારા માટે ઈશ્વરની પ્રાર્થનાનું શરણું શોધ્યું.

ઉત્તરપૂર્વમાં આગળ ધકેલાઈ રહેલી નૌકા કિનારાથી હવે માત્ર બે માઈલના અંતરે આવી ગઈ. કિનારાનો પરિવેશ હવે સ્પષ્ટ રીતે જોઈ શકાતો હતો. પાછળનાં મોજાંઓનો ધક્કો આગળનાં મોજાંને લાગતો હતો અને આગળનું દરેક મોજું કિનારાના ચડતા ઢાળની ઊંચાઈ ઉપર ચડીને ત્યાંના ખડકો અને રેતીને તરબોળ કરતું હતું. મોજું વધુ મોટું હોય, ત્યારે કાંઠાને ઓળંગીને સુવાંગ રીતે કિનારાની પાછળની ખાડીમાં ખાબકતું હતું. એવા એક મોજા ઉપર સવાર થઈને ડંકન પણ કિનારો કૂદીને પાછળની ખાડીના પાણીમાં ખાબકે તે માટે કૅપ્ટન મનોમન આયોજન કરી રહ્યો, પરંતુ એવા ચમત્કાર માટે કાંઠા નજીક સહીસલામત પહોંચવું ખૂબ જ જરૂરી હતું.

ઊજળા ભવિષ્ય માટેની આશા ભલે મનમાં હોય, પરંતુ નજર સામેની કડવી વાસ્તવિકતાથી સૌને માહિતગાર કરવાનો સમય સામે આવી ગયો હતો. કૅપ્ટને ગ્લેનાર્વન વગેરે સૌને તૂતકના એક સલામત ખૂણામાં બોલાવી લીધાં. બંધ કૅબિનની અંદર જ એમાંનું કોઈ અથડાઈ-કુટાઈને ગૂંગળાઈ મરે તે એને મંજૂર ન હતું.

'જ્હૉન,' ગ્લેનાર્વને ધીમા અવાજે કૅપ્ટનને જણાવ્યું, 'લેડી હેલીનાની રક્ષા હું મારા પ્રાણના ભોગે પણ કરીશ અને કુ. મૅરીની સુરક્ષાની જવાબદારી હું તને સોંપું છું.'

'ચિંતા કરશો નહીં, માલિક. નૌકા ઉપરના સૌ જીવોની રક્ષા આપણી પ્રાથમિકતા છે, પણ હજી એવી સ્થિતિ ઊભી થઈ નથી. આપની આજ્ઞા મને શિરોમાન્ય રહેશે.' કૅપ્ટને માલિકને સધિયારો આપ્યો, તેમ છતાં કિનારાને મઝધાર બનાવી રહેલાં મોજાં કૅપ્ટનને માટે માનસિક રીતે

અસહ્ય બની ગયાં. દરિયાલાલનાં એ રૌદ્રતમ સ્વરુપને શાંત કરવાનો શું કોઈ જ ઉપાય નથી?

ઉપાય શોધવા માટે એનું મગજ કામે વળગ્યું. આખરે એને એક તુક્કો યાદ આવ્યો. મોજાંની ઘાતકતા ઘટાડવા માટે એવો છેલ્લો ઉપાય અજમાવવાનું એણે નક્કી કર્યું. એને જાણકારી હતી કે પાણીની સપાટી ઉપર તરતું તેલ મોજાનાં ઉછાળાને નરમ બનાવી શકે છે. તરત જ એનો આદેશ છૂટ્યો.

'સીલ માછલીના તેલથી ભરેલાં તમામ પીપડાંને લાવીને નૌકાની બંને બાજુએ આડાં ગોઠવી દો.'

નાવિકો તરત જ કામે વળગ્યા. આ એક અનોખી કામગીરી હતી. કિનારો નજીક આવે કે તરત જ એ તમામ પીપોમાંનું તેલ એક સામટું પાણી ઉપર ઢોળી દેવાનું હતું. લાકડાના ગોળાકાર પીપોના ઉપરના ભાગોમાં કુહાડીના ઘાથી મોટાં મોટાં છીદ્રો પાડી ઉપયોગ માટે તૈયાર રાખવામાં આવ્યાં. હવે યોગ્ય પળની પ્રતીક્ષા હતી.

પહાડ જેવડાં મોજાંઓની પીઠ ઉપર સવાર થયેલી નાનકડી નૌકાની છેલ્લી ઘડીઓ ગણાતી હતી. કાંઠાના ચડતા ઢોળાવ ઉપર એવું એક મોટું મોજું ઊછળીને ઊંચું થયું. તેની ઉપર સવાર નૌકા ઊંચે ચડવાની શરૂઆત થઈ. ઊકળતા ચરુ જેવા અસ્થિર પાણીની સપાટી ઉપર ધ્રૂજતી નૌકા ઊંચે ચઢવા લાગી. કિનારો હવે થોડા સો ફૂટની દૂરી ઉપર જ આવી ગયો.

બરાબર એ જ સમયે કૅપ્ટનનો આદેશ છૂટ્યો અને નૌકાના પડખાંની કોર ઉપર આડાં ગોઠવેલાં તમામ પીપોને શક્ય એટલી ઝડપથી બહાર પાણી તરફ ઊંધાં વાળવામાં આવ્યાં. ગેલનબંધ તેલ ઘટક ઘટક અવાજ સાથે પાણીની સપાટી ઉપર ઠલવાવા લાગ્યું. ભારવિહીન દશામાં બેફામપણે ઊછળી રહેલાં મોજાં ઉપર તેલના વજનનું બંધન આવ્યું. એની તત્કાળ અસર થઈ. નૌકાની ફરતેના ઊછળતાં પાણી ઉપર કાંઈક સ્થિરતા આવી અને એવા શાંત મોજાંની પીઠે ચડેલી ડંકન રેતી અને ખડકોનો એ પાળો કૂદીને એની પાછળના બંધિયાર જેવાં લાગતાં પાણીમાં ખાબકી, અંદરના એ પાણી ઉપરનો પછડાટનો તીવ્ર આંચકો સૌએ અનુભવ્યો. નૌકા સાથે સૌ ધ્રૂજી ઊઠ્યાં, છતાં 'જાન બચી, લાખો પાયે' જેવો હાશકારો પણ સૌએ અનુભવ્યો.

૬

મૈત્રીનો અહેસાસ

સીલ માછલીના તેલના આવરણથી ક્ષણભર ડાહ્યાં બનેલાં મોજાં ઉપર સવાર થઈને ડંકન નૌકા કિનારાના ખડકો ઓળંગી પાછળની ખાડીમાં ઊતરી પડી. એવી ક્ષણભરની શાંતિ બાદ ફરીથી મોજાંઓની એ જ વણથંભી વણજાર કિનારો તોડવા આગળ ધસતી રહી. પછડાટના ક્ષણિક આંચકા બાદ પવનથી ધકેલાતી નૌકા ખાડીનાં પ્રમાણમાં, શાંત પાણીમાં થોડી આગળ સરી ગઈ અને મોજાંની છાલકોના મારની રેખાની બહાર નીકળી ગઈ.

તક મળતાં જ કૅપ્ટને લંગર છૂટું કરીને ખાડીના ઊંડા પાણીમાં ઉતારી દીધું. તળિયાના ખડકોમાં એનાં પાંખિયાં ફસાતાં નૌકા સ્થિર બનીને ઊભી રહી ગઈ. તે હવે સંપૂર્ણપણે ભયમુક્ત હતી. સૌએ રાહતનો દમ લીધો.

'ખૂબ ખૂબ આભાર, કૅપ્ટન મેંગલ્સ. તમારો ખૂબ ખૂબ આભાર. તમારી કુનેહથી નૌકાને અને સૌને તમે બચાવી લીધા.' લૉર્ડ ગ્લેનાર્વને કૅપ્ટનના બંને હાથ પકડીને ઉમળકાથી દબાવ્યા. ચોવીસ કરતાં વધુ કલાકોથી એકલવીરની જેમ તોફાનની સામે ઝઝૂમતા રહેલા કૅપ્ટન મેંગલ્સ પણ હવે હળવા બની ગયા. સમગ્ર કટોકટી દરમિયાન નાવિકોને એણે આપેલી દોરવણી કારગત નીવડી હતી. એની ધીરજ અને કુનેહને કારણે જ નૌકા અને તેની ઉપરના માણસો સલામત રહી શક્યા હતા.

માલિક તરફના પ્રશંસાના આ થોડા શબ્દો પણ કૅપ્ટન માટે અમૂલ્ય હતા. કુ. મૅરી પ્રત્યે એનો વધી રહેલો લગાવ માલિકના ધ્યાન બહાર ન હતો, તેનો એને અહેસાસ થયો. આનંદની એવી અનુભૂતિ વ્યક્ત કરવા યોગ્ય શબ્દો શોધવાનું એને માટે મુશ્કેલ બની ગયું.

ત્યાર બાદ હવામાનની તીવ્રતામાં ધીમો ઘટાડો નોંધાયો. જોકે એ માટે એમણે લાંબો સમય રાહ જોવી પડી. શાંતિ સ્થપાતાં આગળની કાર્યવાહી અંગે વિચારવાની માનસિક મોકળાશ સાંપડી. અહીંથી લંગર ઉઠાવતાં પહેલાં સૌપ્રથમ તો એ નક્કી કરવાનું હતું કે ઑસ્ટ્રેલિયાના કિનારાના ચોક્કસ કયા ભાગમાં તેઓ હતા. ૩૭° દક્ષિણ અક્ષાંશથી તોફાનને કારણે તેમનું માર્ગાંતર કેટલું હતું, તે જાણવું જરૂરી હતું. તે ઉપરાંત નૌકાના પ્રોપેલરને થયેલા નુકસાનનો અંદાજ મેળવવાની કામગીરી પણ મહત્ત્વની હતી.

પેગેનલે કરેલી ગણતરી પ્રમાણે નિર્ધારીત અક્ષાંશથી તેઓ માત્ર બે અંશ જેટલા જ ઉત્તરમાં ધકેલાયા હતા. અત્યારે તેઓ ૧૩૬°.૧૨" પૂર્વ રેખાંશ અને ૩૨°.૬૭" દક્ષિણ અક્ષાંશ ઉપર હતા. એ સ્થાન કેપ કેટેસ્ટ્રોફી હતું. એમનું નિર્ધારીત લક્ષ્યસ્થાન કેપ બર્નોલી હતું અને તે ૩૦૦ માઈલ દક્ષિણપૂર્વના અંતરે હતું. ત્યાંથી સૌથી નજીકનું બંદર પોર્ટ એડેલેઇડ હતું. સધર્ન

ઑસ્ટ્રેલિયા પ્રાંતનું એ રાજધાનીનું શહેર હતું.

નૌકાના પ્રોપેલરને થયેલા નુકસાનનો અંદાજ મેળવવા ગોતાખોરોને પાણીની નીચે મોકલવામાં આવ્યા. એમણે આપેલી માહિતી પ્રમાણે સ્ક્રૂ આકારે પાણીમાં ફરતા પંખાનું એક પાંખિયું વાંકું વળી ગયું હતું અને તે નૌકાના પડખામાં ફસાઈ ગયું હતું! તેને કારણે તે ફરતું જ બંધ પડી ગયું હતું. પરિણામે એને ગોળગોળ ફેરવનારા પીસ્ટનો પણ સ્થગિત થઈ ગયા હતા અને બિનવપરાશી વરાળને તાકીદને ધોરણે સેફ્ટી-વાલ્વ મારફતે બહાર કાઢવી પડી હતી.

કૅપ્ટનના જણાવ્યા પ્રમાણે એ નુકસાન ગંભીર પ્રકારનું હતું, અને નજીકના એડેલેઇડ બંદરે એની દુરસ્તી શક્ય ન હતી. એડેલેઇડથી દક્ષિણ પૂર્વે આવેલા મેલબૉર્ન બંદરે જ એ માટેની સગવડ હતી. ગ્લેનાર્વન સાથે ચર્ચા કરીને કૅપ્ટને નિર્ણય લીધો કે સૌપ્રથમ તો નૌકાને અહીં કેપ કેટેસ્ટ્રોફીથી કેપ બર્નોલી લઈ જવી અને ત્યાંથી કિનારાના સલામત જળવિસ્તારમાં થઈને સઢની મદદથી ધીમેધીમે વધુ દક્ષિણમાં મેલબૉર્ન બંદરમાં સમારકામ માટે લઈ જવી. મધદરિયાની મુસાફરી માટે નૌકા સક્ષમ બને ત્યાર પછી જ બ્રિટાનિયા જહાજની ખોજ માટે આગળ વધવાનું એમણે નક્કી કર્યું.

કેપ કેટેસ્ટ્રોફી નજીકની એ સુરક્ષિત ખાડીમાંથી નૌકાને બહાર કાઢવા હવે રેતી અને ખડકોથી ભરેલો પાળો કુદાવવાની જરૂર ન હતી. એ હવે શક્ય પણ ન હતું. તોફાન સંપૂર્ણપણે શમી જાય તેની જ રાહ જોવાની જરૂર હતી. વધુ એક દિવસ એમાં જ નીકળી ગયો.

નૌકાને ખાડીમાંથી હવે વહેલીતકે બહાર કાઢવાનો નિર્ણય લેવાઈ ગયો.

ભરતીઓટનાં પાણી અને પવનની રૂખને આધારે એમણે નક્કી કર્યું કે મધરાત બાદ મળસ્કે ચાર વાગ્યે ખાડીમાંથી બહાર પ્રયાણ કરવું. એ માટેના જરૂરી આદેશ અપાઈ ગયા.

સમય થતાં મળસ્કે લંગર ઉપાડવામાં આવ્યું. ફરજ ઉપરના નાવિકો અને અધિકારીઓ સિવાય સૌ નિદ્રાધીન હતાં. અનુકૂળ પવન ડંકનને આગળ ધકેલવા તૈયાર જ હતો. લંગરના બંધનમાંથી મુક્ત થયેલી ડંકનનૌકા એને માટે નિશ્ચિત થયેલી દિશામાં પાણી ઉપર ધીમેધીમે સરવા લાગી. સંભાળપૂર્વક એને બહાર લાવવામાં આવી. ત્યાર બાદ તરત જ દક્ષિણપૂર્વ તરફની એની સફર શરૂ થઈ. બે કલાક બાદ સૂરજ ઊગ્યો. તે પહેલાં તો કેપ કેટેસ્ટ્રોફીનો કિનારો ક્ષિતિજ પાછળ અદૃશ્ય બન્યો હતો.

ખડકાળ કિનારાથી સલામત અંતર રાખીને આગળ વધતાં નૌકાએ સાંજ સુધીમાં કેપ બોર્ગ વટાવી દીધું. આગળનો કાંગારુ દ્વીપ દેખાયો. આમ તો આખો ઑસ્ટ્રેલિયા ખંડ જ એક મહાદ્વીપ છે. એની સરખામણીમાં આ તો ઘણો નાનો ટાપુ ગણાય, છતાં ખંડની તળભૂમિથી ઘણો દૂર આવેલો કાંગારુ ટાપુ એક જમાનામાં કેદમાંથી ભાગી છૂટેલા ગુનેગારો માટે સંતાવાનું એક સલામત સ્થાન ગણાતું.

દિવસ દરમિયાન તૂતક ઉપર ઊભા રહીને સૌ આ ટાપુની અપ્રતિમ સૌંદર્યસમૃદ્ધિને માણી રહ્યાં. કિનારા નજીકના નાના મોટા ખડકોની પાછળની સમથળ જમીનમાં હરિયાળી છવાયેલી હતી. છૂટાછવાયાં વૃક્ષો હતાં. તેમાં કાંગારુંઓની દોડાદોડ જોઈને સૌ પ્રફુલ્લિત બની ગયાં. ૧૮૦૨માં આ ટાપુ ઉપર પશ્ચિમી જગતના સાહસિકોએ ઉતરાણ કર્યું, ત્યારે જે સ્થિતિ તેમણે જોઈ હતી તે હજી પણ યથાવત જળવાઈ રહી હતી. ખડકોથી ભરેલા કાંઠાથી સલામત અંતરે ડંકનને ઊભી રાખવામાં આવી. એમાંથી નાની હોડીને પાણીમાં ઉતારવામાં આવી. એમાં જરૂર પ્રમાણે નાવિકોને ઉતારવામાં આવ્યા. આ સ્થળ ૩૬° અક્ષાંશ ઉપર હતું. દક્ષિણના ૩૮°

અક્ષાંશ સુધીના વિસ્તારમાં પથરાયેલા એના કિનારાની પૂરેપૂરી તલાશી લેવાનો આદેશ અપાયો. ગ્લેનાર્વન, પેગેનલ ઉપરાંત એમનો જુનિયર સાથી રૉબર્ટ પણ એમાં જોડાયા. બ્રિટાનિયાના ભંગારની શોધમાં કાંઠાની ઈંચેઈંચ જમીનમાં એમણે તપાસ કરી, પરંતુ પરિણામ શૂન્ય હતું.

વીસમી ડિસેમ્બરનો દિવસ ઊગ્યો. લેસીપેડના ઉપસાગરથી આગળ વધીને તેઓ કેપ બર્નોલીની અણી પાસે આવી ગયા.

અહીંના કિનારા ઉપરની શોધ પણ પરિણામશૂન્ય રહી. જોકે એનું કોઈને પણ આશ્ચર્ય ન હતું કે ન હતું કોઈ દુઃખ. દુર્ઘટના બે વર્ષ ઉપર બની હતી. ત્યાર બાદ વારંવાર આવેલાં તોફાનોમાં જહાજ પૂરેપૂરું નષ્ટ થયું હોય અને તેમાંની નાનામાં નાની ચીજવસ્તુઓ અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ લઈ ગયા હોવાની શક્યતા વધુ હતી. જોકે એમાં જીવિત બચેલા નાવિકોને કેદી બનાવીને તેઓ લઈ ગયા હોય એવી સંભાવના ઊભેલી હતી.

દક્ષિણ અમેરિકાના પેટાગોનિયા પ્રદેશની રીઓ કોલોરાડો, તથા રીઓ નીગ્રો જેવી જ નદીઓ ઑસ્ટ્રેલિયાના આ ભાગમાં પણ હતી. અહીં મરે નદી, યારો, ટોરેન અને ડાર્લિંગ જેવી નદીઓ હતી, પરંતુ એવી સરખામણી અન્ય કોઈ પણ મુદ્દે આગળ આગળ વધારી શકાય તેમ ન હતી. પેગેનલે ત્યાંની નદીઓ અંગે જણાવ્યું હતું કે ત્યાંના ઇન્ડિયનો કૅપ્ટન ગ્રાન્ટ વગેરેને કેદી તરીકે પકડીને નદીના વહેણના માર્ગે પેટેગોનિયાના અંદરના ભાગોમાં ઉપાડી ગયા હશે અને તે દરમિયાન સંદેશાના પત્રોવાળી બૉટલ નદીનાં વહેતાં પાણીમાં પધરાવી દીધી હશે. એવો તર્ક ઑસ્ટ્રેલિયાની નદીઓની બાબતમાં ચાલી શકે તેમ ન હતો. કારણ સ્પષ્ટ હતું. ત્યાંનો પ્રદેશ લગભગ નિર્જન અને અવિકસિત હતો. સંદેશાની બૉટલ કોઈના હાથમાં જવાની કોઈ શક્યતા ન હતી. જ્યારે અહીંનો આ નદીઓનો પ્રદેશ ખૂબ જ વિકસિત અને યુરોપિયન વસાહતીઓથી ભરેલો હતો. સંદેશાવાળી બૉટલ અહીં કોઈના પણ હાથમાં આવવાની શક્યતા વધુ હતી અને તેમને મદદ મળી શકી હોત. મેજર નેબ્સના એ અંગેના પ્રશ્નના જવાબમાં પેગેનલે એવી સ્થિતિનો સ્વીકાર કર્યો.

પેગેનલનો તર્ક એવો પણ હતો કે કેપ બર્નોલી અને ટુફોલ્ડ બેના વિસ્તારમાં પણ જો દુર્ઘટનાગ્રસ્ત બ્રિટાનિયાની કોઈ માહિતી ન મળી શકે, તો આ મિશનને નિષ્ફળ ગણીને તેમણે સ્કોટલૅન્ડ ભેગા જ થવું પડે તેમ હતું, પરંતુ એ અંગે નેબ્સનું કહેવું હતું કે ૩૭°૧૧" અક્ષાંશની રેખા દુર્ઘટનાના દરિયાઈ સ્થળની બાબતમાં જ પ્રસ્તુત હતી. આદિવાસીઓ ગ્રાન્ટ વગેરેને કેદી બનાવીને દેશના અંદરના ભાગમાં ઘસડી ગયા હોય તો અક્ષાંશ રેખાનું સ્થાન બદલાવાની શક્યતા હતી.

કૅપ્ટન ગ્રાન્ટ સંબંધી અનિશ્ચિતતાની સ્થિતિ એનાં બંને સંતાનો માટે અકળાવનારી હતી. પિતાની હયાતિ માટે તેઓ આશાવાદી હતાં, છતાં તેઓ હવે જીવિત નહીં હોવાની સ્થિતિ પણ તેમને સ્વીકાર્ય બને તેમ હતી. જે હોય તે, પરંતુ તેમને નિશ્ચિતતા જોઈતી હતી. એમને પ્રમાણિત માહિતીની જરૂર હતી. અનિશ્ચિતતાની સ્થિતિ લંબાતી જતી હતી. સાથે એમના ચહેરા ઉપરનો આનંદ અને ઉલ્લાસનો ભાવ પણ ફિક્કો પડતો જતો હતો.

ગ્લેનાર્વન અને હેલીના એમને માટે વધુ ચિંતિત હતાં. હેલીના મૅરીને માથે હાથ ફેરવીને વારંવાર આશ્વાસન આપતી રહેતી. તેને જણાવતી કે, 'તમારા પિતા હયાત જ છે. ઈશ્વરી હાથ આપણને યોગ્ય સ્થાને દોરી જશે. ચિંતા કરશો નહીં.'

'મૅડમ, હું પણ એમ જ વિચારું છું.' માનસિક રીતે કુ. મૅરીની સાથે તાદાત્મ્યતા

અનુભવતા કૅપ્ટન મેંગલ્સે એમાં પોતાનો સૂર પુરાવ્યો, 'માણસની અંતિમ સ્થિતિમાં જ એને ઈશ્વરી મદદ મળી રહેતી હોય છે. એક માર્ગ સંજોગવશાત્ બંધ થાય ત્યારે બીજો પોતાની રીતે જ ખૂલી જતો હોય છે.'

સૌને લઈને નીકળેલી હોડી ધીમેધીમે ભૂશિરની નજીક આવી. હળવા ઢાળવાળી એની ખડકાળ સપાટી ઉપર ગમે ત્યાં ઊતરી શકાય તેમ હતું. શરૂના પ્રમાણસરના ઢોળાવ બાદ સીધી ઊંચાઈના ખડકો સાઠથી એંશી ફૂટની ઊંચાઈએ પહોંચતા હતા. ગ્લેનાર્વનની પાછળ હેલીના વગેરે સૌએ આસાનીથી કિનારાના ખડક ઉપર પગ મૂક્યો અને જમીન તરફની દિશામાં પગલાં પાડ્યાં. આગળ જતાં ઉપર જવાનો માર્ગ જણાયો. ખાસ તકલીફ વિના સૌ ધીમેધીમે ઉપર ચઢ્યાં. ગ્લેનાર્વનને એના સ્કોટલૅન્ડનો મનમોહક ખડકાળ કિનારો યાદ આવ્યો. પેગેનલ માટે પેરીસની નજીકનો બ્રિટનીનો પ્રદેશ પણ એવો જ હતો.

અણઘડ પગથિયાં જેવા માર્ગે ઉપર ચડીને તેમણે ચારેતરફ નજર ઘુમાવી. પાછળ શાંત દરિયાનાં નાનાં મોજાંઓ અને તેમાંથી ઉત્પન્ન થતું ફીણ હતું. તો આગળ માનવસાહત હોય તેવું લાગ્યું. એની સ્પષ્ટ નિશાની જોવામાં આવી. સૌથી આગળ નીકળી ગયેલા રૉબર્ટે બૂમ પાડી,

'અરે જુઓ, જુઓ! આગળ મોટી પવનચક્કી હોય તેવાં પાંખિયાં જેવું કાંઈ દેખાયું છે. જુઓ ત્યાં દૂર પૂર્વમાં.'

'હા રૉબર્ટ, તારું અવલોકન બિલકુલ સાચું છે. એ પવનચક્કી જ છે. લાગે છે કે અહીં આદિવાસીઓ નહીં, પરંતુ યુરોપથી આવેલા માણસો હોવા જોઈએ.'

'આ એક સારી નિશાની છે. તો ચાલો, એ તરફ. જોઈએ તો ખરા કે ત્યાં કોણ રહે છે?' ગ્લેનાર્વન પણ પોતાનું કુતૂહલ રોકી શક્યા નહીં. આગળ સ્પષ્ટ રીતે કંડારેલી હોય તેવી કેડી દેખાતી હતી. સૌ એમની પાછળ પાછળ ચાલ્યાં. અડધા કલાકમાં તેઓ કોઈ ફળદ્રુપ જમીનના પ્લોટની નજીક આવી ગયાં. અહીં વ્યવસ્થિત રીતે બનાવવામાં આવેલી વાડથી સુરક્ષિત ખેતરોમાં કોઈક પ્રકારની ખેતી થઈ હતી. ત્યાંના ઘાસિયાંવાળા ભાગમાં અનેક ગાય, બળદ તેમ જ ઘોડા જેવાં પ્રાણીઓ જોવામાં આવ્યાં. ગુંદરનું ઉત્પાદન લઈ શકાય તેવાં અકાશિયા નામનાં નાનાં વૃક્ષો જોવામાં આવ્યાં. વધુ આગળ વધતાં મકાઈ તથા અન્ય પાકોનાં લહેરાતાં ખેતરો જોઈ સૌને આનંદ થયો અને છેલ્લે સુંદર રીતે બાંધવામાં આવેલું મકાન જોવામાં આવ્યું. રૉબર્ટે દૂરથી જોયેલી પવનચક્કી એ મકાનના આંગણામાં ધીમી ગતિએ ફરી રહી હતી.

એ જ વખતે એ મકાનના કમ્પાઉન્ડમાંથી ચાર મોટા કૂતરાઓનો ભસવાનો અવાજ આવ્યો. એનાથી સજાગ બનેલો ઘરનો માલિક હોય તેવો અજાણ્યો માણસ ઘરનો આગળનો દરવાજો ખોલીને બહાર આવ્યો. કમ્પાઉન્ડના દરવાજા બહાર બે સ્ત્રીઓ સહિત યુરોપીન લાગતા માણસોને જોઈને તેણે સ્મિત કર્યું. કૂતરાઓને શાંત કર્યા, તેની પાછળ દેખાવડા લાગતા પાંચ છોકરાઓ તથા એક સ્ત્રી પણ બહાર આવી. સૌના ચહેરા ઉપર આશ્ચર્ય દેખાયું. એ માણસો આયર્લૅન્ડથી આવેલા વસાહતીઓ હોય તેમ ગ્લેનાર્વનને લાગ્યું.

'હાઈ-હલ્લો'ના અભિવાદન બાદ ગ્લેનાર્વન પોતાનો પરિચય આપવા જતા હતા ત્યાં જ એ કુટુંબના મુખ્ય માણસનો અવાજ આવ્યો.

'અજાણ્યા મિત્રોને હું આવકારું છું. પધારો. પેડી ઓ'મૂરની ઘરગૃહસ્થી આપ સૌને આવકાર આપે છે.'

'હું કાંઈક ભૂલ ન કરતો હોઉં તો જણાવી શકું કે તમારું કુટુંબ આયર્લૅન્ડથી આવ્યું છે?'

યજમાને આવકાર માટે લંબાવેલા હાથને પકડીને ઉમળકાથી દબાવતાં ગ્લેનાર્વન બોલ્યા.

'જી હા! હું આયર્લૅન્ડથી અહીં આવ્યો હતો. એ સમયે હું આઇરીશ હતો, પરંતુ હવે નથી. હવે હું આ દેશ ઑસ્ટ્રેલિયાનો વતની છું.' મોં ઉપર ઉમળકાના ભાવ સાથે તે બોલ્યો. વધારામાં એણે જણાવ્યું.

'જોકે હું ગમે ત્યાંથી આવ્યો હોઉં, તેનાથી તમને શો ફરક પડે છે. તમે મારા મહેમાન છો અને આ ઘરને તમારું જ સમજો. જરૂરથી અહીં પધારો.' પેડીએ આગ્રહપૂર્વક સૌને પોતાના ઘરમાં મહેમાન બનાવ્યાં. ઇંગ્લૅન્ડથી નીકળ્યા બાદ પહેલી જ વાર તેઓને આટલા ઉમળકા અને પ્રેમથી આવકાર મળ્યો હતો. સૌ ખુશ થઈ ગયાં. લેડી હેલીના અને મૅરીને મૅડમ મૂરે ઘરની અંદર બોલાવ્યાં. ગ્લેનાર્વન વગેરેને ખભે લટકતાં ભારે શસ્ત્રો ઉતારવામાં પેડીના પુત્રોએ સહાય કરી.

ઘરમાં પ્રવેશતાં જ સૌ પ્રભાવિત બની ગયાં. હવાઉજાસની મોકળાશવાળો ઘણો મોટો દીવાનખંડ તથા તેમાં ગોઠવાયેલું સુંદર ફર્નિચર અને સુશોભનો ગૃહિણીની ઊંચી રસવૃત્તિ અને જહેમત દર્શાવતાં હતાં. સુંદર અને સાબૂત ઘર તથા એમાં રહેતા સ્વસ્થ પરિવારનો અહીં સુભગ સુમેળ દેખાતો હતો.

બપોરના ભોજનનો સમય થયો જ હતો. સેવકોએ મોટું ડાઇનિંગ ટેબલ વિવિધ વાનગીઓથી ભરી દીધું. મહેમાનો તરફ હાથ જોડી પેડી ઓ'મૂરે સસ્મિત ચહેરે મહેમાનોને આવકાર આપ્યો.

'પધારો! હું આપ સૌની રાહ જોતો હતો.'

'આપ અમારી રાહ જોતા હતા? કેવું વિચિત્ર? અમે તો તોફાનને કારણે આકસ્મિક રીતે આપના ઘરે ટપકી પડેલા અજાણ્યા મુસાફરો છીએ. અમારા આવવાની આપ રાહ જોતા હતા તેવું આપનું વક્તવ્ય સમજાયું નહીં.' ગ્લેનાર્વને વિવેક કર્યો.

'તમે કેવા સંજોગોમાં અહીં આવ્યાં છો, તેનું અમને કાંઈ મહત્ત્વ નથી. ભોજન પહેલાં અમને હંમેશ કોઈ ને કોઈ મહેમાનની પ્રતીક્ષા રહેતી જ હોય છે. સૌને ટેબલ પાસે બેસવા વિનંતી છે.'

સેવકો અને મહેમાનો એના ઇશારાથી ઊભાં થયાં. પેડીએ બાઇબલમાંથી ઈશ્વરની પ્રાર્થના કરી. શાંત અને પવિત્ર વાતાવરણમાં સૌએ ભોજનને ન્યાય આપવા માંડ્યો. સૌની હાજરીમાં પેડી મૂર કાંઈક વધુ વાચાળ બન્યો. તેના અહીંના વસવાટ અંગે કાંઈક માહિતી આપવા ગ્લેનાર્વને પેડીને જણાવ્યું.

એના જણાવ્યા પ્રમાણે એ મૂળ આયર્લૅન્ડનો વતની હતો. એ રીતે ઇંગ્લૅન્ડ, વેલ્સ, સ્કોટલૅન્ડ તથા આયર્લૅન્ડ સહિતના દેશ ગ્રેટબ્રિટનનો જ નાગરિક હતો, પરંતુ વેલ્સ અને સ્કોટલૅન્ડ સહિતના બ્રિટનનું આધિપત્ય આયર્લૅન્ડના લોકોને કઠતું હતું. આયર્લૅન્ડની કૅથલિક પ્રજા ઉપર પ્રૉટેસ્ટન્ટ એવા બ્રિટનના શાસકો તરફથી અત્યાચારો ગુજારવામાં આવતા હતા. એવા શાસનમાંથી મુક્તિ મેળવવા હજારો આઇરીશ લોકો અમેરિકા તથા અહીં ઑસ્ટ્રેલિયામાં વસાહતીઓ તરીકે જઈ વસ્યા હતા. એ પોતે પણ ત્યાંની પોતાની મિલકતો વેચીને પોતાનાં સંતાનો સાથે થોડાં વરસ અગાઉ ઑસ્ટ્રેલિયાના અહીંના એડેલેઇડ બંદરે ઊતર્યો હતો.

કામધંધા સંબંધી તપાસ કરતાં જાણવા મળ્યું કે અહીંની સાઉથ ઑસ્ટ્રેલિયા પ્રાંતની સરકારે ખેતી કરી શકાય તેવી જમીનના એંશી એંશી એકરના પ્લોટો પાડ્યા હતા. ખેતીવાડીના જાણકાર વસાહતીઓને એ પ્લોટો ખેતી કરવા માટે આપવામાં આવતા હતા. એડેલેઇડ શહેરની

નજીકના પહાડી વિસ્તારોમાં ખાણો માટે મજૂરોની ભરતી પણ થતી હતી, પરંતુ પેડીને ખેતીનો અનુભવ હતો. ખેતી માટે જરૂરી અન્ય મદદ પણ મળતી હતી. પેડીએ અહીંની પડતર જમીનનો પ્લોટ પસંદ કર્યો અને બીજા જ દિવસથી સૌ એની સાફસૂફીમાં મંડી પડ્યાં. એના જણાવ્યા પ્રમાણે માત્ર બે જ માસમાં તેમણે આ ફાર્મની જમીનને ખેતીલાયક બનાવી હતી. એની જેમ મહેનત કરનારા અન્ય વસાહતી કુટુંબો પણ બહુ જ ટૂંકા સમયમાં અહીંની નવી જિંદગીમાં ઓતપ્રોત થઈ ગયાં હતાં. પોતાના માદરેવતન આયર્લૅન્ડને તેઓ ભૂલી ચૂક્યાં હતાં.

જોકે હજી એવાં પણ કુટુંબો પેડીની જાણમાં હતાં કે જેઓ પોતાના નસીબ આડેનું દુર્ભાગ્યનું પાંદડું ખસેડી શક્યાં ન હતાં. પોતાનું પ્રારબ્ધ પોતાને હાથે જ ઘડવાને બદલે તેઓ કેવળ પ્રારબ્ધ ઉપર જ આધાર રાખતાં હતાં. મહેનત મજૂરી કરવાની તેમની દાનત જ ન હતી. તેઓ આયર્લૅન્ડમાં જેટલા દુઃખી હતા, તેના કરતાં પણ અહીંનો મુક્ત હવાનો વિદેશવાસ તેમને વધારે કઠતો હતો.

પેડીએ બે જ વર્ષના ટૂંકા ગાળામાં બીજી પાંચસો એકર જમીન ખરીદી હતી અને અત્યારે તેના વિકાસમાં ધ્યાન આપી રહ્યો હતો. ગ્રેટબ્રિટનમાં પોતાના ઉમરાવ જમીનદારની મહેરબાની હેઠળ જીવતો અને મજૂરી કરતો પેડી અહીંની સ્વતંત્ર હવામાં જમીનના મોટા ફાર્મનો માલિક બની શક્યો હતો. પોતાની સફળતા માટે તે ખૂબ જ ખુશ હતો. ઉત્સાહભેર તેણે મહેમાનો સમક્ષ પોતાની કિતાબ ખુલ્લી કરી એ માટે મહેમાનોએ એને અભિનંદન પણ આપ્યાં, પરંતુ એણે અનુભવ્યું કે ગ્લેનાર્વન અને મહેમાનોને એ માટેનો પ્રતિભાવ સાવ ઠંડો હતો. તેઓ માત્ર ઔપચારિક રીતે જ ટાપસી પુરાવતા હતા. પેડીને આશ્ચર્ય થયું. જોકે એ વિવેકથી પૂછી શક્યો હોત કે, 'મેં મારી વાતો તમને જણાવી, પરંતુ આપ કોણ છો તે હું તમને પૂછીશ નહીં.' એણે માન્યું કે લૉર્ડ ગ્લેનાર્વન જેવા ઉમરાવ સભાના સભાસદ એક મોટા માણસ ગણાય અને એની વાતોમાં ઊંડા ઊતરવાનું તેમને ઠીક નહીં લાગ્યું હોય.

બીજી પૂછપરછ બાજુએ રાખીને ગ્લેનાર્વને કૅપ્ટન ગ્રાન્ટ અને તેના બ્રિટાનિયા જહાજની દુર્ઘટના અંગે સીધો જ સવાલ પેડીને પૂછ્યો, પરંતુ તેનો જવાબ નિરાશાજનક હતો. તેણે જણાવ્યું,

'હું છેલ્લાં બે વર્ષથી અહીં રહું છું. મને અત્યાર સુધીમાં એ વિશે કોઈ જ માહિતી મળી નથી, છતાં આપને વધારાનો એક પ્રશ્ન પૂછું છું કે આપ એ દુર્ઘટનામાં એટલો બધો રસ કયા કારણે લઈ રહ્યા છો?'

આ પ્રશ્ને ગ્લેનાર્વનનું અક્કડ વલણ બદલી નાખ્યું. એમણે હવે પોતાનું મન અને મોં બંને ખુલ્લાં કરી દીધાં. શાર્કના શિકાર દરમિયાન મળેલા સંદેશા અને કૅપ્ટન ગ્રાન્ટનાં બાળકો સંબંધી બધી જ વાત સૌ સાંભળે તે રીતે તેણે જણાવી.

પોતાની આ ખોજયાત્રામાં અત્યાર સુધી મળેલી નિષ્ફળતા અને હવે તેઓ તપાસના છેલ્લા તબક્કામાં હોવાનું પણ જણાવ્યું. આ વિસ્તારમાં પણ તેઓ મળી શકે નહીં તો ખોજઅભિયાનનો વીંટો વાળી ઘરભેગા થઈ જવાની શક્યતા જણાવી. એમની નિષ્ફળતાની વાતોથી સૌ ખિન્ન બની ગયાં. રૉબર્ટ અને મૅરી પોતાનાં આંસુ ખાળી શક્યાં નહીં.

ઘડીભર માટે ત્યાં હાજર સૌ મૌન બની ગયાં. એવા ભારેખમ બનેલા વાતાવરણમાં પાછળ ઊભેલા સેવકોમાંથી આવેલા શબ્દો સાંભળી સૌને વીજળીનો ઝાટકો લાગ્યો હોય તેમ સચેત બની ગયાં. અવાજ હતો, 'મહાશય લૉર્ડ ગ્લેનાર્વન! ઈશ્વરનો આભાર માનો કે કૅપ્ટન ગ્રાન્ટ

જો હજી હયાત હોય તો તેઓ અહીં ઑસ્ટ્રેલિયાની ધરતી ઉપરથી જ મળી શકશે.'

એ અવાજની અસર ચમત્કારિક હતી. નિરાશાના અંધારામાં એક વીજચમકારો હતો. સૌની નજર એકીસાથે એ અવાજની દિશામાં ખેંચાઈ.

૭

બ્રિટાનિયાનો ક્વાર્ટરમાસ્ટર

સ્કોટલૅન્ડના પશ્ચિમ કિનારે આવેલી ક્લાઇડની ખાડીના પાણીમાં શાર્કનો શિકાર થયો ત્યારથી આશાનિરાશાની આ કથા શરૂ થઈ હતી. અત્યાર સુધી એમાં કેવળ નિરાશા જ સાંપડી હતી. લાંબા સમય બાદ પહેલી જ વાર અધિકૃત કહી શકાય એવો હકારાત્મક અવાજ સૌને સંભળાયો.

ગ્લેનાર્વન એની ખુરશીમાંથી એકદમ ઊભા થઈ ગયા અને પાછળ મોં ફેરવીને બોલ્યા,

'આ કોનો અવાજ છે? કોણે આવી સોનેરી માહિતી આપી?'

'એ અવાજ મારો છે.' પાછળ ઊભેલા સેવકોમાંથી એક માણસ આગળ આવ્યો.

'અરે તું? આયર્ટન? તને ખબર છે એ અંગે?'

સેવકનો માલિક પેડી પણ ઊભો થઈ ગયો. પોતાનો સેવક એ જહાજની દુર્ઘટનામાંથી બચેલો નાવિક હોવાનું જાણી પેડીને આશ્ચર્ય થયું.

'હા સાહેબ, હું આયર્ટન જ છું.' પોતાના ઉત્તેજિત અવાજમાં તેણે દૃઢતાથી જણાવ્યું, 'હું પણ સ્કોટલૅન્ડનો જ વતની છું. કૅપ્ટન ગ્રાન્ટના બ્રિટાનિયા જહાજમાંથી મારી જાણ પ્રમાણે હું એકલો જ જીવતો રહેલો નાવિક છું. એ અંગે મને ઘણી માહિતી છે.'

આ માણસની આ પ્રકારની હિંમતભરી રજૂઆત સૌને માટે તત્કાળ તો એક સુખદ સ્વપ્ના જેવી બની ગઈ. માહિતીનો એક અલ્પાંશ મેળવવા પણ તેમણે કેટલાં જોખમો ખેડ્યાં હતાં. અનેક વાર તેઓ મોતના મોંમાંથી માંડ માંડ બહાર આવી શક્યાં હતાં.

એવી સ્થિતિમાં સમગ્ર ઘટના અંગે આધારભૂત કહી શકાય તેવી માહિતી લઈને એક અજાણ્યો માણસ પૂરી સભાનતાથી તેમની સાથે વાત કરી રહ્યો હતો. સૌને આશ્ચર્ય થયું. આનંદ પણ થયો. આગળની વાત જાણવા સૌ ઊભાં થઈ ગયાં. ગ્લેનાર્વને ધીમેથી પૂછ્યું.

'તારી વાત સાંભળીને કૅપ્ટન ગ્રાન્ટની શોધ માટે આશા જાગે છે. શું તું બ્રિટાનિયા જહાજમાં જ કામ કરતો હતો?'

'હા જી, હું એમાં કૅપ્ટન ગ્રાન્ટનો ક્વાર્ટરમાસ્ટર હતો.'

'જહાજનો એવો હોદ્દો ધરાવનાર ઑફિસરે શું કરવાનું હોય છે?'

'એ હોદ્દેદારોની મુખ્ય જવાબદારી જહાજના સુકાન ઉપર તેમ જ ભંડકિયામાં ભરેલા માલસામાનના સ્ટોક ઉપર નજર રાખવાની હોય છે. એ ઉપરાંત પણ પરચૂરણ કામગીરી હોય છે. છેવટ સુધી એ જવાબદારી મેં સાંભળી હતી.' એનો જવાબ સાંભળીને ગ્લેનાર્વને પ્રશ્નોત્તરી આગળ ધપાવી.

‘તોફાનમાં સપડાયેલું તમારું જહાજ જ્યારે તૂટ્યું, ત્યારે શું તું જહાજમાં જ હતો? તારો બચાવ કેવી રીતે થયો?’

‘હા જી, તોફાન દરમિયાન હું તૂતક ઉપરની જ જવાબદારી સંભાળતો હતો. એ દરમિયાન આવેલું એક રાક્ષસી મોજું તૂતક ઉપર ત્રાટક્યું હતું અને તેના ભેગો હું દરિયામાં ફેંકાઈ ગયો હતો.’ તેણે જવાબ આપ્યો.

‘એનો અર્થ એ થયો કે કૅપ્ટન ગ્રાન્ટના પત્રોમાં જણાવેલા બે નાવિકોમાં તું ન હતો?’ ગ્લેનાર્વને મુદ્દાની વાત શરૂ કરી.

‘ના જી. એવા કોઈ પત્ર અંગે મને માહિતી નથી. હું દરિયામાં ફેંકાઈ ગયો ત્યાર બાદ જ એવો સંદેશ વહેતો કર્યો હોવો જોઈએ.’ આયર્ટને જવાબ આપ્યો.

‘તો પછી કૅપ્ટન અને અન્ય નાવિકોનું શું થયું હશે?’

‘મને તેની કાંઈ જ માહિતી નથી. તેઓ કાં તો મોજાં ભેગા દરિયાકાંઠા ઉપર ધકેલાયા હોય અથવા તો જહાજ સાથે જ તેમણે પણ જળસમાધિ લીધી હોય. હું તો માનતો હતો કે એ જહાજમાંનો હું એકલો જ ભાગ્યશાળી જીવ હતો.’

‘પણ તેં તો શરૂમાં જણાવ્યું હતું કે કૅપ્ટન ગ્રાન્ટ જીવિત હોય તો.’

‘અરે? તું તો એમ પણ બોલ્યો હતો કે તેઓ અહીં ઑસ્ટ્રેલિયાની ધરતી ઉપર જ હશે?’

‘હા જી. જો તેઓ હજી જીવતા હોય તો તેઓ અહીં સિવાય અન્ય સ્થળે નહીં જ હોય.’

‘એનો અર્થ એમ થયો કે કૅપ્ટન હમણાં ક્યાં છે તેની તને કોઈ જ માહિતી નથી.’ ગ્લેનાર્વન પ્રશ્નો પર પ્રશ્નો પૂછતા જ ગયા.

‘હું તો આ ઘડી સુધી એમ માનતો હતો. આ તો અહીં તમે જે હેતુ માટે આવ્યા છો તેનાથી જાણી શક્યો કે તેઓ જીવિત છે.’

‘ચોક્કસ કયા સ્થળે જહાજ તૂટ્યું હતું તેનો ખ્યાલ છે તને?’ કૅપ્ટન ગ્રાન્ટ સંબંધી પ્રશ્નો પૂછવાના રઘવાટમાં ગ્લેનાર્વન આ પાયાનો પ્રશ્ન પૂછવાનું જ ભૂલી ગયા હતા. મેજર નેબ્સને એ ખ્યાલ આવતાં તેમણે સીધો જ પ્રશ્ન કર્યો.

‘બ્રિટાનિયાના આગળના ફોરકેસલ તરીકે ઓળખાતા સૌથી ઊંચા ભાગમાં એ સમયે હું હતો. ત્યાંથી હું મોજાં ભેગો દરિયામાં ફંગોળાયો હતો અને જહાજ તીવ્ર ગતિથી નજીકમાં જ દેખાઈ રહેલા કાંઠા તરફ ધકેલાતું હતું. કાંઠાના ખડકો સાથે અથડાઈને એ તૂટ્યું હશે!’

‘એ કયા અક્ષાંશ ઉપર તૂટ્યું તેનો તને કાંઈ ખ્યાલ છે?’

‘હા જી. અમે એ સમયે ૩૭° અક્ષાંશની આસપાસ હતા.’

‘એ કિનારો ઑસ્ટ્રેલિયાનો પશ્ચિમનો કાંઠો હતો?’

‘ના જી. દેશનો એ પૂર્વ કિનારાનો ભાગ હતો.’

‘અને એ બનાવની તારીખનો તને કાંઈ ખ્યાલ છે?’

‘હા જી. ૧૮૬૨ના જૂન માસની ૨૭મીની રાત્રિનો સમય હતો.’

‘તારીખ અને અક્ષાંશનો મેળ તો બરોબર મળે છે.’ ગ્લેનાર્વન આ વાતો સાંભળીને આશાવાદી બની ગયા.

‘એ જ કારણે મારું માનવું છે કે જો તેઓ હજી જીવતા હોય તો અહીં ઑસ્ટ્રેલિયાની ધરતી ઉપર જ હશે. એમને અન્યત્ર શોધવા જવાની જરૂર જ નથી.’

‘ઓહ! કેવો આ યોગાનુયોગ છે?’ અત્યાર સુધી સાવ મૂંગા રહેલા પેગેનલે ગણગણાટ કર્યો. પોતાની જાતને સંબોધતો હોય તે રીતે ધીમેથી બોલ્યો, ‘કેવા એ પત્રો અને કેવો તેના શબ્દોમાં છુપાયેલો કોયડો? અને કેવા કેવા અસામાન્ય બુદ્ધિમત્તા ધરાવતા માણસોના હાથમાં એ પત્રો ગયા. એને કારણે જ થઈ ગયું આ જબરજસ્ત અભિયાન! એક અર્થઘટનની નિષ્ફળતા પછી બીજું અર્થઘટન. બધું જ એ સમયે સાચું લાગતું હતું અને હવે વિના અર્થઘટને ત્રીજા જ પ્રકારની સ્થિતિ અનાયાસ સામે આવીને ઊભી છે. શક્ય છે કે એ સ્થિતિને અંતે કોઈ નવા રહસ્ય ઉપરથી પણ પડદો ખૂલી શકે છે. દર વખતે આપણે બધું જ પુરવાર થતા આવ્યા છીએ.’ ગ્લેનાર્વન અને નેબ્સનું ધ્યાન આયર્ટન તરફ જ કેન્દ્રિત થયું હોવાથી પેગેનલના શબ્દો તેમના કાને પડ્યા નહીં. એમને આશા બંધાઈ કે જહાજ તૂટવા છતાં આ માણસ જો જીવતો રહી શક્યો હોય તો કૅપ્ટન ગ્રાન્ટ માટે શક્યતા વધી જતી હતી. એને પૂછેલા તમામ પ્રશ્નોના જવાબ આયર્ટન પૂરેપૂરા વિશ્વાસથી આપતો હતો.

પોતાના પિતાના હાથ નીચે એ જ જહાજ ઉપર ઘટના સમયે કામ કરનાર આયર્ટનની વાતોથી મૅરી ઉત્તેજિત બની ગઈ. આ સમગ્ર સમય દરમિયાન તે એનો હાથ પકડીને જ ઊભી હતી. એને કે કોઈને પણ આયર્ટનની વિશ્વાસસભર વાતો માટે અવિશ્વાસ કરવાનું કોઈ કારણ જણાયું નહીં, પરંતુ એની વધુ પડતી ચોકસાઈભરી વાતો મેજર નેબ્સના મનમાં કાંઈક શંકા ઉપજાવનારી બની ગઈ. કૅપ્ટન મૅંગલ્સ પણ કાંઈક દ્વિધામાં હતો. આયર્ટનની વાતો પૂરેપૂરી બંધબેસતી હતી, છતાં એના ઉપર કેટલો ભરોસો મૂકવો તે બાબત નક્કી કરી શકતો ન હતો. વધુ પડતી ચોક્કસ રજૂઆતમાં જ કાંઈક ભેદ હોવાની એને ગંધ આવી.

જોકે કૅપ્ટન ગ્રાન્ટનાં બંને સંતાનોને આયર્ટન વ્યક્તિગત રીતે ઓળખતો હોવાનું જાણ્યા બાદ મૅંગલ્સના મનની શંકા નિર્મૂળ થઈ. ગ્લાસગો બંદરેથી જહાજની મુસાફરી શરૂ થઈ તે અગાઉ કૅપ્ટને વિદાયસમારંભ યોજ્યો હતો. તેમાં કુ. મૅરી અને રૉબર્ટ બંને હાજર હતાં. એ ઉપરાંત ખાસ મહેમાન તરીકે ગ્લાસગો નગરના શેરીફ મેક-આયન્ટાયર પણ ઉપસ્થિત હોવાનું એણે જણાવ્યું. સમારંભ દરમિયાન ૧૦ વર્ષની ઉંમરના રૉબર્ટે ભાગંભાગ મચાવી હતી અને તે કૂવાસ્તંભ ઉપર ચડી ગયો હતો, તે હકીકત પણ આર્ટયને જણાવી. રૉબર્ટે પણ એ વાતનું સમર્થન કર્યું.

મૅરી પોતાના પિતાના આ સાથીદાર પાસેથી વધુ ને વધુ વિગતો મેળવવા આતુર હતી. એના આગ્રહથી તેણે એને યાદ હોય તેવી નાની મોટી અનેક વાતો જણાવી. એમાં તે કાંઈક છુપાવતો હોવાનું કે એના વક્તવ્યમાં શંકા જન્માવે તેવું કારણ કોઈને જણાયું નહીં. એમાંની કેટલીક વિગતોની કુ. મૅરીને જાણ હતી. મધદરિયે સામસામા ભેટી જતાં જહાજો વચ્ચે હંમેશાં સંદેશાઓ તથા પત્રોની આપ-લેના તથા મુકામે પહોંચ્યા બાદ નાવિકોના સંબંધીઓને તે પહોંચતા કરવાનો શિરસ્તો હતો. બ્રિટાનિયા સંબંધી એવી માહિતી ગ્રાન્ટે પોતાનાં સંતાનોને મોકલી હતી. પિતા તરફથી બ્રિટાનિયા જહાજની સ્થિતિ માહિતી બંને સંતાનોને સમયાંતરે મળતી રહેતી. એવો છેલ્લો પત્ર મે ૧૮૬૨ના અરસામાં મળ્યો હતો. આયર્ટને આપેલી માહિતી સાથે એનો તાળો મળતો હતો. એ પ્રમાણે પોતાની મુસાફરી દરમિયાન કૅપ્ટન ગ્રાન્ટે એ વિસ્તારના મોટા ભાગના બંદરો ઉપરાંત હેબ્રાઇડીસ, ન્યુગીની, ન્યુઝીલૅન્ડ તથા ન્યુ કૅલિડોનિયાની મુલાકાત લીધી હતી. એમાં પાપુઆ ટાપુના પશ્ચિમના ભાગનો વિસ્તાર, પોતાની કલ્પનાના ન્યૂ સ્કોટલૅન્ડનું સંસ્થાન વસાવવા માટે બધી રીતે યોગ્ય જણાયો હતો. નવી સ્કોટકૉલોની કોઈ પણ મુશ્કેલી વિના ત્યાં

સ્થાપી શકાશે એમ લાગ્યું હતું. ટાપુની જમીન ફળદ્રુપ હતી. એને કારણે પોતાના માણસો ઝડપથી સમૃદ્ધ બની શકે તેમ હોવાની પણ શક્યતા જણાઈ હતી. એ ઉપરાંત નજીકમાં જ મલાકાનું મોટું બંદર હતું. ફિલિપાઇન્સ તરફનો જળમાર્ગ પણ સક્રિય હતો. એની નજીકના જળવિસ્તારોમાં જહાજોની સતત અવરજવર રહેતી હોવાની પણ કૅપ્ટનને માહિતી હતી. ફ્રાન્સના એક સાહસિક ઇજનેર ફર્ડિનાન્ડ ડી. લેસેપ્સે યુરોપ અને એશિયા વચ્ચેનો જળમાર્ગ ટૂંકો બનાવવા માટે સુએઝની નહેર ખોદવાની શરૂઆત કરી હતી. એ નહેર જહાજી વહેવાર માટે ખુલ્લી મુકાતાં જળમાર્ગી વહેવારમાં અનેકગણો વધારો થવાની એની ગણતરી હતી.* બધી જ રીતે ટાપુઓનો પશ્ચિમ ભાગ પોતાની અપેક્ષા પ્રમાણેના ન્યુ સ્કોટલૅન્ડ માટે સૌથી વધુ યોગ્ય જણાયો હતો. પૂર્વના દેશો સાથેના વેપાર માટે સુએઝ કેનાલનું કેટલું મહત્ત્વ હતું તેનો એને ખ્યાલ હતો. ખુલ્લી રીતે તેણે એ પ્રોજેક્ટ માટે ટેકો જાહેર કર્યો હતો. પૂર્વના મસાલાના દેશો સાથેના ઝડપી વેપાર માટે અનિવાર્ય બનેલા આ ટૂંકા જળમાર્ગના બાંધકામમાં અંગત ગમાઅણગમા કે રાજકારણ વચમાં આવે તે એને પસંદ ન હતું.

પોતાના હેતુ માટે આ પ્રદેશની મોજણી કર્યા બાદ કૅપ્ટન ગ્રાન્ટ જહાજ અને જહાજીઓ માટે નવો પુરવઠો લેવા માટે દક્ષિણ અમેરિકાના ચીલી દેશના કલાઓ બંદરે આવ્યો હતો. ત્યાંનું કામ પતાવીને કૅપ્ટને ૩૦મી મે, ૧૮૬૨ના રોજ યુરોપ વાયા હિન્દ મહાસાગરને રસ્તે જવા માટે મુસાફરી શરૂ કરી હતી. ત્રણેક અઠવાડિયાં સુધી કોઈ તકલીફ નડી ન હતી, પરંતુ ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાનો કાંઠો નજીક આવતાં બ્રિટાનિયા માટે તકલીફ શરૂ થઈ હતી. ભારે દરિયાઈ તોફાનનો એણે સામનો કરવો પડ્યો હતો. જોરદાર પવનના સપાટામાં એના સઢો તથા કૂવાસ્તંભો નષ્ટ થયા હતા. એટલું જ નહીં, કોઈ ડૂબેલા ખડક સાથે અથડાવાને કારણે એના તળિયામાં મોટું છીદ્ર પડ્યું હતું. તેમાંથી જહાજના તળિયામાં પાણી ભરાવા લાગ્યું. એને ડૂબતું બચાવવા નાવિકો મરણિયા બનીને હેન્ડપંપ ચલાવતા હતા. પૂરા આઠ દિવસ જહાજ એ રીતે ખડકો સાથે અથડાતું રહ્યું હતું. એના તળિયામાં છ ફૂટ જેટલું પાણી ભરાઈ ગયું હતું. બચાવ નૌકાઓ પણ ફંગોળાઈ ગઈ હતી. જહાજની સાથે જ ડૂબવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નાવિકો પાસે ન હતો.

આયર્ટનના જણાવ્યા પ્રમાણે એક જબરજસ્ત મોજાનાં સપાટા સાથે તે દરિયાના પાણીમાં ફંગોળાઈ ગયો હતો. એમાં તેણે ભાન ગુમાવ્યું હતું. એને ભાન આવ્યું ત્યારે કાંઠા નજીકના આદિવાસીઓના હાથમાં તે કેદી બની ગયો હતો ૩૭° અક્ષાંશના સ્થાનથી તેઓ એને ઉત્તર દિશામાં ખેંચી ગયા હતા. એની ગણતરી પ્રમાણે દેશના અંતરિયાળ ભાગમાં લગભગ ૪૦૦ માઈલ દૂર આવેલા મુકામે તેને ખેંચી જવામાં આવ્યો હતો.

એવી સતત રઝળપટ્ટીની દશામાં, એણે બે વરસ કેદ ભોગવી હતી. એના જણાવ્યા પ્રમાણે એ લોકો તરફથી કોઈ શારીરિક ત્રાસ ન હતો, પરંતુ તેમની સ્થિતિ પણ કંગાળ જ હતી. એવી અટકાયતમાંથી લાગ મળે ભાગી છૂટવાની એની તૈયારી હતી. એમાં જોખમ ભારે હતું. છતાં દરેક કેદીની જેમ સ્વતંત્ર થવા માટે એવું જોખમ ઉઠાવવાની એની તૈયારી હતી.

આયર્ટનને પોતાની મુક્તિ માટેની તક બે વર્ષ બાદ ૧૮૬૪ના ઑક્ટોબર માસની એક રાત્રે મળી. ચોકિયાતોની નજર ચૂકવીને એ ભાગી છૂટ્યો અને નજીકના જંગલમાં એણે આશ્રય લીધો. લપાતા છુપાતાં દક્ષિણની દિશા તરફ એ કોઈ યુરોપિયન વસાહતની શોધમાં ધપતો રહ્યો.

સલામત સ્થળે પહોંચવા માટે ઘાસિયાંનાં મેદાનો, નદીનાળાં તથા પહાડી ઇલાકાઓને ઓળંગીને આગળ વધતો રહ્યો. ભૂખ અને તરસ પણ ભૂલી જવી પડે તેવી થકવનારી અને

જોખમોથી ભરેલી એ મુસાફરી હતી. એના અંત ભાગે તો એણે જીવનની આશા પણ છોડી દીધી હતી. એ સ્થિતિમાં એક શુકનવંતો દિવસ ઊગ્યો અને પેડી ઓ'મૂર સાથે આકસ્મિક રીતે જ એનો ભેટો થઈ ગયો. પેડીના સુરક્ષા કવચમાં એણે સલામતી અનુભવી. એના તરફના માનવીય વહેવારથી જીવનની નવી દિશા સાંપડી. પેડીના કુટુંબમાં એનો સમાવેશ થઈ ગયો. ખેતીમાં મજૂરીનું કામ હોવા છતાં તે હવે મુક્ત હતો, સુધરેલા યુરોપિયન સમાજમાં હતો. એને અહીં આવ્યાને માંડ એક માસ પણ થયો ન હતો, છતાં એનું જીવન થાળે પડી ગયું હતું.

'સ્કોટલૅન્ડનો એક જહાજી નાવિક મારા આ ફાર્મ ઉપર એક ખેડૂત બની ગયો. અમારા કુટુંબનો એ સભ્ય છે. સૌ સાથેનો એનો વહેવાર પણ સુસંસ્કૃત છે. પ્રામાણિક અને બુદ્ધિશાળી છે. ખંતીલો સ્વભાવ અને સતત કાર્યરત એવો આયર્ટન મારો વિશ્વાસુ સાથી છે. એ ઇચ્છે ત્યાં સુધી આ ઘરને પોતાનું ગણી શકે છે.'

પેડી મૂરે એની ભારે પ્રશંસા કરી. આયર્ટને પણ પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરી. પોતે કરેલી રજૂઆત સંબંધમાં કોઈને કાંઈક પૂછવું હોય તો તે માટે એણે થોડી પળનો વિરામ લીધો. મેજર નેબ્સે આંગળી ઊંચી કરી. એનો પ્રશ્ન ક્વાર્ટરમાસ્ટર તરીકેના હોદ્દાની ઓળખ સંબંધમાં હતો. મહેમાનોને પોતાની એ જવાબદારીના હોદ્દા અંગે ખાતરી કરાવવા માટે કાંઈક પુરાવો મેળવવા આયર્ટન અંદરના રૂમમાં ગયો. એની એવી ગેરહાજરીમાં પણ પેડીમૂરે ફરીથી એના વખાણ કર્યા. વધુમાં જણાવ્યું કે આયર્ટને એના ભૂતકાળ અંગે જણાવ્યું હતું, પરંતુ એ વાતને મહેમાનોની હાલની મુલાકાત સાથે સીધો સંબંધ હોવાનો ખ્યાલ આવ્યો ન હતો.

ગ્લેનાર્વન પોતાના યજમાનને કહેવા માગતા હતા કે એને આયર્ટનની નિષ્ઠા અને વક્તવ્ય બાબતમાં કોઈ જ શંકા ન હતી, પરંતુ એ કાંઈ બોલે તે પહેલાં જ બ્રિટાનિયા ઉપર ક્વાર્ટરમાસ્ટરના હોદ્દા માટેનો નિયુક્તિપત્ર લઈને આયર્ટન બહાર આવ્યો. એના ઉપર કૅપ્ટન ગ્રાન્ટની સહી હતી. એ સહી પોતાના પિતાની જ હતી, તેમ કુ. મૅરીએ જણાવ્યું. એ લખાણ પ્રમાણે કૅપ્ટન ગ્રાન્ટે એને પોતાના બ્રિટાનિયા જહાજના ક્વાર્ટરમાસ્ટર તરીકે નિમણૂક આપી હતી. આયર્ટનના કથનની સચ્ચાઈ અંગે શંકા કરવાનું હવે કોઈ કારણ ન હતું અને એને આધારભૂત માનીને જ ગ્લેનાર્વને પોતાના અભિયાનને આગળ વધારવાનું આયોજન શરૂ કર્યું. હવે પછીના શોધ અભિયાન અંગે એમણે આગળ ચલાવ્યું.

'આયર્ટને આપેલી માહિતીને આધારે કૅપ્ટન હેરી ગ્રાન્ટની શોધમાં આગળ વધવાની જરૂર છે. એ બાબતમાં હું તમારા સૌના અભિપ્રાય જાણવા ઉત્સુક છું. બ્રિટાનિયાને નડેલી દુર્ઘટનાના એકમાત્ર પ્રત્યક્ષ સાક્ષી રહેલા આયર્ટનને પૂછવાનું હું પસંદ કરીશ કે ગુમ થયેલા એના કૅપ્ટનને શોધવા આપણે આગળ શું કરવું જોઈએ?'

થોડી પળ માટે વિચાર કરીને એણે જવાબ આપ્યો,

'મારામાં વિશ્વાસ મૂકવા માટે સૌપ્રથમ તો હું આપનો આભારી છું. હું આશા રાખું છું કે એ માટેની મારી લાયકાત ચોક્કસપણે હું પુરવાર કરીશ શકીશ. આપના પ્રશ્નના જવાબમાં હું જણાવીશ કે અહીંથી ઉત્તરના પ્રદેશમાં વસેલા આદિવાસીઓની વચ્ચે મેં બે વરસ વિતાવ્યાં હતાં. એ દરમિયાન એમની ટેવ, રહેણીકરણી તથા વહેમો બાબતમાં મને ઘણું ઘણું જાણવાનું મળ્યું છે. એવી તો અનેક ટોળીઓ ઉત્તરના એ વિસ્તારોમાં રહે છે. એવી દરેક ટોળીને ભાગ્યે જ બીજી ટોળી સાથે સંબંધ હોવાનું મને જણાયું હતું. હવે વાત મારા કૅપ્ટન ગ્રાન્ટની અત્યાર સુધી હું એમ જે માનતો હતો કે નષ્ટ થયેલા બ્રિટાનિયા જહાજનો હું એકલો જ હયાત માણસ છું.

કૅપ્ટન ગ્રાન્ટ અને બે સાથીદારોના પત્રો ઉપરથી હવે લાગે છે કે તેઓ જીવતા હતા અને જહાજ તૂટ્યું ત્યાં સુધી તેઓ જહાજ ઉપર જ હતા. તેઓ જો જીવતા રહી શક્યા હોય તો તેમની દશા પણ મારા જેવી જ થઈ હશે એમ મને લાગે છે. અહીંની અનેક ટોળીઓ પૈકીની કઈ ટોળીના તેઓ કેદી બન્યા હશે અને તેઓ હયાત છે કે કેમ તેની મને કોઈ માહિતી નથી.'

'મારી પણ એવી જ માન્યતા છે.' પેગેનલ પણ પોતાની રીતે વિચારતો હતો. એણે વધુમાં પૂછ્યું કે, 'હું જાણવા માગું છું કે કૅપ્ટનને કેદી બનાવવામાં આવ્યા હોય તો એને પકડનારાઓ એને કઈ તરફ ઘસડી ગયા હોવાની શક્યતા વધુ હતી? તેઓ ૩૭° અક્ષાંશ રેખાને સમાંતર ગયા હોવાની શક્યતા કેટલી?'

'મારું માનવું છે કે તેને પકડનારાઓ તેને પણ મારી જેમ ઉત્તરપશ્ચિમના ઘાસિયાંનાં મેદાનો અને જંગલો તરફ જ લઈ ગયા હોવા જોઈએ. કેમ કે આ ટોળીઓ બ્રિટિશશાસિત પ્રદેશોની નજીક ફરકવાની ભાગ્યે જ હિંમત કરતી હોય છે.'

'એવી સ્થિતિમાં આપણું કામ વધુ મુશ્કેલ બની શકે છે. આ વિશાળ દેશની વણખેડાયેલી અફાટ ધરતીમાં આદિવાસીઓની અનેક ટોળીઓ વસેલી છે. એમાં કૅપ્ટન ગ્રાન્ટ કોના કેદી છે તે જાણવાનું કામ અત્યંત કઠિન છે. શક્ય છે કે એ માટે આપણે દરેક ટોળી સાથે સીધા સંઘર્ષમાં આવવું પડે? એ માટે આપણે ખરેખર સક્ષમ છીએ? તૈયાર છીએ?' ગ્લેનાર્વને પોતાના મનમાં ઉદ્‌ભવેલી મુશ્કેલી આયર્ટને વાચા આપી.

કૅપ્ટન ગ્રાન્ટની ખોજમાં હવે પછી આવનારી આ વાસ્તવિક મુશ્કેલીઓનો ખ્યાલ આવતાં સૌ મૂંગાં બની ગયાં. એનો જવાબ કોઈ પાસે ન હતો.

'તમે શું વિચારો છો? મિસ્ટર આયર્ટન?' લેડી હેલીનાથી પૂછ્યા વિના રહી શકાયું નહીં. હવે પછીની પ્રવૃત્તિમાં તેઓ રાહબર બની શકે એમ લાગતાં એના તરફ જોઈને એણે પૂછ્યું.

'મૅડમ, એ બાબતમાં હું વિચારું છું કે તમારી નૌકાને સૌ પ્રથમ તો પૂર્વકાંઠે આવેલા દુર્ઘટનાના સ્થળે લઈ જવાનું ઉપયોગી બની શકે. તે સ્થળની સ્થિતિ અત્યારે કેવી હશે એનો મને ખ્યાલ નથી, છતાં ત્યાંથી આપણને કોઈક કડી મળી શકશે એવી મને આશા છે. તેને આધારે કેવી રીતે અને કઈ દિશામાં આગળ વધવું તે આપણે નક્કી કરી શકીશું.' આયર્ટને જવાબ આપ્યો.

'હું પણ એ જ વિચારું છું.' ગ્લેનાર્વને આયર્ટન તરફના સૂચનને આવકાર્યું, 'છતાં મારે જણાવવું પડશે કે એમાં ઉતાવળ થઈ શકશે નહીં. એ સ્થળે જવા માટે સૌપ્રથમ તો ડંકનમાં સમારકામ કરાવવું પડશે. તોફાન દરમિયાન એના પ્રોપેલર સાથેના પંખાનું એક પાંખિયું વાંકું વળી ગયું છે. એની દુરસ્તી વિના નૌકાને હંકારી શકાશે નહીં. કેવળ સઢને આધારે એ સ્થળે પહોંચવાનું આસાન નહીં હોય.'

'થયું ત્યારે. લઈ જાઓ હવે એને મેલબૉર્નની દિશામાં.' પેગેનલને એ સૂચનથી આનંદ થયો હોય તે રીતે બોલ્યો, 'એના વિના આપણે જમીનમાર્ગે સીધા મેલબૉર્ન પહોંચી જઈશું.' જળમાર્ગની એકવિધતાની સરખામણીમાં જમીન ઉપરની વૈવિધ્યસભર સફર પેગેનલને વધારે પસંદ હતી.

'એ કેવી રીતે શક્ય બની શકે?' કૅપ્ટન મેંગલ્સે પૂછ્યું.

'કેમ? એમાં નવું શું છે. જે રીતે ડંકન વિના અમે અમેરિકા ખંડ ઓળંગી ગયા હતા, તે રીતે જ અહીં પણ કરીશું.'

‘પણ કેવી રીતે?’ આયર્ટને પૂછ્યું. એને તો ખ્યાલ જ ન હતો કે કૅપ્ટન ગ્રાન્ટની શોધમાં આ લોકો ચીલીના કલાઓ બંદરથી દક્ષિણ અમેરિકા ખંડના છેક પૂર્વકાંઠે આવેલા બુએનોસ એરિસ સુધીનો લાંબો જમીનમાર્ગ ઓળંગીને આવ્યા હતા.

‘ત્યાં જે ૩૭°૧૧” અક્ષાંશની સીધી લીટીમાં મુસાફરી કરી હતી, તે જ રીતે અહીં પણ અહીંના આ કાંઠેથી ૩૭°૧૧” અક્ષાંશને સમાંતરે પૂર્વ તરફના ટુ-ફોલ્ડ બે તરફ જમીનમાર્ગે જઈશું. અને ત્યાંની જેમ આપણી ડંકનનૌકા આ પ્રદેશની દક્ષિણે આવેલા સાગરમાં પ્રદક્ષિણા કરીને આપણને આવી મળશે. હું નથી માનતો કે એમાં કોઈને પણ વાંધો હોઈ શકે.’ ત્યાં ઉભેલાં સૌ તરફ જોઈને પેગેનલે આગળનો પ્લાન ઘડી કાઢ્યો. છતાં મેજર નેબ્સનો ખાસ અભિપ્રાય લેવાનું એને જરૂરી લાગ્યું. એના તરફ જોઈ પૂછ્યું,

‘મેજર નેબ્સ, તમારે આ બાબતમાં કાંઈ કહેવું છે?’

‘હું એ જાણવા માગું છું કે અહીંથી પૂર્વમાં જવા માટે કોઈ વ્યવસ્થિત માર્ગ છે કે પછી અગાઉના જેવું જ હશે? જો માર્ગ હોય તો વાંધો નથી.’ મેજરે વરણાગિયાગીરી દર્શાવી.

‘મારી જાણ પ્રમાણે એ વિસ્તારમાં એટલે સુધીના વ્યવસ્થિત રસ્તાઓ છે કે લેડી હેલીના અને કુ. મૅરી પણ એમાં સામેલ થઈ શકશે.’ અતિઉત્સાહમાં આવીને પેગેનલ બોલ્યો.

‘આ બંને મહિલાઓને જમીનમાર્ગે લઈ જવા બાબતમાં તમે ગંભીર છો?’ અત્યાર સુધી ગ્લેનાર્વન મૌન હતા. તેમણે આ મહિલાઓને સાથે લેવાનો તો વિચાર કર્યો જ ન હતો.

‘હા જી, હવે હું ગંભીર છું. એમની વાત ફક્ત સારા રસ્તાના સંદર્ભમાં જ હતી, પરંતુ તમે પૂછો છો તો કહીશ કે એઓ બંને સાથે જોડાતાં હોય તો કોઈ મુશ્કેલી નથી. અહીંથી મેલબૉર્ન માત્ર ૩૫૦ માઈલ દૂર છે. દરરોજના બાર માઈલનું અંતર કાપી શકાય તો પણ એક માસના સમયમાં આપણે મેલબૉર્ન પહોંચીને ડંકન ભેગા થઈ શકીશું.’ પેગેનલે હિસાબ ગણાવ્યો. રસ્તાની સ્થિતિ જણાવતાં વધુમાં એક બોલ્યો, ‘આ ભાગમાં મુશ્કેલ પહાડીમાર્ગો કે રેતીના રણ ઓળંગવાના નથી. માર્ગમાં પેટેગોનિયા અને પમ્પા પ્રદેશના જેવી ખોરાક-પાણીથી મુશ્કેલી હું જોતો નથી. ૩૭°૧૧” અક્ષાંશ સમાંતરની આ મુસાફરી ઑસ્ટ્રેલિયા સોંસરવી હજારો માઈલની સાહસયાત્રા નથી. અત્યારે આપણે અહીં સાઉથ ઑસ્ટ્રેલિયા પ્રાંતમાં ઊભાં છીએ. અહીંથી થોડા માઈલપૂર્વમાં વિક્ટોરિયા પ્રાંત શરૂ થાય છે. એના જ લગભગ મધ્યમાં દક્ષિણે મેલબૉર્ન નગર છે. અહીં આખા દેશમાં બ્રિટિશશાસન છે. અહીં સુવિકસિત જમીનમાર્ગો છે. નવો જ બાંધેલો રેલમાર્ગ પણ છે. વ્યવસ્થિત રીતે વસેલો યુરોપિય સમાજ છે. લંડનથી એડીનબરો જવા જેવી જ આ હસીખુશીથી પર્યટનયાત્રા છે.’ મહિલાઓને પણ મુસાફરીમાં સાથે લઈ જઈ શકાય તે માટેનો કેસ એણે મજબૂત બનાવ્યો.

‘જંગલી પ્રાણીઓ કે આદિવાસીઓની હાજરી બાબત મહાશય પેગેનલને શું કહેવાનું છે?’ મહિલાઓને પણ સાથે લેવાની હતી એટલે ગ્લેનાર્વને પૂછ્યું.

‘દેશનો દક્ષિણપૂર્વનો આ પ્રદેશ ફળદ્રુપ અને સમૃદ્ધ છે. સારી રીતે વિકસેલો છે. અહીં એવાં તત્ત્વોનો કોઈ ભય નથી.’

‘પરંતુ ગુનેગારોની હાજરીનું શું? તેઓ આપણને હેરાન કરી શકે છે.’ ગ્લેનાર્વને પૂછ્યું.

‘મહાશય, યાદ રાખો કે ઑસ્ટ્રેલિયાના આ સૌથી દક્ષિણના વિક્ટોરિયા પ્રાંતમાં ગુનાહિત રેકર્ડ ધરાવનારાઓ સામે પ્રવેશબંધી છે. આ વખતે અહીંની સરકારે એવા બદમાશોને લઈ આવતા જહાજી કંપની પેનન્સ્યુલર શિપિંગ કંપનીને અપાતી સબસિડી બંધ કરવાની ચેતવણી

આપી છે. ઉત્તરના પ્રાંતોમાંથી અહીં આવતા ગુનેગારોને રોકવા માટે અહીંની સરકારે ખાસ કાયદો પણ પસાર કર્યો છે, પરંતુ તમને બ્રિટનના એક નાગરિકને આ બધું કહેવાની શું જરૂર? ઇંગ્લિશમૅન તરીકે તમને તો એ માહિતી હશે જ એમ હું માનું છું.'

'મિસ્ટર પેગેનલ સૌપ્રથમ તો મને કહેવા દો કે હું ઇંગ્લિશમૅન નથી.'

'મને જણાવવાની રજા આપો કે પેગેનલની વાત સાવ સાચી છે. કેવળ વિક્ટોરિયા પ્રાંત જ નહીં, પરંતુ એ ઉપરાંત સાઉથ ઑસ્ટ્રેલિયા, ક્વીન્સલૅન્ડ અને ટાસ્માનિયા દ્વીપના પ્રાંતમાં પણ ગુનાહિત રેકર્ડ ધરાવનારાઓના પ્રવેશ સામે પ્રતિબંધ છે. મારા અહીંના વસવાટ દરમિયાન એવો કોઈ બનાવ બન્યો હોય તેવા સમાચાર મેં સાંભળ્યા નથી.' આયર્ટને પેગેનલની વાતનું સમર્થન કર્યું.

'આપ સૌ હવે પોતાની રીતે નિર્ણય લઈ શકો છો.' પેગેનલે ગુનેગાર પુરાણની વાતોનું સમાપન કરતાં જણાવ્યું. અહીં એવાં જંગલીઓ, હિંસક પ્રાણીઓ કે ગુનેગારો તરફનો કોઈ ભય નથી. હું તો કહીશ કે યુરોપમાં ભાગ્યે જ કોઈ દેશ હશે, જે આ પ્રકારના દુષણથી મુક્ત હશે. આ પ્રદેશમાં મેં જણાવી તેવી સલામતીની સ્થિતિ હોય ત્યારે લેડી હેલીના અને મૅરી પણ અમારી સાથે જમીનમાર્ગે જવા માટે સંમત થશે એમ માનું છું.' પેગેનલે હેલીના તરફ જોઈને પૂછ્યું.

'શું વિચારો છો? હેલીના તમે?' ગ્લેનાર્વને સ્ત્રીદાક્ષિણ્ય દર્શાવ્યું.

'એમાં વધુ વિચારવા જેવું કાંઈ છે જ નહીં. જમીનમાર્ગે મુસાફરી માટેની તૈયારી શરૂ કરી છે. આપણે વહેલીતકે નીકળવું જોઈએ.' હેલીનાએ સંમતિ દર્શાવી.

---

* સુએઝ નહેરનું બાંધકામ ૧૮૬૯માં પૂરું થતાં એવા ટૂંકા માર્ગે ત્યારથી જહાજી વહેવાર શરૂ થયો હતો. ત્યાર બાદ ૧૮૭૫માં નહેરનો વહીવટ અંગ્રેજો હસ્તક આવ્યો હતો.

૮

નવપ્રસ્થાનની તૈયારી

કેપ બર્નોલીથી એડીલેઇડ થઈને જમીનમાર્ગે મેલબૉર્ન પહોંચવાનું નક્કી થયા પછી એમાં વિલંબ કરવા માટે કોઈ જ કારણ ન હતું. પેડીમૂરના ફાર્મથી વહેલીતકે નીકળવા સૌ આતુર હતાં. અગાઉ પેટાગોનિયા અને પમ્પા પ્રદેશમાં નડેલી મુશ્કેલી જેવી તકલીફો અહીંના સપાટ અને ફળદ્રુપ પ્રદેશમાં નહીં હોવાની ખાતરી પેગેનલ અને આયર્ટને ઉચ્ચારી હતી. ત્યાંના જેવો પર્વતીય કે રેતાળ પ્રદેશ અહીં ઓળંગવાનો ન હતો. એ ઉપરાંત માર્ગવહેવાર તથા રેલ પરિવહન માટેની સુવિધા મળવાની શક્યતા હતી. જરૂર પડે ખોરાક તથા પાણી મેળવવામાં પણ કોઈ મુશ્કેલી પડે તેમ ન હતું.

તમામ પ્રકારની અનુકૂળતા હોવાની ખાતરીને આધારે જ હેલીના તથા મૅરીને પણ જમીનમાર્ગે લઈ જવાની હિંમત ગ્લેનાર્વન બતાવી શક્યા. એવી મહિલાઓ પણ સાથમાં હોવાને કારણે થોડી વધારાની સુવિધા, સાધનસામગ્રી તથા સાવધાનીની જરૂર રહેવાની હતી.

પ્રયાણ માટે ત્રીજો જ દિવસ એટલે કે ૨૨મી ડિસેમ્બરનો દિવસ નક્કી કરવામાં આવ્યો. કૅપ્ટન ગ્રાન્ટનું બ્રિટાનિયા જહાજ જ્યાં નષ્ટ થયું હોવાનું મનાતું હતું તે સ્થળ બાબત સૌના મનમાં નિશ્ચિતતા હતી. એટલું જ નહીં, પરંતુ તેઓ જો જીવતા હોય તો તે ઑસ્ટ્રેલિયાની આ ધરતી પર જ હોવાનું સૌએ માની લીધું હતું.

કૅપ્ટન ગ્રાન્ટના પત્રમાં જણાવ્યા પ્રમાણે દુર્ઘટનાનું સ્થળ તો ૩૭°૧૧" અક્ષાંશ ઉપર જ હતું, પરંતુ તેને તથા તેના બે સાથીઓને કેદી બનાવીને અહીંના આદિવાસીઓ દેશના અંદરના ભાગમાં ઘસડી ગયા હોય તો એ સ્થળ શોધવા હવે જહેમત ઉઠાવવાની હતી. એ દિશામાં આગળ વધવા પહેલાં તેનો દિશાનિર્દેશ મેળવવા દુર્ઘટનાસ્થળે પહોંચવાનું સૌને જરૂરી લાગ્યું.

જહાજી દુર્ઘટના પૂર્વેની સ્થિતિનો એકમાત્ર પ્રત્યક્ષ સાક્ષી હોવાનો દાવો કરનાર આયર્ટન જમીન ઉપરના આ અભિયાનમાં જોડાય તેવી સૌની ઇચ્છા હતી, પરંતુ તેનો આધાર એની પોતાની ઇચ્છા તથા એના માલિકની સંમતિ ઉપર હતો. જોકે બ્રિટનની ઉમરાવ સભાના એક સન્માનનીય સભાસદ લૉર્ડ ગ્લેનાર્વનને સીધી રીતે ના પાડવાની કોઈ હિંમત કરી શકે તેમ ન હતું.

ગ્લેનાર્વને એ માટે તેને વિનંતી કરી. એના અનુસંધાનમાં આયર્ટને એક બાબતમાં સ્પષ્ટતા મેળવવાનું જરૂરી માન્યું.

'અત્યારે આપણે જમીનમાર્ગે મેલબૉર્ન જવાના છીએ, તો ડંકનનૌકાને આપ ક્યાં રાખવા ઇચ્છો છો?'

'આયોજન એવી રીતે કર્યું છે કે મારા માણસો નૌકાને મેલબૉર્ન બંદરે હંકારી જશે. ત્યાં

એનું સમારકામ કરાવશે. એ દરમિયાન આપણે ત્યાં એનો સંપર્ક કરીશું. ત્યાંથી નૌકાને લઈને તમે જણાવો છો તે પ્રમાણે તેને દુર્ઘટનાના સ્થળ પાસે લઈ જઈશું. ત્યાર બાદ જ આગળ શું કરવું તે નક્કી કરી શકીશું.'

'કૅપ્ટન મેંગલ્સ એ દરમિયાન ક્યાં હશે?'

'તેઓ ડંકનને હંકારીને મેલબૉર્ન બંદરે લાવશે.'

'જમીનમાર્ગે તેઓ આપણી સાથે નહીં હોય તો તેની ગેરહાજરીમાં માર્ગદર્શન માટે તમે મારા ઉપર વિશ્વાસ મૂકી શકશો.'

'જરૂર જરૂર. એમાં કાંઈ કહેવાનું હોય જ નહીં.'

કૅપ્ટન ગ્રાન્ટના સાથીદારે કરેલા આ સ્વૈચ્છિક પ્રસ્તાવથી સૌ રાજી થયાં, પરંતુ પેડીમૂરને પોતાના આ વફાદાર અને કર્મઠ સેવકને છોડવાનું ગમતું ન હતું. આયર્ટન જેવો ખંતીલો માણસ ગુમાવવાનું એને પરવડે તેમ ન હતું.

પ્રાસંગિક વાતચીત બાદ ગ્લેનાર્વન વગેરે સૌ નૌકા ઉપર પરત આવ્યાં. બીજા દિવસના પ્રયાણ માટે વાહનો, પ્રાણીઓ તથા આવશ્યક ચીજવસ્તુઓ મેળવવા ગ્લેનાર્વને આયર્ટનને જરૂર સૂચના આપી.

લેડી હેલીના અને કુ. મૅરીને પણ સાથે લેવાનો પ્રસ્તાવ પેગેનલનો હતો અને કૅપ્ટન મેંગલ્સે તેને ટેકો પણ આપ્યો હતો. ટેકો આપવા પાછળ એની ગણતરી એવી હતી કે જમીનમાર્ગે જનારા જૂથમાં જોડાવાની આ વખતે એને પણ તક મળશે. અમેરિકા ખંડની વળતી મુસાફરી દરમિયાન હેલીનાની સાથે કુ. મૅરી પણ નૌકામાં પાછાં ફરવાનાં હતાં. એ કામ વિશેષ જવાબદારીવાળું હતું, અને ગ્લેનાર્વને નૌકામાં જ રહેવા માટે એને ખાસ આગ્રહ કર્યો હતો. આ વખતની સ્થિતિ સાવ ઊંધી હતી. બંને મહિલાઓએ હવેની મુસાફરી જમીનમાર્ગે જ કરવાની હતી. જળમાર્ગ પણ ટૂંકો હતો. એના હાથ નીચે કામ કરતા પ્રથમ મદદનીશ ટૉમ ઓસ્ટિનની બુદ્ધિશક્તિ અને ક્ષમતામાં એને ભરોસો હતો. કોઈ પણ તકલીફ વિના ડંકનનૌકાને તે મેલબૉર્ન સુધી હંકારી લાવશે એ અંગે એને શંકા ન હતી.

આ બધી જ સાનુકૂળતાઓ કૅપ્ટને પોતાના માલિક ગ્લેનાર્વન સમક્ષ રજૂ કરી. કેટલીક બાબતો અંગે સ્પષ્ટતા મેળવ્યા બાદ માલિકે જમીનમાર્ગે આવનારા જૂથમાં જોડાવા કૅપ્ટનને પરવાનગી આપી.

કૅપ્ટને આ રીતે પોતાની સાથે જમીનમાર્ગે આવવાનું પસંદ કર્યું. તેની પાછળનો ઇરાદો ગ્લેનાર્વન સમજી ગયા હતા. એ અંગે હળવી ટકોર કરતાં જણાવ્યું,

'મને લાગે છે કે તું અમારી સાથે જમીનમાર્ગે આવે છે તે યોગ્ય જ છે. કુ. મૅરીના પિતા કૅપ્ટન ગ્રાન્ટ સાથે મુલાકાત થશે ત્યારે કુ. મૅરી સાથેની તારી હાજરી ખૂબ જ મહત્ત્વની બનશે.' માલિક તરફથી મૅરીના નામ સાથે થયેલા સૂચનથી મેંગલ્સનું મોં શરમથી લાલચોળ બની ગયું. ધીમા અવાજે તે બોલ્યો,

'ઓહ! માલિક. આપ પણ એવું જ વિચારો છો?' ગ્લેનાર્વનના બંને હાથ તેણે ઉમળકાથી પકડી લીધા.

વહેલીતકે અહીંથી જમીનમાર્ગે નીકળવાનું નક્કી થયું. એ માટેની તૈયારી શરૂ થઈ. બીજા દિવસે ગ્લેનાર્વને કૅપ્ટન મેંગલ્સ, નૌકાના સુથાર તથા અન્ય જરૂરી માણસોને કેટલીક સાધનસામગ્રી સાથે પેડીના નિવાસસ્થાને મોકલ્યા. જમીનમાર્ગની એ મુસાફરી મહિલાઓ

સિવાયના સહુ માટે ઘોડા ઉપર જ થવાની હતી, પરંતુ હેલીના અને મૅરી માટે ખાસ વ્યવસ્થા કરવાની જરૂર હતી. એ માટે બળદ જોડેલી મોટી સવારી ગાલ્લી તૈયારી કરવાની હતી. પેડીના ફાર્મ ઉપરથી જ બળદો તથા ઘોડા મળવાના હતા. વીસ ફૂટ લાંબું વેગન તૈયાર કરવામાં ઘણી મહેનત કરવી પડી. એના બે ભાગ પાડી આગળનો ભાગ બંને મહિલાઓ માટે તથા પાછળનો ભાગ રસોઈ માટેની સાધનસામગ્રી માટે અનામત રાખવામાં આવ્યો. જમીન સાવ ઊબડખાબટ હતી. એના રસ્તાઓ ઉપર સ્પ્રિંગ વિનાની લાંબી ગાડીના બળદોને સંભાળવાનું કામ મુશ્કેલ બનવાની શક્યતા હતી. આયર્ટને જ એના સારથિ બનવાનું સ્વીકાર્યું. રસોઈઘરના રાજા જેવા ઓલ્બિનેટ તેની રસોઈસામગ્રી સાથે વેગનના પાછળના ભાગમાં બેસવાનો હતો.

આ વખતના જમીનમાર્ગના પ્રવાસમાં કૅપ્ટન મેંગલ્સ ઉપરાંત ઓલ્બિનેટ અને બ્રિટાનિયાનો ક્વાર્ટરમાસ્ટર આયર્ટન પણ જોડાવાના હતા. નૌકાનું સંચાલન નૌકાના પ્રથમ ઑફિસર ટૉમ ઑસ્ટિનને સોંપવામાં આવ્યું.

દિવસભરની તડામાર તૈયારી બાદ સાંજે ડંકન ઉપર પાછા વળતી વખતે પેડી અને તેનાં કુટુંબીજનો ઉપરાંત આયર્ટન પણ ગ્લેનાર્વનના આમંત્રણને આધારે ડંકન ઉપર આવ્યા. એમની નૌકા પાસે પહોંચતાં ગ્લેનાર્વને પેડીના કુટુંબીજનોનું મોંઘેરા મહેમાનો તરીકે સ્વાગત કર્યું. ડંકન વિહારનૌકા ઉપર મહેમાનોની સરભરા કરવાનો આ પહેલો જ પ્રસંગ હતો. નૌકાની અંદરની સજાવટ તથા વૈભવ જોઈને પેડી વગેરે સૌ મહેમાનો પ્રભાવિત બની ગયા.

બ્રિટાનિયા જહાજના ક્વાર્ટરમાસ્ટર અધિકારી આયર્ટનને જહાજી દુનિયાની ખાસ જાણકારી હતી. નૌકાની સજાવટ કરતાં પણ એને વધુ રસ જળયાનની શક્તિ, મજબૂતાઈ તથા એની આંતરિક રચનામાં હતો. ગ્લેનાર્વને ખાસ રસ લઈને એને બધું બતાવ્યું. નૌકાની મજબૂતાઈ તથા કાર્યક્ષમતા તથા તેને અંગેનાં જરૂરી સાધનોમાં આયર્ટને ઊંડો રસ લીધો. નવા સાથીની એ અંગેની જાણકારી તથા તેની શક્તિથી ગ્લેનાર્વન પ્રભાવિત થયા. નૌકાનું વજન તથા ઝડપ અંગેના પ્રશ્નોના જવાબમાં ગ્લેનાર્વને જણાવ્યું,

'નૌકાનું વજન બસો દસ ટન છે અને સઢની સહાયથી એની ઝડપ કલાકના સત્તર માઈલની છે. ગ્લાસગો બંદરે યોજાતી નૌકા સ્પર્ધામાં એનો નંબર સૌથી આગળ રહેશે એમાં મને શંકા નથી.'

અનેક પ્રકારનાં દૂરગામી જળયાનો ઉપર કામ કરી ચૂકેલા આયર્ટનને એ દરેકની ખાસિયતો અને ખૂબીઓની જાણકારી હતી. તેને આધારે જ તેણે પ્રશ્ન પૂછ્યા. નૌકા સંબંધી નાની નાની બાબતો જાણવામાં પણ એણે ઊંડો રસ બતાવ્યો. ગ્લેનાર્વને પણ નૌકા ઉપરના નવા સાથીને નૌકા અંગેની ઝીણામાં ઝીણી ખૂબીઓ વિગત વાર સમજાવી. વિહારનૌકા તરીકે ડંકન એક નાજુક જળયાન ગણી શકાય, છતાં એને શક્તિશાળી અને સુવિધાયુક્ત બનાવવા માટે આયર્ટને એના માલિકને અભિનંદન આપ્યા.

ગ્લેનાર્વને એવાં અભિનંદનનો વિનમ્રભાવે સ્વીકાર કર્યો, એ સાથે પોતાની નૌકામાં યોગ્ય તે જવાબદારી સ્વીકારવા તેને આમંત્રણ પણ આપ્યું, 'આપની ઇચ્છા છેતો આપના પ્રસ્તાવ ઉપર હું જરૂરથી વિચાર કરીશ.' આયર્ટને પણ સાનુકૂળ પ્રતિભાવ આપ્યો.

આ વાતચીત દરમિયાન પેગેનલ અને નેબ્સ બંને ત્યાં હાજર હતા. પાછળથી પેગેનલે નેબ્સને જણાવ્યું,

'આ માણસ હોશિયાર છે તથા જાણકાર છે. તમને શું લાગે છે?'

‘હા જી, હોશિયાર જરૂર છે, પરંતુ જરૂર કરતાં ઘણો વધારે.’ આજુબાજુમાં કોઈ એની વાત સાંભળતું નહીં હોય તેની ખાતરી કરીને નેબ્સ ધીમેથી બોલ્યો.

કોઈ પણ જાતના દેખીતા કારણ વિના, આ નવા માણસના ચહેરા અને એની રીતભાત પ્રત્યે મેજરને કોઈક પ્રકારનો છૂપો અણગમો જન્મ્યો હતો. એની શુભનિષ્ઠા અંગે શંકાશીલ પણ હતો, છતાં એ સમયે એણે મૌન રહેવાનું જ પસંદ કર્યું.

દરમિયાન સાંજનું ભોજન તૈયાર હોવાની સૂચના ઓલ્બિનેટે આપી. વિહારનૌકાના ભોજન કક્ષમાં બરાબર વચ્ચે ગોઠવાયેલા મોટા ટેબલની ફરતે સૌએ પોતપોતાનું સ્થાન લીધું.

ગ્લેનાર્વને આયર્ટનને પોતાની નજીકની ખુરશી ઉપર બેસાડ્યો. ઑસ્ટ્રેલિયા ખંડ તથા આ પ્રદેશ અંગેની ઘણી માહિતી એણે ગ્લેનાર્વનને આપી. ત્યાર બાદની સામાન્ય વાતચીત દરમિયાન એણે ગ્લેનાર્વનને પૂછી લીધું કે ડંકનમાંના કેટલા નાવિકો અહીં જમીનમાર્ગમાં સાથે જોડાવાના હતા. એણે જ્યારે જાણ્યું કે ફક્ત બે જ નાવિકો સાથે રહેવાના હતા, ત્યારે તેણે આશ્ચર્ય વ્યક્ત કર્યું. જમીનમાર્ગના કાફલા સાથે બની શકે તેટલા વધુ માણસોને લેવા માટે એણે આગ્રહ રાખ્યો.

આયર્ટનના એવા સૂચન પછી નેબ્સના મનમાંથી એને માટેની શંકા નિર્મૂળ થવી જોઈતી હતી, પરંતુ એવું બન્યું નહીં. થોડા વધુ સમય માટે એ માણસ ઉપર નજર રાખતા રહેવાનું એણે પસંદ કર્યું.

‘શું આપણા માર્ગમાં કોઈ મુશ્કેલી કે ભયની સંભાવના છે?’ આયર્ટનના આગ્રહથી ગ્લેનાર્વન વિચારતા થઈ ગયા.

‘ના જી. એવો કોઈ જ ભય નથી. ડરવાનું કોઈ કારણ નથી.’

‘તમારા સૂચન બદલ આભાર, મિસ્ટર આયર્ટન. પરંતુ નૌકાના સંચાલન માટે પણ લઘુતમ માણસોની જરૂર હોય જ છે. વળી ડંકનનૌકા તો કહેવાની જ વિહારનૌકા છે. એમાં ભલે વૈભવી સજાવટ હોય, પરંતુ એના કદ અને તાકાતની દૃષ્ટિએ તે કોઈ મોટા જહાજથી કમ ગણી શકાય તેમ નથી.’ ગ્લેનાર્વને કારણ આપ્યું.

ભોજન પૂરું થયું. સાંજનું અંધારું ગાઢું બને તે પહેલાં પોતાના ફાર્મ ઉપર પહોંચી જવા પેડી આતુર હતો. બંને કુટુંબોએ એકબીજાની વિદાય લીધી. પેડીના કુટુંબીજનો તથા આયર્ટનને તેઓના ફાર્મના કાંઠે ઉતારીને ડંકનની હોડી પાછી વળી. આ ફાર્મ ઉપરથી જ બીજા દિવસે સવારમાં ગ્લેનાર્વન વગેરેએ જમીનમાર્ગે ૩૭°૧૧” અક્ષાંશની સમાંતર રેખામાં પૂર્વમાં આગળ વધવાનું હતું. મુસાફરી માટે જરૂરી વાહન, અને તેને ખેંચવા માટે બળદો અને ઘોડા તેમ જ અન્ય ચીજવસ્તુઓ મેળવી લેવાની જવાબદારી ગ્લેનાર્વને આયર્ટનને સોંપી જ હતી. દિવસ દરમિયાન અહીં એની જ તૈયારી થઈ.

એમની સૂચના પ્રમાણે સુથાર તથા અન્ય કારીગરોએ હાથ ઉપર હતાં તેવાં સાધનોમાંથી સવારી ગાડી તૈયાર કરી. સાથે રાખવાનો સામાન નૌકા ઉપરથી આયર્ટન લઈ આવ્યો. ગાડીના પાછળના ભાગમાં તેને ગોઠવી દેવામાં આવ્યો. એનો હવાલો સંભાળનાર ઓલ્બિનેટ માટે પણ એમાં જ વ્યવસ્થા થઈ ગઈ. આગળના બંધ ભાગમાં ઘાસની પોચી ગાદી હતી. બંને સ્ત્રીઓ તકલીફ વિના મુસાફરી કરી શકે તે માટે શક્ય એટલી બધી સુવિધા ઉમેરવામાં આવી.

બીજા દિવસના એ જ સમયે નૌકાને મેલબૉર્ન લઈ જવા માટેની તૈયારી પણ થવા લાગી. હેલીના અને મૅરીનાં કપડાં વગેરેની ખાસ તૈયારી એમણે જ કરવાની હતી, છતાં એ કામ પેગેનલની તૈયારી કરતાં ચોક્કસપણે હળવું હતું. પોતાનું દૂરબીન સાફ કરવામાં જ તેણે લાંબો

સમય લીધો. તે ઉપરાંત અન્ય સાધનો, નક્શા, ચાર્ટ તથા નોંધબુક વગેરે અનેક વસ્તુઓ જુદી તારવવામાં તે મધરાત સુધી જાગ્યો. સવારે એણે વહેલા ઊઠવાનું હતું. એને ઉઠાડવામાં મેજર નેબ્સને ભારે જહેમત કરવી પડી.

આઠ વાગ્યાનો સમય થતાં સૌએ હોડીમાં ઊતરવા માંડ્યું. વધારાનો સામાન આગલા દિવસે જ હોડી મારફત ફાર્મ ઉપર પહોંચી ગયો હતો. હોડી હંકારતાં પહેલાં કૅપ્ટન જ્હૉન મેંગલ્સે નૌકાસંબંધી પોતાની જવાબદારીઓ પ્રથમ મદદનીશ ટૉમ ઓસ્ટિનને વિધિવત રીતે સોંપી દીધી. મેલબૉર્ન જઈ, કયા સ્થળે નૌકામાં સમારકામ કરાવવાનું હતું તેની સૂચના આપી. એક અનુભવી, ઠરેલ અને કર્મઠ ઑફિસર તરીકે એનામાં કૅપ્ટનને પૂરો ભરોસો હતો. નૌકા અંગે મેંગલ્સે હવે કોઈ ચિંતા કરવાની જરૂર ન હતી.

ડંકનના તૂતક ઉપર ઊભા રહીને ટૉમ ઓસ્ટિન અને નૌકામાં રહેલા સૌ નાવિકોએ માલિક ગ્લેનાર્વનને સલામી આપી. એમણે આદરેલું ખોજ-અભિયાન નિર્વિઘ્ને પૂરું થાય અને સફળ થાય તે માટેની શુભેચ્છાઓ પાઠવી. નૌકા ઉપર ઊભેલા સૌ નાવિકોએ હુરેહ! ના પોકારો પાડ્યા. એ સાથે હોડીના વળાવિયા નાવિકોએ હલેસાં મારવાની શરૂઆત કરી. હોડી કાંઠા તરફ ધીમેધીમે સરવા લાગી. દસ મિનિટમાં જ તે એના મુકામે પહોંચી ગઈ. ત્યાં ઊતરીને પંદર મિનિટમાં જ ખડકો ઉપર ચઢીને સૌ પેડી ઓ'મૂરના ફાર્મહાઉસ ઉપર પહોંચી ગયા. આ તરફ હોડી પણ નૌકા ઉપર પહોંચી ગઈ.

પેડી દંપતી આગંતુકોને આવકારવા દરવાજે ઊભાં જ હતાં. બીજી વારના મહાપ્રસ્થાન માટેની તૈયારીઓ થઈ ગઈ હતી. પોતાને માટે જ ખાસ બનાવવામાં આવેલી બળદગાડી અને તેમાંની સુવિધાઓ જોઈને લેડી હેલીના ખુશ થઈ ગઈ. એનો વિશિષ્ટ આકાર, વિચિત્ર પૈડાં તથા સ્પ્રિંગ વિના ધરી ઉપર ગોઠવાયેલું માળખું તેઓ જોઈ જ રહ્યાં. ગાડીને જોડેલા ચાર બળદો તથા તેને હંકારવા માટે સ્વયં નિયુક્ત સારથિ આયર્ટન પણ તૈયાર હતો. હવે ફક્ત માલિક તરફની સૂચનાની જ રાહ જોવાતી હતી.

પેગેનલ એવી એ બળદગાડીની આગળ ઊભો રહ્યો. હળવામૂડમાં હોય તે રીતે બોલ્યો, 'મિત્રો, આ તરફ જુઓ. વિશ્વનું આ કદાચ શ્રેષ્ઠ વાહન છે. એનાથી વધુ અગડવભર્યું વાહન હોઈ શકે જ નહીં. હોય તો તેની મને માહિતી નથી. બ્રિટિશ સામ્રાજ્યની પાર્લામેન્ટની ઉમરાવસભાના એક સન્માનનીય સભ્ય લૉર્ડ ઍડવર્ડ ગ્લેનાર્વનનાં પત્ની લેડી હેલીનાનું હવે પછીનું આ વૈભવી નિવાસસ્થાન છે. એ ગાડી નહીં, પણ પૈડાં ઉપર હરતુંફરતું ઘર છે. એમાં માલ્કમ કેસલમાંની તમામ સુવિધાઓ અને વૈભવ હાજર છે અને તે પણ એનાં કઢંગાં પૈડાં ઉપર.'

લેડી હેલીનાએ પેગેનલના વ્યંગાત્મક વિધાનને હળવાશથી વધાવ્યું અને એ ઘરના મહેમાન બનવા પેગેનલને આમંત્રણ આપ્યું. એ દરમિયાન પલાણ નાખેલા સાત ઘોડાઓ લઈને પેડીના પુત્રો પણ ત્યાં આવી ગયા. ગ્લેનાર્વને ઉદારતાથી તેની કિંમત ચૂકવી. વધારામાં પેડી કુટુંબની આ સેવાઓ બદલ તેણે કૃતજ્ઞતા વ્યક્ત કરી. અરસપરસ આભારવિધિ થઈ. હેલીના અને મૅરીએ પોતાને માટે જ ખાસ બનાવેલા બળદરથમાં સ્થાન લીધું. એના સ્વયંનિયુક્ત સારથિએ ખાસ પ્રકારની વ્હીસલનો અવાજ કર્યો. બંદૂક વગેરે શસ્ત્રોથી સજ્જ ઘોડેસવારો ગાડીની આગળપાછળ થયા. નવી આશા સાથેની આ નવીન વણજારે હસીખુશીના માહોલમાં પ્રસ્થાન શરૂ કર્યું. થોડી જ વારમાં રસ્તાનો વળાંક આવતાં પેડી ઓ'મૂરનું ફાર્મહાઉસ દેખાતું બંધ

થયું.

૯

પ્રકૃતિનું અજાયબ ઘર

૧૮૬૪ના ડિસેમ્બર માસની ૨૨મી તારીખનો દિવસ હતો. એ દિવસ પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં સામાન્ય રીતે સાવ ટૂંકો, શુષ્ક, ઠંડોગાર અને નિરુત્સાહી હોય છે. પરંતુ દક્ષિણ ગોળાર્ધમાં એ દિવસ જૂન માસનો હોય તેવો ઉષ્માસભર હોય છે. વસંતઋતુ હોય તેવો માહોલ જામતો હોય છે. વર્ષના સૌથી ગરમ દિવસો આ સમય દરમિયાન અહીં હોય છે. શરીરને દઝાડતાં પ્રખર કિરણો વિષુવવૃત્ત ઉપરનાં સૂર્યકિરણોની યાદ અપાવે તેવાં હોય છે. ચડતી ગરમીના એવા દિવસે જ લૉર્ડ ગ્લેનાર્વને પોતાના નવતર શોધઅભિયાનનો આરંભ કર્યો.

હવામાનની આવી સ્થિતિ આખા ઑસ્ટ્રેલિયા ખંડના સંદર્ભમાં ગણવાની હતી. એમાં પર્થથી માંડીને પૂર્વમાં પ્રશાંત મહાસાગર સુધીના મધ્યભાગ સોંસરવું રેતીનું લાંબું-પહોળું રણ હતું. એને ઓળંગવાના અનેક સાહસવીરોના પ્રયાસો નિષ્ફળ ગયા હતા. એમાં ઘણાએ પોતાના જાન ગુમાવ્યા હતા. એમાં થઈને ગ્લેનાર્વને કૅપ્ટન ગ્રાન્ટની શોધમાં નીકળવાનું હોત તો એના હાલ પણ એના પુરોગામીઓના જેવા જ થયા હોત, પરંતુ ગ્લેનાર્વનનો માર્ગ ૩૭°૧૧" અક્ષાંશને સમાંતર પૂર્વમાં જતો હતો. એ રેખા આ ખંડના પૂર્વ છેડે છેક દક્ષિણમાં ઊપસેલા બહુ નાના ભાગમાં થઈને પસાર થતી હતી. સધર્ન ઑસ્ટ્રેલિયા પ્રાંતના ઍડેલેડ બંદરથી પૂર્વમાં વિક્ટોરિયા પ્રાંત સોંસરવી એ રેખા ત્યાર બાદ ન્યૂ સાઉસ વેલ્સ પ્રાંતના છેક દક્ષિણના અણિયાળા ભાગમાં થઈને પૂર્વમાં ટાસમાન સાગર તરફ આગળ જાય છે.

કેપ બર્નોલીથી પૂર્વમાં આગળ ૬૦ માઈલના અંતરે સાઉથ ઑસ્ટ્રેલિયા પ્રાંતની હદ પૂરી થાય છે અને વિક્ટોરિયા પ્રાંત શરૂ થાય છે. એના પહેલા શહેર એસ્પ્લે પહોંચવા માટે બે દિવસની મુસાફરી જરૂરી હતી. કોઈ પણ મુસાફરી શરૂ થાય ત્યારે મુસાફરો અને તેનાં પ્રાણીઓ તાજાંમાજાં અને તરવરાટથી ભરપૂર હોય છે. એવી સ્થિતિમાં અંતર પણ ઝડપથી કપાતું હોય છે. નવીન પ્રદેશની નાની અને ક્ષુલ્લક વસ્તુઓમાં પણ નવીનતા દેખાતી હોય છે, પરંતુ મુસાફરી આગળ વધતાં, એકવિધતા આવતાં આકર્ષણનું તત્ત્વ ઘટતું જાય છે. એમાંય ભાર ઊંચકીને ચાલતાં પ્રાણીઓની સ્થિતિ વધુ વિકટ બનતી હોય છે.

એવી સ્થિતિ ટાળવા સૌની સાથે વિચાર કરીને ગ્લેનાર્વને એવું નક્કી કર્યું કે દિવસ દરમિયાન ૨૫ કે ૩૦ માઈલની મુસાફરી બાદ અનુકૂળ લાગતું જે સ્થાન આવે ત્યાં જ પડાવ નાખવો. ત્યાં રાત્રિમુકામ કરીને જ બીજા દિવસે આગળ વધવું.

આ વખતની મુસાફરીમાં લેડી હેલીના અને કુ. મૅરીને માટે મોટી બળદગાડી કે વેગનની પણ વ્યવસ્થા કરવી પડી હતી. એની ધીમી ગતિને કારણે ઘોડેસવારોએ પણ તેમની ઝડપ ઉપર

નિયંત્રણ રાખવાનું હતું. એ ગાડીની સલામતી માટે ઘોડેસવારોએ આગળપાછળ તેમ જ બાજુએ રહીને ચાલવાની વ્યવસ્થા રાખવામાં આવી.

એડેલેડ નગર સુધીનો રસ્તો સાવ નિરસ હતો. કોઈ પણ નવીનતા વિનાના નાના ડુંગરાઓની હારમાળા પસાર કરવાની હતી. ધૂળભરી એની પોચી જમીનમાં ચારે તરફ ઝાડી-ઝાંખરાં ઊગેલાં હતાં. વચ્ચે વચ્ચે આવતાં નદીનાળાં અને વહોળાની બંને બાજુ કાંટાળી વનસ્પતિનાં ઝૂંડ હતાં. યુરોપના હોલૅન્ડ દેશમાં એમણે જોયેલાં ડુકરો જેવાં મોંવાળાં ઘેટાં કોઈકોઈ સ્થળે ચરતાં જોવામાં આવ્યાં. ઝડપી સંદેશાવ્યવહાર માટે નવી શોધ પ્રમાણેના ટેલિગ્રાફના તાર માટે થાંભલા ઊભા કરવામાં આવ્યા હતા.

બે દિવસની ધીમી મુસાફરીને અંતે ગ્લેનાર્વનનો એ સંઘ માંડ સાંઠ માઈલ પૂર્વમાં આગળ જઈ શક્યો. સાઉથ ઑસ્ટ્રેલિયા પ્રાંતમાંથી તેઓ વિક્ટોરિયા પ્રાંતના વિમેરા વિસ્તારના સૌપ્રથમ ગામ એસ્પ્લેમાં એઓ દાખલ થયાં. અહીં ક્રાઉન-ઇન નામના મુસાફરખાનામાં સૌએ રાત્રિમુકામ કર્યો. ભોજનના ટેબલ ઉપર કેવળ માંસમાંથી જ બનેલી ગરમાગરમ વાનગીઓ પીરસાઈ. મુસાફરીના અનુભવની વાતો કરતાં સૌએ એને ન્યાય આપ્યો.

પેગેનલને અહીંની એકવિધતામાં પણ વિશિષ્ટતા દેખાઈ. વસાહતીઓની સાવ પાંખી વસ્તીવાળા આ પ્રદેશની સ્થિતિ જાણવા સૌ આતુર હતાં. સાથીઓ તરફથી એ અંગે પ્રશ્નો પુછાવા લાગ્યા. એના જણાવ્યા પ્રમાણે ખંડનો આ ભાગ અગાઉ ઑસ્ટ્રેલિયા ફેલિક્સ તરીકે ઓળખાતો હતો.

'મારી દૃષ્ટિએ એવું સંબોધન સાવ ભૂલભરેલું હતું. ખરેખર તો આ વિસ્તારમાં શોધાયેલી સોનાની ખાણોને કારણે એને માટે સમૃદ્ધ ભૂમિ કે સુવર્ણભૂમિ નામ વધુ યોગ્ય ગણાત, પરંતુ નામનું શું મહત્ત્વ હોય? એવી સમૃદ્ધિ સામાન્ય રીતે શાપિત જ હોય છે.' ભૂગોળશાસ્ત્રી પેગેનલ અત્યારે ફિલસૂફ પેગેનલ બની ગયો. સમૃદ્ધિની નિરર્થકતા ઉપર એણે નાનકડું વ્યાખ્યાન આપ્યું.

'શું વ્યક્તિ કે શું પ્રદેશ, એવી સમૃદ્ધિ મળવાથી માણસ સુખી જ થાય તેવું થોડું છે. સોનાની ખાણો શોધવાને લીધે સારાનરસા અનેક પ્રકારના માણસોથી આ પ્રદેશ ઊભરાવા લાગ્યો છે. એવી ખાણોની આસપાસની આજની સ્થિતિનો ખ્યાલ તો આપણે એની નજીક જઈશું ત્યારે જ આવશે.'

'મારા સાંભળવા પ્રમાણે વિક્ટોરિયાનું આ સંસ્થાન હજી થોડાં વરસો પહેલાં જ સ્થપાયું હતું. એ વાત સાચી છે?' લેડી હેલીના એ અંગે વધુ જાણવા ઉત્સુક હતાં.

'હા જી, મૅડમ, માત્ર ત્રીસ વર્ષ ઉપર જ એનું મંગળાચરણ થયું હતું. ૧૮૩૫ના જૂનની છઠ્ઠી તારીખને મંગળવારે...'

'સાંજે સાત વાગ્યા બાદની પંદરમી મિનિટે.'

સંસ્થાનની સ્થાપના સંબંધી વિગતો સંપૂર્ણપણે આપવાના પેગેનલના ઉત્સાહની ઠેકડી ઉડાવતા હોય તે રીતે મેજર નેબ્સે જાણી સમજીને વાતમાં મમરો મૂક્યો. એનો હેતુ પેગેનલને ચીડવવાનો જ હતો, છતાં મુમુક્ષુઓને આ પ્રદેશ અંગેની માહિતીથી તરબોળ કરી દેવાના અતિ ઉત્સાહમાં પેગેનલે મેજરની એવી ચેષ્ટાની અવગણના કરી. મેજરે આપેલા ચોક્કસ સમયમાં નાનકડો સુધારો કરતાં ઠાવકાઈથી તેણે જણાવ્યું,

'નહીં મેજરસાહેબ, સવા સાત વાગ્યે નહીં, પરંતુ સાત વાગ્યા બાદ દસ મિનિટે સ્થાપના થઈ હતી. એના મૂળ સ્થાપકો બેટમૅન અને ફોકનરે પૉર્ટફિલિપ નામના સ્થળે એની જાહેરાત કરી

હતી. અત્યારે એ સ્થળ મહાનગર મેલબૉર્ન તરીકે ઓળખાય છે. સ્થાપનાના પંદર વરસ સુધી તો આ ભાગને એની ઉત્તરમાં આવેલ ન્યૂ સાઉથવેલ્સના ભાગરૂપ જ ગણવામાં આવતો હતો. એ કારણે સિડની બંદર જ એનું રાજધાનીનું શહેર હતું, પરંતુ ૧૮૫૧માં તેનાથી અલગ એવું આ વિક્ટોરિયાનું સંસ્થાન વિધિવત રીતે એ જ નામ સાથે અસ્તિત્વમાં આવ્યું હતું.'

'મારા ધારવા પ્રમાણે ત્યાર પછી જ આ પ્રાંતની સમૃદ્ધિમાં અનેકગણો વધારો થયો હતો.' ગ્લેનાર્વન પણ ચર્ચામાં જોડાયા.

'આનું અનુમાન સાવ સાચું છે. એ અંગેના છેલ્લા આંકડા હું આપી શકીશ. એ સિવાય મારી પાસે વધુ માહિતી નથી. છતાં આપણા મિત્ર મેજર નેબ્સ એમાં ઉમેરો કરી શકે છે.' પેગેનલે જણાવ્યું.

'મારે કહેવા જેવું જણાશે ત્યારે જરૂરથી ઉમેરીશ, પણ અત્યારે તો તમારી પાસેની માહિતી જ રજૂ કરો.'

'આ સંસ્થાનની ૧૮૩૫માં સ્થાપના થઈ, ત્યારે માત્ર ૨૨૪ જેટલા જ એના વસાહતીઓ હતા. આજે આ પ્રાંતની જનસંખ્યા ૫,૫૦,૦૦૦ માણસોની છે. તે સમયે દ્રાક્ષની ખેતીની શરૂઆત જ થઈ હતી. આજે અહીં થતી એવી પેદાશમાંથી ૧,૨૧,૦૦૦ ગેલન દારૂ બને છે. દેશમાં ત્યાર બાદ જ્યાં ને ત્યાં ઘોડાઉછેર કેન્દ્રો સ્થપાયાં હતાં. એમાં આજે ૧,૦૩,૦૦૦ ઘોડાઓ ઊછરી રહ્યા છે, તો ૬,૭૫,૨૭૨ જેટલાં અન્ય પાલતુ પ્રાણીઓ અહીંની ચરાણભૂમિમાં મુક્ત રીતે ઘાસચારો ખાઈ રહ્યાં છે.'

'તમારા આંકડામાં ડુકરોનો સમાવેશ પણ કરવો જોઈએ.'

'કેમ નહીં? એની સંખ્યા અત્યારે ૭૯,૬૨૫ની છે.'

'અને ઘેટાંઓને તો તમે સાવ ભૂલી જ ગયા.'

'હોય કાંઈ? નેબ્સ મહાશય, આ પ્રાંતમાં આજે ૭૧,૧૫,૯૪૩ ઘેટાં છે.' મેજરના ટીખળખોર પ્રશ્નનો પણ પેગેનલે ગંભીર ભાવે ઠાવકાઈથી જ જવાબ આપ્યો, 'પણ અત્યારે આપણે જે ઘેટાનું માંસ ખાઈ રહ્યાં છીએ તેનો એમાં સમાવેશ થાય છે કે નહીં?'

'ના જી, મેજરસાહેબ! એને ગણરતરીમાં લેવામાં આવ્યું નથી. કેમ કે એનું 3/૪ ભાગનું શરીર આપણા પેટમાં પહોંચી ગયું છે.' મેજરના ટિખ્ખળખોર પ્રશ્નનો પેગેનલે હળવાશથી એની જ ભાષામાં જવાબ આપ્યો.

લેડી હેલીના સહિતનાં સૌ કોઈ પેગેનલનો આ જવાબ સાંભળીને ખડખડાટ હસી પડ્યાં. એને શાબાશી આપી. તેઓ બોલ્યાં,

'શાબાશ પેગેનલ શાબાશ. અમે તો માનતાં હતાં કે મેજરના પ્રશ્નોની ભુલામણીમાં તમે ક્યાંક ખોવાઈ જશો. લાગે છે કે ભવિષ્યમાં મેજર તમારી સાથે આવી ટીખળ કરતાં વિચાર કરશો.'

'આભાર આપનો, મૅડમ! તમને જો આ આંકડા જાણીને આનંદ મળતો હોય તો તે જણાવવાનું મને ચોક્કસ ગમશે. અહીંની આ ભૂમિ અંગે અનેક એવી અદ્‌ભુત વાતો છે, જે સાંભળીને તમને આશ્ચર્ય થશે.'

'પેગેનલ મહાશય, મને તો અહીં એવું કાંઈ પણ અદ્‌ભુત કે અદ્વિતીય દેખાયું નથી. આ સાવ એકવિધતાવાળો દેશ છે.' હેલીનાની ચેતવણી પછી પણ મેજર નેબ્સ પોતાની ટીખળવૃત્તિ છોડવા રાજી ન હતો.

‘મેજરસાહેબ, મારે તમને કહેવું જોઈએ કે તમે હજી તો આ પ્રદેશમાં હમણાં જ તમારાં પુનિત પગલાં પાડ્યાં છે. તેમ જ આ ખંડ અને પ્રદેશ અંગે તમે કાંઈ વાંચ્યું હોવાનું પણ મને લાગતું નથી. એટલે આ પ્રદેશમાં રહેલી વિવિધતા તેમ જ વિરોધાભાસભરી વાતો સમજવાનું તમારે માટે શક્ય નથી. એ માટે મને કાંઈ નવાઈ પણ લાગતી નથી.’ પેગેનલે મેજર નેબ્સની ટીખળનો વળતો જવાબ આપ્યો. એ સાથે અહીંની ખાસિયતોની વિગતો આપવાનું શરૂ કર્યું.

‘હું ખરેખર માનું છું કે આ પ્રદેશમાં છે તેવી અને તેટલી વિવિધતાઓ આ પૃથ્વી ઉપરના અન્ય કોઈ પણ ભાગમાં મેં જાણી નથી. એની ભૌગોલિક રચના, એનું સ્વરુપ, એની પ્રકૃતિ, એની પેદાશો તથા હવામાન વગેરે પણ વિચિત્રતાઓથી ભરેલાં છે. એની ઉત્પત્તિ અને સ્થિતિ વિશેની જાણકારી વિદ્વાનોએ મેળવી છે અને તેઓ એનાથી ખૂબ જ પ્રભાવિત બનેલા છે. જોકે એવી સ્થિતિનું ભવિષ્ય કેવું હશે તે અંગે હજી સુધી કોઈ વિદ્વાન ચોક્કસ અનુમાન કરી શક્યા નથી.’ આ ખંડની રચના અને ભૂભૌતિક સ્થિતિને વિસ્તારથી સમજાવતાં તેણે પોતાનું પુરાણ આગળ ચલાવ્યું.

‘પૃથ્વી ઉપરના પાંચ મહાખંડો પૈકીના એક ખંડનું બહુમાન પામેલા આ ટાપુની સૌથી મોટી વિશિષ્ટતા એ છે કે એની બહારની કોર દરિયામાંથી પહેલી બહાર નીકળી હતી. એની અંદર રહી ગયેલો સાગરી હિસ્સો પાછળથી થયેલી ભૂગર્ભની હિલચાલને કારણે ઉપર આવી ગયો હતો અને તેમાં વચ્ચે ઘેરાયેલું પાણી ભૂગર્ભની તથા ઉપર સૂરજની ગરમીથી સુકાઈ ગયું હતું. પરિણામે ખંડની વચ્ચેના ભાગોમાં સફેદ મીઠાના મેદાનો જામી ગયાં હતાં. ખંડ જેવડા ભાગનાં સાગરનાં પાણી સુકાઈ જવા છતાં ભેજ નહીંવત્ જળવાયો હતો. અહીં વૃક્ષોનાં પાંદડાં નહીં, પણ દર વર્ષે છાલ બદલાય છે. વળી એ પાંદડાં સૂરજની સામે ચમકતાં નથી, પરંતુ પ્રકાશ એક બાજુના ત્રાંસા ભાગ ઉપર પડે છે. અનેક જાતનાં એવાં વૃક્ષો છે, જે બળી શકતાં નથી, તો મોટા કદના એવા ખડકો છે જે સદાય પાણીમાં ઓગળતા રહે છે. એ પણ કેવી વિચિત્રતા છે કે અહીંના વનોની વનરાજીની સરખામણીમાં ઘાસિયાંની જમીનમાંનું ઘાસ ઊંચું છે.’

‘અહીંની પ્રાણીસૃષ્ટિ પણ એટલી જ વિચિત્ર છે. અહીંના કેટલાંક ચોપગાં ચાંચવાળાં છે, એની પેટાજાતિઓ એટલી મોટી સંખ્યામાં છે કે પ્રકૃતિવિદોએ એમને માટે એક પેટાવિભાગ બનાવ્યો છે. કાંગારુઓ તેના અસમાન પગ ઉપર લાંબા ઠેકડા મારતાં ગજબની ઝડપે દોડી શકે છે. ઘેટાંનાં મોં ડુક્કર જેવાં છે અને શિયાળ જેવાં પ્રાણીઓ એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર ઊડીને જતાં હોય તેટલાં લાંબા કૂદકા મારે છે. ઉંદરો પોતાને માટે માળા બાંધે છે અને હંસ કાળા રંગના છે. બોવરબર્ડ નામે ઓળખાતાં પક્ષીઓ એના પીછાંધારી અન્ય સગોત્રોને મહેમાન તરીકે આવકારવા માટે માળામાં ખાસ વ્યવસ્થા રાખે છે. એક પ્રકારનું પક્ષી એની નિયમિત હિલચાલ માટે ઘડિયાળની ગરજ સારે છે, તો બીજા પ્રકારનું પક્ષી ઘોડાગાડીના ગાડીવાનના ચાબુકના સટાકા જેવા અવાજ કરે છે. ત્રીજા પ્રકારનું પક્ષી છરીની જેમ કાપી શકે છે. એવાં જ અન્ય પ્રકારના પક્ષી સૂરજના ઊગવાની સાથે હસતાં હોય તેવો અને બીજાં પક્ષી સૂરજ આથમવાની સાથે રડતાં હોય તેવો અવાજ કાઢે છે.’

‘કોઈ પણ જાતના કાર્યકારણભાવ વિનાના અતાર્કિક વિરોધાભાસો અને વિચિત્રતાઓથી ભરેલા આ પ્રદેશ માટે જગવિખ્યાત વનસ્પતિશાસ્ત્રી ગ્રીમાર્ડે યોગ્ય રીતે જ જણાવ્યું હતું કે ‘જો કોઈ દેશ વિશે એવું જણાવવામાં આવતું હોય કે જ્યાં કેવળ વિરોધાભાસ જ હોય, જ્યાં પ્રકૃતિના નિયમોથી સાવ પ્રતિકૂળ હોય તેવી ગતિવિધિઓ થતી રહેતી હોય, તો જાણવું કે એ દેશ

ઑસ્ટ્રેલિયા જ હોય."

પ્રખર ભૂગોળશાસ્ત્રી પેગેનલનો એ રીતનો માહિતીપ્રચૂર અસ્ખલિત વાણી-પ્રવાહ સૌ શ્રોતાઓને અનંત લાગતો હતો. એ દેશ માટેનું જે પણ જ્ઞાન એની પાસે હતું, તે તમામ, એની સામે બેઠેલાં ભાવુક શ્રોતાજનો સમક્ષ પૂરેપૂરું ઠાલવી દેવાનો એણે જાણે સંકલ્પ કર્યો હતો. એની માન્યતા હતી કે એ સૌ એની જ્ઞાન સરવાણીમાં ડૂબકાં ખાઈ રહ્યાં હતાં, પરંતુ ખરી હકીકતમાં એવો વિદ્વાનવક્તાના માન ખાતર પોતાનું હસવાનું ખાળી રહ્યાં હતાં, પરંતુ હવે હદ આવી ગઈ હતી. સૌના મોં તરફ જોવા માટે એક ક્ષણ માટે એ અટક્યો. એ સાથે સૌએ રચેલી મૌનની પાળ તૂટી ગઈ. સૌ ખડખડાટ હસી પડ્યાં. પેગેનલે હવે ફરજિયાત અટકવું પડ્યું.

સૌના હાસ્ય વચ્ચે કૃત્રિમ ગંભીરતા ધારણ કરીને મેજર નેબ્સે વળી પાછી નવી રમૂજ શરૂ કરી. તે બોલ્યો,

'મિસ્ટર પેગેનલ, બસ ને હવે? એટલી જ વાત છે ને? કે હજી પણ કાંઈ બાકી છે?'

'ના રે ના, આખા ઑસ્ટ્રેલિયા ખંડ વિશેની આટલી બધી વાતો આટલા અલ્પ સમયમાં પૂરી થતી હશે?' એ સૌના હાસ્યને ધ્યાનમાં લીધા વિના જ તે ઉત્સાહથી બોલ્યા, 'એનું હવામાન તો સૌથી વિચિત્ર પ્રકારનું છે. જોકે એ હવાની સ્વાસ્થ્ય વિષયક ઉચ્ચ ગુણોની હું ચર્ચા કરવાનો નથી. એમાં ઑક્સિજન કે ઓઝોનનું પ્રમાણ કેટલું છે, તેનું વિશ્લેષણ કરવાનો મારો ઇરાદો નથી. મારી વાત પવનના પ્રવાહો અને દિશાને લગતી છે. અહીં ભેજવાળા પવનો વાતા નથી. એ કારણે એના કાંઠાઓ ઉપર વેપારી પવનોનું જોર રહેતું હોય છે અને તે નિયમિત રીતે વાય છે. એનું પરિણામ કેવું છે? ટાઇફોઇડ કે ઓરી-અછબડા જેવા રોગો કે સમયાંતરે થતી શરદીનું અહીં અસ્તિત્વ જ નથી.'

'આપણે ત્યાં લોકોને હેરાનપરેશાન કરતી રહેતી માંદગીઓનું અહીં અસ્તિત્વ નથી. એનો લાભ મારી દૃષ્ટિએ બહુ જ મોટો છે.' ગ્લેનાર્વન બોલ્યા.

'એ લાભ જરૂર છે, પરંતુ એનાથી વધુ એક સારી બાબત આ હવામાન વિશે હું કહેવા માગું છું. તમે કદાચ એ માનવા માટે તૈયાર થશો નહીં.'

'એવું તે હોતું હશે? તમે જે કહેશો તે અમે જરૂરથી માનીશું.'

'તો સાંભળો, આ નવીનતા...' પેગેનલે ખચકાતાં ખચકાતાં જણાવ્યું, 'જેને અહીંનું નૈતિકતાનું પુનઃસ્થાપન જ કહી શકાય.''

નીતિમત્તાનું પુનઃસ્થાપન! એ વળી શી બલા છે? જરા સમજાવી શકશો એ બાબત જરા વિગત વાર!' મેજર વ્યંગમાં બોલ્યો.

'હા જી, એ જ બાબત તમને સમજાવું છું. ઉદાહરણ સાંભળો. ધાતુઓને અહીં ખુલ્લામાં રાખવામાં આવે છે, છતાં એને કાટ લાગતો નથી. અહીંની ચોખ્ખી અને સૂકી હવામાં કાપડથી માંડીને રંગીન હોય તેવી શરીરસહિતની દરેક વસ્તુ ધોળી બની જતી હોય છે. હવાના આ ગુણની જાણ તો તમારા ઇંગ્લૅન્ડના લોકોને પહેલેથી જ છે. પોતાને ત્યાંના તમામ રીઢા ગુનેગારોને, વહાણો ભરીભરીને અહીં ઠાલવતી આવેલી છે. હું માનું છું કે તેમને સુધારીને ફરીથી માણસ બનાવવા માટે જ અહીં હવામાનમાં મોકલવામાં આવ્યા હશે.'

'ખરેખર? તમે એવું કહેવા માગો છો કે અહીંની હવા એવો ચમત્કાર સર્જી શકે છે?' હેલીના કાંઈક જુદા જ મૂડમાં હોય તે રીતે બોલી, 'મિસ્ટર પેગેનલ, લાગે છે કે તમે સરસ મજાના રમૂજી ટૂચકા સંભળાવી શકો છો.'

‘ના મૅડમ ના, આ કોઈ મન બહેલાવવા માટેની જોક નથી. હું સાચું જ કહું છું. અહીંના માણસો અને પ્રાણીઓ ઉપર આ દેશના હવામાનની અસર થાય જ છે. તમે જોઈ શકો છો કે અહીંના ઘોડા તથા અન્ય પ્રાણીઓ યુરોપનાં સમકક્ષ પ્રાણીઓની સરખામણીમાં વધુ શાંત અને સાલસ લાગે છે. તમને આ ભેદ નથી જણાતો? અહીંની આ આરોગ્યપ્રદ અને નવજીવન બક્ષે તેવી હવાની અસરથી ખૂંખાર ગુનેગારો થોડાં જ વરસમાં ડાહ્યાડમરા અને શાંત નાગરિક બની જાય છે. મનોવૈજ્ઞાનિકોએ આ સ્થિતિની નોંધ લીધી છે. ઑસ્ટ્રેલિયાની પાવન ધરતીમાં બધું જ સારી રીતે વિકસતું હોય છે.’

‘જો એવું જ હોય, મિ. પેગેનલ...’ લેડી હેલીનાએ હસતાં હસતાં અંતિમ પ્રશ્ન પૂછ્યો, ‘તો તમારા જેવા સારા માણસો અહીંના વાતાવરણમાં રહીને આગળ શું બનતા હશે?’

‘વાહ મૅડમ વાહ! તમારા આ અદ્‌ભુત પ્રશ્નના જવાબમાં હું કહીશ કે સારા માણસો અહીં રહીને શ્રેષ્ઠ માનવરત્ન બની શકે છે.’

૧૦

વિમેરા નદી

રાત્રિમુકામ બાદ ૨૪મી ડિસેમ્બરના રોજ સવારમાં મુસાફરી શરૂ થઈ. હવામાં ગરમી હતી, પરંતુ તે સહ્ય હતી. રસ્તો પણ સારો હતો. એ કારણે ઝડપથી આગળ વધી શકાયું. સાંજ સુધીમાં સૌ અહીંના લેઇક વ્હાઇટને કિનારે આવીને અટક્યા.

સરોવરના આ નામ સામે પેગેનલને વાંધો હતો. તેણે વ્યંગમાં સરખામણી કરતાં જણાવ્યું, 'નામ વ્હાઇટ હોવા છતાં પાણી એની ઊંડાઈને કારણે કાળા રંગનું દેખાય છે. એ ઉપરાંત પણ એવા અનેક ઉદાહરણો છે. બ્લેક-સીનાં પાણી કાળા રંગનાં નથી હોતાં, રેડ-સીનાં પાણી લાલ નથી, ચીનની યલો રિવરનાં પાણી પીળાં નથી કે બ્લ્યુ માઉન્ટનના ડુંગરાઓ કાંઈ ભૂરા રંગના નથી હોતા, તે જ રીતે આ વ્હાઇટ લેઇકનું પાણી પણ ધોળું જણાતું નથી. અરે, આ પાણી તો પીવાલાયક પણ નથી.' રંગના નામ સાથે જોડીને સ્થળોનાં નામ આપનારાઓ સામે એવાં ખોટાં નામો આપવા માટે એમણે બળાપો કાઢ્યો.

પાકશાસ્ત્રના નિષ્ણાત ઓલ્બિનેટે રસોઈ બનાવી. દિવસભરના રઝળપાટથી સૌ થાક્યાં હતાં. ભોજન બાદ સૌએ પથારીમાં લંબાવ્યું. મહિલાઓ માટે ગાડીમાં જ પડદાની કિલ્લેબંધી હતી, તો પુરુષો માટે તંબુનું છત્ર હતું. સરોવરનાં શાંત પાણી સાથેની નીરવ શાંતિ, ભયાનક છતાં સુંદર લાગતી હતી. 'ડિંગો' નામે ઓળખાતાં અહીંનાં શિયાળવાંની લારીથી એવી શાંતિનો ક્યારેક ભંગ થતો હતો.

સવારમાં ઊઠીને આગળ વધવાનું હતું. અહીં ઘાસનાં મેદાનો ક્ષિતિજ સુધી લંબાયેલાં હતાં. શાહમૃગ કૂળનાં પાંચ ફૂટ ઊંચા પગવાળાં કેસોવારી નામનાં મોટા કદનાં પક્ષીઓ દૂર દૂર ચરતાં દેખાતાં હતાં. એટલા અંતરે જઈ એમને પકડવાનું શક્ય ન હતું, તેમ છતાં જાબીરૂ નામે ઓળખીતા સુંદર પક્ષીનો મેજર નેબ્સે શિકાર કર્યો. એ એક દુર્લભ અને નષ્ટ થવાની અણી ઉપર આવેલું પક્ષી હતું. એના શરીર ઉપર રંગોની નખશિખ પૂરણી કરીને પ્રકૃતિએ પોતાના હાથ ધોઈ નાખ્યા હોય એટલું તે મનમોહક હતું. એ દરમિયાન નાનકડો રૉબર્ટ વિચિત્ર આકારવાળાં પ્રાણીનો શિકાર કરી લાવ્યો. પ્રકૃતિના અધૂરા સર્જન જેવું એ પ્રાણી એસિડ્ના તરીકે ઓળખાતું કીડીખાઉ પ્રાણી હતું. મોટાં મોટાં ભીંગડાંવાળું એ પ્રાણી પોતાનું લાંબું સાંકડું મોં કીડીના રાફડામાં ઘાલીને પોતાની લાંબી જીભ વડે તેમાંની કીડીઓ સફાચટ કરતું હતું. સૌને લાગ્યું કે એનું ઘડતર અધૂરું છોડીને કુદરત ઊંઘી ગઈ હશે. પેગેનલના જણાવ્યા મુજબ આ ખંડની બહાર એવું પ્રાણી કોઈના જોવામાં આવ્યું નથી.

પોતાના ઘોડા ઉપર સૌથી આગળ નીકળી ગયેલા કૅપ્ટન મેંગલ્સે પાછા વળીને સમાચાર

આપ્યા કે આગળ ક્ષિતિજ ઉપર ધૂળનું વાદળ આકાર લઈને એમની નજીક આવી રહ્યું હતું. એ શું હશે તે બાબત સૌ પોતપોતાની રીતે કલ્પના કરવા લાગ્યાં. એ સૌમાં આયર્ટનની અનુભવવાણી સાચી નીકળી. પાલતુ પ્રાણીઓનું એ એક બહુ મોટું ટોળું હતું, જેમજેમ તે નજીક આવતું ગયું તેમ તેમ એમાંના પ્રાણીઓના જાતજાતના અવાજો સંભળાવા લાગ્યા. એના ચાલવાથી ઊડતી ધૂળનું વાદળ વધુ ઘેરું બનતું જતું હતું.

ધૂળના આવરણમાંથી ઘોડા ઉપર બેઠેલો એક માણસ બહાર નીકળી આવ્યો. અગણિત ચોપગાંની સેનાનો એ સરસેનાપતિ હતો. ગ્લેનાર્વને આગળ વધીને તેની સાથે હસ્તધૂનન કરી અભિવાદન કર્યું. પોતાની ઓળખ આપી. એણે પણ પોતાનો પરિચય આપ્યો. એનું નામ સામ મશેલ હતું. પૂર્વના પ્રાંતોમાં પોતાનાં ઢોર અને ઘોડાઓ માટે ઘાસચારાની તંગી જણાતાં અન્ય સહાયકો સાથે એ પશુધનને પૉર્ટલૅન્ડના ઉપસાગર તરફ પશ્ચિમમાં હંકારી જતો હતો.

મરવા વાંકે જીવી રહેલાં મોટા ભાગનાં પ્રાણીઓને બ્લ્યુમાઉન્ટેન વિસ્તારમાંથી તેણે પાણીને મૂલે ખરીદ્યાં હતાં. તેને હવે તે સાઉથ ઑસ્ટ્રેલિયા પ્રાંતની ભૂમિ તરફ લઈ જઈ રહ્યો હતો. ત્યાં તાજાંમાજાં થયેલાં એ પ્રાણીઓને વેચીને સારો નફો મેળવવાની મશેલની ગણતરી હતી. છેલ્લાં સાત માસથી તે આ રીતે પોતાના પશુધન સાથે પશ્ચિમ તરફ આગળ વધી રહ્યો હતો. એની જાળવણી માટે એની મદદમાં અન્ય ત્રીસ માણસો હતા, તેમજ વીસ કૂતરાઓ હતા. રક્ષકોમાં પાંચ હબસીઓ પણ હતા. દરેક રક્ષકના હાથમાં સાધન તરીકે ચામડાની નવ ફૂટ લાંબી દોરી સાથેની ચાબૂક રહેતી. પ્રાણીઓને વ્યવસ્થિત રાખવા તેઓ અવારનવાર એ ચાબૂકના સટાકા બોલાવતા રહેતા.

સામના જણાવ્યા પ્રમાણે ટોળાંની આગળ હંમેશાં બળદો જ રહેતા. તેઓ પોતાનામાં રહેલી છઠ્ઠી ઇન્દ્રિય પ્રમાણે આગળનો માર્ગ પસંદ કરતા અને ઘેટાં કે ઘોડા જેવાં અન્ય પ્રાણીઓ તેને અનુસરતાં. ક્યાં અટકીને ઊભા રહેવું કે રાતવાસો કરવો તે પણ મોટે ભાગે આ બળદોની ચાલ ઉપરથી જ સમજી શકાતું હતું. આ પ્રાણીઓ ચાલતાં ચાલતાં જ સામે આવેલું ઘાસ કે લીલી વનસ્પતિ આરોગતાં તેમ જ નાનાં-મોટાં ઝરણાંનું પાણી પી લેતાં.

મેદાની ઇલાકામાં આ પ્રાણીઓ પોતપોતાના જથ્થામાં એકસાથે રહી શકતાં, પરંતુ ડુંગરો, તેની ખીણો કે જંગલોમાં તેને એકજૂથ રાખવાનું મુશ્કેલ બનતું. ભારે વરસાદમાં આખું ટોળું સ્થગિત બનીને ઊભું રહી જતું, પરંતુ વંટોળિયો ફૂંકાતો હોય ત્યારે તેઓ જાણે ગાંડાં બની ગયાં હોય તેમ ભાગંભાગ કરતાં એવી ભાગદોડમાં છૂટાં પડી ગયેલાં પશુઓને શોધીને પરત ટોળાં ભેગાં કરવાનું કામ કૂતરાઓનું હતું.

ટોળાંને આગળ લઈ જવામાં ખરી મુશ્કેલી નદી ઓળંગવામાં પડતી. ગોવાળોને એ માટે ક્યારેક બળજબરી પણ કરવી પડતી. આ બધી મુશ્કેલીઓ છતાં એ ટોળું માલિક અને વળાવિયાઓના સંગાથમાં આગળ વધતું જતું હતું. સામ મશેલ પોતાની કથા વર્ણવતો હતો. તે દરમિયાન ધીમેધીમે એનાં પ્રાણીઓનું આખું ટોળું આગળ નીકળી ગયું. એના માલિક તરીકે ગોવાળોને જરૂરી માર્ગદર્શન આપવા એણે હવે સૌથી આગળ પહોંચી જવાની જરૂર હતી. સ્થાનિક જાતિના પોતાના તેજીલા તોખાર ઉપર એ સવાર થઈ ગયો. ગ્લેનાર્વન વગેરેને અલવિદા કહીને તેણે ઘોડાને દોડાવી મૂક્યો. થોડી જ મિનિટોમાં પોતાનાં પ્રાણીઓથી રચાયેલા ધૂળનાં વાદળ પાછળ તે અદૃશ્ય થઈ ગયો.

સામ સાથેની વાતચીત દરમિયાન થોભેલા મુસાફરોએ એ ટોળાંથી વિરુદ્ધની દિશામાં

પ્રયાણ શરૂ કર્યું. રાત્રિ મુકામ માટેના નિર્ધારિત સમય સુધી મુસાફરી ચાલુ જ રહી.

૨૫મી ડિસેમ્બરનો એ દિવસ હતો. નાતાલના એ પરમ પવિત્ર દિવસે રસોઈકામમાં નિપુણ ઓલ્બિનેટે સૌને મનપસંદ એવું ભોજન તૈયાર કર્યું. ઘરઆંગણેથી હજારો માઈલ દૂરના ઑસ્ટ્રેલિયા ખંડના છેક દક્ષિણપૂર્વના ખૂણાના વગડા જેવા સુકાભઠ્ઠ પ્રદેશમાં જેની કલ્પના પણ કરી શકાય નહીં, એવું જાતજાતની યુરોપિયન વાનગીઓ સાથેનું એ ભોજન હતું. ભોજનના આરંભ અને અંતે ચા અને મદિરાની મુક્ત રીતની લહાણી થઈ. સ્કોટલૅન્ડના માલ્કમ કેસલના વિશાળ ભોજનકક્ષમાંના વૈભવી ડાઇનિંગ ટેબલ ઉપર લૉર્ડ ઍડવર્ડ ગ્લેનાર્વન અને લેડી હેલીનાની સાથે ભોજન લીધું હોય તેવી સૌને અનુભૂતિ થઈ.

બીજા દિવસે સવારે ૧૧ કલાકે સૌ ૧૪૩° પૂર્વ રેખાંશ આવેલી વિમેરા નદીના કાંઠે આવી પહોંચ્યાં. એના બંને કાંઠાઓ ઉપર ગુંદર તથા અકાસિયાનાં વૃક્ષોની હારની હાર ઉગેલી હતી. એ ઉપરાંત ઘાસ તથા ઝાડીઝાંખરાંની લીલી કુંજાર ઝાડી હતી. ક્યાંક ક્યાંક વિવિધરંગી ફૂલોની ચાદર છવાયેલી હતી. કાળા રંગના હંસોનું એક જોડું કાંઠા નજીકના ધીમા પાણીમાં તરતું હતું. નવા આગંતુકોને જોઈને તે પોતાની વિશાળ પાંખો હલાવતું ઊડવા લાગ્યું.

અહીં નદીનો પટ સાંકડો અને ઊંડો જણાયો. ખાસ કરીને ભારેખમ ગાડીને સામે પાર લઈ જવાનું લગભગ અશક્ય જેવું હતું, છતાં મુસાફરી ચાલુ રાખવા માટે નદીને ઓળંગવાની જરૂર હતી. અહીંના ભૂભાગથી કાંઈક પરિચિત હોય તે રીતે આયર્ટને જણાવ્યું કે ઉપરવાસના કેટલાક ભાગમાં નદી પહોળી હતી અને સાથે છીછરી પણ હતી. ત્યાંથી ગાડીને સામે પાર લઈ જવાનું વધુ અનુકૂળ હતું. સલામતી ખાતર બંને મહિલાઓને ગાડીમાંથી ઉતારી ઘોડા ઉપર લઈ જવાનું સૂચન ગ્લેનાર્વને કર્યું, પરંતુ આયર્ટનને એવી જરૂર જણાઈ નહીં.

ગાડીની પાણીમાં ઉતારતાં પહેલાં એની ચારેબાજુ કિલ્લેબંદી કરવી જરૂરી હતી. અણઘડ રીતે ઘડાયેલી ગાડી તથા તેમાં ભરેલા સામાન અને બેઠેલા ચાર માણસોના વજનથી વેગન ભારેખમ બની ગયું હતું. સામાન્ય સંજોગોમાં પણ નદી પાર કરાવતી વખતે ગાડીની નીચે હવાચુસ્ત લાકડાંનાં પીપડાં બાંધવામાં આવતાં હોય છે. વધારે ઊંડાં પાણીમાં ગાડી એને કારણે તરતી થઈ જાય અને તેને ખેંચવામાં બળદોને પણ સરળતા થાય, પરંતુ અત્યારે આ સ્થળ એવાં પીપ મેળવવાનું શક્ય ન હતું.

ગાડીને સલામતી માટે મેજર નેબ્સ તથા બે નાવિકોએ પોતાના ઘોડાઓને આગળ લીધા. ગ્લેનાર્વન અને મેંગલ્સ બંને બાજુએ સાવ નજીકમાં રહ્યા. જ્યારે પેગેનલ અને રૉબર્ટના ઘોડાઓએ પાછળ ચાલવાની શરૂઆત કરી. બળદોને પાણીમાં ઉતારીને હાંકવાનું સૌથી મુશ્કેલ અને જોખમી કામ આયર્ટનના હાથમાં હતું.

નદીના મધ્યપ્રવાહમાં સૌ પહોંચ્યાં ત્યાં સુધી બધું સમુસૂતરું ચાલ્યું, પરંતુ ત્યાર બાદ તકલીફ શરૂ થઈ. શરૂનાં છીછરાં પાણી બાદ ઊંડાણ શરૂ થયું. પૈડાંની ધરી ડૂબી ગઈ. વધુ ઊંડાણ આવતાં બળદોના પગ નીચેની થડી સરકવા લાગી અને તે તરતાં થઈ ગયાં. છેલ્લે તો લાકડાંની બનેલી ગાડી પણ તરતી થઈ ગઈ અને પાણીના પ્રવાહમાં ડાલમડોલમ થવા લાગી. સ્થિતિ ગંભીર બની રહી હોવાનો આયર્ટનને ખ્યાલ આવી ગયો. ધોરિયા ઉપર બેસીને બળદોને હંકારવાને બદલે આગળના ભાગે પાણીમાં કૂદ્યો. આગળના બંને બળદોનાં શિંગડાં પકડીને તેમને આગળ ખેંચવા લાગ્યો. એને આધારે બળદોને વધારાનું બળ મળ્યું. આગળની જોડ એ રીતે આગળ ખેંચાતાં પાછળના બંને બળદો પણ જોરમાં આવી ગયા. એનાથી ગાડીને એક જોરદાર

ઝાટકો લાગ્યો. ગાડીના બે પૈકીનો એકાદ ધોરિયો તૂટ્યો હોય તેવો કડાકો થયો. અણીના સમયે જ ગાડી એક તરફ ઢળવા લાગી. હેલીનાની બેઠક સુધી પાણી પહોંચી ગયાં. ગાડી થોડી વધુ ડૂબે તો અંદરનો સામાન પણ પાણીથી તરબોળ થઈ જાય તેવી ઘડી આવી. એવી સ્થિતિમાં બંને બાજુએ રહેલા ગ્લેનાર્વન અને મેંગલ્સે ગાડીને ટેકો આપ્યો.

એ તમામે લગાવેલા જોરને કારણે ગાડી આગળ ધકેલવા લાગી. સામે કાંઠાના ચઢાણ ઉપર ગાડી ચડવા લાગી. બળદો અને ઘોડાના પગ હવે પાણી નીચેની ઢોળાવવાળી જમીન ઉપર સ્થિર થયા. થોડું વધુ જોર અને થોડી જ મિનિટોમાં પાણીથી નીંગળતી ગાડી સામા કિનારા ઉપર પહોંચી ગઈ. બધાં જ પાણીથી પલળી ગયા હતા, છતાં નદી પાર કર્યાનો સૌને આનંદ હતો. રાત્રિ માટે ત્યાં જ પડાવ નખાયો.

સ્વસ્થ થયા બાદ ગ્લેનાર્વને ગાડીના તૂટેલા ધોરિયાની તપાસ કરાવડાવી. બળદોને ગાડી સાથે જોડવાના બંને બાજુના ધોરિયા પૈકીનો એક તૂટ્યો હતો. એ ઉપરાંત ગ્લેનાર્વનના ઘોડાના એક પગના ડાબલાની લોખંડની નાળ પણ છૂટી પડી ગઈ હતી. એ બંનેનું સમારકામ કરાવ્યા વિના આગળ વધવાનું શક્ય ન હતું. જોકે અહીં નિર્જન વગડામાં એવું કામ કરાવી શકાય તેમ પણ ન હતું. સૌ મૂંઝવણમાં હતાં.

ત્યાં જ આયર્ટનને એકાએક ખ્યાલ આવ્યો હોય તે રીતે તેણે જણાવ્યું કે ત્યાંથી પચીસેક માઈલે ઉત્તરમાં બ્લેક પૉઇન્ટ સ્ટેશન નામની વસાહત હતી. ત્યાં એ માટેના કારીગર મળી રહેવાની ઘણી શક્યતા હતી. ત્યાં જઈને તપાસ કરવાની તેણે ગ્લેનાર્વનની પરવાનગી માગી.

‘ત્યાં જઈને તપાસ કરતાં કારીગર મળે તો તેને અહીં લઈ આવવામાં કેટલો સમય નીકળવાની શક્યતા છે?’

‘આશરે પંદર કલાક.’

‘બહુ લાંબો સમય કહેવાય, છતાં આપણી પાસે બીજો વિકલ્પ જ નથી. તું અત્યારે જ ત્યાં જવા ઘોડો દોડાવ અને એવો કારીગર મળે તો તેને સાથે લઈને જ આવી જા. ત્યાં સુધી અમે અહીં જ આરામ કરીશું.’

માલિકની સૂચના મળતાં જ આયર્ટને ઉત્તરની દિશામાં ઘોડો દોડાવ્યો.

૧૧

કામડેન બ્રિજનો અકસ્માત

ગ્લેનાર્વન તરફની સંમતિ અને સૂચના બાદ આયર્ટન ઝડપથી વિમેરા નદીતટના મુકામ ઉપરથી ઉત્તરમાં હંકારી ગયો. અન્ય કોઈને નહીં, પરંતુ મેજર નેબ્સના મનમાં એને અંગે શંકાનો કીડો સળવળી ઊઠ્યો. આમ છતાં ખરેખર એ માણસ કોણ હતો અને કયા હેતુથી ગ્લેનાર્વન સાથે જોડાયો હતો તે બાબત સ્પષ્ટ બનવા માગતો હતો.

ગાડીનું સમારકામ કરી શકે તેવો કારીગર ત્યાંથી નહીં મળી શકે તો શું કરવું, તેની વિમાસણ ગ્લેનાર્વનને સતાવી રહી. જેમતેમ તેણે રાત્રિ વિતાવી. આયર્ટન સવારમાં જ કોઈ કારીગરને લઈને આવી પહોંચ્યો. ગ્લેનાર્વને રાહત અનુભવી. કારીગરના મોં ઉપર તાજેતરમાં જ કોઈ ઊંડો ઘા થયો હોવાનું ચિહ્ન સ્પષ્ટ દેખાતું હતું. ગ્લેનાર્વને એને પૂછ્યું પણ ખરું, પરંતુ કાંઈ પણ જવાબ આપ્યા વિના તેણે કામ હાથમાં લીધું. તાજા ખુલ્લા ઘામાંથી હજી લોહી ઝમતું હતું અને એ કારીગર એની વેદનાથી કણસતો હોય તેવું એના મોં ઉપરથી સ્પષ્ટ થતું હતું. ગ્લેનાર્વનના પ્રશ્નનો કાંઈ પણ જવાબ આપ્યા વિના તેણે સમારકામ ચાલુ કરી દીધું અને પૂરું પણ કર્યું.

પોતાનું મહેનતાણું લઈ કારીગરે વિદાય લીધી. ત્યાર બાદ અડધા જ કલાકમાં ગ્લેનાર્વને મુસાફરી શરૂ કરાવી. શરૂમાં ઘાસનાં મેદાનો હતાં. આગળ ક્રાઉલૅન્ડ અને હોશૉમ નામના દૂરદૂર વસેલાં નાનાં ગામો પસાર કર્યાં. અહીંની ટપાલ સેવા માટે ઉપયોગમાં લેવાતો ખાસ રસ્તો ઓળંગીને તેઓ તાલબોટ કાઉન્ટીમાં પ્રવેશ્યાં. સાંજ પડતાં અનુકૂળ સ્થળે પડાવ નાખ્યો. આ વિસ્તારનું મોટું નગર મેરીબરો અહીંથી માત્ર ત્રણેક માઈલ દૂર હતું. માર્ગમાં આગળ ચેરિસબ્રુક નામનું ગામ હતું. આ ગામોની વચ્ચેના રસ્તે થઈને જવાનો વિચાર સાથીઓ તરફથી રજૂ થયો, પરંતુ ગામોની અંદરના રસ્તે થઈને જવામાં વધુ વિલંબ થાય તેમ હોવાનું આયર્ટન જણાવતો હતો. એની સલાહ પ્રમાણે ગામની બહારના રસ્તે થઈને જ ગાડી વાળવામાં આવી. આમ છતાં પેગેનલે એ ગામની વચ્ચે થઈને પસાર થતાં રસ્તે થઈને જ બીજી બાજુએ નીકળવાનું પસંદ કર્યું. સાથમાં એણે રૉબર્ટને પણ લીધો. તા. ૨૯મી ડિસેમ્બરના રોજ તેમણે આ નગરમાં પ્રવેશ કર્યો.

ઑસ્ટ્રેલિયામાં વસવાટ કરી રહેલા આ વસાહતીઓની અહીંની રહેણીકરણી તથા તેમની નિવાસી વ્યવસ્થા અંગે જાણવામાં એને ખાસ રસ હતો. આ નવતર સમાજની નિવાસી વ્યવસ્થા યુરોપમાંનાં ગામોની વ્યવસ્થા જેવી જ હતી. ત્યાંનાં ગામોની જેમ જ અહીં પણ ગામમાં એક બૅન્ક હતી, કોર્ટ તથા પોલીસચોકીનાં મકાનો હતાં. જરૂરિયાત પ્રમાણે વિકસેલું એક બજાર હતું. તે ઉપરાંત એક દેવળ પણ બાંધવામાં આવ્યું હતું. આ ગામમાં બેઠી બાંધણીનાં ઈંટોનાં

ચણતરવાળાં સો કરતાં વધુ મકાનો હતાં. એની બાંધણી લગભગ એકસરખી હતી. રસ્તાઓ કાટખૂણે જોડાયેલા અને સીધા જતા હતા. બાંધણીમાં કોઈ ખાસ વૈભવ કે વિવિધતાં દેખાયાં નહીં. ગામની આસપાસના વિસ્તારોમાં થોડા સમય ઉપર સોનાની ખાણો મળી આવી હતી. તેને કારણે પોતાના પ્રારબ્ધની શોધમાં યુરોપવાસીઓની અવરજવર અહીં વધી ગઈ હતી. એ ખાણમાંથી કાઢવામાં આવતા સોનાની ખરીદી તથા વેચાણ માટે બેન્ડિંગો તથા માઉન્ટ એલેક્ઝાન્ડર નામનાં નગરોમાં બજારો ઊભાં થયાં હતાં. એ તમામની સુરક્ષા માટે પાકી પોલીસ વ્યવસ્થા પણ હતી. એવું સોનું ખરીદવાના પ્રલોભનમાં પડ્યા વિના ગ્લેનાર્વનની મુસાફરી આગળ ધપતી રહી. નાનાં મોટાં ગામો વચ્ચે માઈલો સુધીના વિસ્તારોમાં જ્યાં ઘાસિયાંની જમીન હતી, તેમાં ઘેટાં, ગાય, બળદો તથા ઘોડાઓ ચરતાં જોવામાં આવતાં હતાં. તેના માલિકો તથા રક્ષકો માટે જુદાં જુદાં ઠેકાણે ઝૂંપડાંઓ પણ બાંધવામાં આવ્યાં હતાં. આગળના ડુંગરાળ પ્રદેશમાં માઉન્ટ સિમ્પસન તથા માઉન્ટ ટેરેન્ગોવર નામના પહાડી વિસ્તારો હતા. એની વચ્ચે થઈને લાડોન નદી અને તે નામનો જ જિલ્લો પણ હતો. એની વચ્ચે થઈને ૧૪૪° રેખાંશ રેખા પસાર થતી હતી.

ઘણા ઘણા દિવસો સુધી ચાલતી રહેલી ખોજયાત્રામાં ગ્લેનાર્વન વગેરેને ક્યાંય અહીંના આદિવાસીઓ જોવા મળ્યા નહીં. કૅપ્ટન ગ્રાન્ટ અંગે એમની પાસે જે માહિતી હતી તેની સચ્ચાઈની ખાતરી અહીંના આદિવાસીઓ પાસેથી જ મળવાની શક્યતા હતી. આવી જ સમાન કક્ષાની સ્થિતિ તેમણે આર્જન્ટાઇન પમ્પા પ્રદેશમાં પણ જોઈ હતી. ત્યાં રેડઇન્ડિયનો વિનાનો પમ્પા પ્રદેશ હતો. તે રીતે મૂળ ઑસ્ટ્રેલિયનો વિનાનો આ ઑસ્ટ્રેલિયન પ્રદેશ હતો. તફાવત માત્ર એના કદનો જ હતો. એ અંગે પેગેનલે ખુલાસો કર્યો કે ઑસ્ટ્રેલિયાના પૂર્વના ફળદ્રુપ ભાગોમાં જેમજેમ યુરોપમાંથી વસાહતીઓ આવતા ગયા, તેમતેમ આદિવાસીઓને પશ્ચિમ તરફના ડુંગરાળ અને જંગલોના તથા રણના ભાગોમાં ખસી જવાની ફરજ પડી હતી. આમ તો એ પ્રક્રિયા યુરોપવાસીઓના આગમન સાથે જ શરૂ થઈ ગઈ હતી, પરંતુ ૧૮૫૨ના અરસામાં દક્ષિણપૂર્વના આ ભાગમાં સોનાની ખાણો મળી ત્યારથી વધુ ઝડપી બની હતી. એની નજીકમાં જ વસેલાં ચેરીસબ્રુક જેવાં નગરોનો ઝડપી વિકાસ એને જ આભારી હતો. વસાહતીઓએ પોતાની અનુકૂળતા માટે વસાવેલું એ નાનું ગામ આજે અનેક પ્રકારની પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું હતું. અહીંથી નીકળતા સોનાની જ એ બધી માયા હતી.

‘અત્યારે જે ભાગમાં થઈને આપણે પૂર્વમાં આગળ વધી રહ્યાં છીએ, તે ભલે આપણને અવિકસિત લાગતો હોય, પરંતુ આવતી કાલે આપણે આ પ્રદેશ સોંસરવા બાંધવામાં આવેલા રેલમાર્ગને ઓળંગીશું.’ પેગેનલે ગ્લેનાર્વનને જણાવ્યું. અહીંના આ સાર્વત્રિક માહોલના અનુસંધાનમાં પેગેનલે પોતાનો અભિપ્રાય ઉચ્ચાર્યો, ‘ગ્લેનાર્વન મહાશય, સાચું કહું તો ઑસ્ટ્રેલિયામાં બાંધવામાં આવેલા રેલમાર્ગો મારે મન તો એક વિચિત્રતા જ છે.’

‘કેવી વાત કરો છો? મિસ્ટર પેગેનલ! કોઈ પણ પ્રદેશના વિકાસ માટેનું એ જરૂરી પગલું છે.’

‘તમારી દૃષ્ટિએ એ કદાચ સાચું હશે, પરંતુ અહીંના આ વિશાળ અવિકસિત પ્રદેશમાં આવો રેલમાર્ગ બાંધવાનું કોઈ આર્થિક વજૂદ મારી સમજમાં આવતું નથી. મને તો એટલું સમજાય છે કે દૂરદૂરના આવા પ્રદેશોમાં સંસ્થાનો ઊભાં કરવાનું તમો અંગ્રેજોને જાણે એક પ્રકારનું ગાંડપણ વળગેલું છે. એ માટે આ રેલમાર્ગ ઉપરાંત તમે અહીં ટેલિગ્રાફની લાઇનો નાખી

છે. મારા મતે તો ન્યૂઝીલૅન્ડમાં ભરવામાં આવેલું આંતરરાષ્ટ્રીય પ્રદર્શન પણ એ હેતુ માટે જ ભરવામાં આવ્યું છે. તમને લોકોને આ બધું સાહજિક લાગતું હશે, પરંતુ અમને ફ્રેન્ચ લોકોને આ બધું નિરર્થક લાગે છે.'

'તમને આ બધું નહીં સમજાય, મિસ્ટર ફ્રેન્ચમૅન, તમારી નજર કેવળ ભૂતકાળને જ જુએ છે. વર્તમાનમાં પણ નહીં. જ્યારે અમે અંગ્રેજોના પગ ભલે વર્તમાનમાં ખૂંપેલા હોય, પરંતુ અમારી નજર હંમેશાં ભવિષ્ય તરફ મંડાયેલી હોય છે.' કૅપ્ટન મેંગલ્સે જવાબ આપ્યો.

મિત્રો વચ્ચે આ વાતચીત ચાલતી હતી તે દરમિયાન ત્યાંથી થોડે દૂર આવેલા રેલમાર્ગ તરફથી ભારે કોલાહલનો અવાજ આવવા લાગ્યો. આસપાસમાં રહેતા લોકો પણ અવાજની એ દિશામાં દોડીને જઈ રહ્યા હતા. ગ્લેનાર્વનને લાગ્યું કે રેલમાર્ગ ઉપર કોઈ મોટો અકસ્માત થયો હોવો જોઈએ. સૌની સાથે એણે પણ એ દિશામાં પોતાનો ઘોડો દોડાવ્યો.

રેલમાર્ગના કામડેન બ્રિજ નજીક આવતાં જ એને સમજાઈ ગયું કે પુલ પાસે જ કોઈ પૅસેન્જર ગાડીને ભયંકર અકસ્માત નડ્યો હતો. વધુ નજીક જતાં સ્પષ્ટ થયું કે એ અકસ્માત અન્ય કોઈ રેલગાડી સાથેની ટક્કરને કારણે થયો ન હતો, પરંતુ એન્જિન સહિતના ડબાઓ પાટા ઉપરથી ખરી પડ્યા હતા. છ ડબાઓ પૈકીના આગળના પાંચ ડબાઓ પાટા ઉપરથી ઊતરીને એન્જિન સાથે નદીના પટમાં નીચે પછડાયા હતા.

એ પૈકીનો છેલ્લા ડબાનો ચમત્કારિક બચાવ થયો હતો. હજી પણ એકલોઅટૂલો એ પુલ ઉપર જ અટકી ગયો હતો. જ્યારે એન્જિન સહિતના પાંચ ડબાઓ નદીના પટમાં એકબીજા ઉપર ભંગાર થઈને પડ્યા હતા. એ પછડાટને કારણ એન્જિનનું બોઇલર ધડાકા સાથે ફાટી ગયું હતું. તેના આઘાતથી રેલપાટાઓ તથા પુલની કમાનો વગેરેનો ખુરદો નીકળી ગયો હતો. ગ્લેનાર્વને જોયું કે કાટમાળના એ ઢગલામાંથી ધુમાડો અને આગના ભડકા બહાર નીકળી રહ્યા હતા. નદીના પટમાં દૂરદૂર સુધી એ ભંગાર ફેંકાયો હતો. એની સાથે મુસાફરોના છૂટા પડી ગયેલાં અંગો વેરણછેરણ પડ્યાં હતાં. જ્યાંત્યાં લોહીનો છંટકાવ દેખાતો હતો. કાટમાળમાં કેટલાં માણસો દટાયાં હતાં તેનો અત્યારે કોઈને અંદાજ આવી શકે તેમ ન હતું.

રેલવેતંત્ર તરફથી મદદ આવે તે પહેલાં જ ત્યાં ટોળે વળેલા લોકો તરફથી ઘવાયેલા મુસાફરોને ડબાના કાટમાળમાંથી બહાર કાઢવાના પ્રયાસો શરૂ થઈ ગયા હતા. ગ્લેનાર્વન તથા ત્યાં આવેલા તેના સાથીઓ પણ તેમાં જોડાયા.

અકસ્માતના કારણ માટે ત્યાં હાજર લોકોમાં જાતજાતની વાતો થવા લાગી. પુલ તૂટી પડવાને કારણે અકસ્માત સર્જાયો હોવાની વાતનું ત્યાં હાજર રહેલા લોકોએ જ ખંડન કર્યું.

'પુલનો ફક્ત થોડો જ ભાગ તૂટી પડ્યો છે. બાકીનો અડધો ભાગ હજી પણ અકબંધ અને અડીખમ છે.' આ લાડોન નદીનો આંતરિક જળમાર્ગ તરીકે પણ ઉપયોગ થતો હતો. રેલમાર્ગનો આ પુલ પણ જળમાર્ગની સુવિધા માટે બે ભાગમાં બનાવવામાં આવ્યો હતો. ઊંચા કૂવાસ્તંભો કે ધુમાડિયાં ધરાવતાં જહાજોની અવરજવર માટે બંને ભાગની વચ્ચે એક ગાળાનો પૅસેજ રાખવામાં આવ્યો હતો. અને તેના ઉપર બંને બાજુએ ઉઘાડબંધ થઈ શકે તેવાં ફોલ્ડિંગ પાંખિયાં રાખવામાં આવ્યાં હતાં. જહાજ નજીક આવે ત્યારે બંને બાજુના એ પાંખિયાંને યાંત્રિક પ્રયુક્તિથી ઉપર ઊભાં ખેંચી લેવામાં આવતાં અને જહાજ પસાર થઈ ગયા બાદ એને ફરીથી નીચાં પાડી દેવામાં આવતાં. એ માટે બંને બાજુએ પુલ ઉપર ઑપરેટરો રાખવામાં આવતા હતા.

ટોળામાંથી આક્ષેપો સંભળાતા હતા કે પસાર થઈ રહેલા જહાજને માટે બંને બાજુના

દરવાજા ઊંચા કરવામાં આવ્યા હતા, પરંતુ જહાજ પસાર થઈ ગયા બાદ તેને નીચે લાવી દેવાનું કામ ફરજ ઉપરના ઑપરેટરની બેદરકારીને કારણે બાકી રહી ગયું હતું. એ દરમિયાન મેલબૉનથી રાત્રે ૧૧.૪૫ કલાકે ઊપડેલી એક્સપ્રેસ ગાડી મળસ્કે ૩.૧૫ કલાકે નજીકના કેસલમાઇન સ્ટેશને આવી હતી. ત્યાંથી ૨૫ મિનિટ બાદ ગાડી અહીં કામડેન રેલબ્રિજ પાસે આ વતાં જ આ ભયંકર અકસ્માત નડ્યો હતો. છેલ્લા ડબ્બામાં સલામત રહેલા ગાર્ડ તથા મુસાફરોએ મદદ માટે પોકારો પણ પાડ્યા હતા, પરંતુ મધ્યરાત્રીએ તાત્કાલિક મોટી મદદની અપેક્ષા ન હતી. અકસ્માત બાદ ત્રણ કલાકે કેસલમાઇન સ્ટેશનેથી મદદ આવી શકી હતી. ત્યાર બાદ જ વ્યવસ્થિત રીતનું બચાવકાર્ય હાથમાં લઈ શકાયું હતું. સંદેશ વહેવાર માટેની ટેલિગ્રાફ લાઇનના પુલ ઉપરના થાંભલાઓ પણ પુલ સાથે જ તૂટી ગયા હતા.

બચાવ ટુકડીની સાથે વિક્ટોરિયા પ્રાંતના સર્વેયર જનરલ મિસ્ટર માઇકલ દુર્ઘટનાસ્થળે આવી ગયા. એની મદદમાં આ વિસ્તારના પોલીસ ઇન્સ્પેક્ટર સાથે પોલીસ ટુકડી પણ આવી ગઈ. આજુબાજુમાં રહેનારા લોકોની મદદથી બચાવકાર્ય જોરથી શરૂ થઈ ગયું. ભંગારમાં બળી રહેલા લાકડાંના ડબ્બાઓની આગ ઓલવવામાં આવી. એમાં ફસાયેલા લોકો માટે બચવાની આશા થોડી જ હતી. બચી ગયેલા મુસાફરો તથા ઘાયલોને પરત લઈ જવા માટે કેસલમેઇન સ્ટેશનેથી નાની ટ્રેન પણ મોકલવામાં આવી.

લૉર્ડ ગ્લેનાર્વને સર્વેયર જનરલ માઇકલ તથા પોલીસવડા સમક્ષ પોતાનો પરિચય આપ્યો. ગ્રેટબ્રિટનની પાર્લામેન્ટના એક સભાસદ લૉર્ડ ગ્લેનાર્વન બ્રિટિશ સંસ્થાનોના અધિકારીઓ માટે બહુ મોટા રાજનેતા ગણાય. સલામ કરી તેમણે ઉમરાવનું અભિવાદન કર્યું. ગ્લેનાર્વને આ અકસ્માત અંગેની પૂછપરછ કરી.

'આ બહુ મોટા દુર્ભાગ્યની બાબત છે. કેટલા બધા નિર્દોષ માણસોનો ભોગ લેવાયો! કેટલું મોટું નુકસાન થયું?'

'માફ કરશો, પરંતુ આ કેવળ અકસ્માત નથી.' કોઈક ગુનાહિત કાવતરાનું પરિણામ લાગે છે. મિ. માઇકલે જણાવ્યું. આવા અકસ્માતને ગુનાહિત કૃત્ય ગણાવતા અધિકારી પ્રત્યે ગ્લેનાર્વન આશ્ચર્યથી મોં ફાડીને જોઈ રહ્યા. પોતાની રજૂઆત માટે વધુ ખુલાસો કરતાં સર્વેયર જનરલે જણાવ્યું,

'મહાશય! અહીં આવ્યા બાદ અમે કરેલી પ્રાથમિક તપાસમાં જણાયું છે કે આ ઘટના એક ગુનાહિત કૃત્ય હતું. ગાડીના પાછલા ડબ્બામાં લૂંટારુઓએ લૂંટ ચલાવી હોવાનું જાણવા મળ્યું છે. પાંચથી છ જેટલા લૂંટારાંઓનું એ કૃત્ય હતું. નદીમાં જળમાર્ગે થઈને જહાજો પસાર થવાનો માર્ગ ખુલ્લો કરવાનો દરવાજો ખુલ્લો હતો, તે ત્યાંના ઑપરેટરની ભૂલ ન હતી, પરંતુ લૂંટ કરવાના હેતુથી અકસ્માત કરાવવા માટે જાણીસમજીને કરાવવામાં આવેલું દુષ્કૃત્ય હતું. ડબામાં થયેલી લૂંટ ઉપરાંત પુલ ઉપરનો ઑપરેટર પણ ગુમ થયો હોવાનું પણ જણાયું છે.'

'અમારું અનુમાન છે કે એ માણસ પણ આ ટોળી સાથે મળેલો હતો.'

'આ અકસ્માતમાં એ માણસ સામેલ હોવાની થિયરી માટે ગળે ઊતરતી નથી. એનું અપહરણ કરાયું હશે એમ હું માનું છું.'

'તમારી ધારણા સાચી હશે, પણ સ્થળસ્થિતિના સંજોગો એ માણસની વિરુદ્ધ જાય છે. પુલના વચ્ચેના એ ભાગોને ઊંચા કે નીચા કરવાનું કામ કોઈ જાણકાર માણસ જ કરી શકે તેવું છે. એ કામ કોઈ સ્થાનિક આદિવાસી કરી શકે તેવું ન હતું.' ઑફિસરે ખુલાસો કર્યો.

‘લૂંટારુઓએ બંદૂકના જોરે પુલના ઑપરેટરને પુલના ઊભા દરવાજા ઊંચા કરવાની ફરજ પાડી હોવાની પણ શક્યતા છે.’ ગ્લેનાર્વને જણાવ્યું.

બરાબર એ સમયે પુલના ઉપરવાસમાં થોડા અંતરેથી માણસોનું કોઈ ટોળું નજીક આવી રહ્યું હોય તેવો અવાજ આવ્યો. સૌનું ધ્યાન એ તરફ ગયું. એમાં આગળના બે માણસો એક મૃત શરીરને ઊંચકીને આ તરફ આવતા હતા. મૃતદેહ ઓળખાયો. એ મૃતદેહ પેલા ઑપરેટરનો જ હતો. સૌને લાગ્યું કે પોલીસને ગેરમાર્ગે દોરવવા માટે જ લૂંટારુઓએ તેનું અપહરણ કર્યું હતું અને દૂર સુધી ઘસડી ગયા બાદ તેમણે તેની હત્યા કરી હતી.

બ્રિજ ઑપરેટરની એ રીતની હત્યાની ઘટનાને કારણે એ ગુનામાં તેની પણ સામેલગીરી હોવાની શંકાનો છેદ ઊડી ગયો.

‘સાવ થોડા લાભ માટે આટલો મોટો અકસ્માત કરાવનાર લૂંટારાઓ કોણ હોઈ શકે તેનો તમને કાંઈ ખ્યાલ આવે છે?’ ગ્લેનાર્વને પોલીસ ઑફિસરને પૂછ્યું.

‘મારી માહિતી એવી છે કે સામ્રાજ્યની મહારાણીની સરકારના જ કોઈ વહાણમાં તેઓ ઑસ્ટ્રેલિયા આવી આ પ્રાંતમાં પ્રવેશ્યા હોવા જોઈએ.’

‘પરંતુ એવા ગુનેગારોને આ વિક્ટોરિયા પ્રાંતમાં પ્રવેશ કરવા સામે પ્રતિબંધ મુકાયેલો છે, તેમ છતાં તેઓ અહીં કેવી રીતે આવ્યા?’

‘અમારું માનવું છે કે દેશના પશ્ચિમકાંઠે આવેલા પર્થ બંદરે ઊતરીને તેઓ રેલમાર્ગે અહીં આવ્યા હોવા જોઈએ. એની ગતિવિધિ સંબંધમાં ઘનિષ્ઠ તપાસ ચાલી રહી છે.’ પોલીસ ઇન્સ્પેક્ટરે જણાવ્યું.

લાડેન નદી ઉપરના કામડેન બ્રિજના અકસ્માતની વાત સાંભળી ગ્લેનાર્વન વગેરે ઘોડેસવારો મારતે ઘોડે અહીં આવી ગયા હતા. હેલીના અને મૅરીને લઈને આવતી ગાડી ધીમેધીમે અન્ય સાથીઓના પહેરા હેઠળ આવીતી હતી. દરમિયાન સમાચાર મળ્યા કે મહિલાઓ સાથેની ગાડી રેલમાર્ગના ફાટક પાસે આવી ગઈ હતી. દુર્ઘટનાના સ્થળે હજી પણ મૃતદેહો તથા તેમના છૂટા પડી ગયેલા હાથ-પગ વગેરે અવયવો ગમે તેમ વેરાયેલા પડ્યા હતા. એવું એ દૃશ્ય આઘાતજનક હતું. હેલીના અને મૅરી ઉપરાંત રૉબર્ટ પણ એનાથી દૂર રહે તેવી ગ્લેનાર્વનની ઇચ્છા હતી. રેલમાર્ગના સત્તાવાળાઓએ પોલીસની સાથે મળી રાહતની કામગીરી સંભાળી લીધી હતી. એવી સ્થિતિમાં પોતાની અહીંની હાજરી બિનજરૂરી હોવાનું ગ્લેનાર્વનને લાગ્યું.

રાહતકાર્યમાં રોકાયેલા બંને અધિકારીઓની એમણે વિદાય લીધી.

હેલીના પાસે આવીને તેણે રેલગાડીને નડેલા અક્સ્માતની વાત કરી. એ એક સામાન્ય પ્રકારનો જ અકસ્માત હતો, એમ હેલીનાને જણાવ્યું. અકસ્માત પાછળ કોઈ ગુનેગાર ટોળકીનું ગુનાહિત કૃત્ય હતું એવું જણાવવામાં બંને સ્ત્રીઓ બિનજરૂરી ચિંતાતુર થાય તેમ હતું.

રેલમાર્ગનું ક્રૉસિંગ ઓળંગી એમની યાત્રા પૂર્વ દિશામાં આગળ વધી.

૧૨

લેશલાનનો ટોલીન

અકસ્માતગ્રસ્ત કામડેન રેલવેબ્રિજ નજીકના ક્રૉસિંગને ઓળંગી ગ્લેનાર્વને તેના રસાલા સાથે પૂર્વ તરફની યાત્રા આરંભી. બે માઈલ આગળ વધ્યા બાદ તેમને સમજાયું કે સપાટ અને પોચી જમીનવાળાં મેદાનોમાંથી તેઓ હવે ઓછી ઊંચાઈવાળી ડુંગરમાળના પ્રદેશમાં આવી ગયા હતા. બે ડુંગરો વચ્ચેની સાંકડી નેળ તથા તેમાં આવતા વિચિત્ર વળાંકો સાથેનો એ પ્રદેશ પહેલી મુલાકાતમાં જ ગમી જાય તેવો હતો. એમાં ઊગેલાં છૂટાંછવાયાં વૃક્ષો વિષુવવૃત્તીય જંગલો જેવાં ઊંચાં અને ઘેઘૂર હતાં.

માર્ગમાં આગળ વધતાં બાજુના એક વૃક્ષની છાયામાં એક દૃશ્ય જોઈને સૌને આશ્ચર્ય થયું. આઠેક વર્ષની ઉંમરનો શ્યામવર્ણી કિશોર એ છાયામાં આડો પડીને ઘસઘસાટ ઊંઘતો હતો. યુરોપિયન જેવાં કપડાં પહેર્યાં હતાં, છતાં એના વાંકડિયા ગુચ્છાદાર વાળ, પહોળું નાક, લાંબા હાથ તથા શ્યામ વર્ણ ઉપરથી લાગતું હતું કે તે અહીંનો આદિવાસી હતો. વ્યવસ્થિત પ્રકારની કેળવણી લેતો હોય તેવી છાપ એના મોં ઉપર દેખાતી હતી.

સાવ નાની ઉંમરનો આ કિશોર અહીંના નિર્જન વગડામાં આ રીતે નિશ્ચિંતપણે ઊંઘી જાય તે ખરેખર આશ્ચર્યજનક ઘટના ગણી શકાય. એને એકલો સૂતેલો જોઈને સૌથી વધુ કુતૂહલ હેલીનાને થયું. તરત જ તેણે ગાડી થોભાવી. તે તથા મૅરી તેમાંથી નીચે ઊતરી પડ્યાં.

'બહુ દૂરના સ્થળેથી અહીં એનાં માતાપિતાને મળવા આવ્યો હોય તેમ મને લાગે છે.' હેલીનાએ જણાવ્યું.

'મારા કરતાં પણ આ તો નાનો દેખાય છે. અહીં આ વેરાન સ્થળે એ કેવી રીતે આવ્યો હશે? એ ક્યાં જવાનો હશે? મને થાય છે કે એને અહીં એકલો રહેવા દેવામાં એના જીવન ઉપર જરૂરથી કોઈ મોટું જોખમ આવી શકે છે. આપણે એને...' રૉબર્ટ પોતાના શબ્દો પૂરા કરે તે પહેલાં પેલાએ પોતાનું પડખું બદલ્યું. એ સાથે એના ખભા ઉપર અંગ્રેજીમાં કાંઈક લખાણ હોવાનું સૌના ધ્યાનમાં આવ્યું. એ લખાણ હતું — 'ટોલિન, ઠેકાણું એકુસા રેલમાર્ગના પૉર્ટર જેફરી સ્મિથની દેખભાળમાં. ભાડું અગાઉથી ચૂકવાઈ ગયું છે.'

'અરે! આ લખાણ તો પૂરેપૂરું અંગ્રેજી ભાષામાં છે.' આશ્ચર્ય વ્યક્ત કરતાં પેગેનલ બોલી ઊઠ્યો, 'જુઓ તો ખરા! આ નાનો છોકરો કોઈ નિર્જીવ પાર્સલ હોય તે રીતે એના ઉપર નામ લખીને કોઈએ રેલગાડીમાં રવાના કર્યો હોય તેમ લાગે છે. જીવતાજાગતા માણસ ઉપર સરનામું લખીને આ રીતે સામાન તરીકે પાર્સલ કરવામાં આવે તેવું અગાઉ મેં સાંભળ્યું હતું, પરંતુ માણસ જેવા માણસનું પાર્સલ કરવાનો આ પ્રકારનો સાક્ષાત્કાર પહેલી જ વાર થયો છે. અગાઉ એવી

વાત કપોળકલ્પિત તરીકે મેં અવગણી હતી.'

'બિચ્ચારો! કેવો ગરીબડો બનીને ખુલ્લામાં સૂતો છે. મને લાગે છે કે કામડેન બ્રિજ ઉપર થયેલા અકસ્માત બાદ તે અહીં આવ્યો લાગે છે. શક્ય છે કે અકસ્માતમાં એનાં માતાપિતાનું મોત થયું હોય અને તે એકલો જ આ રીતે પોતાના મુકામે જવા નીકળ્યો હોય!' હેલીનાએ પોતાની રીતે અનુમાન કર્યું.

'મૅડમ! હું જરા જુદી રીતે વિચારું છું.' કૅપ્ટન મેંગલ્સે તેના તરફ જોઈ પોતાનો અભિપ્રાય ઉચ્ચાર્યો,

'છોકરાના ખભા ઉપર લખવામાં આવેલા સરનામા ઉપરથી લાગે છે કે ગાડીમાં એને એકલાને જ રવાના કરવામાં આવ્યો હશે.'

બધાની વાતચીતના અવાજથી ઊંઘમાં વિક્ષેપ પડ્યો હોય તે રીતે એ અજાણ્યા છોકરાએ પોતાની આંખ ખોલી. અપરિચિત ચહેરાઓ પોતાની સામે તાકીને જોઈ રહ્યા હોવાનો ખ્યાલ આવતાં તે એકદમ બેઠો થઈ ગયો. મૂંઝાઈ ગયો હોય તેમ સૌને ચકળવિકળ નજરે જોઈ રહ્યો, છતાં ફરતે ઊભેલાં માણસોમાં બે જેટલી સ્ત્રીઓને જોઈને એનામાં હિંમત આવી. હેલીનાએ મૃદુ અવાજે પૂછ્યું,

'તને અંગ્રેજી બોલી સમજાય છે?' પેલાએ હકારમાં ડોકું હલાવ્યું. હેલીનાએ વધુ પૂછ્યું,

'તું કોણ છે? અહીં ક્યાંથી આવ્યો?'

'મારું નામ ટોલીન છે. સેન્ડરહર્સ્ટથી નીકળીને મેલબૉર્ન આવ્યો હતો. ત્યાંથી મારાં માતાપિતાને મળવા માટે રેલગાડીમાં લેશલાન જઈ રહ્યો છું.'

'આ ટોલીન નામ ઝાડની છાલના અર્થમાં પણ વપરાય છે.' પેગેનલે નામ અંગેની પોતાની જાણકારીનું પ્રદર્શન ભર્યું,

'લાગે છે કે તું પણ આ અકસ્માતવાળી ગાડીમાં હતો.'

'હા જી, હું એ ગાડીમાં જ હતો, પરંતુ બાઇબલમાં જણાવેલા ઈશ્વરે મને બચાવ્યો હતો.'

'તું એકલો જ છે? તારી સાથે સંગાથમાં કોઈ નથી?'

'એવું નથી. અમારા ચર્ચના રેવરન્ડ પેક્ષટોને રેલગાડીના ડબ્બામાં પોર્ટર જેફરીઝ સ્મિથ સાથે મારો પરિચય કરાવ્યો હતો. મારી કાળજી લેવા તેને જણાવ્યું હતું, પરંતુ અકસ્માતમાં તેનું મરણ થયું છે.'

'ગાડીમાં બીજા કોઈને તું જાણે છે? એકલો તું તારે ગામ કેવી રીતે જઈ શકશે?'

'ગાડીમાં હું કોઈને જ ઓળખતો ન હતો. ગામ પહોંચવાની મને કોઈ ચિંતા નથી. હું માનું છું કે પરમકૃપાળુ ઈશ્વર સૌ બાળકો ઉપર નજર રાખે છે. એ કદી તેમને તરછોડતો નથી.' ટોલીને ગંભીરતાથી જવાબ આપ્યો. બાઇબલમાં જણાવેલા ઈશ્વરસંબંધમાં એના મનમાં ગજબની શ્રદ્ધા સિંચવામાં આવી હોવાનો સૌને અહેસાસ થયો.

સાવ નાની ઉંમરે ધાર્મિક બાબતમાં આ પ્રકારના ઉત્સાહ માટે ચોક્કસ કારણ હતું. અહીંના આદિવાસીઓનાં બાળકોને નાની ઉંમરે જ ખ્રિસ્તી ધર્મમાં દાખલ કરીને અહીં સ્થાપિત થયેલા મેથોડિસ્ટ ચર્ચના ધર્મગુરુઓ સાવ રૂઢિચુસ્ત બાબતોના પાઠ ભણાવતા હતા. એની બોલવાની લઢણ, સાલસ વર્તણૂક તથા ધીરગંભીર દેખાવને કારણે તે કોઈ નાનેરો પાદરી જ હોય, તેવો લાગતો હતો. હેલીનાના વધુ પ્રશ્નના ઉત્તરમાં તે બોલ્યો,

'મારાં માતાપિતા લેશલાન પ્રદેશમાં રહે છે. હું ત્યાં જ જાઉં છું.'

‘તું અહીં ઑસ્ટ્રેલિયન નાગરિક છે?’

‘હા જી. હું લેશલાનનો ઑસ્ટ્રેલિયન છું.’

‘તારાં માતાપિતા કે ભાઈઓ છે?’ રૉબર્ટે એની આંખમાં પોતાની આંખો પરોવીને પૂછ્યું.

‘હા, મારા ભાઈ! મારાં બધાં જ સગાં ત્યાં રહે છે.’ ટોલીને પોતાને માટે ‘ભાઈ’ સંબોધન વાપરતાં રૉબર્ટ ખુશ થઈ ગયો અને ટોલીનને ભેટી પડ્યો. બંને એકબીજાના મિત્રો બની ગયા. અહીંના જ નિવાસી એવા આ નિર્દોષ બાળકની વાતોમાં સૌને રસ પડ્યો. દરેકે પોતપોતાની રીતે પ્રશ્નો પૂછ્યા. ટોલીને પણ પોતાની સમજ પ્રમાણે જવાબ આપ્યા.

દરમિયાન સાંજ પડી. ફરતેની ઊંચી ઝાડીની પાછળ સૂરજ નીચે ઊતરી ગયો. ઓલ્બિનેટે એના નિત્યક્રમ પ્રમાણે સાંજનું ભોજન તૈયાર કર્યું. ગ્લેનાર્વને એ ભોજનમાં સામેલ થવાનું ટોલીનને આમંત્રણ આપ્યું. સંકોચ સાથે તે પણ જોડાયો. રૉબર્ટની બાજુમાં બેસીને જ તેણે ભોજન લીધું. રાત્રે પોતાની પથારીમાં જ રૉબર્ટે એને સ્થાન આપ્યું.

આ પ્રદેશની જુદી જુદી આદિવાસી ટોળીઓને હજી સુધી નાણા વહેવારનું મહત્ત્વ સમજાયું ન હતું. પોતાની અનુકૂળતા પ્રમાણે ટોળીના માણસો એડેલેઇડ, સિડની, મેલબૉર્ન જેવાં મોટાં શહેરોમાં પોતે બનાવેલા માલ સાથે ઊતરી પડતા અને એના બદલામાં પોતાને જરૂરી એવો માલસામાન તેઓ વિનિયમથી મેળવાત હતા. એ દરમિયાન એઓની સાથે આવેલાં એમનાં સંતાનોની દેખભાળ અહીંના ખ્રિસ્તી પાદરીઓ કરતા હતા. તેઓ આ અબૂધ બાળકોને ખ્રિસ્તી ધર્મનું જ્ઞાન આપતા તેમ જ સાથે અંગ્રેજી ભાષા પણ ભણાવતાં.

નવું શીખવાની ધગશ હોવાને કારણે ટોલીન પાંચ વર્ષ સુધી મેલબૉર્ન ચર્ચમાં જ ટકી ગયો હતો. ઉંમર પુરાતાં મા-બાપની યાદ આવી. ચર્ચના રેવરન્ડની રજા લઈ તે પોતાને વતન જવા નીકળ્યો હતો.

‘તારાં માતાપિતાને મળ્યા બાદ તું અહીં પાછો આવીશ કે ત્યાં જ રોકાઈ જવા માગે છે?’ હેલીનાએ પૂછ્યું.

‘હું ચોક્કસ આવીશ. હું મારા ભાઈઓને ગરીબી અને અજ્ઞાનમાંથી બહાર લાવવા ઇચ્છું છું. ઈશ્વર સાથે તેઓનો સંબંધ જોડી હું તેઓને પ્રેમ કરવાનું શીખવીશ. હું મિશનરી બનવા ઇચ્છું છું.’ એની વાતો સાંભળી સૌ પ્રભાવિત થયાં. પેગેનલ પણ આ નાના બાળકના ગંભીર સંકલ્પોથી પ્રભાવિત થઈ ગયો. અત્યાર સુધી યુરોપિયન પહેરવેશવાળા આદિવાસીઓ તરફ એ ભાગ્યે જ ધ્યાન આપતો. એ માનતો હતો કે કેવળ પશ્ચિમી ઢબનો પોષાક પહેરવાથી આદિવાસીઓ સુધરી ગયા છે તેમ કહી શકાય નહીં, પરંતુ ટોલીન સાથેના પરિચય પછી એનું વલણ બદલાઈ ગયું.

હેલીનાના પ્રશ્નના જવાબમાં તેણે જણાવ્યું કે મેલબૉર્નમાં નૉર્મલ સ્કૂલ નામની મિશનરી શાળામાં રહીને તે ભણતો હતો. રેવરન્ડ પીક્ષટન એના આચાર્ય હતા. બાઇબલ શીખવવા ઉપરાંત તેઓ પોતાના આવા વિદ્યાર્થીઓને ગણિત અને ભૂગોળ પણ શીખવતા હતા.

ભૂગોળના વિષયનું નામ સાંભળીને ભૂગોળશાસ્ત્રી પેગેનલના કાન સરવા થયા. બોલ્યા,

‘એમ? તું ભૂગોળ પણ શીખે છે? એ વિષય તને ગમે છે?’

‘હા જી. એ વિષય ખૂબ જ ગમે છે. એમાં પ્રથમ આવવા માટે ક્રિસમસ અગાઉ મને ઇનામ પણ મળ્યું હતું.’ એનામાં કોઈ વ્યક્તિ ઊંડો રસ લઈ રહ્યું છે, તે જાણીને ઉત્સાહિત બનેલા ટોલીને પોતાને ઇનામમાં ભેટ મળેલું પુસ્તક પણ બતાવ્યું. એ પુસ્તક બાઇબલ હતું. પુસ્તકનું પાકું પૂઠું ખોલીને પેગેનલે જોયું. અંદરના પ્રથમ પાને મોટા અક્ષરે લખ્યું હતું:

‘નૉર્મલ સ્કૂલ, મેલબૉર્ન. ભૂગોળ માટે પ્રથમ ઇનામ — લેશલાનનો ટોલીન.’

પેગેનલને પણ આનંદ થયો કે પોતાના સિવાય પણ ભૂગોળ જાણનારી અન્ય કોઈ વ્યક્તિ અત્યારે પોતાની સામે ઊભી હતી. એને ભેટીને પેગેનલે પણ એનું બહુમાન કર્યું. શાબાશી આપી. એના તરફના આટલા ઉમળકાથી ટોલીન પણ મૂંઝાઈ ગયો. લેડી હેલીનાને એની મૂંઝવણનો ખ્યાલ આવી ગયો. તે દૂર કરવા હેલીનાએ એના તરફ જોઈને પેગેનલનો પરિચય કરાવ્યો.

‘જો ટોલીન, આ સાહેબ ભૂગોળના બહુ જ મોટા પ્રોફેસર છે.’

‘ખરેખર? એવું હોય તો બહુ સારું છે. તેઓ મને ભૂગોળ સંબંધી પ્રશ્નો પૂછે તો જવાબ આપવાનું મને ગમશે.’ પેગેનલ ભૂગોળના પ્રોફેસર છે એ જાણીને ટોલીન ઉત્સાહિત થઈ ગયો.

‘પેગેનલસાહેબ, આ નાનકડા ભૂગોળશાસ્ત્રીથી ચેતવા જેવું છે.’

ઘણા લાંબા સમય બાદ પેગેનલની ટીખળ કરવાનું મેજર નેબ્સને બહાનું મળી ગયું, ‘બની શકે કે એ તમને પણ ગોથું ખવડાવી શકે.’

‘મને? ફ્રાન્સની જગપ્રસિદ્ધ જ્યૉગ્રાફિક સોસાયટીના મહામંત્રીને એ ગોથું ખવડાવી શકે એમ છે? બની શકે. જરૂર બની શકે અને હું પણ એવી સ્થિતિની જ પ્રતીક્ષા કરતો રહીશ.’

એ તરત જ ગંભીર બની ગયો. નાક ઉપર ઊતરી પડેલાં ચશ્માંને સરખાં કર્યાં. ટોલીનની ઇચ્છા પ્રમાણે ભૂગોળના પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી, ‘સારી વાત છે, વિદ્યાર્થી ટોલીન! કે તું મારા પ્રશ્નોના જવાબ આપીશ. પહેલાં તો તું ઊભો થઈ જા.’ પ્રોફેસરે ઊભા થવાની સૂચના આપી, પરંતુ પોતે તો અત્યારે ઊભો જ હતો. એવી સ્થિતિમાં વધુ શું કરવાનું હતું તેની ટોલીનને સમજ પડી નહીં. તે મૂંઝાયો. વધુ સૂચના મળશે એવી આશાથી પ્રોફેસર સામે જોઈ રહ્યો.

‘ટોલીન, આપણી પૃથ્વીના કેટલા વિભાગો પાડવામાં આવ્યા છે, તે કહીશ તું?’

‘હા જી, પૃથ્વીના પાંચ વિભાગો છે. ઓસનિયા, એશિયા, આફ્રિકા, અમેરિકા તથા યુરોપ.’

‘ઘણું જ સરસ. એ પૈકીના ઓસનિયા વિશે તું જે કાંઈ જાણતો હોય તે જણાવ. એના મુખ્ય વિભાગો કયા છે?’

‘આપણે ઊભા છીએ તે ઑસ્ટ્રેલિયા છે, પરંતુ તે ઇંગ્લૅન્ડનું છે. ન્યૂઝીલૅન્ડ પણ ઇંગ્લૅન્ડનું જ છે. એ ઉપરાંત ટાસમાનિયા, ચેધામનો દ્વીપસમૂહ, ઓકલૅન્ડ મેકૌરી, કર્માડી, માકીન, મરાકી જેવા નાના-મોટા ટાપુઓ પણ ઇંગ્લૅન્ડના જ છે.’

‘સરસ. તો હવે તું કહી શકીશ કે ન્યૂકેલિડોનિયા ટાપુ, સેન્ડવિચ ટાપુઓ, મેન્ડોના તેમજ પોમોટન ટાપુસમૂહો કોના છે?’

‘એ તમામ બ્રિટનના સુરક્ષિત પ્રદેશો છે.’

‘અરે! તું શું કહે છે તેનો તને ખ્યાલ છે? મને તો હતું કે એ પ્રદેશો ફ્રાન્સના...’

‘ફ્રાન્સના?’ નામ સાંભળીને આશ્ચર્ય પામ્યો હોય તે રીતે ટોલીને એવા દેશના અસ્તિત્વ અંગે શંકા ઉઠાવી. ટોલીન જેવા અબુધ વિદ્યાર્થીને શીખવવામાં આવતી ભૂગોળ અંગેના એના જવાબો સાંભળી પેગેનલને આંચકો લાગ્યો. એણે પૂછ્યું,

‘તારી સ્કૂલમાં તને આ પ્રકારની ભૂગોળ શીખવવામાં આવે છે?’

‘હા જી સાહેબ, શું એ બરાબર નથી?’

‘ઠીક હવે! લાગે છે કે તને શીખવાડવામાં આવેલ ભૂગોળ પ્રમાણે આ આખો ઓસનિયા ખંડ પણ ઇંગ્લિશ જ છે. ખરું ને? તો હવે આપણે એશિયા ખંડની વાત કરીશું.’

‘એશિયા? હા જી, એ બહુ જ મોટો દેશ છે. કલકત્તા એની રાજધાની છે. એનાં મુખ્ય શહેરોમાં મુંબઈ, મદ્રાસ, કાલિકટ, એડન, મલાક્કા, સિંગાપુર, પેગુ તથા કોલંબો છે. એ ઉપરાંત એની નજીકના લક્ષદ્વીપ, માલદીવ તથા છાગોશ વગેરે પણ ઇંગ્લૅન્ડના જ છે.’

‘તેં બરાબર જણાવ્યું! ભૂગોળના વિદ્યાર્થી ટોલીન, તો હવે થોડું આફ્રિકા ખંડ વિશે પણ જણાવ.’

‘આફ્રિકા બે સંસ્થાનોનું બનેલું છે. રાજધાની કેપટાઉન સાથેના દક્ષિણનો કેપ પ્રદેશ અને પશ્ચિમે ઇંગ્લિશ વસાહત સિયેરા લિયોન છે.’

‘હવે અમેરિકા વિશે થોડું જણાવ.’ ભૂગોળની આ પ્રકારની કેવળ બ્રિટનલક્ષી કેળવણીથી પેગેનલ અકળાતો હતો અને એ જોઈ મેજર નેબ્સ મલકાતો હતો.

‘એના ઉત્તર અને દક્ષિણ અમેરિકા એમ બે ભાગો છે. તેમાં ઉત્તરનો ભાગ ઇંગ્લિશ છે. તેમાં કૅનેડા, ન્યૂબ્રન્સવીક, ન્યૂ સ્કોટલૅન્ડ આવે છે. યુ.એસ.એ.માં પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકનની સરકાર છે.’

‘એ રીતે ટોલીન! તો આખેઆખું દક્ષિણ અમેરિકા તેની નજીકના તમામ ટાપુઓ સાથે ઇંગ્લિશ લોકોનું જ હશે. કેમ ખરું ને? ટોલીન, તો હવે જણાવ કે યુરોપ કોનું છે? એ અંગે તારા શિક્ષકે જે શીખવાડ્યું હોય તે કહે.’ પેગેનલ પણ વ્યંગાત્મક ભાષા બોલવા લાગ્યો.

‘યુરોપ માટે પૂછો છો ને? હા જી, તો એ પણ ઇંગ્લિશ લોકોનું જ છે.’ પોતાનો જવાબ સો ટકા સાચો હોય તેવા આત્મવિશ્વાસ સાથે ટોલીન બોલ્યો.

‘એમાં કયા પ્રદેશો આવેલા છે તે કહી શકીશ?’

‘યુરોપના ભાગો? હા જી. એમાં ઇંગ્લૅન્ડ, આયર્લૅન્ડ, માલ્ટા, જર્સી તથા ગર્નસી આવેલા છે. એ ઉપરાંત આયોનિયા ટાપુઓ, હેબ્રાઇડીસ, શેટલૅન્ડ તેમ જ ઓર્કની ટાપુઓ આવેલા છે.’

‘એ ખરું, પરંતુ એમાં બીજા દેશો પણ આવેલા છે.’

‘એમ? યુરોપમાં બીજા દેશો પણ છે?’ ટોલીને સામે પ્રશ્ન પૂછ્યો.

‘કેમ નહીં? સ્પેન, રશિયા, ઑસ્ટ્રિયા, ફ્રાન્સ વગેરે દેશો બાબત તેં કાંઈ કહ્યું નહીં?’

‘ના જી, એ કાંઈ દેશો નથી. એ તો પ્રાંતો જ છે.’

‘હવે મને તું જણાવી શકીશ કે તું ફ્રાન્સ વિશે શું જાણે છે? કેમ કે હું પણ ફ્રાન્સનો વતની છું.’

‘ફ્રાન્સ વિશે પૂછો છો? એ ઇંગ્લૅન્ડનો એક પ્રાંત છે અને લૉર્ડ નેપોલિયન તેના ગવર્નર છે. કેલે એ પ્રાંતની રાજધાની છે. તે એનું મુખ્ય શહેર પણ છે.’

‘તેં શું કહ્યું? ફ્રાન્સ અને કેલે ઇંગ્લિશ લોકોનાં છે?’ પેગેનલ માટે હવે શાંત રહેવાનું મુશ્કેલ બની ગયું.

‘હા જી, મને એવું જ શીખવાડવામાં આવ્યું છે.’ પેગેનલને અફસોસ થયો. પોતાના મગજને કાબૂમાં રાખી શક્યો નહીં. ઇંગ્લૅન્ડથી ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા આવેલા પાદરીઓ અહીંના આદિવાસી સમાજનાં અબુધ અને નિર્દોષ બાળકોને આવું સાવ ખોટું શિક્ષણ આપે છે? ખિન્ન બનીને એ ખડખડાટ હસી પડ્યો.

ટોલીને માન્યું કે તેણે સરસ જવાબ આપ્યા હતા, અને તેથી પ્રોફેસર ખુશ થયા હતા. તેણે શાબાશી મળશે એવી આશા રાખી હતી. આગળ હવે શું કરવું તે એને સમજાતું ન હતું.

‘જોયું ને! પેગેનલસાહેબ, મેં તમને શું કહ્યું હતું? ભૂગોળનો આ વિદ્યાર્થી તમને ગોથું

ખવડાવશે. એમ જ થયું ને. એને કારણે તમારા ભૂગોળના જ્ઞાનમાં કેટલો બધો વધારો થયો.' મેજર નેબ્સ હસતાં હસતાં બોલ્યો.

'તારી વાત બિલકુલ સાચી છે.' પેગેનલ ટોલીન તરફ જોઈને બોલવા લાગ્યો. યુરોપ એશિયા સહિતના તમામ ખંડો એટલે કે આખી દુનિયા ઇંગ્લિશ લોકોની છે, ખરું ને? એ હિસાબે તો ચંદ્ર પણ ઇંગ્લિશ લોકોનો જ હોવો જોઈએ? શું કહે છે ટોલીન તું એ બાબતમાં?'

'તે આજે ઇંગ્લિશ લોકોનો નહીં હોય, તો પણ ભવિષ્યમાં એક દિવસ ઇંગ્લિશ લોકોનો જ હશે.' ટોલીને ઠાવકાઈથી પૂરા વિશ્વાસ સાથે જવાબ આપ્યો.

ભૂગોળ જેવા વાસ્તવિક વિષય અંગે પણ આ પ્રકારના જુઠાણાથી ભરપૂર શિક્ષણ આપવામાં આવતું હોય, તે આ પાદરીઓ દ્વારા અપાતા એકતરફી શિક્ષણની પરાકાષ્ઠા હતી. આદિવાસીઓના કાચા મન ઉપર ઠસાવાતી આ પ્રકારની જૂઠી વાતો સાંભળીને પેગેનલનું મગજ બગડી ગયું. કૅમ્પ સ્થળે સૌ બેઠાં હતાં, ત્યાંથી ઊઠીને બહાર નીકળી ગયો. તાજી હવાની એને સખત જરૂરત લાગી.

દરમિયાન ગ્લેનાર્વન ઊભા થયા. પોતાના સામાનમાંથી ઇંગ્લૅન્ડના પ્રખ્યાત ભૂગોળશાસ્ત્રી રિચાર્ડસને લખેલું દુનિયાની ભૂગોળ અંગેનું પુસ્તક શોધી લાવ્યા. ટોલીનના હાથમાં મૂકીને બોલ્યા, 'જો ટોલીન, ભૂગોળના વિષય સંબંધમાં તને કેટલીક ખોટી માહિતી આપવામાં આવી છે. ભૂગોળ અંગેનું આ અધિકૃત પુસ્તક હું તને આપું છું. તે તું તારી પાસે રાખી શકે છે. તારે વાંચવાનું છે. એનાથી તારા મનમાં રહેલી ઘણી બધી ગેરસમજ દૂર થશે.'

ભૂગોળના વિષય અંગેના ધડમાથા વિનાના આવા શિક્ષણની ચર્ચા મોડી રાત સુધી ચાલી. દસ વાગ્યા બાદ સૌ પથારી ભેગાં થયાં. રૉબર્ટે પોતાના આ નવા મિત્રને પણ પોતાની નજીકમાં જ સુવડાવ્યો.

સવારે છ વાગ્યે સૌ જાગ્યાં ત્યારે તેમના આશ્ચર્ય વચ્ચે ટોલીનની પથારી ખાલી હતી. રાત્રિના સમયે જ તે ચાલી નીકળ્યો હશે એમ સૌએ અનુમાન કર્યું. એ રીતે ચાલી જવા માટેનાં કારણો અંગે સૌ પોતપોતાની રીતે અનુમાન કરવા લાગ્યાં.

લેડી હેલીના જ્યારે જાગી ત્યારે પોતાની બાજુમાં મિમોરા નામે ઓળખાતાં સુગંધીદાર તાજાં ફૂલો વ્યવસ્થિત રીતે ગોઠવાયેલાં જોયાં. તેમ જ બાજુમાં પેલું પુસ્તક પણ જોયું, આગલા દિવસે ગ્લેનાર્વને એને જે પુસ્તક ભેટ આપ્યું હતું તે તેણે સાભાર પરત કર્યું હતું.

૧૩
એક ચેતવણી

બીજી જાન્યુઆરીના રોજ ગ્લેનાર્વન વગેરેએ માર્ગમાં આવતી કોલ્બાન અને કોપેસ્કી નામની બે નાની નદીઓને તકલીફ વિના ઓળંગી. મુસાફરી શરૂ થયાનો એ અગિયારમો દિવસ હતો. એટલા સમયમાં એમણે અડધો રસ્તો વટાવી દીધો. હવે પછી કોઈ વિઘ્ન ન આવે તો પંદર દિવસમાં બાકીનું અંતર પૂરું કરી તેઓ ટુફોલ્ડ બે પહોંચી જાય તેવી શક્યતા હતી.

અહીંના ભેજમુક્ત હવામાન માટે પેગેનલે જે અભિપ્રાય આપ્યો હતો તે અક્ષરશઃ સાચો પડી રહ્યો હતો. નીરોગી હવામાનને કારણે સૌનું સ્વાસ્થ્ય સારી રીતે જળવાયું હતું. ગરમી હતી, પરંતુ તે સહ્ય હતી. જોકે કામડેન બ્રિજની ગુનાહિત દુર્ઘટના પછી ગ્લેનાર્વને બળદગાડીની આસપાસનું સુરક્ષા કવચ વધુ મજબૂત બનાવ્યું. ગાડીવાન બનેલા આયર્ટનને પણ એ માટેની સૂચના આપવામાં આવી. દરેકને તેમની બંદૂકો ગમે તે સમયે ગોળી છોડી શકાય તેવી તૈયાર સ્થિતિમાં જ રાખવાનું જણાવવામાં આવ્યું. રાત્રિનિવાસ દરમિયાન જાગતા રહેવા માટે પાળી બાંધવામાં આવી. કામડેન બ્રિજના ગુનેગારો પકડાયા હતા કે નહીં તેની કોઈ માહિતી મળી ન હતી, છતાં તેઓ હજી છૂટા જ હતા અને બ્રિજ જેવા બીજા ગુનાહિત કૃત્યો થવાની શક્યતા હતી. એવી ગણતરી મનમાં રાખવામાં આવી. જોકે હેલીના અને મૅરીને એવા ભયનો અણસાર પણ આવવા દીધો ન હતો.

પુલ નજીકમાં રહેતા છૂટાછવાયા લોકોના જીવન ઉપર પણ ત્યાંની ઘટનાની વિપરીત અસર પડી હતી. સૌએ હવે પોતાના જાનમાલની સુરક્ષા વધારી દીધી. એ પહેલાં લોકોને પોતાનાં ઘરોમાં બારણાંને રાત્રિ દરમિયાન આગળા વાસવાની પણ જરૂર લાગતી ન હતી, પરંતુ હવે સૂર્યાસ્ત થાય તે અગાઉ લોકો ઘરભેગા થવા લાગ્યા.

સરકાર તરફથી પણ સરકારી અને જાહેરસેવાની જાળવણી માટે વધારાની સુરક્ષાવ્યવસ્થા કરવામાં આવી. ટપાલ લઈને જતી ઘોડાગાડી સાથે પણ સશસ્ત્ર વળાવિયાની વ્યવસ્થા થઈ. એવો એક સિગરામ એને માટેના ખાસ રસ્તા ઉપર થઈને પાછળથી આવી ઝડપથી આગળ નીકળી ગયો. તેમાં પણ શસ્ત્રોથી સજ્જ ગાર્ડ બેઠા હતા.

ટપાલ લઈ જતો એ સરકારી સિગરામ પણ ગ્લેનાર્વને નક્કી કરેલા નવા માર્ગે જ કિલમોરથી આવીને હિથ્રોટ ગામ તરફ વળી ગયો. એકાદ માઈલ વધુ આગળ ગયા બાદ બળદગાડી ધીમેધીમે વિશાળકાય વૃક્ષોના વનમાં પ્રવેશી. યુકેલિપ્ટ્સનાં જંગી ઝાડોનું એ જંગલ હતું. બસો ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતાં એ વૃક્ષોનાં થડ વીસ ફૂટ કરતાં પણ વધુ ઘેરાવાવાળાં હતાં. થડની છાલમાં ક્યાંક ક્યાંક પડેલા ખાંચા ઉપરથી લાગતું હતું કે તેની એ છાલ ચારથી પાંચ

ઈંચ જાડી હતી અને વૃક્ષો સેંકડો વરસથી ત્યાં ઊભાં હતાં.

સીધી ઊંચાઈનાં એ વૃક્ષો ક્યાંય પણ વાંકાં ન હતાં, તેમ જ તેમાં કોઈ ગાંઠ પણ દેખાતી ન હતી. એની ઘટા ઘેઘૂર ન હતી, પરંતુ છેક ઉપરની ટોચ સુધી સરખા અંતરે ચારે દિશામાં એકએક ડાળી હતી અને તેની ઉપરનાં લીલાં સાંકડાં અને લાંબાં પાંદડાં સૂરજની સામે નહીં, પરંતુ ત્રાંસી સ્થિતિમાં જણાયાં. એવી ખાસિયત પ્રત્યે સૌનું ધ્યાન ખેંચતાં ભૂગોળશાસ્ત્રી પેગેનલે એ સંબંધેના પોતાના જ્ઞાનનું વિતરણ કર્યું. એ બોલ્યો,

'યુકેલિપ્ટસ વૃક્ષનાં પાંદડાંની આવી વિચિત્ર ગોઠવણી માટે નહીં, પરંતુ એ અંગે વનસ્પતિશાસ્ત્રીઓ જે કહે છે તે માટે મને આશ્ચર્ય થાય છે. સૂર્યપ્રકાશ સામે ત્રાંસાં રહેતાં પાંદડાંની એવી ગોઠવણી કરવામાં કુદરતે કોઈ ભૂલ કરી નથી એવું મારું માનવું છે. વળી આ વનસ્પતિને આપવામાં આવેલું યુકેલિપ્ટ્સ જેવું નામ પણ મને ઉચિત લાગતું નથી.'

'આ નામ જો ખોટું હોય તો સાચું નામ શું હાવું જોઈએ, તે પણ જણાવો.' કુતૂહલથી મૅરીએ પૂછ્યું.

'ધીરજ રાખ, મૅરી! હું તે જ જણાવું છું.' પેગેનલે વિગત વાર જવાબ આપવાની તૈયારી કરી, 'એ શબ્દ મૂળ ગ્રીક ભાષાનો છે. ત્યાં એનો અર્થ "સારી રીતે ઢાંકેલું" થાય છે, પરંતુ તમે જોઈ શકો છો કે પાંદડાંનું આવરણ હોવા છતાં એની ડાળીઓ તથા થડ ખુલ્લાં જ છે.'

'તમારી વાત સાચી લાગે છે, પરંતુ એને અને એ ત્રાંસાં પાંદડાંને શો સંબંધ?' ગ્લેનાર્વનને પણ વાતમાં રસ પડ્યો.

'આપણે અનુભવ્યું છે કે આ પ્રદેશમાં હવા સૂકી અને ભેજ વિનાની છે. વરસાદ નહીંવત્ પડે છે. એ કારણે જમીન પણ સૂકી જ રહે છે. એવી સ્થિતિમાં લાંબો સમય જીવન ટકાવી રાખવા. જમીનની અંદરના ભેજ ઉપર જ આધાર રાખવો પડે છે. પાંદડાંને પવન કે સૂરજના તડકાની એ માટે જરૂર જ નથી હોતી. એ પાંદડાંમાં અલ્પમાત્રામાં જે ભેજ છે તેને જાળવી રાખવા માટેની જ આ કુદરતી વ્યવસ્થા છે. પાંદડાં સૂરજની સામે નથી હોતાં, પરંતુ ત્રાંસાં હોય છે.'

'પાંદડાંની આવી વૃત્તિ તો સ્વાર્થી જ કહેવાય. એ પાંદડાં પોતાનો ભેજ બચાવે છે, પરંતુ પ્રકાશ સંક્ષેષણ દ્વારા હવામાં કાર્બનડાયોક્સાઇડ શોષીને ઑક્સિજન વાયુને જીવજગત માટે બહાર કાઢવાનું કામ કરતાં નથી, એ ઘણું ખોટું છે. એક તો પાંદડાં સાંકડાં, તેમાં તે સૂર્યકિરણ પ્રત્યે પડખાંભેર જ રહે, પરિણામે મોટા ભાગનાં સૂર્યકિરણો પૃથ્વીના પોપડાને જ સૂકવતાં હોય છે. ધરતી ગરમ થવાને કારણે હવામાન પણ આપણને દઝાડતું બની જાય છે. એની સરખામણીમાં દક્ષિણ અમેરિકામાં આપણું આશ્રયદાતા બનેલા ઓમ્બુવૃક્ષનો વિચાર કરો. કેવું ઘેઘૂર હતું એ વૃક્ષ. એ એક ઓમ્બુએ માણસો ઉપરાંત સેંકડો પક્ષીઓને સુરક્ષિત રાખ્યાં હતાં. જ્યારે અહીં આ યુકેલિપ્ટ્સનાં વૃક્ષો હજારોની સંખ્યામાં હોવા છતાં સૂર્યકિરણો આપણને દઝાડી રહ્યાં છે. આ તે જંગલ છે કે વેરાન વગડો? આવાં સ્વાર્થી વૃક્ષોની છાયા જ ન હોય તો એમાં પશુઓ અને પક્ષીઓ પણ ક્યાંથી વસે?'

યુકેલિપ્ટ્સના વનમાંની એકધારી કંટાળાજનક મુસાફરી બાદ સાંજ પડી. જંગલમાં અગાઉ લાગેલી આગથી ખુલ્લી થયેલી સમથળ જગ્યામાં એમણે પડાવ નાખ્યો. દવને કારણે બળીને કાળાં પડી ગયેલાં વૃક્ષો યુરોપમાંનાં કારખાનાંઓની ઊંચી ચીમનીઓ જેવાં લાગતાં હતાં. ઓલ્બિનેટે રસોઈ બનાવી. દિવસભરની મુસાફરી અને ગરમીથી થાકેલાં સૌ માટે આરામની

સખત જરૂર રહેતી. સુરક્ષાની પાકી વ્યવસ્થા સાથે સૌએ રાત વિતાવી.

ત્રીજી જાન્યુઆરી, ૧૮૬૫નો આખો દિવસ ગ્લેનાર્વનની આ વણજાર ઊંચાં ઊંચાં યુકેલિપ્ટ્સ વૃક્ષોની વચ્ચે થઈને અનંત લાગતી આ કેડીએ આગળ ધપતી જ રહી. જોકે ધીમેધીમે વૃક્ષોની સંખ્યા ઘટતી ગઈ અને થોડી વધુ મુસાફરી બાદ તેઓ જંગલની બહાર ખુલ્લામાં આવી ગયાં. આગળ કોઈ મોટું ગામ જણાયું. એ તરફ જતાં રસ્તાનો અણસાર આવ્યો. ગામમાં પ્રવેશતાં રસ્તાની બંને બાજુએ એક જ પ્રકારનાં બંધાયેલાં મકાનોની હાર હતી. એને જોઈને પેગેનલ આનંદથી બોલી ઊઠ્યો,

'અરે! આ તો સિમોર ગામ છે. વિક્ટોરિયા પ્રાંતનું આ છેલ્લું જ ગામ છે.'

'તમે આટલા આનંદ સાથે વધાવો છો એ ઉપરથી લાગે છે કે એનું કોઈ ખાસ મહત્ત્વ હશે.' લેડી હેલીનાએ પૂછ્યું.

'કાંઈ જ નહીં. સાદુંસીધું એક ગામ માત્ર છે, છતાં એના ઝડપી વિકાસને કારણે ટૂંક સમયમાં જ તેને મ્યુનિસિપાલિટીનો દરજ્જો અપાય તેમ છે.'

'અહીં કોઈ સારી હોટલ હોવાની કાંઈ માહિતી તમને છે?' ગ્લેનાર્વને પૂછ્યું. નિશ્ચિંત રીતે સૌ આરામ માણી શકે તે માટે કોઈ નિર્ભય સ્થાન મેળવવાની એની અપેક્ષા હતી. પેગેનલે તરત જ તપાસ શરૂ કરી, 'કૅમ્પબેલ્સ નૉર્થ બ્રિટિશ હોટલ' નામના અતિથિગૃહની ભાળ મળી. એ જ સૌને ત્યાં લઈ ગયો. હોટલના ડાઇનિંગ હૉલમાં ભોજન પતાવ્યું. હેલીના, મૅરી અને રૉબર્ટ પોતપોતાની રૂમમાં પહોંચી ગયાં. પુરુષવર્ગે ત્યાર બાદ ગંભીર ચર્ચા શરૂ કરી. મેજર નેબ્સે સાથીઓને ધીમેથી જણાવ્યું,

'પોલીસે કામડેન બ્રિજના ગુનેગારો અંગેની માહિતી મેળવી લીધી છે. જોકે તેઓ હજી પકડાયા નથી.'

'કોણ છે આ ગુનેગારો?' ગ્લેનાર્વન ચિંતાતુર હતા.

'આ સમાચારપત્ર વાંચો.' બોલીને મેજરે અહીંના સ્થાનિક ન્યૂઝપેપર 'ઑસ્ટ્રેલિયા ઍન્ડ ન્યૂઝીલેન્ડ ગેઝેટ'નો તાજો ખરીદેલો અંક એમના હાથમાં મૂક્યો.

'એમાંના સમાચાર પ્રમાણે પોલીસે આપણને જણાવેલી ધારણા સાચી નીકળી છે.' ગ્લેનાર્વન મોટેથી વાંચવા લાગ્યા. સિડની બીજી જાન્યુઆરી, ૧૮૬૫.

ડિસેમ્બરની તા. ૨૯-૩૦ની રાત્રે કેસલમાઇન રેલવે સ્ટેશનથી પાંચ માઈલ દૂર આવેલી લાડોન નદી ઉપરના કામડેન બ્રિજ ઉપર પૅસેન્જર ઍક્સપ્રેસ ગાડીને અકસ્માત નડ્યો હતો. મેલબૉર્નથી રાત્રે ૧૧.૪૫ વાગ્યે સેન્ડહર્સ્ટ તરફ જવા નીકળેલી ગાડી મળસ્કે ૩ વાગ્યે એ બ્રિજ ઉપર આવી ત્યારે એ પુલ વચ્ચેનો જળમાર્ગ માટેનો દરવાજો ખુલ્લો જ રહી ગયો હતો. પરિણામે ગાડીના એન્જિન સહિતના પાંચ ડબ્બાઓ લોડોન નદીના પાણીમાં ઊથલી પડ્યા હતા. બચી ગેયલા એક ડબ્બાના મુસાફરોએ પોલીસને જણાવ્યું હતું કે પાંચ-છ માણસોની બનેલી લૂંટારું ગૅંગે ત્યાર બાદ લૂંટ ચલાવી હતી. એ પુલનાં પાંખિયાં ઊંચાંનીચાં કરનાર ઑપરેટરનું એ દરમિયાન અપહરણ કરવામાં આવ્યું હતું. દુર્ઘટનાના સ્થળેથી અડધો માઈલ ઉપરવાસમાં લઈ જઈને તેની હત્યા કરવામાં આવી હતી.

અકસ્માતની સાથે જ થયેલી લૂંટ અને ઑપરેટરની હત્યા ઉપરથી પોલીસનું માનવું હતું કે એ અકસ્માત નહીં, પરંતુ ગુનાહિત કાવતરું હતું. એ અંગે તપાસ કરનાર અધિકારી કોરોનરની પ્રાથમિક તપાસમાં જણાયું છે કે દેશના પશ્ચિમકાંઠાના પર્થ બંદરસ્થિત સુધારણા ગૃહમાં

રાખવામાં આવેલા ગુનેગારો પૈકીના ૨૯ ગુનેગારો તેઓને નોર્ફોલ્ક આઇલૅન્ડની જેલમાં ટ્રાન્સફર કરવામાં આવતા હતા ત્યારે ભાગી છૂટ્યા હતા. બેન જોઇસ નામના એક ખૂંખાર ગુનેગારની સરદારી હેઠળ એ ભાગેડુઓ ગુનાહિત પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. ટોળીનો એ ભયંકર સરદાર થોડા માસ પૂર્વે જ કોઈ અજ્ઞાત જહાજ દ્વારા ઑસ્ટ્રેલિયાને કાંઠે ઊતર્યો હતો, એવા સમાચાર પોલીસને મળ્યા હતા, પરંતુ તેઓ હજી સુધી પોલીસની પકડમાં આવ્યા નથી.

આથી આ વિસ્તારનાં શહેરો તથા ગ્રામ્ય વિસ્તારોમાં રહેનારા સૌ નિવાસીઓને તથા ફાર્મ માલિકોને આ ગુનેગારો તરફના ભયથી વાકેફ કરવામાં આવે છે. એવા માણસો અંગે કોઈ માહિતી મળે તો સર્વેયર જનરલને આપવા સૌને વિનંતી કરવામાં આવે છે.

જે. પી. મિચેલ. એસ. જી.

ગ્લેનાર્વને એ સમાચાર તથા સૂચના મોટેથી વાંચ્યાં. સૌએ તે ગંભીરભાવે સાંભળ્યાં. મેજર નેબ્સે એ સાથે પેગેનલ સામે સૂચકભાવે જોયું અને વ્યંગ કરતો હોય તે રીતે બોલ્યો,

'પેગેનલસાહેબ, જોયું ને? ઑસ્ટ્રેલિયાના શુદ્ધ અને શાતાદાયક હવામાનમાં પણ આવા ગુનેગારો હોય છે.'

'આ તો જેલમાંથી ભાગી છૂટેલા ગુનેગારો છે. યુરોપથી અહીં કાયમી વસવાટ માટે મોકલવામાં આવેલા ગુનેગારો નથી. આ દુષ્ટોનું અહીં કાંઈ કામ નથી.' મેજરના વ્યંગનો પેગેનલે કાંઈક ઉગ્ર અવાજે જવાબ આપ્યો.

'સૌએ આ સમાચાર સાંભળ્યા છે. ગમે તે રીતે પણ ગુનેગારોની ટોળકી અહીં જ છે. એમના તરફનો ભય તો છે જ. આપણે એ ભય સામે તકેદારી વધારવી પડશે, પરંતુ એને કારણે આપણા મૂળ પ્લાનમાં ફેરફાર કરવાનું મને જરૂરી જણાતું નથી. કૅપ્ટન મેંગલ્સ! એ બાબતમાં હું તમારો અભિપ્રાય જાણવા માગું છું.' ગ્લેનાર્વને એના તરફ જોઈને પૂછ્યું.

એ રીતે વિચાર કરવામાં કૅપ્ટન હેરી ગ્રાન્ટની શોધ માટેના આ અભિયાનમાં પીછેહઠ હતી, એવું મેંગલ્સને લાગતું હતું. એમાં ગ્રાન્ટનાં બે સંતાનોની લાગણીનો પણ પ્રશ્ન હતો. થોડો વિચાર કરીને ગંભીરભાવે એણે જવાબ આપ્યો,

'આપણી સાથે હેલીના મૅડમ અને કુ. મૅરી ગ્રાન્ટ ન હોત તો મેં આ ગુનેગારો સંબંધી સમાચારને જરાય મહત્ત્વ આપ્યું ન હોત.'

'કૅપ્ટન ગ્રાન્ટની શોધનું આ અભિયાન સમેટીને ઘરભેગા થઈ જવાનો મારો કોઈ ઇરાદો જ નથી. આ નવી સ્થિતિમાં એ વિચારવું જરૂરી છે કે અહીંથી થોડો વધુ આગળ જઈ ત્યાંથી દક્ષિણમાં મેલબૉર્ન જવું અને દુરસ્ત કરાયેલી ડંકનનૌકામાં બેસીને ટુ-ફોલ્ડ બે તરફ જવું કે પછી અહીંથી પૂર્વમાં સીધા જ જમીનમાર્ગે ટુ-ફોલ્ડ બેના કાંઠે જવું! આ બે વિકલ્પમાંથી આપણે એકની પસંદગી કરવાની છે. મેજર નેબ્સનું એ અંગે શું કહેવું છે?'

'એ બાબતમાં કાંઈ પણ કહું તે પહેલાં આયર્ટનનો અભિપ્રાય જાણવાનું હું પસંદ કરીશ.'

અગાઉની નક્કી થયેલી યોજના પ્રમાણે આગળ વધવું કે અન્ય વિકલ્પ પસંદ કરવાની જવાબદારી પોતાને માથે આવતાં આયર્ટને હવે પોતાના માલિક બનેલા ગ્લેનાર્વન તરફ જોઈને બોલ્યો,

'મારા ખ્યાલ પ્રમાણે અત્યારે આપણે મેલબૉર્નથી બસો માઈલ ઉત્તરમાં છીએ. મૂળ પ્લાન પ્રમાણેનું ટુ-ફોલ્ડ બેનું સ્થળ પણ અહીંથી પૂર્વમાં એટલું જ દૂર છે અને લૂંટારુઓનો ભય તો બંને

બાજુએ સરખો જ ગણવાનો છે. એમના તરફથી કોઈ પ્રત્યક્ષ જોખમ ઊભું થાય તો તેમનો સામનો કરવા આપણી પાસે પૂરતાં શસ્ત્રો છે. આપણે આપણાં સર્વસ્વના રક્ષણ માટે ઝઝૂમવાનું છે. લૂંટારાની સંખ્યા ભલેને વધુ હોય, તેઓ આપણો સામનો કરવાની સ્થિતિમાં નહીં જ હોય. મારું માનવું છે કે આપણે પૂર્વમાં જમીનમાર્ગે જ આગળ વધવું જોઈએ.'

'મને પણ પૂર્વ નિર્ધારિત પ્લાન પ્રમાણેનો વિકલ્પ જ યોગ્ય લાગે છે.' પૂર્વમાં જ આગળ વધવાના વિચારનું અનુમોદન કરતાં ગ્લેનાર્વને એના દેખીતા લાભની વાત કરી, 'જમીનમાર્ગે પૂર્વમાં આગળ વધવામાં આપણને કૅપ્ટન ગ્રાન્ટસંબંધી કોઈક માહિતી મળવાની પણ શક્યતા રહે છે. દક્ષિણમાં મેલબૉર્ન તરફ જવામાં મને કોઈ દેખીતો લાભ દેખાતો નથી.' ગ્લેનાર્વને ચર્ચાનું સમાપન કર્યું.

'આપણે લીધેલા એ નિર્ણય બાબતમાં હું એક વધારાનું સૂચન કરવા માગું છું.' આયર્ટન બોલ્યો.

'જરૂરથી જણાવો.'

'આપણે ટુ-ફોલ્ડ બે તરફ સીધા જઈએ છીએ, ત્યારે મેલબૉર્ન બંદરે સમારકામ માટે લઈ જવાયેલી "ડંકન" નૌકાને આપણે પહોંચવાના છે તે ચોક્કસ સ્થળે લાવવા એના હાલના કૅપ્ટનને સૂચના મોકલવાનું મને જરૂરી લાગે છે.'

'મારી દૃષ્ટિએ એવું પગલું બિનજરૂરી છે. ડંકનને આપણે મેલબૉર્ન બંદરે મોકલી ત્યારે જ ટુ-ફોલ્ડ બેમાં કયા સ્થાને ભેગા મળવું તે નક્કી થયેલું જ છે. હવે પાછો એવો જ સંદેશો મોકલવામાં નવો ગૂંચવાડો થશે એવું હું માનું છું.'

કૅપ્ટન મેંગલ્સનો એ અભિપ્રાય આખરે મંજૂર થયો.

'જેવી તમારી સૌની મરજી.' જણાવીને આયર્ટનને પણ એ માટે વધુ આગ્રહ કરવાનું ટાળ્યું.

૧૪
અનોખી મહેમાનગતિ

૧૪૬°.૧૫” પૂર્વ રેખાંશ અને ૩૭°૧૧” દક્ષિણ અક્ષાંશના ક્રૉસ સેક્સનના પડાવ ઉપર સૌએ શાંતિથી રાત્રિ વિતાવી. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૮૬૫ના દિવસની સવારે સાત વાગ્યે ગ્લેનાર્વને અગાઉના નિર્ધારિત પ્લાન પ્રમાણે પૂર્વની દિશા પકડી.

આગળનો પ્રદેશ એકંદરે સપાટ હતો, તેમ છતાં વચ્ચે આવતાં ઝરણાંઓ અને વહેળાઓનાં પાણીના ધોવાણને કારણે સપાટ જમીનમાં ઊંડાં કોતરો પડી ગયાં હતાં. આગળ ક્ષિતિજ સુધી બકેલો ડુંગરમાળાના નાના-મોટા ડુંગરાઓની હારમાળા દેખાતી હતી. તેની શરૂઆત અહીંથી જ થતી હતી. લગભગ પાંત્રીસ માઈલની એકધારી મુસાફરી બાદ સમથળ જગ્યામાં રાત્રિમુકામ કર્યો. તંબુ ઠોકાયો અને ઓલ્બિનેટે બનાવેલી રસોઈને સાથે બેસીને સૌએ ન્યાય આપ્યો.

રાત્રે શરૂઆતમાં રખેવાળીની જવાબદારી પેગેનલને શિરે હતી. ભરી બંદૂકને ખભે ભરાવીને જાગતા રહેવાનું હતું. ચંદ્ર વિનાની રાત્રિ હતી. છતાં દક્ષિણ ગોળાર્ધ ઉપર પ્રકાશિત તારામંડળો તથા નિહારિકાઓના ધૂંધળા પ્રકાશમાં નજીકનાં વૃક્ષો વગેરે જોવા આંખો ટેવાઈ ગઈ. ખાસ કાંઈ કામગીરી વિના આવી શાંત રાત્રિમાં જાગવાનું કામ મુશ્કેલ હતું. પેગેનલની નજરે અગણિત તારાઓથી ભરેલા આકાશ તરફ હતી. એને માટે પગ તળેની વાસ્તવિક ધરતીની સરખામણીમાં આભનાં ઊંડાણનાં રહસ્યોનું મહત્ત્વ મોટું હતું.

એવી સ્થિતિમાં ધીમા પવનની હળવી લહેરો ઉપર સવાર થઈને પિયાનોના સંગીતની સૂરાવલિ, એના કાન ઉપર અથડાતી હોય તેવો એને આભાસ થયો.

‘આવા વેરાન વગડામાં પિયાનોના સંગીતનો અવાજ?’ આશ્ચર્ય સાથે એણે મનોમન ગણગણાટ કર્યો. આવા નિર્જન સ્થળમાં ખરેખર શું એ શક્ય હતું? એ અંગે પોતાનું મગજ ઘસવાનું એને બિનજરૂરી લાગ્યું. એને લાગ્યું કે કોઈક પ્રકારનું નિશાચર પક્ષી કે પ્રાણી પિયાનોના જેવો જ અવાજ કરતું હશે. એને લાગ્યું કે ઊંઘને ખાળવા એના પ્રયાસને કારણે એને કોઈક પ્રકારની ભ્રમણા થઈ રહી હશે? જોકે ત્યાર બાદ એ ધૂન સાથે કોઈ ગાનારના કંઠના ધીમા સૂરો પણ ભળ્યા હોય તેવી પણ અનુભૂતિ થઈ.

પિયાનો ઉપર મોઝાર્ટની ધૂનના સ્વરો બાબત એના મનમાં કોઈ શંકા રહી ન હતી, છતાં એ હકીકત આ સ્થળે સ્વીકારવાનું સહેલું ન હતું. મધ્યરાત્રિ સુધી એ લયબદ્ધ મધુર અવાજ સંભળાતો રહ્યો. નીરવ રાત્રિના ઝાંખા પ્રકાશ સાથેના અદ્‌ભુત માહોલમાં પેગેનલ જેવો ફિલૉસૉફર ભૂગોળશાસ્ત્રી ક્યાંય સુધી એવા મધુર સ્વરમાં ડૂબકિયા ખાતો રહ્યો. ત્યાર બાદ

અચાનક જ એ અવાજ બંધ થઈ ગયો. સાથે પેગેનલ પણ ધ્યાનભંગ થયો.

એના પછી વિલ્સને જાગવાનું હતું. તંબૂમાં પુરાઈ જતાં અગાઉ પેગેનલે ચારેતરફ નજર કરી. વાતાવરણ ફરીથી નીરવ અને સ્તબ્ધ બની ગયું. મોઝાર્ટના સંગીતની એને થયેલી અલૌકિક અનુભૂતિને એ ક્યાંય સુધી મનોમન વાગોળતો રહ્યો. સવારે જ એ અનુભવ ગ્લેનાર્વનને જણાવવાનું એણે નક્કી કર્યું.

રાત્રિ નિર્વિઘ્ને પૂરી થઈ. સવાર થવા છતાં થાકને કારણે વહેલા જાગવાનું કોઈને પણ માટે મુશ્કેલ હતું, પરંતુ દૂરથી કૂતરાના ભસવાનો અવાજ સાંભળી ગ્લેનાર્વનની આંખો ખૂલી ગઈ. તંબૂની બહાર આવીને જોયું તો કોઈએ પાળેલા હોય તેવા ગળે પટ્ટા પહેરાવેલા બે ઇંગ્લિશ કૂતરાઓ એકસરખા અવાજે ભસી રહ્યા હતા અને અહીં કૅમ્પની નજીક આવી રહ્યા હોય તેમ લાગ્યું. દરમિયાન બધાં જ સાથીઓ જાગી ગયાં.

'અહીં નજીકમાં જ કોઈ વસાહતીનું ફાર્મ હોવું જોઈએ.' ગ્લેનાર્વન સૌ સાંભળે તે રીતે બોલ્યો. પેગેનલે પણ રાત્રિના સમય દરમિયાન એને થયેલી અદ્‌ભુત અનુભૂતિની યાદ આવી. પાળેલા કૂતરાની અહીંની હાજરી બાબતમાં સૌ તર્કવિતર્ક કરતાં હતાં. તે દરમિયાન અહીંની ઉછેરના જાતવાન ઘોડા ઉપર બેઠેલા શિકારીઓ હોય તેવા બે યુવાનો દૂરથી આવતા દેખાયા.

પોતાની તરફ તેઓને આવતા જોઈને ખુદ લૉર્ડ ગ્લેનાર્વન આગળ વધ્યા. પ્રારંભિક અભિવાદન કરી એણે પોતાની ઓળખ આપી. આગંતુકોએ પણ પોતાનાં નામો જણાવ્યાં. તેઓ હતા માઇક પેટર્સન અને સેન્ડી પેટર્સન. નજીકમાં જ આવેલા હોટામ સ્ટેશન ફાર્મના તેઓ માલિકો હતા. ગ્લેનાર્વન સાથે હસ્તધૂનન કર્યું. બે પૈકીના માઇકે જણાવ્યું,

'અમારું ફાર્મ અહીંથી બહુ દૂર નથી. ત્યાંના મહેમાન બનવા આપને અમારું આમંત્રણ છે.'

ગ્લેનાર્વન પાસે એવા ભાવભીના આમંત્રણનો સ્વીકાર નહીં કરવા માટે કોઈ કારણ જ ન હતું. આ પ્રદેશથી જાણકાર કોઈ વ્યક્તિ સાથે પરિચય કેળવવા સૌ આતુર હતાં. કૅપ્ટન ગ્રાન્ટની ખોજ માટેના એમના અભિયાનમાં એમના તરફથી મળી શકતી માહિતી ઉપયોગી પુરવાર બને તેવી શક્યતા હતી.

માઇકલ અને સેન્ડી ભાઈઓનું આ હોટામ ફાર્મ મરે નદીની ખીણના અંદરના ભાગમાં આવેલું એકમાત્ર મોટું ફાર્મ હતું. બફેલો રેન્જની ડુંગરમાળા તથા માઉન્ટ હોટામ વચ્ચેના સમથળ પ્રદેશમાં એ સ્થાપવામાં આવ્યું હતું. એના વિશાળ ચતુષ્કોણ આકારની ઉત્તરે માઉન્ટ એબર્ડિનનું મધ્યમ ઊંચાઈનું શિખર હતું તથા દક્ષિણમાં હાઈ બાર્વેન શિખર હતું. અહીંની ઓવન નદી તથા તેને મળતાં ઝરણાંઓને લીધે ફાર્મનું વાતાવરણ રળિયામણું લાગતું હતું. એ નદી ઉત્તરમાં આગળ ઝઈ અન્ય નદીઓ સાથે મરે નદીને મળતી હતી.

પાણીની આવી સગવડ અને જમીન ફળદ્રુપ હોવાને કારણે બહુ થોડા સમયમાં આ ભાઈઓ પગભર બની ગયા હતા. એમાંની જ કમાણીથી તેઓ ફાર્મનો વિસ્તાર વધારતા ગયા. અત્યારે તેમનું આ ફાર્મ દસ હજાર એકર જમીનનું હતું. ખેતી ઉપરાંત ઘોડા તથા બળદ જેવાં ઉપયોગી પ્રાણીઓના ઉછેરનું મોટું કેન્દ્ર પણ તેમણે જ શરૂ કર્યું હતું. કેસલમાઇન અને મેલબૉર્ન જેવાં નગરોનાં બજારોમાં આ ફાર્મની ઉપજો એની ઊંચી ગુણવત્તાને કારણે મોટી કિંમતે વેચાતી હતી.

પોતાની અને પોતાના ફાર્મસંબંધી વાતોમાં તેઓ સૌ ફાર્મના મુખ્ય નિવાસસ્થાને આવી

પહોંચ્યાં. વિશાળ પટાંગણ સાથેના એ સુંદર ઘરની ચારે બાજુ સ્થાનિક વૃક્ષોની ઘટા હતી. એમના આ અંગત નિવાસસ્થાન ઉપરાંત એમના કર્મચારીઓ માટે પણ મકાનો તથા તબેલાઓ બાંધવામાં આવ્યાં હતાં. હોટામ ફાર્મનું આ નીજી ગામ લગભગ અડધા માઈલના ઘેરાવામાં વિસ્તરેલું હતું. ત્યાં જવા માટે સારા રસ્તાઓ હતા, તથા મુખ્ય ઘર સાથે સંપર્ક રાખવા માટે ઇલેક્ટ્રિક સંદેશાવહેવારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

સામાન્ય વાતચીતમાં માઇકલ અને સેન્ડીએ અહીં આ ફાર્મ સ્થાપવામાં અગાઉનો પોતાનો ઇતિહાસ જણાવ્યો. તેઓ બંને લંડનની એક બૅન્કના બૅન્કરના પુત્રો હતા. તેઓ ૨૧ વર્ષના થયા ત્યારે ઘરના વડીલોએ જ નાણાંની સગવડ કરી દૂર દરિયાપારના કોઈ સંસ્થાનમાં જઈ પોતાનું નસીબ અજમાવવા પ્રોસ્તાહિત કર્યા હતા. નજીકના અન્ય દેશવાસીઓની જેમ એમણે પણ ઑસ્ટ્રેલિયાના નવા વિકસી રહેલા પ્રદેશ ઉપર પસંદગી ઉતારી. તેમાં દક્ષિણપૂર્વ ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા, ન્યૂ સાઉથ વેલ્સ તથા સાઉથ ઑસ્ટ્રેલિયા પ્રાંતોની જમીન વધુ ફળદ્રુપ હોવાથી ઇંગ્લૅન્ડથી સ્થાયી વસવાટ માટે આવનારા વસાહતીઓ માટે પ્રથમ પસંદગીને પાત્ર બનતી હતી. બંને ભાઈઓએ એ પૈકીના વિક્ટોરિયા પ્રાંત ઉપર પસંદગી ઉતારી. પોતાના સાહસ માટે તેમણે અહીંની જમીન મેળવી અને તેની ઉપર આ ફાર્મ બનાવ્યું હતું.

એ માટે એમની પાસે નાણાંની સગવડ હતી જ. પોતાની મહેનત અને ખંતથી ત્રણેક વરસમાં જ પોતાની જમીનમાં ઘણો વધારો કર્યો હતો અને બંને ભાઈઓ પોતાની બુદ્ધિ અને શક્તિથી કુશળતાપૂર્વક તેનો વહીવટ કરતા હતા.

આ ત્રણ પ્રાંતો મળીને હાલમાં લગભગ ત્રણેક હજાર જેટલાં મોટાં ફાર્મો સ્થપાયાં હતાં.

માઇકલ અને સેન્ડી ભાઈઓએ પોતાના આ મોંઘેરા મહેમાનોના માનમાં મનભાવન નાસ્તો તૈયાર કરાવ્યો. ઑસ્ટ્રેલિયામાં પ્રવેશ કર્યા બાદ ગ્લેનાર્વને સૌપ્રથમ પેડી ઓ'મૂરની મહેમાનગતિ માણી હતી. માઇકલ અને સેન્ડી તરફની એવી જ ઉમળકાભરી મહેમાનગતિથી સૌ રાજીરાજી થઈ ગયાં.

ગ્લેનાર્વને પણ અત્યારના એમના આ અભિયાનનો ઇતિહાસ અને હેતુ જણાવ્યાં. જોકે કૅપ્ટન હેરી ગ્રાન્ટ અને તેના બ્રિટાનિયા જહાજસંબંધી કોઈ જ માહિતી આ ભાઈઓ પાસે ન હતી. એમણે એટલું જણાવ્યું કે બે વર્ષ પહેલાં બનેલી એ દુર્ઘટના બાદ તેઓ આદિવાસીઓના કેદી જ બન્યા હોવા જોઈએ. જો છૂટા હોત તો આ વિસ્તારના કોઈ પણ ફાર્મની એમને મદદ મળી શકી હોત, 'તમે જણાવો છો તેવી જ સ્થિતિ કૅપ્ટન ગ્રાન્ટના એક સાથી આયર્ટનની પણ થઈ હતી. ૩૭° અક્ષાંશ ઉપરના દરિયાકાંઠે તોફાનમાં સપડાયેલા જહાજમાંથી તેઓ ફેંકાઈ ગયા હતા. તેઓ બેભાન અવસ્થામાં હતા ત્યારે અહીંના આદિવાસીઓએ તેમનું અપહરણ કર્યું હતું, અને દેશના અંતરિયાળ ભાગમાં લઈ ગયા હતા. જોકે બે વરસ બાદ તે ભાગી છૂટવામાં સફળ થયો હતો અને લાંબી મજલ કાપી એડેલેઇડ નજીકના ફાર્મના માલિક પેડી ઓ'મૂર સાથે તેની મુલાકાત થઈ હતી. છેલ્લા એકાદ માસથી તે પેડીના ફાર્મમાં જ રહે છે અને તેનું કામકાજ કરે છે. અમે તેને ત્યાંથી અમારી સાથે જ લઈ આવ્યા છીએ.' ડંકનનૌકાના કૅપ્ટન મૅંગલ્સે આયર્ટનની વાત વિગત વાર જણાવી.

'એનો અર્થ એ થયો કે કૅપ્ટન ગ્રાન્ટ અને તેના બ્રિટાનિયા જહાજ અંગેની કોઈ જ માહિતી તમારી પાસે નથી.' લેડી હેલીના પણ ગ્રાન્ટ વિશે જાણવા ખૂબ જ આતુર હતાં.

'ના જી મૅડમ, એવી કોઈ માહિતી હોત તો તમને તે ઉપયોગી બની શકી હોત, તે હું જાણું

છું.' માઇકલે પૂરી અદબથી જવાબ આપ્યો.

'આદિવાસીઓએ ગ્રાન્ટને ખરેખર જ પકડ્યા હોય તો એની સાથે તેમણે કેવા પ્રકારનું વર્તન કર્યું હશે તે જાણવામાં અમને રસ છે. શું અહીંના આદિવાસીઓ અંગે તમને કાંઈ જાણકારી છે?' હેલીનાએ વધુ વિગત માગી.

'એ બાબતમાં ચોક્કસ કાંઈ કહી શકાય તેમ નથી. આ દેશના આદિવાસીઓ પોતાના કેદીઓ સાથે દુર્વ્યવહાર કરતા હોવાની કોઈ જ વાત આજસુધીમાં અમારા કાને આવી નથી. ઘણા યુરોપિયનો તેમના કેદી બન્યા હોવાનું અમે સાંભળ્યું હતું, પરંતુ એ માત્ર સાંભળેલી વાતો છે. વળી જહાજી દુર્ઘટનાના બનાવો અગાઉ બન્યા હતા. ૧૮૦૩માં ફિલિપ નામના બંદર નજીક એક જહાજને દરિયાઈ તોફાન નડ્યું હતું અને તે નષ્ટ થયું હતું. એનો એકમાત્ર બચી ગયેલો બકલે નામનો અંગ્રેજ હતો. આ વિસ્તારના આદિવાસીઓ તેને આવકારી સારી રીતે રાખ્યો હતો. એ માણસે ૩૩ વરસ એમની સાથે ગુજાર્યાં હતાં. ૧૮૪૬માં પ્રુવિયન નામનું જહાજ પણ પૂર્વના ખડકાળ કિનારા ઉપર તૂટી ગયું હતું. એનો કૅપ્ટન પણ આદિવાસીઓનો કેદી બન્યો હતો. એની કથા પણ તમારા કૅપ્ટન ગ્રાન્ટ જેવી જ છે. જહાજી દુર્ઘટનાના એવા ઘણા બનાવો બન્યાનું અમે જાણ્યું હતું, પરંતુ આદિવાસીઓએ એ પૈકીના કોઈની પણ હત્યા કરી હોવાનું સાંભળ્યું નથી. એને આધારે કહી શકું કૅપ્ટન ગ્રાન્ટ માટે પણ તમે સારા સમાચારની જ આશા રાખી શકો છો.

બંને ભાઈઓએ જણાવેલી હકીકતોથી એમના મહેમાનોને ઘણું જ આશ્વાસન મળ્યું. પોતાના અભિયાન અંગેની ધૂંધળી બની ગયેલી આશા પુનર્જિવિત થઈ. પેગેનલ તથા આયર્ટને અગાઉ જણાવેલી વિગતોને એનાથી સમર્થન મળતું હતું. લેડી હેલીના અને મૅરીની થોડા સમયની ગેરહાજરીમાં ગ્લેનાર્વને કામડેન બ્રિજની ગુનાહિત દુર્ઘટનાની વાતો કરી. એના ગુનેગારો તરફથી અહીં કોઈ ભયની શક્યતા અંગે પૂછપરછ કરી. માઇકલના જણાવવા પ્રમાણે આ વિભાગમાં ક્યારેય એવા બનાવો બને છે, પરંતુ ફાર્મના સો માણસોની હાજરીમાં એવું દુઃસાહસ કોઈ કરે એવી શક્યતા ન હતી.

બંને યજમાનો હવે ગ્લેનાર્વન વગેરેના મિત્રો બની ગયા હતા. બંનેના આગ્રહથી વધુ એક દિવસ અહીં રોકાઈ જવાનું નક્કી થયું. બાર કલાકનો વિલંબ થવાનો હતો, છતાં થોડા વધુ આરામની પણ સૌને જરૂર હતી.

મહેમાનોએ વધુ એક દિવસ ફાર્મ ઉપર રોકાવાનું નક્કી કર્યું. તેમના મનોરંજન માટે બંને ભાઈઓએ ફાર્મની આસપાસના વિસ્તારમાં શિકાર માટેનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. મહિલાઓ માટે પણ ખાસ ગોઠવણ કરવામાં આવી. બપોર થતાં સશસ્ત્રસજ્જ સાત શિકારીઓનું જૂથ પેટર્સન બંધુઓના ફાર્મની બહારના વિશાળ મેદાનો તરફ જવા નીકળ્યું. બંને મહિલાઓ પણ ચાર બળદ જોડેલી તેમની બળદગાડીમાં પાછળ હતી. ફાર્મના જ શિકારી કૂતરા પણ તેમની મદદમાં મોકલવામાં આવ્યા.

મહેમાનોના મનોરંજન માટે પસંદ કરવામાં આવેલું એ મેદાન યુરોપના કોઈ નાના દેશના વિસ્તાર કરતાં પણ મોટું હતું.

મેદાની ઇલાકામાં પ્રવેશ કરતાંની સાથે જ શિકારીઓએ તેઓની બંદૂકોમાંથી ભડાકા કર્યા. નાનો રૉબર્ટ પણ એમાં પાછળ ન હતો. મોટીબહેન મૅરીની કડક ચેતવણી છતાં તે સૌની આગળ દોડતો હતો. તેને પાછો બોલાવી લેવા તેણે પ્રયાસ કર્યો, પરંતુ કૅપ્ટન મેંગલ્સે રૉબર્ટની સલામતીની જવાબદારી પોતાને માથે લેતા મૅરીને રાહત થઈ.

શિકાર દરમિયાન સ્થાનિક કક્ષાના કેટલાક નાનાં પ્રાણીઓનો શિકાર થયો, પરંતુ સૌને વધુ રસ અહીંના વિશિષ્ટ પ્રાણી એવાં કાંગારુંઓમાં હતાં. બચ્ચાંના રક્ષણ માટેની કોથળીવાળા એ પ્રાણી જોવાનું હેલીના અને મૅરીને કુતૂહલ હતું. ઢળતી સાંજે કૂતરાઓને એ માટે કામે લગાડવામાં આવ્યા. એના ભસવાના અવાજથી એ વિસ્તારનાં કાંગારુંઓ દોડાદોડી કરવા લાગ્યાં. એમની સાથેનાં નાનાં બચ્ચાંઓ ડરના માર્યાં માની કોથળીમાં સંતાઈ ગયાં. એમના આગળના ટૂંકા પગની સરખામણીમાં પાછળના પગો વધુ લાંબા હતા. એવા પગના જોરે જ કાંગારુંઓ સ્પ્રિંગની જેમ ઊછળતાં ઊછળતાં દોડતાં હતાં.

દૂર ભાગી રહેલાં એ કાંગારુઓ પૈકીનું પાંચ ફૂટ જેટલી ઊંચાઈનું મોટું પ્રાણી બાકીના ટોળાથી છૂટું પડી ગયું. એના પાછળ કૂતરાઓ અને તેની પાછળ ઘોડેસવાર શિકારીઓ દોડવા લાગ્યા. મોટો ચકરાવો લઈને દોડતું કાંગારું શિકારીઓ ઊભા હતા તેની વધુ નજીક આવી ગયું. એની પાછળ દોડતા કૂતરાઓ આ પ્રાણીઓના પાછલા પગની જોરદાર લાતથી ડરતા હતા અને સમાંતર અંતર રાખીને દોડતા હતા.

દરમિયાન એક મોટું અને કસાયેલું કાંગારું એક મોટા ઝાડની પાછળ ઊભું રહી ગયું. માણસો અને કૂતરાઓના આક્રમણ સામે તે સ્વરક્ષણ માટે તૈયારી કરતું હોય તેમ જણાયું. એની પાછળ દોડતા કૂતરાઓ પૈકીના એક એની સાવ નજીક પહોંચી ગયો. એવા આક્રમણને ખાળવા માટે કાંગારુંએ પૂરેપૂરી તૈયારી કરી લીધી હોય તેમ લાગ જોઈને એક લમણાંતોડ લાત કૂતરાને લગાવી. ચિત્કાર કરતો કૂતરો દૂર ફેંકાઈ ગયો.

કાંગારુંની આ પ્રકારની અણધારી હિલચાલથી શિકારીઓ ડઘાઈને સ્થિર ઊભા રહી ગયા. સામે જ શિકાર ઊભો હતો. સૌની બંદૂકોમાંથી ગોળીઓની રમઝટ બોલી ગઈ. પાંચ ફૂટની ઊંચાઈ ધરાવતું મોટું મસ પ્રાણી એક તરફ ઢળવા લાગ્યું. આ ગોળીઓ છોડનારાઓમાં એક રૉબર્ટ પણ હતો. પોતે છોડેલી ગોળી નિશાના ઉપર લાગી હતી કે નહીં તેની ખાતરી કરવા પોતાના ઘોડા ઉપરથી ઊતરી તે કાંગારુંની નજીક દોડી ગયો. દુશ્મનને સાવ નજીક આવતો જોઈને ઢળી રહેલા કાંગારુંએ જોર કરીને છેલ્લો કૂદકો લગાવ્યો. સીધું એ પ્રાણી રૉબર્ટ ઉપર જઈને પડ્યું. આ પ્રકારના જમ્બો પ્રાણીના વજનથી રૉબર્ટે પોતાનું સમતુલન ગુમાવ્યું. એ નીચે પડી ગયો. એની ઉપર મરણોન્મુખ કાંગારુંનું ભારેખમ શરીર હતું.

આ સમગ્ર નાટક બહેન મૅરીની નજર સામે જ ભજવાયું. તેણે ચીસ પાડી. કૅપ્ટન મેંગલ્સ સાવધાન જ હતો. મરતાં પહેલાં પ્રાણી કાંઈ પણ કરવા પામે તે પહેલાં જ એનું ધારદાર ખંજર તેની છાતીમાં ઊતરી ગયું. નિષ્પ્રાણ બનેલા શરીરને એણે બાજુએ ધકેલી દીધું. ડઘાઈ ગયેલો રૉબર્ટ દોડીને પોતાની બહેનની બાંહોમાં સમાઈ ગયો. તે મેંગલ્સની આંખોમાં આંખ પરોવીને મૅરીએ આભાર વ્યક્ત કર્યો.

એક મોટા કાંગારુંના શિકાર સાથે ગ્લેનાર્વન પાર્ટીની એ સાહસ કમ મનોરંજન યાત્રાનો અંત આવ્યો. સાંજના છ વાગ્યા હતા. યજમાનના ફાર્મહાઉસ તરફ સૌ પાછાં વળ્યાં. અવનવી વાનગીઓ સાથેનું સાંજનું ભોજન તૈયાર હતું. આજના મનોરંજન અને સાહસસભર દિવસ તથા સંપૂર્ણ સલામતી સાથેની રાત્રિનો આરામ સૌ માટે યાદગાર બની ગયો.

સવાર થઈ આગળની મુસાફરી માટેની તૈયારી શરૂ થઈ. પૂર્વ દિશામાં પ્રસ્થાન પહેલાં ગ્લેનાર્વન, હેલીના તથા તમામ સાથીઓએ યજમાન બંધુઓની ભાવભીની વિદાય લીધી. ભવિષ્યમાં જ્યારે પણ સ્વદેશ આવવાનું થાય ત્યારે પોતાના માલ્કમ કેસલના મહેમાન બનવા

ગ્લેનાર્વન દંપતીએ બંને ભાઈઓને આમંત્રણ આપ્યું.

ઘોડેસવારોથી વિંટળાયેલી બળદગાડી હોટામ ડુંગરના વળાંકમાં આવી. એ સાથે પેટર્સન બંધુઓનું ફાર્મહાઉસ દેખાતું બંધ થયું. પાંચ માઈલ વધુ આગળ વધ્યા ત્યારે તેઓ હોટામ ફાર્મની બહાર નીકળ્યા. એ સાથેનું વિક્ટોરિયા પ્રાંતની અજ્ઞાત ભૂમિમાં તેમણે પ્રવેશ કર્યો.

૧૫
વિચિત્ર ઘટનાઓ

દક્ષિણપૂર્વમાં ઝડપથી આગળ વધવા આડે ઑસ્ટ્રેલિયન આલ્પ્સની લાંબી પહોળી પર્વતમાળા ખડી હતી. ઉત્તરદક્ષિણ પંદરસો માઈલ લાંબી અને ચાર હજાર ફૂટની ઊંચાઈએ પહોંચતી એ એક દુર્ગમ ડુંગરમાળા હતી. એને ઓળંગીને સામે પાર જવાનું કામ કપરું હતું.

આકાશ વાદળછાયું હતું. હવામાન એ કારણે સમઘાત હતું. શરૂના ચઢાણનો માર્ગ ઠીક લાગ્યો, પરંતુ ધીમેધીમે ચઢાણ મુશ્કેલ બનવા લાગ્યું. ભાલાની જેમ ઊભા ફૂટી નીકળેલા ખડકો વચ્ચે થઈને પૈડાંવાળા વેગનને આગળ ખેંચવાનું વધુ ને વધુ મુશ્કેલ બનવા લાગ્યું. ચાર જેટલા સશક્ત બળદો માટે પણ એ ભારેખમ ગાડીને ઉપર ખેંચવાનું મુશ્કેલ બનતું ગયું. ધોરિયાં સાથે જોતરેલી ધૂંસરીમાંથી સતત ચૂં-ચૂં અવાજ થતો રહ્યો. બળદો પણ તેમનાં ફેફસાં ફાટી જવાનાં હોય તે રીતે હાંફતાં હતા. એક પછી એક અને અવરજવર આવતા ખાડાટેકરાને પૂરેપૂરી રીતે અવગણવાનું મુશ્કેલ હતું. કેવળ લાકડાની બનેલી ગાડીમાં ભાંગતૂટ થાય તે હવે થોડા સમયનો જ સવાલ હતો. રસ્તો મુશ્કેલ અને ભયજનક હતો.

અનેકાનેક અંતરાયોને કારણે વણજારની ગતિ સાવ ધીમી પડી ગઈ. સાંજ પડતાં અહીંના કોવાંગ્રા ખાડીના કિનારા ઉપર સમથળ અને સલામત જણાતા સ્થળે રાત્રિ-મુકામની તૈયારી કરી.

સૌ થાક્યાં હતાં. તકલીફોથી ભરેલો આ ડુંગરાળ માર્ગ સૌની ધીરજ અને શક્તિની કસોટી કરી રહ્યો હતો.

‘લાગે છે, સામેની અનંત દેખાતી પર્વતમાળાનો કદી પણ અંત આવશે જ નહીં. યુરોપની આલ્પ્સ પર્વતમાળા જેવી જ સ્થિતિ અહીં પણ છે.’ થાકીને હતાશ બનેલા ગ્લેનાર્વનને પણ મુસાફરી આકરી લાગવા માંડી.

‘છેક એવું નથી, મહાશય ગ્લેનાર્વન, યુરોપનાં સંખ્યાબંધ ગિરિશિખરોની સરખામણીમાં અહીંના ડુંગરાઓ તો તેના બગલબચ્ચાં જેવાં જ છે. એને ઓળંગવામાં ઝાઝી મુશ્કેલી નડવાની કે ખાસ વિલંબ થવાની શક્યતા હું જોતો નથી.’ પેગેનલે આશ્વાસન આપવા પ્રયાસ કર્યો હતો, પરંતુ મેજરે તરત જ તેને સખત પ્રતિસાદ આપ્યો,

‘વાતો કરવાનું સહેલું છે, પેગેનલ મહાશય! એ તો વાસ્તવિક સ્થિતિનો જેણે સામનો કરવાનો આવ્યો હતો તેને જ ખબર પડે. આરામખુરશીમાં બેઠાં બેઠાં કલ્પનામાં મુસાફરી કરવાની હોય ત્યારે તે જરૂર સરળ લાગે.’

‘અરે હોય કાંઈ? હું પણ આ ખડકાળ અને મુશ્કેલ માર્ગ ઉપર તમારી જેમ જ ચાલી રહ્યો છું. હું કોઈ આરામખુરશીમાં બેસીને મનમાં પરિભ્રમણ કરનારો ભૂગોળશાસ્ત્રી નથી. અહીં

આ ખંડની ધરતી ઉપર પગ મૂક્યા પછી મેં એક વાર પણ કોઈ બાબતમાં ભાંગરો વાટ્યો નથી, એ બાબતની તો તમે કોઈ નોંધ લેતા જ નથી.' મેજરની ઠઠ્ઠામશ્કરીનો જવાબ પેગેનલ ગંભીરભાવે આપતો હતો.

'ના ના! પેગેનલસાહેબ, તમારી રીતે તમે મહાન જ છો. એનો કોઈ ઇનકાર કરી શકે તેમ નથી. તમારી વાત સાચી છે. આ વખતે તમે કોઈ ભૂલ કરી નથી.' કુ. મૅરી ગ્રાન્ટ પણ ચર્ચામાં જોડાઈ.

'મૅરી સાથે હું સંમત થાવું છું. તમારી ભૂલો કે ભાંગરામાં પણ આખરે તો તમારી વિદ્વતા જ છતી થાય છે. અમને તેનો આનંદ છે.' મૅરીના કથનનું હેલીનાએ સમર્થન કર્યું.

'આ તો બહું ખોટું થયું કહેવાય કે હજી સુધી મેં એવી કોઈ હાસ્યાસ્પદ ભૂલ કરી નથી. મને થાય છે કે તમારા મનોરંજન માટે પણ એવું પરાક્રમ મારે કરવું જ પડશે.'

નવમી જાન્યુઆરીના દિવસની મુસાફરી પણ કષ્ટમય જ રહી. પેગેનલે આપેલી ખાતરી છતાં માર્ગની મુશ્કેલીઓ વધતી જ ગઈ. આગળનું એક સ્થળ તો એવું હતું, જ્યાં બંને બાજુએ ઊંચા ખડકોની વચ્ચે રસ્તા તરીકે ઊંડી સાંકડી નેળ જ હતી. એમાં પ્રવેશ ફરજિયાત હતો, કેમ કે પાછા ફરવાનું પણ શક્ય ન હતું. આગળ શું હતું તેની પેગેનલ કે આયર્ટનને પણ ખબર ન હતી. ચિંતાથી ભરેલી આગેકૂચ બાદ નેળનો અંત આવ્યો. બહાર નીકળતાં જ સૌએ રાહત અનુભવી. એટલું જ નહીં, ત્યાંથી નજીકમાં જ ખંડિયેર જેવું મકાન જોવામાં આવ્યું.

ખોટે રસ્તે ચડાવી દઈને સૌને તકલીફમાં મૂકવાનો બદઇરાદો હતો એ આક્ષેપ એની પોતાની સામે થવાનો આયર્ટનને ડર હતો. એ મકાન આગળ લટકાવવામાં આવેલા જૂનાં પાટિયાં ઉપર 'બુશ-ઇન' નામ વાંચી એને રાહત થઈ.

'અરે! આવા વેરાન વગડામાં અહીં મુસાફરખાનું? એવો કયો ગ્રાહક હશે જે અહીં આવવાનું અને ભૂલથી અહીં આવી ચઢ્યા બાદ અહીં રહેવાની હિંમત કરી શકે?' આવા અવાવરું અને ભયજનક સ્થળમાં મુસાફરખાનું જોઈને પેગેનલ બોલી ઊઠ્યો.

'કેમ? આપણા જેવા ભૂલા પડેલા મુસાફરોને માર્ગદર્શન આપવા તે જરૂર ઉપયોગી બની શકે.' ગ્લેનાર્વને કહ્યું. એની એ અપેક્ષા અક્ષરશઃ સાચી પડી હોય તેમ મકાનની દીવાલ ઉપર લગાવવામાં આવેલી એક નોટિસ તરફ એનું ધ્યાન ગયું. જોકે એને વાંચ્યા વિના જ સૌ અંદર ગયાં. 'બુશ-ઇન' નામના એ મુસાફરખાનાનો માલિક પણ અહીંની સૂકીભઠ્ઠ અને ખડકાળ ભૂમિ જેવો જ જરઠ અને કડછા જેવો હતો. રહેવાની સગવડ આપવા ઉપરાંત વિવિધ પ્રકારના દારૂ પણ તે વેચતો હતો. વ્યવસ્થિત લાગતા મુસાફરોને જોઈને તેને થયું કે એઓ પણ દારૂ ખરીદવા આવ્યા હશે. મોટે ભાગે તો ચોરલૂંટારા ઉપરાંત ક્યારેક ભૂલા પડેલા મુસાફરો જ અહીં આવતા હોવાનો માલિકનો અનુભવ હતો.

ગ્લેનાર્વને આયર્ટનની હાજરીમાં જ આગળના માર્ગની માહિતી પૂછી. તેના જવાબને આધારે આયર્ટનને પૂરતી માહિતી મળી ગઈ. આગળ વધતાં અગાઉ ગ્લેનાર્વને એ માલિકને યોગ્ય પુરસ્કારથી નવાજ્યો.

મુસાફરખાનામાંથી બહાર નીકળતી વેળા બહારની દીવાલ ઉપર લગાવેલી પેલી નોટિસ ઉપર ગ્લેનાર્વને ધ્યાન આપ્યું. આ વિસ્તારમાં આવતા મુસાફરો માટે એમાં અગત્યની સૂચનાઓ હતી. ચેતવણી પણ આપવામાં આવી હતી. એમાં જણાવ્યા પ્રમાણે બેન જોઇસ નામનો એક ગુનેગાર એની સાથેના ભાગેડુ ગુનેગારોની ટોળી સાથે આ વિસ્તારમાં ગુનાહિત પ્રવૃત્તિ માટે ફરતો

હોવાની માહિતી પોલીસને મળી હતી. એને પકડવામાં મદદરૂપ બનનારને સો પાઉન્ડનું ઇનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

'આવા ગુનેગારોને તો ફાંસીને માંચડે લટકાવી દેવા જોઈએ.' ગ્લેનાર્વન બોલ્યા.

'એ પહેલાં એને પકડાવી દેવાનું વધુ યોગ્ય છે. એ માટે સો પાઉન્ડનું ઇનામ છે તે વાંચ્યું ને?' આયર્ટને જણાવ્યું.

'મને આ મુસાફરખાનાના માલિકનું વલણ સમજાતું નથી. એના મકાન ઉપર નોટિસ હોવા છતાં એના ઉપર એનું ધ્યાન કેમ ગયું નહીં હોય?'

ભાગેડુ ગુનેગાર બેન જોઇસ સંબંધી આ સૂચનાથી ગ્લેનાર્વનની ચિંતામાં વધારો થયો.

મળેલા માર્ગદર્શન પ્રમાણે આગળની મુસાફરી શરૂ થઈ. અગાઉ કરતાં પણ વધુ કઠિન ચઢાણ હતું. સામાન અને માણસોના ભાર સાથેની ગાડીને ઉપર ખેંચવામાં બળદોને મથામણ કરવી પડતી હતી. એ બોજ ઘટાડવા તથા સલામતી માટે ક્યારેક બંને સ્ત્રીઓએ ગાડીમાંથી બહાર નીચે ઊતરીને ચાલવું પડતું, તો ક્યારેક ગાડીને આગળ ધકેલવા માટે સાથીઓએ જોર લગાવવું પડતું. તેમ જ બળદની આગળ ઘોડાઓને પણ જોતરવા પડતા.

આગળની મુસાફરી દરમિયાન લકનાવ નામના સ્થળ તરફ જવાના માર્ગનો છેડો હતો, પરંતુ ગ્લેનાર્વનનું લક્ષ્ય પૂર્વ તરફનું હતું. આગળના મુકામથી સવારે મુસાફરી શરૂ કરતી વખતે જણાયું કે થાકને કારણે કે અન્ય કોઈ અજ્ઞાત કારણે મૂલરેડીનો ઘોડો મૃત્યુ પામ્યો હતો. તાત્કાલિક એના કારણનું નિદાન થઈ શક્યું નહીં. ગ્લેનાર્વને પોતાનો ઘોડો એને આપ્યો. પોતે હેલીનાની સાથે ગાડીમાં બેસવાનું પસંદ કર્યું.

ઑસ્ટ્રેલિયન આલ્પ્સની આ ડુંગરમાળા ઉત્તરદક્ષિણે ઘણી લાંબી હતી, પરંતુ પૂર્વપશ્ચિમ એની પહોળાઈ માત્ર આઠેક માઈલ જેટલી જ હતી. આયર્ટને પસંદ કરેલા માર્ગે આગળ વધતાં વધુ અડતાલીસ કલાકની મુસાફરી બાદ તેઓ આ મુશ્કેલ માર્ગની બહાર નીકળી શકે તેમ હતું. ત્યાર બાદ ત્યાંથી આગળ દેશના પૂર્વ કિનારાની મુસાફરી આસાન બની જશે એવું આયર્ટને સૌને સમજાવ્યું.

૧૮મી જાન્યુઆરીના રોજે સૌ આ ડુંગરમાળાના સૌથી ઊંચા સ્થાને પહોંચી ગયાં. એ સ્થાન ટેબલલૅન્ડ જેવું હતું. એની ઊંચાઈ ૨૦૦૦ ફૂટ હોવાનો અંદાજ પેગેનલે બાંધ્યો. બીજા દિવસથી પૂર્વ તરફનો ઢોળાવનો માર્ગ શરૂ થયો. ખડકો અને ખાડા ટેકરા હોવા છતાં ઉતરાણ એકંદરે આસાન હતું, પરંતુ નવી મુશ્કેલી ઊભી થઈ. કરાનો વરસાદ શરૂ થયો. સામાન્ય કરાથી મોટા એવા બરફના ગાંગડા આકાશમાંથી ધડાધડ નીચે અફળાતા હતા. ચક્રવાતની સાથે ઊંચે ચડતા જળસ્તંભથી જેટલું નુકસાન થાય, તેનાથી પણ વધુ નુકસાન આ વરસાદથી થવા લાગ્યું. પેગેનલ તથા રૉબર્ટ એની મજા લેવા ખુલ્લામાં બહાર નીકળ્યા, પરંતુ માથું ફૂટી જાય તેવા ભયથી તેમણે પીછેહઠ કરવી પડી. સૌ પોતપોતાના ઘોડા સાથે ખડકો કે વૃક્ષોની આડમાં ઊભાં રહી ગયાં. ગાડીની દશા સૌથી ખરાબ હતી. હેલીના તથા મૅરી માટે ગાડીનું છત્ર આશ્રયસ્થાન હતું, પરંતુ એ છત્ર માટે કોઈ આશ્રય ન હતો. ઉપરથી પડતા ધારદાર ટુકડાઓથી કાપડનું બનેલું છાપરું ઠેકઠેકાણે ફાટી ગયું અને તેમાં કાણાં પડવા લાગ્યાં.

એકાદ કલાક ચાલેલી એ બરફવર્ષામાં મુસાફરી થંભી ગઈ. એવી ઘાતક વર્ષાનો અંત આવ્યો ત્યાર પછી જ સૌ આગળ વધી શક્યાં, પરંતુ બરફવર્ષાને કારણે ઉતરાણનો માર્ગ લપસણો બની ગયો હતો. મુસાફરીની ઝડપ એ કારણે સાવ ઘટી ગઈ. સાંજ સુધીમાં ધીમેધીમે

સાવચેતીથી સૌ ગીપ્સલૅન્ડના સપાટ પ્રદેશમાં નીચે ઊતરી આવ્યાં. ઑસ્ટ્રેલિયન આલ્પ્સની ગિરિશૃંખલા અહીં પૂરી થઈ. સૌએ રાહતનો દમ લીધો.

રાત્રિમુકામ દરમિયાન આયર્ટને ગ્લેનાર્વન સમક્ષ જૂનો પ્રસ્તાવ નવી રીતે રજૂ કર્યો. અગાઉના મુકામેથી લકનવ નામના ત્રિભેટા પાસે આવતાં એણે જણાવ્યું હતું કે ત્યાંથી સીધા પૂર્વમાં જવાને બદલે સૌએ દક્ષિણમાં સીધાં મેલબૉર્ન પહોંચવું જોઈએ. ત્યાં જો ડંકનનૌકાની મરામત થઈ ગઈ હોય તો તેમાં જ પૂર્વ તરફની મુસાફરી કરી ટુ-ફોલ્ડ બેના દરિયાકાંઠે પહોંચવાનું વધુ અનુકૂળ રહેશે એવી તેની રજૂઆત હતી. દરમિયાન કોઈ ઝડપી સંદેશાવાહકને ત્યાં મોકલી ડંકનનું સમારકામ તાકીદે કરાવવા સંદેશો મોકલવો. જોકે તે સમયે એ પ્રસ્તાવ સ્વીકારાયો ન હતો. ત્યાંથી પૂર્વમાં અહીં સુધી આગળ વધ્યા પછી આયર્ટને પોતાનો પ્રસ્તાવ નવેસરથી રજૂ કર્યો. માણસને મેલબૉર્ન મોકલીને નૌકાને ટુ-ફોલ્ડ બેના નિશ્ચિત સ્થાને લાવવા સંદેશો મોકલવા આયર્ટન આગ્રહ કરતો જ રહ્યો. એણે જણાવ્યું કે એવો સંદેશો મોકલવાની એ છેલ્લી જ તક હતી.

ગ્લેનાર્વનને આયર્ટનમાં પૂરેપૂરો ભરોસો હતો. એના પ્રસ્તાવમાં એને કાંઈ વાંધાજનક જણાયું નહીં, છતાં તે અવઢવમાં હતા, પરંતુ મેજર નેબ્સ અને કૅપ્ટન મૅંગલ્સે એનો વિરોધ કર્યો. બંનેએ જણાવ્યું કે જમીનમાર્ગે આગળ વધવામાં આયર્ટનની મદદની જરૂર પડવાની હતી. વળી, બ્રિટાનિયાની દુર્ઘટનાનો તે એકમાત્ર સાક્ષી હતો અને એ રીતે મોકલવાનું બંનેને યોગ્ય લાગતું ન હતું. એમણે એમ પણ કહ્યું કે સંદેશવાહક મેલબૉર્ન પહોંચે તે અગાઉ જ ડંકનનું રિપેર કામ પૂરું થઈ ગયું હોય અને અગાઉની સૂચના પ્રમાણે ઑસ્ટ્રેલિયાના પૂર્વકાંઠે ટુ-ફોલ્ડ બેમાં આવવા નીકળી ચૂકી હોય તો શું?

ચર્ચાને અંગે ગ્લેનાર્વને નિર્ણય આપ્યો કે અગાઉ નક્કી થયા પ્રમાણે જમીનમાર્ગે જ પૂર્વમાં આગળ વધવું. એણે નિર્ણય જણાવ્યો ત્યારે નેબ્સની નજર આયર્ટનના મોં ઉપરના ભાવો વાંચી રહી હતી. એને ખ્યાલ આવી ગયો કે આયર્ટન નારાજ હતો. એક જ બાબત માટેનો એનો અતિ આગ્રહ નેબ્સને સમજાતો ન હતો, એમાં એને કાંઈ ભેદ છુપાયેલો લાગતો હતો. વણજાર એકધારી ધીમી ગતિથી પૂર્વમાં આગળ ધપતી રહી. બપોરના બે વાગ્યા બાદ ફર્ન નામે ઓળખાતા વેલાઓથી ભરેલા, ભીની અને પોચી માટીવાળા વિસ્તારમાં પ્રવેશ્યાં. લીલાં પાંદડાંના પથારા ઉપર અસંખ્ય સુંદર ફૂલોની મહેક પ્રકૃતિપ્રેમી પેનેગલના નાકને સ્પર્શી ગઈ. એવી સ્થિતિમાં સૌ કરતાં એ આગળ નીકળી ગયો. એવા વેલાઓ અને ફૂલોમાં છુપાયેલાં પક્ષીઓ પાંખો ફફડાવતાં ઊડવા લાગ્યાં. પેગેનલ પોતાની જ મસ્તીમાં આગળ વધ્યો હતો. ત્યાં જ એક વિચિત્ર ઘટના બની. પાછળ આવી રહેલા સાથીઓએ જોયું કે પેગેનલનો ઘોડો આગળના પગ વાળી રહ્યો હતો અને પેગેનલ એ ઘોડાની આગળ ઊથલી પડ્યો. સવાર વિનાનો એ ઘોડો ત્યાર બાદ જમીન ઉપર ઢળી પડ્યો.

તરત જ બધાં ત્યાં પહોંચી ગયાં. જમીન પોચી હતી અને તેના ઉપર વેલાઓ છવાયેલા હતા. એ કારણે પેગેનલને કાંઈ પણ ઈજા થઈ ન હતી. તરત જ તે બેઠો થઈ ગયો. ઘોડાના નાક ઉપર હાથ મૂકીને તેની શ્વસન ક્રિયા જાણવા પ્રયાસ કર્યો. તરત જ બોલી ઊઠ્યો,

'અરે! આ તો મરી ગયો છે. અગાઉ મૂલરેડીનો ઘોડો પણ આ રીતે જ મર્યો હતો. આનો પણ એ જ રીતે અંત આવ્યો છે.'

સૌએ એ ઘોડાને ફરીથી તપાસ્યો. ઘોડાનું શરીર નિર્જીવ હતું.

‘આ બહુ જ વિચિત્ર બાબત છે. મૂલરેડીના ઘોડાનું મૃત્યુ થયું ત્યારે આપણે માન્યું હતું કે એક અકસ્માત હશે, પરંતુ સમાંતરે બનેલી એવી જ આ બીજી ઘટનાને અકસ્માત ગણી અવગણી શકાય નહીં. એનું કારણ શોધવું જ પડશે. વળી આ ઘટના છેલ્લી જ હોય તેની શી ખાતરી? આ વેરાન વગડામાં બીજા ઘોડા મેળવવાનું પણ શક્ય નથી.’

ત્યાર બાદ થોડા જ સમયના આંતરે વિલ્સનના ઘોડાનો તથા ગાડી ખેંચતા ચાર પૈકીના એક બળદનો પણ એ જ રીતે કરુણ અંત આવ્યો. હવે માત્ર ચાર ઘોડા અને ત્રણ બળદો જ બાકી હતા. એમાં પણ ઘટાડો થવાનો ભય સૌના મન ઉપર છવાઈ ગયો. ટુ-ફોલ્ડ બેનો સાગરકાંઠો હજી એકસો વીસ માઈલ દૂર હતો. બળદગાડીની સગવડ વિના બંને સ્ત્રીઓ માટે પગપાળા એટલું અંતર કાપવાનું મુશ્કેલ હતું. એવી ચિંતા સાથે પેગેનલ અને મેંગલ્સે બાકીનાં પ્રાણીઓને તપાસ્યાં. એ સમયે તો તે તંદુરસ્ત જણાયાં છતાં તેમને ભવિષ્યની ચિંતા થવા લાગી.

વધુ સમય અહીં રોકાવાનું શક્ય ન હતું. જરૂરી પ્રાણીઓનાં વિચિત્ર રીતનાં મૃત્યુથી સૌને આ અભિયાનની યથાર્થતા બાબત શંકા થવા લાગી. થોડા સમય માટે બે જણાએ પેદલ ચાલવું અને ત્યાર બાદ ગાડીમાં બેસવા માટેની વ્યવસ્થા નવેસરથી ગોઠવવામાં આવી.

દિવસ દરમિયાન માત્ર દસ માઈલ આગળ વધી શકાયું. દિવસ એ રીતે બહુ જ ખરાબ ગયો. રાત્રે ફર્ન વનસ્પતિના પથારા ઉપર જ મુકામ કરવો પડ્યો. બહાર જીવજંતુનો ત્રાસ હતો, છતાં તંબુનું રક્ષણ મોટું હતું. એ પછીનો દિવસ પણ ઠીક રહ્યો. પંદર માઈલ આગળ વધી શકાયું. આખરે સૌ અહીંની સ્નોઈ રીવર (Snowy River) નામે ઓળખાતી નદીને કાંઠે આવીને અટક્યાં. એનાં પાણી પૂર્વ તરફ વહીને પ્રશાંત સાગરમાં ઠલવાતાં હતાં.

ઝાડીઝાંખરાં અને ફર્ન વેલાઓના પથારાને વટાવતો સંઘ ધીમેધીમે આગળ વધ્યો, પરંતુ હવે જમીન પોચી તથા કળણવાળી હતી. એવી ભેજવાળી જમીનમાં ગાડીનાં ભારેખમ પૈડાં ઊંડા ચીલા પાડવા લાગ્યાં. એને મુશ્કેલીથી ખેંચી રહેલા ત્રણ બળદોની પણ એવી જ સ્થિતિ હતી. આખરે ભીના કાંપનો એક ભાગ એવો આવ્યો જ્યાં બળદો ચાલતા અટકી ગયા. એમના પગ કાદવમાં ઘૂંટણ સુધી ખૂંપી ગયા હતા. આયર્ટન તરફના પ્રોત્સાહિત કરનારા બુચકારા છતાં બળદો ગાડીને કાદવમાંથી બહાર કાઢી શક્યા નહીં.

આમ પણ સાંજ ઢળી ચૂકી હતી. રાત્રિમુકામ ત્યાં જ ખુલ્લી જમીનમાં કરવાનું નક્કી થયું. ગાડીની ધૂંસરીના બંધનમાંથી મુક્ત કરાયા બાદ જ બળદોને કાદવમાંથી બહાર કાઢી શકાયા.

ગાડી હવે ત્યાં જ કાદવમાં બરાબરની ખૂંપી ગઈ હતી. એનાં આગળનાં પૈડાં તો આખેઆખાં ઊંડાં ઊતરી ગયાં હતાં. એવી સ્થિતિને જોઈને ત્યાં જ નજીકમાં પડાવ નાખવાનું ગ્લેનાર્વને સૂચન કર્યું. બધાને જ આરામની જરૂર હતી. રાત્રિભોજન માટેની સૂકીપાકી વાનગીમાં કોઈને જ રસ પડ્યો નહીં. કાદવમાં ખૂંપેલી હોવા છતાં હેલીના અને મૅરી માટે ગાડીમાં જ સલામતી હતી. બાકીનાઓએ તંબુમાં લંબાવ્યું. ઊંઘ માટે વાટ જોવાની જરૂર જ ન હતી.

નીરવ રાત્રિમાં નિશાચર પક્ષીઓ તરફના અવાજથી વિક્ષેપ પડતો હતો. એવા એક અવાજના કલબલાટથી રાત્રિના ૧૧ વાગ્યાના અરસામાં મેજર નેબ્સની આંખો અચાનક ખૂલી ગઈ. તંબૂની અંદર તથા બહાર ગાઢું અંધારું હતું. દૂરદૂરથી ધીમી ગડગડાટી જેવો અવાજ એના કાને અથડાયો. કુતૂહલ થતાં એ તંબુની બહાર આવ્યો. ક્ષિતિજ ઉપર વીજળીના ઝાંખા ચમકારા એના જોવામાં આવ્યા. એને ખ્યાલ આવી ગયો કે વાદળો ધીમેધીમે આકાશમાં ફેલાઈ રહ્યાં હતાં. વીજ અને ગડગડાટી એને કારણે જ હતાં.

એ ઉપરાંત એક નવું જ કૌતુક એની નજર સામે ઊભરી રહ્યું. એને લાગ્યું કે ઝાંખા પ્રકાશનો પટ એની નજર સામે રચાયો હતો અને એવો એ પટ ધીમેધીમે આગળ વધી રહ્યો હતો. પ્રથમ નજરે નેબ્સને લાગ્યું કે દૂરની વનરાજીમાં આગ લાગી હતી અને તેનો એ પ્રકાશ હતો, પરંતુ ના! એણે અનુભવ્યું કે એ પ્રકાશમાં દઝાડનારી કોઈ ગરમી ન હતી. તેમ જ ઝાડીઝાંખરાં બળવાનો તડતડ જેવો કોઈ અવાજ પણ આવતો ન હતો. એવા પ્રકાશમાં મેજરને જણાવ્યું કે એની સમક્ષ નાની-મોટી મશરૂમ વનસ્પતિ દૂરદૂર સુધી ભેજવાળી જમીનમાંથી ફૂટી નીકળી હતી અને તેની ઉપરની છત્રી જમીનમાંના ગંધકનાં કોઈ તત્ત્વને કારણે ઝાંખી ઝાંખી પ્રકાશી રહી હતી.

કુદરતની એવી અદ્‌ભુત કરામતને મેજર ક્યાંય સુધી માણી રહ્યો. ઝાંખા પ્રકાશનું એ અદ્‌ભુત દૃશ્ય જોઈ એને પ્રકૃતિપ્રેમી પેગેનલ યાદ આવ્યો. પેગેનલને એ માટે ઊંઘમાંથી જગાડવા એ તંબુમાં જતો હતો ત્યાં જ સામેના એ દૃશ્યની સાથે કાંઈક રહસ્યભરી હીલચાલ થતી હોય તેમ એને લાગ્યું. સ્થિતિમાં થોડો બદલાવ આવ્યો હોવાનું એણે અનુભવ્યું.

ગંધકનો પ્રકાશ વેરતાં મશરૂમના એ પથારાની પેલે પાર એકથી વધુ માણસોના હોય તેવા કેટલાક પડછાયા નજીક આવી રહ્યા હોવાનો એને આભાસ થયો. શરૂમાં એને એ ભ્રમણા જ લાગી. તેમ છતાં સલામતીના હેતુ માટે એ જરૂરી હતું કે એ ખરેખર શું હતું તેની જાણકારી મેળવવી.

દેખાઈ રહેલા એવા ઓળા મોટે ભાગે જમીન ઉપર ઘાસમાં આડા પડીને આગળ ઘસડાતા હતા. એનું રહસ્ય જાણવા એની નજીક જવાનું એણે નક્કી કર્યું. પોતે પણ આજુબાજુના ઘાસ તથા અન્ય વનસ્પતિની આડમાં સૂઈ ગયો અને કોઈનું ધ્યાન ખેંચાય નહીં તેવી રીતે એણે આગળ ખસવા માંડ્યું. એને હવે ખાતરી થઈ કે એણે અનુભવેલું દૃશ્ય ભ્રમણા ન હતી, પરંતુ કેટલાક માણસો કાંઈક શોધતા હોય તે રીતે સૂતા સૂતા આગળ વધી રહ્યા હોવાની વાસ્તવિકતા હતી.

મનમાં એટલી સ્પષ્ટતા પછી એનું રહસ્ય પૂરેપૂરું જાણવાનો એણે નિશ્ચય કર્યો અને ધીમેધીમે એ દિશામાં તેણે આગળ ખસવા માંડ્યું.

૧૬
કાતિલ રહસ્યોદ્‌ઘાટન

ખોફનાક કહી શકાય તેવી એ રાત હતી. વાદળોના ઘટાટોપને કારણે કાળું ડિબાંગ અંધારું હતું. મધરાત બાદ બે વાગ્યાથી વરસાદ શરૂ થયો. શરૂઆત સાવ હળવી હતી, પરંતુ ધીમેધીમે એ સાંબેલાંધાર બની ગયો. ઠેરઠેર છીદ્રાળુ બની ગયેલો તંબુ એની સામે રક્ષણ આપવા સાવ નકામો બની ગયો. એમાં સૂતેલા કોઈ પણ ઊંઘી શકે એવી સ્થિતિ ન હતી. ગ્લેનાર્વને એ સૌને આગ્રહ કરીને ગાડીમાં બોલાવી લીધા. ગાડીની સ્થિતિ પણ સારી ન હતી. એના આગલા ભાગનાં પૈડાં પૂરેપૂરાં કાદવમાં ખૂંપી ગયાં હતાં. કરાના ધારદાર ગાંગડાઓથી એની છતમાં પણ કાણાં પડી ગયાં હતાં.

લેડી હેલીના અને કુ. મૅરી ગાડીના આગળના ભાગમાં હતાં તેમાં હવે તમામ સાથીઓની એન્ટ્રી થઈ. એવી ભીડમાં પગ પસારીને સૂવાની તો શક્યતા જ ન હતી. સૌએ બેઠાંબેઠાં જ ગપસપ ચાલુ રાખી. મેજર નેબ્સ પણ વરસાદને કારણે હવે ગાડીમાં આવી ગયો હતો. શરૂની રાત દરમિયાન ગંધકયુક્ત મશરૂમમાંથી નીકળતા મંદ પ્રકાશમાં થોડા અંતરે એણે જે ઘટના જોઈ હતી તે વિષયમાં હાલ તુરત મૌન રહેવાનું જ એણે પસંદ કર્યું.

રાત્રિ દરમિયાન ચાલુ રહેલી વરસાદની હેલી સવાર સુધીમાં ધીમી બની. જોકે રાત્રિનો ભારે વરસાદ સાર્વત્રિક હોય તો સ્નોઈ રિવરમાં પૂર આવવાની શક્યતા હતી. અહીંથી આગળ વધતાં પહેલાં ગ્લેનાર્વનને કળણમાં ખૂંપેલી ગાડીની ચિંતા તો હતી જ. તેમાં હવે નદીના પૂરની ચિંતા ઉમેરાઈ. દિવસના પ્રકાશમાં સાથીઓની સાથે ગાડીને તેણે ચારે બાજુએથી તપાસી. કાદવમાંથી બહાર ખેંચીને એને ફરીથી રસ્તા ઉપર લાવી ચલાવવાનું કામ અશક્ય જેવું લાગતું હતું.

આગલી સાંજે અહીં પડાવ નાખ્યો ત્યારે બળદો તથા ઘોડાને બંધનમાં મુક્ત કરીને ચરવા માટે ખુલ્લામાં જ છૂટા મૂકવામાં આવ્યા હતા. મુસાફરી આગળ વધારવા માટે હવે તેની જરૂર હતી. સૌએ તપાસ આદરી. આજુબાજુમાં સૌ ફરી વળ્યા. ઊંચા ઘાસ વચ્ચે સાવ સુકાઈ ગયેલા છતાં વરસાદથી ભીનાં બનેલાં અનેક વૃક્ષો ભૂતની જેમ ઊભાં હતાં. એની સુકાઈ ગયેલી ડાળીઓ હજી મૃત થડ સાથે જ વળગેલી હતી. જમીન પોચી અને સારી હોવા છતાં આ વૃક્ષો ક્યારે સુકાયાં હતાં અને શા કારણે સુકાયાં હતાં, તેનો પેગેનલને અંદાજ આવતો ન હતો. તપાસ કરવા છતાં બળદો અને ઘોડા જોવામાં આવ્યા નહીં. આયર્ટન તો છેક નદીના કિનારા સુધી તપાસ માટે જઈ આવ્યો. પ્રાણીઓને બોલાવવા માટે તેને પરિચિત એવો સિસોટીનો અવાજ પણ વારંવાર કાઢ્યો. આખરે એકાદ કલાકની શોધખોળ બાદ દૂર આવેલા ઝાંખરાંના ઝૂંડમાંથી

બળદના ભાંભરવાનો તથા ઘોડાની હણહણાટીનો ધીમો અવાજ આવ્યો. સૌ એ તરફ દોડ્યાં.

ત્યાંનું દૃશ્ય જોઈને સૌને આઘાત લાગ્યો. બે બળદો અને ત્રણ ઘોડા ઘાસમાં આડા પડેલા હતા. એનાં શરીરો ઠંડાં પડી ગયાં હતાં. ખ્યાલ આવ્યો કે તે મરણ પામ્યાં હતાં. કાગડાની જાતનાં મોટાં પક્ષીઓ બાજુની ઝાડીમાંથી અવાજ કરતાં હતાં. તેમને માટે આ મરેલાં પ્રાણીઓ જયાફત માટેનું આમંત્રણ જેવાં હતાં. ગ્લેનાર્વન વગેરે સૌ મૂંગાં બની ગયાં. બોલવાના તેમણે હોશ ગુમાવ્યા હોય તેવી સ્થિતિ હતી. આખરે ગ્લેનાર્વને મૌન તોડ્યું. આયર્ટનને સૂચના આપી:

'હવે આ બચી ગયેલાં પ્રાણીઓને અહીંથી જલદીથી બહાર કૅમ્પ પાસે લઈ લો. એના ઉપર જ આપણો આધાર છે. એમને ગુમાવવાનું આપણને પરવડશે નહીં.' મુકામ ઉપર આવ્યા બાદ ગ્લેનાર્વને સૌને પ્રાણીઓના વિચિત્ર સંજોગોમાં થયેલાં મૃત્યુની વાત જણાવી. બીજી દિશામાં ગયેલો મેજર નેબ્સ પણ ત્યાં આવી પહોંચ્યો. ગ્લેનાર્વનની વાત સાંભળીને એને પણ આંચકો લાગ્યો. આયર્ટન તરફ જોઈને તે બોલી ઊઠ્યો,

'મિસ્ટર આયર્ટન, મને સમજ પડતી નથી કે આપણે વિમેરા નદી પાર કરી ત્યાર બાદ આપણા તમામ પ્રાણીઓના પગમાં નાળ બેસાડવાનું આપણે કેમ ચૂકી ગયા?'

'એનાથી શો ફરક પડવાનો હતો?' આયર્ટન સામો પ્રશ્ન કર્યો.

'તમે જોઈ શકો છો કે મોં ઉપર તાજા ઘાના નિશાનવાળા લુહારને લાવીને જે ઘોડાના પગમાં તમે નાળ જડાવી હતી, તે જ ઘોડાને કોઈ તકલીફ નડી નથી. એનું શું કારણ? તમને કાંઈ ખ્યાલ આવે છે?'

'મને પણ મેજરની વાતમાં તથ્ય જણાય છે.' કૅપ્ટન મેંગલ્સને પણ એ વાતનું આશ્ચર્ય હતું.

'આ સ્થિતિને હું કેવળ આકસ્મિક ઘટના જ ગણું છું. એને કાંઈ પણ મહત્ત્વ આપવાની જરૂર નથી.' આયર્ટને મેજર તરફ જોઈને મક્કમતાથી જણાવ્યું.

આ જવાબ સાંભળીને મેજર કાંઈક બોલવા જતો હતો, પરંતુ અટકી ગયો. એ કાંઈક બોલશે એ અપેક્ષાએ ગ્લેનાર્વન વગેરેએ એના તરફ સૂચક નજરે જોયું, છતાં તેણે આગળ બોલવાનું ટાળ્યું.

એટલી વાતચીત બાદ આયર્ટન ગાડીની સ્થિતિ તપાસવાને બહાને બહાર નીકળી ગયો. મેજર નેબ્સ પણ ત્યાર બાદ કાંઈક કામ હોય તે રીતે બહાર નીકળ્યો.

એમના બહાર ગયા બાદ ગ્લેનાર્વને કૅપ્ટનને પૂછ્યું,

'મેજર શું કહેવા માગતો હતો, તેનો કંઈ ખ્યાલ આવે છે?'

'એની તો મને ખબર નથી, પરંતુ હું એને બરાબર ઓળખું છું કે એના નહીં બોલવા પાછળ પણ કાંઈક કારણ હશે જ.'

'મારી દૃષ્ટિએ એવું નથી. હું માનું છું કે એને આયર્ટન બાબત કાંઈક શંકા છે.' હેલીનાએ સ્પષ્ટપણે જણાવ્યું.

'શંકા? શાની શંકા? શું આયર્ટન માટે શંકા?' ભૂગોળશાસ્ત્રીને આશ્ચર્ય થયું. તે એની જ ધૂનમાં મસ્ત હતો.

'કઈ બાબતની શંકા?' ગ્લેનાર્વનને પણ આ જવાબથી આશ્ચર્ય થયું, 'શું એને એમ લાગે છે કે આપણા પ્રાણીઓના અકુદરતી મોત પાછળ એ કારણભૂત હતો? શું આપણી સાથે આવવા પાછળ એનો હેતુ જુદો જ હોવાનું મેજરને લાગે છે?'

‘તમારી માન્યતા સાચી છે. મેજરના મનમાં એવી જ કાંઈક શંકા છે.’

હેલીનાએ વધુમાં જણાવ્યું, ‘પરંતુ મને એવી શંકા અસ્થાને લાગે છે, કેમ કે એ પૂરેપૂરા ખંતથી કામમાં વ્યસ્ત રહે છે.’

‘મૅડમ! તમારી વાત સાચી છે. એ માણસ પૂરેપૂરી નિષ્ઠાથી કામ કરે છે. તે તો હું પણ જોઉં છું. છતાં મેજરને એવી શંકા પડી હોય તે માટે તેની પાસે કોઈ ચોક્કસ કારણ હોઈ શકે છે. જોકે તે બાબત એણે સ્પષ્ટ રીતે આપણને જણાવવી જોઈએ.’ કૅપ્ટન મેંગલ્સે જણાવ્યું.

‘શું એને એવી શંકા તો નથીને કે આયર્ટનને પેલી ગુનેગાર ટોળકી સાથે સંબંધ છે?’ પેગેનલથી પોતાની વાતમાં અનાયાસ ગુનેગાર ટોળકીનો ઉલ્લેખ થઈ ગયો. એ સાંભળીને મૅરી તરત જ બોલી ઊઠી,

‘ગુનેગાર ટોળી? કોણ ગુનેગારો? શું વાત છે?’ પેગેનલે કરેલા બકાટથી સચેત બની ગયેલા કૅપ્ટન મેંગલ્સે તરત જ વાતને વાળી લીધી. તે બોલ્યો,

‘પેગેનલ મહાશય! તમે પણ શું તમારી જીભને આડીઅવળી ફેરવો છો? તમે તો જાણો છો કે આ વિક્ટોરિયા પ્રાંતમાં ગુનેગારોને કોઈ સ્થાન નથી તો પછી શા માટે એવા શબ્દો બોલીને સૌની ચિંતામાં વધારો કરો છો?’

‘અરે હા! એ તો હું ભૂલી જ ગયો.’ પોતાની ભૂલનો ખ્યાલ આવતાં પેગેનલે ફેરવી તોળ્યું, ‘મારું મગજ અત્યારે ક્યાં છે તે જ મને સમજાતું નથી. ગુનેગારો અને તે પણ અહીં ઑસ્ટ્રેલિયાની ધરતી ઉપર? યુરોપથી અહીં ધકેલવામાં આવતા આરોપીઓ અહીં ઊતરતાં સુધીમાં તો સભ્ય સમાજ માટે લાયક અને પ્રમાણિક બની જતા હોય છે. અહીંનું સુધારણાત્મક હવામાન માણસના દિલ અને દિમાગ ઉપર સીધી રીતે અસર કરતું હોય તેમ લાગે છે.’

આ વાતને આગળ ક્યાં સુધી અને કેવી રીતે ખેંચવી તે પેગેનલને સૂઝતું ન હતું. કળણમાં ખૂંપી ગયેલી એમની ગાડીની જેમ જ એ પોતાની વાતમાં જ ફસાઈ ગયો હતો. બંને સ્ત્રીઓ એના તરફ કાંઈક શંકાની નજરે જોઈ રહી. એવી મૂંઝવણમાંથી એને બહાર લાવવા માટે લેડી હેલીના મૅરીનો હાથ પકડીને તંબુની બહાર લઈ ગઈ. ત્યાં તંબુની બહાર ઓલ્બિનેટ સવારનો નાસ્તો તૈયાર કરતો હતો.

પેગેનલ પોતાની ભૂલ ઉપર પસ્તાવો કરતો રહ્યો. બોલ્યો,

‘મારા જેવા બુદ્ધુએ તો મૂંગા જ મરવું જોઈએ.’

‘મને પણ એમ જ લાગે છે.’ ગ્લેનાર્વને ઠંડો પ્રતિભાવ આપ્યો. કૅપ્ટન મેંગલ્સને લઈને તે પણ ગાડી પાસે પહોંચી ગયા. અહીં વિલ્સન અને મૂલરેડી સાથે મળીને આયર્ટન ગાડીને કળણમાંથી બહાર ખેંચવા પ્રયાસ કરતો હતો. બાકી રહેલા એક બળદ અને એક ઘોડાને જોતરીને તે ગાડું ખેંચાવી રહ્યો હતો, પરંતુ ચીકણા બની ગયેલા કાદવમાં ફસાયેલાં પૈડાં જરાય મચક આપતાં ન હતાં. એવી પકડને ઢીલી કરવા મેંગલ્સે થોડું પાણી રેડ્યું, પરંતુ સ્થિતિમાં કાંઈ જ ફરક પડ્યો નહીં.

ગાડીને બહાર કાઢવાની બાબતમાં એક વિચાર એવો રજૂ થયો કે પૈડાંથી ગાડીને છૂટી કરીને બહાર કાઢવા પ્રયાસ કરવો, પરંતુ એવી કામગીરી માટે જરૂરી એવાં કોઈ જ સાધન એમની પાસે ન હતાં. એ કારણે એ વિચાર પણ પડતો મૂકવો પડ્યો. સૌ થાક્યા હતા. વધુ પ્રયાસો પણ પરિણામ શૂન્ય જ રહેવાના હતા. ગ્લેનાર્વને આખરે એ વાત ઉપર પૂર્ણવિરામ મૂક્યું. બોલ્યા,

‘બહુ થયું, આયર્ટન! આપણી તેમ જ આ પ્રાણીઓની શક્તિનો ઉપયોગ સમજી-

વિચારીને કરવાની હવે ખાસ જરૂર છે. હવે પગપાળા જ આગળ વધવાની આપણને ફરજ પડી છે એમ માનવાનું છે. બાકી રહેલો એક ઘોડો આ બંને સ્ત્રીનો ભાર ઉપાડી શકશે. બાકી રહેલા બળદનો ઉપયોગ ગાડીમાંનો માલસામાન લઈ જવા માટે કરવો પડશે. તને શું લાગે છે?'

'જેવી આપ સાહેબની ઇચ્છા.' આયર્ટને ટૂંકો જવાબ આપ્યો. દરમિયાન ઓલ્બિનેટે તૈયાર કરેલા નાસ્તાને ન્યાય આપતાં ગ્લેનાર્વન સૌને ઉદ્દેશીને બોલ્યા,

'આપણે હવે કઈ રીતે આગળ વધવું તે બાબતે ચર્ચા કરી લેવી જોઈએ. પગરસ્તે પૂર્વમાં ટુ-ફ્રોડ બેને કાંઠે આવેલા ઇડન બંદર તરફ જવું છે કે પછી આયર્ટને જણાવ્યા મુજબ મેલબૉર્ન સંદેશો મોકલીને ડંકન ઉપરથી મદદ મેળવવી. ત્યાં સુધી આપણે અહીં આ કૅમ્પમાં જ રહીને વાટ જોવી પડશે. જોકે એ મુદ્દો નક્કી થાય તે પહેલાં આપણે અત્યારે ચોક્કસપણે કયા અક્ષાંશ અને રેખાંશ ઉપર છે તે જાણવું જરૂરી છે.'

'અત્યારે આપણે ૩૭° અક્ષાંશ અને ૧૪૭°.૫૩"ના સંધિબિંદુ ઉપર સ્નોઈ રિવરને કાંઠે ઊભા છીએ.' શક્ય એટલી ચોકસાઈથી ગણીને પેગેનલે જવાબ આપ્યો.

'તો હવે એ જણાવો કે ટુ-ફોલ્ડ બેનો કાંઠો કેટલા રેખાંશ ઉપર છે?' ગ્લેનાર્વને પૂછ્યું.

'એ સ્થળ ૧૫૦° રેખાંશ ઉપર છે. આપણે તેનાથી ૨°.૦૭" રેખાંશવૃત્ત જેટલા હજી દૂર છીએ. તે સ્થળ આ ગણતરી પ્રમાણે અહીંથી લગભગ ૭૫ માઈલ દૂર છે.' પેગેનલે સ્પષ્ટતા કરી.

'અને મેલબૉર્ન અહીંથી કેટલું દૂર છે?'

'ઓછામાં ઓછું બસો માઈલ દૂર દક્ષિણે છે.' પેગેનલે તરત જ જણાવ્યું.

'આપણી સમક્ષ અત્યારે આ બે વિકલ્પો છે. એ પૈકીના કયા માર્ગે જવું છે તેનો નિર્ણય વહેલીતકે લેવો જોઈએ.' ગ્લેનાર્વને સૌને તાકીદ કરી. સૌને લાગ્યું કે એમાં પસંદગી જેવું શું છે. બસો માઈલ દૂર જવાને બદલે પંચોતેર માઈલના ટૂંકા માર્ગે જ જવાનું હોયને! હેલીના અને મૅરીએ પણ હિંમત બતાવી. એક જ ઘોડા ઉપર સવારી કરીને બંને રોજના પાંચેક માઈલ આગળ વધી શકશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

'તમારી હિંમતને હું બિરદાવું છું, પરંતુ એક બાબતમાં હું સ્પષ્ટ બનવા માગું છું. ટુ-ફોલ્ડ બેના દરિયાકાંઠે આપણને જરૂરી એવી વસ્તુઓ મળવાની શક્યતા કેટલી?' જીવન માટે જરૂરી વસ્તુઓના અભાવથી એઓ અકળાયા હતા.

'હા જી. ત્યાંનું ઇડન નામનું બંદર ઠીકઠીક વિકસેલું છે. ત્યાંથી પશ્ચિમમાં મેલબૉર્ન નગર સુધીનો જહાજી વહેવાર નિયમિત રીતે ચાલુ જ હોય છે. વળી અહીંથી માત્ર પાંત્રીસ માઈલ છેટે વિક્ટોરિયા પ્રાંતનું છેલ્લું નગર ડેલિગેટ આવેલું છે. ત્યાંથી પણ આપણી જરૂરિયાતની વસ્તુઓ તથા વાહનો મળી રહેશે.'

'એટલું જ અંતર હોય તો મને લાગે છે કે ટુ-ફોલ્ડ બેમાં વહેલીતકે આવી રહેવા આપણે ડંકન ઉપર સંદેશો મોકલવો જોઈએ.' આયર્ટને પોતાના જૂના સૂચનને ફરીથી રજૂ કર્યું.

'કૅપ્ટન મેંગલ્સ! આ સૂચન બાબતમાં તમારું શું માનવું છે?' મેંગલ્સ તરફ જોઈને ગ્લેનાર્વને પૂછ્યું.

'એવો સંદેશો મોકલવાની ઉતાવળ કરવાની મને તો કોઈ જરૂર લાગતી નથી. આપણી પાસે એ માટે પૂરતો સમય છે. મારું માનવું છે કે ચાર-પાંચ દિવસમાં તો આપણે ટુ-ફોલ્ડ બે પહોંચી જઈશું.' મેંગલ્સે જણાવ્યું. પેગેનલે પણ એમાં ટાપસી પૂરી,

'કેટલા દિવસ? ચાર-પાંચ દિવસ? એટલા સમયમાં અહીંથી ટુ-ફોલ્ડ બેના કાંઠે

પહોંચવાની વાત કરો છો?! મહાશય, ત્યાં પહોંચવામાં પંદરથી વીસ દિવસ લાગશે.' આયર્ટને ચેતવણી ઉચ્ચારી.

'હોય કાંઈ? પંચોતેર માઈલ જવા માટે વીસ દિવસ? વધુ કહેવાય!' ગ્લેનાર્વનથી બોલ્યા વિના રહેવાયું નહીં.

'હા જી, મારા સાહેબ! એનાથી પણ વધુ સમય જાય તો પણ મને આશ્ચર્ય નહીં થાય. વિક્ટોરિયા પ્રાંતનો આ સૌથી વધુ વિકટ પ્રદેશ છે. એમાં કેટલોક ભાગ રણ જેવો છે, જેમાં કાંઈ પણ ચીજવસ્તુ મળી શકતી નથી. મેદાનો, ઝાડીઝાંખરાં અને વેલાથી ભરેલાં છે. ઓળખી શકાય તેવો કોઈ માર્ગ નથી. એમાં આગળ વધવા માટે હાથમાં મશાલ અને કુહાડી રાખવા પડે તેમ છે.' આયર્ટને દૃઢતાથી પોતાની રજૂઆત કરી. એવી સ્થિતિ હોવા બાબત પોતાની પણ જાણકારી હોવાનું પેગેનલે જણાવ્યું. તેમ છતાં કૅપ્ટન મેંગલ્સ પોતાના વિરોધી મંતવ્યને વળગી રહ્યો.

'વિલંબ થવા અંગે મેં જે કાંઈ રજૂઆત કરી છે, તેમાં મારે કાંઈક ઉમેરવાનું હજી બાકી છે.' આયર્ટને સૌના મોં તરફ જોઈને બોલ્યો, 'મેં અત્યારે જે મુશ્કેલીઓ વર્ણવી તે તો માત્ર મુસાફરી દરમિયાન જ છે, પરંતુ એનાથી પણ મોટો પ્રશ્ન અત્યારે આપણી સામે જ કાંઠાબોળ વહી રહેલી આ સ્નોઈ રિવરનો છે. આમ તો એ સ્થાનિક નદી કહેવાય, પરંતુ ગઈ રાત્રે પડેલા ભારે વરસાદથી એમાં પૂર આવ્યું છે. એ પાણી ઊતરે નહીં ત્યાં સુધી આગળ વધવાનો પ્રશ્ન રહેવાનો નથી. એ માટે અહીંના આ સ્થળે રહીને જ રાહ જોવી પડે તેમ છે. નદીને ઓળંગવા માટે અહીં કોઈ જ સાધન મળી શકે તેમ નથી. એવાં સાધન વિના એને ઓળંગવામાં જાનનું જોખમ રહેશે.'

'શું આ સ્નોઈ રિવર બહુ પહોળી છે?' સ્ત્રી સહજ કુતૂહલ સાથે હેલીનાએ પૂછ્યું.

'હા જી, મૅડમ, પહોળી તો છે જ, પણ અત્યારે તેની ઊંડાઈ પણ વધુ છે. અત્યારે એનો પટ એક માઈલ જેટલો પહોળો બની ગયો છે.' આયર્ટને અદબથી જવાબ આપ્યો.

'એ માટે આપણે હોડી બનાવી શકીએ. એક મોટું ઝાડ કાપીને તેના થડમાંથી હોડી કોતરવાનું મુશ્કેલ નહીં હોય.'

અત્યાર સુધી ચર્ચા સાંભળી રહેલા રૉબર્ટને નવો વિચાર આવ્યો. પેગેનલને હોડીનો આ વિચાર પસંદ પડ્યો. મેંગલ્સે તો એટલે સુધી જણાવ્યું કે ચર્ચામાં સમય ગુમાવવાને બદલે હોડી બનાવવાનું કામ શરૂ કરી દેવું જોઈએ.

હોડી બનાવીને તેની મદદથી નદી પાર કરવાના વિચાર અંગે ગ્લેનાર્વને આયર્ટનનો અભિપ્રાય માગ્યો.

'એવી હોડી કેટલી ઉપયોગી બની શકશે તે તો અનુભવ થાય પછી જ સમજી શકાય. મારું માનવું છે કે ડંકન તરફથી કાંઈક મદદ આવી ન શકે, તો એક માસ વીત્યા બાદ પણ આપણે અહીંના અહીં જ હોઈશું.'

'તો પછી એ પ્રશ્નનો ઉકેલ શું? તને સૂઝે છે કોઈ માર્ગ?' સંભવિત વિલંબથી અકળાયેલા જ્હૉન મેંગલ્સે પૂછ્યું.

'એ જ કે ડંકન ઉપર ઝડપથી સંદેશો મોકલવો જોઈએ. નૌકાને તાકીદે ટુ-ફોલ્ડ બેના કાંઠે મંગાવીને તેમાંથી મદદ અહીં લાવી શકાય.'

'વળી પાછી એની એ જ વાત! હું પૂછું છું કે ડંકન ત્યાં આવવાથી આપણને તેની મદદ કઈ રીતે મદદ મળી શકવાની હતી?' કૅપ્ટન હવે અકળાયો હતો. એણે આયર્ટન પાસે વધુ

ખુલાસો માગ્યો.

પોતાના આગ્રહ માટે સૌને શંકા ઊભી થઈ હોવાનું જણાતાં આયર્ટન સહેજ અટક્યો અને વિચાર કરીને જવાબ આપ્યો.

'જુઓ સાહેબો, આ બાબતમાં મારી માન્યતા કોઈની ઉપર લાદવાનો મારો ઇરાદો નથી. હું આપણા સૌના ભલા માટે જ કહું છું અને હું એ કામ માટે અત્યારે જ જવા તૈયાર છું. માલિક તરફથી એ બાબતમાં મને આદેશ મળવાની જ વાર છે.'

'આયર્ટન! ગોળગોળ વાતો કરવાનો કોઈ અર્થ નથી. તારો પ્લાન શું છે તે વિગત વાર સમજાવ.' ગ્લેનાર્વને તાકીદ કરી.

'હું માનું છું કે સ્નોઈ રિવરની અત્યારે જે સ્થિતિ છે તેમાં એને ઓળંગવાનો પ્રયાસ આત્મઘાતી પગલું બની રહેશે. ડંકન તરફની મદદ અહીં આવી જાય ત્યાં સુધી અહીં રહેવા માટેનો કૅમ્પ ઊભો કરવો જોઈએ. આપણી પાસે માલસામાન છે જ. એટલે અહીં રહેવામાં કોઈ વાંધો નહીં આવે. આપણામાંનો એક માણસ આપનો સંદેશો લઈને મેલબૉર્ન જાય અને ત્યાંથી ડંકનને લઈને ટુ-ફોલ્ડ બે આવી જાય અને ત્યાંથી નદી વાટે અહીં મદદ લાવી શકાશે.' આયર્ટને પોતાનો પ્લાન ખુલ્લો કર્યો.

કૅપ્ટન મેંગલ્સ સિવાય સૌએ આ પ્લાન વધાવી લીધો. જોકે મેજર નેબ્સ અત્યાર સુધી શાંત જ બેઠો હતો. હેલીનાએ એને પણ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરવા જણાવ્યું.

'તમે મને પૂછો જ છો તો મારું મંતવ્ય જરૂરથી જણાવીશ કે આયર્ટનનો પ્લાન ખૂબ જ સારો છે. એમની વિચારણા પરિપૂર્ણ છે. એમના જણાવ્યા પ્રમાણે આગળ વધવામાં મને તો કોઈ જોખમ દેખાતું નથી.'

અત્યાર સુધી આયર્ટનના પ્લાનનો જોરદાર વિરોધ કરનાર મેજર નેબ્સ તરફની આ સંમતિથી સૌને આશ્ચર્ય થયું. ખુદ આયર્ટનને પણ નવાઈ લાગી. નેબ્સ સિવાયના તમામ સાથીઓ શરૂથી જ સંમત હતા. હવે નેબ્સ તરફથી અનુમતિ મળતાં એ ઉપાય સર્વસામાન્ય બન્યો.

હવે એ પ્લાન પ્રમાણેની તૈયારી કરવાની હતી. વધુ સમય અહીં જ રહેવાની તૈયારી સાથેનો મુકામ બનાવવાનો હતો. ગ્લેનાર્વને કૅપ્ટન મેંગલ્સને એ માટે સૂચનાઓ આપી.

'આપની સૂચના પ્રમાણેનો કૅમ્પ તૈયાર થઈ જશે, પરંતુ મારા મનમાં એક વિચાર આવે છે. જો આપણો સંદેશવાહક નદીને હાલની સ્થિતિમાં પાર કરી શકવાનો હોય તો આપણને સૌને પણ કોઈ વાંધો આવવો ન જોઈએ.' કૅપ્ટને રજૂ કરેલો મુદ્દો મહત્ત્વનો હતો, પરંતુ આયર્ટને એવા પ્રતિપ્રશ્નની અપેક્ષા રાખી હોય તેમ તરત જ જવાબ વાળ્યો,

'ના જી, સંદેશાવાહકે એ નદીને ઓળંગવાની જરૂર પડવાની નથી.'

'એમાં ખરેખર એવું છે?' મેંગલ્સે આ શીઘ્ર જવાબનો કાંઈક વ્યંગમાં હોય તેવો પ્રતિભાવ આપ્યો.

'હા જી! એણે નદી પાર કરીને પૂર્વમાં જવાનું નથી. તેને બદલે આપણે આવ્યા હતા તે માર્ગે પશ્ચિમમાં લકનૌ સુધી પરત જવાનું છે અને ત્યાંથી દક્ષિણ તરફના માર્ગે મેલબૉર્ન પહોંચવાનું છે.'

'એ રીતે બીજા વધારાના પચાસ માઈલનું અંતર વધી જાય તેમ છે. એ ઉમેરતાં કુલ અઢીસો માઈલનો એ ફાસલો છે અને સંદેશાવાહકે તે પગપાળા કાપવાનો છે, ખરું ને?' અશક્ય જણાતા એ પ્રસ્તાવ પ્રત્યે મેંગલ્સે ગુસ્સો ઠાલવ્યો.

‘એમાં પગે ચાલીને ત્યાં જવાની વાત નથી. આપણી પાસેનો એક ઘોડો હજી પણ એ માટે ઉપયોગમાં લઈ શકાય તેવો છે. એની મદદથી એટલું અંતર ચાર દિવસમાં જ પૂરું કરી શકાય તેમ છે. આપનો આદેશપત્ર ડંકનના હાલના મુખ્ય અધિકારીના હાથમાં આવ્યા બાદ બે દિવસમાં તો નૌકા ટુ-ફોલ્ડ બેને કાંઠે લંગર ઉતારી શકશે એ પછી અહીં કૅમ્પ સુધી મદદ લાવવામાં વધુ સાત દિવસનો સમય થશે.’

આયર્ટને પોતાની યોજના રજૂ કરી. કૅપ્ટન મેંગલ્સને હવે એના આયોજન સાથે કોઈ પ્રશ્ન રહ્યો નહીં. એણે સંમતિ સૂચવવા ડોકું ધુણાવ્યું. સૌની સંમતિ મળી જતાં એના અમલની દિશામાં ગ્લેનાર્વને મગજ ઘસવા માંડ્યું.

‘તો હવે મેલબૉર્ન કોને મોકલી શકાય તે પ્રશ્ન રહે છે. ત્યાં સુધીનો રસ્તો લાંબો અને જોખમ છે. એ માટે જાનની બાજી લગાવવી પડે તેમ છે? કોને મોકલીશું?’

ગ્લેનાર્વન તરફના આહ્વાનની બીજી જ પળે હેલીના અને મૅરી સિવાયના તમામ પુરુષોએ પોતાના હાથ ઊંચા કર્યા.

‘આપ સાહેબને ખાસ વિનંતી કરવાની કે એ જવાબદારી હું ઉપાડીશ. આપનો આદેશ થાય તે જ ઘડીએ હું પશ્ચિમ તરફથી મુસાફરી શરૂ કરીશ. એ માટે મારી જરૂરિયાત માત્ર આપના તરફના અધિકારપત્રની જ રહેશે.’ આયર્ટને મૌખિક રીતે પણ પોતાની તૈયારી બતાવી.

આયર્ટનની એ અંગેની ક્ષમતાની સૌને ખાતરી હતી. એની તરફેણમાં સૌએ પોતપોતાનો આગ્રહ પડતો મૂક્યો.

કૅપ્ટન મેંગલ્સના જણાવ્યા પ્રમાણે આયર્ટનની હાજરી અને માર્ગદર્શન હવે પછીના જમીનમાર્ગ માટે જરૂરી હતી, પરંતુ એ પરત આવે ત્યાં સુધી તો કૅમ્પ અહીં જ રહેવાનો હતો, એવા ખ્યાલ આવતા તે મૌન રહ્યો.

‘બસ ત્યારે, આયર્ટન! મેલબૉર્ન જવા માટેની તૈયારી શરૂ કરી દો. વિલંબ માટે કોઈ કારણ નથી. ડંકનને ઇડન બંદરમાં લાવી, ત્યાંથી મદદ સાથે જલદીથી તમે અહીં આવી જશો એવી મારી શુભેચ્છા છે.’ ગ્લેનાર્વને શુભેચ્છા પાઠવી.

આ સમય દરમિયાન કૅપ્ટન મેંગલ્સની નજર સતત આયર્ટનના મોં ઉપરના ભાવો વાંચવામાં વ્યસ્ત રહી. પોતાનું ધાર્યું કરાવી શક્યાનો આનંદ એના મોં ઉપર એણે તરવરતો જોયો. એ માણસ માટેનો અવિશ્વાસનો ભાવ તો પહેલેથી જ હતો, પરંતુ હવે તે દૃઢ બન્યો. મેંગલ્સને ખાતરી થઈ ગઈ. છતાં એ માટે એની પાસે કોઈ નક્કર હકીકતનો અભાવ હતો. એ કારણે એણે મૌન રહેવાનું જ પસંદ કર્યું.

પોતાની મુસાફરી તરત જ શરૂ કરવા આયર્ટને તૈયારી શરૂ કરી દીધી. વિલ્સન અને મૂલરેડી એની મદદમાં જોડાયા. એકે ઘોડો પલાણ્યો. બીજાએ જરૂરી ચીજવસ્તુઓ એકત્ર કરીને સામાન્ય બાંધ્યો.

એ દરમિયાન ગ્લેનાર્વને ડંકનના પ્રથમ અધિકારી ટૉમ ઓસ્ટિન ઉપરનો સૂચના પત્ર તૈયાર કરાવ્યો. એમાં આયર્ટનનો પરિચય એક વફાદાર અને કર્મઠ માણસ તરીકેનો આપ્યો. ડંકનનૌકાનું સમારકામ વહેલીતકે કરાવીને તેને ટુ-ફોલ્ડ બેના ઇડન બંદરે લાવવાનો આદેશ હતો. ત્યાં આવ્યા બાદ આયર્ટનની સાથે સશક્ત નાવિકોની એક ટુકડીને કૅમ્પ સુધી મોકલવાની પણ સૂચના હતી.

ગ્લેનાર્વન પત્ર લખતા હતા તે દરમિયાન મેજર નેબ્સની નજર એ લખાણની સાથે જ એ પત્ર ઉપર ફરતી હતી. લખાણ પૂરું થયું કે તરત જ એણે પત્ર ફરીથી વાંચવા પોતાના હાથમાં

લીધો. તરત જ મોટા અવાજે પૂછ્યું,

‘ગ્લેનાર્વન મહાશય? પત્રમાં મારે જોવું છે કે તમે આયર્ટનનું નામ કેવી રીતે લખ્યું છે.’

‘એટલે? સીધુંસાદું નામ છે અને જોડણી પણ મુશ્કેલ નથી.’ ગ્લેનાર્વને આશ્ચર્ય સાથે પૂછ્યું,

‘હા જી, આયર્ટન નામની જોડણી તો બરાબર છે, પરંતુ એનો ઉચ્ચાર ‘બેન જોઇસ’ તરીકે કરવાનો છે.

૧૭
બેન જોઇસ

ટૉમ આયર્ટનના નામની સાથે 'બેન જોઇસ' નામનો ઉલ્લેખ સૌ માટે એક વજ્રાઘાત જેવો હતો. પોતાને માટે બેન જોઇસ નામનો ઉચ્ચાર સાંભળતાં જ આયર્ટન ઉપર વીજળીક અસર થઈ. તે એકદમ કૂદ્યો. કમરપટામાંથી પિસ્તોલ ખેંચી કાઢી અને ચોક્કસ નિશાન લીધા વિના જ ગ્લેનાર્વન તરફ નાળચું ફેરવીને ઘોડો દબાવ્યો. ચોક્કસ નિશાન લીધા વિનાની એ પિસ્તોલમાંથી વછૂટેલી ગોળી ખભામાં વાગી. આ અણધાર્યો હુમલાના આઘાતથી ગ્લેનાર્વન નીચે ઢળી પડ્યા. ત્યાં ધમાલ મચી ગઈ. કોઈ કાંઈ પણ વિચારે કે પગલાં ભરે તે પહેલાં જ આયર્ટન દોડીને નજીકની ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો.

એણે કરેલા પિસ્તોલના ધડાકાના પડઘારૂપે હોય કે તેની નોંધ લીધાનો સંકેત હોય, તે રીતે જંગલના અંદરના વિસ્તારમાંથી પણ એવા ધડાકા સંભળાયા.

પ્રથમ આઘાત બાદ સૌએ ઝડપથી સ્વસ્થતા મેળવી લીધી. પૂરી સભાનતાથી સૌએ પોતપોતાનાં હથિયાર સંભાળી લીધાં. બેન જોઇસના માણસો અગાઉથી ત્યાં છુપાયેલા હોય તો એમના તરફના હુમલાનો ભય હતો. એમની સંખ્યા કેટલી હતી તે કોઈ જાણતું ન હતું. કોઈ પણ બાજુએથી એમનો હુમલો આવે તો તેનો સામનો કરવા સૌ તૈયાર થઈ ગયા.

કરાના વરસાદથી ફાટી ગયેલા તંબુમાં રક્ષણ મળી શકે તેમ ન હતું. એ માટે બળદગાડીની પાછળ આડશ લેવા કૅપ્ટન મેંગલ્સે ઘાંટો પાડ્યો. હેલીના અને મૅરીને તેમના હાથ પકડીને તે તરફ ખેંચી ગયો. આગળના દિવસે કાદવમાં ખૂંપી ગયેલી ગાડી હજી ત્યાં જ હતી. બાકી રહેલા તેના એક બળદ તથા ઘોડાને ચરવા માટે છૂટા મૂકવામાં આવ્યા હતા. એમના કૅમ્પની ફરતેના થોડા ભાગમાં ઘાસનું મેદાન હતું. ત્યાર બાદ ઝાડી હતી. ગુનેગારો એમાં સંતાયા હોવાની શક્યતા હતી. પૂરેપૂરી સાવધાની સાથે મેંગલ્સ તથા મેજર વગેરેએ એની નજીક જોઈને તલાશી લીધી, પરંતુ પ્રારંભના ધડાકા બાદ શાંતિ થઈ હતી. આમ છતાં જે ઝડપે તે ઝાડીમાં અદૃશ્ય થયો હતો તે જ ઝડપે તે અને તેના સાગરિતો પાછા હુમલો કરે તેવી શક્યતાને ધ્યાનમાં રાખવાની હતી. એવી સ્થિતિ ટાળવા દર કલાકે બદલીની વ્યવસ્થા સાથે ચોકીપહેરો શરૂ કરવામાં આવ્યો.

આયર્ટનની ગોળીથી ગ્લેનાર્વન ઘવાયા હતા. ખભામાં વાગેલી ગોળી થોડો ઘસરકો પાડીને વધુ નુકસાન કર્યા વિના પાછળ ચાલી ગઈ હતી. ગાડીમાં લાવીને એમને સારવાર આપવામાં આવી. એમનાં આંગળાં અને હાથ મુશ્કેલી વિના વાળી શકાતાં હતાં. સૌને ખાતરી થઈ કે એમાં સ્વાસ્થ્ય અંગે ચિંતાને કોઈ કારણ ન હતું.

ચોકીપહેરા માટે વિલ્સન અને મૂલરેડીનો વારો હતો. પૂરા શસ્ત્રસજ્જ બનીને તેઓ

ગાડીની આજુબાજુમાં આંટા મારવા લાગ્યા. બાકીનાં સૌ ગાડીના સુરક્ષિત આવરણમાં ભેગાં થયાં. સૌના મનમાં જબરી ગડમથલ ચાલતી હતી. પોતાની કાર્યદક્ષતા અને ખંતથી આયર્ટને ગ્લેનાર્વન વગેરે સૌનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. એવો માણસ એક ખૂંખાર ગુનેગાર હોય તેવી શંકા ભાગ્યે જ કોઈને આવે. તેમ છતાં એ માણસ ગુનેગાર હતો એવો ખ્યાલ નેબ્સને કેવી રીતે આવ્યો તે જાણવા સૌ આતુર હતાં.

બેન જોઇસ નામના ગુનેગારની કોઈ ટોળી દૂર પશ્ચિમના પર્થ શહેરથી અહીં પૂર્વમાં વિક્ટોરિયા પ્રાંતમાં ઊતરી આવી હતી અને રેલવેના પુલનો અકસ્માત પણ લૂંટ કરવાના હેતુથી તેણે જ કરાવ્યો હતો, એવી તમામ હકીકતો આમ તો ન્યૂઝપેપરમાં છપાઈ હતી. એ પેપરનો અંક મેજર નેબ્સે સિમોર શહેરમાંથી પસાર થયા ત્યારે ખરીદ્યો હતો. એ તમામ વાતો હેલીના અને મૅરીને સમજી વિચારીને જ જણાવવામાં આવી ન હતી, પરંતુ હવે જ્યારે આયર્ટન અને તેની ગુનાહિત ટોળી સંબંધી બિહામણી વાસ્તવિકતા જાહેર થઈ, ત્યારે એની વિગતો તેમનાથી છુપાવવાનો અર્થ ન હતો. નેબ્સે પેલા ન્યૂઝપેપરનો અંક હેલીનાના હાથમાં મૂક્યો. એમને ભયભીત કરી તેમનું ટૅન્શન વધારે તેવી એ વાતો અત્યાર સુધી તેમનાથી છાની રહી શકી હતી, પરંતુ હવે એ વાતો ખુલ્લી થઈ ગઈ હતી, વિશ્વાસપાત્ર બનેલો આયર્ટન ભયંકર ગુનેગાર નીકળ્યો હતો અને તેની ગોળીથી ગ્લેનાર્વન ઘવાયા હતા.

ન્યૂઝપેપરમાંથી વિગતો ઉપરાંત મેજરે પણ એ અંગેની વધુ વિગતો આપી, પરંતુ આયર્ટન અને બેન જોઇસ એ બંને નામ એક જ વ્યક્તિનાં છે, એવી જાણ મેજરને કેવી રીતે થઈ તે પણ સૌને જાણવું હતું.

મેજરના જણાવ્યા પ્રમાણે પેડી ઓ'મૂરના ફાર્મમાં એ માણસે જ્યારે પોતે કૅપ્ટન ગ્રાન્ટના બ્રિટાનિયાનો ક્વાર્ટરમાસ્ટર ઑફિસર હોવાનું જણાવ્યું હતું, ત્યારે જ એની ચકળવિકળ થતી આંખો પાછળ કાંઈક ભેદ છુપાયો હોવાનો મેજરને વહેમ પડ્યો હતો. ત્યાર બાદના નાના નાના બનાવોથી મેજરની શંકા દૃઢ બની હતી. વિમેરા નદી પાર કરતાં તૂટેલી ગાડીના સમારકામ માટે આવેલા લુહાર સાથે આયર્ટને આંખોથી કાંઈક ઇશારો કર્યો હતો, તે પણ મેજરના ધ્યાનમાં આવ્યું હતું. મુસાફરી દરમિયાન મોટાં શહેરોની વચ્ચે થઈને જવા માટેના સૌના આગ્રહ છતાં વિલંબ થવાની બીક બતાવીને તેણે ટાળ્યું હતું. ડંકનનૌકાના ઑફિસરને સંદેશો મોકલવાની આમ તો કાંઈ જ જરૂર ન હતી. મેલબૉર્ન બંદરે એનું સમારકામ પૂરું કરીને ટુ-ફોલ્ડ બેને કાંઠે આવવાનો આદેશ એના ચાલકને અપાયો જ હતો, છતાં એ સતત આગ્રહ કરતો જ રહ્યો. સૌનો ભાર ઉપાડીને ચાલતાં પ્રાણીઓનાં અપમૃત્યુની ઘટનાઓમાં પણ એનો જ હાથ હતો એવું એને ઊંડેઊંડે થયા કરતું હતું. એ વેરાન પ્રદેશમાં પ્રાણીઓની સહાય વિના ભદ્રસમાજના આ નાજુક લોકોને ફસાવી દેવાની એની વ્યૂહરચના જણાઈ હતી. પ્રાણીઓનાં મૃત્યુ માટે એણે સ્થાનિક ગેસ્ટ્રોલોબિયમના છોડનો ઉપયોગ કર્યો હોવાની શક્યતા હતી.

જોકે એવી કેવળ શંકાને આધારે સીધો આરોપ મૂકવાનું શક્ય ન હતું. એ જાણવાની તક નેબ્સને રાત્રિ દરમિયાન મળી ગઈ. મશરૂમથી ભરેલા વિસ્તારમાં ફોસ્ફોરોસન્ટના ઝાંખા પ્રકાશમાં જે ત્રણેક માણસોની હિલચાલ મેજરના ધ્યાનમાં આવી હતી, તેની તપાસમાં ચૂપકીદીથી એ આગળ વધ્યો હતો. પ્રકાશ સાવ ઝાંખો હતો, છતાં એવા પ્રકાશમાં જોવા માટે એની આંખો ટેવાઈ ગઈ હતી. એને લાગ્યું કે એ પણ ત્રણ પૈકીનો એક પેલો મોં ઉપરના ઘા વાળો લુહાર હતો. ગાડીના તૂટેલા ધોરિયાનું સમારકામ એણે જ કર્યું હતું. ઊભા ઘાસમાં આડા પડીને મેજરે એ

લોકોની વાતચીતના કેટલાક અંશ સાંભળ્યા હતા. આયર્ટન જ બેન જોઇસ હતો, એવી એને ત્યારે જ ખાતરી થઈ હતી.

'એમ ત્યારે! આપણી પાસેથી જાણેલી માહિતીનો જ ઉપયોગ કરીને એ માણસે આપણો વિશ્વાસ મેળવ્યો અને આપણને જ લૂંટવા માટે એ માણસે કાવતરું ઘડ્યું હતું?' લૉર્ડ ગ્લેનાર્વનને આયર્ટનની ગદ્દારીથી ઊંડો આઘાત લાગ્યો હતો. થોડું રોકાઈને એમણે આગળ ચલાવ્યું.

'મને લાગે છે કે બ્રિટાનિયાના ભંગારમાંથી એણે તેના ક્વાર્ટરમાસ્ટરનું નામ તથા નિયુક્તિપત્ર ચોરી લીધા હોવા જોઈએ. વળી અહીંની આ કળણવાળી જગ્યામાં આપણી ગાડીને ફસાવી દેવાની ગણતરી સાથે જ એ આપણને અહીં દોરી લાવ્યો હતો. આપણને લૂંટી લેવાની દિશામાં પાકી ખંધાઈપૂર્વક એ માણસ આગળ વધી રહ્યો હતો.'

'હું માનું છું કે જે રીતે એ માણસે બ્રિટાનિયા અને કૅપ્ટન ગ્રાન્ટ સંબંધી ઝીણામાં ઝીણી હકીકતો જણાવી હતી. તે કોઈ સાવ અજાણ્યો માણસ જણાવી શકે નહીં. એ માણસ ખરેખર જ ક્વાર્ટરમાસ્ટર આયર્ટન જ હતો. જોકે બ્રિટાનિયા જહાજ એણે ક્યારે, ક્યાં અને શા માટે છોડ્યું તેનો કોઈ અણસાર મને મળ્યો નથી. ઑસ્ટ્રેલિયાના પશ્ચિમકાંઠના પર્થ શહેર નજીક કેવા સંજોગોમાં એ ઊતર્યો તે પણ જાણી શકાયું નથી. પોલીસની જાહેરાતથી બેન જોઇસ નામનો ગુનેગાર પર્થ શહેરથી આ તરફ આવ્યાની માહિતી મળે છે, પણ આયર્ટન એ જ બેન જોઇસ હતો, એની જાણકારી પોલીસને ન હતી. મેજર નેબ્સે લંબાણથી ખુલાસો કર્યો.'

'મને તો લાગે છે કે પેડી એ'મૂરના ફાર્મમાં હોશિયારીપૂર્વક એણે ઘૂસણખોરી કરી હતી, તેમાં પણ એનો ઇરાદો ગુનાહિત જ હતો. પેડી કુટુંબનો વિશ્વાસ સંપાદન કરવો અને લાગ જોઈને પોતાની ટોળકીના માણસો સાથે મળી એ કુટુંબના માણસોની હત્યા કરી તેના ફાર્મનો કબજો લેવાને ઇરાદો હોઈ શકે.' હેલીનાએ પોતાનું અનુમાન રજૂ કર્યું.

'હું પણ એમ જ માનું છું, પરંતુ સંજોગવશાત્ આપણે પેડી કુટુંબના મહેમાન બન્યા અને ત્યાં કૅપ્ટન ગ્રાન્ટ અને બ્રિટાનિયાની દુર્ઘટનાની જે વાત આપણા મોંએ સાંભળી તેમાં એણે પોતાની જાતને જોડી દીધી હોવી જોઈએ.' મેજર નેબ્સે સ્પષ્ટતા કરી.

'જે થયું તે સારું જ થયું છે. એનું અસલી રૂપ ખુલ્લું થઈ જતાં એનો સામનો આપણે સારી કરી શકીશું. આપણી સાથે રહીને એ આપણને જે નુકસાન પહોંચાડી શક્યો હોત, તેની કલ્પના પણ થઈ શકે તેમ નથી.' ગ્લેનાર્વને ચર્ચાનું સમાપન કર્યું.

કુ. મૅરી તો પિતાના આ માણસને પહેલેથી જ ઓળખતી હતી. ઑસ્ટ્રેલિયાના પૂર્વકાંઠે બ્રિટાનિયા જહાજને નડેલી દુર્ઘટના અને તેમાંથી ફેંકાઈ ગયા બાદ આદિવાસીઓની કેદ અને તેમાંથી મેળવેલા છૂટકારાની વાતોથી મૅરીને ખાતરી થઈ હતી કે એના પિતા પણ તેના મદદનીશની જેમ હજી જીવતા હતા અને તેને પણ અહીંના આદિવાસીઓએ કેદી બનાવ્યા હતા. તેઓની કેદમાંથી પિતાને છોડાવવાની સિદ્ધિ મૅરીને હાથવેંતમાં લાગી હતી, પરંતુ મેજર નેબ્સે રાત્રિ દરમિયાન પેલા ત્રણ ગુનેગારો વચ્ચેની વાતચીતનો જે હવાલો આપ્યો તે પ્રમાણે ગ્લેનાર્વને પેડીમૂરના કુટુંબ સમક્ષ કૅપ્ટન ગ્રાન્ટ અંગેની જે વાત જણાવી હતી તેની સાથે એ ચાલાક માણસે પોતાની હકીકત જોડી દીધી હતી. હકીકતમાં એવી કોઈ જહાજી દુર્ઘટના ઑસ્ટ્રેલિયાના પૂર્વ કે પશ્ચિમ કિનારે બની જ ન હતી અને એવું જ હોય તો કૅપ્ટન ગ્રાન્ટે ઑસ્ટ્રેલિયાની આ ધરતી ઉપર કદી પગ મૂક્યો જ ન હતો. આ વાત સાંભળીને કુ. મૅરીને ખાતરી થઈ ગઈ કે એના પિતાની શોધનો અહીં અંત આવી જતો હતો.

આયર્ટને શરૂઆતમાં જે રજૂઆત કરી હતી, તેને આધારે જ મૅરી વધુ પડતી આશાવાદી બની હતી, પરંતુ એ માણસની અસલિયત હવે ખુલ્લી થઈ ગઈ અને સાથે મૅરીની આશા ઉપર પણ અહીંની સ્નોઈ રિવરનાં પાણી ફરી વળ્યાં. એની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. આ સમગ્ર ચર્ચા દરમિયાન મૌન રહેલા કૅપ્ટન મેંગલ્સની નજર મૅરીના ચહેરા ઉપર જ હતી. તેણે મૅરીને આશ્વાસન આપ્યું. લેડી હેલીના પણ એમાં જોડાઈ.

આયર્ટન પ્રકરણની સાચી હકીકતો બહાર આવતાં સૌથી વધુ અફસોસ વિદ્વાન ભૂગોળશાસ્ત્રી પેગેનલને થયો. પોતાની જાત ઉપર એને ગુસ્સો આવ્યો. કૅપ્ટન ગ્રાન્ટના કહોવાઈ ગયેલા પત્રોના ટુકડાઓ ઉપરના તૂટક શબ્દોનું એણે કરેલું બીજી વારનું અર્થઘટન પણ ખોટું પુરવાર થયું હતું,

'કેવો છે એ પત્ર, જેણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ભૂગોળશાસ્ત્રીને બબ્બે વાર મૂર્ખ બનાવ્યો હતો?' એણે મનોમન બડબડાટ શરૂ કર્યો. એના મત પ્રમાણે કૅપ્ટન ગ્રાન્ટની ખોજ માટેનું અત્યારનું અભિયાન સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયું હતું. કૅપ્ટનનાં બંને સંતાનોને કેવી રીતે આશ્વાસન આપવું તે એને સૂઝતું ન હતું.

નવા સાથીદાર તરીકે આવેલા આયર્ટનની નિષ્ઠા, ખંત અને આવડતમાં ગ્લેનાર્વને સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો. એવો એ માણસ રીઢો ગુનેગાર હશે અને એની સાથે આટલી હદ સુધીની વિઘાતક છેતરપિંડી કરશે, એવો એને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. એને સખત આઘાત લાગ્યો હતો. મનની આવી અસમંજસ દશામાં એઓ ગાડીમાંથી બહાર આવ્યા. વિલ્સન અને મૂલરેડી ત્યાં પહેરો ભરતા જ હતા.

એમણે નોંધ્યું કે બહારનું હવામાન સ્થગિત હતું. નજીકનાં વૃક્ષોની ડાળીઓ ઉપર પક્ષીઓ શાંતિથી બેઠાં હતાં. દૂર ઊગેલા ઘાસમાં ઊભેલી સારસ પક્ષીની જોડી ડોક નીચી નમાવી શાંતિથી પોતાનો આહાર શોધતી હતી. એને ખાતરી થઈ કે ડાકુઓની ટોળી અહીંથી વધુ દૂર ખસી ગઈ હતી, છતાં પોતાની ધારણાની પુષ્ટિ માટે વિલ્સનને પૂછ્યું,

'છેલ્લા એકાદ કલાક દરમિયાન નજીકની ઝાડીમાં કાંઈ સળવળાટ થયો હોય તેવો તેને ખ્યાલ છે?'

'ના જી. અમારી નજર અને કાન એ તરફ જ છે. બેન જોઇસને આપણી શક્તિનો ખ્યાલ આવી ગયો હોય તેમ લાગે છે. પોતાના મૂઠીભર સાથીઓ સાથે હુમલો કરવાની તે હિંમત કરી શકે તેમ નથી. નવા સાથીઓની શોધમાં તેના પહાડી વિસ્તારમાં ગયો લાગે છે.'

ગ્લેનાર્વનને લાગ્યું કે એ માણસ નવા માણસો સાથે રાત્રે કદાચ હુમલો કરી શકે. એ સમયે અંધારામાં એમનો સામનો કરવાનું મુશ્કેલ બની શકે. એને એવી તક આપવાને બદલે સાંજ સુધીમાં જ નદી ઓળંગી સામે પાર ખસી જવું જોઈએ. એમને હેલીના અને મૅરીની ચિંતા સતાવતી હતી.

'આપ સાહેબ તરફના આદેશની અમને અપેક્ષા છે. અહીં આ જંગલમાં લાકડાંની કોઈ ખેંચ નથી. એનો તરાપો બનાવી દઈશું.' વિલ્સને હિંમત બતાવી.

'ના વિલ્સન ના! અત્યારની સ્થિતિમાં આ સ્નોઈ રિવર એક સામાન્ય નદી નથી, પણ ઘૂઘવતો મહાનદ છે. એને ઓળંગવા બીજી જ કોઈ વ્યવસ્થા કરવી પડશે.'

એ દરમિયાન મેજર નેબ્સ, મેંગલ્સ અને પેનેગલ પણ ગાડીમાંથી બહાર આવ્યા અને નદીનો પ્રવાહ જોવા માટે એ તરફ ગયા અને તરત જ પાછા આવી ગયા. સૌ ગંભીર હતા.

મેંગલ્સે જણાવ્યું, 'કોઈ પણ શક્તિશાળી સાધન વિના અત્યારે નદી ઓળંગવાનું અશક્ય જ છે. મારા ખ્યાલ પ્રમાણે બેન જોઇસ તરફથી રાત્રે હુમલો આવી શકે છે. એ પહેલાં આપણે અહીંથી ખસી જવું જોઈએ.'

'દૂર ખસીને પણ ક્યાં જઈશું? નદી તો ઓળંગી શકાવાની નથી.' ગ્લેનાર્વનને પણ કોઈ ઉપાય સૂઝતો ન હતો.

'તે હું જાણું છું. જો પૂર્વમાં ટુ-ફોલ્ડ બે તરફ જઈ શકાય તેમ ન હોય તો દક્ષિણમાં મેલબૉર્ન તરફ તો જરૂરથી જઈ શકાય. આપણી પાસે હજી પણ એક ઘોડો છે. તમે આજ્ઞા આપો તો ઝડપથી હું ત્યાં પહોંચી શકીશ.'

'ના કૅપ્ટન ના! એ પણ દુ:સાહસ જ પુરવાર થાય તેમ છે. બેન જોઇસની ટોળી એકલા માણસ ઉપર ગમે ત્યારે હુમલો કરી શકે છે.' માર્ગમાં આવનારા જોખમનો ગ્લેનાર્વને ખ્યાલ આપ્યો.

'આપણામાંથી કોઈને પણ મેલબૉર્ન મોકલવાનું આપ વિચારો તે પહેલાં મારી વાત સાંભળી લો.' ત્યાં આવી રહેલા પેગેનલે પોતાનો મત રજૂ કર્યો.

'મેંગલ્સ મહાશય આપણી ડંકનનૌકાના કૅપ્ટન છે. અઢીસો માઈલ દૂરના મેલબૉર્ન તરફ એને મોકલી શકાય જ નહીં. એવા જોખમમાં એમને મૂકવાને બદલે હું જવાનું પસંદ કરીશ.'

'આપ સાહેબો મોટું જોખમ ખેડીને ત્યાં જવાનું વિચારો છો, તો શું અમે ન જઈ શકીએ?' મૂલરેડી અને વિલ્સને સૌ સમક્ષ પોતાના વિચાર રજૂ કર્યા.

કોઈ સાથીને એકલાને મેલબૉર્ન મોકલવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હોવા છતાં નદીનાં પૂરની સ્થિતિમાં અન્ય વિકલ્પ વિશે વિચારવાનું ગ્લેનાર્વનને જરૂરી લાગ્યું. આયર્ટને ગણતરી કરી તો તે પ્રમાણે ચાર દિવસમાં મેલબૉર્ન જઈને ત્યાંથી બે દિવસમાં નૌકાને ટુ-ફોલ્ડ બેને કાંઠે લાવી શકાય તેમ હતું. ત્યાર બાદ વધુ થોડા દિવસો અને ત્યાંથી તમામ પ્રકારની મદદ અહીં લાવી શકવાની હતી એ પ્લાન ગ્લેનાર્વનને વધુ વહેવારુ લાગ્યો.

તમામ સાથીઓએ મેલબૉર્ન જવાની તૈયારી બતાવતાં એમને મીઠી મૂંઝવણ થઈ. અભિભૂત થઈ ગયા. ગદ્‌ગદ અવાજે બોલ્યા,

'સાથીઓની સમર્પણની ભાવનાની હું કદર કરું છું, પરંતુ આપણી પાસે એક જ ઘોડો છે અને ઝડપથી ત્યાં જવા આપણે એક જ સાથીને મોકલી શકીએ તેમ છીએ. એ માટે એક જ રસ્તો છે. સૌ પોતપોતાનાં નામ લખીને આપો. એમાંથી પહેલી ચિઠ્ઠી ઉપાડતાં જે નામ નીકળે તેણે જવાનું રહેશે. એમાં મારા નામની પણ ચિઠ્ઠી હશે જ.'

સાથીઓને એ શરત મંજૂર ન હતી. મેજરે પણ ના પાડી. આ સમગ્ર અભિયાનના નેતા તરીકે કૅમ્પ ખાતેની એમની હાજરી અનિવાર્ય હતી, પરંતુ ગ્લેનાર્વન મક્કમ રહ્યા. આખરે ચિઠ્ઠી ખેંચાઈ. એમાંથી મૂલરેડીનું નામ નીકળ્યું. પોતાનું નામ નીકળતાં એ રાજી થઈ ગયો. માલિક પ્રત્યેની વફાદારી પુરવાર કરવાનો એને માટે એ અમૂલ્ય અવસર હતો. પોતે ગમે તે ઘડીએ નીકળવા તૈયાર હતો એમ તેણે જણાવ્યું. એના બંને હાથો પકડીને ગ્લેનાર્વનને શુભેચ્છા પાઠવી. હેલીના સાથે વાત કરાવવા પણ તેઓ એને ગાડી પાસે લઈ ગયા. મૂલરેડીની હિંમતને હેલીનાએ પણ બિરદાવી.

રાત્રે આઠ વાગે મેલબૉર્ન તરફની મુસાફરી શરૂ કરવાનું નક્કી થયું. વિલ્સન એને માટેનો ઘોડો તૈયાર કરવાના કામે વળગ્યો. એ દરમિયાન ગ્લેનાર્વને ડંકનનૌકાના ઇનચાર્જ ઑફિસર ટૉમ

ઓસ્ટિન ઉપરનો આદેશપત્ર લખવાની શરૂઆત કરી, પરંતુ એના જમણા હાથના ખભામાં જ આયર્ટને છોડેલી ગોળીથી ઈજા થઈ હતી. ઈજા આમ તો હળવી હતી અને હેલીનાએ એના ઉપર પાટાપિંડી પણ કર્યાં હતાં, પરંતુ દુખાવો ઘટ્યો ન હતો. એને કારણે પત્ર લખવામાં તકલીફ થતી હતી. પોતાની સૂચના પ્રમાણે શ્રુતલેખન કરવા ગ્લેનાર્વને પેગેનલને જણાવ્યું, પરંતુ બબ્બે વારના ભૂલભરેલા અર્થઘટનના આઘાતમાંથી પેગેનલ હજી બહાર આવ્યો ન હતો.

પહેલી વારના અર્થઘટન વખતે એ શબ્દોના અર્થમાં એને પેટાગોનિયા અને પમ્પા પ્રદેશો દેખાયા હતા. જોકે તે અગાઉ ગ્લેનાર્વને કરેલા અર્થઘટનથી એ ગેરમાર્ગે દોરવાયો હતો, પરંતુ બીજી વાર ઑસ્ટ્રેલિયા સંબંધી જે અર્થઘટન કર્યું હતું, તે તો એનું પોતાનું હતું. પમ્પા પ્રદેશની જળરેલ વખતે ઓમ્બુવૃક્ષની ડાળી ઉપરથી એ પડ્યો ત્યારે એને એ વિચાર સ્ફુર્યો હતો, પરંતુ આયર્ટનના ખુલાસા બાદ હવે સ્પષ્ટ થયું હતું કે એ પણ ભૂલભરેલું હતું.

તો હવે શું? ૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશની રેખા વધુ પૂર્વમાં ન્યૂઝલૅન્ડના ઉત્તરના મોટા ટાપુની વચ્ચે થઈને પણ પસાર થતી હતી. આમ તો ન્યૂઝીલૅન્ડનો વિચાર અત્યારે એના મનમાં આવ્યો ન હોત, પંરતુ એની નજર એના પગ પાસે નીચે પડેલા ન્યૂઝપેપર ઉપર ગઈ. 'ઑસ્ટ્રેલિયા ઍન્ડ ન્યૂઝલૅન્ડ' ગેઝેટ નામના ન્યૂઝપેપરનો એ અંક મેજર નેબ્સે સીમોર શહેરમાંથી પસાર થતી વખતે ખરીદ્યો હતો. થોડા સમય પહેલાં જ એ અંક મેજરે હેલીનાને વાંચવા માટે આપ્યો હતો. ઘડી વાળીને મૂકેલા એ અંકના ટાઇટલ પૈકીના Newzealand શબ્દના પાછળના પાંચ અક્ષરો પૈકીના ફક્ત અલૅન્ડ (aland) શબ્દો જ દેખાતા હતા. તેની ઉપર પેગેનલની નજર પડી. એ શબ્દ જોઈને એના મનમાં કાંઈક ચમકારો થયો. એના મોંમાંથી અનાયાસ 'અલૅન્ડ, અલેન્ડ' શબ્દ બડબડાટ સ્વરુપે બોલાવા લાગ્યો.

આ નવા વિચારમાં પેગેનલ એટલો ગરકાવ થઈ ગયો કે પત્ર લખાવતી વખતે ગ્લેનાર્વને હોંકારો દઈને એને ફરીથી સજાગ કરવો પડ્યો. ગ્લેનાર્વન પત્ર લખાવતા ગયા અને કોઈ પણ જાતની સભાનતા વિના પેગેનલ પત્ર લખતો ગયો. એમાં ડંકનનૌકાના મુખ્ય અધિકારીને આદેશ હતો કે નૌકાનું સમારકામ વહેલીતકે પૂરું કરીને એને ૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશ ઉપર ટુ-ફોલ્ડ બે વિસ્તારમાં લઈ જવું અને ઑસ્ટ્રેલિયાના એ પૂર્વકાંઠે અનુકૂળ સ્થળે થોભાવવું.

અહીં ઑસ્ટ્રેલિયાના પૂર્વકાંઠે શબ્દો સાંભળીને પેગેનલને કાંઈક બેચેની થઈ હોય તે રીતે ધીમેથી એ ગણગણ્યો, 'ઑસ્ટ્રેલિયાને પૂર્વકાંઠે અહા! હા જી, ઑસ્ટ્રેલિયાને પૂર્વકાંઠે.' શબ્દ પણ એ વારંવાર બોલતો રહ્યો. અગાઉ પેપરમાં એણે વાંચેલા 'આલૅન્ડ' શબ્દનું રટણ તો મનમાં થતું જ હતું, તેમાં હવે આ નવા શબ્દોની એના મનમાં ભેળસેળ થઈ ગઈ. એમાં ગ્લેનાર્વન કયા શબ્દો બોલ્યા અને પેગેનલે કયા શબ્દો લખ્યા, તેનો એને કાંઈ જ ખ્યાલ રહ્યો નહીં અને એ રીતે પત્રનું શ્રુતલેખન એણે પૂરું કર્યું.

ત્યાર બાદ ગ્લેનાર્વનની સહી માટે એ પત્ર તેના હાથમાં મૂકવામાં આવ્યો. તેની સહી થઈ ગઈ. પત્રને ખાસ લિફાફામાં મૂકીને ગ્લેનાર્વને પોતાનું સીલ લગાવ્યું. એને ચામડાના પાકીટમાં મૂકવાની ઔપચારિકતા પતાવી.

ગ્લેનાર્વનનું એટલું કામ પૂરું કરીને પેગેનલ કાંઈક હળવા મૂડમાં હોય તે રીતે ગાડીની બહાર નીકળી આવ્યો. જોકે હજી પણ એના મોંમાંથી પેલા 'અલૅન્ડ' શબ્દ અનાયાસપણે નીકળતા જ રહ્યા. એને એ રીતે ફફડતો જોઈને હેલીના અને મૅરીને આશ્ચર્ય થયું. તેમ છતાં પેગેનલની છાપ એક ધૂની ભૂગોળશાસ્ત્રી તરીકેની હતી. એ અંગે તેમણે પણ મૌન રહેવાનું જ

પસંદ કર્યું.

૧૮

જોખમભર્યું મિશન

ગ્લેનાર્વને લખાવેલો પત્ર લઈને મૂલરેડીને મેલબૉર્ન મોકલવાની તૈયારીમાં બાકીનો દિવસ પૂરો થયો. અઢીસો માઈલનો એ પંથ તેને માટે આમ તો અજાણ્યો હતો. માર્ગમાં ડુંગરાઓ હતા, ઝાડી જંગલ હતાં તો ઘાસિયાં અને સૂકા રણ જેવા પ્રદેશો પણ હતા. અહીંથી પણ સીધો ટૂંકો રસ્તો લઈને દક્ષિણપશ્ચિમે મેલબૉર્ન જઈ શકાય તેમ હતું, પરંતુ જે રસ્તે થઈને સૌ અહીં આવ્યા હતા, તે રસ્તે સીધા પશ્ચિમમાં લકનૌ સુધી જવાનું અને ત્યાંથી કાટખૂણે વળાંક લઈ સીધા દક્ષિણમાં મેલબૉર્ન પહોંચવાનું નક્કી થયું. એ માર્ગ મેઇલ રોડ તરીકે પણ વપરાતો હતો. દેશના અંદરનાં ગામો અને નગરો માટેની સરકારી કે ખાનગી ટપાલ લઈ જવા માટેની એ અધિકૃત વ્યવસ્થા હતી. સશસ્ત્ર રક્ષકો સાથેની ટપાલની ઘોડાગાડીઓ એ માર્ગે આવ-જા કરતી.

આ દરમિયાન પેગેનલે સ્વસ્થતા મેળવી લીધી. ગ્લેનાર્વને લખાવેલા પત્રમાં 'અલૅન્ડ અલૅન્ડ' જેવા અસંબદ્ધ જણાતા શબ્દો સાથેનો બડબડાટ કરતાં કરતાં એણે પોતે કાંઈક લોચો માર્યો હોવાનો એને ખ્યાલ આવ્યો, પરંતુ એ અંગે હવે ખુલ્લા થવાનો કોઈ અર્થ ન હતો. કેમ કે પત્ર તો સીલબંધ કવરમાં પૅક થઈ ગયો હતો. મોંએથી બોલાતા 'અલૅન્ડ-અલૅન્ડ' શબ્દોની સાથે થયેલા પત્રલેખન ઉપર એની ચોક્કસ અસર પડી હોવાનું એને યાદ આવ્યું, પરંતુ એ બાબતમાં મૌન રહેવાનું એણે પસંદ કર્યું. અત્યારે એ અંગે પોતાનું મોં ખોલીને સતત ત્રીજી વારની હાસ્યાસ્પદ સ્થિતિને એ ટાળવા માગતો હતો.

મૂલરેડીને તેના જવાના માર્ગ અંગેની તમામ જરૂરી સૂચના એણે આપી. સાથે માર્ગમાં રહેલાં ભયસ્થાનો સંબંધમાં પણ તેને વાકેફ કર્યો. એના જણાવ્યા પ્રમાણે બેન જોઇસની ટોળી તરફની હરકતો શરૂઆતમાં જ રહેવાની હતી. એ ટોળીની નજરથી બચવા રાત્રિના અંધારામાં ચૂપકીદીથી લકનૌ પહોંચી જવાની જરૂર હતી.

સાંજે છ વાગે સૌએ ભોજન લીધું. ધીમેધીમે અંધકારના આવરણ નીચે દિશાઓ ધૂંધળી બની. એ સાથે કાળાં વાદળોથી છવાયેલું આકાશ વધુ ઘેરું બન્યું. ધીમેધીમે વરસાદ શરૂ થયો, તંબુ હવે બધી રીતે નકામો બની ગયો હતો. એકમાત્ર ગાડીના છત્ર નીચે સૌએ આશરો લીધો. સાથે એમનાં માલસામાન, કપડાં તથા શસ્ત્રોને પણ સાચવવાનાં હતાં.

બેન જોઇસની ગુનેગાર ટુકડીની આ વિસ્તારમાંની હાજરી સૌ માટે ચિંતાની બાબત હતી. તેમ છતાં મૂલરેડીમાં હિંમત અને તાકાત હતાં. સૌને એનામાં વિશ્વાસ હતો. સૌને ખાતરી હતી કે વાયા લકનૌ માર્ગે ચાર જ દિવસમાં તે મેલબૉર્ન પહોંચી જવાનો હતો. એક વાર એ આદેશપત્ર ટૉમના હાથમાં આવે પછી બે જ દિવસમાં તે ટુ-ફોલ્ડ બેના કાંઠે આવી જવાનો હતો. એ

દરમિયાન રેલનાં પાણીથી ભરેલી સ્નોઈ રિવર ઓળંગવાનું શક્ય ન બને તો ડંકન ઉપરથી મદદ લઈને વધુ ત્રણ-ચાર દિવસમાં મૂલરેડી અહીં આવી પહોંચશે જ એવો સૌને વિશ્વાસ હતો.

સૌની આશા વચ્ચે અને શુભેચ્છાઓ સાથે મૂલરેડીએ એવું સીધુંસામાન પણ વિલ્સને બાંધ્યું હતું. કૅપ્ટન મેંગલ્સે ગોળીઓથી ભરેલી પોતાની ખાસ પિસ્તોલ મૂલરેડીના હાથમાં મૂકી. ગ્લેનાર્વને ચામડાંના પાકીટમાં મૂકેલો આદેશપત્ર પણ એને આપ્યો. તેણે તથા હેલીના અને મૅરીએ એની સાથે હાથ મેળવીને વિશિષ્ટ રીતે શુભેચ્છા આપી.

અંધારઘેરી વરસાદી રાત્રે અજાણ્યા વિરાન માર્ગે એકલા નીકળવાનું સાહસ જોખમી હતું, છતાં એ મૂલરેડી હતો. માલિક માટે મરી ફીટવાની હિંમત અને તમન્ના હતાં. બહુ જ ઝડપથી તે અંધારામાં ઓગળી ગયો. એના ગયા બાદ થોડી ગપસપ થઈ અને આરામનો સમય થતાં ગાડીના બે ભાગમાં સૌ પહોંચી ગયા. વરસતા વરસાદની અસર ટાળવા ગાડીની બંને બાજુમાં કૅનવાસ બાંધી દેવામાં આવ્યું. શરૂમાં મેજર અને કૅપ્ટન મેંગલ્સે જાગવાનું હતું. તેઓ ગાડીની બહાર આંટા મારતા હતા. વરસાદ અને પવનનું ઘમસાણ હળવું થતાં થોડી શાંતિ પથરાઈ. એમાં અંધારાંને ચીરતો કોઈક પ્રકરણનો તીણો અવાજ બંનેએ સાંભળ્યો. ખાતરી કરવા મેંગલ્સે મેજરને પૂછ્યું,

'કાંઈ અવાજ સંભળાય છે, તમને?' કોઈ માણસ મુશ્કેલીમાં હોય અને મદદ માટે વ્હીસલ વગાડતો હોય તેવો અવાજ છે.

મૂલરેડીના ગયા બાદ એની સફળતાની ચિંતામાં ગ્લેનાર્વનને પણ ઊંઘ આવતી ન હતી. તેમણે પણ આ અવાજ સાંભળ્યો. સ્પષ્ટ અણસાર મેળવવા તે પણ ગાડીમાંથી બહાર આવ્યા.

'તમે પણ કોઈ અવાજ સાંભળ્યો?' તેણે મેજરને પૂછ્યું.

'કોઈ માણસે કરેલો હોય તેવો જ એ અવાજ છે અને આપણો મૂલરેડી ગયો હતો તે દિશામાંથી જ આવ્યો છે.'

ગ્લેનાર્વને તરત જ બંદૂક હાથમાં લીધી. અવાજની દિશામાં એ ધસી જ ગયા હોત, પરંતુ મેજરે એમને એવું ઉતાવળિયું પગલું લેવા સામે ચેતવ્યા.

'મને તો આપણને અહીં કૅમ્પથી દૂર ખસેડવાનું છટકું હોય તેમ લાગે છે. આ કોઈ તર્કટ જણાય છે. કૅમ્પને રેઢો મૂકીને દૂર જવામાં જોખમ છે.'

'મને લાગે છે કે મૂલરેડીને બેન જોઇસની ટોળીએ ઘેરી લીધો છે અને તે મદદ માટે આપણને બોલાવી રહ્યો છે.'

'એ તો જે હોય તે, આવતી કાલે સવારે જ ખબર પડશે.'

મગજને શાંત રાખીને મેજરે જણાવ્યું, તેમ છતાં અવાજની દિશામાં ધસી જવા માટેનો એમનો આગ્રહ ચાલુ જ રહ્યો. એને અટકાવીને હવે કૅપ્ટન મેંગલ્સે જણાવ્યું,

'આપ સાહેબના જીવને આ રીતે જોખમમાં મૂકવાનું યોગ્ય નથી. આપ નહીં, પરંતુ હું જઈશ.'

'કોઈએ કાંઈ જ કરવાનું નથી.' મેજર નેબ્સનો સત્તાવાહી સખત અવાજ આવ્યો, 'માની લો કે મૂલરેડી ઉપર હુમલો થયો હોય તો પણ વરસાદ અને અંધારામાં આપણે તેને કેવી રીતે મદદ કરી શકવાના હતા? મૂલરેડીને એકલો મોકલવામાં આપણી ભૂલ થઈ છે તેમ હવે મને લાગે છે, પરંતુ હવે પછી આપણે છૂટા પડીશું તો વારાફરતી આ રીતે મરતા રહીશું અને છેવટે એનું શું પરિણામ આવી શકે તેનો વિચાર કરો. આપણી અનુપસ્થિતિમાં એ ખૂની લૂંટારુઓ આપણા

કૅમ્પની કેવી દુર્દશા કરી શકે તેની કલ્પના કરો. એકલા ગયેલા મૂલરેડીને આ રીતના અંધારામાં ઘેરીને ટોળકીએ તેની હત્યા પણ કરી હોય, તો પણ અત્યારની સ્થિતિમાં આપણે શું કરી શકવાના હતા? એ એક કમનસીબ ઘટના છે અને આપણને તેનું પારાવાર દુઃખ છે. એની જગ્યાએ મારા નામની ચિઠ્ઠી નીકળી હોત અને હું ગયો હોત તો મારી પણ એવી જ દશા થઈ હોત. મારી એવી સ્થિતિમાં આપના તરફથી કોઈ પણ મદદની મેં આશા રાખી ન હોત.'

મેજરની રજૂઆત સ્પષ્ટ અને સાચી દિશાની હતી. એ રીતે એક પછી એક સાથીઓ એવાં અવિચારી સાહસોમાં મરતા રહે એમાં કોઈ ડહાપણ ન હતું. ગ્લેનાર્વને મુશ્કેલીથી પોતાની જાતને રોકી રાખી. એક બાજુ એના જ વિશ્વાસુ સાથી તરફથી મદદ માટેની ચીસો એણે સાંભળી હોવાની સ્થિતિનો એને સંતાપ હતો, તો બીજી તરફ હેલીના અને મૅરી ઉપરાંત અન્ય સાથીઓનો વિચાર પણ કરવાનો હતો. પોતાની આ પ્રકારની અસહાય સ્થિતિ માટે એઓ અફસોસ કરતા રહ્યા.

મેજર નેબ્સની સમજાવટથી ગ્લેનાર્વન તાત્કાલિક તો રોકાઈ ગયા. દરમિયાન કોઈ માણસના કણસવાનો અવાજ વધુ ને વધુ નજીકથી આવતો હોવાનો અણસાર આવ્યો. ત્રણેએ પોતપોતાના કાન સરવા કર્યા. મદદની માગણી કરતો એ સ્પષ્ટ રીતનો અવાજ હતો. ગ્લેનાર્વનને ત્યાં જ ઊભેલા રાખીને મેજર તથા કૅપ્ટન એ અવાજની દિશામાં આગળ વધ્યા. એમને ખ્યાલ આવ્યો કે કોઈ માણસ વરસાદથી ભીનાં થયેલાં પાંદડાંના પથારા ઉપર હાથપગની મદદથી ખસતો ખસતો આગળ વધી રહ્યો હતો. એના મોંમાંથી નીકળતા સિસકારાથી બંનેને ખ્યાલ આવી ગયો કે તે મૂલરેડી જ હતો.

બંને નજીક પહોંચતા જ એ માણસે પોતાનું ભાન ગુમાવ્યું. બંનેએ ગ્લેનાર્વનને પણ બોલાવ્યા. થોડા જ કલાકો પહેલાં દૂરના એક મિશન ઉપર જેને મોકલવામાં આવ્યો હતો તે સાથીને અહીં બેભાન સ્થિતિમાં પડેલો જોઈને ત્રણેના હોશકોશ ઊડી ગયા. તેને તાત્કાલિક સારવાર આપવાની જરૂર હતી. સંભાળપૂર્વક ઊંચકીને ગાડીમાં લઈ આવ્યા. એક ભાગ એને માટે ખાલી કરાવીને સુવાડવામાં આવ્યો. વરસાદના પાણીથી લથબથ ભીનાં કપડાં ઉતારી નાખવાં પડ્યાં. જણાયું કે જમણા ખભાના ભાગમાં ઊંડો ઘા થયો હતો, અને તેમાંથી લોહી વહી રહ્યું હતું. કપડાં પણ લોહીવાળા થઈ ગયાં હતાં.

મેજરે ઘા સાફ કર્યો. તેના ઉપર દવા લગાવી. પેડિંગ મૂકીને દબાણપૂર્વકનો પાટો બાંધ્યો. મોંમાં થોડી બ્રાન્ડી રેડવામાં આવી જે પેટમાં પહોંચી ગઈ. શરીરની ગરમી ટકાવી રાખવા માટે ફરતે ધાબળા વિંટવામાં આવ્યા. દીવાના ઝાંખા પ્રકાશમાં સૌ અચેતન પડેલા પોતાના સાથીને ચિંતાની નજરે જોઈ રહ્યા. હેલીના અને મૅરી મૂલરેડી માટે ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યાં. જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહેલા સાથી ઉપર જ સૌની નજર હતી. એવી ઉચાટભરી ક્ષણો વીતતી જ ગઈ. આખરે એકાદ કલાક બાદ દર્દીના શરીરમાં ચેતનાનો હળવો સંચાર થયાનું સૌએ અનુભવ્યું. આંખો ખોલતા પણ એટલો જ સમય ગયો. એની આંખો ખૂલી. એને જોઈ રહેલા સૌ સાથીઓને એ ચકળવિકળ નજરે જોઈ રહ્યો. પોતે સલામત હતો એવો વિશ્વાસ બેઠો. સૌને માંડમાંડ સંભળાય તેવા તૂટક અવાજે એ બોલ્યો,

'મારા સાહેબ, આપનો પત્ર... બેન જોઇસ...'

મેજર નેબ્સે એ શબ્દો સાંભળ્યા. બેન જોઇસના છૂપા ઇરાદાનો તરત જ એને ખ્યાલ આવી ગયો. ગ્લેનાર્વનના માણસને અધવચ્ચે જ આંતરીને ડંકન ઉપર જતો રોકવાનો એનો

ઇરાદો હોવો જોઈએ. ગ્લેનાર્વને તરત જ મૂલરેડીનાં કપડાં ફંફોસ્યાં. ડંકનનૌકા ઉપર ટૉમ ઓસ્ટિનને પહોંચાડવા માટેનો પત્ર એમાંથી મળ્યો નહીં. મૂલરેડીના સ્વાસ્થ્ય માટેની ચિંતા તો હતી જ, તેમાં આ પત્રના થનારા દુરુપયોગની ચિંતાનો વધારો થયો.

એવી સ્થિતિમાં ઊંઘતાં જાગતાં સૌએ રાત વિતાવી. સવાર પડતાં જ મેજર અને કૅપ્ટનને લઈને ગ્લેનાર્વને આસપાસનાં ઝાડીઝાંખરાં તપાસ્યાં. રસ્તામાં જ્યાં લોહીનાં નિશાન હતાં તે તરફ ઊંડે સુધી જઈ આવ્યા. ઘણે દૂર ઝાડીમાં બે માણસોનાં શબ જોવામાં આવ્યાં. એ પૈકીનો એક પેલો લુહાર હતો, જેને ગાડીના સમારકામ માટે આયર્ટન જ લઈ આવ્યો હતો. બંને માણસો મૂલરેડીની પિસ્તોલનો શિકાર બન્યા હતા. વધુ દૂર જવાનું જોખમ લેવાનું બિનજરૂરી હતું. બચેલા ડાકુઓ કૅમ્પ ઉપર હુમલો કરે એવી શક્યતા પણ હતી. પડાવ ઉપર આવીને ગ્લેનાર્વને સૌને વિગતો જણાવી અને બોલ્યા,

'હવે પછી બીજા કોઈ સંદેશવાહકને એકલા મોકલવાનો આપણે વિચાર કરવાનો નથી.'

'જ્યારે હું વિચારું છું કે આપણે ફરીથી એવો પ્રયાસ કરવો જ જોઈએ. મને આશા છે કે મૂલરેડી જ્યાં નિષ્ફળ ગયો ત્યાં હું જરૂરથી સફળ થઈશ.' કૅપ્ટન મેંગલ્સ હજી પણ આશાવાદી હતો.

'એ રીતે વિચાર કરવાનું કેટલું અવાસ્તવિક છે, તેનો તમને ખ્યાલ છે?' ગ્લેનાર્વને કૅપ્ટનની જીદ સામે વાસ્તવિક સ્થિતિ રજૂ કરી,

'બસો માઈલ કરતાં પણ વધુ અંતરે જવા માટે હવે તો આપણી પાસે ઝડપથી જવા માટે ઘોડો પણ નથી. મૂલરેડી જે ઘોડો લઈ ગયો હતો તે પાછો આવ્યો નથી. એ કદાચ જંગલમાં ખોવાઈ ગયો હોય કે હુમલા વખતે જ માર્યો ગયો હોય. એવી પણ શક્યતા છે કે લૂંટારો પોતે જ એના માલિક બની ગયો હોય. એ તો જે હોય તે. બનવાકાળ તે બની ગયું છે, પરંતુ એવી ભૂલ હવે આપણે કરવાની નથી. આપણને એક પણ સાથી ગુમાવવાનું પરવડે તેમ નથી.' ગ્લેનાર્વને મક્કમતાથી પોતાનો નિર્ણય જાહેર કર્યો. વધુમાં એમણે જણાવ્યું,

'આપણે અહીં આ સ્નોઈ રિવરનાં પાણી ઊતરે ત્યાં સુધી રાહ જોઈશું. એમાં અઠવાડિયું થાય અને ભલેને પખવાડિયું પણ થાય, તો પણ વાંધો નથી. ત્યાર બાદ ધીમેધીમે ટુ-ફોલ્ડ બેને કાંઠે આપણે પહોંચી જઈશું. એ દરમિયાન ડંકનનૌકા ત્યાં આવીને આપણી રાહ જોતી હશે. નહીં આવી હોય તો ત્યાંની ટેલિગ્રાફિક સેવા મારફતે આપણે સંદેશો મોકલી શકીશું. કોઈ પણ સાથીને એકલાને મોકલવાની વાતને આપણે હવે ભૂલી જ જવાની છે. મૂલરેડીને એકલાને મોકલવાનું પરિણામ આપણે જોયું છે.'

એ સાથે ભાવુક બનીને એમની વાત આગળ ચલાવી, 'આપણું આ મિશન સફળ થાય કે ન થાય, પરંતુ આપણે સૌએ સાથે જ જીવવાનું છે. ઈશ્વરને આપણી પ્રાર્થના રહેશે કે આપણને એક રાખે, સાજા-નરવા રાખે અને જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા આપણા સાથીને લાંબું જીવન બક્ષે.'

ગ્લેનાર્વન બે બાબતમાં સ્પષ્ટ બની ગયા. કોઈ પણ કારણ હોય, કોઈ પણ સાથીને એકલાને મોકલવા નહીં, તેમ જ નદીનાં પૂર ઊતરે ત્યાર બાદ જ નદી ઓળંગવી. ત્યાં સુધી આ કાંઠે જ વિરામ કરવો. પેગેનલની ગણતરી મુજબ હવે પ્રશ્ન માત્ર પાંત્રીસ માઈલનો જ હતો. ન્યૂસાઉથ વેલ્સ પ્રાંતના ડેલિગેટ નગરમાં પહોંચી શકાય તો ત્યાંથી ટુ-ફોલ્ડ બે જવા માટે મુસાફરીનાં સારાં સાધનો મળી રહેવાની ખાતરી હતી. વળી ત્યાંના ઇડન બંદરમાં ટેલિગ્રાફ

ઑફિસ પણ હતી અને ત્યાંથી મેલબૉર્નમાં ટૉમનો સંપર્ક કરી શકાય તેમ હતું.

એ વખતે જ લેડી હેલીનાએ સમાચાર આપ્યા કે મૂલરેડી પૂરેપૂરો ભાનમાં આવી ગયો હતો. એને આરામ લેવાનું જણાવવા છતાં તેણે જીદ પકડી હતી કે રાત્રિ દરમિયાન એને થયેલો અનુભવ અને એણે જાણેલી હકીકતો તે વહેલીતકે મેજર નેબ્સને જણાવવા ઉત્સુક હતો. એને હવે ઘણું જ સારું લાગતું હતું, અને એની વાતો ખૂબ જ મહત્ત્વની હતી. હેલીનાના જણાવ્યા પ્રમાણે એણે આપેલી માહિતી એવી ચોંકાવનારી હતી કે મેજર નેબ્સ જેવા હિંમતબાજ લશ્કરી અધિકારી પણ ચિંતાતુર બની ગયા હતા.

મૂલરેડીએ આપેલી માહિતી ચિંતા કરાવે તેવી જ હતી. હવે પછી આગળ વધતાં પહેલાં એ માહિતીને આધારે નવી જ વ્યવસ્થા ગોઠવવાની જરૂર હતી. તેના જણાવ્યા પ્રમાણે પેગેનલે સમજાવેલા માર્ગે જ રાત્રિ દરમિયાન તે લકનૌ તરફના માર્ગે આગળ વધી રહ્યો હતો, ત્યારે બે માઈલ દૂરના અંતરે એની ઉપર ઝાડીમાંથી હુમલો થયો હતો. પાંચેક ગુનેગારોની એ ટોળીના માણસોએ સૌપ્રથમ તો ઘોડાની ડોક પકડીને તેને સ્થગિત કરી દીધો હતો. બેન જોઇસ તરફનો જ એ હુમલો હોવાનો ખ્યાલ આવતાં જ એણે પોતાની પિસ્તોલથી હુમલાખોરો તરફ આડેધડ ગોળીઓ છોડી હતી, પરંતુ પાછળથી એના ઉપર ભારેખમ હથિયારથી જોરદાર ફટકો પડ્યો હતો. ત્રીજી ગોળી છોડે તે પહેલાં તો બેહોશ થઈને ઘોડા ઉપરથી ઢળી પડ્યો હતો. એને થોડું ભાન આવ્યું ત્યારે લાગ્યું કે હુમલાખોરો એનાં કપડાં ફંફોસી રહ્યા હતા. એમાંથી પત્રવાળું ચામડાનું કવર શોધીને બાજુમાં જ ઊભેલા બેન જોઇસને આપી દીધું હતું.

આયર્ટન નામધારી બેન જોઇસ આગલા દિવસ સુધી તો ગ્લેનાર્વન સાથે જ રહેતો હતો. એને કારણે એ ગુનેગારના અવાજને ઓળખતો હતો. ગ્લેનાર્વનના પત્રવાળું પાકીટ પોતાના હાથમાં લઈ તે બોલ્યો હતો કે બે-પાંચ દિવસમાં જ ડંકનનૌકા હવે તેના કબજામાં આવી જવાની હતી.

પોતાને અતિપ્રિય એવી ડંકનનૌકા ઘાતકી લૂંટારાઓના હાથમાં હવે લૂંટારું જહાજ બની જવાની વાત સાંભળીને ગ્લેનાર્વન પોતાની જાતને સંભાળી શક્યા નહીં. એમના આંખોમાંથી આંસુ વહી રહ્યાં.

બેન જોઇસે એના સાથીઓને સમજાવ્યા પ્રમાણે ઘોડા ઉપર સવાર થઈ ચારેક દિવસમાં જ તે મેલબૉર્ન બંદરે પહોંચવાનો હતો અને માલિક ગ્લેનાર્વનના આદેશપત્રને આધારે એ પોતે જ ડંકનનૌકાનો સર્વેસર્વા બની જવાનો હતો. પેડીમૂરના ફાર્મ ઉપર નૌકાના બધા જ માણસો સાથે એને ઓળખાણ થઈ હતી એટલે કોઈને પણ એને માટે શંકા જાગવાની ન હતી. એવી સ્થિતિનો લાભ લઈ નૌકાને ટુ-ફોલ્ડ બેના નિર્ધારિત સ્થળે તે લઈ જવાનો હતો. જ્યાં તેના બધા જ સાથીઓ નૌકા ઉપર સવાર થવાના હતા.

એ સમય દરમિયાન ગ્લેનાર્વન અને એના સાથીઓ સ્નોઈ રિવરના પેલા કળણવાળા સ્થળમાં જ ખૂંપેલા રહેવાના હતા. એવી તેની ગણતરી પ્રમાણે તેણે પોતાના માણસોને સૂચના આપી હતી કે સ્નોઈ રિવરના ઉપરવાસમાં કૅમ્પલ પિયર નામનો લાકડાનો સાંકડો પુલ છે તેનાથી નદી ઓળંગી જવી અને ત્યાંથી ટુ-ફોલ્ડ બેના કાંઠે પહોંચીને ત્યાં ડંકનનૌકાની રાહ જોવી. સાથીઓને તેણે એવું સમજાવ્યું હતું કે ડંકન જેવી અતિ આધુનિક નૌકા એક વાર એના હાથમાં આવતાં જ હિન્દ મહાસાગરમાં તેનું જ રાજ ચાલવાનું હતું. એના એ શબ્દો સાંભળીને એની ટોળીના બીજા સભ્યોએ આનંદના પોકારો પાડ્યા હતા.

બેન જોઇસની સૂચનાથી એ સાથીઓ ઘોડાને શોધી લાવ્યા હતા. તરત જ એના ઉપર સવારી કરીને તેણે મેલબૉનની દિશામાં ઘોડાને દોડાવી મૂક્યો હતો. બાકીના માણસો પોતાના બે મરેલા સાથીઓ તથા મૂલરેડીને પણ મરેલો માનીને ત્યાં જ છોડીને ઝડપથી કૅમ્પલ પિયરના પુલ તરફ જવા નીકળી ગયા હતા.

ડાકુટોળીની કામગીરી દરમિયાન મૂલરેડી જાણે મૃત્યુ પામ્યો હોય તે રીતે જરાપણ હલનચલન વિના પડી રહ્યો હતો. ડાકુઓના ગયા બાદ કૅમ્પ તરફ પાછા વળવાની તેણે તૈયારી કરી હતી, પરંતુ હુમલા દરમિયાન થયેલા ઘામાંથી ઘણું લોહી વહી ગયું હતું. તે અશક્ય હતો, છતાં પૂરી સૂઝબૂઝ સાથે પોતાના સાથીઓએ જ્યાં પડાવ નાખ્યો હતો તે તરફ પોતાના શરીરને ઘસડવા માંડ્યું. એ દરમિયાન શક્ય હોય તે રીતે મદદ માટે પોકાર પાડતો રહ્યો. છેલ્લે કૅમ્પથી તે ત્રણસો ફૂટ જેટલે દૂર હશે ત્યારે જ છેલ્લો અવાજ કરી શક્યો હતો, ત્યાર બાદ તેણે ભાન ગુમાવ્યું હતું.

હુમલા દરમિયાન થયેલો ઘા ગંભીર હતો. એમાંથી ઘણું લોહી વહી ગયું હતું. નબળાઈ પણ ઘણી હતી, છતાં મૂલરેડીનું શરીર કસાયેલું અને ખડતલ હતું. સાથીઓની સારવાર કારગત નીવડી અને તેમાંયે સિસ્ટર્સ ઑફ ધી ચેરિટીની નર્સ હોય તે રીતે લેડી હેલીના અને કુ. મૅરીની શુશ્રૂષાથી મૂલરેડીને નવજીવન મળ્યું હતું. હવે તે પૂરેપૂરો ભયમુક્ત હતો.

નવી નકોર અને મજબૂત ડંકનનૌકાનો કબજો લઈ ચાંચિયાગીરી કરવાનો બેન જોઇસનો પ્લાન નિષ્ફળ જવા માટે કોઈ જ કારણ ન હતું. લૉર્ડ ગ્લેનાર્વનના આદેશ પ્રમાણે ડંકનનો ઇનચાર્જ ઑફિસર એને ટુ-ફોલ્ડ બેના કાંઠે લઈને જવાનો જ હતો. ત્યાંથી પોતાના માણસો સાથે મળીને નૌકાના તમામ માણસોની હત્યા કરીને તેનો કબજો લેવામાં બેન જોઇસ જેવા ચાલાક ગુનેગારને કોઈ મુશ્કેલી પડે તેમ ન હતું.

‘એ ચાંચિયાઓ! આપણા સાથીઓને જીવતા છોડશે નહીં.’ ડંકન એઓના હાથમાં જાય તે હવે થોડા સમયનો જ સવાલ હતો. એવી સ્થિતિનો વિચાર કરીને ગ્લેનાર્વન ધ્રૂજી ઊઠ્યા. શું બોલવું અને શું કરવું તે એને સૂઝતું જ ન હતું. રઘવાટભરી એમની માનસિક સ્થિતિ જોઈને ઘડીભર સૌ ચૂપ થઈ ગયાં. એમને કઈ રીતે મદદરૂપ થવું કે આશ્વાસન આપવું તે કોઈને જ સૂઝે તેમ ન હતું. લાંબી સ્તબ્ધતાને અંતે બોલકા પેગેનલે મૌન તોડ્યું.

‘એવી સ્થિતિનો સામનો કરવા આપણે વહેલીતકે ટુ-ફોલ્ડ બેના કાંઠે પહોંચી જવું જોઈએ. ત્યાં આપણે એમનો સામનો કરી શકીશું.’

‘તમારું સૂચન બરાબર છે, પરંતુ રેલનાં પાણીથી કાંઠાભેર વહેતી આ સ્નોઈ નદીને પાર કેવી રીતે કરીશું?’

‘જે રીતે એ લૂંટારાઓ એ નદી ઓળંગવાના છે તે જ રીતે કૅમ્પલ પિયરના પુલનો ઉપયોગ કરીને એ કામ પારી પાડી શકીશું.’ ગ્લેનાર્વનને પણ હવે ઉકેલ સૂઝ્યો.

‘પરંતુ મૂલરેડીનું શું? હજી પણ એ ચાલી શકવાની સ્થિતિમાં નથી.’ હેલીનાએ પોતાના દર્દી માટે ચિંતા વ્યક્ત કરી.

‘એમાં ચિંતા જેવું કાંઈ જ નથી. એને ડોળીમાં સૂવડાવીને આપણે સૌ વારાફરતી ઊંચકી લઈશું. અહીંના આ ભયજનક સ્થળમાં લૂંટારાઓની દયા ઉપર જીવવા એને એકલો છોડી શકાય નહીં.’ ગ્લેનાર્વને સધિયારો આપ્યો.

કૅમ્પલ પિયરના બ્રિજ દ્વારા સ્નોઈ નદી ઓળંગવાનો એક માત્ર ઉપાય એમની સમક્ષ

હતો, પરંતુ આ લોકો તે ઓળંગવા ત્યાં ઉપરવાસમાં જશે એવી પૂર્વ ગણતરીએ ગુનેગાર ટોળકી એ સ્થળે અગાઉથી મોરચાબંધી કરે તો શું થાય? એ પ્રશ્ન લગભગ દરેકના મનમાં હતો, પરંતુ અન્ય સાથીઓ નાહકના નિરાશ થઈ જાય તે કોઈને પણ પરવડે તેમ ન હતું. એવી સ્થિતિને ધ્યાનમાં રાખીને કોઈએ જ એ અંગેની ચર્ચાને છેડી નહીં.

'મારું માનવું છે કે આપણા આ આખા રસાલા સાથે પુલવાળા સ્થળે જવામાં કોઈ ડહાપણ નથી. ત્યાં કોઈ મુશ્કેલી ઊભી થાય તો પાછા વળવાનું મુશ્કેલ બની શકે. એના કરતાં હું એકલો ત્યાં જઈને તપાસ કરી આવું તો કેમ?' કૅપ્ટન મેંગલ્સે પ્રસ્તાવ મૂક્યો.

કોઈએ પણ એકલા જવાનું જોખમ ખેડવાનું નથી. એવા ગ્લેનાર્વનના આદેશની તેને યાદ આપવામાં આવી. મેંગલ્સનું સૂચન ઘણું જ સારું હતું અને તે માટે તપાસ કરવાની એની તૈયારી પણ એટલી જ આવકાર્ય હતી, પરંતુ એકલા જવા દેવા માટે ગ્લેનાર્વન ના પાડશે એવી સ્થિતિને ધ્યાનમાં રાખીને પેગેનલે પણ સાથે જવા ઇચ્છા બતાવી. ગ્લેનાર્વને સંમતિ આપી.

એમણે નદીને કાંઠે કાંઠે જ પુલ સુધી જવાનું હતું. આવતાં-જતાં દસ માઈલની એ પગપાળા મુસાફરી હતી. એ માટે જરૂરી સાધનસામગ્રી અને શસ્ત્રોની તૈયારી કરીને બંને જણા નીકળી પડ્યા. એ એક અગત્યનું, ઝડપી અને જોખમી ખાનગી અભિયાન હતું. ઝાડીમાં છુપાયેલા લૂંટારાઓની નજરથી બચવાનું હતું. સામનો થાય તો હથિયારોનો ઉપયોગ કરવાનો હતો અને પુલની સ્થિતિની માહિતી લઈને ઝડપથી પાછી આવી જવાનું હતું. બંનેના ગયા પછી સૌ બેચેન બની ગયા, સાંજ પહેલાં તો તેમના આવવાની શક્યતા જ ન હતી, પરંતુ સાંજ ઢળતાં સૌની ચિંતામાં વધારો થયો. કોઈને કાંઈ જ સૂઝતું ન હતું. મૂલરેડીના જેવી જ સ્થિતિની જ સૌ શંકાકુશંકા કરતાં રહ્યાં. ત્યાંનો હુમલો અહીં આવવાની શક્યતા દૂરની હતી, છતાં સૌએ પોતપોતાનાં શસ્ત્રો હાથવગા અને તૈયાર રાખ્યાં.

આખરે રાત્રે અગિયાર વાગ્યાના અરસામાં તેઓ આવી પહોંચ્યાં. પુલની સ્થિતિના સમાચાર જાણવા સૌ આતુર હતાં, 'શું થયું? પુલ કાર્યરત છે ને?'

'હા જી, પુલ તો મળ્યો, પરંતુ...'

'પરંતુ શું?' સૌ એકીસાથે બોલી ઊઠ્યાં, 'પુલ મળ્યો, પરંતુ અમે પહોંચીએ તે અગાઉ તેઓ ઓળંગી ગયા હતા અને જતાંજતાં પુલને આગ લગાડતા ગયા હતા.'

૧૯

વિફળતાની વેદના

કૅમ્પલ પિયર પુલનો ઉપયોગ કરીને લૂંટારુઓની ટોળકી પુરના પાણીથી ભરેલી સ્નોઈ રિવર ઓળંગી ગઈ હતી, પરંતુ તેમનો પીછો કરનારાઓને અટકાવવાના હેતુથી એ પુલને તેમણે આગ લગાડી હતી. ગ્લેનાર્વન માટે એ બહુ જ મોટો આઘાત હતો. મૂલરેડી પાસેથી પ્રાપ્ત કરેલા આદેશપત્રને આધારે ડંકનનૌકાનો કબજો લેવામાં લૂંટારુઓને હવે કોઈ અટકાવી શકે તેમ ન હતું.

એ રીતની સાવ નાસીપાસ કરનારી સ્થિતિમાં પણ ગ્લેનાર્વનને આશા હતી કે એને માટે હજી પણ તક હતી. સ્નોઈ રિવરના અંતરાયને કોઈ પણ રીતે પાર કરી શકાય તો હજી પણ નૌકાનો કબજો લેતાં તેઓને અટકાવી શકાવાની તેણે શક્યતા જોઈ. ટોળીના સાથીઓની સહાય વિના તેમનો નેતા બેન જોઇસ એકલો કાંઈ પણ કરી શકવાનો ન હતો, તેની એને ખાતરી હતી.

બિનઉપયોગી બની ગયેલા કૅમ્પલ પિયર બ્રિજ માટે આંસુ સારી સમય બગાડવાને બદલે ઝડપથી અન્ય પગલાં વિચારવાની તાકીદ હતી. બીજા દિવસે એટલે ૧૬મી જાન્યુઆરીની સવારમાં જ કૅપ્ટન મેંગલ્સને લઈને તેઓ નદીકાંઠા નજીક ગયા, પરંતુ પાણીની સપાટી અને તેના ઘૂઘવાટમાં કોઈ જ ઘટાડો થયેલો જણાયો નહીં.

‘શું કરીશું?’ ગંભીરભાવે અદબ વાળીને ઊભેલા ગ્લેનાર્વન, પાણીના વહેણ તરફ એકધારી રીતે નજર ટેકવીને બોલ્યા, નિરાશનો એ ભાવ હતો. એમાં કાંઈક આશ્વાસન આપવાનો હેતુ હોય તે રીતે કૅપ્ટને હિંમત આપી. પ્રસ્તાવ મૂક્યો,

‘આપની અનુમતિ હોય તો પાણીમાં તરીને સામે પાર જઈને પાછા આવવાનો પ્રયાસ કરી જોઉં?!!’

‘ના જ્હૉન ના! એવું દુઃસાહસ કરવાનું વિચારશો જ નહીં. આમ પણ સમયની દોડમાં આપણે પાછળ છીએ. આપણી સૌની સલામતી અતિ મહત્ત્વની છે. થોડો વધુ વિલંબ ભલે થતો.’

મોં ઉપર કોઈ પણ પ્રકારનો ભાવ લાવ્યા વિના ગ્લેનાર્વને જણાવ્યું. પોતાના માણસોની સલામતી માટે તેઓ અધીરા બની ગયા હતા. કોઈ પણ ચોક્કસ નિર્ણય લીધા વિના જ તેઓ પાછા વળ્યા. એ માટે કોઈ નવીન ઉપાય શોધવાની મથામણમાં જ આખો દિવસ પૂરો થયો. ગ્લેનાર્વનને થતું હતું કે એના કરતાં તો ધગધગતા લાવાથી ભરેલી નદીને ઓળંગવાનું કદાચ વધુ સહેલું બન્યું હોત.

ફરજિયાત આવી પડેલા આરામના સમયમાં પણ હેલીના અને મૅરી ઘાયલ મૂલરેડીની સેવા શુશ્રૂષામાં વ્યસ્ત હતાં. મેજર નેબ્સ પણ અવારનવાર એના શરીરને તપાસતો રહ્યો.

માવજતને કારણે ઘા ઝડપથી રૂઝાઈ રહ્યો હતો. એણે થોડી સ્વસ્થતા પણ પ્રાપ્ત કરી લીધી. જોકે હજી સ્વતંત્રપણે ચાલવાની શક્તિ અને હિંમતનો અભાવ હતો. એ એક સાવ સામાન્ય કક્ષાનો નાવિક હતો. ઘરઆંગણે હોય ત્યારે તો માલિક લૉર્ડ અને લેડી ગ્લેનાર્વનનું મોં જોવાની તક પણ યાદગાર પ્રસંગ બની જાય તેવું એનું સ્થાન હતું. તેને બદલે અહીં તો માલિક દંપતી સતત એની સેવા કરી રહ્યું હતું. હેલીનાએ આગ્રહ કરીને પણ ગાડીનો આગલો ભાગ ખાસ એને માટે ખાલી કરી દીધો હતો. ઉમરાવ કુટુંબની એ યુવાન મહિલા પોતાને ખાતર એવી અગવડ વેઠતી હતી, તેની મૂલરેડીને ભારે અકળામણ હતી. એ મનોમન ભારે મૂંઝવણ અનુભવતો હતો.

આખરે બીતાંબીતાં માલિક સમક્ષ એણે પ્રસ્તાવ મૂક્યો કે એને અહીં જ વિલ્સનની દેખભાળમાં મૂકીને બાકીનું જૂથ નદી ઓળંગી આગળ વધે, પરંતુ એની એવી માગણીનો સ્વીકાર થાય તેવી શક્યતા જ ન હતી.

૧૭મી જાન્યુઆરીના બીજા દિવસે સ્થિતિ યથાવત્ રહી. પૂરનાં પાણી ઊતરે નહીં ત્યાં સુધી કોઈ પણ જોખમ લેવાનો ગ્લેનાર્વન ઇનકાર કરતા રહ્યા. જોકે વધતા વિલંબની સાથેસાથે એની અકળામણ પણ વધી રહી હતી, તેમાં પણ એની ગણતરી પ્રમાણે મૂલરેડીને બદલે એનો પત્ર લઈને મેલબૉર્ન ગયેલો બેન જોઇસનો ડંકન ઉપર પહોંચવાનો સમય આવ્યો ત્યારે એ પોતાની જાતને કાબૂમાં રાખી શક્યા નહીં. પડાવની બહાર એઓ સતત આંટા મારવા લાગ્યા. હાથની મૂઠી વાળી બીજા હાથની હથેળીમાં સતત ઠોકતા હતા. એની માનસિક સ્થિતિ સમજી ગયેલી હેલીના એમને આશ્વાસન આપી શાંત થવા સમજાવી રહી.

કૅપ્ટન મેંગલ્સ પણ ડંકનનૌકા અને તેની ઉપરના પોતાના માણસો બાબત એટલો જ ચિંતાતુર હતો. સ્થાનિક લાકડાને વેલાઓથી બાંધીને એણે નાની હોડી તૈયાર કરી. પાણીના જોરદાર વહેણ તથા વમળમાં એ ટકી શકે તેમ ન હતું. કાંઠાથી થોડા જ અંતરે ગયા પછી વમળમાં ફસાઈને તે ડૂબી ગઈ. કૅપ્ટન અને તેના મદદનીશ તરીકે રહેલા વિલ્સને માંડમાંડ પોતાનાં જીવન બચાવ્યા.

નાનકડી અને તકલાદી નૌકામાં નદી પાર કરવાનો પ્રયાસ નિષ્ફળ ગયો. એવી સ્થિતિમાં નવું સાહસ શરૂ કરવાની કોઈને હોંશ હતી નહીં. ઉચાટ સાથે પાણી ઊતરવાની રાહ જોવા સિવાય કોઈથી કાંઈ જ થઈ શકે તેમ ન હતું.

ત્યાર બાદ ૧૯મી અને ૨૦મી તારીખના બે વધુ દિવસો પણ એ જ રીતે પસાર થયા. સૌ પોતપોતાની રીતે વારંવાર નદીના પાણીની નોંધ લેવા લાગ્યા. પાંચ દિવસ એ રીતે એળે ગયા. સૌની નજર અવિતરપણે વહી રહેલા વિપુલ જળરાશિ તરફ મંડાયેલી રહેતી. ઑસ્ટ્રેલિયન આલ્પ્સની ગિરિમાળા જાણે પોતાનામાં રહેલા પાણીનું છેલ્લું ટીપું નીચોવીને બહાર કાઢી રહી હતી અને એ પ્રક્રિયા અનંતકાળ સુધી ચાલતી જ રહેશે એમ લાગતું હતું. એકબીજા વચ્ચે વાતચીત કે ટીકાટિપ્પણ પણ બંધ થઈ ગયાં. કેવળ જરૂર પૂરતા શબ્દોની આપ-લે થતી. એવા ભારેખમ વાતાવરણમાં સૌ માત્ર શ્વાસ લઈ રહ્યાં હતાં.

ડંકનને બચાવવાની એ છેલ્લી તક પણ સ્નોઈ નદીના ઘૂઘવતાં પૂરની સાથે ઘસડાઈ જતી લાગી. એમણે કરેલી ગણતરી પ્રમાણે એ સમયે તો ડંકનનું લંગર અહીંના કાંઠા પાસે ઉતારવામાં આવ્યું હશે અને અહીં રાહ જોઈ રહેલા પોતાના મળતિયાઓને સત્કારવા માટે બેન જોઇસ નાની હોડી લઈને આવવાની તૈયારી કરતો હશે. એ પછીના પરિણામની કલ્પના ભયજનક હતી. ઓસ્ટિન તથા નૌકાના નાવિકોને જેર કરીને ડંકનનો પૂરેપૂરો કબજો લેવાય તે ઘડી હવે દૂર ન

હતી. થોડા જ સમયમાં ડંકનનૌકા મધદરિયે જહાજો લૂંટરનારા ચાંચિયાઓની ચાંચિયાનૌકા બની જવાની હતી.

આખરે ૨૧મીની સવારે પેગેનલે શુભ સમાચાર આપ્યા. રાત્રિ દરમિયાન પૂરનાં પાણી ઘણે અંશે ઊતરી ગયાં હતાં. સૌએ આનંદ વ્યક્ત કર્યો, પરંતુ ગ્લેનાર્વનનો પ્રતિભાવ સાવ ઠંડો હતો.

'આપણી દુનિયા લૂંટાઈ ગઈ છે. આપણું આ મિશન સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે. નદી અત્યારે ઓળંગી શકાય કે બે દિવસનું મોડું થાય, હવે શું ફરક પડવાનો હતો?' એની વાણીમાં ભારોભાર કડવાશ હતી, સાથે હતાશા પણ હતી.

'ઍડવર્ડ, શાંત થાવ. ચમત્કારો ભૂતકાળમાં પણ બન્યા હતા અને હવે પછી પણ બની શકે છે. નદી ઓળંગવામાં વિલંબને કારણે આપણે ટુ-ફોલ્ડ બેના કાંઠે જઈ શક્યા નહીં, એ સ્થિતિ કબૂલ કરીશું, પરંતુ એનો અર્થ એવો તો ન જ થઈ શકે કે આપણે અહીં જ પડી રહેવું. હવે સ્થિતિ અનુકૂળ બની છે, તો આપણે નદીને ઓળંગીને સામે પાર જવું જ જોઈએ.' ગ્લેનાર્વનના એક આત્મીયજન તરીકે મેજર નેબ્સે આશ્વાસન આપ્યું. સાથે હિંમત પણ આપી.

'તારી વાત હું પણ સમજું છું, પરંતુ એ ચાંચિયાઓને હાથે થનારી ડંકનની ડરામણી સ્થિતિની કલ્પના પણ મારાથી સહન થતી નથી. ગૌરવવંતી મારી ડંકનનૌકા! હવે દુનિયાભરના મહાસાગરોમાં નિરંકુશ રીતે ઘૂમતી રહેશે અને એની અડફેટે ચડેલાં જહાજોને લૂંટીને તેના નિર્દોષ નાવિકોની કતલ કરવા માટેનું હાથવગું સાધન બની જશે.' આંખમાં વહેતાં આંસુ સાથે ગ્લેનાર્વન પોતાની વેદના વ્યક્ત કરતા જ રહ્યા.

કૅપ્ટન જ્હૉન મેંગલ્સે પણ આશ્વાસન આપવા પ્રયાસ કર્યો.

'સમયની ગણતરી પ્રમાણે આપસાહેબની વાત બરાબર હશે, પરંતુ તે ખોટી પણ ઠરી શકે છે. મેલબૉર્નના બંદરમાં શું બન્યું તે આપણે જાણતા નથી. નૌકાનું સમારકામ પૂરું થયું નહીં હોય કે અન્ય અનેક કારણો હોઈ શકે છે કે જેને લીધે ડંકન હજી ત્યાં જ સ્થગિત થઈ ગઈ હોય. હજી પણ આપણું નસીબ જાગે અને એવી કોઈ સ્થિતિ ઊભી થઈ શકે છે.'

નદી ઓળંગવા માટે કોઈક સાધન જરૂરી હતું, પરંતુ નાની હોડી બાંધવાનો અનુભવ પણ વિફળ થયો હતો. છેલ્લા ઉપાય તરીકે મોટાં ઝાડ કાપીને તેમાંથી મોટા કદનો તરાપો બાંધવાનું નક્કી થયું. કૅપ્ટન મેંગલ્સ તથા વિલ્સનને તો એ જાણકારી હોવાની જ. મોટાં ગમવૃક્ષો કાપીને તેના થડમાંથી તરાપો બાંધવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી. એ માટેનાં જરૂરી સાધનો મર્યાદિત હતાં. અન્ય સાધનસામગ્રી માટે જાતજાતના ઉપાયો અજમાવવા પડ્યા. સૌના સહકારથી બીજા દિવસની સવાર સુધીમાં નદીને કાંઠે જ તરાપાનું મોટું તોસ્તાન તૈયાર થઈ ગયું. એને ધકેલીને નદીના કાંઠે છીછરા પાણીમાં તરતો કરવામાં આવ્યો, તેમ જ દોરડાંથી કાંઠા નજીકના ઝાડના થડ સાથે બાંધવામાં આવ્યો.

દિવસ દરમિયાન પાણીનું સ્તર ઘણું નીચું ઊતર્યું, છતાં સ્નોઈ રિવર આ વિભાગની એક મોટી નદી હતી. સામાન્ય સ્થિતિમાં પણ એનો પ્રવાહ વેગીલો અને વમળોથી ભરપૂર જ રહેતો આવેલો. હવે એમાં મોટી જળરેલની ભયાનકતા ન હતી, છતાં એને હળવાશથી લઈ શકાય તેવી સ્થિતિ પણ ન હતી. નાની સરખી ગફલત પણ મોટી હોનારત માટેનું કારણ બનવાની શક્યતા હતી. જોકે સંભાળપૂર્વક હંકારીને તરાપાને સામે પાર લઈ જવાનો કૅપ્ટનને વિશ્વાસ હતો.

બપોર સુધીમાં બધી જ ઔપચારિકતાઓ પૂરી થઈ. મુકામ ઉપરનો તમામ જરૂરી માલસામાન તેને પાણી લાગે નહીં તે રીતે તંબૂના કાપડમાં લપેટવામાં આવ્યો. તેના પૅકેટ તથા

હથિયારોને તરાપા ઉપર વચ્ચે ગોઠવવામાં આવ્યાં. મૂલરેડી સ્વસ્થ હતો, છતાં ઊભા થઈને ચાલવાની ક્ષમતા મેળવી ન હતી. તેને ઊંચકીને તરાપાની વચ્ચે બેસાડવામાં આવ્યો. તેની ફરતે સૌ અનુકૂળતા પ્રમાણે ગોઠવાયાં.

બરાબર એક વાગ્યે તરાપાનું લંગર-દોરડું છૂટ્યું.

કૅપ્ટન મેંગલ્સ અને વિલ્સન તો જહાજી કામગીરીના કુશળ કારીગરો હતા, પરંતુ આ પ્રકારના અણઘડ તરાપાને હંકારવાનું કઢંગું કામ જીવનમાં તેમને પહેલી વાર જ કરવાનું આવ્યું હતું. કૅપ્ટને પોતે જહાજના સ્ટારબૉર્ડ તરીકે ઓળખાતા જમણા ભાગના એક ખૂણામાં સ્થાન લીધું. એવા પાછળના ભાગમાં રહીને હલેસાં જેવાં પાટિયાં વડે તરાપાને તેણે આગળ ધકેલવાનો હતો, જ્યારે આગળના ભાગમાં એવાં જ પાટિયાં સાથે ઊભા રહીને વિલ્સને તરાપાને વમળમાં ગોળગોળ ફરતો અટકાવવાનો હતો, તેમ જ નદીના વહેણની સાથે ખેંચાઈ જતો રોકવાનો હતો.

થોડા અંતર સુધી તો બધું ઠીક ચાલ્યું, પરંતુ ત્યાર બાદ નદીનો મધ્યભાગ શરૂ થયો. અહીં વહેણ અને તે સાથે વમળો જોરદાર હતાં. બંને નાવિકોના જોરદાર પ્રયાસો છતાં તરાપો ધીમેધીમે બેકાબૂ બનવા લાગ્યો. એને સ્થિર કરવા માટે બહારનું પરિબળ જરૂરી હતું. અહીં જે સ્થિતિ હતી, તેમાં એ શક્ય જ ન હતું. પરિણામે પ્રવાહની મધ્યમાં પહોંચતાં સુધીમાં એની ચક્રાકાર ગતિ ઝડપી બની. મધ્યમાંના જોરદાર પ્રવાહની સાથે તરાપો હવે હેઠવાસમાં ઘસડાવા લાગ્યો. જોરદાર એવા પ્રવાહનું એક સારું પરિણામ એ આવ્યું કે અહીં વમળોનું જોર સાવ ભાંગી ગયું હતું. એ સાથે તરાપો ગોળગોળ ફરતો બંધ થયો. હવે એને હેઠવાસમાં વધુ પડતો ખેંચાઈ જતાં રોકવા માટે બંને નાવિકોએ પ્રયાસ કરવાનો હતો. બંનેએ પોતાનાં હલેસાંથી ફરીથી જોર અજમાવવા માંડ્યું. એની અસર થઈ. હેઠવાસ તરફ ફંટાયેલો હોવા છતાં ધીમેધીમે એ સામા કાંઠા તરફ સરવા લાગ્યો. કાંઠો નજીક દેખાતો હોવા છતાં વધુ નજીક લાવવામાં બંને નાવિકોને તકલીફ પડતી હતી. વધુ જોર અજમાવવાને પરિણામે હલેસાં પણ તૂટી ગયાં. છેલ્લે તો એમણે હાથ વડે જ હલકારા લગાવવા પડ્યા. એવી સ્થિતિમાં તરાપો સામે કાંઠે તો પહોંચી ગયો, પરંતુ સીધી ઊંચાઈવાળા કિનારા સાથે ધડાકાભેર અથડાયો. એના આઘાતને પરિણામે તરાપાને જકડી રાખતાં તમામ દોરડાં તૂટી ગયાં. એના લાકડાં છૂટાં પડી જતાં સામાન સાથે બધાં જ પાણીમાં પડ્યાં. બધાંએ જ ઝડપ કરવી પડી. બીમાર મૂલરેડીને તથા બંને સ્ત્રીઓને પકડીને બહાર કિનારા ઉપર ખેંચી લેવાયાં. સામાનને બચાવવાનો સમય જ ન હતો. મેજરે ખભા ઉપર લટકાવેલી એકમાત્ર બંદૂક બચી શકી. એ સિવાયના તમામ શસ્ત્રો પણ સામાન સાથે તરાપાનાં છૂટાં પડેલાં લાકડાંની જેમ પાણીમાં તણાતાં જોવામાં આવ્યાં. દરેકે પોતાના શરીર ઉપર જ થોડો આાવશ્યક સામાન બાંધી લીધો હતો તે જ માંડમાંડ બચી શક્યો.

ઝડપથી સૌ પાણીમાંથી કિનારા ઉપર આવી ગયાં. કિનારાની સામી જમીન ઉપર ઊભાંઊભાં સૌએ રાહતનો દમ લીધો. સૌએ એકબીજા પ્રત્યે જોઈને સ્મિત કર્યું. અશક્ય લાગતું કામ આખરે સફળતાપૂર્વક પૂરું કરી શકાયું હતું. તેના સંતોષની એ મૌન અભિવ્યક્તિ હતી.

કાંઠે ઊભાંઊભાં સૌ પૂર્વ તરફના વેરાન વિસ્તારને જોઈ રહ્યાં. હજી તો તેઓ વિક્ટોરિયા પ્રાંતની ભૂમિ ઉપર જ હતા. અહીંથી પાંત્રીસ માઈલ દૂર એની હદ પૂરી થતી હતી. ત્યાં આવેલા ડેલિગેટ નગરથી ન્યૂ સાઉથ વેલ્સ પ્રાંતની હદ શરૂ થતી હતી.

પાંત્રીસ માઈલનો એ પંથ કાપવા માટે એમની પાસે કાંઈ જ સાધન ન હતું. ખોરાક અને પાણીની પણ કમી હતી. અધૂરામાં પૂરું શિકાર કરી શકાય તેવા હથિયારોનો પણ અભાવ હતો.

એ માટે મેજર પાસે સચવાઈ રહેલી એકમાત્ર બંદૂકની થોડી ગોળીઓ ઉપર જ આધાર રાખવાનો હતો.

મુશ્કેલીમાં વધારો થાય તેવી સ્થિતિ મૂલરેડીની હતી. એ હજી જાતે ચાલી શકે તેવી સ્થિતિમાં ન હતો. માલિકની કાંધે ચઢીને તેની સેવા લેવામાં એને ભારે સંકોચ થતો હતો. પોતાને અહીં જ એકલો મૂકીને ડેલિગેટ પહોંચવા અને ત્યાંથી સહાય મોકલવા ગ્લેનાર્વનને એણે આજીજી કરી. પોતાના વફાદાર સાથીને અહીં વેરાનમાં ભગવાન ભરોસે છોડીને જવાનો માલિકે સાફ ઇનકાર કર્યો. જણાવ્યું,

'અહીંથી ડેલિગેટ નગર પહોંચતાં આપણને ત્રણ દિવસ થાય તેમ છે. ત્યાંથી ટુ-ફોલ્ડ બેને કાંઠે આવેલા ઇડન બંદરે જવાના વધુ બે દિવસ થશે. એ રીતે પાંચ દિવસ બાદ ૨૬મી જાન્યુઆરીના રોજે આપણે ઇડન પહોંચી શકીશું. જ્યારે આપણે ડંકનનૌકા ૧૬મી તારીખે મેલબૉર્નથી આ તરફ આવવા નીકળતી ચૂકી હશે. આપણે લગભગ દસ દિવસ જેટલા મોડા છીએ. આમ પણ આપણે મોડા જ છીએ. થોડા વધુ દિવસના વિલંબથી ડંકનનૌકાને બચાવી શકાવાની નથી. એ તો હંમેશ માટે ગઈ જ સમજવાની છે. હવે તો આપણે સૌએ આપણા તમામ સાથીઓને બચાવીને વહેલીતકે ઘરભેગા થવાનું છે.'

ઊંડા દુઃખ સાથે બોલતા હોય તે રીતે ગંભીર ભાવે તેઓ બોલ્યા.

એમની સૂચનાથી યુકેલિપ્ટ્સની ડાળીઓની ડોળી બનાવવામાં આવી. મૂલરેડીને તેની ઉપર સૂવડાવવામાં આવ્યો. માલિક ગ્લેનાર્વને એના સાવ નિમ્નસ્તરના સેવકની ડોળીને આગળના ભાગેથી ઊંચકી અને પોતાની ખાંધે મૂકી. વિલ્સને પાછળના ભાગને પોતાની કાંધ ઉપર મૂક્યો અને એ રીતે ગ્લેનાર્વન-સંઘની પૂર્વાભિમુખ પદયાત્રા શરૂ થઈ.

કેવો દુઃખદ એ ઘટનાપ્રવાહ હતો! કૅપ્ટન ગ્રાન્ટની ખોજ કરવા માટેનું આ અભિયાન આનંદ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં શરૂ થયું હતું. વૈભવી ડંકનનૌકાના સૌ યાત્રીઓ માટે દુનિયાભરની શ્રેષ્ઠ કહી શકાય તેવી ચીજવસ્તુઓનો એમાં સંગ્રહ હતો. શરૂઆતમાં આનંદનું વાતાવરણ હતું, તેમાં પેગેનલ જેવા વિદ્વાન છતાં રમૂજી ભૂગોળ-શાસ્ત્રીનો ઉમેરો થયો. એમને માટે એ એક પિકનિક હતી. ૩૭°.૧૧" દક્ષિણ અક્ષાંશની સમાંતરે આવેલા દેશ તરીકે દક્ષિણ અમેરિકામાં એમને સફળતા મળી ન હતી. એ માટે ઘણી તકલીફો ઉઠાવવી પડી, છતાં પેગેનલે કરેલા બીજા અર્થઘટન પ્રમાણે ઑસ્ટ્રેલિયાની ધરતીમાં સૌને રસ જાગ્યો હતો, પરંતુ બેન જોઇસ જેવા લૂંટારાનાં કારનામાંને કારણે તેઓ હાલની અસહાય સ્થિતિમાં મુકાયાં હતાં. ડંકનનૌકા પણ ગઈ હતી. નિરાશવદને ઘેરભેગા થવાનો એક જ વિકલ્પ સામે હતો.

કૅપ્ટન ગ્રાન્ટની ખોજનું અભિયાન તો હવે વિસારે પડવા આવ્યું હતું. સૌના મનમાં સ્પષ્ટતા થઈ હતી કે કૅપ્ટન ગ્રાન્ટે ઑસ્ટ્રેલિયાની આ ધરતી ઉપર પગ મૂક્યો જ ન હતો. એની ખોજમાં નીકળેલા આ સાહસિકોની જ ખોજ કરવી પડે તેવી સ્થિતિમાં સૌ હતા. ગ્રાન્ટ અને તેનું બ્રિટાનિયા જહાજ અફાટ સાગરના કયા ખૂણે હશે તે માટે મગજ ઘસવાની માનસિક ક્ષમતા અને મોકળાશ સૌ ગુમાવી ચૂક્યાં હતાં.

પ્રથમ દિવસ સૌ માટે થકવનારો બની ગયો. બંને સ્ત્રીઓની સ્થિતિ દયાજનક હતી. તેઓ ચાલતાં ન હતાં, તેમના પગને ઘસડતાં હતાં. મૂલરેડીની ડોળીને પણ ઊંચકીને લેવાની હતી. એવી સ્થિતિમાં ઝડપ કરવાનું શક્ય ન હતું. સાંજ સુધીમાં માંડમાંડ પાંચ માઈલ આગળ વધી શકાયું. મોટા ઝાડની છાયામાં રાત્રિમુકામ માટે પડાવ નાખ્યો. તરાપા ઉપરથી માંડમાંડ બચાવી શકાયેલી

અલ્પ સામગ્રી ઉપર જ ત્રણ દિવસ કાઢવાના હતા. વરસાદને કારણે પાણીનો પ્રશ્ન હળવો થયો હતો, પરંતુ ખોરાકમાં સૌએ સ્વૈચ્છિક મર્યાદા સ્વીકારવી પડી.

ઝરમર પડતા હળવા વરસાદમાં બીજા દિવસની મુસાફરી શરૂ થઈ. હવે પછીના ભોજનનો આધાર મેજર પાસેની એકમાત્ર બંદૂકની ગોળીઓની સફળતા ઉપર હતો. અહીંના આ રણ જેવા વેરાન પ્રદેશમાં પક્ષીઓ અને પ્રાણીઓ જોવામાં આવતાં ન હતાં. ચાલુ મુસાફરીએ માર્ગાંતર કરીને રૉબર્ટ બાસ્ટાર્ડ પક્ષીનાં ઈંડાં શોધી લાવ્યો. એનાથી એક વખતનું અંશતઃ ભોજન તૈયાર થઈ શક્યું. ત્યાર બાદના દિવસ માટે ઉંદરના કુળનો મોટો કોળ પણ ખપમાં આવી ગયો.

માર્ગમાં વચ્ચે આવેલી જંગલા નામની ખાડી ઓળંગી. ત્યાંથી આગળ માઉન્ટ બુલાબુલા નામના સ્થળે રાત્રિમુકામ કર્યો. ૨૩મી જાન્યુઆરીની સવારમાં મુસાફરીનો આરંભ થયો. રસ્તો કાંટા, કાંકરા અને ઝાંખરાંથી ભરેલો હતો. સૌનાં મન મજબૂત હતાં, છતાં પૂરતા ખોરાકના અભાવે તન કૃશ હતાં. આખો દિવસ સૌને નકોરડા અને નિર્જળ ઉપવાસ રહ્યો. આખરે અહીંના રણપ્રદેશની સેફોરેટ્સ નામની થોર જેવી વનસ્પતિ ખપમાં આવી. નાના કપ જેવા આકારના એનાં ફૂલમાં તરસ છીપાવી શકાય તેવું પ્રવાહી હતું. પાણી તરીકે સૌએ એનાથી જ ચલાવ્યું. એનાથી ઘણીબધી રાહત મળી. આગળ વધવાની હિંમત અને સ્ફૂર્તિ બંનેનો સંચાર થયો. એ જ વિસ્તારમાં આગળ જતાં નોર્ડોઉ નામની નાની વનસ્પતિની સુકાઈ ગયેલી શીંગમાંથી કઠોળના દાણા મળ્યા. એને એકત્ર કરી પથ્થર ઉપર ભૂકો કરી તેમાંથી રોટલા બનાવવામાં આવ્યા. મૂલરેડી સિવાયનાં બધાં જ માણસોને એવા ઝીણા કામમાં જોડાવું પડ્યું. એમાં બહુ સમય ગયો, છતાં દરેકે પોતાની જિંદગીમાં પહેલી વાર અને કદાચ છેલ્લી જ વાર એવી ફરજ હોંશેહોંશે બજાવી. ખોજઅભિયાનની નિષ્ફળતાને કારણે ગમગીન બનેલા સૌને માટે એવા ઉદ્યમનો અનુભવ ચીરસ્મરણીય બની રહ્યો.

૨૪મી તારીખના દિવસની સાથે સૌની પદયાત્રા શરૂ થઈ. સાંજ સુધીમાં સૌ ડેલિગેટ નગરથી માત્ર દસ માઈલ દૂર હતાં. ૧૪૦° પૂર્વ રેખાંશના આ સ્થાને ન્યૂસાઉથ વેલ્સની સરહદ શરૂ થતી હતી. ત્યાં જ એમણે રાત્રિમુકામ કર્યો. બીજા દિવસે વળી પાછું એ જ રૂટિન શરૂ થયું. ધીમેધીમે તેઓ ડેલિગેટ નગરની વધુ ને વધુ નજીક જઈ રહ્યાં હતાં. બપોરે અગિયાર વાગ્યાના સુમારે દૂરથી એનાં મકાનો દેખાયાં. થાક, ભૂખ અને તરસ વિસારે પડ્યાં. વધુ એકાદ કલાકની ઝડપી મુસાફરી અને સૌએ નગરમાં પગ મૂક્યો.

પેડી ઓ'મૂરના ફાર્મ ઉપરથી નીકળ્યા બાદ સતત હાડમારી વેઠી રહેલાં સૌને નવજીવન મળી ગયું. ઉત્સાહિત બનીને સૌએ અહીંના ભોજનાલયમાં ભોજન લીધું. જરૂરિયાત પ્રમાણેનો આરામ લીધો. અહીંથી ટુ-ફોલ્ડ બેના કાંઠે ઝડપથી પહોંચવા માટેની તૈયારી શરૂ કરી. એ સ્થળ અહીંથી ૫૦ માઈલ જ દૂર હતું. ત્યાં જવા માટે અહીંથી દરરોજ બપોર બાદ છ ઘોડા જોડેલા મોટો સિગરામ કે મેઇલ કોચ સરકાર તરફથી દોડાવવામાં આવતો. ટપાલ વ્યવસ્થા માટેની એ સગવડનો પ્રાથમિકતાના ધોરણે જાહેર જનતાને પણ લાભ મળતો. ગ્લેનાર્વન એના ગાડીવાનને મળ્યા. ટુ-ફોલ્ડ બે કાંઠાના ઇડન બંદર સુધીની મુસાફરી માટેની ગોઠવણ પાકી કરી લીધી.

ભોજન બાદ થોડો આરામ કરી સૌએ મેઇલ કોચમાં સ્થાન લીધું. બેન જોઇસની કુટિલતાને કારણે એમની બળદગાડી સ્નોઈ રિવરને કાંઠે કળણમાં ખૂંપી ગયા બાદ લેડી હેલીના અને કુ. મૅરીને ભારે હાડમારી વેઠવી પડી હતી. ઘોડા જોડેલા મેઇલગાડીમાં ગોઠવાતાં જ એ તકલીફોનો અંત આવ્યો. ઇડન બંદરે વહેલામાં વહેલીતકે પહોંચાડવા માટે ગાડીવાનને મોટું ઇનામ

આપવાની ગ્લેનાર્વને ખાતરી આપી હતી. પૂર્વની દિશામાં એના નિશ્ચિત માર્ગે ઘોડા દોડવા લાગ્યા. દર દસ માઈલે ઘોડા બદલવા માટેનું સ્ટેશન હતું. થાકેલા ઘોડાને સ્થાને એમાંથી તાજા ઘોડા જોડવામાં આવતા.

કલાકના છ માઈલની ઝડપે ઘોડાની એ દોડ અનિવાર્ય રોકાણને બાદ કરતાં સતત ચાલુ જ રાખવામાં આવતી. બીજા દિવસની સવારમાં સૌના આનંદના પોકાર વચ્ચે ગાડીવાને જાહેર કર્યું કે મેઈલવાન તેના મુકામે આવી ગઈ હતી. સતત મુસાફરીથી સૌ થાક્યાં હતાં. ઉજાગરો પણ હતો, છતાં પગપાળા મુસાફરીમાં એમણે ભોગવવી પડેલી હાડમારીની તથા તનાવની અહીં સંપૂર્ણપણે બાદબાકી હતી.

સૌ કોચમાંથી બહાર આવ્યાં. સામે જ પૂર્વ દિશામાં ટુ-ફોલ્ડ બેમાં હિન્દ મહાસાગર ઘૂઘવતો હતો. ત્યાંના ૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશ રેખા પસાર થતી હતી તે સ્થળે સૌ પહોંચી ગયાં. એ સ્થળે ડંકનનું લંગર ઉતારવા માટેની સૂચના ટૉમ ઓસ્ટિનને પેલા પત્રમાં આપવામાં આવી હતી.

સૌને હતું કે કોઈક ચમત્કાર થશે અને સામેના દરિયા ઉપરથી વાઈ રહેલા પવનમાં ડંકનનૌકા પણ પાણીમાં સ્થિત ઊભી રહીને ડોલતી હશે. ક્ષિતિજ સુધી ચમકી રહેલા પાણી ઉપર સૌ પોતપોતાની નજર ખેંચવા લાગ્યાં.

અફસોસ - ત્યાં કાંઈ જ ન હતું. ક્ષિતિજ કોરુંધાકોર હતું.

હજી પણ આશા જીવતી હતી કે ૩૭°૧૧" અક્ષાંશ ઉપરના સંભવત ભારે હવામાનમાં ડંકનને ઊભી રાખવાનું ટૉમને અનુકૂળ લાગ્યું નહીં હોય, અને અહીંથી પાંચ માઈલ દૂરના ઇડન બંદરના સલામત વિસ્તારમાં લઈ ગયો હોવાની શક્યતા જણાતી હતી.

'પાછા વળો! ઇડન બંદરે લઈ ચાલો, ઝડપ કરો.' ગ્લેનાર્વને ગાડીવાનને તાકીદ કરી.

ગાડીવાને તરત જ ઘોડાઓને પાછા વાળ્યા. ચાર પૈડાં ઉપર ગોઠવાયેલો મેઇલવાનનો સિગરામ ઘોડાની પાછળ ઇડન બંદર તરફ દોડતો થઈ ગયો. જોકે એના કરતાં વધુ ઝડપથી સૌનાં મન દોડતાં હતાં.

આખરે ઇડનબંદરના પ્રવેશદ્વાર પાસે આવેલી દીવાદાંડી આગળ આવીને વાન ઊભી રહી ગઈ. સૌ ઝડપથી બહાર કૂદી પડ્યાં. નજીકમાં જ કસ્ટમ્સ હાઉસ હતું. ત્યાંથી થોડે દૂર આવેલી જેટ્ટી ઉપર અનેક જહાજો લંગર નાખીને આરામ ફરમાવી રહ્યાં હતાં. દરિયા ઉપરથી વાઈ રહેલા જોરદાર પવનમાં એ જહાજોની ઓળખ આપતા ધ્વજો લહેરાઈ રહ્યા હતા.

સૌની નજર એમાંથી માલ્કમ કેસલના ચિહ્નવાળો ધ્વજ શોધતી હતી. અનેક વાર નજર ફેરવી, પરંતુ ડંકનની હાજરીની ચાડી ખાતો એ ધ્વજ દેખાયો નહીં.

તરત જ ગ્લેનાર્વન, કૅપ્ટન મૅંગલ્સ અને પેગેલનને લઈને કસ્ટમહાઉસમાં પહોંચી ગયા. પળેપળ એમની આતુરતા વધતી જતી હતી. છેલ્લા થોડા દિવસો દરમિયાન અહીં આવેલાં જહાજોના નોંધણી રજિસ્ટરમાં એન્ટ્રીઓ તપાસી. એમાં ડંકનનૌકાના આગમનની કોઈ નોંધ ન હતી.

હતાશા હતી જ, છતાં આશાનો તંતુ હજી પણ અતૂટ રીતે જળવાયો હતો.

'ડંકનનું સમારકામ પૂરું થયું નહીં હોય એમ લાગે છે. એ, અથવા અનિવાર્ય હોય તેવા કોઈ કારણે મેલબૉર્નના બંદરમાંથી તે બહાર નીકળી શકી નહીં હોય એવી શક્યતા લાગે છે.'

ચિદાકાશમાં ઘેરાઈ રહેલાં નિરાશાનાં વાદળોના ઘટાટોપ વચ્ચે પણ ગ્લેનાર્વન આશાની

કોઈક રૂપેરી રેખા જોવા તલસતા હતા.

'હવે તો જે હોય તે, પરંતુ આપણે નિશ્ચિંત બની જવું જોઈએ. આવી દ્વિધાભરી સ્થિતિ આપણા સૌ માટે અત્યંત પીડાજનક છે.' ગ્લેનાર્વને કૅપ્ટનને ઉદ્દેશીને જણાવ્યું.

ત્યાર બાદ પંદર મિનિટમાં જ કસ્ટમ્સની ટેલિગ્રાફ ઑફિસમાંથી ગ્લેનાર્વને મેલબૉર્ન બંદરે કાર્યરત શિપિંગ એજન્ટ 'સિન્ડિકેટ ઑફ શિપબ્રોકર્સ'ને સંદેશો પાઠવ્યો. ડંકનનૌકાની સ્થિતિ અંગે તપાસ કરી. તાત્કાલિક જવાબ મોકલવા તાકીદ કરી.

મેલબૉર્નથી બરાબર બે વાગ્યે એ કંપની તરફથી વળતો ટેલિગ્રાફ સંદેશો ગ્લેનાર્વનના હાથમાં આવ્યો.

'લૉર્ડ ગ્લેનાવર્ન, ઇડન બંદર, ટુ-ફોલ્ડ બે તા. ૧૬મી જાન્યુઆરીની રોજ ડંકનનૌકા અહીંથી વિદાઈ થઈ હતી. તે ક્યાં ગઈ તેની કોઈ માહિતી નથી.'

જે. એન્ડ્રુઝ (એસ. બી.)

સંદેશો લખેલો કાગળ ગ્લેનાર્વનના હાથમાંથી પડી ગયો. સૌએ આ સંકેતને સમજી લીધો.

હવે કોઈ શંકા ન હતી કે દ્વિધાભરી કોઈ સ્થિતિ. ડંકન જેવી શક્તિશાળી અને ઉમદા વિહારનૌકા હવે ચાંચિયાગીરી માટેનું એક જહાજ હતું અને ચાંચિયા બનેલા એક ખૂની લૂંટારા બેન જોઇસના હાથમાં હતું.

ઑસ્ટ્રેલિયામાં ચાલેલું ખોજ-અભિયાન ખૂબ જ અનુકૂળ સંજોગોમાં શરૂ થયું હતું. ખોવાયેલા કૅપ્ટન ગ્રાન્ટ અને તેના બે સાથીઓ સાથેનું મિલન સૌને હાથવેંતમાં લાગતું હતું, પરંતુ અંત કરુણ હતો. એમાં ધૂંધળી આશા માટે પણ કોઈ ગુંજાઈશ રહી ન હતી.

અભિયાનની નિષ્ફળતા સાથે હવે એ હકીકત પણ મીનમેખ હતી કે ટૉમ ઓસ્ટિન સહિતના ડંકન ઉપરના વફાદાર સાથીઓની પણ નિર્મમ હત્યા થઈ ચૂકી હતી.

ગ્લેનાર્વન અને તેના સાથીઓને પેટાગોનિયાના પમ્પા પ્રદેશની પ્રાકૃતિક વિપદાઓ હરાવી શકી ન હતી, પરંતુ પોતાના જ દેશના એક વિકૃત માનસ ધરાવતા માણસે રચેલા કાવતરાંના તેઓ ભોગ બની ગયા હતા.

આદમખોરોના પ્રદેશમાં

(ન્યૂઝીલૅન્ડ)

૧

અણગમતો યજમાન

કૅપ્ટન ગ્રાન્ટની શોધ માટેના તમામ પ્રયાસો નિષ્ફળ થયા હતા. લૉર્ડ ગ્લેનાર્વન અને તેના સાથીઓને સૂઝતું જ ન હતું કે દુનિયાના કયા ખૂણામાં તેની શોધ કરવી. આ ધરતી ઉપરના કયા દેશમાં તપાસ શરૂ કરવી તેની પણ કાંઈ ગમ પડતી ન હતી અને હવે એમાં સૌથી મોટી અડચણ ડંકનનૌકાની ગેરહાજરીની હતી. ગ્લેનાર્વન વગેરે સૌને મન ડંકન હવે ભૂતકાળ બની ગઈ હતી. એના વિના તો સ્વદેશ પાછા વળવાનું પણ અત્યંત મુશ્કેલ હતું. દક્ષિણ અમેરિકાના પેટાગોનિયા પ્રદેશમાં અને ખંડ આરપારના શોધઅભિયાનમાં મુશ્કેલી તો ઘણી પડી હતી, પરંતુ અહીં ઑસ્ટ્રેલિયાની ધરતી ઉપર વારાફરતી જે આઘાતો એમણે સહેવા પડ્યા, તે ઉપરથી એ અભિયાનને આગળ વધારવા સંબંધમાં ગ્લેનાર્વન પોતાને અક્ષમ લેખવા લાગ્યા. સમય અને સંપત્તિનો એમણે પુષ્કળ ભોગ આપ્યો હતો, પરંતુ એની એ ભાવના અને આપેલો ભોગ નિરર્થક બની ગયાં હતાં. એમને તથા સૌને માટે એ આઘાત અસહ્ય હતો.

પરંતુ એ સૌમાં સૌથી વધુ ઘેરી અસર કૅપ્ટન ગ્રાન્ટનાં બંને સંતાનો કુ. મૅરી અને નાના રૉબર્ટ ઉપર થઈ હતી. દરિયાઈ દુર્ઘટનામાં ગુમ થઈ ગયેલા એમના પિતાના અસ્તિત્વ અંગે પ્રવર્તતી અનિશ્ચિતતા હજી એટલી જ હતી અને તે જ સ્થિતિ એમને માટે વિશેષ અકળાવનારી હતી. તેમ છતાં મૅરીએ સમજદારી બતાવી. ડંકનનૌકાની સાથે તેના ઉપરના ડઝનથી પણ વધુ વફાદાર નાવિકો ઉપર જે વીત્યું હતું, તેની કલ્પના કરી પોતાનું દુઃખ હળવું કર્યું. એ તમામ ઉમદા માણસોનો આ અભિયાનમાં વિનાકારણ ભોગ લેવાયો હતો. ગ્લેનાર્વન દંપતી અને આ નાવિકોએ આપેલા ભોગને યાદ કરીને મૅરી પોતાના પિતાની અપ્રાપ્તિના દુઃખને વિસારે પાડી શકી. એણે પિતાનું નામ લેવાનું પણ બંધ કરી દીધું.

બે ભૂખંડોમાંના કષ્ટમય રઝળપાટ પછી પણ પિતા સંબંધી કોઈ જ સગડ મળ્યા ન હતા અને હવે તો કોઈ નવા અર્થઘટનને પણ અવકાશ ન હતો. એવી સ્થિતિમાં હવે હવેલીતકે સ્કોટલૅન્ડ ભેગા થઈ જવાનો વિચાર એણે જ સ્વસ્થભાવે વ્યક્ત કર્યો. સ્કોટલૅન્ડમાં માલ્કમ કેસલમાં લેડી હેલીના સાથે પ્રથમ મુલાકાત થઈ ત્યારથી તે ઉમરાવ મહિલા મૅરી માટે આશ્વાસન અને હિંમતનો પ્રધાનસ્રોત જેવી હતી, પરંતુ આ ખોજઅભિયાનની નિષ્ફળતા માટે તે વારંવાર અફસોસ વ્યક્ત કરતી હતી. મૅરી હવે એમને આશ્વાસન આપવાની સ્થિતમાં આવી ગઈ.

ઘરભેગા થવા માટે વળતી મુસાફરી શરૂ કરવાની વાત કરીને મૅરીએ જે હિંમત અને સ્વસ્થતા બતાવ્યાં, તેનાથી કૅપ્ટન મૅંગલ્સ ગદ્‌ગદિત બની ગયો. કૅપ્ટન ગ્રાન્ટની ખોજ માટે આગળ વધુ પ્રયાસ કરવા માટે તે કાંઈક કહેવા માગતો હતો, પરંતુ મૅરીએ તેને ઇશારો કરી

બોલતો અટકાવ્યો અને વધુમાં બોલી,

'જુઓ મિસ્ટર જ્હૉન! અત્યાર સુધીમાં થયેલા અનુભવો બાબતમાં વિચાર કરતાં લાગે છે કે મારા પિતાની ખોજનો વિચાર પડતો મૂકીને આપણે હવે આપણને સાથ દેનારા સૌનો વિચાર કરવો જોઈએ. એ સૌના હિતમાં છે કે આપણે વહેલીતકે સ્વદેશ પહોંચી જવું જોઈએ.'

'કુમારી મૅરી! તમારી વાત સાચી છે. માલિક લૉર્ડ ગ્લેનાર્વને હવે પાછા વળવાની સૂચના આપવી જ જોઈએ. ત્યાં પહોંચીને બ્રિટિશ સરકારને ડંકનની સ્થિતિ અંગેની માહિતી આપવી જ જોઈએ, જેથી એને મેળવવા માટે વધુ પગલાં ભરી શકાય. તમારા પિતાની ખોજનું અભિયાન અત્યારે માત્ર મોકૂફ જ રહેશે. એનો અંત આવતો નથી. હવે પછી એ મારું મિશન બનશે. કૅપ્ટન ગ્રાન્ટની ખોજમાં હું એકલો જ નીકળીશ. એમને શોધીને જ હું જંપીશ. એ માટે મારા જીવનનું બલિદાન આપતાં પણ હું ખચકાઈશ નહીં.' પોતાના પિતાને શોધવા માટે કૅપ્ટન મૅંગલ્સે ગંભીરતાથી સ્વીકારેલી આ જવાબદારીથી મૅરી ગદ્‌ગદિત બની ગઈ. મૅંગલ્સનો હાથ પકડી તેણે પોતાની આભારવશતા પ્રગટ કરી.

દિવસ દરમિયાન ચર્ચા-વિચારણાને અંતે ખોજઅભિયાનને સમેટી લઈ સ્કોટલૅન્ડ પાછા વળવાનો નિર્ણય લેવાયો. ડંકનનૌકા તો હવે હતી નહીં. લૉર્ડ ગ્લેનાર્વને જહાજી વહેવાર ઉપર જ આધાર રાખવાનો હતો. એમની સૂચના પ્રમાણે ઇડન બંદરની ગોદીમાં જઈ કૅપ્ટને તપાસ શરૂ કરી. એને અપેક્ષા હતી કે અહીંથી યુરોપ જતાં વેપારી જહાજોની મદદ સહેલાઈથી મળી શકશે, પરંતુ એને નિરાશા સાંપડી. ત્યાં નાનાં-મોટાં બહુ થોડાં જહાજો લંગર નાખીને ઊભાં હતાં. તેમાંનું એક પણ મેલબૉર્ન કે સિડની જવાનું ન હતું. ઇંગ્લૅન્ડ જતાં સાગરગામી જહાજો ત્યાંથી જ મળી શકે તેમ હતું. પેનન્સ્યુલર ઍન્ડ ઓરિએન્ટલ કંપનીના જહાજો ઇંગ્લૅન્ડ અને એ બંને બંદરો વચ્ચે નિયમિત રીતે આવજા કરતાં હતાં, પરંતુ ત્યાં પહોંચવાનો પ્રશ્ન પેચીદો હતો.

ટુ-ફોલ્ડ બેના ઇડન બંદરેથી છેક દક્ષિણમાં આવેલા સિડની બંદરે પહોંચવા સિવાય ગ્લેનાર્વન પાસે અન્ય કોઈ વિકલ્પ પણ ન હતો.

કાંઠા વિસ્તારમાં સેવા આપતાં એવાં કોઈ જહાજમાં સિડની કે મેલબૉર્ન પહોંચવા ગ્લેનાર્વને સંકલ્પ જાહેર કર્યો, પરંતુ એ વખતે પેગેનલે એક નવો જ પ્રસ્તાવ રજૂ કર્યો. દિવસ દરમિયાન એણે પોતાની રીતે ઇડન બંદરે તપાસ કરી હતી. કાંઠે ઊભેલાં જહાજો પૈકીનું એક જહાજ પૂર્વમાં ન્યૂઝીલૅન્ડના ઓકલૅન્ડ બંદરે જવાની માહિતી એને મળી. માહિતી પ્રમાણે એ માત્ર પાંચ દિવસની મુસાફરી હતી અને ત્યાંથી યુરોપ જવા માટે એ જહાજી કંપનીના જહાજો આસાનીથી મળી શકે તેમ હતું. ન્યૂઝીલૅન્ડ સુધીની એક હજાર માઈલ સફર કોઈ મોટી બાબત ન હતી.

પેગેનલના આ પ્રસ્તાવ ઉપર સૌએ ગંભીરપણે વિચાર કર્યો. સિડની કે મેલબૉર્ન સુધી જવાની સરખામણીમાં આ પ્રસ્તાવ ઘણો ઝડપી અને વહેવારુ હતો. પેગેનલ જાણતો હતો કે ૩૭°૧૧" દક્ષિણે અક્ષાંશની રેખા ન્યૂઝીલૅન્ડના ઉત્તરના ટાપુ ઉપર આવેલા ઓકલૅન્ડ બંદર નજીક થઈને જ પસાર થતી હતી, પરંતુ એણે એ મુદ્દો અહીં ઉઠાવ્યો જ નહીં. એ માટેનું કારણ પણ એણે મનમાં જ રાખ્યું. અગાઉ એણે કરેલાં અર્થઘટન બે વાર ખોટાં પડ્યાં હતાં. એને લીધે ભૂગોળશાસ્ત્રી તરીકેનો એનો આત્મવિશ્વાસ ડગી ગયો હતો. એ વિષયમાં તે હવે વધુ વાર હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાવા માગતો ન હતો. હવે પછીની સ્થિતિ બાબતમાં પોતે સ્પષ્ટ હોવા છતાં પોતાના વિચાર તેણે મનમાં જ રાખ્યા. કૅપ્ટનને પણ એનો પ્રસ્તાવ વધુ અનુકૂળ જણાયો.

‘મેકૌરી’ નામનું ૧૫૦ ટનનું બ્રીગ કે બ્રીગેન્ટાઇન તરીકે ઓળખાતું બે ડોળકુવાવાળું પ્રમાણમાં નાનું એવું એક જહાજ જેટ્ટી પાસે લંગર નાખીને ઊભું હતું. ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડના નાનાં બંદરો વચ્ચે માલની હેરાફેરી માટેનું એ નાનું જહાજ હતું. એમાં જવાની ગોઠવણ કરવા માટે ગ્લેનાર્વન પોતાની સાથે કૅપ્ટન મેંગલ્સ તથા પેગેનલને લઈને દોરડાંની સીડી વાટે જહાજ ઉપર ચડ્યા. માહિતી મળી હતી કે એનો કૅપ્ટન વિલ હેલી બરછટ સ્વભાવનો કડછા જેવો માણસ હતો. એના જેવા જ બીજા પાંચ ખલાસીઓ એની મદદમાં હતા.

જહાજના તૂતક ઉપર ચડેલા આ અજાણ્યા માણસોને જોઈને સામે આવી રહેલા માણસે આવકારની કોઈ પણ ઔપચારિકતા વિના સીધા જ પૂછવાની શરૂઆત કરી,

‘કેમ આવ્યા છો?’

‘આ જહાજના કૅપ્ટનને મળવું છે.’

‘જલદી બોલો. શું કહેવું છે? હું જ અહીં કૅપ્ટન છું.’

‘તમારું આ જહાજ ઓકલૅન્ડ જવાનું છે, એવી માહિતી મળી છે.’ લૉર્ડ ગ્લેનાર્વને પૂછ્યું,

‘હા. જવાનું છે, પરંતુ તમારે શું કામ છે?’

‘એ ક્યારે લંગર ઉઠાવવાનું છે તે જાણી શકું?’

‘તેનું તમારે શું કામ છે? આવતી કાલે બપોરે ઊપડશે. બીજું કાંઈ?’

‘તમારા આ જહાજ ઉપર થોડા મુસાફરોને ઓકલૅન્ડ બંદરે લઈ જઈ શકશો?’ ગ્લેનાર્વને હળવાશથી પૂછ્યું.

‘એનો આધાર એ મુસાફરો કોણ છે તેની ઉપર છે. એમને માટેની કોઈ જ સગવડ જહાજમાં નથી.’

‘વાંધો નહીં. મુસાફરો પોતે પોતાની સગવડ કરી લેશે. અમે જ મુસાફરો છીએ. કુલ નવ માણસો છીએ અને તેમાં બે સ્ત્રીઓ પણ છે.’

‘મારી પાસે એમને માટે અલાયદી કૅબિન નથી.’

‘તકલીફ તો રહેશે. છતાં બીજી જે કાંઈ સગવડ તમે આપશો તેનાથી ચલાવી લઈશું.’

તાત્કાલિક જવાબ આપવાને બદલે કૅપ્ટન વિલે હેલી કોઈ ઊંડા વિચારમાં હોય તે રીતે સૌની સામે આંટા મારવા લાગ્યો. આ પ્રદેશ પણ બ્રિટિશ સામ્રાજ્યનો મહત્ત્વનો ભાગ હતો. સામ્રાજ્યની સર્વસત્તાધીશ પાર્લામેન્ટની ઉમરાવ સભાના એક સન્માનનીય સભાસદ લૉર્ડ ઍડવર્ડ ગ્લેનાર્વન, જગપ્રસિદ્ધ ભૂગોળશાસ્ત્રી ફ્રાન્સિસ પેગેનલ, અન્ય જહાજનો એનો સમકક્ષ એવો કૅપ્ટન મેંગલ્સ તથા બ્રિટિશ સૈન્યના એક ઉચ્ચ અધિકારી મેજર નેબ્સ વગેરે સૌ મોં વકાસીને આ રૂક્ષ માણસે પ્રદર્શિત કરેલા અભદ્ર અને ગુસ્તાખીભર્યા વહેવારને જોઈ જ રહ્યા.

આખરે એ અટક્યો. ગ્લેનાર્વન તરફ જોઈને બોલ્યો,

‘એ માટે ભાડું કેટલું ચૂકવશો?’

‘તમારી અપેક્ષા તમે જણાવી શકો છો.’

‘હું પચાસ પાઉન્ડ લઈશ.’

‘વાંધો નહીં. એ રકમ આપીશું.’

‘આ રકમ માત્ર મુસાફરી માટે જ છે. અન્ય સેવા માટે વધારાના આપવા પડશે.’ મુસાફરોની ગરજ સમજી ગયેલા આ કડછા કૅપ્ટને વધુ કસ કાઢવા નવી શરત મૂકી.

‘વાંધો નહીં. હિસાબે જે થશે તે આપી શકીશું.’

‘ઠીક છે, પરંતુ ડિપોઝિટનું શું? અડધી રકમ એ માટે આગળથી આપવી પડશે.’

‘અડધા અત્યારે. બાકીના ઓકલૅન્ડ બંદરની જેટ્ટી ઉપર.’

‘કબૂલ છે.’ ડિપોઝિટના ૨૫ પાઉન્ડ પોતાના ખિસામાંથી સેરવતાં કૅપ્ટન બોલ્યો, ‘આવતી કાલે બપોરે બરાબર બાર વાગે લંગર ઉપાડવામાં આવશે. તમે નહીં આવો તો ડિપોઝિટ પરત મળશે નહીં.’

‘ઠીક છે. અમે આવી જઈશું.’

સૌ પાછા વળ્યા. એમાં વિદાય લેવાનો, આપવાનો કે આભાર વ્યક્ત કરવાની ઔપચારિકતાને પણ કોઈ સ્થાન ન હતું.

‘કેવો જંગલી છે, કડછા જેવો આ કૅપ્ટન? રીતભાતનું કાંઈ ભાન જ નથી આ માણસમાં.’ કૅપ્ટન મેંગલ્સે પોતાનું મૌન તોડ્યું. કોઈની પણ પાસે એને માટે સારો શબ્દ હતો નહીં.

‘શાંત થાઓ, કૅપ્ટન મેંગલ્સ! એ ગમે તેવો હોય તેનાથી આપણને શો ફરક પડે છે? એ અને એનું મેકૌરી જહાજ આપણને ઑકલૅન્ડના કિનારે સલામત રીતે લઈ જાય તેટલું આપણા માટે પૂરતું છે. બીજી બાબતો માટે મગજ ઘસવાની કે બગાડવાની જરૂર નથી.’ ગ્લેનાર્વને સૌને શાંત પાડ્યા.

ઑસ્ટ્રેલિયાની ધરતી ઉપરથી વાયા ઓકલૅન્ડ-ન્યૂઝીલૅન્ડ થઈને સ્વદેશ પહોંચવા માટે ગોઠવણ થઈ ગઈ. એના સમાચાર સાંભળીને હેલીના તથા મૅરી રાજી થઈ ગયાં. મેકૌરી જહાજના બરછટ કૅપ્ટન વિલ હેલીની વાત પણ સાંભળી. એનાથી ડરી જવાને બદલે તેમણે વિધાયક પ્રતિભાવ આપ્યો. તેમણે જણાવ્યું કે સ્નોઈ રિવર પાર કરવા સાથે જમીનમાર્ગે પગપાળા જે રઝળપાટ કરવો પડ્યો હતો અને તેમાં જે હાડમારી અને અગવડો ભોગવવી પડી હતી, તેની સરખામણીમાં જહાજના કૅપ્ટનના બરછટ સ્વભાવને ગણતરીમાં લઈ શકાય જ નહીં. એ રીત એમણે મેળવેલા આશ્વાસનથી ગ્લેનાર્વન વગેરે સૌએ રાહત અનુભવી.

બંદર નજીકની હોટલ વિક્ટોરિયામાં રાત્રિનિવાસની સરસ વ્યવસ્થા થઈ. સૌને હવે સ્કોટલૅન્ડનું ઘર હાથવેંતમાં લાગવા માંડ્યું.

સવારમાં આવેલી ભરતી પછીની ઓટનાં સાગરગામી પાણીની સાથે મેકૌરી જહાજ નીકળવાનું હતું. તે અગાઉ ઇડન બંદર નજીકનાં ૩૭°૧૧” અક્ષાંશના સ્થળે છેલ્લી વાર મુલાકાત લેવાનો ગ્લેનાર્વનનો ઇરાદો હતો. બ્રિટાનિયા જહાજનો ક્વાર્ટર-માસ્ટર દુર્ઘટનાના સમય દરમિયાન કૅપ્ટન ગ્રાન્ટની સાથે હતો, એમ તેણે જણાવ્યું હતું. એ ઘટનાને બે વર્ષ થઈ ગયાં હતાં. જહાજના ભંગારનો એક ટુકડો પણ ત્યાંથી મળવાની કોઈ અપેક્ષા ગ્લેનાર્વનને ન હતી, પરંતુ એના મનમાં કાંઈ જુદી જ બાબત હતી.

એ વિચાર એની પોતાની ડંકનનૌકા અંગેનો હતો. પોતાના નાવિક મૂલરેડીએ આપેલી માહિતી મુજબ ડંકનને લઈને આયર્ટન અહીંના કાંઠે એના લૂંટારુ સાથીઓને લેવા માટે આવવાનો હતો. ડંકનની બચાવ હોડીમાં કાંઠે આવી સાથી લૂંટારુઓને સાથે લઈ જઈ તેમની મદદથી આખી નૌકા પોતાને કબજે લેવાનું એને માટે આસાન બની જવાનું હતું. જરૂર પડે ટૉમ ઓસ્ટિન અને વફાદારો સાથે બળજબરી કરી તેમને કેદ કરી લીધા હોવાની પણ શક્યતા હતી. તમામ રીતે નિષ્ફળ જવાને કારણે ગ્લેનાર્વનને ડંકન ઉપરના સાથીઓની બાબતમાં, ખરાબમાં ખરાબ પરિણામની જ કલ્પના થવા લાગી. એના નબળા મગજે તો માની જ લીધું કે નૌકા ઉપરના પોતાના સૌ અસાવધ નાવિકો કાંઈ પણ વિચારે તે પહેલાં આયર્ટન અને તેના ખૂની સાથીઓએ

તેમને ગોળીથી વીંધી નાખ્યા હશે અને કાંઠા પાસે જ એમના મૃતદેહોને તેણે ફેંકી દીધા હશે. એવી સ્થિતિમાં એ મૃતદેહો અથવા તેમનાં કપડાં વગેરે એ કાંઠા સુધી તણાઈને આવ્યા હોવાની પણ એણે શક્યતા જોઈ.

ગ્લેનાર્વન માનસિક રીતે ત્રસ્ત હતા. પોતાના મનમાં ચાલી રહેલી આ ગડમથલ અંગે કોઈને પણ જણાવ્યા વિના એકમાત્ર કૅપ્ટન મેંગલ્સને સાથે લઈને તેઓ નજીકના કાંઠાના વિસ્તારો જોવા નીકળી પડ્યા. હોટલના માલિકે એ માટે બે ઘોડા ભાડે મેળવી આપ્યા. સાગરકાંઠો સાવ વેરાન હતો. મોજાંના ઘૂઘવાટ સિવાય અન્ય કોઈ અવાજ સંભળાતો ન હતો.

સાવ મૂંગા મૂંગા જ બંને જણા ઘોડા દોડાવ્યે જતા હતા. વિચારોની આપ-લે વિના પણ બંને એક જ બાબત વિચારતા હતા. ડંકનના કર્મચારી અંગેની કોઈ પણ નિશાની મળી શકે તે હેતુથી તેઓ ઉત્તરમાં ક્યાંય સુધી ઘોડા દોડાવતા જ રહ્યા. કાંઠાના તમામ વળાંકો તથા ખૂણાખાંચરા ઉપર ખાંખાખોળાં કરી લીધાં, પરંતુ ડંકનના નાવિકો અંગેની કોઈ પણ નિશાની એમના જોવામાં આવી નહીં.

મુકામે પાછા વળવાનો વિચાર કરતા હતા ત્યાં જ દૂરના સ્થળે તાજેતરમાં જ સળગાવવામાં આવ્યું હોય એવું તાપણું જોયું. એની ફરતે અડધાં બળેલા ઘાસના તણખલાં પડ્યાં હતાં અને રાખ હજી અકબંધ હતી. એમને પહેલાં તો લાગ્યું કે અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ શિકારની શોધમાં અહીં આવ્યા હશે અને તેમણે અહીં રાતવાસો કર્યો હશે, પરંતુ એ સ્થળની નજીકમાં આવેલા એક ઝાડના થડ પાસે કોઈ માણસના ફાટી ગયેલા ભૂખરા અને પીળા રંગના શર્ટના ટુકડા પડેલા જોવામાં આવ્યા. તેની ઉપર પર્થની જેલના કેદીના નંબરનો સિક્કો પણ હતો.

ડંકન અને પોતાના સાક્ષીઓની સ્થિતિ અંગે હવે વધારે પુરાવાની એમને જરૂર ન હતી. શૂન્યમનસ્ક બનીને બંને જણા એક પળ માટે ત્યાં જ થોભી ગયા. એકબીજાની સાથે નજર મેળવી આંખની ભાષામાં એકબીજાના મનની વાતો સાંભળી લીધી. એમની શૂન્ય નજર પ્રશાંત સાગરના અફાટ જળરાશિ ઉપર ઝળૂંબી રહી. કોઈ સ્પષ્ટ વાચા વિનાનો એકધારો ઘૂ-ઘૂ અવાજ ત્યાંથી આવતો હતો.

પળભરની એ સ્તબ્ધતા પછી તરત જ બંનેએ સ્વસ્થતા મેળવી લીધી. સમયસર હોટલના મુકામે પહોંચી જવાની તાકીદ હતી. ઓકલૅન્ડ જતા મેકૌરી જહાજ ઉપર મધ્યાહ્ન પહેલાં એમણે પહોંચવાનું હતું.

જહાજ ઉપર પહોંચતાં પહેલાંની તૈયારી કરી લેવા જેવો સામાન સાથે લીધો. વધારાનો સામન હોટલના રૂમમાં જ છોડી દીધો. એ સમય દરમિયાન પેગેનલનું વિચિત્ર વર્તન કોઈના ધ્યાનમાં આવતું ન હતું. સામાન્ય સ્થિતિમાં બહુ બોલકો હોવા છતાં ન્યૂઝીલૅન્ડ જવાનું નક્કી થયું., ત્યારથી તે સાવ મૂંગો બની ગયો હતો. એના મોં ઉપર વિષાદની સાથે સાથે અનન્ય આશાનો સુખદ ભાવ પણ સ્પષ્ટ રીતે કળી શકાય તેમ હતું.

એના તરફ જોઈ મેંગલ્સે સહજ રીતે જ પૂછ્યું,

'પેગેનલસાહેબ! કાંઈક વિચારમાં અટવાયા હોય તેવા લાગો છો? શું છે? કાંઈક ગૂંગળામણ હોય તેમ લાગે છે?'

'શું કરું? કેટલીક બાબતો એવી હોય છે, જે કહી શકાતી નથી અને સહી પણ શકાતી નથી. કૅપ્ટન ગ્રાન્ટના પત્રોના તૂટક શબ્દોનાં મેં કરેલાં બંને અર્થઘટનોને કારણે આપણે પારાવાર

તકલીફમાં મુકાયા છીએ. હવે પછીનો વિચાર યોગ્ય દિશાનો હોય તો પણ હું કહી શકતો નથી. ડર લાગે છે કે મારે લીધે આપણે સૌ વળી પાછા કોઈ નવી ઉપાધિમાં આવતા તો નથી ને? એ જ કારણે મૌન રહેવાનું મને ઉચિત લાગે છે. હવે પછી પરિસ્થિતિ પોતાની રીતે વળાંક લે અને અનાયાસ રીતે એવી સાનુકૂળ સ્થિતિ તરફ આપણે આગળ વધી શકીએ એટલી જ પ્રાર્થના મનોમન હું ઈશ્વરને કરી રહ્યો છું.'

'એવો તે શો વિચાર છે જેને કારણે તમે આવી અસમંજસ સ્થિતિમાં મુકાયા હોવાનું તમતને લાગે છે.'

'ખાસ કશું જ નહીં, કૅપ્ટન! આપણે હવે ન્યૂઝીલૅન્ડ દેશ તરફ જઈ રહ્યા છીએ. એક નવો દેશ જોવાનો આનંદ પણ છે. પોતાની રીતે આકાર લઈ રહેલી આ સ્થિતિને માણવામાં જ મને સુખ જણાય છે. બીજું શું?'

ભૂગોળશાસ્ત્રી પેગેનલની આવી ફિલસૂફીભરી વાતોમાં કૅપ્ટન મેંગલ્સને કાંઈ જ સમજ ન પડી.

૨

ડયસાગરખેડુ ટાસમાન

૨૭મી જાન્યુઆરીના દિવસની સવારની હમણાં જ શરૂઆત થઈ, ત્યાં જ ઇડન બંદરે આવેલી વિક્ટોરિયા હોટલની રૂમોમાં સામાન્ય દિવસોની સરખામણીમાં, કાંઈક વિશિષ્ટ પ્રકારની ચહેલપહેલ મચી ગઈ. ન્યૂઝીલૅન્ડના ઓકલૅન્ડ બંદર તરફની પૂર્વની સફર મધ્યાહ્ને શરૂ થવાની હતી. ત્યાં મોડા પહોંચવાના પરિણામની સૌને જાણકારી હતી. મેકૌરી જહાજનો કડછો કૅપ્ટન એક પળની પણ રાહ જોવાનો ન હતો. એ સમય પહેલાં જ ત્યાં પહોંચી જવાની ગ્લેનાર્વને સૌને તાકીદ કરી હતી. તે માટેની આ તૈયારી હતી. જહાજ ઉપર ખોરાકની વ્યવસ્થા જાતે જ કરવાની હતી. મુસાફરીના છ-સાત દિવસ સુધી ચાલે એટલું સીધુંસામાન ઉપરાંત કપડાં, અન્ય જરૂરી વસ્તુઓ તથા હથિયારો પણ સાથે લેવાનાં હતાં.

ખોવાયેલા કૅપ્ટન ગ્રાન્ટની ખોજ માટેનું અભિયાન સફળ થવાનું જ હતું, એવી આશા સાથે સૌપ્રથમ તેમણે દક્ષિણ અમેરિકાના મધ્ય પઠારના પ્રદેશો ખૂંદ્યા હતા. ત્યાર બાદ ઑસ્ટ્રેલિયા ખંડની દક્ષિણની ધરતીને પણ તેમણે પાવન કરી હતી. કૅપ બર્નોલીથી શરૂ થયેલી યાત્રા સૌને રમતવાત લાગતી હતી, પરંતુ એના અંતિમ ચરણમાં ટુ-ફોલ્ડ બેના ઇડન બંદરે આવતાં એમને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. એનો અંત સાવ દુઃખદ રહ્યો. કૅપ્ટન ગ્રાન્ટની શોધ માટે હવે તો ધૂંધળી આશા પણ ન રહી. એની ખોજ હવે ભૂતકાળની વાત બની ગઈ. સૌ હવે વહેલીતકે સ્કોટલૅન્ડ ભેગાં થઈ જવા ઉત્સુક બની ગયાં. એ સ્થિતિમાં સૌના મનમાં ઢબૂરાઈ ગયેલી એ વાતને યાદ કરીને પુનર્જીવિત કરવાની કોઈમાં હિંમત રહી ન હતી. લાંબી અને કષ્ટમય રઝળપટ્ટી બાદ સૌને હવે ઘરભેગા થવાની ઉતાવળ હતી.

'મેકૌરી' જહાજ ઉપર એઓ કોઈ આવકાર યોગ્ય મહેમાન ન હતાં. કડછા કૅપ્ટન વિલ હેલીએ અગાઉ બતાવેલા સ્થાને સૌએ પડાવિયા મજૂરોની જેમ જ પડાવ નાખ્યો. સાથેની બે ભદ્ર મહિલાઓ માટે પણ પોતાની કૅબિન આપવાનું સૌજન્ય વિલ હેલીએ દાખવ્યું નહીં.

લંગર ઉપાડવાની તૈયારી થઈ, પરંતુ પાણીની નીચે કાદવામાં ખૂંપેલા લંગરને ઉઠાવવામાં એના નાવિકોને મુશ્કેલી પડી. એ કામમાં મદદરૂપ બનવા વિલ્સને તૈયારી બતાવી, પરંતુ કૅપ્ટન વિલ હેલીએ પોતાના તોછડા અને અવિચારી સ્વભાવનું પ્રદર્શન જ કર્યું. એવી કોઈ મદદ કે સલાહની તેણે ઘરાર અવગણના કરી. જાહેર કર્યું કે પોતે એના 'મેકૌરી' જહાજનો કૅપ્ટન હતો અને બહારના હસ્તક્ષેપને સાંખી લેશે નહીં.

જહાજ ઉપરના પાંચ કર્મચારી નાવિકો પણ પોતાના કૅપ્ટન જેવા જ બરછટ અને તુમાખીદાર હતા. જહાજમાં ખીચોખીચ માલસામન ભરવામાં આવ્યો હતો. એના વજનને કારણે

સલામતીના સ્તરથી પણ નીચે સુધી જહાજ પાણીની અંદર રહેતું હતું. એવી સ્થિતિમાં જહાજના સફળ સંચાલન માટે કૅપ્ટનની કુનેહ અને ખલાસીઓની જાણકારી તથા ઉદ્યમ ખૂબ જ મહત્ત્વનાં હતાં. એવી આવશ્યકતા હોવા છતાં મેંગલ્સને ખ્યાલ આવ્યો કે છએ માણસોમાં એવી કુનેહ, જાણકારી કે અનુભવનો અભાવ હતો. એમની તુમાખીભરી વાતોથી મેંગલ્સ અને વિલ્સનને રમૂજ થઈ. એકબીજાની નજર મેળવી એમણે એ બાબતમાં હળવું સ્મિત આપ્યું. કૅપ્ટનના વિલના ધ્યાનમાં એ સ્મિત આવ્યું. તરત જ એનું મગજ બગડ્યું. હવે સાવ અણગમતા બની ગયેલા આ મુસાફરોને કડક શબ્દોમાં ચેતવણી આપી જણાવ્યું કે તેઓ તરફના કોઈ પણ પ્રકારના હસ્તક્ષેપને તે સાંખી લેશે નહીં. મેંગલ્સે વિચાર્યું કે જહાજની સ્થિતિમાં એમનું પણ હિત રહેલું હતું, પોતાના માણસોના રક્ષણ માટે જરૂર પડે ત્યારે કોઈ પણ પગલું ભરવાની માનસિક તૈયારી તેણે કરી લીધી.

શરૂઆત સાવ કઢંગી હોવા છતાં એ પાંચે નાવિકો પોતાના જહાજને ધીમેધીમે યોગ્ય વળાંક આપી શક્યા. બંદરના છીછરા પાણીમાંથી બહાર નીકળીને જહાજ ધીમેધીમે ખુલ્લા દરિયામાં આવી ગયું. પૂરેપૂરી ઝડપ મેળવવા માટે એના તમામ સઢોને ખુલ્લા કરવામાં આવ્યા. બ્રિગ તરીકે ઓળખાતા બે કૂવાસ્તંભોવાળા આ જહાજનો આકાર જ એવો હતો કે જેમાં પવનનો મહત્તમ લાભ લેવાનું શક્ય જ ન હતું. આગળનો મોરો વધુ પડતો વાંકો હતો અને પાછળનો ભાગ અપ્રમાણસરના માલ ભરાવાને કારણે ભારેખમ બની ગયો હતો. ટૂંકમાં, કોઈ પણ જળયાનની ઝડપને ધીમી કરી દેવા માટે જવાબદાર બની શકે તેવાં તમામ તત્ત્વો અહીં હાજર હતાં. જરૂર કરતાં જહાજ ઘણી જ ધીમી ગતિથી પૂર્વમાં આગળ ધપવા લાગ્યું. ગ્લેનાર્વન વગેરેને એક વાતનો સંતોષ હતો કે જમીનમાર્ગની થકવનારી પદયાત્રાની સરખામણીમાં વધુ સરળતાથી તેઓ સૌ ઓકલૅન્ડની દિશામાં આગળ વધતાં હતાં. મોડા મોડા પણ ઓકલૅન્ડ પહોંચી જવાની આશા ઊભી થઈ.

સાંજના સાત વાગતાં સુધીમાં ઇડન બંદરની દીવાદાંડી તથા કાંઠો ધુમ્મસના કારણે દેખાતાં બંધ થયાં. દરિયો પ્રમાણમાં શાંત હતો. નાનાં મોજાંઓ ઉપર ઊછળતું મેકૌરી ધીમેધીમે પૂર્વની દિશામાં આગળ વધતું હતું. આકાશમાં ચડી રહેલાં વાદળોને કારણે રાત્રિનું અંધારું વધુ ઘેરું બન્યું. થોડા સમયમાં તો વરસાદ શરૂ થઈ ગયો. ખુલ્લા દરિયામાં પવનના જોર સાથેનો વરસાદ સૌને માટે પીડાકારક હતો. અનિચ્છા છતાં સૌ તૂતક નીચેના સાવ અંધારા ભંડકિયામાં આશ્રય લેવા ઊતરી પડ્યાં.

બધા માટે જ આ સમય કસોટીનો બની ગયો. દરેક પોતપોતાના ખ્યાલમાં મગજ ઘસતાં હતાં. મેજર નેબ્સનો ગુસ્સો આસમાને હતો. કૅપ્ટન વિલ હેલીના વર્તનથી તે સખત નારાજ હતો. એવા બરછટ માણસને સીધો કરવા માટે પોતે કાંઈ પણ કરી શકતો ન હતો તેથી તે ધૂંધવાતો હતો. પોતાના તમામ સાથીઓને આવી સ્થિતિમાં મૂકવા માટે ગ્લેનાર્વન પણ મનોમન અફસોસ કરતો હતો. કૅપ્ટન મેંગલ્સ નાના રૉબર્ટને લઈને તૂતકની ઉપર અને નીચે આંટા લગાવતો હતો. વરસાદી હવામાનનો અંત જોવા તે ઉસ્તુક હતો.

પેગેનલ પોતાના વિચારોમાં જ વ્યસ્ત હતો. કૅપ્ટન ગ્રાન્ટના પત્રના ટુકડાઓ ઉપરના તૂટક અક્ષરો અને શબ્દોમાં એનું મગજ અટવાયેલું હતું. એમાંના 'કોન્ટિન' શબ્દ એને મૂંઝવતો હતો. દક્ષિણ અમેરિકા અને ઑસ્ટ્રેલિયા તો ખરેખર કોન્ટિનન્ટ એટલે કે ખંડ જ હતા, પરંતુ ત્યાંની તપાસ નિષ્ફળ રહી હતી. જ્યારે ન્યૂઝીલૅન્ડના ટાપુઓને કોઈ પણ રીતે કોન્ટિનન્ટ ગણી શકાય

તેમ ન હતું. એ પ્રશ્નનો ઉત્તર શોધવા માટે એણે એ ટાપુઓ તથા એ જળવિસ્તારના નાના-મોટા અન્ય ટાપુઓના ઇતિહાસ તરફ નજર દોડાવી. એને યાદ આવ્યું કે ૧૩મી ડિસેમ્બર, ૧૬૪૨ના રોજ આબેલ ટાસમાન નામના ડચ સાગરખેડુએ અગાઉ આ જળ વિસ્તારમાં વાન ડમેન્સ લૅન્ડ ટાપુ* શોધ્યો હતો. ત્યાર બાદ એનાથી આગળ વધતાં એને ન્યૂઝીલૅન્ડનો ઉત્તરના ટાપુનો કિનારો દેખાયો હતો.

થોડા દિવસ માટે એના કાંઠે એણે મુકામ કર્યો હતો. ત્યાર બાદ ૧૭મી ડિસેમ્બરે દક્ષિણ બાજુએ થઈને જહાજને પૂર્વમાં હંકાર્યું હતું. ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે પોતે જેના ઉપર મુકામ કર્યો હતો તે ન્યૂઝીલૅન્ડનો ઉત્તરનો ટાપુ હતો અને એની દક્ષિણે સાંકડી સાગરપટી બાદ બીજો ઘણો મોટો ટાપુ પણ હતો.

ઉત્તરના ટાપુને અહીંના લોકો ઇકા ના-મણી તરીકે ઓળખતા હતા. જ્યારે એ ખાડીની દક્ષિણે પેલો બીજો મોટો ટાપુ પણ એણે જ શોધ્યો હતો. અહીંના આદિવાસીઓ એને તવાઈ-ઔના-માઉ કહેતા હતા.

સૌપ્રથમ ઉત્તરના ટાપુની તપાસ કરવા માટે ટાસમાને પોતાના વિશ્વાસુ નાવિકોને કાંઠે મોકલ્યા. તેઓ પાછા આવ્યા ત્યારે તેમની સાથે બે નાની હોડીઓમાં ત્યાંના આદિવાસીઓ પણ મળવા આવ્યા હતા. તેમની સાથે વાતચીત થઈ. વિચારોની આપલે થઈ. ટાસમાનને આશા જાગી કે એ શુભ શરૂઆત હતી અને ટાપુના લોકો સાથે સંબંધ બાંધવામાં કોઈ મુશ્કેલી પડવાની ન હતી.

પરંતુ બીજા દિવસે એનાથી સાવ વિપરીત ઘટના બની. એ દિવસે જહાજના ક્વાર્ટરમાસ્ટર સહિત કેટલાક નાવિકોને કાંઠા ઉપર ઊતરવા માટે અનુકૂળ સ્થળની તપાસ માટે મોકલ્યા. એમની બોટ કાંઠા નજીક પહોંચી કે તરત જ સાતેક જેટલી નાની નૌકાઓમાં સંખ્યાબંધ આદિવાસીઓ ત્યાં ધસી આવ્યા. ક્વાર્ટરમાસ્ટરની બોટને ચારેતરફથી ઘેરી લઈને તેના ઉપર હુમલો કર્યો. આદિવાસીઓએ ફેંકેલા એક ભાલાથી ક્વાર્ટરમાસ્ટર ખરાબ રીતે ઘવાયો. પોતાની સમતુલા ગુમાવી તે પાણીમાં પડ્યો. છ પૈકીના ચાર નાવિકોનાં ત્યાં જ મોત થયા. બચી ગયેલા બે જણા તેમના ઑફિસર સાથે મુશ્કેલીથી તરીને દૂર ઊભેલા પોતાના જહાજ સુધી માંડમાંડ પહોંચી શક્યા હતા.

સેંકડો આદિવાસીઓની સામે જહાજના મૂઠીભર માણસો ટકી શકશે નહીં. એવી ટાસમાનને ખાતરી થઈ ગઈ. પોતાના જહાજને ઝડપથી કાંઠાથી દૂર હંકાર્યું. પોતાના ચાર નાવિકોની હત્યાનો બદલો લેવા પગલાં ભરવાનો વિચાર છતાં એ સમયની ગંભીર સ્થિતિમાં તે કાંઈ જ કરી શકે તેવી સ્થિતિમાં ન હતો. જહાજ ઉપરથી ગોળીઓ છોડી, પરંતુ આદિવાસીઓ તેની પહોંચની બહાર હતા.

ખાડીમાં થયેલા એ હત્યાકાંડની સ્મૃતિમાં ટાસમાને એ અખાતનું નામ મેસેકરબે (સામૂહિક હત્યાનો અખાત) તરીકે પોતાની ડાયરીમાં નોંધ્યું.

પાંચમી જાન્યુઆરી, ૧૬૪૨ના રોજે ટાસમેને ઉત્તરના એ ટાપુની સૌથી ઉત્તરની અણી નજીક લંગર ઉતાર્યું. ભૂમિ ઉપરની સ્થળસ્થિતિ ચકાસવા પોતાના માણસોને ત્યાં મોકલવાની તૈયારી કરી, પરંતુ તોફાની મોજાંઓ અને આદિવાસીઓના હિંસક દેખાવોને કારણે ઉતરાણનો વિચાર માંડી વાળ્યો.

પોતાની પાસેના નકશામાં તેણે એ ટાપુનું નામ સ્ટેટન-લૅન્ડ તરીકે નોંધ્યું. એની સાથે તેણે

એવી પણ નોંધ કરી હતી કે દક્ષિણ અમેરિકાના દક્ષિણ છેડાના ટીએરા-ડેલ-ફ્યુગો નજીકના એક ટાપુનું નામ પણ સ્ટેટન આઇલૅન્ડ હતું. એ ઉપરથી એને લાગ્યું કે એણે દક્ષિણ સાગરમાં કોઈ મોટો ભૂભાગ કે ભૂમિખંડ શોધ્યો હતો. એમાંનો 'કોન્ટિનન્ટ' શબ્દ કૅપ્ટન ગ્રાન્ટે પણ પોતાના પત્રમાં કર્યો હશે એમ પેગેનલને લાગ્યું.

જોકે એનાથી જુદી સ્થિતિની પણ એણે મનોમન કલ્પના કરી. ૧૭મી સદીના સાગરખેડુએ પોતાના સાવ પ્રાથમિક અંદાજ પ્રમાણે કરેલી નોંધ ૧૯મી સદીના નવી પેઢીના સાગરખેડુ યથાતથા સ્વરુપમાં માની લે તેવું ન પણ બને.

આ ટાપુ અને એના અનુસંધાનમાં વપરાયેલા 'કોન્ટિન' શબ્દનો સંબંધ જોડવામાં પેગેનલને તાત્કાલિક સફળતા મળી નહીં. એ બાબતમાં મૌન રહેવામાં જ એણે ડહાપણ જોયું.

---

* એ સ્થળ ૧૮૫૫ સુધી ટાસમાનિયા પ્રાંતની રાજધાની રહ્યું. ત્યાર બાદ હોબાર્ટ તરીકે ઓળખાયું હતું.

૩

ભગવાન ભરોસે મેકૌરી

ઇડન બંદરેથી પૂર્વમાં ન્યૂઝીલૅન્ડના ઓકલૅન્ડ બંદરે જવા નીકળેલું મેકૌરી જહાજ મુસાફરીના ચાર દિવસ પછી પણ એના બેતૃતિયાંશ ભાગનું અંતર પણ કાપી શક્યું ન હતું. એનો કૅપ્ટન વિલ હેલી દારૂના નશામાં જ રહેતો હતો. એના જેવા જ એના પાંચ નાવિકો એનું જ અનુસરણ કરતા હતા. જહાજના બધા જ સઢો ખુલ્લા મુકાયા હતા. તેમ છતાં જહાજ ઝડપ પકડતું ન હતું. કૅપ્ટન અને કર્મચારીઓની એવી વર્તણૂકને કારણે જહાજે પોતે જ પોતાની દિશા અને ઝડપ નક્કી કરવી પડે તેવી સ્થિતિ હતી.

દરિયામાં મુસાફરી કરતા કોઈ પણ જહાજને માટે હરહંમેશ દુર્ઘટનાનો ભય રહેતો હોય છે. એવી સ્થિતિ ટાળવા માટે એના જવાબદાર અધિકારીની નજર એની તમામ પ્રકારની ગતિવિધિઓ ઉપર સતત રાખવાની જરૂર હોય છે, પરંતુ અહીં મેકૌરી જહાજ ભગવાન ભરોસે જ હતું. ડંકનના કૅપ્ટન મેંગલ્સ એનાથી ચિંતાતુર હતા. જહાજના સંચાલનમાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ નહીં કરવા કૅપ્ટન વિલે એને તાકીદ કરી હતી. તેમ છતાં પોતાના સાથીઓના જીવનની રક્ષા માટે જરૂર પડે તો જહાજનો કબજો લઈ તેનું સંચાલન પોતાના હાથમાં લેવાનો તેણે નિર્ણય લીધો. કૅપ્ટન વિલ નશામાં ચકચૂર હોય ત્યારે તેને તેની કૅબિનમાં જ પૂરી દઈને બાકીની મુસાફરી માટે સુકાન પોતાના હાથમાં લેવાનો એ વિચાર હતો.

પરંતુ એવું પગલું જોખમી હતું. લોહિયાળ બને તેવી પણ શક્યતા હતી. વળી એવી તાકીદ હજી સુધી ઊભી થઈ ન હતી. જહાજની સ્થિતિ અંગે પોતાના માલિક ગ્લેનાર્વનને માહિતગાર કરવા વિચાર કર્યો, પરંતુ એને ખ્યાલ હતો કે સમગ્ર મિશનની નિષ્ફળતાનો તેમજ પોતાની લાડલી ડંકનનૌકા ગુમાવી હોવાનો ગ્લેનાર્વનને ભારે રંજ હતો. એના આઘાતમાંથી તેઓ હજી સુધી બહાર આવી શક્યા ન હતા. એમની એવી માનસિક સ્થિતિમાં એમની ચિંતા વધારે તેવી વાત જણાવવાનું એને ઠીક ન લાગ્યું. એવી માહિતી જાણીને જહાજની સ્થિતિમાં તેઓ કાંઈ સુધારો કરી શકે એવી શક્યતા પણ ન હતી. મેંગલ્સે આથી પેગેનલ અને મેજર નેબ્સને વિશ્વાસમાં લીધા.

મેજર નેબ્સ મિલિટરીનો માણસ હતો. આ પ્રકારની સ્થિતિમાં તડ અને ફડ કરવાની એની માનસિકતા હતી. એણે જણાવ્યું કે સૌના ભલા માટે એવું પગલું ભરવામાં વાંધો ન હોવો જોઈએ. જહાજનું સંચાલન હાથમાં લઈને સહીસલામત રીતે ઓકલૅન્ડ પહોંચીને એ દારૂડિયા કૅપ્ટનને એના જહાજનો હવાલો સોંપી દેવાનો હતો. એને મન એ થોડા સમયનો જ પ્રશ્ન હતો.

‘એ રીતે જહાજનું સંચાલન જરૂરથી હાથમાં લઈ શકાય, પરંતુ એમાં એક મુશ્કેલી છે,

તેનો વિચાર કરી લેવો જોઈએ.' કૅપ્ટન મેંગલ્સે જણાવ્યું, 'આપણે હજી ઊંડા દરિયામાં છીએ. પાણીમાં ડૂબેલા ખડકો સાથે અથડાવાની અહીં કોઈ શક્યતા નથી, પરંતુ કાંઠાના ખડકો જહાજ માટે મુશ્કેલી ઊભી કરે તેવી શક્યતા વધુ છે.'

'કેમ? કાંઠા નજીક હંકારવામાં તમને તકલીફ પડે તેમ છે?'

'હા જી. એ તો મોટી ચિંતા છે. તમે માનશો નહીં, પરંતુ ઓકલૅન્ડ બંદરમાં પહોંચવા માટેના સલામત જળમાર્ગનો નકશો પણ અહીં નથી.'

'એવી સ્થિતિ હોય તો એનો કૅપ્ટન વિલ હેલી શું કરતો હશે? અત્યાર સુધી જહાજને કોઈ દુર્ઘટના કેમ નડી નહીં હોય?'

'મેજર મહાશય, આ નાનું જહાજ માત્ર અહીંના સ્થાનિક બંદરો વચ્ચે માલની હેરાફેરી કરનારું જળયાન છે. એનો આ કૅપ્ટન વરસોથી અહીંના એક જ જળમાર્ગ ઉપર પોતાનું આ જહાજ હંકારતો આવ્યો હોય તેમ લાગે છે. એ પોતે એનાથી ટેવાઈ ગયો હોય, તો તેને એ ચાર્ટની જરૂર નહીં પડી હોય તે સ્વાભાવિક છે, પરંતુ મારે માટે આ પાણી સાવ અજાણ્યાં છે. એવી સ્થિતિમાં એવા ચાર્ટ વિના આ ડૂબેલા ખડકોની વચ્ચે થઈને જહાજ હંકારવાનું શક્ય જ નથી. મારા જેવા માટે એ આત્મઘાતી સંચાલન બની જાય તેમ છે.'

'એવી સ્થિતિમાં તો આપણે અહીંના આ અવાવરુ કાંઠા ઉપર જ આશ્રય લેવો પડે તેવું મને લાગે છે.'

'હા જી, જો એ માટે આપણી પાસે સમય હોય અને જીવન બાકી રહ્યું હોય તો!' કૅપ્ટન મેંગલ્સે સાવ નિરાશાજનક વાત કરી.

બંને મિત્રોની વાત સભાનપણે સાંભળી રહેલો પેગેનલ ગંભીર ચહેરા સાથે એકાએક બોલી ઊઠ્યો,

'સાહેબો, આપણી નજીક આવી રહેલા એ કાંઠાના છીછરા પાણીમાં દુર્ઘટનાનો ભય લાગતો હોય તો એની જમીનનો ભાગ પણ ક્યાં સલામત છે?'

'તમે અહીંના માઓરી જાતિના આદિવાસીઓની વાત કરો છો?'

'હા જી, અહીંના આદિવાસીઓ ઑસ્ટ્રેલિયાના સ્થાનિકો જેવા ડરપોક નથી. આ લોકો તો ભેજાબાજ છે. સાથે ખૂની અને લોહીતરસ્યા છે. માનવમાંસનું ભક્ષણ એમનો વિશિષ્ટ શોખ હોય છે. એ લોકો એવા દયાહીન માનવમાંસભક્ષી છે, કે એમની સમક્ષ કાકલૂદી કે દયાની ભીખ પણ બેકાર બનતી હોય છે.'

'જો એવું જ હોય તો કૅપ્ટન ગ્રાન્ટ કે તેના બ્રિટાનિયા જહાજના ભંગારની અહીં શોધ કરવામાં પણ મને તો આપણા સૌના જીવન માટે જોખમ લાગે છે. તે પોતે પણ આ માઓરીઓ માટેનું મિષ્ટાન્ન બની ગયો હોય તેવી શક્યતા વધુ લાગે છે.' મેજરે ભયની કંપારી સાથે પોતાનો વિચાર વ્યક્ત કર્યો.

'કાંઠાના વિસ્તારમાં ભંગારની તપાસમાં વાંધો નહીં, પરંતુ ટાપુના અંદરના ભાગમાં જવા જેવું નથી. મારી જાણ પ્રમાણે અહીંના આદિવાસીઓને હાથે પકડાયેલો કોઈ પણ પ્રવાસી એની વીતકકથા કહેવા જીવતો બહાર આવી શક્યો નથી. દક્ષિણ અમેરિકા કે ઑસ્ટ્રેલિયાના અંદરના ભાગમાં મુસાફરી કરવા માટે હું તૈયાર થયો હતો, પરંતુ અહીંના માનવમાંસભક્ષી માઓરીઓથી ભગવાન આપણને બચાવે એવી પ્રાર્થના કરીશ.' પેગેનલે પોતાની જાણકારીનો સ્પષ્ટ રીતનો ખ્યાલ આપ્યો.

૪

કરુણ અંજામ

જહાજની અને એના નાવિકોની આ પ્રકારની અસ્વસ્થ સ્થિતિ હોવા છતાં પૂર્વ તરફની ગતિ ચાલુ રહી. બીજી ફેબ્રુઆરીના દિવસે બરાબર છ દિવસ થયા, પરંતુ હજી પણ ઓકલૅન્ડના કાંઠાના ખડકોની નજીક પહોંચ્યા હોય તેમ લાગતું ન હતું. દક્ષિણ પશ્ચિમ તરફથી વાઈ રહેલો પવન જહાજને એના નિર્ધારિત દિશામાં ધકેલવા માટે સાનુકૂળ હતો, પરંતુ દરિયાના પાણીની અંદરનો આંતરિક પ્રવાહ વિરુદ્ધ દિશાનો હતો. એવા પરસ્પર વિરોધી પરિબળોને કારણે જહાજની ગતિ સાવ ધીમી પડી ગઈ. તેમાં જહાજની બંને બાજુઓના લમણામાં સતત થપાટો લાગતી હતી. જહાજનું લાકડાનું માળખું એ કારણે હચમચી ગયું હતું. એનાથી થતું નુકસાન ઘટાડવા માટે સતત કાળજી રાખવાની જરૂર હોય છે. કૅપ્ટન વિલ અને તેના સાથીઓ પોતાના જહાજની એવી કાળજી લે એવી અપેક્ષા વધુ પડતી હતી. બંને કૂવાસ્તંભોને જકડી રાખનારા બ્રેકેટ અને ટેકાઓ પણ ઢીલા પડી ગયા હતા. મોજાંઓના હલકારે ડોલી રહેલા જહાજના બંને કૂવાસ્તંભો એ કારણે વધુ પડતા ઝોલાં ખાઈ રહ્યા હતા. જહાજના અસ્તિત્વ માટે એવી સ્થિતિ જોખમભરી હતી.

એ બધી જ બાબતો પ્રતિકૂળ હોવા છતાં એક બાબત એને માટે સારી હતી કે કૅપ્ટન વિલને કોઈ જ ઉતાવળ ન હતી. જહાજની ગતિ વધે અને ઝડપથી પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી જાય તે માટેના કોઈ જ પ્રયાસ એ કરતો ન હતો. ઉતાવળ કરાવવામાં પાણી નીચેના કોઈ ખડક સાથે અથડાવવાની કે મોજાંની થપાટોથી જહાજના તૂટવાની શક્યતા વધુ હતી. કૅપ્ટન મેંગલ્સની ગણતરી હતી કે એવી સાવ ધીમી ગતિઓ પણ તેઓ સલામત રીતે કાંઠે પહોંચી શકવાના હતા. જોકે મેંગલ્સને એક વાતનો ભારે અફસોસ હતો. લેડી હેલીના તેમ જ કુ. મૅરી માટે રહેવાની વધુ સારી વ્યવસ્થા થઈ શકી ન હતી. હવા-ઉજાસની અપૂરતી વ્યવસ્થાવાળા ભંડકિયામાં એમને જગ્યા આપવામાં આવી હતી. તેઓ એ ટાળવા તૂતક ઉપર જ બેસવાનું પસંદ કરતાં, પરંતુ વરસાદ અને જોરદાર પવન હોય ત્યારે તેમણે ભંડકિયામાં પુરાઈ રહેવું પડતું હતું.

બંને સ્ત્રીઓની આવી અગવડભરી સ્થિતિથી બધા જ સાથીઓ પરેશાન હતા. તેમનું ધ્યાન બીજે વાળવા પેગેનલ ઇતિહાસ અને ભૂગોળ અંગેની પોતાની જાણકારીઓનો ધોધ એમની સમક્ષ વહાવતો હતો. એમાં પણ દક્ષિણ અમેરિકા તથા ઑસ્ટ્રેલિયાની મુસાફરી દરમિયાનના અનુભવો જાણવાનું બધાને ગમતું હતું, પરંતુ ન્યૂઝીલૅન્ડ અંગેની કોઈ જ વાતથી આનંદ થાય તેવી અહીંની સ્થિતિ ન હતી.

મેકૌરીના આ મુસાફરોમાં સૌથી ખરાબ માનસિક સ્થિતિ લૉર્ડ ગ્લેનાર્વનની હતી. પવન અને વરસાદની આંધી છતાં તેઓ અડીખમ રીતે તૂતક ઉપર જ હતા અને અનિમિષ નજરે પાછળ જઈ રહેલા દરિયાને જોઈ રહ્યા હતા. અત્યારે એમનું માનસતંત્ર સ્થગિત દશામાં હતું. એમની બાજુમાં જ રહેતા કૅપ્ટન મેંગલ્સે એ જોઈને માહિતી આપી.

'માલિક, આપણે જે કાંઠે પહોંચવાનું છે તે આગળ છે. આપ વારંવાર પાછળ જુઓ છો એટલે જણાવું છું.'

'એવું નથી કૅપ્ટન મેંગલ્સ, હું જમીનની પ્રતીક્ષા કરતો નથી. હું મારી લાડલી "ડંકનનૌકા" માટે નજર ખેંચી રહ્યો છું. લૂંટારુઓના હાથમાં જઈને એ હવે ચાંચિયાઓનું જહાજ બની ગયું છે. મને ખાતરી છે કે તે અહીંના આ જળપ્રદેશમાં થઈને જ આગળ જવાનું છે.'

'માલિક! હવે આપણે પ્રાર્થના એ કરવાની છે કે એનાથી આપણને એ દૂર રાખે. ડંકનના સંચાલન માટે એની ઉપર રહેલા આપણા બહાદુર સાથીઓ જેવી જ સ્થિતિ આપણી પણ થઈ શકે છે.'

'ડંકન તરફના ભયને હું જાણું છું, છતાં આપણી નજર સામેથી હંમેશ માટે અદૃશ્ય બને તે અગાઉ એક વાર છેલ્લી નજર નાખવાની લાલચ હું છોડી શકતો નથી.'

ટુ-ફોલ્ડ બેના ઇડન બંદરેથી નીકળ્યાને છ રાત વીતી ગઈ હતી. મૂળ કાર્યક્રમ પ્રમાણે તો તેઓ આ સમયે ઓકલૅન્ડ બંદરના કાંઠે પહોંચી જવાના હતા. ટુ-ફોલ્ડ બેની આ સાગરપટ્ટી સાંકડી હતી. એમાં ડંકન સાથે ભેટો થઈ જવાની બાબત કોઈ અસાધારણ અપેક્ષા ન હતી. ગ્લેનાર્વન એને જોવા માટે ઉત્સુક હતા. જ્યારે કૅપ્ટન મેંગલ્સ એનાથી દૂર રહેવાના મતનો હતો. દિવસ વીતવા આવ્યો, છતાં ક્ષિતિજ ઉપર કોઈ જહાજ હોવાની નિશાની એમના જોવામાં આવી નહીં. વળી એ સમય દરમિયાન ઊભરી રહેલી અન્ય એક બાબતની એમણે નોંધ લીધી. બપોર સુધી ખુલ્લા રહેલા આકાશમાં શરૂમાં છૂટાંછવાયાં વાદળો દેખાતાં હતાં. બપોર બાદ તેમાં વધારો થયો અને સાંજ સુધીમાં એનો ચંદરવો પૂરા આકાશમાં છવાઈ ગયો. પરિણામે સાત વાગ્યા સુધીમાં તો રાત્રિનાં અંધારાં ઊતરી આવ્યાં. પવન હજી મંદ હતો. એવા વાતાવરણમાં મેકૌરીના કૅપ્ટન વિલ હેલીએ તૂતક ઉપર દેખા દીધી. દારુના ઘેનમાં આખો દિવસ એણે પોતાની કૅબિનમાં જ વિતાવ્યો હતો. આંખો ઉપર ઊંઘમાંથી તાજો જ ઊઠ્યો હોય તે રીતનું ઝૂકણ એની આંખોમાં હતું. તૂતક ઉપરની તાજી અને ઠંડી હવા ફેફસાંમાં ભરાતાં શરીરમાં સ્ફૂર્તિ આવ્યાનો એને અનુભવ થયો.

તેણે પોતાના નાવિકો પાસે રાત્રિ દરમિયાનની મુસાફરી માટે તૈયારી કરાવવા માંડી. સૌથી મોટા કૂવાસ્તંભને મજબૂતી આપતાં દોરડાં ખેંચાવીને ફરીથી બંધાવ્યાં. રાત શાંતિથી અને નિર્વિઘ્ને વીતે તે માટે જરૂરી કાર્યવાહી કરાવી. તેની નજીકમાં જ ઊભેલો જ્હૉન મેંગલ્સ શાંતિથી આ ગતિવિધિઓને જોતો રહ્યો. ગ્લેનાર્વન પણ ત્યાં જ હતો.

ત્યાર બાદ થોડા સમય સુધી તો બધું સમૂસૂતરું ચાલ્યું, પરંતુ એ પછી પવનનું જોર વધ્યું. સાથે મોજાંનો ઘૂઘવાટ પણ વધ્યો. ઊંચાં ઊઠી રહેલાં મોજાં અંધારામાં જોઈ શકાતાં ન હતાં, પરંતુ 'મેકૌરી' જહાજ ઉપર થતી એની અસર અનુભવી શકાતી હતી. ઊંચે ચડેલાં મોજાંની ખૂંધ ઉપર 'મેકૌરી' પણ ઊંચે ચઢતું હતું અને બીજી જ પળે એ મોજાંની સાથે નીચે પછડાતું હતું. દરમિયાન એક જબરદસ્ત આંચકા સાથે આખું જહાજ ધ્રૂજી ઊઠ્યું. જહાજનું તળિયું પાણી નીચે છુપાયેલા કોઈ ખડક સાથે અથડાયું હોવાનું સૌએ અનુભવ્યું. એને કારણે તૂતક ઉપર

બાંધેલી બચાવ નૌકા તથા તેને ઊંચકનારો ઊંટડો તેના બંધનમાંથી ઢીલાં થઈ ગયાં. ઊંચે ને ઊંચે ઊછળી રહેલાં મોજાંઓ જહાજનાં પડખાંમાં અથડાઈને તૂતક ઉપર ફેંકાતાં હતાં. એનાં પાણીથી તૂતક છલકાઈ ગયું. એ પાણીના નિકાલ માટેની વ્યવસ્થા અપૂરતી હતી. વધારાનું એ પાણી જો ભંડકિયામાં ઊતરે તો જહાજ માટે ડૂબવાનો ભય વધતો હતો. આમ પણ ભંડકિયામાં વધુ પડતો માલ ભરવામાં આવ્યો હોવાને કારણે જહાજ પાણીમાં વધુ પડતું ઊંડું ઊતરેલું હતું જ. જહાજ એ રીતે ડૂબી જાય અથવા તો ખડક સાથે અથડાઈને નષ્ટ થઈ જાય એ શક્યતા કૅપ્ટન મેંગલ્સને નજીકમાં દેખાતી હતી, પરંતુ જહાજના કૅપ્ટનને એની કોઈ ચિંતા હોય તેમ લાગતું ન હતું. મેંગલ્સની કોઈ પણ વાત કાને ધરવા તે તૈયાર જ ન હતો.

એવી સ્થિતિમાં મધ્યરાત્રિ થઈ. મેંગલ્સની સાથે વિલ્સન પણ ચિંતાતુર હતો. જહાજના કૅપ્ટનની લાપરવાહીથી એ સૌના જીવન જોખમમાં મુકાયાં હતાં. એમને હવે ઊંઘનો વૈભવ પરવડે તેમ ન હતો

ધીમેધીમે મેકૌરી પૂર્વમાં કાંઠા તરફ ધકેલાતું જતું હતું. એ દરમિયાન મોજાંના પછડાટનો ભારેખમ અવાજ એમને સંભળાયો. બંને અનુભવી નાવિકો હતા. એ અવાજને સમજવામાં મેંગલ્સની કોઠાસૂઝ મદદમાં આવી. એ તરત જ બોલી ઊઠ્યો,

'વિલ્સન, આગળ પરવાળાંના ખડકો છે. ઊછળી રહેલાં મોજાં પરવાળાંની એ દીવાલ સાથે અથડાઈ રહ્યાં હોય તેવું લાગે છે.'

'મને પણ એમ જ લાગે છે. અહીંથી માત્ર બે કેબલ[૧] દૂરના અંતરે જ એ ખડકો હોવા જોઈએ.'

'તો હવે અહીં પાણીની ઊંડાઈ જાણવાનું જરૂરી છે. લેડ[૨] પાણીમાં ઉતારો.'

વિલ્સને તરત જ જહાજના કઠેરા સાથે બાંધેલી લેડની દોરી પાણીમાં ઉતારી. અંધારું છતાં સ્પર્શના આધારે એને સમજાયું કે ત્રીજા ગાંઠ જેટલી દોરી પાણીમાં ઊતરીને અટકી ગઈ.

'કૅપ્ટન, અહીંની ઊંડાઈ ત્રણ ફેધમ[3] જેટલી છે. કાંઠો અહીંથી ૪૦૦ ફૂટ દૂર જણાય છે.'

કૅપ્ટન મેંગલ્સને સમજાઈ ગયું કે પવનના ધક્કાથી કાંઠા તરફ ધકેલાઈ રહેલું મેકૌરી થોડા જ સમયમાં કાંઠાના કોઈ ખડક સાથે અથડાવાનું જ હતું. વારંવારના એવા આઘાતો સામે અડીખમ રહી શકે તેવી ક્ષમતા જહાજમાં ન હતી. એની ઉપરના માણસો માટે એને છોડી દેવાની ઘડી આવી ગઈ હોવાનો એને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો.

એની નજીકમાં થઈને પસાર થઈ રહેલા કૅપ્ટન વિલને સંબોધીને એ બોલ્યો,

'કૅપ્ટન, કાંઠાના ખડકો સાથે અથડાઈ-કુટાઈને મેકૌરી નાનાં-નાનાં પાટિયાંઓમાં છૂટું પડી જાય, તે પહેલાં આપણે એને ત્યજી દેવું જોઈએ.'

મેકૌરીના કૅપ્ટને એ શબ્દો સાંભળ્યા, પરંતુ કાંઈ પણ પ્રતિભાવ આપ્યો નહીં. તેને બદલે તૂતક ઉપરના સુકાનકક્ષ તરફ દોડી ગયો. એ દરમિયાન વિલ્સને મુખ્ય કૂવાસ્તંભ ઉપરના સઢની દિશા બદલી. એનાથી જહાજની દિશા સહેજે બદલાઈ. કાંઠાના ખડક સાથેની સીધી અથડામણ ટાળવા માટેનો એ પ્રયાસ હતો. રાત્રિના અંધારામાં પણ અનુભવી નાવિકોને સમજાયું કે તેમને થોડી સફળતા મળી હતી. અંધારું છતાં તારાના ઝાંખા પ્રકાશમાં મેંગલ્સ કાંઠાના એ ઊંચા ધૂંધળા દેખાતા ખડકોને જોઈ શક્યો. ત્યાં દૂર મોજાંની ધાર ઉપર જમા થતા સફેદ ફીણનો પણ

ખ્યાલ આવ્યો.

સુકાન પાસે કાંઈક ગડમથલ કરી રહેલા કૅપ્ટન વિલ હેલીને જહાજનો અને તેના ઉપરના સૌ માણસોનો અંત નજીક દેખાયો. મોત સામે જ ઊભેલું જોઈ એણે પોતાના મગજ ઉપરનો કાબૂ ગુમાવ્યો અને તે રઘવાયો બની ગયો. એના મોંમાંથી વારંવાર આદેશો છૂટવા માંડ્યા, પરંતુ તેમાં ભારોભાર વિસંગતિ હતી. ખરેખર કૅપ્ટન વિલ શું કરાવવા ઇચ્છતો હતો તેની એના નાવિકોને પણ સમજ પડતી ન હતી.

ઓકલૅન્ડ તરફ જતા જળમાર્ગની સ્થિતિથી એ પરિચિત હતો. અનેક વાર તેણે એ માર્ગે જહાજને હંકાર્યું હતું, પરંતુ પવનના જોરને કારણે રાત્રિના અંધારામાં જહાજ ભળતી જ દિશામાં ફંટાઈ ગયું હતું અને હવે એને યોગ્ય માર્ગે વાળવા માટે પ્રયાસ કરવાની માનસિક ક્ષમતા પણ તેણે ગુમાવી હતી. એમાં કાંઈ કસર બાકી રહેતી હોય તેમ તુંડમિજાજી અને મિથ્યાભિમાની એવો એ જ્હૉન મેંગલ્સ જેવા મધદરિયે જહાજો હંકારવાના અનુભવી કૅપ્ટનની એક પણ વાત કાને ધરવા તૈયાર ન હતો.

એની જાણબહાર કૅપ્ટન મેંગલ્સ અને એનો સાથીદાર વિલ્સન જે કાંઈ થોડા પ્રયાસ કરી શક્યા હતા, તેને કારણે જ મેકૌરીને થોડો વળાંક મળી શક્યો. કાંઠાના ખડકોની ઊભી દીવાલ સાથેની સીધી ટકરામણ ટળી ગઈ, પરંતુ પાણીમાં ડૂબેલા ખડકો અને આંતરિક જળપ્રવાહોથી મેંગલ્સ સાવ અજાણ હતો. એના પ્રયાસોને કારણે દુર્ઘટના તત્કાળ તો ટાળી શકાઈ, પરંતુ આજનું મોત આવતી કાલ ઉપર ઠેલાયા જેવી એ સ્થિતિ હતી. તત્કાળ રાહત મળી, પરંતુ જહાજને બચાવવું હોય તો એના મોરાને પૂરેપૂરો યુટર્ન આપીને ફરીથી એને ઊંડા દરિયામાં લઈ જવાની જરૂર હતી. મર્યાદિત સઢ વ્યવસ્થા સાથે એ શક્ય બને કે કેમ તેનો આધાર જહાજ અને તેની ઉપરના માણસોના નસીબ ઉપર હતો.

પરંતુ પ્રારબ્ધને કેવળ પ્રકૃતિનાં પરિબળોને આધારે છોડી દેવાનું મેંગલ્સને મંજૂર ન હતું. સુકાનને બરાબર સંભાળવા તેણે વિલ્સન અને મૂલરેડીને આદેશ આપ્યો. બંને નાવિકો એ માટે પોતાની પૂરી તાકાત લગાવી રહ્યા. તો એ સાથે વધુ ને વધુ ઊંચે ઊછળતાં મોજાંનો પ્રકોપ પણ વધતો ગયો. સાથે એનો ઘૂઘવાટ પણ વધ્યો. ક્રોધે ભરાયેલા ગ્રીક જળદેવતા ટ્રીટોનની ગર્જનાઓ જેવો જ એ અવાજ સૌને ભયભીત કરતો રહ્યો. એમાં જોરદાર પવનને કારણે ડોલી રહેલા મેકૌરીના કૂવાસ્તંભો તથા અન્ય ભાગોને જકડી રાખતા દોરડાં અને બંધનો પણ ઢીલાં બની ગયાં. કાંઠાના ખડકો સાથેની ટક્કર ટળી હોવા છતાં એ કેટલો વધુ સમય તોફાનની ટક્કર લઈ શકશે તે પ્રશ્ન હતો.

એવી સ્થિતિમાં એક પળ એવી આવી કે પવન સાવ સ્થગિત થઈ ગયો. એના ધક્કાથી ડોલી રહેલા જહાજની સ્થિતિ આધાર વિનાના ઊંચા માળખાં જેવી બની ગઈ. એ સાથે નીચેથી ઊપસી આવેલા એક મહાકાય મોજાંની પીઠ ઉપર ચડીને જહાજ ઊંચકાયું અને પાણીમાંથી અવારનવાર માથું કાઢી રહેલા પરવાળાંના એક ખડક ઉપર ધડાકા સાથે ફંગોળાયું. એના તીવ્રતમ આંચકાથી આગળનો કૂવાસ્તંભ એની સાથે જોડાયેલી વસ્તુઓને લઈને કડાકાભેર તૂટીને તૂતક ઉપર પડ્યો. બંને બાજુએ પાણીના ટેકાના વિનાનું જહાજ વધુ વજનવાળા ભાગ તરફ ત્રીસ અંશના ખૂણે ઢળી પડ્યું. એનો કેટલોક ભાગ હજી પણ પાણીની નીચે જ હતો. એવા સ્થાનેથી તેને ફરીથી તરતું કરવા કે પાણીમાં ઉતારવા માટે એવા જ કોઈ બીજા મોટાં મોજાંની જરૂર પડે તેમ હતું.

જહાજ ઉપરના સૌ નિવાસીઓ બહાર ધસી આવ્યાં. જહાજની દશા અને પોતાની સ્થિતિનું આકલન કર્યું. જહાજ એકબાજુએ ઢળી જવા છતાં અન્ય કોઈ મોટાં મોજાંની ગેરહાજરીમાં તત્કાળ તેને કોઈ ભય ન હતો. ત્યાર બાદની બીજી મોટી ભરતીનાં મોજાં ઉપર ઊંચકાઈને ખડક ઉપર પાણીમાં ઊતરી પડે ત્યાં સુધી જ તેને સલામત ગણી શકાય તેમ હતું. બહાર ફૂંકાઈ રહેલા વાવાઝોડામાં તૂતક ઉપર ઊભા રહેવાનું મુશ્કેલ બની ગયું. સૌએ ભંડકિયાના અંદરનાં પોતપોતાનાં સ્થાનમાં જ સલામતી શોધી.

થોડી સ્વસ્થતા મેળવતાં જ ગ્લેનાર્વનને જહાજ સંબંધી સ્થિતિ સ્પષ્ટ કરવા કૅપ્ટન મેંગલ્સને જણાવ્યું.

'માલિક, સાચું કહું તો ખડકની ઉપર ખીલવાઈ રહેલા આ જહાજમાં અત્યારે આપણે સ્થગિત દિશામાં છીએ. હવે પછી આવનારી ભરતીનાં પાણી ઊંચા ચડે ત્યારે તેની સાથે ઊંચકાઈને નીચે પછડાવાનું જ છે. તે પહેલાં આપણે કોઈ ઉપાય નહીં શોધીએ તો જહાજની સાથે આપણે પણ ડૂબવાનું જ રહેશે. એવી સ્થિતિ ઊભી થાય તે પહેલાં કાંઈ કરવું પડશે.'

'પરંતુ અત્યારે તો મધરાત થઈ છે. આવા અંધારામાં અજાણ્યા જળમાર્ગમાં આપણી સલામતી કેટલી?'

'હું પણ માનું છું કે આવી સ્થિતિમાં ઉતાવળિયું અને અવિચારી પગલું આપણે માટે આત્મઘાતી બનવાની શક્યતા છે. આપણે સવાર સુધી રાહ જોઈ શકીએ તેમ છીએ.'

બીજી બાજુ જહાજના કૅપ્ટન વિલને પણ બિહામણી વાસ્તવિકતાનો ખ્યાલ આવી ગયો. બેબાકળો બનીને ઉપરથી નીચે અને નીચેથી ઉપર નિરંકુશ ગાંડા હાથીની જેમ આંટા મારવા લાગ્યો. એના નાવિકોને પણ પોતાના કૅપ્ટનની વિચિત્ર વર્તણૂકથી સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો. જહાજની આસપાસ પવન અને પાણીનું જે ઘમસાણ ચાલુ હતું, તેનાથી એમનો નશો ઊતરી ગયો. જહાજની સાથે તેમના સૌનો પણ અંત તેમને નજીક દેખાયો. એવી માનસિકતામાંથી મુક્તિ મેળવવા માટેનો સહેલો ઉપાય તેમણે દારૂની બૉટલમાં શોધ્યો. દારૂની આખી પેટી જ ખૂલી કરીને તેઓ પેટમાં પધરાવવા લાગ્યા. મેંગલ્સ વગેરે એ જોઈને હેરાન થઈ ગયા. જહાજને તોફાનમાંથી સહીસલામત રીતે બહાર કાઢવાની જેમની જવાબદારી હતી. તેઓ છાકટા બનીને સામે આવી રહેલા મોતથી ભાગવા માગતા હતા.

ગાંડાની જેમ ચીસો પાડતો કૅપ્ટન પોતાના વાળ ખેંચવા લાગ્યો. એના બોલવા ઉપરથી મેંગલ્સને ખ્યાલ આવી ગયો કે એના અફસોસનું કારણ જુદું જ હતું. જહાજનો કે ભંડકિયામાં ચસોચસ ભરેલા માલનો એણે કોઈ વીમો લીધો ન હતો. અહીંના આ તોફાનમાંથી તે જીવતો બહાર નીકળી શકે તો પણ તે ભિખારી બની જવાનો હતો.

બાકીના નાવિકોએ પણ દારૂના નશામાં જાત ઉપરનો કાબૂ ગુમાવી દીધો. પોતાના કૅપ્ટનની જેમ જ તેઓ પણ લવારે ચઢ્યા હતા. મોંમાંથી ગંદી ગલીચ ગાળોનો ધોધ વહી રહ્યો. એ એક એવી સ્થિતિ હતી કે જેનો કડકાઈથી સામનો કરવાની જરૂર હતી. મેંગલ્સે પોતાના દરેક સાથીઓને, પોતપોતાની પિસ્તોલને તૈયાર સ્થિતિમાં રાખવા સૂચના આપી જણાવ્યું.

'એઓ પૈકીનો જે પણ માણસ આપણા તરફ આવવાની હિંમત કરે તેને ઠાર કરવાનો છે. એમને જીવનની ચિંતા નહીં હોય, પરંતુ આપણે સ્વરક્ષણનાં પગલાં લેવાનાં છે. હડકાયાં કૂતરાં જેવા બની ગયેલા એ સૌ એવી જ સજાને લાયક છે.'

પોતાના રક્ષણ માટે શસ્ત્રોથી તૈયાર થઈને ઊભેલા આ મુસાફરોને છાકટા ખલાસીઓ

કાંઈ પણ છેડછાડ કરવાની હિંમત કરી શક્યા નહીં. પોતાના કૅપ્ટનની પાછળ સૌ જહાજના નીચેના ભાગમાં ઊતરી ગયા. એ સાથે તૂતક ઉપર શાંતિ થઈ ગઈ.

એ દરમિયાન ઓટનાં પાણી પૂરેપૂરાં ઊતરી ગયાં. ઝાડની ત્રણ ડાળીઓના સહારે પક્ષીનો માળો ટકી રહે તેવી દશા અહીંના ખડક ઉપર મેકૌરી જહાજની હતી. ભંડકિયામાં ઊતરી ગયેલા ખલાસીઓ અંગે મગજ ઘસવાને બદલે મેંગલ્સે હવે અહીંથી સલામત રીતે નીકળી જવા મનોમન પ્લાન ઘડવા માંડ્યો. જહાજ છોડી જવાનો એકમાત્ર વિકલ્પ તેની પાસે હતો. એ માટે જહાજ ઉપરની બચાવનૌકાનો જ ઉપયોગ કરવો પડે તેમ હતું.

કૅપ્ટન વિલ સહિતના તમામ માણસોને અહીંથી બહાર કાઢવા માટે કાંઠા સુધીના ત્રણ ફેરા કરવા પડે એટલી નાની એ હોડી હતી. માંડ ચાર કે પાંચ માણસોને લઈ જવાની એની ક્ષમતા હતી. જોકે એ પણ દરિયાનાં તોફાની મોજાં અને જોરદાર પવન સામે કેટલું ટકી શકે તે સવાલ તો એમની સામે આવવાનો જ હતો.

સ્થગિત બનીને ઊભેલા જહાજ માટે તાત્કાલિક કોઈ ભય ન હતો. વળતે દિવસે આવનારી ભરતી સામે એ ટકી શકવાનું ન હતું તે વાત મેંગલ્સને સમજાઈ હતી, પરંતુ રાતના અંધારામાં કોઈ પ્રવૃત્તિ થઈ શકે તેમ ન હતું. એવી સ્થિતિમાં સવાર સુધી આરામ લેવા મેંગલ્સે સૌને આગ્રહ કર્યો. સૌ થાકેલાં હતાં. તનાવભરી સ્થિતિમાં પણ સૌની આંખ મળી ગઈ.

સૌ જાગ્યા ત્યારે સવાર થઈ ચૂકી હતી. પૂર્વમાં ઊગી રહેલા સૂરજના કિરણની પહેલી રેખાના પ્રકાશમાં આકાશમાં વાદળોની હિલચાલ જાણી શકાઈ. ક્ષિતિજ ઉપરનો દરિયાનો પટ હજી ધુમ્મસથી છવાયેલો હતો. દૂરદૂરથી મોજાંનો ઘૂઘવાટ સંભળાતો હતો, પરંતુ દરિયાની સ્થિતિ સ્પષ્ટપણે જોઈ શકાતી ન હતી.

થોડો વધુ સમય ગયો. હવામાન વધુ ખુલ્લું થયું. દૂર પૂર્વમાં ન્યૂઝીલૅન્ડના કિનારાના ઊંચા ખડકો હવે જોઈ શકાતા હતા. મેંગલ્સે અંદાજ બાંધ્યો કે ઉતરાણ માટેનો અનુકૂળ કાંઠો નવેક માઈલ દૂર હતો. ત્યાં પહોંચ્યા બાદ એમનો કેવોક સત્કાર થવાનો હતો તેની હવે સૌ ચિંતા કરવા લાગ્યાં, પરંતુ ત્યાં ગયા સિવાય એમની પાસે અન્ય વિકલ્પ પણ ન હતો.

'કૅપ્ટન હેલી અને તેના માણસો હજી ઊંઘમાં હોય તેમ લાગે છે. એમને પણ જગાડવા પડશે.'

જહાજને ત્યજી દઈને કાંઠે પહોંચવા માટેની તૈયારી શરૂ કરવા ગ્લેનાર્વને સૌને સૂચના આપી. જહાજને ત્યજી દેવાની સ્થિતિમાં એના કૅપ્ટન તથા નાવિકોને પણ લેવાના હતા, પરંતુ તેમાંનો કોઈ હજી સુધી ઉપર આવ્યો નહોતો, 'તેમની તપાસ કરાવવી પડશે.' મેંગલ્સે ઉત્સાહ વિના જવાબ આપ્યો.

'એમને પણ ઉઠાડો. એમને અહીં છોડીને આપણે ચાલી જઈએ તે ઠીક નહીં હોય.' ગ્લેનાર્વને ભદ્રભાવના વ્યક્ત કરી.

વિલ્સન અને મૂલરેડી તરત જ જહાજના નીચેના ભાગમાં ઊતર્યા. એમની પથારીઓ ખાલી જ હતી. આજુબાજુના ભાગમાં તેમની તપાસ કરવા છતાં તેમની હાજરી જણાઈ નહીં.

'ક્યાંયે દેખાતા નથી.' ઉપર આવીને તેમણે કૅપ્ટન મેંગલ્સને રિપોર્ટ આપ્યો.

'શું વાત કરો છો? ક્યાંય નહીં હોય તો તેઓ ગયા ક્યાં? બચાવ માટેની હોડીની તપાસ કરો. એ લઈને રાતના અંધારામાં ભાગી છૂટ્યા હોય તેમ લાગે છે.' વીલા મોં સાથે પાછા આવેલા મૂલરેડીએ ખરાબ સમાચાર આપ્યા.

‘બચાવનૌકા તેના સ્થાને નથી.’
સૌ એકબીજા સામે જોઈને અવાક્ બનીને પ્રશ્નો પૂછી રહ્યા:
‘ક્યાં ગયા હશે? આપણને છોડીને ક્યાં ગયા હશે?’

---

(૧) **કેબલ:** એક કેબલ એટલે બસો વારનું અંતર.

(૨) **લેડ:** દરિયાકાંઠે પાણીની ઊંડાઈ માપવા સીસાનો ભારેખમ કટકો બાંધેલી દોરી. એમાં દર છ ફૂટે એક ગાંઠ વાળેલ હોય છે. એ લેડને પાણીમાં ઉતારી ઊંડાઈ માપી શકાતી.

(૩) **ફેધમ:** એક ફેધમના છ ફૂટ ગણાય છે.

૫

માનવમાંસ પુરાણ

તોફાનમાં સપડાઈને ખડક ઉપર ફેંકાઈ ગયેલું પોતાનું મેકૌરી જહાજ નવી ભરતી દરમિયાન ભાંગીને કાટમાળ થઈ જવાનું હતું, એવી ખાતરી કૅપ્ટન વિલને થઈ ગઈ હતી. એમાંથી જીવ બચાવવા પોતાના પાંચ સાથી નાવિકો સાથે રાતના અંધારાનો લાભ લઈને જહાજની એકમાત્ર નાની બચાવનૌકામાં તે ભાગી છૂટ્યો હતો.

'નાલાયક', 'બાયલાઓ' કૅપ્ટન મેંગલ્સ ગુસ્સાથી સમસમી ઊઠ્યો, 'તોફાનમાં સપડાયેલા જહાજના કૅપ્ટનની ફરજની ઐસીતૈસી કરીને તું ભાગી છૂટ્યો? તારે તો સૌની સલામતીમાં તારી સલામતી શોધવાની હતી.' જહાજને છોડી દેવાની ઘડીમાં સૌપ્રથમ અન્યોના જાન બચાવ્યા બાદ જ કૅપ્ટને સલામતીનું શરણું શોધવાનું હોય, તેવી નીતિરીતિની મેંગલ્સે યાદ અપાવી, પરંતુ તેની એ નીતિની વાત સાંભળવા કૅપ્ટન વિલ ત્યાં હાજર ન હતો.

તેમ છતાં મેંગલ્સે એમાંથી આશ્વાસન શોધ્યું. એમાં પણ એણે શુભસંકેત જોયો, 'જે થયું તે સારું જ થયું. તેમની સાથે વિવાદમાં ઊતરવાને બદલે હવે આપણે કોઈ પણ પ્રકારનો નિર્ણય લેવા મુક્ત બન્યા છીએ.'

'બિલકુલ સાચી વાત છે.' ગ્લેનાર્વને પોતાના કૅપ્ટનની વાતનું અનુમોદન કર્યું, 'તેઓ ભલે ચાલી ગયા. હવે આપણે નવા કૅપ્ટન મેંગલ્સની દોરવણી હેઠળ આપણા સૌના જાન બચાવવા માટે કામ કરવાનું છે. અહીં વિલ્સન અને મૂલરેડી સિવાયના અમે સૌ જહાજી કામગીરીથી અજાણ્યા છીએ. તેમ છતાં સામાન્ય નાવિક અને મદદનીશ તરીકે તમારા હાથ નીચે કામ કરવા તૈયાર છીએ.'

ડંકન વિહારનૌકાના માલિક અને આ ખોજઅભિયાનના પ્રણેતા લૉર્ડ ગ્લેનાર્વનના શબ્દોને બાકીના સૌ સાથીઓએ વધાવી લીધા.

'બોલો કૅપ્ટન મેંગલ્સ! અમારે હવે શું કરવાનું છે?'

ગ્લેનાર્વને પોતાના કૅપ્ટન પાસેથી સ્પષ્ટ કામગીરીની માગણી કરી.

બચાવનૌકાની ગેરહાજરીમાં ભાગી છૂટવાનો એકમાત્ર વિકલ્પ તરાપો બાંધવાનો હતો. હવે પછીની મોટી ભરતી આડે એક દિવસ અને એક રાતનો સમય હતો. એ દરમિયાન આ જહાજના જ લાકડાંને જોડીને મોટો તરાપો બાંધવાનું કૅપ્ટન મેંગલ્સે નક્કી કર્યું.

અગાઉ સ્નોઈ રિવર પાર કરવા માટે તેમણે તરાપો બાંધ્યો હતો અને તેનો સફળતાથી ઉપયોગ પણ મેંગલ્સે કર્યો હતો. તોફાનમાં સપડાયેલા મેકૌરીના તમામ સાંધાઓ ઢીલા થઈ ગયા હતા. એનું એકએક પાટિયું છૂટું પડીને દરિયામાં તરતું થઈ જાય તે સ્થિતિ નજીક આવી રહી

હતી. જહાજનાં જ પેઢિયાં, પાટિયાં અને રસીનો ઉપયોગ કરીને તરાપો બાંધવાની કામગીરી તરત જ આરંભી દેવામાં આવી.

નવ જેટલાં સાથીદારો ઉપરાંત તેઓને થોડા દિવસ માટે ચાલી શકે એટલો પુરવઠો લઈ જઈ શકે તે રીતનો તરાપો બાંધવો પડે તેમ હતું. દિવસ દરમિયાન એ માટેનાં નાનાં-મોટાં કામોમાં સૌ વ્યસ્ત રહ્યાં. અંધારું થયું ત્યાં સુધી જહાજના જ લાકડાંમાંથી તરાપાનું નિર્માણ કાર્ય ચાલુ રહ્યું. દરમિયાન રાત્રિનું અંધારું ઘેરું બનતાં હેલીના અને મૅરી તૂતકની નીચેના ભાગમાં જઈને સૂઈ ગયાં. ગ્લેનાર્વન વગેરે સૌ પુરુષો હવે પછીની સ્થિતિ અંગે વિચારણા કરવા ત્યાં જ રહ્યા.

પેગેનલ જાણવા ઉત્સુક હતો કે તેમણે બાંધવા ધારેલા તરાપા ઉપર સવાર થઈને તેઓ ઓકલૅન્ડના બંદર સુધી પહોંચી શકશે કે કેમ? અહીંથી માત્ર નવ માઈલ દૂરના અજાણ્યા કાંઠ ઉપરનું ઉતરાણ અને ઓકલૅન્ડ બંદરના સુરક્ષિત સ્થાનમાં ઊતરવા વચ્ચેના તફાવત બાબત તે બિલકુલ સ્પષ્ટ હતો.

'હું પણ ઇચ્છું છું કે આપણે સૌ સીધા ઓકલૅન્ડ બંદરે જ પહોંચી શકીએ, પરંતુ કોઈ પણ પ્રકારના નિયમનના સાધન વિનાના આ તરાપાને ઓકલૅન્ડ જેવા દૂરના અંતરે હંકારવાનું શક્ય નથી.' કૅપ્ટન મેંગલ્સે પોતાનો નિખાલસ અભિપ્રાય આપ્યો.

'માનો કે સુકાન અને હલેસાં વિનાના તરાપા માટે એટલી મુસાફરી શક્ય ન હોય તો પણ કોઈ હોડી આપણી પાસે હોય તો એ શક્ય બને ખરું?' પેગેનલે પૂછ્યું.

'હા જી, કોઈ પણ હોડીને નિર્ધારિત દિશામાં લઈ જવા માટે સુકાન હોય જ છે. એની મદદથી આપણે ધારીએ તે દિશામાં હોડીને હંકારી શકીએ. તરાપા માટે એવું શક્ય બની શકે નહીં.'

જોકે અહીંના આ ખડકાળ અને અજાણ્યા કાંઠે હંકારવા માટે હોડી હોય તો પણ દિવસ દરમિયાન જ મુસાફરી થઈ શકે. રાત્રે હંકારવાનું જોખમ લઈ શકાય નહીં.

'તો પછી પેલા વિલ હેલી અને રાતના અંધારામાં ભાગી છૂટેલા તેના સાથીઓનું શું થયું હશે?' પેગેનલે કૅપ્ટન મેંગલ્સની ઊલટતપાસ શરૂ કરી.

'તમે મેકૌરી જહાજના પેલા ભાગેડુ કૅપ્ટનની વાત કરો છો?' મેંગલ્સ સાવ કટાણું મોં કરીને તિરસ્કાર સાથે બોલ્યો,

'દારૂના નશામાં ચકચૂર માણસો આવી ગંભીર સ્થિતિનો સામનો કરી શકે જ નહીં. એમણે કરેલી મૂર્ખામીની કિંમત એમણે ચૂકવવી જ પડવાની છે.'

'એવી સ્થિતિ જેટલી તેમને માટે ખરાબ છે, તેટલી જ આપણે માટે પણ છે. જે હોડી લઈને તેઓ ભાગી છૂટ્યા હતા, તેનું દિવસ દરમિયાન વ્યવસ્થિત સંચાલન થઈ શક્યું હોત તો તેઓ અને આપણે સૌ ઊગરી શક્યા હોત.' ચિંતામાં હોય તે રીતે પેગેનલ બોલ્યો.

'શું વાત છે? મિસ્ટર પેગેનલ! હોડી નથી તો શું થયું. આપણે બાંધવા માંડેલો આ તરાપો છે અને તેનું સંચાલન કૅપ્ટન મેંગલ્સના હાથમાં હોય ત્યારે ચિંતા કરવાને કોઈ કારણ નથી. આપણે સલામત રીતે કાંઠે પહોંચવાના જ છીએ.' ગ્લેનાર્વને ભૂગોળશાસ્ત્રીને આશ્વાસન આપ્યું, પરંતુ આ પ્રદેશ અને તેના માણસોની ભૂગોળ જાણનારા પેગેનલને એનાથી જરા પણ આશ્વાસન મળી શક્યું નહીં.

'જુઓ સાહેબ, આપણી મરજીથી સાવ વિરુદ્ધ આપણે એવી સ્થિતિ તરફ ધકેલાઈ રહ્યા છીએ કે જેનાથી હું દૂર રહેવા માગતો હતો. આપણી સામે ન્યૂઝીલૅન્ડનો જે પ્રદેશ છે, તેના

આદિવાસીઓથી દૂર રહેવામાં જ ડહાપણ રહેલું છે.' પેગેનલે વધુ સ્પષ્ટતા કરી.

'અરે ભાઈ પેગેનલ, એ જંગલીઓ ગમે તેટલા જંગલી હોય તેથી શું થયું?' ગ્લેનાર્વનને અહીંના આદિવાસીઓ તરફનો પેગેનલનો ભય નિરાધાર લાગતો હતો. પોતાની ધૂનમાં એમણે વધુ ખુલાસો પણ કર્યો. બોલ્યા,

'આપણે અહીંના કાંઠેકાંઠે જ આગળ વધીને તેમનાથી દૂર રહી શકીએ તેમ છીએ. મૂઠીભર હિંમતબાજ અને શસ્ત્રસજ્જ યુરોપવાસીઓ આવા આદિવાસીઓના ટોળાને મારી હટાવવા પૂરતા હોય છે.' ગ્લેનાર્વને હિંમત બતાવી.

'મારા સાહેબ, સમજો તમે કે મારી આ વાત બીજા દેશોના અબુધ અને પ્રમાણમાં શાંત આદિવાસીઓની નથી. ન્યૂઝીલૅન્ડના આ સ્થાનિકોને અબુધ અને પછાત ગણવાની ભૂલ કરવા જેવી નથી. એમને કોઈ પણ રીતે બિચારા આદિવાસીઓ ગણી શકાય તેમ નથી. એઓ એક શક્તિશાળી અને બુદ્ધિમાન પ્રજા છે. અદ્યતન શસ્ત્રો તેમ જ કુનેહ હોવા છતાં બ્રિટિશ સામ્રાજ્યની અહીંની હકૂમત તેમની ઉપર કાબૂ મેળવી શકી નથી. બહારના કોઈ પણ હુમલા સામે તેઓ સખત રીતની ટક્કર લેનારા છે. પકડાયેલા કેદીઓ ઉપર તેઓ અમાનુષી અત્યાચાર કરવા માટે પંકાયેલા છે અને સૌથી વધુ ખરાબ બાબત એ છે કે તેઓ માનવમાંસભક્ષીઓ છે. એના હાથમાં પકડાયેલો કોઈ પણ કેદી પોતાની વિતકકથા કહેવા જીવતો પાછો આવ્યો હોય તેવું મેં વાંચ્યું નથી.'

'શું વાત કરો છો તમે? માનવીનું માંસ ખાનારા આદિવાસીઓ અને તે અહીં આ સ્થળે?' ચર્ચા સાંભળી રહેલો નાનો રૉબર્ટે એકાએક બોલી ઊઠ્યો, 'તો પછી મારી બહેન મૅરી અને લેડી હેલીનાનું શું થશે?'

'રૉબર્ટ બેટા, તું ચિંતા કરીશ નહીં. પેગેનલ મહાશયને અતિશયોક્તિ કરવાની ટેવ જ છે.' રૉબર્ટને શાંત પાડવા અને હિંમત આપવા ગ્લેનાર્વને તેની પીઠ થાબડી.

'ના ના! તમે ભૂલો છો, મિસ્ટર ગ્લેનાર્વન એવું સમજવાની ભૂલ કરશો નહીં કે રૉબર્ટ નાનો છે અને તે માનવભક્ષી માઓરીઓની વાત સાંભળીને ડરી જશે. ખરેખર એવું નથી. એક કરતાં વધુ વાર તેણે પોતાની પુખ્તતા પુરવાર કરી જ હતી અને તેથી જ આ વાત હું એનાથી છુપાવતો નથી.' પેગેનલ પોતાની રીતે સાચો હતો.

માઓરી તરીકે ઓળખીતા અહીંના આદિવાસીઓ અંગે પેગેનલે જણાવેલી વાત સાચી હતી. ન્યૂઝીલૅન્ડ તથા એ જળવિસ્તારોમાં આવેલા ફ્રીજી અને તોરસ જેવા ટાપુઓમાં રહેલી આદિવાસી પ્રજાઓમાં માનવમાંસભક્ષણની પ્રથા કોઈ અનિચ્છનીય પ્રવૃત્તિ ગણાતી ન હતી. એ પ્રજાઓમાં પ્રવર્તમાન વહેમનું ચોક્કસ મહત્ત્વ ગણી શકાય, તેમ છતાં એના મૂળમાં પ્રાકૃતિક પરિબળોની વિષમતા રહેલી હતી. અનાજ કે પશુપંખીઓ ખોરાક માટે સાહજિક રીતે મળી શકતાં ન હોય ત્યારે પેટની ભૂખ માનવીએ પોતે જ ઘડેલી નીતિમત્તાનાં ધારાધોરણો ઉપર હામી બની જતી હોય છે. એવી સ્થિતિમાં જીવન ટકાવી રાખવા માનવજીવોએ પોતાના જેવા જ માણસોના માંસનું ભક્ષણ કર્યું હોવાના બનાવો ઇતિહાસમાં નોંધાયેલા હોવાની વાત પેગેનલે જણાવી.

કેવળ જીવન ટકાવી રાખવાની અનિવાર્યતામાંથી ક્વચિત્ બનતા એવાં કૃત્યો ત્યાંના અંધશ્રદ્ધાળુ લોકો અને ભૂતભૂવા તથા ધર્મગુરુઓને કારણે ધાર્મિક ક્રિયાના ભાગરૂપ બની ગયા હોવાની જ શક્યતા વધુ હતી. એવી પ્રથા અમાનુષી હોવા છતાં કાળક્રમે એ પ્રજાઓમાં એવી

રીત રૂઢિ તરીકે દૃઢ બની ગઈ હતી.

પેગેનલના જણાવ્યા પ્રમાણે ન્યૂઝીલૅન્ડના આ માઓરી આદિવાસીઓએ માનવ-માંસભક્ષણને પણ સાહજિક રીતભાત તેમ જ એમના ભૂવાઓએ પ્રબોધેલા ધર્મના એક ભાગ તરીકે સ્વીકારી લીધી હતી.

સશસ્ત્ર સંસ્થાનવાદીઓ સાથે અહીં આવેલા પાદરીઓએ માનવમાંસભક્ષણની એવી અનામુષી પ્રથા અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો, ત્યારે અહીંના ભૂવાઓએ સામો પ્રશ્ન કર્યો હતો કે માછલીઓ બીજી માછલીનું ભક્ષણ કરીને જ જીવન નભાવતી હોય છે, કૂતરા માણસોનું માંસ ખાય છે અને એ જ કૂતરાનું શરીર માણસોનો ખોરાક બને છે. માસોરી પ્રજાની પુરાણકથામાં તેમનો એક દેવતા બીજા દેવને ગળી જતો દર્શાવવામાં આવ્યો હતો. એવી સ્થિતિમાં એક માણસ બીજા માણસના માંસનું ભક્ષણ કરતો હોય તેમાં એમને કોઈ નવતર સ્થિતિ કે અનિચ્છનીય બાબત જણાતી ન હતી.

એ ઉપરાંત અન્ય એક તર્ક પણ એમણે આગળ કર્યો હતો. એમના માટે દુશ્મનો કે અન્ય ટોળીઓ સાથેના યુદ્ધમાં માર્યા ગયેલા દુશ્મનોના શરીરનો ખોરાક તરીકે ઉપયોગ કરવાથી એવા યોદ્ધાઓમાં રહેલી તાકાત અને બહાદુરી તેનું માંસ ખાનારાઓમાં ઊતરતાં હોય છે. એમાં પણ એવા દુશ્મનનું મગજ ખાસ વ્યક્તિઓ માટે પસંદ કરવામાં આવતું હોય છે.

પેગેનલના મતે એવી દલીલોનું કોઈ મહત્ત્વ ન હતું. મુખ્ય કારણ દુકાળ જેવી સ્થિતિમાં ભૂખ સંતોષવા માટેનો એ ઉપાય હતો. આ પ્રદેશો ઉપરાંત યુરોપના કેટલાક ભાગોમાં પણ એ હેતુ માટે માનવમાંસનો ખોરાક તરીકે ઉપયોગ થયો હોવાની નોંધો હતી.

આ માહિતીનું સમાપન કરતાં પેગેનલે જણાવ્યું કે, 'આજની મોટા ભાગની સુસંસ્કૃત પ્રજાઓના અતિ પ્રાચીનકાળના વડવાઓએ પણ જીવન ટકાવી રાખવા માટે માનવમાંસનો ખોરાક તરીક ઉપયોગ કર્યો હતો અને તેમાં પણ સ્કોટલૅન્ડની પ્રજા તો એ માટે નામચીન હતી. જોકે મારા આ વિધાનને મારા મિત્ર મેજર નેબ્સ મારી અંગત માન્યતા ગણશે નહીં એવી અપેક્ષા છે.'

'ખરેખર એવું છે? શું અમારા વડવાઓ પણ અહીંના માઓરીઓ જેવા આદમખોર હતા?' મેજર નેબ્સ પોતાના ખભા ઉછાળતા હોય તે રીતે બોલ્યા.

'હા જી! એવું જ હતું. સ્કોટલૅન્ડના એક સંત જેરોમીએ સ્કોટલૅન્ડ સંબંધમાં લખેલી નોંધ તમે વાંચી હોય તો તમને ખ્યાલ આવી શકશે કે એ બાબતમાં તમારા વડવાઓનું વલણ કેવું હતું. એવા દૂરના ભૂતકાળની પુરાણકથા સુધી ન જઈએ તો તમારી રાણી, એલિઝાબેથના સમય દરમિયાન શેક્સપિયરે લખેલા નાટક 'વેનિસના વેપારી'માં પણ માનવમાંસનો ઉલ્લેખ છે જ સ્કોટલૅન્ડના જ એક વેપારી શાયલોકે કરારભંગના સંજોગોમાં દેવાદારના શરીરમાંથી એક પાઉન્ટ માંસ કાપી લેવાની શરત રાખી હતી અને તેના પાલન માટે આગ્રહ રાખ્યો હતો. એ ઉપરાંત સાવની-બીન નામના સ્કોટિશ લૂંટારાને માનવમાંસભક્ષણના ગુના માટે મૃત્યુદંડની સજા થઈ હતી.'

'જોકે આ બનાવોમાં ધાર્મિક માન્યતા ક્યાંયે દેખાતી નથી. એને માટે ભૂખનું એકમાત્ર કારણ આપી શકાશે.' સ્કોટલૅન્ડના એ તમામ માણસોના દૂરના ભૂતકાળના વડવાઓમાં માનવમાંસભક્ષણ પ્રચલિત હતું, એમ દર્શાવવા પેગેનલે પોતાના જ્ઞાનનો પટારો એ લોકો સામે ખોલી દીધો. માઓરીઓમાં પ્રચલિત માનવમાંસભક્ષણની પ્રથા પાછળ પણ મૂળ કારણ ભૂખનું

જ હતું, તે દર્શાવવા પેગેનલે વાત આગળ ચલાવી,

'તમને જાણીને નવાઈ લાગશે કે આ ટાપુઓ ઉપર ચારપગાં પ્રાણીઓએનું અસ્તિત્વ જ નથી. પક્ષીઓ પણ સૌ માણસોની ભૂખ સંતોષી શકે એવી મોટી સંખ્યામાં નથી. માનવીનું જીવન ટકાવી રાખવા માટે એ કારણે જ માનવમાંસનો જ ઉપયોગ થયો હશે. દુશ્મનો સામેના વિજય બાદ એ દુશ્મનોનાં શરીરો વિજેતાઓ માટે જયાફત ઉડાવવાનું પણ એ જ કારણ જણાય છે. એવી ક્વચિત્ બનતી ઘટના ધીમેધીમે સમગ્ર પ્રજામાં સાહજિક બાબત બની ગઈ હોય તેમ મને લાગે છે.'

'મિસ્ટર પેગેનલ, તમારી રજૂઆતથી એવા તર્ક નીકળી શકે કે જ્યાં સુધી આ દેશના ઘાસનાં મેદાનો ઘેટાં, બકરાં, ગાય કે ડુક્કર જેવાં પ્રાણીઓથી ઊભરાઈ જાય નહીં ત્યાં સુધી આ પ્રજામાંથી માનવમાંસભક્ષણ બંધ નહીં થાય.' ગ્લેનાર્વને વાતનું સમાપન કર્યું.

'તમે કહો છો એ વાત સાચી છે, છતાં હું માનું છું કે એવી સ્થિતિનું નિર્માણ થયા બાદ પણ આ પ્રથા સંપૂર્ણ રીતે બંધ થાય તે માટે ઘણો લાંબો સમય જશે. અહીંના આજનાં બાળકોને પણ પોતાના વડીલોની સાથે એનો ચસકો લાગેલો છે. પોતાના વડીલોને મનપસંદ એવી જ વાનગીને વળગી રહેવાનું જ તેઓ પસંદ કરે તેમ છે. આ લોકોના જણાવ્યા પ્રમાણે ડુક્કરના માંસ કરતાં પણ માનવમાંસ વધુ સ્વાદિષ્ટ અને નરમ હોય છે.'

'એ અંગે અન્ય એક મુદ્દો પણ જાણવા જેવો છે. અહીંના આ લોકો યુરોપિયનોના શરીર કરતાં અહીંના પોતાના દુશ્મન માઓરીઓના માંસને જ વધુ પસંદ કરે છે. સ્વાદના આ રસિયા લોકોના જણાવ્યા પ્રમાણે યુરોપના લોકો પોતાના ખોરાકમાં મીઠું વધારે વાપરે છે. તેને કારણે એમના શરીરનું માંસ એમને બેસ્વાદ લાગે છે.'

ભૂગોળશાસ્ત્રીએ માનવમાંસભક્ષણ સંબંધી આખું પુરાણ રજૂ કરી દીધું. એ સાંભળીને મેજરને ટીખળ સૂઝી, 'આ લોકો જબરા સ્વાદરસિક લાગે છે. એ અંગે મને એ જાણવાનું ગમશે કે તેઓ એ માંસ રાંધીને ખાય છે કે પછી કાચું જ ચગળવાનું પસંદ કરતા હશે?'

'એ લોકો આપણું માંસ કાચું જ ખાય કે શેકીને ખાય એ જાણવાથી આપણને શું લાભ?' રૉબર્ટે બાળસહજ સરળતાથી પૂછ્યું.

'હા, હા, મને એ જાણવાનું જરૂર ગમે તે કોઈ સંજોગોમાં મારે માટે માનવમાંસના ભક્ષણની સ્થિતિ ઊભી થાય તો હું એને બરાબર રાંધીને ખાવાનું જ પસંદ કરું. ખાતાં પહેલાં એવી ખાતરી મેળવવાનું હું જરૂરી માનું છું કે એમાં એ આદમખોરોનો જીવ તો રહી ગયો નહીં હોય ને? એનો જીવ રહી ગયો હોય તો એનું ભક્ષણ હું કરું, એ પછી તેઓ મારા શરીરને જ તેમનો ખોરાક બનાવી દે.' મેજર નેબ્સ હવે એ વાતની બિનજરૂરી ખેંચાઈ કરતા હતા.

'મિસ્ટર નેબ્સ, એવું જ હોય તો એ જાણી લેવું જરૂરી છે કે અહીંના માઓરીઓ રાંધ્યા વિનાનું માંસ ખાતા નથી, પરંતુ સાચું કહું તો મારા શરીરના ભાગો આ માઓરીઓ પોતાના દાંતથી ચાવી ચાવીને ખાતા હોય એવો વિચાર માત્ર મને ધ્રુજાવી દે છે. એવી સ્થિતિમાં મુકાવાનું હું વિચારું પણ નહીં.' પેગેનલે રજૂ કરેલો એ ત્રાસદાયક વિચાર સૌને લાગુ પડતો હતો. એના ઉપર પૂર્ણવિરામ મૂકવાના હેતુથી ગ્લેનાર્વન બોલ્યા,

'ભાઈઓ, આ બધી ચર્ચાનો સાર એટલો જ નીકળે છે કે એ લોકોના કેદી બનવાથી આપણે બચવું પડશે. એ સાથે આપણે આશા રાખીએ કે એક દિવસ એવો આવશે કે જ્યારે એ લોકો પણ ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો સ્વીકારે ને આપણી જેમ સુસંસ્કૃત બને.'

‘તમારી એવી આશા ભળીભૂત થાય તેમ હું જરૂરથી ઇચ્છિશ, પરંતુ મારું માનવું છે કે આ જંગલીઓ પૈકીના જેમણે એક વાર પણ માનવીના માંસનો સ્વાદ ચાખ્યો હશે તે આદમખોર જ બની જતો હોય છે. હરતાંફરતાં દરેક માણસમાં એને ભક્ષણયોગ્ય સ્વાદિષ્ટ વાનગી જ દેખાતી હોવાની. એ માણસોને તો એમાંથી પાછા વાળવાનું અશક્ય જેવું જ ગણવું પડે. એવા બનાવો મારા વાંચવામાં આવ્યા છે.’ પેગેનલે પોતાના અભિપ્રાયના સમર્થનમાં સૌ સમક્ષ માનવસમાંસભક્ષણના વિશિષ્ટ કહી શકાય તેવા પ્રસંગો જણાવ્યા.

‘એમાંનો એક પ્રસંગ બ્રાઝીલના જેસ્યુઇટ સોસાયટીના મુખપત્રમાં નોંધાયો હતો. એમાં જણાવ્યા પ્રમાણે એક પોર્ટુગીઝ પાદરી તેની નજીકમાં રહેતી અને મરણોન્મુખ માંદી સ્ત્રીને મળવા ગયા. એનો અંત નજીક હતો, છતાં તે સ્ત્રી ભાનમાં હતી. પાદરીએ એને અંતિમ પળ માટેનો ધર્મોપદેશ આપ્યો. એ ઉપરાંત તેની કોઈ આખરી ઇચ્છા હોય તો તે માટે પૂછ્યું. મોટો નિસાસો નાખતાં તે સ્ત્રીએ જણાવ્યું, ‘શું કરું? મારી આવી સ્થિતિમાં કોઈ યુરોપિયન વાનગી તો મારી હોજરી પચાવી શકે તેમ નથી. મારી એક જ ઇચ્છા હતી, પરંતુ અહીં કોઈને મારી ચિંતા જ નથી. મારે માટે તે કોઈ લાવી શકે તેમ નથી.’ એવી વસ્તુ અંગે વિશેષ પ્રશ્ન કરતાં મરણોન્મુખ એવી એ ડોશીએ જણાવ્યું કે, ‘કોઈ નાના છોકરાનો કુમળો હાથ જો મને ખાવા મળે તો તેને ચગળવાનું મન થાય છે.’

‘કેવી ભયંકર આ વાત છે? મને પૂછવાનું મન થાય છે કે નાના છોકરાનો કુમળો હાથ શું એટલો બધો સ્વાદિષ્ટ હોય છે?’ બાળસહજ કુતૂહલતાથી રૉબર્ટે પૂછ્યું.

‘હું માનું છું કે મેં વાંચેલા એવા જ બીજા એક પ્રસંગમાંથી તને તારા પ્રશ્નનો જવાબ મળી જશે.’ પેગેનલે જણાવ્યું.

‘એવા જ એક પાદરી એવા એક આદિવાસીને સમજાવી રહ્યા હતા કે માણસના માંસનું ભક્ષણ કરવું એ ઈશ્વરે ઘડેલા નિયમોથી વિરુદ્ધ છે. એ એક ખરાબ વસ્તુ છે, એ કારણે એનાથી દૂર જ રહેવું જોઈએ.’

પેલા જંગલીએ પાદરીના શરીર તરફ લોલુપ નજરે જોયું અને બોલ્યો, ‘તમે કહી શકો કે ઈશ્વરે એવા કૃત્ય માટે મનાઈ ફરમાવી છે. હવે રહી વાત એ વસ્તુ ખરાબ છે તેની! હું તમને પૂછું છું કે એ ખરાબ છે તેની તમને કેવી રીતે ખબર પડી?’

૬
એક ખતરનાક પ્રદેશ

ન્યૂઝીલૅન્ડના માનવમાંસભક્ષી માઓરીઓ અંગે પેગેનલે આપેલી માહિતીને કોઈ પ્રતિવાદ કરી શકે તેમ ન હતું. એવા લોકોની ક્રૂરતાની વાતો સાંભળીને સૌ મૂંગા બની ગયાં. મનોમન સૌ ઇચ્છવા લાગ્યાં કે એવી ભૂમિ ઉપર ઉતરાણ ન કરવું પડે તો સારું.

પરંતુ મેકૌરી જહાજના અંતની વાસ્તવિકતાનો સૌની મહેચ્છા સાથે મેળ ખાય તેવી શક્યતા ન હતી. અનુભવી સાગરખેડુ કૅપ્ટન મેંગલ્સને ગળા સુધીની ખાતરી હતી કે આવનારી મોટી ભરતીમાં મેકૌરી જહાજ તૂટવાનું જ હતું અને સાવ ઢીલા થઈ ગયેલાં એનાં એકએક પાટિયાં છૂટાં પડીને દરિયાના પાણી ઉપર તરતાં થઈ જવાનાં હતાં. એમાં સૌની સામૂહિક જળસમાધિ નિશ્ચિત જ હતી. તેમ છતાં કાંઠા ઉપરના માઓરીઓના સંભવિત ભયને ટાળવા માટે આ જહાજને વળગી રહેવામાં મૂર્ખામી હતી. વહેલીતકે જહાજથી વિદાય લેવા એ ઉત્સુક હતો. નિશ્ચિત ભય અને સંભવિત ભય સામે એણે પસંદગી કરવાની હતી.

જહાજ ઉપર જ રહીને ત્યાંથી પસાર થતા અન્ય કોઈ જહાજની તેમને મદદ મળી શકે, તેવા ચમત્કારની કોઈ શક્યતા ન હતી. આગલી રાત્રે તોફાનમાં સપડાઈને મેકૌરી જહાજ એના ઓકલૅન્ડ તરફના માર્ગથી ભળતા સ્થળ તરફ ફંટાઈ ગયું હતું. અત્યારે તેઓ ઓકલૅન્ડ જવાના જળમાર્ગથી ઘણા ઉત્તરમાં હતા અને ન્યુપ્લીમથ બંદરના માર્ગથી વધુ દક્ષિણમાં હતા. એ બંને બંદરોની વચ્ચેના દરિયામાં તે ડૂબકિયાં ખાઈ રહ્યું હતું. એમની સામેનો દરિયાકિનારો સાવ નિર્જન અને ખડકાળ હતો. ગુનેગારો તથા માઓરી જેવા આદમખોરોનો અડ્ડો હોય તેવાં જ એનાં લક્ષણ દેખાતાં હતાં. મુસાફરોના દુર્ભાગ્યે બ્રિટિશ સરકારના નિયંત્રણ હેઠળના બંને બંદરો મેકૌરી જહાજથી ઘણે દૂર હતાં, અને નિયંત્રણ વિનાના તરાપાને સહારે ત્યાં પહોંચવાનું શક્ય પણ ન હતું.

'કૅપ્ટન મેંગલ્સ, આપણે અહીંથી ક્યારે નીકળવું જોઈએ?' ગમગીન સ્થિતિ ઉપર મગજ ઘસવાનું છોડીને ગ્લેનાર્વને હવે આગળ શું કરવું તેની વિચારણા શરૂ કરી.

'મોડામાં મોડા સવારે દસ વાગ્યે આપણો તરાપો અહીંથી છૂટવો જોઈએ. જમીન તરફ ધસતાં ભરતીના પાણી ઉપર સવાર થઈ આપણે કાંઠે પહોંચી જવું પડશે. ભરતીનાં પાણી એના ચરમબિંદુએ પહોંચે ત્યારે આ જહાજ તેની ઉપર ઊંચકાઈને પછડાવાનું જ છે.' ભરતીના સમયની ગણતરી કરીને મેંગલ્સે જવાબ આપ્યો.

જહાજ ઉપરનાં લાકડાંનો ઉપયોગ કરીને જ તરાપો તૈયાર કરવામાં આવ્યો. એને સ્થિર બનાવવા માટે એની મધ્યમાં કૂવાસ્તંભ ઊભો કરવામાં આવ્યો. તરાપાની તરલતા વધારવા

જહાજ ઉપરનાં લાકડાંના તમામ ખાલી પીપડાંને નીચે બાંધી દીધાં. સામાન અને સાથીઓ પાણીથી તરબોળ ન થાય તે માટે સઢના કાપડમાં કાપકૂપ કરીને સપાટી ઉપર પાથરવામાં આવ્યું. ઊછળતાં મોજાંની છાલકોથી સામાન ભીંજાય નહીં તે માટે તરાપાની ચારે બાજુની કિનાર ઉપર રબરના હોઝ પાઇપ બાંધી દીધા. દક્ષિણ-પશ્ચિમ તરફથી વાઈ રહેલા પવનનો લાભ લેવા કામચલાઉ રીતે ઊભા કરવામાં આવેલા કૂવાસ્તંભ ઉપર સઢ બાંધવાની વ્યવસ્થા પણ કરવામાં આવી.

તરાપો ચાલુ સ્થિતિમાં હોય ત્યારે તેને ચોક્કસ દિશામાં વાળી શકાય તે માટે સુકાન તરીકે ઉપયોગી બની શકે તેવા એક પહોળા પાટિયાને પણ યોગ્ય રીતે બાંધવામાં આવ્યું. ભરતીના કાંઠા તરફના પ્રવાહ દરમિયાન કોઈ સંજોગોમાં તરાપો કાંઠે પહોંચી ન શકે તો ઓટના વળતા પ્રવાહ સાથે તે પાછો દરિયામાં ખેંચાઈ જાય તેવી શક્યતા પણ હતી. એવી સ્થિતિમાં તરાપાને સ્થિર બનાવી રાખવા માટે એના એક ખૂણામાં દોરડા સાથે બાંધીને નાના લંગરની વ્યવસ્થા કરવામાં આવી.

સવારના નવ વાગ્યા સુધીમાં તરાપા અંગેની તમામ તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી. સપાટી ઉપર પાથરવામાં આવેલા સઢના આવરણ ઉપર મધ્યમાં જરૂરી માલસામાનનાં પૅકેટ મૂકવાની શરૂઆત થઈ. અહીંથી કાંઠે પહોંચવામાં અને ત્યાંથી ઓકલૅન્ડ પહોંચવામાં કેટલા દિવસ થવાના હતા તેનો કોઈને અંદાજ ન હતો. ત્યાં સુધીમાં ખોરાક વગેરે પુરવઠો મળવાની શક્યતા ધૂંધળી હતી. સૂકવેલું માંસ તથા અન્ય ખાદ્યપદાર્થો અને તેને પકવવા માટેનાં જરૂરી સાધનો સાથે લીધાં. કાંઠે પહોંચ્યા બાદની સલામતી માટે અનિવાર્ય એવાં શસ્ત્રો તથા દારૂગોળો તો ભૂલવાનાં હોય જ નહીં.

દસ વાગ્યાનો સમય થતાં જ ભરતીના પાણીનો ચઢાવો શરૂ થયો. પાણી કિનારા તરફ ધસવા લાગ્યું. જહાજની સાથે દોરડાથી બાંધવામાં આવેલા તરાપાને તેના બંધનમાંથી મુક્ત કરવાની ઘડી આવી પહોંચી. જરૂરી બધો જ સામાન તથા હેલીના, મૅરી અને અને સૌ સાથીઓ તરાપા ઉપર વ્યવસ્થિત રીતે આવી ગયાની કૅપ્ટન મેંગલ્સે ખાતરી કરી. તરત જ બંધન કાપવાનો હુકમ થયો. મૂલરેડી કુહાડી સાથે તૈયાર જ હતો. જહાજ સાથે બંધાયેલું દોરડું એક જ ઘાથી કાપી નાખ્યું. કૂવાસ્તંભ સાથે કઢંગી રીતે બંધાયેલા કામચલાઉ નાના સઢમાં પવન ભરાયો અને સૌના આનંદના પોકારો વચ્ચે તરાપો જહાજથી દૂર ખસવા લાગ્યો. નવ માઈલ દૂરના કાંઠા ઉપર પહોંચવા માટેની એ દોડ હતી.

હલેસાં અને સુકાન સાથેની સામાન્ય હોડીને એટલું અંતર કાપવામાં માંડ ત્રણ કલાક લાગે, પરંતુ એવાં જરૂરી સાધનો વિનાનો એ એક તરાપો માત્ર હતો. ભરતીના પાણીના પ્રવાહની ઉપર જ એની દિશા અને ગતિનો આધાર હતો. સમયની કે સલામતીની કોઈ ગણતરી અહીં કામ લાગે તેમ ન હતી.

પવન જો સતત અને એકધારો ફૂંકાતો રહે, તો જ તે હાલની ભરતીમાં કાંઠે પહોંચવાની શક્યતા હતી. તેમ નહીં થાય તો બીજી ભરતીની રાહ જોતાં અધવચ્ચે જ તરાપા ઉપર રાતવાસો કરવો પડે તેવી સ્થિતિ હતી. કૅપ્ટન મેંગલ્સને એની જ ચિંતા હતી.

શરૂઆત સારી રહી. જળ અને જીવન એ રીતે જ તરાપાને ધકેલતાં રહે તો બપોર બે વાગ્યા સુધીમાં કાંઠે પહોંચી જવાની ધારણા હતી. બપોર થતાં સુધીમાં ચાર માઈલ આગળ વધી શકાયું. દૂર પાંચેક માઈલના અંતરે કાંઠાના ખડકો હવે સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યા. ત્યાંનું સૌથી

ઊંચું શિખર પિરોંગિયા પણ દેખાયું. પેગેનલના જણાવ્યા પ્રમાણે વાંદરાના મોંના આકાર જેવું એ શિખર ૫૦૦ ફીટ ઊંચું હતું. ભૌગોલિક રીતે એનું સ્થાન ૩૮° દક્ષિણ અક્ષાંશ ઉપર ગયું હતું.

દરમિયાન આગળ થોડા અંતરે કાળા ખડક જેવો કોઈ પદાર્થ તરફ સૌનું ધ્યાન ખેંચાયું. ભરતીના ચઢતા પાણીમાં ત્યાંના ખડકો ડૂબવા લાગ્યા હતા, પરંતુ આ પદાર્થ ડૂબતો ન હતો. પાણીની સપાટી સાથે એ પણ ઊંચો-નીચો થતો હતો. ચોક્કસ જાણકારી મેળવવા કૅપ્ટને પેગેનલ પાસેથી દૂરબીન લીધું. એમાંથી જોવા છતાં એને એ શું હતું તેનો ખ્યાલ આવતો ન હતો. છતાં પાણી ઉપર તરતાં કોઈ પદાર્થ હોવાનું જણાવ્યું.

'એ પદાર્થ મેકૌરી જહાજનો કોઈ ભાગ હોવાની શક્યતા નથી. કેમ કે આપણે ત્યાંથી નીકળ્યા ત્યારે એનું માળખું ત્યાં ઊભેલું જ હતું અને અકબંધ હતું. ત્યાર બાદ ભરતીના પાણીથી એ તૂટ્યું હોય તો પણ આટલા થોડા સમયમાં પાણીની સાથે ઘસડાઈને આપણી આગળ નીકળી જવાની શક્યતા નથી.' ગ્લેનાર્વને પોતાના તર્કને કામે લગાડ્યો.

'મારી વાત પહેલા સાંભળી લો.' હજી પણ દૂરબીનની મદદથી એ વસ્તુનો તાગ પામવા મથી રહેલો કૅપ્ટન મેંગલ્સ એકદમ બોલી ઊઠ્યો, 'મેકૌરી જહાજની પેલી નાની હોડી જ લાગે છે. આપણી જાણ બહાર રાત્રિના અંધારામાં આપણને છોડીને ભાગી છૂટેલા કૅપ્ટન વિલ હેલી વગેરે એમાં જણાતા નથી. બીજાઓ એમાં છે કે નહીં તે જોવા એની નજીક જવું જરૂરી છે.'

'લાગે છે કે એમણે પોતે જ પોતાનો અંત નોતર્યો હતો.' હેલીના રંજ સાથે બોલી.

'હા મૅડમ, ભાગી છૂટવા માટે એમણે જે સમય અને સ્થિતિ પસંદ કરી હતી તેમાં એ સિવાય એમને માટે અન્ય કોઈ પરિણામ શક્ય જ ન હતું. કાંઠાથી ચારેક માઈલ દૂર જ એમની હોડી દુર્ઘટનાગ્રસ્ત બની હોવી જોઈએ. ઉપરાઉપરી આવેલાં મોજાંઓના માર સામે એ તકલાદી નાની હોડીમાં છ માણસોનું વજન વહેવાની ક્ષમતા જ ન હતી. વળી એ સૌ દારૂના નશામાં ચકચૂર હતા. એવી સ્થિતિમાં તેઓ પોતાનું સમતુલન જાળવી શક્યા નહીં હોય. પરિણામે એક બાજુ ઊંચકાઈ ગયેલી હોડીમાંથી તેઓ ભરતીના પાણીમાં ઠલવાઈ ગયા હશે તેમ મને લાગે છે. હાથમાંથી છૂટી ગયેલી હોડીને અંધારામાં શોધવાનું એ દારૂડિયાઓ માટે શક્ય બન્યું નહીં હોય.' કૅપ્ટન મેંગલ્સે ખુલાસો કર્યો.

'એ નાલાયકો એમના વહેવારને અનુરૂપ અંતને ભેટ્યા છે. આપણે હવે આપણો જ વિચાર કરવાનો છે. એ હોડી આપણને ઓકલૅન્ડ સુધી પહોંચવામાં ઉપયોગી થઈ શકે તો આપણને બહુ મોટી રાહત થાય તેમ છે.' પેગેનલે વહેવારની વાત કરી.

'એકલી એકલી તરી રહેલી એ હોડી આપણને કેટલી ઉપયોગી થાય છે તે તો આપણે એની નજીક જઈએ ત્યારે જ ખબર પડી શકે.' કૅપ્ટને જણાવ્યું અને તરાપાને એ હોડીની નજીક લઈ જવા વિલ્સનને સૂચના આપી.

એ દરમિયાન પવન સાવ મંદ પડી ગયો. સુકાન કે હલેસાંની સહાય વિના એને હોડીની નજીક લઈ જવામાં વિલ્સનને ભારે મહેનત પડી. એમાં લગભગ બે કલાકનો સમય વેડફાયો. થોડા નજીક જઈ સાદાં પાટિયાંની મદદથી હોડીને નજીક ખેંચી. એણે જોયું કે એ ખાલી હોડીનાં પાટિયાંને જોડતા તમામ સાંધા ખુલ્લા થઈ ગયા હતા. હોડી લાકડાંની હોવાને કારણે જ તરતી રહી હતી, પરંતુ થોડું પણ વજન આવે તો ડૂબી જવાનું નિશ્ચિત હતું.

'આપણે માટે આ હોડી સાવ નકામી છે. એનાં પાટિયાં બાળવા સિવાય અન્ય કોઈ ઉપયોગમાં લઈ શકાય તેમ નથી.' ગ્લેનાર્વને નિરાશ વદને જણાવ્યું. કૅપ્ટન પણ એવી હોડીના

ઉપયોગનું જોખમ લેવા તૈયાર ન હતો.

ભરતીનાં પાણી હજી પણ કાંઠા તરફ વહેતાં હતાં. ઓટનાં વળતાં પાણી માટે એકાદ કલાકની વાર હતી. પવન જોરદાર હોતે તો એને કાંઠે પહોંચાડી દેવા કૅપ્ટન આતુર હતો, પરંતુ એ શક્ય બન્યું નહીં. છેલ્લા કલાક દરમિયાન માંડમાંડ બે માઈલ જેટલું વધુ અંતર કાપી શકાયું. ઓટનો સાગરગામી જોરદાર પ્રવાહ શરૂ થાય અને તરાપો એની સાથે પાછો દરિયામાં ઘસડાઈ જાય તે પહેલાં લંગર ઉતારવાની જરૂર હતી. મૂલરેડી એ માટે તૈયાર જ હતો. કૅપ્ટનની સૂચના મળતાં જ લંગરને ઊંચકીને પાણીમાં ઉતાર્યું. દોરડાં સાથે બાંધેલું લંગર ધીમેધીમે પાણીમાં ઊતરવા લાગ્યું. ઊંડાં પાણીમાં પાંચ ફ્રેધમ નીચ ઊતર્યા બાદ અટક્યું. નીચે કાદવ કે ખડકમાં તેનું પાંખિયું ખૂંપી જતાં પાણીના વળતા પ્રવાહમાં તરાપો થોડો ખેંચાયો. એ સાથે દોરડું તંગ બની ગયું. પાણીનું સાગરગામી વહેણ છતાં લંગરના દોરડાને ટેકે તરાપો સ્થિર બની ગયો.

જમીન ઉપરનો પડાવ હોય તો નવરાશની પળોમાં એના નિવાસી આમતેમ આંટા મારીને પગ છૂટા કરી શકે, પરંતુ અહીં આ નાનકડા તરાપાની સંકડાશભરી દુનિયામાં નવ માણસોના મોટા કુટુંબના સભ્યો માટે એવી મોકળાશ શક્ય ન હતી.

તરાપાના સ્થાનથી કાંઠો માત્ર ત્રણ માઈલ જેટલા જ અંતરે હતો, પરંતુ ત્યાં પહોચવામાં વિલંબ મીનમેખ હતો. ઓટની સ્થિતિ રાત્રે નવ વાગ્યે પૂરી થયા બાદ જ નવી ભરતીનાં પાણી ચડવાનાં હતાં. એ ભરતીનો લાભ લેવો હોય તો તરાપાનું લંગર રાત્રિના અંધારામાં જ ઉઠાવવું પડે તેમ હતું, પરંતુ અહીંનાં અજાણ્યાં પાણીમાં રાત્રિના સમયે કાંઈ પણ જોખમ લેવાની કૅપ્ટને સ્પષ્ટ ના પાડી.

ભરતીનાં પાણી ઊતર્યા બાદ આવનારી ઓટનાં પાણીમાં કાંઠે પહોંચવાનું શક્ય જ ન હતું. ઓટ પૂરી થયા બાદની ભરતી દિવસના સમયે આવનાર હતી, ત્યાં સુધી તરાપાનું લંગર નહીં ઉઠાવવાની સ્પષ્ટ સૂચના કૅપ્ટને એના નાવિકોને આપી. બીજા દિવસની ભરતી સુધી રાહ જોવા કૅપ્ટને સૌને વિનંતી કરી.

તરાપો ચાલુ હતો ત્યારે તો ભોજનનો કોઈને વિચાર પણ આવે તેવી સ્થિતિ ન હતી, પરંતુ હવે સ્થગિતતાની સ્થિતિમાં સૌપ્રથમ મેજર નેબ્સને ભૂખનો અનુભવ થયો. આમ તો બધાં જ ભૂખ્યાં હતાં. ઓલ્બિનેટે સૂકા ખોરાક તથા બિસ્કિટના પૅકેટ ખોલ્યાં. માલિક ગ્લેનાર્વન સહિત સૌને મર્યાદિત ભોજન પીરસવામાં મેજર ડોમો મૂંઝવણ અનુભવતો હતો, પરંતુ સમયની માગને અનુરૂપ સૌએ વર્તન કરવાનું હતું. સૌ હાલની પરિસ્થિતિને સમજતાં હતાં.

ધીમેધીમે રાત્રિનાં અંધારાં ઊતરવા લાગ્યાં. પશ્ચિમનું આકાશ રક્તરંગી બન્યું. ત્યાર બાદ ધીમેધીમે ઝાંખું થવા લાગ્યું. ક્ષિતિજ સુધી મોજાંઓની ઊથલપાથલ અને તેનો ઘૂ-ઘૂ અવાજ ચાલુ હતો. એના ઝાંખા પ્રકાશમાં પાછળ એક કાળું ધાબું હજી પણ દેખાતું હતું. ખડક ઉપર ફસાયેલા જહાજનો અમલો હજી પણ ઊભો હતો. કોઈ મોટાં મોજાંની થપાટ વાગતાં જ એ વેરવિખેર થઈ જવાનો હતો, પરંતુ અંધારામાં જ બનવાની શક્યતા વાળી એ ઘટનાને અંધારાને કારણે કોઈ જોઈ શકવાનું ન હતું.

થોડા જ સમયમાં ચારે બાજુઓની દુનિયા અંધારામાં અદૃશ્ય બની ગઈ. ઉપર ખુલ્લું આકાશ અને નીચે ઘૂઘવતા અસ્થિર દરિયા વચ્ચે નાનકડા તરાપા ઉપર આ નવા જીવો ખરાબ રીતે ફસાયા હતા. કોઈ પણ સભ્ય નિરાંતની નિદ્રા લઈ શકે તેવી સ્થિતિ ન હતી. ઊંઘતાં-જાગતાં સૌ સવારની જ પ્રતીક્ષા કરતાં રહ્યાં. હવે પછી આવનારા દિવસની સૌને ચિંતા હતી. ઊંઘ નહીં

હોય ત્યારે સૌને સલામતીની ચિંતા સતાવતી હતી, અને ઊંઘ આવ્યા બાદ માનવમાંસભક્ષી માઓરીઓના ત્રાસનાં બિહામણાં સ્વપ્નાં આવતાં હતાં. રાત એ રીતે જરૂર વીતી, પરંતુ સવારમાં સૌ થાક અનુભવતાં હતાં. સૌના મનમાં ઉચાટ અને અજંપો હતાં.

સવારે છ વાગ્યાનો સમય થયો. ગમે તે ઘડીએ કાંઠા તરફ પાણીનો વહાવ શરૂ થવાનો હતો. કૅપ્ટન મેંગલ્સ તરફથી ઇશારો થતાં જ મૂલરેડી અને વિલ્સને લંગરને તરાપા ઉપર ખેંચી લેવાનું હતું.

ભરતીનું પ્રથમ મોટું અને જોરદાર મોજું સાગરનાં પાણી ઉપર સવાર થઈ આવતું દેખાતાં જ કૅપ્ટને ઇશારો કર્યો. બંને નાવિકો એ કામે વળગ્યા, છતાં કાદવમાં ફસાયેલું લંગર ચસકતું ન હતું. એ મથામણમાં અડધો કલાક નીકળી ગયો. ભરતીના શરૂના ધસારાનો લાભ લેવાનું ચૂકી ગયા તો કાંઠે પહોંચવાનું અશક્ય બની જવાનું હતું. અકળાયેલા કૅપ્ટને દોરડું કાપીને તરાપાને બંધનમુક્ત કરવા આદેશ આપ્યો. ફરીથી કુહાડીનો એક ઘા થયો અને દોરડું કપાતાં તરાપો બંધનમુક્ત બન્યો.

બંનધમાંથી મુક્ત બનેલો તરાપો પાણીની સાથેસાથે કાંઠે ધકેલાવા લાગ્યો. જોકે પવન મંદ હતો. તરાપાને કાંઠા તરફ ધક્કો દેવામાં એની કોઈ ઝાઝી મદદ મળવાની શક્યતા ન હતી. સાવ ધીમી ગતિએ પાણીના હલકારા સાથે કાંઠા તરફ તે સરકતો રહ્યો. નીચેના ખડકોમાં ઊગેલી શેવાળ તથા દરિયાઈ ઘાસ જેવી વનસ્પતિની અડચણ પણ મોટી હતી. તરાપો એમાં ભેરવાઈને અટકીને ઊભો રહી ગયો. થોડા જ સમયમાં જ આવનારી ઓટનાં વળતાં પાણીમાં એની સ્થિતિ ભગવાન ભરોસે રહેવાની હતી.

નિઃસહાય અને નિરુપાય બનીને કૅપ્ટન મેંગલ્સ એક હાથમાં બીજા હાથની મુઠ્ઠીઓ ઠોકી રહ્યો. પાણીમાં ડૂબેલા અને અડધા દેખાતા ખડકોના ખડકલાથી દુર્ગમ બનેલા એ જળમાર્ગમાં સુકાન વિનાના તરાપાને કોઈ પણ રીતે હંકારી શકાય તેવી સ્થિતિ ન હતી.

હલેસાંના વિકલ્પે, તરાપાની કિનાર ઉપર બેસીને હાથનો ઉપયોગ હલેસાં તરીકે કરવા કૅપ્ટને સૌને સૂચન કર્યું. ઝાઝા હાથ રળિયામણા જેવી સ્થિતિ બની. તરાપો એકએક ઈંચ આગળ ધકેલાવા લાગ્યો.

સૌ મરણિયાં બનીને બંને હાથો વડે પાણીને પાછળ ધકેલતાં રહ્યાં, છતાં સ્થિતિ અસ્પષ્ટ જ રહી. એ દરમિયાન તરાપો કોઈ ખડક સાથે અથડાયો હોય તેવો જોરદાર આંચકો સૌએ અનુભવ્યો. કાંઠાથી વીસેક ફેધમ દૂરના અંતરે મોજાં ભેગો તરાપો પણ એક ડૂબેલા ખડક ઉપર ચડીને સ્થિર થઈ ગયો.

કૅપ્ટન મેંગલ્સને તરત જ વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવી ગયો. તરાપો અહીંથી આગળ વધી શકે તેવી સ્થિતિ ન હતી. તેણે સૌને નિર્દેશ આપ્યો. કાંઠાથી માત્ર પચાસ-સાઠ ફૂટના અંતરે કેડસમાણા પાણીમાં સૌ ઊતરી પડ્યાં. મેકૌરી જહાજની જેમ આ તરાપો પણ સાવ તૂટીને છૂટો પડી જાય તે માત્ર થોડા સમયનો સવાલ હતો.

સૌએ ઝડપ કરી. સૌપ્રથમ હેલીના, મૅરી તથા રૉબર્ટને ઊંચકીને નજીકના કાંઠાના ખડક ઉપર મૂકી દેવામાં આવ્યાં. ત્યાર બાદ વારાફરતી તરાપા ઉપરનો તમામ માલ-સામાન તથા હથિયારો પણ માથા ઉપર મૂકીને કાંઠે ઉતારી લેવામાં આવ્યાં.

છેલ્લે મુશ્કેલી ભલે આવી હોય, પરંતુ તરાપા ઉપરથી કાંઠે ઉતરાણનું એ એક સફળ અભિયાન હતું, પરંતુ આગળનું એમનું ભાવિ પણ એટલું જ અનિશ્ચિત હતું. હેલીના અને મૅરી

સિવાયનાં સૌ ચિંતામાં હતા. અહીં કેવા પ્રકારની મુસીબતનો તેમણે સામનો કરવો પડવાનો હતો, તે સ્થિતિથી જાણી-સમજીને એમને અજાણ રાખવામાં આવ્યાં હતાં.

૭

માઓરી વિગ્રહ

મુશ્કેલીઓ નડી હોવા છતાં તરાપા ઉપરના સૌ મુસાફરોએ ન્યૂઝીલૅન્ડના કાંઠા ઉપર ઉતરાણ કર્યું. ઊતરતાંની સાથે જ ઓકલૅન્ડ બંદર તરફ ચાલી નીકળવા ગ્લેનાર્વન ઉત્સુક હતા,પરંતુ સવારથી જ પાછળનો પહાડી વિસ્તાર વાદળોથી ઘટાટોપ હતો. બપોરે ૧૧ વાગતાં સુધીમાં ધુમ્મસ જેવું લાગતું વાતાવરણ વરસાદી માહોલમાં બદલાઈ ગયું.

એવી સ્થિતિમાં સાવ અજાણ્યા પ્રદેશમાં રસ્તાઓ કે કેડીઓની કોઈ પણ જાતની સૂઝસમજ વિના ચાલી નીકળવામાં ભારે જોખમ હતું. આગળ વધવાની વાત તો દૂરની રહી, તત્કાળ તેમણે કોઈ આશ્રયસ્થાનની શોધ કરવી પડે એવી સ્થિતિ હતી. સૌના સદ્નસીબે વિલ્સને નજીકના ખડકોવાળા - ડુંગરાળ વિસ્તારમાં કુદરતી રીતે બનેલી નાની ગુફા શોધી કાઢી. સાથેનો સામાન તથા શસ્ત્રો તેમાં ગોઠવાયાં. તાપણું સળગાવી તેની ગરમીથી સૌએ ઠંડી ઉડાડી. પાણીથી લથબથ ભીનાં કપડાં સૂકવ્યાં.

કૅપ્ટન મેંગલ્સને આશા હતી કે થોડાં ઝાપટાં વરસીને વરસાદ વિરામ લેશે, પરંતુ કલાકો વીતવા છતાં એમાં કોઈ ઘટાડો નોંધાયો નહીં. સૌની ધીરજની એ આકરી કસોટી હતી. ગુફાના રક્ષણમાં રહીને વરસાદ બંધ થવાની પ્રતીક્ષા કરવા સિવાય તેમની પાસે અન્ય કોઈ વિકલ્પ ન હતો.

બપોર બાદ વરસાદની સાથે વાયુનું જોર પણ વધ્યું. વરસાદમાંથી એ વાવાઝોડું બની ગયું. ગુફાના રક્ષણમાંથી બહાર નીકળવામાં જ મુશ્કેલી હોય ત્યાં આગળ વધવાનો વિચાર જ અસ્થાને હતો. એમ પણ આ સુરક્ષિત સ્થાનમાં તેમને કોઈ જ મુશ્કેલી ન હતી. થોડા દિવસ ચાલે એટલી ખોરાકની સામગ્રી હતી અને નજીકમાં જ ઝરણાનું પાણી હતું.

દુર્ઘટનાગ્રસ્ત મેકૌરી જહાજના આ કમનસીબ મુસાફરો એ રીતે નવરાધૂપ હતા. સામાન્ય ચર્ચા સાથે આ પ્રદેશની ભૂગોળ ઉપરાંત ઇતિહાસની પણ હળવી ચર્ચા થતી રહી. સેંકડો વર્ષથી એકધારું ટોળીનું જ જીવન જીવતી આ પ્રજા પાસે અન્ય ટોળીઓ સાથેની લોહિયાળ લડાઈઓ સિવાય અન્ય કોઈ ઇતિહાસ હતો જ નહીં. હોય તો તેની કોઈ જાણકારી પણ ન હતી. એ પ્રજાઓનો ઇતિહાસ એમના વર્તમાન પૂરતો અને ભૂગોળ પોતાની ટોળી જ્યાં વસવાટ કરતી હોય તેટલા જ નાના વિસ્તારમાં આવેલા જંગલો, નદીનાળાં અને ડુંગરાઓ પૂરતી જ સીમિત હતી. યુરોપિયન પ્રવાસીઓ, સાહસિકો અને અંતે વસાહતીઓના આગમન પછી જ દક્ષિણ મહાસાગરના અહીંના દ્વીપ સમૂહોમાં ઊથલપાથલો શરૂ થઈ હતી. એમણે રાખેલી નોંધોને આધારે જ અહીંની પ્રજાના ઇતિહાસની થોડીઘણી પણ માહિતી મળતી થઈ હતી.

ભૂગોળશાસ્ત્રી પેગેનલ પાસેની જાણકારી પણ એવી નોંધોને આધારે જ હતી. અન્ય કોઈ પ્રવૃત્તિના અભાવમાં શ્રોતા બનેલા સૌ સાથીઓ સમક્ષ પેગેનલે એવી માહિતીનો ધોધ વહાવ્યો. અગાઉ જણાવ્યા પ્રમાણે ડચ સાગરખેડુ આબેલ ટાસમાન તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૬૪૨ના રોજ અહીંની કૅપ્ટન કૂકની ખાડીમાં આવ્યો હતો. તે અગાઉ પણ વ્યક્તિગત ધોરણે યુરોપના અનેક સાહસિકોએ આ પ્રદેશની મુલાકાત લીધી હતી. જોકે શરૂમાં અહીં પોતાનાં સંસ્થાનો સ્થાપીને રાજદ્વીપ સત્તા જમાવવાનો તેમનો કોઈ ઇરાદો ન હતો. સાહસસંશોધનો સાથે ઇસ્ટ ઇન્ડિઝના સેંકડો ટાપુસમૂહોમાં ગરમ મસાલાની શોધનો અને તેના વેપારનો જ એ પ્રજાઓનો ઇરાદો હતો.

જોકે એમની સાથે ખ્રિસ્તી ધર્મના અને ખાસ કરીને તેના એંગ્લિકન ચર્ચના પાદરીઓએ અનુકૂળ સ્થળોએ પોતાનાં મિશનો સ્થાપ્યાં હતાં. અહીંના અબુધ લોકો માટે નવી સંસ્કૃતિ અને સંસ્કારિતાની એ હવા હતી. દરિયાકાંઠા નજીકના એવાં મિશનોને કારણે ઘણા લોકોએ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર પણ કર્યો હતો.

ખ્રિસ્તી ધર્મનો પ્રચાર અને પ્રસારની સાથે સંસ્થાનો સ્થાપવાની શરૂઆત ઇંગ્લૅન્ડના એંગ્લિકન ચર્ચથી થઈ. એ ધર્મ અને તેની શ્રેષ્ઠતા અંગે આ પાદરીઓ કેટલીક ટોળીઓના મુખિયાઓને સમજાવવામાં સફળ થયા હતા. સાવ અલિપ્ત રહેલી ટોળીઓ સાથે સતત થતી રહેતી લડાઈઓમાં સામ્રાજ્યની રાણી ક્વીન વિક્ટોરિયાની મદદ મેળવવા માટેના એક વિનંતિપત્ર ઉપર આ મુખિયાઓની સંમતિસૂચક સહી કે સંજ્ઞાઓ મેળવવામાં આવી હતી.

આ પત્રમાંના લખાણના સૂચિતાર્થો શરૂઆતમાં તો લોકોના ખ્યાલમાં આવ્યા ન હતા, પરંતુ એમાંના કેટલાક બુદ્ધિશાળી માણસોને લાગ્યું કે એવી સંમતિ આપવામાં કાંઈક ખોટું થયું હતું. પોતાની સંમતિ નહીં આપનારા એક મુખિયાએ તો સ્પષ્ટ રીતની ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે,

‘આપણે આપણી ભૂમિ ગુમાવી છે. હવે પછી આ દેશ આપણો રહેવાનો નથી. આપણા રક્ષણના નામે તેઓ અહીં અડંગા નાખશે. તેમના ગુલામ બનીને જ અહીં રહી શકાશે.’ એવી એ અવળવાણી ત્યાર બાદ સાચી પડી.

૧૮૪૦ના જાન્યુઆરી માસની ૨૯મી તારીખે અંગ્રેજોના કોર્વેટ[૧] પ્રકારના જહાજે અહીંની ખાડીમાં પોતાનું લંગર ઉતાર્યું. હેરાલ્ડ નામ હતું એ જહાજનું. થોડા સૈનિકો ચીને શસ્ત્રો સાથે આવેલા મુખ્ય અધિકારી હોબ્સને મુખિયાઓના પેલા પત્રનો હવાલો આપીને થાણું સ્થાપ્યું. એ દ્વારા આ ટાપુનો તેણે ઔપચારિક રીતે કબજો લીધો, એને પોતાને તેનો ગવર્નર જાહેર કર્યો. ૧૮૪૦થી ૧૮૬૨ના સમય દરમિયાન દરિયાકાંઠાના અનુકૂળ સ્થળોએ તેણે નવ જેટલાં મથકો ઊભાં કર્યાં. એમાંના ચાર મથક ઉત્તરના આ નાના ટાપુ ઉપર હતાં. જ્યારે દક્ષિણના ટાપુ ઉપર વધુ પાંચ મથકો સ્થાપવામાં આવ્યાં. દેશના નવ પ્રાંતોનાં એ મથકો જે તે વિભાગની વહીવટી રાજધાની બની ગયાં હતાં.

લેડી હેલીનાના એક પ્રશ્નના જવાબમાં પેગેનલે જણાવ્યું કે મુખિયાઓની સંમતિવાળા પત્રની ભવિષ્યવાણી સાચી પડતી જોઈને અહીંની પ્રજા ચોંકી ઊઠી. એમને ખ્યાલ આવી ગયો કે એ વિદેશીઓ મિત્રો તરીકે મદદ કરવા માટે નહીં, પરંતુ એમની ઉપર પોતાની સત્તા જમાવવા તથા એમની જમીન હડપવા માટે આવ્યા હતા. ગેરસમજથી કેટલાક મુખિયાઓએ સંમતિ આપી હોવા છતાં તેમના પ્રદેશમાં પણ એવાં મથકો સ્થપાયાં હતાં. એવી ટોળીઓ તરફથી વિદેશીઓની

સામે પ્રતિકાર શરૂ થયો.

અહીંના ઉત્તરના ટાપુની મુખ્ય ટોળીના વડાનું નામ હીહી હતું. એ બહાદુર યોદ્ધાએ કરેલા પ્રતિકારને કારણે અંગ્રેજ પ્રજા સાથેનો એ સંઘર્ષ દેશની મૂળ પ્રજા માટનો ગૌરવવંતો ઇતિહાસ બની ગયો. એ ઉપરાંત વૈકાટોસ નામની અન્ય ટોળીના લોકોએ પણ ખ્રિસ્તી બની ગયેલા તેમના વડા વહીવટદાર વિલિયમ થોમ્પસનની દોરવણી હેઠળ મક્કમતાથી તેઓનો સામનો કર્યો.

ઠેરઠેર થયેલા પ્રતિકાર છતાં પોતાનાં આધુનિક હથિયારો તેમ જ કેળવણી પામેલા શિસ્તબદ્ધ સૈનિકોને કારણે અંગ્રેજો પોતાનાં અનેક લશ્કરી તેમ જ વેપારી થાણાં સ્થાપવામાં તેમ જ મોટા ભાગના ખુલ્લા પ્રદેશોનો કબજો લેવામાં સફળ થયા હતા.

કૅપ્ટન ગ્રાન્ટની ખોજ માટેનું હાલનું અભિયાન તા. ૨૬-૮-૧૮૬૪ના રોજ સ્કોટલૅન્ડના ગ્લાસગો બંદરેથી શરૂ થયું હતું. એ સમયે પણ ન્યૂઝીલૅન્ડ ઉપર શાસન કરતી બ્રિટિશ સત્તા વિરુદ્ધ ત્યાંના માઓરીઓનો સંઘર્ષ ચાલુ જ હતો. એની માહિતી ઇંગ્લિશ ન્યૂઝપેપરોની સાથે ફ્રાન્સનાં પેપરોમાં પ્રગટ થતી હતી. ભૂગોળશાસ્ત્રી પેગેનલ ત્યાંની ગતિવિધિઓથી માહિતગાર રહેતો હતો, પરંતુ હિન્દુસ્તાનમાં સંશોધનનો પ્રોજેક્ટ મળતા તે સ્કોશિયા નૌકામાં ત્યાં જવા નીકળ્યો હતો. જોકે રાત્રિના અંધારામાં પોતાને માટેની નૌકામાં સવાર થવાને બદલે ભૂલથી લૉર્ડ ગ્લેનાર્વનની ડંકન વિહારનૌકામાં ચડી ગયો હતો. એ ભૂલનો ખ્યાલ આવ્યો ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. જોકે લૉર્ડ ગ્લેનાર્વને ઉદારતાથી એને પોતાના અભિયાનમાં પ્રેમથી જોડી દીધો હતો, એ જુદી વાત છે. એ સમય બાદ ન્યૂઝીલૅન્ડમાંના માઓરી વિગ્રહ અંગેની કોઈ જ જાણકારી એને મળી ન હતી. ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા પ્રાંતમાં મેરીબરો અને સીમોર શહેરમાંથી પસાર થતી વખતે મેજર નેબ્સે ઑસ્ટ્રેલિયન ઍન્ડ ન્યૂઝીલૅન્ડ ગેઝેટ નામનું જે છાપું ખરીદ્યું હતું. તેમાંથી એણે જાણ્યુ હતું કે એ સંઘર્ષ ચાલુ જ હતો.

માઓરી ટોળીઓનો આ સંઘર્ષ આમ તો ૧૮૪૫થી શરૂ થઈ ગયો હતો, પરંતુ ૧૮૬૩માં એ એની ચરમસીમાએ પહોંચ્યો હતો. ત્યાંના વયોવૃદ્ધ પોટાટાઉને રાજા બનાવવાનો નિર્ણય લેવાયો હતો. બ્રિટિશરો સામે લડવામાં એકત્ર થયેલી જુદી જુદી ટોળીઓના મુખિયાઓનો એ સામૂહિક નિર્ણય હતો. વૈકાટો અને વાઇપા નદી વચ્ચે આવેલા સમદ્ર પ્રદેશમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનું અને પોટાટાઉના ગામને એ રાજ્યની રાજધાની બનાવવાનું પણ ઠરાવવામાં આવ્યું હતું.

એ રીતે રાજ્યાસને ગોઠવાયેલા વૃદ્ધ પોટાટાઉનો મુખ્ય વહીવટદાર વિલિયમ થોમ્સન નામનો ખ્રિસ્તી આદિવાસી હતો. વિલિયમ તીક્ષ્ણ બુદ્ધિવાળો, કુશળ રાજનીતિજ્ઞ અને લડવૈયા હતો. તેના પ્રયાસોથી જ બધી ટોળીઓ એક રાજાના નેજા હેઠળ વિદેશીઓનો સામનો કરવા એકત્ર થઈ શકી હતી. એ માટે તેણે તૈયારી પણ કરવા માંડી હતી.

એ દરમિયાન પોતાનાં ચઢિયાતાં શસ્ત્રોને સહારે અંગ્રેજોએ દેશના મોટા ભાગ ઉપર પોતાનું શાસન જમાવી દીધું હતું, પરંતુ અંદરના ભાગોમાં માઓરી રાજા પોટાટાઉ અને તેના વહીવટદાર વિલિયમનું જ ચલણ ચાલુ હતું. એમની હકૂમત હેઠળના વિસ્તારોમાં પગપેસારો કરવા માટે અંગ્રેજોએ કૂટનીતિ અમલમાં મૂકી. અહીંના આદિવાસીઓ પાસેથી જમીન ખરીદવાની એમણે શરૂઆત કરી. એ માટે શામ, દામ, દંડ અને ભેદની નીતિનો પણ પૂરેપૂરો ઉપયોગ કર્યો. આદિવાસીઓને થોડાં નાણાં માટે પોતાની જમીન વેચીને ગુલામ બની જતાં અટકાવવા વિલિયમે ‘લેન્ડ લીગ’ બનાવી. જમીનોમાં તમામ પ્રકારનાં હસ્તાંતરણોને નિયંત્રિત

કરવા માટે વ્યવસ્થાતંત્ર સ્થાપવામાં આવ્યું. આદિવાસીઓને તેમની જમીનો અંગ્રેજોને વેચવા પ્રતિબંધ મૂક્યો. અંગ્રેજી સેનાનો સામનો કરવા માટે સમૂહમાં જોડાયેલી ટોળીઓની સેનાઓને એક જ કમાન્ડ હેઠળ મૂકીને તાલીમ આપવા માંડી. દુશ્મનો સામે પોતાનો જુસ્સો વધારવા, હવામાં મુઠ્ઠીઓ વીંઝવાનું તેણે પ્રતીક આપ્યું.

અંગ્રેજી શાસન સામેના એવા વિદ્રોહના સમાચારો, અહીંના તથા ઇંગ્લૅન્ડનાં સમાચારપત્રોમાં અવારનવાર પ્રગટ થતા હતા. એ ઉપરાંત સરકારના પોતાના શ્રોતામાંથી પણ માઓરીઓની સામૂહિક હિલચાલના સમાચાર મળતાં તંત્ર સાવધાન બની ગયું હતું. સરકારે પણ માઓરીઓ તરફના હુમલા સામે તૈયારી શરૂ કરી.

શરૂમાં બંને પક્ષો એકબીજા તરફની શરૂઆતની પ્રતીક્ષા કરતા રહ્યા. યુદ્ધના ધડાકા માટેની જામગરી તૈયાર હતી. જરૂર હતી માત્ર એકાદ તણખાની કે જેને આધારે યુદ્ધની આગ પ્રજ્વળી ઊઠે અને યુદ્ધ માટે તણખો ઝરે એવો પ્રસંગ બન્યો. ત્યાંનાં તારાનક પ્રાંતના દરિયાકાંઠે આવેલા પ્લીમથ બંદરની નજીકમાં એક માઓરીની માલિકીનો ૬૦૦ એકરનો પ્લોટ હતો. માંગેલી કિંમત મળતા તેણે એ જમીન સરકારને વેચી દીધી.

એ વહેવાર મુખ્ય વહીવટ વિલિયમ થોમ્પસને આપેલા આદેશ વિરુદ્ધનો હોવાથી તેનો સ્વીકાર કરવાનો ઇનકાર થયો. એ જમીનની માપણી કરવા માટે સરકાર તરફથી સર્વેયર સ્થળ ઉપર આવ્યો, ત્યારે કીંગી નામના મુખિયાએ સ્થળ ઉપર તેનો વિરોધ કર્યો અને જમીનની ફરતે કિલ્લેબંધી કરી તેમાં પોતાના માણસને વસાવી દીધા. ત્યાંથી એમને બળજબરીથી હટાવવા સરકારે કર્નલ ગોલ્ડનને સૈનિકો સાથે રવાના કર્યો. અહીંની ભાષામાં પકેકાઝ કહેવાતા ગોરા અંગ્રેજો અને સ્થાનિક માઓરીઓ વચ્ચે લાંબો સમય ચાલનારા વિગ્રહની અહીંથી જ શરૂઆત થઈ.

માઓરી યોદ્ધાઓ બહાદુર હતા, પરંતુ એમની પાસે અદ્યતન શસ્ત્રો અને યુદ્ધ માટેની પદ્ધતિસરની તાલીમનો અભાવ હતો. સીધા યુદ્ધમાં એ કારણે ખુવારી વેઠવાને બદલે વિલિયમ થોમ્સને આગળના અનુભવને આધારે છાપામાર યુદ્ધ શરૂ કર્યું. વસાહતીઓની સેનાના અડ્ડા ઉપર, ચોકિયાત મથકો ઉપર શસ્ત્રસરંજામ તેમજ પુરવઠો રાખવાનાં સ્થાનો ઉપર તેમ જ તેઓના રહેણાંક વિસ્તારોમાં નાની નાની ટુકડીઓના અણધાર્યા હુમલાઓ શરૂ કર્યા.

આ પ્રકારની ગેરીલા લડાઈમાં જાનમાલની ખુવારી બંને પક્ષે ભારે હતી. છતાં માઓરીઓ પોતાની ભૂમિની મુક્તિ માટે તથા પોતાના અસ્તિત્વ માટે ઝનૂનથી લડતા હતા. એમની આક્રમકતાને કારણે બ્રિટિશ સેના આત્મરક્ષા ઉપર આવી ગઈ. હુમલા કરીને નજીકના ડુંગરો અને ઝાડી જંગલોમાં છુપાઈ જતા માઓરી યોદ્ધાઓને શોધવામાં સેનાને ભારે તકલીફ પડતી હતી.

બ્રિટિશ સેનાના જનરલ કૅમેરોન માટે એ આકરી કસોટી હતી. ૧૮૬૦માં શરૂ થયેલી એ લડાઈમાં બે વર્ષ પછી પણ માઓરીઓ પોતાની કિલ્લેબંધીમાં સુરક્ષિત રહી શક્યા હતા. દેશના તમામ માઓરીઓને પોતાની ભૂમિના રક્ષણ માટે એ યુદ્ધમાં જોડાવા માટે અપીલ કરવામાં આવી. એમના યોદ્ધાઓની સંખ્યામાં વધારો થતો જ રહ્યો.

યુદ્ધ દરમિયાન બ્રિટિશ સેનાના એક કૅપ્ટન સ્પ્રેન્ટની ઘાતકી રીતે હત્યા થઈ. એનો બદલો લેવા ઝનૂની બનેલા સૈનિકોએ ભારે ખુન્નસથી માઓરીનું લોહી વહેવડાવ્યું. વૈકાટો ટોળીના સર્વેસર્વા બનેલા વિલિયમ થોમ્સન હવે યુદ્ધના કેન્દ્રમાં હતો. શરૂમાં એની પાસે ૨૫૦૦ યોદ્ધાઓ હતા. ધીમેધીમે શોંગી, હેકી તથા અન્ય ટોળીઓના મુખિયાઓ પોતાના યોદ્ધાઓ સાથે એમાં

જોડાયા અને એ સંખ્યા ૮૦૦૦ જેટલી થઈ. એમાં માઓરી સ્ત્રીઓ પણ સામેલ થઈ.

માઓરીઓને પક્ષે તેમનું ઝનૂન અને બહાદુરી હોવા છતાં બ્રિટિશ સેનાનાં ચડિયાતાં શસ્ત્રો સામે તેમણે હાર સ્વીકારવી પડી, પરંતુ યુદ્ધકેદી તરીકે પકડાઈને કમોતે મરવા કરતાં તેમણે સમજપૂર્વકની પીછેહઠ કરી. વૈકાટોનું મેદાન છોડીને આસપાસનાં ડુંગરો અને જંગલોમાં ભાગી છૂટવામાં તેઓ સફળ રહ્યા. સેનાએ એ પ્રદેશનો કબજો લીધો ત્યારે ખાલીખમ હતો. ધીકતી ધરાએ સેનાનું સ્વાગત કર્યું.

ભાગેલાઓ પૈકીના ૪૦૦ જેટલા યોદ્ધાઓ આરાકાઉ નામના સુરક્ષિત સ્થળે સંતાઈ જવામાં સફળ રહ્યા. બ્રિટિશ સેનાની ૪૦મી રેજિમેન્ટે એનો પીછો કરીને ઘેરો ઘાલ્યો. ચારે બાજુથી ઘેરાબંધી કરીને માઓરીઓને ભૂખે તરસે મારવાની યોજના કરી, પરંતુ જીવ ઉપર આવી ગયેલા માઓરીઓએ ભરબપોરે જ ઝનૂની હુમલો કર્યો. ઘેરો ઘાલીને બેઠેલા સૈનિકોનો સફાયો કરી નાખ્યો અને સલામત રીતે અંતરિયાળ ડુંગરોમાં પહોંચી ગયા.

બીજી બાજુ ભારે ખુવારી છતાં સેના વિલિયમ થોમ્સનના ગઢ ગણાતા તારાન્કી પ્રાંતમાં આગળ વધી અને તેના મુખ્ય મથક મતાઈતાવાને ઘેરો ઘાલ્યો.

પેગેનલે જણાવ્યું કે એ જ્યારે પેરીસથી લંડન આવવા નીકળ્યો ત્યારે એણે સમાચાર વાંચ્યા હતા કે એ વિસ્તારમાંની ટોરંગા ટોળી સાથે પ્રાંતના ગવર્નર અને સેનાધ્યક્ષે સમાધાન કર્યું હતું. એ વિસ્તારની જમીન પૈકીની ૩/૪ જેટલી જમીન તેમની પાસે ચાલુ રાખવામાં આવી હતી. જ્યારે વિલિયમ થોમ્સન વિશે તેમાં કોઈ સમાચાર ન હતા. એ યુદ્ધની હાલની સ્થિતિ તથા એઓ જ્યાં ઉતરાણ કર્યું હતું તે બાબત અંગે ગ્લેનાર્વને પૂછેલા પ્રશ્નના જવાબમાં પેગેનલે જણાવ્યું,

‘હા જી, હજી પણ એ યુદ્ધનો પૂરેપૂરો અંત આવ્યો નથી અને મારું તો માનવું છે કે દુર્ઘટનાગ્રસ્ત મેકૌરી જહાજે આપણને એ સંઘર્ષના સ્થળ નજીક જ અહીં ધકેલી દીધા છે. ઓકલૅન્ડ અને તારાનકી પ્રાંતોમાં લડાઈ હજી ચાલુ જ છે. આપણે અહીંના કાહિયા બંદરની નજીક છીએ અને મારી ધારણા પ્રમાણે માઓરીઓનો ધ્વજ હજી પણ ત્યાં ફરફરે છે. હું માનું છું કે અહીંની આખેઆખી સ્થાનિક પ્રજા બ્રિટિશરોને આક્રમણકારી અને દુશ્મન માની બેઠી છે. એમની સાથે એ બાબતમાં કોઈ દલીલબાજી પણ થઈ શકે તેમ નથી. એમનાથી દૂર રહેવામાં જ ડહાપણ રહેલું છે.’

‘આ જો સ્થિતિ હોય તો આપણે આશા રાખીએ કે આપણો ભેટો બ્રિટિશ સૈનિકો સાથે થાય.’ હેલીનાએ ભોળાભાવે ભદ્રભાવના વ્યક્ત કરી.

‘આપણે બધાં જ એવી આશા રાખીએ છીએ, મૅડમ. પરંતુ એવું બનવાની શક્યતા નહીંવત્ છે.’ પેગેનલે અવળવાણી ઉચ્ચારી.

---

(૧) **Corvette ship:** હળવાં શસ્ત્રો ધરાવતું નાનું છતાં ઝડપી જહાજ.

૮

ઓકલૅન્ડની દિશામાં

સાતમી ફેબ્રુઆરીની સવાર થઈ. છ વાગ્યે ગુફામાંથી નીકળી ઉત્તરે આવેલા ઓકલૅન્ડ બંદર તરફ મુસાફરી શરૂ કરવાની ગ્લેનાર્વને સૂચના આપી.

રાત્રિ દરમિયાન વરસાદ થંભી ગયો હતો. થોડાં હળવાં વાદળોને બાદ કરતાં આકાશ ખુલ્લું હતું. હવામાન પણ ખુશનુમા બની ગયું. પદયાત્રીઓ માટે મુસાફરી આગળ ધપાવવાનો આદર્શ માહોલ હતો. અત્યારે તેઓ જ્યાં હતાં એ કાવ્હિયા પૉઇન્ટથી ઓકલૅન્ડ એંશી માઈલ દૂર હોવાની પેગેનલે નકશાને આધારે ગણતરી કરી. દરરોજ દસ માઈલ ચાલી શકાય તો આઠેક દિવસમાં ત્યાં પહોંચવાનો એણે અંદાજ બાંધ્યો. દરિયાકાંઠેનો માર્ગ લાંબો અને વધુ કઠિન હતો. તેને ટાળવા અંદરના ભાગોમાં થઈને જવાનું તેમણે નક્કી કર્યું.

ઊંચકી શકાય એટલો સામાન દરેકે પોતાની પીઠ પાછળ બાંધ્યો. નજીકમાં આવેલી ખાડીને કાંઠે કાંઠે ચાલવાની શરૂઆત થઈ. દરેકને મહત્તમ કાળજી તથા સાવધાની રાખવાની ખાસ સૂચના આપવામાં આવી. બંદૂકો તથા પિસ્તોલ તૈયાર સ્થિતિમાં જ રાખવામાં આવ્યાં. નકશાની મદદથી પેગેનલ સ્થળ સ્થિતિની વિગતો મેળવતો હતો. એના માર્ગદર્શન હેઠળ સૌ આગળ વધવા લાગ્યાં. નક્કી કરેલા માર્ગ થઈને જવા માટે તેમણે થોડા માઈલ અંદરના ભાગમાં થઈને જવું પડે તેમ હતું.

સૌની નજર પૂર્વ તરફ જ હતી. સૌના પગ પણ અનાયાસ પૂર્વમાં જ મંડાતા હતા. પહાડી વિસ્તાર પૂરો થતાં સામે ક્ષિતિજ સુધી વિસ્તરતો સપાટ પ્રદેશ નજરે ચઢ્યો. નદીના કાંઠાનો હોય તેવો એ ભૂભાગ લીલાંછમ ઘાસ તથા ઝાડીઝાંખરાંથી ભરેલો હતો. એમાંથી માર્ગ શોધી આગળ વધવામાં સૌને મુશ્કેલી પડતી હતી. સાંજ સુધીમાં ૧૪ માઈલની મુસાફરી કરીને સૌ હકારીહોતા નામની ડુંગરમાળાના પહેલા ઢોળાવ પાસે આવી ગયાં. દિવસભર સતત ચાલતા રહ્યા હોવાથી સૌ થાક્યાં હતાં. ત્યાં જ રાત્રિમુકામ કર્યો.

શયનગૃહને લાયક કોઈ છત્ર ન હતું કે ઓથ માટે ન હતી કોઈ આડશ. રાત્રિ દરમિયાન સુરક્ષા માટે રાબેતા મુજબ સશસ્ત્ર ચોકીપહેરાની વ્યવસ્થા થઈ. જંગલ વિસ્તારમાં રાત્રિમુકામ કરવાનો હોય ત્યારે જંગલી પ્રાણીઓને દૂર રાખવા માટે તાપણું જરૂરી હોય છે, પરંતુ ન્યૂઝીલૅન્ડના આ વનવિસ્તારોમાં હિંસક પશુઓ તો ઠીક, ચારપગાં શાકાહારી પ્રાણીઓ પણ જોવા મળતાં ન હતા. એ હેતુ માટે તાપણું બિનજરૂરી હતું, પરંતુ હિંસક પ્રાણીઓથી પણ બદતર એવા આદમખોર માણસોથી અહીં વિશેષપણે ચેતતા રહેવું પડે તેમ હતું. રાતભર સળગતું તાપણું એવાં નરપશુઓ માટે ખુલ્લું આમંત્રણ બની શકે તેમ હતું.

કોઈ પણ જાતની ખલેલ વિના રાત્રિ શાંતિથી વીતી ગઈ. આઠમી ફેબ્રુઆરીની સવારે પેગેનલ આનંદિત ચહેરા સાથે ઊઠ્યો. એનું કારણ સમજાવતાં તેણે કહ્યું કે રાત્રિ દરમિયાન માઓરી આદમખોરોનું એક પણ સ્વપ્ન આવ્યું ન હતું. એને ખાતરી થઈ ગઈ કે બાકીની મુસાફરી પણ એ રીતે જ નિર્વિઘ્ને પૂરી થવાની હતી. એની ગણતરી પ્રમાણે સાંજ સુધીમાં સૌ પંદર માઈલ દૂરના વાઈપા અને વૈકાટો નદીના સંગમસ્થાને પહોંચી જવાના હતા. ત્યાર પછીની મુસાફરીમાં માઓરીઓ સાથેની મુલાકાતની શક્યતા નહીંવત હતી.

મુસાફરી ફરીથી શરૂ થઈ. માર્ગમાં ઝાડીઝાંખરાંને કારણે આગળ વધવામાં મુશ્કેલી અનુભવાતી હતી. રસ્તો સાફ કરીને જ આગળ વધી શકાતું હતું. છતાં એકધારી ચાલને કારણે બપોર સુધીમાં વાઈપા નદીને કાંઠે પહોંચી ગયાં. અહીંથી નદીના વળાંક પ્રમાણે ઉત્તર તરફ આગળ વધવાનું હતું.

બપોરના ભોજન માટે મેજર અને રૉબર્ટ થોડાં પક્ષીઓનો શિકાર કરી લાવ્યા. હાથ ઉપરના પુરવઠાની બચત સાથે ભાણામાં નવો અને તાજો સ્વાદ આવકાર્ય બન્યો. સૌએ મનમૂકીને ખાધું. જોકે ન્યૂઝીલૅન્ડના આ પક્ષીઓના સ્વાદ કરતાં પેગેનલને તેની અન્ય વિશિષ્ટતાઓમાં વધુ રસ હતો. સૌ સાંભળે તે રીતે તેણે ત્યાંના "તૂઈ" નામના પક્ષીનું એક અજાયબ લક્ષણ જણાવ્યું.

'અહીંના આ તૂઈ પક્ષીની ભૂખ શિયાળામાં ભયંકર રીતે ઊઘડે છે. જે મળે તે જીવજંતુ કે અનાજ અકરાંતિયાની જેમ હોજરીમાં ભરતું જ રહે છે. એવા ખાધ પછી તો એણે માંદા જ પડવાનું હોય. કહેવાય છે કે એ દરમિયાન તે પોતાની ચાંચથી છાતી ઉપરનાં પીછાં ખેંચી કાઢે છે અને એ ભાગ ખુલ્લો કરી તેમાંથી વધારાનો આફરો બહાર ઓકી કાઢે છે. ત્યાર બાદ જ અગાઉ મુજબ ફરીથી ઊડી શકતું હોય છે.' વાત પૂરી કરીને એણે મેજર નેબ્સ તરફ નજર કરી. અને ખભા ઉલાળતાં બોલ્યો, 'મિસ્ટર નેબ્સ, કેમ લાગે છે આવી અજાયબીભરી વાત? આ દેશનાં દરેક પક્ષીમાં એવી કાંઈ ને કાંઈ વિશિષ્ટતા રહેલી જ છે.'

'સાચી વાત છે, મિસ્ટર પેગેનલ, તમારી વાત એટલી બધી વિશેષતાથી ભરેલી છે કે જેને સાચી માની જ ન શકાય. કેવી કપોળ કલ્પિત વાતો ચલાવો છો તમે?'

રૉબર્ટ જે પક્ષીઓ લાવ્યો હતો તેમાં ઈંડાંમાંથી તાજાં જ નીકળેલાં હોય તેવાં બે બચ્ચાં પણ હતાં. પેગેનલે એને તરત ઓળખ્યું. ન્યૂઝીલૅન્ડના ખાસ પક્ષી તરીકે જાણીતાં બનેલાં કીવી પક્ષીનાં એ નાનાં બચ્ચાં હતાં. ભાગ્યે જ ઊડતું દેખાતું આ પક્ષી હવે તો લુપ્તપ્રાયની શ્રેણીમાં આવી ગયું હતું. યુરોપનાં પ્રાણી સંગ્રહાલયોમાં સ્થાન પામેલા આ પક્ષીની ભાળ આપનાર માટે મોટી રકમોનાં ઇનામો સરકાર તરફથી જાહેર થયાં હતાં. અહીંની સ્થાનિક પ્રજાને આ ઇનામની જાહેરાતની જાણકારી હતી, છતાં હજી સુધી એવું ઇનામ લેવા કોઈ આગળ આવ્યું ન હતું.

આકસ્મિક રીતે જ કીવીનાં બે બચ્ચાં મળી આવતાં પેગેનલ રાજી રાજી થઈ ગયો. એને રસોઈમાં વાપરવાને બદલે પેરીસના મ્યુઝિયમમાં લઈ જઈને ભેટ આપવાનું પણ તેણે નક્કી કર્યું.

થોડા આરામ બાદ સૌ વાઈપો નદીને કાંઠે આગળ વધ્યા. ખાસ કોઈ તકલીફ ન હતી. પ્રદેશ નિર્જન હતો. સાંજ સુધીમાં માઓરી કે અન્ય કોઈનો જ ભેટો થયો નહીં. હવે તેમનો માર્ગ ડુંગરાઓની કેડી ઉપર થઈને જતો હતો. એટલી ઊંચાઈએથી નીચેના સપાટ વિસ્તારો સ્પષ્ટ રીતે જોઈ શકાતા હતા. એમાં જાત જાતના આકારના ખડકો હતા, જે કરોડો વર્ષ અગાઉ ધરતીના પેટાળમાંથી નીકળેલા લાવામાંથી બન્યા હતા. આ દેશના પેટાળમાં હજી પણ એટલી જ

ઊથલપાથલ અનુભવી શકાતી હતી. આખો ટાપુ હજી પણ દરિયામાંથી ઊંચે આવી રહ્યો હોવાનું વૈજ્ઞાનિકોનું માનવું હતું. કેટલાક સ્થળોએ છેલ્લાં વીસ વર્ષમાં તે છ ફૂટ જેટલો ઊંચો થયાની ગણતરી થઈ હતી. એના પેટાળમાંનો ભડભડતો અગ્નિ હજી પણ અનેક સ્વરુપે બહાર આવી રહ્યો હતો. દેશમાં અનેક સ્થળોમાં જોવામાં આવતા ગરમ પાણીના ઝરાઓ તથા જ્વાળાઓથી ભરપૂર ખીણો એનું જ પરિણામ ગણવામાં આવે છે.

સાંજે ચાર વાગ્યા સુધીમાં એમણે નવ માઈલનો પંથ કાપી નાખ્યો. પેગેનલની ગણતરી પ્રમાણે વાઈપા અને વૌકાટો નદીઓનું સંગમસ્થાન હજી પાંચ માઈલ દૂર હતું. ત્યાંથી ઓકલૅન્ડ માત્ર ૫૦ માઈલ જેટલું જ છેટું હતું. ત્રણેક દિવસમાં ત્યાં પહોંચી શકાશે એવી સૌને આશા જાગી. એનાથી પણ વહેલાં ત્યાં પહોંચવાની શક્યતા હતી.

પેગેનલની જાણકારી પ્રમાણે અહીંથી નજીકના દરિયાકાંઠાના હોક્સ-બે નામના સ્થળેથી મહિનામાં બે વાર ઘોડા જોડેલી સરકારી મેઇલ વાન ઓકલૅન્ડ જતી હતી. દિવસ અનુકૂળ હોય અને ગ્લેનાર્વન એમાં ભાગ્યશાળી બને તો દસેક કલાકમાં જ તેઓ ઓકલૅન્ડ પહોંચી જાય તેવી એક શક્યતા હતી.

'તમારી ગણતરી પ્રમાણે આપણે હવે ગંતવ્ય સ્થાનની સાવ નજીકમાં આવી ગયાં છીએ. ખરું ને? મિ. પેગેનલ?' ગ્લેનાર્વને પેગેનલના વક્તવ્યને વધાવી લીધું. બોલ્યા, 'એનો અર્થ એ થઈ શકે કે અગવડભરી સ્થિતિમાં રાતવાસો કરવા માટેની આ છેલ્લી જ રાત્રિ હશે?'

'હા જી, હું એવું માનું છું કે આજની રાત્રિ છેલ્લી જ હશે. અગાઉ આ વિસ્તારમાં આવેલા પ્રવાસી જોન્સ્ટને તૈયાર કરેલા આ નકશામાં તમે જોઈ શકો છો. આ નદીઓના સંગમસ્થાનથી બે માઈલ હેઠવાસમાં નગર્નાવાહિયા ગામ છે.'

'મિસ્ટર પેગેનલ, આજે અત્યારે આપણે થોડા વધુ સમય ચાલીને એ ગામ સુધી પહોંચી શકીએ એ તો કેવું સારું! ત્યાંની કોઈ સારી હોટલમાં હેલીના અને મૅરીને આરામ મળી શકે એમ હું ઇચ્છું છું.' ગ્લેનાર્વને વિનંતીના ભાવ સાથે આશા વ્યક્ત કરી.

'અરે મારા સાહેબ! માઓરીઓના ગામમાં હોટલ? અને તે પણ સારી હોટલ? હોટલની ક્યાં વાત કરો છો? અહીં તો ધરમશાળા કે જાહેરસ્થળ હોવાના પણ ફાંફાં છે. એને ગામ કહેવામાં આપણા દેશનાં ગામોનું અપમાન કરવા જેવું છે. ખરી હકીકતમાં છૂટીછવાઈ ઝૂંપડીઓ એ માત્ર કૂબો જ હશે. અને એવું કાંઈક હોય તો પણ મારી તો આપને વિનંતી છે કે એના કરતાં તો સલામતીની રીતે અહીં આ ખુલ્લામાં જ રાત ગાળવાનું ઠીક રહેશે.' પેગેનલે સ્પષ્ટતા કરી.

'માઓરી લોકો તરફની તમારી પુરાણી ગ્રંથિને કારણે જ તમે આવું વિચારો છો એમ મને લાગે છે.' વાસ્તવિક સ્થિતિનો ગ્લેનાર્વનને ખ્યાલ જ ન હતો.

'માઓરીઓની બાબતમાં આપ સાહેબને જે કહેવું હોય તે કહી શકો છો, પરંતુ એ લોકો ઉપર હું જરા પણ ભરોસો રાખવાના મતનો નથી. એમાં જ આપણી સલામતી છે. બ્રિટિશરો સાથે ત્રણ વર્ષથી ચાલી રહેલા વિગ્રહમાં અત્યારે શું સ્થિતિ છે? તે આપણે જાણતા નથી. એમાં આ લોકોની હાર થઈ હોય કે જીત થઈ હોય, તેની અસર આપણી સાથેના વહેવાર ઉપર રહેવાની છે. આ લડાઈમાં કોના પક્ષે સત્ય રહેલું તે બાબતની ચર્ચામાં આપણે ઊતરીશું નહીં, પરંતુ આપને ખ્યાલ હશે જ કે બ્રિટિશ સામ્રાજ્યની પાર્લામેન્ટના ઉપલા ગૃહ એવી ઉમરાવ સભાના સન્માનનીય સભાસદ લૉર્ડ ઍડવર્ડ ગ્લેનાર્વન અને તેની પત્ની લેડી હેલીના તેમના હાથમાં કેદી હોય ત્યારે આ લોકો આખા સામ્રાજ્યને હચમચાવી શકે તેવી સ્થિતિમાં હોવાના.

હાલની સ્થિતિમાં માઓરીઓની મહેમાનગતિ આપણને અને દેશને ભારે પડે તેમ છે. અહીંથી છાનામાના નીકળી જવામાં જ આપણા સૌનું હિત રહેલું છે. અહીંથી નીકળીને આગળ ડ્રુઆરી નામના ગામમાં પહોંચ્યા પછી જ આપણે સંપૂર્ણ સલામત બની શકીશું.

હેલીના અને મૅરીને વેઠવી પડતી સગવડોથી અકળાયેલા હોવા છતાં ગ્લેનાર્વને પેગેનલની સલાહ માનવી પડી. બંને સ્ત્રીઓ પણ એવું જોખમ લેવા રાજી ન હતી. નદીને કાંઠે કાંઠે તેઓ સંગમસ્થળ તરફ આગળ વધ્યાં. વધુ બે કલાકની મુસાફરી થઈ. સાથે સાંજ પડવાની શરૂઆત થવાનો અણસાર આવ્યો. પશ્ચિમની ક્ષિતિજ પાછળ સંતાઈ જવા પહેલાં સંધ્યાના રક્તરંગી આવરણ સાથે સૂરજ તદ્રૂપ બની ગયો. દૂરસુદૂરના શિખરો પણ એ જ રંગે રંગાઈ ગયાં. સૂરજ આથમવા સાથે જ રાત્રિનાં અંધારાં ઊતરતાં હોવાનો સૌને અનુભવ હતો. સૌએ ચાલવાની ઝડપ વધારી. બંને નદીઓના સંગમસ્થાને પહોંચી જવાની એ ઉતાવળ હતી.

રાત્રિના આઠ વાગ્યા. અંધારા સાથે ધુમ્મસનું આવરણ પણ સર્વત્ર વિસ્તર્યું. આખરે લાંબી પ્રતીક્ષાનો અંત આવ્યો. બે નદીઓના સંગમસ્થળનો સૌને ખ્યાલ આવી ગયો. બંને નદીઓના પાણીના મિલનનો ખળખળ અવાજ કાને અથડાયો. વાઈપા નદી અહીં જ વૈકાટોના જળપ્રવાહમાં વિલિન થતી, 'આપણે સંગમસ્થળે આવી ગયા છીએ, મિત્રો.' પેગેનલે આનંદ વ્યક્ત કરતાં સૌને સમાચાર આપ્યા, 'આપણી સામે હવે એકમાત્ર વૈકાટો નદી વહી રહી છે. એના જમણા કાંઠે થઈને જતો રસ્તો ઓકલૅન્ડ જવા માટેનો છે.'

'એ બધું આવતી કાલે સવારે આપણે જોઈશું. અત્યારે તો પડાવ નાખવાનું જ મગજ ચાલે તેમ છે. સાંજનું ભોજન આજે રાત્રિભોજન બની જવાનું તેનો મને ભારે અફસોસ છે. પેટમાં કાંઈક નાખ્યાં બાદ દિવસભરનો થાક ઉતારવા નિરાંતે ઊંઘીશું. મારા એજન્ડામાં અત્યારે તો એટલું જ છે.' મેજરે તેની બરછટ ભાષામાં પેગેનલના ઉત્સાહનો વિંટો વાળી લીધો.

'અરે ભાઈ, ભોજનની કોણ ના પાડે છે? પરંતુ અત્યારે અહીં આ સ્થળે તાપણું સળગાવી શકાશે નહીં. કેવળ સૂકું પાકું ઠંડું ભોજન.' મેજરનો ઉત્સાહ ઠંડો પાડી દે તેવી શરત પેગેનલે આગળ કરી, 'જે હોય તે આપણે અહીં લપાઈને છુપાઈને આવ્યાં છીએ. ધુમ્મસનું આવરણ અત્યારે આપણી મદદમાં છે.'

નજીકનાં વૃક્ષોની નીચે પડાવ નખાયો. હાથના સ્પર્શથી જ ઠંડા ભોજનની આપલે થઈ.

પેગેનલની વાતમાં દમ હતો. એને ઉવેખવાનું કોઈ કારણ ન હતું. મૂંગા મૂંગા જ સૌએ ભોજન પતાવ્યું. પંદર માઈલની મુસાફરીનો થાક સૌને હતો. ઊંઘ એનો એકમાત્ર ઉપાય હતો.

૯

માઓરીઓનો કિલ્લો

બીજા દિવસનો પરોઢિયાનો સમય હતો. વૈકાટો નદીના પાણી ઉપર ધુમ્મસનો ચંદરવો ઝળૂંબી રહ્યો હતો. વાતાવરણ એને કારણે ધૂંધળું હતું. નદીના પાણીનો પટ એ કારણે ઉપરથી જોઈ શકાતો ન હતો. થોડા સમય બાદ પૂર્વાકાશમાં સૂરજનાં કિરણોએ દેખા દીધી. એની ગરમીથી ધુમ્મસનો એ પડદો ચિરાયો. ધીમેધીમે બધું જ ધુમ્મસ હવામાં ઓગળી ગયું.

નદી, તેનું પાણી તથા આસપાસના જંગલ વિસ્તારો પણ હવે સ્પષ્ટ બની ગયા. વધુ ઊંચાઈએથી આવતાં વાઇપા નદીનાં ઝડપી પાણી બાજુએથી આવી રહેલાં વૈકાટો નદીનાં ધીરાં-ગંભીરાં પાણીની જોડાજોડ ઘણા લાંબા અંતર સુધી સમાંતરે વહેતાં જોઈ શકાતાં હતાં. એટલા અંતર સુધી એ પાણીનો ઉછાળ અને ખળખળ અવાજ સ્પષ્ટ રીતે કળી શકાય તેવો હતો. ત્યાર બાદ વૈકાટો નદીના ધીરા પ્રવાહમાં એ પાણી પણ શાંત બનીને પ્રશાંત મહાસાગર તરફ વહેતાં હતાં.

એવા ઊઘડેલા હવામાનમાં એક લાંબી સાંકડી નૌકા વૈકાટો નદીના જળપ્રવાહમાં ઉપરવાસમાં ઝડપથી સરકતી જોઈ શકાતી હતી. ૭૦ ફૂટ લાંબી, પાંચ ફૂટ પહોળી અને ત્રણેક ફૂટ ઊંડી એવી એ નૌકાનો પ્રો તરીકે ઓળખાતો આગળનો ભાગ વેનીસ શહેરની જળશેરીઓમાં ઘૂમતી અને ગોન્ડોલા તરીકે પ્રખ્યાત હલકી હોડીઓની જેમ ઊંચકાયેલો હતો. આઠ જેટલાં હલેસાંની મદદથી તે ઝડપથી નદીના ઉપરવાસમાં જઈ રહી હતી. સ્ટર્ન તરીકે ઓળખાતા પાછળના ભાગમાં બેઠેલા એક પ્રભાવશાળી માઓરીના હાથમાં એનું સુકાન હતું. સશક્ત અને મજબૂત બાંધાવાળો એ માણસ માઓરીઓની કોઈ ટોળીનો મુખિયા જેવો જણાતો હતો.

શરીરના ખુલ્લા ભાગો ઉપર કરવામાં આવતાં કાળા રંગનાં નિશાન, ચિત્રો કે ટેટૂ અહીંના સ્થાનિક માઓરીઓ માટે પ્રતિષ્ઠાનાં પ્રતીક ગણાતાં. માન, સન્માન અને ઉચ્ચોચ્ચ હોદ્દાની એ ઓળખ હતાં. સામાન્ય માણસો કે નીચલા સ્તરના માણસોને એવાં ટેટૂ લગાવવાનો અધિકાર ન હતો. એવો વિશેષાધિકાર ફક્ત મહાનુભાવો અને ટોચના વ્યક્તિગત હોદ્દા ધરાવનારને જ હતો. વ્યક્તિનો હોદ્દો જેમ ઊંચો તેમ ટેટૂની સફાઈ અને ચિહ્નોની સંખ્યા વધુ રહેતી. સર્વોચ્ચ સ્થાને બેસતા મુખિયાઓનાં આખાં શરીરો જ એવાં ચિતરામણોથી મઢેલાં રહેતાં. એમાં જાતજાતનાં પ્રાણીઓનાં ચિત્રોનો પણ સમાવેશ થતો. ચામડી ઉપર કાયમી ધોરણનું ટેટૂ ચિતરાવવા માટે એમણે પીડાદાયક પ્રક્રિયામાંથી પસાર થવું પડતું.

શરીર ઉપરના એવા ટેટૂને અહીંની ભાષામાં મોકો કહેવામાં આવતું. શરીર ઉપરના આ મોકો સન્માનસૂચક અને માનનીય પણ ગણાતાં. એ લગાવનારા વ્યક્તિ કે વસ્તુનું માન સૌએ

જાળવવાનું રહેતું. વ્યક્તિની બાબતમાં એના શરીર ઉપર લગાવવામાં આવેલા ટેટૂ કે મોકોને આધારે માન આપવાનું રહેતું, પરંતુ કોઈ વસ્તુની બાબતમાં એવું કોઈ ચિતરામણ કે સંજ્ઞા નહીં હોય તો પણ ટેટૂવાળો મુખિયા એને મોકો-મોકો જાહેર કરે ત્યાર બાદ એ વસ્તુ સૌને માટે અસ્પર્શ્ય એટલે 'મોકો' બની ગયેલી ગણતી. એને ધર્માજ્ઞા કે ફતવાની સમકક્ષ માનવામાં આવતાં. તે વસ્તુ પવિત્ર ગણાતી. એની અવમાનના કરનાર વ્યક્તિ ઉપર ઈશ્વરી આફત આવે તેવો લોકોમાં વહેમ હતો.

નૌકા ઉપર સવાર માસોરીની ગરદન ઉપરનાં એવાં ટેટૂ ઉપરથી સ્પષ્ટ બનતું હતું કે માઓરી ટોળીનો તે મુખિયા હતો. એના હોદ્દાને અનુરૂપ એનો પહેરવેશ હતો. દુશ્મન સાથે હમણાં થોડા સમય ઉપર જ કોઈ સશસ્ત્ર સંઘર્ષ થયો હોવાનું જણાતું હતું. એમાં ઉડેલ લોહીના છાંટા એનાં કપડાં ઉપર દેખાતા હતા. અંગ્રેજ સૈનિકો પાસે જ હોય તેવી રાઇફલ એની બાજુમાં ટેકવવામાં આવી હતી. પટાઉ-પટાઉ તરીકે ઓળખાતી, બંને બાજુ ફણા વાળી કુહાડી પણ બાજુમાં જ પડી હતી. એ પણ અહીંના યોદ્ધાઓ માટે હાથવગું હથિયાર હતું.

મુખિયાની બાજુમાં ભયંકર દેખાતા નવ જેટલા સશસ્ત્ર યોદ્ધાઓ બેઠા હતા. થોડા સમય પહેલાં જ દુશ્મનો સાથે અથડામણ થઈ હોય તે રીતના તાજા ઘાની નિશાની એમનાં શરીરો ઉપર હતી. ભયંકર દેખાતા ત્રણ કૂતરાઓ પણ તેના પગ પાસે બેઠા હતા. નૌકાના આગળના ભાગમાં બેઠેલા આઠ જેટલા સશક્ત સેવકો કે ગુલામો જોરશોરથી હલેસાં હલાવી રહ્યા હતા.

નૌકાના મધ્ય ભાગમાં દસ જેટલા યુરોપિયન જેવા દેખાતા બંધકો કે કેદીઓ શાંતિથી બેઠા હતા. એમના સૌના પગ દોરીથી બંધાયેલા હતા. કૅપ્ટન ગ્રાન્ટની ખોજમાં નીકળેલા ગ્લેનાર્વન, તેની પત્ની હેલીના તથા અન્ય આઠ માણસો આ મુખિયાના કેદી હતા.

ડુંગરના ઢોળાવ ઉપર એમણે રાત્રિમુકામ કર્યો હતો. રાત દરમિયાન ચારે બાજુ ફેલાયેલાં ધુમ્મસના આવરણને કારણે તેમને ખ્યાલ જ આવ્યો ન હતો કે અજાણતાં જ તેમણે સ્થાનિકોના અડ્ડામાં જ આશ્રય લીધો હતો. એ સ્થળે પોતાને સાવ સલામત સમજીને તેઓ બધાં જ નિદ્રાધીન થયાં હતાં.

આસપાસના વિસ્તારોમાં છુપાઈને બેઠેલા માઓરીઓની નજર ઇંગ્લિશ જેવા દેખાતા આ મુસાફરો ઉપર જ હતી. મધ્યરાત્રિ બાદ બધાં જ જ્યારે ઊંઘમાં હતાં, ત્યારે ભાલાની અણીએ તેમને ઘેરી લેવામાં આવ્યાં હતાં. તેઓ કાંઈ સમજે અને સ્વબચાવ માટે પોતાનાં શસ્ત્રો ઉપાડે તે પહેલાં તો તેઓ કેદી બની ગયાં હતાં. ભારે ચોકીપહેરા વચ્ચે હવે તેમને આ નૌકામાં વૌકાટો નદીના ઉપરવાસમાં લઈ જવામાં આવતાં હતાં. તેમનાં તમામ હથિયારો તો કેદ કરતી વખતે જ ઝૂંટવી લેવામાં આવ્યાં હતાં.

મુખિયા અને તેના યોદ્ધાઓ વચ્ચેની હળવી વાતચીતમાં વપરાયેલા અંગ્રેજી શબ્દોને આધારે ગ્લેનાર્વનને ખ્યાલ આવ્યો કે અંગ્રેજો સામેની કોઈ લડાઈમાં હારીને તેઓ પીછેહઠ કરી રહ્યા હતા. અને આ નદીના ઉપરવાસમાં આવેલા પોતાના મથકે તેઓ પાછાં ફરી રહ્યાં હતાં. એમાંના કેટલાક યોદ્ધાઓને ૪૨મી બ્રિટિશ રેજિમેન્ટના સૈનિકોએ કેદી બનાવ્યા હતા.

આ મુખિયાનું નામ કાઈ-કાઉમાઉ હતું. એ નામનો સ્થાનિક ભાષામાં અર્થ 'દુશ્મનના શરીર ઉપર જયાફત ઉડાવનારો' થતો હતો. એ માણસ ટાપુના મધ્ય ભાગમાં અન્ય મુખિયાઓને મળવા જઈ રહ્યો હતો. અંગ્રેજો સામેના યુદ્ધમાં હજી પણ અણનમ રહેલા વિલિયમ થોમ્સન પાસે સહાય માગવાનું એનું મિશન હતું. એના કરડાકીભર્યા ચહેરા ઉપરથી લાગતું હતું કે એની

સમક્ષ દયાની યાચના નિરર્થક હતી. બ્રિટિશ સરકારમાં પણ એનું નામ જાણીતું હતું અને એના માથા માટે મોટું ઇનામ પણ જાહેર થયું હતું.

કૅપ્ટન ગ્રાન્ટની ખોજ કરવાનું અભિયાન સંપૂર્ણપણે નિષ્ફળ ગયું હતું. ગ્લેનાર્વન વગેરે સૌને એની ખાતરી તો દક્ષિણ-પૂર્વ ઑસ્ટ્રેલિયાના ટુ-ફોલ્ડ બેમાં આવેલા ઇડન બંદરે જ થઈ ગઈ હતી. ત્યાંથી વહેલીતકે સ્વદેશ પહોંચી જવાના હેતુથી તેમણે ન્યૂઝીલૅન્ડના ઓકલૅન્ડ બંદરની દિશા પકડી હતી. એમના કમનસીબે એમને અહીં લાવવા માટે નીકળેલા મેકૌરી જહાજના કૅપ્ટન વિલ હેલીની મૂર્ખામીને કારણે એમનું જહાજ તોફાનમાં ખરાબે ચડીને નાશ પામ્યું હતું. થોડો સમય મળ્યો હતો. તેમાં તરાપો બનાવીને સૌએ આ કાંઠે આશ્રય લીધો હતો. એને કારણે જ પોતાના જીવ બચાવી શક્યાં હતાં. અહીંથી ઓકલૅન્ડના સલામત સ્થળે જવા તેઓ નીકળ્યાં હતાં, પરંતુ ત્યાં પહોંચવાને બદલે માઓરીઓના હાથમાં તેઓ ઊંઘતાં ઝડપાયાં હતાં. હવે તેઓ માઓરીઓની કેદમાં હતાં. વહેલીતકે સ્કોટલૅન્ડના માલ્કમ કેસલમાં પહોંચવાનું તે દૂર રહ્યું, આ જંગલીઓના કેદખાનામાં તેઓ કેટલો સમય જીવતા રહી શકશે તે જ પ્રશ્ન હતો.

જોકે ગ્લેનાર્વન એક ભડવીર રાજપુરુષ હતા. પોતાનાં માણસો માટે જાનની બાજી લગાવવાની એની તૈયારી હતી. એની નેતાગીરીમાં સૌ સાથીઓ પોતાને સુરક્ષિત સમજતાં હતાં. આ પ્રકારની ગંભીર સ્થિતિમાં પણ ધૈર્ય ગુમાવ્યા વિના એમાંથી કેવી રીતે બહાર નીકળી શકાય તેના આયોજનમાં એનું મગજ કામે લાગી ગયું. એમના સાથીઓ પણ બહાદુર હતાં. એના તરફની સૂચનાનો સમજપૂર્વક અમલ કરનારા હતાં. જાણે કાંઈ બન્યું જ ન હતું અને માઓરીઓ તરફનો એમને કોઈ ડર જ ન હતો, એ રીતની બેફિકરાઈથી રહેવા એણે તેમને સમજાવ્યું હતું.

કેદીઓ તરફનો એમનો એવો મનોવૈજ્ઞાનિક પ્રતિવાદ હતો. પોતે ડરી ગયા છે, એવો ભાવ એના ડરાવનારાને ઊંચી ભૂમિકાએ મૂકે છે, એવી એમની માન્યતા હતી. એને મન ડર પ્રત્યેની બેફિકરાઈ પહેલી જીત હતી. એને ખાતરી હતી કે નીડરપણોનો ભાવ દુશ્મન તરફના માનભંગના પ્રયાસો સામેની રક્ષણાત્મક ઢાલ હતી.

પોતે દુશ્મનોના હાથમાં કેદી હતા, અને તેમની ભૂંડી દશા થઈ શકે તેમ હતી. એ શક્યતા પ્રત્યે નિરપેક્ષ હોય તેમ મુખિયા તરફ જોઈને તેણે પૂછ્યું,

'આપણે ક્યાં જઈ રહ્યા છીએ?'

પેલાએ કાંઈ જ જવાબ આપ્યો નહીં. તરત જ ગ્લેનાર્વને બીજો પ્રશ્ન પૂછ્યો,

'આ રીતે અમને કેદી બનાવીને તમે અમારી બાબતમાં શું કરવા ઇચ્છો છો?'

તરત જ મુખી કાઉ-માઉના ચહેરા ઉપર ખુશીની ઝલક દેખાઈ.

'અમારા માણસોને સાટે તમારી મુક્તિ. અગર તમારા માણસોને તમારી કિંમત નહીં હોય તો અમારા ખોરાક તરીકે તમને ઉપયોગમાં લેવાનો ઇરાદો છે.' તેણે જવાબ આપ્યો.

વધુ પ્રશ્નો પૂછવાની ગ્લેનાર્વનને જરૂર લાગી નહીં. એને સમજાઈ ગયું કે અત્યારે ચાલી રહેલી લડાઈમાં માઓરીઓના કેટલાક યોદ્ધાઓ જીવતા પકડાયા હતા. તેમના બદલામાં તેઓ પોતાના કેદીઓની મુક્તિ ઇચ્છતા હતા. એને વિશ્વાસ બેઠો કે તેમણે જીવનની બાજી સાવ ગુમાવી ન હતી. જીવતા રહેવાની અને સ્વદેશ ભેગા થઈ શકવાની હજી પણ તક હતી.

ભૂગોળશાસ્ત્રી પેગેનલ એમની ધરપકડ થઈ ત્યારથી ડઘાઈ ગયો હોય તેવો દેખાતો હતો. એને લાગ્યું કે પોતાના જ્ઞાનમાં વધુ પડતા વિશ્વાસને કારણે જ સૌ મોતના મોંમાં આવી પડ્યાં હતાં. ગ્લેનાર્વનની નિર્ભિકતા જોઈને એનામાં પણ હિંમત આવી. આ રીતે નૌકામાં બધાંને લઈ

જવામાં આવી રહ્યાં હતાં, તેમાં પણ એને શુભસંકેત દેખાયો. જે દિશામાં એઓ પગપાળા જવાનાં હતાં, તે જ દિશામાં તેઓ વગર મહેનતે જઈ રહ્યાં હતાં. એ સ્થિતિ એને રાહતભરી લાગી. હેલીના અને મૅરી ભયભીત હતાં, પરંતુ મનમાં રહેલો ડર મોં ઉપર પ્રદર્શિત ના થાય તે માટે અંદરઅંદર ધીરેથી ગુસપુસ કરતાં રહ્યાં.

દેશના આ ઉત્તરના ભાગમાં આવેલી અને બસો માઈલ લાંબી આ વૈકાટો નદી દેશની સૌથી મોટી નદી હતી. અને તેનું નામ દેશની અસ્મિતા સાથે જોડાયેલું હતું. જર્મનીમાં રુહાઈન નદીનું કે સ્લોવાકિયામાં ડેન્યુબ નદીનું જે અનન્ય સ્થાન ગણાતું આવેલું હતું, તેવું જ સ્થાન અહીંના આદિવાસીઓમાં આ વૈકાટો નદી માટેનું હતું. એના નામની સાથે અહીંની પ્રજામાં ભાવનાત્મક એકતા બની જતી હતી અને એ નામે જ વિદેશીઓ સામે દેશના તમામ આદિવાસી કબીલાઓ એક થયા હતા. નદી એમને મન પવિત્ર દેવી હતી. જેમન એ લોકો અપવિત્ર ગણતા હતા, એવા વિદેશીઓ માટે નદીમાં પ્રવેશબંધી ફરમાવી હતી.

વૈકાટો નદી પ્રત્યેની સ્થાનિકોની લાગણીનો પેગેનલને ખ્યાલ હતો. એ નદીમાં જ એ લોકો જઈ રહ્યા હતા. મુખી અને યોદ્ધાઓ વચ્ચેની વાતચીતમાં એણે 'તાઉપો' શબ્દ વારંવાર સાંભળ્યો હતો. એને લાગ્યું કે એ નામનું કોઈ ભૌગોલિક સ્થાન હોવું જોઈએ. આ પ્રદેશના નકશાઓ એણે જોયા હતા. એણે પોતાની યાદદાસ્તને સતેજ કરી. એને યાદ આવ્યું કે આ પ્રદેશના અંદરના ઉચ્ચ પહાડી પ્રદેશમાં વચ્ચેના ભાગમાં એ નામનું કુદરતી સરોવર હતું. ઓકલૅન્ડ પ્રાંતના દક્ષિણ છેડા ઉપર એ નામ અંકિત થયું હતું. વૈકાટો નદીનું ઉદ્ગમ સ્થાન એ સરોવરની પણ દક્ષિણમાં હતું. ત્યાંથી વહી આવીને એનું પાણી સરોવરમાં ઠલવાતું હતું અને ત્યાંથી આગળ એ જ નામની નદીમાં ઉત્તરના ઓકલૅન્ડ પ્રાંતમાં વહીને અંતે પ્રશાંત મહાસાગરમાં પડતું હતું. આમ આ વૈકાટો નદી, તાઉપો સરોવરની વચ્ચે થઈને ઉત્તરમાં આગળ વહેતી હતી.

પેગેનલની ધારણા પ્રમાણે એમને કેદી તરીકે લઈ જઈ રહેલી એ હોડી ઉપરવાસમાં આ 'તાઉપો' સરોવર તરફ જ ધસી રહી હતી.

૧૦

તાઉપો સરોવર

લાખો વર્ષ અગાઉ આ ટાપુની જમીનના પેટાળમાં થયેલી ઊથલપાથલના પરિણામે અહીંના ડુંગરાઓથી વચ્ચે પચીસ માઈલ લાંબો અને ચોવીસ માઈલ પહોળો એક ખાડો પડી ગયો હતો. એ ખાડામાં કાળક્રમે વરસાદનું પાણી ભરાતું રહ્યું અને અમાપ ઊંડાઈ ધરાવતા એક સરોવરનું નિર્માણ થયું હતું. એના દક્ષિણ છેડે વૈકાટો નદીનું ઉપરવાસના ડુંગરોમાંથી આવતું પાણી સમુદ્રની સપાટીથી ૧૨૫૦ ફૂટની ઊંચાઈએ આવેલા આ સરોવરમાં ઠલવાતું હતું અને ઉત્તરમાં એ જ નામની નદીમાં વધારાનું પાણી એ જ દિશામાં આગળ જઈને પ્રશાંત મહાસાગરમાં ઠલવાતું હતું. ચારે બાજુ ૨૪૦૦ ફૂટ ઊંચા ડુંગરાઓથી ઘેરાયેલા આ સરોવરનો દેખાવ રોમનો એમ્ફિથિયેટર જેવો બની ગયો હતો.

એ હતું તાઉપો સરોવર. દેશનું એ સૌથી મોટું મીઠાં પાણીનું સરોવર ગણાતું હતું. સરોવરના નિર્માણમાં નિમિત્ત બનેલી, એના પેટાળની ઊથલપાથલની અસર હજી પણ ફરતેના ડુંગરોમાં અને નીચેના મેદાનોમાં અનુભવાતી હતી. ઠેકઠેકાણે ગરમ પાણીનાં ઝરણાંઓ, દઝાડતી વરાળના ફુવારાઓ તેમ જ ડુંગરાઓની કરાળમાં અવારનવાર થતો લાવાનો રિસાવ, આ પ્રદેશની વિશિષ્ટતાઓ હતી.

પાણીથી છલોછલ ભરેલા તાઉપો સરોવરથી નજીક આવેલા એક ડુંગરની ખડકાળ અને ઊંચીનીચી સપાટી ઉપર 'પાહ' તરીકે ઓળખાતા કિલ્લાની કિનાર જોવામાં આવી. માઓરીઓની આ ટોળીનું કિલ્લામાં મુખ્ય મથક હતું. સરોવરના પાણી પાસેથી ઉપર પાહમાં જવાનો રસ્તો કંડારવામાં આવ્યો હતો. નૌકાને નજીકના ખડકની ધાર પાસે ઊભી રાખવામાં આવી. યોદ્ધાઓ બહાર આવ્યા. તમામ કેદીઓને બંધનમુક્ત કર્યાં. કિલ્લા ઉપર જવાના રસ્તે થઈને સૌને હારબંધ દોરી જવામાં આવ્યાં. ચડતા રસ્તાની બંને બાજુએ સુંદર વૃક્ષોની હાર હતી. વૃક્ષોની ઘટામાં જાતજાતનાં પક્ષીઓ ઊડાઊડ કરતાં હતાં. ભૂગોળશાસ્ત્રી પેગેનલનું એ તરફ ખાસ ધ્યાન ગયું.

લાંબા વર્તુળાકાર રસ્તે ઉપર ચડતાં સૌ કિલ્લામાંના મુખ્ય ભાગ પાસે આવ્યાં. પંદર ફૂટ ઊંચી પથ્થરની દીવાલથી અંદરના ભાગો રક્ષાયેલા હતા. જોકે ત્યાર બાદની અંદરની રચના વાંસ અને નેતરની અણિયાળી પટીઓથી આડશથી બનાવવામાં આવી હતી. એનાથી આગળ ખડકોની ઊંચી સપાટીવાળું નાનું મેદાન હતું. તેની ઉપર એક ખૂણામાં માઓરીઓના ઉચ્ચ પદાધિકારીઓનાં મકાનો હતાં. બીજે ખૂણે ચાલીસ જેટલાં નાનાં ઝૂંપડાં હતાં.

બહારની દીવાલોથી રક્ષાયેલા માર્ગને વટાવીને સૌને કિલ્લાના અંદરના ભાગમાં લઈ

જવામાં આવ્યા. ત્યાંનું દૃશ્ય જોઈને સૌ ત્રાસ અનુભવી રહ્યાં. અંદરના વર્તુળમાં ફરતે જમીનમાં દાટવામાં આવેલી લાકડાંની અણિયાળી થાંભલીઓ ઉપર દુશ્મન યોદ્ધાઓના ડોકાં કાપીને ખોસવામાં આવ્યાં હતાં. એમની આંખોમાંથી ડોળા પણ ખેંચી કાઢવામાં આવ્યા હતા. ડોકાં નીચેનાં ધડો ઉપર વિજેતાઓએ જયાફત ઊજવી હોવાનું જણાતું હતું. એ દૃશ્ય જેટલું ભયાનક હતું, તેટલું જ ત્રાસદાયક અને જુગુપ્સાપ્રેરક હતું. આવતી વખતે દૂરથી ધ્યાનમાં આવેલા એ દૃશ્ય નજીકમાં થઈને જ સૌએ પસાર થવાનું હતું. મૃદુ હૃદયનાં હેલીના અને મૅરીએ એ માથાંઓ તરફ નજર કરવાનું પણ ટાળ્યું. સૌને મેદાનની વચ્ચેના ભાગમાં વધુ આગળ લઈ જવામાં આવ્યાં. ત્યાં છેવાડેના એક મોટા ખાલી ઝૂંપડાના દરવાજા પાસે એ સૌને હારબંધ ઊભાં રાખવામાં આવ્યાં.

એ વખતે માઓરી વયસ્ક સ્ત્રી-પુરુષોનું ટોળું એમની વાટ જોતું ત્યાં ઊભું જ હતું. હમણાં જ પૂરી થયેલી લડાઈમાં જે યોદ્ધાઓ માર્યા ગયા હતા, તેના કુટુંબની ઘરડી સ્ત્રીઓની હાજરી નોંધપાત્ર હતી. અહીંના આદિવાસીઓમાં હાર્પી નામની એક રાક્ષસીની દંતકથા જાણીતી હતી. સ્ત્રીનું માથું અને ધડ તથા પક્ષીની પાંખો અને નહોરવાળા પગો સાથેની એ રાક્ષસી અતિ ક્રૂર અને લોહીતરસી હોવાનો ખોફ જાણકારોમાં હતો. છૂટા વાળવાળી અને ભયંકર લાગતી એવી ડોશીઓ હાર્પીના અવતાર જેવી લાગતી હતી. તેઓ તેમના મૃતક સંબંધીઓના મોતના મરશિયા ગાતી હતી, તેમ જ છાતી કૂટતી હતી. એ સાથે તેઓ કેદીઓની ફરતે રાસડા લેવા લાગી. એમના મોંફાડ અવાજ તથા હાવભાવ ઉપરથી સ્પષ્ટ લાગતું હતું કે તેઓ આ કેદીઓ ઉપર તત્કાળ વેર લેવા ઉતાવળી થઈ હતી.

તત્કાળ વેર લેવાના હોકારા પડકારા સાથે તેઓ સૌ હવામાં હાથની મૂઠીઓ વિંઝતી હતી. હેલીના અને મૅરી માટે એ અસહ્ય સ્થિતિ હતી. એમના ઉપર જો હુમલો થાય તો જાતને ભોગે પણ તેનો સામનો કરવાનો કૅપ્ટન મેંગલ્સે નિશ્ચય કર્યો હતો. મનને મક્કમ કરીને આ લોકોની સામે સ્થિર ઊભો હતો. મેજર નેબ્સ આ કોલાહલથી સાવ અસંબદ્ધ હોય તે રીતે સ્થિતિનો તાગ લઈ રહ્યો તો પેગેનલનો ગુસ્સો પળેપળે વધતો જતો હતો.

ડાકણ જેવી દેખાતી એ સ્ત્રીઓના હુમલાથી હેલીના અને મૅરીને બચાવવાના હેતુથી ગ્લેનાર્વન સીધા જ પેલા મુખિયા કાઈ-કાઉમાઉ પાસે પહોંચી ગયા. છાતી કૂટતી અને બૂમબરાડા પાડતી એ સ્ત્રીઓના ટોળા સામે આંગળી ચીંધીને કડક અવાજ સાથે બોલ્યા,

'એ લોકોને અહીંથી હટાવી લો.'

કેદ કરનાર મુખિયા સમક્ષની આવી હિંમત ધૃષ્ટતા જ હતી, છતાં કાઉમાઉ મૂંગો રહ્યો. થોડી પળ માટે વિચારીને એણે પેલી સ્ત્રીઓનાં તરફ જોઈને તેને ત્યાંથી ખસી જવા માટે ઇશારો કર્યો. મુખિયાના આદેશનો આદર કરતા હોય તે રીતે સૌ સ્ત્રીઓ શાંત બની ગઈ અને ધીમેધીમે ત્યાંથી દૂર ખસી ગઈ.

ગ્લેનાવર્ને વાંકા વળીને મુખિયાનું અભિવાદન કરી આભાર માન્યો.

સ્ત્રીઓ દૂર થઈ, પરંતુ સો જેટલા નાના-મોટા પુરુષો હજી ત્યાં જ ઊભા હતા. એમણે પણ પોતાના સ્વજનો ગુમાવ્યા હતા. તેઓ પણ વેર લેવા એટલા જ આતુર હતા.

વિલિયમ થોમ્સનની હાકલને માન આપીને પોતાની ભૂમિના રક્ષણ માટે લડાઈમાં ગયેલા મુખિયાઓ પૈકીના મોટા ભાગના યોદ્ધાઓ માર્યા ગયા હતા. થોડા નસીબદારો પૈકીમાં કાઈ-કાઉમાઉ પણ સલામત રીતે પાછો ફરી શક્યો હતો. એના યોદ્ધાઓ પણ મરાયા હતા. માત્ર

પચાસ જ જીવતા આવ્યા હતા.

કાઈ-કાઉમાઉએ જાહેર કર્યું હતું કે મેદાનોમાં થયેલી લડાઈમાં તેમની હાર થઈ હતી. કિલ્લામાંની સ્ત્રીઓ અને પુરુષોના આક્રોશનું એ જ કારણ હતું. હોકારા પડકારા ઉપરાંત પોતાના હાથ-પગ હલાવીને કે મોં ઉપરના ભાવોથી એ લોકો પોતાનો ગુસ્સો વ્યક્ત કરવા લાગ્યાં. યુદ્ધમાં પોતાનો મરદ ગુમાવી ચૂકેલી સ્ત્રીઓ રડતી-કકળતી પોતાના આંગળાના નખથી ગાલ ઉપરની ચામડી પણ ઊતરડી નાખતી હતી. એના ઘામાંથી ઝમતું લોહી એમની આંખમાંથી નીકળતા આંસુઓ સાથે ભળતાં એમના ચહેરા વિકરાળ બની ગયા હતા.

યુદ્ધમાં મૃત્યુ પામેલા અને ત્યાં જ છોડી દેવાયેલા યોદ્ધાઓ માટેના આક્રોશનું બીજું પણ કારણ હતું. મરનાર પુરુષોના હાડકાંને સાફ કરીને તેના ઉપર પૉલિશ જેવો ચળકતો પદાર્થ લગાવીને સાચવી રાખવાનો રિવાજ હતો અને એવા હાડકાંને પૂરેપૂરા સન્માનની સાથે ઓડૂપા તરીકે ઓળખાતા હાઉસ ઑફ ગ્લોરી કહી શકાય તેવા આ કીર્તિમંદિરમાં જાળવી રાખવામાં આવતાં હતાં. એમના હવે પછીના જન્મ માટે એ હાડકાં જરૂરી મનાતાં હતાં. જે તે પુરુષનાં હાડકાંની પાસે લાકડાંની નાની પ્રતિકૃતિ પણ બેસાડવામાં આવતી. અહીંના એમના સ્થાન પ્રમાણે ટેટૂ માર્કા પણ એ પૂતળાં ઉપર લગાવવામાં આવતાં, પરંતુ વિદેશીઓના હાથે, તેમણે પડાવી લીધેલી પ્રદેશમાં મરાયેલા એ યોદ્ધાઓના હાડકાં મેળવવાનું શક્ય ન હતું. કીર્તિમંદિરમાં એમનાં સ્થાન ખાલી જ રહેવાનાં હતાં. મેદાનોમાં પડેલાં એ શબ તથા તેમનાં હાડકાં જો રખડતાં કૂતરાંઓના દાંતથી બચી ગયાં હશે તો તે ત્યાં જ સડતાં રહેવાનાં હતાં.

એક વારની મનાઈ છતાં પણ લોકોનો આક્રોશ અને કોલાહલ વધી ગયો. મુખિયા કાઉમાઉને સમજાઈ ગયું કે કેદીઓને એ સ્થિતિમાં ત્યાં રાખવામાં જોખમ હતું. ટોળામાંના ઝનૂની માણસો સીધો હુમલો કરે તો તેમને રોકવાનું કામ મુશ્કેલ બને તેમ હતું. દુશ્મનોના હાથે જીવતા પકડાયેલા પોતાના સાથીઓને છોડાવવા માટે આ ધોળિયા કેદીઓને જીવતા રાખવાની જરૂર હતી.

અન્ય વિધિને બહાને તે આ કેદીઓને કિલ્લાના છેક છેડે આવેલા ઊંચા પ્લૅટફૉર્મ પાસે લઈ ગયો. એના ઉપર વાંસની આડશવાળી ઝૂંપડી બાંધવામાં આવી હતી. અંદર જવા માટે ઉઘાડ-બંધ થાય તેવું કોઈ બારણું ન હતું, પરંતુ આડશ તરીકે શણનો પડદો રાખવામાં આવ્યો હતો. ઝૂંપડીના આ સ્થાનને મજબૂત કરવા માટે તથા પાછળથી કોઈ હુમલો ન આવે તે માટે તકેદારી તરીકે ત્યાં પાછળ માટીનો ઊંચો ઢગ બનાવવામાં આવ્યો હતો. નીચેનું ફ્લોરિંગ પણ માટીનું હતું. આ ઝૂંપડી વારે-અટોઉઆ તરીકે ઓળખાતી હતી.

માઓરીઓ માટે આ ઝૂંપડી પવિત્ર સ્થળ હતું. એમાં બેસીને એમના ધર્મગુરુઓ કે ભૂવાઓ નવા યોદ્ધાઓને તેમના ધર્મ તથા આસપાસની સૃષ્ટિ સંબંધી જાણકારી આપતા. એવું એ પવિત્રસ્થળ 'પા' કહેવાતું હતું. ધર્મગુરુઓ માટે એમાં ખાવાપીવાની ચીજો પણ રાખવામાં આવતી હતી.

બૂમબરાડા પાડતા લોહીતરસ્યા ટોળાંથી દૂર અહીં શાંતિ હતી. શણની સાદડીઓ ઉપર તેમને બેસાડવામાં આવ્યાં. ગઈ મધ્યરાત્રિએ એમને કેદી બનાવવામાં આવ્યાં, ત્યારથી અત્યાર સુધીની સંઘર્ષભરી સ્થિતિમાં હેલીના અને મૅરી જેવી નાજુક હૃદયની વ્યક્તિઓ માનસિક અને શારીરિક રીતે પડી ભાંગી હતી. નજર સામેનો ત્રાસ અસહ્ય બનતા તે મૂર્છા ખાઈને તે પોતાના પતિના ખોળામાં ઢળી પડી.

ઝૂંપડીની બહારની પ્રવૃત્તિ અહીંથી જોઈ શકાતી ન હતી. છતાં ત્યાં શું ચાલી રહ્યું હતું તે જાણવું જરૂરી હતું. વિલ્સનને દીવાલ પાસે ઊભો રાખીને રૉબર્ટ એની ખાંધ ઉપર ઊભો રહી ગયો. ઉપરના ભાગમાં તાવીજો તથા કોડી વગેરેના તોરણ લટકાવવામાં આવ્યાં હતાં. હાથ વડે એ તોરણોને બાજુએ હઠાવીને તેણે દીવાલ ઉપરથી બહાર નજર કરી. ત્યાંથી બરાબર સામે આવેલા મકાન પાસે ઊભેલા મુખિયા તથા ચોગાનમાંની તમામ પ્રવૃત્તિઓ જોઈ શકતી હતી.

એ જે સ્થિતિ ત્યાંથી જોઈ શકતો હતો, તેની વિગતો ધીમા અવાજે આપવાની શરૂઆત કરી. એણે જણાવ્યું કે પોતાના મકાનના પ્રાંગણમાં ઊભા રહીને કાઉમાઉ હોકારા-પડકારા કરતા પોતાના માણસોને શાંત કરવા પ્રયાસ કરતો હતો. થોડી મથામણ બાદ એની વાત સ્વીકારાઈ હોય તેમ લાગ્યું. ટોળું શાંત થઈ ગયું.

'મને તો એ સ્થિતિમાં સારાં શુકન દેખાય છે.' રૉબર્ટે આપેલી માહિતીથી મેજર નેબ્સ આનંદિત બની ગયો. કારણ આપતા બોલ્યો, 'કેદી બનેલા પોતાના યોદ્ધાઓને આપણા સાટે મુક્ત કરાવવા માગે છે એમ મને લાગે છે. આપણને મારી નાખવામાં એ માણસને રસ જણાતો નથી.'

દરમિયાન કોઈ યોદ્ધો એ તરફથી આવતો જણાતાં રૉબર્ટ નીચે ઊતરી પડ્યો. સૌને ચૂપ રહેવા એણે નાક ઉપર આંગળી મૂકી. મુખિયા અને એના માણસો વચ્ચે શું વાતચીત થઈ તે સાંભળી શકાઈ ન હતી, પરંતુ હેલીનાને હવે પછીનું ભાવિ સાવ અંધકારમય દેખાવા લાગ્યું. દર્દભર્યા અવાજે એણે પોતાના પતિ તરફ જોઈને જણાવ્યું,

'ઍડવર્ડ, સાંભળી લે. હું અને મૅરી કોઈ પણ સ્થિતિમાં આ રાક્ષસોના હાથમાં જીવતાં પકડાવાં ન જોઈએ.' એટલું જણાવી પોતાનાં કપડાંમાં સંતાડેલી નાની પિસ્તોલ તેણે ચુપકીદીથી ગ્લેનાર્વનના હાથમાં મૂકી અને બોલી,

'આ હથિયાર એમના માટે નથી, અમારા માટે છે.' ગ્લેનાર્વનને ખ્યાલ આવ્યો કે યોદ્ધાઓએ ફક્ત પુરુષોનાં કપડાંની જ જડતી લીધી હતી. હેલીના અને મૅરીનાં શરીરો સાથે તેમણે છેડછાડ કરી ન હતી. સ્વરક્ષણ માટે જરૂર પડે વાપરવા માટે પતિએ જ એ પિસ્તોલ હેલીનાને આપી હતી. હવે એ પતિએ પણ ઝડપથી લઈને પોતાનાં કપડાંમાં સંતાડી દીધી.

એ જ વખતે ઝૂંપડીના દરવાજાનો શણનો પડદો ઊંચકાયો. એક યોદ્ધો અંદર દાખલ થયો, અને સૌને પોતાની પાછળ દોરી ગયો. કેટલાક યોદ્ધાઓથી ઘેરાયેલો કાઉમાઉ પોતાના સ્થાને ઊભો હતો. નજીક ઊભેલા અન્ય યોદ્ધાઓ નવા જેવા જ જણાયા. એમાંના એક સશક્ત યોદ્ધાના ખુલ્લા બદન ઉપર વિવિષ્ટ પ્રકારના ટેટૂ સ્પષ્ટ રીતે દેખાતાં હતાં. કેદીઓને ખ્યાલ આવી ગયો કે એ પણ આ કબીલાનો મુખિયા કક્ષાનો બીજો કોઈ મોટો હોદ્દેદાર હતો. એઓની વચ્ચેની વાતચીતને આધારે ગ્લેનાર્વને જાણ્યું કે એ યોદ્ધાનું નામ કારા-ટેટ હતું. ટોળીમાં એનું ઊંચું સ્થાન હતું અને એના પણ વફાદાર યોદ્ધાઓ હતા. કાઈ-કાઉમાઉ હમણાં મુખી હોવા છતાં કારા-ટેટ એનો સમકક્ષ અને સંભવિત હરીફ હતો. કાઉમાઉ પોતાના એ હરીફને દેખીતી રીતે માન આપતો હોવા છતાં ગ્લેનાર્વનને લાગ્યું કે કાઉમાઉનો એના પ્રત્યેનો અણગમો સાવ છૂપો રહી શકતો ન હતો. મેજર નેબ્સને પણ લાગ્યું કે પાછળથી આવેલા આ હરીફની અહીંની હાજરીથી કાઉમાઉ કાંઈક અસ્વસ્થ જણાતો હતો.

'તમે બધાં અંગ્રેજો છો.' કાઉમાઉએ ગ્લેનાર્વનને પૂછ્યું.

'હા જી.' ગ્લેનાર્વનને ખ્યાલ આવ્યો કે અંગ્રેજો તરીકેની એમની ઓળખ માથા સાટે

માથાની અદલાબદલી માટે અનુકૂળ સ્થિતિ હતી. વધુમાં બોલ્યો, 'અમારા જહાજને નજીકના દરિયામાં તોફાન નડ્યું હતું. તે નષ્ટ થતાં અમે આ જમીન ઉપર આશ્રય લીધો છે. અહીં ચાલી રહેલી લડાઈ અંગે અમને કાંઈ જ માહિતી નથી.'

'તમે કેવી રીતે અહીં આવ્યા તેનું કાંઈ જ મહત્ત્વ નથી. દરેક અંગ્રેજ અમારો દુશ્મન છે. તમે લોકોએ અમારા દેશ ઉપર આક્રમણ કર્યું છે. અમારા લોકોની હત્યા કરી છે. માલમત્તા તથા અમારી જમીન જાયદાદ ખૂંચવી લીધાં છે.' તે કરડાકીભર્યા અવાજે બોલ્યો.

'એમનું એવું કૃત્ય ખોટું જ છે અને અમે તેનો વિરોધ કરીએ છીએ.' ગ્લેનાર્વને હિંમતથી કહ્યું અને વધુમાં બોલ્યા, 'અમે અહીં કેદી છીએ અને તમને સારું લાગે એટલા ખાતર હું આ બોલું છું એવું નથી, પરંતુ હું માનું છું અને તેથી જ આ બોલું છું.'

'તો સાંભળી લો. નાવ-અટાઉ ટોળીના એમના વડા ધર્મગુરુ તોરાંગો અત્યારે તમારા લોકોની કેદમાં છે. એમના તરફનો સંદેશો છે કે તમને સોંપીને એમને કેદમાંથી મુક્ત કરાવવા. અમારા ગુરુની આજ્ઞા છે એટલે અમારે તેનું માન રાખવું પડે છે. બાકી મારું ચાલે તો તમારાં લોકોનાં માથાં ફોડીને તેમાંથી તમારાં મગજ ખાઈ જાઉં.' અત્યાર સુધી પ્રમાણમાં શાંત રહેલા કાઉમાઉનું મોં આટલું બોલતાં ગુસ્સાથી લાલચોળ બની ગયું. તંગ બનેલા એના ચહેરા ઉપરથી લાગ્યું કે ગુરુ તરફનો આદેશ ન હોત તો એણે આ કેદીઓનો આખરી ફેંસલો કરી નાખ્યો હોત. વધુમાં પૂછ્યું,

'તને લાગે છે કે તમારા બદલામાં તમારા લોકો અમારા માણસોને મુક્ત કરશે?'

થોડી ચૂપકીદી બાદ વિચાર કરીને ગ્લેનાર્વન બોલ્યા,

'એ અંગે હું અત્યારે કાંઈ પણ કહેવાની સ્થિતિમાં નથી.'

'તું માને છે કે તારી જિંદગી અમારા ધર્મગુરુની તોલે આવી શકે?'

'ના જી. હું એવું માનતો નથી. અમારા લોકોમાં હું નથી કોઈ મુખિયા કે નથી ધર્મગુરુ. હું સાવ સામાન્ય માણસ છું.'

'શું તું એવું માને છે કે તારા બદલામાં, તારા લોકો અમારા ધર્મગુરુને મુક્ત નહીં જ કરે?'

'મારા એકલાના બદલામાં તો નહીં જ. હા! અમે બધાં માણસોના બદલામાં હોય તો કદાચ તૈયાર થાય.' ગ્લેનાર્વને પોતાની ઊલટતપાસનો જવાબ આપ્યો.

'અમારી પ્રજામાં એવો રિવાજ છે કે માથા સાટે માથું આપવું.'

'જો એવું જ હોય તો પ્રથમ આ મહિલાઓને એવા બદલામાં મોકલી શકો છો. અમારા દેશમાં સ્ત્રીઓ સન્માનને પાત્ર ગણાય છે.'

ગ્લેનાર્વનના આ શબ્દો સાંભળીને કાઉમાઉ થોડા સમય માટે કાંઈક વિચારતો રહ્યો, પરંતુ ત્યાર બાદ ગ્લેનાર્વન સાથે આંખો મેળળીને ગુસ્સાથી બોલ્યો,

'ધોળિયા દુશ્મન! તું શું એમ માને છે કે અમને કાંઈ સમજ પડતી નથી. અમને ખબર છે કે તું અમને છેતરવા માગે છે. શું એ સ્ત્રી તારી પત્ની નથી?'

'નહીં...! આપણી કેદમાં પકડાયેલા આ લોકો સાથેની આ સ્ત્રી હવેથી મારી પત્ની છે.'

કાઉમાઉની બાજુમાં ઊભેલો કારા-ટેટ એકદમ બરાડો પાડી ઊઠ્યો. એટલું જ નહીં, પરંતુ હેલીના તરફ તેને પકડવા માટે આગળ વધ્યો. ગ્લેનાર્વનની બાજુમાં જ ઊભેલી હેલીનાનો હાથ પકડી તેને પોતાના તરફ ખેંચવા લાગ્યો. આ પ્રકારના અણધાર્યા અને અણછાજતા હુમલાથી હેલીના ડઘાઈ ગઈ. ગભરાટમાં તે ચિત્કાર કરી ઊઠી,

‘ઍડવર્ડ!’

પત્ની હેલીના સાથેના આ દુર્વ્યવહારથી ગુસ્સે ભરાયેલા ગ્લેનાર્વને પોતાના કપડામાંથી સંતાડેલી પેલી પિસ્તોલ તરત જ બહાર કાઢી. કોઈ કાંઈ પણ સમજે તે પહેલાં જ પિસ્તોલ તેણે પેલા રાક્ષસના લમણા પાસે ધરી. ઠંડે કલેજે એનો ઘોડો દબાવ્યો. ધડાકા સાથે વછૂટેલી ગોળી કારા-ટેટના લમણામાં ઘૂસી ગઈ. ધડાંગ અવાજ સાથે એ મહાકાય યોદ્ધો હેલીનાના પગ પાસે ઢળી પડ્યો. કૅપ્ટન મેંગલ્સ ત્યાં જ નજીકમાં ઊભો હતો.

ગોળી છૂટવાનો ધડાકો અને એ સાથે યોદ્ધાના ઢળી પડવાના બનાવથી પળભર માટે ત્યાં સ્તબ્ધતા છવાઈ ગઈ, પરંતુ વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવતાં ત્યાં ધમાલ મચી ગઈ. ફરતે ઊભેલા તમામ યોદ્ધાઓ આ કેદીઓ સામે ધસી આવ્યા.

ચારે તરફ દોડાદોડી થવાને કારણે મેદાનમાં અંધાધૂંધી મચી ગઈ. કાઉમાઉ કાંઈક વિચિત્ર નજરે ગ્લેનાર્વન તરફ જોઈ રહ્યો. તરત જ સભાન બનીને ઊંચો હાથ કરી ગ્લેનાર્વન તરફ ધસી રહેલા યોદ્ધાઓ તેની નજીક જતાં અટકાવ્યા. તરત જ મોંમાંથી ‘મોકો મોકો’ શબ્દોનું ઉચ્ચારણ કર્યું. એ શબ્દોની જાદુઈ અસર થઈ. સૌ પાછળ હટી ગયા. થોડી મિનિટો બાદ કેદીઓને વારે-અટોઉઆ વાળી પેલી ઝૂંપડીમાં ફરીથી લઈ જવામાં આવ્યા, પરંતુ એ દરમિયાન કેદીઓમાં રૉબર્ટ અને પેગેનલ ગુમ થયેલા જણાયા. બાકીના કેદીઓએ તેની નોંધ લીધી, પરંતુ તેઓ અત્યારની સ્થિતિમાં કાંઈ જ કરી શકવાની સ્થિતિમાં ન હતા.

૧૧
મુખિયાની અંતિમક્રિયા

માઓરીઓની આ ટોળીનો મુખિયા કાઈ-કાઉમાઉ ટોળીનો વડો હોવા ઉપરાંત એમનો ધાર્મિક ગુરુ પણ હતો. એને જ 'મોકો મોકો' તરીકે ઓળખાતો ધાર્મિક પ્રતિબંધ લાદવાની સત્તા હતી. કોઈ પણ માણસ કે વસ્તુને તે પવિત્ર છે, અપવિત્ર છે કે દુષિત છે એવું જાહેર કરીને બીજાઓને એનાથી દૂર રાખવાની એ ધર્માજ્ઞા ગણાતી. એનો ભંગ કરનારને એમાં રહેલી દૈવી કે આસુરી શક્તિ એની એવી અવમાનના કરવા માટે મૃત્યુદંડ જેવી સજા કરી શકે છે, એવી અંધશ્રદ્ધા આ લોકોમાં હતી. એવી સજા કરવામાં કોઈ કારણથી એવો દેવતા વિલંબ કરે તો એ ધર્મગુરુ એમાં ઝડપ કરવા વિનંતી કરી શકે એવી પણ લોકોમાં માન્યતા હતી.

પોલિનેશિયા કહેવાતા અહીંના સમગ્ર જળવિસ્તારમાં આવેલા ટાપુઓમાં 'મોકો મોકો' સંબંધમાં આવી જ અંધશ્રદ્ધા પ્રચલિત હતી. મુખિયાઓ ક્યારેક અંગત હેતુ માટે પણ વસ્તુ કે વ્યક્તિને અસ્પર્શ્ય જાહેર કરતા અને તેની પાછળનો હેતુ સમજ્યા વિના કેવળ અંધશ્રદ્ધાથી લોકો એનું શબ્દશઃ પાલન કરતા. કોઈ મહત્ત્વની વ્યક્તિના મૃત્યુ બાદ પણ કેટલાક સમય માટે એના શરીરને કે એને દફનાવવાના સ્થાનને પણ મોકો જાહેર કરવાનું સામાન્ય હતું.

ટોળીના કોઈ માણસે ટોળી કે મુખી વિરુદ્ધ કોઈ ગુનો કર્યો હોય કે અવમાનના કરી હોય ત્યારે એવા કોઈ પણ હેતુ માટે એની વિરુદ્ધ પ્રતિબંધ ફરમાવવામાં આવતો. એવી સ્થિતિમાં એ માણસ બાકીના સમાજથી સાવ તરછોડાયેલો ગણાતો. જોકે બહારના લોકોને હાસ્યાસ્પદ લાગે તેવા ઉપાયો કરવાની એ વ્યક્તિને છૂટ હતી. કોઈ ચોક્કસ સમય માટે ભોજન કરવા ઉપર પ્રતિબંધ લદાયો હોય ત્યારે એ વ્યક્તિને તેના ગુલામો કે સંબંધીઓ ખવડાવી શકતા, પરંતુ જેને એવી સગવડ ન હોય તેમણે પ્રાણીની જેમ પોતાના મોંએથી લઈને ખાવું પડતું.

રાજ્યના કાયદા કરતા પણ મોકો મોકોના ફતવાઓ વધુ અસરકારક હતા. કોઈ પણ વ્યક્તિ એનો પ્રતિવાદ કે વિરોધ કરી શકતી નહીં.

કાઈ-કાઉમાઉ મુખિયાએ આ કેદીઓને પણ મોકો મોકો જાહેર કર્યા હતા. એ કારણે જ એમની વિરુદ્ધના તમામ હોકારા-પડકારા બંધ હતા. એ ઉપરાંત તાત્કાલિક તો લોકોના આક્રોશથી બચી ગયા હતા.

કાઉમાઉની આજ્ઞાથી યોદ્ધાઓ આ કેદીઓને વારે-અટાઉઆ વાળી ઝૂંપડીમાં ફરીથી લઈ ગયા. એ સ્થળે પૂરેપૂરી શાંતિ હતી. તત્કાળ રાહત મળી હોવા છતાં પોતે તથા સાથીઓ હવે પૂરેપૂરા ભયમુક્ત હોવાનો કોઈ ભ્રમ ગ્લેનાર્વનના મનમાં ન હતો. કારા-ટેટની હત્યા માટે એને તો મૃત્યુદંડની સજા થવાની જ હતી તેની ખાતરી હતી, છતાં એને અપેક્ષા હતી કે એવા ગુના માટે

એના સાથીઓ સામે કોઈ પગલાં ન લેવાય.

કેદીઓ માટે એ કતલની રાત્રિ હતી, સૌના મનમાં અજંપો હતો. બીજા દિવસે ઘૃણાસ્પદ મોતની જ એમને ચિંતા હતી. એ ઓછું હોય તેમ રૉબર્ટ અને પેગેનલ ગુમ થયા હતા. તેની તપાસ કરવાનું શક્ય ન હતું. આદમખોર માઓરીઓના આ રાફડામાં એમનું ભાવિ પણ બાકીનાઓથી અલગ હોવાની કોઈ શક્યતા ન હતી. કોઈ પણ સ્થિતિમાં આશાવાદી રહેતા મેજર નેબ્સે પણ હવે જીવતા રહેવાની આશા છોડી દીધી. રૉબર્ટની ગેરહાજરીથી અસ્વસ્થ બનેલી મૅરીની દશા દયાજનક હતી. કૅપ્ટન મેંગલ્સથી મૅરીની એવી અવદશા સહન થતી ન હતી. છતાં એ પણ લાચારી અનુભવતો હતો.

પતિ ગ્લેનાર્વનના હાથમાં પિસ્તોલ મૂકતી વખતે હેલીનાએ ઇચ્છા જાહેર કરી હતી કે આ નરપિશાચોના હાથમાં ગુલામડી બનવા કરતાં તે મૃત્યુને વધુ પસંદ કરશે. ગ્લેનાર્વન એના ઉપર મગજ ઘસતા રહ્યા. એવી સ્થિતિમાંથી પત્નીને મુક્તિ અપાવવાની હિંમત પોતે બતાવી શકશે ખરા? અત્યારે એની પાસે એ પ્રશ્નનો કોઈ જવાબ ન હતો.

એવી જ સ્થિતિ મૅરી ગ્રાન્ટની પણ હતી. ગુલામ બનવા કરતાં એણે પણ મોતને વધારે પસંદ કર્યું હતું, પરંતુ એવી અપેક્ષા પૂરી કરવા એ કોને કહી શકે? કૅપ્ટન મેંગલ્સ પણ એવી જ માનસિક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હતો.

માનસિક વિટંબણાઓથી ભરેલી એ ભયાનક રાત દારુણ અજંપામાં પસાર થઈ. ૧૩મી ફેબ્રુઆરીનો દિવસ ઊગ્યો. ઝૂંપડીના દરવાજા બહાર નખશીખ શસ્ત્રસજ્જ એવા દસ યોદ્ધાઓનો કડકાઈભર્યો પહેરો હતો. સાંજના ભોજન માટે આપવામાં આવેલી થોડી વસ્તુઓ હજી જેમની તેમ પડી હતી. સૌની ભૂખ મરી ગઈ હતી. દિવસ દરમિયાન મુખિયા તરફનો કોઈ જ અણસાર મળ્યો ન હતો. જોકે એમાં કોઈ પણ પ્રકારની રાહત મળવાની આશાને અવકાશ ન હતો. ગ્લેનાર્વનને એમ હતું કે જ્યાં સુધી એણે ઢાળી દીધેલા કારા-ટેટની અંતિમક્રિયા ન થાય ત્યાં સુધી જ એમનું જીવન હતું. એવી વિધિ થયા બાદ એક પળનો પણ વિલંબ થવાની શક્યતા ન હતી.

કેદી બનેલા પોતાના યોદ્ધાઓના બદલામાં મુખિયા કાઉમાઉ પોતાને અને પોતાના સાથીઓને મુક્ત કરશે એવી કોઈ આશા ગ્લેનાર્વનને હવે જણાતી ન હતી, પરંતુ મેજર નેબ્સ આશાવાદી હતો. એ માટે કારણ પણ હતું હેલીના સાથેના દુર્વ્યવહાર માટે ગ્લેનાર્વનને જ્યારે કારા-ટેટને ગોળી મારી હતી, ત્યારે પોતાના એક પ્રતિસ્પર્ધીનું બારોબાર કાસળ નીકળી ગયું હોવાનો સંતોષભાવ કાઉમાઉના ચહેરા ઉપર તેણે જોયો હતો. પોતાના મદાંધ અને ઉદ્દંડ હરીફનો એ રીતે કાંટો નીકળી જતાં મુખી કાંઈક હળવો બનશે એવી એને આશા હતી. સજાના અમલમાં થઈ રહેલી ઢીલમાં મેજરને એવી આશા દેખાતી હતી. બીજા સાથીઓ તો એવું કાંઈ વિચારતા પણ નહોતા.

ઝૂંપડીમાંની કેદનો આખો દિવસ એ રીતે બેચેનીમાં ગયો. બીજો દિવસ પણ પૂરો થયો. સજાના અમલમાં થઈ રહેલા વિલંબ માટે દેખીતું કોઈ કારણ કેદીઓને સમજાતું ન હતું. અહીંના માઓરીઓની માન્યતા પ્રમાણે માણસના મૃત્યુ બાદ એનો જીવ ત્રણ દિવસ સુધી એ શબમાં વાસ કરતો હોય છે. ત્યાં સુધી શબને જાળવી રાખવું જરૂરી ગણાતું. ત્યાર બાદ જ એની દફનવિધિ કરવામાં આવતી.

બીજા દિવસે સવારે જ મૃત્યુદંડનો આદેશ હોવા છતાં ગ્લેનાર્વન અને સાથીઓને ત્રણ

દિવસનું જીવનદાન મળ્યું. કિલ્લામાં કોઈ પ્રવૃત્તિ જણાતી ન હતી. બધું સૂમસામ હતું. હવે તો પંદરમી ફેબ્રુઆરીનો ત્રીજો દિવસ વીત્યા પછી જ જે કાંઈ બનવાનું હશે તે બનશે એવી ફડક સાથે સૌ સેંકડો, મિનિટો અને કલાકોની ગણતરી કરતાં રહ્યાં. અહીંની કેદના પહેલા દિવસે રૉબર્ટે કર્યું હતું તેવી જ રીતે કૅપ્ટન મેંગલ્સ પણ વિલ્સનના ખભા ઉપર ચઢીને દીવાલની આડશની ઉપરના ભાગમાંથી બહારના ચોગાન ઉપર નજર રાખતો હતો. કેદખાનાના સંત્રીઓની બદલી સિવાય બધું સ્થગિત હતું.

ત્રીજો દિવસ પૂરો થયો. ચોથા દિવસની સવાર પડતાં કિલ્લામાંનાં મકાનો તથા ઝૂંપડીઓના દરવાજા ખુલ્લા થયા. શોકનો એ તબક્કો પૂરો છતાં એમાંના તમામ સ્ત્રી-પુરુષો તથા બાળકો પણ કિલ્લાના મેદાનમાં આવીને શાંતિથી ઊભાં રહ્યાં. થોડી વારમાં કાઉમાઉ પણ પોતાના ઘરમાંથી બહાર નીકળીને ત્યાં જ બનાવવામાં આવેલા ઊંચા પ્લૅટફૉર્મ ઉપર ચડીને ઊભો રહ્યો. એની ફરતો એના માણસો અર્ધચંદ્રાકારે ઊભા રહી ગયાં. સૌ શાંત હતાં.

મુખીએ નજીકમાં ઊભેલા યોદ્ધાઓને ઇશારો કર્યો. કેદીઓને ત્યાં લઈ જવાનો એ સ્પષ્ટ આદેશ હતો. વિલ્સનના ખભા ઉપર ઊભા રહીને બહારનું દૃશ્ય જોઈ રહેલા કૅપ્ટનના જણાવ્યા પ્રમાણે યોદ્ધાઓ ઝૂંપડી તરફ આવી પણ રહ્યા હતા. અંતકાળ નજીકમાં જ હોવાની સૌને ખાતરી થઈ ગઈ.

'મેં જણાવેલી મારી ઇચ્છા તમને યાદ છે ને?'

ગંભીર અવાજે બોલતાં હેલીનાએ ગ્લેનાર્વનનો હાથ પકડી લીધો. એ હાથને મૃદુતાથી દબાવીને પતિએ પોતાની સંમતિ દર્શાવી. એમાં આશ્વાસનનો ભાવ પણ હતો. નજીકમાં જ ઊભેલી મૅરી ગ્રાન્ટ પણ અસ્વસ્થ હતી. કૅપ્ટન મેંગલ્સની વધુ નજીક જઈ ગદ્‌ગદિત અવાજે બોલી,

'જો મૅડમ હેલીના પોતાના સંભવિત ઘૃણાસ્પદ મોતમાંથી પોતાના પતિ પાસે પોતાની ગૌરવભરી મુક્તિ માગી શકતી હોય તો શું હું એવી માગણી તમારી પાસે કરી શકું? આપણો અંત નજીક છે. ત્યારે તમારી પાસે હું પણ એવી જ અપેક્ષા વ્યક્ત કરું છુ.'

'મૅરી! મારી મૅરી!!' બોલતા મેંગલ્સે મૅરીના બંને હાથ પકડી લીધા. એ પોતાના ભાવાવેશને છુપાવી શક્યો નહીં. આંખોમાંથી આંસુ સરી પડ્યાં.

એ આગળ કાંઈ પણ બોલે તે પહેલાં જ ઝૂંપડીના બારણા ઉપરનો પડદો ઊંચો થયો. અંદર પ્રવેશીને યોદ્ધાઓ બધા જ કેદીઓને મુખિયા સમક્ષ લઈ ગયા. સામે શાંત બનીને ટોળું સાંભળે તે રીતે કાઉમાઉ કઠોર અવાજે બોલ્યો,

'અમારા એક યોદ્ધા કારા-ટેટની તેં હત્યા કરી છે?'

'હા જી.'

'આવતી કાલે સૂરજ ઊગે ત્યારે તારે મરવાનું છે.'

'મારે એકલાએ જ મરવાનું છે?' ગ્લેનાર્વને પોતાની છાતી ઉપર હાથ મૂકીને સ્વસ્થતાથી પૂછ્યું.

'જરૂર, જો અમારા ધર્મગુરુ તોહાન્ગાની જિંદગી તારી જિંદગીથી વધુ કીમતી ન હોય તો.'

કાઉમાઉ દાંત ભીંસીને ગુસ્સામાં બોલ્યો.

બરાબર એ જ વખતે સ્થાનિકોના ટોળામાં ખળભળાટ મચી ગયો. ગ્લેનાર્વને જોયું કે

લોકોના ટોળાની પાછળથી ઝડપથી આવનાર એક યોદ્ધાને આગળ આવવા માટે લોકો બે ભાગમાં વહેંચાઈ ગયા. એમણે માર્ગ ખુલ્લો કર્યો. દોડતો આવીને મુખીની સામે તે ઊભો રહી ગયો. તે હાંફતો હતો. એને જોઈને પૂછ્યું,

'તું એ ધોળિયાઓના કૅમ્પ નજીકથી આવ્યો લાગે છે.'

'હા જી.'

'એમણે કેદી બનાવેલા આપણા ધર્મગુરુ તોહાન્ગાને તેં જોયા છે?'

'હા જી.'

'જીવતા કે મરેલા?'

'મરેલા. અંગ્રેજોએ ગોળી મારી એની હત્યા કરી છે.'

'થયું ત્યારે!!! હવે બધાંએ જ મરવાનું રહેશે.' કેદીઓને મનોમન ખાતરી થઈ ગઈ.

પળભર માટે ત્યાં સન્નાટો છવાઈ ગયો. અંગ્રેજોએ પોતાના ધર્મગુરુની હત્યા કરી હોવાનો ખ્યાલ આવતા જ કાઈ-કાઉમાઉ ગુસ્સાથી ધ્રૂજી ઊઠ્યો. તેણે બરાડો પાડ્યો,

'હવે તમારે બધાએ જ કાલે સવારે મરવાનું રહેશે. સૂરજ ઊગે ત્યારે તમને મૃત્યુદંડ અપાશે.'

મુખીનો આદેશ સાંભળીને ગ્લેનાર્વન તથા અન્ય સાથીઓને હાશ થઈ. નિશ્ચિત બની ગયું કે હવે એકલા ગ્લેનાર્વને જ નહીં, પરંતુ બધાએ જ સાથે મરવાનું હતું. સૌએ રાહત અનુભવી કે વધારાનો ત્રાસ ભોગવવા કોઈ પણ હવે પાછળ રહેવાનું ન હતું.

હવે પછી આ કેદીઓને વારે-આટોઉઆની ઝૂંપડીમાં લઈ જવાના ન હતા, પરંતુ આત્માથી મુક્ત થયેલા કારા-ટેટની લોહિયાળ અંતિમક્રિયા નજરોનજર તેઓ જોઈ શકે તે માટે તેની નજીકના સ્થળે લઈ જવાના હતા. એ પ્રસંગ માટે ખાસ બનાવવામાં આવેલા ઊંચા પ્લૅટફૉર્મ જેવા સ્થળે મૃતકના શરીરને લાવવામાં આવ્યું. ચાલી આવેલા રિવાજ પ્રમાણે એના શરીર ઉપર કીમતી વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં હતાં. રંગીન પીછાં તથા લીલાં પાંદડાંથી શરીરને સુશોભિત કરાયું હતું. આખા શરીરે કોઈક પ્રકારનો ચીકણો પદાર્થ લગાવાયો હતો. કદાચ તેને કારણે જ હજી એ દુર્ગંધ રહિત અને યથાવત્ સ્થિતિમાં જળવાઈ રહ્યું હતું.

એ સ્થળે શબ મૂકતાં જ એનાં સગાંસંબંધીઓ તથા મિત્રો એની ફરતે ઘેરાઈ વળ્યાં. થોડી પળોમાં જ ત્યાં રોકકળનો સામૂહિક અવાજ શરૂ થયો. એમાં આંસુ હતાં. ડૂસકાં હતાં, તો હત્યારા માટે ફીટકાર અને શાપના અવાજો પણ હતા. એકધારા લય સાથે કયાંય સુધી મરશિયા ગવાતા રહ્યા. ત્યાર બાદ પુરુષો એ મંચ સાથે માથું અફાળવા લાગ્યા અને સ્ત્રીઓ પોતાના નખથી ગાલ ઉપર ઉઝરડા પાડવા લાગી.

પરંતુ મરનારના આત્માની શાંતિ અને સદ્ગતિ માટે શોકની એટલી અભિવ્યક્તિ પર્યાપ્ત ગણાતી ન હતી. એમાં જો કાંઈ કચાશ રહી જાય અથવા એની કોઈ ઇચ્છા અધૂરી રહી જાય તો એનો અભિશાપ ટોળીના બાકી રહેલા લોકો ઉપર ઊતરી શકે અને તેમનું અહિત થાય, તેવી આ લોકોની માન્યતા હતી. એવી શક્યતા ટાળવા માટે એની અહીંની દુનિયાની બધી જ જરૂરિયાતો બીજી દુનિયામાં પણ મળતી જ રહે તેવી વ્યવસ્થા કરવાનો રિવાજ હતો. કારા-ટેટની પત્નીએ તો પોતાના પતિથી અલગ થવાનું હોય જ નહીં. પતિની સાથે જ જવાની તેની ફરજ ગણાતી.

સૌની પાછળ ધીમેધીમે ચાલતી એની પત્નીની પધરામણી થઈ. હજી એ સાવ જુવાન

હતી. એના લાંબા અને વિખરાયેલા વાળ એના બંને ખભાઓ ઉપર ઝૂલતા હતા. ત્યાંનું શોકમગ્ન ગમગીન વાતાવરણ પત્નીના આક્રંદ અને ચીસોથી વધુ ઘેરું બન્યું. એનો વલોપાત સતત ચાલુ જ હતો. પતિના મૃતદેહ પાસે મંચની ધાર સાથે તે સતત માથું અફળાવા લાગી. આખરે મંચની નીચે બેભાન બનીને ઢળી પડી. નિશ્ચેતન પડેલા એ નારીદેહની સ્થિતિ જોવા કાઈ-કાઉમાઉ એની નજીક ગયો. એણે જોયું કે એ શરીરમાં હજી પણ થોડું ચેતન હતું. એ સ્ત્રી આગળ કાંઈક વધુ સળવળાટ કરે તે પહેલાં જ મુખિયાના હાથમાંની ભારેખમ લાઠીનો એક જોરદાર ફટકો એના માથા પર પડ્યો. માંડમાંડ જીવી રહેલી એ અભાગી સ્ત્રી માટે એવો ફટકો છેલ્લો જ બની ગયો. પતિના શબની નીચેના ભાગમાં પત્ની પણ શબ બની ગઈ.

કેદીઓ માટે આ ઘટના અસહ્ય હતી, તો ટોળીના માણસો માટે પણ એ કોઈ સામાન્ય બાબત ન હતી, ચિત્કાર સાથે સૌના હાથ એના હત્યારા પેલા ધોળિયા કેદી તરફ તકાયેલા હતા. તેઓ સૌ શાપ વરસાવી રહ્યાં. તેમનું ચાલ્યું હોત તો તેમણે કેદીઓને ત્યાં જ જીવતાં ફાડી ખાધાં હોત, પરંતુ વિધિ હજી પૂરી થઈ ન હતી. સૌ પોતપોતાના સ્થાને જ ઊભાં હતાં.

તરત જ પત્નીના મૃતશરીરને પણ પતિના શરીરની જોડાજોડ સૂવડાવવામાં આવ્યું. બંનેએ બીજી દુનિયામાં પણ સાથે જ રહેવાનું હતું, પરંતુ ત્યાં સુખચેનથી રહી શકે તે માટે અહીંના જેવા સેવકો કે ગુલામોની જરૂર રહેવાની હતી. મરનારના ઘરમાં જ રહીને તેમની સેવા કરતા છ જેટલા અભાગી પુરુષોને ત્યાં લાવવામાં આવ્યા. જુદી જુદી ટોળીઓ વચ્ચે ચાલતાં અવિરત યુદ્ધોમાં પકડાયેલા એ દુશ્મન સૈનિકો હતા. પકડાયા બાદ ગુલામ બનાવવામાં આવેલા એવા હટ્ટાકટ્ટા યુવાનોએ બાકીની જિંદગી આમ પણ ગુલામ તરીકે જ પૂરી કરવાની હતી. હવે એમના માલિકના મૃત્યુ બાદ બીજી દુનિયામાં પણ તેમની સેવા કરવા માટે તેમણે જવાનું હતું. અહીંની તેમની જિંદગીમાં પણ તેમને ભાગ્યે જ સૂર્યપ્રકાશ જોવા મળતો. ઘરના પાલતુ પ્રાણીઓ કરતાં પણ બદતર જીવન જીવતા એ કમનસીબ ઇન્સાનોનું ભયાનક હદે શારીરિક તેમ જ માનસિક શોષણ થતું હતું.

એમના હાથ-પગ છૂટા જ હતા. તેમની આંખોમાં મોતનો ભય તરવરતો હતો. પોતાના બિહામણા ભાવિની તેમને ખબર હોય તે રીતે મરવા માટે પોતાના માલિક અને માલિકણના મૃતશરીરોની સામે હારબંધ ઊભા રહી ગયા. અહીં આ સ્થળે તેમણે કોઈ ત્રાસદાયી અમાનુષી વિધિમાંથી પસાર થવાનું ન હતું. એવી ત્રાસદાયી અગ્નિપરીક્ષા ત્યાં ઊભેલા ધોળિયા કેદીઓ માટે અનામત હતી. તેમણે જ એમના માલિકની હત્યા કરી હતી.

મજબૂત લાઠીધારી છ પઠ્ઠાઓ આગળ આવ્યા. પેલા કમનસીબ ગુલામો કાંઈ સમજે તે પહેલાં જ એકીસાથે છ લાઠીઓના કરારા ઘા એમના માથા ઉપર થયા. તમામનાં માથાં ફાટી ગયાં. લોહીના ફુવારા ઊડ્યા. એકીસાથે છ જેટલાં માનવશરીરો પેલાં બે શબ ભેગા શબ બનીને તેમના લોહીનાં ખાબોચિયાંમાં ઢળી પડ્યાં.

આદમખોરોના આખાં ટોળાં માટે જયાફતની એ સૂચના હતી. યોદ્ધો અને તેની પત્નીનાં શરીરો મોકો મોકોની ધર્માજ્ઞાથી અસ્પર્શ્ય હતાં. તેમને અડકવાનો તો કોઈ પ્રશ્ન જ ન હતો, પરંતુ ગલામોનાં શરીરો માટે એવા કોઈ રક્ષણની જરૂર જ ન હતી. તેઓ ગુલામો હતા. માણસો નહીં. એમના બલિની વિધિ પૂર્ણ થઈ હતી. ભાગ્યે જ મળતી માનવમાંસની જયાફત માટે સૌ ઉતાવળા હતા. એમના યોદ્ધાના મૃત્યુનો શોક તત્કાળ વિસરાઈ ગયો. ગુલામોના શરીરની જયાફતમાં જ કદાચ તેના આત્માને શાંતિ મળતી હોવાની તેમની માન્યતા હશે. એમાં કારણ ગમે તે હોય, પરંતુ

માનવશરીરો ઉપર જ તૂટી પડેલાં એ માનવગીધોમાં ઊંચાં સ્થાનના હોદ્દેદારો હતા, યોદ્ધાઓ હતા, વૃદ્ધો હતા, સ્ત્રીઓ હતી, તો બાળકો પણ હતાં.

મૃતદેહોના ટુકડા થયા. તેમાંથી નાના ટુકડા થયા, તેમાંથી પણ મોંમાં ચગળી શકાય એવા વધારે નાના ટુકડા થયા. લાલ રંગની મીઠાઈ હોય તેમ એ ટુકડાઓ ચપોચપ મોંમાં મુકાવા લાગ્યા. કેટલાય દિવસથી સૌ ભૂખ્યા હોય તે રીતે માનવશરીરના અંશો આ માનવભક્ષીઓના જઠરાગ્નિમાં હોમાઈ રહ્યાં. સૌના હાથ, મોં અને કપડાં પણ લાલ રંગે રંગાઈ ગયાં. જંગલી વાઘોનું ટોળું જે રીતે પોતાના શિકાર ઉપર તૂટી પડે અને પોતાના દાંત વડે શરીરમાંથી ટુકડા કાપી લેવા મથે તેવું એ જુગુપ્સાકારક દૃશ્ય હતું. બસો માણસોના ટોળા માટે એટલો ખોરાક સાવ અપૂરતો હતો. વધુ ને વધુ ભાગ પડાવી લેવા માટે તેઓમાં અસરપરસ ધક્કામુક્કી થવા લાગી. હિંસક પ્રાણીઓની જેમ જ એકબીજાની સામે ઘૂરકવા લાગ્યા. નીચે પડેલા માંસના ટુકડાને ઝડપી લેવા અને ઝૂંટવી લેવા પ્રાણીસહજ ખેંચાખેંચી થવા લાગી.

હાડકાંના પિંજરામાં માંસનો એક અંશ પણ બાકી હતો, ત્યાં સુધી એ બીભત્સ અને જુગુપ્સાકારક નાટક જાતજાતના અવાજો સાથે ચાલુ જ રહ્યું. અંધારું થતાં સુધી પશુઓથી પણ બંદતર હુંસાતુંસી ચાલુ રહી. એમનાથી માત્ર થોડા જ ફૂટ દૂર ઊભા રાખવામાં આવેલા પશ્ચિમી જગતમાંથી આવેલા આ કેદીઓ નિઃસહાય બનીને તેને સહન કરતા રહ્યા.

દિવસ આથમતાં મશાલો સળગાવવામાં આવી. એમની નજર સામે જ માનવમાંસભક્ષણની બની રહેલી સામૂહિક ઘટનાથી કેદીઓ ડઘાઈ ગયા હતા. બીજા દિવસે એમના પોતાનાં શરીરો ઉપર પણ એવી જ જયાફત જામવાની હતી, એવો વિચારમાત્ર ધ્રુજારી પેદા કરનારો હતો. સૌનાં શરીર અને મન પૂરેપૂરાં ઠરી ગયાં હતાં. અવાક બનીને સૌ એ આઘાતજનક જયાફતને ફાટી આંખે જોઈ રહ્યાં હતાં. હેલીના અને મૅરી માટે આ ત્રાસદાયક ઘટનાનો ભાર વેઠવાનું અશક્ય હતું. આંખો બંધ કરી હોવા છતાં એમની સામે જ બની રહેલી એ અમાનુષી ઘટના તેઓના મનના પડદા ઉપર દેખાયા જ કરતી હતી. બેભાન બનીને ત્યાં જ ઢળી પડે એવી સ્થિતિ ટાળવા સૌ સાથીઓએ કૂંડાળું વાળી બંને સ્ત્રીઓને પોતાની વચ્ચે રાખી હતી.

નરમાંસની જયાફત પૂરી થઈ. એ સાથે જ યોદ્ધાના શબ અને નરકંકાલોની ફરતે સ્થાનિક બોલીના ગીતોના રાસડા લેવાની શરૂઆત થઈ. તીવ્ર ગંધવાળી માદક મદિરાની પ્યાલીઓ પણ સાથે સાથે ખાલી થવા લાગી. એનો નશો સૌના હાડમાં ઊતરવા લાગ્યો. વર્તુળાકારે ફરતા અને ગીતો ગાતા સૌના પગમાં ચમક આવી, ઝડપ પણ આવી. એમનો અવાજ મોટો થતો ગયો. ઉન્માદની એ ચરમસીમા હતી. ટોળું એમાં ભાન ગુમાવી રહ્યું. એમાં ભાગ્યે જ કાંઈ માનવપણું બાકી રહ્યું હતું.

એ બધામાં એકમાત્ર અપવાદ એમના મુખિયા કાઈ-કાઉમાઉનો હતો. તેણે હજી પણ કાંઈક સ્વસ્થતા જાળવી રાખી હતી. એને લાગ્યું કે ભાન ભૂલેલું ટોળું એણે ફરમાવેલા મોકો મોકોના પ્રતિબંધની પણ અવગણના કરી સામે જ ઊભેલા કેદીઓ ઉપર તૂટી પડવાની શક્યતા હતી. તેમ છતાં શારીરિક રીતે થાકીને ઊભા રહેવાની પણ સૌ શક્તિ ગુમાવી દે, ત્યાં સુધી એમને ઉત્સવમાં વ્યસ્ત રાખવાનું એને જરૂરી લાગ્યું. છેવટે એવી સ્થિતિ આવી ગઈ, જેમાં એમાંના માણસો થાકીને નીચે ઢળી પડવા લાગ્યા.

આખરે ઊંચા હાથ કરીને મુખીએ એ મૃત્યુનાચને અટકાવ્યો. ઘડીભર શાંતિ પથરાઈ.

કારા-ટેટ અને તેની પત્નીની અંતિમ વિધિની શરૂઆત કરવામાં આવી. બંનેનાં શરીરોને

રિવાજ મુજબ વાંકાં વાળવામાં આવ્યા. જડ બની ગયેલાં એ મૃત શરીરોને એ રીતે વાળીને ખાસ તૈયાર કરવામાં આવેલી પાલખીમાં બેસાડીને દફનસ્થળે લઈ જવાનાં હતાં. એમને માટે કિલ્લાની બહાર, મંગાનામું ડુંગરની ટોચના સપાટ ભાગમાં કબર ખોદવામાં આવી હતી. જોકે એ એક કામચલાઉ દફનવિધિ હતી. કબરની માટી સાથે બંનેનાં શરીરોમાનું માંસ ઓગળી જાય અને કેવળ હાડકાંનું માળખું જ રહી જાય ત્યાં સુધી જ એને એમાં રાખવાના હતા. ત્યાર બાદ હાડકાંને ત્યાંથી બહાર કાઢીને તેની આખરી અંતિમક્રિયા કરવાની હતી.

આઠસો ફૂટની ઊંચાઈનો મંગાનામું ડુંગર એમના આ કિલ્લાના સ્થાનથી બે માઈલ દૂર હતો. એટલી ઊંચાઈએથી નજીકમાં જ આવેલું તાઉપો સરોવર સ્પષ્ટ રીતે જોઈ શકાતું હતું. બંને શબોને દફનવિધિ માટેના એ સ્થળે લઈ જવા માટેની પાલખીમાં સામસામા બેસાડવામાં આવ્યાં. આગળ-પાછળ બબ્બે યોદ્ધાઓએ પાલખીને પોતાના ખભે ઉપાડી લીધી અને મંગાનામું ડુંગર તરફ ચાલવા માંડ્યું. એની પાછળ મરણનાં ગીતો ગાતું પેલું ટોળું પણ ચાલવા લાગ્યું. માનવરક્તથી રંગાયેલું એ સ્થાન થોડી જ પળોમાં ખાલી થઈ ગયું. કોલાહલ પણ શાંત થયો. ખાલી બનેલું એ સ્થળ હવે વધુ ભયાનક લાગ્યું. કેદીઓ અને તેના રક્ષકો જ હવે ત્યાં બાકી રહી ગયા.

મુખિયાના આદેશ અનુસાર એ રક્ષકોએ આ કેદીઓને તેમના મૂળ સ્થાને ફરીથી બંધ કરી દીધા. સૌ મૂંગા હતા. ઝૂંપડીની ફરતે સંત્રીઓનો પહેરો ચાલુ થઈ ગયો.

શબોની પાલખીની પાછળ ચાલી નીકળેલું ટોળું ધીમેધીમે કિલ્લાની બહાર નીકળી ગયું. સર્પાકારે કિલ્લામાંથી નીચે ઊતરી રહેલું ટોળું ધીમેધીમે બહાર નીકળી ગયું. એ પછી પણ એમનાં ગીતોનો અવાજ થોડા સમય સુધી સંભળાતો રહ્યો.

કિલ્લામાંથી બહાર નીકળ્યા બાદ બે માઈલના અંતરે આવેલા મંગાનામું ડુંગરના ઢોળાવ પર ચઢવાની સૌએ શરૂઆત કરી. ડુંગરની ખૂંધ ઉપર ધીમેધીમે ચડીને આખરે સૌ ડુંગરની ટોચે પહોંચ્યા. કબર તૈયાર જ હતી. બંને મૃતદેહોને પાલખીમાંથી ઉતારીને ખાડામાં જોડાજોડ મૂકવામાં આવ્યા. તેઓ જીવંત હતા, ત્યારે એમને માટે જરૂરી હતી તેવી તમામ ચીજવસ્તુઓ સાથે મૂકવામાં આવી. એમની સેવા માટે જરૂરી એવા ગુલામોને તો ત્યાં વ્યવસ્થા કરવા માટે અગાઉથી જ મોકલી આપવામાં આવ્યા હતા.

આપ્તજનોએ ત્યાર બાદ શબો ઉપર માટી ઢાંકવાની શરૂઆત કરી. એમનાં શરીરોનું વિઘટન જલદીથી થઈ શકે તે માટે માટી સાથે ઘાસ, કચરો તથા અન્ય પદાર્થો પણ ભેળવવામાં આવ્યા.

અહીંની ભાષામાં ઓડુપા તરીકે ઓળખીતા એ દફન-સ્થળની કે સમાધિની રક્ષા માટે તેનાથી દૂર ખૂંટાઓ દાટીને આડશ ઊભી કરવામાં આવી. તેની ઉપર પણ આડશો બાંધીને કામચલાવ છાપરું બનાવવામાં આવ્યું. બહારના ખૂંટા અને આડશને લાલ રંગે રંગીને તેને 'મોકો મોકો' જાહેર કરવામાં આવ્યા. હવેથી એ સ્થળ તમામ લોકો માટે અસ્પર્શ્ય બની ગયું. કોઈ માઓરી અહીં આવીને યોદ્ધાની કબરને અડકી શકશે નહીં. ધર્માજ્ઞા તોડવાને કારણે મળતા શાપનો ડર આ પ્રજાને મૃત્યુથી પણ વધુ હતો.

તમામ વિધિઓ પૂરી થતાં જ જે માર્ગે સૌ આવ્યા હતા તે જ સર્પાકાર માર્ગે ટોળું કિલ્લામાં પાછું ફર્યું.

૧૨

ચમત્કારિક ઉગારો

રાત્રિનો સમય શરૂ થયો. તાઇપો સરોવરની પશ્ચિમે આવેલા તુહાહુઆ અને પુકેપાપુ શિખરોની પાછળ સૂરજ નીચે ઊતરી ગયો હતો. અંધારાના આવરણમાં ઠેરઠેર સળગતી મશાલોથી ગાબડાં પડ્યાં હતાં.

મુખિયાના આદેશ પ્રમાણે કેદીઓને વારે-અટોઇઆની પેલી ઝૂંપડીમાં લઈ જવામાં આવ્યાં. એમણે હવે સવાર સુધી અહીં બંધ ઝૂંપડીમાં રહેવાનું હતું. એના દરવાજા ઉપરનો શણનો પડદો પાડી દેવામાં આવ્યો. શસ્ત્રસજ્જ સંત્રીઓએ બહાર પોતાનું સ્થાન સંભાળી લીધું. એમની પૂર્વમાં વાહિતી ડુંગરમાળાના ઝાંખાભૂરા ડુંગરાઓ અંધારા સાથેના ધુમ્મસમાં અદૃશ્ય થઈ ગયા. થોડી જ વારમાં ધરાતલ અંધારાના આવરણ નીચે પૂરેપૂરું અદૃશ્ય બન્યું.

આવતી કાલ સવારનો સૂરજ એ ડુંગરોનાં નીચાં શિખરો ઉપર પોતાનું પહેલું કિરણ રેલાવે ત્યાં સુધીનું જ જીવન આ કમનસીબ કેદીઓ પાસે બચ્યું હતું. બિહામણા અને ત્રાસદાયક મૃત્યુને ભેટવા માટે માનસિક તૈયારી કરવા માટે માત્ર બાર કલાકનો જ સમય બાકી હતો. વીતેલા ખોફનાક દિવસ દરમિયાન તેઓ એક ભયાનક અને જુગુપ્સાકારક ઘટનાના પ્રત્યક્ષ સાક્ષી બન્યાં હતાં. એના અતિરેકથી સૌના મગજ ઠળિયા જેવાં ઠોઠ બની ગયાં હતાં. સૌ શારીરિક અને માનસિક રીતે ધ્વસ્ત હતાં. થાક્યાં હતાં. આગલા દિવસની સાંજે કોઈ કંઈ જ ખાઈ શક્યું ન હતું. એમની એ રાત અજંપામાં જ વીતી હતી. દિવસ દરમિયાન એમની નજર સામે ભજવાઈ ગયેલા બીભત્સ નાટકની ત્રાસદીમાં કોઈને ખોરાક તો શું, પાણી પણ યાદ આવ્યું ન હતું. એમનાં ભૂખ અને તરસ બંને મરી ગયાં હતાં, પરંતુ હવે સ્થિતિ શાંત થઈ હતી. દબાઈ ગયેલી શારીરિક જરૂરિયાતો તીવ્રતર બની. સવારે અસ્પર્શ્ય રહેલી ભોજન સામગ્રી સૌએ સાથે મળીને પેટમાં પધરાવી.

શરીર અને મનને કચડી રહેલા ભારેખમ વાતાવરણમાં એવા જ ધીરગંભીર અવાજ સાથે ગ્લેનાર્વને આખરે મૌન તોડ્યું,

'આવતી કાલે સવારે જે પ્રકારની ભયાનક સ્થિતિનો આપણે સામનો કરવાનો છે, તેને માટે આપણે સ્વસ્થતા કેળવવાની છે. માત્ર બાર કલાક બાદ આપણને ધ્રુજાવી દે તેવું મૃત્યુ મોં ફાડીને આપણી સામે ઊભું રહેવાનું છે. જીવનની એ અંતિમ ક્ષણોમાં પણ આપણે સ્વસ્થતા ગુમાવવાની નથી. પશ્ચિમી જગતના આપણે સુધરેલા લોકો બહાદુરીપૂર્વક હસતાં હસતાં વીરગતિને કેવી રીતે આવકારી શકીએ છીએ તે આ જંગલીઓને આપણે બતાવવાનું છે.'

સાંજની પ્રાર્થનાની શરૂઆત હેલીનાએ જ કરી. ધીરગંભીર સ્વરે બોલાયેલી એ પ્રાર્થના

એમના જીવનની છેલ્લી જ ઈશ્વરસ્તુતિ બની રહેવાની હતી. સૌને હવે બચવાની કોઈ જ આશા રહી ન હતી. સૌ સાથીઓ પૂરી શ્રદ્ધાથી એમાં જોડાયા. જાગ્રતઅવસ્થાનો એ છેલ્લો જ સથવારો હતો.

આગલી રાત્રે કોઈ ઊંઘી શકયું ન હતું. દિવસ દરમિયાન મટકું મારવાનો પણ અવકાશ ન હતો. ઊંઘના આક્રમણ સામે થાકેલાં તન અને મન ઝાઝું ટકી શકે તેમ ન હતાં. સૌએ એકબીજાને જીવ્યામર્યાના છેલ્લા જુહાર પાઠવ્યા. હેલીના અને મૅરી ઝૂંપડીના એક ખૂણામાં એકબીજાની બાંહોમાં સમાઈને નિદ્રાધીન થઈ ગયાં. દિવસભરની ત્રાસદાયી ઘટનાઓ એટલા સમય માટે વિસારે પડી.

બાકીના સાથીઓ સાથે ગ્લેનાર્વને બીજા ખૂણામાં જઈને થોડી ચર્ચા કરી લીધી. સૌને હિંમત આપતાં તેઓ સ્વસ્થતાથી બોલ્યા,

'મિત્રો, આપણી જિંદગી હવે પરમકૃપાળુ પરમાત્માના હાથમાં છે. સવારનું મોત જો એણે ઇચ્છ્યું જ હશે તો તેની ઇચ્છાનુસાર તેને યાદ કરીને સાચા ઈસાઈ તરીકે આપણે બહાદુરીથી તેને ભેટીશું. એ જાણે જ છે કે આપણે સૌ એક ઉમદા હેતુ માટે આ જોખમ ઉઠાવ્યું હતું. એમાં સફળતાને બદલે આપણને મોત મળવાનું હોય તો તેને પણ તેવા જ ઉમળકાથી આપણે આવકારીશું. આપણા જીવનના અંત માટેની એવી ઈશ્વરી ઇચ્છા અતિશય કઠોર છે, પરંતુ આપણે તેનાથી ચલિત થવાનું નથી. અહીં માત્ર સીધુંસાદું મોત નથી, પરંતુ કાંઈક વિશેષ છે. હેલીના અને મૅરી જેવી નાજુક સ્ત્રીઓ ઉપર ત્રાસ અને અત્યાચારોની હેલી વરસવાની શક્યતા છે...' એટલું બોલતાં તેઓ ગળગળા બની ગયા. ભયાનક ગૂંગળામણ અનુભવતા હોય તે રીતે તેમનો શ્વાસ રૂંધાઈ ગયો. ક્યાંય સુધી તેઓ આગળ બોલી શક્યા નહીં.

થોડી વારે સ્વસ્થતા મેળવી કૅપ્ટન મેંગલ્સ તરફ જોઈને બોલ્યા, 'જ્હૉન, મને યાદ છે કે અંતિમ ક્ષણ માટે હેલીનાને મેં જે વચન આપ્યું હતું, તેવું જ આશ્વાસન તેં મૅરીને પણ આપ્યું હતું. એ બાબતમાં હું તારો વિચાર જાણવા ઇચ્છું છું.'

'માલિક, ઈશ્વરને મારી નજર સમક્ષ રાખીને હું કહું છું કે મૅરીની એવી ઇચ્છા પૂરી કરવાની મારી પવિત્રતમ ફરજ રહેશે.'

'તારી વાત સાચી છે, પરંતુ એનો અમલ કરવા માટે આપણી પાસે કોઈ જ હથિયાર નથી.'

'ના માલિક, છેક એવું નથી.' બોલીને મેંગલ્સે પોતાના કપડામાં સંતાડેલું ખંજર ગ્લેનાર્વનના હાથમાં મૂક્યું, 'તમે પેલા કારા-ટેટને ગોળીએ દીધો હતો, ત્યારે તે આપણા બંનેની વચ્ચે જ નીચે ઢળી પડ્યો હતો, તે તમને યાદ હશે જ. કોઈ કાંઈ સમજે તે પહેલાં જ એની કમરે ખોસેલું આ ખંજર મેં ઝડપી લીધું હતું, અને મારા કપડામાં સંતાડી દીધું હતું. આપ સૌને મારી વિનંતી છે કે આપણામાંનો જે છેલ્લો જીવતો હશે તેણે મૅડમ હેલીના અને કુ. મૅરીની ઇચ્છા પૂરી કરવાની છે. લોહી તરસ્યા આ વરુઓને હાથે ત્રાસ પામીને મરવા કરતાં પોતાના સ્નેહીમિત્રોને હાથે સ્વસ્થતાથી મરવાની તેમણે વ્યક્ત કરેલી ઇચ્છા પૂરી કરીને જ છેલ્લા માણસે મરવાનું છે.'

ક્ષણેક્ષણે નજીક આવી રહેલી અંતિમ પળની તૈયારીની વાતો પછી સૌ શાંત બની ગયા. સૌ જાણતા હતા કે એ અવશ્યંભાવિ હતું. કોઈ ચમત્કાર જ તેઓને એમાંથી ઉગારી શકે તેમ હતું. અનેક સશસ્ત્ર યોદ્ધાઓના પહેરામાં અને કિલ્લાની મજબૂત દીવાલોની વચ્ચે એવા ચમત્કારની કોઈ કલ્પના પણ થઈ શકે તેમ ન હતું.

લાંબા મૌન બાદ મેજર નેબ્સના મોંમાંથી અવાજ નીકળ્યો.

‘મિત્રો, આપણો એ નિર્ધાર અંતિમની પણ આખરી પળે જ અમલમાં મૂકવા માટેનો છે. કોઈ એવો ઉપાય જેમાંથી પાછળથી આપણે ઇચ્છીએ તો પણ પાછા વળી ન શકીએ એવા ઉપાયની હું બહુ તરફેણ કરતો નથી. આપણી સાથેના આ બંને ઉમદા જીવોની બાબતમાં આંધળુંકિયાં કરીને કોઈ એવો અપ્રિય ઉપાય યોજવાનો નથી. એમને એ રીતે ગુમાવી દેવાનું આપણને પરવડશે નહીં. એક પળ માટે આપણે થોભ્યા હોત તો... જેવા પસ્તાવા સાથે બાકીનું જીવન વેંઢારવાનું આપણે માટે અસહ્ય બની શકે છે. સરાસર અનિવાર્ય હોય એવી અંતિમ પળે જ એનો અમલ કરવાનો છે.’

‘હું પણ એમ જ માનું છું. એવી આખરી ઘડી આવે તે પહેલાં જ જોખમ લઈને પણ આ રાક્ષસોનો હું સામનો કરવા માગું છું. જોકે એવી સ્થિતિમાં બંને મહિલાઓની ચિંતા તો આપણને રહેવાની જ છે.’ કૅપ્ટન મેંગલ્સે જણાવ્યું.

એ દરમિયાન દરવાજાની ઉપરની પડદાની આડશ સહેજ ખસેડીને એણે બહાર નજર કરી. એણે જોયું કે લગભગ ૨૫ જેટલા યોદ્ધાઓ કેદીઓ ઉપર નજર રાખી રહ્યા હતા. ત્યાંથી દૂરના અંતરે કિલ્લાની દીવાલની નજીક મોટું તાપણું સળગતું હતું. પવનમાં આમતેમ લપકારા લેતી એની જ્વાળા ઘડીમાં કિલ્લાની દીવાલને ઉજાળતી હતી તો બીજી ઘડીએ કેદીઓની ઝૂંપડી ઉપર અજવાળું પાથરતી હતી. સંત્રીઓ અવારનવાર તાપણાની નજીક આવી ઠંડી સામે હૂંફ મેળવતા હતા, પરંતુ તેમની સતર્ક આંખ કેદીઓ તરફ મંડાયેલી હતી.

જેલમાં પુરાયેલો કેદી અને તેને કેદમાં રાખનાર જેલર વચ્ચેનો વિશિષ્ટ સંબંધ સદીઓ જૂનો છે. બંનેના હિતો પરસ્પરથી વિપરીત જ હોવાનાં. કેદીને કેદમાં જ રાખવામાં જેલરનું જેટલું હિત હોય છે, તેનાથી અનેકઘણું વિરોધી હિત કેદીનું હોય છે. એમાં કેદીના હિતનું પલ્લું જ ભારે રહેતું હોય છે. જેલર ક્યારેક તો પ્રમાદી બનીને પોતાની ફરજ ચૂકી શકે છે, પરંતુ કેદીની ચકોર આંખ અહર્નિશ ક્યાંક છીંડાં શોધતી જ રહે છે. દરેક કેદીને ક્યારેક ને ક્યારેક ભાગી છૂટવાની તક મળતી જ હોય છે. જેલરને એની ખબર પડે ત્યાં સુધીમાં મોટે ભાગે કેદી એની પહોંચની બહાર નીકળી જતો હોય છે.

પરંતુ અહીંના વારે-અટાઉઆની ઝૂંપડીના આ કેદીઓના કમનસીબે એમના જેલર કેવળ પગાર ખાતા સંત્રીઓ ન હતા. તેઓને પણ આ ધોળિયા કેદીઓ પ્રત્યે ભારોભાર નફરત હતી. તેઓ પણ બદલાની આગમાં શેકાતા હતા. કેદીઓ ઝૂંપડીની ચાર દીવાલો વચ્ચે મુક્ત હતા, તેમના હાથપગ બાંધવામાં આવ્યા ન હતા, પરંતુ ફરતેના જડબેસલાક ચોકીપહેરામાં એવાં બંધનની જરૂર પણ ક્યાં હતી? કિલ્લાની અંદર જવા-આવવા માટે માત્ર એક જ માર્ગ હતો. એવી સાંકડી પગદંડી કે ગલીમાં પણ ઠેરઠેર ચોકિયાતોનો પહેરો હતો. વારે-અટાઉઆના કેદખાના માટેની ઝૂંપડી કિલ્લાના મેદાનના દૂરના ખૂણે હતી. એની પાછળ માટીનો ઊંચો ટેકરો છોડીને તેની પાછળ હળવા ઢોળાવવાળી ઊંડી ખીણ હતી. જ્યારે બંને બાજુએ અણિયાળા ખડકોવાળા ડુંગરો હતા. એની વચ્ચેના સપાટ ભાગ ઉપર આ કિલ્લો બાંધવામાં આવ્યો હતો.

માઓરીઓનો સામનો કરવાની કે અહીંથી કોઈ રીતે ભાગી છૂટવાની શક્યતા જ દેખાતી ન હતી. ગ્લેનાર્વને એ સંબંધમાં પોતાનું મગજ કસવાનું બંધ કર્યું. સમય આવ્યે જોઈ લેવાશે એવું આશ્વાસન લીધું અને હિંમત પણ કેળવી.

રાત્રિ દરમિયાન ગાઢા ધુમ્મસના આવરણ નીચે ડુંગરાઓ તથા સરોવર અદૃશ્ય બની ગયાં.

ચંદ્ર કે તારાઓ વિનાની એ રાત્રી કેદીઓ માટે કરાળરાત બની ગઈ. જોકે દૂર સળગી રહેલા તાપણાના તથા મશાલોનો ધૂંધળા પ્રકાશમાં ઝૂંપડીની બહારનું દૃશ્ય જોઈ શકાતું હતું. અજંપાભરી રાત્રિમાં દરેકની સ્થિતિ ઊંઘતાં-જાગતાંની હતી.

વહેલા પરોઢિયાનો સમય થયો. મળસ્કાના ચારેક વાગ્યા હશે. મેજર નેબ્સ એવી જ સ્થિતિમાં તંદ્રામાં હતો. એ સૂતો હતો તેની બાજુમાં ઝૂંપડીનો થાંભલો જમીનમાં ખોડાયેલો હતો. તેની નીચેના માટીના ભાગમાં કાંઈક હિલચાલ થતી હોય તેવો થડકારો એણે અનુભવ્યો. શરૂમાં તો એને ભ્રમ ગણીને મેજરે એની અવગણના કરી, પરંતુ માટીના પુરાણવાળા ભાગમાં નીચે કોઈ જમીન કોતરતું હોય તેવો પાકો અહેસાસ થયો. જમીન સાથે કાન અડાડીને એ શેના થડકારા હતા તે જાણવા પ્રયાસ કર્યો. એને લાગ્યું કે એ સ્થળે એવું કોઈ તત્ત્વ છે, જે સપાટીની નીચેથી જમીનને કોતરી રહ્યું હતું.

એના પગ નીચેની જમીનમાં નીચે કાંઈક સંચાર થતો હોવાની ખાતરી થતાં તરત જ એણે ગ્લેનાર્વન અને કૅપ્ટન મેંગલ્સને સાવધાન કર્યા. તેઓ બંને જણા તેમના પોતાના મનોજગતમાં અટવાયેલા હતા. થોડા જ સમયમાં થનારા સૂર્યોદયની અને તેમાં લખાનારા સૌના વિધિલેખ સંબંધી એ ચિંતા હતી. મેજરે બંનેને ઢંઢોળ્યા. બંને સાવધ બની ગયા. મેજરની વાતમાં એમને પણ તથ્ય લાગ્યું.

'કદાચ એક રીતે કોતરનાર કોઈ માણસ હોઈ શકે છે.'

ગ્લેનાર્વન એકદમ આશાવાદી બની ગયા, 'કદાચ પ્રાણી પણ હોઈ શકે.'

'માણસ હોય કે પ્રાણી, હમણાં જ ખબર પડશે.' બોલીને મેજર નેબ્સે પરસાળ ઉપર પાથરેલી શણની રજઈ હટાવી અને તેની નીચેની માટી નખ અને આંગળીઓ વડે ખસેડવા માંડી. એનું જોઈને મેંગલ્સે પણ પોતાની પાસેના ખંજર વડે જમીન કોતરવા માંડી અને ખોદાયેલી માટીને બીજા હાથ વડે બહાર ખસેડવા માંડી. ગ્લેનાર્વને અણીદાર પથ્થરનો ઉપયોગ શરૂ કર્યો. એ રીતે બધાં જ સાથીઓ એ કામમાં જોડાયાં.

એ દરમિયાન બહારની ગતિવિધિ ઉપર નજર રાખવા માટે ગ્લેનાર્વને મૂલરેડીને સૂચના આપી. એ કામ મૂલરેડીએ જમીન ઉપર આડા પાડીને જ કરવાનું હતું. સૂતાં સૂતાં પડદો ઊંચો કરીને એણે બહાર નજર દોડાવી. દૂર તાપણા પાસે બેઠેલા સંત્રીઓનું આ તરફ જરાય ધ્યાન ખેંચવાની શક્યતા ન હતી. એ દરમિયાન સૌને ખાતરી થઈ ગઈ કે એ માટીની સપાટી નીચે એક કે વધુ માણસો ઉપર સુધી માટી ખોદીને સુરંગ બનાવી રહ્યા હતા.

એવી એ સુરંગ ખોદવા પાછળના હેતુ બાબત કોઈ જ સ્પષ્ટ ન હતું. એ તો જે હોય તે, પણ એવી રીતે નીચેથી સુરંગ બનાવી શકાતી હોય તો અહીંની કેદમાંથી ભાગવા માટે પણ એ ઉપાય હાથવગો બની શકે એમ સૌને લાગ્યું. બધાના જ હાથમાં તેજી આવી. એ કામ એટલું આસાન ન હતું. મારી સાથે ભળેલી કાંકરી તથા પથ્થરની કચ્ચરોને કારણે આંગળાં લોહીલુહાણ બની ગયાં, છતાં સૌ મરણિયા બન્યાં હતાં. બે કલાક પછી આવનારા ઘાતકી મોતમાંથી ઉગારાની એ જ એક આશા હતી. એ જ એક છેલ્લી તક હતી.

અડધા કલાકના ટૂંકા ગાળામાં સૌએ મળીને ત્રણેક ફૂટ જેટલો ઊંડો ખાડો કોતરી કાઢ્યો. એમાંથી ઉલેચેલી માટી ત્યાં જ પરસાળમાં સાથે સાથે પાથરી દેવામાં આવી. નીચેથી માટી કોતરવાનો અવાજ વધુ ને વધુ નજીક આવતો રહ્યો હતો. સૌને ખાતરી થઈ કે બંને વચ્ચે હવે માટીનું સાવ પાતળું પડ બાકી રહ્યું હતું.

થોડી વધુ મિનિટોનો પ્રયાસ અને પરિણામ સ્પષ્ટ બન્યું. મેજરના હાથની આંગળીમાં નીચેથી વપરાતા સાધનની લોખંડની ધાર વાગી. કાપો પડ્યો. વીંછીના ડંખ જેવી લાગી થઈ. અનાયાસ નીકળતી ચીસ પણ તરત જ સભાન બનીને એણે દબાવી દીધી. એનું સ્થાન હવે મેંગલ્સે લીધું. એના હાથમાં પેલું ખંજર હતું. એની ધારથી માટીના બાકીના પડમાં પહેલાં નાનું છીદ્ર પડ્યું. હાથ વડે છીદ્રમાં ફંફોસતાં કોઈ માણસનાં હાથની આંગળીઓનો સ્પર્શ થયો. એ હાથ કોનો હતો તે અંધારામાં કળી શકાય તેમ ન હતું. છતાં ધીમેથી રૉબર્ટનો અવાજ આવ્યો. સૌને ખાતરી થઈ કે રૉબર્ટ જ એમને માટે મસીહા અને મુક્તિદાતા બનીને આવ્યો હતો.

રૉબર્ટના નામનો પડઘો મૅરી સુધી પહોંચી ગયો. ઝૂંપડીની અંદર ચાલી રહેલી આ ભેદી હિલચાલથી હેલીના અને મૅરી પણ જાગી ગયાં હતાં. ગુમાવી દીધેલો મનાતો પોતાનો વહાલસોયો ભાઈ નીચેથી સુરંગ ખોદીને ઉપર આવી રહ્યો હોવાનો ખ્યાલ આવતા જ એ લાગણીશીલ બની ગઈ. અત્યંત નાજુક સ્થિતિમાં એને સંભાળવાનું મુશ્કેલ બની ગયું. નીરવ રાત્રિમાં ઝૂંપડીમાંનો સહેજ પણ સંચાર સંત્રીઓને સતર્ક કરી શકે તેમ હતું. આશ્વાસન એક જ હતું. સાવ પાછલી રાતે હજી પણ સળગી રહેલા તાપણાની હૂંફમાં બધા જ સંત્રીઓ ઘેનમાં આવી ગયા હતા. અભેદ્ય કિલ્લામાંની જડબેસલાક સલામતી વ્યવસ્થામાં કેદીઓ પૂરેપૂરા સુરક્ષિત હોવાની ખાતરી પણ તેમને બેધ્યાન બનાવતી હતી.

મેંગલ્સના પ્રયાસથી માટીનો છેલ્લો થર પણ નીચે પડી ગયો. નીચેથી ઉપર લંબાયેલા હાથ સાથે મેંગલ્સના હાથનું મિલન સંપૂર્ણ બન્યું. બંનેએ એકબીજાને ઓળખી લીધા. સુરંગ પાસે જ આડા પડેલા મેંગલ્સનો હાથ રૉબર્ટના હાથમાં પકડાયો. એને ઉપર ખેંચી લેવામાં આવ્યો. ગુમ થયેલા ભાઈની અહીંની આકસ્મિક હાજરી મૅરી માટે ધન્ય પળ બની ગઈ. તે કાંઈ પણ બોલે તે પહેલાં જ સ્થળ અને સમયની ગંભીરતા પારખીને રૉબર્ટે બહેનના હોઠ પર આંગળી દબાવી દીધી છતાં ભાઈને બાથમાં લઈને વહાલ કરતી બહેનને રોકી શકાઈ નહીં.

બહાર તાપણાના પ્રકાશમાં મૂલરેડીએ જોયું કે ચાર સિવાયના બધા જ સંત્રીઓ ઊંઘી ગયા હતા. સુરંગના ખાડાને ત્યાર બાદ વધુ પહોળો કરવામાં આવ્યો. ઉપર આવેલા રૉબર્ટના શરીરે વિંટાળેલું દોરડું હતું. તે ક્યાં હતો અને અહીં કેવી રીતે આવ્યો તે જાણવા સૌ આતુર હતા, પરંતુ લાંબી વાત માટે સમય ન હતો. એ માટેની અનુકૂળ સ્થિતિ પણ ન હતી. છતાં ટૂંકમાં ધીરેથી સમજાવ્યું કે કારા-ટેટની હત્યા બાદની અંધાધૂંધી અને દોડાદોડીમાં તે પણ પાછળ ખસીને એકાદ ઝૂંપડીની પાછળની ઝાડીમાં સંતાઈ ગયો હતો. કારા-ટેટની અહીં કિલ્લામાં થયેલી અંત્યેષ્ઠી દરમિયાન કિલ્લામાંના તમામ લોકો ત્યાંની જયાફતમાં જોડાયાં હતાં, ત્યારે ચૂપકીદીથી કિલ્લાની પાછળના ભાગમાં ખડકની રાંગનો આધાર લઈને ખસી ગયો હતો. વચમાં આવેલી ઝૂંપડીમાં કાંઈ સાધન કે ખોરાક મળી શકે તે માટે ખાંખાંખોળાં કરી જોયાં હતાં. તેના ખૂણામાં એક ખંજર તથા દોરડું હતા. થોડો ખોરાક પણ હતો. દોરડું શરીરે વીંટાળી દીધું. મળેલી અન્ય વસ્તુઓ લઈને કિલ્લાની પાછળની બાજુની ધાર ઉપર એણે આશ્રય લીધો. કેદવાળા ઝૂંપડીના સ્થાનનો એને ખ્યાલ હતો જ. ધીમેધીમે એની પાછળ થઈને તેની નીચેના ભાગમાં પહોંચવા લપાતો-છુપાતો-ખસતો જ રહ્યો, નજીકમાં ગરબડ લાગે ત્યારે ધીરજની પણ કસોટી થાય એ રીતે લાંબો સમય એણે છુપાઈને સ્થિર બની જવું પડતું. આખરે કેદીઓની એ ઝૂંપડીની નીચેના ભાગ સુધી આવવામાં એ સફળ રહ્યો હતો.

ઉપરની ઝૂંપડી નીચેના ખડકના ખાંચા ઉપર ઘાસકચરો તથા માટીનું પુરાણ કરવામાં

આવ્યું હતું. તેની ઉપર જ ઝૂંપડી બાંધવામાં આવી હતી. નીચેના ભાગના ખાંચામાં અંદરની માટી એણે પેલા છરા વડે કોતરવા માંડી. એ મહેનતનું કામ હતું, લાંબો સમય ચાલે એવું કામ હતું, છતાં સાથીઓ સુધી પહોંચવા એ મરણિયો બન્યો હતો. એના પ્રયાસમાં નસીબે યારી આપી. માટીના પુરાણ વચ્ચેથી નાની સુરંગ બનાવતાં એ ધીમેધીમે ઉપર આવતો હતો. સુરંગની અંદરની માટીમાં ખાંચા પાડી તેમાં પગ ટેકવતો તે ઉપર ચઢતો રહ્યો. ઉપરના સાથીઓએ એ જ સ્થળે કોતરેલા ત્રણ ફૂટના ખાડાથી એ કામ ઝડપથી પૂરું થઈ શક્યું. બંને બાજુથી કોતરાયેલી એ સુરંગ સૌ માટે મુક્તિદાતા અને સાથે જીવનદાતા પણ બની ગઈ.

અહીંથી વહેલીતકે નીકળવામાં જ ડહાપણ હતું. સાંકડી સુરંગને વધુ પહોળી બનાવવામાં આવી. એક માણસ એના ખાંચાઓમાં પગ ટેકવતો દોરડાંને સહારે આસાનીથી વીસ ફૂટ નીચે ઊતરી શકે તેવું બનાવવામાં આવ્યું. દોરડામાં થોડા થોડા અંતરે ગાંઠ પાડીને નીચે ઉતારવામાં આવ્યું. એ ગાંઠ પકડીને સૌપ્રથમ રૉબર્ટ ધીમેધીમે નીચે ઊતર્યો. સફળ ઉતરાણના સંકેત આપવા દોરડું ત્રણ વાર હલાવ્યું. ઉપર સંકેત મળ્યા બાદ ગ્લેનાર્વને નીચે ઊતરવાની શરૂઆત કરી. એ દરમિયાન બહાર તાપણાં તરફ નજર રાખી રહેલા મૂલરેડી તરફથી ભયનો સંકેત મળ્યો. અંદરની ચહેલપહેલનો કાંઈક અણસાર આવ્યો હોય કે પછી ફરજના ભાગ રૂપે હોય તેમ તેણે એક સંત્રીને ઝૂંપડી તરફ આવતો જોયો. ભયનો સંકેત મળતાં જ સૌ સૂતાં હોય તેમ આડાં પડી ગયાં. અંદરની તમામ પ્રવૃત્તિ સ્થગિત બની ગઈ. સંત્રીએ દરવાજા નજીક આવી કાન સરવા કર્યા. ભયનો કોઈ અણસાર આવ્યો નહીં. વળી પાછો પેલા તાપણાં નજીક જઈને એની હૂંફમાં ફરીથી ઝોકે ચઢ્યો.

ધીમેધીમે ગ્લેનાર્વન નીચે ઊતરી પડ્યા, પહેલાં ઊતરેલા રૉબર્ટને નીચેની નાની બખોલનો બરાબર ખ્યાલ હતો. સુરંગ કોતરવામાં ત્યાં પડેલી માટીને બાજુએ ખસેડી સૌ માટે ઊભા રહેવાની મોકળાશ બનાવી. ગ્લેનાર્વન બાદ હેલીના પણ દોરડાની ગાંઠ પકડીને ધીમેધીમે ૨૦ ફૂટ ઊંડા કૂવામાં ઊતરી. ત્યાર બાદ જ્હૉન મેંગલ્સ અને મૅરી ઊતર્યાં. ધીમેધીમે બાકીના સાથીઓ પણ પૂરેપૂરી ચૂપકીદી સાથે નીચે ઊતર્યા.

છેલ્લા આવનાર સાથીએ સુરંગના મુખ ઉપર પેલી શણની રજઈ ઓઢાડીને દોરડું સાથે લઈને ઊતરવાનું હતું. જોકે પાછળથી તો એ સૌને આ પરાક્રમની ખબર પડવાની જ હતી, પરંતુ એમાં જેટલો વધુ વિલંબ થાય તે ભાગેડુઓના હિતમાં હતું.

બધા જ કેદીઓએ વારે અટોઉઆના કેદખાનામાંથી આખરે મુક્તિ મેળવી. જ્યાં એમને કેદમાં રાખવામાં આવ્યાં હતાં, તે ઝૂંપડીની નીચે કિલ્લાની પાછળની બાજુએ લગભગ ૨૦ ફૂટ નીચેનું એ સ્થળ હતું. ઝૂંપડીની પરસાળ સુધી ખોદવામાં આવેલી એ ઊભી સુરંગમાં થઈને સૌ નીચે આવી ગયાં હતાં. એની પાસે થઈને નજીકના મંગાનામુના ડુંગરની તરફ ટોચ તરફ ડુંગરની ખૂંધે ઉપર થઈને જઈ શકાય તેમ હતું. કેદીઓ માટે અહીંથી ભાગવા માટેનો એ જ એકમાત્ર વિકલ્પ હતો. કિલ્લાથી દૂર હોવા છતાં કિલ્લાની રાંગ સાથે એ ખૂંધ પણ સમાંતર ટોચ તરફ જતી હતી. એમણે એ દિશામાં જ ઉપર ચડવાનું નક્કી કર્યું. સૌ સંભાળપૂર્વક અંધારામાં ઉપર ચડવા લાગ્યા.

વહેલી સવારનો ઝાંખો પ્રકાશ સૌને માટે રાહત બની ગયો. આગળ ક્યાં કેવી રીતે ચાલવું તે માટે હવે કાળા અંધારામાં ફાંફાં મારવાની જરૂર ન હતી. નિરાશામાં સ્થગિત થઈ ગયેલાં સૌનાં મન અહીંની ખુલ્લી અને ઠંડી હવામાં મોકળાં અને ઉત્તેજિત બન્યાં. પાછળ બનેલા બનાવો કરતાં

પણ તેઓ હવે પછીના ભાવિ માટેનો વિચાર કરતાં થયાં. દરેકના મનમાં કાંઈક ને કાંઈક અનુભવ અને અનુભૂતિ છુપાયેલાં હતાં. જોકે એ અંગે ખુલ્લા મનની ચર્ચાને અહીં કોઈ અવકાશ ન હતો.

ધીમેધીમે અજવાળું વધવા લાગ્યું. કેદમાંથી ભાગી છૂટેલાઓ માટે જીવન-મરણનો પ્રશ્ન ટૂંક સમયમાં જ સામે આવવાનો હતો. કિલ્લામાંની કેદમાંની એમની ગેરહાજરી જાહેર ન થાય ત્યાં સુધી જ એ સ્થળે શાંતિ રહેવાની હતી. ઉપરથી એવા હોબાળાનો અવાજ આવે ત્યાં સુધીમાં માઓરીઓની પહોંચની બહાર નીકળી જવા સૌ મરણિયા બની ગયાં. સમયની એ માગ હોવા છતાં હેલીના અને મૅરીની ક્ષમતાનો સૌએ ખ્યાલ રાખવાનો હતો. પથરાળ માર્ગ ઉપરના ઝડપી ચઢાણ એમના ગજા બહારની બાબત હતી. ગ્લેનાર્વન અને કૅપ્ટન મેંગલ્સ તેઓના હાથ પકડીને તેમને દોડાવતા હતા.

વધુ અડધો કલાક વીત્યો. પૂર્વના પહાડોનાં બે શિખરો વચ્ચેની ખીણમાંથી સૂરજનું પહેલું કિરણ પૃથ્વી ઉપર રેલાયું. ભાગનારાઓની પણ એ જ દિશા હતી. એમના કમનસીબે અત્યારે અહીંના પ્રદેશમાં આગળ વધવા માટેનું માર્ગદર્શન આપનાર ભૂગોળશાસ્ત્રી પેગેનલ એમની સાથે ન હતો. જોકે પોતાની સફળતાથી ઉત્તેજિત બનેલો રૉબર્ટ એ માર્ગથી પરિચિત હોય તે રીતે સૌને આગળ દોરી રહ્યો. ગ્લેનાર્વને કિલ્લાના મેદાનમાં કારા-ટેટને ગોળી મારી તેનું મોત નીપજાવ્યું, ત્યાં સુધી પેગેનલ સૌની સાથે હતો, પરંતુ એ દરમિયાન ફેલાયેલી અંધાધૂંધી અને ભાગદોડમાં રૉબર્ટની જેમ જ એ પણ ગૂમ થઈ ગયો હતો. રૉબર્ટ સુરંગ ખોદીને કેદની ઝૂંપડીમાં ઉપર આવ્યો, ત્યારે ગ્લેનાર્વને તેને પેગેનલ બાબત પૂછ્યું પણ હતું, પરંતુ તેની કોઈ માહિતી રૉબર્ટ પાસે ન હતી. એ સમયથી જ સૌ એને માટે ચિંતિત હતા.

સૂર્યોદય બાદ થોડી જ પળોમાં ધાર્યું હતું, તે પ્રમાણે ઉપર કિલ્લાના મેદાનમાંથી હોકારા-પડકારાનો એક જબરજસ્ત અવાજ સંભળાયો. સૂર્યોદય થતાં સજાના અમલ માટે કેદીઓને લેવા ગયેલા સંત્રીઓએ જણાવ્યું કે કેદીઓ ભાગી ગયા હતા. એ સાંભળીને સેંકડો ગળાઓમાંથી બહાર આવેલી એ કિકિયારીઓનો અવાજ દૂરદૂર સુધી પહોંચી ગયો.

ગ્લેનાર્વન વગેરેને ખ્યાલ આવ્યો કે એમણે કરેલું પરાક્રમ એમની ધારણા પ્રમાણે ખુલ્લું થઈ ગયું હતું અને એમને પકડવા માટેની ઝનૂની દોડ શરૂ થઈ ગઈ હતી. કેદીઓને પકડીને ભૂખ્યાં વરુની જેમ તેમના ઉપર તૂટી પડવાનું એ ઝનૂન હતું, તો સામે પક્ષે જીવનને ભયાનક મોતથી બચાવવા માટે વધુ ને વધુ દૂર ભાગી જવા માટે કેદીઓ પણ જીવસટોસટની હોડ લગાવી રહ્યાં.

૧૩

મંગાનામુની કબર

માઓરીઓના કિલ્લામાંની કેદમાંથી ગ્લેનાર્વન વગેરે સુરંગ વાટે ભાગી છૂટ્યા. કિલ્લાની પાછળ આવેલા મંગાનામુ ડુંગરની ટોચ તરફ એમણે ભાગવા માંડ્યું. એમણે ધાર્યું હતું તે પ્રમાણે એમની ગેરહાજરીનો ખ્યાલ આવતાં કિલ્લા ઉપરથી આક્રોશભર્યો કોલાહલ સંભળાયો. એમને પકડવા માટે માણસખાઉ માઓરીઓનું ટોળું ધસમસતું એમની ખોજમાં નીકળી ચૂક્યાનો અણસાર મળ્યો.

એ લોકોની નજરે ચઢ્યા વિના પૂર્વે તરફના મંગાનામું ડુંગરની ટોચ ઉપર પહોંચી જવાનો ઇરાદો હતો. ઉપર ગયા બાદ શું કરવાનું હતું અને કઈ તરફ ભાગવાનું હતું તેનો કાંઈ જ ખ્યાલ કોઈના મગજમાં ન હતો. ટોળાના હોકારા પડકારા વધુ નજીક આવી રહ્યા. મેજર નેબ્સે પાછા વળીને નજર નાખી. સમજાઈ ગયું કે ટોળાંએ એમને જોઈ લીધા હતા અને ઝડપથી તેમની પાછળ આવી રહ્યા હતા. કિલ્લા ઉપરથી ઊતરીને તેઓ હવે ડુંગરની તળેટીમાં આવી ગયા હતા.

'ઝડપ કરો, મિત્રો! આ આપણા આસ્તિત્વ માટેની દોડ છે. પકડાયા તો પેલા ગુલામો કરતાં પણ આપણી દશા વધુ ખરાબ બનવાની છે.'

હેલીનાનો હાથ પકડીને તેને ઢોળાવની ઉપર ખેંચીને દોડાવી રહેલા ગ્લેનાર્વને હાંફતાં હાંફતાં સૌને તાકીદ કરી.

વધુ પાંચ મિનિટ વીતી. ડુંગરની ટોચના સપાટ ભાગ ઉપર પહોંચવામાં તેઓ સફળ થયા. એવા ઊંચા સ્થળેથી નીચેની સ્થળસ્થિતિ તથા દુશ્મનોની ગતિવિધિઓ સ્પષ્ટપણે જોઈ શકાતી હતી. અહીંથી થોડા જ અંતરે પશ્ચિમમાં આવેલા, તાઉપો સરોવરનાં ભૂરાં પાણી દૂર સુધી ફેલાયેલાં જોઈ શકાતાં હતાં. ઉત્તરમાં પિરાન્ગિયાનું શિખર હતું અને દક્ષિણમાં ટોંગારીરોની ખીણમાં ખડકોની ફાટમાં પેટાળમાંનો લાવા ભભૂકતો જોઈ શકાતો હતો. એમની પૂર્વમાં વાહિતીના ડુંગરોની હારમાળા તેની પીઠ ઉપરની વનરાજીની સાથે દૂર સુધી પથરાયેલી દેખાતી હતી. એની સીંધાઈમાં પૂર્વમાં કૅપ્ટન કૂકની ખાડી હતી. સૌએ ત્યાં પહોંચવાનું હતું.

ત્યાં જવા માટે મંગાનામુના આ ડુંગરની ટોચ ઉપરથી બીજી બાજુએ ઊતરીને સાંકડી ખીણના માર્ગે આગળ વધવાનું હતું, પરંતુ તળેટીમાં આવી ગયેલું માનવભક્ષી ટોળું ઉપર ચઢીને એમને પકડી લે, એ હવે થોડી મિનિટોનો જ સવાલ હતો. ડુંગરની ટોચ ઉપર આવીને બહુ જ ખરાબ રીતે ફસાયા હોવાની લાગણી અહીં સૌને થઈ. પાછળ આવી રહેલાં ટોળાથી બચવા અહીંથી ઊડીને જ બીજા ડુંગરા ઉપર પહોંચી શકાય તેમ હતું, પરંતુ એ તો અશક્ય જ હતું.

એવી નાજુક પરિસ્થિતિમાંથી માર્ગ કેવી રીતે કાઢવો તે માટે ગ્લેનાર્વન મૂંઝવણમાં હતા.

ત્યાં પાછળ ઊભા રહીને જોઈ રહેલા મેજર નેબ્સે એમનું ધ્યાન ખેંચ્યું.

'ઍડવર્ડ, ત્યાં નીચે નજર નાખો. ટોળું ત્યાં તળેટીમાં અટકી ગયું દેખાય છે. તેમના અવાજમાં આક્રોશની તીવ્રતા સમજાય છે, પરંતુ તેઓ આગળ વધતા નથી.' ગ્લેનાર્વને ઉચાટભરી નજરે એ તરફ જોયું. સૌનું ધ્યાન હવે તળેટી તરફ ખેંચાયું. સૌને ભારે આશ્ચર્ય થયું. પોતાના કેદીઓને આસાનીથી પકડી શકવાની તક છતાં ટોળું, ડુંગરના ઢોળાવના ચઢાણ આગળ જ અટકીને ઊભું હતું. એકાએક આવેલા આ બદલાવથી ઉપર ઘેરાયેલા કેદીઓને રાહત જરૂર મળી, પરંતુ એ માટેનું કોઈ કારણ તેઓ કળી શકતા ન હતા. તેઓને કોઈ આદેશ મળ્યો હોય તે રીતે એ જ સ્થળે સૌ અટકી ગયા હતા. પગ પછાડીને હોકારો કરતા હતા. હાથમાંના હથિયારો હવામાં વીંઝતા હતા, પરંતુ ટોળામાંનું કોઈ પણ માણસ આગળ ડગ ભરતું ન હતું.

એવી અસમંજસ સ્થિતિમાં કૅપ્ટન મેંગલ્સે અહીં ટોચના એક ભાગમાં કાંઈક કૌતુક જોયું. લાકડાના ખૂંટાઓ તથા વાંસની પટ્ટીઓનું બનાવેલું કોઈ કમ્પાઉન્ડ હોય તેમ જણાયું. એના ઉપર તાજો જ લાલ રંગ લગાવાયો હતો. એની ઉપર વાંસની ટટ્ટી ઢાંકીને છત બનાવવામાં આવી હતી. ઊભી આડશ ઉપરથી અંદર નજર કરતાં લાગ્યું કે કોઈ વ્યક્તિને થોડા જ સમય ઉપર અહીં દફનાવવામાં આવી હતી. એને ઢાંકવા માટેનો માટીનો મોટો ઢગ હતો.

'શું હશે આ?' તેણે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'આપની ગોળીથી જે યોદ્ધો મરાયો હતો, તેને અહીં દફનાવવામાં આવ્યો છે.' નાના રૉબર્ટે આગળ આવીને અગત્યની માહિતી આપી.

રૉબર્ટની રજૂઆત સાંભળીને ગ્લેનાર્વનના મગજમાં ઝબકારો થયો. ચાર દિવસ પહેલાં હેલીના સાથે દુર્વ્યવહાર કરનાર યોદ્ધા કારા-ટેટને એણે ઠાર માર્યો હતો. એના અને એની મૃત પત્નીના મૃતદેહોને દફનાવવા માટે કિલ્લાની બહાર લઈ જવામાં આવ્યા હતા, તે એને યાદ આવ્યું. મૃતકોના શરીરોને પાલખીમાં બેસાડીને કિલ્લામાંથી બહાર લાવી મંગાનામુના આ પહાડ ઉપર લાવવામાં આવ્યાં હતાં, તે રૉબર્ટે પોતાના છુપાવાના સ્થાનેથી જોયું હતું. ડુંગરની ટોચે આ સ્થળે દફનાવીને એ લોકોએ તેની ફરતેનું કમ્પાઉન્ડ તથા કબર ઉપર વાંસની ચીપોનું છાપરું પણ બનાવ્યું હોવાની ઘટના રૉબર્ટે વર્ણવી.

એ કમ્પાઉન્ડની વચ્ચેનો માટીનો ટેકરો મૃતકોની કબર હતી અને અહીંની ભાષામાં તેને ઓડુપા કહેવામાં આવે છે. એ સ્થાન માણસો માટે અસ્પર્શ્ય બની ગયું હોવાનો લાલ રંગ પણ કમ્પાઉન્ડની ચીપો ઉપર લગાવવામાં આવ્યો હતો. એવું એ વાંસનું કમ્પાઉન્ડ આમ તો ઝનૂની ટોળાના આક્રોશ સામે કેદીઓને બચાવી શકે તેવું ન હતું. છતાં પેલું ટોળું આ કારણે જ ડુંગરની તળેટીમાં થંભી ગયું હતું, પરિણામે કેદીઓ અહીં સલામતી અનુભવી શકે તેવી સ્થિતિ ઊભી થઈ હતી.

ગ્લેનાર્વને કુતૂહલવશ બની એ આડશનો ઝાંપો ખોલીને અંદર ડોકિયું કર્યું. બહારથી લાગતો હતો, તેના કરતાં અંદરનો વિસ્તાર ઘણો મોટો હતો અને તેની ઉપર વાંસની પટ્ટીઓનું છત્તર બનાવવામાં આવ્યું હતું. માઓરી યોદ્ધા કારા-ટેટની એ કબર હતી. અંદરનું વાતાવરણ શાંત હતું. એમાં પ્રવેશવામાં ગ્લેનાર્વન ખચકાતા હતા, પરંતુ મેજર નેબ્સ એવી કબરની પવિત્રતા કે અપવિત્રતાના ખ્યાલથી પર હતો. હિંમત કરીને એ એમાં ઘૂસી ગયો.

સાવધાનીથી તે અંદર ગયો. તરત જ રઘવાયો હોય તે રીતે બહાર આવી ગયો. બધાં સાંભળે તેમ બોલ્યો,

‘અંદર કોઈ જંગલી બેઠો છે.’ સૌએ એ અવાજ સાંભળ્યો. આઘાત અનુભવ્યો. છેલ્લા ચાર દિવસથી એમની નજર સામે જે ઘાતકી અને જુગુપ્સાપેરેક ઘટનાઓ બની હતી, તેના આધારે સૌના મનમાં ગ્રંથિ બંધાઈ ગઈ હતી કે અહીંનો જંગલી એટલે માણસનું માંસ મોંમાં ચગળતો અને માનવરક્ત પીનારો માઓરી. કબરની આડશમાં બેઠેલા એ માણસને એમણે પાછળથી જોયો હતો. એ માણસ માઓરીઓની શણની ચાદર ઓઢીને બેઠો હતો. સાવચેતીથી ડગલાં ભરતાં સૌ એની નજીક આવી ગયા હોવા છતાં એ માણસ શાંતિથી ત્યાં બેઠો હતો. સૌએ જોયું કે એ માણસ શાંતિથી કાંઈક ખાઈ રહ્યો હતો.

એના શાંત વહેવારથી ગ્લેનાર્વનની હિંમત વધી. એ વધુ નજીક ગયો. એ માણસના માથાના વાળ જોતાં જ એને સમજાઈ ગયું કે માઓરીઓની ચાદર ઓઢીને બેઠેલો આ માણસ એમનો ગુમ થયેલો સાથીદાર પેગેનલ જ હતો. કારા-ટેટને ગોળીએ દેવાયો તે દરમિયાન કિલ્લામાં મચેલી અંધાધૂંધી દરમિયાન એ તથા રૉબર્ટ એકબીજાથી સ્વતંત્ર રીતે ત્યાંથી ભાગી છૂટ્યા હતા. સૌને પોતાના એ ખોવાયેલા સાથીઓ માટે ચિંતા હતી. જોકે રૉબર્ટ મુક્તિદાતાએ સુરંગ ખોદી હતી અને તેને કારણે જ તેઓ કેદમાંથી ભાગીને મુક્ત માણસો તરીકે અહીં આવી શક્યા હતા. બીજા સાથી પેગેનલને અહીં કારા-ટેટની કબરની કોટડીમાં બેઠેલો જોઈને સૌને આશ્ચર્ય થયું. આનંદ પણ થયો. સૌ તેને ભેટી પડ્યાં.

કબરના સ્થળે તે કેવી રીતે આવ્યો તે પ્રશ્નોના તેણે તત્કાળ જવાબ આપવાનું ટાળ્યું, પરંતુ નીચે તળેટીમાં હોકારા પડકારા કરતા ટોળાં તરફ તિરસ્કારભરી નજર કરીને તે બોલ્યો,

‘એ ટોળું હવે અહીં આવવાની હિંમત કરશે નહીં.’ એ માટેનું કારણ પુછાતા તેણે જણાવ્યું,

‘યોદ્ધાના શબવાળી આ કબર તથા મંગાનામુનો આ આખો ડુંગર મોકો મોકો જાહેર થયેલો છે. કોઈ પણ માઓરી માટે આ સ્થાન હવે અસ્પર્શ્ય બની ગયું છે. મુખિયા તરફનો એ એક ફતવો કે ધર્માજ્ઞા છે. એનો ભંગ કરનાર માઓરી ઉપર દૈવી શાપ ઊતરતો હોવાની અહીંના લોકોમાં અંધશ્રદ્ધા છે. એમની એવી અંધશ્રદ્ધાને કારણે તેઓ ત્યાં તળેટીમાં જ રોકાઈ ગયાં છે અને આપણે સૌ અહીં સલામત છીએ. મને આ મોકો મોકોની આણની માહિતી હતી અને તેથી જ દફનવિધિ પતાવીને એ લોકોના અહીંથી ગયા બાદ મેં અહીં આશ્રય લીધો હતો. મૃતકોની જરૂરિયાત માટે એ લોકોએ અહીં ખોરાક, પાણી તથા હથિયાર પણ રાખેલાં છે. આ સ્થળ તેઓ માટે પ્રતિબંધિત છે અને તેનો કોઈ ભંગ કરશે નહીં.’

સૌને ગળે ઊતરી જાય તેવો ખુલાસો પેગેનલે કર્યો. સલામતીનો અહેસાસ થતાં હેલીનાએ મનોમન ઈશ્વરનો આભાર માન્યો.

મંગાનામુ ડુંગરની તળેટીમાં ઘેરો નાખીને બેઠેલું ટોળું હજી ત્યાં જ હતું. એ લોકોની ધીરજની કોઈ સીમા ન હતી. ગુલામોના શરીર ઉપર તૂટી પડેલા આ માનવભક્ષીઓ હવે આ ધોળિયા કેદીઓના શરીરના લાલચુ બની ગયા હતા. એમના ઘેરામાંથી બહાર નીકળવાનું અશક્ય જેવું જ હતું.

‘આ જંગલીઓની નજર આપણાં શરીરો ઉપર જ છે. ભૂખે તરસે થાકીને આપણે જાતે નીચે ઊતરીને એમને તાબે થઈ જઈએ ત્યાં સુધી રાહ જોવાની એમની તૈયારી છે, છતાં તેઓ ભીંત ભૂલે છે. મારી ગણતરી પ્રમાણે બે જ દિવસમાં આપણે એમના ઘેરામાંથી બહાર નીકળી શકીશું.’

‘કેવી રીતે? હાથો હલાવતાં હલાવતાં પક્ષીની જેમ હવામાં ઊડીને આપણે જવાનું છે?’ અશક્ય લાગતી પેગનલની વાત સાંભળી ગ્લેનાર્વનને રમૂજ સૂઝી.

‘એ બાબતમાં હું હજી મારા મનમાં સ્પષ્ટ નથી, છતાં આપણે બહાર નીકળીશુ જરૂર. આપ સૌ ખાતરી રાખી શકો છો.’

સૌને એ વાતનો આનંદ હતો કે બધા જ સાથીઓ હવે સાથમાં હતા. એ બાબતની ચિંતામાંથી સૌ મુક્ત બની ગયાં. હવે પછી એક જ પ્રશ્ન તેમની સમક્ષ હતો. ડુંગરની તળેટીમાં ઘેરો ઘાલીને બેઠેલા માઓરીઓના ઘેરામાંથી સલામત રહીને કેવી રીતે નીકળવું, એ એક જ બાબત હવે તેમણે વિચારવાની હતી. માઓરીઓને પક્ષે અખૂટ ધીરજ હતી, તો અહીંથી ભાગી છૂટવાની આ કેદીઓની તમન્ના પણ તીવ્રતમ હતી. તળેટીમાં કેવળ અંધશ્રદ્ધાનું ઝનૂન હતું, તો અહીં બુદ્ધિગમ્ય અભિગમ હતો.

પેગેનલે હજી સુધી જાહેર નહીં કરેલી એની યોજનાને અમલમાં મૂકવાની પૂર્વ તૈયારી તરીકે આસપાસની સ્થિતિનો તાગ લેવા તેમણે ઓડુપા એટલે કે કબર તથા ડુંગરની ટોચ અને તેના ઢોળાવનું આકલન કર્યું. તળેટીમાં એમની વાટ જોઈને બેઠેલા માઓરીઓને પણ જોયા. સ્થળસ્થિતિની આ પ્રકારની મોજણીનો હેતુ આક્રમણ કે આત્મરક્ષા માટેનો ન હતો, પરંતુ અહીંથી ભાગવાનો જ્યારે પણ પ્રયાસ થાય ત્યારે એમાંની કઈ સ્થિતિ અને કઈ વસ્તુ તેમને કેવી રીતે ઉપયોગમાં આવી શકે તેનો ખ્યાલ મેળવવાનો હતો.

અહીંથી ભાગવામાં ઉપયોગી બની શકે તેવી આ ડુંગરની ખૂંધ એકાદ માઈલ લાંબી હતી. એ પૂરી થાય ત્યાંથી વાહિતી ડુંગરમાળા શરૂ થતી હતી. એના ડુંગરાઓના ઢાળ પણ સાંકડા અને દુર્ગમ હતા, તેમ છતાં ભાગવાની જ્યારે પણ તક ઊભી થાય ત્યારે એ જ એકમાત્ર માર્ગ હતો. માઓરીઓની એ સ્થળે હાજરી ચાલુ હોય ત્યારે તો રાતના અંધારામાં પણ એ સ્થળેથી જવામાં જોખમ હતું. લોકો ઉપરાંત સતત સતર્ક સંત્રીઓની ગોળી અંધારામાં પણ કોઈને વાગવાની શક્યતા હતી.

ક્યારે અને કેવી રીતે નીકળવું તેનો નિર્ણય તાત્કાલિક કરવાનું શક્ય ન હતું, પરંતુ બે દિવસથી ડુંગરની આ ટોચ ઉપર જ અડ્ડો જમાવીને બેઠેલા પેગેનલે ધરતીના પેટાળમાં ચાલી રહેલી ગરબડ અને સપાટી ઉપર થઈ રહેલી તેની અસર તરફ સૌનું ધ્યાન દોર્યું. ત્યાં ઊભેલા દરેકે અનુભવ્યું કે પેગેનલની વાત સાચી હતી. ડુંગર અને તેની આજુબાજુના વિસ્તારોની ધરતીના પેટાળમાં ચાલી રહેલી જ્વાળામુખીય હિલચાલની ધ્રુજારી તથા ધીમા આંચકા સૌએ અનુભવ્યા. આ સ્થિતિને ધરતીકંપના આંચકા કે ડુંગરની ટોચને તોડીને લાવા અને ગર્જના સાથે શરૂ થતાં જ્વાળામુખી સાથે સરખાવી શકાય તેમ ન હતું, પરંતુ કોઈ એન્જિનના બોઇલરમાં વરાળનું પ્રેસર વધી જતાં તેની ઉપરના આવરણમાં થતી ધ્રુજારીની અનુભૂતિ હતી. એને કારણે તત્કાળ કોઈ મોટો ધરતીકંપ કે જ્વાળામુખી ફાટવાની શક્યતા ન હતી. અંદર વધી રહેલા દબાણને કારણે ધ્રુજારી અનુભવી રહેલા બોઇલરની બાજુમાં સલામતીની ખાતરી સાથેના વિશ્વાસથી ઊભા રહેલા માણસ જેટલી જ અહીં પણ સલામતી હતી.

ન્યૂઝીલૅન્ડના આ ભાગમાં થઈને પગપાળા પસાર થતાં માણસોને આ પ્રકારની ધ્રુજારીથી આશ્ચર્ય થાય તેવી એ સ્થિતિ ન હતી. જ્યાં ને ત્યાં જમીનમાંથી વહેતા ગરમ પાણીના ઝરાઓ તથા પેટાળમાં નીકળતી ગરમ વરાળના ફુવારાઓ તેમણે જોયા જ હતા. આ મંગાનામુ ડુંગર નીચેની ધરતીના પેટાળમાં પણ એવી જ અસ્થિરતા હતી. એવા પ્રેસર સંબંધમાં પેગેનલે સ્પષ્ટતા

કરી કે,

'નૌકાના બોઇલરનું એ ઉદાહરણ બરાબર છે, પરંતુ શું બોઇલર કે શું આ ડુંગર, એની અંદરના અસ્થિર ભૂતળમાં એની ધારકશક્તિ કરતાં ઉપરવટનું દબાણ વધી જાય ત્યારે ધડાકાભેર ફાટવાની શક્યતા રહે જ છે. પેટાળમાંની ઊથલપાથલના ધબકારા ઉપર સુધી અનુભવી શકાતા હોય, ત્યારે એ સ્થળે વધુ સમય ટકી રહેવામાં હું ડહાપણ જોતો નથી. આ સ્થાન વહેલીતકે છોડવાનું આયોજન આપણે કરવું જ પડવાનું છે.'

એ સાંભળીને મેજર નેબ્સે ધરતીના પેટાળમાં અવિરતપણે ધીખી રહેલી લાવાની હોળી અને એની અમાપ તાકાતના થઈ રહેલા વ્યય સંબંધમાં પોતાના વિચારો જણાવ્યા. તે બોલ્યા,

'મંગાનામુ ડુંગરની ટોચ એના પેટાળમાં ઢબૂરાયેલી હજારો લાખો અશ્વશક્તિનો ઉપયોગ આપણા કામ માટે કરે તો કેવું સારું? એવી એ શક્તિ ખોટી રીતે જ પેટાળમાં વેડફાઈ રહી છે ને? એ ધારે તો ઘડીના છઠ્ઠા ભાગમાં આપણને દુનિયાને બીજે છેડે પહોંચાડી શકે તેમ છે, પરંતુ એવું બનવાનું નથી તે હું જાણું છું. એની સરખામણીમાં હજારમાં ભાગ કરતાં પણ ઓછી શક્તિવાળી આપણી ડંકનનૌકા સારી કે જે આપણને આ દુનિયાની ફરતે પ્રદક્ષિણા કરાવી શકે છે.'

ડંકનનૌકાનો ઉલ્લેખ અનાયાસ જ કર્યો, છતાં ગ્લેનાર્વન માટે એ શબ્દોનું મહત્ત્વ એની લાગણી સાથે જોડાયેલું હતું. એણે ગુમાવેલી પોતાની લાડલી ડંકનનૌકા અને તેમાંના દુર્ભાગી નાવિકોની સ્મૃતિ છેલ્લા થોડા દિવસોની અતિકઠોર વાસ્તવિકતામાં ભુલાઈ ગઈ હતી, પરંતુ મેજર નેબ્સે કરેલા એના ઉલ્લેખથી ગ્લેનાર્વનના સ્મૃતિપટલ ઉપર ડંકનનૌકાનું દૃશ્ય ઊભરી આવ્યું. ક્યાંય સુધી એ મૌન બની ગયા.

મંગાનામુ ડુંગરની ટોચે આવેલી કારા-ટેટની કબર ઉપરનું છત્ર તથા તેની ફરતે ઊભી કરવામાં આવેલી આડશ સૌ માટે મોટું આશ્વાસન અને આશ્રયસ્થાન બની ગયું હતું. બપોરનો સમય થતાં પેગેનલે સૌને અંદર જવા માટે આહ્વાન કર્યું.

'ઓડુપા કબર આપણું આશ્રયસ્થાન છે, કિલ્લા જેવું સુરક્ષાકવચ છે, તેમ જ આપણે માટે ભોજનકક્ષ પણ છે.'

ડુંગરની તળેટીમાં ઘેરો ઘાલીને ઊભેલા માઓરીઓ આ ધોળિયા કેદીઓને ફરીથી પોતાના યોદ્ધાની દફનભૂમિમાં પ્રવેશતા જોઈ ગયા. પોતે પણ જેમાં પ્રવેશ કરી શકતા ન હતા, તેવા પવિત્રતમ સ્થાનમાં આ વિધર્મી વિદેશીઓને પ્રવેશતા જોઈને તેઓ કકળાટ કરી ઊઠ્યા. ત્યાં ઊભા ઊભા પોતાના હાથની મુક્કીઓ તથા હથિયારો હવામાં વિંઝી તેઓ ફીટકાર વર્ષાવતા હતા, તેમ છતાં તેમાંનું કોઈ એક ડગલું પણ આગળ વધતું ન હતું.

હેલીના અને મૅરી માટે આ સ્થિતિ રાહત આપનારી હતી. ચાર દિવસ અગાઉ એમની નજર સામે માઓરીઓએ ગુલામોના માંસનું ભક્ષણ કરીને જે ભીષણ અને જુગુપ્સાકારક કૃત્યો કર્યાં હતાં, તેની ઘાતક અસરમાંથી તેઓ હજી પૂરેપૂરાં મુક્ત થયાં ન હતાં. પોતે જો આ રાક્ષસોના હાથમાં પકડાયાં તો એમની દશા પણ ગુલામોના શરીરો જેવી જ થઈ શકે તેવા વિચારમાત્રથી તેઓ ફફડી ઊઠતાં હતાં.

લાલ રંગે રંગાયેલા અને માઓરીઓ માટે પ્રવેશ નિષિદ્ધ આ કબર ફરતેનાં કમ્પાઉન્ડ ઉપર મોકો મોકોની ધર્માજ્ઞાનાં પ્રતીકો લટકતાં હતાં. ચારે બાજુએ છીપો તથા મોતી જેવા પથ્થરોના તોરણ લટકતાં હતાં. કબરવાળા ભાગ સિવાયના અંદરના ભાગમાં જમીન ઉપર ઘાસ તથા

શણની ચટાઈઓ પાથરેલી હતી. કબરની માટીના ઢગને અડીને યોદ્ધાના હથિયારો ઊભાં મૂકવામાં આવ્યાં હતાં. દારૂગોળા સાથેની બંદૂક, મોતીમઢ્યા હાથાવાળા ભાલા, તેમ જ બરછી પણ ત્યાં હતાં. બંદૂક માટે વધારાની ગોળીઓ તથા જામગરી પણ ચામડાની કોથળીમાં ત્યાં મુકાયા હતા.

'આ હથિયારો આપણને ઉપયોગી બનશે.' પેગેનલ આનંદ વ્યક્ત કરતાં બોલ્યો, 'કેવા છે આ જંગલીઓના વહેમ, જેમાં બીજી દુનિયાના કહેવાતા જીવન માટે પણ આ દુનિયાનાં જ હથિયારો લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી છે!'

'આવા જંગલીઓના હાથમાં આ પ્રકારના અદ્યતન શસ્ત્રો મૂકવાનું જોખમ કેટલું મોટું છે અને તેનું કેવું ખતરનાક પરિણામ આવી શકે છે, તે આપણે ધ્યાનમાં રાખવું જોઈએ.'

ગ્લેનાર્વને ખિન્નતાના ભાવ સાથે જણાવ્યું,

'કારા-ટેટ માટેના હથિયારો તો આપણને ઉપયોગી થવાનાં જ છે, પરંતુ એ માટે રાખવામાં આવેલો ખોરાક તથા પાણી અત્યારે આપણને વધુ જરૂરી છે.' પેગેનલે જણાવ્યું. ખોરાક તથા પાણીના પુરવઠા તરફ આંગળી ચીંધીને એણે આગળ ચલાવ્યું,

'આટલો ખોરાક આપણા દસ માણસો માટે પંદર દિવસ ચાલે તેમ છે. જોકે કારા-ટેટ જેવા મૃત માણસ માટે કદી પણ ખૂટે નહીં તેટલું - અનંત ચાલે તેટલું એ ભાથું ગણી શકાય.'

એ પૈકીની જરૂરી ચીજવસ્તુઓ અલગ તારવીને ગ્લેનાર્વને ત્યાં ઊભેલા ઓલ્બિનેટને આપી. જોકે એને પકવવા માટે અગ્નિની ઊણપ સાલે તેમ હતું. આ પ્રકારની સ્થિતિ ઓલ્બિનેટ માટે પહેલી જ વાર ઊભી થઈ હતી. તાપણું સળગાવવા એમની પાસે કોઈ જ સાધન ન હતું.

રસોઈ કરનારની મૂંઝવણ જોઈને પેગેનલે પોતાનું મગજ ચલાવ્યું. સકરિયાં તથા બીજાં કંદમૂળોને પકવવા માટે નાનો ખાડો ખોદી તેમાં મૂકવાની ભલામણ કરી. ઉપરની ઠંડી સપાટી નીચેની લાવાયુક્ત જમીન ગરમ હતી. થોડી જ વારમાં એમાંથી કંદમૂળની ગંધ બહાર આવી. ખાતરી કરી લીધી કે તમામ ટુકડા બરાબર શેકાઈ ગયા હતા. એ જ રીતે અન્ય વસ્તુઓ પણ શેકાઈ જતાં સૌને માટે નાસ્તો તૈયાર થઈ ગયો. એ રીતે શેકાયેલી વાનગીઓ કોઈને સ્વાદિષ્ટ લાગી તો કોઈને બેસ્વાદ લાગી. તેમ છતાં સૌ માટે એનાથી પેટ ભરવાનું ફરજિયાત હતું.

ભૂખનું દુ:ખ મટ્યું. હવે અહીંથી ભાગવા માટેની યોજના બનાવવા માટે દરેકના મગજ દોડતાં થઈ ગયાં.

'મિત્રો,' સૌને સંબોધતા હોય તે રીતે ગ્લેનાર્વન મોટેથી બોલ્યા, 'આપણે અહીં અનિશ્ચિત સમય સુધી રહી શકીશું નહીં. આપણા સૌ માટે માંડ પંદર દિવસ ચાલે એટલા જ ખોરાક-પાણી અહીં આ સ્થળમાં છે. નીચે ઘેરો ઘાલીને બેઠેલા માઓરીઓ એ જ સમયની રાહ જોઈ રહ્યા છે કે ક્યારે આપણો પુરવઠો ખલાસ થાય અને ક્યારે આપણે એમને શરણે જઈએ. આજે રાત્રે જ માઓરીઓનો ઘેરો તોડીને અહીંથી બહાર નીકળવાનો આપણે પ્રયાસ કરીશું. અંધારાનો લાભ આપણને મળવાનો જ છે.'

'મહાશય ગ્લેનાર્વન! આપનો પ્લાન ઘણો જ સારો છે. જો શસ્ત્રોથી સજ્જ માઓરીઓ કોઈ પણ જાતના વિરોધ વિના આપણને ત્યાંથી પસાર થવા દે તો.' પેગેનલે શરતી સંમતિ આપી.

'અને ધારો કે પૂરી તાકાતથી તેઓ આપણો સામનો કરશે તો આપણે શું કરવાનું છે?' કૅપ્ટન મેંગલ્સે કુતૂહલવશ બનીને પૂછ્યું.

'તો આપણી પાસે જે તાકાત છે તે તમામનો મહત્તમ ઉપયોગ કરીને તેમનો સામનો

કરીશું.'

'પરંતુ સેંકડોની સંખ્યામાં શસ્ત્રસજ્જ માઓરીઓનો સામનો કરવા માટેનો કોઈ જાદુ આપણી પાસે છે?' મેજર નેબ્સે પૂછ્યું.

'હા જી, મેજરસાહેબ, જેટલી તાકાત આપણી પાસે છે તે એટલી ઓછી માત્રામાં છે, જેનો પૂરેપૂરો ઉપયોગ આપણે કરી શકીએ તો પણ આપણે બચી શકીશું નહીં.' પેગેનલે સ્પષ્ટતા કરી, તેમ છતાં તે હજી પોતાનું રહસ્ય ખુલ્લું કરતો ન હતો. વારંવાર પૂછવા છતાં તે ગોળગોળ જવાબ આપતો હતો. કારગર નીવડી શકે એવો એનો ખાસ ઉપાય શું હતો, તેની એ કાંઈ પણ સ્પષ્ટતા કરતો ન હતો.

દરમિયાન રાત્રિના અંધારાં ઊતર્યાં. કશું પણ દેખાતું બંધ થાય તે પૂર્વ એમણે તળેટીમાં નજર કરી લીધી. ત્યાં નીચે ઘેરો કરનારાઓની સંખ્યામાં ઘટાડો નહીં, પણ વધારો થયો હોય તેમ લાગ્યું. અંધારું ગાઢું થતાં નીચે મશાલો સળગાવવામાં આવી. થોડે થોડે અંતરે સળગી રહેલી મશાલોને કારણે મંગાનામુ ડુંગરની ફરતે તેની હારમાળા રચાઈ હતી. ભળભળ બળી રહેલ મશાલની જ્વાળાની શૃંખલા વચ્ચેથી ડુંગર જાણે પોતાનું માથું ઊંચે અંધારામાં બહાર કાઢી રહ્યો હોય તેવો એ દેખાવ હતો. રાત્રે નવ વાગ્યાનો સમય થયો. ગ્લેનાર્વન હજી પણ માનતા હતા કે તળેટીમાં રહેલો ઘેરો તોડી શકાશે. ત્યાંની સ્થળસ્થિતિ તથા માઓરીઓની જાગરૂકતાની ચકાસણી કરવા માટે કૅપ્ટન મેંગલ્સને સાથમાં લઈને અંધારામાં જ તેમણે ઢાળ ઊતરવાની શરૂઆત કરી. ઊંચાઈવાળા ખૂંધ ઉપર થઈને નીચે ઊતરવામાં દુશ્મનોનું ધ્યાન ખેંચવાની શક્યતા વધુ હતી. આથી એમણે ખૂંધની નીચે ચાલવાની શરૂઆત કરી. પૂરેપૂરી ચૂપકીદી હતી કે અંધારું હોવા છતાં બંને સતર્ક હતા. એમને ખાતરી હતી કે માઓરીઓના ઘેરા નજીક પહોંચીને ત્યાંની નબળી કડીનો અંદાજ મેળવી શકાશે. તેઓ માંડ પચાસ ફૂટ દૂર ગયા હશે, ત્યાં જ બંદૂકની ગોળી છૂટી હોય તેવો અવાજ આવ્યો. અંધારાંને ચીરતી સનસન કરતી ગોળી એના માથા ઉપર થઈને પસાર થઈ. તરત જ બંનેએ બહાદુરીભરી પીછેહઠ શરૂ કરી. જમીન ઉપર આડા પડીને ઉપરની દિશામાં ઝડપથી ખસવા માંડ્યું.

'આ જંગલીઓ પાસે તો બિલાડીની આંખો હોય તેમ લાગે છે. અચૂક નિશાન કોઈ શિકારીની બંદૂકને હોય તેવું જ છે.'

ગ્લેનાર્વને બડબડાટ કર્યો. ઝડપથી બંને જણા ઉપર સરવા લાગ્યા. નીચે ગોળી છૂટવાનો અવાજ સાંભળી ઉપર રહેલાં સૌ ચિંતામાં પડી ગયાં.

ઘેરાની વચ્ચે થઈને ભાગવા માટે ગ્લેનાર્વને ઘડેલો પ્લાન નિષ્ફળ ગયો. એને કાયમ માટે અભરાઈએ ચઢાવી દેવાયો.

'હવે આવતી કાલની સવાર સુધી રાહ જોઈશું.'

નીરવ શાંતિનો ભંગ કરીને પેગેનલે જણાવ્યું,

'એ લોકો પોતાની મેળે અહીંથી ખસે તેમ લાગતું નથી. એમને ભગાડવાની મારી પાસે યોજના છે. હવે તેનો જ અમલ કરીશું. એમની જ બિલ્લી પાસે એમને મ્યાઉં કરાવીશું.'

એ કેવી રીતે બનશે તેનો કોઈને ખ્યાલ આવ્યો નહીં. મોડી રાતનો સમય થયો. બહાર ઠંડી હતી. કારા-ટેટ જેવા યોદ્ધાને પણ ઠંડી લાગવાની હતી, તેની ચિંતા તેને દફનાવનારાઓએ કરી હતી. ઠંડીમાં તેને ઉપયોગી થાય તે માટે શણના ધાબળાની તેમણે વ્યવસ્થા કરી હતી. પાથરવામાં અને ઓઢવામાં એનો જ ઉપયોગ કરી કારા-ટેટની કબરની નજીકમાં જ સૌએ લંબાવ્યું.

બહારના દુશ્મનો સામે તેમની જ અંધશ્રદ્ધાનું ભરોસાપાત્ર રક્ષાકવચ અહીં સૌને સુરક્ષા બક્ષી રહ્યું. તેઓ ડુંગર ઉપર આવવાની હિંમત કરવાના ન હતા. અને એમની વચ્ચે થઈને કોઈ વ્યક્તિ કે પ્રાણી ઉપર જઈ શકે તેમ ન હતું.

અહીં કોઈ સંત્રીએ જાગવાની જરૂર જ ન હતી.

૧૪
હિંમતભર્યો પ્લાન

૧૭મી ફેબ્રુઆરીનો દિવસ ઊગ્યો. સૂરજના પહેલા કિરણથી મંગાનામુ ડુંગરની ટોચે અને તળેટીમાં ધામા નાખીને પડેલા બંને પક્ષના લોકો જાગી ગયાં. ટોચે બેઠેલાંઓ અહીંથી સહીસલામત રીતે ભાગવાની ફિકરમાં હતાં, તો તળેટીમાં અડ્ડો જમાવીને બેઠેલા માઓરીઓને અધીરાઈ હતી કે ક્યારે આ ધોળિયાઓ હાથમાં આવે અને ક્યારે એનું ગરમગરમ લોહી અને તાજા માંસ ઉપર જયાફત જામે.

કારા-ટેટની કબરના કમ્પાઉન્ડમાં હોય ત્યાં સુધી કોઈ તકલીફ ન હતી, પરંતુ કાંઈક કારણે કોઈ બહાર નીકળે અને તળેટીના લોકો જોઈ જાય ત્યારે તરત જ એના પ્રત્યાઘાત ઊઠતા. એમના તરફના હોકારાપડકારા શરૂ થઈ જતા, તેમ જ શસ્ત્રો અને મુઠ્ઠીઓ હવામાં વિંઝાતી.

ગ્લેનાર્વન તથા પેગેનલની નજર પૂર્વમાં આવેલા ડુંગરાઓ અને તેની ઊંડી ખીણો તરફ મંડાયેલી રહેતી. એમનાથી પશ્ચિમે આવેલાં તાઉપો સરોવરના પાણીમાં ઊઠતી હળવી તરંગમાળા પણ અહીંથી જોઈ શકાતી હતી. ચારે તરફનો માહોલ માણવા યોગ્ય હતો, તેમ છતાં સૌને અહીંથી સલામત રીતે ભાગી છૂટવાની જ ચિંતા સતાવતી હતી. એ માટે પેગેનલે મનોમન વિચારી રાખેલા પ્લાન અંગે જાણવા તેઓ સૌ આતુર હતાં. એવા પ્લાનની સફળતા માટે પેગેનલને પોતાને જ શંકા હતી. તેથી જ તેને ખુલ્લો કરવા બાબતમાં તે અવઢવમાં હતો, પરંતુ હવે જ્યારે કોઈ જ વિકલ્પ દેખાતો ન હતો, ત્યારે સૌને વિશ્વાસમાં લેવાની એને ફરજ પડી.

'મારા મનમાં જે વિચાર છે, તેનો અમલ કરી શકીએ અને તેમાં નિષ્ફળ જઈએ તો પણ તેનાથી આપણી સ્થિતિમાં વધુ બગાડો થવાની શક્યતા નથી. અહીંની પ્રજા ભારે વહેમી છે. એને કારણે જ આ કબ્રસ્તાનમાં આપણે સલામત રહી શક્યાં છીએ. એમની એવી વહેમીલી પ્રકૃતિનો જ આપણે લાભ ઉઠાવવાનો છે.'

'માઓરીઓ અને તેના મુખિયા કાઈ કાઉ-માઉ માને છે કે આ કબર અને મંગાનામુના આ ડુંગરને મોકો મોકોની આણ લગાવ્યા પછી એની વિરુદ્ધ જઈને આપણે તેને અભડાવી છે. આપણે કરેલા એવા પાપની સજા આપણને મળી છે એટલે કે એમની નજર સામે આપણે સૌ નષ્ટ થયાં છીએ, તેવી તેમને ખાતરી થાય તો હું માનું છું કે ડુંગર ફરતે એમણે ઘાલેલો ઘેરો તેઓ ઉઠાવી લેશે. આપણે નષ્ટ થઈ જઈએ પછી આપણા માંસ ઉપર જયાફત ઉડાવવાની મળવાની નહીં હોય તો તેઓ નિરર્થક શા માટે પડી રહે?'

'એમાં તો શંકા નથી, પરંતુ આપણે અહીં નાશ થઈ ગયા છીએ એમ તેમને આપણે બતાવીશું કેવી રીતે?' લેડી હેલીનાને પણ પેગેનલની વાતમાં રસ પડ્યો.

‘હા જી, મૅડમ. આ પ્રતિબંધિત સ્થાનમાં પ્રવેશીને તેને ભ્રષ્ટ કરવાના આ ગુના માટે સજા કરી શકે તેવી ભડભડતી જ્વાળાઓ આપણા પગ નીચે જ દબાયેલી છે. આ ધરતીના પેટાળમાં રહેલી એવી જ્વાળા ઓ અલ્પમાત્રામાં પણ આપણે બહાર કાઢી શકીએ, તો તેને એ લોકો નીચેથી જોઈ શકશે.’

‘શું કહ્યું તમે? ફરીથી બોલો, પેગેનલ! ધરતીમાં ઢબૂરાયેલા જ્વાળામુખીને તમે બહાર કાઢવા માગો છો? પ્રકૃતિની એ સર્વભક્ષી આસુરી શક્તિ ખરેખર જ આપણો નાશ કરે તેવી શક્યતા હું તો જોઉં છું. જોકે માઓરીઓને હાથે ઘૃણાસ્પદ રીતે મરવા કરતાં આ રીતે મરવાનું હું જરૂર પસંદ કરીશ. એવી જ્વાળાઓ માત્ર દેખાડો જ બની રહે એવી રીતે એને નાથી શકાશે ખરી? આ જંગલી લોકોનું તો જે થવાનું હશે તે થશે, પરંતુ પહેલાં આપણે જ એમાં સ્વાહા નહીં થઈએ, તેનો વિચાર પહેલાં જ કરી લેવો જોઈએ.’

કૅપ્ટન મંગલ્સને ભૂગોળશાસ્ત્રીમાંથી હવે ભૂસ્તરશાસ્ત્રી બનેલા પેગેનલની રજૂઆત અને પ્લાન બાબત શંકા હતી.

‘જુઓ કૅપ્ટન મેંગલ્સ! મેં રજૂ કરેલો પ્લાન સો ટકા સફળ જ થાય તેવી ખાતરી કોઈ જ આપી શકશે નહીં. છતાં માઓરીના હાથમાં પડ્યા તો સો ટકા ભૂંડે હાલે મરવાનું જ છે. એવી સ્થિતિમાં મેં જણાવ્યા પ્રમાણે કરવામાં આપણે કોઈ વધારાનું જોખમ તો ઉઠાવતા નથી. માઓરીની અતિ વહેમીલી પ્રકૃતિનો લાભ મળવાની શક્યતા છે જ. મારી ગણતરી પ્રમાણે પેટાળની ગરમી અને દબાણ હજી એટલી હદે નથી પહોંચ્યું, જે આ પ્રદેશને ધુણાવીને મોટો ધરતીકંપ સર્જી શકે અથવા તો આ ડુંગરની ટોચને ધડાકાભેર ઉડાવીને અહીં જ્વાળામુખી બનાવી શકે. મારા મનમાં શીઘ્ર જ્વાળામુખીની કલ્પના છે. તે એવો જ્વાળામુખી છે, જેને આપણે શરૂ કરી શકીએ, એનું નિયમન કરી શકીએ અને કામ પૂરું થયા પછી જરૂર હોય તો બંધ પણ કરી શકીએ. અંદરના દબાણની ધ્રુજારી આપણે અનુભવી છે. તે જ રીતે અંદરની ગરમીનો અનુભવ પણ થઈ ચૂક્યો છે. એવી એ ગરમીને વરાળના ફુવારા તરીકે બહાર કાઢી શકીએ કે એમાં રહેલા અગ્નિને સતેજ કરી શકીએ તો મારું માનવું છે કે વહેમીલા માઓરીઓ ઉપર એની ચોક્કસ અસર પડશે જ.’

‘તમારો આ પ્લાન સારો છે. એમાં નિષ્ફળતાની શક્યતા મને દેખાતી નથી, છતાં જોખમ તો છે જ અને તે આપણે ઉઠાવવું જ જોઈએ.’ પેગેનલના કોઈ પણ પ્લાન સંબંધમાં શંકા કરનાર મેજર નેબ્સને ગળે વાત ઊતરી હોય તેમ લાગ્યું.

‘આભાર તમારો, મેજર!’ મેજરની સંમતિ મળતા અન્ય સાથીઓની શંકાનું બહુ મહત્ત્વ ન હતું. એવી સંમતિથી ઉત્સાહિત બનેલા પેગેનલે પોતાના પ્લાનની વિગતો સમજાવી,

‘આ ડુંગર ઉપરની કારા-ટેટની આ કબરના કમ્પાઉન્ડની બહાર નજીકમાં જમીનના પોપડાનું નબળું કે પાતળું પડ આપણે શોધી કાઢીશું. ત્યાં છિદ્ર પાડીશું કે એને દબાણપૂર્વક ઢાંકી રહેલા પથ્થરના વજનને ત્યાંથી ખસેડીશું. મારી માન્યતા પ્રમાણે એને કારણે વરાળના કૃત્રિમ ફુવારા કે અગ્નિની જ્વાળાઓ ત્યાં પેદા થઈ શકશે. ચુપકીદીથી એટલું કર્યા બાદ આપણે તો આ કારા-ટેટની કબરની પાછળ જ સંતાવાનું રહેશે. એ ફુવારા કે જ્વાળા પાછળ આપણે હોઈશું તો માઓરીઓ માનવાના જ છે કે આપણો નાશ થયો છે અને એમની ધર્માજ્ઞાની આપણે કરેલી અવમાનનાની આપણને સજા મળી ચૂકી છે. આપણે એ રીતે કેટલા દિવસ સંતાવું પડશે તેનો આધાર માઓરીઓની માન્યતા ઉપર છે. એ લોકો ઘેરો ઉઠાવે કે તરત આપણે અંધારાનો લાભ

લઈ અહીંથી છટકી જવાનું રહેશે.'

'મિસ્ટર પેગેનલ! એવું બની શકે કે આપણે નાશ પામ્યા છીએ કે નહીં તેની ખાતરી કરવા માઓરીઓ અહીં ડુંગરની ટોચ ઉપર આવીને જાતતપાસ કરે?' કુમારી મૅરી ગ્રાન્ટને પણ શંકા ઊપજી.

'નહીં, કદી નહીં. મૅરી બેટા! આ લોકોના વહેમને એમની અંધશ્રદ્ધા જ ગણવાની છે. એઓ એવું કદી કરશે નહીં. કારા-ટેટની આ કબર અને આખેઆખો મંગાનામુનો આ પહાડ મોકો મોકો જાહેર થયેલો છે. એવા પ્રતિબંધને તેઓ કદી પણ અવગણશે નહીં.' પેગેનલે ચિંતાતુર મૅરીને ધરપત આપી.

'આપણા પ્લાનના અમલ અને સફળતા બાબતમાં મને એક શક્યતાનો વિચાર આવે છે. વરાળના ફુવારા અને લાવાની આતશબાજી શરૂ થાય, ત્યાર બાદ પણ એ લોકો લાંબો સમય આપણી ફરતે ઘેરો ચાલુ રાખે તો શું કરવું? આપણી પાસેનાં ખોરાક-પાણી તો મર્યાદિત પ્રમાણમાં જ છે. શું કરીશું ત્યાર બાદ?' ગ્લેનાર્વને સૌની ચિંતાને વાચા આપી, છતાં તેનો જવાબ પણ પોતે જ આપ્યો. બોલ્યા, 'જોકે હું એવું નથી સૂચવવા માગતો કે આપણે આપણો પ્લાન અમલમાં ન જ મૂકવો. આપણી પાસે એટલું જોખમ લેવા સિવાય અન્ય કોઈ વિકલ્પ પણ નથી. અત્યારે તો આપણે આ રમત રમવી જ પડવાની છે. આગળ પરિસ્થિતિ પ્રમાણે જોયું જશે.' એમની સાથે બધાએ જ એમાંથી આશ્વાસન મેળવ્યું.

'પેગેનલ મહાશય! તો હવે આપણે આતશબાજી ક્યારે શરૂ કરવાની છે, તે જણાવો?' હેલીના પણ પેગેનલની કુશાગ્રબુદ્ધિ ઉપર વારી ગઈ.

'બસ, આજે રાતનું અંધારું શરૂ થાય કે તરત જ, પરંતુ ત્યાર બાદ તૈયારી માટે આપણી પાસે સમય રહેશે નહીં. માટે ભાગંભાગ શરૂ થાય ત્યારે સાથે લઈ જવી જરૂરી વસ્તુઓ લેવા માટેની તૈયારી અત્યારે જ શરૂ કરી દેવી જોઈએ.'

પેગેનલનો આ વિચાર સૌને ગમ્યો. સફળ થવાની સૌને પૂરેપૂરી શક્યતા લાગતી હતી, પરંતુ નિયમન કરી શકાય તે રીતે જ્વાળાઓને બહાર લાવવાનો પ્રશ્ન સૌને મૂંઝવતો હતો. નિયમનમાં ન રહી શકે એવો જ્વાળામુખી એને પ્રવૃત્ત કરનારને જ ક્ષણમાત્રમાં ભસ્મ કરી શકે એ શક્યતાને સતત ધ્યાનમાં રાખવા જેવી હતી. એ એક ભસ્માસુરી ખેલ હતો. સૌ એનાથી સચેત અને સચિંત હતા.

આખરે તૈયારી શરૂ થઈ. કારા-ટેટને માટે રાખવામાં આવેલી ભોજન સામગ્રી તથા ઉપયોગી બની શકે તેવી અન્ય વસ્તુઓનાં નાનાં પૅકેટ બાંધવામાં આવ્યાં. દરેકે પોતાની પીઠ ઉપર કાંઈક વજન ઉપાડવું જરૂરી હતું. અહીંથી સફળતાપૂર્વક નીકળી શકાય તે પછી પણ આગળની અગોચર ભૂમિમાં ખોરાક કેવો મળશે તેની કોઈ માહિતી ન હતી. કબર પાસે કારા-ટેટને માટે ગોઠવેલાં હથિયારો પણ સાથે જ લેવાનાં હતાં.

પ્રયાણ અંગેની તમામ તૈયારી પૂરી થઈ. સૌ હવે મુક્તિની ઘડીની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં. સાંજના છ વાગ્યા. ઓલ્બિનેટે બનાવેલું રાત્રિભોજન વહેલી સાંજે જ પતાવી દીધું. હવે પછીનું ભોજન ક્યારે, ક્યાં અને કેવું મળશે તેનો કોઈ પાસે જવાબ ન હતો.

સાંજના સાત વાગ્યા. ક્ષિતિજ અંધારામાં ઘેરાઈ ગઈ. મંગાનામુની ટોચ ઉપર કબરના કમ્પાઉન્ડની આસપાસ છૂપી રીતે પ્રવૃત્તિ થવા લાગી. એ દરમિયાન દૂરની ક્ષિતિજ ઉપર આકાશી વીજના ચમકારા દેખાયા. અંધારાંને ચીરીને આવતો એનો ઝાંખો પ્રકાશ તથા મેઘની ગડગડાટીના

દબાયેલા અવાજને પેગેનલે આવકાર્યા. એને ખ્યાલ હતો કે અહીંની પ્રજા કુદરતના પરિબળોથી વધુ પ્રભાવિત બનતી હતી. એમણે જે પ્લાન અમલમાં મૂકવાનું નક્કી કર્યું હતું તેને માટે આ વીજચમકારા અને મેઘર્ગજના પૂર્વ ભૂમિકા બની શકે તેમ હતું. મેઘની ગર્જનાને એ લોકો નાઉ-અટોવા એટલે કે દૈવીશક્તિના પ્રકોપરૂપ માને તેમ હતું. તેમ જ વીજચમકારાને દેવની આંખોમાં વિસ્ફારિત બની રહેલો ક્રોધાગ્નિ માનતા હતા.

રાત્રિના આઠ વાગ્યા. અપશુકનિયાળ ગણાય તેવા અંધારાના આવરણમાં મંગાનામુનો ડુંગર ઢંકાઈ ગયો. પેગેનલે વિચારેલા મિશન જ્વાળામુખી માટે એવાં અંધારાનું બેકગ્રાઉન્ડ વધુ ઉપયોગી હતું. ધરતીની ફાટ કે છીદ્રોમાંથી પ્રગટીને ઊંચે ચડનારી અગનજ્વાળાઓની આતશબાજી નીચે તળેટીમાં ઘેરો નાખીને બેઠેલા માઓરીઓને સ્પષ્ટ રીતે દેખાવાની હતી. ભયંકર દેખાતી એ આગની પાછળ ઊભેલા આ પાપી લોકો તેમનાથી જોઈ શકાવાના ન હતા. એ લોકો તો એમ જ માનવાના કે કુદરતનો ચારે બાજુનો પ્રકોપ આ લોકોને ભરખી ગયો હશે અને તેમને તેમના પાપની યોગ્ય સજા મળી ગઈ હશે. એ સંજોગોમાં એમણે હવે કાંઈ જ કરવાનું રહેતું ન હતું.

અંધારું થયું તે અગાઉ પેગેનલ વગેરેએ એમના પ્લાન માટે ચોક્કસ કયું સ્થળ વધુ ઉપયોગી બની શકે તેની મોજણી કરી હતી. કારા-ટેટની કબરના કમ્પાઉન્ડથી ત્રીસેક ફૂટ દૂરના સ્થળે ડુંગરનો ઢોળાવ શરૂ થાય ત્યાં જ એક મોટો પથ્થર હતો. નજીકમાં જ ઢોળાવ હોવાથી એ પથ્થરનું સમતુલન માંડમાંડ જળવાઈ રહ્યું હતું. એ સ્થળે પેગેનલે સૌથી વધુ ધ્રુજારી અનુભવી હતી. ખડકની નીચે એણે નાના નાના ખાંચાઓ જોયા હતા. તેમાંથી ગરમ વરાળ બહાર નીકળતી હોય તેવા સુસવાટા થોડી થોડી વારે સંભળાતા હતા. એ ભારેખમ ખડક પાસે જઈને તેને ખસેડવા માટે ઓડુપાની ફરતે કરેલા કંપાઉન્ડના થાંભલાઓને ઉખેડીને ઉચ્ચાલક તરીકે તેને ઉપયોગમાં લીધા. સૌએ એકીસાથે એવા ઉચ્ચાલકો વડે જોર લગાવ્યું. મુશ્કેલ કામ હતું, છતાં સામૂહિક ધક્કાથી ખડક એ સ્થળેથી થોડો ચસક્યો. વધુ જોર થતાં તે વધુ ખસ્યો. આખરે ઢોળાવ તરફ વધુ ખસતાં તેની સમતુલા પૂરેપૂરી ખોરવાઈ ગઈ અને મોટા અવાજ સાથે ઢોળાવ ઉપરથી નીચે ગબડવા લાગ્યો. એક જોરદાર ધડાકા સાથે માઓરીઓ ઊભા હતા, ત્યાં નજીકની ખીણમાં તે ખાબક્યો. વીજના ચમકારા અને મેઘની ગડગડાટીમાં હવે ઉપરથી ગબડીને નીચે ધસી આવેલી શીલાના ધમાકાથી દેવના પ્રકોપની કલ્પનાથી માઓરીઓ પણ ગભરાયા.

શીલાના ભારે વજનથી દબાઈ ગયેલા ખાંચાઓની નીચે પણ અંદરથી ભારે દબાણ હતું. હવે શીલાનું ઉપરનું વજન ખસી જતાં ખાંચાઓ સક્રિય બની ગયા. એમાંથી મોટા સૂસવાટા સાથે વરાળ નીકળવા લાગી. એ ઉપરાંત પ્રવાહી લાવાની પાતળી સેર નીકળીને ડુંગરના ઢોળાવની અજવાળતી નીચે વહેવા લાગી. વરાળના ફુવારામાંથી પણ ઊકળતું પાણી નીકળતું હતું. થોડી જ પળોમાં એ વહાવ નીચે તળેટીમાં પહોંચી જવાનો હતો. ઘેરો ઘાલીને તળેટીમાં બેઠેલા વહેમીલા માઓરીઓની બધી જ બહાદુરી કુદરતના પ્રકોપ સામે ઓગળી જવાની હતી.

મસમોટી શીલા ખસી જવાથી એકદમ જોખમી બની ગયેલા એ સ્થળેથી ગ્લેનાર્વન વગેરે માંડમાંડ ભાગી શક્યા. જ્વાળાની ગરમી એમને દઝાડે તે પહેલાં ટોચને સામે છેડે આવેલી કબરના કમ્પાઉન્ડમાં તેઓ સૌ પહોંચી ગયા. વરાળના ફુવારા સાથેનું પાણી ૨૨૦° સેન્ટિગ્રેડ જેટલું ઊકળતું હતું. એમાંથી ગંધકની તીવ્ર ગંધ રાત્રિના હવામાનમાં પ્રસરી ગઈ.

ડુંગરની ટોચ ઉપરથી ધગધગતું મોત નીચે રેલાઈ આવતું જોઈને ત્યાં બેઠેલા સેંકડો

માઓરીઓમાં ભયનું મોજું ફરી વળ્યું. તેમના ટોળામાં ભાગંભાગ મચી ગઈ. હજી પણ અડંગા નાખીને બેઠા રહેલા ઘણા તો દાઝી ગયા. એ લોકો પણ ચિત્કાર કરતા બીજા સાથીઓની પાછળ ભાગવા લાગ્યા.

લાવાના એ વહાવને તાત્કાલિક અટકાવવાની જરૂર ન હતી. જો કે તેને કાબૂમાં લઈ શકાય તેવી કોઈ કરામત પણ પેગેનલ પાસે ન હતી. એવી સ્થિતિ રાતભર ચાલુ જ રહી. કબરના કમ્પાઉન્ડ પાછળ તત્કાળ પૂરતાં તેઓ સલામત હતાં, પરંતુ પેગેનલ તથા ગ્લેનાર્વન ચિંતિત પણ હતા. શરૂઆતની સાંકડી નાની ફાટ ધીમેધીમે અંદરના દબાણને કારણે વધુ પહોળી બનતી ગઈ. એમાં વધારો થાય તો માત્ર ૩૦ ફૂટ દૂરની કબરને અને તેમાંના આશ્રિતોને પણ અસર કરે તેવી શક્યતા હતી.

નીચે તળેટી તરફ લાવાનો રિસાવ વધતાં આદિવાસીઓની ભાંગભાગ ચાલુ જ હતી. એ સ્થળેથી બધા જ દૂર ખસી રહ્યા હતા. લાવાથી દાઝીને કેટલાક લોકો મૃત્યુ પામ્યા. તેમનાં શબોને સ્થળ ઉપર જ છોડીને બાકીનાઓ રણમેદાન છોડવા લાગ્યા. ધગધગતા લાવાના ઝાંખા અજવાળામાં પણ એમની ભાગંભાગ પેગેનલ કમ્પાઉન્ડની ફાટમાંથી પોતાના દૂરબીનમાંથી જોઈ શકતો હતો. એણે જોયું કે એ દરમિયાન એક મહાકાય યોદ્ધો હાથમાં ભાલો પકડીને ટોળામાંથી બહાર આવ્યો. ડુંગરની ટોચ તરફ હાથ ફેલાવીને તે કાંઈક બોલી રહ્યો હોય તેમ લાગ્યું. એ હતો એઓનો મુખી કાઉમાઉ. મંગાનામુના દેવને એ આવાહન કરી રહ્યો હતો. કારા-ટેટની કબરને ભ્રષ્ટ કરનાર ધોળિયા ગુનેગારો ઉપર વધુ ને વધુ અગનવર્ષા કરવા માટેની એ પ્રાર્થના હતી. ત્યાર બાદ પોતાના બધા જ માણસોને લઈને મુખી કિલ્લાની સલામતીમાં પીછેહઠ કરવા લાગ્યો.

'પેલા લોકો જાય છે. બધા જ માઓરીઓ તેમનો ઘેરો ઉઠાવીને કિલ્લામાં પાછા વળી રહ્યા છે.' પોતાની વ્યૂહરચના સફળ બની તેનો આનંદ વ્યક્ત કરતો પેગેનલ દૂરબીનની મદદથી તેઓને જતા જોઈ રહ્યો. સૌએ મળીને નક્કી કર્યું કે આખો દિવસ તેમણે એ કબરના વંડામાં ભરાઈ રહેવું. કમ્પાઉન્ડની ફાટમાંથી તળેટીમાં સતત નજર રાખવાની જરૂર હતી. માઓરીઓએ કરેલી પીછેહઠ ખરેખર આ લોકોની અપેક્ષા પ્રમાણેની હતી કે પછી ભાગેડુઓને છેતરવા માટેની કોઈ ચાલ હતી તે જાણવું જરૂરી હતું. દિવસ દરમિયાન તેઓની કોઈ જ હિલચાલ જણાય નહીં અને તળેટીમાં કોઈ પણ માણસની હાજરી જણાય નહીં અને સલામતીની પૂરેપૂરી ખાતરી થાય ત્યાર બાદ રાત્રે જ અહીંથી નીકળવાનું નક્કી કર્યું.

સાવ નજીકમાં જ વીતેલા અતિ કટુ ભૂતકાળને સૌ ભૂલી ગયા. હવે પછીના સમયમાં તેમણે ભોગવવી પડવાની સંભવિત મુશ્કેલીઓને પણ તત્કાળ પૂરતી તેમણે વિસારે પાડી. ભૂતકાળ અને ભવિષ્યકાળથી સ્વતંત્ર રીતે વર્તમાન જ તેમને માટે મહત્ત્વનો બની ગયો. જીવતા દોજખ જેવી કેદમાંથી મુક્ત થવાનો, સૌએ મોકળા મને આનંદ વ્યક્ત કર્યો. પરસ્પર સૌએ અભિનંદન આપ્યાં.

પેગેનલની ગણતરી પ્રમાણે હવે પછી પણ તેમની યાત્રા આસાન નહીં હોવાની શક્યતા વધુ હતી. એની દિશાસૂઝ પ્રમાણે એણે જણાવ્યું કે અહીંથી સહીસલામત રીતે બહાર નીકળ્યા બાદ ઉત્તરપૂર્વ દિશાને નજરમાં રાખીને ચાલવાનું હતું. આગળ આવતા ડુંગરાઓની સ્થળસ્થિતિનો ખુદ એને પોતાને પણ ખ્યાલ ન હતો. ડુંગરો અને ખીણોના એ માર્ગમાં કોઈ આદિવાસી વસાહત હોય તો પણ તેને મળવાની કે તેની મદદ મેળવવાના વિચાર પણ કોઈને આવે તેમ ન હતું.

ટાપુની અંદરના ભાગોમાં ખ્રિસ્તી મિશન હોવાની શક્યતા પણ નહીંવત્ હતી. પશ્ચિમીજગતની એવી કોઈ વ્યક્તિ કે સંસ્થા મળી જાય ત્યાર બાદ જ બે ઑફ પ્લેન્ટી તરફની એમની મુસાફરી સલામત બનવાની હતી. ત્યાં સુધી ચારે તરફના ભયની સામે તેમણે સતર્ક રહેવાનું હતું. એમાં સૌથી મોટો ડર માઓરીઓ તરફનો હતો. એની સરખામણીમાં અન્ય તમામ પ્રકારની મુશ્કેલીઓને પહોંચી વળાય તેમ હતું. પેગેનલના જણાવ્યા પ્રમાણે અહીંની ટોળીઓના માણસો ભાગ્યે જ પોતાના વિસ્તારમાંથી બહાર નીકળવાનું પસંદ કરતો હોય છે. મંગાનામુ ડુંગરની બહારની એમની હદ વિતાવ્યા પછી જ તેઓ સલામત બનવાના હતા.

નકશાને આધારે પેગેનલે ગણતરી કરી તે પ્રમાણે અહીં તાઉપો સરોવરથી બે ઑફ પ્લેન્ટી સો માઈલ દૂર હતું. દરરોજના દસ માઈલ પ્રમાણે પગપાળા આગળ વધી શકાય તો દસ દિવસમાં તેઓ આસાનીથી ઓકલૅન્ડ પહોંચી શકે તેમ હતું.

દિવસ દરમિયાન ઓડુપા કબરના કમ્પાઉન્ડની પાછળ છુપાઈને ગ્લેનાર્વન અને પેગેનલ ડુંગર નીચેની તળેટીમાં દૂરબીનની મદદથી જોતા રહ્યા. આ વિસ્તાર સાવ ખાલી હતો. કોલાહલ અને હોકારાપડકારા તો ગઈ રાતથી જ બંધ થઈ ગયા હતા. ગમે ત્યારે હવે અહીંથી નીકળી શકાય તેમ હતું. આમ છતાં સલામતી ખાતર અંધારું શરૂ થાય ત્યાં સુધી રાહ જોવાનું સૌએ નક્કી કર્યું. તકેદારી તો દરેક પગલે અને દરેક પળે જરૂરી હતી. વ્યૂહરચના તરીકે માઓરીઓ પોતાના થોડા યોદ્ધાઓને પાછળ છોડી ગયા હોય તો છેવટની ઘડીએ પણ તકલીફ ઊભી થવાની શક્યતા હતી.

રાત પડે ત્યારે ચોક્કસ કેવી રીતે અને ક્યાંથી નીચે ઊતરવું તેની જાણકારી પેગેનલે દિવસના અજવાળા દરમિયાન કરી લીધી હતી. એમણે જ સર્જેલા જ્વાળામુખીમાંથી વહી રહેલા લાવાની ગરમીથી સાચવવાનું હતું. એનો ઝાંખો પ્રકાશ નીચે ઊતરવામાં મદદરૂપ બને તેમ હતું. તો એમના દુશ્મનો પણ એમને જોઈ શકે તેવી શક્યતા હતી.

રાત્રિના નવ વાગ્યા. ચારે તરફના ડુંગરાઓ તથા નજીકના કિલ્લામાં સર્વત્ર અંધારું હતું. બધું જ સૂમસામ હતું. ઓડુપા કબરનું કમ્પાઉન્ડ છોડવાનો સમય થયો. પોતપોતાને માટે નક્કી કરેલો સામાન પાછળ વાંસા ઉપર બાંધીને સૌએ કારા-ટેટની કબરનું એ સ્થાન છોડ્યું. લાવાની ગરમીથી સલામત એવી કેડી તેમણે પસંદ કરી. ધીમેધીમે સાવચેતીપૂર્વક ડુંગરનો ઢાળ ઊતરવાની શરૂઆત કરી.

કૅપ્ટન મેંગલ્સ અને વિલ્સન સૌની આગળ હતા. સબસલામતની ખાતરી કરીને જ તેઓ આગળનું પગલું મૂકતા હતા. જોખમનો સહેજ પણ અણસાર મળતાં જ તેમણે અટકી જવાનું હતું.

ધીમી ગતિએ તેઓ આખરે ડુંગરની તળેટીમાં આવી ગયાં. આ એ સ્થળ હતું જ્યાં આગલી સાંજ સુધી માઓરીઓના હોકારાપડકારા થતા હતા, તેમ જ અગાઉની રાત્રિ દરમિયાન ગ્લેનાર્વન ઉપર ગોળીઓ છૂટી હતી.

બીજા ડુંગરની શરૂઆત થાય તેવી તળેટીનો ભાગ વટાવતાં દસ મિનિટ વીતી. ત્યાં સુધી સૌના જીવ પડીકે બંધાયા હતા. પળભર માટે સૌના મનમાંથી ભયની ધ્રુજારી પસાર થઈ ગઈ. આદમખોર માઓરીઓનો ભારે ખોફ સૌના મનમાં હતો. કાઉ-માઉના યોદ્ધાઓ અહીં સંતાયા હોય અને આ લોકો ઊંઘતા ઝડપાયા તો ઉગારો અશક્ય હતો.

સામે ભય ગમે તેવો હોય, અહીંથી પાછા વળવાનો તો કોઈ વિચાર પણ કોઈને આવતો ન

હતો. આ જ એકમાત્ર તક હતી અને તે દરમિયાન અહીંથી બહાર નીકળવાનું ફરજિયાત હતું. ખરેખર હુમલો થાય તો પણ આમરણાંત તેનો સામનો કરવાનો સૌએ પાકો નિર્ધાર કર્યો હતો. ઝડપ જરૂરી હતી, પરંતુ તે શક્ય ન હતી. ડુંગરાઓની સર્પાકારે ચઢતી ખૂંધ ઉપર અંધારામાં ચઢવામાં કે નીચે ઊતરવામાં મુશ્કેલી પડતી હતી. સાથમાં રહેલી બંને સ્ત્રીઓની ક્ષમતાને પણ સૌએ ધ્યાનમાં રાખવાની હતી.

ધીમેધીમે છતાં એકધારી ગતિથી સૌએ મંગાનામુની તળેટીનો ભાગ ઊંચા જીવે પસાર કર્યો. જેનો ભય હતો તેવા કોઈ યોદ્ધા જણાયા નહીં. કુદરતના કોપથી ડરીને બધા જ માઓરીઓ અહીંથી ભાગી ગયા હતા. તળેટી વટાવીને સામેના ડુંગર ઉપર ચડતાં ગ્લેનાર્વને સૌને ધીમેથી જણાવ્યું કે મોકો મોકોના સુરક્ષા કવચમાંથી સૌ હવે બહાર નીકળ્યાં હતાં. હવે પછી એમની ઉપર થઈ શકતા સીધા હુમલા સામે એમણે શસ્ત્રોને તૈયાર રાખ્યાં. સતર્કતા વધારી. હિંમતથી તેમણે આગળના ડુંગર ઉપર ચડવાની શરૂઆત કરી. અંધારામાં આગળ કોઈ કાળો પદાર્થ દેખાતાં કૅપ્ટન મેંગલ્સ ચમકીને ઊભો રહી ગયો. ભયનો સંકેત મળતાં સૌ બે ડગલાં પાછાં હટી ગયાં. દસ મિનિટ માટે સૌ ત્યાં જ ચૂપચાપ થંભી ગયાં. સામેથી કોઈ જ અણસાર આવ્યો નહીં. એ કાળા પડછાયાની નજીક જતાં જ ખ્યાલ આવ્યો કે અંધારામાં વધુ કાળી દેખાતી ઝાડીનું એ ઝૂંડ હતું. સૌએ રાહત અનુભવી. ડુંગરની સીધી ઊંચાઈ ઉપર ચઢવામાં મુશ્કેલી હતી, તેમ છતાં ધીમેધીમે સૌ ટોચે પહોંચી ગયાં.

અહીં ઊભાં ઊભાં સૌએ પાછળ મંગાનામુના ડુંગર તરફ નજર કરી. એની બાજુમાં જ માઓરીઓનો કિલ્લો હતો. કિલ્લો અંધારામાં અદૃશ્ય હતો, પરંતુ મંગાનામુ ઉપર એમણે પેટાવેલી આતશબાજી ચાલુ જ હતી. એ બંધ થશે તેની ચિંતા હવે માત્ર માઓરીઓએ જ કરવાની હતી. એ બંને સ્થળોના ખોફનાક દૃશ્યોને સ્મરણપટલ ઉપર પળભર લાવીને તેમણે ઢાળની બીજી બાજુએ ઉતરાણ શરૂ કર્યું.

૧૫

ગ્લેનાર્વન હિલ

ખડકોથી અને ખાડાઓથી ભરેલા ડુંગરાળ ચઢાવો અને ઢોળાવો ઉપર ચાલવામાં સૌને મુશ્કેલી પડતી હતી. છતાં ઝાંખું અંધારું તેમને માટેનું સુરક્ષાકવચ હતું. એમાં જ તેમને સલામતીની ખાતરી મળતી હતી. તેઓ હજી પણ તાઉપો સરોવરવાળા માઓરીઓના પ્રદેશમાં જ હતા. અજવાળું થાય તે પહેલાં એમાંથી બહાર નીકળી જવાની તેમની ધારણા હતી.

અત્યાર સુધી કૅપ્ટન મેંગલ્સ આગળ ચાલીને સૌને દોરવણી આપતો હતો. એ જવાબદારી હવે ભૂગોળશાસ્ત્રી પેગેનલે લીધી. બિલાડીની જેમ અંધારામાં પણ ઊંડું જોઈ શકતી એની આંખો નાના પદાર્થોને પણ અંધારામાં ઓળખી શકતી હતી.

ત્રણેક કલાકની ધીમી છતાં એકધારી ચાલને અંતે માઓરીઓનો વર્ચસ્વવાળો વિસ્તાર એમણે વટાવી દીધો. આગળના ડુંગરની ટોચે ચઢીને ઢાળ ઊતરવાની શરૂઆત કરતાં તાઉપો સરોવર દેખાતું બંધ થયું.

રાત્રિ હવે પૂરી થઈ હતી. દિવસના અજવાળામાં આગળ વધવામાં સૌને અનુકૂળતા રહી. મોડી સવારે દસ વાગ્યા સુધી કાફલો ધીમેધીમે આગળ વધતો જ રહ્યો.

રાતભરના ઉજાગરા અને અથડાટથી સૌ થાક્યાં હતાં. હેલીના અને મૅરીની દશા સૌથી ખરાબ હતી. તેઓ ચાલતાં ન હતાં, પરંતુ સ્વજનોના હાથ પકડીને ઘસડાતાં જ હતાં. અનુકૂળ સ્થળે તેમણે પડાવ નાખ્યો. ઓલ્બિનેટે ઝડપથી ભોજન તૈયાર કર્યું. અત્યારે પસંદગીને કોઈ અવકાશ ન હતો. શક્તિ ટકાવી રાખવા પેટમાં કાંઈક પધરાવવાની જરૂર હતી. થોડો આરામ કરીને બે વાગ્યે તેમણે પૂર્વની દિશામાં મુસાફરી ફરીથી શરૂ કરી.

મુસાફરી દરમિયાન કૈમાનાવા તથા તેની આગળ પૂર્વમાં વાહિતી રેન્જના ડુંગરો ઉપર થઈને તેઓ પૂર્વમાં આગળ વધ્યાં. આદમખોર માઓરીઓ તરફનો ભય હવે પાછળ રહી ગયો. આગળ પણ સ્થાનિક આદિવાસીઓનો ભેટો થવાની શક્યતા હતી, પરંતુ તેમનાથી બહુ ડરવા જેવું ન હતું. અંધારું થતાં સુધી સૌના પગ પૂર્વમાં આગળ ધપતા રહ્યા. અનુકૂળ સ્થળ મળતાં ખુલ્લામાં જ રાત્રિમુકામ કર્યો. સૌ હવે સલામતી અનુભવતા હતાં. અહીંથી આગળના વિસ્તારોમાં ચાલવાનું પણ સુગમ બનશે તેવી અપેક્ષા હતી, પરંતુ એ આશા ઠગારી નીકબી. અહીંથી શરૂ થયેલું મેદાન ભૂતળમાંની ઊથલપાથલને પરિણામે લાખો વર્ષ અગાઉ બન્યું હોવાનું કહેવાતું હતું. ઉપરનો પોપડો ઠંડો પડ્યો હતો, પરંતુ બહુ દૂરની નહીં એવી ઊંડાઈએ ગરમ લાવા ખદબદતો હતો. પરિણામે ઠેકઠેકાણે ગરમ પાણીના ઝરણાં વહેતાં હતાં તો વરાળ ઓકતા ઊંચા ફુવારા પણ હતાં. ખીણો વચ્ચેના પથ્થરની તિરાડમાં લાવાની આગ દેખાતી હતી. આ પ્રદેશ પણ એ રીતે

મંગાનામુ પહાડની સમકક્ષ હતો. પોતાને ભાગવાની અનુકૂળતા કરવા ત્યાંના લાવાની જામગરીમાં આ લોકો પલિતો ચાંપીને આવ્યા હતા. ત્યાંથી ભાગીને નીકળ્યા બાદ સામેના ડુંગરની ટોચ ઉપરથી મંગાનામુ ડુંગર ઉપર એમણે જે છેલ્લી નજર નાખી હતી તે પ્રકૃતિની ખોફનાક આતશબાજી હજી પણ ચાલુ હોવાની શક્યતા હતી. એ હવે અહીંથી તો જોઈ શકાય તેમ ન હતી, પરંતુ તેની ચિરંજીવ છબી દરેકના મનમાં કોતરાયેલી હતી.

જોકે અહીં એવી આતશબાજી ન હતી. એને સળગાવીને જ્વાળામુખીને જીવતો કરવાની જરૂર પણ ન હતી. અહીં એનો કોઈ ખોફ પણ ન હતો. વરાળ અને ઊકળતા પાણીના ફુવારાનાં થોડાં સ્થળોને બાદ કરતાં બાકીની ધરતી ઉપર જાતજાતની લીલી વનસ્પતિ ઊગી નીકળી હતી. તેમાં પક્ષીઓ અને વન્યજીવોનું અપાર વૈવિધ્ય હતું, પરંતુ એમાં ચોપગાં પ્રાણીઓની ગેરહાજરી જણાતી હતી.

સમગ્ર માહોલ અદ્‌ભુત હતો. સુંદર પણ હતો. જોકે થાક્યા પગે ધીમેધીમે આગળ વધી શકતા આ મુસાફરો માટે એવી સુંદરતા લાંબો સમય આનંદ આપી શકે તેમ ન હતી. વાસ્તવિકતા ખરેખર વરવી હતી. એવા એ પ્રદેશમાં જેમજેમ તેઓ આગળ વધતા ગયા તેમતેમ ધરતી નવાં નવાં રૂપ ધારણ કરતી દેખાતી હતી. આગળ ગંધક સાથે મળેલી પીળી માટી વાળી જમીન હતી. લાખો વરસથી અહીં ગરમ પાણીનાં ઝરણાંઓ વહેતાં રહ્યાં છે. પાણી વરાળ થઈને હવામાં ઊડી જતાં બાકી રહેલા ગંધકના થર ઉપર થરનો પથારો જામી ગયો હતો. યુરોપના દેશોના ઉદ્યોગો માટે જરૂરી ગંધકનો જથ્થો હાલમાં ઇટાલીના સીસીલી ટાપુની ખાણોમાંથી આવતો હતો. કોઈ સંજોગોમાં એ જથ્થો ખલાસ થાય ત્યારે ત્યાંના કરતાં પણ વધુ મોટા પ્રમાણમાં ગંધક અહીંની જમીન ઉપરથી આસાનીથી મળી શકે તેમ હતું.

ગંધક જેવા જલદ પદાર્થના જથ્થા નજીક ઝાડીઝાંખરાં ઊગવાની શક્યતા નહીંવત હતી. એવા સાવ ખુલ્લા પ્રદેશમાં રાત્રિમુકામ માટે કોઈ યોગ્ય સ્થળ મળવાની આશા પણ ન હતી. એટલું જ નહીં, શિકાર પાત્ર ચોપગાં પ્રાણીઓ પણ અહીં દેખાતાં ન હતાં. કારા-ટેટની કબરમાંથી સાથે લીધેલો પુરવઠો સાચવીને વાપરવો પડતો હતો. કોઈ પણ જાતની સુવિધા વિનાના આ નિર્જન અને શુષ્ક પ્રદેશની બહાર નીકળતાં હજી ચાર દિવસની દડમજલ જરૂરી હતી એવી પેગેનલની ગણતરી હતી.

એકધારી ચાલી રહેલી પદયાત્રાના કંટાળાજનક માહોલમાં ૨૩મી ફેબ્રુઆરીના રોજ તેઓ મંગાનામુના કબરવાળા ડુંગરથી પૂર્વમાં પચાસ માઈલ દૂર આવી ગયાં. અહીં એવા જ એક ડુંગરની તળેટીમાં પડાવ નાખવાની ગ્લેનાર્વને સૂચના આપી.

કેટલાય દિવસથી ભોજનમાં કેવળ સૂકી વસ્તુઓ જ પિરસાતી હતી. તેમાં એ દિવસે નવીનતા ઉમેરાઈ. મેજર નેબ્સ અને રૉબર્ટ નજીકની ઝાડીમાંથી ત્રણ કીવી પક્ષીઓના શિકાર કરી લાવ્યા. કીવી પક્ષી અહીં ન્યૂઝીલૅન્ડમાં જાણીતું હતું, છતાં અત્યાર સુધી એનો ભેટો થયો ન હતો. દસ માણસો વચ્ચે માત્ર ત્રણ કીવી વહેંચવાના હતા. અહીંની નવીનતા તરીકે સૌને પ્રસાદી તરીકે માત્ર ચાખવા પૂરતી જ મળી શકી. કીવીના અગાઉ મળેલા બચ્ચાં પેગેનલે સાચવ્યા હતા, પરંતુ કિલ્લામાંની ભાગંભાગમાં તે ક્યાં ગુમ થયા તેની પેગેનલને ખબર પણ રહી ન હતી.

ભોજન દરમિયાન પેગેનલે અદ્‌ભુત સૂચન કર્યું. ભૂગોળશાસ્ત્રીના જણાવ્યા પ્રમાણે એની પાસેના નકશામાં અહીંના એ ડુંગરનું કોઈ જ નામ આપવામાં આવ્યું ન હતું. એની ભલામણ હતી કે બ્રિટિશ સામ્રાજ્યની પાર્લામેન્ટના એક માનનીય સભાસદ લૉર્ડ ઍડવર્ડ ગ્લેનાર્વનની

અહીંની મુલાકાતની સ્મૃતિમાં એ ડુંગરની સાથે એમનું નામ જોડવું. નામકરણના એ પ્રસ્તાવને સૌએ આનંદના પોકારો સાથે વધાવી લીધો. સર્વસંમતિ મળતાં તરત જ પેગેનલે પોતાની પાસેના નક્શામાં એ સ્થાને ડુંગરની નિશાનીનું ગોળ કુંડાળું કર્યું અને ત્યાં 'ગ્લેનાર્વન હિલ' નામ લખ્યું. સૌએ તાળીઓ પાડીને એ નામકરણ વિધિની ઉજવણી કરી.

ત્યાર બાદ પૂર્વ તરફની દડમજલ ચાલુ થઈ. ૨૫મી ફેબ્રુઆરીના રોજ આ ટાપુની મધ્યમ કક્ષાની કહી શકાય તેવી છીછરી નદી ઓળંગી. એ હતી વાકારી નદી. અહીંની એ પ્રમાણમાં નાની નદી હતી. પેગેનલે કરેલી ગણતરી પ્રમાણે તાઉપો સરોવરથી તેઓ હવે આગળના અડધે રસ્તે પહોંચી ગયા હતા. પ્રશાંત મગાસાગર સુધી પહોંચવામાં એટલું જ અંતર હવે બાકી રહ્યું.

જ્વાળામુખીના લાવાનો બનેલો સપાટ છતાં પથ્થરિયો અને વેરાન પ્રદેશ અહીં પૂરો થયો. કાઓરી વૃક્ષ તરીકે ઓળખાતા બસો ફૂટ જેટલાં ઊંચાં અને ઘેઘૂર વૃક્ષોના જંગલનો પ્રદેશ હવે શરૂ થયો. એમાંનાં ઘણાં વૃક્ષોની વય ૫૦૦ વર્ષથી પણ વધુ હોવાનું ગ્લેનાર્વને અનુમાન કર્યું. આ વૃક્ષોના થડ અને ડાળીઓમાંથી નીકળતા ગુંદરના પથારા ચારે તરફ જોવાના મળ્યા. અહીં જો આદિવાસીઓ રહેતા હોય વરસો સુધી ખૂટે નહીં એટલી કમાણી આ ગુંદર વેચીને તેઓ કરી શકે તેમ હતું. આ વૃક્ષોની છાયામાં કીવી પક્ષીઓ મોટી સંખ્યામાં જોવામાં આવ્યાં. અગાઉ માત્ર ત્રણ કીવી મળ્યાં હતાં અને પ્રસાદ તરીકે જ તેની વાનગી થોડી થોડી ચાખવા મળી હતી, પરંતુ સૌના સદ્નસીબે કીવીની જયાફત અહીં દરેક ભોજન સમયની સામાન્ય ઘટના બની ગઈ.

કાઓરી વૃક્ષના જંગલમાં વધુ પાંચ દિવસ સુધી નવી કેડીઓ પાડતા સૌ આગળ ધપતાં રહ્યાં. આખરે ૧લી માર્ચના રોજ તેઓ જંગલની બહાર નીકળી શક્યાં. એના અંત નજીકના માઉન્ટ આઇકિરંગી નામના ડુંગરની તળેટીમાં તેમણે રાત્રિમુકામ કર્યો. પશ્ચિમ છેડે આવેલા મંગાનામુ ડુંગરની સરખામણીમાં આ ડુંગરને પર્વત કહેવો પડે એટલું ઊંચું તેનું શિખર હતું. એની ઊંચાઈ ૫,૫૦૦ ફૂટની હતી. ત્યાંથી અહીં સુધીમાં એમણે સો માઈલનો પંથ કાપ્યો હતો. પ્રશાંત સાગરને કાંઠે પહોંચવામાં હવે માત્ર ૩૦ માઈલનો જ ફાસલો બાકી રહ્યો.

એકંદરે ૧૩૦ માઈલ જેટલું અંતર કાપવામાં સામાન્ય ઝડપ સાથે માત્ર દસ દિવસનો સમય જરૂરી હતો, પરંતુ માર્ગમાં નડેલી નાની-મોટી મુશ્કેલીઓને કારણે એમાં વધુ વિલંબ થયો હતો. હેલીના અને મૅરી જેવી નાજુક સ્ત્રીઓની શારીરિક શક્તિની બરાબરની કસોટી થઈ રહી હતી.

હવે માત્ર બે જ દિવસની પદયાત્રા બાકી હતી. થાક્યાના ગાઉ જેવી સૌની સ્થિતિ હતી. સૌ થાક્યા હતા. હવે બાકીના ત્રીસ માઈલમાં માઓરીઓના કિલ્લામાં થયેલા કટુ અનુભવની શક્યતા ન હતી. તો પણ દરિયાકાંઠો નજીક આવતા અહીંના આદિવાસીઓની ટોળીઓ સાથે મુલાકાત થવાની શક્યતા વધી હતી, પરંતુ માઓરીઓ સાથેના વિષમ સમય બાદ નવી અને અજાણી ટોળીઓ સાથે સંબંધ બાંધવા માટે કોઈને જ ઉત્સાહ ન હતો.

આશરે ૫,૫૦૦ ફૂટ ઊંચા માઉન્ટ આઇકિરંગાની ડાબી બાજુએ ૩,૭૦૦ ફૂટ ઊંચો ડુંગર માઉન્ટ હાર્ડી હતો. અહીંથી દૂરના અંતરે દેખાતા એ ડુંગર સુધી પહોંચવાના બે દિવસ દરમિયાન એક અણધારી આપત્તિનો એમણે સામનો કરવો પડ્યો. આમ તો એ સપાટ જમીનનું મેદાન હતું, પરંતુ નીચાણવાળા એ વિસ્તારમાં ભેજ જળવાઈ રહેતો હતો. પરિણામે ત્યાંગ ઊગી નીકળેલા નરમ વેલાઓનું જાળું જમીન ઉપર પથરાયેલું હતું. પાતળી ઘેરી તથા જાડાં દોરડાં જેવા એ વેલાના વનમાં ચાલવાનું અત્યંત મુશ્કેલ હતું. અજાણતાં પણ એ જાળામાં જો પગ ભેરવાઈ

ગયો તો તેમાંથી મુક્ત બનવા વેલા કાપવાનો જ એકમાત્ર ઉપાય હતો. બે દિવસ ચાલેલી મુસાફરીમાં ડગલે ને પગલે તેમણે આ સહસ્રમુખી જળવેલાઓને કાપવા પડ્યા.

એવી સ્થિતિમાં નાનાં કે મોટાં ચોપગાં પ્રાણીઓ એમાં હોવાની શક્યતા ન હતી. શિકારની શોધમાં બહુ દૂર જવાનું પરવડે તેમ પણ ન હતું. પરિણામે એમની પાસેના સૂકા માંસ વગેરેનો મર્યાદિત પુરવઠો પણ હવે પૂરી થઈ ગયો હતો. પાણીના શ્રોત પણ વિષવેલ જેવા વેલાની જટાજાળમાં અદૃશ્ય થયા હતા.

ખોરાક અને પાણીના અભાવથી સૌનો ઉત્સાહ સાવ ઠંડો પડી ગયો. હવે તેઓ ચાલતાં ન હતાં. તેઓ સૌ પોતાના પગ ઘસડતાં હોય તેવી સ્થિતિ હતી. ધીમેધીમે આગળ વધતાં આખરે પ્રશાંત મહાસાગરને કાંઠે પૉઇન્ટ લોટીન નામના સ્થળે તેઓ આવી પહોંચ્યાં.

દરિયાના કાંઠાની સાવ નજીકમાં જ અગાઉ કોઈ ગામ હોવાથી નિશાની મોજુદ હતી. તાજેતરમાં જ થયેલી કોઈ લડાઈમાં તેનો નાશ કરવામાં આવ્યો હોય તેમ જણાતું હતું. ભાંગી ગયેલી ઝૂંપડીઓ હતી, તો ત્યજી દેવાયેલાં ખેતરો હતાં. તેમાંના ઊભા મૉલને આગ લગાડવામાં આવી હોવાના ચિહ્નો પણ જોવામાં આવ્યાં.

કોઈ આક્રમક ટોળીથી ડરીને સ્થાનિક નિવાસીઓ ગામ છોડીને અગમચેતી રાખી ભાગી ગયા હોય તેવી સૂમસામ સ્થિતિ હતી. એ રીતે ભાગી ગયેલાઓ સાથે વેર વાળવાના હેતુથી વિજયપ્રવેશની સાથે જ આક્રમકોએ ધીકતી ધરાની નીતિ વાપરી હોવાનું સ્પષ્ટ જણાતું હતું.

તાજી જ બનેલી એ હિંસક ઘટનાના સ્થળે એક પળ માટે પણ વધુ રહેવામાં ભારે જોખમ હતું. ગામના ભંગારમાંથી ખાદ્યસામગ્રી શોધવાનું જોખમ લેવાનો લોભ ટાળ્યો અને સીધા કાંઠા ઉપર જઈને ઊભા રહી ગયા.

કાંઠાની ઊંચી પાળ ઉપર ઊભા રહીને પૂર્વમાંથી આવતા તાજા પવનથી સૌએ પોતાનાં ફેફસાં ભરી લીધાં. ભૂખ અને તરસ હોવા છતાં સૌએ રાહત અનુભવી. મન હળવાં થયાં, પરંતુ ત્યાંથી એકાદ માઈલ દૂરના છેડે એક દૃશ્ય જોઈને સૌ ઠરી ગયાં. ત્યાં દૂરના અંતરે હથિયારબંધ આદિવાસીઓનું ટોળું જોવામાં આવ્યું. ગ્લેનાર્વન વગેરે કાંઠાના ટેકરાના ભાગમાં ઊંચાઈએ હતા. દૂરથી પણ આ લોકો પેલા ટોળાંની નજરે ચઢી ગયા.

તરત જ તેમના તરફની પ્રતિક્રિયાનો અણસાર આવી ગયો. પોતાના પ્રદેશમાં ઘૂસી આવેલા આ અજાણ્યા લોકોને જોઈને તરત જ તેમણે ચિચિયારીઓ પાડી અને હાથમાંના હથિયારો ઘુમાવતા તેમણે દોડવા માંડ્યું.

પોતાનાથી અનેક ગણી સંખ્યાવાળા ટોળાંનો સામનો કરવાની તાકાત હવે કોઈમાં રહી ન હતી. સામેથી ધસી આવતા મોતનો પ્રતિકાર કર્યા વિના પણ છૂટકો ન હતો. કારા-ટેટની કબર ઉપરથી જ દુશ્મનોનો સામનો કરવાનો ગ્લેનાર્વને નિર્ધાર કરી લીધો. કેટકેટલી મુશ્કેલીઓ વેઠીને જેમતેમ સૌ અહીં આવી શક્યાં હતાં. તેમાં હવે એનું સ્વાગત ભાલા, બરછી અને ગોળીઓથી જ થવાનું હોય તો ઝનૂની બનીને તેનો સામનો કરવો જ રહ્યો.

ઝડપથી નજીક આવી રહેલા ટોળાં ઉપર પહેલો વાર કરવા ગ્લેનાર્વને પૉઝિશન લીધી, બંદૂકનુ નિશાન લઈ તેનો ઘોડો દબાવવા તૈયારી જ કરી, ત્યાં જ કૅપ્ટન મેંગલ્સ મોટેથી બોલી ઊઠ્યો,

માલિક, આપણી સામે જ લંગર સાથનો મછવો ઊભો છે. જલદી ચાલો, એમાં બેસીને ભાગી જઈએ.

આવી કટોકટી સ્થિતિમાં અન્ય કોઈ વિકલ્પ પણ ન હતો. ભૂખ, તરસ અને થાક ભૂલીને સૌ જીવ બચાવવાની હોડમાં ઊતર્યા. વીસેક ડગલાં જેટલે જ દૂર ઊભેલા મછવા તરફ સૌ દોડ્યાં. ઝડપથી એમાં ગોઠવાઈ ગયાં. લંગર ઉઠાવીને મછવામાં જ નાખવામાં આવ્યું.

છ જેટલાં હલેસાં સાથેના એ મછવાને લંગર સાથે બાંધીને એનો માલિક કાંઠે ગયો હશે. ત્યાં જીવ બચાવવા માટે ગ્લેનાર્વને એનો કબજો લીધો. ટોળું ઝડપથી નજીક આવી રહ્યું હતું. એમના તરફથી તીર કે ભાલા અને ગોળીના મારથી સલામત અંતર રાખવા માટે મછવાને અસામાન્ય ઝડપે દરિયા તરફ હંકારવાની જરૂર હતી.

તરત જ તમામ હાથો હલેસાં હલાવવા મંડી પડ્યા. સૌના સારા નસીબે દરિયો એકંદરે શાંત હતો. ઝડપથી હલી રહેલાં હલેસાંના ધક્કાથી હોડી ઝડપથી દરિયામાં પૂર્વ તરફ ધસવા લાગી. સલામત અંતરે પહોંચવાનો સંતોષ લીધો, પરંતુ એનો આનંદ ઝાઝો ટક્યો નહીં. કાંઠાની ઝાડીમાં સંતાડી રાખેલી ત્રણ હોડીઓને ઊંચકી લાવીને આદિવાસીઓએ ઝડપથી તે પાણીમાં મૂકી દીધી. તરત જ મારમાર કરતાં હલેસાં શરૂ થયાં. આદિવાસીઓ ઝડપથી હવે નજીક આવવા લાગ્યા.

નાનકડા મછવામાં તેની ક્ષમતા કરતાં ગ્લેનાર્વન વગેરે વધુ માણસો હતાં. વધુ ઊંડાં પાણીમાં લઈ જવામાં આવે અને કોઈ દુર્ઘટના નડે તો અત્યાર સુધી ઉઠાવેલી તમામ તકલીફો અને જોખમો નિરર્થક બની જાય તેવી કૅપ્ટન મેંગલ્સની સ્પષ્ટ માન્યતા હતી. મછવાને તે બહુ ઊંડા દરિયા તરફ લઈ જવાની વિરુદ્ધમાં હતો. એણે સૂચના પણ આપી, પરંતુ એ જ વખતે એની નજર પાછળ આવતા આદિવાસીઓના મછવાઓ ઉપર પડી. ત્રણે મછવાઓ ઝડપથી એમના તરફ ધસમસતા આવી રહ્યા હતા. તરત જ એણે સૂચના બદલી.

'દરિયા તરફ, ફરીથી ઊંડા દરિયા તરફ લો અને જંગલીઓના હાથમાં પકડાવા કરતાં તો દરિયામાં ડૂબી મરવાનું આપણે પસંદ કરીશું.'

આદિવાસીઓની સરખામણીમાં આ સાથીઓ ઘણા નબળા હતા. થાકેલા હતા. છતાં સાક્ષાત મોત સાથેની દોડસ્પર્ધામાં ઝડપ કરવાનું અનિવાર્ય હતું. મરણિયા બનીને એમણે પાણીમાં હલેસાં ઝીંકવા માંડ્યાં. વધુ અડધો કલાક એ પકડદાવની રમત ચાલી. આખરે પીછો કરી રહેલા ત્રણે મછવાઓની ગોળીબારની મર્યાદામાં તેઓ આવી ગયાં.

ગ્લેનાર્વન એ દરમિયાન મછવાની પાછળ આવેલા સુકાનનો દંડો ઝાલીને બેઠા હતા. એની નજર સતત પૂર્વ તરફ ખોડાયેલી હતી. પૂર્વ તરફની ક્ષિતિજ જોવામાં એટલા ખોવાઈ ગયા હતા કે પાછળથી વધુ ને વધુ નજીક આવી રહેલા ત્રણ મછવા તરફ એમનું ધ્યાન જ ન હતું. ઝડપથી નજીક આવી રહેલા મછવાઓથી સાવ નિરપેક્ષ હોય તે રીતે એમની નજર પૂર્વમાં દરિયાની સપાટી ઉપર મંડાયેલી હતી. એઓ ત્યાં શું જોઈ રહ્યા હતા તેનો બાકીના સાથીઓને ખ્યાલ આવતો ન હતો.

આગળ ઊંડા દરિયાનું જોખમ હતું, તો પાછળ આદિવાસીઓ તરફના હુમલાનો ભય હતો. એવા અણીના સમયે એમના મોંમાંથી અનાયાસ શબ્દો સરી પડ્યા,

'જહાજ? કોઈ નૌકા જેવું જહાજ આ તરફ આવતું દેખાય છે. ઝડપ કરો, મિત્રો! ઝડપથી હલેસાં હલાવો.'

અશક્તિને લીધે એમનો અવાજ પણ દબાયેલો અને ધીમો હતો. હલેસાં મારનારાઓના કાન સુધી એ અવાજ પહોંચ્યો નહીં હોય, તેમ કોઈએ પ્રતિભાવ આપ્યો નહીં, પરંતુ પેગેનલ

બાજુમાં જ હતો. ગ્લેનાર્વન જે દિશામાં તાકીને જોઈ રહ્યા હતા તે દિશા તરફ એની નજર ગઈ. દૂર ક્ષિતિજની આ પાર નરી આંખે એને ધાબું જેવું દેખાયું. ગળે લટકાવેલું દૂરબીન આંખે લગાવ્યું. એક ક્ષણમાં ખાતરી કરી લીધી. મોટેથી બોલી ઊઠ્યો,

'હા જી, એ જહાજ છે. અરે! એ તો વરાળ એન્જિનથી ચાલતી સ્ટીમર જ છે. મોજાં ઉપર પૂરી ઝડપથી સરી રહી છે અને આ તરફ જ આવી રહી છે.'

હલેસાં મારનારાઓના હાથમાં નવું જોમ આવ્યું. વળી પાછાં હલેસાં પાણીને પાછળ ધકેલવા લાગ્યા. દુશ્મનોના મછવાઓથી એ હવે દૂર નીકળી જવા લાગી. એ સાથે પેલી સ્ટીમર ઝડપથી નજીક આવી રહેતી લાગી. એ હજી અડધા માઈલના અંતરે હોવાનું પેગેનલે અનુમાન બાંધ્યું. ધીમેધીમે એના કૂવાસ્તંભો વધુ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યા. એની ચીમનીમાંથી કોલસાનો ધુમાડો બહાર આવવા લાગ્યો. બાજુમાં ઊભેલા રૉબર્ટને મછવાનું સુકાન સોંપીને ગ્લેનાર્વને જાતે જ પેલું દૂરબીન પોતાના હાથમાં લીધું. સામેથી આવી રહેલી સ્ટીમર ઉપર પોતાની નજર સ્થિર કરી કૅપ્ટન મેંગલ્સ એ સમયે માલિકને જ જોઈ રહ્યો હતો. માલિકના મોં ઉપરના બદલાતા ભાવો જોઈને એને આશ્ચર્ય થયું. એમનું મોં ફીકું પડી ગયું હોય તેમ લાગ્યું. દૂરબીન પણ એમના હાથમાંથી નીચે પડી ગયું. શું થયું હશે? એના આશ્ચર્યનો જવાબ આપતા હોય તેમ ગ્લેનાર્વનના મોંમાંથી બેધ્યાનપણે એક જ શબ્દ નીકળ્યો,

'ડંકન!' એક પળના વિલંબ બાદ ફરીથી બરાડો પાડ્યો,

'એ ડંકન જ છે. પેલા ગુનેગારો એને લઈને આપણી તરફ આવતા લાગે છે.' બાજુમાં ઊભેલા કૅપ્ટન તરફ જોઈને મોંમાંથી ઉના ઉચ્છ્વાસ સાથે બોલ્યા,

'હા કૅપ્ટન, એ ડંકન છે. આપણે માટે મોત લઈને આવી છે. પાછળ આવેલા મછવાઓ આપણા લોહીના પ્યાસા છે. બધે જ મોતના પડછાયા!'

સૌને હવે ખ્યાલ આવી ગયો. ખરેખર એ ડંકન નૌકા જ હતી. ગુનેગાર બેન જોઈસે કબજે લીધેલી એ ડંકન હતી. હવે એ ચાંચિયા જહાજ બની ચૂક્યું હતું. હલેસાં મારનારા સૌ સાથીઓના હાથ થંભી ગયા. મછવો લગભગ સ્થગિત સ્થિતિમાં ઊભો રહી ગયો. સૌને ભેટેલા એવા અવળચંડા પ્રારબ્ધ માટે કૅપ્ટને શાપ વરસાવ્યા. બચવા માટે કઈ દિશામાં ભાગવું કે તત્કાળ શું પગલાં ભરવા તે સમજાતું ન હતું. પાછળ જંગલીઓ લોહી-તરસ્યા હતા. આગળ ખતરનાક ખૂની ચાંચિયાઓ હતા.

પાછળ આવી રહેલા મછવામાંથી એ જ સમયે ગોળીઓ છૂટવાનો અવાજ આવ્યો. થંભી ગયેલા આ મછવો પાણીમાં મોજાં ઉપર ડોલી રહ્યો હતો. દૈવી શાપ જેવી એ સ્થિતિથી ગ્લેનાર્વન સ્તબ્ધ બની ગયા. હેલીના અને મૅરી મછવામાં મધ્ય ભાગમાં ઘૂંટણીયે પડીને આંખો બંધ કરી પ્રાર્થના કરવા લાગી.

માલિક તરફથી સ્પષ્ટ આદેશ નહીં મળતાં કૅપ્ટન મેંગલ્સ મૂંઝવણમાં હતો. હલેસાં ઉપર બેઠેલા સાથીઓએ ક્ષણિક વિરામ બાદ ફરીથી હલેસાં હલાવવા માંડ્યાં. ડંકનનૌકા વધુ નજીક આવી. પાછળના મછવાઓ પણ ઝડપથી નજીક આવી રહ્યા હતા. તેમના તરફથી ગોળીબારના વધુ અવાજ આવવા લાગ્યા. એ દરમિયાન ડંકન ઉપરની નાની તોપ ફૂટવાનો ધડાકો સંભળાયો. એક ગોળો સાથીઓના મછવાની ઉપર થઈને પાછળ ધસી રહેલા મછવાઓ તરફ ગયો. એક મછવો માંડમાંડ તેના સીધા મારમાંથી બચ્યો.

બંને બાજુથી આવતું મોત હવે હાથવેંતમાં જ હતું. એવી કાતિલ ઘડીએ કૅપ્ટને તાકીદનો

નિર્ણય લીધો. હાથમાં કુહાડી લઈને મછવાની વચ્ચે ઊભો થયો. કોઈના પણ હાથે ભૂંડે હાલે મરવા કરતાં અહીં દરિયાની નીચે જળસમાધિ લેવાનો વિચાર કરી તેને અમલમાં મૂકવા તૈયાર કરી. ઊંચી કરેલી કુહાડીનો એક જોરદાર ઘા મછવાની અંદર પડે અને એનાથી ભેદાઈ ગયેલું એનું માળખું સૌ સાથીઓને લઈને સીધું દરિયામાં ગરક થવામાં ક્ષણ માત્ર બાકી હતી.

બરાબર એ જ પળે રૉબર્ટે મોટેથી પોકાર પાડ્યો,

'ટૉમ ઓસ્ટિન, જુઓ જુઓ, ત્યાં તૂતક ઉપર બીજા નાવિકો સાથે દેખાય છે.' ગ્લેનાર્વનના હાથમાંથી નીચે પડી ગયેલા દૂરબીનને બાળસહજ કુતૂહલથી તેણે ઉપાડી લીધું હતું. એમાં પોતાની આંખો નજીક આવી રહેલી આગબોટ ઉપર ઠેરવી હતી. તેમાં સ્પષ્ટ રીતે જોયેલી સ્થિતિ એણે જણાવવા માંડી.

'ત્યાં ડંકનનૌકાના તૂતક ઉપર ઊભા રહીને ટૉમ ઓસ્ટિન અને અન્ય સાથીઓ આપણા તરફ હાથ હલાવી રહ્યા છે.'

હારાકીરી માટે કૅપ્ટને ઊંચી કરેલી કુહાડી ઉપર જ થંભી ગઈ. એ દરમિયાન ડંકનની તોપમાંથી બીજો ગોળો છૂટ્યો. પાછળથી ધસી રહેલા આદિવાસીઓના મછવાઓ પૈકી એક ઉપર એનો સીધો માર લાગ્યો. એના બે ટુકડા થઈ જતાં એમાંના યોદ્ધાઓ દરિયાના પાણીમાં ઠલવાઈ પડ્યા. પાણીમાં પડેલા પોતાના માણસોને ઝડપથી ખેંચી લઈને બાકીના બે મછવાઓ કાંઠા તરફ ઝડપથી ભાગવા લાગ્યા.

ડંકન હવે સાથીઓના મછવાની સાવ નજીક આવી ગઈ. એના તૂતક ઉપર ઓસ્ટિન વગેરે તમામ સાથીઓ હારબંધ ઊભા રહીને તાળીઓ પાડીને હુરાહ બોલાવતા હતા. પોતાના માલિક લૉર્ડ ગ્લેનાર્વન તથા તેની સાથેના તમામ સાથીઓનું અભિવાદન કરવા લાગ્યા.

'ટૉમ! મારા મિત્ર ટૉમ!' કૅપ્ટન મેંગલ્સે પણ તેનો ઉમળકાભેર પ્રતિભાવ આપ્યો.

ત્યાર બાદની દસ જ મિનિટમાં મછવામાંના માણસો ડંકનના તૂતક ઉપર બધા જ નવેનવ આવી ગયા. બંને બાજુએ જડબાં ફાડીને ઊભેલા મોતનો ઓથાર ચમત્કારિક રીતે એક પળમાં અદૃશ્ય બન્યો. એ કેવી રીતે બન્યું તેનો અંશમાત્ર પણ ખ્યાલ કોઈને ન હતો. છતાં તેઓ સો ટકા સલામતીની ખાતરી સાથે પોતાની જ ડંકન વિહારનૌકાના સુવિધાપૂર્ણ વાતાવરણમાં આવી ગયાં હતાં.

૧૬
ઑસ્ટ્રેલિયા નહીં, ન્યૂઝીલૅન્ડ

ન્યૂઝીલૅન્ડના ઉત્તરના ટાપુના પૂર્વકિનારાનો આ જળવિસ્તાર હતો. અહીંના પાણીમાં વિહારનૌકા ડંકનની આ સમયે હાજરી ગ્લેનાર્વન તથા જમીનમાર્ગના એના સાથીઓ માટે સૌથી મોટું આશ્ચર્ય હતું. ચાંચિયાઓના હાથમાં ગયેલી મનાતી એ જ ડંકનનૌકા સબસલામત હોવાની અને અહીંના પાણીમાં આદિવાસીઓના હુમલાથી છેલ્લી ઘડીએ થયેલા બચાવની સ્થિતિ કોઈને પણ સમજાય તેવી ન હતી.

એવા આશ્ચર્ય કે ચમત્કારના ખુલાસા તો પાછળથી પણ મેળવી શકવાના હતા. વર્તમાનની વાસ્તવિક સ્થિતિ સૌ માટે સુખદ હતી. સૌ આનંદથી ઝૂમી ઊઠ્યા. ડંકનના તૂતક ઉપર જ એના નિવાસીઓએ સ્કોટિશ પ્રજાના પ્રિય વાદ્ય એવા બેગપાઇપર કે મરઘાવાજાની સુરાવલિથી માલિક અને તેમના સૌ સાથીદારોનું ઉષ્માસભર સ્વાગત કર્યું. માલ્કમ કબિલાનું પ્રશસ્તિ ગીત પણ સૌએ કોરસમાં ગાયું. હવામાં હાથ ઊંચા કરીને સૌ માલિકના આગમનની આલબેલ પોકારતા રહ્યા.

ગ્લેનાર્વન અને તેના સાથીઓથી આનંદના અતિરેકની આ અભિવ્યક્તિ સહન થતી ન હતી. સૌના હૃદયમાં ડૂમો ભરાયો હતો. જમીન ઉપરની મુસાફરી દરમિયાન એમણે વેઠવી પડેલી પારાવાર હાલાકી અને અનેક વાર સાક્ષાત્ મોતના સાક્ષાત્કારની સ્થિતિ પછી એમાં આવેલા યુટર્નની સ્થિતિના વિરોધાભાસને વ્યક્ત કરવા એમને શબ્દો જડતા ન હતા. એઓ કાંઈ પણ બોલી શકતા ન હતા. હૃદયમાં ઢબૂરાઈ રહેલાં લાગણીનાં પૂર આંખમાંથી આંસુ બનીને બહાર આવી રહ્યાં. ડંકન ઉપર રહેલા પોતાના એક પણ સાથીને તેઓ જીવંત જોઈ શકવાનાં ન હતાં એમ સૌ માનતાં હતાં, પરંતુ અહીં તો આખેઆખી ડંકનનૌકા તેની ઉપરના કર્મચારીઓ સાથે એમની સમક્ષ હાજર હતી. ગ્લેનાર્વનથી માંડીને કાફલાના તમામ સાથીદારો ડંકન નિવાસીઓને ભારે ઉમળકાથી ભેટતા હતા. સાથે આંખોમાંથી આંસુની ધાર વહેતી હતી, પરંતુ ડંકનવાસીઓને એવી સ્થિતિ સમજાતી ન હતી.

એ સાથે એક અન્ય બાબત પણ એમના ધ્યાનમાં આવી જે એમની સમજમાં આવતી ન હતી. એમણે જોયું કે માલિક તથા એની સાથે રહેલા અન્ય સાથીઓ સાવ નબળા પડી ગયા હતા. તેઓ સૌ થાકેલા હતા અને માંડમાંડ ઊભા રહી શકતા હતા. સૌના કપડાં પણ મેલાંઘેલાં અને ફાટેલાં હતાં. જેમના સત્કારમાં સૌ સંગીતની ધૂન ઉપર નાચી રહ્યા હતા. તેઓની બદતર સ્થિતિનો ખ્યાલ આવતાં જ ડંકન નિવાસીઓ એકદમ શાંત પડી ગયા. આનંદના પોકારો અને સંગીતની સુરાવલી બંધ થઈ ગઈ. માલિક વગેરેની એવી દયનીય સ્થિતિનું એમને સૌથી મોટું આશ્ચર્ય હતું.

ભૂગોળશાસ્ત્રી પેગેનલ પણ આનંદથી ઝૂમી રહ્યો હતા, છતાં સૌની સાથે આનંદમાં જોડાવાને બદલે તે જુદી જ રીતે આનંદ માણી રહ્યો હતો. ટાપુના કાંઠા તરફ દૂરબીન ઠેરવીને તે જોતો હતો. ત્રીજો મછવો તોપના ગોળાથી નષ્ટ થતાં બાકીના બેમાં સવાર થઈ આદિવાસીઓ જે ઝડપે ભાગી રહ્યા હતા, તે જોઈ એને રમૂજ થતી હતી.

સૌને મન એ એક ચમત્કાર જ હતો. ચાંચિયા બેન જોઇસના હાથમાં ગયેલી મનાતી ડંકનનૌકા ઑસ્ટ્રેલિયાના દક્ષિણપૂર્વમાં ટુ-ફોલ્ડ બેમાં હોવાને બદલે ઉત્તરના આ ટાપુની પૂર્વમાં હોય અને તેને કારણે જ આદિવાસીઓના ખૂની હુમલામાંથી તેમનો બચાવ થાય એ ઘટના ગ્લેનાર્વન તથા સાથીઓ માટે એક બહુ જ મોટો ચમત્કાર હતો. મૂલરેડી સાથે મોકલવા ધારેલા પત્રમાં ડંકનને ઑસ્ટ્રેલિયાને પૂર્વકાંઠે લાવવાનો સ્પષ્ટ આદેશ લખાવવામાં આવ્યો હતો. ત્યાં જવાને બદલે ડંકન અહીં કેવી રીતે આવી તે જાણવા ગ્લેનાર્વન ઉત્સુક હતા. પોતે થાકેલા હતા, ભૂખ અને તરસથી પીડાતા હતા. એ બધું વિસારે પાડીને તેમણે ટૉમ ઓસ્ટિનને પહેલો જ પ્રશ્ન કર્યો.

'મિસ્ટર ટૉમ! આ કેવી રીતે બન્યું કે ટુ-ફોલ્ડ બેના કાંઠે ઇડન બંદર તરફ જવાને બદલે તમે અહીં ન્યૂઝીલૅન્ડને પૂર્વકાંઠે આવ્યા? અમે તો માન્યું હતું કે લૂંટારા બેન જોઇસ અને તેની ટોળકીએ એ સ્થળે ડંકનનૌકાને પોતાને કબજે લીધી હશે? એ કેવી રીતે બન્યું કે તમે સૌ હેમખેમ છો અને ડંકનને તમે અહીં લઈ આવ્યા? તો બેન જોઇસ ક્યાં છે અત્યારે?'

ટૉમ ઓસ્ટિનને આ પ્રશ્નો અસંબદ્ધ લાગતા હોય તે રીતે પોતાનું મોં ખુલ્લું રાખીને માલિક સામે જોઈ જ રહ્યો. એને સમજ પડતી ન હતી કે માલિક શું પૂછી રહ્યા હતા. માલિકના પ્રશ્નોને સમજવા તે કોશિશ કરી રહ્યો. પોતે તથા ડંકન નૌકા અહીં કેમ હતા તથા બેન જોઇસ લૂંટારા સંબંધી બધા જ પ્રશ્નો એને સમજાતા ન હતા. આખરે વિનમ્રભાવે માલિકને સામો પ્રશ્ન કર્યો,

'માલિક! આપના પ્રશ્નોમાં મને કાંઈ સમજ પડતી નથી. ડંકન તો આપણા કબજામાં જ છે. આપના પત્રમાંના આદેશ પ્રમાણે જ હું તેને અહીં લાવ્યો છું. વળી આ બેન જોઇસ લૂંટારો કોણ છે?'

હવે આશ્ચર્યચકિત થવાનો વારો માલિકનો તથા સાથેના સાથીઓનો હતો. તેણે પૂછ્યું,

'તને શું ખબર જ નથી કે બેન જોઇસ નામનો લૂંટારો આપણા મૂલરેડી પાસેથી મારો પત્ર ઝૂંટવીને તે લઈને ડંકન ઉપર આવ્યો હતો. એ પત્રમાંના આદેશ પ્રમાણે નૌકાને ઑસ્ટ્રેલિયાને પૂર્વકાંઠે લાવવાની હતી અને એણે આપણી વિરુદ્ધ બનાવેલા પ્લાન પ્રમાણે એના અન્ય લૂંટારુ સાથીઓ સાથે મળીને આપણી ડંકનનો તે કબજો લેવાનો હતો. શું તું એ લૂંટારા બેન જોઇસને મળ્યો જ નથી?'

'નહીં માલિક! એ નામનો કોઈ માણસ મને મળ્યો જ નથી. આપના પત્રમાંના આદેશ પ્રમાણે જ આપણી આ નૌકાને હું અહીં હંકારી લાવ્યો છું.'

'મારો પત્ર? અને તેમાં ન્યૂઝીલૅન્ડના પૂર્વકાંઠે અહીં લાવવાનો આદેશ?' ગ્લેનાર્વન વગેરેને પણ સમજાતું ન હતું કે આ બધું કેવી રીતે બન્યું, પરંતુ એમને ખાતરી થઈ કે એણે લખેલો પત્ર ડંકનનૌકા ઉપર કૅપ્ટન ઓસ્ટીનને મળ્યો હતો, 'એ પત્ર ડંકનનૌકા ઉપર તને કોણે આપ્યો?'

'માલિક! મેલબૉર્ન બંદરની ગોદીમાં ડંકનના પ્રોપેલર પંખાનું સમારકામ ચાલતું હતું, ત્યારે પેડી ઓમુરના ફાર્મવાળો આયર્ટન એ પત્ર લઈને આવ્યો હતો. તમે કહો છો તેવા બેન જોઇસને તો મેં જોયો જ નથી!'

‘આયર્ટન કે બેન જોઇસ, એ બંને એક જ વ્યક્તિનાં બે નામ છે, પણ મારે એ જાણવું છે કે મારા એ પત્રમાં શું લખ્યું હતું?’

‘માલિક, આપના એ પત્રમાં સ્પષ્ટરીતે ન્યૂઝીલૅન્ડ શબ્દનો ઉલ્લેખ હતો અને આપના એ આદેશને આધારે જ ડંકનને હું અહીં લઈ આવ્યો છું.’

‘એ કેવી રીતે બની શકે? સ્નોઈ રિવરને કાંઠે બેઠાંબેઠાં એ પત્ર મેં લખાવ્યો હતો અને તેમાં ડંકનને ઑસ્ટ્રેલિયાને પૂર્વકાંઠે લાવવાનો સ્પષ્ટ આદેશ મેં જાતે જ લખાવ્યો હતો, એમાં આ ન્યૂઝીલૅન્ડ શબ્દ ક્યાંથી આવ્યો?’

ગ્લેનાર્વન આ શબ્દો એટલા આત્મવિશ્વાસથી બોલ્યા હતા કે ટૉમ ઓસ્ટીનને પોતાને માટે શંકા થઈ. થયું કે પત્ર વાંચવામાં કાંઈ ભૂલ તો નહીં થઈ હોય? માલિક પ્રત્યે ઓસ્ટીનની વફાદારી શંકાથી પર હતી. એના જેવો પ્રામાણિક માણસ આવી ગંભીર ભૂલ કરે તે એને પોતાને અસહ્ય લાગ્યું. એમાં એને નાલેશી લાગી. એનું મોં પડી ગયું. રડમસ ચહેરા સાથે માલિકની ક્ષમાયાચના કરવા જતો હતો ત્યાં જ લેડી હેલીના બોલી ઊઠી,

‘નહીં ટૉમ! જે થયું છે તે ઠીક જ થયું છે. એમાં ભૂલ ગમે તેની હોય, તેનું કોઈ જ મહત્ત્વ નથી. એવી એ ભૂલને કારણે જ આપણે અને આપણી ડંકન સુવાંગપણે બચી ગયાં છીએ. તમે અહીં આવ્યા ન હોત તો આદિવાસીઓની ગોળીથી અમે સૌ વિંધાઈ જ ગયાં હોત અને ઑસ્ટ્રેલિયાને પૂર્વકાંઠે તમે ગયા હોત તો તમને ખતમ કરી આયર્ટને આપણી આ નૌકા પોતાને કબજે લઈ લીધી હોત. શાંત થાઓ, ઑસ્ટીન! જે થયું તે સારા માટે જ થયું છે.’

‘મૅડમ! આપના તરફનું આશ્વાસન મારે માટે અમૂલ્ય છે.’ ટૉમે સ્વસ્થ બનીને પોતાની મૂળ વાતનો તંતુ પકડી લીધો. કાંઈક યાદ આવ્યું હોય તે રીતે બોલ્યા, ‘માલિક, આપના પત્રમાં “ન્યૂઝીલૅન્ડ” શબ્દ જ સ્પષ્ટ રીતે લખાયો હતો. એ પત્ર લાવનાર આયર્ટને પણ મારી જેમ જ એ પત્ર મોટેથી વાંચ્યો હતો. ખરેખર તો એણે તે જ વખતે મને જણાવ્યું હતું કે ન્યૂઝીલૅન્ડ શબ્દ ભૂલથી લખાયો હતો. માલિકનો ઇરાદો ઑસ્ટૅલિયાના પૂર્વકાંઠે જ લઈ જવાનો હતો, પરંતુ હું એ પત્રમાંના શબ્દને જ વળગી રહ્યો. નૌકાને ત્યાં લઈ જવા આર્યટને ભારે દબાણ કર્યું હતું. છતાં મારે માટે માલિકના પત્રમાંનો શબ્દ જ મહત્ત્વનો હતો અને તે પ્રમાણે નૌકાને હું અહીં લઈ આવ્યો છું.’

‘શું આયર્ટને એવો આગ્રહ રાખ્યો હતો?’ ગ્લેનાર્વનને હવે આ રહસ્યનો કાંઈક ભેદ સમજાવા લાગ્યો.

‘હા જી માલિક! એણે વારંવાર મને જણાવ્યું હતું કે ડંકનને ઑસ્ટ્રેલિયાના ટુ-ફોલ્ડ બે વિસ્તારમાં જ લઈ જવાની હતી. ન્યૂઝીલૅન્ડ શબ્દ ભૂલથી લખાયો હશે, એમ તે જણાવતો જ રહ્યો હતો.’

‘તારી ફાઇલમાં એ પત્ર છે?’ ખરેખર કયો શબ્દ લખાયો હતો. તેના મૂળ સુધી પહોંચવા મેજર નેબ્સે સૂચન કર્યું, ‘પત્ર હોય તો અહીં લઈ આવ.’

ઑફિસની ફાઇલમાંથી પત્ર લાવવા ટૉમ ઓસ્ટીને ઝડપથી પગ ઉપાડ્યા. રહસ્ય જાણવા ઉત્સુક બનેલા સૌની નજર ટૉમનાં પગલાંને માપી રહી.

એ દરમિયાન પોતાની અદબ વાળેલી અનોખી અદામાં થાંભલાને ટેકે ઊભેલા મેજર નેબ્સે સ્મિતભર્યા ચહેરે પેગેનલ તરફ જોયું. બોલ્યા,

‘બહુ થયું હવે, મિસ્ટર પેગેનલ! આ વિવાદ અને રહસ્ય જરૂર કરતાં વધુ લંબાયાં છે.

પત્રનું શ્રુતલેખન તમે જ કર્યું હતું ને? એ માત્ર ભૂલ હતી કે જાણી-સમજીને ન્યૂઝીલૅન્ડ શબ્દ લખાયો હતો, તેનો ખુલાસો તો તમારે જ કરવો પડશે.'

મેજરનો પ્રશ્ન અને સાથેનો આક્ષેપ અચાનક જ આવી પડ્યો હોય અને પોતાને કાંઈ ખબર જ નહીં હોય તે રીતે પેગેનલ તરત જ બોલી ઊઠ્યો,

'કેવી ભૂલ? કોણે કરી? મને તો એમાંનું કાંઈ જ યાદ નથી.'

એ દરમિયાન ટૉમ ઓસ્ટીને આવીને પત્ર ગ્લેનાર્વનના હાથમાં મૂક્યો. સૌ સાંભળે તે રીતે મોટા અવાજ સાથે એ પત્રનું તેમણે વાચન કર્યું. એમાં ન્યૂઝીલૅન્ડ શબ્દ લખાયેલો હતો. એ શબ્દ સાંભળીને ઊછળી પડતો હોય તે રીતે પેગેનલ ગ્લેનાર્વનનું મોં જોતાંજોતાં બોલ્યા,

'શું કહો છો, મહાશય? પત્રમાં ન્યૂઝીલૅન્ડ શબ્દ લખાયો હતો? એ કેવી રીતે બન્યું?' એની નજર સૌના ચહેરા વાંચવા માટે ફરવા લાગી, તો એની સામે ઊભેલાં સૌ કુતૂહલથી એની સામે જોઈ રહ્યા.

એ વખતે પાછળથી પેગેનલના ખભા ઉપર એક ભારેખમ હાથનો પંજો પડ્યો. એણે પાછળ જોયું એ પંજો મેજર નેબ્સનો હતો. પેગેનલ એના તરફ જોઈ રહ્યો અને નેબ્સ કાંઈ બોલશે તેની પ્રતીક્ષા કરી રહ્યો, 'મારા અતિ પ્રિય મિત્ર પેગેનલ! એ અમારું સદ્નસીબ કહેવાય કે અત્યારની ભૂલમાં થોડો વધારો કરીને તમે અમને કોચીન કે ચાઇના પહોંચાડ્યા નથી.'

ટૉમને ખાતરી થઈ ગઈ હતી કે પેગેનલને પક્ષે કોઈ જ ભૂલ ન હતી.

વારંવાર થતી ભૂલોને કારણે છોભીલા બનેલા પેગેનલ ઉપર સૌ ખડખડાટ હસી પડ્યાં, છતાં એ કારણે મૂંઝાઈને એ એકલો ન પડી જાય તે માટે મેજર નેબ્સે મિત્રભાવે એનો ખભો થાબડ્યો અને લાડ કરતો હોય તે રીતે બોલ્યો,

'મિત્ર પેગેનલ, અત્યાર સુધીમાં તમે કરેલા તમામ છબરડા અમારા સૌ માટે ઉપયોગી અને લાભદાયક જ પુરવાર થયા છે. તમારી પ્રકૃતિ શરમાળ છે એ અમે જાણીએ છીએ. તમે દિલના સાચા અને ઉમદા મિત્ર છો. અત્યારે કરેલી ભૂલ, જો એ ખરેખર અનાયાસ થયેલી ભૂલ હોય તો પણ એને કારણે આપણે સૌ અત્યારે આપણી જ ડંકન ઉપર સંપૂર્ણ રીતે સહીસલામત છીએ. તમે એ ભૂલ ન કરી હોત તો આ ડંકનનૌકા અત્યારે બેન જોઇસના હાથમાં ચાંચિયા જહાજ બની ગયું હોત અને આપણે અહીંના આદિવાસીઓના શિકાર બન્યા હોત.' મેજરની પૂછપરછમાં હવે ગ્લેનાર્વન પણ જોડાયા. તેમણે પૂછ્યું, 'મિસ્ટર પેગેનલ! મારા ડિક્ટેશનનું શ્રુતલેખન તમે કર્યું હતું. હવે આ બાબતમાં અમે એ જાણવા ઉત્સુક છીએ કે ઑસ્ટ્રેલિયાને બદલે ન્યૂઝીલૅન્ડ શબ્દ તમે કેવી રીતે લખ્યો? હું માનું છું કે એ તમારી ખરેખર ભૂલ જ હતી, તેમ છતાં એની પાછળ કોઈ ચોક્કસ ભૂમિકા તમારા મનમાં હશે જ. ડંકન ઉપર આવ્યા તે પહેલાં તમે તો ઇન્ડિયા જતી સ્કોશિયા નૌકામાં બેસવાના હતા. તેને બદલે સાવ ઊંધી દિશામાં જતી આ ડંકનનૌકામાં ચઢી ગયા હતા. જોકે એમાં તમને દેખીતી રીતનું નુકસાન થયું ન હતું. છતાં અમને તો તમારા જેવા નિષ્ણાત ભૂગોળશાસ્ત્રીમાં એક કાબેલ પથદર્શકો મળ્યા હતા. આ વખતે પણ તમે કરેલી ભૂલને પરિણામે જ આપણે અહીં આપણી જ રહેલી આ ડંકનનૌકા ઉપર સુરક્ષિત સ્થિતિમાં છીએ. તમે કરેલી એ ભૂલનું કારણ જાણવા અમે સૌ આતુર છીએ.'

ગ્લેનાર્વનના પ્રશ્નનો વિગત વાર જવાબ આપવા માટે પેગેનલ હજી પોતાનું મોં ખોલતા જ હતા, ત્યાં સામે ઊભેલાં મૅરી ગ્રાન્ટ અને રૉબર્ટ ગ્રાન્ટની નજરો સાથે એની આંખ મળી. ખોવાયેલા કૅપ્ટન ગ્રાન્ટના એ બંને સંતાનો નિરાશામાં ડૂબેલાં હતાં. એમના પિતા હવે હયાત ન

હતા એમ સૌએ માની લીધું હતું. પિતાની શોધ માટેનું લૉર્ડ ગ્લેનાર્વનનું એ મિશન નિષ્ફળ ગયું હતું. હવે સ્વદેશ પાછા વળવાના ભાગરૂપે જ બધાં અહીં આવ્યાં હતાં. પેગેનલે તો ખાસ માની લીધું હતું કે કૅપ્ટન ગ્રાન્ટનું હવે અસ્તિત્વ ન હતું. આમ છતાં વિગત વાર ખુલાસો આપવામાં કૅપ્ટન ગ્રાન્ટનો સંદર્ભ આવવાનો જ હતો. મૅરી અને રૉબર્ટના દિલ દુભાય એવી સ્થિતિ ટાળવાના હેતુથી પેગેનલે ગોળગોળ જવાબ વાળ્યા અને વાતનું ત્યાં જ પડીકું વળી ગયું.

તત્કાળ તો એ પ્રશ્ન તથા તેની ચર્ચાનો અંત આવ્યો. એ પ્રશ્નમાં વધુ ઊંડા ઊતરવાની કોઈની પણ ઇચ્છા ન હતી અને એવી જરૂર પણ ન હતી. થાકેલા અને ભૂખ્યા સાથીઓને સૌપ્રથમ નાસ્તાની અને ત્યાર બાદ આરામની સખત જરૂર હતી. સ્ફૂર્તિ મેળવવા સ્નાનાદિ માટે સૌ પોતપોતાની કૅબિનો તરફ ગયાં.

જોકે લૉર્ડ ગ્લેનાર્વન તથા કૅપ્ટન મેંગલ્સ માટે આ બાબત હળવાશથી લેવા જેવી ન હતી. બાકીના સાથીઓની ગેરહાજરીમાં તેમણે ટૉમ ઓસ્ટીન સાથે નવેસરથી વાત શરૂ કરી. ટૉમને સામે બેસાડીને ગ્લેનાર્વને પૂછ્યું,

'બોલો ટૉમ, તેં જ્યારે મારા પત્રમાં ઑસ્ટ્રેલિયાને બદલે ન્યૂઝીલૅન્ડ નામ વાંચ્યું ત્યારે તને કાંઈ લાગ્યું હતું કે એમાં કોઈ ભૂલ હતી?'

'હા જી માલિક! મને એ આદેશ વિચિત્ર તો જરૂર લાગ્યો હતો, પરંતુ અમારું કામ આપના આદેશોનો અમલ કરવાનું છે, તેમાં ભૂલો શોધવાનું નહીં. એ શબ્દને ભૂલ ગણીને બીજી રીતે અમલ કરવામાં આવે અને તેને કારણે મુશ્કેલી ઊભી થાય ત્યારે તેનો જવાબ આપવાનું અમારે માટે મુશ્કેલ બની જાય.' પોતાના એ ખુલાસા સાથે એણે પોતાના ઉપરી કૅપ્ટન મેંગલ્સને પણ પ્રશ્ન પૂછ્યો,

'કૅપ્ટન મેંગલ્સ, હું તમને પણ પૂછું છું કે એવી સ્થિતિમાં તમે હોત તો તમે કેવું વર્તન કર્યું હોત?'

કોઈ પણ જાતના ખચકાટ વિના કૅપ્ટન મેંગલ્સે તરત જવાબ વાળ્યો, 'મેં પણ તારી જેમ જ પગલું ભર્યું હોત.'

ત્યાર બાદ ટૉમ તરફ જોઈને ગ્લેનાર્વને પૂછ્યું,

'ટૉમ! તારા જણાવ્યા પ્રમાણે ન્યૂઝીલૅન્ડ શબ્દ ભૂલથી લખાયો હોવાની તને શંકા ગઈ હતી, તેમ છતાં એ જ સ્થળને માન્ય ગણી અહીં જ આવવાનું તેં પસંદ કર્યું હતું. એની પાછળ શું કારણ?'

'માલિક, આપના પત્રમાં જણાવ્યા પ્રમાણે જ વર્તન કરવાની મારી ફરજ હતી. એ ઉપરાંત બીજું એક વહેવારિક કારણ હતું. આપણી આ મુસાફરીનું મિશન કૅપ્ટન ગ્રાન્ટની ખોજ કરવાનું છે. એ સંબંધમાં જે પણ સ્થળની માહિતી મળે, તે સ્થળે આપણે જવાનું હોય છે. દક્ષિણ ઑસ્ટ્રેલિયા પ્રાંતમાં આવેલા પેડી ઓમૂરના ફાર્મ પાસેથી આપણે છૂટા પડ્યા હતા. આયર્ટને આપેલી માહિતીને આધારે કૅપ્ટન ગ્રાન્ટની શોધમાં મૅડમ હેલીના વગેરે સાથે આપ સાહેબ વિક્ટોરિયા પ્રાંત સોંસરવા જમીનમાર્ગે પૂર્વમાં ટુ-ફોલ્ડ બે તરફ આગળ વધ્યા હતા. ડંકનનૌકાના પ્રોપેલરની ખરાબી હતી. એની મેં મરામત કરાવવા હું એને જળમાર્ગે મેલબૉર્ન લઈ આવવા નીકળ્યો હતો. ત્યાર બાદ આપણી વચ્ચે કોઈ જ સંપર્ક થયો ન હતો. આપનો પત્ર લઈને ઘણા દિવસ બાદ આયર્ટન આવ્યો, ત્યારે એમાં ન્યૂઝીલૅન્ડના પૂર્વકિનારે જવાનો આદેશ પ્રથમ દર્શને તો મને ભૂલભરેલો લાગ્યો હતો, પરંતુ મેં એમ પણ વિચાર્યું કે આપણે છૂટા પડ્યા બાદ એ

જ અક્ષાંશ ઉપર આવેલા ન્યૂઝીલૅન્ડના આ ટાપુ સંબંધમાં આપને કોઈ માહિતી મળી હશે અને તેના અનુસંધાનમાં આપે મૂળ પ્રોગ્રામમાં ફેરફાર કરી સીધા જ અહીં આવવાનું પસંદ કર્યું હશે. એ દરમિયાન ડંકનમાંનું સમારકામ પૂરું પણ થયું હતું અને અમે મેલબૉર્નથી સીધા આ તરફનો રસ્તો પકડ્યો હતો. જોકે શરૂમાં આ તરફનું ગંતવ્યસ્થળ મેં ગુપ્ત જ રાખ્યું હતું, પરંતુ આ તરફ આવવા માટે ઑસ્ટ્રેલિયાની દિશામાં જવાનો વળાંક મેં ટાળ્યો ત્યારે જ એ વાત કર્મચારીઓને મેં જણાવી હતી. એવી જાહેરાત થયા બાદ નૌકા ઉપર એક વિચિત્ર અને અણધારી ઘટના બની હતી જે મારે આપને જણાવવી જ જોઈએ. મને એનાથી ભારે આઘાત લાગ્યો હતો.'

'શું બાબત હતી, ટૉમ? સ્પષ્ટતા કર.'

'બ્રિટાનિયા જહાજના ક્વાર્ટરમાસ્ટરે જ્યારે જાણ્યું કે નૌકા ટુ-ફોલ્ડ બે તરફ નહીં, પણ સીધી ન્યૂઝીલૅન્ડ તરફ જઈ રહી હતી ત્યારે એણે સખત વિરોધ કર્યો હતો.'

'ટૉમ! તું પેલા આયર્ટનની વાત કરે છે? શું એ સમયે તે અહીં ડંકન ઉપર જ હતો?'

'હા જી માલિક! નૌકાનો એ પોતે જ કૅપ્ટન હોય તે રીતે મને આદેશ આપવા લાગ્યો હતો.'

'શું તે અત્યારે પણ આપણી આ નૌકા ઉપર જ છે? ગજબ કહેવાય!' ગ્લેનાર્વને આશ્ચર્ય વ્યક્ત કર્યું અને કૅપ્ટન મેંગલ્સ તરફ જોયું.

'જેવી ઈશ્વરની મરજી, માલિક!' કૅપ્ટને ઠંડો પ્રતિભાવ આપ્યો.

અઠંગ ગુનેગાર આયર્ટન અહીં ડંકનનૌકા ઉપર જ હોવાની હકીકત જાણીને એઓ બંને મનોમન સમસમી ઊઠ્યા. એક જ ક્ષણમાં ગ્લેનાર્વન સમક્ષ આયર્ટનનાં તમામ કરતૂતોની ચિત્રમાળા રચાઈ ગઈ. અહીંના જળ વિસ્તારમાં ચાંચિયાગીરી કરવા માટે શક્તિશાળી ડંકનનૌકાનો કબજો લેવા એણે બનાવેલું કાવતરું, ભાગતી વખતે એણે કરેલો ગોળીબાર, મૂલરેડીની હત્યાનો હીચકારો પ્રયાસ, એને કારણે જ સ્નોઈ રિવરના કળણમાં ખૂંપેલી ગાડી, હેલીના અને મૅરીને એને લીધે ભોગવવી પડી પારાવાર હાલાકી વગેરે તમામ દુષ્કર્મો ગ્લેનાર્વનની નજર સમક્ષ તરી આવ્યાં.

અને એ જ આયર્ટન અત્યારે એમની આ ડંકનનૌકા ઉપર જ હાજરાહજૂર હતો. ગ્લેનાર્વનને એમાં કુદરતની કોઈ અકળ લીલાનાં દર્શન થયાં.

'અત્યારે એ ક્યાં છે?'

'તૂતકની નીચેના ભાગમાં આવેલી કૅબિનમાં એ કેદ છે.'

'એને કેમ કેદ કરવો પડ્યો?'

'માલિક, એણે જ્યારે જાણ્યું કે ડંકનનૌકા ટુ-ફોલ્ડ બે તરફ નહીં, પરંતુ ન્યૂઝીલૅન્ડ તરફ જઈ રહી હતી ત્યારે ઉશ્કેરાઈ જઈને તેણે મારી સાથે ભારે તકરાર કરી હતી. નૌકાની દિશા બદલવા મારી સાથે બળજબરી કરવા સુધી એ ગયો હતો. ભવિષ્યમાં જોઈ લેવાની મને ધમકી આપી હતી. આપણા નાવિકોને મારી વિરુદ્ધ બળવો કરવા પણ તેણે ઉશ્કેરણી શરૂ કરી હતી. એના ઉદ્દંડ વર્તન ઉપરથી મને લાગ્યું કે એ માણસ ઉપર ભરોસો રાખવામાં જોખમ હતું. એવા ભયજનક માણસ સામે સાવચેતીનાં પગલાં ભર્યાં સિવાય મારી પાસે બીજો કોઈ ઉપાય ન હતો.'

'તેં જે કર્યું હતું તે યોગ્ય જ હતું. છૂટો હોત તો આપણા કોઈ માણસને બાનમાં લઈને એ માણસે પોતાનું ધાર્યું કરાવ્યું હોત.'

એ દરમિયાન ભોજનકક્ષમાં નાસ્તા માટેની વિનંતી થઈ. સૌને હવે વધુ સમય ભૂખ્યા રાખવાની જરૂર ન હતી. સૌ પોતપોતાની કૅબિનોમાં જઈને ફ્રેશ થઈને આવી ગયાં હતાં. ગ્લેનાર્વન અને મેંગલ્સ પણ એમાં જોડાયા. આજના દિવસ માટે એઓ બધાં જ ડંકનના મહેમાન બની ગયાં. આરામ બાદ બીજા દિવસથી સૌએ પોતપોતાની જવાબદારી સંભાળી લેવાની હતી. કેટકેટલી લાંબી વિટંબણા અને જુગુપ્સાકારક અનુભવો પછી સંપૂર્ણ સલામતીની સ્થિતિમાં પોતાની જ ડંકનનૌકા ઉપર સૌએ ભરપેટ ભોજન માણ્યું. કૅપ્ટન ટૉમ ઓસ્ટીન સહિત નૌકા ઉપર જ રહેલા સૌ સાથીઓ આ રીતે અચાનક જડી આવેલા પોતાનાં મોંઘેરાં સ્વજનોને નિરાંતે ભોજન કરતાં જોઈ અહોભાવ અનુભવી રહ્યા. ભોજન દરમિયાન કોઈએ પણ અગાઉ અનુભવેલી અપ્રિય ઘટનાને યાદ કરી નહીં.

ભોજન બાદ સૌ ફરીથી તૂતક ઉપર બેઠાં. ગ્લેનાર્વને આયર્ટન ઉર્ફે બેન જોઇસના હીનકક્ષાના કરતૂતોની વાત સૌને જણાવી. હેલીના, મૅરી અને મૂલરેડીએ તેની અહીંની ઉપસ્થિતિથી આઘાત અનુભવ્યો.

ગ્લેનાર્વનની ઇચ્છા એ માણસને સૌની સમક્ષ બોલાવવાની હતી, પરંતુ એની હાજરીના માનસિક ત્રાસમાંથી પોતાને મુક્તિ આપવા હેલીનાએ ખાસ વિનંતી કરી, છતાં ગ્લેનાર્વન મક્કમ હતા. બોલ્યા,

‘હેલીના! હું ઇચ્છું છું કે તમે પણ હાજર રહેશો. એ માણસનાં ગુનાહિત કૃત્યોથી પીડિત તમામની નજરોનો એ માણસ સામનો કરે એમ હું ઇચ્છું છું.’

આખરે બધાં જ વર્તુળાકારે ગોઠવાઈ ગયાં. નૌકાના કેદખાનામાં પડેલા આયર્ટનના અગાઉનાં દુષ્કર્મોથી સાવ અજાણ એવા ટૉમ ઓસ્ટીન તથા તેના સાથીઓને સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ જ આવતો ન હતો. તેઓ બધા જ શાંત બનીને ઊભા રહ્યા.

‘આયર્ટનને અહીં લાવો.’ સ્વસ્થ અને ઘેરા અવાજે ગ્લેનાર્વને આદેશ આપ્યો.

૧૭
એક માત્ર સાક્ષી

સૌનો ગુનેગાર ટૉમ આયર્ટન આખરે ગુનેગારના સ્વરુપમાં સૌ સમક્ષ હાજર થયો. અહીં બેઠેલા દરેકને એ માણસને કારણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભારે તકલીફ ભોગવવી પડી હતી. સૌની નજર એના ઉપર ક્યાંય સુધી તીરની જેમ ભોંકાતી રહી. અઠંગ ગુનેગાર, કાવતરાંબાજ અને નિષ્ઠુર હત્યારો હોવા છતાં અત્યારે એનામાં ઉદ્ધતાઈના કે એમાં ગુનાહિત ભૂતકાળનાં કોઈ લક્ષણ દેખાતાં ન હતાં. ઘણાં દિવસો સુધી જમીન ઉપરની મુસાફરીમાં એ સૌની સાથે જ હતો. એ કારણે બધાંને જ એ વ્યક્તિગત ધોરણે ઓળખતો હતો.

પેડી ઓ'મૂરના ફાર્મ ઉપર એણે પોતાની ઓળખ કૅપ્ટન હેરી ગ્રાન્ટના બ્રિટાનિયા જહાજના ક્વાર્ટરમાસ્ટર તરીકે આપી હતી. ત્યારથી જ એક વિવેકી અને કર્મઠ માણસ તરીકેની છાપ એણે ઊભી કરી હતી. એની ભેદી હિલચાલ બાદ મેજર નેબ્સે એ જ માણસ બેન જોઇસ નામધારી લૂંટારો હોવાનું જાહેર કર્યું અને ગ્લેનાર્વન ઉપર ગોળી છોડીને એ ભાગી ગયો, ત્યાં સુધી પોતાની એવી છાપ એણે જાળવી રાખી હતી.

એની સમક્ષ અર્ધવર્તુળાકારે બેઠેલાં પરિચિતો તેમ જ પીડિતોને નિરપેક્ષભાવે તે જોઈ રહ્યો. ગ્લેનાર્વન તરફથી પુછાનારા પ્રશ્નોની અપેક્ષા કરતો શાંતિથી તે ઊભો હતો.

'આયર્ટન!' ધીરગંભીર અવાજ સાથે ગ્લેનાર્વનના મોંમાંથી એને માટેનું ઉદ્‌બોધન નીકળ્યું, 'અહીં આ ડંકનના તૂતક ઉપર તું છે અને અમે પણ હાજર છીએ. આ તે ડંકન વિહારનૌકા છે જેને કાવતરું કરીને તું પોતે આ બેન જોઇસના નામથી ગુનાહિત પ્રવૃત્તિ માટે તારે કબજે લેવા માગતો હતો. યાદ આવે છે ને એ બધું?'

કાંઈક બોલવા માટે આયર્ટને પોતાના હોઠ ફફડાવ્યા, પરંતુ મોંમાંથી કોઈ અવાજ બહાર આવ્યો નહીં. લાગતું હતું કે એનાં ગુનાહિત કૃત્યો માટે એને કાંઈ પણ પસ્તાવો ન હતો, અને પોતાના એ ઇરાદામાં નિષ્ફળ જવા બદલ પસ્તાવો થતો હતો. આવી વૈભવી નૌકાનો તે માલિક અને કબજેદાર બની જવાનો હતો. તેને બદલે એની જ એક અંધારી કૅબિનમાં તે કેદી તરીકે પુરાયો હતો.

'અમારી વિરુદ્ધ તેં કરેલાં ગુનાહિત કૃત્યો અંગે તારે કાંઈ ખુલાસો કરવો છે?'

'ગ્લેનાર્વન મહાશય! મારે એ બાબતમાં કાંઈ પણ ખુલાસો કરવો નથી. આ રીતે તમારા હાથમાં કેદી બનીને હું ઊભો છું. હું માનું છું કે મેં કરેલી મૂર્ખામી એ માટે કારણભૂત છે. એ તો જે હોય તે, પરંતુ એ સંબંધમાં તમારે મારી સામે જે પણ પગલાં લેવાં હોય તે તમે લઈ શકો છો.'

મોં ઉપર કોઈ પણ જાતનો ભાવ લાવ્યા વિના એકીશ્વાસે તે બોલી ગયો. પોતાની આંખો

સૌ ઉપરથી વાળીને તેણે પાછળ પશ્ચિમની દિશામાં ઠેરવી. કદાચ એને ટુ-ફોલ્ડ બેના ઇડન બંદર નજીકનો પેલો કાંઠો યાદ આવ્યો હશે, જ્યાંથી પોતાની ટોળીના બીજા મળતિયાઓને ડંકન ઉપર લેવાનો એનો ઇરાદો હતો. ત્યાં જવામાં એ સફળ થયો હોત તો અત્યારે એ પોતે આ અદ્યતન અને શક્તિશાળી નૌકાનો માલિક બની ગયો હોત, પરંતુ અફસોસ. નસીબે યારી આપી નહીં અને એ કેદી બની ગયો હતો. એનો ચહેરો ગમગીન બની ગયો. ત્યાં થતી વાતો પ્રત્યે તે સાવ નિઃસ્પૃહી બની ગયો. એને કાંઈ લેવાદેવા જ ન હોય તે રીતે ઠોઠ બનીને નિરપેક્ષભાવ સાથે ઊભો જ રહ્યો.

ખોવાયેલા કૅપ્ટન ગ્રાન્ટની ખોજ માટેના આ અભિયાનમાં કૅપ્ટન ગ્રાન્ટની બાબતમાં એ જ એકમાત્ર સાક્ષી હતો. ગ્રાન્ટના જહાજ બ્રિટાનિયાને નડેલી કહેવાતી દુર્ઘટના સંબંધમાં આયર્ટને કરેલ વાત ગ્લેનાર્વનને માનવાયોગ્ય જણાતી ન હતી. અઠંગ કાવતરાંબાજ અને રીઢા ગુનેગારની વાતોમાં તથ્ય કેટલું હતું, તે એ તારવવા ઉત્સુક હતા. બ્રિટાનિયાને નડેલી એ દુર્ઘટના સંબંધમાં રહસ્ય ઉકેલી શકાય તો જ કૅપ્ટન ગ્રાન્ટ અંગેની કાંઈક મજબૂત કડી મળી શકે એવું ગ્લેનાર્વન માનતા હતા. કેદી બનીને સામે ઊભેલો આયર્ટન એકલો જ એ રહસ્યને જાણતો હતો. એના ઉપર જ કૅપ્ટન ગ્રાન્ટની શોધનો આધાર હતો.

પોતાની એવી ગરજ બતાવ્યા વિના હળવા રહીને કુનેહથી તેની પાસેથી એવી માહિતી મેળવી શકાશે એવો વિશ્વાસ ગ્લેનાર્વનને હતો.

‘મિસ્ટર આયર્ટન, હું તને કેટલાક પ્રશ્નો પૂછવા માગું છું. હું માનું છું કે એનો જવાબ આપવામાં તને વાંધો નહીં જ હોય, પરંતુ તે પહેલાં તારી પાસેથી જાણવા માગું છું કે મારે તને આયર્ટનના અસલી નામથી સંબંધવાનો છે કે બેન જોઇસ તરીકે?’

આયર્ટન શાંત જ રહ્યો. કોઈ જ જવાબ નહીં આપવાનો પાકો મનસૂબો કર્યો હોય તેમ મોં ઉપર કોઈ જ ભાવ લાવ્યા વિના તે ઊભો જ રહ્યો. ધીરજ ગુમાવ્યા વિના ગ્લેનાર્વને ફરીથી પૂછ્યું,

‘તું મને કહી શકશે? કે બ્રિટાનિયા જહાજ તારે કયા સંજોગોમાં છોડવું પડ્યું? અહીં ઑસ્ટ્રેલિયાની ધરતી ઉપર તું કેવી રીતે આવ્યો?’ ફરીથી એ જ શાંતિ. ગ્લેનાર્વનના કોઈ પણ સવાલનો જવાબ નહીં આપવા માટે તે મક્કમ લાગ્યો.

ગ્લેનાર્વન પણ પોતાની રીતે શાંત અને મક્કમ હતા. ફરીથી બોલ્યા,

‘હું ઇચ્છું છું કે મારી વાત તું શાંતિથી સાંભળશે. એના ઉપર વિચારશે અને પછી જવાબ આપશે. મારા પ્રશ્નોના જવાબ આપવાનું તારા હિતમાં જ હશે. તારી ગુનાહિત કારકિર્દી સંબંધમાં તારે પક્ષે રહેલી તારી નિખાલસતા જ તારો શ્રેષ્ઠ બચાવ બની શકશે. કાયદાની નજરમાં સારા દેખાવું તારી માટે અત્યંત જરૂરી છે.’

આયર્ટનને આ પ્રશ્નોના જવાબ આપવા પ્રવૃત્ત કરે, એ માટે ગ્લેનાર્વને લાંબી પૂર્વભૂમિકા રચી. તેમ છતાં એનો કોઈ સાનુકૂળ પ્રત્યાઘાત આયર્ટન તરફથી મળતો જણાયો નહીં. એને બદલે સૂચક નજરે ગ્લેનાર્વનને ક્યાંય સુધી જોઈ રહ્યો અને ધીમેથી પણ મક્કમતાથી બોલ્યો,

‘જુઓ સાહેબ, તમે જણાવેલ એવા કોઈ પણ હેતુ માટે તમારા પ્રશ્નોના જવાબ આપવાનું હું જરૂરી જોતો નથી. મારી સામે ન્યાય માગતા ફરિયાદીએ જ મારા ગુના માટેના પુરાવા અને સાક્ષી આપવાના છે. અહીં કોઈ પણ જાતની કબૂલાત કરીને હું મારી સામે જ સાક્ષી બનવા માગતો નથી.’

‘તેં અમારી સામે કરેલા ગુનાને પુરવાર કરવાનું તું ધારે છે તેના કરતા અમારે માટે વધારે

સહેલું છે.'

પોતે ગુનેગાર હોવા છતાં બ્રિટિશ કાયદાશાસ્ત્રના સિદ્ધાંતોને પોતાના લાભમાં ઉપયોગમાં લેવાના હેતુથી આયર્ટને કરેલી રજૂઆતનો ગ્લેનાર્વનને એની જ ભાષામાં જવાબ આપ્યો.

'શું મારી વિરુદ્ધના તમારા તરફના આક્ષેપોને પુરવાર કરવાનું તમને સહેલું લાગે છે?' ગ્લેનાર્વનની રજૂઆતની ઠેકડી ઉડાડતો હોય તેવી ધૃષ્ટતા સાથે આયર્ટને જવાબ આપ્યો, 'મને લાગે છે કે મારા કહેવાતા ગુનાઓ વિરુદ્ધના પુરાવા માટે આપના મનમાં બહુ ઊંચો ખ્યાલ છે, છતાં મારા પક્ષે હું હિંમતથી કહીશ કે મારી વિરુદ્ધ આપની પાસે ગમે તેટલા પુરાવા હશે, પરંતુ ન્યાયના મંદિરનો શ્રેષ્ઠતમ ન્યાયાધિશ પણ મારી બાબતમાં મૂંઝાઈ જઈને મને શંકાનો લાભ આપવાનો જ છે. કૅપ્ટન ગ્રાન્ટ જ્યારે અહીં હાજર નહીં હોય ત્યારે કોણ એવી સાક્ષી આપી શકશે કે શા માટે હું ઑસ્ટ્રેલિયામાં છું? અહીંની પોલીસે મારા નામે બેન જોઇસના નામનો થપ્પો લગાવ્યો છે, પરંતુ એ પોલીસે તો કદી મને જોયો જ નથી. તો બ્રિટાનિયા જહાજનો ક્વાર્ટરમાસ્ટર એવો હું આયર્ટન જ લૂંટારુ બેન જોઇસ છું, એવું પોલીસ કેવી રીતે પુરવાર કરી શકવાની હતી? મારી સામે તમે કરેલા આક્ષેપો માટે તમારા સિવાય અન્ય કોઈ સાક્ષી નથી, જે મારી વિરુદ્ધ પુરાવા રજૂ કરી શકે અને તમે કેવી રીતે પુરવાર કરી શકશો કે તમારી આ નૌકાને કબજે લઈ એમાં હું પ્રશાંત મહાસાગરમાં ચાંચિયાગીરી કરવા ઇચ્છતો હતો? જ્યાં સુધી મારી વિરુદ્ધનો કોઈ સાબૂત પુરાવો નહીં હોય ત્યાં સુધી હું આયર્ટન જ છું - બ્રિટાનિયા જહાજનો ક્વાર્ટરમાસ્ટર.'

વકીલના જેવી જ દલીલબાજી કરતી વખતે એનો ચહેરો ચેનતવંતો બની ગયો. વક્તવ્ય પૂરું કરીને એ શાંત બની ગયો. એણે માન્યું હતું કે એની એ રીતની રજૂઆત બાદ ગ્લેનાર્વનની પ્રશ્નોત્તરી પૂરી થશે, પરંતુ ગ્લેનાર્વન એમ સરળતાથી એને છોડે તેમ ન હતું.

'મિસ્ટર આયર્ટન, હું અહીં તારી વિરુદ્ધમાં કોઈ તહોમતનામું રજૂ કરવા માગતો નથી. એવો હું કોઈ સરકારી વકીલ નથી. આપણે બંને એકબીજા પાસેથી શું અપેક્ષા રાખીએ છીએ તે બાબત તું સ્પષ્ટ બની જાય તેમ હું ઇચ્છું છું. હું તને એવું કાંઈ જ પૂછીશ નહીં, જેનો જવાબ આપવાથી કાયદાની નજરમાં તું ગુનેગાર ઠરી શકે. હું કયા હેતુથી મારી આ ડંકનનૌકાને લઈને નીકળ્યો હતો તે તું સારી રીતે જાણે છે. તારા તરફની નાની એવી માહિતી પણ કૅપ્ટન ગ્રાન્ટ માટેના મારા પ્રયાસને યોગ્ય માર્ગે વાળી શકે તેમ છે.'

'અત્યારે એ બાબતમાં હું સાવ અંધારમાં છું.' જવાબ આપવાને બદલે આયર્ટને નકારાત્મક રીતે માત્ર ડોકું જ ધુણાવ્યું.

'કૅપ્ટન ગ્રાન્ટ અત્યારે ક્યાં હશે તે તું જણાવી શકીશ?' એના જહાજને ચોક્કસ કયા સ્થળે દુર્ઘટના નડી હતી. તે તું જાણે જ છે.

'ના જી. એ બાબતમાં હું કાંઈ પણ કહી શકીશ નહીં.' એણે અક્કડ બનીને સ્પષ્ટ ઇનકાર કર્યો.

'હેરી ગ્રાન્ટના આ બંને સંતાનોને તું ઓળખે જ છે. એમના ચહેરાને બરાબર જોઈ લે. એમના પિતાની શોધમાં એઓ બંને જાનનું જોખમ લઈને પણ દુનિયાભરના દરિયાઓ ડહોળી રહ્યાં છે. એમના પિતા હેરી ગ્રાન્ટ અત્યારે ક્યાં હોઈ શકે તે માહિતી એમને આપી શકે તોય ઘણું, પોતાના પિતાની ખોજ માટે એ બંને તારા તરફની મદદ માટે મીટ માંડીને બેઠાં છે.'

મૅરી અને રૉબર્ટનું નામ સાંભળતાં આયર્ટન મૂંઝાયો હોય તેવું સૌને લાગ્યું. બંને બાળકોને

તે પહેલેથી જ ઓળખતો હતો. એવા નિકટના સંબંધને ધ્યાનમાં રાખીને પણ તે કાંઈક માહિતી આપશે એમ સૌને લાગ્યું, પરંતુ પોતાની એવી ક્ષણિક નબળાઈને ખંખેરી નાખીને તે બોલ્યો,

'મેં તમને શરૂઆતમાં જ જણાવ્યું છે કે હું કોઈ પણ પ્રશ્નના જવાબ આપીશ નહીં. એ માટે તમારે મને ગોળીએ દેવો હોય તો તે અત્યારે જ કરી શકો છો.'

આ પ્રકારના અંતિમ કક્ષાના જવાબથી ગ્લેનાર્વન પળભર માટે ક્ષુબ્ધ બની ગયા. તેમ છતાં કૅપ્ટન ગ્રાન્ટની સ્થિતિનો વિચાર કરીને તેમણે ઝડપથી સ્વસ્થતા મેળવી લીધી. બોલ્યા,

'જુઓ આયર્ટન, યાદ રાખો કે અહીં કોઈ ફરિયાદી નથી. કોઈ ન્યાયાધીશ પણ નથી, એ તું જાણે છે. તેમ છતાં કૅપ્ટન ગ્રાન્ટ સંબંધી પ્રાથમિક કક્ષાની માહિતી આપવા પણ તું રાજી નહીં હોય તો તે અફસોસની બાબત છે. જેવી તારી મરજી. હવે પછી આવતા પહેલા બંદરે હું તને ત્યાંના બ્રિટિશ સરકારના પ્રતિનિધિને તારી સોંપણી કરી દઈશ.'

'હું પણ એમ જ ઇચ્છું છું.' છેક છેલ્લે પાટલે બેસીને આયર્ટન ધૃષ્ટતાથી બોલ્યો અને પોતાનું મોં ફેરવી લીધું. સ્તબ્ધ બની ગયેલા વાતાવરણને છોડીને તેણે પોતાની કૅબિન તરફ ચાલવા માંડ્યું. બે સંત્રીઓ એની સાથે ગયા. એની તમામ ગતિવિધિઓ ઉપર નજર રાખવા અને તરત જ કૅપ્ટન મેંગલ્સને જણાવવા ગ્લેનાર્વને સૌ કર્મચારીઓને સૂચના આપી.

એની ગુનાહિત પ્રવૃત્તિઓના તમામ સાક્ષીઓ પણ એના ધૃષ્ટતાભર્યા કઠોર વર્તનથી નિરાશ બની ઘવાયેલા હૃદયે ત્યાંથી ખસી ગયા. આયર્ટનના ઉદ્દંડ અને અસહકારી વર્તન છતાં ગ્લેનાર્વને પોતાના મગજ ઉપર અદ્‌ભુત કાબૂ રાખ્યો. કૅપ્ટન ગ્રાન્ટ વિશે કાંઈક માહિતી પણ મળી શકે તો આ અભિયાન સફળ બનવાની થોડી પણ શક્યતા ઊભી થાય તેમ એનું માનવું હતું.

કૅપ્ટન ગ્રાન્ટની સ્થિતિ અંગે થોડી પણ માહિતી આપી શકે એવો એકમાત્ર માણસ આયર્ટન હતો, પરંતુ એના તરફના સંપૂર્ણ અસહકારને કારણે ગ્રાન્ટની ખોજ માટેના આ અભિયાનનો વીંટો વળી જતો હતો. ગ્રાન્ટ સંબંધી બીજી કોઈ જ માહિતી ગ્લેનાર્વન પાસે હતી નહીં અને પોતાનું મોં બંધ રાખવાના આયર્ટને કરેલ નિર્ધારમાંથી તેને ચલાવી શકે એવો કોઈ ઇલમ ગ્લેનાર્વન પાસે ન હતો. પત્રોમાંથી પણ કોઈ વધારાના અર્થઘટનની શક્યતા ન હતી. વારંવાર અર્થઘટન કરીને ખોટા પડેલા પેગેનલ પણ એ બાબતમાં વધુ ચર્ચા કરવા તૈયાર ન હતો.

તો હવે શું? એ પ્રશ્ન સૌને સતાવતો હતો. અગાઉ ટુ-ફોલ્ડ બેના ઇડન બંદરેથી તેઓ અહીં આવવા નીકળ્યા ત્યારે સૌએ સાથે મળીને નક્કી કરેલી વાત હવે યાદ આવી. બ્રિટાનિયા અને તેના કૅપ્ટન હેરી ગ્રાન્ટને હંમેશ માટે ખોવાઈ ગયેલાં ગણીને આ અભિયાનને સમેટી લેવાનો તથા વહેલીતકે સ્કોટલૅન્ડ ભેગા થઈ જવાનો એ નિર્ણય હતો.

ક્યાં થઈને કયા માર્ગે સ્વદેશ પાછા વળવું તેની વિગતો તૈયાર કરવાની બાબતમાં ગ્લેનાર્વન અને કૅપ્ટન મેંગલ્સના મગજ હવે કામે વળગ્યા. અહીંથી પૂર્વમાં પ્રશાંત મહાસાગર ઓળંગીને દક્ષિણ અમેરિકાની છેક દક્ષિણે કેપહૉર્નની ભૂશિર ફરતે થઈને યુરોપ પહોંચવાના માર્ગ માટે જ એમણે વિચાર્યું. જોકે એ માર્ગ પણ ઘણો લાંબો હતો. એ માટે પુરવઠાની સ્થિતિ પણ ધ્યાનમાં લેવી પડે તેમ હતી.

કૅપ્ટન મેંગલ્સના જણાવ્યા પ્રમાણે નૌકાના ભંડકિયામાં માત્ર પંદર દિવસ ચાલે તેટલો જ કોલસો હતો. નજીકના કોઈ બંદરેથી કોલસો તથા અન્ય જરૂરી ચીજવસ્તુઓ લેવાનું નક્કી થયું. અહીંથી પ્રશાંત મહાસાગર પારના દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કાંઠે આવેલા તાકાહુનાની ખાડીના બંદરમાંથી જ એવો પુરવઠો મેળવી શકાય તેમ હતું. અગાઉ ઑસ્ટ્રેલિયા ખંડ તરફ જતાં પહેલાં

પણ એ જ બંદરેથી જરૂરી પુરવઠો મેળવવામાં આવ્યો હતો. એ સ્થળ પણ ૩૭°૧૧" દક્ષિણ અક્ષાંશ ઉપર જ હતું એવી સ્થિતિમાં ડંકનને તેમણે નાકની સીધી લીટીમાં પૂર્વ તરફ જ હંકારતા રહેવાનું હતું. ત્યાંથી પુરવઠો લઈને વાયા કેપહૉર્ન તેમણે આટલાન્ટિક મહાસાગરમાં આવવાનું હતું. ત્યાંથી ઉત્તરમાં સ્કોટલૅન્ડના પોતાના માલ્કમ કેસલ સુધીની દોડમાં કોઈ જ તકલીફ પડવાની સંભાવના ન હતી.

ઘરભેગા થવાના એ પ્લાનનો તરત જ અમલ થયો. નૌકાના શક્તિશાળી એન્જિન માટેના બોઇલરમાં વધુ કોલસા પુરાયા. પક્ષીની ચાંચ આકારના મોરાને તાકાહુનાના અખાત તરફ પૂર્વમાં વાળવામાં આવ્યો. સાંજના છ વાગ્યા. પશ્ચિમના આકાશમાં સૂરજ ક્ષિતિજ પાછળ ડૂબવાની તૈયારીમાં હતો. ન્યૂઝીલૅન્ડના ઉત્તરના ટાપુના પૂર્વ કિનારે આવેલાં ગિરિશિખરો ધીમેધીમે ધુમ્મસમાં અદૃશ્ય બન્યાં. વચમાં હવે કોઈ આડશ ન હતી. આગળ પણ કોઈ મુશ્કેલી પડવાની ન હતી. બસ, હવે વહેલીતકે સ્કોટલૅન્ડ ભેગા થવાની સૌને ઉતાવળ હતી.

વળતી મુસાફરી આમ સારી રીતે શરૂ થઈ, છતાં જમીનમાર્ગના ખરાબમાં ખરાબ અનુભવોની છાયા દરેકના મન ઉપર હજી છવાયેલી હતી. એનાથી પણ વિશેષ દાહક એવી બાબત કૅપ્ટન હેરી ગ્રાન્ટને શોધવામાં મળેલી નિષ્ફળતાની હતી.

કૅપ્ટન ગ્રાન્ટે પોતાના સ્કોટલૅન્ડ વાસી પ્રજાજનોને બ્રિટિશ સામ્રાજ્યના આપખુદ શાસનની ધૂંસરીમાંથી મુક્ત કરાવવા માટેનો ભેખ લીધો હતો. એ માટે મહાસાગરમાં કોઈ દૂરના સ્થળે નયા સ્કોટલૅન્ડનું સંસ્થાન સ્થાપવાના ઉમદા હેતુ માટે એમનું એ અભિયાન હતું. એ માટે દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં વસાહત યોગ્ય કોઈ ટાપુની શોધમાં પોતાનું બ્રિટાનિયા જહાજ લઈને એઓ ૧૮૬૨માં નીકળ્યા હતા, પરંતુ એમનું એ જહાજ ૨૭મી જૂન, ૧૮૬૨ના રોજ દક્ષિણ ગોળાર્ધમાં ૩૭°૧૧" અક્ષાંશ ઉપર દુર્ઘટનાગ્રસ્ત બન્યું હતું. બચાવ માટે મદદ માગતો એમનો પત્ર ચમત્કારિક રીતે લૉર્ડ ગ્લેનાર્વનના હાથમાં આવ્યો હતો. એને આધારે ચાલેલું આ ખોજ અભિયાન સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયું હતું. નીકળ્યા ત્યારે સૌમાં અનેરો ઉત્સાહ હતો, પરંતુ ગ્રાન્ટની ખોજ વિનાની ડંકનની આ વળતી મુસાફરી સૌ માટે ન વેંઢારી શકાય એવા બોજ જેવી બની ગઈ. કૅપ્ટન ગ્રાન્ટ ક્યાં હતા અને જીવતા હતા કે કેમ તેની કોઈ જ માહિતી ન હતી. એવી કોઈ માહિતીનો આછો અણસાર મળે તો હજી પણ સાત સમંદર ખેડવાની આ ડંકનનૌકાના નિવાસીઓની તૈયારી હતી.

પરિણામ સ્પષ્ટ હતું. ન્યૂઝીલૅન્ડના આ પૂર્વકાંઠે તકલાદી મછવામાં લૉર્ડ ગ્લેનાર્વન વગેરે સાથીઓનો અચાનક ભેટો થતાં આનંદના પોકારો સાથે સૌને વધાવવામાં આવ્યા. ત્યાં હવે સ્મશાનવત્ શાંતિ હતી. ડંકનના ખૂણેખૂણે ગ્લાનિ પ્રસરેલી હતી. સ્કોટલૅન્ડના ગ્લાસગો બંદરેથી નીકળ્યા ત્યારે સૌના દિલમાં આશા અને ઉત્સાહ ભર્યાં હતાં. એનું સ્થાન હવે નિરાશા અને વિષાદે લીધું હતું. એક સમયે જ્યાં અરસપરસના વાર્તાલાપો અને હસી-મજાકનું જીવંત વાતાવરણ હતું ત્યાં હવે સ્વજન ગુમાવ્યાની શોકની છાયા હતી. સૌના દિલ અને દિમાગમાં અકળ બેચેની હતી. નાવિકો યંત્રવત્ ફરજ બજાવતા હતા. ગ્લેનાર્વન વગેરે સૌ મોટા ભાગે પોતપોતાની કૅબિનોમાં સમય વ્યતિત કરતાં હતાં. એકબીજા સાથે મળવાનું ભોજનના ટેબલ પૂરતું જ મર્યાદિત બની ગયું. ચર્ચાનો કોઈ મુદ્દો જ કોઈને સૂઝતો ન હતો.

પેગેનલ પણ સાવ મૂંગોમંતર બની ગયો હતો. ભૂલો અને છબરડા કરીને સૌને મનોરંજન પૂરું પાડવાનો એનો સદાબહાર સ્વભાવ ગુમનામ બની ગયો હતો. ગળામાં ભેરવેલા દૂરબીન

સાથેની તૂતક ઉપરની એની હાજરી દુર્લભ બની ગઈ. એણે તો સ્વીકારી જ લીધું હતું કે કૅપ્ટન ગ્રાન્ટ અને તેનું બ્રિટાનિયા જહાજ હવે ભૂતકાળ બની ચૂક્યાં હતાં. ગ્લેનાર્વન કરતાં પણ એને વધુ આઘાત લાગ્યો હતો.

આ બધામાં એકમાત્ર આયર્ટન ઉર્ફે બેન જોઇસ જ એક એવો માણસ હતો જેને માટે કૅપ્ટન ગ્રાન્ટનું મહત્ત્વ સાવ નકારાત્મક હતું. ગ્રાન્ટનું જહાજ દુર્ઘટનાગ્રસ્ત બન્યું, તે સમયની સ્થિતિનો એ એકમાત્ર સાક્ષી હતો, પરંતુ થોડા સમય ઉપર જ એણે લૉર્ડ ગ્લેનાર્વન સાથે જે દલીલબાજી કરી હતી તે ઉપરથી સૌને ખાતરી થઈ હતી કે એ માણસ કાંઈ જાણતો હશે તો પણ તે મોં ખોલવાનો ન હતો, કારણ સ્પષ્ટ હતું. એ માણસ રીઢો ગુનેગાર હતો. એનું શેતાની દિમાગ બરાબર કામ કરતું હતું. એ જાણતો હતો કે એણે કરેલા ગુનાઓને કાયદાની કોર્ટમાં પુરવાર કરવા માટે કૅપ્ટન ગ્રાન્ટ એકમાત્ર સાક્ષી હતો. એવા એ સાક્ષીને શોધવામાં મદદ કરીને પોતાના પગ ઉપર કુહાડી મારવાનું એ કદી પણ પસંદ કરવાનો ન હતો.

ગ્રાન્ટ અંગે કોઈ પણ માહિતી આપવાનો એ સતત ઇનકાર કરતો હતો. એના એવા હઠીલા વલણ સામે ડંકનના કર્મચારીઓ પણ નારાજ હતા. એને માટે સૌના મનમાં એટલો ગુસ્સો અને ઉશ્કેરાટ હતા કે તેમનું ચાલ્યું હોત તો એ હઠાગ્રહીને તેમણે હાથપગ બાંધીને દરિયામાં જ પધરાવી દીધો હોત.

આયર્ટનના સતત ઇનકાર છતાં ગ્લેનાર્વને આશા છોડી ન હતી. અફસોસ એ વાતનો હતો કે ગ્લેનાર્વન તરફનાં પ્રલોભનો અને પ્રતાડનની કોઈ પણ રીત એને ચળાવી શકે તેમ લાગતું ન હતું. એવી સ્થિતિમાં મેજર નેબ્સને શંકા પડવા લાગી કે ખરેખર એની પાસે કૅપ્ટન ગ્રાન્ટ અંગેની કોઈ જ જાણકારી ન હતી. પેગેનલ પણ નેબ્સ સાથે સહમત હતો. છતાં એમને સમજાતું ન હતું કે જો માહિતી ન જ હોય તો તેની નિખાલસ કબૂલાત કરવામાં એને શું વાંધો હતો? કદાચ એવી સ્થિતિનું રહસ્ય જાળવી રાખવામાં જ એને કોઈ લાભ દેખાયો હોય!

આયર્ટન પાસેથી ખરેખર કોઈ માહિતી મળતી હોય તો સ્વદેશ તરફ જવાના એના પ્લાનમાં ફેરફાર કરવા હજી પણ ગ્લેનાર્વન તૈયાર હતા. તમામ બાબતોમાં નિષ્ફળ ગયાનો એમને ભારે રંજ હતો. હેલીનાને પતિની ધ્વસ્ત માનસિક સ્થિતિનો ખ્યાલ હતો. એઓ જ્યાં નિષ્ફળ ગયા હતા ત્યાં પોતે એક સ્ત્રી તરીકે સફળ થઈ શકે એવો એને વિચાર આવ્યો. એણે એ માટે પતિની પરવાનગી માગી. એવો પ્રયાસ પણ પથ્થર ઉપર પાણી રેડવા જેવો જ રહેવાની ગ્લેનાર્વનને ખાતરી હતી, પરંતુ એણે બીજી રીતે વિચાર્યું. અત્યારે એની પાસે અન્ય કોઈ વિકલ્પ પણ ક્યાં હતો? હેલીનાની કુશાગ્રબુદ્ધિ અને સ્ત્રીસહજ ઋજુતામાં એનો વિશ્વાસ હતો. એના દ્વારા એક વધુ પ્રયાસ કરવામાં કાંઈ નુકસાન તો હતું જ નહીં. લાંબા વિચારવિમર્શને અંતે એવો પ્રયોગ કરવાનું નક્કી થયું.

પાંચમી માર્ચનો એ દિવસ હતો. કેદી આયર્ટનને લેડી હેલીનાની કૅબિનમાં લાવવામાં આવ્યો. કૅપ્ટન ગ્રાન્ટની પુત્રી મૅરીની હાજરી આયર્ટનને કદાચ હલાવી શકે તેવી આશાથી તેને પણ હાજર રાખવામાં આવી. પોતાનો આગ્રહ વિફળ જાય, તો પણ એના માલિક કૅપ્ટન ગ્રાન્ટની આ માસૂમ પુત્રીનો ચહેરો જોઈને પણ તે માહિતી આપવા પ્રવૃત્ત બનશે એવો હેલીનાને વિશ્વાસ હતો.

એક કલાક સુધી આ બંને સ્ત્રીઓએ આયર્ટન ઉપર પ્રભાવ પાડવા પ્રયત્ન કર્યો. એમની વચ્ચે કેવા પ્રકારના પ્રશ્નોની આપ-લે થઈ તે એમની કૅબિનની બહાર કોઈને ખબર પડવાની ન

હતી, પરંતુ બંનેનાં મોંના ભાવો ઉપરથી સૌને ખાતરી થઈ કે હેલીનાનું મિશન નિષ્ફળ ગયું હતું.

લેડી હેલીના માટે ડંકનના સૌ કર્મચારીઓમાં વિશિષ્ટ પ્રકારની લાગણી હતી. તેઓ એને એક સન્માનનીય દેવી ગણતા હતા. એવી એ દેવીને કૅપ્ટન ગ્રાન્ટ સંબંધી નિર્દોષ જણાતી માહિતી પણ નહીં આપનાર આયર્ટન માટે એમના મનમાં ભારે આક્રોશ હતો. કૅબિનમાં એને પાછો લઈ જવાયો ત્યારે સંત્રીઓએ એની સાથે ધક્કામુક્કી કરીને ગાળો દીધી. માલિકે વચ્ચે પડીને સૌને શાંત પાડ્યા. સૌને સમજાવ્યા કે એવા વર્તનથી તે સુધરવાનો ન હતો. તેને બદલે એ વધુ હઠીલો બને તેવી સંભાવના હતી.

પ્રથમ પ્રયાસ નિષ્ફળ જવાથી નિરુત્સાહી બનવાને બદલે વધુ પ્રયાસ ચાલુ જ રાખવાનું હેલીનાએ નક્કી કર્યું. બીજા દિવસે એ પોતે સામે ચાલીને ભંડકિયાની કૅબિનમાં પુરાયેલા આયર્ટનને મળવા ગઈ. બે કલાક સુધી એમની વચ્ચે ચર્ચા થઈ. ગ્લેનાર્વન પણ કેદીને ખબર નહીં પડે તે રીતે આડશમાં ઊભા રહીને બંને વચ્ચેની ચર્ચા સાંભળતા રહ્યા. એણે નક્કી કર્યા પ્રમાણે એ છેલ્લી જ તક હતી. એમાં જો કાંઈ શક્ય ન બને તો એવી માનહાનિ કરનારી સ્થિતિમાંથી હેલીનાને બહાર લાવવા માટે એનો હાથ પકડીને બહાર ઘસડી લઈ જવા સુધીની માનસિક તૈયારી તેણે કરી હતી, પરંતુ હેલીના એ કૅબિનમાંથી બહાર આવી ત્યારે એના મોં ઉપરના ભાવો ઉપરથી લાગ્યું કે બરફ થોડો પણ પીગળ્યો હતો. કર્મચારીઓમાં પણ સમાચાર પ્રસરી ગયા કે આયર્ટને આખરે હેલીના મૅડમ સમક્ષ પોતાનું મોં ખોલ્યું હતું.

'એણે કોઈ માહિતી આપી?' પોતાની કૅબિનમાં પ્રવેશ્યા બાદ ગ્લેનાર્વને અધીરાઈથી હેલીનાને પૂછ્યું,

'ના જી, એણે એવી કોઈ માહિતી આપી નથી, છતાં તમારી સાથે વધુ વાતચીત કરવા તૈયારી બતાવી છે. મને લાગે છે કે તમારી સમક્ષ એ રહસ્ય ખુલ્લું કરશે.'

'મને પણ એમ જ લાગે છે. સામે ચાલીને એ મને મળવા તૈયાર થયો છે, એ દર્શાવે છે કે એ કાંઈક કહેવા ઇચ્છે છે.' ગ્લેનાર્વન પણ આશાવાદી બન્યા. છતાં એ માટે સાવધાન રહેવાની જરૂર લાગી. એ અંગે વધારાનો પ્રશ્ન પૂછ્યો,

'એ માટે તૈયાર કરવામાં એને રાહત આપવાનું તમે એને કોઈ વચન આપ્યું છે કે જેનું મારે પાલન કરવાનું હોય?' ગ્લેનાર્વને પત્નીની થોડી ઊલટતપાસ લીધી.

'હા જી, મેં એને ફક્ત એટલું જ કહ્યું છે કે એણે કરેલા ગુનાની સજા શક્ય એટલી હળવી બનાવવા પોતે લૉર્ડ ગ્લેનાર્વનને વિનંતી કરશે, અને નિષ્ઠાપૂર્વક એઓ એ માટે પ્રયાસ કરશે.' હેલીના બોલી.

'ઠીક કર્યું તમે.' ગ્લેનાર્વને જણાવ્યું. હેલીના પોતાની કૅબિનમાં ચાલી ગઈ.

પોતે એકલા પડતાં જ આયર્ટનને એની કૅબિનમાંથી લઈ આવવા ગ્લેનાર્વને સંત્રીઓને સૂચના આપી.

૧૮

કબૂલાતનામું

લૉર્ડ ગ્લેનાર્વન જ્યાં બેઠા હતા ત્યાં આયર્ટનને લાવવામાં આવ્યો. માલિકનો ઇશારો થતાં સંત્રીઓ ત્યાંથી દૂર ખસી ગયા.

‘તેં મારી સાથે વાતો કરવાની ઇચ્છા દર્શાવી છે, ખરું ને?’ વાતની શરૂઆત ગ્લેનાર્વને જ કરી.

‘હા જી.’ અદબ વાળીને ઊભેલા આયર્ટને ટૂંકો જવાબ આપ્યો.

‘ખાનગીમાં મારા એકલાની સાથે વાત કરવી છે કે અન્ય કોઈની હાજરી હોય તેમ તું ઇચ્છે છે.’

‘એકલા તમારી સાથે વાત કરવામાં પણ ખાસ વાંધો નથી, પરંતુ મારી ઇચ્છા છે કે મેજર નેબ્સ તથા પેગેનલ આપણી ચર્ચા દરમિયાન હાજર હોય તો સારું.’

‘કોને માટે?’

‘મારા હેતુ માટે.’ પોતાના મનમાં કોઈ જ ઉચાટ ન હોય તે રીતની ઠંડક સાથે તેણે જવાબ આપ્યો. એના મનનો તાગ મેળવવા માટે ગ્લેનાર્વન એક પળ માટે આયર્ટન તરફ જોઈ રહ્યા. વિચાર કરીને તરત જ બંનેને બોલાવવા માણસ મોકલ્યો. ડંકનનૌકા ઉપરની સાવ નાની દુનિયામાં બંને સાથીઓને તરત જ હાજર થવામાં કોઈ મુશ્કેલી ન હતી. બંને તરત જ હાજર થયા અને ગ્લેનાર્વનની બાજુમાં બેઠક લીધી.

‘તારી રજૂઆત સાંભળવા અમે તૈયાર છીએ.’ આયર્ટન તરફ જોઈને બંને જણાએ પોતાની સંમતિ આપી.

‘આપ બંને મહાનુભાવોને મેં એટલા માટે અહીં હાજર રાખવાનો આગ્રહ રાખ્યો છે કે બે પક્ષકારો વચ્ચેની આ પ્રકારની સમજૂતીની કે કોઈક પ્રકારના વહેવારની વાતો થતી હોય ત્યારે ત્યાં કોઈ નજરે જોનાર તથા પોતાના કાનોથી સાંભળનાર વ્યક્તિની હાજરી જરૂરી મનાતી હોય છે. તમારી સાથેની આ વાતચીતમાં વચનોની આપ-લે થવાની શક્યતા રહેવાની છે. એમાં કોણ શું બોલ્યું અને કોણે શું સ્વીકાર્યું તે જાણનાર પ્રત્યક્ષ સાક્ષી હોય તો તે બંને માટે લાભદાયી બની શકે છે.’ આયર્ટન સ્વસ્થતાથી બોલ્યો.

કોઈ પણ જહાજનો ક્વાર્ટરમાસ્ટર એક ઉચ્ચકક્ષાનો હોદ્દેદાર ગણાતો હોય છે, પરંતુ લૉર્ડ ગ્લેનાર્વન જેવા ઉમરાવ અને ડંકન જેવી વિહારનૌકાના માલિકની સરખામણીનું એનું કોઈ વિશેષ મહત્ત્વ ગણી શકાય નહીં. એવો માણસ પોતાની સાથે કોઈ બાબત અંગે આપ-લે કરવાની વાત કરે અને તે માટે સાક્ષીને પણ હાજર રાખવાની વાત કરે તે એની ધૃષ્ટતા જ ગણાય. એવી

સ્થિતિ ગ્લેનાર્વન માટે અસહ્ય હતી. છતાં કૅપ્ટન ગ્રાન્ટની ખોજમાં એમાંની કોઈક માહિતી ઉપયોગી બની શકે તો આ સમગ્ર અભિયાનનો હેતુ પાર પડી શકવાની એને આશા હતી અને તેથી જ એવી કડવી વાત પણ એણે સ્વીકારી લીધી.

'બોલો! શું આપ-લે કરવી છે?' ગ્લેનાર્વને થોડું અક્કડ વલણ રાખીને વાત શરૂ કરી.

'હું જાણું છું કે તમે મારી પાસેથી કેટલીક હકીકતો જાણવા ઉત્સુક છો, જે તમારા હેતુ માટે ઉપયોગી બની શકે તેમ છે. સામે પક્ષે આપની પાસેથી હું પણ કેટલાક લાભ મેળવવા માગું છું. જેનું મારે મન મોટું મહત્ત્વ છે. આપવાની સામે કાંઈક લેવાની આ બાબત છે. તમે એવી સ્થિતિ સાથે સહમત છો કે નહીં તે જાણવાનું મને ગમશે.' ઊંડા આત્મવિશ્વાસ સાથે આયર્ટને પોતાની બાજી ખુલ્લી કરી.

'એવી કઈ હકીકત છે, તે મારે જાણવી જરૂરી છે.'

'અહીં આપણી વચ્ચે કોઈ હકીકતની આપ-લેની આ બાબત નથી. એને બદલે લાભની આપ-લે કહેવાનું વધુ યોગ્ય ગણાશે.' એવી સ્પષ્ટતા કરીને આયર્ટને પોતે કયો લાભ મેળવવા ઇચ્છે છે તે સ્થિતિ ખુલ્લી કરી, 'જુઓ સાહેબ, હવે હું મને લાભદાયી બની શકે તેવી સ્થિતિ જણાવીશ. હું માનું છું કે મેં કરેલા કહેવાતા ગુના માટે તમે મને બ્રિટિશ સરકારને કબજે સોંપવા ઇચ્છો છો.'

'હા આયર્ટન, દરેકને પોતાના દુષ્કૃત્યોનો જવાબ આપવાનો હોય છે. દરેકને ન્યાય મળવો જોઈએ.'

'તમારા કહેવાનો અર્થ તો એ જ થઈ શકે કે હું તમારી પાસેથી જે લાભની અપેક્ષા રાખું છું તે તમે કદી આપી શકવાના નથી.'

અઠંગ ગુનેગાર આયર્ટનના એ પ્રશ્નનો જવાબ આપતાં ગ્લેનાર્વન ખંચકાયા. એમણે વિચાર્યું કે પોતે એનો જે પણ જવાબ આપશે તેની સાથે હેરી ગ્રાન્ટનું ભવિષ્ય જોડાયેલું રહેવાનું હતું. એ સાથે બ્રિટિશ સામ્રાજ્યના એક જવાબદાર રાજનેતા તરીકે ન્યાય વ્યવસ્થા પ્રત્યેની પોતાની જવાબદારીને પણ એઓ અવગણી શકવાના ન હતા.

એવી એ બંને બાબતો વચ્ચે એણે સંતુલન જાળવવાનું હતું. એ કામ મુશ્કેલ હતું. તેમ છતાં શાસન પ્રત્યેની જવાબદારીને એમણે અધિક મહત્ત્વ આપ્યું. આયર્ટન સામે જોઈને એ બોલ્યા.

'બ્રિટિશ સામ્રાજ્યની શાસનવ્યવસ્થામાં તું મારું સ્થાન જાણે જ છે. ગુનાહિત કૃત્યો કરવાનો જેની સામે આરોપ છે, તેને મારા અંગત લાભ માટે મુક્ત કરવાનું વચન હું આપી શકીશ નહીં.'

'આપની આ માન્યતા સંબંધમાં મારે સ્પષ્ટતા કરવાની જરૂર છે. હું કહું છું કે મારા ગુનાની જવાબદારીમાંથી મને જતો કરવાની કે મને છોડી મૂકવાની માગણી મેં કરી જ નથી.' પૂરા આત્મવિશ્વાસ સાથે તેણે જણાવ્યું.

'તો પછી તું શું કરવા ઇચ્છે છે? કેવા લાભની વાત કરે છે?'

'મારા કહેવાતા ગુના માટે મને થઈ શકતી ફાંસીની સજા અને એ બાબતમાં તમે ધારી લીધું છે કે હું સંપૂર્ણપણે મુક્તિ ઇચ્છું છું, એ બે અંતિમો વચ્ચેની આ સ્થિતિ છે.'

'જરા વધારે સ્પષ્ટ બન, મિસ્ટર આયર્ટન! એ બે વચ્ચેની એવી કઈ સ્થિતિ છે, જે તારે માટે લાભદાયી બની શકે તેમ છે?'

‘પ્રશાંત મહાસાગરના કોઈ નિર્જન ટાપુ ઉપર તમારે મને છૂટો મૂકી દેવાનો છે. જીવવા માટે ખાસ જરૂરી ચીજવસ્તુઓ મને આપવાની રહેશે. એને સહારે હું મારી વ્યવસ્થા કરી લઈશ અને એવી સ્થિતિમાં જો હું જીવતો રહ્યો, તો મારાં કૃત્યો બદલ હું પ્રાયશ્ચિત્ત કરતો રહીશ.’

આયર્ટને કુનેહપૂર્વક પોતાની અડધી બાજી ખુલ્લી કરી. બાકીની અડધી બાજી ગ્લેનાર્વનની માગણી સંબંધમાં હતી.

આયર્ટનની એવી અનપેક્ષિત માગણીથી ગ્સેનાર્વન વિચાર કરતા થઈ ગયા. કાંઈક અસમંજસતા સાથે એમણે પોતાના મિત્રો તરફ જોયું. તેઓને પણ આવી માગણીની અપેક્ષા ન હતી. થોડી વાર વિચાર કરીને ગ્લેનાર્વન બોલ્યા,

‘આયર્ટન, તારી માગણી મને મંજૂર છે. એના બદલામાં તારે કૅપ્ટન હેરી ગ્રાન્ટ અને તેના બ્રિટાનિયા જહાજ સંબંધી તમામ હકીકતો મને જણાવવાની રહશે, જે હું જાણવા ઇચ્છું છું.’

‘હા જી, ગ્લેનાર્વન મહાશય! તમારી માગણી મને પણ મંજૂર છે. કૅપ્ટન ગ્રાન્ટ અને તેના બ્રિટાનિયા જહાજ વિશે હું જેટલું જાણું છું, તે બધું જ હું તમને જણાવીશ.’

‘તારે પક્ષે દિલચોરીની કોઈ પણ સ્થિતિ મને સ્વીકાર્ય નહીં બને. તારે એ સંબંધમાં પૂરેપૂરી અને સાચી હકીકતો જણાવવાની રહેશે.’

‘હા જી, મારા સાહેબ! હું જેટલું જાણું છું તેટલું બધું જ હું તમને જણાવીશ. એમાં કોઇ દિલચોરી નહીં કરું.’ એના આ વક્તવ્ય દરમિયાન આયર્ટન, ‘હું જેટલું જાણું છું તે બધું જ’ એવા શબ્દ ઉપર ખાસ ભાર મૂકીને બોલતો હતો.

‘તું જે હકીકતો અમને જણાવશે તે બધી સાચી જ હશે તેની શું ખાતરી?’ આ ચાલક રીઢા ગુનેગાર સામે ગ્લેનાર્વને પણ પોતાની બાજી સંભાળથી રમવા માંડી.

‘મારી માગણી સંબંધે તમે ચોક્કસ કયા મુદ્દા પરત્વે અસ્વસ્થ છો તેનો મને ખ્યાલ છે. તમને મારી વાતોની સચ્ચાઈની ખાતરી જોઈએ છે. હું કહીશ કે હું એક રીઢો ગુનેગાર છું એવું ચિત્ર તમારા મગજમાં છે. એની વાતો ઉપર કેટલો વિશ્વાસ કરવો તે તમારે નક્કી કરવાનું છે. એનો કોઈ વિકલ્પ નથી. આ બાબતમાં હું એટલું જ કહીશ કે કાં તો તમે મારો પ્રસ્તાવ સ્વીકારો અથવા તો એનો અસ્વીકાર કરો, એમાં ત્રીજા કોઈ વિકલ્પ માટે અવકાશ જ નથી.’ એટલું બોલતાં આયર્ટનના મોં ઉપર એક પ્રકારની સ્ફૂર્તિ આવી ગઈ. તે પૂરા આત્મવિશ્વાસ સાથે બોલતો હતો, એવો સામા પક્ષને ખ્યાલ આવ્યો.

‘આયર્ટન! તો સાંભળી લે. તેં જણાવેલી હકીકતો ઉપર હું જરૂરથી વિશ્વાસ કરીશ.’ ગ્લેનાર્વને વિચાર કરીને જવાબ આપ્યો.

‘તમે મારી વાતો ઉપર વિશ્વાસ કરશો તે જાણીને મને આનંદ થયો. તેમ છતાં તમને લાગે કે મેં તમને છેતર્યા છે, તો મારાં એવાં જુઠાણાં માટે બદલો લેવાનું તમારા હાથમાં જ છે.’

‘એ કેવી રીતે શક્ય બની શકે છે?’

‘સાવ સહેલું છે. જે ટાપુ ઉપર મને છૂટો મૂકશો ત્યાં આવીને તમે મારી ફરીથી ધરપકડ કરી શકશો. તળભૂમિથી હજારો માઈલ દૂરના એવા ટાપુ ઉપર હું હોઉં, ત્યાંથી ભાગી છૂટવાનું મારે માટે શક્ય નહીં જ હોય.’

ચાલાક આયર્ટન પાસે ગ્લેનાર્વનની દરેક શંકાના જવાબ હતા. એની વાતો ઉપરથી સૌને લાગ્યું કે આ પ્રકારની સમજૂતી પ્રત્યે તે ખરેખર ગંભીર હતો. એને પક્ષે શુભનિષ્ઠા દેખાતી હતી. એણે પોતાની રજૂઆતને આગળ ચલાવી.

‘આપ સાહેબોને હું ગંભીરતાપૂર્વક ખાતરી આપું છું કે મેં મારી બાજી ખુલ્લી કરી દીધી છે. એ બાબતમાં તમને છેતરવાનો મારો કોઈ જ ઇરાદો નથી. આ સમજૂતી પ્રત્યે હું ગંભીર છું અને મારે પક્ષે રહેલી સચ્ચાઈનો હું પુરાવો આપી શકીશ. આપ સૌ સજ્જન માણસો છો. મને તમારી એવી સજ્જનતામાં વિશ્વાસ છે.’

‘તો હવે વાત આગળ ચલાવ. એ બાબતમાં તું જે જાણે છે, તે કહેવાની શરૂઆત કર. અમે સાંભળવા તૈયાર છીએ.’

‘આપ સાહેબની માગણી પ્રમાણે કૅપ્ટન હેરી ગ્રાન્ટ અંગેની વાત આપને જણાવું તે પૂર્વે એક-બે બાબતની આપની સાથે સ્પષ્ટતા કરી લેવા ઇચ્છું છું. મેં રજૂ કરેલા પ્રસ્તાવ પ્રમાણે આપ મારી માગણીનું પાલન કરશો જ એવું ઠોસ વચન તમે મને આપ્યું નથી. બીજી પણ એક બાબત અંગે હું તમને અંધારામાં રાખવા માગતો નથી. તે એ કે કૅપ્ટન ગ્રાન્ટ અને તેની હાલની સ્થિતિ અંગે હું બહુ જ ઓછું જાણું છું.’

‘ઘણું ઓછું એટલે? ગ્લેનાર્વને આશ્ચર્ય વ્યક્ત કર્યું.

‘હા જી, સાહેબ! જે વિગતો હું તમને આપવાનો છું, તે મોટે ભાગે મારી બાબતમાં જ છે. એ કેવળ મારી નીજી જિંદગી અંગેની છે. હું પ્રમાણિકપણે માનું છું કે કૅપ્ટનને શોધવામાં એ હકીકતો તમને બહુ મદદરૂપ બની શકશે નહીં.’

આયર્ટનની આવી સ્પષ્ટ વાત સાંભળી ગ્લેનાર્વન તથા એની બાજુમાં બેઠેલા મેજર નેબ્સના મોં આઘાતથી ખુલ્લાં થઈ ગયાં. એમણે તો માન્યું હતું કે કૅપ્ટન ગ્રાન્ટના જહાજ ઉપર જ ક્વાર્ટરમાસ્ટર તરીકેની ફરજ બજાવનાર એ માણસ તેને અંગેની ઘણી માહિતી આપશે અને એવી માહિતીને આધારે હવે પછી ગ્રાન્ટની ખોજ એમને માટે આસાન બની જશે.

એ દરમિયાન પેગેનલ શાંત જ બેઠો હતો. એ તો પહેલેથી જ કૅપ્ટન ગ્રાન્ટ અને તેના બ્રિટાનિયા જહાજના અસ્તિત્વ બાબત સ્પષ્ટ હતો. બંનેને એણે હંમેશને માટે લખી વાળ્યાં હતાં. એ કારણે આયર્ટનની નિખાલસ વાતમાં એને કાંઈ જ નવું લાગ્યું ન હતું. આયર્ટને આગળ બોલતાં વધુ સ્પષ્ટતા કરી.

‘હું તો મારી બાબતમાં ખૂબ જ સ્પષ્ટ છું. તમે મારો આ પ્રસ્તાવ સ્વીકારશો તો તમારા કરતાં એ સોદો મારા લાભમાં વધુ હશે.’

આયર્ટનની આટલી સ્પષ્ટતા પછી ગ્લેનાર્વનના મનમાં એની નિષ્ઠા વિશે હવે જરાય શંકા રહી ન હતી. તે બોલ્યા,

‘જુઓ આયર્ટન, આપણી વચ્ચેનો આ સોદો તમને વધુ લાભ કરનારો હશે, તેનું મારે મન ખાસ મહત્ત્વ નથી. તમારી સ્પષ્ટતા છતાં હું તમારો પ્રસ્તાવ સ્વીકારું છું. પ્રશાંત સાગરના કોઈ નિર્જન ટાપુ ઉપર ખાસ જરૂરિયાતની વસ્તુઓ સાથે તમને છૂટા મૂકી દેવાની તમારી શરત હું માન્ય રાખું છું. અને તે પ્રમાણે જ કરવાની હું ખાતરી આપું છું.’

‘મારી માગણીનો તમારા તરફની ખાતરી સાથે સ્વીકાર કરવા માટે તમારો આભારી છું.’

ગ્લેનાર્વન અને તેના બંને સાથીઓ આ માણસના મોં ઉપરના ભાવો વાંચી રહ્યા. આ પ્રકારના સોદાથી એ ખુશ હતો કે નાખુશ હતો તે સ્પષ્ટ રીતે દર્શાવી શકે એવા કોઈ જ ભાવ એના ચહેરા ઉપર દેખાયા નહીં.

‘તમારા તરફના સ્વીકાર બાદ હવે મારે મારી શરતનું પાલન કરવાનું છે. આપ સૌ તૈયાર હોય તો મારે જે કહેવાનું છે તે હું શરૂ કરીશ.’

‘અમારે હવે પછી તને કોઈ પ્રશ્ન કરવાનો રહેતો નથી. તું જે જાણે છે તે માહિતી અત્યારે તારે આપવાની છે.’

‘સાહેબો,’ બોલીને આયર્ટને પોતાની જાણ પ્રમાણેની માહિતી આપવાની શરૂઆત કરી.

‘હું બ્રિટાનિયા જહાજનો ક્વાર્ટરમાસ્ટર ટોમ આયર્ટન જ છું. એ જહાજને લઈને મારા કૅપ્ટન હેરી ગ્રાન્ટ સાથે અમે ૧૨મી માર્ચ, ૧૮૬૧ના રોજે ગ્લાસગો બંદરેથી નીકળ્યા હતા. એમની કલ્પના પ્રમાણેના નવા સ્કોટલૅન્ડ માટેના અનુકૂળ પ્રદેશ કે ટાપુની ખોજ અમે ચાર માસ સુધી પ્રશાંત મહાસાગરમાં ચાલુ રાખી હતી. કૅપ્ટન પોતે ધ્યેયનિષ્ઠ અને કર્મઠ હતા. નવી નવી યોજનાઓ વિચારવી અને તેને કાર્યાન્વિત કરવા માટે તેમાં સતત મંડેલા રહેવાનું જ એમનું એકમાત્ર ધ્યેય હતું. તેમ છતાં અમારી વચ્ચે નાની-મોટી બાબતો અંગે સતત મતભેદો ઊભા થતા હતા. અમારા બંનેના સ્વભાવ એક બીજાથી સાવ ભિન્ન હતા. મને કોઈ પણ બાબતમાં નમતું મૂકવાનું ફાવતું ન હતું. મારી એવી હઠીલાઈને કારણે ઘણી વાર હું ભૂલી જતો કે હેરી ગ્રાન્ટ એ જહાજનો માલિક હતો, તેમ જ કૅપ્ટન પણ હતો અને હું એના જહાજમાંનો એક કર્મચારી માત્ર હતો. એણે પોતે લીધેલા નિર્ણયના પાલનના એ સખત આગ્રહી હતા. શિસ્તપાલનનો એનો આગ્રહ આત્યંતિક હતો.’

‘એનું પરિણામ જે આવવું જોઈએ તે જ આવ્યું. આખરે મેં એમની સામે બળવો પોકાર્યો. એના કેટલાક સાથીઓને પણ એની વિરુદ્ધ બળવો કરવા ઉશ્કેર્યા. છેલ્લે તો એના જહાજને મારા કબજામાં લેવાનો પણ મેં પ્લાન ઘડ્યો હતો, પરંતુ એમાં હું સફળ થયો નહીં. હેરી મારી એવી હરકતોને હવે સહન કરે તે શક્ય ન હતું. આખરે આઠમી એપ્રિલ, ૧૮૬૨ના રોજ ઑસ્ટ્રેલિયાને પશ્ચિમકાંઠે પર્થ બંદરથી માત્ર ૪૦ માઈલ દૂરના અંતરે મને નીચે ઉતારી દીધો અને એ આગળ નીકળી ગયા.’

‘તને ઑસ્ટ્રેલિયાને કાંઠે ઉતાર્યો હતો?’ આશ્ચર્ય સાથે મેજર નેબ્સે એને વચ્ચે અટકાવીને પૂછ્યું,

‘એનો અર્થ એ થયો કે દક્ષિણ અમેરિકાના ચીલી દેશના કલાઓ બંદરે હેરી પહોંચ્યો ત્યારે તું એના જહાજમાં ન હતો? હેરી ગ્રાન્ટનો છેલ્લો અધિકૃત સંદેશો એ બંદરેથી જ આવ્યો હતો.’

‘તમારી વાત સાચી છે. હું જહાજમાં હતો ત્યાં સુધી બ્રિટાનિયા કલાઓ બંદરે પહોંચ્યું જ ન હતું. એવી સ્થિતિ હોવાને કારણે પેડી ઓ’મૂરના ફાર્મ ઉપર મેં મારી ઓળખાણ આપી ત્યારે ખરેખર તો બ્રિટાનિયા જહાજની આગળની ગતિવિધિ અંગે મને કાંઈ જ માહિતી ન હતી, પરંતુ ત્યાં તમે જે વાતો ખુલ્લી કરી હતી, તેમાંથી જ મને એ બાબતની જાણકારી થઈ હતી.’

‘પશ્ચિમ ઑસ્ટ્રેલિયામાં જે સ્થળે મને ઉતારવામાં આવ્યો હતો, તે ગરમ રણનો પ્રદેશ હતો. એની નજીકમાં જ ઑસ્ટ્રેલિયાની સેન્ટ્રલ જેલ હતી. તેમાં ખૂંખાર ગુનેગારોને રાખવામાં આવતા હતા. એના કાંઠા ઉપર એકલો અટૂલો હું રઝળતો હતો ત્યારે જેલમાંથી ભાગી છૂટેલા કેટલાક કેદીઓનો મને ભેટો થયો. ‘ત્યાર બાદનાં અઢી વરસ સુધી ગુનેગારોની એ ટોળી સાથે મળીને લૂંટફાટ અને નાની-મોટી ચોરીઓ કરીને અમે ગુજરાન ચલાવતા હતા. ધીમેધીમે એ ટોળીનો હું સરદાર બની ગયો અને બેન જોઇસ જેવું બનાવટી નામ ધારણ કર્યું. ગુનાહિત ધંધાની એવી જ રખડપટ્ટી દરમિયાન પર્થથી સીડની સુધીની ઑસ્ટ્રેલિયા સોંસરવી રેલ ગાડીમાં મુસાફરી કરતાં અમે દક્ષિણ ઑસ્ટ્રેલિયા પહોંચી ગયા હતા. તેમાં સપ્ટેમ્બર ૧૮૬૪માં સંજોગવશાત્ હું

એકલો પેડી ઓ'મૂરના ફાર્મ ઉપર પહોંચી ગયો. તેને ફાર્મ અને ફાર્મહાઉસમાં કામ કરી શકે તેવા નોકરની જરૂર હતી. એ ભલા ખેડૂત-કુટુંબે મારા ઉપર વિશ્વાસ મૂક્યો, પરંતુ એમનું એ સુવિકસિત ફાર્મ જોઈને મારી દાઢ સળકી હતી. ભવિષ્યમાં કોઈ તક મળે આખું ફાર્મ જ પડાવી લેવાના છૂપા વિચાર સાથે હું ત્યાં નોકરીએ વળગ્યો.'

'ફાર્મની નજીકમાં જ કેપ બનોર્લીનો દરિયાકાંઠો હતો. એક જહાજી તરીકેના મારા અનુભવને કારણે એ તરફ પણ મારી નજર રહી હતી. નસીબ જોર કરે અને કોઈ જહાજ એ તરફ આવી ચડે તો તેમાં નોકરી મેળવવાનો વિકલ્પ પણ મેં ખુલ્લો રાખ્યો હતો. માત્ર બે માસ બાદ મારા નસીબે જોર કર્યું અને તમે લોકો ડંકન જેવી અદ્યતન અને શક્તિશાળી વિહારનૌકાને લઈને ત્યાં આવ્યા.

'પેડી ઓ'મૂરના ફાર્મહાઉસમાં ભોજન લેતી વખતે તમે કૅપ્ટન ગ્રાન્ટ અને બ્રિટાનિયાને નડેલી દુર્ઘટનાની જે વાત કરી હતી, તે મારે માટે નવી જ હતી. કેમ કે બે વર્ષ અગાઉ એ જહાજ છોડ્યા પછી એને વિશે માહિતી મેળવવાનું મારે માટે શક્ય જ ન હતું, પરંતુ તમારી વાત સાંભળીને મેં તરત જ મારી વાત જોડી દીધી અને મારી વાત નહીં માનવા તમારી પાસે કોઈ કારણ પણ ન હતું.

'તમારા મહેમાન તરીકે નૌકા જોવા આવેલા ઓ'મૂરના કુટુંબ સાથે હું પણ ત્યાં આવ્યો હતો. તમે સામે ચાલીને ડંકનનૌકાની ખાસ ખૂબીઓ મને બતાવી હતી અને મેં પણ એક જહાજી તરીકે ડંકનને બરાબર જોઈ હતી ત્યારે જ મેં મનોમન પ્લાન બનાવ્યો હતો. કોઈ પણ રીતે ડંકનનૌકા હાથમાં આવે તો પ્રશાંત મહાસાગરના જળવિસ્તારમાં હું જ સર્વેસર્વા બની શકું તેમ મને લાગ્યું હતું. બ્રિટિશ નૌકાદળની સૌથી ઝડપી મનવારો કરતાં પણ વધુ ઝડપી અને શક્તિશાળી જળયાન મારા કબજામાં લેવા મેં ત્યારે જ નિર્ણય લીધો હતો, પરંતુ ડંકનમાં સમારકામ જરૂરી હતું, એટલે યોગ્ય તકની રાહ જોવા હું જમીન ઉપરના તમારા અભિયાનમાં ગાઇડ તરીકે જોડાયો.

'ત્યાર બાદ મારી ટોળીના માણસોએ કામડેન બ્રિજનો રેલવે અકસ્માત કરાવ્યો હતો, પરંતુ એ એક મૂર્ખામી હતી. એમાં હાથમાં કાંઈ જ આવ્યું ન હતું. વધારામાં બેન જોઇસની લૂંટારુ ટોળીની ત્યાંની હાજરી પોલીસના ધ્યાનમાં આવી હતી.

'મેલબૉર્ન બંદરે સમારકામ માટે ગયેલી ડંકનનૌકાનું એ કામ પૂરું થાય ત્યાં સુધી મારે તમને સ્નોઈ રિવરના કળણમાં ખૂંપેલા રાખવાના હતા. એ હેતુથી જ તમારા કાફલાને લઈ જતાં પ્રાણીઓનાં મોત સ્થાનિક વનસ્પતિના ઝેરના ઉપયોગથી મેં જ નીપજાવ્યાં હતાં. વાહન અને પ્રાણીઓ વિના તમે ત્યાં જ ફસાઈ જાવ, ત્યાર પછી મેલબૉર્ન જઈને ડંકનની મદદ લેવા જવાનું સૂચન મેં કર્યું હતું, પરંતુ મેજર મહાશયની ચકોર નજરને કારણે હું ખુલ્લો પડી ગયો અને મારે ભાગી છૂટવું પડ્યું. તે મારી કમનસીબી હતી. તેમ છતાં રાતના અંધારામાં મૂલરેડી ઉપર હુમલો કરીને મેં તમારો પત્ર ઝૂંટવી લીધો હતો. એ સીલબંધ પત્રમાં ટુ-ફોલ્ડ બેના ઇડન બંદર નજીક જવાનું જ લખ્યું હશે એની મને પાકી ખાતરી હતી, પરંતુ પેગેનલસાહેબે ભૂલથી એ સ્થળને બદલે ન્યૂઝીલૅન્ડના પૂર્વકાંઠો લખ્યું હતું અને ડંકનને કબજે લઈ ટુ-ફોલ્ડ બેના સ્થળેથી મારા સાથીઓને પણ ડંકન ઉપર લેવાનો મારો પ્લાન ચોપટ થઈ ગયો. ડંકનના માલિક બનવાને બદલે અત્યારે હું એમાં કેદી બની ગયો છું.'

'મેં તમને જણાવેલી હકીકતોમાં તમારી વિરુદ્ધ મેં કરેલાં દુષ્કૃત્યો પણ જણાવ્યાં છે. એ

માટે કાયદાની કોર્ટમાં કોઈ નિર્જન ટાપુ ઉપર છૂટો મૂકી દેવાનું તમે મને જે વચન આપ્યું છે, તેથી નિર્ભય બનીને એ તમામ હકીકત તમારી સમક્ષ હું ખુલ્લી કરી શક્યો છું.'

'મેં તમને સાચું જ જણાવ્યું છે કે ઑસ્ટ્રેલિયાને પશ્ચિમકાંઠે કૅપ્ટન ગ્રાન્ટે મને છોડી દીધો ત્યાર બાદ તે ક્યાં ગયો અને તેનું શું થયું તે અંગે મને કોઈ જ માહિતી નથી. મને અફસોસ છે કે તમારી પાસેથી મોટી રાહત મેં મેળવી હોવા છતાં, તમારું મિશન સફળ થાય તેવું હું કાંઈ જ જણાવી શક્યો નથી. આપણી વચ્ચે આ સમજૂતી થઈ તેમાં મેં સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે એ શરતો તમારા કરતાં મારા લાભમાં વધુ હતી. એ માટેનું કારણ તમારી સામે જ છે.'

આયર્ટને સ્વમુખે વર્ણવેલી કથા પૂરી થઈ. અદબ વાળીને સ્વસ્થ રીતે તે ત્યાં ઊભો જ હતો. એની સામે બેઠેલા ત્રણે જણા વિચારમગ્ન બનીને ક્યાંય સુધી ત્યાં બેઠા જ રહ્યા. એમને ખાતરી થઈ હતી કે આયર્ટન સાચું જ બોલ્યો હતો. ડંકન પોતાને કબજે લેવાનો એના પ્લાન એના કાબૂ બહારનાં કારણોને લીધે વિફળ બન્યો હતો. એના સાગરિતો સાથે એણે કરેલી ગોઠવણ પ્રમાણે તેઓ ટુ-ફોલ્ડ બેના દરિયાકાંઠે આવ્યા હતા. પોતાના સરદારની રાહ જોતા ત્યાં રોકાયા હતા. ગ્લેનાર્વને પેલું તાપણું તથા પર્થની જેલના માર્કાવાળું શર્ટ જોયું હતું. તે ઉપરથી જ તેણે માની લીધું હતું કે તેઓ ડંકનનૌકા ઉપર સવાર થઈ ગયા હતા. જ્યારે આયર્ટનની રજૂઆત પ્રમાણે તો એવા નિર્ધારીત સ્થળે તે જઈ શક્યો ન હતો. એવી સ્થિતિમાં એ સાગરિતો રાહ જોઈને પાછા પોતાના ધંધે વળગી ગયા હતા.

કેટલાક વધારાના પ્રશ્નો પૂછીને મેજર નેબ્સે ખાતરી કરી લીધી કે એણે જણાવેલી તારીખોનો તાળો મળી રહેતો હતો. ગ્રાન્ટના નષ્ટપ્રાય પત્રમાં ૨૭મી જૂનની તારીખે દુર્ઘટના થઈ હોવાનો જે ઉલ્લેખ હતો તે વાત પણ સાચી ઠરતી હતી. જોકે આયર્ટનને એ અંગે કોઈ જાતમાહિતી ન હતી.

વાતનું સમાપન કરતાં ગ્લેનાર્વને આખરે જણાવ્યું,

'મિસ્ટર આયર્ટન! તેં મારું વચન પાળ્યું છે. અમને વિશ્વાસ બેઠો છે કે તેં રજૂ કરેલી માહિતી સાચી જ હતી. હવે મેં આપેલા વચનનું પાલન કરવાનું બાકી છે. એ બાબતમાં તું અમારી ઉપર ભરોસો રાખી શકે છે. હું એ વચન જરૂરથી પાળીશ. તેં વ્યક્ત કરેલી ઇચ્છા પ્રમાણે પ્રશાંત મહાસાગરના કોઈ નિર્જન ટાપુ ઉપર તને ઉતારવામાં આવશે. તે અંગે તને અમે આગળથી જણાવીશું.'

'તમે મને ક્યાં ઉતારશો તેનું મારે મન ઝાઝું મહત્ત્વ નથી.' ગ્લેનાર્વન પોતે આપેલા વચન પ્રમાણે એને મુક્ત કરશે એવી ખાતરીના પુનરુચ્ચારણથી આયર્ટનને સંતોષ થયો.

'હવે તું જઈ શકે છે. તારી મુક્તિ માટેની જરૂરી વ્યવસ્થા થયેથી તને જણાવવામાં આવશે.'

બે સંત્રીઓ આયર્ટનને ત્યાંથી લઈ ગયા. થોડી વારના મૌન પછી મેજર નેબ્સે મોં ખોલ્યું.

'ખલનાયાક હોવા છતાં એનામાં માણસપણું બચ્યું લાગે છે.'

'સાચી વાત છે. મને પણ એમ જ લાગે છે. મજબૂત બાંધાનો એ માણસ મનનો પણ એટલો જ મજબૂત છે. પોતાના વિચારો બાબતમાં એ ખૂબ જ સ્પષ્ટ છે. આટલો બુદ્ધિશાળી માણસ છતાં એ ખોટે માર્ગે ચડી ગયો એનું મને દુઃખ છે.'

'તો હવે કૅપ્ટન ગ્રાન્ટ બાબતમાં શું કરવાનું છે?'

'મારું માનવું છે કે હવે એ હયાત હોવાની શક્યતા નહીંવત્ છે. બિચારી મૅરી ગ્રાન્ટ અને

એનો ભાઈ રૉબર્ટ ગ્રાન્ટ. એમને હવે કેવી રીતે આશ્વાસન આપી શકીશું? એવી અપ્રિય માહિતી એમને કોણ અને કેવી રીતે આપી શકશે તે પ્રશ્ન મોટો છે.'

'હું એમને સમજાવીશ.' અત્યાર સુધી શાંતિથી વાતો સાંભળી રહેલા પેગેનલે હળવેથી પોતાનું મોં ખોલ્યું, 'એ બંનેના પિતા ક્યાં છે તે હું જાણું છું અને તે એ બંનેને હું જણાવીશ.'

'ખરેખર! મિસ્ટર પેગેનલ, રહી રહીને છેલ્લે જ્યારે આપણે વળતી મુસાફરીની તૈયારી કરી રહ્યા છીએ ત્યારે એ વિગત તમે ક્યાંથી મેળવી?'

'પેલા ત્રાસદાયક પત્રોમાંથી જ તો.'

કૅપ્ટન હેરી ગ્રાન્ટે લખેલા અને નષ્ટપ્રાય થયેલા પત્રોની વાત પેગેનસે ફરીથી જીવતી કરી.

એ પત્રોના તૂટક શબ્દોમાં આગળ-પાછળ અક્ષરો ઉમેરીને અગાઉ બે વાર જુદાં જુદાં અર્થઘટનો થયાં હતાં અને તે પ્રમાણે મુસાફરી આગળ વધારવામાં સૌને ભારે તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. એવા કડવા અનુભવો પછી પણ પેગેનલ હવે નવા જ અર્થઘટનની વાત કરતો હતો. મેજર નેબ્સે એને રમૂજી ટૂચકા જેવી વાત ગણાવી. શરૂમાં એણે ઠેકડી જ ઉડાવી, પરંતુ પેગેનલ પોતાના મુદ્દામાં સ્પષ્ટ હતો, ચોક્કસ પણ હતો. એણે નેબ્સને જણાવ્યું કે આ નવા અર્થઘટન અંગેના કારણો જાણ્યાં પછી જ તેના ઉપર ટીકાટિપ્પણ કરવી.

'તમને એ માટે આટલો બધો વિશ્વાસ હતો, તમે બે માસ સુધી મૂંગા શા માટે બેઠા રહ્યા એનો તમે ખુલાસો કરી શકશો?'

'મારા આ નવા અર્થઘટન અંગે મને ચોક્કસ ખાતરી નહીં થાય ત્યાં સુધી મૌન જ રહેવાનું મેં નક્કી કર્યું હતું. હવે જ્યારે આયર્ટને કહેલી વાતો આપણે સાંભળી ત્યારે તેને આધારે મને મારી માન્યતાને ટેકો મળ્યો છે. એની વાતોમાં ગ્રાન્ટ સાથે ઘણો ઓછો સંદર્ભ હતો. સ્નોઈ રિવરને કાંઠે ટૉમ ઓસ્ટીન ઉપરનો પત્ર તમે મને લખાવ્યો ત્યારે તમે તો ઑસ્ટ્રેલિયાને પૂર્વકાંઠે જ શબ્દ બોલ્યા હતા, પરંતુ મારાથી ન્યૂઝીલૅન્ડ શબ્દો લખાયા હતા. એ એક ભૂલ હતી, છતાં એને કારણે પ્રથમ આપણી ડંકનનો અને ત્યાર બાદ અહીં આપણો બચાવ થયો છે. એ પૈકીનો બીજો બનાવ ચોક્કસ ચમત્કાર જ ગણી શકાય, પરંતુ પ્રથમ માટે મારે પક્ષે ચોક્કસ કારણ હતું. તમે પત્ર લખાવ્યો ત્યારે આયર્ટનની છેતરપિંડીથી આપણે સૌ ક્ષુબ્ધ હતા. બરાબર એ જ સમયે ઑસ્ટ્રેલિયન ઍન્ડ ન્યૂઝીલૅન્ડ ગેઝેટવાળું ન્યૂઝપેપર ઘડી વાળેલી સ્થિતિમાં ત્યાં નીચે પડ્યું હતું અને તેમાં ન્યૂઝીલૅન્ડ શબ્દની અંગ્રેજી જોડણી પ્રમાણેનો અલૅન્ડ (aland) શબ્દો જ મારી નજરે પડ્યા હતા અને જોગાનુજોગ ન્યૂઝલૅન્ડ પણ ૩૭°૧૧" અક્ષાંશ ઉપર જ આવતું હતું. તમને ખ્યાલ હોય તો 'અલૅન્ડ', 'અલૅન્ડ' જેવા શબ્દો મારા મોંમાંથી વારંવાર નીકળ્યા હતા. પત્રમાં માત્ર અલૅન્ડ શબ્દ અધૂરો હતો. એની આગળના ન્યૂઝી-New Ze અક્ષરો નષ્ટ થયા હતા. આમ aland અક્ષરોની આગળ New Ze અક્ષરો મૂકો તો તેમાં ન્યૂઝીલૅન્ડ શબ્દ સ્પષ્ટ રીતે બની શકતો હતો. ન્યૂઝીલૅન્ડનો ઉત્તરનો ઓકલૅન્ડવાળો ટાપુ પણ ૩૭°૧૧″ અક્ષાંશ ઉપર આવતો હોવાથી એ શબ્દ વધુ પ્રસ્તુત હતો, એમ મને લાગ્યું હતું. એ ઉપરાંત ક્રૂર આદિવાસીઓનો ઉલ્લેખ પણ પ્રસ્તુત ગણી શકાય. આપણને ન્યૂઝીલૅન્ડના આદિવાસી એવા માઓરીઓનો ભયાનક અને જુગુપ્સાપ્રેરક અનુભવ થઈ ચૂક્યો છે. ત્યારે ખાતરીપૂર્વક કહી શકાય કે છેલ્લો ઉલ્લેખ ન્યૂઝીલૅન્ડ માટે જ હતો. માઓરીઓના હાથમાંથી આપણે જીવતા છટકી શક્યા, તેને હું ચમત્કાર જ ગણું છું, પરંતુ આ વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત બનેલા બ્રિટાનિયા જહાજના કૅપ્ટન ગ્રાન્ટ વગેરે આપણા જેટલા ભાગ્યશાળી હોવાની શક્યતા નથી. એમાં બે જ

શક્યતા હતી. જો તેઓ કોઈ ખ્રિસ્તી મિશન સુધી પહોંચી શક્યા હોત, તો તેમની મદદથી ઘણા સમય પહેલાં સ્વદેશ આવી શક્યા હોત, પરંતુ તેમ થયું નથી. આપણે આ બીજી શક્યતા માનવી જ રહી કે તેઓ આ માઓરીઓના હાથે જ માર્યા ગયા હોય.

કૅપ્ટન ગ્રાન્ટના પત્રોમાંના ખંડિત શબ્દો અને તૂટક અક્ષરોને આધારે થયેલું આ ત્રીજું અર્થઘટન ત્રણે જણાને વાસ્તવિક અને યથાર્થ લાગ્યું. જેની ખોજ માટે સૌ નીકળ્યા હતા તે વ્યક્તિ જ હયાત નહીં હોય તો સ્વદેશ પાછા વળવાનો એકમાત્ર વિકલ્પ સૌની સામે રહેતો હતો.

'આ બાબતમાં હવે મારી તમને બંનેને એક ખાસ વિનંતી છે.' મેજર નેબ્સ અને પેગેનલના હાથ પકડીને લૉર્ડ ગ્લેનાર્વન બોલ્યા, 'છેલ્લા અર્થઘટન પ્રમાણેનો આ નિષ્કર્ષ હાલ તુરત આપણા ત્રણ પૂરતો જ મર્યાદિત રાખવાનો છે. ગ્રાન્ટના બંને બાળકોને આ વાસ્તવિકતા યોગ્ય સમયે જ જણાવવાની છે. એવો સમય આવ્યે હું તમને જણાવીશ. હમણાં તો આયર્ટનને મુક્ત કરી શકાય તેવા નિર્જન ટાપુની આપણે ખોજ કરવાની છે અને એ માટે દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં આવેલા સંખ્યાબંધ ટાપુઓની આપણે મુલાકાત લેવી પડવાની છે. કૅપ્ટન ગ્રાન્ટના બંને બાળકો તથા આપણા સૌનાં મગજ એમાં જ આપણે રોકેલાં રાખવાનાં છે.'

૧૯

મધ્યરાત્રિનો મિલાપ

આયર્ટન સાથેની વાતચીત ઉપર સૌની મીટ હતી. સૌને આશા હતી કે એણે આપેલી માહિતીને આધારે કૅપ્ટન ગ્રાન્ટ સુધી પહોંચી શકાશે, પરંતુ જ્યારે ખબર પડી કે તેણે આપેલી માહિતીમાં કૅપ્ટન ગ્રાન્ટના હાલના ઠામઠેકાણા અંગેની કોઈ જ ઠોસ કડી ન હતી, ત્યારે સૌને ભારે નિરાશા થઈ.

એ દરમિયાન ડંકનનૌકાની પૂર્વ દિશા તરફની મુસાફરી ચાલુ જ રહી. ન્યૂઝીલૅન્ડના અહીંના ઉત્તરના ટાપુની પૂર્વમાં વાયા પ્રશાંત મહાસાગર તેમણે ચીલીના તાકાહુનાના અખાતમાં આવેલા કલાઓ બંદરે પહોંચવાનું હતું. આ બંને છેડાઓ અને તેને સાંકળતા વચ્ચેનો જળમાર્ગ ૩૭°૧૧″ દક્ષિણ અક્ષાંશ ઉપર જ આવેલો હતો. એ માર્ગની આજુબાજુના વિસ્તારોમાં આયર્ટનને ઉતારવા માટેનો કોઈ નિર્જન ટાપુ તેમણે શોધવાનો હતો.

એ સંબંધમાં જ્હૉન મેંગલ્સ અને પેગેનલ વચ્ચે વિસ્તૃત ચર્ચા થઈ. હાથ ઉપરના નકશાઓ નવેસરથી તપાસ્યા. ઝીણવટભર્યા અભ્યાસ બાદ એમને જણાયું કે ન્યૂઝીલૅન્ડથી પૂર્વમાં લગભગ ૧૫૦૦ માઈલે મારિયાં થેરેસા નામનો સાવ નાનો એક ટાપુ હતો. પેગેનલના જણાવ્યા પ્રમાણે જ્વાળામુખીને કારણે બનેલો નાનો ટાપુ અવારનવાર પાણીમાં ડૂબી જતો હતો. ચીલીનું કલાઓ બંદર ત્યાંથી ૩૫૦૦ માઈલ દૂર હતું. એની ઉત્તરમાં ફ્રાન્સના તાબાનો પોમોટો દ્વીપસમૂહ તથા દક્ષિણે એન્ટાર્ટીકા ખંડની હિમાચ્છાદિત મરુભૂમિ હતી. કોઈ પણ જાતના મહત્ત્વ વિનાનો અને અસ્થિર મનાતો આ ટાપુ જાણીતા વેપારી જળમાર્ગોથી ઘણો દૂર હતો. સંજોગવશાત ભુલાવામાં પડેલા કે પછી તોફાનમાં સપડાયેલા જળયાન સિવાય આ ટાપુની નજીકમાં જવાનું કોઈ કહેતા કોઈ જ કારણ ન હતું. માનવોથી ઉભરાતી બહારની દુનિયાનો કોઈ દૂરનો પડઘો પણ અહીં સુધી પહોંચવાની શક્યતા નહોતી. મહાસાગરો પાર કરતાં પ્રવાસીપંખીઓ પોતાના લાંબા પ્રવાસ દરમિયાન થાક ઉતારવા માટે અહીં ઉતરાણ કરતા હોવાના કેટલાક ઉલ્લેખો મળ્યા હતા. ઘણા પ્રવાસીઓના નકશામાં આ ટાપુના અસ્તિત્વની તો કોઈ નોંધ પણ લેવામાં આવી ન હતી.

બહારની દુનિયાથી પૂરેપૂરી રીતે અલિપ્ત હોય એવા કોઈ સ્થાન કે ટાપુની શોધ થતી હોય તો પેગેનલના મતે આ મારિયા થેરેસા ટાપુ જો અત્યારે તે પાણીમાં ડૂબી ગયેલો નહીં હોય તો એક આદર્શ સ્થળ હતું. એ અંગેની માહિતી આયર્ટનને આપવામાં આવી. એવા નિર્જન સ્થાનમાં આશ્રય લેવામાં એને કોઈ વાંધો ન હતો. એના તરફની સંમતિ મળતાં જ ડંકનની ગતિને તેજ કરવામાં આવી.

ત્યાર બાદના પૂરા બે દિવસ સુધી ડંકનનૌકા એની મહત્તમ ગતિ સાથે ૩૭°૧૧" અક્ષાંશને સમાંતર પૂર્વ દિશામાં ધસતી રહી. નૌકા ઉપરનું વાતાવરણ ભારેખમ હોવા છતાં ધીમેધીમે રાબેતા મુજબની સ્થિતિ બનતી જતી હતી. ત્રીજા દિવસે બપોરે બે વાગ્યાના અરસામાં ફૂવાસ્તંભ ઉપરનાં દર્શન કક્ષમાં બેઠેલા નાવિકે પોકાર પાડ્યો.

'એ હોય! આગળ જમીન દેખાય છે.'

દૂરની ક્ષિતિજ ઉપર જમીન દેખાયાના સમાચાર માત્રથી ડંકનના તૂતક ઉપર ચહલપહલ વધી ગઈ. એ જમીન ૩૭°૧૧" અક્ષાંશ ઉપર આવેલા પેલા મારિયા થેરેસા નામના ટાપુની હતી. વહેલ માછલીની ખૂંધના આકારનો ટાપુ સાંકડો અને ઘણો લાંબો હતો. પૃથ્વીના પેટાળમાં ચાલી રહેલી જ્વાળામુખીય ઊથલપાથલના પરિણામે એનું સર્જન થયું હતું. એ બાબતમાં એક શક્યતા એવી પણ લેખાતી હતી કે એ જ કારણને લીધે એનું વિસર્જન થઈ શકે છે. ટાપુ હજી ત્રીસ માઈલ દૂર હતો. એની ઉપરના ડુંગર જેવા દેખાતા ઊંચા ભાગો સ્પષ્ટ રીતે દેખાતા હતા. ડંકનનૌકા કલાકના સોળ માઈલની ઝડપે આગળ ધસી રહી હતી.

પાછળ પશ્ચિમની ક્ષિતિજે સૂરજ હવે આથમવાની તૈયારીમાં હતો, છૂટીછવાઈ વાદળીઓ વચ્ચે એનું આભામંડળ રક્તરંગી બની ગયું હતું. નૌકા ઉપરના લગભગ તમામ માણસો તૂતક ઉપર આવી ગયા. સાંજે પાંચ વાગ્યાના અરસામાં કૅપ્ટન મેંગલ્સે એ નાના ટાપુની જમીન ઉપરથી ઊંચે ઊઠતી ધુમાડાની સેર જોઈ.

'અહીં હજી પણ કોઈ જ્વાળામુખી જીવતો હોય તેમ લાગે છે.' નજીકમાં જ પેગેનલ એના દૂરબીનને આંખ ઉપર લગાવીને ઊભો હતો.

'મને સમજ પડતી નથી કે આ ધ્રૂમસેર શાની છે. મારિયા થેરેસાનો આ ટાપુ ખાસ જાણીતો નથી. આટલા નાના અને તળભૂમિમાંથી સેંકડો માઈલ દૂરના આ ટાપુ ઉપર આ રીતના ધુમાડાનું શું રહસ્ય હશે? અંધારું થાય તે પહેલાં જ આપણે ત્યાં ઉતરાણ કરી શકીએ તો કેવું?' ગ્લેનાર્વને કૅપ્ટનને પૂછ્યું.

'ના માલિક, નજીક જતાં સુધીમાં અંધારું જામી જવાની શક્યતા રહે છે. અજાણ્યા પાણીમાં આગળનો જળમાર્ગ કેવો છે તેની આપણને માહિતી નથી. આપણે નૌકાને શક્ય એટલી નજીક લઈ જઈશું, પરંતુ ટાપુ ઉપર ઉતરાણ તો આવતી કાલે સવારે જ શક્ય બનશે.'

રાત્રિના આઠ વાગ્યા. મારિયા થેરેસાના ટાપુનો કાળો ઝાંખો પડછાયો જ દેખાતો હતો. એની તપાસ માટે ત્યાંનું ઉતરાણ સવારે જ કરવાનું નક્કી થયું. એને થોભાવવા કૅપ્ટને એનું એન્જિન બંધ કરાવ્યું. લંગર ઉતારવામાં વિલંબ થાય તેમ હોવાથી સ્થિર ઊભેલી નૌકા મોજાંને હલકારે ટાપુની નજીક સાવ ધીમે ખસી રહી. દરમિયાન અંધારું થતાં ટાપુ ઉપર આગનો ભડકો દેખાયો. એવો એ ભડકો સ્થિર હતો, છતાં સતત પ્રજ્વલતિ હોય તેમ લાગતું હતું. પેગેનલે પોતાનું દૂરબીન અંધારામાં એ અગનસ્થળ તરફ સ્થિર કર્યું. થોડો સમય એકીટશે જોતો રહ્યો. બોલ્યો,

'કૅપ્ટન, ટાપુ ઉપર સક્રિય જ્વાળામુખી હોવાની આપણી ધારણા સાચી જણાય છે.'

'છતાં મારા મનમાં એ બાબત શંકા છે.' કૅપ્ટન એ અંગે સ્પષ્ટ ન હતા. 'સામાન્ય રીતે આ પ્રકારના સક્રિય જ્વાળામુખીની સાથે ભારે ભડકમ ધડાકા થતા હોય છે. પવન એ તરફથી આપણા તરફ આવતો હોવા છતાં એવો કોઈ અવાજ હજી સુધી આપણે સાંભળ્યો નથી. આકાશમાં સેંકડો ફૂટ ઊંચે ઊઠતી જ્વાળાઓ કે ગરમ રાખ અને ધુમાડાની પણ કોઈ પ્રવૃત્તિ

જણાતી નથી.'

'તમારું અવલોકન આમ તો બરાબર લાગે છે, પરંતુ એવા પણ શાંત જ્વાળામુખી હોઈ શકે છે, જે અવાજ કરતા નથી. શાંતિથી તેઓ આગ ઓક્યે જ જાય છે! છતાં કાંઈક રહસ્ય તો છે જ. કોઈ આદિવાસી ટોળી ત્યાં રહેતી હોય અને રાત્રે ઠંડી ઉડાડવા અથવા સ્વરક્ષણ માટે તેમણે તાપણું સળગાવ્યું હોય તેવી પણ મને શંકા જાગે છે.' પેગેનલે વાતનો વિસ્તાર વધાર્યો,

'એમ પણ બની શકે, છતાં અગ્નિની હાજરી પાછળ કાંઈક તો રહસ્ય છે જ. અત્યારે આપણને જણતું એ રહસ્ય, આવતી કાલ સવારે તો ખુલ્લું થવાનું જ છે. ત્યાં સુધી શાંતિથી આરામ કરીશું.'

એ દરમિયાન અગ્નિની જ્વાળાઓ પવનમાં આમતેમ લપકારા લેતી હોય તેમ લાગ્યું. ઘડીમાં ઉગ્ર તો બીજી ઘડીએ ધીમી પડતી હતી. ત્યાર બાદ એ એકદમ પ્રજ્વળી ઊઠી. એની જ્વાળાઓ ઊંચે સુધી જવા લાગી. અંધારામાં ટાપુની હાજરી ફક્ત એ અગ્નિથી જે સ્પષ્ટપણે વર્તાતી હતી. સૌની નજર માત્ર એ અગ્નિના સ્થળ ઉપર જ મંડાયેલી હતી.

'મને તો ટાપુ ઉપર માણસોની હાજરી હોવાનું લાગે છે.' ગ્લેનાર્વનને લાગ્યું કે અગ્નિ અને એની જ્વાળા માનવસર્જિત છે.

'હવે તો મને પણ લાગે છે કે ટાપુ ઉપર આદિવાસીઓ રહે છે.' પેગેનલે હવે પોતાનો સૂર બદલ્યો અને ગ્લેનાર્વને રજૂ કરેલી શંકાનું અનુમોદન કર્યું.

'આ ટાપુ ઉપર આપણી ધારણા પ્રમાણે માણસો રહેતાં હોય તો આયર્ટનને અહીં ઉતારવાનું શક્ય નહીં બને.'

'એવી ચિંતા કરવાની જરૂર નથી. ત્યાં રહેતા લોકો ગમે તેવા હોય તોપણ તેમને પહોંચી વળવાની ક્ષમતા આયર્ટનમાં છે.' મેજર નેબ્સે હળવી મજાક કરી, પરંતુ એને સમજ્યા વિના ગ્લેનાર્વન ગંભીરભાવે બોલ્યા,

'એવી સ્થિતિમાં એને માટે આપણે કોઈ બીજા ટાપુની જ ખોજ કરવાની રહેશે. આયર્ટનને મેં કોઈ નિર્જન ટાપુ ઉપર ઉતારવાનું વચન આપ્યું છે.'

'ત્યાં શું સ્થિતિ છે, તે અત્યારે અંધારામાં આપણે કળી શકીએ તેમ નથી. હું જે જાણું છું તે પ્રમાણે કહું છું કે ન્યૂઝીલૅન્ડના આદિવાસીઓએ રાત્રે તાપણું સળગાવી તેનાં સળગતાં લાકડાંને આમતેમ ઘુમાવવાની યુક્તિ અજમાવી ભૂલા પડેલા જહાજીઓને પોતાના તરફ આ રીતે આકર્ષતા હોય છે. કાંઠા નજીક આવેલા એવા લોકોને તેઓ લૂંટી લેતા હોય છે. મારિયા થેરેસાના આ લોકો પણ એવી જ યુક્તિ અજમાવતા હોય તો કહેવાય નહીં. અંધારામાં એમનો ભરોસો કરી શકાય નહીં.'

'નૌકાને હજી વધુ નજીક લઈ જઈને લંગર ઉતારો.' કૅપ્ટને ત્યાં હાજર નાવિકને સૂચના આપી, 'ટાપુ ઉપરની સ્થિતિ અંગે તર્કવિતર્ક કરવાનું બંધ કરો અને આરામ કરો. સવારે રહસ્ય ખુલ્લું થવાનું જ છે.'

રાત્રિના ૧૧ વાગ્યા. કૅપ્ટન અને અન્ય સૌ પોતપોતાની કૅબિનોમાં આરામ માટે નિવૃત્ત થયા.

રાતના પ્રહરીનો તૂતક ઉપરનો રાઉન્ડ શરૂ થયો. એ ઉપરાંત સુકાન ઉપરનો નાવિક પણ સતર્ક બનીને પોતાની ફરજમાં વ્યસ્ત બન્યો. તૂતક ઉપર મંદ પવન વાતો હતો. કિનારા નજીકના પાણીમાં એની હળવી લહેરો ઊઠતી હતી.

સર્વત્ર રાત્રિનો સન્નાટો હતો. એવા સમયમાં મૅરી અને રૉબર્ટ બંને જણાં અજંપો અનુભવતાં હોય તે રીતે પોતાની કૅબિનની બહાર આવ્યાં. ટાપુની દિશા તરફનો નૌકાનો કઠેરો પકડીને ઊભાં રહ્યાં. કૅપ્ટન ગ્રાન્ટનાં એ બંને સંતાનો એકબીજાના ભવિષ્યની ચિંતામાં મગ્ન હતાં. પિતાની એ મનમૂર્તિ ખરેખર હયાત હશે કે નહીં તે અંગે બંને દ્વિધામાં હતાં. પિતા ખરેખર હયાત નહીં હોય તો કોઈ પણ જાતની છત્રછાયા વિનાની બાકીની જિંદગી કેવી જશે તેની ચિંતા તેમને સતાવતી હતી. માતા તો નાનપણમાં જ ગઈ હતી. એમને ઉછેરનારી વહાલસોયી ફઈબાએ પણ ચીરવિદાય લીધી હતી. લૉર્ડ અને લેડી ગ્લેનાર્વનની વત્સલ છાયામાં અત્યારે તેઓ થોડાં નિશ્ચિંત બન્યાં હતાં. એમના સહારે જ પિતાની શોધમાં તેઓ દુનિયાના આ બીજા ખૂણા સુધી આવી શક્યાં હતાં.

પિતાને સાથે લીધા વિના સ્વગૃહે પરત જવાનો વિચાર પણ તેમને અસહ્ય લાગતો હતો. બંને હજી નાનાં હતાં. જીવનની કઠિનાઈઓનો એમને અનુભવ ન હતો. ખાલીખમ ઘરમાં તેઓ એકલાં કેવી રીતે રહી શકશે તેની ચિંતા એમને સ્વસ્થ બનાવી રહી હતી.

ક્યાંય સુધી બંને તેમના પિતાની જ વાતો કરતાં રહ્યાં. ખાસ પ્રસંગો યાદ આવતાં બંને ગળગળાં બની જતાં. બંનેનો શ્વાસ રૂંધાઈ જતો. છતાં બંને એકબીજાંને આશ્વાસન આપીને વળી પાછાં સ્વસ્થ થતાં હતાં.

રાત વધતી જતી હતી, છતાં બંનેમાંથી કોઈને જ ત્યાંથી ઊઠવાનું મન થતું ન હતું. બંનેની ઊંઘ ઊડી ગઈ હતી. દરિયો પ્રમાણમાં ઘણો શાંત હતો. કાંઠા સુધી હળવા મોજાં આગળ ધપતાં હતાં. ભાઈ-બહેન આખરે શાંત બનીને ક્યાંય સુધી બેઠાં રહ્યાં. એમની નજર અંધારઘેર્યા ટાપુ ઉપર જ ખોડાયેલી હતી. ત્યાં શું હતું તેની ખબર ન હતી. ત્યાં આદિવાસીઓ રહેતા હોવાનું કૅપ્ટન મૅંગલ્સે જણાવ્યું હતું. બંનેનાં મોં હવે બંધ હતાં, છતાં મન પિતાના જ વિચારોથી ઉભરાતાં હતાં. બંને એક પ્રકારની ભ્રમણામાં રાચી રહ્યાં હતાં.

ધીમેધીમે કાંઠા સુધી પહોંચતાં મોજાંઓની હળવી લહેર ઉપર થઈને તાપણા જેવા લાગતા પેલા અગ્નિના લપકારા મારતી જ્વાળાની પ્રકાશ અને છાયાની આભાની પાછળ કોઈ વિચિત્ર પ્રકારનો શોકમગ્ન અવાજ આવતો હોવાની બંનેને અનુભૂતિ થઈ. એ અવાજમાં 'હું અહીં છું, હું અહીં છું' જેવા શબ્દો પણ જાણે તેમના કાને પડ્યા હોય તેમ લાગ્યું. એ અવાજમાં એક પ્રકારનો વિષાદ ઝરતો હતો. બંનેને એકસાથે એવો રડમસ ચિત્કાર સંભળાયો. બંને આમ પણ તૂતકના સૌથી ઊંચા ભાગ ઉપર કઠેરો પકડીને ઊભાં હતાં. એવી અદ્‌ભુત અનુભૂતિને કારણે તેઓ કઠેરા ઉપર વધુ નીચે નમ્યા. સાવ નીચે મોજાંની નાની લહેરો ડંકનનાં પડખાં સાથે હળવી થપાટો લગાવતી હતી. હવામાં આવેલો એ અસ્પષ્ટ અવાજ સાંભળીને બંને એકબીજાને પૂછી રહ્યા, 'તેં કાંઈ સાંભળ્યું?'

અવાજના એ રહસ્યનો બંનેને ખ્યાલ આવતો ન હતો, પરંતુ થોડી પળો બાદ ફરીથી એવો જ અવાજ બંનેના કાને અથડાયો. તરત જ બંને બોલી ઊઠ્યા,

'અરે! આ તો આપણા પિતાનો જ અવાજ છે. ત્યાં ટાપુ ઉપર આપણા પિતા આપણને બોલાવી રહ્યા છે.'

મૅરીનું ઋજુ હૃદય પિતાના અવાજની અનુભૂતિને સહન કરી શકે તેમ ન હતું. 'મારા પિતા મારા પિતા' બોલતી બેભાન બનીને ત્યાં જ ઢળી પડી. બહેનની આ અવદશા જોઈને રૉબર્ટ ગભરાયો. મદદ માટેનો ચિત્કાર કરી ઊઠ્યો. મધ્યરાત્રિના એ સમયે તૂતક ઉપર ઝાઝાં માણસો

હોવાની શક્યતા ન હતી, પરંતુ ફરજ ઉપરના બે માણસોએ એનો અવાજ સાંભળ્યો. તેઓ બંને દોડતા ત્યાં પહોંચી ગયા. એ દરમિયાન થયેલી ચહેલપહેલથી ગ્લેનાર્વન, હેલીના, મેંગલ્સ વગેરે પણ જાગી ગયા અને ત્યાં દોડતાં આવી પહોંચ્યાં. મૅરીને ઊંચકીને એની કૅબિનમાં લઈ આવ્યા. ડઘાઈ ગયેલા રૉબર્ટના મોંમાંથી એક જ પ્રકારનો અવાજ નીકળતો હતો, 'મારી બહેનને બચાવો, મારા પિતા ત્યાં ટાપુ ઉપર જ છે, અમને બોલાવે છે.'

બ્રિટાનિયા જહાજની સાથે જ અથવા આદમખોર માઓરીઓના હાથે કૅપ્ટન ગ્રાન્ટનું મૃત્યુ થયું હોવાની હકીકતને બાકીના બધાં જ મીનમેખ માનતાં હતાં, પરંતુ ગ્રાન્ટના આ સંતાનો માટે તેમના પિતા જીવંત હતા. મધ્યરાત્રિએ બનેલી એ ઘટનાને અન્ય સૌ ભ્રમણા જ માનતાં હતાં. ગ્રાન્ટના અવાજ સંબંધમાં ગ્લેનાર્વને ફરજ ઉપરના માણસોને પૂછીને ખાતરી કરી લીધી. સુકાન પાસે બેઠેલા હોકીન્સને એણે સીધો જ પ્રશ્ન પૂછ્યો હતો કે કાંઠા તરફથી આવ્યો હોય એવો કોઈ માણસનો અવાજ તેમણે સાંભળ્યો હતો કે કેમ? પરંતુ બંનેએ સ્પષ્ટ રીતે ના પાડી.

હોકીન્સ તરફનો નકારાત્મક જવાબ સાંભળીને રૉબર્ટ નારાજ થઈ ગયો. એણે સમજ વિનાનો બડબડાટ પણ કર્યો કે મારા પિતા ગ્રાન્ટને બદલે ત્યાં હોકીન્સના પિતા હોત તો તેનો અવાજ હોકીન્સને જરૂર સંભળાયો હોત.

થોડી વાર પછી મૅરી ભાનમાં આવી. સ્વસ્થ થયા બાદ તેણે ગ્લેનાર્વન અને હેલીનાને હાથ જોડીને જણાવ્યું.

'તમે બંને મારાં માતાપિતા કરતાં પણ વિશેષ છો. તમને હું સાચું જ કહું છું કે રાતે જ્યારે બધું સૂમસામ હતું ત્યારે મારા પિતાનો જ અવાજ અમે સાંભળ્યો હતો. અમે ચોક્કસપણે માનીએ છીએ કે અમારા પિતા જીવતા છે અને આપણી સામેના ટાપુ ઉપર જ છે. અમારી આ કોઈ ભ્રમણા નથી.' એટલું બોલતાં તેનો શ્વાસ ફરી રૂંધાઈ ગયો. રૉબર્ટની પણ એ જ હાલત હતી.

ત્યાં હાજર સૌને લાગ્યું કે બે વર્ષથી અનિશ્ચિતતા વચ્ચે પિતાની રાહ જોઈ રહેલાં બંને બાળકોને અધિકાધિક લગાવ હોવાનું જ આ પરિણામ હતું. તેને કારણે જ રાત્રિના અંધારામાં, દરિયા ઉપરથી વાતા ઠંડા પવનની અસર હેઠળ બંને બાળકોને પિતાના અવાજનો ભ્રમ થયો હતો.

બંને જણાં નાજુક ભાવાવેશમાં હતાં. એમાંથી બંને હેમખેમ કેવી રીતે બહાર લાવવા તે સૌને મૂંઝવાતો પ્રશ્ન હતો.

'કેવી કરુણ સ્થિતિ છે, માતાપિતા વિનાનાં આ બંને બાળકોની? એમના કુમળા મન ઉપર શું વીતી રહ્યું હશે તેની કલ્પના થઈ શકે છે.' હેલીનાએ બંને ઉપર હાથ ફેરવી માતૃભાવ પ્રગટ કર્યો. ગ્લેનાર્વને પણ એમાં સૂર પુરાવ્યો.

મૅરી અને રૉબર્ટ સવાર સુધી એ રીતે સૂતેલાં જ રહ્યાં, ગઈ રાતના વિષમ અનુભવ બાદ નૌકા ઉપરનું કોઈ પણ માણસ મોડી સવાર સુધી ઊંઘી શકે તે શક્ય જ ન હતું. બધાં જ વહેલી સવારે પાંચ વાગ્યે ઊઠી ગયા. રૉબર્ટ અને મૅરી પણ નવી આશા સાથે સ્વસ્થ બની ગયાં. ગઈ કાલે સાંજનાં વધતાં અંધારમાં સૌને એ અજાણ્યા ટાપુની ધૂંધળી ઝાંખી જ થઈ હતી. ત્યાં જવા અને તેને જોવા માટેનો યોગ્ય સમય હવે જ શરૂ થતો હતો.

ડંકનનૌકા કાંઠાના ખડકોથી એકાદ માઈલે લંગરને સહારે ઊભી હતી. એના પુપ કહેવાતા તૂતકના સૌથી ઊંચા ભાગ ઉપર ઊભો રહીને રૉબર્ટ દૂરબીનમાંથી કાંઠા ઉપર નજર ઠેરવીને

ઊભો હતો. એણે કાંઈક જોયું અને તરત જ મોટેથી પોકાર કરી ઊઠ્યો.

'જુઓ જુઓ! ત્યાં કાંઠાના ખડક ઉપર બે માણસો ઊભા રહીને આપણા તરફ હાથ હલાવતા દેખાય છે. અરે! કોઈ ત્રીજો માણસ દૂર હતો, તે પણ એ બંનેની વચ્ચે આવીને ઊભો રહી ગયો છે. તેઓ ધ્વજ ફરકાવી રહ્યા છે.'

કૅપ્ટન મેંગલ્સ એ અવાજ સાંભળતાં ઝડપથી પુપ ઉપર ચડી ગયો. રૉબર્ટ પાસેથી દૂરબીન લઈને પોતાની આંખો સામે માંડ્યું. એમાં જોઈને એના મોંમાંથી પણ આનંદના ઉદ્‌ગાર નીકળી પડ્યા.

'અરે! આ તો આપણા દેશનો રાષ્ટ્રધ્વજ યુનિયન જેક છે! ત્રણ માણસો તેને પકડીને હલાવી રહ્યા છે.'

પેગેનલે પણ દૂરબીનમાં જોઈને વાતમાં સૂર પુરાવ્યો. નૌકા ઉપરના લૉર્ડ ગ્લેનાર્વન, હેલીના કે નેબ્સ વગેરે કોઈને પણ શંકા માટે કોઈ કારણ ન હતું. ત્રણ માણસો અને યુનિયન જેક હોય ત્યારે ઇંગ્લૅન્ડના જ વતની કૅપ્ટન હેરી ગ્રાન્ટ અને તેના બે સાથીઓ સિવાય અહીંના દૂરદૂરના આ અવાવરુ ટાપુ ઉપર બીજું કોણ હોય? જેમની ખોજમાં એમણે દુનિયાભરના દરિયાઓ ડહોળી નાખ્યા હતા, જમીનમાર્ગે પારાવાર પરેશાનીઓનો સામનો કર્યો હતો, અને અનેક વાર મોતના મોંમાંથી માંડમાંડ જીવ બચાવ્યો હતો, તે કૅપ્ટન હેરી ગ્રાન્ટ અને તેના બે સાથીઓ જીવંત હતા. અને માત્ર એક જ માઈલ દૂરના સામે જ આવેલા ટાપુ ઉપર એમને આવકારી રહ્યા હતા. એવું પરમ અલૌકિક દૃશ્ય જોઈને સૌ ગદ્‌ગદિત બની ગયાં. સૌ એકબીજાને ભેટીને અભિનંદન આપવા લાગ્યા.

પિતા હેરી ગ્રાન્ટ જીવતા હતા અને થોડા જ સમયમાં એમના બંને હાથોમાં સમાઈ જવાના હતા એવા વિચારમાત્રથી મૅરી અને રૉબર્ટ ઉત્તેજિત થઈ ગયાં. બંનેની આંખોમાંથી અનાયાસ આંસુઓ નીકળતાં રહ્યાં. હેલીનાએ બંનેને પોતાની બાંહોમાં સમાવીને ક્યાંય સુધી તેઓની પીઠ થાબડી.

ધીમેધીમે સૌએ સ્વસ્થતા મેળવી. રૉબર્ટ ગ્લેનાર્વનનો હાથ પકડી લીધો અને બોલ્યો,

'ગ્લેનાર્વન મહાશય! મારા પિતાને મળવા માટે આ દરિયાના પાણીમાં કૂદી પડીને તરતો તરતો ટાપુ ઉપર પહોંચી જાઉં એવું તમે ન ઇચ્છતા હો તો તત્કાળ હોડીને નીચે ઊતરાવો.'

'કેમ નહીં, કેમ નહીં.' બોલતાં ગ્લેનાર્વને પણ રૉબર્ટનો હાથ દબાવી ઉમળકો બતાવ્યો, 'જે ક્ષણ માટે આપણે આટલા લાંબા સમયથી આટલી લાંબી મુસાફરી કરી છે, તેની સાર્થકતા જ્યારે સામે આવીને ઊભી છે ત્યારે નાની હોડી તો શું, ત્યાં જતી હોય તો આખી ડંકનનૌકાને ત્યાં લઈ જઈશું.'

ટાપુ ઉપર જ્વાળામુખી હોવાની અને ત્યાં પણ આદમખોર આદિવાસીઓ હોવાની જે વાતો ગઈ કાલે સાંજે થઈ હતી, તે તથા સૌના મનમાં રહેલી શંકા-કુશંકા હવામાં ઓગળી ગયાં.

મૅરી તથા રૉબર્ટ વગેરેને લઈને હોડી કાંઠા તરફ ઝડપથી આગળ વધી. જોકે તે પહેલાં જ માનસિક રીતે તો સૌ કાંઠે પહોંચી ગયાં હતાં. કાંઠાથી માત્ર દસ ફેધમ દૂર હતાં, ત્યારે જ કાંઠાના પાણીથી ઘેરાયેલા ખડક ઉપર ઊભેલા પિતાને મૅરીએ ઓળખી લીધા, પિતાના નામનો પોકાર પાડ્યો. પિતા પણ પોતાની વહાલસોયી પુત્રીનો પોકાર સાંભળીને ભાવવિભોર બની ગયા. હોડી હજી ખડક પાસે ઊભી રહે તે પહેલાં જ ભાઈ-બહેન કૂદકો મારીને ત્યાં ઊભેલા પિતાની બાંહોમાં સમાઈ ગયાં. બોલવા માટે એક શબ્દ પણ મોંમાંથી નીકળી શકતો ન હતો. ત્રણે જણાં

ક્યાંય સુધી આંસુ વહાવી હીબકાં ભરતાં રહ્યાં.

પિતા અને સંતાનોના આ સુભગ મિલનના સાક્ષી બનેલા સૌ સાથીઓની આંખો પણ ભીની બની ગઈ. ક્યાંય સુધી કોઈ બોલી શક્યું નહીં.

૨૦

કથા હેરી ગ્રાન્ટની

આનંદનો અતિરેક ઘાતક નથી હોતો. ખોવાઈ ગયેલા મનાતા પિતા અને એની ખોજમાં નીકળેલાં બંને સંતાનો વચ્ચેનું આ મિલન હોડીમાં આવેલા તમામ માટે એક અલૌકિક અવસર હતો. ત્રણે સ્વજનો એકબીજાંને વળગીને ક્યાંય સુધી સિસકતાં રહ્યાં. વિના અવાજે પણ એમની આંખોમાંથી આંસુઓની ધારા વહેતી જ રહી.

એ જ સુભગ અવસર માટે તા. ૨૬મી ઑગસ્ટ, ૧૮૬૪ના રોજ સ્કોટલૅન્ડના ગ્લાસગો બંદરેથી તેઓ નીકળ્યા હતા. એની જ સૌને રોજરોજની પ્રતીક્ષા હતી. એ દિવસથી શરૂ કરીને હજી ગઈ કાલની રાત સુધી એટલે કે ૩જી માર્ચ, ૧૮૬૫ સુધીના સાત માસના પ્રલંબ સમય દરમિયાન સૌ આશા અને નિરાશા વચ્ચે ઝોલાં ખાતાં હતાં. એમાં આશા કરતાં પણ નિરાશાના અવસરો વધારે હતા અને તે વધુ ઘેરા પણ હતા.

એવા કૅપ્ટન હેરી ગ્રાન્ટ નહીં ધારેલા અજ્ઞાતવાસમાંથી અચાનક બહાર આવીને સૌની સામે ઊભા હતા. ગ્લાસગોથી નીકળ્યા બાદ પ્રથમ દક્ષિણ અમેરિકા, ત્યાંથી ઑસ્ટ્રેલિયા અને છેલ્લે ન્યૂઝીલૅન્ડમાંના કાતિલ અનુભવો પછી પણ એની ખોજમાં નીકળેલા સૌ ડંકનવાસીઓ હજી તો પંદર કલાક પહેલાં એને હંમેશ માટે ખોવાયેલા સમજીને નિરાશ વદને સ્કોટલૅન્ડ ભેગા થવાની ઉતાવળમાં હતા. પૂરેપૂરી નિષ્ઠા સાથે શરૂ થયેલા એ ખોજઅભિયાનમાં સમય અને સાધનોનો બેસુમાર ભોગ લેવાયો હતો. એ પછી પણ મળેલી સરિયામ નિષ્ફળતાથી સૌના મન ભારે ભારે થઈ ગયાં હતાં. છેલ્લે આશા જગાડી જનાર ક્વાર્ટરમાસ્ટર આયર્ટનની ગદ્દારીએ તો ગ્રાન્ટનાં સંતાનો અને અન્ય સૌ સાથીઓને મરણતોલ આઘાત આપ્યો હતો.

કૅપ્ટનની શોધ માટેની અપૂર્વ તાલાવેલી અને જહેમત પછી પણ સફળતાનો કોઈ અણસાર સરખો જણાયો ન હતો. થાકીહારીને ભાંગેલાં હૃદયને અને તૂટેલાં શરીરો સાથે સૌએ ઘર તરફનો પંથ પકડ્યો હતો, ત્યારે જ કૅપ્ટન ગ્રાન્ટ અને તેના બે સાથીઓ આકાશમાંથી ટપકીને અચાનક તેઓ સામે આવીને ઊભા રહી ગયા હતા. એવી સ્થિતિ પણ તીવ્ર આઘાતથી કોઈ રીતે હળવી ન હતી. ગમે તેવા કઠોર દિલના માણસ માટે પણ એનો ભાર ઝીલવાનું આસાન નથી હોતું. પિતા અને તેનાં સંતાનોના મિલનની સાથે જ ત્યાં હાજર સૌ સાથીઓ પણ એકબીજાને ભેટીને આંસુ વહાવવા લાગ્યા. ભાષા અને તેના શબ્દો અહીં લાગણીના આવેગોને વ્યક્ત કરવા માટે સાવ અસમર્થ પુરવાર થયા. ક્યાંય સુધી કોઈ કશું જ બોલી શક્યું નહીં.

ત્રણે જણાને હોડીમાં બેસાડીને સૌ તરત જ પાછા વળી ગયાં. નૌકાના તૂતક ઉપર પગ મૂકતાં જ હેરી ગ્રાન્ટ માતૃદેશ સ્કોટલૅન્ડની ધરતીમાંથી બનેલી નૌકા ઉપર ઘૂંટણીયે પડ્યા અને

પરમકૃપાળુ પરમાત્માનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો. વતનની ધૂળને શીર આંખે ઉઠાવ્યાનો સંતોષ લીધો.

ટાપુ ઉપરથી હોડીમાં બેસીને આવતી વખતે જ મૅરીએ લૉર્ડ ગ્લેનાર્વન તથા લેડી હેલીના અને તેમની ડંકનનૌકા અંગેની તમામ હકીકતો ટૂંકમાં જણાવી હતી. એ સૌને રૂબરૂમાં તેણે ભલે હમણાં જ જોયાં હોય, પરંતુ સૌને નામથી સારી રીતે જાણી લીધાં હતાં. લૉર્ડ ગ્લેનાર્વન અને હેલીના તરફ જોઈ વાંકા વળીને હેરીએ તેમનું અભિવાદન કર્યું. ગ્લેનાર્વનના બંને હાથો પ્રેમપૂર્વક પોતાના હાથમાં લઈને ઉમળકાથી દબાવ્યા. ઉમરાવ દંપતીનો આભાર માનવા મોં ખોલ્યું, પરંતુ એમાંથી શબ્દો નીકળ્યા જ નહીં. એમના તરફની ઉમદા અને ઉદાર સહાયને કારણે જ તે પોતાનાં સંતાનોને મળી શક્યા હતા અને હવે પછી પોતાના દેશની ધરતી ઉપર પગ મૂકી શકવાના હતા. આભાર-વશતાની લાગણીના આવેગથી એનું ગળું રૂંધાઈ ગયું. એને વ્યક્ત કરવા યોગ્ય શબ્દો શોધવા તેઓ વલખાં મારવા લાગ્યા.

ડંકન ઉપરના સાથીઓ તથા અન્ય સૌ કર્મચારીઓ માટે પણ એમણે આભારની લાગણી વ્યક્ત કરી. પોતાનાં સંતાનોની આ મુસાફરીના સમય દરમિયાન જે કાળજી રાખી, તેમ જ હૂંફ આપી તે માટે સૌનો આભાર માનતા તેઓ ગદ્‌ગદિત બની ગયા.

નાના રૉબર્ટે નૌકા ઉપરના સૌ સાથીઓ તથા સેવકોની પોતાની રમૂજી શૈલીમાં વ્યક્તિગત ધોરણે ઓળખાણ આપી. કૅપ્ટન મેંગલ્સનો પણ ખાસ પરિચય કરાવ્યો. મૅરી સાથે વિકસી રહેલા એના વિશિષ્ટ સંબંધને કારણે મૅરીના પિતા સાથે હસ્તધૂનન કરતાં તેનું મોં શરમથી લાલ બની ગયું. પોતાની પુત્રી માટેના સંભવિત મુરતિયા તરીકેનો થોડો ખ્યાલ પિતાને આવી ગયો હતો. હેરીએ એને પ્રેમથી બાથમાં લીધો. હેલીના પાસેથી મેંગલ્સ અને મૅરી વચ્ચે વિકસી રહેલા મધુર સંબંધોની વાત જાણી ત્યારે એઓ આનંદવિભોર બની ગયા. જોકે ત્યારે જ એમને ખ્યાલ આવ્યો કે એમની દીકરી મોટી થઈ ગઈ હતી. તરત જ એણે મૅરીનો હાથ લઈને મેંગલ્સના હાથમાં મૂક્યો અને સમૃદ્ધ તથા સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘ દામ્પત્યજીવનની શુભેચ્છા પાઠવી. પોતાની પુત્રીના નવજીવન માટે શુભેચ્છા પાઠવવા ગ્લેનાર્વન દંપતીને પણ એમણે આગ્રહ કર્યો.

પ્રાથમિકતાઓ પૂરી થતાં સૌ સ્વસ્થ બન્યાં. ગ્લેનાર્વને હેરીને એના ક્વાર્ટરમાસ્ટર આયર્ટનની વાત કરી. તેણે જણાવેલી હકીકતોની સચ્ચાઈ જાણવા ગ્લેનાર્વન ઉત્સુક હતા. હેરીએ એ તમામ હકીકતોનો સ્વીકાર કર્યો. વધુમાં જણાવ્યું,

'એના ઉદ્દંડ સ્વભાવ તથા મારી વિરુદ્ધ બળવો કરવાની એની કારવાઈને કારણે જ મેં એને ઑસ્ટ્રેલિયાના પશ્ચિમકાંઠે પર્થ બંદરથી થોડે દૂર ઉતારી મૂક્યો હતો. એ એક બહાદુર, બુદ્ધિશાળી અને કર્મઠ માણસ છે. તેમ છતાં એની અમર્યાદ મહત્ત્વાકાંક્ષા અને તેની પૂર્તિ માટેના ટૂંકા માર્ગો શોધવાની વૃત્તિને કારણે એણે પોતાની સમગ્ર કારકિર્દીને ધૂળમાં મેળવી છે. આપના તરફથી એને થયેલો અનુભવ અને પોતાનાં દુષ્કૃત્યો માટેનો પસ્તાવો એને સારા માર્ગે વાળવા પ્રવૃત્ત કરશે એવી મારી પ્રાર્થના રહેશે.'

હેરી ગ્રાન્ટ અને તેના બે સાથીઓની વિદાઈ બાદ મારિયા થેરેસાનો આ ટાપુ પણ હવે પછી નિર્જન બની જવાનો હતો. એના ઉપર હેરી અને સાથીઓએ પોતાની મહેનતથી એક નાની દુનિયા ઊભી કરી હતી. એમાં અનાજ તથા શાકભાજીની ખેતી હતી તથા જરૂર જેટલા પાલતુ પ્રાણીઓ પણ હતાં. એ ટાપુ ઉપર જ આયર્ટનને છૂટો મૂકી દેવાનો ગ્લેનાર્વનનો વિચાર દૃઢ બની ગયો. અન્ય સાથીઓ ઉપરાંત આયર્ટને પણ એ માટે સંમતિ આપી.

એમાં હેરી ગ્રાન્ટને કોઈ વાંધો ન જ હોઈ શકે. એણે વસાવેલી એ વસાહતની સંભાળ લેનારો એક માનવી એને વારસ તરીકે અનાયાસ મળતો હતો, તેનો આનંદ હતો. પરંતુ છેલ્લાં બે વર્ષથી પોતાને આશ્રય આપનાર એ પાવનભૂમિ પ્રત્યેની આભારવશતા વ્યક્ત કરવા કૅપ્ટન ગ્રાન્ટ ઉત્સુક હતા. એ ઉપરાંત ડંકન ઉપરના સૌ સાથીઓને પણ પોતાની એ ઝૂંપડીમાં મહેમાન બનાવવા માટે તેઓ આતુર હતા.

ગ્લેનાર્વને હેરી ગ્રાન્ટની આ ઉદ્દાત્ત ભાવનાનું સન્માન કર્યું. નૌકા ઉપર આયર્ટનની સલામતી માટેનો પૂરતો બંદોબસ્ત કરીને ગ્લેનાર્વન અને સાથીઓ ટાપુ ઉપર હેરી ગ્રાન્ટના મહેમાન બન્યા. પોતાના પિતાએ જીવનનાં બે અમૂલ્ય વરસો દરમિયાન જ્યાં એકાંતવાસ સેવ્યો હતો, તે સ્થળની મુલાકાત લેવા મૅરી અને રૉબર્ટે ખૂબખૂબ ઉત્સાહ બતાવ્યો. પેગેનલને ડેનિયલ ડીફોની કથાના નાયક રૉબિન્સન ક્રૂઝોના એકાંત નિવાસની વાત યાદ આવી. હેરી ગ્રાન્ટ પોતે પણ ક્રૂઝોની કથા પ્રમાણે જ જીવન જીવ્યાં હોવાની વાત જણાવી. એઓ બંનેને એકબીજા જોડે ઠીકઠીક ફાવટ આવી.

મારિયા થેરેસાનો આ ટાપુ એટલો નાનો હતો કે એના ખૂણેખૂણાને જોવા તથા તપાસવા માટે થોડા જ કલાકોની જરૂર હતી. લાખો વરસ ઉપર બનેલી ભૂતળમાંની ઊથલપાથલ દરમિયાન પ્રશાંત સાગરનું તળ ફોડીને અનેક માઈલ ઉપર ઊપસી આવેલા એ એક જ્વાળામુખીની ટોચનો જ વિસ્તાર હતો. કાળાંતરે એની સપાટી ઠંડી પડતાં અહીં આ નાનકડો ટાપુ બની ગયો. હવા-પાણી અનુકૂળ હોવાથી કાળાંતરે એના ઉપર અનેક પ્રકારની વનસ્પતિઓ ઊગી નીકળી. સંજોગવશાત્ અહીં આવી ચડેલાં કોઈ વ્હેલિંગ જહાજના કૅપ્ટને સ્વદેશ પાછા વળતાં પહેલાં પોતાના જહાજમાંના વધારાનાં હોય એવી બકરાંની જોડી તથા ડુકરની જોડીને અહીં છૂટી મૂકી દીધી હશે, તેનો અનેકગણો ગુણાકાર થયેલો દેખાતો હતો. એ કૅપ્ટને એવી દૂરંદેશી બતાવી હશે કે એ તરફ આવેલાં જહાજોના નાવિકોને એ પ્રાણીઓ ઉપયોગી બની શકશે.

આમ પ્રકૃતિનાં બે તત્ત્વોથી સમૃદ્ધ બનેલી આ ટાપુની ધરતીમાં એક તત્ત્વની ખોટ હતી. અઢી વરસ ઉપર એ ત્રીજા તત્ત્વની ખોટ પણ પૂરી થઈ. દુર્ઘટનાગ્રસ્ત બનેલા બ્રિટાનિયા જહાજના માંડમાંડ બચી ગયેલા ત્રણ માણસોએ આ ટાપુ ઉપર આશ્રય લીધો. અહીં વનસ્પતિ તો હતી જ. તેમાં પાછળથી પ્રાણીઓનો ઉમેરો થયો હતો અને હવે બંનેનો ઉપભોગ કરનાર માનવી ઉમેરાતાં સંપૂર્ણ રીતની એમની નાની એવી એક દુનિયા બની ગઈ હતી.

પોતાને માટે જીવનદાતા અને આશ્રયદાતા બનેલા આ નાના ટાપુની ધરતીનું ઋણ ઉતારવા આ ત્રણે માણસોએ એને રહેવા યોગ્ય બનાવવા જહેમત ઉઠાવી હતી. એમની પાસે હતી તેટલી પૂરી કુનેહ અને મહેનત કામે લગાડી હતી. એમની પાસે સમયનો કોઈ તોટો ન હતો. પોતાના ત્રણ જીવો સિવાય અન્ય કોઈ સમાજજીવન પણ ન હતું. ભાંગેલા જહાજમાંથી બચેલી ચીજવસ્તુઓ અને લાકડું સૌપ્રથમ એમણે ટાપુ ઉપર લાવી દીધું હતું. જહાજનો બાકીનો મલવો ઊંડા દરિયામાં ખેંચાઈ જાય તે પહેલાં એ કામ પાર પાડવાનું હતું. પ્રકૃતિનાં અન્ય પરિબળોનો સાથ લઈ થોડા જ સમયમાં આ ટાપુની જમીનને એમણે માનવ વસવાટ માટે ઉપયોગી થઈ શકે તેવી રળિયામણી બનાવી દીધી.

જહાજના તથા જંગલમાંનાં લાકડાંમાંથી ત્રણેને રહેવાલાયક નાનું મકાન બાંધવાનું આયોજન કર્યું. ટાપુ ઉપરની સમથળ અને ઊંચા ભાગ ઉપર મકાન બાંધ્યું, ટાપુના છેડાના

ભાગની ભેખડ ઉપર એવા સ્થળે એ મકાન હતું જ્યાંથી દરિયા ઉપર ત્રણ બાજુએ સતત નજર રાખી શકાતી.

સામૂહિક ભોજન માટે ઉપયોગી બની શકે તેવું મોટું ટેબલ તથા બેઠકો પણ એમણે બનાવી હતી. એવું એ ટેબલ ઊંચકીને બહાર લાવવામાં આવ્યું અને આંગણામાં આવેલા એક વૃક્ષની નીચે ગોઠવવામાં આવ્યું. હેરીના બે મદદનીશોની મદદથી ઓલ્બિનેટે અહીંની સગવડ પ્રમાણેનું સાદું ભોજન બનાવ્યું. ઝાડની છાયમાં બેસીને સૌએ સાદા ભોજનનો સ્વાદ માણ્યો.

રૉબિન્સન ક્રૂઝોનો ચાહક અને તેની જેમ એકાંત ટાપુ ઉપર જીવન જીવવાનાં સ્વપ્નાં જોનાર પેગેનલ મહાશય તો અહીંની આ સ્વર્ગસમ નાનકડી છતાં મનોહર દુનિયા જોઈને નાચી ઊઠ્યો. જોકે એવા જીવનની વાસ્તવિકતાનો નગ્ન ચિતાર હેલીનાએ અગાઉ એને આપ્યો જ હતો. એ કારણે અહીં ઊતરી જઈને ટાપુ ઉપર કાયમી વસવાટ કરવાનું એણે નામ સરખું પણ લીધું નહીં.

કૅપ્ટન હેરી ગ્રાન્ટ અને એના બે સાથીઓની વિદાય સાથે જ આ ટાપુ તથા તેની ઉપરની તમામ અસ્ક્યામતોનો માલિક હવે પછી અહીં આવનાર આયર્ટન બનવાનો હતો. પેગેનલને તેનો ભારે અફસોસ હતો. એણે નિસાસો નાખ્યો કે સ્વર્ગ જેવી આ દુનિયા આયર્ટન જેવા ગુનાહિત માનસ ધરાવનાર માણસને સ્વાધીન કરવાની હતી. એણે જણાવ્યું કે એ માણસની જરા પણ દયા ખાવાની જરૂર નથી.

કૅપ્ટન હેરી ગ્રાન્ટે આ ટાપુ સંબંધમાં અફસોસ વ્યક્ત કરતા જણાવ્યું,

'મેં અને મારા બંને સાથીઓએ મળીને અમે એને ખરેખર સ્વર્ગ જેવો બનાવ્યો છે, પરંતુ અફસોસ છે કે એ ખૂબ જ નાનો છે. જ્વાળામુખીના લાવામાંથી બનેલી એની જમીન પણ ફળદ્રુપ નથી. એના ઉપર મારા તમામ દેશવાસીઓને વસાવી શકાય તેમ નથી. મારું સ્વપ્નું મારા દેશવાસીઓ માટે સુખી અને સમૃદ્ધ બની શકે તેવું નવું સ્કોટલૅન્ડ વસાવવાનું છે, પરંતુ એ અહીં શક્ય નથી. અહીં જળમાર્ગ તરીકે ઉપયોગી બની શકે એવી કોઈ નદી નથી. બંદર તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવો કોઈ સાગરકાંઠો પણ નથી. અફાટ મહાસાગરની બરાબર સામે આવેલો એ એકમાત્ર ખાંચો છે, જ્યાં આપની આ ડંકનનૌકાનું લંગર ઉતારાયું છે. એક આદર્શ અને સમૃદ્ધ સમાજ રચી શકાય એવી કોઈ જ ક્ષમતા આ નાનકડા ટાપુમાં નથી અને તેથી જ ભારે હૃદયે હું એ છોડી રહ્યો છું.'

'કૅપ્ટન હેરી ગ્રાન્ટ, તમારી વાત ઉપરથી સમજાય છે કે આપણા સ્કોટલૅન્ડના તમામ નિવાસીઓ માટે નયા સ્કોટલૅન્ડ રચવાની તમારી ઝંખના વિસારે પડી નથી. એ માટેના તમારા આ મિશનથી સ્કોટિશ પ્રજાના તમે સર્વમાન્ય નાયક બની ગયા છો.' બોલીને ગ્લેનાર્વન સ્કોટલૅન્ડની પ્રજાના સુખ માટે ખુવાર થવા તત્પર આ વીર નરને પ્રેમથી ભેટી પડ્યા.

'આપ સાહેબને જણાવતા મને આનંદ થાય છે કે એ કાર્ય પૂરું કરવા માટે મને નવજીવન બક્ષવામાં આપ તથા હેલીના મૅડમ નિમિત્ત બન્યાં છો. તે માટે આપનો ખૂબખૂબ આભારી છું. મને કહેવા દો કે ઓલ્ડ કેલિડોનિયામાં આપણા લોકોને વસાવવા માટે અગાઉ એવો જ પ્રયત્ન થયો હતો, પરંતુ ત્યાંનો પ્રદેશ પણ નાનો અને આર્થિક ક્ષમતા વિનાનો હોવાથી એ પ્રજા પોતાની મહેનત અને સૂઝનાં સુયોગ્ય ફળ મેળવી શકી નથી. આઝાદી, શાંતિ અને પ્રગતિની ખોજમાં નીકળેલા આપણા એ દેશબાંધવોને મેં જોયા છે. એમનાં સ્વપ્ન તૂટી રહ્યાં છે. તેઓ કંગાળ અને દુઃખી છે. એમને માટે પણ વસવાટયોગ્ય ફળદ્રુપ સંસ્થાન શોધવાનું બાકી છે. પ્રાકૃતિક રીતે સમૃદ્ધ

હોય એવો પ્રદેશ શોધવાનું મારું સ્વપ્નું છે, જ્યાં મારા સ્કોટલૅન્ડ વાસીઓ સ્વતંત્ર હોય, સમૃદ્ધ બને અને સુખચેનથી જીવી શકે.'

લેડી હેલીના સહિતના ત્યાં હાજર તમામ સ્કોટલૅન્ડવાસીઓએ કૅપ્ટન ગ્રાન્ટના આ પ્રોજેક્ટને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધો.

વાતાવરણ હળવું બની ગયું.

એ સાથે ગ્લેનાર્વને કૅપ્ટન ગ્રાન્ટને જણાવ્યું કે છેલ્લાં અઢી વરસમાં એમના બ્રિટાનિયા જહાજની બાબતમાં જે જે બન્યું હતું તે બધું જ જાણવા માટે સૌ ઉત્સુક હતાં.

હેરી ગ્રાન્ટ માટે પોતની એ કથા કોઈ સુખ અને સફળતાની વાર્તા ન હતી. અઢી વર્ષનો એ સમય એને માટે આકરી અગ્નિપરીક્ષાનો હતો. મોટી આશાઓ અને ઉમંગ સાથે શરૂ થયેલી એમની મુસાફરીમાં શરીર અને મનની કસોટી કરે તેવા બનાવોની હારમાળા હતી. તેમાં છેલ્લે એના જહાજને નડેલા દરિયાઈ તોફાને એમનાં સ્વપ્નાંઓને ધ્વસ્ત કરી દીધાં હતાં. પોતાની વીતકકથાની શરૂઆત કરતાં એણે જણાવ્યું,

'આ ટાપુ ઉપરનું મારું જીવન રૉબિન્સન ક્રૂઝોના એકાકી જીવન જેવું જ હતું. જોકે એક બાબતમાં હું ભાગ્યશાળી હતો. અઢી દાયકા જેટલા લાંબા સમય સુધી તે એકલો જ હતો. જ્યારે મારી સાથે વિશ્વાસુ અને કર્મઠ એવા બે સાથીઓ હતા, પરંતુ અમારા ત્રણેના કુટુંબીજનોથી અમે હજારો મોઈલ દૂર હતા. એમની યાદ અમને ત્રણેને ખૂબ જ સતાવતી હતી.'

'મને યાદ છે કે ૧૮૬૨ના જૂનની ૨૬મી કે ૨૭મીનો એ દિવસ હતો. છ દિવસ ચાલેલા ભયંકર વાવાઝોડામાં અમારું જહાજ સપડાયું હતું. દરિયાનાં રાક્ષસી મોજાંઓ ઉપર ઊછળતું અને અહીંતહીં ફંગોળાતું બ્રિટાનિયા આખરે આ ટાપુના ખડક સાથે જોરથી અથડાયું હતું. જહાજ ઉપરની બચાવ નૌકા સાવ બિનઉપયોગી બની ગઈ હતી. અહીં હાજર છે, તે મારા સાથીઓ બૉબ લર્સી અને જો બેલ સિવાયના મારા તમામ માણસો દરિયાના ઉકળતા તેલ જેવાં પાણીમાં ગાયબ બની ગયા હતા. માત્ર અમે ત્રણ જણા જ એમાંથી જીવતા રહેવા પામ્યા હતા. માંડમાંડ તરતા અમે ત્રણેએ આ ટાપુ ઉપર આશ્રય લઈ અમારું જીવન બચાવ્યું હતું.

'માત્ર બે માઈલ પહોળો અને પાંચ માઈલ લાંબો ટાપુ આ સાવ નિર્જન હતો. અહીં અમે બાંધેલા ઘરવાળો ટેકરો કેવળ ખડકોનો બનેલો હતો, પરંતુ અંદરના ભાગની જમીન ઉપર ઝાડીઝાંખરાં તથા કેટલાંક વૃક્ષો ઊગ્યાં હતાં. માત્ર એક જ દિવસમાં અમે આખા ટાપુની ભૂગોળ સારી રીતે જાણી લીધી. એનો ઇતિહાસ તો અમારા અહીંના આગમન પછી જ શરૂ થયો હતો.

'નાના પહાડના કોતરમાં મીઠા પાણીનું જીવંત ઝરણું પણ મળી આવ્યું. અમારી હાજરીથી ડરી ગયેલાં કેટલાક બકરાં અને ડુક્કરોની વસ્તીથી અમને આશ્ચર્ય થયું હતું. અમારી જેમ જ તોફાનમાં સપડાયેલા કે ભૂલા પડેલા જહાજી કૅપ્ટને પોતાની પાસે રાખેલા એ બંને પ્રકારના પ્રાણીઓની જોડને આ ટાપુ ઉપર સમજી વિચારીને જ છૂટી મૂકી હશે એમ અમે માન્યું. એ પ્રાણીઓની સંખ્યામાં ત્યાર બાદ થયેલો ગુણાકાર અમારે માટે ઉપયોગી બની ગયો.

'રૉબિન્સન ક્રૂઝોની જેમ જ શરૂઆતના આઘાતમાંથી મુક્ત બન્યા બાદ અમે પણ કામે વળગ્યા. અમારા બ્રિટાનિયા જહાજનો કાટમાળ નજીકમાં જ પડ્યો હતો. હવે પછીની ભરતી કે તોફાનમાં એ દૂર ખેંચાઈ જાય તે પૂર્વે એમાંની તમામ ચીજવસ્તુઓ કાંઠે લાવવાની શરૂઆત કરી. એમાં લાકડાંનાં પાટિયાં, બંદૂકો અને દારૂગોળો, તૈયાર ખોરાક તથા શાકભાજી અને અનાજનાં બિયારણ પણ હતાં.'

‘શરૂના દિવસોમાં આંખોમાં આંસુ વહાવતાં વહાવતાં જ અમે કાર્યરત હતા. અમે ત્રણ જ અમારા સ્વજન, સહાયક અને આંસુ લૂછનારા હતા. તમે ત્યાં જે મકાન જોયું તે અમે જ તૈયાર કર્યું હતું. જહાજ ઉપરથી આણેલાં સાધનોથી અમે જાણ્યું કે અમારો આ ટાપુ નિયમિત જહાજી વહેવારથી ઘણો દૂર હતો. અમારી જેમ તોફાનમાં સપડાઈને કે ભૂલથી આવી ચડેલું કોઈ જહાજ અમને બચાવી શકે તેમ હતું. એવા કોઈ ચમત્કારની આશામાં જ અમે જીવતા રહી શક્યા હતા.’

ધીમેધીમે અમારું જીવન થાળે પડી ગયું. અહીં અમારી પ્રાથમિક જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ હાજર હતી. અનાજ, પાણી, દૂધ, માંસ ઉપરાંત ઠંડી, ગરમી કે વરસાદ સામે રક્ષણ આપી શકે તે જ નાનું મકાન હતું. અહીં અમને કોઈ જ તકલીફ ન હતી. છતાં અમારા સ્વજનોની ખોટ હરહંમેશ સાલતી હતી. જહાજનાં પાટિયાંમાંથી અમે હોડી બનાવી, પરંતુ અહીંથી સૌથી નજીકનું સ્થળ પમોટાઉના દ્વીપસમૂહનું હતું, જે ૧૫૦૦ માઈલ જેટલું છેટું હતું. એવી તકલાદી હોડીમાં ત્યાં પહોંચવામાં ભારે જોખમ હતું. આખરે એ વિચાર જ અમે છોડી દીધો. તેને બદલે કોઈક ચમત્કાર થશે અને ફરીથી અમે સ્વદેશ પહોંચી શકીશું એવી આશા અને શ્રદ્ધામાં જીવવાનું શરૂ કર્યું.

‘અઢી વરસના સમય દરમિયાન અહીંના સૌથી ઊંચા ખડક ઉપરથી અમારી નજર દરિયામાં ચોમેર ફરતી રહેતી. એ દરમિયાન બે કે ત્રણ જહાજોના કૂવાસ્તંભ દેખાયા પણ હતા. એમનું ધ્યાન ખેંચવા માટે અગ્નિ પેટાવી અમે ધુમાડો પણ કર્યો હતો, પરંતુ અમારા કમનસીબે એમનું ધ્યાન ખેંચાયું ન હતું. નિરાશાથી ભરેલી તે સમયની અમારી મનોદશાનું વર્ણન કરી શકાય તેમ નથી.’

‘આખરે ગઈ કાલે બપોરના અરસામાં દૂર પશ્ચિમમાં કોઈ આગબોટની ચીમનીમાંથી ઊંચે ઊઠતો ધુમાડો મારા જોવામાં આવ્યો. મારા સાથીઓને પણ મેં ઉપર બોલાવી લીધા. ધીમેધીમે એના કૂવાસ્તંભો સ્પષ્ટ બન્યા અને છેલ્લે તો આખેઆખી નૌકા જ પૂરઝડપે આ ટાપુ તરફ આવતી હોવાનો ખ્યાલ આવ્યો. અગાઉ એ રીતે દેખાયેલાં અન્ય જહાજોનો અમને કડવો અનુભવ થયો હતો. એને કારણે મનમાં શંકા થયા કરતી હતી કે કદાચ આ જહાજ પણ અમને મળ્યા વિના બારોબાર પસાર થઈ જશે.

‘ગઈ કાલનો અમારો આખો દિવસ પારાવાર માનસિક તાણ સાથે વીત્યો. થતું હતું કે આ જહાજ પણ જો ગયું તો બાકીની જિંદગી અહીં જ વિતાવવી પડવાની હતી. હૃદય ફાટી પડે એવી તીવ્ર એ સંવેદના હતી. ખડક ઉપર જ તાપણું સળગાવીને શરૂમાં અમે ધુમાડો કર્યો. એની ઊંચે ઊડતી સેરથી નૌકા ઉપરના માણસોનું અમારા તરફ ખેંચાય તેવી અપેક્ષા હતી. એમાં સામો કોઈ પ્રતિભાવ મળ્યો નહીં. અંધારું થતાં ધુમાડાની હાજરીનો અર્થ ન હતો. તેથી સૂકું ઘાસ વગેરે ઝડપથી સળગી શકે તેવું બળતણ નાખીમોટો ભડકો કર્યા. તેનો પણ કોઈ સાંકેતિક જવાબ મળતો ન હતો. તે સાથે અમારા મનની તંગદિલી પણ વધતી જ ગઈ.’

‘અમારી ધીરજની કસોટી થઈ રહી હતી. કોઈ પણ ભોગે જહાજનો સંપર્ક કરવા હું મરણિયો બન્યો. એવા જોખમભર્યા પાણીમાં તરીને જવા માટે પણ હું આતુર હતો. રાત્રિના અંધારામાં જ મેં પાણીમાં ઝંપલાવ્યું. જહાજની દિશામાં તરતાં હું એની ઘણો નજીક પહોંચી ગયો. છેવટના માત્ર ૩૦ ફેધમ જેટલું જ અંતર બાકી હતું. ત્યારે મને જણાયું કે અમારા કમનસીબે પવનનો ઊંધી દિશાનો વીંઝણો વાયો અને એના કારણે વહાણ મારી વધુ નજીક

આવવાને બદલે દૂર ખસવા લાગ્યું. મને ખ્યાલ આવ્યો કે લંગરના લાંબા દોરડા સાથે જોડાયેલું જહાજ વધુ દૂર ખસવાની પણ શક્યતા હતી. દરિયામાં વધુ દૂર જવામાં પાછા વળવામાં તકલીફ રહેવાની મને બીક હતી. જહાજને દૂર ખસતું જોઈને હું મોકળે મને રડી પડ્યો. મારો એ અવાજ તૂતક ઉપર ઊભેલાં બંને સંતાનોને સંભળાયો હોવાનો મને ખ્યાલ આવ્યો હતો, કેમ કે એમણે કરેલો પોકાર મેં પણ સાંભળ્યો હતો, પરંતુ અંધારામાં કાંઈ પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવી સ્થિતિ ન હતી.'

'અમે બંને એકબીજાની હાજરીને અનુભવી શક્યાં, પરંતુ અંધારામાં જોવાનું શક્ય ન હતું. મારે માટે કે એમને માટે એ કોઈ ભ્રમણા ન હતી. અત્યંત વેદનાભરી એ દુઃખદ સ્થિતિ હતી, કે જેમાં અમે સાવ નજીક હોવા છતાં અતિ દૂર હતાં.

'ભગ્ન હૃદયે આખરે હું પાછો વળ્યો. ત્યાં જતી વેળા મુક્તિ મેળવવાનો ઉત્સાહ હતો. નિષ્ફળ પ્રયાસ બાદ હતાશ મન પાછા વળવામાં શરીરને યારી આપતું ન હતું. અર્ધ બેભાન અવસ્થામાં માંડમાંડ હું કાંઠે પહોંચી શક્યો. મારા બંને સાથીઓ અત્યંત ચિંતાતુર બનીને કાંઠે જ ઊભા હતા. કાંઠાના ખડક પાસે આવતાં જ મેં પૂરેપૂરું ભાન ગુમાવ્યું. ત્યાં જ ઊભેલા બંને સાથીઓ મુશ્કેલીથી મને ઊંચકીને અમારા આશિયાનામાં લઈ ગયા. એ દુઃસાહસમાંથી હું માંડમાંડ બચી શક્યો હતો.

'બેચેનીથી ભરપૂર ઊંઘમાંથી હું જાગ્યો ત્યારે સવાર થઈ ગયું હતું. બંને સાથીઓ પણ મારી પડખે જ હતા - સ્વસ્થ બનીને અમે જોયું કે જહાજ વધુ નજીક આવી ગયું હતું. અમને હવે ખાતરી થઈ કે જહાજ અમને લેવા માટે જ અહીં રોકાયું હતું. તેમાંથી નાની બચાવનૌકાને નીચે ઉતારવામાં આવતી હતી તે પણ અમે જોઈ શક્યા. ધીમેધીમે અમારી નજીક આવી રહેલી એ હોડીને અમે આશાભરી નજરે જોઈ જ રહ્યા. સાવ નજીક આવી રહેલી હોડી તરફથી મારી દીકરીનો અવાજ મેં સાંભળ્યો. મારે માટે જીવનની એ ધન્ય ઘડી હતી અને થોડી જ પળોમાં મારાં બંને સંતાનો મારી બાંહોમાં હતાં.'

'ત્રણ વર્ષના અંતરાલ બાદ આજનો દિવસ મારે માટે સૌથી શુકનવંતો દિવસ છે. એમની સાથે આપ સૌ પણ મારા મહેમાનો તરીકે અહીં આવી શક્યાં, તેથી વિશેષ આનંદ થયો.'

હેરી ગ્રાન્ટને અહીં જ ખબર પડી કે એણે લખેલા ત્રણે પત્રો બૉટલમાં શાર્કના પેટમાં સવાર થઈને ચમત્કારિક રીતે સ્કોટલૅન્ડ પહોંચી ગયા હતા. એના આનંદની કોઈ સીમા ન હતી. એને કલ્પના પણ ન હતી કે એમનો પત્ર એ રીતે છેક સ્કોટલૅન્ડ સુધી પહોંચી જશે અને એમની મુક્તિનું નિમિત્ત બની જશે.

આ સમય દરમિયાન ભૂગોળશાસ્ત્રી પેગેનલનું મગજ બીજી જ દિશામાં દોડતું હતું. હેરી ગ્રાન્ટના ત્રણે પત્રોનું એણે ત્રણ વાર જુદું જુદું અર્થઘટન કર્યું હતું. દક્ષિણ અમેરિકાના પેટાગોનિયા પ્રદેશ માટેનું અર્થઘટન ગ્લેનાર્વને પોતે જ કર્યું હતું, છતાં ત્યાર બાદ પૂરી ચકાસણીને અંતે પેગેનલે તે માન્ય કર્યું હતું, પરંતુ તે ખોટું પુરવાર થયું હતું. ત્યાંની નિષ્ફળતા બાદ એણે કરેલા નવા અર્થઘટન પ્રમાણે ઑસ્ટ્રેલિયાના છેક દક્ષિણ પૂર્વના પ્રાંતો કૅપ્ટન ગ્રાન્ટની શોધ માટેનો સંભવિત વિસ્તાર હતો, પરંતુ તે પહેલાં આટલાન્ટિક અને હિન્દ મહાસાગરોના ૩૭° અક્ષાંશ ઉપર આવેલા બબ્બે ટાપુસમૂહોની પણ મુલાકાત લીધી હતી. એ તમામ સ્થળોમાં થયેલી તપાસ વિફળ પુરવાર થઈ હતી.

ઑસ્ટ્રેલિયામાં ૩૭° અક્ષાંશ ઉપરની શોધમાં નિષ્ફળતા મળ્યા પછી સૌએ આશા છોડી

દીધી હતી અને ગ્રાન્ટની શોધ માટેના અભિયાનને સમેટીને ઘર ભેગા થઈ જવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો હતો. એ દરમિયાન પેગેનલના મનમાં ન્યૂઝીલૅન્ડનો વિચાર સ્ફુર્યો હતો, પરંતુ ત્યાંનો અનુભવ સૌથી વધુ વિષમ રહ્યો હતો. કૅપ્ટન ગ્રાન્ટે તે માત્ર સાવચેતી ખાતર ત્રણ ભાષાઓમાં પત્રો લખ્યા હતા, પરંતુ એના તૂટક શબ્દોનાં એમણે કરેલાં ત્રણે અર્થઘટનો ખોટાં પુરવાર થયાં હતાં. અને અંતે કોઈએ નહીં ધારેલા કે કલ્પેલા ટાપુ ઉપરથી તેઓ અચાનક જ મળી આવ્યા હતા. દક્ષિણ આટલાન્ટિકમાં ૩૭°.૧૧" અક્ષાંશ ઉપર ઉપર આવેલો આ મારિયા થેરેસાના ટાપુનો કેમ કોઈને ખ્યાલ આવ્યો નહીં હોય તે કોઈને પણ સમજાતું ન હતું.

દરેકના મનમાં રમતા એ કોયડાના ઉકેલ માટે સૌએ એ પત્રોના લખનાર કૅપ્ટન હેરી ગ્રાન્ટની જ મદદ લીધી. ગ્લેનાર્વને પોતાની રીતે પ્રશ્ન પૂછ્યો.

'કૅપ્ટન ગ્રાન્ટ, ક્ષારવાળા ભેજને કારણે તમારા પત્રો કોહી ગયા હતા. તેને બૉટલમાંથી બહાર કાઢતાં જ તેના ટુકડા થઈ ગયા હતા. એમાંના કેટલાક શબ્દો અને અક્ષરો અવાચ્ય બની ગયા હતા. એમાં ખરેખર તમે શું લખ્યું હતું કે તેના અર્થઘટનમાં અમે કહેવાતા બુદ્ધિશાળી લોકો વારંવાર ખોટા પડતા હતા? તમારા પત્રો એ રીતે અમારે માટે અણઉકેલ કોયડો બન્યા હતા.'

ભૂગોળશાસ્ત્રી પેગેનલે પોતાની રીતે સ્પષ્ટ રીતનો પ્રશ્ન કર્યો, 'કૅપ્ટન! એ પત્રમાં ખરેખર તમે કયા સ્થળનો ઉલ્લેખ કર્યો હતો? એ શબ્દો તમને અત્યારે યાદ છે?'

'હા જી! પેગેનલસાહેબ, એ એક એવું લખાણ હતું જેની સાથે અહીંના એકાકી જીવનમાંથી મુક્ત થવાની અમારી અપેક્ષા જોડાયેલી હતી. એના શબ્દોને હું રોજરોજ યાદ કરતો હતો.'

'કૅપ્ટન ગ્રાન્ટ! તમારા એ પત્રના અમે એક પછી એક એમ કરેલા બધાં જ અર્થઘટનો ખોટાં જણાયાં છે. અમારી બુદ્ધિશક્તિ અને અભ્યાસ એમાં ટૂંકાં પડ્યાં હતાં, એમ અમને લાગે છે. અમારો સૌનો અહમ્ એ કારણે ગંભીર રીતે ઘવાયો છે.'

'તમારા બંનેના પ્રશ્નનો ખુલાસો કરવા હું પ્રયાસ કરીશ.' હેરી ગ્રાન્ટે પોતાના લખાણ અંગે સ્પષ્ટતા કરવાની શરૂઆત કરી, 'સમજવામાં સુગમતા ખાતર મેં ત્રણ ભાષામાં પત્રો લખ્યા હતા. એમાંનો કયો પત્ર હું પહેલા સમજાવું તે મને જણાવો.'

'તમારું એવું સૂચન છે કે ત્રણ ભાષામાં લખાયેલા પત્રોમાં મૂળ હકીકતો જુદીજુદી હતી? તમે એ અંગે શું કહેવા માગો છો?'

'ના જી. હું સ્પષ્ટતા કરીશ કે એ એક જ હકીકતવાળો પત્ર ત્રણ જુદીજુદી ભાષામાં લખાયો હતો.'

ગ્લેનાર્વનના સૂચનથી કૅપ્ટન ગ્રાન્ટે પહેલાં ફ્રેન્ચ ભાષાના પત્ર અંગે ખુલાસો કરવાની શરૂઆત કરી. એમની ધારદાર યાદદાસ્ત પ્રમાણે કૅપ્ટન ગ્રાન્ટ ફ્રેન્ચ ભાષાવાળો પત્ર આખેઆખો બોલી ગયા.

એમાં એમણે 'ટાબોર ટાપુ'નો સ્પષ્ટ રીતનો ઉલ્લેખ કર્યો. એ સાંભળીને પેગેનલ તરત જ બોલી ઊઠ્યો.

'અરે, આ ટાબોર ટાપુનો ઉલ્લેખ અહીં ક્યાંથી આવ્યો? આપણે અહીં ઊભા છીએ એ ટાપુનું નામ મારી પાસેના નકશા પ્રમાણે મારિયા થેરેસા ટાપુ છે. એને માટે આ ટાબોર નામનો ઉલ્લેખ સમજાતો નથી.'

'મિસ્ટર પેગેનલ, તમે સમજી શકશો કે ઇંગ્લિશ અને જર્મન પ્રવાસીઓએ આ ટાપુનું નામ

મારિયા થેરેસા આપેલું છે, પરંતુ ફ્રેન્ચ નકશામાં સ્પષ્ટ રીતે 'ટાબોર ટાપુ' નામ છે.'

એ સમયે પેગેનલના ખભા ઉપર પાછળથી વજનદાર હાથનો હથોડો ઝીંકાયો. એમની સાથે મેજર નેબ્સ સિવાય કોઈને એ પ્રકારનો આત્મીયતાનો વહેવાર ન હતો. એ હાથ મેજરનો જ હતો. થોડા ઠપકાના ભાવ સાથે તો થોડી ગમ્મતની રીતે મેજર બોલ્યા,

'ભૂગોળશાસ્ત્રી મહાશય? શું કહેવું છે આપને આ ટાબોર અને મારિયા થેરેસાની બાબતમાં?'

જોકે મેજરના થપ્પાના આઘાત કરતાં પણ પેગેનલ માટેનો વધુ ગંભીર થપ્પો એના આત્મસમ્માન ઉપર હતો. આમ તો એ દુર્વાચ્ય પત્રોમાંના બધા જ અક્ષરો અને શબ્દોનો અગાઉ એણે તાળો મેળવ્યો જ હતો. એમાંના કેટલાક શબ્દો આગળ કે પાછળ અક્ષરો ઉમેરતાં સ્થિર અર્થવાળા રહ્યા હતા, તો કેટલાકના અર્થ બદલાતા પણ હતા. એમાં Patagonia, Australia, Newsea લૅન્ડ જેવા શબ્દોમાં ફેરફારને કોઈ અવકાશ ન હતો, પરંતુ કેટલાય અધૂરા શબ્દો સાથે આગળ કે પાછળ જુદાજુદા અક્ષરો જોડતાં તેનો સંદર્ભ બદલાતો હતો. એમાં Contiનું Continent થઈને આખરે Continuelle થયું હતું. તે જ રીતે indi શબ્દ શરૂમાં indians શબ્દ જણાયો હતો અને બાદમાં indigenes થઈને અંતમાં indegence શબ્દ બન્યો હતો, પરંતુ abor જેવો અસ્પષ્ટ અધૂરો શબ્દ પેગેનલની બુદ્ધિશક્તિ માટે પડકારરૂપ બન્યો હતો. એણે એમાંથી ક્રિયાપદનું મૂળ aborer બનાવ્યું હતું, પરંતુ ગ્રાન્ટના ખુલાસા પછી જણાયું કે તે ક્રિયાપદ નહીં, પણ ફ્રેન્ચ નકશા પ્રમાણે વિશેષનામ Tabor ilse હતું. એ જ ટાપુનું અંગ્રેજી નકશા પ્રમાણેનું નામ Maria Theresa હતું.

'એ તો જે હોય તે!' ભૂગોળશાસ્ત્રી તરીકેની પોતાની પ્રતિષ્ઠાના એ કારણે લીરા ઊડતા જોઈને પેગેનલ રઘવાયો બની ગયો. ગુસ્સામાં કકળાટ કરવા સાથે એણે પોતાના માથાના વાળ ખેંચવા માંડ્યા, 'આ મારિયા થેરેસા ટાપુ બીજા નામે પણ ઓળખાય છે, એ બાબત મારા ધ્યાનમાં હોવી જોઈતી હતી. વળી એવું બીજું નામ મારી પોતાની ફ્રેન્ચ ભાષામાં હતું, તો પણ મારા ધ્યાનબહાર ગયું? આવી ક્ષતિ આપણને કેટલી મોંઘી પુરવાર થઈ છે. જેના આપણે સૌ પ્રત્યક્ષ સાક્ષીઓ છીએ. લાગે છે કે જ્યોગ્રાફિક સોસાયટીના મંત્રીપદને માટે હું લાયક જ નથી. મારી એમાં ચોખ્ખી બદનામી જ છે.'

'શાંત થાઓ, શાંત થાઓ, મિસ્ટર પેગેનલ! જીવનમાં આવી ભૂલો તો દરેકથી થતી હોય છે. એ માટે આટલો બધો અફસોસ કરવાનું યોગ્ય નથી.' લેડી હેલીનાએ પેગેનલને આશ્વાસન આપ્યું.

'ના મૅડમ ના! મારા જેવા ભૂગોળશાસ્ત્રી માટે આ પ્રકારની ભૂલ સામાન્ય ન જ કહેવાય. ત્રણ ત્રણ વાર હું ગધેડો પુરવાર થયો છું.'

'અને તમે વિદ્વાન નથી તે પણ.' મેજરે અધૂરું વાક્ય પૂરું કર્યું.

આ પ્રકારના ખુલાસા સાથે જ ભોજન પણ પૂરું થયું. હવે ડંકન ઉપર પાછા વળવાનો સમય થયો. હોડીમાં બેસતા પહેલાં હેરી ગ્રાન્ટે પોતાના અઢી વરસ જૂના નિવાસસ્થાનને અને તેના આંગણાંને વ્યવસ્થિત કર્યું. એમાંથી અઢી વરસના નિવાસની યાદોને લેવા સિવાય, અન્ય કોઈ ભૌતિક વસ્તુ એમણે લેવાની ન હતી. જે દુનિયા એમણે જાતમહેનતથી ઊભી કરી હતી, તે હવે એણે હંમેશ માટે છોડવાની હતી. એનો ગમ બેચેન કરતો હતો. ભારે હૃદયે એમણે એના ઉપર છેલ્લી નજર નાખી અને તરત જ આગળ પૂર્વ દિશામાં ફેરવી લીધી.

સો ટકા સફળ થયેલા ખોજઅભિયાનના આનંદ સાથે હવે ઝડપથી ઘરભેગા થઈ જવાનું ગ્લેનાર્વને નક્કી કર્યું. કૅપ્ટન હેરી ગ્રાન્ટ અને તેના બે સાથીઓ સહિતના તમામ મહેમાનોને લઈને હોડીએ ટાપુનો કિનારો છોડ્યો. દરિયો શાંત હતો અને તેઓ ઝડપથી વિહારનૌકા ડંકન ઉપર આવી ગયા.

તૂતક ઉપર બેઠક જમાવીને ગ્લેનાર્વને આયર્ટનને લાવવા માટે સૂચના આપી. સંત્રીઓના સથવારામાં આયર્ટન ધીમે પગલે ચાલતો સૌ સમક્ષ આવીને અદબવાળીને ઊભો રહ્યો.

'મિસ્ટર આયર્ટન! ઓળખાણ પડે છે?' ત્યાં જ લૉર્ડ ગ્લેનાર્વનની બાજુમાં ઊભેલા કૅપ્ટન હેરી ગ્રાન્ટે ગંભીર અવાજે પૂછ્યું.

'હા જી! કૅપ્ટન ગ્રાન્ટ, તમને આ રીતે જીવતાજાગતા અને સ્વસ્થ જોઈને દુઃખી થવાનું મને કોઈ કારણ નથી.' ગ્રાન્ટને જોઈને એને કોઈ આશ્ચર્ય થયું નહીં હોય તે રીતે મોં ઉપર કોઈ પણ જાતના ભાવ વિના તે બોલ્યો,

'મને લાગે છે કે તને ઑસ્ટ્રેલિયાના પેલા નિર્જન કિનારા ઉપર છૂટો મૂકવામાં મેં મોટી ભૂલ કરી હતી. ઠીક છે, એવા અળખામણા ભૂતકાળને યાદ કરવાનો કોઈ અર્થ નથી. હવે આપણે વર્તમાન અને ભવિષ્યનો જ વિચાર કરવાનો છે. મેં આ ટાપુ ઉપર અઢી વરસ વિતાવ્યાં છે. એને હવે તારે સંભાળવાનો છે. ઈશ્વરને હું પ્રાર્થના કરીશ કે તારાં દુષ્કૃત્યો માટે પસ્તાવો કરવાની એ તને તક આપે.'

'જેવી તમારી મરજી.' આયર્ટને ટૂંકો જવાબ આપ્યો. ગ્લેનાર્વને ત્યાર બાદ આયર્ટન સાથે આંખો મેળવી પૂછ્યું,

'આયર્ટન! હજી પણ તું ઇચ્છે છે કે આ એકાંત ટાપુ ઉપર મારે તને છોડી દેવો?'

'હા જી, સાહેબ.' પોતાના મોં ઉપરના ભાવ બદલ્યા વિના તેણે જવાબ આપ્યો.

'હું માનું છું કે ટાબોરનો આ ટાપુ તારી માગણી પ્રમાણેનો જ છે.'

'હા જી! મારી માગણી સારી રીતે સંતોષાઈ છે.'

'તો હવે સાંભળી લે મારી વાત.' ગ્લેનાર્વને વાતનું સમાપન કરતાં જણાવ્યું, 'આ ટાપુ ઉપર તું બહારની દુનિયાથી સંપૂર્ણ રીતે અલગ થઈ જશે. કોઈની પણ સાથે સંપર્કની કોઈ જ શક્યતા રહેશે નહીં. જોકે ચમત્કારો ક્યારેક બને છે, પરંતુ તે માટે બહુ જ મોટું નસીબ હોવું જરૂરી છે. અહીં તને કેવળ ઈશ્વરનો જ સહારો હશે. કૅપ્ટન ગ્રાન્ટની જેમ તને પણ અમે ભૂલી શકીશું નહીં. હું જાણું છું કે તું કયા સ્થળે છે અને તને ક્યાં શોધવો તેની પણ મને ખબર છે. તેં જે દુષ્કૃત્યો કર્યાં છે, તે પ્રમાણે તું કોઈ રીતે યાદ કરવા જેવો માણસ નથી. તેમ છતાં હું તને ભૂલીશ નહીં.'

'ઈશ્વર આપને સ્વસ્થ રાખે એવી પ્રાર્થના.' જવાબમાં આયર્ટન બોલ્યો. એ તેના છેલ્લા જ શબ્દો હતા.

પશ્ચિમમાં સામે દેખાતા ટાબોર કે મારિયા થેરેસાના ટાપુ ઉપરના એકાંતવાસમાં લઈ જવા માટે નીચે પાણીમાં હોડી ઊભી જ હતી. હળવેથી તે નૌકા ઉપરથી તેમાં ઊતર્યો અને સૌના તરફ જોતો અદબ વાળીને ઊભો રહ્યો. એ અગાઉ કૅપ્ટન મેંગલ્સે તૈયાર ખોરાકના ડબ્બા, કપડાં, હથિયારો તથા તે માટેનો દારૂગોળો વગેરે ટાપુ ઉપર મોકલી આપ્યાં હતાં. એ ધારે તો એ સામાનની મદદથી એક પ્રામાણિક અને મહેનતકશ વ્યક્તિ તરીકે બાકીનું જીવન જીવી શકે તેમ હતું. એ સામાનમાં પુસ્તકો સાથે એક બાઇબલ પણ હતું.

ત્યાં જવા માટેનો સમય થયો. ડંકનના તૂતક ઉપર સૌ ડંકનવાસીઓ હાજર હતાં. સૌ સ્તબ્ધ અને નિઃશબ્દ હતાં. આયર્ટન ગુનેગાર હતો. એને કારણે સૌને પારાવાર તકલીફો ઉઠાવવી પડી હતી. તેમ છતાં આ અંતિમ ક્ષણે સૌના મનમાં એને માટે કરુણાનો ભાવ હતો. વિષાદ પણ જન્મ્યો.

લેડી હેલીના પણ ભાવાવેશમાં આવી ગયાં. એનાં ઋજુ હૃદય માટે આવા અઠંગ ગુનેગારની આ રીતની વિદાય પણ પીડાકારક બની ગઈ. પતિનો હાથ પકડીને દયાર્દ્રભાવે પૂછ્યું,

'ઍડવર્ડ! શું એણે જવું જોઈએ?' ગ્લેનાર્વન પણ એવી લાગણીથી મુક્ત ન હતા. પત્નીનો હાથ લાગણીથી દબાવ્યો અને ભારે હૃદયે જવાબ આપ્યો,

'હા મૅડમ, એણે જવું જ જોઈએ. એણે કરેલાં દુષ્કર્મો માટે પ્રાયશ્ચિત્ત કરવાની આ તક મળી છે. એણે જવું જ જોઈએ.'

હોડીનું સુકાન કૅપ્ટન મેંગલ્સના હાથમાં હતું. નાવિકોએ હલેસાં મારવાનું ચાલુ કર્યું. આયર્ટન હજી પણ એમાં અદબ વાળીને ઊભો જ હતો. હોડીએ ટાપુ તરફ જવા વળાંક લીધો. એ દરમિયાન એક પળ માટે તે સૌની સામે આવી ગયો. મોં ઉપરના એ જ સ્થિર ભાવો સાથે એણે માથા ઉપરથી કેપ ઉતારી, સહેજ વાંકા વળીને સૌનું અભિવાદન કર્યું અને વિદાય લીધી.

ગ્લેનાર્વને પણ દબાતા શ્વાસે પોતાની કેપ ઉતારી, એને સમયોચિત પ્રતિભાવ આપ્યો. ત્યાં ઊભેલા તમામે માલિકનું અનુસરણ કર્યું - ચીરવિદાય લેનારને અંજલિ આપે તેમ. વાતાવરણ ભારેખમ બની ગયું, ગ્લેનાર્વને પોતાની ગ્લાનિ છુપાવવા પોતાનું મોં વાળી લીધું.

કાંઠે પહોંચતાં જ આયર્ટન તરત જ પેલા ખડક ઉપર ઊભો રહી ગયો. એને મૂકીને પાછી વળેલી હોડી તથા દૂર ઊભેલી ડંકનનૌકા તરફ જોઈને ભીડેલા હોઠ સાથે અદબ વાળીને ઊભો રહ્યો. હોડી ઝડપથી નૌકા પાસે આવી ગઈ. કૅપ્ટન વગેરે સૌ ઉપર આવી જતાં જ હોડીને તૂતક ઉપર ચડાવી દેવામાં આવી.

બપોરના ચાર વાગ્યા. નૌકાના તૂતકના પુપની ઊંચાઈએ ઊભા રહીને સૌ કાંઠા ઉપરના ખડક ઉપર અડગ રીતે ઊભેલા આયર્ટનને જોઈ રહ્યાં. તે ત્યાં જ ઊભો હતો અને ડંકનની વિદાયને જોઈ રહ્યો.

'શું આપણે હવે પ્રસ્થાન કરીશું?'

'હા! હવે જવાનો સમય થઈ ગયો.' કહીને પોતાના વિષાદને છુપાવવા ગ્લેનાર્વને ગંભીર અવાજે ટૂંકો જવાબ આપ્યો.

કૅપ્ટને કર્મચારીઓને સૂચના આપી. નૌકાનું લંગર ઉઠાવાયું. એન્જિન ચાલુ થયું. એની સાથે જોડાયેલો પ્રોપેલર અને પાણી કાપતાં પંખા ગોળગોળ ફરવા લાગ્યા. પૂર્વ તરફની એણે ગતિ પકડી. ધીમેધીમે નૌકા ટાપુ નજીકથી દૂર ખસતી ગઈ.

રાત્રે આઠ વાગ્યા. ટાબોર ટાપુનો સૌથી ઊંચો ખડક રાતના અંધારામાં દૃશ્ય બન્યો.

૨૧

પેગેનલ (જં)જાળમાં

માર્યિા થેરેસા ટાપુને હવે પછી ટાબોર ટાપુ તરીકે પણ ઓળખવો પડે તેમ હતું. એનો કાંઠો છોડીને ડંકનનૌકા પ્રશાંત મહાસાગરમાં પૂર્વ તરફ એકધારી ઝડપી ગતિથી આગળ ધપવા લાગી. ખોવાયેલા કૅપ્ટન ગ્રાન્ટની ખોજનું અભિયાન પૂરેપૂરી રીતે સફળ થયું હતું. એ કારણે ડંકનના તૂતક ઉપરનો માહોલ હસીખુશીનો રહ્યો. ભોજનના ટેબલ ઉપર સાથે મળીને આનંદપ્રમોદ સાથે ભોજન, ત્યાર બાદ આરામ અને બાકીના સમયમાં તૂતક ઉપરનાં ટોળટપ્પાં સિવાય કોઈને કાંઈ જ કામગીરી કરવાની ન હતી. એવા વાતાવરણ સાથે નૌકા પૂરા ૧૧ દિવસ સુધી ૩૭°૧૧′ અક્ષાંશની સમાંતરે પૂર્વમાં ધપતી રહી. અમેરિકાના પશ્ચિમકાંઠે આવેલા તાકાહુનાના અખાતમાં એણે પહોંચવાનું હતું. એ સ્થળ પણ ૩૭°૧૧′ દક્ષિણ અક્ષાંશ ઉપર જ હતું. તા. ૧૯મી માર્ચ, ૧૮૬૫ના દિવસે ડંકને એ અખાતમાં પ્રવેશ મેળવ્યો. આ જ સ્થળેથી પાંચ માસ અગાઉ પણ ડંકનનૌકાએ દક્ષિણે કેપહૉર્ન તરફ જઈ ૩૭°૧૧′ અક્ષાંશ રેખા ઉપર પૂર્વમાં મુસાફરી આરંભી હતી.

એ જ અક્ષાંશ ઉપર આ સ્થળે આવતાં તેમણે પૃથ્વીની પ્રદક્ષિણા પૂરી કરી હતી.

લૉર્ડ ગ્લેનાર્વન અને લેડી હેલીનાએ નૌકાયાત્રીઓની ક્લબોના ઇતિહાસમાં અદ્વિતીય કહી શકાય તેવી સફર ખેડી હતી. એ સફર દરમિયાન અહીંના ચીલી દેશથી શરૂ કરીને અનેક દેશોમાં અને તેના વિવિધ પ્રદેશોમાં થઈને મુસાફરી કરી હતી. એમની મુસાફરીમાં શરૂથી માંડીને લગભગ અંત સુધીના પૂરા સમય દરમિયાન સતત નિષ્ફળતા મળતી રહી હતી, તેમજ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અનેક વાર તેઓ સાક્ષાત્ મોતના મોંમાંથી માંડમાંડ બહાર નીકળી શક્યાં હતાં.

છેવટ સુધીની સરિયામ નિષ્ફળતા અને હતાશા છેલ્લે છેલ્લે આવેલા ટાબોરના ટાપુમાં સફળતામાં પલટાઈ ગઈ હતી. સો ટકા નિષ્ફળ ગયેલું મનાતું એ ખોજઅભિયાન પૂરેપૂરી સફળતાને પામી શક્યું હતું.

તાકાહુનાના બંદરમાં કોઈએ જ બહાર નીકળવાનું ન હતું. અહીંથી વળતી મુસાફરી માટે કોલસા તથા અન્ય જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો મેળવવા માટે જ ફક્ત એ રોકાણ હતું. પુરવઠો લેવાનું એ કામ પૂરું થતાં જ લંગર ઉઠાવવામાં આવ્યું.

તાકાહુનાથી તાકાહુનાની પૃથ્વીની પ્રદક્ષિણા ૩૭°૧૧′ દક્ષિણ અક્ષાંશ ઉપર પૂરી થઈ હતી. અહીંથી સ્વદેશની વળતી મુસાફરીમાં એ રેખા હવે ઉપયોગી ન હતી. હવેનું એમનું લક્ષ્ય ઉત્તરમાં ઇંગ્લૅન્ડ હતું. તે માટે એમને એવી કોઈ માર્ગદર્શિકાની જરૂર ન હતી.

દક્ષિણમાં કેપહૉર્નની ભૂશિરની પ્રદક્ષિણા કરીને એમણે આટલાન્ટિક મહાસાગરમાં ઉત્તરની વાટ પકડી. તાકાહુનાથી મુસાફરી શરૂ કર્યા બાદ બરાબર પડમા દિવસે તા. ૯મી મે, ૧૮૬૫ના રોજ આયર્લૅન્ડના કેપ ક્લિયરની દીવાદાંડીનો દીવો જોયાની કૅપ્ટન મેંગલ્સે જાહેરાત કરી. ત્યાંથી આયર્લૅન્ડ અને ઇંગ્લૅન્ડના વેલ્સ વચ્ચેની સેન્ટ જ્યૉર્જ ચૅનલમાં નૌકા દાખલ થઈ. ઝડપથી આયરીશ સાગરનો જળવિસ્તાર વટાવી દીધો.

સાત માસ બાદ તા. ૧૦મી મેના રોજ સવારમાં નૌકા ફર્થ ઑફ ક્લાઇડની ખાડીમાં પ્રવેશી. આ એ જ જળવિસ્તાર હતો, જેમાં વિહારનૌકા ડંકનની અજમાયશી યાત્રાનો અને અચાનક દેખાયેલી હેમરહેડ શાર્કના શિકારનો સૌએ આનંદ માણ્યો હતો. કાનામૂશી તરીકે પણ ઓળખાતી આ શાર્કના પેટમાંથી જ કૅપ્ટન હેરી ગ્રાન્ટનો સંદેશો નીકળ્યો હતો અને લૉર્ડ ગ્લેનાર્વનના આ સફળ ખોજઅભિયાન માટે તે નિમિત્ત બન્યો હતો.

ડંબર્સ્ટનના બારામાં પ્રવેશતાં જ અગિયાર વાગ્યે લંગર ઉતારવાની સૂચના આપવામાં આવી. ઉત્સાહભેર સૌ બંદરની જેટ્ટી ઉપર ઊતરી પડ્યાં. ડંકન અને એના કર્મચારીગણની વિદાઈ લઈ અતિપરિચિત માર્ગે માલ્કમ કેસલ તરફ સૌએ પ્રયાણ કર્યું. બે વાગ્યે એમણે ગૃહપ્રવેશ કર્યો.

ખોવાયેલા કૅપ્ટન હેરી ગ્રાન્ટની ખોજમાં નીકળેલા લૉર્ડ ગ્લેનાર્વન અને લેડી હેલીના એમના અભિયાનમાં સફળતા મેળવીને પરત આવી ગયાના સમાચાર વાયુવેગે સર્વત્ર ફેલાઈ ગયા. માલ્કમના કિલ્લામાં હર્ષનાદ સાથે ગરમ જોશીથી સૌનું સ્વાગત થયું.

કૅપ્ટન ગ્રાન્ટની પુત્રી મૅરીના કૅપ્ટન જહૉન મેંગલ્સ સાથેના વિકસેલા સંબંધની વાત હવે કોઈ ખાનગી રહસ્ય ન હતું. પિતા ગ્રાન્ટે પણ એના ઉપર મંજૂરીની મહોર મારી હતી. થોડા સમય માટે ગ્રાન્ટ કુટુંબ માસ્કમ કેસલમાં ગ્લેનાર્વન દંપતીનું મહેમાન બન્યું.

મૅરી અને મેંગલ્સના લગ્નનો સમારંભ એ જ સેન્ટ મંગો દેવળમાં રંગેચંગે ઉજવાયો, જ્યાં સાત માસ અગાઉ તા. ૨૫મી ઑગસ્ટ, ૧૮૬૪ના રોજે ખોજઅભિયાન શરૂ કરતાં અગાઉ સૌએ પ્રાર્થના કરી હતી. તે વખતે પણ હાજર એવા ફાધર પેક્ષટને લગ્નવિધિ સંપન્ન કરાવી અને નવદંપતીને સુદીર્ઘ તેમ જ સ્વાસ્થ્યમય સહજીવનના આશીર્વાદ આપ્યા.

મૅરીની માતા તો હતી નહીં. નવદંપતીને આશીર્વાદ અને શુભેચ્છા પાઠવવા માટે પિતા હેરી ગ્રાન્ટે ગ્લેનાર્વન દંપતીને વિનંતી કરી.

કૅપ્ટન મેંગલ્સ એ રીતે પરણી જઈને કુ. મૅરી ગ્રાન્ટ સાથે પોતાનો સંસાર શરૂ કરતો હોય તો ભૂગોળશાસ્ત્રી પેગેનલ શા માટે બાકી રહે? જોકે દુનિયાની ભૂગોળના અભ્યાસ અને તેના સંશોધનના પ્રોજેક્ટોમાં જ સતત મંડ્યો રહેલો પેગેનલ લગ્ન જેવી જંજાળમાં પડશે કે કેમ તે સૌ મિત્રોમાં ચર્ચાનો વિષય હતો. એને કુટુંબનું એવું બંધન ફાવશે જ નહીં અને જીવનભર એ એકલા રહેવાનું જ પસંદ કરશે એવી સૌની માન્યતા હતી.

સાત માસ ચાલેલી આ મુસાફરી દરમિયાન એની સાવ નજીક રહેલા અને એના મિત્ર બની ગયેલા મેજર નેબ્સ એને પરણાવવા ખાસ આતુર હતો.

આખરે પોતાની પિત્રણ બહેન કુ. આરાબેલ ઉપર એની નજર ઠરી. બંને જણાં એકબીજાની વધુ નજીક આવે તેવો તખતો મેજર નેબ્સ ગોઠવતો રહ્યો. ૩૦ વર્ષની ઉંમરે પહોંચી હોવા છતાં આરાબેલને હજી સુધી પોતાને મનપસંદ મુરતિયો મળ્યો ન હતો. આમ તો પેગેનલ જેવા પુસ્તકિયા કીડામાં એવું કશું જ ન હતું, જેને માટે આરાબેલ જેવી સુંદર સ્ત્રી એના ઉપર

વરસી પડે, પરંતુ પેગેનલની વિચિત્ર ટેવો અને રીતભાત આરાબેલને ગમી ગઈ અને તે સંબંધ વધારવા ઉત્સુક બની, પરંતુ પેગેનલ તરફથી એને યોગ્ય ભાવ મળતો ન હતો.

આખરે મેજરે જ વાત છેડી. આરાબેલ સંબંધમાં એણે પેગેનલને કેટલાક સીધા જ સવાલ કર્યા.

'આરાવેલ શું સુંદર નથી?'

'એવું શું બોલ્યા મેજરસાહેબ? તે સુંદર જ છે. એમાં ઘણી બધી ઊણપો હોત તો પણ મેં એને પસંદ કરી હોત. મને તે ગમે જ છે, પરંતુ સીધો પ્રસ્તાવ મૂકવાની મારી હિંમત ચાલતી નથી. મને લાગે છે કે આરાબેલ જેવી સુંદર સ્ત્રીના પતિ થવા જેટલી લાયકાત મારામાં નથી.'

'તારામાં લાયકાત છે કે નહીં તે બાબત તું આરાબેલને જ નક્કી કરવા દે, એમ હું ઇચ્છું છું.' પેગેનલને એ માટે તૈયાર કરવાનું મુશ્કેલ હતું. આખરે મેજર નેબ્સે એ બાબતમાં ઝડપથી નિર્ણય લેવા તાકીદ કરી. એનું પરિણામ ધાર્યા મુજબ આવ્યું. બંનેએ એકબીજાને પસંદ કર્યાં હોવાનું અને લગ્ન માટે તેઓ તૈયાર હોવાનું જણાવ્યું. જોકે આરાબેલ પોતાની સાથે ૪૦ હજાર પાઉન્ડનો વારસો મેળવનાર હોવાની હકીકત મેજરે પેગેનલને જણાવી ન હતી.

પંદર દિવસના સંવનન બાદ માલ્કમ કેસલના દેવળમાં પેગેનલ પણ નવયૌવના આરાબેલની (જં)જાળમાં ફસાઈ ગયો.

પેગેનલને એ રીતે મેજરે ફરજ પાડી ન હોત તો જીવનભર લગ્નની (જં)જાળથી દૂર રહેવાનું જ તેણે પસંદ કર્યું હોત.

સ્કોટલૅન્ડની પ્રજા માટે સુખ અને સમૃદ્ધિની શોધમાં નીકળેલા કૅપ્ટન હેરી ગ્રાન્ટનું પુનરાગમન લોકો માટે રાષ્ટ્રીય તહેવાર જેવો પ્રસંગ બની ગયો. ઓલ્ડ કૅલિડોનિયાના નિવાસીઓ માટે તેઓ એક આદરણીય રાષ્ટ્રનાયક બની ગયા.

એમના પુત્ર રૉબર્ટે પણ પિતા તેમ જ વહાલસોયી બહેન મૅરીના પતિ કૅપ્ટન મૅંગલ્સની જેમ જ નાવિકની જિંદગી પસંદ કરી. સ્કોટલૅન્ડના લોકો માટે નયા સ્કોટલૅન્ડની ખોજ માટેનું પિતાનું અધૂરું રહેલું સ્વપ્નું સાકાર કરવાનો તેણે સંકલ્પ જાહેર કર્યો. એમાં તમામ પ્રકારની મદદ કરવાનો લૉર્ડ ગ્લેનાર્વન અને લેડી હેલીનાએ સધિયારો આપ્યો.

સમાપ્ત